SMT. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. 7 AE
74
-J6-6

શેઠ બેજનજી અરદેશર દસ્તુર કામદીનવાળો ઇનામનો રસાલો.

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
SMT. HANSA MEHTA LIBRARY

જ્ઞા ન ચ ક્ર

યાને

ગુજરાતી સાઈકલોપીડિયા.

પુસ્તક ૬ ઠું.

ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ અને ધ.

રચનાર—

રતનજી ફરામજી શેઠના,—

નાઝેનવાજ, લૉર્ડ બેકનના નિબંધ, સામાન્ય હુન્નરજ્ઞાન, પોશાકની ફેશીન અને તેનું શાસ્ત્ર, સંજ્ઞા-દર્શકકોશ, કાચકામ, ફેટોગ્રાફી, એશિયાની સદ્‌ગુણી બાનુઓ, ચાઇનીઝ ટેલ્સ, હકદારનો હક, જમાસ્પી, સુંદર હેલન, ગુલબુશરો, વફાદાર, બુશરો શિરીન, લૉનટેનિસ, બિઝીક, રંગમાં ભંગ, વગેરેનો કર્તા.

[illegible] ગ્રંથ સંબંધી સર્વ હક રચનારે સ્વાધીન રાખ્યાછે.
આ [illegible]

[illegible] મુંબઈ.
ધી જમશેદજી નશરવાનજી પીતીત પારસી ઑરફનેજ
કૅપતન પ્રિંટીંગ વર્કસ.
લાલબાગ–પરેલ.

કિંમત રૂ 3—0—0
(પોસ્ટેજ ૪ આના.)

રતનજી ફરામજી શેઠના–નાં રચેલાં પુસ્તકો.

લૉર્ડ બેકનના નિબંધ	કિંમત	૩	૧— ૮
પોશાકની ફૅશીન અને તેનું શાસ્ત્ર	,,	૩	૧— ૦
સામાન્ય હુન્નરજ્ઞાન અને હિંદના પ્રાચીન અર્વાચીન સિક્કા	,,	૩	૧— ૦
ચાઈનીજ ટેલ્સ	,,	૩	૧— ૪
હકદારનો હક	,,	૩	૧— ૦
જામાસપી (ત્રીજી આવૃતિ.)	,,	૩	૧— ૮
સંજ્ઞાદર્શકકોશ	,,	૩	૧— ૦
એશિયાની સદ્‌ગુણી બાનુઓ	,,	૩	૧— ૮
સુંદર હેલન (મહાન કવિ હોમરની ઈલિયડને આધારે) ...	,,	૩	૦— ૬
ગુલબુશરો નાટક	,,	૩	૦— ૪
નાઝીનવાજ બેલનાં ગાયન	,,	૩	૦— ૨
મેસ્મેરિઝમ	,,	૩	૦— ૬
ફોટોગ્રાફી (ચિત્રો સાથે)...	,,	૩	૦—૧૨
કાચકામનો હુન્નર...	,,	૩	૦—૧૨
જ્ઞાનચક્રનાં છ પુસ્તકોનો સેટ	,,	૩	૧૮— ૦

આખા સેટની જુમલે કિમત ૩... ૩૦—૬

ઉપલા ગ્રંથો આ ગ્રંથના રચનાર રતનજી ફરામજી શેઠના પાસથી (ઠેકાણું–મુંબઇ બહાર-કોટ–ધનજી સ્ટ્રીટ નાં૦ ૯૩,) તથા મુંબઇના જાણીતા પુસ્તકો વેચનારાઓ પાસેથી મળશે.

શાહ ચંભાવાલા [illegible]
પોસ્ટ નડીઆદ. મુ. [illegible]
PURCHASED
Date 3-8-71
Initial
Gc 24749.
Rs. 30-00
7 AE
74
.J6-6

અર્પણ પત્રિકા.

મેહેરબાન શેઠ બેજનજી અરદેશર દસ્તુર કામદીન,

"જ્ઞાનપ્રસારક મંડળી"ના દિલસોજ અને ઉદાર લાઇફ-મેમ્બર,

વિદ્યા હુન્નરનાં પુસ્તકોનાં એક કદરદાન મુરબ્બી,
જરતોસ્તી દીન–આઈનને લગતા ગ્રંથોને ઉદાર આશ્રય આપનાર,
ગુજરાતી સાહિત્યના એક મ્હોટા મદદગાર
અને
" જ્ઞાનચક્ર " ની ગ્રંથમાળાના પોષક તથા
પાળણહાર પિતા તરીકેની તેમજ બીજી અનેક
પ્રકારની આપની ઉત્તમ ખુબીઓની
સેહેજ કદરસનાશી પ્રત્યે
આપ સાહેબને

જ્ઞાનચક્રનું આ પુસ્તક ૬ ઠું

સન્માનપૂર્વક અર્પણ કરવાની
રજા લઉંછું.

આપનો આજ્ઞાંકિત સેવક,

રતનજી ફરામજી શેઠના.

પોસ્ટ નડીઆદ. મુ. [illegible]

આ ગ્રંથ વિષે "જ્ઞાનપ્રસારક મંડળી" તરફનો ખુલાસો.

" જ્ઞાનપ્રસારક મંડળી " હસ્તક શેઠ બેજનજી અરદેશર દસ્તુર કામદીને આ પાંચમા ભાગ માટે ૩૪૦૦ના ઇનામનો રેસાલો લખાવવા માટે નીચલો પત્ર લખી માગણી કીધી હતી.

મુંબઈ, તા૦ ૯ મી સપ્ટેંબર ૧૯૦૨.

શેઠ નશરવાનજી હીરજીભાઈ પટેલ,

જ્ઞાનપ્રસારક મંડળીના ઑનરરી સેક્રેટરી જોગ.

સાહેબ,

જ્ઞાનચક્રના પાંચમા ભાગ માટે ઇનામ આપવાની મારી મરજી છે માટે નીચલા બોલો માટે ૩૪૦૦નું ઇનામ મારે નામે છપાવજોજી. પાંચમા ભાગ માટે ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ અને ધ એ નવ અક્ષરો માટે ઇનામ છપાવશોજી અને તેની મુદત માસ નવની રાખો આગલીજ શરતોએ રેસાલો માગજોજી. લા૦ સેવક,

બેજનજી અરદેશર કામદીન.

ઉપલી માગણી મંડળીએ ઉપકાર સાથે સ્વીકારી નીચલી જાહેરખબર ગુજરાતી વર્તમાનપત્રોમાં છપાવી હતી.

જ્ઞાનપ્રસારક મંડળી.

શેઠ બેજનજી અરદેશર દસ્તુર કામદીન તરફનો ૩૪૦૦ નાં ઇનામનો રેસાલો,
જ્ઞાનચક્ર ભાગ ૫ મો,

નીચલી શરતે લખી માગવામાં આવેછે:—

૧—બારાખડીના નવ વ્યંજન ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ અને ધ વાળા શબ્દો અનુક્રમે ઇંગ્રેજી સાધકલોપીડિયાને ધોરણે ઉતારો લઇ તે વિષેનું જ્ઞાન આપવું પણ જરતોસ્તી ધર્મ અને ઇતિહાસ તથા દેશી હુન્નરવાળા વિષયો ઉપર વિશેષ ધ્યાન આપવું.

૨—બનતાં સુધી બાબતોની ઘણી લંબાણ વિગત આપવા કરતાં તેની વધુ સંખ્યા પર ધ્યાન આપવું.

૩—એ પાંચમો ભાગ તા૦ ૩૦ મી જુન ૧૯૦૩ સુધીમાં નીચે સહી કરનાર ઉપર મોકલવો. લખનારે પોતાનું નામ એક પરબિડામાં બંધ કરી તે ઉપર પોતાનો તખલ્લુસ (Motto) લખવો, અને જે તખલ્લુસવાળો રેસાલો તપાસનારને લાયક જણાશે તેનેજ લગતું પરબિડું ઉઘેડીને ઇનામ આપવામાં આવશે.

૪—ઇનામ લેનાર ઘણીએ પોતાને હિસાબે તથા ખર્ચે એ ભાગ છપાવી બાહેર પાડવો.

મુંબઇ, તા૦ ૧ લી ઑક્ટોબર ૧૯૦૨.

નશરવાનજી હીરજીભાઇ પટેલ
ઑનરરી સેક્રેટરી,
(છોટાની બિલ્ડિંગ્સ, ગ્રાંટ રોડ.)

ઉપલી ઠરાવેલી મુદત સુધીમાં કારોબાર મંડળીને એક રેસાલો મળ્યો હતો. એ રેસાલો તપાસી તે સંબંધી રિપૉર્ટ કરવાનું કામ ઑનરેબલ ખાનબહાદુર દારાશાહ રતનજી ચીચગર, ખાનબહાદુર બહમનજી બેહેરામજી પટેલ, ઍર્વદ શેહરિયારજી દાદાભાઇ ભરૂચા અને શેઠ રૂસ્તમ પૈસ્તનજી મસાની, ઍમ. ઍ. ને સોંપવામાં આવ્યું હતું. તે મુજબ એ ચારે ગ્રહસ્થોએ રેસાલો તપાસી, તે વિષે નીચે પ્રમાણે પોતાનો રિપૉર્ટ લખી મોકલ્યો હતો.

મુંબઇ, તા૦ ૨ જી જુન ૧૯૦૪.

શેઠજી સાહેબ

શેઠ નસરવાનજી હીરજીભાઈ પટેલ

તે જ્ઞાનપ્રસારક મંડળીના ઑનરરી સેક્રેટરી જોગ.

સાહેબ,

ગુજરાતી "સાઇકલોપીડિયા" ભાગ પાંચમા માટે **"એરિયન"**વાળા તખલ્લુસ સાથે લખાઇ આવેલો જે રેસાલો "જ્ઞાનપ્રસારક મંડળી"ની કારોબાર મંડળીએ અમો ઉપર તપાસી રિપૉર્ટ કરવા મોકલી આપ્યોછે તેના સંબંધમાં જણાવવાની રજા લઇએ છિયે કે એ રેસાલો આગલા ભાગો જેટલોજ ફતેહમંદ રીતે લખવામાં આવ્યોછે અને તેને ઇનામને લાયક ઠરાવવામાં અમો સઘળા પરિક્ષકો એકમત છિયે.

હયાત ધણીઓનાં જન્મચરિત્રો વિષે તમારી કારોબાર મંડળીએ જે ઠરાવ કીધોછે તે મુજબ મંડળીના સરનશીન તથા મુનશી સાહેબ તરફથી લખનારને ઘટતી સૂચનાઓ કરવામાં આવશે એવી અમો આશા રાખીએ છિયે.

લા૦ સેવકો,

દારાશાહ રતનજી ચીચગર.
બહમનજી બેહરામજી પટેલ.
શેહરીઆરજી દાદાભઇ ભરૂચા.
રૂસ્તમ પૈસ્તનજી મસાની.

ઉપલા રિપૉર્ટ પ્રમાણે **"એરિયન"** તખલ્લુસવાળો રેસાલો ઇનામને તથા છપાવવાને લાયકનો ઠર્યાથી, કારોબાર મંડળીએ તા૦ ૭ મી જુલાઇ ૧૯૦૪ ને દિને મળેલી પોતાની સભામાં આ રેસાલા સાથે આવેલું **"એરિયન"** તખલ્લુસવાળું પરબિડું ઉઘેડવાથી તેના લખનાર તરીકે મી૦ રતનજી ફરામજી શેઠના નું નામ જાહેર થયું હતું.

આ રેસાલો છપાતો હતો તેટલાં શેઠ બેજનજી અરદેશર કામદીને લખનારની મેહેનતની વધુ કદરસનાશી અર્થે, અગાઉ જે રૂ. ૪૦૦ નું ઇનામ એ શેઠ તરફથી આપવામાં આવતું હતું તેમાં બીજા રૂ. ૧૫૦ નો વધારો કરી, આ પાંચમા ભાગથી દરેક ભાગ માટે રૂ. ૫૫૦ નું ઇનામ આપવાની ખાએસ જણાવનારો નીચલો પત્ર મંડળીના ઑનરરી સેક્રેટરી ઉપર લખી મોકલ્યો હતો.

મુંબઇ, તા૦ ૨૭ મી માર્ચ ૧૯૦૫.

જ્ઞાનપ્રસારક મંડળીના ઑનરરી સેક્રેટરી,

શેઠ નશરવાનજી હીરજીભાઇ પટેલ જોગ.

સાહેબ,

"જ્ઞાનચક્ર"ના દરેક ભાગ માટે જે રૂ. ૪૦૦ મારા તરફથી આપવામાં આવેછે તેના સંબંધમાં જણાવવાનું એ છે કે જ્ઞાનચક્રનો પાંચમો ભાગ જે અત્યારપેહેલાં ઇનામને લાયક ઠરી ચુકયોછે તે ભાગ માટે તેમજ ત્યારપછીના બીજા દરેક ભાગ માટે રૂ. ૧૫૦ વધુ એટલે રૂ. ૫૫૦ નું ઇનામ આપવાની મારી ખાહેશ છે, અને તે ખાહેશને અનુસરીને પાંચમા ભાગનાં ઇનામ માટેના રૂ. ૫૫૦ હું મોકલી આપીશ.

લા૦ સેવક,

બેજનજી અરદેશર કામદીન.

ઉપલી વિગતો ઉપરથી જોવામાં આવશે કે આ મંડળીના સદાના કદરદાન લાઇફ-મેમ્બર શેઠ બેજનજી અરદેશર દસ્તુર કામદીનની ઉદારતાથી ગુજરાતી ભાષામાં વિદ્યાજ્ઞાનનો આ ઉપયોગી ગ્રંથ રચાઇ શકાયોછે, અને તેમાં આ વેળા વધારે ઉદારતાથી સંગીન મદદનો ઉમેરો કરી એ શેઠે લખનારની મેહેનતની યોગ્ય કદર બુજીછે એ એમને માનભર્યું છે.

મરહુમ શેઠ અરદેશર સોહરાબજી દસ્તુર કામદીન ગુજરાતી સાહિત્ય ખીલવવા માટે જેમ પોતાનો સખી દિલગુરદો વાપરતા હતા તેમ પોતાના ભલા પિતાને શુભ પગલે ચાલી શેઠ બેજનજી અરદેશર દસ્તુર કામદીન પણ વિદ્યાજ્ઞાનના કામોમાં પોતાનો હિસ્સો આપતા રહેછે અને તેમ કરીને એવણ પોતાના બેહેસ્તનશીન પિતાજીનાં ફરોહરને યાદ કરી તેમનાં શુભ કામની નકલ ચાલુ રાખી, તેમનાં ફરોહરને ખુશહાલ કરેછે એ એમને ઘણું શોભાભર્યું છે.

શેઠ બેજનજી કામદીને વધારા સાથના આપવા કબુલેલા ઇનામના રૂ. ૫૫૦) ઇનામ જીતનારને આપવામાં આવશે.

મુંબઇ, તા૦ ૩૦ મી જુન ૧૯૦૫.

ખ. રૂ. કામા.
સરનશીન.

પ્રસ્તાવના.

ગુજરાતી સાહિત્યમાં વિદ્યાજ્ઞાન, શાસ્ત્રના કોશની જે લાંબો વખત થયાં ખુટ હતી તે હાલમાં પ્રગટ થતી "જ્ઞાનચક્ર"ની ગ્રંથમાળા લગભગ પુરી પાડે છે, એમ કહેવામાં અતિશયોક્તિ કરેલી ગણાશે નહિ. આ ગ્રંથમાળાનાં હાલમાં પ્રગટ થયલા છઠા પુસ્તકમાં ૩૦ માં મૂળાક્ષર સુધીનાં વિષયો આવી ચુકાં છે. હવે માત્ર આ ગ્રંથમાળા બીજા ત્રણ પુસ્તકોમાં સમાપ્ત કરવાની આરજુ રાખવામાં આવે છે.

આ ગ્રંથમાળાના પેહેલા પુસ્તકથી છઠા પુસ્તક સુધી એકજ હાથે લખવામાં મેં મારી શક્તિ મુજબ જે કહે મેળવી છે તેમાં હું પોતાને સંપૂર્ણપણે ફાવેલો ગણતો નથી; કેમકે આ જ્ઞાનમાળામાં સમાવવા લાયકનાં જેટલા તો અગણિત વિષયો સૃષ્ટિના પૃષ્ટ-ભાગપર હસ્તી ધરાવે છે કે જેને સંખ્યાબંધ કલમ પણ પુરતો ઇન્સાફ આપવા અશક્ત છે; ત્યારે મારા જેવો એક અદના લેખક કેવી સંપૂર્ણતાની મિથ્યા મગરૂરી ભોગવવા તે શી લાયકાત ધરાવી શકે ?. પણ મેં મારી યથાશક્તિ મુજબ એક માણસથી જેટલી આશા રાખી શકાય તેટલી મારી અદના કોશીસથી કાંઇક કામ બજાવી કરી બતલાવ્યું છે એમ વિચારૂં છું. ચોકસ વિષયોમાં સમાયલી અનેક વિવિધ બાબતો લખવા માટે અનેક વાર અકેક વિષયને ફરી ફરી વાંચવાની ફરજ પડે છે, તે ધોરણે મને પણ અનેક વિષયોમાં સમાયલી સંખ્યાબંધ બાબતોને મેળવવા થકી તે તે વિષયોનું અધ્યન કરવું પડેલું હોવાથી ચાલુ વાંચન અને અધ્યયનથી મેં મારા પોતાના અભ્યાસમાં જે કાંઈ વધારો કરી મેળવ્યું છે તે આ ગ્રંથોમાં ઉતારા રૂપે દર્શાવ્યું છે.

હમણાં સુધીનાં છ પુસ્તકો મેં લાગટ લખવાની કોશીસ ચાલુ રાખી તેમાં જેથી કાંઇ ફહે મેળવવા લાયક જુસ્સો અને હિમ્મત જાળવી શકયોછું તે શેઠ જેજનજી અરદેશર દસ્તુર કામદીન જેવા આ ગ્રંથમાળાના એક મુરબ્બી મદદગારના ચાલુ ઉદાર આશ્રયને લીધેજ છે એમ હું તેમ દરેક વાંચનાર કબુલ કરશે. આ શેઠે પોતાના મરહુમ પિતાજીની શરૂ કરેલી ગોઠવણને પૂર્ણતા જે પોંહચાડવાની જે ઉલટ અને કાળજી રાખી આ ગ્રંથમાળાને પુરી કરાવવાની ગોઠવણ અમલમાં મેળી છે તે માટે ગુજરાતી સાહિત્ય ઘણેક અંશે આ શેઠનું આભારી કહેવાશે. શેઠ જેજનજીએ આ ગ્રંથમાળા નિયમિતપણે પ્રગટ થતી જોઇ તેમાં લખવામાં આવતા વિદ્યાજ્ઞાનનાં લાયક વિષયો માટે પડતી મેહેનત અને લખનારની કાળજીની કદરશનાશી પ્રત્યે પોતાની હુદારતાને વધારે સંગીન રૂપ આપી આ છઠા પુસ્તક-થીજ આગળ આપવામાં આવતા રૂ. ૪૦૦) ના ઇનામમાં બીજા રૂ. ૧૫૦) નો વધારો કરી મને જે ઉદાર મદદ આપી છે તે માટે હું એ શેઠનો અહેસાનમંદ છું.

આ ગ્રંથમાળાને વર્ષો થયાં તપાસવા માટે નેમાયલા પરિક્ષકો બી ઑનરેબલ ખાનબહાદુર દારાશાહ રતનજી ચીચગર, ખાનબહાદુર બમનજી એહરામજી પટેલ, એર્વદ શેહેરિયારજી દાદાભાઇ ભરૂચા અને શેઠ રૂસ્તમજી પેસ્તનજી મસાની એમ. એ. જેવા વિદ્વાન ગ્રસ્થોનો હું આભારી છુ; તેમજ જ્ઞાનપ્રસારક મંડળીના ઉમંગી સરનશીન શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાજી તથા ઑનરરી સેક્રેટરી શેઠ નશરવાનજી હીરજીભાઇ પટેલ જેવા કાબેલ કારોબારીઓની બેમૂલ સુચના મને મારા કામમાં હમેશાં ચાલુ મળતી રહેછે તે માટે એ સર્વે સાહેબોનો પણ હું અહેસાનમંદછું.

તા૦ ૧૦ મી જુલાઇ ૧૯૦૫.

૨. ફ. શેઠના.

રતનજી ફરામજી શેઠના કૃત.

જ્ઞા ન ચ ક્ર

યાને

ગુજરાતી સાઇકલોપીડિયા.

પુસ્તક ૬ ઠું.

ટ.

ટ—બાવીસમો મૂળાક્ષર.

ટંકણખાર—આ અતિ ઉપયોગી ક્ષાર પૃથ્વી પર ઘણે ઠેકાણે મળે છે. લાંબા કાળ સુધી આ ક્ષાર તિબેટમાંથી હિંદુસ્તાનમાં આણી ત્યાંથી પરદેશ રવાના કરવામાં આવતો હતો. તિબેટમાંના કેટલાક સરોવરમાંનું પાણી પોતાની મેળે બાષ્પીભવનથી ઘટી જઇ તેમાં સ્ફટિકાકાર કકડા બને છે. તેની ઉપર જે મેલ હોય છે તે કાઢી નાખવા સ્ફટિકની ભૂકી બનાવી તેને સ્ફટિક સોડાનાં પાણીથી ધોય છે. પછી સ્વચ્છ કરેલી સ્ફટિક પાણીમાં પિગળાવી તેમાં અષ્ટમાંષ વજન જેટલો ચાર પાપડખાર મિશ્ર કરે છે, આથી બાકી રહેલો મેલ તળીએ બેસે છે. તે પછી ઉપરનો થરો ગાળી ઠંડો પાડે છે, એટલે શુદ્ધ ટંકણખારની સળીઓ બને છે. એમાં ૧૦ અણુભાર સ્ફટિકભવનનું પાણી રહે છે. સુના રૂપાનો અને કોઇપણ ધાતુનો રસ કરતી વેળા તેમાં આ ક્ષાર નાખે છે; આથી ધાતુનો રસ જલ્દી સ્વચ્છ બને છે. સુના રૂપાનો રસ કરતી વેળા આ ક્ષારનો જાડો રસ બનાવી મૂસની અંદરની બાજુએ ચોપડે છે, આથી મૂસને છિદ્રો હોય તે પુરાઇ જઇ ધાતુનો રસ અથવા કણ તેને ચોંહટતાં નથી. ધરેણા અથવા વાસણને ડાંક લગાડતી વેળા એનું પાણી ઉપયોગમાં લીયે છે, જે ઠેકાણે સાંધો લગાડવો હોય ત્યાં પાણી ચોપડી તેની ઉપર ડાકના કકડા રાખી સુકવે છે, પછી કોલસાના અગ્નિમાં મેળી ગર્મિ આપે છે, એટલે સાંધો બેસે છે. સાંધાને ડાંક અને ટંકણખાર ચોપડવાનું કારણ એ છે જે અગ્નિમાં નહિ પિગળતાં પ્રથમ ડાકનો રસ બની. ત્યાં ડાધ અથવા મેલ હોય તો તે નિકળી જઇ સાંધો બેસે છે.

પંજાબમાં ખારા પાણીનાં કેટલાક સરોવરો છે, તે સરોવરને કાંઠે મિઠા સાથે મિશ્ર થએલું ટંકણખાર પુશકળ મળે છે; તેમજ ઇરાન તથા ચીન દેશની સરહદ ઉપર પણ મળે છે. તે શિવાય કેલિફોર્નીયા, પીરૂ અને સિલોનમાં પણ આ ખાર જડે છે.

ટસ્કની પ્રાંતમાંના 'લેગુન' નામના સરોવરના પાણીમાંથી બનાવટી ટંકણખાર કરવામાં આવે છે. તે પ્રાંતમાંના મુખી પર્વતનાં ખોહમાંથી

વરાળ બાહેર પડે છે તેને બીજા બાંધેલા તલાવમાં છોડે છે. આ વરાળને હવાનો સ્પર્ષ થતાં તેનું પાણી બને છે. આ પાણીને અંગે "બોરાસિક" ઍસિડનાં ધર્મ ઉત્પન્ન થાય છે. પછી રસાયનિક ફેરફારથી આ ધર્મ કાઢી નાખી તેમાં ટંકણખાર ભેળી રસાયન ક્રિયાથી ટંકણખાર બનાવે છે.. આ ટંકણખાર બનાવવાની રીત મી૦ કારટર અને પેન નામે વિદ્વાનોએ શોધી કાઢી હતી. આ બનાવટી ખડીયોખાર બનાવવાનો ધંધો હાલમાં ફ્રાન્સ દેશમાં નિયમિતપણે ચાલે છે. ઇંગ્લંડમાં ૪ટલી દેશમાંનું 'બોરેસિક ઍસિડ'ને સુકા ઍસિડ તથા ટંકણખાર સાથે ભેળી 'રિવ્હરબરેટરી'* ભઠ્ઠીમાં નાખી તેને આંચ આપે છે. આ કૃતિથી એમોનિયા ક્ષાર જૂદો પડે છે.

કેટલેક ઠેકાણે જમીનમાં મળતા નીમકની ખાણમાંથી સોડા અને ટંકણખારના ઢગલા નિકળે છે.

કાઉંટ 'લારડારેલ'ના હાથમાં એનો વેપાર એક હાથ હતો. હિંદુસ્તાનમાંનો ટંકણખાર બન્દરમાં વેચાઇ શકાય તે માટે ૧૮૫૫ માં હીલચાલ કરવામાં આવી હતી. આ સંબંધી લૉર્ડ ડેલહૌસીને એક અરજી કરવામાં આવી હતી; તેમાં ૪ટલી દેશમાંના 'બોરૅસિક ઍસિડ' ઇંગિલંડમાં દર સાલ ૩૦૮૦૦ મણ જતો હતો અને હિંદુસ્તાનમાંનો ટંકણખાર ૮૪૦૦ મણ અથવા ઘણો તો ૧૬૮૦૦ મણ ખપતો હતો, એમ તે અરજીમાં જણાવ્યું હતું. આ વેળા લૉર્ડ ડેલહૌસીએ તેની તપાસ કરતાં 'લાદાકા'નાં ટંકણખાર વિષે ઘણી જાણવાજોગ બાબતો જાહેરમાં આવી; પણ હાલમાં એના વેપાર વિષે કોઇ દરકાર કરતું જણાતું નથી.

કર્નિંગહેમે 'પુગા'નાં ટંકણખાર તથા ગંધકની ખાણો જાતે જોવા જઇ તેનું વર્ણન પોતાના ગ્રંથોમાં આપ્યું છે. કેપટન ડબલ્યુ. સી; એ 'પુગા'નાં ટંકણખારની ગુફા જોવા માટે ખાસ મુસાફરી કરી હતી. તે વિષે આ ગ્રહસ્થ નીચે મુજબ વર્ણન આપે છે.

"પુગામાં ટંકણખારની ખાણ અજમાસે બે મૈલ લાંબી અને પોણો મૈલ પોહળી છે. આ ખાણનો ગુફો પૂર્વ પશ્ચિમ છે. આ ગુફામાંથી એક નિર્મળ પાણીનો ઝરો વહે છે, જે સિંધુ નદીને મળે છે. જ્યાં ટંકણખાર જડે છે ત્યાંથીજ આ ઝરો જોકે વહેતો નથી તોપણ તે જગ્યામાં ગરમ પાણીનાં ઝરા થોડા થોડા અંતર ઉપર છે, તે ઉપલા ઝરાને મળે છે. ઉષ્ણુતા માપક યંત્ર વડે આ પાણીની ગર્મી માપતાં તે અનુક્રમે ૧૩૦, ૧૪૦, ૧૫૦, ૧૬૭, અંશ ભરાઇ હતી. જે ઝરાને આ ૪ ઝરા મળે છે તે ઝરાના પાણીની ગર્મી જુલાઇ માસમાં ૫૬ અંશ રહે છે."

"આ ખાણમાંથી અજમાસે ૨૦૦૦૦ (૧૬ શેરનો) થી વધારે ટંકણખાર ઉત્પન્ન થતો હોવો જોઇએ. તેમાંના માલનો મુખ્ય ભાગ રામપુરમાં ખપે છે, અને બાકીનો 'કુલુ' તથા 'ચંબા'માં ખપે છે. રામપુર માર્ગે મોકલેલો 'અશોધિત' ટંકણખાર નીચલા ઘાટો તરફ ખપે છે, થંડીમાં જે લોકો પોતાનાં ઢોરો હેઠળના ઘાટમાં ચરાવવા લઇ જાય છે તેઓ આ અશોધિત ટંકણખાર શુદ્ધ કરી પોતાની સાથે પાછા ફરતાં વેચવા લઈ જાય છે."

"પુગામાંજ ટંકણખાર મળે છે એમ નથી, પણ 'રોડાક' પાસે બીજી એક જગ્યાએ છે ત્યાં પણ મળે છે. ત્યાં 'નાઇટ' ઘાટ ઉપરથી જવું પડે છે. ત્રે મળતો ટંકણખાર ઉત્તમ અને શુદ્ધ હોયછે, તેને શોધી કાઢવાની બીલકુલ ગરજ નથી. તિબેટમાં 'ચંગનાથ' નામનો જે ચીનના તાબામાં પ્રાંત છે તે

* ક્ષાર ઉત્પન્ન કરનાર પદાર્થને રસાયન શાસ્ત્રમાં 'ઍસિડ' આ સંજ્ઞા છે. આ ભઠ્ઠીની રચના જરા જુદી હોય છે. ભઠ્ઠીનું મોહ કમાન પ્રમાણે અથવા ગુંબજ પ્રમાણે બનાવેલું હોય છે. ભઠ્ઠીમાંથી નિકળનારી જ્વાળા સાધારણ ભઠ્ઠી પ્રમાણે બાહેર નહિ પડતાં તળીયે મેળેલા પદાર્થ ઉપર ફરી પડી તેને વધારે ગરમી આપે છે.

પ્રાંતમાં ટંકણખાર ઘણો મળે છે. દુશ્મનઈ અને અદેખાઇ જો ત્યાંના લોકો તજીને આપણને ત્યાંથી ટંકણખાર લાવવાની છુટ આપે તો આપણે ઘણો લાવી શકીએ. હિમાલયની પેલી તરફના સર્વ સરોવરમાં અનેક તહેનાં ખારો મળે છે. આ સર્વ ખારોના રસાયન શાસ્ત્રથી પૃથ:કરણ કરી ગુણદોષ જાણવા જોઈએ.

"ઘાટમાંથી બકરાં, મેંઢા શિવાય બીજા જાનવરને જવા આવવાનો માર્ગ નહિ હોવાથી સઘળો ટંકણખાર બકરાંઓપર લાદી લાવવામાં આવે છે. આ રસ્તો અત્યંત ખરાબ છે; ત્યાં બરફ વર્સેછે, પર્વતનાં કરાડા ઉપરથી બરફના ચોસલાં અકસ્માતિક ધસી પડેછે. આથી મનુષ્ય તથા જાનવરોનો અવારનવાર ભારે નાશ થાયછે, આથી ત્યાંથી માલ લઇ જવાનું ભારું ઘણું મોઘું પડે છે. ત્રણ બકરાં માટે 'પુગા' ખાતે ૧ રૂપિયો પડેછે. બીજો લાદેલાં બકરાં આખા દિવસમાં બે મૈલ ચાલે છે. પુગાથી 'કુલુ' તરફ પુગવા માટે ૧ મહિનો લાગે છે. ત્યાં ત્રણ બકરાના બોજા માટે ૮ રૂપિયા મળે છે, તેજ માલ જો શુદ્ધકરીને વેચીયો હોય તો 'સારણપુર'માં પાંચ રૂપિયે મણ (૧૬ શેરી) પ્રમાણે ભાવ આવે છે. પણ કુડળી, સિસોન્હા અને ટેકીમાં ૭ રૂપીયા મણનો ભાવ ઉપજે છે."

"આ તરફનાં ભાગમાં વર્સાદ બીલકુલ પડતો નહિ હોવાથી બરફ શિવાય ટંકણખાર તૈયાર નહિ થાય એવી ત્યાંના લોકોની સમજ છે. અત્રે ૧૦ થી ૧૨ દિવસમાં ટંકણખાર તૈયાર થાય છે. પણ જુલાઇ તથા ઑગસ્ટ માસમાં તડકું સખત હોય છે ત્યારે પાણીની જલ્દી વરાળ થઇ ટંકણખાર બનતો હશે."

કાશમિરમાં પણ ટંકણખાર મોકલવામાં આવે છે. મુખ્યકરી રામપુર મોકલી ત્યાંથી કરાંચી રવાના કરવામાં આવે છે. સિમલાના ડેપ્યુટી કમીશનર લૉર્ડ 'હે' ટંકણખાર વિષે લખતાં જણાવે છે કે "એનો વેપાર મુખ્ય કરી 'કનવાડીખાંપો' જાતની પ્રજા કરે છે. ઉન્હાળામાં 'પુગા' પ્રાંતમાં ટંકણખારની ખાણો તરફ તેઓ જાય છે અને વર્સાદમાં બરફનાં ઘાટનાં માર્ગો બંધ થવા પેહેલાં હેઠળ ઉતરી પોતાનાં બકરાં ચરાવવાનો તથા ટંકણખાર શુદ્ધ કરવાનો અને સિમલા તરફ મોકલી વેપાર ચલાવવામાં વખત ગાળે છે."

કાચો ટંકણખાર શુદ્ધ કરવાની રીત ઘણી સેહેલી છે. કાચા ટંકણખારથી બમણું બખળતું પાણી અથવા દસ ઘણું ઠંડું પાણી તેમાં મિશ્ર કરે છે ને થોડો વખત તેને તેમજ રહેવા દે છે, એટલે હેઠળ ગાંગડા ઠરે છે, જે કટકા શુદ્ધ ટંકણખારનાજ બને છે. કાચો એટલે અશુદ્ધ ટંકણખાર ઉપર પ્રુગ ચઢે નહિ તે થકી અગાઉ તેને 'ઘી' ચોપડી પરદેશ રવાના કરતા હતા, પણ હાલમાં આ રીત બંધ પડી છે.*

દર સાલ ૨૫૦૦ મણ ટંકણખાર રામપુર અને સુલતાનપુરમાં જાય છે. ૧૮૮૮ માં ૯ રૂપીયે મણને ભાવે સિમલામાં વેચાતો હતો અને 'જગાદ્રી'માં ૧૩ રૂપિયે મણને ભાવે વેચાતો હતો.

નીચે જણાવેલી રીતે વાયવ્ય તરફના પ્રાંતોમાં ટંકણખાર શુદ્ધ કરવામાં આવે છે. કચ્ચા ટંકણખારનો ભૂકો કરી એક વિશેષ આકૃતિની નળીમાં તેને નાખી તેનીપર ચાર પાંચ આંગળા પાણી રહે તેમ રેડે છે. ૧૦ મણ ટંકણખારમાં ૧ શેર ચુનો અને બે શેર પાણી આ પ્રમાણથી ચુનાનું પાણી-તેમાં ભેળે છે. પછી દર ૭ કલાકે નળીમાંહેલું મિશ્રણ દોહવે છે, અને બીજે દિવસે આ સઘળું મિશ્રણ ચાળનીમાંથી અથવા કપડામાંથી ગાળી કાઢે છે. તે પછી ફરી સઘળું મિશ્રણ અઠી ઘણા બખળતા પાણી

* આ રૂઢી હજી બંધ થઇ નથી એમ ડા૦ ડિમકનું કહેવું છે. ઘી થી લપેટાયલો ટંકણખાર કરાંચીથી આવે છે, તેજ હકીમ લોકો વધારે પસંદ કરે છે.

અને ૧૬ શેર ચુનામાં મેળવી પીકદાની જેવા એક કાંસાનાં વાસણમાં તે સર્વ મિશ્રણ રૂડે છે. વાસણના તળીયામાં જે ગાંગડા ફરે છે તે શુદ્ધ ટંકણખાર હોય છે. આ રીતે અશુદ્ધ ટંકણખારને શુદ્ધ કરતાં તેના વજનમાં સેંકડે ૨૦ ટકા ઘટ આવે છે.

ટંકણખારની બે જાત છે, એકનું નામ "ચાકી ટંકણખાર" જે તદન શુદ્ધ હાલતમાં મળે છે, જેથી તેને શોધન કરવાની જરૂર નથી. બીજાનું નામ 'રેગ' આ અતિ ખરાબ હોય છે. એનો મેલ કાઢવા માટે તેને બે ચાર વેળા ઉકાળવું પડે છે. વાયવ્ય તરફના પ્રાંતમાંથી જે ૧૦૦ મણ ટંકણખાર આવે તો તેમાંનો ૬૦ મણ શુદ્ધ "ચાકી' જાતનો ને બાકીનો ૪૦ મણ 'રેગ' ટંકણખાર હોય છે. એને સ્વચ્છ કરવા માટે પ્રથમ ઉકાળવો પડે છે, એટલે તેમાંથી માત્ર ૧૦ મણ ટંકણખાર મળે છે. બાકી વધેલા ૩૦ મણ મેલને 'કુંદી' કહે છે. આ ૩૦ મણ મેલને ફરી ઉકાળતાં તેમાંથી પાંચ મણ શુદ્ધ મળે છે ને બાકીનો ફેંકી દેવામાં આવે છે.

હિંદુસ્તાનમાં અંબાલા શહેરથી સુમારે ૩૦ મૈલને છેટે "જગધરી" નામની જગ્યાએ ટંકણખાર સાફ, સ્વચ્છ, અને વેપારને લાયકનો બનાવવા માટે એક કારખાનું ચલાવવામાં આવે છે, જ્યાંથી તેનો પરદેશ બાતે નિકાશ થાય છે.

મુંબઇમાં ત્રણ જાતનો ટંકણખાર નજરે પડે છે. એક વેલાતી, બીજો કાનપુરી અથવા તિબેટી અને ત્રીજો કરાંચી તરફનો ચિકાસદાર. કાનપુરી અથવા તિબેટનો અશુદ્ધ ટંકણખાર જે ભાવે વેચાય છે તેજ ભાવે વેલાતી પણ બપે છે. વેલાતી ટંકણખાર પિપમાં આવે છે. કાનપુરી ટંકણખારનાં ગોળ પાતળા ટુકડા હોય તે ચપટા હોય છે. કરાંચીનો ટંકણખાર ચકમક જેવા કટકા રૂપે હોય છે.

અમેરિકામાં ટંકણખારની બાણો મળીયા ઉપરાંત બનાવટી ટંકણખાર બનાવવાની શરૂઆત થવાથી ગયાં થોડાં વર્ષોમાં હિંદુસ્તાનથી પરદેશ આ માલ રવાના થતો બંદ થયો છે. તોપણ હિંદમાં એનો એટલો તો બોહોળો બપ જરી છે કે હિમાલયના વેપારીઓને નિરાશ થવાનું કશું કારણ નથી.

દુનિયાંમાં ટંકણખારની ઉત્પત્તિ ૨૨ થી ૨૫ હજાર ટનની ચાલુ છે.

એશિઆમાં ૮૦૦ ટનની ઉત્પત્તિ થાય છે.
અમેરિકામાં ૬૦૦ ,, ,, ,,
ઇટલી×ચિલ્લી ૩૦૦૦ ,, ,, ,,
ગ્રેટબ્રિટનમાં ૨૦૦૦ ,, ,, ,,
અને બાકીનો જૂદા જૂદા દેશોમાં ઉત્પન્ન થાય છે.

ટંકણખારનો ઉપયોગ રંગ પાકો કરવામાં કરે છે. છિંટ રંગવામાં હળદ સાથે મેળવી તે ઉપયોગમાં લીયે છે. પ્રાચીનકાળથી આર્ય વૈદો ટંકણખારનો ઉપયોગ કરતા આવ્યા છે. શુશ્રૂત વૈદે એનો ઉપયોગ વર્ણવેલો છે. દેશી તબીબો શર્કિત માટે તેમજ ભૂક લાગવા માટે, બાંસીપર, દમઉપર ટંકણખાર આપે છે. કૉલેરા તથા ઉલટી ઉપર દુધમાં પુલાવેલો ટંકણખાર આપે છે. જીભપર 'બર' પડે બા પેટમાં 'ક્ષત' પડે તો તેને પુલાવેલો ટંકણખાર મધમાં પલાળી ચોપડે છે. નખ સંબંધી માસ કોકરાવવાથી દુખાય તો તેની ઉપર ટંકણખારનું ચુર્ણ પાણીમાં ચોપડે છે. સોમલ, વછનાગ, કૃત્રિમ ઝેરો અને સર્પદંશ ઉપર ઘીમાં પુલાવેલા ટંકણખારની ભૂકી બે માસા આપે છે.

યૂરપિયન તબીબો એનો ઉપયોગ બાવામાં આપવા તરફ ઝાઝો કરતા નથી, પણ ઉદર અને અપસ્મારના રોગ ઉપર બાવા આપે છે. ટંકણખાર સ્ત્રીઓને બવાડતાં તેઓ માસીક ફરજમાંથી છુટે છે, તેમજ સ્ત્રીઓને ઝાઝી વેદના વિના પ્રસૂત થવા માટે પણ તે યોજેલું છે. "એસેટિક ઍસિડ"માં ટંકણખાર પિગળાવી તેને 'બજ' ઉપર ચોપડે છે.

ચામડી નરમ, સ્વચ્છ અને દેખામણી બનાવવા માટેની સર્વ મેળવણીઓમાં ટંકણખાર વાપરવામાં આવે છે. આ બારનીજ બુણથી ચામડી સુંવરતી જણાય છે. ચામડી ઉપર કેટલીક વાર જોવામાં આવતો ચળકાટ દૂર કરવામાં આ બાર ઠીક કામ લાગે છે, તે કામ માટે એક ચપટી બાર બોહોળું ધોવાનાં પાણીમાં નાખી તેવડે મોહ ધોવામાં આવે છે.

આંખ સુજીને લાલ થઇ હોય તે ઉપર સેહેજ ટંકણખાર મેળવેલાં પાણીના ફટકા મારવાથી ફાયદો થાય છે.

નાહના ઘા અથવા ઘસારા ઉપર એજ બારની મેલવણી સોશનની માફક ચોપડવાથી ફાયદો થાય છે. જો એક પેંટ જેટલા પાણીમાં ચાહેની ચમચી ભરી બારનો બુકો મેળવ્યો હોય તો તે જલ્લદ નહિ કહેવાય. બચ્ચાંઓ અને નાહનાં છોકરાંઓ માટે એથી ઓછો બાર ઉપયોગમાં લેવો.

ટંકણખાર દાંતના મંજન તરીકે પણ બહુ ઉપયોગી છે. ૧ બૌંસ ટંકણખારની બુકી, બે આંઉસ ચૉક, અને એક આંઉસ બુકો બનાવેલો કૅસ્ટાઇલ સાબુ એ સર્વે મિશ્ર કરી મંજન બનાવી શકાય છે.

ઉઠતા રોગો અથવા ચામડીનાં દર્દોથી પિડાતા શબ્સોના સેહેજ પણ સમાગમમાં આવનારાઓએ ટંકણખાર અને સોડાબારની મેળવણી વડે હાથ, મોહ, ગળું વગેરે ધોએલું ફાયદાકારક છે.

બાથામાં પડેલો બોરો સાફ કરવા ટંકણખાર મિશ્ર કરેલું પાણી વાપરવાથી તે સાફ થઇ શકે છે.

બીલ, મસા જેવા ચામડી પર પડેલા ડાઘા માટે નિચલી મેળવણી અકસીર ગણાય છે. બે આંઉસ લીંબુનો રસ, અરધો ડ્રામ ટંકણખાર અને ૧ ડ્રામ મેદાબાંડ સર્વ મિશ્ર કરી થોડાક કલાક રેહવા દેવું. તે પછી દરરોજ અકેક વખત આ મેળવણી ચોપડવી. આ મેળવણી જો જલ્લદ લાગે તો વર્સાદનું થોડું પાણી તેમાં ઉમેરવું અને ડાઘા નિકળી જતાં લગાડવાનું બંધ કરવું.

ટંકણખારનો હદ બાહેર ઉપયોગ ફાયદાને બદલે ભારે ગેરફાયદો કરે છે. પારિસના એક વિદ્વાન ડૉ૦ ચાર્લસફેરે' જણાવે છે કે ફેફસાનાં દરદથી પિડાતા માણસોને તેણે ટંકણખાર સાથની મેલવણી લાંબા વખત સુધી આપ્યા કીધી હતી, અને ચોકસ દાખલાઓમાં તેને ફરહે મળી હતી, પણ તેમ કરતાં કેટલાક દરદીઓનાં સંબંધમાં તેને જણાયું કે, તેમની ભૂખ મરી જવા સાથે મોહ સુકાઇ જતું હતું, અને તેમ થવા પછી ઉલટી થતી હતી. એટલુંજ નહિ પણ ચામડીને લગતાં કેટલાંક દરદો પણ તેથી જન્મ પામવાનો ભય રહેતો જણાયો હતો. તેમજ ટંકણખારનો ઘણો ઉપયોગ કરવામાં આવ્યાથી બાલ તદન સુકા થઇ જઇ બરી પડે છે, અને કોઇ કોઇ વખતે માથું બોડકું થવાનો સંભવ રહે છે. સર્વથી નઠારું પરીણામ ગુરદાનું દરદ જનમ પામવામાં આવે છે.

હાલમાં વિદ્વાનો અને રસાયણીઓએ તેનાં અનેક નવા ઉપયોગ શોધી કાઢયાં છે. જેમાં મુખ્ય ફોટોગ્રાફી તથા સૂક્ષ્મદર્શક યંત્રના લેન્સ તથા ઓપટિકલ ગ્લાસ, સિમેન્ટ, સાબુ, રંગ અને કૉસમેટિક બનાવવામાં તથા બીજી રસાયણી ક્રિયાઓ માટેના ઉપયોગ છે.

એક યૂરપીયન રસાયણિએ 'ઓપટિકલ ગલાસ' બનાવવાના સંબંધમાં ટંકણખારનો ઉપયોગ ઘણી કૃતેહમંદ રીતે કરી તે શોધ જાહેર મેળી છે. આ રીતે બનાવેલો કાચ રોશનીનાં કિરણો વધારે સારી રીતે પાંથરી શકે એવી બાશિયત ધરાવતો જનાવવામાં આવે છે. વળી માટીનાં તથા કોડી કામનાં વાસણોને ઝળકાટ આપવા માટે ટંકણખારનો ઉપયોગ કરવામાં આવે છે. આ માટે તેનો ઉપયોગ તમામ દુનિયાંમાં થાય છે, અને તે એટલો બોહોળો છે કે બીજા કોઇબી કામ કે ઉદ્યોગ માટે તે એટલો વપરાતો નહિ હશે. આ ક્રિયા માટે બીજા પદાર્થોની સાથે આ બારને ગરમ કરીને રસ રૂપમાં લાવી, જે વાસણને ઝળકાટ આપવો હોય

તેને તપાવીને તેની ઉપર ચોપડવામાં આવે છે. નાહનાં મોહટાં ઘડિયાલોની એનામલ કરેલી 'ડાયલો' બનાવવા માટે પણ એજ મકસદથી તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેમજ સિમેન્ટ બનાવવાની ક્રિયામાં પણ વાપરવામાં આવે છે, અને એજ મકસદથી અવષ્ય કરીને 'પેરિશિયન સિમેન્ટ'માં તેનો ઉપયોગ કરવામાં આવે છે; જેથી સિમેન્ટને જોઇએ તેવો ઘાટ આપ્યા પછી સુકવ્યા બાદ પૉલિશ આપવાને બને.

ઉપલા ઉપયોગો ઉપરાંત કાચ તથા કાચ નાં દાણા બનાવવાના ઉદ્યોગમાં તે ચોકસ ફાલો આપે છે; તેમજ દંતવૈદો નકલીદાંત માટેની પલેટો બનાવવા માટે તેનો ઉપયોગ કરે છે.

ટકના—પીરૂ દેશનો દક્ષિણ પ્રાંત, ૧૮૮૩ માં ચિલ્લીનાં રાજ્યે એની ઉપર ૧૦ વર્ષ સુધી કબ્જો મેળવ્યો હતો. એનું ક્ષેત્રફળ ૮૬૮૫ ચૌરસ મૈલ છે. વસ્તી ૩૧૫૯૯ ની છે. એનાં મુખ્ય શેહેરમાં ૧૪૧૮૩ ની વસ્તી છે.

ટંકસાળ—(જુઓ સિક્કા.)

ટંકારા—કાઠીયાવાડમાં મોરબીથી ૧૪ મૈલ ને રાજકોટની ઉત્તરે ૨૨ મૈલ પર છે. ગામ કોટવાલું છે, એ મોરબી સંસ્થાનને તાબે છે. ગામ પાસે લોહિત પથ્થર, અકીક વગેરે જડે છે, જે અત્રેથી ખંભાત મોકલવામાં આવે છે. અતરે લક્ષ્મીનારાયણનું મંદીર છે. લોક વસ્તી ૫૮૦૦ ની છે.

ટંકારી—આ વનસ્પતિનાં નાહના નાહનાં ક્ષુપ મહાબલેશ્વર ઉપર ઉગે છે. એના પાંદડાનો રસ મુત્રલગુણ ધરાવે છે. એનાં મૂળીયાં ઔષધિ ગુણ ધરાવે છે.

ટંગસ્ટન—આ ધાતુ ત્રણ રૂપે સૃષ્ટીમાં જડે છે. ૧—કયાલસિયમ ટંગસ્ટેટને શિલાઇટ કહે છે. ૨—લોહું અને મેંગેનિજના ટંગસ્ટેટને 'ઉલફ્રામ' કેહ છે. ૩—શિસું અને ત્રાંબાનો ટંગસ્ટેટ રૂપે પણ મળે છે. ટંગસ્ટન ધાતુ કાઢવા માટે કૅલસિઅમ ટંગસ્ટેટની ભૂકી કરી હાઇડ્રોકલોરિક ઍસિડમાં ભિજવે છે, આથી તેમાંનો કૅલશિઅમ કલોરિનથી સંયોગ પામે છે, અને આવિદ્રાવ્ય ટંગસ્ટિક ઍસિડ અથવા ટંગસ્ટિક અને હાઇડ્રાઇડ પાછળ રહે છે, પછી હાઇડ્રોજનના પ્રવાહમાં ટંગસ્ટિક ઍસિડને લાલ કરતાં તેમાંનો ઑકસિજન હાઇડ્રોજનથી સંયોગપામી ટંગસ્ટન ધાતુ જૂદી પડે છે; અથવા ટંગસ્ટિક ઍસિડ કોલસાને કેટલાક કલાક સખત આંચ આપી ટંગસ્ટન ધાતુ તઇઆર કરી શકાય છે.

ટંગસ્ટન ધાતુ સફેદ, બરડ અને સખત હોઇ એનો સેહેજમાં રસ બનતો નથી. એમાં ધાતુની ઝમક હોય છે અને તેનું વિશિષ્ટ ગુરૂત્વ ૧૭૦૮ હોય છે. સાધારણ ગરમીથી સુકી અથવા ભીની હવાનું કાર્ય એની પર ધડતું નથી; પણ આરકતોષ્ણ-માનપર આ ધાતૂની ભુકી હવામાં અને ઑકસિજનમાં બળે છે, અને ટંગસ્ટોનનો ત્રીઓકસાઇડ બને છે. કલોરિન ગ્યાસમાં એની ભુકી બળતી નથી, પણ ૪૯૨ થી ૫૭૭ ફેરન ઉષ્ણમાન ઉપર એઉનો સંયોગ થાય છે. સાધારણ ઉષ્ણમાન ઉપર પાણીનું એની પર કાર્ય ધડતું નથી. પણ આરકતોષ્ણ કરેલી ધાતુપર પાણીની વરાળ છોડતાં ઑકસાઇડ બને છે. પોટાશનાં ખખળતા રસથી આ ધાતુ ઑકસિડાઇજ બની ચોકશનો ટંગસ્ટેટ બને છે, અને હાઇડ્રોજન નિકળે છે. નાઇત્રિક ઍસિડનું એનીપર ધીરે ધીરે કાર્ય ધડે છે. પણ નાઇત્રો હાઇડ્રોકલોરિક ઍસિડનું કાર્ય તરત ધડે છે, અને ટંગસ્ટિક ઍસિડ બને છે.

૯૦ ભાગ પોલાદમાં ૯ થી ૧૦ ભાગ ટંગસ્ટન ધાતુ મેળવ્યાથી અત્યંત સખત એવી એક મિશ્ર ધાતુ બને છે. આ મિશ્ર ધાતુનાં પોલાદી હથિઆરો કરવામાં ઉપયોગ કરવો એવું ઘણાકોનું મત છે. ટંગસ્ટનનાં બે મુખ્ય ઑકસાઇડ બને છે:—દ્વિઓકસાઇડ અને ત્રિઓકસાઇડ. ટંગસ્ટનનાં ત્રિઓકસાઇડ ને ટંગસ્ટીક અને હાઇ ડ્રાઇડ કહે છે. કદાચ ટંગસ્ટિક ઍસિડ પણ કહે છે.

એની ભુકી ઘાસ જેવા પિળા રંગની ફીકીહિન, અવિદ્રાવ્ય હોય છે. તેને ગરમ કરતાં તેનો રંગ ગદળી નારંગી જેવો બને છે. પણ થંડી થતાં તરત પિળો રંગ પકડે છે. આ સ્થિતિમાં આ ઑકસાઇડ પાણીમાં અવિદ્રાવ્ય હોય છે, પણ અલકલીનાં દ્રવમાં જલ્દી વિદ્રુત થાય છે.

આ ધાતુનો ક્ષાર વિષકારક નથી. ટંગસ્ટેટ એજ એનો મુખ્ય ક્ષાર છે. એનો દ્રવ રંગ-હિન હોય છે.

ટન્ની—આ ગંજાવર કદની માછલી મુખ્ય કરી ભૂમધ્ય સમુદ્રમાં જણાય છે. આ માછલી કેટલીક વેળા ૨૫ મણ વજન જેવડી ભારે હોય છે. આ માછલી ગંજાવર માકરેલ માછલાનાં આકારની હોય છે. ટન્નીનું માંસ યૂરપની પ્રજા ખાવાના ઉપયોગમાં લીયે છે. ટની આકારે બીજી સાધારણ માછલીઓને મળતી લંબોચા ઘાટની હોય છે.

ટપાલ:—લખવા વાંચવાની કળા પ્રચારમાં આવતાં આ પરસ્પર વેહવારની બીજી હાલતની શરૂઆત થઇ. પત્ર દ્વારે ઘણીક ખાનગી બાતમીઓ મોકલાવવાની સગવડ મળતાં, એકજ માનસ મારફતે અનેક પત્રો મોકલી જગેજગ પત્રો પોંહચાડવાની શરૂઆત થઇ. આવી રીતના વ્યવ્હારમાં જાનવરોના વાહાનથી મ્હોટી સગવડ મળી ફેરફાર થયો અને તે પછી યાંત્રિક બળવડે ચાલતાં વાહાન મારફતે દૂરદરાજ મુલકોમાં પત્રો પોંહચાડવાની સગવડ ગઇ સદીની અધવચમાં અમલમાં આવી.

તવારીખનવેશ હિરોડોટસના જણાવવા મુજબ "ઇરાનના પાદશાહ કયખશરૂએ પેહેલ વેહેલી ટપાલની ઑફીસો ઇરાનમાંના મુખ્ય શેહેરોમાં ઉઘાડી હતી. તે પછી ઑગસ્ટસ પાદશાહે રૂમ શેહેરમાં આ રીત દાખલ કરી હતી. ઇ. સ. ૮૦૦ ને સુમારે ફ્રાન્સમાં શેહેનશાહ શાર્લમેને તેની નકલ કરી હતી. યૂરપમાં ટપાલ ઑફીસો ૧૪૭૦ ના સાલથી ચોકસ ધોરણે સ્થાપન કરવામાં આવી હતી. ફ્રાન્સમાં આ સગવડ ૧૪૬૨ થી અમલમાં આવી. ઈંગલંડમાં ઇ. સ. ૧૪૮૧ માં ચોથા એડવર્ડના અમલમાં ટપાલ ઑફીસની શરૂઆત કરવામાં આવેલી જણાવવામાં આવે છે.

યૂરપમાંના અનેક વેપારીઓએ ચૌદમી સદીમાં પ્રજા ઉપયોગ માટે ટપાલ ખાતાંની પ્રથમ સ્થાપના કરી. આવી રીતની વ્યવસ્તા ઈંગલંડમાં ૧ લા ચાર્લસ રાજાના અમલ સુધી બીલકુલ ચાલુ નહોતી, પણ ચાર્લસના અમલમાં એની સેહેજ શરૂઆત થઇ હતી. આ વ્યવસ્તા માત્ર સરકારી કામકાજ માટે લંડન અને એડિનબરો તથા બીજા વચલા મુખ્ય શેહેરો વચ્ચે શરૂ કરવામાં આવી હતી. તે પછી ક્રમે ક્રમે રાજ્યના, પોસ્ટમાસ્તર જનરલની દેખરેખતળે અને તેમની યોજના ઉપરથી આ રીત મ્હોટા વિસ્તારમાં ફેલાઇ, અને આ ગોઠવણનો હક્ક પણ સરકારેજ એક હાથ રાખ્યો.

ઈંગલંડમાં જૂદે જૂદે ઠેકાણે કાગળ પોંહચાડવાની ગોઠવણ છેક ૧૬૩૫ માં થઇ હતી. તે વેળા ગ્રેટબ્રિટનની અંદર ૮૦ મૈલના છેટા સુધી અને તેની અંદરના છેટા સુધી દર કાગળે ૧૬ પાઇ, ૧૪૦ મૈલના તફાવત માટે ૬૪ પાઇ અને તેથી દૂરના છેટા માટે દર કાગળે ૪ આના અને સ્કૉટલંડમાં કોઇપણ જગ્યાએ કાગળ પોંહચાડવાનો દર પાંચ આનાનો હતો.

શરૂઆતમાં તે તરફ ટપાલ ખાતાંની ઉપજ નિર્જીવ હોવાથી તેનો ખરચ ટપાલ માસ્તરને માથે નાખી તેની આવક તેનેજ લેવા દેવામાં આવતી. પણ તે પછી આવક વધતાં તે ઓધો ટેન્ડરો માગી વધુ બિડ કરનારને પોસ્ટ માસ્તરનો ઓધો આપવામાં આવતો.

ઇ. સ. ૧૬૬૩ માં પોસ્ટ ઑફીસની આવક 'જેમ્સ ડયુક ઑવ યૉર્ક' અને તેના વારેસોના નામ ઉપર જથુકની કરવામાં આવી હતી, પણ તે પછી ૧૬૮૫ માં ડયુક ઑવ યૉર્ક ઇંગલંડની ગાદીએ આવતાં તેણે પોતાના

તથા પોતાનાં વારેસોના નામ ઉપર એની આવક ચઢાવી હતી.

ઇંગલંડના ટપાલ ખાતાંની આવક જૂદી જૂદી સદીમાં નીચે મુજબ હતી.

વર્ષ				આવક—રૂપિયા.
૧૬૪૩	...	...	...	૫૦,૦૦૦
૧૬૪૯	...	...	...	૫૦,૦૦૦
૧૬૫૩	(મફતે આપી)		...	૧,૦૦૦૦૦
૧૬૬૩	(,,	,,)	...	૨,૧૫,૦૦૦
૧૬૭૪	(,,	,,)	...	૪,૩૦,૦૦૦
૧૬૮૫	(સરકારે રાખી)		...	૬,૫૦૦૦૦
૧૭૦૭	(,,	,,)	...	૧૧,૧૪,૬૧૦
૧૭૧૪	(,,	,,)	...	૧૪,૫૨,૨૭૦
૧૭૪૪	(,,	,,)	...	૨૩,૫૪૯૨૦
૧૭૮૦	...	...	...	૪૮,૦૦,૭૪૦
૧૮૦૦	...	...	...	૭૪,૫૩૧૩૦
૧૮૩૯	...	...	...	૨,૫૨,૨૪,૯૫૦

ઇ. સ. ૧૭૮૨ સુધી યૂરપમાં કાગળ પત્રો ઘોડેસ્વાર મારફતે મોકલતા હતા. પણ એજ વર્ષ પછી ઘોડા ગાડી મારફતે પત્રો મોકલવાની શરૂઆત થઇ. આ ટપાલની ગાડીને પ્રતાપે બધે માર્ગ બાંધવામાં આવ્યા, અને જગેજગ ટપાલના મથકોની સ્થાપના થઇ. હિંદુસ્તાનમાં મુસલમાની, મરાઠા અને પેશવાઇ અમલમાં કાગળ પત્રો સાંઢણી સ્વાર અથવા કાસદ મારફતે મોકલવામાં આવતા, પણ હાલમાં ટપાલ જે ધોરણે અને નિયમસર મોકલવામાં આવે છે તે રીત ત્યારે જાણીતી નહોતી.

ઉપર જણાવેલાં સાધન છતાં ટપાલ ખાતું પ્રજાના આમ વર્ગ માટે જેવું જોઇએ તેવું ઉપયોગી અને સવલતા ભર્યું ખાતું નહોતું; પણ જ્યારથી આગગાડી અને આગબોટ જેવાં સાધનો મળ્યા પછી ટપાલ ખાતું નિયમીત ધોરણે ચાલુ થયું છે. જૂદા જૂદા દેશનાં વિચાર એક મેકને દર્શાવવાનું મુખ્ય સાધન વર્તમાન પત્રો છે, કે જે આગળ ટપાલખાતાની ગેરહાજરીમાં નહિ જેવું હતું, તે ટપાલખાતાનાં પ્રતાપે આજે ચોખંડમાં એક ઉત્તમ સાધન થઇ પડયું છે.

પ્રથમ અજમાયશ તરીકે હિંદુસ્તાનની સરકારે પોતાના તાબાના દેશોમાં ટપાલ ખાતું સ્થાપન કરી આમવર્ગને મ્હોટી સગવડ કરી આપી હતી, પણ તે વેળા સરકારને નફાને બદલે સામી ખોટમાં ઉતરવું પડયું હતું.

૧૮૪૯—૫૦ માં હિંદી ટપાલખાતાની આવક તથા ખર્ચ નીચે પ્રમાણે હતો.

ઇલાકા.	વસુલાત.	ખર્ચ.	નફો.	ખોટ.
બંગાલ ...	૪,૮૦,૫૦૦	૫,૩૬,૮૦૦	.....	૫૬,૩૦૯
આગરા ...	૮,૦૦,૦૦૦	૭,૬૫,૦૦૦	૨,૧૩,૦૦૯	.....
પંજાબ ...	૧,૭૮૦૦૦			
મદરાસ ...	૪,૦૩,૭૭૩	૪,૩૩,૯૦૩	.....	૩૦,૧૩૦
મુંબઇ ...	૨,૪૩,૦૦૦	૩,૯૨,૧૧૦	.....	૧,૪૯,૧૧૦
જુમલે. ...	૨૧,૦૫,૨૭૩	૨૧,૨૭,૮૧૩	૨,૧૩,૦૦૯	૨,૩૫,૫૪૯

બાકી બાદ જતાં નક્કી ખોટ ૨૨૫૪૦ રૂપીયાંની સરકારને થઇ હતી.

૧૮૫૪—૫૫ માં હિંદુસ્તાનમા ટપાલખાતાંની સંખ્યા=૬૪૫ ની હતી.
૧૮૭૧—૭૨ ,, ,, ,, ,, =૨૯૫૪ ,,
૧૮૮૧—૮૨ ,, ,, ,, ,, =૪૮૧૯ ,,
૧૮૯૧—૯૨ ,, ,, ,, ,, =૯૬૧૭ ,,
૧૮૯૯–૧૯૦૦ ,, ,, ,, ,, =૧૪,૦૦૦ ,,

૧૮૭૯–૮૦ માં હિંદુસ્તાનના ટપાલખાતાંમાં પ્રથમ મનિઓરડર (હુંડી) લઇ જવાની પધ્ધતિ શરૂ થઇ હતી. ૧૮૯૯ માં હિંદી ટપાલ ખાતાં મારફતે ખુદ હિંદુસ્તાન મધે ૨૧,૦૦,૦૦૦ રૂપિયાનાં મનિઓરડર પોંહચાડવામાં આવ્યાં હતાં.

૧૮૯૯ માં દર ચૈારસ મૈલે (હિંદમાં) ૧ પોસ્ટ ઓફીસ અને ૨૨૪૪ ચૈારસ મૈલે ૧ કાગળની પેટી એ પ્રમાણે હતાં. ઇ. સ. ૧૮૯૯ માં હિંદી ટપાલખાતાંએ ૧૨૨ ૨૮૨ મૈલ મુસાફરી કરી હતી, અને દર માનસે ૧૦૪૬ પત્રો મલ્યાં હતાં, પણ ઇંગલંડનાં સંયૂકત રાજ્યોમાંની લોક સંખ્યા હિંદુસ્તાન કરતાં ૬ ધણી નાહની હોવા છતાં ૧૮૯૯ માં આ રાષ્ટ્રમાંના દરેક મનુષ્ય દીઠ '૫૪૦૩' પત્રોની રાસ પડી હતી.

ટપાલખાતું હસ્તીમાં આવ્યા પછી અતિ મહત્વનો તેમાં ફેરફાર કરવાનું માન મી० રૉલૅંડ હિલે ૧૮૪૦ માં ૧૦ જાનેવારીએ મેળવ્યું હતું. તે એકે ગમે તેટલા દૂર અંતરપર, પછી તે પરદેશી રાજ્ય શિવાય ગમે ત્યાંનું હોય અને તેનું વજન ગમે તેટલું હોય તે નિયમે ઠેરવેલી ચોકસ દરની ટીકીટ લગાડવાથી પોંહચાડવાનો ફેરફાર છે. અર્ધા ઔંસના વજનનાં કાગળોપર એક પેનીનું એક સરખું લવાજમ લેવાનું એજ સાલથી શરૂ થયું, અને સ્ટેમ્પ મારેલાં પરબિડાં પણ એજ વર્ષથી વપરાસમાં આવ્યાં.

દાખલા તરીકે હિંદુસ્તાન દરમ્યાન રવાના કરવાના ½ તોલાનાં પત્ર માટે અરધા આનાની ટીકીટ ચોંટાડવી પડે છે. હિંદુસ્તાનની બાહેર ઇંગલંડ, સ્કૉટલંડ, આયરલંડ અને જગતમાંના બ્રિટીશ સંસ્થાનોમાં કોઇ પણ શેહેરમાં મોકલવામાં આવતા કાગળપર અરધા ઔંસ પાછળ ૧ આનાની ટીકીટ ચોંટાડવી પડે છે. પરદેશી રાજ્યમાં કાગળ મોકલવું હોય તો ½ ઔંસ માટે અઢીઆનાની ટીકીટ ચોંટાડવી પડે છે. મનિઓરડરનો પણ તેવોજ કાયમનો દર રાખ્યો છે. હિંદુસ્તાન દરમ્યાન રૂપીયા પાંચ માટે ૧ આનો, દસ માટે બે આના, પચીસ માટે ચાર આના અને પછી દર રૂપીયા પચીસ અગર તેથી વધારે માટે દર ભાગે ચાર આના વધારે આપવા પડે છે.

હિંદુસ્તાનની બાહેર સિલોન શિવાય કયાંય મનિઓરડર મોકલવાનો દર બે પૈાંડે ચાર આના, પાંચ પૈાંડ માટે આંઠ આના ઠેરવેલા છે.

ઇંગલંડમાં ૧૮૪૦ થી ૧૮૭૦ સુધી ૩૦ વર્ષમાં જે જે વખતે પત્રના અનુક્રમમાં વજનની વધ થતી ગઇ, તે તે વખતે દરમાં પણ વધારો થતો ગયો. અરધા ઔંસના પત્રને ૧ પેની પડતી અને તેજ બે ઔંસના પત્ર માટે ૪ પેનીનો દર લેવામાં આવતો; પણ ખર્ચમાં થાને ઑગણીસના કામ તથા પત્ર વેંહેંચવામાં કશો વધુ ખર્ચ થતો નહિ હોવાથી આ પદ્ધતિ ભૂલ ભરી હતી. ૧૮૭૧ માં દર વધારવા થકી સુધારો કરવામાં આવ્યો. એટલે ૧ ઔંસ વજનના પત્ર માટે ૧ પેનીનો દર ઠેરાવવામાં આવ્યો, ત્યારે બે ઔંસના પત્ર માટે બે પેની અને ચાર ઔંસ માટે ચાર પેની એમ દર નહિ લેતાં અનુક્રમે ૧ા અને ૨ પેનીનો દર મુકરર કરવામાં આવ્યો. આ દર સર્વેને પસંદ અને વ્યવ્હારિક તત્વ હજી પોસ્ટ યુનિયનના (એટલે જૂદા જૂદા રાષ્ટ્રના સમાજીક એવા જે ટપાલ ખાતાં જોડાયલાં છે તે) દરને લાગુ કરવામાં આવ્યા છે.

હિંદુસ્તાનમાં આ એકાકાર દરની પદ્ધતિ જોકે ચાલુ છે તોય તે જોઇએ તેવી રીતે પ્રજાને સંવળતા ભરી નથી, કારણ, વજનનાં માનપર જોતાં તે દર વધારે છે. હાલમાં અરધા તોલાના કાગળને અરધો આનો પડે છે. અરધા તોલા ઉપર ૧ાા તોલા સુધી ૧ આનો અને તે પછી દોઢ તોલા ઉપર દરેક દોઢ તોલા માટે અથવા તેના કોઇ પણ અંશને એક આનો આ પ્રમાણે હાંસલ આપવો પડે છે. એટલે પોણાબે તોલા માટે

એકદમ બે આનાનો સ્ટેંપ લગાડવો પડે છે; તથા સવાત્રણ તોલા માટે એકદમ ૩ આના પડે છે.

દુનિયામાં આજે જે ટપાલ ખાતાંએ પોતાનો વિસ્તાર વધાર્યો છે તેની તવારીખ એવી તો જાણવાજોગ અને ઓહાળી બની શકે કે તે માટે અનેક દફ્તરો લખી શકાય. તમામ દુનિયાંમાં ૨,૫૦,૦૦૦ પોસ્ટ ઑફીસો ચાલુ છે.

હિંદી ટપાલ ખાતાનો કારોબાર:—

૧૯૦૧ માં ટપાલ ખાતાંએ પારસલો, પોસ્ટ કાર્ડો, રેજીસ્ટર પત્રો વગેરે બીજાં કાગળ પત્રો અને પારસલોમાં નીચલી સંખ્યામાં 'ડિલીવર' કરવામાં આવ્યાં હતાં:—

જણસો =	૧૮૯૯-૯૦૦ માં	—	૧૯૦૦-૧૯૦૧ માં
પત્રો =	૨૦૨૯૨૩૧૩૧	—	૨૧૧૦૧૮૯૧૦
અનપેડ પત્રો =	૨૯૨૩૧૮૫૬	—	૨૯૨૨૮૯૧૩
રેજીસ્ટરપત્રો =	૧૦૨૪૪૭૪૩	—	૧૦૬૧૦૩૪૨
કુલે	૨૪૨૪૦૫૭૩૦	—	૨૫૦૮૫૮૧૬૫
પોસ્ટકાર્ડો	૨૦૬૪૬૩૨૬૮	—	૨૧૮૩૫૧૩૧૭
રેજીસ્ટર વે૰ પે૰	૩૦૭૫૯૧૪૯	—	૩૦૦૯૧૪૦૦
બુક પોસ્ટના નામતળે	૨૬૭૭૩૯૨૧	—	૨૮૩૦૨૭૫૧
રેજીસ્ટર પારસલો	૨૨૦૬૩૬૩	—	૨૧૭૭૬૪૮
અનરેજીસ્તર	૩૬૫૦૪૫	—	૫૦૧૧૬૧
કુલે.	૫૦૬૦૦૬૪૭૬	—	૫૩૨૨૮૨૭૪૨

ઇંગલંડ તથા સ્કૉટલંડના ટપાલખાતાંની ૧૮૯૪ માં આવક ૧,૦૭,૪૮૦૦૦ પૌંડની ઉપજી હતી. તેમાંથી ૭૬,૭૮૦૦૦ પૌંડનો ખરચ બાદ જતાં ૨૭,૭૦૦૦ પૌંડનો નક્કી નફો રહ્યો હતો. એજ વર્ષમાં ફ્રાન્સના ટપાલ ખાતાંએ ૧૮,૭૭૦૦૦ પૌંડનો, જર્મનીએ ૧૦,૫૪,૦૦૦ પૌંડનો નફો કર્યો હતો. અમેરિકાના યૂનાઇટેડ સ્ટેટનાં એજ ખાતાંને દરવર્ષે ૧૦,૦૦,૦૦૦ પૌંડની ખોટ ચાલુ આવે છે.

૧૮૯૬-૯૭ ના વર્ષમાં હિંદુસ્તાનના ટપાલ ખાતાની આવક રૂ. ૧,૭૦,૪૭,૭૬૨ ની અને કુલે ખર્ચ રૂ ૧,૩૩,૨૯,૮૪૭ નો થયો હતો. એ પ્રમાણે ખર્ચ કરતાં આવક ૩૭,૧૭,૯૧૫ રૂપીયા જેટલી વધુ થઇ હતી.

ટ્યાનિન—અથવા ટૅનિક ઍસિડ. આ ઍસિડ ગોક, બાવળ બેર વગેરે ઝાડની છાલમાંથી અને માયાફળ તથા હરડામાંથી પુશકળ મળે છે. માયાફળની ભૂકી બનાવી શુદ્ધ પથરમાં મેળવી પછી આ દ્રવ કપડછાન કરવો, અને થોડા વખત સુધી તેમજ રેહવા દેવો, એટલે તેનાં બે થર જણાય છે. તેમાંનો ઉપલો થર લીલા રંગનો હોઇ તેમાં 'ગૅલિકએસિડ' હોય છે, અને નીચે ફરેલો રસ પિળા હોઇ તેમાં ટૅનિક ઍસિડ હોય છે; આ પિળા રસ જૂદો કાઢી સુકવતાં સછિદ્ર ફિક્કા પિળા રંગનો પદાર્થ મળે છે, તેજ ટૅનિક ઍસિડ છે.

એને પાણીમાં મિશ્ર કરતાં તે પિગળે છે અને તેમાં કાર્બોનેટ મિશ્ર કરતાં તે ઉભાય છે. એ અતિશય તુરૂં હોય છે.

ટૅનિક ઍસિડ અગે એક અજાયબ ધર્મ એ છે કે અનેક પ્રકારનાં સેંદ્રિય પદાર્થ અને ઘણાખરા પ્રાણીજ પદાર્થ જેમકે સ્ટાર્ચ, અને જીલેટીન (સરસ) એમનાં રસમાં અને

રસાયુ, ચામડી વગેરેથી સંયૂકત બની અવિદ્રાવ્ય પદાર્થ ઉતપન્ન કરે છે. આથી તે પદાર્થો જલ્દી કોહતાં નથી. એના આવા ઉત્તમ ગુણને લીધે માંસ અથવા ચામડીને કોહતાં અટકાવવામાં એનો ઉપયોગ કરવામાં આવે છે.

ટ્યાપિઓકા—દક્ષિણ અમેરિકામાં 'કયાસાવા' નામે ઝાડનાં મૂળમાંથી કાઢેલા પ્રદાર્થને ટ્યાપિઓકા કહે છે.

ટ્યુટાનિક સરદારો—આ સરદારોનો વર્ગ જર્મન યૂરપમાં ટેંપલર તથા હૉસ્પિટલર સરદારો પ્રમાણેજ ધર્મ યૂદ્ધની ધામધુમ દરમ્યાન સ્થાપન થયો. તેમનું કામ બેમાર અને જખમી જનાવરોની માવજત કરવી તથા તુર્ક લોકો સાથે લડવું એ બે કામ હતાં. આ સરદારો માત્ર જર્મન કુલીનજ બની શકતાં. આવા સરદારોને મ્હોટી મ્હોટી અક્ષેસો તેમનાં પરમાર્થી કામોના બદલામાં મળતી. આથી પેલેસ્તાઇન, જર્મની તથા યૂરપમાંના કેટલાક દેશો તેમને હાથ આવ્યા. તેમનું મુખ્ય મથક સિરિયાના કાંઠાપરનું 'એકર' શેહેર હતું. એકર શેહેર તુર્કોએ જીતી લેતાં તેઓ વેનિસ આવી રહ્યા.

ઇ. સ. ૧૩૦૯ માં એઓએ 'વિહસ્તુલા' નદી કાંઠે 'મેરિઅનબર્ગ' શેહેરમાં એક મજબુત કિલ્લો બાંધી ત્યાં પોતાનું મથક કર્યું. ઇ. સ. ૧૩૫૧-થી ૧૩૮૨ દરમ્યાન તેઓ ચઢતી કળાએ પુગા. તેમનાં અમલતળે 'ઓડર' નદીથી ફિન્લેંડના અખાત સુધીનો મુલક અને ૨૦ થી ૩૦ લાખની પ્રજા તાબા તળે આવી. તે પછી પોલંડનો રાજા બળવાન જણાતાં તેને પ્રમુખ બનાવ્યો. એઓ કોઇપણ બળવંત સંસ્થાનિકને ગ્રાંડ માસ્તર તરીકે નેમતા. તે મુજબ બેડનબર્ગના ઇલેકટરે એમનું આધિપત્ય સ્વિકાર્યું હતું. આ ગ્રાંડ માસ્તર સ્વતંત્રતા ભોગવતા નહિ. દરેક પ્રાંત ઉપર એક પ્રોવ્હિનશલ માસ્તર (પ્રાંતિક અધિકારી) નેમતા. તે મુજબ આ પ્રોવ્હિનશલ માસ્તર તથા બીજા પાંચ સરદારના મતથી ગ્રાંડ માસ્તરને વર્તવું પડતું. પ્રશિયા પ્રાંત ખાલસા થયા પછી આ સરદારોનાં જર્મનીમાં કેટલાંક ઠાણાં હતાં. પણ ઇ. સ. ૧૮૦૯માં નેપોલ્યને આ ઠાણાંઓને બીજા રાજ્યોને વેંહેંચી તેમના એલકાબ તથા ઉત્પતિનો નાશ કર્યો હતો. પણ આ એલકાબ ફરી ૧૮૪૦ માં આસ્ટ્રીયામાં હસ્તીમાં આવ્યો. આ એલકાબ ધરાવનારા લોકો લઢાઇમાં જખમીથનારાઓની અતિ ઉત્તમ રીતે માવજત કરે છે.

ટ્યૂનટોન—સોમરસેટ શાયરનું આ રમણીય સુંદર શેહેર બ્રિસ્ટોલની દક્ષિણ પશ્ચિમે ૪૫ મૈલ ઉપર છે. પશ્ચિમ સેક્સન રાજાઓએ બાંધેલો ૮ મી સદીનો અત્રે એક કિલ્લો છે. ૧૮૫૧ માં વસ્તી ૧૪૧૭૮ ની ને ૧૮૯૧ માં ૧૮૦૨૬ ની હતી.

ટ્યૂનટોન—માસાચ્યેસેત્સનાં બ્રિસ્ટોલ કૌંટિનું મુખ્ય શેહેર, એજ નામની નદીનાં કાંઠા ઉપર બોસ્ટનની દક્ષિણે રેલ માર્ગે ૩૪ મૈલ ઉપર છે. અત્રે મોહોટો ચોક, કોર્ટહૌસ, સિટીહૉલ, રૂની મિલો, એનજીનો બનાવવાના કારખાનાં અને ત્રાંબુ તથા વહાણોનાં કારખાનાં છે. ૧૮૮૦ માં લોક વસ્તી ૨૧૨૧૩ ની ને ૧૮૯૦ માં ૨૫૪૪૮ ની હતી.

ટ્યૂનિસ—ઉત્તર આફ્રિકામાંનું આ એક ફ્રેન્ચ થાણું આલજીરિયા અને ત્રિપોલીની વચ્ચે મેડિટરેનિયન સુધી ૫૫૦ મૈલ લંબાયલું છે. ક્ષેત્રફળ ૪૫,૦૦૦ ચૌરસ મૈલ છે. ત્યાંની પ્રજા બિદુઇન આરબ જાતની છે. તેમની સાથે કુલે વસ્તી ૧૫૦૦૦૦૦ ની છે. ૧૮૯૧ માં તેમાં ૪૨૧૭૭ ફ્રેન્ચમેન અને ૧૦૦૦૦ ઘોડેસ્વાર હતા.

આ દેશના દક્ષિણ અને બીજા ભાગોમાં નાહની મોહટી ટેકડીઓ ફરી વળેલી છે. એની ઉત્તરમાં એક સરોવર છે અને તેથી જમીન ફળદ્રુપ હોઇ ત્યાં ધાન્ય, સંત્રા, ખજુર, અંજીર, ઑલિવ્હ, દ્રાક્ષ વગેરે ફળફળાદી પુશકળ ઉગે છે. સુકી મોસમ શિવાય ત્યાં ચાલુ ઘાસ ચારો પુશકળ મળતો હોવાથી

અકરાં તથા ઢોરોનાં ટોળાં પુશકળ ઉછેરવામાં આવે છે. અતરે ૧૦ થી ૫૦ ઇંચ વરસાદ પડે છે. સોનું તથા માર્બલ શિવાય દરેક પ્રકારનાં ખનીજ અત્રેની ભૂમિમાંથી મળે છે. મુખ્યકરી ભારે વરસાદ ડિસેંબરથી જાનેવારી સુધી પડે છે. અત્રેના ઉચા પર્વતો ઉપર હંમેશાં બરફ વરસે છે. અત્રેથી આલજીર્યા, ઇટલી અને ફ્રાન્સ સાથે વેપાર ચાલે છે. વાર્ષિક આયાત વેપાર ૧૬,૦૦,૦૦૦ પૌંડનો ચાલે છે. જેમાં મુખ્ય પદાર્થો રૂ, આટો, દારૂ, તાર, વગેરેનો તથા ઓલિવ્હ તેલ, ઘઉં, ચામડા, બાજરી, ફળફળાદી, ઉન, રપંજ અને માછલીનો નીકાશ વેપાર ચાલે છે.

અત્રે ૨૬૦ મૈલ રેલ્વે લાઇન બાંધેલી છે અને ૨૦૦૦ મૈલની લાઇન ટેલીગ્રાફની ફેલાયલી છે. એના એજ નામના મુખ્ય પાયતખત શેહેરમાં વસ્તી ૧૩૪૦૦૦ ની છે.

ટ્યૂમન—પશ્ચિમ સાઇબિરિયાનું આ શેહેર ટોબોલસ્કની દક્ષિણ પૂર્વે ૮૦ મૈલ ઉપર ટોબોલસ્કની ખાડી કાંઠે છે. એ પર્મસાથની રેલ્વે સાથે જોડાયલું છે. અતરે ચામડાં, ગલીચા, સાબુ, મીણબત્તી અને કુંભારકામના ગંજાવર કારખાનાં હોઇ તે માલ પરદેશ રવાના કરવામાં આવે છે. અત્રે ઉદ્યોગ હુન્નરની પાઠશાળા છે તથા ત્યાં દર જાનેવારીમાં મ્હોટી જાત્રા ભરાય છે. વસ્તી ૧૫,૫૯૦ ની છે.

ટ્યૂરિન—ઉત્તર ઇંગલંડનું આ શેહેર આગળ ઇટાલ્યન રાજ્યમાં પિડમૈાંટનું પાયતખત હતું. એ જીનેવાની ઉત્તર પશ્ચિમે ૮૦ મૈલ ઉપર છે. અતરે ૭ મી સદી આગમજનાં પુરાતમ દેવલો અનેક છે. અત્રેની મુખ્ય ઇમારતોમાં પુરાતમ મેહેલો, ટૈાનહૉલ, યૂનિવ્હરસિટિ (૨૧૦ શિક્ષકો તથા ૨૦૦૦ વિદ્યાર્થી અને ૨૨૫૦૦૦ પુસ્તકો તથા ૨૦૦ હસ્ત લેખવાલી લાયબ્રેરિ સાથનું મકાન,) એકેડમી વગેરે જાહેર ઇમારતો છે.

અતરે રૂ, ઉન, રેસમ, ગલીચા, મખમલ, ટોપી, કાગળ, લોહું, કુંભારકામ, વગેરેના અનેક કારખાનાઓ છે.

ઇ. સ. ૧૭૦૦ માં વસ્તી ૪૦૦૦૦ ની, ૧૮૦૦ માં ૪૨૦૦૦ ની તથા ૧૯૦૦ માં ૨,૩૫,૧૮૩ ની હતી. આગળ અતરે ટ્યૂરિન પ્રન્ન વસ્તી હતી. હાનિબાલે આ શેહેરને ભારે નુકસાની પોંહચાડી હતી અને ઑગસ્ટસના અમલમાં એ રોમન થાણું હતું, તે પછી એ લૉમ્બર્ડી ડચીનું પાયતખત થયું અને ૧૦૬૦ માં એ હોસ ઑવ સેવોરની સત્તાનીચે આવ્યું. ૧૫૩૬ થી ૬૨ સુધી એ ફ્રેન્ચોને તાબે હતું અને ફરી ૧૭૪૦ માં જીતી લેવામાં આવ્યું હતું. ૧૮૦૦ માં એ સ્વતંત્ર ફ્રેન્ચ રાજ્યને જોડાયું હતું; ૧૮૬૫ થી એ ઇટલીના રાજ્યને તાબે આવ્યું તે આજ સુધી છે.

ટર્ટલ કાચબો—કાચબાના વર્ગમાંની એક જાત. આ ટર્ટલકાચબો દરિયાઇ છોડવા ખાઇને તે ઉપર નિર્વાહ કરે છે. એ પોતાના ઇંડા મેલવા થકીજ સમુદ્ર બહાર નિકળે છે અને પાંખવડે રેતી ખોદી તેમાં ૪૦ંડા મેળે છે. એ દર વેળા ૨૦૦ ઉપર ઇંડા મેળે છે. એ મુજબ તે વર્ષમાં બે ત્રણ વાર ઇંડા મેળે છે. આ ઇંડા ૧૫ થી ૨૦ દિવસમાં સેવાઇ રહી ઝીણા કવચ વગરનાં બચ્ચાં તેમાંથી નિકળી પાણીમાં તરતા થાય છે, પણ તેમને ઉડતા પક્ષીઓ તથા માછલીઓ ઘણી વેળા ખાઈ જાય છે. આ ટર્ટલ કાચબાનાં આંગળા છુટા ઝીણા પંજાવાળાં હોય છે, આ પંજાદાર આંગળા વડે તેઓ સમુદ્રમાં ગમે ત્યાં તરી શકે છે.

લીલાસદાર રંગની ચરબી ધરાવનાર અથવા ખોરાકીમાં વપરાતો ટર્ટલ કાચબો ઉષ્ણ કટિબંધમાં, પણ મુખ્યત્વેકરી વેસ્ટ ઇંડીજ તથા અથેન્સમાં મળે છે. આ કાચબો ૬ થી ૭ ફીટ લાંબો અને વજનમાં ૧૭ થી ૨૦ મણ હોય છે.

જાડા ચામડાની પીઠવાળો ટર્ટલ કાચબો ગંજાવર કદને લીધે જાણીતો છે. આ કાચબો તદ્દન વાર આવાજ કાઢવાની શક્તિ ધરાવે છે.

ટર્ટારિક ઍસિડ—દ્રાક્ષ, આંબલી, અનીનસ અને બીજા ખાટાં ફલો તથા વનસ્પતિ વગેરેમાં આ ઍસિડ હોય છે. આ ઍસિડ ઘણુંકરી દ્રાક્ષમાંથી કાઢવામાં આવે છે. તે પોટાશ અને પાણીથી સંયુકત હોઇ ક્રિમ ઑવ ટાર્ટર ક્ષારની સ્થિતિમાં હોય છે. દ્રાક્ષ રસમાંથી દારૂ બનાવતી વેળા આ ક્ષાર નિકળે છે, તે અવિદ્રાવ્ય હોવાથી તેનો સાકો તળીએ બેસે છે. આ સ્થિતિમાં તે અશુદ્ધ હોય છે, તેને શુદ્ધ કરવા પાણીમાં પિગળાવી પ્રાણીજ કોલસાથી રંગહીન કરતાં તે સફેદ ખાર બને છે; જે ક્રિમ ઑવ ટાર્ટર અથવા બાયટાર્ટ્રેટ ઑવ પોટેશને નામે બજારમાં વેચાય છે. આજ ક્ષારમાંથી ટર્ટારિક ઍસિડ કાઢવામાં આવે છે.

તે કાઢવાની રીત નીચે મુજબ છે. ક્રિમ ઑવ ટાર્ટરના દ્રવમાં 'ચૉક' મેળવી 'ન્યૂત્રલાઇજ' કરે છે, તેથી ટાર્ટ્રેટ ઑવ લાઇમ ઉત્પન્ન થાય છે. તેનું પૃથક:રણ સલ્ફ્યૂરિક ઍસિડથી કરતાં સલ્ફેટ ઑવ લાઇમ ઉત્પન્ન થાય છે ને ટર્ટારિક ઍસિડ જુદું પડે છે. તે ઍસિડને પાણીમાં પિગળાવી સ્ફટિકભવનથી શુદ્ધ કરે છે. એની ખટાસદાર રૂચી છે. એ દવાદારૂમાં પુશકળ વપરાય છે.

ટર્ન—દક્ષિણ ફ્રાન્સનો આ જંગલથી ભરપૂર ભાગ એજ નામની નદી કાંઠે છે. ક્ષેત્રફળ ૨,૨૧૭ ચૌરસ મૈલ છે. ૧૮૮૧ માં વસ્તી ૩,૫૯,૨૨૩ ની ને હાલમાં ૩૪૬૭૩૯ ની છે

ટર્ન—આ પક્ષી મુખ્યકરી બ્રિટનના દક્ષિણ કિનારા ઉપર તથા પશ્ચિમ એશિઆમાં, પશ્ચિમ આફ્રિકા, પૂર્વ ઉત્તર અમેરિકા, કાશ્મિર, તિબેટ અને દક્ષિણ સાઇબિરિઆ તરફ જણાય છે.

આ પક્ષીની ચાંચ તેના માથાં કરતા મ્હોટી હોઇ સરખી હોય છે. પાંખો લંબોચી અને રંગીન હોય છે. એના પગના આંગળાં બતક જેવાં હોય છે. આ પક્ષી જળચર પ્રાણી ઉપર નિર્વાહ કરે છે. ટર્ન ઘણુંકરી સિલોન તથા દક્ષિણ આફ્રિકામાં થંડીની રૂતુમાં પુશકળ જણાય છે. એઓ કદાચજ માળા બાંધે છે, આથી ઇંડા રેતીમાં મેળા તેને સેવે છે. તેઓ રાતની વખતે અને ચોમાસામાં કે શિયાળામાં માત્ર ઇંડા સેવવાને તેપર બેસે છે. તેઓ પોતાનાં બચ્ચાંઓની ભારે જતન લીયે છે.

ટરનર શેરૉન—આ જાણીતા તવારીખનવેશનો જન્મ ૧૭૬૮ માં ૨૪ મી સપટેમબરે લંડનમાં થયો હતો. મરણ ૧૮૪૭ માં ૧૩ મી ફેબ્રુવારી એ નિપજ્યું હતું. એ પ્રથમ સોલીસીટરનો ધંધો લંડનમાં ચલાવતો હતો પણ ૧૮૨૯ માં ધંધામાંથી ફારેગ થઇ એણે સાહિત્ય ઉપર લક્ષ આપવા માંડ્યું હતું. એણે રચેલાં ગ્રંથોમાં એંગલો સેકસન તવારીખ ઘણી જાણીતી છે (આ ગ્રંથ ૧૭૯૯ થી ૧૮૦૫ માં કટકે કટકે પ્રગટ કર્યો હતો); કારણુકે આ ગ્રંથ રચવા પાછળ એણે ૧૬ વર્ષ સુધી લાગટ મેહેનત લીધી હતી. ઉપલા ગ્રંથ શિવાય નૉરમન રાજ્યથી તે ૧૫૦૯ સુધીની તવારીખ ૧૮૧૪ માં લખી પ્રગટ કરી હતી. ૧૮૨૬ માં ૮ માં હેન્રિની તવારીખ પ્રગટ કરી, ઇંગલંડની તવારીખ સંબંધી બીજા અનેક ગ્રંથો રચી પ્રસિદ્ધ કર્યા હતાં.

ટરપેનટાઇન—આ અતિ ઉપયોગી તેલનાં વૃક્ષો યૂનાઇટેડસ્ટેટના મ્હોટા વિસ્તારમાં ફેલાયેલાં છે. મુખ્ય કરી ઉત્તર કેરોલીનામાં એનો ગંજાવર ઉદ્યોગ ચાલે છે. ફ્રાન્સમાં પણ એનો બોહોળો વેપાર ઉદ્યોગ ચાલુ છે.

ઍટલાંટિક માહાસાગરની દક્ષિણ તરફનાં જર્યાર્ડીઆના ટાપુમાંના જંગલોમાં એના વૃક્ષો ઉગે છે. ત્યાંના જંગલોમાં એના કારખાનાં યૂરપીયનોની માલેકી તળે સ્થાપન કરવામાં આવ્યાં છે. ટરપેનટાઇન મેળવવા આગમજ તેના ઝાડ આસપાસના ઘાસ અને સેહેજમાં બળી ઉઠે એવા છોડનો આગમથીજ પ્રથમ નાશ કરી તેલ મેળવવાનો આરંભ કરે છે. પ્રથમ એના ઝાડની છાલ હબશી બજુરો સરખી ઉખેડી કાઢી ઝાડનાં લાકડાપર

કોહવાળી વડે મ્હોટા ઘા પાડી બેા કરે છે. આ ઘા ૧ ફીટ ઉંડા અને અરધેા ફીટ પેાહળા પાડવામાં આવે છે. આ ખામણાંઓ તયાર થતાં તેમાંથી તરત ગુંદર ઝરવા માંડે છે અને તે ખામણેા ભરાતાં તેમાંથી થેાડેા થેાડેા ગુંદર કાઢી લેવામાં આવે છે. એ મુજબ દરરેાજ તેમાંથી ગુંદર કાઢી વાસણેામાં એકઠેા કરે છે, ને તે કારખાનામાં મેાકલે છે. ઝાડમાં ખામણેા કરવાથી એવાં ઝાડ જલ્દી નાશ પામે છે. આથી હાલમાં આ રસ તાડીના ઝાડને જે રીતે છેજી તાડી મેળવવામાં આવે છે તેમ એના ઝાડને થકેારાં પાડી તેને માટલાં બાંધી તેમાં રસ એકત્ર કરવાની રીત ચાલુ કરવામાં આવી છે.

આ ગુંદરમાં અરધે ભાગે ટરપેનટાઇન તેલ રહે છે, અને તે ગાળીને જૂદું પાડવામાં આવે છે. ગાળવાની રીત જોકે દારૂ બનાવવા જેવી છે પણ તે માટે બેહદ સંભાળ અને અનુભવીની જરૂર હેાય છે. લેાખંડના એક મ્હોટા વાસણમાં ગુંદરને ઉકાળવામાં આવે છે, અને તેમાં વારંવાર પાણી નાખવામાં આવે છે. ટરપેન ટાઇન વરાળ થઇને એક નળી વાટે પસાર-થઇ જાય છે, અને થંડા પાણીની નળીમાં જઇ ફરે છે; બાકી જે પદાર્થ તે વાસણમાં રહે છે તે બીજી નળી વાટે બાજુપરનાં પીપેામાં ખાલી કરવામાં આવે છે; આ પદાર્થને 'બીજોરા' કે 'રાળ' કહે છે. જેની કિંમત સારી ઉપજે છે. દરેક મજુરને ચેાક્સ ઝાડ વેંહેંચી આપવામાં આવે છે, ને તે ૩ દિવસમાં એ કામ પુરૂં કરી ૭ દિવસમાં રસ એકઠેા કરી મેાકલેા થાય છે. આ કામમાં આગ લાગવાનેા ભય હેાવાથી કારખાનાવાલાને ઉષ્ણુતા ઉત્પન્ન કરનાર પદાર્થોથી ઘણું સંભાળવું પડે છે.

ટર્બોટ—આ છમનાને મળતી ચપટાં માછલાંના વર્ગમાં સૈાથી કિમતી છે. એ બટ અથવા ચેાબટને નામે પણ ઓળખાય છે. એ માછલી કદે મ્હોટી હેાવાથી ૨૦ થી ૩૦ શેર વજનમાં ઉતરે છે.

ટરાક્સેકમ—આ વનસ્પતિ હિમાલય તરફ મળે છે. એ રેચક અને બલ્ય છે. એની બેતી દક્ષિણ ઇટલીમાં સારા પાયા ઉપર ચાલે છે. એની ઉપર ફુલેા આવવા પેહેલાં એનાં મૂળીયાં કાઢી લીયે છે. એનાં મૂળ-માંનેા રસ ઔષધિ ઉપચારમાં યેાજેલેા છે.

ટવર—વેાલગા અને ટવરટાસ નદીનાં સંગમ પાસેનેા રશિયન દેશ. એ મેાસ્કેાની ઉત્તર પશ્ચિમે ૧૦૦ મૈલ ઉપર છે. અતરે ૩, મેાજાં અને બીલા બનાવવાનાં કારખાનાં છે. ૧૮૯૦માં લેાક વસ્તી ૪૦૯૬૨ ની હતી. એની સરકારનું ક્ષેત્રફળ ૨૫૨૨૫ ચૌરસ મૈલ છે, તેમાં વસ્તી ૧૮૧૫૧૫૦ ની છે.

ટવિડિઆ—આ ફુલઝાડ 'હરબેસિઅસ' ની જાતમાંનું હેાઇ એની ઉપર ફિક્કાં બલુ રંગના ફુલેા આવે છે. એ સાધારણ જમીનમાં ઉગે છે, પણ એનાથી સખત તાપ સહન થતેા નથી. નવાં ઝાડ બિયામાંથી ઉગાડવાથી ૩ દિવસ આંતરે એને પાણી પાવું પડે છે.

ટસકની—આગળ એ પશ્ચિમ ઇટલીમાંના ગ્રેન્ડ-ડચીનું મુખ્ય મથક હતું. તે વેળા એનું ક્ષેત્રફળ ૯૨૯૧ ચૌરસ મૈલ હતું. ૧૮૬૦ માં વસ્તી ૧૮,૦૦,૦૦૦ ની ને ૧૮૯૦ માં ૨૨૭૪૧૬૧ ની હતી. એનેા ઉત્તર પૂર્વ ભાગ પાહાડી છે, પણ તેમાંથી અનેક નદીઓ વહેતી સમુદ્રને મળે છે.

ટસાંગ-ખા-ખા-આ તીબેટનેા જાણીતેા બુદ્ધિસ્ત ધર્મગુરૂનેા જન્મ ૧૪૧૭ માં તીબેટમાંના 'શિકીંગમાં' થયેા હતેા. એણે ધર્મગુરૂપદ મેળવતાં ધર્મગુરૂઓ પણ લગ્ન કરી શકે એવેા રેવાજ ચાલુ કર્યેા. એણે જ્યાં ત્યાં ધર્મબેાધ કરી પ્રજાને ઉત્સાહિ બનાવી હતી અને પિળેા ઝબેા પેહેરવાની પેહેલ પણ એણેજ કાઢી. ૧૪૭૮ માં એનું મરણ નિપજવા આગમજ એણે લામાઓમાં મ્હોટું માન મેળવી 'ભીંગ' શેહેનશાહની પણ ખાસ પ્રિતી સંપાદન કરી હતી. એણે મરણ સમયે પેાતાના બે વિદ્વાન ચેલાઓને પેાતાનાં હકકેા સેાંપી તેમને પેાતાની ગાદી ઉપર નેમ્યા હતા.

ટાઇપરાઇટર—હાથે લખવાનાં ફુન્નરમાં જો કેાઇપણ મેાહેાટેા ફેરફાર થયેા હેાય તેા તે આ અતિ ઝડપથી વલાણુદાર લખવાને બદલે ચેાકસ યંત્રની મદદવડે હાથની હિલચાલથી લખવાના યંત્રને ટાઇપરાઇટર કહે છે. આ યંત્રથી આજના વખતમાં લખવાનાં ફુન્નરમાં યાને કલાર્કનાં કામમાં ઉથલ પાથલ કરી મેળી તેને સેહેલું બનાવી દીધું છે. આજે દુનિયાંનાં સુધરેલાં ને વેપારમાં આગળ વધેલા સર્વ દેશેામાં આ ટાઇપરાઇટરેા જાહેર તથા ખાનગી મ્હોટાં તથા નાહનાં ખાતાંઓ અને ઉદ્યેાગનાં મકાનેામાં એક સાધારણ યંત્ર થઇ પડયું છે. આ સંચાથી ગમે તેવા કાગળેા અતિ ઝડપથી છાપી શકાય છે, અને તેમાં મુખ્ય બેઉ હાથનેા તથા ચંચળ નજરનેા ઉપયેાગ કરવેા પડે છે. આ યંત્ર અર્ધ ચંદ્રા-કાર તેા કેાઇ ચેારસ હેાય છે.

આ યંત્ર ઉપર ઇંગ્રેજી ભાષાનાં મેાહેાટાં (Capital) તેમજ નાહનાં દરેક અક્ષરેા ઉપરાંત પૌંડ, ડૉલર, અંક, વિરામચિન્હેા વગેરે જુમલે ૮૦ અક્ષરેા ગેાઠવેલાં હેાય છે. એના અર્ધ ચંદ્રાકાર ઉપર અને ચલાવનારની સેહેજ ડાબી બાજુએ ચમચાના આકારનેા એક હાથેા હેાય છે. આ હાથાનેા બીજો છેડેા એક બીજા ચક્કર સાથે જોડેલેા હેાય છે. જે અક્ષર આપણને છાપવેા હેાય તે અક્ષર ઉપર આ હાથેા ખસાડી લઇ જઇ મેલતાં તે હાથાનાં ફરવા સાથે સંચાના બરાબર વચ્ચેના ચક્કરેા પણ ફરે છે. છાપ-નાર પેાતાના ડાબા હાથ ઉપર છેક નાકે બાહેર નિકળી આવેલા બીજા હાથમાનેા જમણી તરફનેા એક નાહનેા હાથેા દાબે છે કે, તેજ વેળા કાગળ ઉપર પેલેા અક્ષર છપાય છે. જ્યારે અક્ષરેાની વચ્ચે ખાલી જગ્યા મુકવાની જરૂર જણાય છે ત્યારે નવેા અક્ષર છાપવાનું કામ શરૂ કર્યા પેહેલાં પેલા હાથાની પાસેનેા બીજો મેાહેાટેા હાથેા દાબે છે. વળી તેમાં એવી ગેાઠવણ હેાય છે કે જેવેા એક અક્ષર છપાય છે અને બીજો અક્ષર છાપવા શરૂ કર્યે કે બીજા અક્ષરનેા છાપ કાગળ ઉપર પડવા પેહેલાં પેાતાની મેળે સિધી લીટીમાં ડાબા હાથ તરફ ખસી જાય છે. કાગળ ઉપર એક લીટી છપાઇ રહેતાં તુરત ચંગ વાગે છે. આ વખતે છાપનાર ગમે તેા બીજા ૬ અક્ષરેા છાપી શકે છે, યાતેા પેાતાના જમણા હાથ ઉપર યંત્રનું બાહેર નિકળી આવેલું એક ધાતુનું બટન ફેરવે છે, કે કાગળ ઉંચે ચઢે છે, અને ફરી બીજી લીટી ઉપર મુજબ છાપી શકાય છે. એમાં શાહનું એક ટીપું લાંબેા વખત ચાલે છે. ટાઇપ જ્યારે શાહીથી ભરાઇ જાય છે ત્યારે એક નરમ બ્રશને આલકેાહેાલ યાને સ્પિરિતમાં બેાળી ટાઇપ સાફ કરવા. જ્યારે ટાઇપેા તદન ઘસાઇ જાય છે ત્યારે ટાઇપવાળું ચક્કર કાઢી નાખી બીજું બેસાડી શકાય છે. આ યંત્રની મદદથી દર મિનિટે ૪૦ થી ૧૦૦ શબ્દેા છાપી શકાય છે.

સિમ્પલેક્ષ ટાઇપરાઇટર યંત્ર દેખાવે સારૂં, કામમાં કુશળ અને સસ્તું મળે છે. આ યંત્ર બનાવટમાં સાદું હેાઇ તે ચાલુ ૮ ઇંચ જેટલી લાંબી લીટીનું લખાણ કરવાની શક્તિ ધરાવે છે. તે વજનમાં એક રતલ હેાઇ કદમાં એટલું નાહનું હેાય છે કે કેાટના બીસામાં મેળી શકાય છે. તેની ઉપર કેાઇબી રંગની શાહિથી લખાણ કરી શકાય છે, તેમજ તેને લાકડાના તખ્તા ઉપર જડી શકાય છે.

કૅલિગ્રાફ ટાઇપરાઇટર બીજા યંત્રેામાં ઘણુંજ શ્રેષ્ટ ગણવામાં આવે છે. ૧૮૮૯ નાં પારીસના પ્રદર્શણમાં તેને એની જાતનાં બીજા યંત્રેા વચ્ચે પેહેલેા દરજ્જો આપવામાં આવ્યેા હતેા, આ યંત્રની ખુબી એ છે કે તેની મજબુતી, ટકાઉપણું તથા સખત વપરાસ માટે તે ઘણુંજ જાણીતું થએલું છે. તેના અંગ ભાગેા થેાડાં હેાઇ તે ગુચવણથી નિરાળું છે. આ યંત્ર ૧,૨,૩ એવા ખાસ નંબરના બનાવવામાં આવે છે. તેઓમાં રિબન"ની કરામત દાખલ કરવામાં આવેલી હેાવાથી. તથા 'શીફ્ટ કી' (Shift key) જેવું

કાંઇ નહિ હોવાથી તેમાં તેને ચલાવવા માટે એક ખાસ બનાવટનું મોટું બેહું 'ફા બોર્ડ' હોવાથી તે વાપરવું સેહેલ હોય છે. તેની દરેક ચાવી (૦।) પા ઇંચ જેટલી દબાય છે અને તેને સેહેજ દાબતાં ઝટ કાગજ ઉપર અક્ષર પ્રગટી નિકળે છે. વળી એના માહેલા તથા બાહેરનાં ભાગો ખુલ્લાં હોવાથી તે ઝટ સાફ કરી શકાય છે. આ યંત્ર બીજા ટાઇપરાઇટરોની માફક ગોળ નહિ પણ સપાટ બેહું હોવાથી અક્ષરો ખુલ્લા અને લખાણ સરખું છપાય છે. તેના 'પેપર કેરેજ' ઘણી હલકીઅને સર્વે વાતે યંત્રને લાયકની અને સંપૂર્ણ બનાવેલી હોય છે. એમાંના ટાઇપબાર પોકળ ને મજબુત હોવાથી તે મજબુતાઈમાં હલકું હોય છે.

નેશનલ ટાઇપરાઇટર હલકું હોઈ વપરાસમાં સેહેલ ગણાય છે. આ યંત્ર વડે ધંધારોજગારના તથા ખાનગી કાગળ પત્રોનું લખાણ સેહેલાઈથી કરી શકાય છે. આ યંત્ર તમામ સ્ટીલનું બનાવવામાં આવે છે, અને તે ઝાઝું ઘોંઘાટ કરતું નથી. એનું ખાસ સ્ટેંડર્ડ ધોરણપર ગોઠવેલું 'ફા બોર્ડ' જેની ચાવીઓને ત્રણ હારોમાં ગોઠવેલી હોય છે, અને જે ચાવીઓનો ઉપયોગ કરતાં સેહેજમાં શીખી શકાય છે. આ ટાઇપરાઇટરથી જૂદા જૂદા ૮૧ હરફે અને બે યા તેથી વધુ રંગની શાહીથી લખી શકાય છે.

ટાઇપરાઇટર જૂદા જૂદા ધણીઓ તરફથી બનાવવામાં આવે છે. તેમાં હોલ, વર્લંડ, હેમન્ડ, રિમીંગટન, ધી વિકટર વગેરેની બનાવટનાં જાણીતાં છે.

ટાઇપરાઇટરની **શાહી** બનાવવા માટે પેટ્રોલિયમને ઉકળતાં પાણી ઉપર મેલીને પિગળાવવું અને તેમાં જેટલી મેસ આમેજ થઇ શકે તેટલી ઉમેરવી. આ મેળવણી બરાબર ઉકાળીયા પછી તેને ચુલા ઉપરથી ઉતારી થંડી પાડીને તેમાં પેટ્રોલિયમ, એનઝાઈન તથા ટરપેનટાઇનનું તેલ એમને એક સરખાં પ્રમાણમાં લઈને બનાવેલી મેળવણી થોડી થોડી નાખતા જઈને એક રસ કરવી, અને તુરતનાં બનાવેલા તેલના રંગના જેવી જાડી મેળવણી બનાવવી. આ શાહીને યંત્રની 'રિબન' ઉપર નરમ બ્રશ વડે ચોપડે છે.

ઉપલી શાહીને રંગીન બનાવવી હોય તો તે જાતનો તેમાં એનિલાઇન રંગ વાપરવો. ૦।। ઔંસ એનિલાઇન બ્લેક ને ૧૫ ઔંસ આલકોહોલમાં પિગળાવીને તેમાં ૧૫ ઔંસ ગલિસરાઇન ઉમેરીયાથી કાળી શાહી બનાવી શકાય છે.

ટોંક—દેરા ઇસમાઇલખાન જીલ્લાનું તેહેસીલ. આ તેહેસીલ–જીલ્લાનો ઉત્તર પશ્ચિમ ભાગ રોકે છે અને તે સુલેમાન પર્વતની તળેટીમાં છે. આગળ આ તેહેસીલ એક સ્વતંત્ર નવાબના તાબામાં હતું. એનું ક્ષેત્રફળ ૫૬૮ ચૌરસ મૈલ હોઇ તેમાં ૭૮ ગામડાં છે. લોક વસ્તી ૩૫૫૧૬ ની છે. વસ્તીમાં ૩૨૯૭૬ મોહમેદન, ૨૨૫૯ હિંદુ, ૨૮૦ શિખ છે. મુખ્ય પાક ઘઉં, ચોખા, ૩ વગેરેનો થાય છે.

મુખ્ય શેહેર ટોંક દેરા ઇસમાઇલખાનની પશ્ચિમે ૪૦ મૈલ ઉપર છે. તેમાં વસ્તી ૨૩૬૪ ની હોઈ વસ્તીમાં ૧૮૯૮ મોહમેદન અને ૩૮૩ હિંદુઓ વસે છે. શેહેર આસપાસ ૧૨ ફીટ ઉંચાઈનો મટોડીનો કોટ છે. આ કોટ ૭ ફીટ પોહળો હોઇ તેને ૩ દરવાજા છે. અત્રેનો કિલ્લો હાલમાં તદન પડત હાલતમાં છે. આ કિલ્લાની દેવાલ લગભગ ૪૦ ફીટ ઉંચી છે. ગામમાં ૧૫ મસજીદ, કચેરી, નવાબની કચેરી તથા મેહેલો, દવાખાનું, અને નિશાળ મુખ્ય ઇમારત છે. અત્રેનું પાણી તંદરોસ્તી બગાડનારૂં છે. મુખ્ય આયાત વેપાર ઘી, ઇમારતી લાકડાં અને લોઢાનો ચાલે છે.

ટાકસિલા—(જુઓ તક્ષશિલા.)

ટાંકળો—એના છોડના બિયાંમાંથી 'રેઝીન' જેવો પદાર્થ નિકળે છે. તેનો રંગ પિળો હોઇ તે વડે વસ્ત્ર રંગી શકાય છે. આ રંગ ઉકાળેલા તેલમાં હોય છે. આ ટાંકળાનો ઉપયોગ ઔષધી ઉપચારમાં જણાવેલો છે.

ટાંકા—મુખ્યકરી જખમ સાંધવા માટે રેશમી દોરી, રૂપાનો અથવા લોઢાનો તાર, સણનો દોરો યા ધોડાનાં બાલ વડે ટાંકા મારવામાં આવે છે. હાલમાં જખમ ઉપર ટાંકા મારવા માટે ખાસ સાંચો બનાવવામાં આવ્યો છે, જે વડે જખમ સેહેજમાં જોડી શકાય છે. (જુઓ જખમ)

ટાકી—અથવા અશરૂર, ઇ. સ. ૬૩૭ માં એ પંજાબનું રાજ્યધાની હતું. લાહોર તથા પીંડી, ભાટીઆનની વચમાંના ધોરી માર્ગની દક્ષિણે બે મૈલ ઉપર છે. હાલમાં અત્રે માત્ર ૫૦ મકાનો છે. ત્યાંના વતનીઓના જણાવવા મુજબ એ અગાઉ 'ઉદ' અથવા 'ઉદનગર' કહેવાતું હતું. પણ આ નામ સદીઓ થઇ ભૂસાઈ ગયું છે. તે પછી અકબરશાહનાં વખતમાં 'ઉગરશાહે' અત્રે એક મસજીદ બાંધી હતી. અત્રે હાલમાં જુની ઇમારતોનાં ખંડીયરો જણાય છે. અત્રે કનિંગહામને ૧૮ ઇંચ લાંબી અને ૧૮ ઇંચ પોહળી અનેક ઈંટો મળી હતી. અત્રે વળી ઈંડોસિથિયન રાજયમાંના નાણાં મળે છે. તે ઉપરથી આ શેહેર ઘણું પ્રાચીન હશે. ૭ મી સદીમાં અત્રે બૌધ્ધ ધર્મ કરતાં વૈદિક ધર્મનું ઘણું પ્રાબલ્ય હતું.

ટાંચણી—પંદરમી સદી આગમન હાથીદાંત, લાકડાં તથા ચાંદી વગેરે ધાતુની ટાંચણી બનાવવામાં આવતી હતી, પણ હાલમાં વપરાતી ટાંચણી ૧૫ મી સદીમાં પ્રથમ બનાવવામાં આવી હતી.

દુનિયામાં આ ચીજ આજે બોહોળા વપરાસમાં આવે છે, અને તે ઘણીજ સસ્તી મળતી હોવાથી તેનો ભારેખપ થાય છે. આ અતિ ઝીણી ચીજને બનાવવા માટે તેને સંખ્યાબંધ હાથોમાંથી પસાર થવું પડે છે, અને સંખ્યાબંધ હાથે ફરવા છતાં તે યંત્ર વડે એટલી તો ઝડપથી તૈયાર કરવામાં આવે છે કે તેને બનતી જોનારાને અજાયબી પમાડે છે.

'ટાંચણી બનાવવાનાં યંત્રને મથાળે પિત્તળના તારની એક વિંટ ગોઠવવામાં આવે છે, જેનો એક છેડો યંત્ર મધેનાં બે રોલરો વચ્ચે દાખલ કરવાથી યંત્ર ચાલતાં પેલી વિંટમાંનો તાર છુટો થતો તથા દબાઇને સીધો થતો જાય છે. રોલરો વચ્ચેથી છુટો થવા પછી એ તાર બે 'ડાઇ' ની વચ્ચે જાય છે, જ્યાં એક 'ગેજ' થાને માપનારૂં ઓજાર ગોઠવેલું હોય છે, જેનાથી માપાઇને તેની એક સરખી કકડીઓ નિકળે છે. તે 'ગેજ' તે પછી ખસી જાય છે. તારના એક છેડાને ઠોકીને તેનું માથું બનાવવામાં આવે છે. એટલું થતાંજ 'ડાઇ' છુટી પડે છે અને પેલી તારની કકડી સ્ટીલનાં એક ચક્ર ઉપરની એક ખાંચમાં જઇ પડે છે. એ વેળા ટાંચણીને અણી હોતી નથી, પણ પેલું ચક્ર ફરે છે તેમ પેલી કકડીઓ બહારનાં એક પટા સાથે ઘસડાય છે તથા ઝડપથી ફરતી કાનસો વચેથી પસાર થાય છે, અને એ રીતે આ કકડીઓ ઘસાઇને અણીયાળી બને છે. જોકે આ અણી તે વેળા ઘણી તિક્ષ્ણ હોતી નથી. આથી તે પછી તેમને 'ગ્રાઇન્ડીંગ' ચક્રો ઉપર લઇ જવામાં આવે છે, જ્યાં તેમની અણી સાફ થાય છે, અને જાંથી તેઓ ઝડપથી ફરતા ચામડાનાં એક પટાના સમાગમમાં આવે છે કે, જેની ઉપર બારીક એમરી લગાડેલી હોય છે. આ પટા ઉપર ઘસાયાથી ટાંચણીઓ સેવટની પૉલીશ થાય છે.'

'પટા ઉપરથી નિકળીને ટાંચણીઓ યંત્રની નિચે ગોઠવેલા એક બૉક્ષમાં પડે છે. બાદ તેમને સફેદ ચળકતી બનાવવા માટે કલ્લાઇનું પડ આપવામાં આવે છે. એ માટે તેમને પેહેલાં 'સલ્ફ્યુરિક ઍસિડ' નાં 'ટાર્ટરના' નરમ 'સોલ્યુશન' માં બોળવામાં આવે છે કે જેથી તેઓ ઉપરથી સર્વ ચિકાસ દૂર થાય છે. એ ઍસિડનાં પાણીમાંથી કાઢયા પછી તેમનો એક જથ્થો ને જથ્થો લાકડાનાં વેહેરની સાથે એક ગોળ પીપ (જેને 'ટમ્બલીંગ બૅરલ' કહે છે) માં નાખવામાં આવે છે. આ પીપને વચમાંથી એક

સલંગ 'શાફ્ટ' આપીને ઉંચે લટકતું રાખેલું હોય છે, અને તેનો સંબંધ ખુદ યંત્રની સાથે રાખેલો હોય છે, જેથી યંત્ર ચલાવતાં એ પીપખી ગબડવા માંડે છે. એ ત્રણ કલાક એ રીતે તે ગબડવાથી માહેલી ટાંચણીઓ ઘસાઇને સાફ અને સુકી બને છે, તથા તેમાં જરા લગાર કાંઇ ખરબચડાપણું રહી ગયલું હોય છે, તો તેથી નિકળી જાય છે.'

'તે પછી પેલા પીપ મધેથી ટાંચણીઓને વેહર સુધાં ધીમે ધીમે ખાલી કરવામાં આવે છે અને તેજ વેળા તેમની ઉપર હવાનો સપાટો ચાલુ કરવામાં આવે છે. વેહેર હલકો હોવાથી પ્રુંફાઇને એક બાંક્ષમાં જઇ પડે છે અને તેની સાથની ટાંચણીઓ નિચે એક થાલકામાં પડે છે. તે પછી તેમને કલ્લાઇનું પડ ચઢાવવાની ક્રિયા થાય છે, જે માટે એ પૅાલિશ કરેલી ટાંચણીઓને મોટાં થાલકાઓમાં પાંથરી દેવામાં આવે છે, કે જે થાલકાંઓનાં તળિયામાં જસતનું પત્રું આપેલું હોય છે અને જેમનો સંબંધ વિજળિક બૅટરિના એક તાર સાથે રાખેલો હોય છે. બાદ એ થાલકાંઓને ટાંકી જેવા એક મોહોટાં વાસણમાં મુકવામાં આવે છે. આ ટાંકીમાં 'મ્યુરીયાટિક ઍસિડ' અને કલ્લાઇનું સોલ્યુશન ભરેલું હોય છે. થાલકાંને એ ટાંકીમાં મેળવ્યા પછી પેલી બૅટરીનો બીજો તાર ઉપલાં સોલ્યુશનમાં દાખલ કરીને 'વિજળિક પ્રવાહ ચાલુ કરવામાં આવે છે, એટલે સેહેજ વારમાં દરેક ટાંચણી ઉપર સંપૂર્ણ રીતે કલ્લાઇનું પડ ચઢી રહે છે.

ટાંચણીઓને ઢોળ ચઢાવવાની ઉપલી રીત આજે ઇંગલંડ તથા અમેરિકામાં સાધારણ થઇ પડી છે; પણ અગાઉ જ્યારે 'ઇલૅક્ટ્રોપ્લેટ'ની ક્રિયા કોઇની જાણમાંથી નહિ હતી, ત્યારે તેમને ફકત ક્રિમ ઑવ ટાર્ટર' અને કલાઇનાં કકડાઓની સાથે ચુહલાપર મેળીને ઉકાળવામાં આવતી અને જ્યાંસુધી ટાંચણીઓ ઉપર બરાબર કલાઇનું પડ ચઢે ત્યાંસુધી પેલી મેળવણીને ઉકાળવી ચાલુ રાખવામાં આવતી. યુરોપનાં કેટલાક ભાગોમાં આજેપણ એ રીત ચાલુ છે.

ઉપલી રીતે ટાંચણીને ઢોળ ચઢાવ્યા બાદ તેમને પાણીની ટાંકીમાં નાખીને ધોઇ કાઢવામાં આવે છે; તથા સુકવવા માટે પાછી પેહેલાંની માફક પીપમાં વેહેરની સાથે ગબડાવવામાં આવે છે; પણ આ વેળા ગરમ વેહેર વાપરવામાં આવે છે. બરાબર સુકાયા પછી તેમને પીપમાંથી કાઢીને તેઓ ઉપરનો વેહેર ઝટકી કાઢવા બાદ તેમને ત્રાંબાના બખ્તરવાળાં અને ધીમેથી ફરતા એક ટબમાં નાખવામાં આવે છે, જ્યાં તેઓ ટબનાં ફરવાથી કરીને અકેક સાથે તેમજ ટબનાં તળીયાં સાથે ઘસાઇને સાફ ચળકતી બને છે. અગાઉ સઘળી નાહની મ્હોટી ટાંચણીઓને એ રીતે સાફ કરયા પછી તેમને તેમનાં કદ અને લંબાઇ મુજબ છુટી પાડવામાં આવતી; પણ તે રેવાજ હવે નિકળી ગયો છે, કેમકે પેહેલેથીજ જૂદાં જૂદાં કદની ટાંચણીઓ છુટી રાખવાથી મેહેનત તથા વખતનો બચાવ થાય છે.

ઉપર જણાવ્યા મુજબ સેવટની પૅાલિશ થયા પછી ટાંચણીઓને કાગળમાં ખોસવાની ક્રિયા શરૂ થાય છે. અગાઉ એ કામ કામદારોને હાથે થતું હતું; પણ હવે તે યંત્રમાંજ થાય છે. યંત્ર 'સ્ટીકરને' નામે ઓળખાય છે. તેમાં ફકત ઉપલા ભાગમાંથી ટાંચણીઓને માંહે નાખ્યાથી તેઓ એક વાંકદાર તખ્તા ઉપર જઇ પડે છે, તથા એ તખ્તા ઉપરથી ફાટમાં માથેથી ટીંગાઇ જાય છે અને ઉપરથી લગાર દબાણ થતાં તેઓ સઘળી એક સરખી કાગજમાં પરોવાઈ નિકળે છે, આ કામ એવું સફાઇથી અને નિયમિત રીતે થાય છે કે કાગળના ઉપલાથી નિચલા છેડા સુધી ટાંચણીઓ એક સરખી હારમાં પરોવાઇ જાય છે. આ યંત્ર (Sticker) તેની રચનામાં એટલું નાજુક રહે છે કે જો એકખી ટાંચણી લગાર પણ વાંકી કે

શહેર અમદાવાદ
નડીઆદ. મુ. વસોમાં

આમીવાળી હોયછે, તો આખું યંત્ર કામ કરતું બંધ પડી પડી જાય છે; જ્યાંસુધી કે કોઇ તેમાંની કસૂર દૂર કરે. આટલી ચોકસાઇથી કામ કર્યા જતાં તે યંત્ર એટલું ઝડપથી કામ કરે છે કે એક કલાકમાં ૮૦ થી ૯૦ હજાર ટાંચણી કાગળમાં ખોસી આપે છે. આ મુજબ તૈયાર થઇને નિકળતાં લાંબાને લાંબા ખોસેલા કાગળોના એક સરખી લંબાઇનાં કકડા પાછળથી સ્ત્રી કામદારો ઝડપથી કાપી કાઢે છે, તથા તેઓજ તેમની ઘડી કરીને તથા કાગળમાં પેક કરીને તેમનાં બંડલો બનાવે છે. આ મુજબ ટાંચણી વેપાર માટે તૈયાર થાય છે.

ટાપીર—આ પ્રાણી અમેરિકામાં, તેમાં મુખ્યકરી દક્ષિણ અમેરિકામાં તથા માગેલાન તરફ અને પનામાની નેહેર તરફ ઘણું જણીતું છે. તેમજ ટાપીર સુમાત્રા તરફ પણ કવચિત જણાય છે. આ પ્રાણી કાળા ભૂરા રંગનું હોઈ તેના બદન ઉપર ઝાંખી પિળી છાંટ હોય છે. આ પ્રાણી જંગલમાં નદી યા સરોવરમાં ઘણું ખરૂં પડી રહે છે. એનો ખોરાક ઝાડના મૂળીયાં, ફળફળાદી અને ભાજીપાલો છે, પણ તે ઉપરાંત માર્ગમાં જેખી કાંઈ પદાર્થ મળે છે તે પણ ખાવા આ પ્રાણી ચુકતું નથી. કેટલીક વેળા એની ઓઝરીમાંથી લાકડાના કટકા, ચૂનાનાં ચોસલા તથા પથ્થરા વગીક મળી આવ્યા છે. આ પ્રાણી બળવાન હોય છે પણ તે લઢતાં પોતાના માથાનો ઉપયોગ ઘણાજ જૂસ્સા સાથે કરે છે. આ પ્રાણીને પાળ્યું હોય તો તે પાળવા લાયક ગરીબ બને છે, પણ તેના મોહોટા કદને લીધે તે અગવડ ભર્યું પ્રાણી થઇ પડે છે. એનું ચામડું ઘણા ઉપયોગમાં આવે છે; તેમજ એનું માંસ સુકું, થંડું હોવાથી તે ખાવામાં પણ લેવાય છે.

ટાપીરમાં હોટ અને નાક આગળ ૬ ઇંચ લાંબી નાહની જેવી સુંઢ હોય છે. એના આગલા પગને ચચાર અને પાછલાને ત્રણ ત્રણ આંગળાં હોય છે, કે જે સઘળાંની ઉપર ગોળ અણીદાર ખરીનું પડ હોય છે. 'જેનેટ' નામનો પ્રાણી શાસ્ત્રી જણાવે છે કે "આ પ્રાણી દર્યાઇ ઘોડાને મળતું છે. બાહેરના બાંધામાં તે દુક્કર જેવું દેખાય છે. અમેરિકન ટાપીર ૬ ફીટ ઉંચું હોઇ તેને ઘોડાની પેઠે પાતળા અને કાળા બાલની યાળ હોય છે. તેના કાનની ઉપરની કોર તથા ખરીનાં સાંધાની ઉપરનો ભાગ ધણોજ સુંદર સફેદ રંગનો હોય છે, એની ચામડી ઘણી જાડી હોય છે. એનાં પગ જાડા પણ પુષ્કળ ઘણું મોહોટું હોતું નથી. આ પ્રાણી દક્ષિણ અમેરિકાનાં ગિચ્ચ અરણ્યમાં અથવા નદી આસપાસની સરદ જમીન ઉપર ભટકે છે. ટાપીર મુખ્યકરી દિસે પાણી યા કાદવમાં પડી રહી રાત્રે ખોરાકની શોધમાં નિકળે છે. 'સાઇન' તરફનાં લોકો એને પાળે છે પણ તે ઘણું જોરાવર હોવાથી એને સાંકળે બાંધે છે. મલાયન ટાપીર અમેરિકન ટાપીર કરતાં કદે મોહોટું અને સફેદ ભૂરા રંગનું હોય છે.

ટામેટાં—હિંદમાં એને કેટલાક લોકો વેલાતી વેંગણા કહે છે. ફિલાડેલફીયાર ન્યાંડ્રેથ, કંપનીના પ્રગટ કરેલા એક બીજ વિશેનાં પુસ્તકમાં ટામેટાની ૩ જાતના જૂદા જૂદા નામો દર્શાવેલાં છે, પણ તેની આવૃતિમાં ઝાઝો ફરક નથી.

એને રોપવા માટે સપટેંબર મહિનામાં છાણનું ખાતર દરેક ચિંધે ૨૦ મણ પ્રમાણે આપી અકતોંબર મહિનામાં જમીન તૈયાર કરે છે; તે પછી એજ માસમાં અંદર બીજ રોપી, તેના તરૂ કરીને નવેંબરમાં કયારીમાં બે હાથના અંતરે તરૂ રોપે છે. આસપાસ જે ઘાસ ઉગે છે તે આગળ હરકત ભર્યું થઇ પડતું હોવાથી તે કાપી કાઢે છે. એનો વેલો વધવા માંડતાં તેને માંડવા ઉપર ચઢાવે છે.

ટાયર—(જુઓ તાયર)

ટાયરોન—ઉલ્સટરનું એક પ્રગણું. એ ૪૮ મૈલ લાંબું અને ૨૮ મૈલ પોહોળું હોઇ તેનું ક્ષેત્રફળ ૮,૦૬,૬૫૮ એકર છે. અત્રેનાં પર્વતોમાં શેગાલ નામે સહુથી ઉંચો પર્વત

'૨૨૩૬' ફીટ ઉંચો છે. અત્રે લીનન, જાડું ગરમ કાપડ, વિરકી અને સાબુ બનાવવાના અનેક કારખાનાઓ છે. ૧૮૪૧ માં વસ્તી ૩૧૩૦૧૧ ની, ૧૮૮૧ માં ૧,૯૭,૭૧૯ ની અને ૧૮૯૧ માં ૧૭૧૨૭૮ ની હતી. તેમાં ૯૩૫૬૯ 'કેથોલિક, ૩૮૯૦૯ પ્રેસબેટેરિયનો હતા.

ટાયરોલ—આસ્ટ્રિયન શેહેનશાહનું આ શેહેનશાહી દેશ, બવેરિયા અને સ્વિતઝરલેંડ, સ્લેઝબર્ગ અને કેરિંથીયાની વચમાં છે. એનું ક્ષેત્રફળ ૧૦૩૦૨ ચૌરસ મૈલ છે. આ પ્રાંતમાંથી પૂર્વથી પશ્ચિમ સુધી આલ્પસ પર્વતની ૩ હારો ફરી વળેલી છે. ૧૮૯૭ માં વસ્તી ૮,૧૨,૬૯૬ ની હતી; તેમાં ૬૦ ટકા જર્મન, ૪૦ ટકા ઈટાલ્યનો વસે છે. અત્રેની પ્રજા કેથોલિક મથી છે, અને તેઓ કેળવણીમાં ઘણાં પછાત છે. આ દેશમાં ૪ળ ફળાદી પુશકળ ઉગે છે. અત્રે રની મીલેનો તથા ખાણો ખોદવાનો ઉદ્યોગ બોહોળા પાયા ઉપર ચાલે છે.

ટાયલોર ટોમ—આ જાણીતા નાટક લખનાર તથા ચોપાનીયા પ્રગટ કરનારનો જન્મ ૧૮૧૭માં સેંડરલેંડમાં થયો હતો. ૧૮૩૧માં એણે ગલાસગો યુનિવ્હરસિટીમાં દાખલ થઈ ત્યાંથી ૧૮૩૭માં ટ્રિનિટી કોલેજ, કેમબ્રિજમાં દાખલ થઈ ત્યાંથી ૧૮૪૦માં ગ્રેજ્યુએટ થઈ ફેલોશિપ મેળવી હતી. બે વર્ષ સુધી લંડન યુનિવ્હરસિટી કોલેજમાં ઇંગ્લીશ ભાષા અને સાહિત્યના પ્રોફેસર તરીકે હતો. ૧૮૪૫માં ઇન્ટર ટેલંબલની કોર્ટમાં કાયદા શાસ્ત્રી તરીકે કામ ચલાવવા લાગો પણ તે પછી ઉત્તર તરફ મુસાફરી કરી ૧૮૫૦થી ૧૮૭૨ સુધી 'બોર્ડ ઑવ હેલ્થ' નો એસિસ્ટંટ સેક્રેટરી તરીકે નેમાયો હતો. ૧૭૪૬ પછી એણે સંખ્યાબંધ નાટકો તથા વાર્તાઓ રચી પ્રસિદ્ધ કરી હતી. એનું મરણ ૧૮૮૦ માં ૧૨ મી જુલાઇએ નિપજ્યું હતું.

ટાયલોર સર હેન્રિ—આ જાણીતા કવિનો જન્મ ડરહેમમાંના બિશપ મિડલહેમમાં ૧૮ ઑકટોબર ૧૮૦૦ માં થયો હતો. ૧૪ વર્ષની વયે એ દર્બાઇ લશકરમાં જોડાયો પણ ત્યાંનું કંટાલા ભર્યું કામ ૯ માસ પછી છોડી કલાર્ક તરીકેની નોકરીમાં જોડાયો, ને ત્યાં ૪ વર્ષ ગુજારી તે પછી બારબાડોસમાં બોડા માસ રહી ત્યાંથી પોતાના પિતાને ઘેર 'વિટોનહૉલ' માં આની બે વર્ષ સુધી અભ્યાસ કરવામાં વખત ગુજર્યો અને તે પછી 'કવાર્ટર્લી' માં લખાણ કરવા માંડી ૧૮૨૩ માં લંડન જઈ ડૉ૦ હૉલંડ (પાછળથી સર હેન્રિ) ની ભલામણથી જનરલની ઓફીસમાં નોકરી મેળવી. ત્યાં એણે ૪૮ વર્ષ સુધી લાંબી નોકરી બજાવી, તે દરમ્યાન ૨૬ સેક્રેટરી ઑવ સ્ટેટ થઇ ગયા હતા, ત્યાંથી એ ૧૮૭૨ માં નોકરી છોડી એકાંત વાસમાં રહ્યો. ૧૮૪૭ માં એણે સેક્રેટરીના હાથતળે માનવંત ઓધો મેળવ્યો હતો અને ૧૮૬૯ માં એને કે. સી. એમ. જી. નો ખેતાબ લાંબી નોકરી તથા વિદ્વત્તા માટે આપવામાં આવ્યા ઉપરાંત ૧૮૬૨ માં ઓકસફર્ડ તરફથી ડી. સી. એલ. નો ખેતાબ બક્ષવામાં આવ્યો હતો. એણે પોતાના છેલ્લા દિવસો બર્નમૌથ ખાતે ૧૮૮૬ નાં ૨૭ મી માર્ચ વેર સુખશાંતીમાં ગુજર્યા હતા. એણે ૪ કરણા રસિક નાટકો સેક્સપિયરના ઢબ ઉપર રચ્યાં હતાં. ૧૮૨૭ માં Isaac Comnenus, ૧૮૩૪ માં Thilip van Artevelde, ૧૮૪૫ માં Edwin The fair અને ૧૮૬૨ માં St clement's Eve તેમજ વિરરસ અને હાસ્યરસ નાટક વર્જીન ઉઈડો નામે રચ્યો હતો. ૧૮૪૫—૪૭ માં એણે કવિતાનાં જૂદા જૂદા ગ્રંથો લખી પ્રગટ કર્યાં હતા. ૧૮૩૬ માં 'ધી સ્ટેટસમૅન' નામે ગદ્યમાં ગ્રંથ લખી પ્રગટ કર્યો હતો, અને ૧૮૮૫ માં બે દફતરોમાં સ્વચરિત્ર વર્ણન નિરૂપણ પ્રગટ કર્યું હતું.

ટાર્પીડો—(જુઓ તાર્પીડો)

ટાર્પીડો—આ વિજળિક શક્તિ ધરાવનાર માછલી ઇંગલંડના દક્ષિણ કાંઠા ઉપર અને ભૂમધ્યસમુદ્ર તથા આટલાંટિક મહાસાગરમાં

પુશકળ જણાય છે. અસલના વખતમાં આ માછલી માથાનું દર્દ મટાડવાના ઉપાય તરીકે ઉપયોગમાં લેવાતી હતી. આ માછલી વિજળી ઉત્પન્ન કરે છે. તે પોતાની પાતળી ચામડીવાલી કેટલીક નળીઓમાં શક્તિ ધરાવે છે. તે મધપૂડાનાં છિદ્રોની પેઠે એક એકની બહુજ થડમાં હોય છે. આ છિદ્રોમાં ચીકણો પ્રવાહી ભરેલો હોય છે અને પુશકળ જ્ઞાનતંતુઓ હોય છે.

આ માછલીને અડકવાથી વિજળિક આંચકો લાગવા ઉપરાંત, જે ભાગ ઉપર તેની વિજળિક અસર થાય છે તે ભાગ જુડો પડી જાય છે. આ કારણથી એને તાણ ઉત્પન્ન કરનારૂં માછલું કહે છે. ટાર્પીડો પોતાનો શેકાર ઝાલવા માટે પોતાનાં વિજળિક યંત્રનો ઉપયોગ કરે છે, કેમકે બીજા માછલાં, છીપમાં રેહનારાં માંસરૂપી પ્રાણી, વગેરેનો એ આહાર કરે છે.

ટારાગોના—આ સ્પેનિશ બંદર શેહેર મેડિટરેનિયન પ્રાંતનું મુખ્ય શેહેર છે. અતરે રેસમ, જુટ વગેરેનાં કાપડ વણવાનાં કારખાનાં છે. તેમજ લેસ તથા ટોપી બનાવવાનાં પણ કારખાનાં છે. લોકવસ્તી ૨૬,૯૫૨ ની છે. એના પ્રાંતની વસ્તી ૩,૪૮,૫૭૯ ની ને તેનું ક્ષેત્રફળ ૨,૪૫૧ ચૌરસ મૈલ છે.

ટારિડા—દક્ષિણ રશિયાનો એક ભાગ, એની દક્ષિણ પૂર્વે અને દક્ષિણ પશ્ચિમે એઝો વચ્ચે કાળો સમુદ્ર છે. એના દક્ષિણ ભાગમાં ક્રાઇમિયા છે. ક્ષેત્રફળ ૨૪,૫૪૯ ચૌરસ મૈલ છે. વસ્તી ૧૧,૬૭,૬૦૦ ની છે.

ટાલબોટ વિલ્યમ હેન્રિ ફોક્સ—ફોટોગ્રાફીની વિદ્યામાં શોધખોળ કરનાર વિદ્વાનનો જન્મ ચિપેનહેમ નજદીક લેકોકએબીમાં ૧૧ ફેબ્રુવારી ૧૮૦૦ માં થયો હતો. એણે હેરો તથા ટ્રિનિટી કૉલેજ, કેમબ્રિજમાં ગ્રેજ્યુએટ થઈ ૧૨ માં 'રેંગલર' તરીકે પસાર થઇ 'ચેનસેલર્સ મેડલ' ૧૮૨૧ માં મેળવ્યો હતો. પ્રથમ એ ચિપેનહેમ તરફથી પાર્લમેંટમાં સભાસદ તરીકે દાખલ થયો, પણ એનો શોખ વિદ્યા દ્વારા તરફ વિશેષ હોવાથી રાજદ્વારી જંજાલથી દૂર રહ્યો હતો. ૧૮૪૨ માં એણે ફોટોગ્રાફીમાં કરેલા વધારા સુધારા ભરી શોધ માટે 'રૉયલ સોસાયટી' તરફથી ચાંદ મલ્યો હતો. એનું મરણ ૧૮૭૭ માં ૧૭ મી સપ્ટેંમ્બરે નિપજ્યું હતું. એના રચેલાં નીચલાં પુસ્તકો ઘણાં જાણીતાં છે. Pencil Nature ૧૮૪૬ માં, Hermes, or classical and Antiquarian Researches (૧૮૩૮-૩૯) Legendary Tales ૧૮૩૦, Antiquity or the Book & genesis ૧૮૩૯ માં પ્રગટ કર્યું હતું.

ટાલેગા—ટર્કીને મળતું આ એક પક્ષી આસ્ટ્રેલિયામાં મ્હોટાં કદનાં જણાય છે. એનાં પીછાં કાળા ભૂરા, માંથુ ને ગળું ઘેરાસદાર લાલ, હોય છે. આ પક્ષી ન્યૂસૌથવેલ્સના અતિ ગિચ્ચ ઝાડીમાં જણાય છે. ટાલેગા ઝાડની નીચી ડાંખળીઓ ઉપર લટકી ઝાડની છેક ટોચ સુધી પણ ચઢી શકે છે. એ જંગલી કુતરાના સકંજામાં આવતાં ઝડપથી ઝાડ ઉપર આશ્રો લીયે છે.

ટાલેગા ટોળાબંધ ફરે છે અને સર્વે પોતાનાં માળા એકજ જગે બાંધે છે. માળા બાંધવા નર માદાને મદદ કરે છે. એ પોતાના ઇંડા જૂદા જૂદા મેળે છે, જે સૂર્યની ગર્માથી સેવાયછે. એનું માંસ અત્યંત સ્વાદિષ્ટ ગણાય છે અને ઇંડા પણ આહારમાં ઉપયોગી છે.

ટાલેમી ફિલાડેલ્ફસ—આ ઇજીપ્તનો રાજા ૪૦ સ૦ પૂર્વે ૩૦૦ માં થઇ ગયો. એ વિદ્યા દ્વારને ઉત્તેજન આપનારો હતો. વિદ્વાન લોકોને એના રાજ્યમાં સારો આશ્રય મલતો હતો. વેપારની સગવડ માટે એણે લાલ સમુદ્ર કાંઠે ખાસ એક શેહેર બંધાવ્યું અને ધર્મશાસ્ત્રનું ગ્રીક ભાષામાં ભાષાંતર કરાવ્યું હતું.

ટાલિરંડ—આ ફ્રેન્ચ રાજ્ય કારસ્તાની પુરૂષનો જન્મ ૪૦ સ૦ ૧૭૫૪ માં થયો હતો. નાહનપણમાં ઉંચાઇએથી પછડાઇ પડતાં એ લંગડો થયો હતો, આથી એને ધર્મશાસ્ત્રનો

અભ્યાસ કરાવ્યો હતો. ફ્રેન્ચરાજ્ય ક્રાંતિના સમયમાં એ જાહેરમાં આવ્યો, તે વખતે એને ઇંગલીશ દરબારમાં ફ્રેન્ચો તરફથી મોકલવામાં આવ્યો હતો. ડાયરેક્ટરોના અમલ વેળા એ પરદેશનો મુખ્ય પ્રધાન હતો. નેપોલ્યન દેશ્પ્તથી આવતાં એણે તેનો પક્ષ સ્વિકાર્યો હતો, કારણકે એણે નેપોલ્યનની ચઢતી જોઇ તેના પક્ષમાં રહેવું સલામતી ભર્યું દીઠું હતું, પણ થોડા સમય પછી નેપોલ્યન વચ્ચે ખટખટ થતાં એને પ્રધાનપદ છોડવું પડ્યું હતું. ૧૮૧૫ માં ૧૮ મો લુઇ ગાદીએ બેસતાં એને ફરીથી પરદેશ સંબંધી પ્રધાન પદ મલ્યું. એ સદા લોકોપયોગી કામો કરવામાં આગેવાની લેતો હતો. મરણ ૧૮૩૮ માં નિપજ્યું હતું.

ટીગનમૌથ—ડેવનનું આ બંદર શેહેર એક્ષ-ટરની દક્ષિણે રેલ માર્ગે ૧૫ મૈલ ઉપર છે. ૯૭૦ માં આ ગામને ડેનિશોએ બાળી નાખ્યું હતું, અને ૧૩૩૮ માં તથા ૧૬૯૦ માં ફ્રેન્ચોએ એનો નાશ કર્યો હતો. ૧૮૫૧ માં વસ્તી ૫૧૪૯ ની ને ૧૮૬૧ માં ૮૨૬૨ ની હતી.

ટીટમાઉસ—આ સુંદર પક્ષી યૂરપ, ઉત્તર એશિઆ અને ઉત્તર અમેરિકામાં બેહદ જણાય છે. તેમજ હિમાલયનાં પ્રદેશમાં એની તહેંવાર જાતો જણાઇ છે. આ અતિ નાહનું પક્ષી હોઈ તેનું માથું મ્હોટું, ચાંચ નાહની પણ મજબુત, પગ તિક્ષણ નખદાર અને પાંખો ગોળાકાર પણ ટુંકી અને પુછડી પિછાંથી ભરપૂર હોય છે. આ પક્ષી જંગલમાં જીવજંતુ વગેરે ઉપર નિર્વાહ કરે છે. તેમજ ફળફળાદી યા બિયાં મળતાં તેપણ ખાય છે. બ્રિટનમાં એની ૬ જાતો છે. આ પક્ષિની જૂદી જૂદી જાત તેના પિછાનાં ચિત્ર વિચિત્ર જૂદા જૂદા રંગો ઉપરથી પારખ-વામાં આવે છે.

ટીટ્યાન—ગ્રીકોએ માનેલા રાક્ષસો. એઓ સિલર અને ટેરા (પૃથ્વી) ના પુત્ર. એઓ શરીરે પ્રચંડ હોઈ તેમની શક્તિ અપાર હતી. સીલસે તેમનીપર પોતાની સત્તાનો દાબ બેસાડી તેમને નબળા બનાવી પૃથ્વીમાં બંધ કર્યા હતા. ત્યાંથી તેઓ પોતાની માતાની મદદથી બહાર નિકળી અનેક લઢાઇઓ કરી હતી. તેમના નામ ઉપરથી—કોઈ અસાધારણ કામ બજાવવું હોય તો તેને ઈંગ્રેજીમાં 'ટયૂટાનિક' કહેછે.

ટીન—(જુઓ કલૈઈ.)

ટીન-ટસીન—આ ચીનમાંનું બંદર શેહેર 'પિહો' નદીના જમણા કાંઠા ઉપર પેકીનની દક્ષિણ પૂર્વે ૮૦ મૈલ ઉપર છે, અને પિહો નદીના મુખથી ૩૪ મૈલ ઉપર છે. ૧૮૫૮ નાં કોલકરાર પછી ટીનટસીનું બંદર વેપાર માટે ખુલ્લું મેલાયું હતું. ૧૮૬૧ થી અત્રે બ્રિટીશ એલચીનું મથક થયું હતું. ૧૮૮૨ થી શેંગાહી સાથે ટીનટસીન સુધી ટેલીગ્રાફ લાઇન નખાઇ હતી. અત્રે પિહોનાં મુખ સુધી રેલ્વે છે. લોક વસ્તી ૯,૫૦,૦૦૦ ની છે.

ટીપરા—બ્રિટીશ હિંદુસ્તાનને તાબેનાં બંગાલ પ્રાંતોમાંનું એક દેશી રાજ્ય. એનું ક્ષેત્રફળ ૩૮૬૭ ચૌરસ મૈલ હોઈ તેમાં ૬૩૧૮ ગામો છે. એની ઉત્તરે સિલહટનું આસામ પ્રગણું, દક્ષિણે નોખાલી, અને ચીતાગોંગ, પૂર્વે લુશાઇ અને પશ્ચિમે નોઆખાલીનો મુલક છે. આ દેશમાં લોક વસ્તી ૧૭,૮૨,૬૩૫ ની છે. ભાષા બંગાલી બોલાય છે. આ દેશ પહાડોથી ભરપૂર હોવાથી તેમાંથી ગોમતી, ખોયાઈ, ધાલઈ, મનુ, ભુરી, અને ફેજ નદીઓ વહે છે. આ દેશ જંગલથી ભરપૂર હોવાથી તેની વાર્ષિક પેદાશ ૩ ૫૫૦૦ ની છે. તેમજ અત્રે હાથીઓની મોટી વસ્તી હોવાથી તેમને પકડવાથી પેદાશ ૩ ૫,૦૦૦ થી ૩ ૨૫,૦૦૦ ની ઉપજે છે.

ટીપરાનું મુખ્ય રાજધાની શેહેર અગર-તાલ છે, જ્યાં રાજાનો મેહેલ છે. રાજ્યકર્તા જાટ જાદી વંશના ક્ષત્રી છે.

આ રાજ્યનું નામ ટીપરા એ ત્રીપુરાનું અપભ્રંશ હોય એવું અનુમાન કાઢવામાં આવે છે; કારણકે આ નામ ઉદેપુર આગળ

એક દેવળ હતું તેના નામ ઉપરથી પડેલું છે. અત્રેના રાજા આગળ દર વર્ષે ધર્મને બહાને ૧,૦૦૦ મનુષ્યનો ભોગ આપતા. આ રીત ૧૪૦૭ થી ૧૪૩૯ સુધી ચાલુ હતી. એજ સમયે 'ધર્માનેક' નામે રાજા રાજ્ય કરતો થયો. ૧૬૨૦ માં મોગલોએ ટીપરાપર ચઢાઇ કરી રાજાને કેદ કર્યો હતો. ૧૬૨૫ માં કલ્યાણ માણેક નામે રાજા થયો, તેના સમ-યથી મોગલો અવારનવાર ટીપરાના નીચ પ્રદેશપર ચઢાઇ કરી ફાવવા લાગ્યા પણ પહાડી પ્રદેશ ઉપર કોઇ ફાવ્યું નહિ. છેક ૧૭૬૫ માં બ્રિટીશ સરકારે આ રાજ્ય સાથે સંબંધ જોડ્યો, અને ૧૮૨૬ થી આ રાજ્ય બ્રિટીશ સરકારનું બંડીયું ગણાય છે.

ટીપેરેરી—આ મન્સટરનો ભૂમધ્ય દેશ. એ ગૅલ્વે ને ઉત્તરથી અને કિંગસકૈાંટી, કિવન્સ કૈાન્ટી અને કીલકેનીને પૂર્વથી જોડાયલું છે. ક્ષેત્રફળ ૧૬૫૯ ચૌરસ મૈલ છે. એની ભૂમિ સપાટ હોઇ આસપાસ પાહાડોની હારો ફરી વળેલી છે, છતાં જમીન અત્યંત ફળદ્રુપ છે. અત્રે આંથ્રેસાઇટ, કોલસો, ત્રાંબુ, જસત, શિસું, સલેટ, પાઇપકલે, પુશફળ જડે છે. ૧૮૪૧ માં અત્રેની વસ્તી ૪૩,૫૫૩ ની ને ૧૮૬૧ માં ૧,૭૨,૮૮૨ ની હતી. તેમ ૧,૬૨,૦૨૫ કેથોલિક પંથી હતા. પ્રાચીન-કાળમાં ટીપેરેરી ઓરમન્ડ અથવા ઉત્તર મન્સટરનું એક શેહેર હતું, પણ ૧૨૧૦ પછી એ જલ્લો ગણાયો. તે પછી એંગલો નૉર્મન કુટુંબમાં એના ભાગો પાડવામાં આવ્યા હતા.

એનું મુખ્ય શેહેર ડબલિનની દક્ષિણ પશ્ચિમે ૧૧૦ મૈલ ઉપર છે, તેમાં ૭,૨૭૪ ની વસ્તી છે.

ટીપુસુલતાન—આ માહાન પરાક્રમી સુલ-તાનનો જન્મ ૧૭૪૯ માં થયો હતો. એ હૈદર-અલીનો બેટો હતો. ૧૭૮૩ માં ટીપુસુલ-તાનને બ્રિટીશોએ પેશવા સાથે મળી ઘેર-વાનો વિચાર કર્યો અને ૧૭૮૪ માં ૧૧ મી માર્ચે કોલકરાર કર્યો. ૧૭૮૯ માં ટીપુ-સુલતાને ત્રાવણકોરના રાજ્યપર ચઢાઇ કરી ત્યારે બ્રિટીશોએ તેને મદદ કરી ટીપુને હરાવ્યો હતો. તે પછી નિજામ, પેશવા, કુર્ગના રાજા વગેરે રાજ્યકર્તાઓ બ્રિટીશો સાથે મળી જઇ ટીપુસુલતાન પર હુમલો કરવાનું ઠેરાવ્યું. ૧૭૯૨ માં પાંચમી ફેબ્રુવારીએ લૉર્ડ કોર્નવાલે તેને હરાવ્યાથી ટીપુએ ૧૮ મી માર્ચે સુલ્હે કરી કોલકરાર કર્યો. તે પછી ફરી ૧૭૯૯ માં પેશવાની મદદથી બ્રિટી-શોએ ટીપુ સામે થઇ ૨૭ મી માર્ચે તેને પુરો હરાવ્યો. તે વેળા થએલી લઢાઇમાં ૪ થી મેએ ટીપુસુલતાન મરણ પામેલો મળી આવ્યો હતો.

ટીપુના મોતબાદ તેના કુટુંબને વેલોર તરફ મોકલવામાં આવ્યું, પણ ૧૮૫૭ નાં બળવામાં તેઓ તરફ લોકલાગણી જણાતાં તેમને ત્યાંથી કલકત્તે લઇ જવામાં આવ્યા હતા. ટીપુનો છેલ્લો શાહજાદો ગુલામ મોહ-મદ ૧૮૭૨ માં ૧૧ મી આગસ્ટે મરણ પામ્યો હતો.

ટીપુસુલતાનના અમલમાં બનેલા બના-વોની યાદી—

ઇ. સ. ૧૭૮૩—૨ જી જાનેવારીએ—રાજ્યપદ ધારણ કર્યું.

૧૭૮૪—૧૧ મી માર્ચે—ટીપુસુલતાન સાથે સુલ્હે થઇ.

૧૭૮૮-૮ મી માર્ચે—ટીપુએ લઢાઇ જાહેર કરી.

૧૭૮૯-૨૯ મી ડીસેંબરે—ત્રાવણકોર પાસે ટીપુ હાર પામ્યો.

૧૭૯૦—.....જનરલ એબ્રિકોમ્બે સાથે લશ્કર મોકલ્યું.

૧૭૯૧ માં—.....બીજું લશ્કર લૉર્ડ કોર્નવાલ સાથે મોકલ્યું.

૧૭૯૧ માં—૨૧ મી માર્ચે—બેંગલોર જીતી લીધું.

૧૭૯૨ માં—ત્રીજી સ્વારી.

૧૭૯૨—૬ ઠી ફેબ્રુવારી—લૉર્ડ કોર્નવાલે શ્રીરંગાપટન ઉપર તોપનો મારો ચલાવી જીતી લીધું.

૧૭૯૨ માં—૨૦ મી ફેબ્રુવારીએ—ટીપુ નાં બે પુત્રોને કૉર્નવાલે જામીનગીરીમાં લીધા. (છોડયા ૧૭૯૪ માં) તે સાથે ટીપુએ અર્ધું રાજ્ય અને ૩ કરોડ રૂપીયા આપ્યા.

૧૭૯૮ માં—બીજી લઢાઈ થઈ.

૧૭૯૯ માં—૫ મી માર્ચે—જનરલ હેરીસ માયસોરમાં દાખલ થયો.

૧૭૯૯ માં—૪ થી મે—શ્રીરંગાપટનપર તોપનો મારો ચલાવી તાબે કર્યું ને ટીપુ હાર પામ્યો.

૧૭૯૯ માં—૫ મી મેએ—ટીપુએ શાહજાદાઓને બ્રિટીશોને હવાલે કર્યા.

ટીંબરૂ—એનાં ઝાડ વિશાળ ઉગેછે. એના પાંદડાં મોહોટાં અને લાંબા હોય છે. ટીંબરૂ ઉપર બોર જેવડાં ફળો આવે છે અને તે લોકો ખાય છે. એના પાંદડાં તંબાકુની બીડી બનાવવાના ઉપયોગમાં યોજે છે. એની બીડી પિવાથી કાળજું કૃશ થાય છે, હૃદયમાં પિળો હાથ પડે છે, કંઠ શોષ થાય છે, કફ વધે છે, આથી દ્રવ્ય નાશ થઈ શક્તિ નાશ પામે છે.

એના કુમળાં ફળનો રસ ઔષધી ઉપયોગમાં યોજેલો છે. એના ફળનો રસ કડવો હોય છે, તેમજ બીયાં ઉપરની છાલ પણ કડવી હોય છે. એમાં સેંકડે ૬ ટકા ટેનિક ઍસિડ રહે છે. ઈંડીયન ફાર્માકોપિયા ગ્રંથ માં એના રસનો જાડો અર્ક કેમ બનાવવો તેનું વર્ણન આપેલું છે. એ જુની સંગ્રહણી ઉપર અકસીર ગણાય છે.

ટીએટ—(જુઓ તિએટ.)

ટીબેરિયસ ક્લેડિયસ નીરો—જન્મ ઇ. સન પૂર્વે ૪૨ ને મરણ ઈ. સ. ૩૭માં નિપજ્યું હતું. એ રોમનો બીજો શેહેનશાહ અને આગસ્ટસ શેહેનશાહનો જમાઈ હતો. એ પોતાના સસરા પછી ઈ. સ. ૧૪ માં ગાદી નશીન થયો હતો. એણે પોતાનો અમલ જુલ્મીરીતે ચલાવી કુછંદી, હેવાન્યત અને ક્રૂર કામોથી પોતાના નામને કલંક લગાડયું હતું. એનું મ્હોત કોઇએ એને ઉંઘ દરમ્યાન મારી નાખવાથી નિપજ્યું હતું.

ટીમ્બકટુ—સુડાનનું આ જાણીતું શેહેર સાહારાના દક્ષિણ છેડા ઉપર નાઇગિરના મુખ્ય ફાંટાની ઉત્તરે ૮ મૈલ ઉપર છે. આ શેહેરનો ઘેરાવો ૩ મૈલનો છે. અત્રેના મકાનો માત્ર એક માળનાંજ છે. માત્ર ૩ મસજીદો પ્રાચીન કાળની છે. જેમાંની એકુ એ ૧૩૨૫ ના સાલની છે. આ શેહેર વેપારનું મુખ્ય મથક હોઈ દક્ષિણ અને પશ્ચિમ ભાગનું મધ્ય મથક ગણાય છે. ૧૮૯૪ થી અત્રે ફ્રેન્ચોની સત્તા મુસ્તકીમ પાયાપર સ્થાપન થઈ હતી. અતરે સોનેરી રેતી, મીઠું, કોલાનટ, હાથીદાંત ગુંદર, શાહમુર્ગ પીછાં, ખજુર અને તંબાકુનો મોહોળો વેપાર ચાલે છે. મુખ્ય કરી અત્રનો વેપાર મૅનચેસ્તરનો માલ લઇ તેના બદલે ટીમ્બકટુની ઉત્પતિનો માલ આપવામાં આવે છે. આ શેહેર અનેક ટોળા અને રાજ્યોની સરહદ ઉપર છે. અતરે ૨૦,૦૦૦ની લોકવસ્તી હોઇ તેમાં આરબ, આફ્રિકન અને જ્યુ પ્રજા વસે છે. ટીમ્બકટુની સ્થાપના ૧૧ મી સદીમાં થઈ હતી. ૧૪ મી સદીમાં યૂરોપીયનોએ પ્રથમ આ શેહેરની શોધ કરી હતી.

ટીમોર—આ અતિ અગત્યના ટાપુની હાર પૂર્વથી જવાને વળગે છે. એની લંબાઈ ૩૦૦ મૈલ અને ક્ષેત્રફળ ૧૨૨૬૪ ચોરસ મૈલ છે. લોક વસ્તી ૫૦૦૦૦૦ ની છે. એની તમામ લંબાઇમાં ઝાડઝાડીવાળા પાહાડોની હાર લંબાયલી છે. દક્ષિણ કિનારા ઉપરની એક હાર 'એલાસ' ૧૧૫૦૦ ફીટ ઉંચી છે. અત્રેનાં પર્વતો સંન્ડાના પાહાડો કરતાં ઓછા જવાળામય છે. અતરે લોહચુંબક, સોનું, ત્રાંબુ અને ગંધક પુશ્કળ મલે છે. નિકાશ વેપાર મકાઈ, ચંદન, મીણ, શીપ અને પરચુટણ પદાર્થોનો ચાલે છે. આ દેશનો પશ્ચિમ ભાગ ડચોને તાબે છે, પૂર્વ ભાગ પોર્તુગીજોને હસ્તગત છે પણ ત્યાંનો કારોબાર તો ત્યાંનીજ પ્રજાના એખત્યારમાં છે.

ટીલબર્ગ—હૉલંડનું આ શેહેર બ્રિગની પૂર્વે દક્ષિણ પૂર્વમાં ૧૪ મૈલ ઉપર છે. એ રેલ્વેનું

જાણીતું 'જંકશન' હોઇ અત્રે કેલીકો, કાપડ અને ચામડાનાં ૩૦૦ કારખાનાં છે. ૧૮૭૧ માં લોક વસ્તી ૨૨,૨૫૬ ની ને ૧૮૯૨ માં ૨૫,૦૬૮ ની હતી.

ટીલિ—આ પ્રસિદ્ધ જર્મન સરદારનો જન્મ ઈ. સ. ૧૫૫૯ માં થયો હતો. એણે નેધરલેંડમાં જે લઢાઇઓ કરી તેમાં હંગેરી તરફ તુર્કો વિરૂધ લઢતાં એણે ભારે શૂરવીરતા બતલાવી પ્રસિદ્ધતા મેળવી હતી. ૩૦ વર્ષની લાંબી લઢાઇઓમાં એણે જર્મન પાદશાહ તરફથી અનેક પરાક્રમો કરી બતાવ્યાં હતાં. ગસ્ટેવસ એડાલ્ફસે એને 'લીચ' નદી ઉપરની લઢાઇમાં સખત હરાવ્યો હતો. આજ લઢાઇમાં એ જખમી થઈ ૧૬૩૨ માં મરણ પામ્યો હતો.

ટીવોલી—આ ઇટલીનું શેહેર રોમની પૂર્વે રેલ માર્ગે ૧૮ મૈલ ઉપર છે. અત્રે સ્ટીમ ટ્રેમવેથી જવઆવ ચાલુ છે. ૧૮૯૨ થી અત્રે રોમ માટે વિજળી પુરૂં પાડવાનું કારખાનું ચાલુ કરવામાં આવ્યું છે. અત્રે પ્રાચીન કાળનાં ખ્રિસ્તી દેવળો જોવાજોગ છે, તેમજ હેડ્રિયનનાં જમાનાનાં મકાનો તથા ચીજો અને કેટલાક બાંધકામો જોવા લાયક છે, વસ્તી ૬૩૭૦ ની છે.

ટુંકાક્ષરી લિપિ—આડા ઉભા કાપાના અનેક પ્રકારના જોડાણોની મદદથી ટુંકમાં શબ્દો લખવાનો હુન્નર જે સાધારણ રીતે ટુંકાક્ષરે લખવાની કળાને નામે ઓળખાય છે, તે ઈંગલંડ મધે પ્રથમ સોળમી સદીમાં દાખલ કરવામાં આવ્યો હતો.

આ કળાની પેહેલ કાઢનાર ડૉ. ટીમથી-બ્રાઈટનામે એક તબીબ હતો. તે એક જાણીતા તબીબ ઉપરાંત શિઘ્રલેખક હતો. તેને પોતાનાં બન્ને ધંધાઓમાં આ હુન્નર ઉપયોગી થઇ પડયો હતો. ૪૦ સ૰ ૧૫૮૭ માં તેણે આ હુન્નર શીખવાની એક ચોપડી પ્રગટ કરી હતી. એજ બાબત વિશેનો બીજો એક રેસાલો થોડા વર્ષ પછી એટલે ૧૬૦૯ માં 'પીટરબેલસે' બાહેર પાડયો હતો. તે પછી

જૂદા જૂદા શખસોને હાથે રચવામાં આવેલી ઓછામાં ઓછી ૩૦૭ રીતો ઇંગ્રેજ પ્રજા હજુર મુકવામાં આવી હતી, જે મધેની કેટલીક ઓહળા વપરાસમાં લેવાઇ છે, તથા ઘણીક લોકપ્રિય થઇ પડી છે. ગ્રેટબ્રિટનમાં ફકત ઇંગ્રેજી ભાષાજ બોલાતી નહિ હતી પણ તે ઉપરાંત બીજી વેલ્સ ભાષા ચાલુ હતી જે માટે ખાસ ૪ રીતો શોધી કાઢવામાં આવી હતી.

ઈંગલંડ પછી ફ્રાન્સે આ કળાને પોતાના દેશમાં દાખલ કરી. ફ્રાન્સમાં ટુંકાક્ષરી લિપિની ૧૪૫ રીતો ચાલુ છે. હાલ દુનિયાંનાં જૂદા જૂદા ભાગોમાં ટુંકાક્ષરે લખવાની ૮૮૩ રીતો ચાલુ પ્રચારમાં છે, અને તે શોધી કાઢનાર શખસોની સંખ્યા લગભગ ૧૦૦૦ની છે.

ટુંટીઉ—અથવા 'ઉન્ગો' યા 'બ્રેક બોનશીવર. પ્રથમ આ દર્દ ઇ૰ સ૰ ૧૭૭૯—૮૦ માં ઇજીપ્ત, ઇસ્ટઇંડીજના ભાગોમાં તથા ફિલાડેલ્ફિયામાં જણાયું હતું. તે પછી એ હિંદુસ્તાન તથા તેના દરેક ભાગમાં ૧૮૨૪–૨૫ માં જણાયું હતું, તેમજ ૧૮૨૬—૨૮ માં અમેરિકા તથા પશ્ચિમ ઇંડીજમાં, ૧૮૫૦ માં દક્ષિણ યૂનાઇટેડ સ્ટેટમાં, ૧૮૭૦–૭૩માં પૂર્વ આફ્રિકા, અરેબિયા, હિંદુસ્તાન અને ચીનમાં જણાયું હતું. આ દર્દ ઉષ્ણ દેશ, કટીબંધમાં તથા સમુદ્ર કાંઠા તરફ તથા મોટી નદી કાંઠે જણાય છે. આ દર્દનો હુમલો થતાં સખત જવર આવી હાડકાં, સાંધા અને બદનમાં દુખારો થવા માંડે છે. આ દર્દ એક બે દિવસમાં નરમ પડે છે, પણ બીજો હુમલો થતાં દર્દ ભારે વધી બે ત્રણ દિવસમાં નરમ પડે છે, પણ ત્રીજો હુમલો એક બે દીવસમાં સમી જાય છે. એના હુમલા પછી ચામડીને લગતું દર્દ ઉભાઇ નિકળે છે.

ટુબિંગન—વર્ટમબર્ગનું આ જાણીતું શેહેર સ્ટુટગર્ટની દક્ષિણ પશ્ચિમે ૨૦ મૈલ ઉપર છે. અત્રે ચોપડી છાપવાના તથા બાંધવાના, મીલ અને રંગવાનાં કારખાનાં છે. ૩૦ વર્ષ સુધી

ની જાણીતી લડાઇ દરમ્યાન અત્રેનો વેપાર તદ્દન પડી ભાગેા હતેા. અત્રેની યૂનિવ્હરસિટિ લાયબ્રેરીમાં ૨,૦૦,૦૦૦ દફ્તરેાનેા સંગ્રહ છે. લેાક વસ્તી ૧૮૮૦ માં ૧૧,૭૦૮ ને ૧૮૯૦માં ૧૩,૨૭૩ની હતી.

ડુમકુર—મ્હૈસુરનાં દેશી રાજ્યમાંનેા જીલ્લેા. ક્ષેત્રફળ ૩૨૪૦ ચૈારસ મૈલ છે. આ પ્રદેશ કૃષ્ણા અને કાવેરી આ બે નદીઓ વચ્ચેનાં પર્વતેા અને ટેકડીઓથી ભરપૂર છે. સમુદ્ર સપાટીથી ૪૦૦૦ ફીટ ઉંચાઇનેા પ્રદેશ છે. આ જીલ્લામાં 'જય મંગળ નદી વહે છે. આ જીલ્લામાં ખનિજ સંપત્તિ વિપુલ મળે છે. તેમજ લેાહું પુશકળ મળે છે અને ઇમારત માટે ઉપયેાગી થઈ પડનારાં પથ્થરેા પુશ્કળ જડે છે. ઝાડપાનમાં મુખ્ય નારીયળી ચંદન મુખ્ય છે.

આ જીલ્લામાં બે હજારથી વધારે તલાવ હેાવાથી જમીન ફળદ્રુપ છે. અત્રે બકરાંઓ પુશકળ ઉત્પન્ન થાય છે, તેમાં 'ચિકનાયકન હળળી' નું ઉન વખણાય છે. 'સિરા' અને 'મિદગેસી' માં છીટ ઉત્તમ પ્રકારનું બને છે. તેમજ દોરડાં બનાવવાનેા ઉદ્યેાગ સારેા ચાલે છે. ગબ્બીગામ ડુમકુર જીલ્લાનું આયાત મથક છે. ત્યાં દર વર્ષે ૩૫૦ ટન સેાપારી અને ૧૫૦ ટન કેાપરૂં પરદેશથી આવે છે. મુખ્ય શેહેર ડુમકૂર અને સિરા છે. તેમાં 'સિરા' પ્રાચીન પાયતખ્ત શેહેર છે. મદગિરિ હૈદરનાં સમયમાં વેપાર માટે જાણીતું હતું. કુનિગલ ગામ ઘેાડાઓ માટે જાણીતું છે.

ડુર્સ—અથવા ટેાર. આ ફ્રેન્ચ શેહેર પેરિસની દક્ષિણ પશ્ચિમે ૧૪૭ મૈલ ઉપર છે. અત્રેનાં ૧૩ મી તથા ૧૫ મી સદીનાં દેવળેાના મિનારા ૨૦૫ ફીટ ઉંચા છે; તેમજ સેંટ જુલીયનનું દેવળ. અત્રે ઇટરડી, લેાહાકામ, ઉન તથા રેસમ ને છાપાકામનાં ગંજાવર કારખાનાં છે. ૧૮૭૨ માં લેાક વસ્તી ૪૩,૩૬૮ ની ને ૧૮૯૧ માં ૬૦૩૩૫ ની હતી. અત્રે ચાર્લસ માર્ટલે મ્હેાટી જીત મેળવી ઉત્તર યૂરપનું સેરેસનના જુલમથી રક્ષણ કર્યું હતું (ઇ. સ. ૭૩૨ માં). અત્રે રેસમી કામનેા ઉદ્યેાગ ૧૫ મી સદીથી ચાલુ છે.

ડુલ—આ ફ્રેન્ચ શેહેર નેનસીની પશ્ચિમે ૨૦ મૈલ ઉપર છે. અત્રે ઇ. સ. ૯૬૫–૧૪૫૬ નું દેવલ ૨૪૫ ફીટ ઉંચું છે. તેમજ ૧૮ મી સદીનું એક ફ્રેન્ચ હૅાટલ ડી વેલી તથા પ્લેસ, ટેાપી, વગેરેનાં ઉદ્યેાગ હુન્નરનાં મથકેા છે. ૧૮૭૦ માં ૨૩ સપ્ટેંબરે જર્મનીએ એનીપર તેાપેાનેા મારેા ચલાવી જીતી લીધું હતું, જે પછી એની કિલ્લેબંદી ઘણી મજબુત બનાવવામાં આવી હતી; વસ્તી ૧૮૭૨ માં ૬૫૮૪ની ને ૧૮૯૧માં ૧૧,૭૨૮ની હતી.

ડુલા—આ રશિયન શેહેર માસ્કેાની દક્ષિણે ૧૧૦ મૈલ ઉપર છે. અત્રે લેાઢા તથા તિખા–લેાઢાના કારખાનાં છે. લેાકવસ્તી ૬૬,૧૧૧ ની છે. એનાં પ્રાંતનું ક્ષેત્રફળ ૧૬૫૪ ચૈારસ મૈલ હેાઇ તેમાં ૧૪,૬૨,૩૦૦ ની વસ્તી છે.

ટેકસાસ—અમેરિકન યુનાઇટેડ સ્ટેટનાં દક્ષિણ પશ્ચિમ ભાગમાંનું સંસ્થાન. એની આસપાસ મેકસિકેા, ન્યૂમેકસિકેા, ઇંડીયનટેરેટરી, અરકેનસાસ, લેાઇસિયાના અને મેકસિકેાનેા આખાત છે. યુનાઇટેડ સ્ટેટસમાં એ સર્વેથી મેાહેાટું સ્થાન છે. એનું ક્ષેત્રફળ ૨,૬૫,૭૮૦ ચૈારસ મૈલ છે. આ સંસ્થાનની લંબાઇ વધતામાં વધતી ૬૦૦ મૈલ ને પેાહળાઇ ૭૫૦ મૈલની છે. સમુદ્ર કાંઠેા ૪૦૦ મૈલ લાંબેા છે. આ સંસ્થાનની જમીન તર્હેવાર જાતની છે. એના દક્ષિણ અને દક્ષિણપૂર્વ ભાગમાં વર્સાદ વર્સે છે. તેમજ પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ ભાગમાં પણ પુરતેા વર્સે છે. આ સંસ્થાનમાં જ્યાં ત્યાં 'આર્ટિશિયન' કુવા સાધારણ છે, ઉત્તર તરફનેા પવન સુકેા અને વર્સાદ દક્ષિણ પશ્ચિમ તરફથી વર્સે છે. અત્રેની થંડીની ઋતુમાં બરફના તુફાનેા વર્સે છે. આ સંસ્થાનમાં કેાલસાની ખાણેાએ ૧૦૦૦૦ ચૈારસ મૈલ ભાગ રેાકેલેા છે. તેમજ લેાહું, ચુનેા વગેરે ખનીજપણ પુશકળ મળે છે.

ટેકસાસમાં ઘાસ ચારેા પુશકળ ઉત્પન્ન થતેા હેાવાથી ઢેારેા ઉછેરવાનેા ઉદ્યેાગ સારેા ચાલે છે. એનેા ઉન તથા 'ડેરી' નેા વેપાર ઉદ્યેાગ બીજા દેશેા સાથે હરીફાઇ વિનાનેા છે. અત્રે ઘઉંની મેાહેાટી ખેતી કરવામાં આવે છે. સાકર અને ચેાખાનેા વેપાર કાંઠાના પ્રદેશમાં તથા ફળફળાદીનેા વેપાર દક્ષિણ ભાગમાં ચાલે છે. ૧૮૨૨ પછી આ સંસ્થાન સ્પેનિશેાની સત્તા તળેથી નિકળી ૧૮૩૫ માં સ્વતંત્ર થયું હતું, અને ૧૮૩૬ માં અત્રેનેા 'પ્રેસિડંટ હૅાસ્ટેાન' હતેા. ૧૮૭૦ માં લેાકવસ્તી ૮,૧૮,૫૭૯ની, ૧૮૮૧માં ૧૫,૯૧,૭૪૯ ની ને ૧૮૯૦ માં ૨૨,૩૫,૫૨૩ ની હતી.

ટ્રાનિમા—આ અતિ નાજુક સુંદર ઝાડ છે. એ ૧ ફીટ ઉંચું વધે છે. તેને કુંડામાં રેાપવામાં આવે છે. એનીપર ગુચ્છાદાર બારેમાસી પ્રિમરેાઝનાં આકારનાં ફિક્કા રંગના ફુલેા ઉગે છે. એ અતિ નાજુક ઝાડ છે. આથી જ્યાં ઝાઝેા પવન નહિ હેાય ત્યાં તેને રેાપે છે. એનીપર જોશબંધ વર્સાદ પડતાં નુકસાની પેાંહચે છે. એના બિયાંને કાચનાં ઘેરમાં ઉગાડવામાં આવે છે, ને તેને ઉગતાં ૧ થી ૨ માસનેા વિલંબ લાગે છે. એનીપર ઝીણા છિદ્રેાવાલી ઝારીથી પાણી સીંચવું પડે છે. તેમજ એને કેાહેલાં પાંદડાનું ખાતર ઘણું માફક આવે છે. ચીકણી માટેાડીમાં રેતી ભેળી આ ઝાડ ઉગાડવામાં આવે છે. કારણકે એ ચીકણી માટેાડીમાં ઉગી શકતું નથી.

ટ્રંફુ—આ ઔષધી છેાડનાં મૂળીયાં કેટલાક દર્દપર અકસીર ગણાય છે. અત્તેસાર તથા કાનમાંથી વહેતેા પરૂ બંધ કરવા માટે તેનેા ઉપયેાગ ઝાઝેા કરવામાં આવે છે. એની છાલ કડવી ને તીખી હેાય છે. તેમાં પસીનેા કાઢવાનેા ગુણ છે.

ટેન—આગલા વેનિસિયન સરદારેાની એક સભાનું નામ. આ વેનિસ શેહેરની સ્થાપના ઈ. સ. ૪૨૧ માં થઇ તે વેળા ત્યાં પ્રજાસત્તાક રાજ્ય ચાલતું હતું. પણ તે પછી પ્રજા અધિકાર ૧૨૪૭ માં નબલેા પડી અલ્પજન સભાત્મક અમલ કાયમ થયેા. ત્યાંના અધિકારીઓમાં ૧૦ શખસ પ્રમુખ રહેતા તેથી તે તેમની સભાને 'ટેન' કહેતા. આ સભાનેા અમલ ઘણેા સખત હતેા.

ટેનીસ—અમેરિકન યૂનાઇટેડ સ્ટેટના દક્ષિણ રાજ્યમાંનું એક સંસ્થાન. એની આસપાસ 'કેંટ ટયૂકે', વર્જીનિયા, ઉત્તર કેરેાલીન, જીયેાર્જીયા, અલાબામા અને મિસિસિપી છે. એની લંબાઇ ૩૨૫ મૈલ અને પેાહળાઇ ૧૦૯ મૈલની છે. ક્ષેત્રફળ ૪૨૦૫૦ ચૈારસ મૈલ છે. એની પૂર્વ તરફના પહાડી ભાગમાં ૧૦૦ મૈલ પેાહળાઇનેા સપાટ પ્રદેશ છે, અને તે ઉત્તરથી દક્ષિણ ઢેાળાવ દાર છે. ટીનીસિ અને મિસિસિપી વચ્ચે પશ્ચિમ ભાગ આવેલેા છે. અત્રે કેાલસાની ખાણેાનેા ૫૧૦૦ ચૈારસ મૈલ ભાગ છે; અને આ કેાલસાનાં થર બેહદ જાડાઇ માટે જાણીતાં છે; તેમજ લેાહું પણ પુશકળ જડે છે. તે શિવાય ત્રાંબું, શિસું, તથા માર્બલ પણ પુશકળ મળે છે. અત્રેની આબેાહવા સુખાકારી ભરી છે. અત્રે વર્સાદ ૫૪ ઇંચ પડે છે. ટેન્નીસીમાં ધાન્ય, રૂ, સણ, તંબાકુ વગેરેનેા વેપાર મુખ્ય છે. તેમજ અત્રે રૂ, ઉન, આટેા, અને કાગળની મીલેા તથા ત્રાંબાકુ, કુંભાર કામનાં કારખાનાં છે. અત્રે ૧૭૫૬ પછી વસાહત થવા માંડી હતી, અને અત્રે રાજ્ય ધેારણ ૧૭૯૦ થી સ્થાપન થયું. ૧૭૯૬માં ટેનનીસી સ્વતંત્ર સંસ્થાન કહેવાયું. ૧૮૦૦ માં વસ્તી ૧,૦૫, ૬૦૨ ની, ૧૮૫૦ માં ૧૦,૦૨,૭૧૭ની, ૧૮૮૦ માં ૧૫,૪૨,૩૫૯ ની ને ૧૮૯૦માં ૧૭,૬૭,૫૧૮ ની હતી.

ટેનચ્યૂ—(૧) ચીનાઇ શેહેનશાહનું પ્રાચીન નામ.

(૨) ટેનચ્યૂ=ખ્રિસ્તી શક પેહેલાં હિંદુસ્તાનનું નામ (ચીનાઇ મત મુજબ.)

(૩) ટેન–ચ્યેા–કયૂ, આગળ રેામન કેથેાલિક પંથ માટે ચીનમાં આ શબ્દ વાપરતા હતા.

(૪) ટેન–ચ્યૂ–રુઝ–ચીનમાં 'હાનકેા'માંનું બુદ્ધનું પુતળું.

(૫) ટેનહાઉ–સ્વર્ગની રાણી, દર્યાઇદેવી, તેમજ મૂર્તિમંત વાહાણોને પણ ચીનમાં ટેનહાઉ કહેછે.

ટેન્ચ—આ માછલી નાહના કદની, નાહના ભીંગડાવાલી અને ટુંકી દાઢીવાલી હોય છે. યૂરપમાં આ માછલી ખોરાકી તરીકે વપરાય છે. આ માછલી સ્થિર પાણીમાં પુશકળ મળે છે. એ કદે ૧ ફીટ લાંબી હોય છે.

ટેનીસ—(જુઓ લૉનટેનીસ)

ટેંપ્લર—ટેંપ્લર સરદારો પ્રાચીન યૂરપમાં ધર્મ સંરક્ષણ માટે લઢવાના ઉદ્દેશથી હસ્તીમાં આવ્યા હતા. એમને 'જૉહ્નવિન' રાજાએ 'સાલોમનના' દેવળમાં રહેવાની આજ્ઞા આપી હતી, તે ઉપરથી તેમને ટેંપ્લર સરદાર કહેતા. એમને યૂરપનાં રાજાઓ તરફથી તહેંવાર ભેટો મળી હતી. તેઓમાંના કેટલાક એટલાતો શ્રીમંત રહેતા કે રાજાઓને દ્રવ્યની ગરજ પડતાં તેઓ ધીરધાર કરતા. ફિલિપ રાજાએ ઇ. સ. ૧૩૦૭ માં ટેંપ્લર સરદારોને ફ્રાન્સમાંથી હાંકી મેલ્યા હતા, અને તેઓ ધાર્મિક કામમાં ભાગ લેતા હોવાથી પોપની યોગ્યતા પણ ઘણી વધી હતી.

ટેફ્રોસિઆ—આ ફુલ ઝાડ માત્ર ૩ ફીટ ઉંચું વધે છે. એના પાંદડાની નીચલી બાજુ આછી રંગની અને ઉપલી ચળકતા લીલા રંગની હોય છે. વરસાદમાં એની ઉપર સફેદ રંગનાં મ્હોટાં ફુલો આવતાં એ અતિ રમણિય દિસે છે. એ સાધારણ જમીનમાં પણ ઉગી શકે છે. એનીપર પાંચ દિવસ આંતરે પાણી સિપવું પડે છે, નવાં ઝાડ બિયાંમાંથી ઉત્પન્ન થાય છે.

ટેમ—આ શાકભાજી મસાલામાં વપરાય છે. એને રોપવાની જમીનમાં ૪૦ થી ૫૦ મણ ખોળ નાખે છે. સપટેંબર અથવા અકટોંબર મહિનામાં કામળાની અંદર વાવે છે. જ્યારે એના રોપા થાય છે ત્યારે નવેંબરમાં જે તૈયાર કરેલી જમીન હોય તેમાં કયારી બનાવી દોહ્યોડ હાથને અંતરે તેને રોપે છે. એને ચાલુ પાણી સીપવું પડે છે. ઝાડ જ્યારે અર્ધો હાથ ઉંચા થાય ત્યારે બેત્રણ આંગળ ઉંચા રાખીને કાપી નાખે છે. એક વખત કાપ્યા પછી પાછું પેહેલા મુજબ કાપવાં પડે છે. આ ટેમને ત્રણ વખત છાંટવા પડે છે.

ટેમેરિંડ—આ સુંદર ઝાડનું મૂળ વતન ઇસ્ટઇંડીજ છે, પણ હાલમાં તે ગરમ દેશોમાં પણ ઉગાડવામાં આવે છે. આ ઝાડ ૩૦ થી ૪૦ ફીટ ઉંચું વધે છે, અને તેની ડાંખળીમાં એક ઝુમખામાં પાંદડાં લંબોચાં અર્ધગોળ આકારનાં ઉગે છે. એના બિયાંની સીંગો આંગળા જેવડી જાડી ૬ ઇંચ લાંબી ઉગે છે. આ ઝાડ ઇસ્ટઇંડીજ અને વેસ્ટ ઇંડીજમાં જૂદા પ્રકારનાં ઉગે છે, તે ઇસ્ટ ઇંડીયન ટેમેરિંડ ઝાડની સીંગમાં ૬ થી ૧૨ બિયાં હોય છે, અને વેસ્ટ ઇંડીજ ઝાડની સીંગમાં ૧ થી ૪ બિયાં હોય છે. એના બિયાં ઘેરા લાલ, સ્વાદે ખાટાં મિઠાં હોય છે. એનું લાકડું ઘણું સખત હોવાથી તે સુંદર ઘેર સણગારના નાહના દાગીના બનાવવામાં ઉપયોગી છે.

ટેમેરિસ્ક—આ ગરમ પ્રદેશમાં ઉગતા ઝાડની ૪૦ ઉપર જાત જાણીતી છે. મુખ્યકરી એ યૂરપ, એશિઆ, અને આફ્રિકાના ગરમ ભાગોમાં ઉગેછે. મેડીટરેનિયનના પ્રદેશ પાસે રેતીનાં મેદાનોમાં પણ આ ઝાડ પુશકળ ઉગેછે. આ ઝાડ ઘણી વેળા ૩૦ ફીટથી પણ વધારે ઉંચાઇનાં જણાયલાં છે. આ ઝાડની ડાંખળીઓમાં અકસીર દવાઇ ગુણ હોવાથી આગળ તેનો ભારે ઉપયોગ કરતા હતા. એની રાખમાં સલ્ફેટ ઑવ સોડાનો વિશેષ ભાગ હોય છે. અરબસ્તાન તથા આફ્રિકાના વેરાનોમાં પણ આ ઝાડ જણાયલાં છે. હિંદમાં ઉગતા એના ઝાડ રંગ તથા ઔષધિકામમાં ઉપયોગી જણાયલાં છે.

ટેરાપિન—આ માછલી કાચબાના આકારની હોય છે. યૂનાઇટેડ સ્ટેટસમાં એની ૨૧ જાત જણાયલી છે. તેમાં ખારી ટેરાપિન ઘણી સ્વાદિષ્ટ વાણી તરીકે તે તરફ વખણાય છે. મુખ્યકરી ન્યૂ ઇંગલંડથી ટેક્ષાસ સુધીના કાંઠાપર એની મ્હોટી પેદાશ થાયછે, તેમજ

માસાચુસેટ્સ અને ઉત્તર કિનારાપર પણ પુશકળ મળે છે. તે તરફ આ માછલી ૧૦ થી ૫૫ શિલીંગે ડજનને ભાવે વેચાય છે, અને તેની કિંમત નાહના મોહટાં કદ ઉપર અંકાય છે.

ટેરિડા—આ જળચર પ્રાણી અળસીયાને મળતું દરિયામાં જણાય છે. આ પ્રાણી દેખાવે નિર્જીવ પણ ઘણું નાશકારક છે. દરિયામાં બાંધેલા લાકડાનાં બાંધકામને તે વળગી એવુંતો કોતરી પોકળ બનાવે છે કે ઘણી વેળા તેવા બાંધકામો સદનતર નાશ પામે છે. એ ટોળાબંધ જળો પ્રમાણે વળગી માહે પેવસ થઈ લાકડું કોતરી ખાય છે.

ટેરિયર—આ દેખાવળા કુતરાની જાત સ્કૉટલંડ તથા ઈંગલંડમાં પુશકળ જણાય છે. સ્કૉટીશ ટેરિયર અકલ્લવાળો ને માયાળુ હોય છે. ટેરિયર જાતનાં કુતરામાં દુઃખ સેહેવાની શક્તિ વિશેષ હોય છે. આ કુતરાને ઉંદર, બાઇજ્જર, સ્ટોટ, પોલકેટ વગેરેનો શેકાર કરવા ઉપર રોકયો હોય તો તે ઘણી ચંચળાઇથી કામ બજાવે છે. આ કુતરો જમીન ખોદી શેકાર શોધી કાઢવામાં ઘણો બાહોશ ગણાય છે.

ટેલ—આ ચીનાઇ વજનીનાણું ૩ શિલીંગ ૪ પેન્સની કિંમતનું હોય છે. '૧૦ મેસ' અથવા ૧૦૦ કેનડેરીનનો ૧ ટેલ ચીનમાં ગણાય છે. જેની હિંદી વજનથી કિંમત (૧ ટેલની) ૨ રૂપિયા ૫ આનાં થવા જાયછે.

એનું કોષ્ટક નીચે મુજબ છે.

૧૦ કાશ = ૧ કુંદરી
૧૦ કુંદરી = ૧ મેસ
૧૦ મેસ = ૧ ટેલ

ટેલ ૧ નું વજન મુંબઇના ૩ તોલા ૯ વાલ જેટલું હોય છે. તોલ જોખમાં વપરાતા ટેલનું કોષ્ટક નીચે મુજબ છે.

૧૬ ટેલ = ૧ કાટી
૧૦૦ કાટી= ૧ પિકલ (૧૩૩⅓ રતલનું વજન)

ટેલ વિલ્યમ—આ જાણીતો તીરંદાજ પોતાની નેમદાર તીર છોડવા માટે અને હેલ્વેટે પ્રજાને જુલમગાર હાકેમનાં જપતામાંથી છુટકો કરાવવા માટે જાણીતો થઇ ગયો છે. ચૌદમી સદીની શરૂઆતમાં આસ્ટ્રીયાનાં રાજના હુકમથી સ્વિતઝરલેંડ ઉપર જુલમી હાકેમોનો ધણો દોર હતો, તેમાં 'ફ્લુએલન' શેહેરમાં ૧૩૦૭ માં હાકમ 'ગેસલરે' એવો હોકમ કાઢયો કે ચોકસ જગે પોતાની ટોપી ખુંટી ઉપર ઓળખી રાખી તે પોતેજ છે એમ માની પ્રજાએ તેને જતાં આવતાં નમન કરવાનો સખત હોકમ કર્યો. તેમાં ટેલ વિલ્યમે તે હોકમનો અનાદર કરતાં તેને ધાતકી શિક્ષા કરવા તેને કહ્યું કે "જો તારા બેટાનાં માથા ઉપર સફરચન મેળી તારા તીરવડે તું તે ફળ વિંધે તોજ તને તારા અપમાનભર્યા તકસીરની માફી મળશે." ટેલે તે શરત કબુલ કરી. લોકોની મ્હોટી થડસામે પોતાના પુત્રના માથા ઉપર સફરચન મેળી તેને તીરથી વિંધી નાખતાંજ બીજો તીર કમાન ઉપર ચઢાવ્યો, ત્યારે ગેસલરે તેનો સબબ પુછતાં ટેલ બોલ્યો કે "જો મારે હાથે તારી નેમ મુજબ મારો બેટો માર્યો જતે તો આ બીજા તીરવડે તરતજ તને પણ બેજાન કરતે." આ તેની ઉદ્ધતાઇ ભરી ચાલ માટે ટેલને તુરત કેદ કરવામાં આવ્યો, ને બોટમાં બેસાડી કિલ્લામાં રૂવાના કર્યો. તેટલાં માર્ગમાં તુફાન થતાં ટેલ માત્ર બચી કિનારે એક ખડકમાં સંતાયો ને પછી લાગ મળતાં જુલમગાર "ગેસ્લર" ને માર્ગમાં તીરવડે વિંધી નાખ્યો. આથી આસ્ટ્રીયા સાથે લઢાઇ થઈ, તેમાં સ્વિતઝરલેંડને પોતાની સ્વતંત્રતા પાછી મળી હતી. જે જગા ઉપર વિલ્યમ ટેલે પોતાના બેટાંના માથા ઉપરનું સફરચન વિંધ્યું હતું ત્યાં તેની યાદગારીમાં એક દેવળ બાંધવામાં આવ્યું જે હજી કાયમ છે.

ટેલીગ્રાફ અથવા તાર યંત્ર. ઇતિહાસ—પરસ્પર વચ્ચે વ્યવહાર રાખવાનાં જે સાધનો જાણીતાં છે તેમાં વિજળિક પ્રવાહ યોગે એકમેક ઉપર સંદેસા મોકલવાનું જે

સાધન તે 'તારાયંત્ર' (Telegraph) (G R :—' *Tale* ' far off, and graph's, I write) છે. ધાતુનાં બનાવેલા તારમાંથી એકાદ વિજળિક પ્રવાહ પસાર થઈ ચોકસ બનાવેલા યંત્રમાં સંદેસા માટે મોકલવા ઉપયોગી થઈ પડનારૂં યંત્ર. આવા યંત્રોને ઇલેકત્રોટેલિગ્રાફ અથવા વિજળિક તાર પણ કહે છે.

આ યંત્રની શોધ આગમજ વિજળિક શક્તિ વિશેનો ખ્યાલ ૧૬૩૨માં 'ગેલીલિયો'ને આવ્યો હતો, પણ તારાયંત્રની સ્થાપના તે પછી અનેક શખ્સોનાં ખ્યાલમાં ચોકસ રીતે આવી, ૧૮૩૭ માં પૂર્ણ કળાએ પોંહોંચી. પણ તે આગમજ ઈ. સ. ૧૭૭૪ માં જીનોવાનાં એમ. લિસેજે પ્રથમ ટેલિગ્રાફ યંત્રની શોધ કરી હતી. તે પછી સોમૅાડનું તાર યંત્ર પ્રસિદ્ધ થયું; તે પછી ૧૭૯૪ માં 'રીઝેન' નામે જર્મન ગ્રહસ્થે શોધ જાહેર મેલી તેમાં તેણે પાણીને મૂળ તત્વોથી છુટાંપાડી સીગનલોની મારફતે સંદેસાઓ મોકલી આપતો હતો. ૧૮૧૬ માં રોનાલ્ડે તેમાં સુધારો કર્યો. ૧૮૧૯ માં 'ઑર્સ્ટેડે' નવો વધારો કર્યો. ૧૮૨૦ માં ચેરિસના મોસ્યુ એમ પિચરે અખતરાઓ કરી જણાવ્યું કે એક 'ગેલવેનો મીટર' (વિજળી માપવાનું મીટર યંત્ર) ઘણે દૂર સ્ટેન ઉપર મુકવામાં આવે અને જો તારોનો એક આખો ચકરાવો બનાવવામાં આવે તો સીગનલોની મારફતે સંદેશો મોકલી શકાય. ૧૮૩૨ માં 'એરન બ્રાન શિલિંમે' તારાયંત્રમાં જૂદા જૂદા વધારા કરી તેને જાહેરમાં ઉપયોગી થઇ પડવા યોગ્ય વધારો કર્યો. જે પછી ૧૮૩૩ માં ગોટીનગનમાં સ્ટીલીંગ અને વેબરોએ જાહેર કર્યું કે જો એક 'ગેલવાનો મિટર' પર કોતરેલી અક્ષરમાળા એક લોહચુંબક સોયનાં ફરવાથી વંચાઇ શકાય છે; તે પછી ટેલીગ્રાફમાં પૂર્ણ સુધારો થયો. આ વેળા તારાયંત્ર ૩ પ્રકારના ત્રણ ઠેકાણે શરૂ થયાં. ઇંગલંડમાં 'કુક' અને 'વ્હીટસ્ટોન' એમનું એક; જર્મનીમાં 'સ્ટીમવ્હીન,' 'ગોસ' અને 'વેબર' એમનું બીજું અને અમેરિકામાં પ્રોફેસર મોર્સે ત્રીજું તારાયંત્ર જાહેર મેળવ્યું.

૧૮૩૭ માં લોહચુંબકી સોયવાલું ટેલિગ્રાફીક યંત્રનું પેટંટ લેવાયું. આ યંત્રને સિંગલ નિડલ ઇન્સ્ટ્રુમેંટ કહે છે. આ વેળા ૧ મિનિટમાં ૧૦ બોલો મોકલવા માટે પાંચ તારના દોરડાંની જરૂર પડતી હતી, ત્યારે આજે માત્ર ૧ તારમાંથી દર મિનિટે ૬૦૦ બોલ મોકલી શકાય છે.

૧૮૫૯માં લંડનથી ગલાસગો એક પેગામ મોકલવા માટે દરેક શબ્દ માટે ૮ પેન્સનો દર આપવો પડતો, ત્યારે આજે તમામ યુનાઇટેડ કિંગડમમાં અકેક શબ્દ માટે ½ પેનીની કિંમત આપવી પડે છે. ૧૮૬૯માં ઉપલાજ દેશમાં ૨૯૩૨ તાર ઑફીસો હતી ત્યારે આજે ૧૨૫૦૦ છે. ૧૮૬૯માં આ તારખાતાની ઉપજ ૬,૧૨,૩૦૦ પૌંડની હતી ત્યારે ૧૯૦૦ માં ૩૪,૫૯,૩૫૦ પૌંડની ઉપજી હતી. ૧૮૩૭ માં તમામ યુનાઇટેડ કિંગડમમાં તારનાં દોરડાં માત્ર ૫૦૦૦૦ મૈલ લંબાઇમાં ફરી વળ્યાં હતા ત્યારે ૧૯૦૦ માં ૨૭૫૦૦૦ મૈલ દોરડાં નાખવામાં આવ્યાં છે.

આજે ટેલિગ્રાફનો ઉપયોગ દુનિયામાં બેહદ વધ્યો છે, તેમાં મુખ્યકરી આગગાડી માટે તો તેનો બોહોળો ઉપયોગ કરવામાં આવે છે. આગગાડી માટે પ્રથમ તારયંત્ર ૧૮૪૬ માં ઈંગલંડમાં શરૂ કરવામાં આવ્યો. એનો પેહેલ વેહેલો ઉપયોગ જે જણાયો તે 'ક્વેકર' પંથી 'ટયાવેલ' નામે ખુની ખૂન કરી રેલ્વે મારફતે નહાશી જતાં 'પ્યારિંગટન' સ્ટેશન ઉપર ટેલિગ્રાફની બાતમી મારફતે પકડવામાં આવ્યો હતો.

૧૮૪૯ માં વર્તમાન પત્રોનાં સંદેશા મોકલવાની ઝડપ મિનિટમાં ૧૭ બોલોની હતી, પણ હવે લંડન અને ડબલિન વચ્ચેનાં વિજળિક તાર (વ્હિલસ્તન યંત્ર મારફતે) નાં શબ્દોની સંખ્યા દર મિનિટે ૪૬૩ શબ્દોની થઇ છે.

હાલમાં પૃથ્વી ઉપર ૬૦૦૦૦૦ મૈલ તાર લાઇન નાખેલી છે, તેમાં ૪૫,૦૦૦ તારયંત્રનાં સ્ટેશનો છે અને તે દ્વારે દર મિનિટે ઓછામાં ઓછા ૨૨૦ સંદેસા મોકલવામાં આવે છે.

હિંદુસ્તાનમાં ટેલિગ્રાફ દાખલ કરવાનું માન કલકત્તાની મેડિકલ કૉલેજવાલા એક પ્રોફેસર ડૉકટર ઓશૉગનસીને ઘટે છે. ઝડપમાં વિજળીનાં તારથી સંદેસા મોકલવાની પ્રથમ અજમાયસ કલકત્તાનાં બોટેનિકલ ગાર્ડન્સમાં ૧૮૩૯-૪૦ માં લીધી હતી. આ અજમાયસ ફરહેમંદ ઉતરી હતી; આથી તેણે ઇસ્તઇંડિયા કંપનીની બોર્ડ ઑફ ડાયરેકટરોને પોતાની ફરહે વિષે ખબર આપી તારની એક લાઇન નાહના પાયા ઉપર ઉંધાડવાની રજા માગી હતી, જે આપવામાં આવી નહોતી. આથી ડૉ૦ ઓશૉગનેસીએ નાહિમ્મત નહિ થતાં પોતાનાં અખતરા ચાલુ રાખી ૧૮૫૧માં કલકત્તાથી 'ડાયમંડ હારબર' સુધી એક તારનું દોરડું નાખવાની રજા મેળવી, કામ સરંજામ ઉતાર્યું હતું. તે પછી થોડીજ મુદતમા આ લાઇન ૮૩ મૈલ લંબાવી તે દરમ્યાન છ (૬) મથકો ઉધાડ્યાં હતા. તે પછી હિંદના ગવરનર જનરલ લોર્ડ ડેલહૌસીએ બોર્ડ-આવ ડીરેકટરને સમજાવી તારનું દોરડું કલકત્તેથી આગ્રા, આગ્રાથી મુંબઈ, મુંબઇથી મદ્રાસ અને પેશાવર સુધી નાખવાની રજા મેળવી હતી. થોડા વખત દરમ્યાન પ્રથમ ૩૦૦૦ મૈલના વિસ્તારમાં તારનું દોરડું નાખવામાં આવ્યું હતું અને ૧૮૫૫ માં ૪૧ તાર ઑફીસો ઉંધાડવામાં આવી હતી.

પ્રથમતો સરકારી સંદેસાજ તાર મારફતે મોકલવામાં આવતા હતા, પણ ૧૮૫૫માં પૈસા લઇ તેનો લાભ પ્રજાને પણ આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

૧૮૫૭માં માઈસોર, કલીકત અને ઉતાકામંદ સુધી તારનું દોરડું લંબાવી તેના વિસ્તારમાં વધારો કર્યો હતો. ૧૮૫૭ નાં બળવા વખતે સરકારે આ ખાતાંની બરી ખુબી પીછાણી હતી. બળવાખોરોએ ૭૦૦ મૈલના વિસ્તારનું તારનું દોરડું કાપી નાખ્યું હતું, તે છતાં સરકારે એજ લાઇનની મદદથી બળવાખોરોની હિલચાલથી વાકેફ થઇ તે માટેનો બંદોબસ્ત કર્યો હતો. આ વેળા તાર ખાતાનું ઉપયોગીપણું જણાતાં બીજે વર્ષે તેમાં ૨૦૦૦ મૈલનો વધારો કીધો હતો.

તે વેળા આ ખાતા મારફતે મોકલવામાં આવતા સંદેસા માટે એવો નિયમ રાખ્યો હતો કે ૪૦૦ મૈલ સુધી એક રૂપિયાનાં ૧૬ બોલ મોકલવા. તે પછીના વધારે તફાવત માટે પાછા બીજા ૧૬ બોલનો વધુ દર લેવો. વળી ટપાલ ઑફીસથી અર્ધા માઇલના છેટા સુધી મુફત તાર મોકલવામાં આવતો હતો, જ્યારે તેથી વધુ છેટા માટે દર માઇલે ચાર આના લેવામાં આવતા હતા. તે વેળા તાર મોકલનાર તથા લેનારના નામનાં બોલો માટે પણ પૈસા લેવામાં આવતા હતા. ફકત મોકલનાર તથા લેનાર ગામોનાં નામોજ મુફત ચાલવા દેવામાં આવતાં હતાં. વળી તે વેળા વેપારી તાર માટે બેવડો ભાવ અને સાઇફરના છુપી નિશાનીવાળા તાર માટે સાડાત્રણ ઘણો વધુ ભાવ આપવો પડતો હતો. બે મથકો વચ્ચેનો તફાવત ગમે તે હોય, પણ જો તારનું દોરડું આડું તીડું નાખવામાં આવ્યું હોય, તો તે હિસાબે દર લેવામાં આવતો હતો, નામો માટે પૈસા લેવામાં આવતા હતા; પણ 'ડૉકટર' 'કેપ્ટન' એવા શબ્દો માટે 'કાંઇ લેવામાં આવતું નહોતું'. આવો મામલો ૧૮૫૭ થી ૧૮૬૫ સુધી ચાલ્યો હતો. ૧૮૬૬ માં ભાવોમાં ફેરફાર કરવામાં આવ્યો જેની રૂહે ૧૦૦ મૈલના છેટા સુધીનાં દર વીસ બોલના આંઠ આના અને ૨૦૦ મૈલ સુધીનો રૂપીઓ એક લેવામાં આવતો હતો. ૪૦૦ મૈલ સુધીનાં છેટાનાં ૨૦ બોલનો રૂપિયો દોઢ આપવો પડતો હતો, જે પછીનાં તફાવત માટે દર ૪૦૦ મૈલે રૂપિયો એક આપવો પડતો હતો. ૬૦૦ મલના છેટાવાળા સંદેસા તાર ઑફીસથી ૫૨ બોલાં પોંહચાડવા માટેની ફી કાહાડી

નાખવામાં આવી હતી અને વધુ છેટાની ચાલુ રાખી હતી.

૧૮૬૮ માં ઉપલી કઢંગી રીત બંધ પાડી ગમે તેટલા લાંબા છેટા સુધી હિંદના કોઇ પણ ભાગમાં સંદેસા મોકલવાના ભાવ એક સરખા રૂપિયાનાં ૧૦ બોલને હિસાબે નક્કી કરવામાં આવ્યા અને ઘેરે તાર પુગાડવાની ફી કહાડી નાખવામાં આવી. નામ અને ઠેકાણા માટે માત્ર પૈસા લેવાની રૂઢી તોય ચાલુ હતી.

૧૮૭૦ માં નામ અને ઠેકાણા માટેના દર ત્રણ બોલે બે બોલ મફત લઇ એક બોલ માટેના પૈસા લેવાનું ઠેરવવામાં આવ્યું; આથી ગુચવણ ઉદ્‌ભવા કીધી, તેથી ૧૮૭૧ માં નામ અને ઠેકાણાનાં શબ્દો મુફત લેવાનું ઠેરવી રૂપિયાનાં ૧૦ બોલને બદલે ૬ બોલ નક્કી કીધાં. ૧૮૮૧ માં એવું ઠેરવવામાં આવ્યું કે ૬ બોલ પછીનાં વધુ બોલ માટે દર બોલે બે આના વધારે લેવા. ૧૮૮૨ માં મી० હોગો' 'અરજંટ,' ઓરડિનરી, - અને 'ડીફર્ડ' એમ ત્રણ જૂદા જૂદા ભાગના સંદેસાઓનાં વર્ગ નક્કી કર્યા, આ નવી ગોઠવણ પસંદ પડતી નિવડવાથી તે ચાલુ હતી અને જેમાં " તાકીદનાં " તાર માટે દર આંઠ બોલે ૩ ૨, ઑરડીનરીના ત્રણ બોલ ને તેથી ઓછા માટે ૩ ૧, અને ડીફર્ડ માટે આંઠ બોલે આંઠ આના ઠેરવેલા ચાલુ હતા. ને તેથી વધુ દર બોલને માટે ૧–૨ અને ૪ આના અનુક્રમે વધુ ઠેરવ્યા હતા. પણ ૧૯૦૪ થી તેનો અરધો અરધ ભાવ ઘટાડયો હતો.

૧૮૬૯ માં હિંદુસ્તાનમાં ટેલિગ્રાફ લાઇન ૩૦૦૦૦ મૈલ ફરી વળી હતી, ને ૧૮૯૯માં ૫૦,૦૦૦ મૈલના વિસ્તારમાં ફરી વળી તે માટેનાં ૪,૦૪૬ મથકો સ્થાપન કરવામાં આવ્યાં હતા. ઉપલા આગલા વર્ષોમાં ૩૦૦૦૦૦ સંદેસા દર સાલ મોકલવામાં આવતા ત્યારે ૧૮૯૯ ની ગણત્રી મુજબ તે વર્ષમાં ૬૦૦૦૦૦૦ સંદેસા મોકલવામાં આવ્યા હતા. આગળ તારખાતાંની વાર્ષિક આવક ઘણીજ નજીવી હતી પણ તે પછી (૧૮૬૯ પછી) દર વર્ષે ૧૦,૦૦૦૦૦ પૌંડની ઉપજ થવા માંડી છે.

સમુદ્રમાં તારનું દોરડું નાખ્યા પછી જૂદા જૂદા ખંડો સલંગ વેહવારથી જોડાયાં હતા. પ્રથમતો સમુદ્રમાં તાર નાખી દૂર દરાજ દેશો સાથે વેહવાર જોડી શકાશે તેનો ખ્યાલ ૧૮૫૦ સુધી કોઇને નહોતો; અને જે વિદ્વાનો એવો ખ્યાલ દર્શાવતા તે હસી કાઢવામાં આવતો; પણ ૧૮૩૯માં ડૉકતર ઓશૉગનેસીએ હિંદુસ્તાનમાં (કલકત્તામાં) અને ૧૮૪૨માં પ્રોફેસર મોર્સે અમેરિકામાં આ સૅંબંધી નાહના પ્રમાણમાં પ્રયોગ કરી જોયાં, અને તેમાં ફત્હે પામતાં ૧૮૫૧માં ડોવરથી કેલે સુધી તારનું દોરડું નાખવામાં આવ્યું; એજ સમુદ્ર માર્ગે તાર મોકલવાનો પેહેલો સાહાસ ગણાયો છે. પણ વિજળિક પ્રવાહના કમજોરપણાને લીધે અને તાર માહેલી ખામીને લીધે આ તાર જલ્દીજ નિરૂપયોગી થયો. આથી તે તારને રદ્દ કરવી પડી.

ઇંગલંડ અને ફ્રાન્સ વચ્ચે પ્રથમ સંદેશો દર્યા માર્ગે ૧૮૫૦ નાં ૨૮ મી ઑગસ્ટે શરૂ કરવામાં આવ્યો હતો. આ દોરડું ડોવર અને ક્રેપગ્રિસનેઝ વચ્ચે નાખવામાં આવ્યું હતું. તે દોરડું જેક્બ્બેટ નામે શખ્સે નાખવાનો પટો ૧૮૪૬ના વર્ષમાં લીધો હતો, જે વેળા ફ્રાન્સની ગાદી ઉપર રાજા લુઇ-ફિલિપ રાજ્ય કરતો હતો. તે પટો ૧૮૫૦ ના વર્ષમાં પાકો કરી આપવામાં આવ્યો હતો. જે પછીના ૩ મહિનાનાં અરસામાં દોરડું તૈઆર થયું હતું. જે કામ 'ચાર્લ્સટન વાલેસ્ટન' નામના એક એન્જીન્યરે બજાવ્યું હતું. તે પેહેલું નાખવામાં આવેલું દોરડું ટુંક જીંદગી ભોગવવા પામ્યું હતું, કારણકે 'બોલ્સો' ખાતેના એક માછી મારે તે દોરડાંને દરિયામાં પડેલો દરિયાઇ સાંપ સમજી કાપી નાખ્યું હતું. તે દોરડાંની લંબાઇ પચીસ દરિયાઇ માઇલ જેટલી હતી, અને તેનું દર મૈલે વજન ૪૪૦ રતલનું હતું. તેને દર ૬ મૈલને છેટે સીસાનાં વજનો લટકાવવામાં આવ્યાં હતા, જેથી તે દરિયાની સપાટીથી સરાસરી ૬૦ વાર જેટલું હેઠળ ડુબી રેહેલું હતું

૪. સ. ૧૮૫૮ માં મરહુમ મહારાણી વિકટોરિયા અને યૂનાઇટેડ સ્ટેટસના પ્રેસીડંટ 'બુચાન' ને પર્સપર મુબારકબાદીનાં તાર મોકલ્યા હતા. તે પછી ૮ વર્ષ સુધી નવા નવા અખતરા કરવામાં આવ્યા. ૧૮૬૬માં બીજા તાર નાખવાનો યત્ન કરવામાં આવ્યો, જે પછી દરિયાઇ તારો બધે નાખતાં હાલમાં ઍટલાંટિક મહાસાગરમાં ૧૪ તારની લાઇનો નાખેલી છે.

હિંદુસ્તાન અને યૂરપ સાથે તારમારફતે સલંગ વેહવાર ૧૮૫૯થી શરૂ થયો, પણ આ તાર જલ્દીજ રદ્દ થયો હતો, જેને ફરી સમારવાની મેહેનત નહિ લેવાથી હિંદુસ્તાન વચ્ચેનો વેહવાર વર્ષો સુધી ફરી તાર વગરનો રહ્યો હતો. તે પછી ૧૮૬૩ માં તૂર્ક સરકારે કૉન્સટન્ટીનોપલથી, એશિયામાઇનરમાંથી બગદાદ સુધી તાર લાઇન નાખી. ત્યારે હિંદુસ્તાનની સરકારે કરાંચીથી બગદાદ સુધી ઇરાનના અખાતમાંથી તાર લઇ જઇ એહને જોડી. આ તાર મારફતે મોકલવામાં આવતાં સંદેસા ઘણી વેળા અટકી પડતા હતા. આથી એક બીજી તાર લાઇન ઇરાનથી બુશાયર અને તેહેરાન માર્ગે બગદાદ સુધી ઇ. સ. ૧૮૬૫ માં ૨૭ મી જનેવારીમાં નાખી વેહેવાર શરૂ કર્યો હતો. તે પછી રશિયન સરકારે તિફ્લિસથી ઇરાનની હદ સુધી તાર લાઇન નાખી, અને ઇરાનના શાહે તેહેરાન સુધી વધારી. આ બેઉ માર્ગે સંલગ વેહવાર બરાબર રાખી શકાતો નહોતો, આથી ૧૮૭૦ માં ઇસ્ટર્ન ટેલિગ્રાફ કુંપનીએ સુએઝથી એડન સુધી ને પછી મુંબઇ સુધી તાર લાઇન નાખી. ઇંડો યૂરોપીયન કુંપનીએ ઇંગલંડથી જર્મની, રશિયા, કૉકેસસ પર્વત આંથી તેહેરાન સુધી લંબાવી હતી. આજ ઇસ્ટર્ન ટેલિગ્રાફ કુંપનીએ ચીનમાં પણ તાર-

લાઇન લંબાવી હતી. ત્યાંથી ઉત્તર એશિયામાંથી ઇંગલાંડ સુધી તાર મોકલી શકાય છે.

ઉપલી ગોઠવણથી હિંદુસ્તાનથી ઇંગલંડ તાર મોકલવાનાં ૩ માર્ગો વેહવારમાં આવ્યા. તેમાં સુએઝ માર્ગે અર્ધાથી વધારે સંદેસા મોકલવામાં આવે છે. તેહેરાન દ્વારે ઇંડો-યૂરોપિયન કંપની મારફતે ૩૭ ટકા, તુર્ક સરકારનાં તાર મારફતે ૩ ટકા, અને સુએઝ મારફતે ૬૦ ટકા સંદેસા મોકલવામાં આવે છે. તેહેરાન માર્ગે ઇંગલંડ સંદેસા મોકલવા ૫૯ મિનિટ થાયછે, તુર્કસ્થાન મારફતે ૧૫ અને સુએઝ મારફતે ૧૨ મિનિટનો વખત લાગે છે.

દુનિયા માહેલા જાણીતાં રાજ્યોમાં ટેલિગ્રાફ લાઇન ૧૮૮૦ માં (નીચે આપેલા કોઠામાં મૈલ દર્શાવ્યાં છે.) લંબાઇ હતી.

યૂનાઇટેડસ્ટેટસમાં	મૈલ	૧,૭૦,૧૦૩
રશિયામાં	,,	૫૬,૧૭૦
જર્મનીમાં	,,	૪૧,૪૩૧
ગ્રેટબ્રિટનમાં	,,	૨૩,૧૫૬
બ્રિટીશ હિંદુસ્તાનમાં	,,	૫૦,૦૦૦
ફ્રાન્સમાં	,,	૩૬,૯૭૦
આસ્ટ્રોહંગેરીમાં	,,	૩૦,૪૦૩
આસ્ટ્રેલિયામાં	,,	૨૬,૮૪૨
તુર્ક રાજ્યમાં	,,	૧૭,૦૮૫
ઇટલીમાં	,,	૧૫,૮૬૪

તારાયંત્રનું વર્ણન—તાર યંત્રમાં મુખ્ય કરી કામ બજાવનાર વિજળી હોય છે; જે રસાયનિક ક્રિયાથી ઉત્પન્ન થાય છે. તાર એ વિધુદ્વાહક છે. આંગળીને ઇજા થતાં ધમની યોગે જેમ માથામાં ઝણકારો લાગે છે તેમજ તારનાં એક ટોચને સ્પર્ષ કરતાં વિજળીયોગે બીજા છેડાને સમજ પડે છે. પછી તે બેઉ છેડા પરસ્પરથી ગમે તેટલાં દૂર હોવા છતાં ત્યાં મોકલેલા સંદેસા તરત પોંહચી વળે છે. એટલુંજ નહિ પણ જેવો ધાતુનો અવાજ કાઢીએ તેવો તે બીજા તરફ નિકળે છે. આજ તત્વ ઉપર સર્વ તારા યંત્ર ચાલે છે. આ હસ્તકૃત વિજળી આપણને જૂદી જૂદી

ધાતુઓ ઉપર જૂદા જૂદા ખારો અથવા તેજાબનાં રસાયનિક કાર્ય (Chemical Action) થી મળે છે. મુખ્ય ધાતુ સોતું, રૂપું, ત્રાંબુ, પ્લાટિનમ અને જસત છે, અને મુખ્ય ખાર સલ્ફેટ ઑવ કૅાપર (મોરથુથુ) અને મુખ્ય તેજાબ ગંધક તથા સુરાખાર છે. મુખ્ય કરી ત્રાંબુ અને જસત સસ્તું હોવાથી બધે વપરાય છે. કોઇપણ વિજળી ઉત્પન્ન કરનાર યંત્રમાં ત્રાંબુ અથવા પ્લાટિનમ—જસત અને ગંધક અથવા સુરાખારનાં તેજાબનું પાણી હોયછે. તેજાબનું પાણી જસત ઉપર રસાયનિક કાર્ય ચલાવે છે, જેથી તે ધાતુ કાટ ખાય છે અને તેજાબનું પાણી ઑકસિજન તથા હાઇડ્રોજનમાં વેંહેંચાઈ જાય છે. ઑકસિજન જસત સાથે મળી જઇને ઑકસાઇડ ઑવ ઝીંક ઉત્પન્ન કરે છે, તે તેજાબ અને બીજી ચીજોનો બનેલો હોય છે; તેની સાથે મળી જઇને જો તેજાબ ગંધકનો હોય તો સલ્ફેટ ઑવ ઝીંક અને સુરાખાર હોય તો નાઇત્રેટ ઑવ ઝીંક બનાવે છે. એ ખાર જેવો બને છે તેવોજ પાણીમાં પિગળી જાયછે અને હાઇડ્રોજન ત્રાંબાપર એકઠી થઇને પછી પરપોટાનાં આકારમાં બાહેર નિકળી જાય છે. આ તેજાબનાં જસતની અસરથી વિજળિક પ્રવાહ ઉત્પન્ન થાય છે.

આ યંત્રમાં વપરાતી બેતરીઓ તરેહવાર હોય છે. જેવી કેઃ—તેમાં પ્રથમ બનાવેલી બેતરી Volta ની જાણીતી હતી, જેને Voltaic Pale કહે છે. તે પછી 'ડેનિયલ બેતેરી, બુનસન બેતેરી, ગ્રોવ બેતેરી, લેક લાનશિબેતેરી અને મિનોતો બેતરી જાણીતી થઇ હતી. હાલમાં જે બેતરી વપરાય છે તે Minottoscell ને નામે જાણીતી છે, પણ ફ્રાન્સમાં 'ડેનિયલ બેતરી'નો ટેલિગ્રાફ ખાતામાં ઉપયોગ કરે છે. આ બેતેરીનું મુખ્ય બંધન આ છે;—એક મટોડીનાં વાસણમાં સર્વેથી નીચે તળીયામાં એક ત્રાંબાની રકાબી છિદ્રવાળી રાખેલી હોય છે, જેમાંથી Insutled તાર મથાળાં સુધી કાઢેલાં હોયછે. આ રકાબી પર મોરથુથુ મેલવામાં આવે છે જે ૧૨ થી ૨૪ ઔંસ હોય છે. તેપર લાકડાંનો વેહેર અથવા રેતી ભરેલી હોય છે અને તેમાં પાણી નાખે છે; જેનીપર જસતનો ગોળ કકડો મેળે છે.

આ વિજળિક પ્રવાહ મુખ્યકરી ધાતુઓમાં તથા પાણીમાં પોતાનો પ્રવેશ કરી શકે છે, જેથી ધાતુઓને Conductors કરી કહે છે, અને જે ચીજોમાંથી પ્રવેશ કરી શકાતા નથી તેઓને Non-conductors કહે છે, જેમા મુખ્ય રાળ, મીણ, કાચ, કોરી, રેશમ, ૨, લાકડું, ઇંડીયા રબર અને સૂકી હવા છે, એમને બીજી રીતે Insulators કહે છે. અને તારનાં યંત્રમાં કોઇપણ બે ધાતુઓ વચ્ચેનો સંબંધ આમાંની કોઇપણ ચીજથી છુટો પડે તો તેને Insulated કહે છે.

ટેલિગ્રાફ ઑરીસમાં એક ઘડિયાળ જેવું યંત્ર હોય છે, તેમાં તાર લાવી જોડે છે. તેની બાહેરની બાજુએ એક હાથો હોયછે, તેનાથી બે શબ્દો ઉત્પન્ન થાય છે. એક 'હ્રસ્વ' અને બીજો 'દીર્ઘ.' હાથો હળવે હિલવ્યો હોય તો હ્રસ્વ ઉત્પન્ન થાય છે, અને સેહેજ જોશથી હિલવતાં દીર્ઘસ્વર ઉત્પન્ન થાય છે. હ્રસ્વ સ્વરનો ઉચ્ચાર 'ટ્ક' એવો થાય છે, અને દીર્ઘ સ્વરનો ઉચ્ચાર 'ટક્ક' એવો થાય છે. તમામ તારબાતમીનો આધાર આ બે શબ્દો ઉપર છે, જ્યારે જોઇએ ત્યારે 'ટ્ક ટ્ક, ટક્ક, ટક્ક, ટક્ક એવા બે ઉચ્ચાર થાય છે. તાર ઇંગ્રેજી લિપિમાંજ મોકલી શકાય છે. ઇંગ્રેજી મૂળાક્ષરોમાં આ માત્રા કાના વગેરે ચિન્હો અને જોડાક્ષરોની કશી કડાકુટ હોતી નથી.*

* સંદેશાનો પ્રવાહ દેખાડનારા યંત્રો અને પ્રવાહથી વાગતાં યંત્રો હોય છે, તેમાં દેખાડનારને Indicators અને વાગતા યંત્રોને Sounders કહે છે.

Indicators માં Needle Instrument મુખ્ય હોય છે.

નીચે દર્શાવેલી નિશાનીમાં હ્રસ્વ સ્વર–એટલે 'ટ્ક' (૦) માટે મીંડું અને દીર્ઘ સ્વર માટે–એટલે 'ટક્ક' માટે—રેખા સમજવી.

A ૦ —	H ૦ ૦ ૦ ૦	O— — —	V ૦ ૦ ૦ —
B ૦ —૦ ૦ ૦	I ૦ ૦	P ૦ — — ૦	W ૦ — —
C — ૦ — ૦	J ૦ — — —	Q — — ૦ —	X — ૦ ૦ —
D — ૦ ૦	K — ૦ —	R ૦ — ૦	Y — ૦ — —
E ૦	L ૦ — ૦ ૦	S ૦ ૦ ૦	Z — — ૦ ૦
F ૦ ૦ — ૦	M — —	T —	
G — — ૦	N — ૦	U ૦ ૦ —	

જોડાક્ષરો.	અંકો.	
A (æ) ૦ — ૦ —	(1) ૦ — — — —	(6) — ૦ ૦ ૦ ૦
O (œ) — — — ૦	(2) ૦ ૦ — — —	(7) — — ૦ ૦ ૦
U (ue) ૦ ૦ — —	(3) ૦ ૦ ૦ — —	(8) — — — — ૦ ૦
Ch — — -- —	(4) ૦ ૦ ૦ ૦ —	(9) — — — — ૦
	(5) ૦ ૦ ૦ ૦ ૦	(10) — — — — —

ચિન્હો.	
૦ ૦ ૦ ૦ ૦ ૦	પૂર્ણવિરામ.
૦ — ૦ — ૦ —	અલ્પવિરામ.
— ૦ — ૦ — ૦	અર્ધવિરામ.
૦ ૦ — — ૦ ૦	પ્રશ્નચિન્હ.
— ૦ — — ૦ —	કાંઉસ.
— ૦ ૦ ૦ ૦ —	"ડૅશ."
૦ — ૦ — ૦	અંત.
— ૦ — ૦—	શરૂ કરવું.

આ જે સંદેસો લખાય છે તે ઉપર જણાવ્યું તેમ લખાતો નથી પણ જૂદી જૂદી રીતનાં વિજળિક રેલા કાગળ ઉપર ચિતરાય છે, જેમાં મુખ્ય મીંડું (Dot) અને કાપો (Dash) છે, કેટલાક યંત્રમાં મીંડાને જગે નાહના કાપા દોરાય છે. આ લખવાની રીત બે યંત્રોમાં જૂદી જૂદી છે. 'મોર્સ'ની રીત અને 'સીંગલ નિડલ ઇન્સ્ત્રૂમેંટ'ની રીતમાં ફરક એટલોજ છે કે 'મોર્સ'માં જ્યારે નાહનો કાપો યા મીંડું લખાય છે ત્યારે સીંગલનિડલ ઇન્સ્ત્રૂમેંટમાં (\) તિરકસ નાહનો કાપો લખાય છે, ને મોર્સમાં લાંબો કાપો દોરાય છે. તેમજ સિંગલ નિડલ ઇન્સ્ત્રૂમેંટમાં મોટો અને ઉલટી દિશાભણીનો આડો (/) કાપો ચિતરાય છે. સિંગલ નિડલનાં યંત્રમાંની સોયના ઉપલા છેડાની ડાબી બાજુની ઠોક (⟍) તે "મોર્સના" મીંડાને મળતી આવે છે અને તેજ સોયની જમણી બાજુની ઠોક (/) મોર્સના મોટા કાપ(—) ને મળતી આવે છે.

આ સંદેસા લખવા માટે 'ઇલેકત્રો મેગનેટ' વપરાય છે, જેની આસપાસથી વિજળી પસાર થાય છે. એક ધાતુની ચીપ (Armature) ની તરફ ખેંચાય છે, આથી એક આખો ચકરાવો બને છે. જેથી સંદેશો મોકલ્યો હોય તે શબ્દે શબ્દ અને અક્ષરે અક્ષર એક કાગળનો કટકો જે એક પાસેના ચક્કર ઉપર લપેટાયલો હોય છે તેની ઉપર લખાય છે. આ અક્ષરો ખાસ સાહીથી લખાય છે.

વિજળિ એ બે પ્રવાહની મેળવણીથી બનેલી છે, જે બેની ખાશીયત એકમેકથી ઉલટી છે. એટલે જો બે એક જાતનાં પ્રવાહ લઇએ તો તે લોકો એકએકને દૂર કરશે અને સાથે મળશે નહિ. પણ બે જૂદી જૂદી જાતનાં હશે તોજ સાથે મળશે. એ બે પ્રવાહને પૉઝેટિવ (Positive) અને નેગેટિવ્હ (Negative) કહે છે. એટલે જે પ્રવાહ યંત્રમાં ત્રાંબા અથવા પલાટિનમમાંથી નિકળે છે તેને પૉઝેટિવ અને જે જસતમાંથી નિકળે છે તેને નેગેટિવ્હ કહે છે. એને સાધારણ રીતે 'ઇલેકટ્રિક કરન્ટ' કહે છે.

વિજળિક પ્રવાહની ખાશીયત મુજબ તે પોતાનો ચકરાવો (circuit) કોઇ પણ રીતે પુરો કરે છે. એટલે જો તેને એક ઠેકાણેથી મોકલવામાં આવે તો પાછો તેજ ઠેકાણે આવે છે. આ સબબથી દરેક યંત્રનો નેગેટિવ પોલ— જસતનો તાર જમીનમાં જોડેલો હોયછે, જેથી પ્રવાહ પૉઝેટિવ પોલ અથવા ત્રાંબાના તારમાંથી—જ્યાંથી પણ મોકલીએ ત્યાં જઇને જમીનમાંથી થઈને નેગેટિવ્હ વાયર માર્ગે પાછો પોતાનાં યંત્રમાં આવે, એમ જો એને ચકરાવો પુરો કરવા દેવામાં નહિ આવે તો તે કામમાં આવી શકે નહિ. આ જમીનમાં સાથે જોડેલા તારને—Earth connection કરી કહેવામાં આવે છે અને તે અતિ અગત્યનો છે.

તાર (Wire) જોગે વિજળિક પ્રવાહ લઈ જવામાં આવે છે તેમાં મુખ્યકરી ત્રાંબા તથા લોઢાનાં તાર વપરાય છે. ત્રાંબાનો તાર જ્યારે મોધો પડે છે ત્યારે લોઢાનો સસતો પડે છે. પણ ત્રાંબાના તાર માર્ગે એક વિજળિક પ્રવાહ ૧ સેકંડમાં ૧,૨૦,૦૦૦ મૈલ જઇ શકે છે ત્યારે લોખંડના તારમાંથી વિજળિક રેલો ૧ સેકંડમાં ૬૨૦૦૦ મૈલ જઈ શકે છે. મુખ્યકરી લોઢાનાં જે તાર વપરાય છે તે તાર ૬ ઇંચ જાડા હોય છે, જેમ તાર જાડો હોય તેમ પ્રવાહ વધારે ઝડપથી જઈ શકે છે. આ તાર ઉપર કાટ નહિ ચઢે તે માટે તેની ઉપર 'ગાલ્વેનાઇઝડ' એટલે જસતનું પડ ચઢાવવામાં આવે છે, પણ ખુદ મથકમાં વપરાતો તાર ત્રાંબાનો હોઇ તે $\frac{1}{16}$ ઇંચનો હોય છે. આ તારને ગરમ ઇંડિયા રબરમાં બોળી કાઢીને તેનું પડ ચઢાવે છે, અને તેની ઉપર કપડું વિંટાળેલું હોય છે, તેમ તે કપડાં ઉપર મીણ ચોપડેલું હોય છે જેથી બે અથવા ત્રણ તાર સાથે થઇ જાય તો તેમાંનો પ્રવાહ ભેળાઈ જાય છે.

આ તાર જેમ જુના થાય છે તેમ તેમાંથી વિજળિક પ્રવાહ અતિ ત્વરાથી વહે છે.

તાર મારફતે વિજળિક પ્રવાહ ધારેલે મુકામે તાર દ્વારાએ મોકલવામાં આવે છે, પણ જો તેને જમીન સાથે સંબંધમાં આણ્યો હોયતો ધારેલે ઠેકાણે જઈ શકે નહિ યા ગેરવલે જાય તેથી તેને જમીનથી અધર થાંભલાઓ ઉપર જોડે છે, ને તે થાંભલા તથા તારનો સંબંધ Insulated કરવા માટે થાંભલાને કોરીનાં પ્યાલાં જોડી તેને વિંટાળી બીજા થાંભલાનાં એવાજ સાધનને જોડી તાર લંબાવે છે, ત્યારે જમીનમાંથી લઈ જવામાં આવતા તારને જસતની નળીમાં પોઈ તે વાટે દૂર વેર જોડી સબંધ ચલાવે છે.

સમુદ્ર માર્ગે 'તાર લાઈન' નાખવા માટે વપરાતો તાર Insulated Wire નો હોઇ તેમને એકત્ર કરી સાથે લપેટી તેની ઉપર સણનું દોરડું વિંટાળી તેની ઉપર તીખા લોઢાનો તાર વિટાળેલો હોય છે, ને તેને છેક ઉંડાણમાં નાખતો લઈ જવામાં આવે છે. ઇ. સ. ૧૮૫૭ માં ઍટલાંટિક મહાસાગરમાંથી એક તારલાઇન નાખવા માટે કુંપની સ્થાપન થઈ તેણે ૧૮૫૮ માં આયરલંડથી ન્યૂફાઉંડલેંડ સુધી ૨૦૫૦ મૈલ લંબાઈની અને દર ચૌરસ મૈલે ૧ ટન વજનની તાર નાખતા જઇ સલંગ વેહવાર ફતેમંદી સાથે પાર ઉતાર્યો હતો. વધારે મજબૂત તારનાં દોરડાં દર મૈલે ૩૬૦ રતલ નાખવામાં આવે છે; જેની પાછળ દર મૈલે ૭૫૦૦ રૂપ્યાનો ખર્ચ બેસે છે.

ટેલિગ્રાફનાં યંત્રો—Single Needle Instrument (સિંગલ નિડલ ઇન્સ્ટ્રૂમેંટ) આ યંત્રનો દેખાવ સાધારણ ઘડિયાળ જેવો હોય છે. આ ઘડિયાળમાં ઈંગ્રેજી મૂળાક્ષર ગોઠવેલાં હોય છે. તેનો ઉપલો ભાગ જે સોય છે તે કેમ ફરે છે તે જણાય છે અને એજ બાહેરની સોયની બરાબર સમાંતર એક બીજી સોય હોય છે, જે એક ઘરી ઉપર ફરે છે, તેની આસપાસ તારનું ગુછડું વિંટાળેલું હોય છે. હવે જ્યારે આ ગુછડામાં પ્રવાહ આવે છે ત્યારે આ સોય મેગનેટિક ગતિથી ફરે છે અને તેથી બાહેરની સોય જે લોઢાંની છે તે ફરે છે. જો પ્રવાહ પૉઝેટિવ્હ અથવા નેગેટિવ્હ હોય તો સોય જમણી કે ડાબી બાજુએ ફરે છે અને એ મુજબ જમણી ડાબી તરફ ફરતાં અક્ષરની નિશાનીઓ માલમ પડે છે. આ યંત્ર તે 'વર્ટિકલ ગેલ્વાનોમિટર' છે, જેમાં ટાંગેલી એ લોહચુંબકની સોય વિજળિક રેલાથી ફરફર કરી શકે છે. પણ આ રેલો તે યંત્રની બાહેરની બાજુએ જે સોય હોય છે તે ઉપર અસર કરી શકતો નથી, પણ તે દર્શક ઈન્ડેક્ષ છે. આ બાહેરની સોયનો ઉપયોગ 'ગૅલ્વાનો મિટર' ઉપરની અક્ષરમાળા વાંચી સંદેશો સમજી શકવા તરફ કરવામાં આવે છે.

કૉમ્યૂનિકેતર (communicator) એનો બીજો ભાગ જે બાહેરથી એક હાથા જેવો દેખાય છે તેની અંદરની બનાવટ લગાર ચુંચવણ ભરી હોય છે. એક હાથીદાંતના કડકાને ૮ ધાતુનાં સાધનો હોય છે, તેને ૮ તારથી એ પ્રમાણે જોડયામાં આવે છે. ૧–અપ લાઇન, ૨—ડાઉન લાઇન, ૩—યંત્ર, ૪—અપ અલારામ, ૫—ડાઉન અલારામ, ૬—પૉઝિટિવ પોલ, ૭—નેગેટિવ પોલ અને ૮—જમીન સાથે. વચમાં એક ઘરી ઉપર બે કાંટા હોય છે જે સર્વ ભાગોપર ફરી શકે છે:–અને એક બીજો કાંટો પૉઝિટિવ અને નેગેટિવ પોલને જમીન સાથે જોડવાને કામ લાગે છે. જ્યારે યંત્ર કામ કરતું ન હોય ત્યારે કાંટા લાઇન તથા અલારામ સાથે જોડેલાં હોય છે, જેથી આવતા પ્રવાહથી અલારામ વાગે છે. પછી તે ઠેકાણેનો ધણી કાંટાઓને લાઇનપર અને યંત્રપર જોડી દે છે જેથી આવતો પ્રવાહ યંત્રમાં માલમ પડે છે. પ્રવાહ મોકલતી વેળા પૉઝિટિવ અથવા નેગેટિવ્હ પોલ અને લાઈન સાથે સંબંધ રાખે છે, જેથી પ્રવાહ બીજા યંત્રમાં જાય છે અને ત્યાંનુ અલારામ વગાડે છે. આ રીતે એક સ્ટેશન ઉપરનાં યંત્રમાંની 'ટેપર' બીજા સ્ટેશન ઉપરનાં બીજા યંત્રની 'ટેપર' હલાવે છે, જે રીતે સંદેશો પોંહચાડી શકાય છે. એ ટેપર કાંઇજ નહિ પણ એક જાતનો ઉપર નીચે થતો હાથો (Lever) છે, જે દાબવાથી ચકરાવો બંધાય છે. પણ આ યંત્રથી જોઇતી રીતે કામ થવાને બદલે અગવડ એ પડે છે કે સોયની ગતી જોવા તેમ લખવા એમ વધુ માણસ રાખવા પડે છે, પણ એમાં માર્સે સુધારો કરી ૧૮૩૭માં આ નવી શોધ જાહેરમાં મેળી, જે જાતનો ટેલિગ્રાફ હાલ ઘણો ખરો બધે ઠેકાણે છે. જેનું વર્ણન ઉપર આપ્યું છે.

" મોર્સ કી સાઉંડર " યંત્રમાં એક લાકડાનાં અથવા ઇંડિયા રબરના કકડાપર પિત્તળની પટી જડેલી હોય છે જેને સ્ક્રૂનાં સંબંધો હોય છે. વચલી પટીપર હાથો જડેલો હોય છે અને એક કમાનથી કરીને તેની અને છેડેની પટીને સંબંધ રહે છે. આગલી પટીમાં 'બેટરી'નો પૉઝેટિવ પોલ જડેલો હોય છે અને વચમાંની લાઈન સાથે જડે છે જેથી પ્રવાહ લાઈન પર જાય. એટલે કે આ હાથો આપણે દાબિએ તો પેહલી પટીમાંથી પ્રવાહ બીજી પટીમાં થઇને લાઇન પર જાય. ત્રીજી પટીને સાઉન્ડર અથવા 'રીલે' (Relay) ના સંબંધમાં મુકેલી હોય છે. જેથી આવતો પ્રવાહ હાથમાંથી થઇને તેમાં થઇને યંત્રમાં જાય છે, અને તેને વગાડે છે. હાથાના છેડાને

પ્લાટિનમ જડેલું હોય છે જેથી તે જલ્દી ઘસાઈ જાય નહિ અથવા કાટ ખાઈને બરાબર મોકલી શકે નહિ.

સાઉન્ડરનાં (sounder) મુખ્ય ચાર ભાગ છે, ૧—ઈલેકટ્રોમેગનેટ, ૨—ઉપલો હાથો, ૩—નીચલો હાથો અને ૪ થો-વાગવાનો હાથો. એ સર્વેનો સંબંધ સ્ક્રૂથી જોડેલા હોય છે. વિજળિક પ્રવાહ ગુચ્ચડામાં જાય છે તેથી 'મેગનેટ' માં ગતિ આવે છે અને બીજા છેડા વડે જમીનમાં જાય છે. ગતી આપવાથી ઉપલો હાથો ખેંચાય છે, તે નીચલા હાથાપર અથડવાથી વાગે છે અને જ્યારે વાગતો નહિ હોય ત્યારે ઉપલા હાથા ઉપર અટકી પડે છે.

રીલે (Relay)—આ સાઉન્ડર વાપરવા પછી માલમ પડયું કે દૂરથી આવતો પ્રવાહ એટલો નબલો પડી જાય છે કે સાઉન્ડર બરાબર વાગી શકતું નથી, તેથી બને તો બેટરી વધારવી, અથવા તો એવું યંત્ર બનાવવું જે નબળામાં નબળા પ્રવાહથી કામ કરી શકે અને તેની મદદથી આ યંત્ર વાગી શકે. આવું યંત્ર Messrs; Simens અને Hamskes બનાવવામાં ફતહે પામ્યાં, જેને 'રીલે' કહે છે. એમાં એક "હૉર્સ—શોમેગનેટ" ઉપર ગુચ્છડું વિંટાળેલું હોય છે અને તેના બે છેડાપર બે ઈલેકટ્રો મેગનેટ મુકેલા હોય છે, અને એક સોય મેળેલી હોય છે, જેની ચાલ બે સ્ક્રૂ વચ્ચે અટકે છે. જ્યારે હાલે નહિ ત્યારે એક સ્ક્રૂ ઉપર પડી રહે છે, જેનો છેડો 'અકીક' નો બનેલો હોય છે, અને બીજા સ્ક્રૂનો છેડો એક બેટરી જેને Local કહે છે તેના પૉઝેટિવ્હ પોલ સાથે હોય છે. એમાં 'પરમિનન્ટ હૉર્સ શોમેગનેટ'નો છેડો પૉઝેટિવ અને બીજો નેગેટિવ્હ હોય છે. જો પૉઝેટિવ્હ પ્રવાહ મોકલ્યો હોય તો પૉઝેટિવ્હ પોલમાં પૉઝેટિવ્હ ગતી આવવાથી બે પૉઝેટિવ્હ થશે. તેથી પેલી સોયને પોતા તરફ ખેંચવાને બદલે દૂર કરશે અને "નેગેટિવ્હ" તથા 'પૉઝેટિવ્હ' આવ્યાથી તે સોયને પોતા તરફ ખેંચશે જેથી સોય હાલશે, આ ગમે તેવા નબળા પ્રવાહથી પણ કામ કરી શકે છે, પ્રવાહ ગુંચડામાં આવી સોયને હટાવી જમીનમાં જાય છે, સોય જ્યારે હાલે છે અને બીજા સ્ક્રુના છેડાપર અથેડે છે-જે લોકલ બેટરી સાથે જોડેલો હોય છે તેમાંથી પ્રવાહ લઇને તે પ્રવાહ સોયમાંથી થઈને હાથામાં આવેછે અને તેનો છેડો સાઉન્ડરના coil નાં એક છેડા સાથે જડેલો હોવાથી તે સાઉન્ડર વાગે છે, અને એ બીજે છેડે થઈને પાછો પોતાની બેટરીમાં આવે છે.

વ્યવ્હાર—બે મથકોમાં સાધારણ કામ કરવા માટેનાં યંત્રનાં સાધન કાંઈ ગુચવણ ભર્યાં નથી. 'કી'ની પેહેલી પટી બેટરીનાં પૉઝેટિવ્હ પોલની વચલી લાઈન સાથે અને ત્રીજી 'રીલે'નાં મેગનેટના એક છેડા સાથે હોય છે. આવતો પ્રવાહ લાઇન ઉપરથી વચલી પટીને માર્ગે ૩ જી પટીમાં થઇને ત્યાંથી Relay માં જઇ સોયને હીલવીને જમીનમાં જાય છે. સોય હાલવાથી રીલેના બીજા સ્ક્રુમાંથી પ્રવાહ લઇને હાથને માર્ગે તે પ્રવાહ સાઉન્ડરના coil માં જાય છે અને તે વળાંકીને પાછો બેટરીમાં આવે છે; હવે એક લાઇન ઉપર બેથી વધારે મથકો હોય તો તે વચમાંના મથકોની સોધણ ગુંચવાડા ભરી હોય છે, જેને T. P. Connections કહેછે. T—એટલે મથક ૧થી નિકળેલો પ્રવાહ મથક ૨) અથવા ૩ જાનો ધંટ વળાંકે અને ત્યાં જમીનમાં જાય, પછી ત્યાંથી નવોજ પ્રવાહ લઇને સ્ટેશન ૪) જાય અને તે કોઈપણ શખસની મદદ વગર પોતાની મેળે થાય. P—એટલે જે મથક ૧, ૧) થી નિકળેલો પ્રવાહ ૨, અને ૩ મથકનાં યંત્ર વળાંકે અને પોતેજ સ્ટેશન ૪) માં જાય. આથી ૧ અને ૪ વચ્ચે શું ચાલે છે તે ૨ અને ૩ સાંભળી શકે, તથા બનેતો તેઓ વચ્ચેનો સંબંધ લખી શકે. આવા સંધેસા જોડવાને માટે એક યંત્ર કામ લાગે છે જેને

Switch કહે છે. જે લાકડાનાં કડકા ઉપર ૧૧ પિત્તળની પટી જડી લઈને બનાવેલો હોય છે, જે ૧૧ સાધનો જૂદા જૂદા T અને P ની વખતે જૂદા જૂદા સાધનોમાં જોડવા પડે છે. જેમકે T સાઉન્ડના લગતા હાથા સાથે D. Zinc સાથે S, Key ની વચલી પટી સાથે P. Working માં P Relay નાં coil સાથે Z. Battery સાથે અને E જમીન સાથે જોડેલાં હોય છે. આ સાધનોમાં કોઈ પણ એક બીજા સાથે પિત્તળનાં ખીલા (Plugs) ની મદદથી જોડાઈ શકાય છે.

ડુપલેક્ષ ટેલિગ્રાફ—એકજ તારમાંથી એક કરતાં વધારે સંધેસા એકજ દિશાથી અથવા પરસ્પર વિરોધી દિશાથી મોકલવાની યૂક્તિ ૧૮૫૩ માં ડૉ૦ જી૦ટલ નામના ઑસ્ત્રિયન ગ્રહસ્થે શોધી કાઢી. પ્રથમ બે સંધેસા ઉલટી દિશાએ મોકલવામાં ફતહે મેળવી હતી. વિએનામાંના સ્ટાર્ક નામે શખસે ૧૮૫૫ માં એકજ તારમાંથી એકજ દિશાએ એકજ વખતે બે સંધેસા મોકલવામાં ફતહે મેળવી. ૧૮૭૩ માં અમેરિકામાંના 'સ્ટર્ન' નામના ગ્રહસ્થે આવી રીતે સંધેસા મોકલવાનું એક ખાસ સંપૂર્ણ યંત્ર બનાવ્યું. આગગાડી ચાલતી હોય તેજ વેળા તેના તારમાંના સંધેસા આપતાં ને લેતાં આવે એ વિષેની શોધખોળ અમેરિકામાંના "આટ્લાન્ટા"થી "શાર્લોટી" સુધી કરી જોવામાં આવી હતી. આ યૂક્તિ યૂનાઈટેડ સ્ટેટનાં લશકરમાંના કેપ્ટન, સી. વિલિયમ્સ નામે ગ્રહસ્થે શોધી કાઢી તેનો પ્રસાર કર્યો હતો.

Lightening Discharger—કુદરતિ વિજળી જે વખતે વર્સાદ થઈ તોફાન થાય છે ત્યારે પડે છે. વિજળિક પ્રવાહની ગતિની ખાશિયત જેમ ઉપર દર્શાવ્યું તેમ બને તેમ જમીન ઉપર પોતાનો માર્ગ લેવાની છે; પણ આકાશમાંથી પ્રવાહ આવતાંજ જમીનમાં જવા આગમજ લાઈનમાંના તારપર પડે છે, અને એક વખત તાર ઉપર આવ્યા પછી તેને જમીનમાં જવાને માર્ગ મળતો નથી. શિવાય એકે પાસેના મથકનાં યંત્રમાં થઇને ત્યાંથી જોડેલાં જમીનનાં સંબંધમાંથી જમીનમાં જવું. આથી કરીને કેટલીકવાર પ્રવાહ એટલો સખત હોય છે કે તારના ગુચ્છાંઓને (coils) બાળી પિગળાવી નાખે છે. અને જો કોઇપણ કામ કરતા મનુષ્યનો હાથ યંત્ર ઉપર હોય તો તેને સખત ધક્કા કરે છે. આવી હાલતમાંથી બચવા માટે એક યંત્રની શોધ કરવામાં આવી જેને Lightening Dischargers કરી કહે છે. તેમાં એક પિત્તળની પ્લેટ હોય છે, જેના ઉપર બીજી પિત્તળની પ્લેટો ઉભી મેળવામાં આવે છે. નીચલી અને ઉપલી પ્લેટોનો સંબંધ Insulated હોય છે. નીચલી પ્લેટનો એક છેડો લાઈન સાથે અને બીજો છેડો યંત્ર સાથે જોડેલો હોય છે. ઉપલી અને નીચલી પ્લેટ વચ્ચે $\frac{૧}{૬૦૦}$ ઇંચ જેટલો તફાવત હોય છે. હવે જો પ્રવાહ ઘણો સખત હોય તો ઉપલી પ્લેટનાં એકથી બીજા છેડામાં જતાં તેમાંનો ઘણો પ્રવાહ નિચલી પ્લેટમાં થઇને જમીનમાં જાય છે. આથી જે પ્રવાહ યંત્રમાં જાય છે તે કોઇ પણ રીતે નુકસાન કરી શકતો નથી.

તારમાં થતી ખલલ અથવા વાંક શોધી કાઢવા માટે જૂદાં જૂદાં કાટલાં હોય છે. જેમાં જૂદા જૂદા તારો હોય છે. જેવું એક ૨૦) બીજું ૪૦) ત્રીજું ૬૦) ચોથું ૧૦૦) એટલા લાઇનનાં માપલ જેટલું હોય છે. હવે લાઇન ઉપર જતા પ્રવાહને બે ભાગમાં વેહેંચી નાખીને ૧ ભાગને "ગાલવેનો મિટર" માંથી લઇને લાઇનપર જવા દે છે, ને બીજાને બીજા "ગાલવેનો મિટર"માંથી થઇને આ કાટલાંમાંથી પસાર કરે છે, જેથી જેટલા તફાવત પર લાઇન બગડી હોય તે તરત માલમ પડે છે. દાખલા તરીકે જતી લાઇન ૨૦૦) મૈલ પર બિગડેલી છે તેથી જો આપણે એક "ગાલવેનો મિટર" લાઈન પર અને કાટલાંઓ સાથે મેલીએ ને બીજાને ૨૦ માઈલના તાર સાથે જોડીએ તો માલમ

પડશે કે લાઇનના "ગાલવેનેા મિટર" વધારે ફરે છે તેથી આપણને માલમ પડે છે કે કાંટલાં થેાડાં છે, આથી તેમાં થેાડાં થેાડાં કાટલાં ઉમેરતાં જઇ જ્યારે બેઉ બરાબર થાય ત્યારે તફાવત શેાધી કાઢી શકાય છે.

ટેલિગ્રાફ ખાતાંની જ્યૂબિલી ૪૦ સ૦ ૧૯૦૦ માં ૨૮ મી આગસ્ટે યૂરપમાં પાલવામાં આવી હતી.

તાર વગરનેા 'ટેલિગ્રાફ'—ઓગણીસમી સદીની આખેરીમાં તાર વગર સંદેસા મેાકલવાની શેાધ ઇટાલ્યન શાસ્ત્રવેત્તા "સીનેાર, માર્કેાની" અને "નિકેાલા ટેરલા"એ કરી હતી. આ બે વિદ્વાનેાને લાંબા વખતથી એવેા ખ્યાલ આવ્યેા હતેા કે તાર વિના વિજળિક પ્રવાહ હવામાંથી મેાકલી કાં નહિ શકાય ? આ ખ્યાલ ઉપર શાસ્ત્રીય રીતે શેાધખેાળ ચલાવી ઈ૦ સ૦ ૧૮૯૬ માં સીનેાર માર્કેાનિએ તેમાં ફત્તેહ મેળવી વિસમી સદીની શરૂઆતમાં તેમાં વધારે પૂર્ણપણે ફત્તેહ મેળવી પેાતાનાં યંત્રેા દ્વારે જગેજગ અખતરાઓ કરી બતાવી પ્રજાની તે વિષે સંપૂર્ણ ખાતરી કરી જૂદા જૂદા સરકારેા પાસથી ખાસ મદદ અને હક્કેા મેળવવામાં ફત્તેહમંદી મેળવી હતી. એની શેાધનેા મૂળ આધાર તત્વ બે છે. પેહેલું તત્વ પ્રેાફેસર મેકસવેલે સ્થાપન કરેલું છે. તે એ છે કે પાણી ઉપર કાંઇ ગેાળ પદાર્થ ગેાળાકાર નાખતાં, મેાજા બની તે ક્રમે ક્રમે મેાટાં થતાં જઇ છેક કિનારા વેર પેાંહચે છે." એજ મુજબ પ્રકાશ કિરણ પણ ફેલાવેા પામે છે, પ્રકાશની ગતિ દર સેંકડે ૧,૮૦,૦૦૦ મૈલ હેાઈ તે ગેાળાકાર રીતે ફેલાવેા પામે છે. પ્રકાશ કિરણ અને વિજળિક પ્રવાહ એ આ બાબતમાં સેહેજ પણ જુદાં પડયા નથી. વિજળિક ગેાળાકાર મેાજા એક ઈંચમાં ૩૦,૦૦૦ નિકળે છે. ઉપર જણાવેલેા તર્ક પ્રેાફેસર 'હર્સે' દાખલા દલીલથી સિદ્ધ કર્યું હતું, અને ત્રાંબાનું પત્રું ઉપયેાગમાં લઇ વિજળિક પ્રવાહ ગમે તેમ ફેરવી શકાય છે તેમ પેાંહચાડી શકાય છે, તેપણ પ્રયેાગ યેાગે સિદ્ધ કરી બતાવ્યું હતું. સિનેાર માર્કેાનીએ હાલની આડી ઉંભી તારેાને બદલે ઉભી લંબાન તારેા ગેાઠવી વિજળિક ગેાળ મેાજા ઉપર મેાકલતાં તેને બંદેાબસ્તી નળીઓ વાટે ગતિ આપી સંદેસા મેાકલવા માટે આ મેાજા ઉપયેાગમાં લીધા. આ યૂકિતથી ગમે તેટલા છેટા સુધી સંદેસા મેાકલી શકાય છે. એનાં અખતરા હિંદુસ્તાનમાં પ્રથમ ૧૯૦૧માં મુંબઈ, મીરત અને કાનપૂર દરમ્યાન ચાલુ કરવામાં આવ્યા હતા.

ટેલિફેાન—આ યંત્રની શેાધ ગઇ સદીની અધવચમાં થઇ હતી. આ ટેલિફેાન શબ્દ ટેલે=Through, across આડું=આરપાર અને (Phone) ફેાન યાને=બેાલવું ઉપરથી બન્યેા છે.

ટેલિફેાનની શેાધ આગમજ પ્રથમ રમકડા જેવું ટેલિફેાન બનાવવામાં આવ્યું હતું. તેમાં કાગજ, ધાતુ યા વાંસના બે ભૂંગળાઓને તેઓને માેઢાં ઉપર પાતળું કાગજ વળગાવી એક દેારીની મદદથી સામસામેા અવાજ મેાકલવામાં આવતેા. આવી રીતે અવાજ પેાંહચવાનેા સમજ એ છે કે, અવાજનાં હવામાં મેાજા ઉત્પન્ન થતાં તે ભૂંગળાના પતળાં કાગજ યાને 'ડાયફ્રામ' ઉપર અથડી દેારીમાં હીલચાલ ઉત્પન્ન કરી બીજે નાકે જઈ ડાયફ્રામ ઉપર અસર કરી પાછા હવાના મેાજા બનાવી અવાજ ઉત્પન્ન કરી શકતું. આ બચ્ચાંઓની રમતમાં વપરાતું ટેલિફેાન જોઈ વિદ્વાનેાએ શેાધખેાળ ચલાવી વાત કરવાની નળીઓ બનાવી. પણ આ નળી વાટે માત્ર ૧૨૦૦ વાર સુધીજ વાતચીત કરી શકાતી હેાવાથી તે શેાધ નકામી ગણાઇ; તેટલાં ટેલિગ્રાફની શેાધ થતાં ૪૦ સ૦ ૧૮૩૭ માં મી૦ વેજ નામે ગ્રહસ્થે અખતરા કરતાં એવું શેાધ્યું કે એક કકડાની આસપાસ રેસમ લપેટેલેા તાર (Insulated Wire) વિટાલીને તારમાંથી જો વિજળિક પ્રવાહ પસાર કર્યો હેાય તેા પેલા લેાખંડમાંથી 'કટ્' કરી અવાજ આવે છે. આ નજીવી

બાબદ ઉપર જૂદા જૂદા વિદ્વાનેાએ અખતરા કરી છેલ્લે તેમાં "રીસ" નામે જર્મન વિદ્વાને વિજળીથી ચાલતું એક ટેલિફેાન બનાવવામાં ૧૮૬૧ માં ફત્તેહ મેળવી. એના પછી મેાસ્રેા વૅાલાર્ડ અને ગાર્નાએ "Singing Condenser નામનું યંત્ર બનાવ્યું પણ તેમાંથી વાજીંત્રનેા અવાજ સ્પષ્ટ સંભળાતેા પણ મનુષ્યનેા અવાજ સંભળાતેા નહિ હેાવાથી વિદ્વાનેાએ ખંતથી તેની પાછળ મંડયા. સેવટે ૧૮૭૬ માં પ્રેાફેસર એલેક્ઝાન્ડ ગ્રેહેમ બેલે પેાતાના કીધેલા અખ્તરાનું વર્ણન જાહેરમાં મેળી સંપૂર્ણ ટેલિફેાન કેવેા જોઈએ તેની વિગત સમજવી તથા પેાતે શેાધેલા વિજળિક—લેાહચુંબકિક ટેલિફેાન'નું વર્ણન કીધું. આ સુધારા વધારાવાલા ટેલિફેાનમાં પણ તે પછી વધુ સુધારેા કર્યો. પણ તેટલાં બીજા વિદ્વાનેાએ જાહેરમાં આવી પેાતે પણ એવીજ શેાધ કરીછે એમ જણાવવા લાગ્યા. તેમાં મી૦ ગ્રે નામે ગ્રહસ્થે મેાહેાટેા દાવેા ઉઠાવી પેાતાના ટેલિફેાનને માટે પેટંટ માંગ્યું પણ તેનેા પ્રથમ શેાધનેા દાવેા નામંજુર રહેતાં તેને પેટંટ આપવામાં નહિ આવવાથી ટેલિફેાનના પેહેલા શેાધક તરીકેનું માન પ્રેાફેસર "બેલે"નેજ મળ્યું.

પ્રેાફેસર બેલે આથી ટેલિફેાનને સંપૂર્ણ હાલતે મેળવા માટે તેની પાછળ મહિનાઓ સુધી મંડી રહી ત્રીજું અને સંપૂર્ણ ટેલિફેાન જાહેરમાં મેળવ્યું. આ ટેલિફેાનમાં લિવર, સેાય વગેરેની આગલી અધુરી માથાકુટ કાઢી નાખી વિજળિક લેાહચુંબકને તેનાં ચુંચળાં સાથે 'માઉથપીસમાં' જડેલા લેાઢાંની પત્રીનાજ બનાવેલા ડાયફ્રામ આગળ કાગજ પુર જગ્યા રાખી ગેાઠવ્યું હતું. આથી પાંચ તુકડામાંજ આ માહા ઉપયેાગી યંત્ર બન્યું. એટલે પેહેલે એક લેાહચુંબકનેા સળીઓ, બીજું તે ઉપરનું તારનું ગુછડું, ત્રીજું લેાઢાનેા ડાયફ્રામ, ચેાથું બેાલવા યા સાંભળવાનું મેાઢું અને પાચમું એ સર્વેને એક ગેાઠવણમાં રાખનાર દાબડેા જે ગેાળાકાર બનાવેલેા હેાવાથી હાથા તરીકે પણ કામ આવે છે તે.

મી૦ બેલના એ ટેલિફેાન ઉપર બીજાઓએ પેાતાના સુધારા કરવા ચાલુ રાખી એકે ઘડિયાળ રેાકું ટેલિફેાન બનાવ્યું જેને 'તપકીરની દાબડીનું ટેલિફેાન' એવું નામ આપ્યું હતું. તેમાં લેાહચુંબકને નાળ જેવું વાળી તેનાં બેઉ પેાલેા ઉપર અફ્રેકું તારનું કાટલું બેસાડેલું હતું. આવી ગેાઠવણને લીધે અવાજ સ્પષ્ટ સંભળાતેા હતેા. તે પછી મેાસ્રેા ડાસેાવાલ' નામે વિદ્વાને પેાલાદની એક નાની પ્યાલી બનાવી, વચમાં છિદ્ર પાડી, લેાહચુંબકનેા એક છેડેા પ્યાલી સાથે જોડી બીજો છેડેા પેલા કાણાંવાટે અંદર ઘુસાડી તે ઉપર તારનું ગુછડું બેસાડવામાં આવ્યું હતું. આ યુકિતથી વિજળી-લેાહ ચુંબકના બેઉ છેડા ડાયફ્રામ ઉપર પેાતાનું જોર કરી શકવાને લીધેજ અવાજ સારેા સંભાળાઇ શકાતેા હતેા.

ઉપલા સુધારેલા યંત્રમાં પણ કેટલીક વેળા સ્પષ્ટ અવાજ નહિ આવવા માંડતા સાધારણ ઉપયેાગમાં આવતું બંધ પડયું હતું; આથી મી૦ હ્યુસ (Hughes) નામે વિદ્વાને એક એવું હથીયાર બનાવ્યું કે (૧૮૭૮માં) જેથી ઝીણેા અવાજ મેાટેા સંભળાવા લાગ્યેા.

હાલમાં વપરાતા ટેલિફેાનનાં "ટ્રાન્સ મિટર" પણ "માઇક્રેાફેાન" વાલાં હેાઇ તે સર્વે બ્લેકની શેાધ ઉપર બનાવેલાં છે. એમાં એક લેાખંડના ડાયફ્રામને રબરની ગેાળ ફરતી ધારમાં બેસાડી તે ઉપર વચમાં પ્લેટિનમની અણીવાળી એક સીધી કમાન ટેકવેલી હેાય છે. એ અણી કમાનમાં આરપાર બેસાડેલી હેાવાને લીધે જ્યારે તેની એક બાજુ ડાયફ્રામને લાગે છે ત્યારે બીજી બહાર રહે છે. આ બહારની અણી ઉપર કાર્બેાનની પાલીસ કીધેલી, ત્રણ દમડી જેટલાં કદની ચકતી ટેકે છે કે, જેને પણ એક સીધી કમાનમાં રબ્બરથી બેસાડેલી હેાય છે.

અણીવાળી કમાનને એક તાર અને ચકતી વાલીને બીજા તાર સાથે જોડવામાં આવે છે. એ 'બ્લેક ટ્રન્સ મિટર' દૂરનાં કામ માટે ઘણું ઉપયોગી થઇ પડયું છે. અને તેમાંથી આવતો અવાજ તદન સ્પષ્ટ હોયછે, એથી તે ઝાઝો વપરાસમાં આવે છે. સામાસામી ટેલિફ્રેાનો જ્યારે ચાલુ કામ માટે ગોઠવવામાં આવે છે ત્યારે એકમેકને ખબર કરવા માટે ઘંટ યા એવીજ બીજી કોઈ યુકિત રાખવી અવશ્યની છે. પેહેલે રિસીવરની ઉપર સિસોડી વાળી ભુંગળી મેલી સામી તરફથી પ્રવાહનાં આંચકાઓ આપી રણસીંગડા જેવો અવાજ કરી ધ્યાન ખેંચવામાં આવતું હતું. એ પછી બૅટરીથી વાગતો ઘાંટ કામમાં આવ્યો જેમાં એક ચાંપ દાબવાથી સામી તરફ ઘાંટરડી વાગતી. એ સઘળી હિકમતો લાંબા છેટા માટે નકામી પડવાથી સાધારણ ઉપયોગમાં આવી નહિ. હાલમાં જે રીત વપરાય છે તેમાં લોહચુંબકની અસરથી ઉત્પન્ન કરેલી વિજળી એક ખાસ ઢબ ઉપર બનાવેલા ઘંટને વગાડે છે. અત્રેનાં ટેલિફ્રેાનોમાં ઉપર એક ફેરવવાનો હાથો હોય છે, એ હાથો એક ચક્કરની મદદથી તાર લપેટેલા H આકારનાં "આર્મેચર"ને પોલાદનાં લોહચુંબકનાં પોલોની વચ્ચે ફેરવે છે. આથી 'આર્મેચરના' તારમાં ઉલટાસુલટી પૉઝિટિવ અને નૅગેટિવ પ્રવાહો ઉત્પન્ન થાય છે. એ પ્રવાહો બાહેરના તાર યાને 'લાઇન વાયર'ને માર્ગે સામી બાજુના ઘંટમાં દાખલ થવાની ગોઠવણ રાખેલી હોય છે, એ ઘંટની બનાવટ સાધારણ વિજળિક ઘંટથી જૂદી છે. અને એમાં એક 'ઈલેકત્રો મૅગનેટ'નાં પોલો આગળ લોહચુંબકવાળો આર્મેચર હોય છે જેને હથોડી જડેલી આવે છે. આ હથોડીની આસપાસ સેહેજ તફાવતે બે નાની ટકોરી યાને ઘાંટરડી બેસાડેલી હોય છે, આથી તેના વિજળિક લોહચુંબકનાં તારના 'મૅગ્નેટો ઇલેકત્રિક જૅનરેટર' સાથે જોડી સંચાનું આર્મેચર ઘુમાવ્યું હોય તો ઘાંટરડી જોરથી વાગવા માંડે છે. એનું કારણ એવું છે કે સંચાના ઉલટાસુલટી પ્રવાહો ઘંટના વિજળિક—લોહચુંબકમાં ઉલટીસુલટી પોલો બનાવે છે, જેથી જ્યારે તેના હથોડીવાળા લોહચુંબકીક આર્મેચરના ઉત્તર પોલ આગળ વિજળિક લોહચુંબકનો ઉત્તર પોલ થાય છે ત્યારે તે વિજળિક કાયદાને અનુસરી હઠી જાય છે અને એક તરફથી કટોરી ઉપર હથોડી ફટકો મારે છે. એવીજ રીતે જ્યારે પ્રવાહના ઉલટાવાથી ઇલેકત્રો-મૅગ્નેટ' પોલ બદલે છે ત્યારે હટાણને બદલે ખેંચાણ થાયછે, જેથી હથોડી બીજી કટોરી ઉપર ટકોરો આપે છે. એ જાતનાં ઘંટને "ઑલ્ટરનેટ કરંટ બૅલ" કહે છે અને તે અતિ લાંબા છેટા ઉપર પણ ચાલી શકે છે.

ચાલુ ટેલિફ્રેાનમાં એવો ઘંટ દાખલ કરવાને લીધે બાયકોફ્રેાન ચલાવવાને જોઇતી એક બૅટરી સિવાય બીજી બૅટરીની જરૂર પડતી નથી. હાલમાં એ કામ માટે ઘણું કરીને "લકલાંશે બૅટરી' (Le clanché Battery) વપરાય છે. એમાં કાચના એક વાસણમાં જસતનો સળીઓ મેલી તેની બાજુમાં તેને લાગે નહિ તેવી રીતે કાર્બોનનો એક ચપટો સળીયો રાખી તેની ઉપર બે બાજુએ કાર્બોન તથા "મૅન્ગેનિસ ડાયોકસાઇડ" નામે કાળી વસ્તુનાં ગંધકનો તેજાબ તથા ગુંદર સાથે મેળવી સંચામાં દાબી કાઢેલાં બે ઢેફાં રબરની પટીઓથી સંબંધમાં રાખે છે. તેનાં વાસણમાં નવસાગરનું પાણી ભરેલું હોય છે, એ રીતે હાલનાં ટેલિફ્રેાનમાં સહુથી ઉપર મૅગ્નેટો—જૅનરેટર તથા ઘંટ, નીચે નાહના ચોરસ દાબડામાં 'બ્લેક ટ્રૉન્સમિટર' અને તેની નીચે 'લકલાંશે બૅટરી' ની ગોઠવણ કરેલી હોય છે. ટ્રૅન્સમિટરના દાબડામાં લાંબા છેટા માટે વિજળી પહોંચાડવા સારૂ એક નાહનો "ઇન્ડકશન કૉઇલ" પણ હોય છે. ટેલિફ્રેાનમાંથી જે તાર નિકળે છે તે કાચના 'ઇન્સ્યુલેટર' ઉપર થઇ વડી ઑફીસમાં જાય છે, એ ઑફીસમાં દરેક

ઘણીને અકેક નંબર આપી તેનો તાર અકેક નાના યંત્ર સાથે જોડેલો હોય છે, જેથી બોલાવવા માટે ઘણી પોતાનો વિજળીક સંચાનો હાથે ફેરવેતો વડી ઑફીસમાં તરતજ તેનો નંબર જાહેર થઇ ઘંટ વાગે છે. એ નંબરવાળા યંત્રમાં એક નાહનું વિજળિક લોહચુંબક તથા તેનો આર્મેચર હોય છે જે એક ટેસથી ધાતુનાં નાહના પેડદાને પકડી રાખે છે, પણ અંદર વિજળિક પ્રવાહ આવતાંજ આર્મેચર ખેંચાવાને લીધે ટેસી છટકી પરદો ઉઘડી જાય છે જેથી ઝટ તેનું નંબર જણાય છે. આ પરદો પડવાથી બે ચાંપ સાથે દબાવાને લીધે ઘંટ વાગે છે. એ યંત્રને 'ડ્રૉપઇન્ડીકેટર' કહે છે. પરદો પડવા બાદ તેને બંદ કરી વડી ઑફીસ ઘણીને કયો નંબર વાત કરવા માટે જોઇએ છે તે પુછી લઈ તેની સાથે બીજા ઘણીનો તાર એક ચાંપથી જોડી આપે છે. વાત ખતમ થયા પછી ત્રણ આંટા મૅગ્નેટો મશીનનો હાથો ફેરવવાથી વડી ઑફીસ તારો છોડી નાખે છે.

હાલમાં આ યંત્ર યૂરપ, અમેરિકા, હિંદુસ્તાન અને એશિયાના ઘણા ભાગોમાં જાણીતું થયું છે. તેમાં સુધરેલા આગેવાન દેશોમાં તો તે સાધારણ છે. યૂરપમાં આ યંત્રનો ફેલાયેલો પ્રસાર થયો છે તે વિષે એવી ગણત્રી કાઢેલી છે કે:—લંડમાં ૧૦,૦૦૦ માણસ દીઠ ૪૭, પેરીસમાં ૭૧, ન્યૂયૉર્કમાં ૧૫૦ અને સેનફ્રાન્સીસ્કોમાં ૭૦૬ ત્યારે સ્વિડનમાં ૯૮૦ (દર દસ હજારે) માણસ દીઠનું પ્રમાણ આવે છે. સ્વિડનમાં તો આ યંત્ર એટલું સાધારણ થએલું છે કે ત્યાંના દરેક મોટા નાહના વેપારી, દુકાન કે ખાનગી ઘરમાં આ યંત્ર જોડેલું છે, એટલુંજ નહિ પણ ધોબીઓનાં ઘેરમાં વટીક તે યંત્ર ગોઠવાયલું હોય છે. ત્યાંના દરેક મોહલામાં ટેલીફ્રેાનનું મથક હોય છે, જ્યાંથી નજીવી કિંમત આપી કોઇ પણ શખસ શેહેરના ગમે તે ભાગમાં વાત કરી શકે છે.

ટેલેન્ટ—પ્રાચીનગ્રીકોમાં વપરાતું એક વજન તથા સિક્કો. એજીનાના ટાપુમાંના હેલાસમાં પ્રથમ ચાંદીનાં ટેલેન્ટ પાડવામાં આવ્યા હતા. બેબિલોનમાંના ટેલેન્ટ ૬૫ પૌંડ ને ૫ ઔંસ અથવા ૬૬ પૌંડ અને પ૬ ઔંસ વજનના, એટલે તેની ચાંદીનાણાંમાં કિંમત ૩૪૦ અથવા ૪૦૦ પૌંડની ગણવામાં આવતી હતી. એના ઉપરથીજ તે પછી ફ્રેાનેશિયા તથા પેલેસ્તાઈનમાં ચલણ ચાલુ થયું પણ તે ચાંદી તથા સુન્નાના જૂદા દપનાં ટેલેન્ટ હતા જે વેપારી ટેલેન્ટથી ૫/૬ ભાગ જેટલી કિંમતનાં હતા. ચલણી સિક્કા તરીકે યૂમોઇક ટેલન્ટ 'એજીનેશનના' ટેલેન્ટના સિક્કા તથા વજન કરતાં નાહના હતા. આ સિક્કા એથેન્સ, ખાલસિસ અને ખાલસિડીઅનમાં નાણા તરીકે વપરાતા હતા, આ વેળાના ટેલેન્ટ ૩૦૩ પૌંડ ૨ શિલીંગ ૬ પેન્સ; બીજા ૨૦૩ પૌંડ, ૨ શિલીંગ, ૬પેન્સ; ત્રીજા ૨૧૦ પૌંડ ૧૮ શિલીંગ ૬ પેન્સની કિંમતના—તથા **વજનમાં** ૮૩૫/૬ રતલ, ૫૫૫/૬ રતલ અને ૫૭૬/૬ રતલ વજનના વજનો પણ ચાલુ હતાં.

ટેલેાટોગ્રાફ—યાને સામી તરફથી આવતા તારના સંદેશા પોતાની મેળે ખુલ્લા શબ્દોમાં તારનું યંત્ર લખી શકે એવી યોજનાથી બનાવેલા યંત્રનું નામ. આ યંત્ર મારફતે તારખાતાંનો કામદાર જે સંદેશા લખે તે અક્ષરે અક્ષર અને તેનાજ જેવા આકારે જ્યાં તે મોકલવામાં આવતો હોય ત્યાંની તાર ઑફીસ સાથે જોડેલી પેન્સીલ પોતાની મેળે કાગજપર લખવા માંડે છે. આ યંત્રમાં એવી કરામત કરેલી હોય છે કે અસલ સંદેશાની આબેહુબ નકલ તે પોતાની મેળે છબીની માફક ઉતારે છે. કોઇપણ પ્રકારનાં જાડા અથવા પાતળા અક્ષરો સેહેલાઈથી સંદેશા લેનાર ઑફીસમાંના યંત્ર સાથે જોડેલી પેન્સીલ લખે છે. તે યંત્રમાં માત્ર એટલીજ ખામી છે કે તે 'ફ્રેમા' ભીંડા વગેરે ચિન્હો કહાડી શકતી નથી.

ટોંક—રજપુતાનામાનું એક દેશી રાજ્ય. એનો વિસ્તાર ૨૭૩૦ ચૌરસ મૈલ છે. એની સિમા સરખી નથી, કારણકે આ રાજ્યનો વિસ્તાર એક જથ્થે નથી. એનો કેટલોક ભાગ રજપુતાનામાં, અને કેટલોક માળવામાં છે. મુખ્ય શેહેર ટોંક તથા તેની આસપાસનો ભાગ રજપુતાનામાં છે. આ રાજ્ય બુંદીના રાજ્યથી ઉત્તરે છે. એની ચારે તરફ જયપુરના રાજ્યનો દક્ષિણ ભાગ વિટલાયલો છે. રજપુતાનામાં ટોંક, રામપુરા અને અલીગઢ તથા માળવામાં સીરોજ, ચવરા તથા પેરાવા પ્રગણાં છે. આ રાજ્યમાં લોક વસ્તી ૩૩૮૦૨૯ ની છે; તેમાં ૨૯૩૭૫૭ હિંદુ, ૩૮૫૬૧ મોહમેદન, ૫૬૯૩ જૈન અને ૧૮ ખ્રિસ્તીઓ છે. રાજ્યમાં પાંચ શેહેરો અને ૧૧૮૭ ગામડાં છે. દર ચૌરસ મૈલે વસ્તી ૧૩૪·૭ ની છે. વાર્ષિક ઉપજ ૩૧૧,૦૦૦૦ ની ઉપજે છે. આ રાજ્યનાં લશકરમાં ૧૭૩૦ સ્વાર, ૧૧૩૦ પયાદલ, ૫૩ તોપ અને ૧૦૦ ગોલંદાજો છે. મુખ્ય શેહેર ટોંક જેપુર અને બુંદી વચ્ચે સમુદ્ર સપાટીથી ૧૪૬૨ ફીટ ઉપર, બનાસ નદીને જમણે કાંઠે છે. આ શેહેર આસપાસ મોટોડીનો કોટ છે, વસ્તી ૪૦૭૨૬ ની હોઇ તેમાં ૨૦૩૮૯ હિંદુ, ૧૯૦૨૪ મોહમેદન અને ૧૩૧૩ પરદેશી પ્રજા વસે છે.

અત્રેના રાજ્યકર્તા અમીરખાન પીંડારાના વંજશ રોહિલા જાતના પઠાણ મુસલમાન છે. આ રાજ્યની સ્થાપના અમીરખાને કરી હતી (જુઓ અમીરખાન). આ વિજયી પુરૂષના ઇ૰ સ૰ ૧૮૩૪ માં મરણ પછી તેના બેટા વજીર મહમદખાનને ગાદી મળી. એણે ૧૮૫૭ માં ક્રિટીશોને સારી મદદ કરી હતી, એ ૧૮૬૪ માં મરણ પામતાં મહમદઅલીને ગાદીએ બેસાડયો, પણ આ રાજ્યકર્તાએ 'લાવાના' ઠાકોર સાથે લઢાઇ ઉઠાવીને તેને પ્રપંચથી પોતાના મેહેલમાં તેડાવી મારી નાખ્યો. આથી મહમદઅલીને ૧૮૬૮ માં પદભ્રષ્ટ કરી કાશીમાં કેદ રાખ્યો, ને તેના શાહજાદા ઇબ્રાહિમખાનને ગાદીએ બેસાડયો. હાલમાં એજ ટોંકના રાજ્યકર્તા છે, એમને ૧૭ તોપનું માન બ્રિટીશ છાવણીમાં આપવામાં આવે છે.

ટોકિયો—જેપાનીજ શેહેનશાહતનું મુખ્ય પાયતખત શેહેર. આ શેહેર ૯ મૈલ લાંબુ ને ૮ મૈલ પોહળું છે. ૧૮૬૮ માં શેહનશાહે કીયોટામાં અત્રેથી દરબાર બસાડી તે આગમજ એ યડોને નામે પ્રસિદ્ધ હતું. ઇ૰ સ૰ ૧૬૦૦ માં યડો નાહનું ગામડું હોઇ માત્ર ત્યાં એક કિલ્લો બાંધેલો હતો. તે પછીની સદીઓ દરમ્યાન એ શેહેર દેશના વેપારનું મધ્ય મથક બન્યું હતું. શેહેરનો નીચલો ભાગ સપાટ અને જળમય છે. તેની વચમાં ૧૮૮૯માં બાંધેલો કિલ્લો અથવા મેહેલ છે. આ મેહેલની આસપાસ વિજળિક રોશની હોઇ માહેથી યૂરપીયન 'ફરનીચરથી" સણગારેલું છે. આગળ અત્રે અમીર ઉમરાવોનાં ઉત્તમ બાંધકામો હતાં પણ હાલ તેમાંથી ઈટ, પથ્થર બીજા મેહેલો બાંધવા માટે કાઢી લઇ જવાથી તે ખંડીયર હાલતમાં જણાય છે. અત્રે ઉદ્યોગ કુન્નર તથા કેળવણીનાં મુખ્ય મકાનો છે. ૧૮૯૨ ના એપ્રેલમાં અત્રે લાગેલી આગથી ૪૦૦૦ મકાનો તારાજ થયાં હતાં. ૧૮૭૪માં વસ્તી ૮,૧૩,૫૦૦ ની ને ૧૮૯૨માં ૧૧૫૧૮૦૦ ની હતી. તેમાં ૮૦૦ પરદેશી હતા. ટોકિયોમાંનું મંદિર તથા બંદર જોવા જોગ છે. તેમાં બુદ્ધની મૂર્તી અને આગલા રાજા રાણીની કબરો છે. શોકાનશાનાં મંદીરમાં કપાઇ ગએલા શેહેનશાહી ફોજના સીપાહોની યાદગારીનાં લેખો છે. ઉએનો નામની સુંદર ગંજાવર મંદીરવાલી જગ્યા ટોકીયોમાં ધણીજ રળીયામણી ગણાય છે.

ટોકેને—આ દક્ષિણ અમેરિકાનું પક્ષી પોતાની મ્હોટી ચાંચ માટે જાણીતું છે. આ પક્ષીના પગ નાહના, મજબૂત કોટલાવાલાં હોઇ તેની પુછડી લાંબી ને રંગીન હોય છે. એનું ગળું નાહનું ને ટુકું હોઇ એની ચાંચ એના

શરીરના અર્ધા ભાગ જેવડી લાંબી હોય છે. એની જીભ લાંબી ને પતલી હોઇ તેપર અકેક બાજુ થોડા બાલ હોય છે. આ પક્ષી પોતાનો ખોરાક ચાંચમાં પકડી ચાંચવાલી ગરદન ઉંચી વાળી ગળી જાય છે. ટોકેન ફળ ફળાદી ઉપરાંત નાહના પક્ષીઓનો પણ ભક્ષ કરે છે. ટોકેન પોતાનાં સફેદ ઇંડા ઝાડના પોલાણમાં અબે મેળે છે. ટોકેનને સેહેલાઇથી પાળી શકાય છે. પાળેલા ટોકેનને પપેટા, ઇંડા, ચોખા, રોટલી વગેરેનો ખોરાક આપ્યો હોય તો તે હોંસે ખાય છે.

ટોગોલેંડ—સ્લેવ કોસ્ટ ઉપર ૧૮૧૪થી આ જર્મન પ્રોટેકટોરેટનો ભાગ ગણાય છે. એ બ્રિટીશ ગોલ્ડ કોસ્ટલની પૂર્વે છે. એનું ક્ષેત્રફળ ૧૬૦૦૦ ચૌરસ મૈલ હોઇ તેમાં વસ્તી ૫,૦૦,૦૦૦ ની છે. જર્મનોનાં આફ્રિકન દેશમાં એ ચઢતી કળાએ પોંહચેલું સંસ્થાન છે. ટોગો એક તે તરફનું મ્હોટું શેહેર ગણાય છે. તેમાં ૮૦૦૦ ની વસ્તી છે, જે હાલમાં લેગટોગો તરીકે જાણીતું છે. એનું મુખ્ય શેહેર 'લીટલ પોપો' છે, અને 'લોમ' મુખ્ય બંદર છે.

ટોડરમલ રાજા—રાજા ટોડરમલ શાહનશાહ અકબરના અમલ દરમ્યાન મેહેસુલની જમાબંદીનું ઇન્સાફી અને શ્રેષ્ટ ધોરણ દાખલ કરવા માટે પ્રસિદ્ધતા પામી ગયો છે. એ લાહોર ખાતે વસતા એક ગરીબ ખતરીનો બેટો હતો. એનો પિતા એને ગરીબ હાલતમાં મેળી મરણ પામતાં, એની માતાએ એને ટુંક કેળવણી અપાવી શેહનશાહ સુરની નોકરીમાં રખાવ્યો હતો. અકબર પાદશાહે રાજકારોબારમાં કરેલા ઘણાએક સુધારાની શરૂઆત સુર વંશના આ પાદશાહે કરી હતી એ એક ઇતિહાસિક બીના છે. તેવા એક પાદશાહના હાથ નીચે, પોતાની જાતી બુદ્ધિબળની મદદથી ટોડરમલ ઘડાયો હતો; અને જમીનની મેહેસુલની જે જમાબંદી સાથે તેનું નામ જોડાયું છે તે વિષે બારીક અભ્યાસ તેણે કર્યો હતો અને આથી અકબરે તેને પોતાના આશ્રયમાં લઇ ૧૫૫૩ માં તેને ગુજરાતમાં એક લશકરી તરીકેનું તેમજ પાદશાહની મેહેસુલ વસુલ કરવાનું કામ સોંપ્યું હતું. પાછળથી ટોડરમલની નેમણુક બંગાલમાં કરવામાં આવી હતી, જ્યાં તેણે બળવેલી અછી સેવાઓના બદલામાં તેને એક ઉંચે દરજ્જેનો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો. જમાબંદીનાં તેના ધોરણથી તે એટલોતો પ્રસિદ્ધતા પામ્યો હતો કે હજી બંગાલ ઇલાકાનાં બેકતોમાં તેનું નામ એક ધરગતુ શબ્દ થઇ પડયો છે. એ રીતે જમીનનાં મેહેસુલની જમાબંદીના ધોરણમાં સુધારો કરવામાં તેણે મેળવેલી ફતહેને લીધે તેનાં બીજા કામો સાધારણ રીતે ભુલી જવામાં આવ્યા છે. પણ તે એક લઢાયક નર તરીકે, એક નમુનેદાર ગ્રહસ્થ તરીકે અને એક ધર્મ ચુસ્ત હિંદુ તરીકે અકબર પાદશાહના વખતમાં કોઇથી પણ ઉતરતો નહિ હતો.

અબુલ ફજલ પોતાના 'આઇને અકબરી" માં લખે છે કે "પ્રમાણિકપણામાં, મરદાનગીમાં, સીધે રસ્તે કામ લેવામાં, પોતાના કામ પાછળની તેની ખંતમાં, અને રાજકારોબાર ચલાવવાની તેની શકિતમાં તેના સરખો બીજો કોઇપણ નર એ વેળાએ હિંદુસ્તાનમાં ન હતો. તેને દોલતની કાંઇ પણ લાલચ ન હતી. હિંદુ ધર્મની સઘળી રાહ રસમે, અને કેટલાંક વેહેમો પણ પાળવામાં તે એટલો તો ચુસ્ત હતો કે તેને પાદશાહ અકબરે પણ એ બાબતમાં ઠપકો દીધો હતો." પાદશાહ અકબર ધર્મ સંબંધી વાદવિવાદ ચલાવવા માટે જે દરબાર ભરતો હતો તેમાં એ શામેલ નહિ થતાં ઉલટો તેની સામે થતો હતો. તે છતાં તેના ઉપર અકબર પાદશાહનો ઘણો ચાહ હતો. એનું મરણ ૧૫૮૯ નાં નવેંબર માસમાં નિપજ્યું.

ટોડી—સંગીત શાસ્ત્ર મુજબ રાગ માલકોસના ૮ ભાર્યા પુત્ર રાગણીમાંની એક રાગણી. એનો ગાવાનો વખત દિવસના ૧ લા પોહોર સુધીનો ઠેરવેલો છે. એની જાતી સંપૂર્ણ

છે, એટલે એમાં ખરજ શુદ્ધ, રિખવ કોમળ, ગંધાર કોમળ, મધ્યમ તિવ્ર, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિખાદ તિવ્ર છે. એના ગ્રહ સ્વર તથા વાદીસ્વર ગંધાર છે, ધૈવત સંવાદી છે, તથા પંચમ વિગેરે બીજાં સ્વર અનુવાદી છે. ન્યાસ સ્વર પણ ધૈવત છે. આસાવરી, ધન્યાશ્રી અને ખટથી એ મિશ્ર છે, અથવા ધનાશ્રી અને ગંધારથી એ મિશ્ર છે; તથા લલીત, ધનાશ્રી ધૈવલસરીથી એ મિશ્ર છે. આ રાગણી ખુલ્લી રીતે ગાવી મુશકેલ છે. એની ૧૩ કરતાં વધારે જાતી છેઃ—બહાદુરી ટોડી, બૈરાટી ટોડી, દેશી ટોડી, જૈનપુરી ટોડી, લાચારી ટોડી, મંગલી ટોડી, પુનાની ટોડી, ખટ ટોડી, મીયાંની ટોડી, રામા ટોડી, રસુલી ટોડી, ગંધારી ટોડી, યતીમી ટોડી વગેરે. એના બે પુત્રો 'માર' તથા 'મેવાડ' નામનાં છે.

સંગીત શાસ્ત્રમાં રાગણીઓની ચલણ અને મીઠાસ ઉપરથી તેનું કવિત્વ વર્ણન જે આપવામાં આવે છે તે મુજબ આ રાગણીનું સ્વરૂપ અતિ ખુબસૂરતી ધરાવનારી સુંદર રૂપની મોહીની છે. એ લાલ, નારંગીની અથવા સફેદ સાડીમાં સજેલી હોઇ અંગે કપૂરનો લેપ કરેલો છે. હરીયાળીવાલા મેદાનમાં નદીકાંઠે બીનવાજીંત્ર (વિણા) હાથે લઇ ગાયનની તાલ લેતી બેઠેલી છે, જે તેના સરોદથી હરણો મોહિત થઇ તેની આસપાસ ફરે છે અને સર્વત્ર કામવિકાર ઉત્પન્ન કરે છે, એવી સુંદર આ ટોડી રાગણી છે.

ટોનકિવન—ઇંડોચાયનાના દ્વિપકલ્પનાં ઉત્તર પૂર્વ ભાગમાં આ ફ્રેન્ચ થાણું ૧૮૮૪ થી કાયમ છે. એ અનામનો એક પ્રાંત ગણાય છે પણ રાજની સત્તા અત્રે નહિ જેવી હોઇ ટોનકિવન ફ્રેન્ચ સત્તા તળે છે. એનું ક્ષેત્રફળ ૩૪,૦૦૦ ચોરસ મૈલ હોઇ વસ્તી ૧,૨૦,૦૦,૦૦૦ ની છે. એનું મુખ્ય શેહેર હેનોય છે. મુખ્ય પેદાશ ચોખા, રેસમ, સાકર, મરી, તેલ, રૂ, અને ફળફળાદીની થાય છે. હિપહોંગ પાસે હાલમાં ત્રાંબુ, લોહું, કોલસો, સુરમાની ખાણો છે, જેનું ખોદકામ ચાલુ છે. અત્રેનો આયાત વેપાર ૧૦,૦૦,૦૦૦ પૌંડનો ને નિકાશ વેપાર ૫,૦૦,૦૦૦ પૌંડનો ચાલે છે

ટોનારીંગ—આફ્રિકાના બોહોળા ભાગમાં આ એક ભટકતી પ્રજા જણાય છે. તેઓ દેખાવલાં હોઇ લાંબા ને છુટા બાલ રાખે છે. તેમનાં કપાળ મ્હોટા, ઉઠાવદાર, ચાંચ રોકું નાક ને હોઠ પતળા હોય છે. આ પ્રજા અરબી ભાષામાં બંદગી કરે છે.

ટોપીકા—કેનસાસનું આ મુખ્ય શેહેર કેનસાસ નદી કાંઠે કેનસાસ શેહેરની પશ્ચિમે ૬૭ મૈલ ઉપર છે. આ શેહેર ઘણાજ ઉત્તમ નમુના ઉપર બંધાયલું છે. અત્રે રાજધાનીનો મેહેલ, કૉલેજ અને બીજાપણ મુખ્ય મથક છે. અત્રે આટાની મીલ, રેલ્વે કારખાનું, કુંભાર કામના કારખાના, બીસકોટ બનાવવાની ભઠ્ઠીઓ, પવનચક્કીના યંત્રો વગેરે ઉદ્યોગ હુન્નરનાં અનેક મકાનો છે. આ શેહેરની સ્થાપના ૧૮૫૪ માં થઇ અને ૧૮૬૧ થી એ રાજધાની શેહેર ગણાય છે. ૧૮૮૦ માં વસ્તી ૧૫૪૫૨ ની ને ૧૮૯૦માં ૩૧૦૭૭ ની હતી.

ટોપી—આ માથાના સણગારની વસ્તુ આજે દુનિયાંમાં એક સાધારણ છે; પણ આગલા જમાનામાં ટોપી પેહેરવામાં હલકાઇ સમજવામાં આવતી, કારણકે અસલ જમાનામાં ગ્રીકો તથા ઇજીપશિયનો માથે ટોપી અથવા પાઘડી પેહેરતા નહોતા, પણ માત્ર પોતાના પોશાખનો એક છેડો માથા ઉપર નાખતા. તેઓમાં ટોપીઓ દાખલ થઇ તે વેળા તે ગ્રહસ્થ વર્ગોમાં નહિ પણ ગુલામ મજુરો અને નોકરોમાં હતી. પાછળથી તે તવંગર વર્ગોમાં દાખલ થઇ પણ તેઓ લાંબી મુસાફરીમાંજ પેહેરતા.

ઇરાનમાં પણ અસલી વખતમાં ટોપી ગુલામોને પેહેરાવતા હતા પણ આબરૂદાર ઓરતો તથા મરદો ફેંટા પેહેરતા હતા. આ ફેંટા ઉપરથીજ પ્રથમ યૂરપની બાનુઓએ પોતાના દેશમાં ટોપી દાખલ કરી હતી. પ્રથમ ઇરાની બાનુઓનાં ફેંટા ગ્રીક

બાનુઓને પસંદ પડવાથી તેઓએ તે પેહેરવા માંડ્યા હતા.

જમાનાઓ સુધી રોમનો ઉઘાડે માથે ફરતા હતા, અને બધાં અસલી બાવલાં આપણે ઉઘાડે માથેના જોઇએ છિયે, તેનું કારણ પણ એજ છે. વળી એજ વખતે ટોપી એ છુટાપણાની નિશાની ગણાતી હતી, અને એટલામાટે જ્યારે રોમન લોકો પોતાના ગુલામોને છુટાપણ આપતા ત્યારે તેઓને ટોપી પેહેરાવતા હતા. વળી કોઇ વખતે ટોપી એ બેઇજ્જતીની નિશાની ગણાતી હતી, અને ઇટલી શેહેરમાં યહુદીઓ 'પીળીકેપ'ને નામે ઓળખાતા હતા, અને ફ્રાન્સમાં જેઓ દિવાળું કાઢતા તેમને 'લીલી ટોપી' પેહેરાવતા હતા.

યૂરપમાં પ્રથમ ટોપી કેમ દાખલ થઇ તે વિષે એવી દંતકથા પ્રસિદ્ધ છે, કે 'એક સમે સેંટકલેમેંટ નામે સેંટ મુસાફરી કરતો હતો; તે દરમ્યાન ઘણું ચાલવાને લીધે તેના પગ ઉપર છાગરા પડી આવ્યા હતા, આથી તેણે પોતાના પગના તળીયાં અને ચંપલની વચમાં કેટલુંક જાડું ઉન મુકીને આગળ ચાલવા માંડ્યું. ઘણોવાર તેના પગ નીચે દબાઇને તથા તેના પસીના વડે ભીંજાઇને ઉને નરમ ટોપી બનાવવામાં આવતા 'ફેલ્ટ' નામે વસ્તુ વપરાય છે, તેનો આકાર પકડયો. તે જોતાંજ સેંટકલેમેંટે ટોપીની શોધ જાહેરમાં આણી હતી.

૪૦ સ૦ ૧૪૪૯ ની આગમજ યૂરપમાં ટોપી પેહેરવાનો રેવાજ ચાલુ નહોતો. ઇગલંડમાં તહેંવાર જાતની ટોપી પેહેરવાનો શોખ એલિઝાબેથ રાણીના અમલમાં ફેલાયો હતો. તે પછી વળી રાજા ચાર્લસના વખતમાં માત્ર એજ પ્રકારની ટોપીઓ સાધારણ થઇ પડી હતી.

હાલમાં સ્ત્રી પુરૂષોની તહેંવાર ફીસમની ટોપીઓ બનાવવામાં આવે છે તેમાં બાનુઓની ટોપીઓ સણગારવા માટે ખુબસૂરત રંગીન પિછાવાલાં પક્ષીના પીછાં દેશ પરદેશથી લખોની કિંમતના મંગાવવામાં આવે છે. તુર્ક બાનુઓની ટોપી કિમતી સણગારોથી અને ટીલિકસબની બનાવવામાં આવે છે.

ટોબોલસ્ક—પશ્ચિમ સાઇબિરિયાનું શેહેર. સેંટપિટર્સબર્ગની પૂર્વ ૨૦૦૦ મૈલ ઉપર છે. વસ્તી ૨૧,૩૩૬ની છે. ટોબોલસ્ક પ્રાંતનું ક્ષેત્રફળ ૫,૬૯,૬૫૯ ચોરસ મૈલ છે. તેમાં વસ્તી ૧૩,૧૩,૪૦૦ ની છે.

ટોમાસ્ક—પશ્ચિમ સાઇબિરિયાનું એક શેહેર. એ સેંટપિટર્સબર્ગની પૂર્વે ૨,૮૦૯ મૈલ ઉપર છે. એ સાઇબિરિયા તરફના મ્હોટા ચાલુ વેપારનું મથક છે. અત્રે ૧૮૮૧માં યૂનિવરસિટી સ્થાપન કરવામાં આવી હતી. ૧૮૯૦માં આ શેહેરનો મ્હોટો ભાગ આગથી નાશ પામ્યો હતો. વસ્તી ૪૧,૪૫૬ ની છે. એના સરકારનું ક્ષેત્રફળ ૩,૧૧,૧૫૬ ચોરસ મૈલ હોઇ તેમાં વસ્તી ૧૪,૨૨,૬૮૧ ની છે. આ ટોમાસ્કની હદ ચીનાઇ સરહદ સુધી લંબાયલી છે.

ટોરકોની'ગ—ફ્રાન્સનું આ સરહદ ઉપરનું શેહેર 'નૉર્ડ' પ્રાંતમાં લીલેની ઉત્તર પૂર્વે ૧૦ મૈલ ઉપર છે. અત્રે કપાસ, ઉન, લીનન. અને રેસમ તથા બીટરૂટનાં કારખાનાં છે. વસ્તી ૧૮૮૧ માં ૫૦,૨૬૮ ની ને ૧૮૯૧માં ૬૫,૪૭૭ ની હતી.

ટોરિકા—જેપાનમાં અમીર ખાનદાનના જેપાનીઝ જુવાનોને ઘોડેસ્વાર તુકડીની સરદારી આપે છે તેને 'ટોરિકા' કહે છે. આ 'ટોરિકા' સરદારો વડા હાકેમની સત્તા તળે કામ બજાવી તેના સલ્હાકાર તરીકેનું પણ કામ બજાવે છે. ટોરિકાના મદદનિશોને ડોસિયા કહે છે. આ ડોસિયાનું કામ વાહાણો ઉપર દેખરેખ રાખવાનું છે.

ટોરેન્ટો—કેનેડાનું આ બીજું શેહેર ઓનટેરિયો સરોવરનાં ઉત્તર કાંઠાપર ડૉન અને હમબર્ગની વચમાં મોનટ્રેલની પશ્ચિમે દક્ષિણ પશ્ચિમમાં છે. હાલના શેહેરની પશ્ચિમમાં ફ્રેન્ચોએ ૧૭૪૯માં કિલ્લો બાંધ્યો હતો, પણ ૧૭૫૯માં ઇંગ્રેજોના હાથમાં જતાં તેનો નાશ

કરવામાં આવ્યો હતો. ૧૮૬૧માં વસ્તી ૪૪,૮૨૧ની, ૧૮૭૧માં ૫૬,૦૯૨ ની, ૧૮૮૧ માં ૮૬,૪૧૫ ની ને ૧૮૯૧ માં આસપાસનાં પરાંઓ સાથે ૧,૮૧,૨૨૦ ની હતી. મુખ્ય પાયતખત શેહેર ઓનટેરિયોમાં સેંટ જેમ્સનું કેથીડ્રલ છે. અત્રેની યૂનિવરસિટી ૧૭૯૦ માં બળી ગઇ હતી જે પાછળથી બંધાવવામાં આવી હતી, જેમાં ૨૧ શિક્ષકો તથા ૪૦૦ વિદ્યાર્થીઓ છે. તે શિવાય અત્રે ટ્રીનિટિ કૉલેજ, વાયકલિફ કૉલેજ, નૉક્ષ કૉલેજ તથા બીજી અનેક શાળાઓ છે; અત્રે જાહેર પ્રજાની તથા યૂનિવરસિટિ લાયબ્રેરી છે. અત્રે ડાકડમાળ, ફળફળાદી, ધાન્ય, કોલસો તથા ઢોરોનો બેહોળો વેપાર ચાલે છે. ૧૮૯૦ માં એનો આયાત વેપાર ૨,૦૫,૧૯,૭૯૭ સ્ટરલિંગનો ને નિકાશ વેપાર ૨૯,૪૫૩૯૦ સ્ટરલિંગનો હતો.

ટોલલૉસિ—આ દક્ષિણ ફ્રાન્સમાનું શેહેર પેરીસની પશ્ચિમે ૪૬૬ મૈલ ઉપર છે. એની પૂર્વે કેનલડી વેલી હોઇ ઉત્તરે ગારનોન નદી છે. આ નદી ઉપર ૩૦૦ યાર્ડ લાંબો પુલ ૧૫૪૩—૧૬૨૬માં બાંધવામાં આવ્યો હતો. અત્રેનો ટૌનહૉલ ૧૭૬૯માં બાંધવામાં આવ્યો હતો. સેંટ સરનન ૧૧મીથી ૧૫ મી સદીનું છે. અત્રે યૂનિવરસિટી,* બાગબાનીનો બગીચો, જાહેર લાયબ્રેરિ (૬૦૦૦૦ દફ્તરોની) ની મુખ્ય ઇમારતો છે. અત્રે ઉન, રેસમી કાપડ, ચામડાં, તેાપ, સ્ટીમ એન્જીન, તંબાકુ, બ્રેન્ડી વગેરે બનાવવાનાં કારખાનાં છે. ૧૮૭૨ માં વસ્તી ૧,૧૪,૦૨૫ ની તથા ૧૮૯૧ માં ૧,૩૬,૨૯૨ ની હતી. ૬૨૦ સુધી આ શેહેર કાઉન્ટોને તાબે સ્વતંત્ર હતું, પણ ૧૨૭૧ થી તે ફ્રેન્ચ રાજ્યના તાબાનું ગણાયું. રોમન શેહેનશાહત પછી આ શેહેર ચઢતી કળાએ પોહોંચ્યુ હતું. તે વેળા અત્રે કુંભારકામનો ઉદ્યોગ હૂન્નર ચાલુ હતો. પણ આલબિનિયન્સ સામેની સાયમોન ડી મોન્ટફોર્ટની ધર્મઝનુની ક્રૂર લડાઇ દરમ્યાન આ શેહેરને ભારે ખુવારીમાં ઉતરવું પડ્યું હતું. ૧૮૧૪ માં ૧૦ મી એપ્રેલે ફ્રેન્ચોને વેલિંગટને અત્રે સખત હાર આપી હતી.

ટોલેડો—સ્પેનનું આ જાણીતું શેહેર એજ નામના પ્રાંતનું મુખ્ય શેહેર છે, પણ આગળ તે સ્પેનનું પાયતખત ગણાતું હતું. મેડરિડની દક્ષિણે દક્ષિણ પશ્ચિમમાં રેલ માર્ગે ૪૦ મૈલ ઉપર છે. એ સમુદ્ર સપાટીથી ૨૪૦૦ ફીટ ઉપર ટેકડીઓપર વસાયલું છે. "અત્રે ઉન્હાળામાં સખત ગર્મી તથા શિયાળામાં સખત થંડી પડે છે. અત્રે ઇ. સ. ૧૨૨૭-૧૪૯૩ માં બાંધેલા દેવળો પ્રાચીન હૂન્નર મંદીના નમુના છે. ૬ઠ્ઠા ના માહેલા ભાગમાં ૧૬૨૧ માં અને ૧૮૦૮ માં લુટ ચલાવી કિમતી ચીજો ચોરી જવામાં આવી હતી, એ ૪૦૪ ફીટ લાંબુ, ૨૦૪ ફીટ પોહળું અને મિનારો ૩૨૬ ફીટ ઉંચો છે. અત્રે પ્રાચીન કાળથી તલવાર બનાવવાનો હૂન્નર ચાલુ હોઇ તે તમામ યૂરપમાં પ્રસિદ્ધ છે. વસ્તી ૧૬,૮૧૭ ની છે. ટોલેડો એ રોમનોનું 'ટોલેટમ' અને ગૉથિકોનું પાયતખત છે. એ ઇ. સ. ૭૧૪ થી ૧૦૮૫ સુધી મુરીશોને હાથ હતું, પણ તે પછી 'કેસ્ટીલ' નાં રાજ્યને તાબે આવ્યું હતું, એની ચઢતી કળા દરમ્યાન અત્રે ૨,૦૦,૦૦૦ ની વસ્તી હતી. ૧૪૬૮થી અત્રે પાઠશાળા ચાલુ છે. એનાજ પ્રાંતનું ક્ષેત્રફળ ૫૫૮૬ ચૌરસ મૈલ હોઇ તેમાં વસ્તી ૩,૫૬,૫૬૨ ની છે.

ટોલેંડો—ઓહિઓનાં લુકાર પ્રાંતનું મુખ્ય શેહેર ન્યુમિ નદી ઉપર કલિવ્હલેંડની પશ્ચિમે ૬૨ મૈલ ઉપર છે. આ એક ઉત્તમ બંદર શેહેર હોઈ એ ૧૩ રેલ્વે લાઇનોનું મધ્ય મથક છે. અત્રે ધાન્ય, ડાકડમાળ, ઢોર, તંબાકુનો બેહોળો વેપાર ચાલે છે. અત્રે રેલ્વે વેગનોનાં કારખાનાં, બોયલર બનાવવાનાં, એનજીન બનાવવાનાં, ફરનીચર બનાવવાનાં, અને વાહાણો તથા પુલો બનાવવાનાં ગંજાવર કારખાનાં છે. ૧૮૮૦ માં વસ્તી ૫૦૧૩૭ ની ને ૧૮૯૦ માં ૮૧૪૩૪ની હતી.

ટોલેમેક્સ—(જુઓ એલીમેક્સ.)

ટોલોન—(ટુલોન) આ ફ્રેન્ચ બંદર શેહેર તથા દર્યાઈ મથક માર્સેલ્સની પૂર્વે દક્ષિણ પૂર્વે ૪૨ મૈલ ઉપર અને પેરિસની દક્ષિણે દક્ષિણ પૂર્વમાં ૫૬૪ મૈલ ઉપર છે. બંદર જુના તથા નવા એમ બે ભાગમાં વેહેંચાયલું છે. એક પૂર્વ અને પશ્ચિમ ભાગમાં છે. બંદર કાંઠે ગોદી, દારૂખાનું, અને તોપો તથા બંદુક બનાવવાનાં કારખાનાં છે. ગોદી ૨૪૦ એકર જગા રોકે છે. ૧૮૩૦માં આલજીરિયન સત્તા પછી અત્રેની કિલ્લેબંદી પુરતી મજબૂત બનાવવામાં આવી છે, અને તે પછી ૧૮૮૦માં ફરી તેમાં મોટો ફેરફાર તથા સુધારો કરવામાં આવ્યો હતો. અત્રેનું દેવળ ૧૦૫૬ ના સાલનું સ્થાપન કરેલું છે. તે શિવાય હૉટલ ડી વેલી તથા નાટક ગૃહ મ્હોટી ઇમારતોમાં ગણાય છે. અત્રેની હવા સુખાકારી ભરી છે પણ પુરાણા શેહેરના ભાગની હવા સરદ ને મર્કી મય છે. ૧૮૭૨ માં વસ્તી ૬૯૮૦૮ની ને ૧૮૯૧માં ૭૪૧૪૪ ની હતી. અત્રે ૧૭૪૪માં સ્પેનિશ અને ફ્રેન્ચ કાફલાએ ઇંગ્રેજોને સખત હાર આપી હતી. ૧૭૯૩માં ૪ માસ સુધી બ્રિટીશોએ આ શેહેરનો કબજો લીધો હતો.

ટ્રાઉટ—આ મીઠા પાણીમાંની સુંદર માછલી ઘણું કરી વેલ્સ, દક્ષિણ ઇંગલંડ તથા આયરલંડમાં જણાય છે. આ માછલીની પીઠ અને આસપાસના ભાગ પિળાસપર હોઈ તેની ઉપર ૧૧થી ૧૨ સફેદ ડબકાં હોય છે. એની છાતી પાસેનો ભાગ સોનેરી પિળો હોઇ, તેમજ છાતીવાલો ભાગ રૂપેરી હોય છે અથવા કેટલાકનો તે ભાગ ઝાંખો પિળો હોય છે. એની પીઠ ઉપરથી પુછડી સુધી ભૂરા રંગના ટપકા હોય છે.

ટ્રાન્સવાલ—દક્ષિણ આફ્રિકા તરફનું આ બ્રિટીશ રાજ્યનું ક્ષેત્રફળ ૧૧૯૧૩૯ ચૌરસ મૈલ હોઈ તે ૨૦ જીલ્લામાં વેહેંચી નાખી વડા ગવરનરની સત્તા તળે મેલાયલું છે, તેમાં લોક વસ્તી કુલે ૧૦૬૪૧૫૬ ની છે, તેમાં ૨૪૫૩૬૭ ગોરા અને ૭૪૮૭૫૬ દેશીઓ છે.

ઇ. સ. ૧૮૩૦—૩૭ માં બોઅરોએ કેપકોલોનીમાંથી ઉઠાગીરી કરી પોતાનું અત્રે સ્વતંત્ર સંસ્થાન સ્થાપ્યું હતું. ૧૮૫૨ માં અત્રેની બોઅર પ્રજાએ બ્રિટીશથી અલગ રાજ્ય ધોરણ ચાલુ કર્યું હતું પણ ત્યાંના દેશીઓ સાથે ખટપટ જાગતાં ૧૮૭૭ માં બોઅરોની માગણીથી બ્રિટીશ રાજ્ય સત્તા તળે આવી મદદ મેળવી હતી, પણ ૧૮૮૦ માં તેઓએ બ્રિટીશો સામે લડાઈ ઉઠાવી ૧૮૮૧ માં સ્વતંત્રતા હાંસલ કરી હતી, પણ તે છતાં બ્રિટીશ રાજ્યનું વડપણ સ્વિકારી સ્વરાજ્યનો હક્ક બોઅરો ભોગવતા થયા હતા. પણ તે પછી બોઅરોએ અત્યંત સ્વતંત્રપણે કામ લેવા માંડતાં. ૧૮૯૯ નાં અકટોબરમાં બ્રિટીશો સાથે બોઅર લડાઇ ઉઠી. આ લડાઇમાં બ્રિટીશોનાં ગંજાવર લશકરનાં બળ સામે બોઅરોનું નાહનું લશકર હાર પામતાં ઇ. સ. ૧૯૦૦ માં ૧ લી સપટેંબરે ટ્રાન્સવાલ બ્રિટીશ સત્તા તળે આવ્યું અને ૧૪ મી મે એ ઓરેંજ રિવર કોલની પણ સાથે જોડી નાખ્યું હતું, છતાં બોઅરો સાથે ૧૯૦૨ નાં ૩૧ મી મે સુધી નાહની ઝપા ઝપીઓ ચાલુ હતી, પણ બોઅર સરદારોએ શરણે આવી નવા કોલકરારથી શાંતતા પાંથરી હતી.

ટ્રાન્સવાલની ઇ. સ. ૧૯૦૧-૧૯૦૨ માં મેહુસુલ ૧૩,૩૩,૦૦૦ પૌંડની ઉપજી હતી અને ખર્ચ ૧૪,૨૭,૦૦૦ પૌંડનો થયો હતો.

દક્ષિણ આફ્રિકામાં ઝેમ્બેસીથી કેપ સુધીનું બ્રિટીશ લશકર પ્રિટોરિયાનાં કમાન્ડર ઇન ચીફના હાથમાં છે. ૧૯૦૨ નાં જુનથી ટ્રાંન્સવાલ માહેલા લશકરને પાંચ વિભાગમાં વેહેંચી નાખવામાં આવેલું છે.

આ દેશનો ૫૦૦૦૦ એકર જેટલો ભાગ ખેતીવાડી ખાતે છે. બોઅર લડાઇ આગમજ* આ રાજ્યમાં ૧૨૨૪૫ ખેતરો હતા તેમાંના ૨૮૬૧ સરકારને હસ્તગતનાં, અને ૧૬૧૨

પ્રજાની માલેકીતળે હતા. ૧૯૦૨ ની ગણતરી મુજબ આ દેશમાં ૧૨૬૬૭ ઘોડા ૪૧૦૧૬ ઍચર, ૩૫૨૯ ગધેડાં, ૨૧૦૧૨ બળદ અને ૩૧૨૭૩ ઢોર તથા બકરાં હતાં.

ટ્રાન્સવાલવેનિયા—આગળ એ આસ્ટ્રીયન શેહેર હતું પણ ઇ. સ. ૧૮૬૮થી તે હંગેરીનો એક ભાગ ગણાય છે. એના મધ્ય ભાગમાં પહાડી હાર હોવાથી દેશ પહાડી છે. એનું ક્ષેત્રફળ ૨૧૫૧૨ ચૌરસ મૈલ હોઈ તેમાં સેંકડે ૩૭½ ટકા ભાગ જંગલથી ભરપૂર છે. અત્રે ખનિજ સંપતી પુશકળ મળે છે. મીઠું, સોનું, ચાંદી, ત્રાંબુ, પારો, લોહું, શિસું વગેરેની પુશકળ ખાણો છે. તે શિવાય અનેક ખનિજ ઝરાઓ છે. લોક વસ્તી ૧૮૮૦માં ૨૦૮૪૦૪૮ ની તથા ૧૮૯૦ માં ૨૨૪૭૦૪૯ ની હતી. વસ્તીમાં મુખ્ય ભાગ રોમાનીયન, સેકસન અથવા જર્મનોનો છે. ૧૦૭માં આ દેશ ટ્રેજને તાબે કર્યો હતો. ૯૯૭થી ૧૦૩૮ સુધી કીંગ સ્ટીફન ઑવ હંગેરીએ એને તાબે કર્યું હતું.

ટ્રાફલગર—એ જીબ્રાલટરની સામુદ્રધુનિ પાસે 'ઍન્ડાલ્યૂશિયા' પ્રાંતના કિનારા ઉપર છે. ત્યાં ઇ૰ સ૰ ૧૮૦૫માં ૨૧ આગસ્ટે લૉર્ડ નેલ્સને નેપોલ્યનનો પરાજય કર્યો હતો, અને એ લઢાઇમાં આ મહાન સરદાર મરણ પામ્યો હતો.

ટ્રીકહાલ—આ ગ્રીક શેહેર થિસલીમાં સેરીસાની પશ્ચિમે ૪૦ મૈલ ઉપર છે. અત્રે રૂ, તથા ઉનનાં કારખાનાં છે. લોક વસ્તી ૧૨૬૬૨ ની છે.

ટ્રીગાનું—આ ફળદ્રુપ અને સુન્દર તથા કલ્લઇની ખાણ ધરાવનાર જીલ્લો, મલાક્કા અને સિઆમના અખાતની વચ્ચે છે, અત્રે ૫૦૦૦૦ની વસ્તી છે. અત્રે નિકળતી કલ્લઇનો ઉપયોગ નાણા પાડવામાં કરે છે.

ટ્રીનોવા—આ બલગેરિયન શેહેર સીસ્ટોવાની દક્ષિણે દક્ષિણ પૂર્વમાં ૩૫ મૈલ ઉપર છે. ૧૩૩૫થી એ બલગેરિયન દેશહિતકારીઓનું મુખ્ય શહેર હતું. લોક વસ્તી ૧૨૮૫૮ની છે.

ટ્રીસ્ટી—આસ્ટ્રિયા હંગેરીનું આ અતિ અગત્યનું બંદર શેહેર અને ઍશિઆટિકનું મુખ્ય વેપારી શેહેર ટીસ્ટીનાં અખાત ઉપર તથા વિએનાના અખાતના રોહઉપર વિયેનાની દક્ષિણે દક્ષિણ પશ્ચિમ, રેલ માર્ગે ૩૭૦ મૈલ ઉપર છે, આ શેહેરને ૧૮૪૯ થી પાદશાહી સ્વતંત્રતા આપ્યાથી એનો વિસ્તાર ૩૬ ચૌરસ મૈલનો ગણાયછે. જુનું શેહેર પહાડનાં ઢોળાવ ઉપર છે, અને તેની ઉપર (૧૫૦૮-૧૬૮૦) એક કિલ્લો છે. નવું ટ્રીસ્ટી શેહેર હાલની સુધરેલી સુંદર ઢપ ઉપર બાંધવામાં આવ્યું છે, અને તે સમુદ્રના તદ્દન નાકા ઉપર છે. અત્રે વાહાણો બાંધવાનો, દોરડાં બનાવવાનો સાબુ, જસત, ચામડાં વગેરેનાં કારખાનાં છે. લોક વસ્તી ૧૮૧૦ માં ૨૯૬૦૮ ની, ૧૮૮૦ માં ૧,૪૪,૮૪૪ ની, ૧૮૯૦ માં ૧૫૮૩૪૪ ની હતી. અત્રેની પ્રજા મુખ્ય કરી કેથોલિક પંથી હોઇ તેઓ ઇટાલ્યન ભાષા બોલે છે.

ટ્રેડગાર—મનમાઉથ શાયરનું એક શેહેર. ૧૮૦૦ માં એ તદ્દન નાહનું ગામડું હતું. એની આસપાસ કોલસાની તથા લોઢાની ખાણો છે. અત્રે લોઢા કામનાં તથા તિખા લોઢાનાં ને બીડના કારખાનાં છે. લોકવસ્તી ૧૮૫૧ માં ૮૩૦૫ ની ૧૮૮૧ માં ૧૮૭૭૧ ની ને ૧૮૯૧ માં ૧૭૪૮૪ ની હતી.

ટ્રેન્ટ—આ આસ્ટ્રીયન શેહેર ટાયરોલની દક્ષિણે અને વેરોનાની ઉત્તરે ૫૯ મૈલ ઉપર છે. અત્રે ૧૨૧૨ નું એક દેવળ તથા ૧૫ મી સદીમાં બંધાયલું સેંટમેરિનું દેવળ ઉત્તમ કારીગરીનો નમુનો છે. તે શિવાય ટાઉન હૉલ, નાટકશાળા, મુખ્ય ઇમારતો છે. આ શેહેરમાં રેસમ, કુંભારકામ, મીઠાઇ અને ખાંડના મ્હોટાં કારખાના છે. ૧૮૮૦ માં વસ્તી ૧૯૫૮૫ ની ને ૧૮૯૦ માં ૨૧૪૮૯ ની હતી.

ટ્રેનટૉન—ન્યૂ જર્સીનું મુખ્ય પાય તખત ડલવાર નદી ઉપર ન્યૂ યૉર્કની પશ્ચિમે ૫૭ મૈલ ઉપર છે. યૂનાઇટેડસ્ટેટમાં ટ્રેનટોન

કુંભારકામ તથા ચીનાઈ વાસણ બનાવવાના ઉદ્યોગ હુન્નરનું મુખ્ય મથક છે. અત્રે લોહું, સ્લેટ, જસત, રબર, ઇંટરડી વગેરેનાં કારખાના છે. ૧૮૮૦ માં વસ્તી ૨૯૬૧૦ ની ને ૧૮૯૦ માં ૫૭૪૫૮ ની હતી.

ટ્રેયેન—સિસિલીનું આ બંદર શેહેર પાલાર્મોની પશ્ચિમે ૧૪૧ મૈલ ઉપર છે. ૧૮૬૦ પછી અત્રેની કિલ્લેબંદીને બગીચો, રસ્તા બાંધવા માટે ભાંજવામાં આવી છે. અત્રે ૬૦ મૈલ ઉપરથી પાણી નળ વડે શેહેરમાં પોહોંચતું કરવામાં આવે છે, લોક વસ્તી ૩૨૦૨૦ ની છે. ઇ. સ. પૂર્વે ૨૪૯ માં કૉર્થેજીયનોએ અત્રે રોમનોને દર્યાઇ લઢાઇમાં હરાવ્યા હતા.

ટ્રેમવે—આગળ રેલ્વેની શોધ આગમજ ભારી વજનનાં ભરેલા ગાડાં ખેંચી જવા લોઢાના પાટા ઉપર ફરતી ગાડીઓ ચાલુ કરવામાં આવી હતી, આવી એક ટ્રેમવે ઇ. સ. ૧૭૩૮ માં બ્હાઇટહેવન ખાતે પ્રથમ શરૂ થઈ હતી. ૧૮૬૭ માં ફરી પાટા ઉપર કૉલ બ્રૂકડેલમાં માલ લાવ લઇ જાવ માટે ટ્રેમવે ચાલુ કરવામાં આવી હતી. તે પછી ૧૦ વર્ષ રહી ડ્યૂક ઑવ નૉરફોલ્કે સુધારેલી ટ્રેમવે શેફિલ્ડ તરફ ચાલુ કરી હતી. ટ્રેમવે નામ 'ઓનલ્ડમીન ઓટ્રેમ' નામના કુશળ ઇંજનેરના નામ ઉપરથી પડ્યું છે. ૧૭૮૯ માં ટ્રેમવેમાં તેણે ઘણોક સુધારો વધારો કર્યો હતો.

ઇ. સ. ૧૮૦૧ માં હાલની પદ્ધતિપર પ્રથમ ટ્રેમવે લાઇન દક્ષિણ વેલ્સમાં ટ્રેડગરથી ૨૮ મૈલ લાંબી નાખવામાં આવી હતી. એજ વર્ષમાં નવો કાયદો પસાર થવાથી લંડન પાસે નવી ટ્રેમવે લાઇન વૉનડસવર્થથી ક્રૉયડન સુધી ચાલુ થઈ હતી. આ વેળા ટ્રેમવેનો મુખ્ય ઉપયોગ કોલસો તથા પરચુરણ સામાનનાં ગાડાં લઇ જવા માટે ચાલુ હતો.

ન્યૂયૉર્કમાં પ્રજા ઉપયોગી ટ્રેમ લાઇન ૧૮૩૧ માં નાખવામાં આવી હતી. તે પછી વેપારની વૃદ્ધિ સાથે ટ્રેમ લાઇન દેશના જૂદા જૂદા ભાગોમાં ચાલુ થઇ હતી. ફિલાડેલ્ફિયા અને બોસ્ટનમાં ટ્રેમવે લાઇન ૧૮૫૭ માં શરૂ થઇ તે પછી નૉર્થ અમેરિકા અને બીજા દરેક સંસ્થાનોમાં લાઇનો નખાતી ગઇ અને તે લગભગ ૫૦૦ કંપનીઓને હસ્તગત ચાલે છે. આ ટ્રેમવે લાઇન ૧૮૯૫ માં ૧૨૫૦૦ મૈલ સુધી ફરી વળેલી હોઇ તેપર ૯૦૦૦ વિજળિક ગાડીઓ ફરે છે, અને બાકીની સ્ટિમ, દોરડાં ગૅસ એનજીન અને ઘોડાના બળથી દોડે છે.

યૂનાઇટેડ કિંગડમમાં ૧૮૫૮ માં પ્રથમ ટ્રેમવે લાઇન બર્ધે ફરતી કરવામાં આવી હતી. લંડનમાં ટ્રેમવે ૧૮૬૪ માં ફરતી થયા પછી ૧૮૬૯--૭૦ માં તેની કંપની મ્હોટા પાયા ઉપર મેળવામાં આવી હતી. આ મુદ્દત પછી પાંચ વર્ષમાં ૫૦૦ મૈલ લાઈન જૂદા જૂદા શેહેરોમાં નખાઇ હતી, અને તે પછીથી ૧૦૦૦ મૈલ સુધી લાઈન ફરતી થઇ છે. આ લાઇન ઉપરથી ઘોડાની તથા વિજળિક ટ્રેમવે દોડે છે. ૧૮૭૩ માં વિજળિક ટ્રેમવે સેન ફ્રાન્સિસકો ખાતે મી૰ હેલીડેએ ચાલુ કરી હતી.

મુંબઇમાં પ્રથમ ટ્રેમવે લાઇન ૧૮૭૪ માં એક અમેરિકન કંપનીએ નાખી હતી. ૧૯૦૪ માં મુંબઇની ટ્રેમવે લાઇન સિંધી લીટીમાં ગણતાં ૧૭૫ મૈલ ફરી વળેલી હતી. આ ગાડીઓ ખેંચવા માટે ૧૩૫૭ ઘોડા તથા વ્યવ્હાર માટે ૧૧૦૦ માણુસો કામે રોકેલા છે. આ કંપનીની રોજીંદી આવક ૪૦૦૦ ની ને ખર્ચ ૩ ૨૦૦૦ નો થાય છે.

ટ્રેવસ—રેહેનિશ પ્રૂશિયાનું આ મુખ્ય શેહેર કોલોગનની દક્ષિણે દક્ષિણ પશ્ચિમમાં ૧૧૨ મૈલ ઉપર છે. અત્રેની નદી ઉપર ૮ પુલો ૬૨૩ ફીટ લંબઇના બાંધવામાં આવ્યા છે. આ શેહેર આગલા પ્રાચીન ઢબ ઉપર હજી કાયમ રહેલું છે. અત્રેના 'પોર્ટાનિગરા' ૧૧૮ ફીટ લાંબો ને ૯૫ ફીટ ઉંચો છે, જેને રોમન હમામખાનું કહે છે (પણ કેટલાકો

એને રોમન પાદશાહી મેહેલ જણાવે છે.) આ શેહેરની કોટબહાર એક 'રંગશાળા'નું બંડીયર છે કે, જેમાં ૩૦૦૦૦ શ્રોતાજનોની બેઠકો છે. તે શિવાય પ્રાચીન કાળમાં અનેક જોવા જોગ બાંધ કામો છે. અત્રેની લાયબ્રેરિમાં ૧૦૦૦૦૦ દફતરો અને હજારો હસ્તલેખોનો સંગ્રહ છે. ૧૪૭૨ માં બંધાયલી યૂનિવરસિટી છે કે જે ૧૭૫૮ માં વધારવામાં આવી છે. અત્રે ઉન, રૂ, અને તહેંવાર ઉદ્યોગ હુન્નરના કારખાના છે. લોક વસ્તી ૧૮૭૧ માં ૨૧૪૪૨ ની ને ૧૮૬૦ માં ૩૬૧૬૬ ની હતી. આ શેહેર ૧૮૧૪ થી પ્રૂશિયનોને તાબે છે.

ટ્રોક્સ—આ પ્રાણી શંખમાં રહેનાર હોઇ તેને મૂછો હોય છે. એને બે આંખ અને નળીના જેવું મ્હોં હોય છે. મ્હોને છેડે કાનસ હોય છે તે વડે બીજી છીપોને કાંચી તેમાં રહેનારા પ્રાણીને તે ખાય છે.

ટ્રોય—ન્યુયોર્કના રેન્સલર પ્રગણાનું આ મુખ્ય શેહેર હડસન નદીના પૂર્વ કાંઠા ઉપર આલ્બનીથી રેલ માર્ગે ૫ મૈલ ઉપર છે. અત્રે માર્બલના કોઠંહાસ, ટ્રોયની સેવિંગ બેંક, મ્યૂઝીયમ, હાઇસ્કુલ વગેરે જાહેર ઇમારતો હોઇ ત્યાં રૂ, કાગળ, સ્ટોકીન, એનજીન, મીશનરી વગેરે હુન્નર ઉદ્યોગના કારખાનાં છે. તે શિવાય ખીસ, જલ્લદ દારૂની ભઠી, આટાની મીલો વગેરે છે. આ મીલોમાં ૮૦૦૦ સ્ત્રી તથા બાળક કામદારો કામ કરે છે. ૧૬૫૯ માં અત્રે પ્રથમ ડચોએ વસાહત કરી હતી, ૧૮૧૬ થી રાજ્યમાં ગણાયું. ૧૮૫૦ લોક વસ્તી ૨૮૭૮૫ ની, ૧૮૮૦માં ૫૬૭૪૭ની તથા ૧૮૯૧માં ૬૦૯૫૬ની હતી.

ઠ—તેવીસમો મૂળાક્ષર.

ઠગ—આગળ હિંદુસ્તાનમાં વેપારી મુસાફરના વેહેરવેશમાં ઠગોનાં ટોળાં મુખ્યકરી, ભોપાલ, ઔદ, ગવાલીયર, બુંદેલખંડ અને દુઆબવાલા પ્રગાણાનાં શેહેર તથા જંગલોમાં ફરતા, રહી મુસાફર લોકોને ઠગી તેમને મારીનાખી સર્વ અસબાબ લુટી લેતા હતા. તેઓનો મુખ્ય ધંધો બેહુતનો હોવાછતાં વર્ષના આઠ મહિના તેઓ આ ધંધામાં પડતા. આ ઠગ લોકોનું પ્રબળ અકબરના રાજ્યમાં પણ વિશેષ હતું. કારણકે તેણે તેમને નિર્મૂળ કરવા એક પ્રસંગે તેમનીપર સામટો હુમલો કરી દિલ્લીથી આગ્રાના માર્ગમાં ઘેરી તેમના ૪૦૦ સાથીઓને કતલ કર્યા હતાં.

આ ઠગની જાતનો એક જૂદોજ ટોળો આગળ હસ્તીમાં હતો. તેઓ વર્સાદની મોસમ શરૂ થતાં પોતાને વતન આવી ૪ માસ ઘેરસંસારી કામોમાં ગુજારી વર્સાદ પુરો થતાં દસેરા ટાંકણે પોતાનાં સાથીઓ સાથે મળી ગુરૂ પાસે જઈ આશિરવાદ માંગતા. બુઢ્ઢો ગુરૂ એ ઠગોમાંનોજ બ્રાહ્મણ રહેતો, જે તેમને આશિરવાદ આપી એક કોદાળી બક્ષેસ કરતો, અને તે કોદાળી તેઓ હમેશાં પોતાની પાસે જાળવી રાખતા. આ કોદાળી વિષે તેઓ એવો વેહેમ ધરાવતા કે 'જે તે કોદાળીથી કોઇ મરણ પામેલા મનુષ્ય માટે ચોર ખોદી હોય તો તે ભુત થતો નથી.' આ ટોળીમાં જે જુવાનીયો રહેતો તેને તે ગુરૂ એક રેસમી રોમાલની ભેટ આપતો, જે રોમાલ વડે તે પોતાના ભોગને ફાંસી આપતો. જે જુવાનીયાને આ રોમાલની બક્ષેસ મળતી તે બીજાઓ કરતાં વધુ કુશળ કહેવાઈ પદ્વિએ ચઢતો ગણાતો. રોમાલ આપતી વેળા ઠગ ગુરૂ તેમને નસિહત આપતાં તેના વડવાઓએ આ રોમાલનો કેવો ઉપયોગ કરતા તે જણાવતો. પછી તેઓ ભવાની માતાની સ્તુતી કરી પૂજા કરતા. તે પછી કામપર જતાં હવે પછી કયા કયા પ્રકારની ઇશારત કરવી તે આગમજથી મુકરર કરતા. તે પછી ૨૦થી ૧૫૦ માનસોની ટોળી થઇ જૂદી જૂદી વિખરાઇ જતી. તેઓમાં એક એવો રેવાજ હતો કે એકપણ મુસાફરનો પ્રથમ ભોગ લીધા વીનાં તે આગમજ હજામત કરાવવી નહિ. તેમ પાન તંબાકુ ખાવાં નહિ. તેઓ જોરજુલમથી નહિ પણ ઠગીને લોકોને લુટતા હતા. આ ટોળીમાં થોડા અનુભવીઓને જાસુસનાં કામ પર રોકવામાં આવતા. તેમને મુસાફરોની ખબર મળતાં બીજા કુશળ બોલીદરાજે તે મુસાફરો સાથે ભેળાઇ જઇ મુસાફરી કરતા અને મુકામ થતાં ગાતું બજાવન ચલાવતા, ને તંબાકુ, હુક્કા, યા "પાન લાવ" એવો બોલ નિકળતાં સમેતજ આગમજથી તે મુસાફર સાથે ભેળાયલા ઠગો બાપડા અંજાણના ગળામાં રૂમાલનો ફાંસો નાખી તેને ગુંગળાવી મારી નાખતા. આ ઠગો સરકારી સીપાઇ યા કાસદને તથા યૂરોપીયનોને કાંઇ ઠગતા નહોતા, કારણકે તેમના ગુમ થવાની ઘણી ચર્ચા ચાલી શોધ બોળ ચાલતી તેથી તેઓ બીજા મુસાફરોનેજ લુટવામાં સલામતી જોતા હતા.

બ્રિટીશોને ઠગો ઉપર કાબુ મેળવવાનો પ્રથમ ખ્યાલ ૧૭૯૯ માં શ્રીરંગાપટ્ટણ જીત્યા પછી આવ્યો ને ૧૮૧૦ માં કલકત્તાની કૌન્સીલે એપર ખાસ ધ્યાન આપ્યું હતું.

ઈ૦ સ૦ ૧૮૧૮ માં પેશ્વા સાથની લઢાઇ પુરી થતાં બ્રિટીશ સરકારે સર્વ દેશમાંના ઠગોનો દોર તોડવા માટે ખાસ ચાંપતા ઇલાજો લઇ તેમના મુખીઓને શોધી કાઢી તેમનો સમુળગો નાશ કર્યો હતો. તે વેળા તેઓમાંના 'દારગોપાલ સુબેદાર' નામના એક જાણીતા ઠગને ૧૮૩૨માં પકડયો હતો. તેની તપાસ

ચાલી તે વેળા જણાયું કે તેના આગલા વડવાઓ પણ એજ ધંધો કરતા હતા, અને તે જ્યારે કેદ થયો ત્યારે તેનો ભાઇ અને સગાંઓપણ એજ ધંધામાં રોકાયલા હતા. આ દીરગોપાલે પોતાનાં પરાક્રમોની જે હકીકતો કોર્ટ સનમુખ વર્ણન કરી તે ઘણીજ કમકમાટ ઉપજાવનારી હતી. તેણે આપેલી જબાનીમાં મુખ્ય બનાવો એ દર્શાવ્યા હતા કે "૧૮૧૭માં તેણે પ્રથમ એક પંડીતને મારી નામના મેળવી અને તે પછી તેણે ૧૪ દુકાનદારો પાછળ લાગી તેમનો જીવ લઈ ૨૦૦૦ રૂપ્યા મેળવ્યા હતા. ૧૮૨૧ માં તેણે ૪ પોલીસ અમલદારોને મારી નાળામાં નાખી દીધાં હતા. તે પછી બીજેજ દિને તેણે હોલકર સરકારનાં એક અમલદાર તથા તેનાજ સ્વારોને પણ ગુંગળાવી મારી નાખ્યાં હતાં. તે પછી 'આમખરખાંન' નામના નવાબ વથા તેની બાઈડી અને તેના ૧૦ સીપાઈઓ સાથે તેમને ઘેરી તે સર્વેને ગુંગળાવી મારી નાખ્યા હતા. ૧૮૨૩માં એક બાઇડી તથા ૧ છોકરી અને ૧૧ જણા તેને પુનેથી ઇંદોર જતાં મળ્યા, તેમને પણ ઠગીને મારી નાખ્યા, જેમાં તેને ૧૦૦૦ ની લુટ મળી હતી. તે પછી નગદી લઇ જનાર ટોળીને ઘેરી તેમને મારી રૂ ૨૫૦૦૦ ની લુટ મેળવી હતી. છેલ્લે દીરગોપાલે ઉદેપોરની રાણીના એક અમલદાર નામે લાલસીંગ તથા તેની બાઇડી, ચાકરડી તથા ૬ નિર્દોશ બાળકોને ઠગી મારી નાખી લુટ મેળવી હતી. આ વેળા તેની ટોળીમાં ૨૫૦ માનસો હતાં, જેમાં ૫૦ જણાએ દીરગોપાલને મદદ કરી હતી. આ અમલદાર સાથે મળી જવા માટે તેઓએ પોતાને ઇંગ્રેજ સરકારના સીપાઇઓ જણાવી વિશવાસ મેળવી દિવસો સુધી સાથે મુસાફરી કરી અને માર્ગમાં તક મળતાં મુખ્ય અમલદાર તથા સીપાઇઓને ગાંજો અફીણ પાઇ મારીને લુટી લીધા હતા, આ વેળા લાલસિંગની બાઇડીના હાથમાં એક નાહનું બાળક હતું તેને માત્ર દીરગોપાલે બચાવી પાલ્યું હતું, જેને પાછળથી ઇંગ્રેજ સરકારે પોતાના હસ્તકમાં લઇ સાગરની નિશાળમાં શિખવા મોકલ્યો હતો. આ દીરગોપાલની તપાસ તેના ૨૯ મદદનિસો સાથે કરી ૧૮૩૨ માં ૩૦ મી જુને સર્વેને ફાંસી આપી મારી નાખ્યા હતા, તે વેળા તે સર્વેએ પોતે પોતાને હાથે ફાંસો ગળામાં ઓળવી પ્રાણ મેલ્યો હતો.

ઇ. સ. ૧૮૨૬ થી ૧૮૩૫ સુધીમાં '૧૫૬૨' ઠગોને પકડવામાં આવ્યા હતા, જેમાંના ૧૪૦૪ ને ફાંસી તથા દેશનિકાલની સજા કરવામાં આવી હતી, તેમાંના કેટલાકેતો ૨૦૦ ખુન કરવાનો એકરાર કર્યો હતો.

ઇ. સ. ૧૮૬૦ સુધીમાં તેમનો સમુળો નાશ કરવામાં આવ્યો હતો. પ્રથમ ૯ વર્ષની તપાસમાં ૩૮૨ ને ફાંસી દઇ મારી નાખવામાં આવ્યા હતા, ૯૦૯ ને દેશ તરીપારની સજા કરી હતી, ૭૭ ને જીંદગી સુધીના કેદખાનાની સજા કરી હતી, ૯૨ ને ચોકસ મુદતની શિક્ષા કરી હતી, ૨૧ ને નિર્દોશ જણાતાં છોડી મેલ્યા હતા, અને '૨૫૦' ને 'કવિન્સ એવિડન્સ કરી છોડી મેલ્યાં હતાં.

ઠઠ્ઠા—કરાંચી જીલ્લામાંનો એક તાલુકો. ક્ષેત્રફળ. ૧૩૨૩ ચૌરસ મૈલ હોઇ તેમાં ૧૮૭૨ માં વસ્તી ૩૭૯૨૬ની ને ૧૮૮૧માં ૩૯૭૫૦ની હતી. વસ્તીમાં ૩૨૭૭૩ મોહમેદન, ૬૪૧૨ હિંદુ, અને ૫૧૦ ખ્રિસ્તીઓ છે. તાલુકામાં એક શેહેર અને ૨૯ ગામ છે. તાલુકામાં ૩ ફોજદારી કચેરી અને ૧૧ પોલીસ થાણા છે. વાર્ષિક મેહેસુલ ૪૫૧૮ પૌંડની ઉપજે છે.

ઠઠ્ઠા—આ પ્રાચીન શેહેર સિંધુના પશ્ચિમ કાંઠાથી ૩ મૈલ ઉપર અને સિંધુનો પૂર્વ તરફનો પ્રવાહ 'વાગર' નદીનો મુખ્ય પ્રવાહ 'સટ્ટા' થી જ્યાં વિભાગે છે ત્યાંથી ૪ મૈલ ઉપર તથા કરાંચીની પૂર્વે ૫૦ મૈલ ઉપર છે.

ઇ. સ. ૧૬૯૯ માં કેપ્ટન હેમિલ્ટને જ્યારે આ શેહર દીઠું ત્યારે તે સિંધુથી બે મૈલ ઉપર હતું પણ હાલમાં ૩ મૈલ ઉપર છે. ઠઠ્ઠાનો અર્થ 'કિનારો' હોઈ તે

ઉપરથીજ શેહરનું નામ ઠઠ્ઠા પડ્યું એમ કનિંગહેમ જણાવે છે. ઠઠ્ઠાનો કચ્છ ભાષામાં કિનારો એવો અર્થ થાય છે તે કનિંગહેમના લેખ ઉપરથી સ્પષ્ટ જણાતું નથી. ઠઠ્ઠાનું નગરઠઠ્ઠા (કિનારા ઉપરનું શેહેર) એવું નામ ચાલુ પ્રચારમાં છે.

'મુરડો' નાં જણાવ્યા મુજબ આ શેહેરને સિંધનાં અધિકારી નિજામઉદ્દીને ઇ૰ સ૰ ૧૪૯૫માં સ્થાપ્યું હતું, તે આગમજ 'સમા-લોક'ની રાજધાની 'સામીનગર' જે ઠઠ્ઠાની વાયવ્યે ૩ મૈલ ઉપર છે, તે નીચલા સિંધનું પાયતખત હતું. સામીનગરની સ્થાપના દિલ્લીના પાદશાહ અલાઉદ્દીન (ઇ૰ સ૰ ૧૨૯૫—૧૩૧૫) નાં સમયમાં થઇ એમ 'મુરડો' જણાવે છે. ઠઠ્ઠાની નૈઋત્યે ૪ મૈલ ઉપર કલ્યાણકોટ અથવા તમાલખકોટ છે તે એની આગમજનું હશે. ઠઠ્ઠાને 'માડવાડી' તરીકે પણ 'ભારત સ્થળ દર્શ'માં જણાવ્યું છે. ત્યાંની 'માંડ' નામની જે પ્રજા સિંધ દેશના નિચલા ભાગમાં છે, તેની ઉપરથી આ નામ પડ્યું છે. માંડવાડીનુંજ 'મનાવરી' એ રૂપ થએલું છે.

ઠઠ્ઠાનું સ્થળ આણી તરફજ છે, પણ સામીનગર અને કલ્યાણકોટનાંસ થળો જુનાં છે. આ સ્થળો વેપાર રોજગાર માટે અતિ બંદોબસ્તા છે પણ નદીનાં ફેરફારથી તેમાં ફરક પડેલો છે; આથી શેહેરની જગ્યા તથા નામ ઘણી વેળા બદલાયલું છે.

આરબ ભૂગોળવેત્તાઓનું 'મનાહબરી' અને 'પેરિકલપ' ગ્રંથ માહે 'મિનાગરી'નું સ્થાન ઠઠ્ઠા છે એમ કેટલાક પ્રમાણ ઉપરથી સિદ્ધ થાય છે. માંડ પ્રજા નીચલા સિંધમાં ઇસવીસનની શરૂઆતથી વસે છે. રસીદ-ઉદ્દદિનના લખ્યા મુજબ 'નોહાના' મેટા 'હામ'નાં વંશજ 'મેડ' અને 'જાટ' એ સિંધી પ્રજાનાં મહાભારત આગમજનાં પૂર્વજો હતા. મેર—મેડ—મેડ—મિડ—વગેરે રીતે આ નામ લખાયલું છે. ગ્રીક ગ્રંથકારોએ તેને 'મેદી' અને 'મેડુઅની' તરીકે લખેલું છે.

આ 'માંડ' પ્રજાનાં નામ ઉપરથી 'મિનાગર' (મિનાનું નગર) એ નામ પડ્યું છે એમ કનિંગહેમે અનેક તર્કો ઉપરથી પૂરવાર કરી આપ્યું છે, અને ત્યાં સિથીયન પ્રજાનો અમલ હતો એમ તેણે સિદ્ધ કર્યું છે.

મિનાગર કઇ બાજુએ આવ્યું હતું એ ગ્રીક ગ્રંથમાં જણાવેલું નથી. મિનાગર અને 'મનાહબરી' (મંડ આબરી) એઓ એકજ હશે તો મિનાગર એ ઇંડોસિથિયન રાજાની રાજધાની વગર શકે ઠઠ્ઠામાંજ હશે. ત્રણેની સ્થિતિનું ત્રણેન મળતું આવે છે.

આગલા વખતમાં આ શેહેર મહોટી જાહોજલાલીએ પુગ્યું હતું. ૧૬૯૯ માં કે૰ હેમિલ્ટને પોતાની મુસાફરી દરમ્યાન આ શેહેરની મુલાકત લીધી હતી તે વેળા આ શેહેર ૩ મૈલ લાંબુ, ૧½ મૈલ પોહળું હતું, અને ત્યાં ૮૦૦,૦૦ ની લોક વસ્તી હતી; પણ મકીથી થોડી મુદતમાં વસ્તીનો અર્ધો ભાગ ઘટી ગયો હતો. પોર્ટુજરના જણાવવા મુજબ ૧૭૪૨માં જ્યારે નાદીરશાહ ઠઠ્ઠામાં દાખલ થયો તે વેળા ત્યાં ૪૦,૦૦૦ વણકર, ૨૦૦૦૦ પરચુટણ કારીગરો, અને ૬૦૦૦૦ વેપારીઓ હતા. ૧૮૪૦ માં ત્યાંની વસ્તી ૧૦૦૦૦ થી ૪૦,૦૦૦ ની હતી. તે વેળા ઠઠ્ઠામાં રેસમ તથા સુતરના કપડાનાં કારખાનાં અને ધાન્યની બજારો હતી.

ઇ. સ. ૧૮૮૧ માં અત્રેની લોક વસ્તી ૮૮૩૦ ની હતી, તેમાં ૪૪૭૫ મોહમેદન અને ૪૦૮૧ હિંદુ હતાં.

ઠઠ્ઠામાં બનતી લુંગી રેસમી તથા સુતરાઉ તમામ સિંધમાં વખણાય છે. ઇ. સ. ૧૭૫૮ માં 'ગુલામશેખ કાલ્હોરા' નાં અમલમાં ઇસ્ટઇંડીયા કંપનીએ અત્રે એક વણવાનું કારખાનું સ્થાપન કર્યું હતું, પણ તે ૧૭૭૫ માં કાઢી નાખ્યું હતું. તે પછી ૧૭૯૯ માં ફરી એક બીજું કારખાનું સ્થાપન કર્યું પણ તેમાં લાભ થયો નહોતો. ૧૮૩૯ માં આગલી કંપનીની કોઠી દરસ્ત કરાવી બ્રિટીશ બરાખ તરીકે ઉપયોગમાં લેવાઇ હતી.

ઠઠ્ઠામાં પ્રાચીન કાળની ઇમારતોમાં જુમા-મસજીદ અને કિલ્લો જોવાજોગ છે. હાલનું ગામ ૧૫૨૨ આગમજ ફરી સ્થાપન થએલું જણાવવામાં આવે છે. ૧૫૫૫માં આ શેહેરને પોર્ટુગીજોએ બાળી નાખ્યું હતું, તેમજ ૧૫૯૧ માં અકબરે કરેલી સિંધ ઉપરની ચઢાઇ વેળા ઠઠ્ઠાનો નાશ થયો હતો. અત્રેની જુમામસજીદ ૧૬૪૪ માં શાહજહાનના ફરમાનથી બાંધવામાં આવેલી જણાવવામાં આવે છે. આ મસજીદ ૩૧૫ ફીટ લાંબી તે ૧૯૦ ફીટ પોહળી છે, અને તેનો ઘેરાવો ૬૩૧૬ ચોરસ યાર્ડનો છે. આ મસજીદ બાંધવા પાછળ રૂ ૯,૦૦,૦૦૦ નો ખર્ચ થયો હતો. અત્રેનો કિલ્લો ૧૬૯૯ માં નવાબ હાશીમઉલ્લા એ બાંધવા શરૂ કર્યો પણ તે પૂર્ણ કરી શકયો નહોતો.

એક નોંધ ઉપરથી જણાય છે કે આગળ આ શેહેરમાં ચીનાઇ વાસણો બનાવવાનું એક કારખાનું હતું. ત્યાંના એક આગલા રાજ્યકર્તાએ ચીનાઇ કારીગરને પોતાના રાજ્યમાં તેડી તેને જાગીર આપી આ હુન્નર તમામ સિંધમાં ફેલાવ્યો હતો.

ઠાના—જીલ્લો—એનું ક્ષેત્રફળ ૪૨૪૩ ચોરસ મૈલ હોઇ તેની ઉત્તરે પોર્ટુગીજોનાં દમણની હદ અને સૂરત જીલ્લો; પૂર્વે નાસીક જીલ્લો, અહમદનગર અને પુના; દક્ષિણે કોલાબા જીલ્લો અને પશ્ચિમે અરબી સમુદ્ર છે. આ જીલ્લાની જમીન સમુદ્ર સપાટીથી ૧૦૦ ફીટથી ૨૫૦૦ ફીટની ઉંચાઈ સુધીની સપાટ છે. સમુદ્ર કાંઠેની જમીન નીચી ને ફળદ્રુપ છે. લોક વસ્તી ૧૮૪૬ માં ૫૫૪૯૩૭ ની, ૧૮૫૧માં ૫૯૩૧૯૨, ૧૮૮૧માં ૯,૦૮,૫૪૮, ૧૮૯૧ માં ૯,૦૪૮૬૨ ને ૧૯૦૧ માં ૮,૦૬,૩૬૧ ની હતી. જીલ્લામાં ૧૦ શેહેરો તથા ૨૦૯૧ ગામડાં છે.

જીલ્લાની કુલે વસ્તીમાંના ૬૧૦૭૦૫ માણસો (૬૭°૨૨ ટકા)નો મુખ્ય ભાગ ખેતીવાડી ઉપર ઉપજીવીકા કરે છે અને ખેડુતોની સંખ્યા ૩૬૯૪૩૮ ની છે. જુમલે જમીનની મેહેસુલ ૭૭૯૦૯ પાઉંડની ઉપજે છે.

દેશ નહાની ટેકડીઓથી ભરપૂર છતાં ફળદ્રુપ છે. મુખ્ય નદી વૈતરણી છે. તલાવ તુળશી, વિહાર અને તાનસા છે. મુખ્ય ઉત્પત્તિ-બાજરી, કઠોળ, મસાલાનાં પદાર્થો, શેરડી, અને તંતૂમય વનસ્પતિની છે. નિકાશ વેપાર ચોખા, નિમક, લાકડું, ચના ને મસાલાનો ચાલે છે. આયાત વેપાર કાપડ, તમાકુ, નારીયળ, સાકર ને ગોળનો ચાલે છે.

આ જીલ્લામાં બોમ્બે બરોડા તથા સેન્ટ્રલ-ઇંડીયા પેનિનસુલા તથા સેંટ્રલઇંડિયા રેલ્વે ફરીવળેલી છે. જીલ્લામાં દર્યા તથા ખુસ્કી માર્ગે વેપાર ચાલે છે. તેમજ મીઠા પકાવવાના ઉદ્યોગપર ૨૦,૦૦૦ માનસો મંડેલા રહે છે. અત્રે વર્સાદની પડત ૯૭ ઈંચ પર દોકડાની છે.

ઠાના—ઉપલા જીલ્લાનું મુખ્ય શેહેર. મુંબઈ શેહેરની ઉત્તર પૂર્વે ૨૧ મૈલ ઉપર છે. આ ગામ સાલસેટના કિનારા ઉપર સમુદ્ર નજદીક વસાયલું છે. ૧૩ મી સદીમાં આ શેહેર રાજ્યનું મુખ્ય પાયતખત અને વેપારનું અગત્યનું બંદર હતું. ૧૩૧૮ માં મુબારક ખીલજી અત્રે રાજ્ય કર્તા હતો. ૧૫૨૯ માં ખંભાતની હારપછી ઠાના એક પોર્તુગીજોનું બંડીયું મથક થઇ પડયું હતું. તે પછી આ શેહેર બે વેળા પોર્તુગીજોએ તથા એક વેળા ગુજરાતીઓએ લુટયું હતું. ૧૫૩૩ નાં કોલકરાર પછી અત્રે પોર્તુગીજોની સત્તા મુકરર થઇ અને તે પછીજ ઠાના ફરી ચઢતી કળાએ પ્રગ્યું, ૧૭૩૯ માં વસાઇની લઢાઇની હાર પછી ઠાનામાંથી પોર્તુગીજ અમલ ખતમ થયો. ૧૭૭૪ માં બ્રિટીશોએ કિલ્લા પર તોપો છોડી બહાદુરી ભરી લઢત પછી તેનો કબજો મેળવ્યો હતો.

ઠાનામાં લોક વસ્તી ૧૪૪૫૬ ની છે, તેમાં ૧૧૪૫૮ હિંદુ, ૧૩૯૮ મોહમેદન, ૧૦૬૪ ક્રિસ્તી, ૨૬૦ પાર્સી, ૮૧ જૈન ને ૧૬૫ પરજાતની છે. હાલમાં ઠાનાનો કિલ્લે। તુરંગ તરીકે વપરાય છે.

ઠાર—વાતાવરણમાંનું પાણી જમીન ઉપર નહિ જણાતાં ઠરે છે તેને ઠાર અથવા દવ કહે છે. આગલા જમાનામાં ઠાર વિષે એવી સમજ હતી કે વાતાવરણ સાંજાજે થંડુ પડતાં, બપોરે ગરમ થયાથી તેના અંગે પાણીની વરાળ અદૃષપણે રાખવાની જે શકિત હોયછે તે શકિત ઓછી થઇ વધારે વરાળનું પાણી બની તે ઠાર રૂપે જમીન ઉપર પડતું; પણ ડૉ૦ વેલ્સે વધુ શોધખોળથી એવું સિદ્ધ કર્યું કે પૃથ્વી વાતાવરણની આગમજ થંડી પડે છે, અને તેના થંડા પડવાથી ઠાર પડે છે; પણ વાતાવરણ થંડુ થતાં ઠાર પડતો નથી. પૃથ્વીને અંગે કિરણ રૂપે ઉષ્ણતા બાહેર કાઢવાની શકિત ઘણી છે, અને વાતાવરણને અંગે તે શકિત કાંઇ અંશે હોય તોય તે નહિ જણાય તેવી અદ્રષ્ય છે, આથી સાંજે સૂર્યની ગરમી ઓછી થવા માંડતા, અને સૂર્યાસ્ત થયા પછી તે તદ્દન બંધ પડે છે, એટલે પૃથ્વી કીરણ રૂપે ઉષ્ણતાને એકદમ બાહેર કાઢી પોતે થંડી પડવા માંડે છે, અને વાતાવરણને અંગે શકિત નહિ હોવાથી તેના અને પૃથ્વીનાં થંડા પડેલા પૃષ્ઠ ભાગનો સંબંધ થઇ માત્ર તેમાંની કેટલીક ગર્મી ધીરે ધીરે ઓછી થાય છે. આ મુજબ વાયુના જે ભાગમાંની ગર્મી ઓછી થાય છે તે ભાગમાં વરાળ અદ્રષ્ય પણે રાખવાની શકિત ઓછી થઇ, વરાળનું પાણી વધારે બની તેના મોતી જેવા ટીપાં આગળ થંડા પડેલા વાયૂ સાથે જે પદાર્થનો સંબંધ થએલો હોય છે, તે પદાર્થ ઉપર એકઠાં થાય છે, એજ ટીપાંને ઠાર કહે છે.

વાતાવરણમાં ઠારનો વધારે જમાવ થતાં તે પૃથ્વી ઉપરથી ઉપર ઉષ્ણતાનાં કીરણ સ્વચ્છ રીતે જવા દેતું નથી, એટલુંજ નહિ પણ તે ઠાર જાતે ઉષ્ણતાનાં કીરણ પૃથ્વી ઉપર નાખે છે; આથી પૃથ્વી જલ્દી થંડી પડતી નથી; પણ રાત્રે આકાશ સ્વચ્છ રહેતાં પૃથ્વીમાંથી ગરમીનાં કિરણો વગર હરકતે જગતના દૂર દરાજ દેશમાં ફેલાય છે, આથી ગરમીનાં કિરણો પાછાં આવતા નથી.

પદાર્થને અંગે કિરણ રૂપે ગરમી બાહેર ફેંકવાની જેવી ઓછી વધારે શકિત હોય છે, તે માન પ્રમાણે તે વાતાવરણ કરતાં પેહેલાં થંડા પડે છે આથી તેના માન પ્રમાણે તેની ઉપર ઠાર વધારે ઓછું હોય છે. એજ કારણને લીધે ખડક, રેતી અથવા પાણી એમની ઉપર ઠાર ચોટું પડે છે, યા કદાચ જરાએ પડતું નથી, અને જે માટે તે ફાયદાકારક છે એવું જે ઘાસ, ઝાડ વગેરે વનસ્પતિ વર્ગમાંના પદાર્થ તેની ઉપર તે ઘણું પડે છે. તેમજ ગરમીમાં ગરમ દેશમાં થંડકની ઘણી ગરજ હોયછે. આથી તે સમયે ત્યાં ઠાર વધારે પડેછે. દિવસે જેમ જેમ જમીન વધારે તપે છે તે પ્રમાણ મુજબ તે આગળ વધારે ગરમીનાં કિરણ ફેંકે છે, અને તેથી રાત્રે વાતાવરણ કરતાં વધારે જડપથી થંડી પડે છે. આથી અમેરિકાના પશ્ચિમ તરફનાં ટાપુઓમાં ગરમી વધારે હોવાથી ત્યાં સાંજાજે થંડક ઘણી પડી ઠાર વધારે પડે છે.

ઠાંસો—ખાંસી=ઉધરસ. પ્રથમ આ રોગ લાગુ પડવા આગમજ સરકમનો હુમલો થાય છે. શરૂઆતમાં આજારીને ઘડીઘડી ખાંસી થઇ ગુંજ આવે છે, પણ છાતી ઉપરથી કાંઇ પડતું નથી અને તે સાથે સેહેજ તાવ આવે છે. એ મુજબ એ ત્રણ દહાડા તાવ તથા સુકી ખાંસી જારી રહ્યા પછી ચીકણો નિતરો અને શીણવાળો બલગમ મ્હોા વાટે બાહેર પડે છે, અને જેમ જેમ આ રોગનું જોર વધારે તેમ બલગમ વધારે ચિકાસદાર હોય છે. એમાં કોઇવેળા સેહેજ આવે અને વખતે ઘણો જોરમાં આવે, જેથી જીભ મેલવાળી બને છે; નાડી ઉતાવળે ચાલે છે, તરસ ઘણી લાગે છે, માથામાં દરદ થાય છે તથા સ્વાસ ચાલવામાં હરકત નડે છે. કોઇવેળા છાતીમાં દુખારો થઇ બેમારની ઉંઘ ઉડી જાય છે. જ્યારે આ ઠાંસો મટવા ઉપર આવે છે ત્યારે પિળાસપર બલગમ પડે છે, જેને 'પાક્કો' બલગમ કહે છે.

આ હાંસો થંડી અને સરદીની ઋતુમાં જોર કરે છે અને કેટલીકવેળા બદપરહેજી થતાં ઉપડે છે. આ ખાંસી બીજા દર્દો સાથે પણ હુમલો કરે છે. જેમકે સંધિવાની સાથે, ગાઉટની સાથે, કેટલાક તાવની સાથે તથા કોઇવેળા ગરમીના વિસ્ફોટ સાથે આવી સસણી થાય છે. તે વખતે આ દરેક દરદને તેના ખાસ ઉપાય કરવા જોઇએ. ફકત ખાંસીના ઉપાયો યોજવાથી તેની ઉપર પાકી અસર થશે નહિ. ખાંસી ફકત જે બલગમ છાતીમાં ભરાઇ રહે છે તેને બહાર કાઢવાને કુદરતનો પ્રયત્ન છે.

એમાં દરદીની તબીયત તથા રોગના જોરના પ્રમાણમાં ઔષધોપાય કરવાં જોઇએ. આવા રોગીની છાતી હમેશાં નબળી હોય છે, માટે તેમણે હમેશાં થંડી સરદીથી દૂર રહેવું, છાતી ઉપર ફલાલીનનું બનીયાન રાખવું અને ખોરા તેલવાલી ચીજ ખાવી નહિ.

ઢ.

ઢ—ચોવીસમો મૂળાક્ષર.

ઢક્કા—જીલ્લો. પૂર્વ બંગાલમાંનો આ જીલ્લો ગંગા અને બ્રહ્મપુત્રનાં સંગમ ઉપર છે. એની ઉત્તરે મયમૂનસિંગ, પૂર્વે ટીપરા, દક્ષિણે અને દક્ષિણ પશ્ચિમે બખારગંજ અને ફરીદપૂર, તથા પશ્ચિમે પબના છે. એનું ક્ષેત્રફળ ૨,૭૬૭ ચૌરસ મૈલ છે. ૧૮૫૧ માં લોક વસ્તી ૬,૦૦૦,૦૦ ની અચોકસ ગણત્રીથી ગણાઇ હતી, પણ ૧૮૭૨ ની ભરૂસેદાર ગણત્રી મુજબ વસ્તી ૧૮,૫૨,૬૯૩ ની હતી ને તેમાં ૫૦૧૬ ગામડાં હતા. ૧૮૮૧ માં ૨૧,૧૬,૩૫૦ ની હતી ને તે વેળા એમાં ૬,૪૨૨ શેહેરો તથા ગામડાં હતા. આ વસ્તીમાં ૧૦,૩૩,૮૬૩ પુરૂષો તથા ૧૦૮૨૪૮૭ સ્ત્રીઓ હતી. તેમાં ૮૫૬૬૮૦ હિંદુ, યાને ૪૦ ટકા; તથા મોહમેદનો ૧૨૫૦૬૮૭ યાને ૫૯ ટકા હતા.

ઢક્કા જીલ્લો સપાટ અને ફળદ્રુપ હોઇ તેમાં નદીઓ જગેજગ ફરી વળેલી છે. અત્રે જુટ, ચોખા, ચામડાં, તેલીબિયાં, ગરમ મસાલો, સોપારી, કોસુંબાનો પાક થતો હોવાથી તેનો બેહોળો વેપાર ચાલે છે. આયાત વેપાર ૩૨૪૫૦૦૦ પાઉંડનો થાય છે.

મુસલમાની રાજ્ય અમલ દરમ્યાન ઢકા બંગાલનું મુખ્ય પાયતખત હતું. ઇ. સ. ૧૨૦૩ માં પ્રથમ મુસલમાનોએ ઢક્કામાં પ્રવેશ કરી પોતાની સત્તા સ્થાપી હતી, જે સત્તા ૧૩૨૫ માં મહમદ તઘલખે પોતાને હાથ આણીને 'સોનારગાંવ'ને પોતાનું મુખ્ય મથક બનાવી ત્યાં કિલ્લો બાંધ્યો, પણ ઢક્કાની ચઢતી કળા ૧૭ મી સદીમાં શરૂ થઈ હતી. ઇસમાયલખાન નામે મોગલ હાકમે રાજમહાલથી ઢક્કામાં પોતાની ગાદી આણી સ્થાપી હતી. તે પછી ઢક્કા ઉપર સરહદ તરફથી અનેક હુમલા થયા તેમાં આસામીઓનાં અવારનવારના હુમલા જાણીતા હતા, અને દક્ષિણ તરફથી આરાકાનીઓ હુમલા કરતા. માત્ર મહમદશુજાએ ૨૦ વર્ષ માટે ઢક્કાથી રાજમહાલ તરફ પોતાની ગાદી લઇ ગયો હતો, પણ ૧૭મી સદીમાં ઢક્કાનેજ પાયતખત બનાવ્યું હતું.

જ્યારે અત્રે પોર્ટુગીજોનું ચલન વધ્યું ત્યારે શાહિસ્તેખાને ઢક્કાપર હુમલો કરી પોર્ટુગીજોનું બળ નબળું કરી ચીતાગોંગને મોગલ રાજ્ય સાથે જોડી નાખ્યું હતું. આ વખત પછી પોર્ટુગીજ, અમેરિકન મિશન તથા ગ્રીક વેપારીઓએ અત્રે પોતાના મથક કર્યા. ઇંગ્રેજ, ફ્રેન્ચ અને ડચોએ ૧૬ મી સદીમાં અત્રે કોઠીઓ બાંધી હતી, પણ ૧૮ મી સદીમાં ઢક્કાની ફરી પડતી દશા આવી. ૧૭૦૪માં મુરશીદકુલીખાને ભાગીરથી કાંઠેના મુરશીદપુરને પોતાનું પાયતખત બનાવ્યું, અને ઢક્કાપર મુરશીદપુરનાં અમીરના

નેમેલા નવાબની સત્તા સ્થાપન થઈ. પણ ૧૭૫૭ માં ઇંગ્રેજ રાજ્ય મજબુત થતાં ઢક્કાપર તેને પોતાનો કાબુ સ્થાપન કર્યો. તે વખતથી નબી અથવા નવાબની સત્તા નિર્મૂળ થઇ, પણ ૧૮૪૫ સુધી તેમનું ખાનદાન ઉપલા ખેતાબથીજ ઓળખાતું હતું. ૧૮૦૦ માં ઇસ્ટ ઇંડીયા કુંપનીએ ઢક્કાની મલમલનો વેપાર પગભર કર્યો. ૧૮૦૧ માં ૨૫,૦૦,૦૦૦ રૂપીયાની મલમલ પરદેશ રવાના કરવામાં આવી હતી, ૧૮૫૭ માં અત્રેનાં કિલ્લામાં બે રીતુરી લશકરોએ આશ્રો લીધો હતો; પણ તેમને ઇંગ્રેજ લશકરે શિકસ્ત આપતાં બંચેલા સીપાઇઓ ભૂતાનનાં જંગલમાં નહાશી ભરાયા હતા.

ઢક્કાની સરકારને દરસાલ મેહેસૂલ ૧૪૫૩૫૦ પૌંડસુધીનું ઉપજે છે. આ જીલ્લામાં ૬૯૦ સરકારી શાળા છે. જીલ્લામાં ૧૧ મેજીસ્ટ્રેટ કચેરી તથા ૧૫ મુનસફ કચેરીઓ છે. વાર્ષીક વર્સાદની પડત ૭૯ ઇંચ ૬ દોકડા છે.

ઢક્કા—ઉપલા જીલ્લાનું મુખ્ય શેહેર કુરીબંગા નદી કાંઠે ૮ ચૌરસ મૈલ જગા રોકે છે. ૧૮૮૧ માં વસ્તી ૭૯૦૦૬ ની તથા ૧૯૦૧ માં ૯૦૬૭૯ ની હતી. આ શેહેરમાં વણકરોની મુખ્ય વસ્તી હોઇ શાલનો ઉદ્યોગ ઉત્તમ ચાલે છે. અત્રે આગલા વખતનાં આરમેનિયન તથા ગ્રીકોનાં મકાનોનાં ખંડિયરો નજરે પડે છે. સત્તરમી સદીમાં આ શેહેર બંગાલના હાકમનું પાયતખ્ત હતું. જેહાંગીરના રાજ્ય અમલ વેળા અત્રે એક કિલ્લો બાંધવામાં આવ્યો હતો, જે હાલમાં પડી ભાગો છે. માત્ર સુલતાન મહમદ સુજાએ ૧૬૪૫માં બંધવેલ 'કતરા' તથા લાલબાગ હજી કાયમ છે. છતાં ખંડિયર હાલતમાં છે. અત્રે ઇંગ્રેજ, ફ્રેન્ચ અને ડચોએ બાંધેલી કોઠી હાલમાં તદન નિર્મૂળ થએલી જણાય છે. એની ચઢતી કળા દરમ્યાન આ શેહેર ઉત્તરે ૧૫ મૈલ સુધી લંબાયલું હતું, કે જ્યાં હજી મંસજીદોનાં તથા ઈંટરડીના ઘરોનાં ખંડીયરો જણાય છે. પશ્ચિમ હિંદુસ્તાનમાં ૧૮મી સદીમાં ઢક્કાની મલમલ પ્રસિધ્ધતા પામી હતી. અત્રેની મલમલ આગળ હિંદમાં હરિફાઇ વિનાની ગણાતી હતી, પણ મેનચેસ્ટરનો માલ બધે ફેલાતાં આ ઉદ્યોગ પડી ભાગો હતો (જુઓ કાપડ). ૧૮૧૩ થી આ ઉદ્યોગ તદન પડતી હાલતે પુગેા. ૧૮૧૦ માં અત્રે ૨,૦૦૦૦૦ ની વસ્તી હતી જે ૧૮૭૨ માં ૬૯૨૧૨ ની હતી. આગલા વખતનાં વણકરોનાં મ્હોટાં કારખાનાંઓ પણ ખંડીયર હાલતમાં પડેલા નજરે પડે છે. અત્રેના નવાબ અબદુલગની સી. આઇ. એ ઢક્કાને સુધારવામાં આગેવાની ભર્યો ભાગ લઇ મ્હોટી મદદો કરી હતી, તેણે ૧૮૬૬ માં લંગરખાના નામે ધર્મશાળા સ્થાપન કરી ગરીબોને ઉદ્યોગે લગાડયાં હતા, અને શેહેર સુધરઇ માટે ૫૦૦૦ પૌંડની બક્ષેસ આપી હતી. આથી ૧૮૭૮ માં ઢક્કાને પીવાનું પાણી પુરૂ પાડવાની સગવડ મળી. અત્રે એક 'કૉલેજ' છે કે, જ્યાં યૂરોપીયન પ્રોફેસર શિક્ષણ આપે છે.

ઢંગરી—જાડા કપડા ઉપર કાચ્ચા રેશમ વડે કાઢેલો કશિદો. આ જાતનાં કશિદાનું કાપડ મદ્રાસ ઇલાકામાં બનાવવામાં આવે છે.

ઢગલાસ—ન્યૂકેશાયરનું આ સુંદર શેહેર લેનાકેની દક્ષિણે દક્ષિણ પશ્ચિમમાં ૧૧ મૈલ ઉપર છે. હાલનું ઢગલાસ કેસ્ટલની ઉત્તરે ઉત્તર પૂર્વે ½ મૈલ ઉપર છે. લોક વસ્તી ૧૦૧૮ ની છે.

ઢગલાસ સર હાવર્ડ બેરોનાઇટ જી. સી. બી.—એ એડમિરલ સર સી. ઢગલાસનો બેટો હતો. એનો જન્મ ગ્રાસ પોર્ટમાં ૧૭૭૬ માં થયો હતો. એણે કેનેડામાં નોકરી બજાવી હતી. પ્રથમ એણે લશકરી સેવા બજાવી ૧૮૨૩—૨૯ માં ન્યૂબર્નસવિકનો ગવરનર થયો હતો. ત્યાં એણે પેહેલી યૂનિવ્હરસિટિ સ્થાપન કરી પોતે તેનો પેહેલો ચેનસેલર થયો હતો. ૧૮૩૫ થી ૪૦ સુધી

એ 'લૉર્ડ હાઇ કમિશનર ઑવ ધી આયોનીયન આઇસ્લેંડ' હતો, અને ૧૮૪૨-૪૬ સુધી એ લિવરપુલ તરફથી પાર્લામેંટમાં બીરાજ્યો હતો. એણે અનેક વ્યાખ્યાનો લખી પ્રગટ કર્યાં હતાં, તે શિવાય એણે દર્યાવર્દી લશકરને ઉપયોગી થઇ પડે એવા ગ્રંથો રચી પ્રગટ કર્યા હતા. મરણ ૧૮૬૧ માં ૯ મી નવેંબરે નિપજ્યું હતું.

ડચ—ઇંગ્રેજીમાં હૉલંડ દેશની પ્રજાને 'ડચ' કહે છે ને ડચો પોતાના દેશને નેધરલેંડ કહે છે. તેઓ ૧૬ મી સદી પછી ઇસ્ટ ઇંડીજનાં સર્વ ભાગમાં ફરી વળ્યા છે. સિલોનમાં ૧૫૯૬ થી પોર્ટુગીજો વસ્યા હતા પણ ૧૬૫૮ માં ડચોએ ત્યાં પોતાની સત્તા સ્થાપન કરી હતી. હિંદમાં માત્ર તેઓએ ક્રોચીન તરફ નાહની સત્તા ધરાવી હતી. તેઓએ મલાકા, નાનીંગ અને તેની પાસેનાં દેશો હાથ કર્યા હતા, પણ બ્રિટીશોએ ફરી તે હાથ કરી ૧૮૨૪ માં ૧૭ મી માર્ચે થએલા કોલકરાર પછી ચોકસ શરતે તેમની સત્તા કાયમ રાખી છે.

હાલમાં પૂર્વ આર્ચિપેલેગોમાં તેમની ઝાઝી વસાહત છે, અને ત્યાં તેમનું રાજ્ય ડચ ઇસ્ટ ઇંડીજને નામે પ્રસિદ્ધ છે. પ્રથમ એઓ આર્ચિપેલેગોમાં પોર્ટુગીજોનાં નોકર તરીકે આવી વસ્યા હતા. હૉલંડ તરફથી પ્રથમ ૪ ચઢાઇનાં વાહાણો ૧૫૯૫ માં મોકલવામાં આવ્યા હતા, જેઓ ૧૫૯૬ માં 'બાનતમ'માં દાખલ થયા, તેમનો સરદાર ચોડો વખત કેદ થયો હતો. આ સફરમાં તેઓએ મદીરા તરફ પણ વધ્યા હતા. ૧૬૧૦ માં પીટર બોથા નામે પેહેલો ગવરનર નિમવામાં આવ્યો હતો, અને પેહેલું મથક નેકાત્રાનાં કિલ્લામાં કર્યું હતું. બોથા ગવરનર જેનપિટર્સકોન'નાં અમલમાં બટેવિયાનું પાયતખત બનાવ્યું હતું. ૧૭૪૯ માં જાવાનાં બળવંત રાજાના વખતમાં ડચોને ભારે બારીક વખતમાંથી પસાર થવું પડયું હતું.

હાલના નેધરલેંડસ ઇંડીયાનું ક્ષેત્રફળ ૪૪૫૪૭૭ ચોરસ મૈલ હોઇ તેમાં લોક વસ્તી ૨,૩૦,૦૦,૦૦૦ ની છે. આ ભાગમાં ૩૦૦૦૦ નું લશકર રાખવામાં આવેલું છે, અને તેની ઉપર લેફ્ટનન્ટ જનરલની સત્તા ચાલે છે, જે ગવરનર જનરલથી બીજી પદ્વિનો અમલદાર ગણાય છે.

ડડલી—વરચેસ્ટર શાયરનું આ મુખ્ય શેહેર બરમિંગહેમની પશ્ચિમે ઉત્તર પશ્ચિમમાં ૮½ મૈલ ઉપર છે. એની આસપાસ કોલસાની ખાણો હોવાથી અત્રે પિત્તળ, લોઢાકામ, કાચ, ઇંટ, બીર અને ચામડાં કેળવવાનાં કારખાનાં છે. તેમજ અત્રે બીલા બનાવવામાં પણ આવે છે. એની ઉત્તર પૂર્વમાં ટેકડી ઉપર પુરાણા કિલ્લાનાં ખંડિયરો છે કે જેને ૮ મી સદીમાં સેકસન શાહજાદાએ બંધાવ્યો હતો. આ કિલ્લાની ૧૩ મી સદી પછીની તવારીખ મળે છે જે ૧૭૫૦ માં બળી જઇ નાશ પામ્યો હતો.

લોક વસ્તી ૩૭૯૬૨ ની ને ૧૮૯૧ માં ૯૦૨૫૨ ની હતી. ૧૮૩૨ થી પાર્લામેંટમાં ૧ પ્રતિનિધી મોકલવાનો હક અત્રેનાં શેહેરીઓને મળેલો છે.

ડનકર્ક—આ ફ્રાન્સનું અતિ ઉત્તર તરફનું બંદર શેહેર ડોવ્હરની સામુદ્રધૂનિ ઉપર પેરિસની ઉત્તરે રેલ માર્ગે ૧૮૯ મૈલ ઉપર છે. હાલમાં આ બંદર શેહેરને મજબૂત કિલ્લેબંદીથી આસપાસના પ્રદેશનાં બંચાવ માટે ખાસ મજબુત બનાવવામાં આવ્યું છે. એનું બંદર દર્યાઇ ખાતા તથા વેપાર માટે જાણીતું છે. ૧૮૭૯ નાં કાયદા પછી અત્રેનું બંદર સુધારવા પાછળ ૨૦૦૦૦૦ પૌંડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

ડનકર્કમાં ચામડાં, લીનન, રૂ, સાબુ, બીટરૂટની ખાંડ વગેરે બનાવવાનાં કારખાનાં છે, તેમજ અત્રે વાહાણો બાંધવાનું ગંજાવર ખાતું છે. ૧૮૨૮ પછી આ બંદર પરદેશી વહાણો માટે ખુલ્લું મેળાયું છે. ૧૮૭૨ માં

લોક વસ્તી ૩૪૩૪૨ ની ને ૧૮૯૧ માં ૩૯૪૮૧ ની હતી. અત્રે વાઇન અને દારૂનો મોહોળો વેપાર ચાલે છે.

૧૩૮૮ માં આ શેહેરને ઇંગ્રેજોએ બાળી નાખ્યું હતું, અને ૧૬૫૮ માં ક્રૉમવેલે જીતિ લીધું હતું; પણ ૧૪ માં લુઇને બીજા ચાર્લસે ૫,૦૦૦૦૦૦ ફ્રાંકની કિંમતે ૧૬૬૨ માં વેચાતું આપ્યું હતું.

ડનકર્ક—ન્યૂયૉર્કનું આ બંદર શેહેર બફેલોથી રેલ માર્ગે દક્ષિણ પશ્ચિમે ૪૦ મૈલ ઉપર છે. લોક વસ્તી ૬૪૧૬ ની છે.

ડન્ડી—ફૉર્ફેર શાયરનું આ કિલ્લો તથા શેહેર. એની પાસેની આ બાડી સમુદ્રથી ૧૨ મૈલ લંબાઇ ઉપર બે મૈલ પોહળી છે, અને એ ડન્ડિનબર્ગની ઉત્તરે ઉત્તર પૂર્વમાં ૫૦ મૈલ ઉપર છે. આ શેહેર લૉચ (૫૭૧ ફીટ ઉચાઈપર) અને બાલગેતી ટેકડીનાં ઢોળાવ ઉપર છે. અત્રેનો ૧૭૩૪માં બંધાયલો રોમન આયોનિક બાંધણીનો ટાઉન હૉલ અને આલબર્ટ ઈન્સ્ટીટયૂશન, ફ્રિ લાયબ્રેરી વગેરે જાહેર ઇમારતો છે. ડન્ડી યૂનિવરસિટી કૉલેજ ૧૮૮૩ માં ઉંઘાડવામાં આવી હતી. અત્રે અનેક જાહેર ચોગાનો છે અને તે સર ડેવિડ બેક્ષટરે ભેટ આપ્યાં છે. ડન્ડીમાં સણનાં તથા મીઠાઈ બનાવવાના, વહાણ બાંધવાનાં તથા લોઢાનાં અનેક કારખાનાઓ છે. અત્રેની ગોદી ૭૦૦૦૦૦ પૌંડને ખર્ચે બાંધવામાં આવી છે. ૧૮૭૮ પછી અત્રે સલંગ રેલ્વે લાઈન ચાલુ થઇ છે. લોક વસ્તી ૧૮૪૧ માં ૬૩૭૩૨ ની, ૧૮૭૧ માં ૧૨૦૭૨૪ ની, ૧૮૯૧ માં ૧૫૩૫૮૭ ની હતી. અત્રેનાં બે પ્રતિનિધિઓ પાર્લામેંટમાં બીરાજે છે. ૧૨ મી સદીમાં આ શેહેર જાણીતું મથક હતું. ૧ લો એડવર્ડ અત્રે બે પ્રસંગે આવી રહ્યો હતો. અત્રેનો કિલ્લો વાલેસે ૧૨૯૭ માં બે વેળા લીધો હતો અને બ્રૂસે ૧૩૧૩ માં તેનો નાશ કર્યો હતો. ૧૩૮૫ માં ડયૂક ઑવ લેનેસ્ટરે ડન્ડીને બાળી નાખ્યું હતું. ક્રૉમવેલના સમયમાં આ શેહેર જીતતી વેળા જનરલ મોંકે (૧૬૫૧ માં) ૧૦૦૦ શેહેરીઓની કતલ કરી લશકરનો નાશ કરી ૬૦ વહાણો લુટી શેહેર તાબે કર્યું પણ, શેહેર સદનતર પાયમાલ થયું હતું.

ડન્ડીન—ઓટેગોનું આ શેહેર ન્યૂઝીલેંડનું મુખ્ય વેપારી મથક ગણાય છે. એના આસપાસ સુનાની અનેક ખાણો છે. શેહેરમાં રોમન કેથોલિક બિશપનું મુખ્ય મથક છે. જાહેર ઈમારતોમાં પોસ્ટ ઑફીસ, હસ્પીતાલ, સરકારી ઇમારત, યંત્ર શાસ્ત્રની શાળા વગેરે છે. અત્રે બાગબાની શિખવવા માટેનો ખાસ બગીચો છે. ૧૮૭૧ માં વસ્તી ૧૪૮૫૭ ની ને ૧૮૯૧ માં ૨૨૩૭૬ ની હતી. પરાંઓ સાથે કુલે વસ્તી ૨૩૪૯૩ ની છે.

ડનફર્મલેન—ફાઇફમાંનું આ શેહેર એડીન બર્ગની ઉત્તર પશ્ચિમે ૧૬ મૈલ ઉપર અને સ્ટરલિંગની પૂર્વથી દક્ષિણે ૨૦ મૈલ ઉપર છે. અત્રે શેહેર સમાજીક 'હૉલ,' કારનેગીની જાહેર લાયબ્રેરિ (૧૮૮૧ માં), કારનેગીએ બંધાવેલા હમામખાનાં (૧૮૭૭ માં) અને ૧૮૮૬ માં સ્થાપન કરેલી હાઇસ્કુલ જાહેર બાંધકામો છે. અત્રે રંગવાના, લોઢાના, તથા ગાડી બનાવવાનાં કારખાનાં છે. ૧૮૦૧ માં વસ્તી ૫૪૮૪ ની ને ૧૮૮૧ માં ૧૭૦૮૫ની તથા ૧૮૯૧ માં ૨૨૩૬૫ ની હતી.

ડનમોર—પેનસાલ્વાનિયાનું આ કોલસાની ખાણોવાળું શેહેર સ્ક્રેટનની પૂર્વે ઉત્તર પૂર્વમાં રેલ માર્ગે ૨ મૈલ ઉપર છે. લોક વસ્તી ૮૩૧૫ ની છે.

ડનહેમ સર જોન—આ જાણીતો કવિ એક આયરિશ જજનો પુત્ર હતો. એનો જન્મ ઇ. સ. ૧૬૧૫ માં થયો હતો. એણે લંડનમાં ટ્રિનિટી કૉલેજમાં અભ્યાસ કર્યો હતો. એ ૧૬૩૪ માં લગન કરી પોતાના પિતા સાથે સરેમાંના ઇગહેમમાં જઇ રહ્યો હતો. સિવીલ-વૉર પછી એ સરેનો શેરિફ થયો હતો; અને તે પછી રાજાનો માનીતો થયો હતો. ૧૬૪૧ માં એણે 'Sophy' નામે એક કરૂણારસિક વાર્તા પ્રસિદ્ધ કરી અને બીજે જ વર્ષે cooper's

Hill નામનું જાણીતું કાવ્ય પ્રસિદ્ધ કર્યું હતું. ૧૬૪૭ માં ૧ લા ચાર્લ્સની ખાનગી બીદમતમાં રોકાયો પણ આથી એને હૉલંડ તથા ફ્રાન્સ તરફ નહાશી જવું પડ્યું હતું. ૧૬૫૦ માં એણે જુવાન રાજા માટે સ્કૉટીશોનાં પોલાંડમાંથી નાણું ભેગું કરી ખાનગી ગોઠવણો માટે ઇંગલંડમાં અનેક વેળા જાવ આવ કરી હતી. પ્રજાસત્તાક સ્વતંત્ર રાજ્યના અંત પછી એને નાઇટ ઑવ ધી બાથના કેતાબ સાથે ચઢતો ઓધો આપવામાં આવ્યો હતો. ૧૬૬૫ માં એ એક જુવાન સ્ત્રી સાથે પરણ્યો પણ તે સ્ત્રીએ ડ્યૂક ઑવ યૉર્ક તરફ ખુલ્લી પ્રિતી બતાવવા માંડયાથી એ પોતાનાં છેલ્લા દિવસોમાં બેમગજ થઇ દુખી થયો હતો, પણ તેટલાં એની તે સ્ત્રી એકા એક મરણ પામવાથી તેને વિષપ્રયોગે મારી નાખી હોય એવો શક રહી ગયો હતો. ૧૬૬૯ માં એ ગરીબ અવસ્તામાં મરણ પામતાં એને વેસ્ટમિન્સટર એબીમાં દાટવામાં આવ્યો હતો.

ડફ—આ ચર્મવાદ્ય ગોળ લાકડાની પટીનું બનાવેલું હોઇ તેની ઉપર ચામડું જડેલું હોય છે. ડફ મુસલમાનોએ બનાવેલું વાદ્ય છે. દફ્લી એટલે નાહનું ડફ.

ડબલબિજ—આ વેલાવાળું ઝાડ એના સિંગદાણા માટે જાણીતું છે. એના દાણા ન્હોટાં પણ ચપટાં હોય છે. એના સિંગની ભાજી બનાવવામાં આવતી નથી પણ દાણાની ભાજી સ્વાદિષ્ટ બને છે. એની ઉપર થંડીમાં સિંગોનો બહાર ખિલી નિકળે છે.

ડબલિન—આયરલંડનું રાજ્યધાની શેહેર લીફ્ફે નદી કાંઠે ગલાસગોની દક્ષિણે દક્ષિણ પશ્ચિમે ૨૨૩ મૈલ ઉપર અને બ્રિસ્ટોલની ઉત્તર પશ્ચિમે ૨૪૫ મૈલ ઉપર છે. શેહેરમાં પશ્ચિમથી પૂર્વે નદી વહેતી હોવાથી બે સરખા ભાગમાં શેહેર વિભાગેલું છે. શેહેરની દક્ષિણ પૂર્વમાં અતિ સુંદર ઇમારતો છે. મુખ્ય દુકાનો ગામની મધ્યમાં છે. અત્રેનો નેલસનની યાદગારીમાં ઉભારેલો મિનારો ૧૩૪ ફીટ ઉચો છે. જાણીતું સેંટ સ્ટીફન્સગ્રીન જે પિપલ્સપાર્ક તરીકે જાણીતું છે તે માટે ૨૦ એકર જગ્યા રોકાયલી હોઇ તેનો ઘેરાવો ૧ મૈલ જેવડો છે. ટ્રિનિટી કૉલેજનો ગંજાવર ચોગાન ૪૦ એકર જમીન રોકે છે. લિન્સટર હાઉસ આગળ લિન્સટરના ડ્યૂકના મુકામ તરીકે જાણીતું હતું, પણ હાલમાં તે રૉયલ ડબલિન સોસાયટીને હસ્તકત છે, જ્યાં કુદરત સંગ્રહ, મ્યૂઝીયમ અને ખુદરતની તવારીખનો સંગ્રહ છે. મુખ્ય ઇમારતોમાં સેસન, કુસ્ટરનું 'મ્યૂઝીયમ' અને નેશનલ લાયબ્રેરિ કે જે ૧૮૯૦ માં ખુલ્લી મેલવામાં આવી તે જાણીતાં છે. આ લાયબ્રેરી પાછળ ૧,૦૦,૦૦૦ પૌંડનો ખર્ચ બેઠો હતો; તેમજ ટ્રિનિટી કૉલેજ અને કસ્ટમ હાઉસ જાણીતી ઇમારતો છે. અત્રેની ગ્રીન કૉલેજમાં ૩ જા વિલ્યમની યાદગારીનું પુતળું છે, તે શિવાય બીજા પુતળાઓ પણ છે, જેમાં મુખ્ય ડ્યૂક ઑવ વેલિંગટન, ગોલ્ડસમિથ, બર્ક, ગ્રેટન વગેરેની યાદગારીનાં પૂતળાં છે.

નદી ઉપર ૧૨ પૂલો જાવઆવ માટે બાંધ્યા છે. આ નદીના બેઉ કાંઠાને ગ્રેનાઇટની છાતીપૂર દેવાલથી ચણી લીધાં છે. લોક વસ્તી ૧૬૮૮ માં ૬૪૫૦૦ ની, ૧૮૦૪ માં ૧૬૭૮૯૯ ની, ૧૮૪૧ માં ૨૩૨૭૨૯ ની, ૧૮૮૧ માં ૨૪૯૬૦૨ ની ને ૧૮૯૧ માં ૨૭૮૮૯૬ ની હતી. અત્રે ૧૫૯૧ માં જે યૂનિવ્હરસિટિ કૉલેજ સ્થાપન કરવામાં આવી (ટ્રિનિટી) તેમાં હાલ ૭૦ શિક્ષકો અને ૧૧૦૦ વિદ્યાર્થિઓ છે. અત્રે ૧૮૫૪થી એક રોમન કેથોલિક યૂનિવ્હરસિટી ચાલુ છે, તે શિવાય આયરલંડની રૉયલ યૂનિવ્હરસિટિ છે જે હાલમાં કવિન્સ યૂનિવ્હરસિટીને નામે જાણીતી છે; તેમજ અત્રે બે બાગબાની શિખવાની શાળા છે.

૯મી સદીમાં અત્રે ડેનિશોએ વસાહત કરી પોતાની સત્તા સ્થાપન કરી હતી. ૨ જા હેન્રિએ ૧૧૭૧ માં દરબાર ભરી ૧૬૮૯ માં

૨ જા જેમ્સે અત્રે પાર્લામેંટ સભા બોલાવી હતી, અને તે પછી ૩ જા હેન્રિએ તરતજ આ શેહેર તાબે કર્યું હતું.

ડભોઇ—વડોદરાના રાજ્યમાંનું એક પ્રાચીન શેહેર. વડોદરાની દક્ષિણ પૂર્વે ૧૫ મૈલ ઉપર છે. લોક વસ્તી ૧૪૯૨૫ ની છે. તેમાં ૭૬૫૬ પુરૂષો તથા ૭૨૬૬ સ્ત્રીઓ છે. વસ્તીમાં ½ ભાગ મુસલમાનોનો છે.

જૂના વખતમાં એ પ્રખ્યાત, આબાદ અને સુંદર શેહેર હતું, પણ હાલમાં ભાગીતૂટી અવસ્થામાં આવી પડ્યું છે. દંતકથા છે કે એ સિદ્ધરાજ જેસિંગે વસાવેલું છે. પીલાજી ગાયકવાડે ગૂજરાતમાં સૌથી પેહેલું શેહેર લીધું તે એ હતું. એની આસપાસનો કોટ પેહેલાં ઘણો મજબૂત હતો પણ હાલમાં કેટલેક ઠેકાણેથી નાબુદ થઇ ગએલો છે. એના ૪ દરવાજા છે. પશ્ચિમે વડોદરા, ઉત્તરે ચાંપાનેર, પૂર્વે હીર ને દક્ષિણે ચાણોદ; એમાંનો હીરા દરવાજો નક્ષી કામમાં ચઢીઆતો છે. આ દરવાજાની પાસે ભદ્રકાળીનું ને તેની પાસે એક મહાદેવનું દેહેરું છે, જેનું નક્ષી કામ ઘણું સરસ છે, પરંતુ દેહેરું હાલ ભાગી તૂટી હાલતમાં છે. ગામ બહાર રેલ્વે સ્ટેશનની નજીક હરીભક્તિ વડોદરાના સાહુકારનું બંધાવેલું સુંદર દેહેરું છે. ગામથી ૩ કોસ દૂર પથ્થરનું બાંધેલું અષ્ટ કોણીઉ જૈન તળાવ છે. ગામની અંદર દવાખાનું, જેલ, વાધનાથ માહદેવની જે બીજી ચાર ધર્મશાળાઓ, ઇંગ્રેજી ગુજરાતી અને ગુજરાતી, ઉર્દુ તથા મરાઠી શાળાઓ છે. અત્રે કાપડ વણવાનો પણ ઉદ્યોગ કૂનર ચાલે છે.

ડમડમ—બંગાલમાનું આ શેહેર કલકત્તાની ઉત્તર પૂર્વે ૪½ મૈલ ઉપર છે. ૧૮૫૭ માં અત્રે 'કારત્રિજ' બનાવવાનું કારખાનું પ્રથમ સ્થાપન કર્યું હતું. લોક વસ્તી ૪૨૨૩ ની છે.

ડમફ્રર શાયર—એક સ્કૉટીશ પ્રગણું. એની પૂર્વ પશ્ચિમ લંબાઇ ૪૭ મૈલની અને પોહળાઇ ૧૩ થી ૩૨ મૈલની છે. એનું ક્ષેત્રફળ ૧૧૦૩ ચૌરસ મૈલ છે. અત્રે અઢી હજાર ફીટ ઉચાઇનાં અનેક પર્વતો ફરી વળેલાંછે; તેમજ નીથ, ઍનન અને એરક નામની ૩ રમણિય નદી તથા ૭ સરોવર છે. મુખ્ય ખનીજ પદાર્થ કોલસો જડે છે, તેમજ ચૉક, સુરમો, શિસું, ચાંદી અને સુન્નાની અનેક ખાણો છે. અત્રેની આબોહવા માફક સરની છે. અત્રે ઢોરો તથા માછલી મારવાનો ઉદ્યોગ સારો ચાલે છે. અત્રેની પાર્લામેંટમાં ૧ પ્રતિનિધિ મોકલવાનો હક્ક મળેલો છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૭૬૧૪૦ ની તથા ૧૮૯૧ માં ૭૪૨૪૫ ની હતી.

ડમબર્ટન—ગલાસગોની પશ્ચિમે ઉત્તર પશ્ચિમે-૧૫ મૈલ ઉપર છે. અત્રેની જાહેર ઇમારતોમાં મુખ્ય બર્ગહૉલ અને એકેડમી, જાહેર ચોક ૩૨ એકર જગા રોકે છે (૧૮૮૫ માં બંધાયું). તેને શેહેર સમાજે ૨૦૦૦૦ પૌંડે વેચાતો લીધો હતો. ડમબર્ટન એ વહાણો બાંધવાનું બંદર શેહેર છે. શેહેર અને કલાઇડ વચ્ચે એક હમબર્ટન નામે ખડક ૨૮૦ ફીટ ઉચો છે તે ઉપર કિલ્લો છે. આ કિલ્લાનું બાંધકામ ઘણુ મજબુત છે. અત્રેથી પાર્લામેંટમાં પ્રતિનિધીઓ મોકલવાનો હક્ક છે. ૧૮૫૧ માં વસ્તી ૫૪૪૫૧ની ને ૧૮૯૧ માં ૧૭૬૨૬ની હતી.

ડમબર્ટન શાયર—આ સ્કૉટીશ પ્રાંત ૨૫ મૈલ લાંબો અને ૧½ થી ૧૫½ મૈલ પોહોળો છે, જેનું ક્ષેત્રફળ ૨૭૦ ચૌરસ મૈલ છે. એની ભૂમિનો સર્વ ભાગ પહાડી હોઇ ત્યાં કોલસાની ખાણો છે. અત્રેની હવા સરદ હોઇ ઘાસ ચારો સારો ઉત્પન્ન થાય છે. ડ્યૂક ઑવ આરગાઇલનું રોસેન્યનો કિલ્લો મુખ્ય મથક છે. ૧૭૨૮ થી અત્રે રંગવા તથા ધોવાનું કારખાનું છે અને ૩ તથા વહાણો બાંધવાનો મુખ્ય ઉદ્યોગ ચાલુ છે. એનાં મુખ્ય શેહેરો ડમબર્ટન, હેલન્સબર્ગ, ક્રીકી'ટલલૉચ, અલેકઝાન્દ્રિયા, રેનટોન અને બોનહિલ છે. અત્રેથી પાર્લામેંટમાં એક પ્રતિનિધી મોકલવામાં આવે છે. ૧૮૦૧ માં વસ્તી

૨૦૭૨૦ ની, ૧૮૮૧ માં ૭૫૩૩૩ ની તથા ૧૮૯૧ માં ૯૮૦૧૪ની છે.

ડમરૂ—હિંદુ દંતકથા મુજબ શિવના હાથમાંનું એક વાદ્ય. એમાંથીજ વ્યાકરણનાં ૧૪ સૂત્રો નિકળ્યાં હતાં. આ વાદ્ય ચામડાનું બનાવવામાં આવે છે. એ ઢોલકીનાં વર્ગનું હોઇ તે ભજન કિર્તનમાં વપરાય છે.

ડમરો—એનાં વૃક્ષ જંગલી તુળશી જેવાં, બે થી ત્રણ હાથ ઉંચા હોય છે. એના પાંદડા જંગલી તુળશી જેવાં હોઇ તેના કાતરા હોય છે. એના ઝાડને મુસલમાનો પુજ્ય ગણે છે, એની ઉપર ઉગતા તોરામાં કાળા રંગના બિયાં હોય છે, જેને મરાઠીમાં 'તુકુમરાઇ' કહે છે. કહે છે કે એનાછોડનાં ગંધને લીધે તેની પાસે સર્પ કદી જતો નથી, એનો ઉપયોગ તખીઓ ઔષધિમાં કરે છે. સર્પદંશ ઉપર એના પાંદડાનો રસ અનેકવાર પાવાથી ઝેર ઉતરે છે, બેહેરાપણા માટે એનો રસ કાનમાં રેડતાં ફાયદો કરે છે.

ડ્યૂક—ઇંગલંડમાં આ એક રાજકુળના બીજા કુંવરોની પદ્વિ છે અને તે કોઇ કોઇ મહાન ઉમરાવને પણ બક્ષવામાં આવે છે. આ પદ્વિ ગ્રેટબ્રિટન અને આયરલંડના ચાર બિશપથી ઉતરતા દરજ્જાની પદ્વિ છે. હાલમાં આ પદ્વિ આગળ જે પ્રાંત અથવા શેહેરનું નામ જોડેલું હોય છે તે પ્રાંત અથવા શેહેર સાથે તેનો કશો સંબંધ હોતો નથી. આગળ આ પદ્વિવાળાને તે તે પ્રાંત ઉપર હાકમી કરવાની સત્તા મળતી હતી. હાલમાં રાજ પુત્રને આ પદ્વિ મળતાં તેને થોડી સત્તા મળે છે. આ પદ્વિ વંશ પરમપરાએ ચાલુ રહે છે. ડ્યૂકનાં સર્વ બેટા લૉર્ડસ કહેવાય છે અને તેમને હાઉસ ઑવ લૉર્ડમાં બેસવાનો હક્ક મળે છે. ડ્યૂકની હયાતિમાં તેના વડા બેટાને મારકિવસની પદ્વિ બક્ષવામાં આવે છે.

ઇગલંડ શિવાય યૂરપનાં બાકીના દેશોમાં આ પદ્વિના અર્થમાં સત્તા સમાયલી રહે છે. 'ડ્યૂક' શબ્દનો મૂળ અર્થ "આપણી પ્રજાનો આગેવાન" એવો થાય છે. જે સંસ્થાનિકો આગળ નાહના સંસ્થાનના રાજાઓ હતા અને જે હાલમાં પણ મ્હોટું રાજ્ય પદ ધરાવે છે છતાં તેઓ પોતાના પ્રાંતમાંના તદન સ્વતંત્ર સરદારોને પણ આ સંજ્ઞા બક્ષે છે.

આરટ્રિયાનાં આર્ચ ડ્યૂક અને રશિઆમાં ગ્રાંડ ડ્યૂકની પદ્વિ રાજપુત્રો માટે ખાસ છે. હાલમાં પણ જે સંસ્થાનિકને જર્મની તથા આરટ્રિયામાં વધારે સત્તા મળેલી હોય છે તેને ગ્રાંડ ડ્યૂક કહેવાની ચાલ છે. બેડનનાં સંસ્થાનિકને (રાજ્ય કર્તાને) ગ્રાંડ ડ્યૂક કહે છે

ડ્યૂકેટ—સુવાનો ચલણી સિક્કો, આગળ એ કૉન્સટન્ટ'માં ઘણું જાણીતું ચલણી નાણું હતું. ઇ. સ. ૧૧૦૦ માં પ્રથમ આ સિક્કો બનાવવામાં આવ્યો હતો, અને તેનું હાલનું ડ્યૂકેટ નામ 'ડુકાસ' ઉપરથી નિકળેલું છે. ૧૨ મી સદીમાં ઇટલિમાં વેનિસખાતે આ સિક્કા ચલણમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૪ મી સદીમાં ઓહિમિયા તથા હંગેરીમાં દાખલ થયું. ૧૫૫૯ માં જર્મન શેહેનશાહતમાં ડ્યૂકેટ સિક્કા પાડવામાં આવ્યા અને બધે તેનો ફેલાવો તુરત કરવામાં આવ્યો હતો. આ સિક્કો આરટ્રિયા, રશિઆ,હમબર્ગ વગેરે ઠેકાણે જૂદી જૂદી સફાઇથી બનાવવામાં આવે છે. એની કિંમત લગભગ ૯ શિલિંગ ૪ પેન્સ જેટલી હતી. હાલનું ઇટાલિયન ડ્યૂકેટ ઘણી ઓછી કિંમતનું બને છે. ઇટલીમાં ચાલતું ચાંદીનું ડ્યૂકેટ ૩ શિલિંગ ૪ પેન્સની કિંમતનું હોય છે; તેમજ હૉલંડમાં ડૉલરને (૪ શિલિંગ ૨ પેન્સનું) ડ્યૂકેટ કહે છે.

ડ્યૂગોંગ—આ જળચર પ્રાણી હિંદુસ્તાન તથા લંકાના સમુદ્ર કાંઠાપર પુશકળ જણાય છે. આ પ્રાણીનાં પાછલા પગ જોડાઇને તેમનો એક પ્રકારની પુછડીનો અથવા ખરૂં જોતાં માછલાની પુછડીના જેવો હલેસાનો આકાર બને છે. એના આગલા પગ પાંખ જેવા હોય છે. ડ્યૂગોંગ ઘણી વખતે પોતાનું માથું પાણીની બાહેર રાખે છે, અને એવેળા પાંખવતી બચ્ચું ઝાલેલું હોય છે તો બાયડી પોતાના બાળકને ધવડાવતી હોય તેના જેવું આઘેથી દેખાય છે. ડ્યૂગોંગની આ ટેવ ઉપરથી 'મત્સ્ય કન્યા'ઓની એટલે શરીરનો ઉપલો ભાગ સ્ત્રીના જેવો અને નીચલો ભાગ માછલાના જેવો એવી જળમાં રહેનારી કલ્પિત સ્ત્રીઓની કહાણીઓ સેા વસા જોડાઇ હશે. આ માછલી દરિયા કાંઠે ઉગતા છોડવા ખાય છે; માછલાં ખાતું નથી.

ડ્યુરંટા—આ ફુલઝાડને મરાઠીમાં માલકાંગણી કહે છે. એ અતિ સુંદર ઝાડ ગણાય છે, એના ફુલની સફેદ અને આસમાની એવી બે જાત છે. એના પાંદડા ચળકતા લીલા રંગના હોય છે. આ ઝાડ હમેશાં ઘણાં સુંદર દેખાય છે. ફુલો આવી ગયા પછી તેપર પિળા રંગના મ્હોટા ફુલો ઉગે છે. આ સખત જાતનું ઝાડ છે. બાગ માટે આ ઝાડની વાડ બનાવેલી સારી અને એ બાગમાં ગમે ત્યાં ઉગાડી શકાય છે. નવાં ઝાડ બિયાં અથવા કલમથી ઉગે છે. એને પાણી ૮ દિવસે સીપવું પડે છે.

ડ્યૂરિઅન—આ અત્યંત ઉંચું વધનાર ઝાડ છે. તે સુમારે ૮૦ ફીટ ઉંચું વધે છે. એનાં ઝાડ કલકત્તા તથા મુખ્ય કરી બરમામાં પુશકળ ઉગે છે. એનાં ફળ નારિયળ જેવડાં હોય છે, અને તેમાં બિયાં મ્હોટા લીંબુ જેવડાં હોય છે; કે જે ખાવાનાં કામમાં ઉપયોગી છે. એની રૂચી મલાઈ જેવી હોય છે. ફળ માહેલો મગજ ખાવાના ઉપયોગમાં આવતો નથી કારણકે તેનો ખરાબ ગંધ આવે છે. એનાં બીયાં ભૂજી ખાતાં તે ચેસ્ટનટના ફળ જેવાં રૂચીકારક લાગે છે. નવાં ઝાડ બિયામાંથી ઉત્પન્ન થાયછે. કાળી જમીનમાં ઝાડ સારૂં ઉગે છે. ઝાડ મોટું થાય ત્યાં સુધી તેને દર સાતવાડીએ પાણી પાઉં પડે છે.

ડ્યૂસ્ટિઆ—આ ફુલ ઝાડ ૩ ફીટ ઉંચા વધે છે, એની ઉપર બરફ જેવા શુભ્ર ફુલો ઉગે છે. નવાં ઝાડ કૂર્ન જૂદા પાડી રોપ્યાથી ઉગે છે, એને લાલ જમીનમાં રોપી ૪ દિવસ આંતરે પાણી સીપવું પડે છે.

ડ્યુસબરી—આ ઉદ્યોગ હુન્નર માટેનું જાણીતું શેહેર યૉર્ક શાયરના પશ્ચિમ ભાગમાં યૉર્કની દક્ષિણ પશ્ચિમે ૩૨ મૈલ ઉપર અને લેડસની દક્ષિણે દક્ષિણ પશ્ચિમમાં ૮ મૈલ ઉપરછે. અત્રે ૧૮૬૧ થી ચેમ્બર ઑવ કૉમર્સની સ્થાપના થએલી છે, તેમજ ૧૮૮૩ માં ખાસ એક આરોગ્ય ભવન સ્થાપન કરવામાં આવ્યું છે. ૧૮૮૮ માં અત્રેનો નવો ટાઉન હૉલ બાંધવામાં આવ્યો હતો. બરનૂસ, ગલીચા, દોરી અને લોહાનાં મ્હોટા કારખાના હોવાથી મોહલો વેપાર ઉદ્યોગ ચાલુ છે. લોક વસ્તી ૧૮૬૧ માં ૧૮૧૪૮ ની ને ૧૮૯૧ માં ૨૪૮૪૭ ની હતી.

ડરબન—નેટલનું એક બંદર શેહર. ૧૮૩૪ માં અત્રે ડચોએ વસાહત કરી સત્તા સ્થાપન કરી હતી; પણ ૧૮૪૨ થી અત્રે બ્રિટીશ સત્તા ચાલુ થઇછે. અત્રેની જાહેર ઇમારતોમાં ટાઉન હૉલ, મ્યૂઝીઅમ, લાયબ્રેરી અને નાટક શાળા છે. જાહેર બગીચો તથા મ્હોટા બે ચોગાનો શેહેર વચ્ચેછે. શેહેરમાં ટ્રૅમવેની સારી સગવડ છે. ૧૮૮૮—૯૧ માં અત્રેનું બંદર સુધારવામાં આવ્યું હતું. અત્રેનું બંદર ૨૭ ફીટ ઉંડું છે.૦ ૧૮૬૬ માં લોક વસ્તી ૪૬૯૧ ની ને ૧૮૯૧ માં ૨૫૫૧૨ ની હતી.

ડરબિ—રે—ઉન્હાળાની શરૂઆતમાં આ દિવસ કોઇપણ એક ચોકસ બુધવારને દિવસે નકકી કરવામાં આવે છે. આ દિવસ 'સરે'માંના 'ઇપસમ'માં મે ની આખેરી યા જુનની શરૂઆતમાં આવે છે. આ ઘોડાની સરત રમવા માટેનો દિવસ ઇ. સ. ૧૭૮૦ માં અર્લ ઑવ ડર્બીના વખતથી ચાલુ થયો છે. જે વેળા પેહલી શરત શરૂ થઇ ત્યારે માત્ર ૩૬ એના સભાસદો હોઇ તેઓ દરેકને ૫૦ ગીનિ લવાજમ આપવો પડતો હતો. તે પછી અર્ધી સદી સુધી શરત મંડળમાં ૯૦ થી વધારે લવાજમ ભરનારા સભાસદો નહોતાં, પણ ૧૮૩૦ થી તેમાં

એકદમ વધારો થવા માંડ્યો હતો. ૧૮૭૬ માં તેવા સભાસદ ૨૭૮ હતા; પણ તે પછી લવાજમ ભરનારાઓની સંખ્યા ક્રમશી થઇ હતી, અને ૧૮૮૦ માં માત્ર ૧૫૮ હતા. તે વેળા નવ કરતાં વધારે ઘોડા દોડાવવામાં આવ્યા નહોતાં ને શરતની રકમ ૩૬૭૫ પૌંડની ઉપજી હતી. તે પછી શરતનાં ઉમેદવારોનો વધારો થવાથી શરતના ચોકસ કાયદામાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ૧૮૨૫ પછી ગીનીને બદલે સૉવરેનમાં લવાજમ લેવું થયું હતું, અને આથી તે પછી લવાજમ ભરનારાઓની સંખ્યા ઉપર શરતની રકમ વધતી ઓછી કરવામાં આવી હતી. ૧૮૯૦ માં ઘડેલા કાયદા પછી જીતનારને ૫૦૦૦ પૌંડનું ઇનામ ઠેરવવામાં આવ્યું હતું, અને તેથી ઉતરતા બીજા અને ત્રીજા ઉમેદવારને થોડા ઘટાડા સાથનું મળે એવી ગોઠવણ કરવામાં આવી તે ચાલુ છે.

ડરબિ—ડે ને દિવસે ખાસ તેહેવાર પાળવામાં આવતો હોવાથી દૂર દરાજથી શોખીનો સંખ્યાબંધ શરતના મેદાનમાં એકઠા મળે છે. આ પ્રસંગે ગરીબથી તે રાજા અને ઉમરાવો સુધીનાં દરેક શોખીનો તેમાં ભાગ લીએ છે, અને તેમની સગવડ માટે થોડી થોડી મિનિટે 'ટ્રેનો' ઉપડતી કરવામાં આવે છે. ૧૮૬૧માં આ શર્તનું મેદાન જે ૧½ મૈલ ઘેરાવાનું હતું તે ઘેરાવો શર્તનો પેહેલો ઘોડો ૨ મિનિટ અને ૪૩ સેકંદમાં પસાર કરી શકયો હતો. આટલી ટુંક મુદતમાં આવડો લાંબો છેટો કદી આગળ કોઇ ઘોડો પસાર કરી ગએલાની નોંધ મળી નથી. ૧૮૮૭માં પણ ઉપલા જેવોજ બનાવ બન્યો હતો, પણ એમાં આગળ કરતાં ઘોડાપર ૪ રતલ વધારે બોજો હતો.

ડરબિસિસ—તુરાની પ્રજાની એક ટોળીને ગ્રીકોએ આપેલું નામ. તુરાન દેશ અતિ વિશાળ હતો; તેની એક તરફ જગઝારતિસ અને ઑકસસ નદીઓ હોઇ બીજી બાજુએ કાસ્પિયન સમુદ્ર અને ચીન દેશ હતો. એટલે હાલનું તુર્કસ્તાન અને ચીનાઇ તારતરીનો થોડો પ્રદેશ મળી તુરાન દેશ બનેલો હતો. આ ડરબિસીસ પ્રજા કૉકેસસ તરફ વસતી હતી. તેઓમાં ૭૦ વર્ષ ઉપરના બુઢાંઓને મારી નાખવાનો રેવાજ હતો. મરણ પામેલાને તેઓમાં દાટવાનો રેવાજ ચાલુ હતો, એમ ગ્રીક ગ્રંથકાર સ્ટ્રેબો જણાવે છે.

ડરહેમ પૂર્વ—નૉરફેાલ્કમાંનું સુંદર શેહેર. નૉરઉઇચથી પશ્ચિમે ઉત્તર પશ્ચિમમાં રેલ માર્ગે ૧૧૨ મૈલ ઉપર છે. ૧૮૫૧માં વસ્તી ૩૩૭૨ની ને હાલમાં ૫૫૨૪ની છે.

ડરહેમ—ઉત્તર પૂર્વ ઈંગલંડમાંનું જાણીતું પ્રગણું, ક્ષેત્રફળ ૧૦૧૨ ચૌરસ મૈલ છે. એનો પૂર્વ ભાગ પહાડી હોઇ બાકીનો સપાટ છે. પશ્ચિમ ભાગ બોહોળો હોઇ ખનિજ ભરાઓથી ભરપૂર છે. અત્રે બેહજાર ફીટ ઉંચાઈનાં અનેક પહાડો છે. ડરહેમની કોલસાની ખાણોવાલો ભાગ ૨૫થી ૧૦ મૈલ ઘેરાવાનો છે. તે શિવાય ચૉક, કાળો માર્બલ, લોહું, સ્લેટ, કલ્લાઇ, શિસું વગેરેની અનેક ખાણો છે. ઈંગલંડમાં ડરહેમની કોલસાની ખાણો સર્વોપરી ગણાય છે. અત્રેથી દર સાલ ૩૦૦૦૦૦૦ ટન કોલસો નિકલે છે અને તે કાઢવા માટે ઉપર તથા હેઠળ ૧૦૦૦૦ કામદારો કામે લાગેલાં છે. અત્રેનાં ઢોરો તથા ઘોડા વખણાય છે. આ પ્રગણામાં લોહાનાં, કુંભાર કામનાં, કાચ, રસાયન પદાર્થો તથા સ્લેટ વગેરેનાં કારખાના છે. એનો મુખ્ય નિકાશ વેપાર કોલસાનો છે. આ પ્રાંત ૪ ભાગમાં વેંહેંચી ૨૬૯ પ્રગણામાં વેંહેચી નાખેલો છે. ૧૮૦૧માં લોક વસ્તી ૧૪૯૩૮૪ ની, ૧૮૪૧માં ૩૦૭૯૬૩ ની, ૧૮૮૧માં ૮૬૭૫૭૬ ની ને ૧૮૯૧માં ૧૦,૧૬૫૫૬ ની હતી.

ડરહેમ—ઉપલા પ્રાંતનું મુખ્ય શેહેર ન્યૂકેસ્ટલની દક્ષિણે ૧૨ મૈલ ઉપર છે. આ શેહેર ૮૬ ફીટ ઉંચા ખડક ઉપર હોઇ તેપર કિલ્લો અને દેવળો છે. અત્રેનો મુખ્ય વેપાર

ઉદ્યોગ રાઇ, ગલીચા તથા લોહાના કારખાનાનો છે. ૧૮૮૫ પછી અત્રેથી ૧ પ્રતિનિધી પાર્લામેંટમાં મોકલવામાં આવે છે. ૧૮૪૧માં લોક વસ્તી ૧૪૧૫૧ ને ૧૮૯૧મા ૧૫૨૮૭૭ની હતી.

ઇ. સ. ૬૯૫માં બિશપ એલ્ધને સેંટકેથબર્સનાં હાડકાં 'રિપોન'થી લાવી અત્રે દાટી તેને જાળવી રાખ્યાં હતા. અત્રેની કેથિડ્રલ લાયબ્રેરિ ઈંગલંડમાં સર્વોપરી ગણાય છે. ૧૮૩૩માં અત્રે યૂનિવ્હરસિટી ખુલ્લી મેલવામાં આવી હતી અને ૧૮૩૭ થી ડીગરિઓ આપવાનો કાયદો પસાર કરવામાં આવ્યો હતો.

ડરાઇડન જૉન—આ જાણીતા કવિનો જન્મ ઈ. સ. ૧૬૩૧માં નૉર્થેમટન પ્રગણામાં થયો હતો. એનો પિતા આ પ્રગણાનો એરોનાઇટ હતો. એણે પોતાનો અભ્યાસ કેમબ્રિજ શેહેરની ત્રિનિટિ કૉલેજમાં કરી પ્રથમ કવિતા લખવાની કોશેસ લૉર્ડ હેસ્ટિંગના મરણ સમયે કરી હતી. સર પીકરીંગ નામે એનો એક બેશી કૉમવેલનાં પાદશાહી મેહેલનો કારભારી હતો, આથી એણે ડ્રાઇડનને પોતાનાં મદદનીશ તરીકે લંડનમાં બોલાવ્યો. બે વર્ષ પછી કૉમવેલના મરણ ઉપર એણે એક શોકાતૂર કાવ્ય રચી પ્રસિધ્ધ કર્યું હતું; તેટલાં બીજે ચાર્લસ રાજ્ય ગાદી ઉપર આવતાં કૉમવેલનાં પક્ષકારોને ખરતા કરવામાં આવ્યા તેમાં ડ્રાઇડનને પણ નોકરી છોડવી પડી. ડ્રાઇડન પ્યૂરિતન પંથ પાલતો હતો. એણે ધંધાનાં શોધમાં ફરી છેલ્લે ૨૮ વર્ષની ઉમરે નાટકો લખવા ઉપર લક્ષ આપી ૨૫ નાટકો લખ્યાં, જે હાલમાં પણ કાયમ છે. ૧૬૭૦માં એણે પોતાનો પ્યુરિતન પંથ બદલી બાદશાહી ટોળીની સંકમાં દાખલ થયો અને આથી એ રાજકવિ તરીકે નેમાઇ સાલિયાણું પામ્યો. એણે ઉમરાવોની સખત ડેકડી કરવા માંડતાં તેઓએ નવાં લખનારાઓને આશ્રય આપી ડ્રાઇડન સામે લખાણો કરવા માંડતા ડ્રાઇડને પોતાની ઝમકદાર લખાણ શકિતથી સર્વેને શેહ આપી હતી, પણ જેમ્સ રાજાને પદભ્રષ્ટ કર્યા પછી ઉમરાવોનું જોર વધતાં ડ્રાઇડનને દરબારમાંથી કાઢી મેલવામાં આવ્યો હતો. આ વેળાએ એક ઉમરાવજાદી સાથે પરણ્યો, પણ સરકારી મદદ બંધ પડવાથી ગરીબાઇ દરમ્યાન ગુજરાન ચલાવવું પડ્યું, પણ એણે આ ગરીબાઇ ટાળવા માટે વધારે જોશદાર લખાણો કરી ગુજરાનનું સાધન મેળવ્યું. 'ધી ઇંડીયન કવિન અને ઔરંગઝેબ નામે એના નાટકો પ્રસિધ્ધતા પામ્યા છે, તેમાં આપેલી કથા તાણીતોડીને દાખલ કરેલી હોવાથી તે નાટકો ઝાઝાં જાણીતાં નથી.

ડસમોન્સ—લાવાનું આ પ્રાચીન શેહેર ડસમોન્સ નદી કાંઠે રેકન નદીનાં મુખ ઉપર ડેવનપોર્ટની પશ્ચિમે રેલમાર્ગે ૧૭૪ મૈલ ઉપર છે. અત્રેની દક્ષિણ પશ્ચિમમાંથી વહેતી નદી દક્ષિણ પૂર્વમાં ૫૫૦ મૈલ વહી મિસિસિપીને મળે છે. આ શેહેર ૧૮૪૬માં સ્થાપન કરવામાં આવ્યું. અત્રે એક રાજકિય મેહેલ ૩૦૦૦૦૦ સ્ટરલીંગને ખર્ચે બાંધવામાં આવ્યો છે, તેમજ માર્બલની બાંધેલી પોસ્ટ ઑફીસ, કોર્ટ હૌસ, એપટીસ્ટ યૂનિવ્હરસિટી, રાજ્યની લાયબ્રેરિ (૨૨૫૦૦ દફતરો સાથની) અને પબ્લિક પાર્ક જોવાજોગ બાંધકામો છે. અત્રે યંત્ર કામ, એનજીન, બૉયલર, રેલવે ગાડી, વગેરેનાં કારખાનાં છે. ૧૮૭૦ માં લોક વસ્તી ૧૨૦૩૫, ૧૮૮૦ માં ૨૨૪૦૮ અને ૧૮૯૧ માં ૫૦૦૯૩ ની હતી.

ડસલડ્રોફ—રેહનિશ પ્રુશિઆનું મુખ્ય શેહેર કોલોગનની ઉત્તરે ઉત્તર પશ્ચિમમાં ૨૪ મૈલ ઉપર છે. અત્રેની એકેડમી ઇ. સ. ૧૭૬૭ માં સ્થાપન થઇ હતી; ૧૮૮૧ માં અત્રેનો 'આર્ટ હૉલ' બંધાવી ખુલ્લો મેલવામાં આવ્યો હતો. તેમજ આગલા વખતનો 'ઇલેકટ્રોલ પેલેસ (કે જે ૧૭૧૦થી ૧૮૪૬ સુધી હતો પણ ૧૮૭૨માં બળી ગયો હતો) જોવાજોગ છે. તેમજ સરકારી મેહેલ, વૈદ્યશાળા, ટૌન હૉલ (૧૫૬૭નો), નાટક ગૃહ, જાહેર લાયબ્રેરિ

૫૦,૦૦૦ દફ્તરો) વગેરે જાહેર ઇમારતો છે. અત્રેનો ગંજાવર બગીચો 'હૉફ ગાર્ડન' તમામ જર્મનીમાં પ્રસિદ્ધતા પામ્યો છે. અત્રે લોઢાનો તથા કપાસનો ઉદ્યોગ હુન્નર મુખ્ય છે. તે શિવાય પિઆનાં, કાગળ, સાબુ, રસાયન પદાર્થો, તંબાકુ, ચોકલેટ, કાચ વગેરેનાં કારખાનાં છે. અત્રેની લોક વસ્તી ૧૮૭૫માં ૮૦૭૫૦ ની, ૧૮૮૫માં ૧૨૫૧૬૦ ની ને ૧૮૯૧માં ૧૪૪૬૪૪૨ની હતી. મુખ્ય વસ્તી કૅથોલિક પંથીઓની છે. ૧૮૧૫થી આ શહેર જર્મન સરકારને તાબે છે.

ડાઇનેમાઇટ—અતિ ત્વરાથી સળગી ઉઠનારો એક ભયંકર દારૂગોળો. આ દારૂગોળો મુખ્ય કરી "નાઇટ્રો-ગ્લિસરીન" નામના પદાર્થો મિશ્રણથી બનાવે છે. જલદ સલ્ફ્યુરિક ઍસિડનાં બે ભાગ અને તેવીજ જલદ નાઇટ્રિક ઍસિડના એક ભાગને મેળવીને 'નાઇટ્રો-ગ્લિસરીન' બનાવ્યામાં આવે છે. બન્ને ઍસિડનું બરાબર મિશ્રણ કીધા પછી, તેને થંડું પાડવામાં આવે છે અને પછી તેને એક વાસણમાં બંધ કરી એવે ઠેકાણે ગોઠવવામાં આવે છે કે તે વાસણની આસપાસ થંડા પાણીનો અથવા થંડી હવાનો પ્રવાહ નળીની મારફતે ફરી વળે. આ ઠંડકથી જેમ જેમ માહેલી મેળવણી થંડી પડતી જાય તેમ તેમ તે વાસણમાં ધીમે ધીમે ગ્લિસરીન રેડવામાં આવે છે. આ સઘળો પ્રયોગ કરતાં ભારે સાહુચેતી લેવી પડે છે, કેમકે તે વેળા ૭૫ અંશથી ગરમી વધે તો ભારે ધડાકો કરી નુકસાની કરે છે. આથી યોગ્ય જથ્થામાં તેમાં ગ્લિસરાઇન રેડ્યા પછી તેને બુબ મિશ્ર કરી તે સર્વ મેળવણીને એક બીજા વાસણમાં કહાડી લેવામાં આવે છે, અને તે વાસણને લાંબો વખત સુધી સ્થિર રાખી મેલવામાં આવે છે, જેથી ગ્લિસરીન અંદરની મેળણીમાંના એક તત્વ નાઇટ્રિક ઍસિડ સાથે મિશ્ર થએલા આકારમાં મેળવણીની ઉપર તરી આવે છે, અને તે તરી નિકળેલી મેળવણી તે નાઇટ્રો-ગ્લિસરીન કેહવાય છે; તેને ઉપરથી નિતારી કાઢી એવી રીતે પાણીથી સાફ કરવામાં આવે છે કે તેમાં જો સલ્ફ્યુરિક ઍસિડનું કોઇ મિશ્રણ રહી ગયું હોય તો તે નિકળી જાય.

આ છુટી પડેલી ઍસિડ બીજી એક રસાયન ક્રિયાથી અનેક વાર, અનેક કામમાં, અથવા આ મેળવણી બનાવવાના કામમાં ઉપયોગી થઈ પડે છે. તેપછી નિગારી કહાડેલી નાઇટ્રો-ગ્લિસરીનવાળી મેલવણીમાં કોઇ પણ જાતનાં સળગી ઉઠે એવા પદાર્થની મેળવણી કરીને તેને ડાઇનેમાઇટમાં ફેરવી નાખવામાં આવે છે. આવા પદાર્થ તરીકે કાંતો 'નાઈટ્રેટ ઑવ સોડા' કે 'નાઇટ્રેટ ઑવ પોટાસ અને ચોકસ પ્રમાણમાં કાર્બન ભેળવામાં આવે છે. આ મેળવણી બનાવ્યા પછી તે ડાઇનેમાઇટને નામે ઓળખાય છે. એમાંથીજ ગમે તેવા કદની ગોળીઓ બનાવી શકાય છે.

ડાકા—બંગાલ ઈલાકામાંના આ જીલ્લાની ઉત્તરે મેમુનસીંગ, પૂર્વે ટિપરા, દક્ષિણે બાકર ગંજ, ફરિદપુર અને પશ્ચિમે પદ્મા. ક્ષેત્રફળ ૨૭૮૨ ચૌરસ મૈલ છે. વસ્તી ૨૩,૬૫,૬૦૨ ની છે. તેમાં ગામો ૬૭૬૩ છે. ભાષા બંગાલી બોલાય છે. દેશ સપાટ અને ધાલેશ્વરી નદીથી બે ભાગમાં વેંહેંચાયલો છે. જમીનનો રંગ કાળો હોઇ તેમાં કાંકરી છે. લખમીયા નદીના કાંઠાનો પ્રદેશ અત્યંત મનોહર છે. મુખ્ય નદી ગંગા, યમુના, બ્રહ્મપુત્ર, મેઘના, ઐરિઅલખાન, કિર્તિનાશા, વાયેશ્વરી, ખુરીગંગા, લખમીયા, મેંઢીખાલી, ગાઝીખાલી, હિરસામારી બનસી, તુરંગતુંગી અને નાળું છે.

મુખ્ય પાક ચોખા, જુવારી, બાજરી, કઠોળ, ત્વિદળ ધાન્ય વગેરેનો છે. તે શિવાય જૂટ, કપાસ, કુસંબો, સોપારી, બીડીનાં પાંદડા, નારીયળ અને શેરડી પણ ઉત્પન્ન થાય છે.

નિકાશ વેપાર જૂટ, ત્વિદલ ધાન્ય, કુસંબો ચોખા, ચામડાં, મસાલાનાં પદાર્થો, સોપારી, અને આયાત વેપાર કાપડ, નિમક, ધાન્ય, તંબાકુ તથા સાકર ને લોઢાનો છે.

મુખ્ય કરી કાપડ, ભરત કામ, શિંપ ઉપરનું કામ, કુંભાર કામનાં અનેક કારખાનાં છે. ડાકાની મલમલ ઘણીજ શ્રેષ્ટ ગણાય છે. મુખ્ય શહેર ડાકા, નારાયણગંજ, મદનગંજ, માણિકગંજ, ચાર્જીઆ, શોલાગડ અને કમર ગાંમ છે.

ડાકિની—હિંદુ ધર્મ દંતકથાઓમાં ડાકિની તરીકે મનુષ્ય વધ કરી તેનું માંસ ભક્ષ કરનારને કહે છે. તેમની મુખ્ય માતા કાલી કહેવાય છે. ડાકિની રાયા—સાગરનાં ટાપુમાં એ ડાકિની રાયા જંગલની દેવી તરીકે પૂજ્ય ગણાય છે.

ડાકોર—ખેડા જીલ્લામાંનું ગામ, આનન્દ રેલ્વે સ્ટેશનથી ૧૬ મૈલ ઉપર છે. લોક વસ્તી ૭,૭૭૧ની છે, તેમાં ૭૪૦૧ હિંદુ અને ૩૫૪ મોહમેદનનો છે. ગામ ૬૧ એકર ઉપર વસાયલું છે. પશ્ચિમ હિંદુસ્તાનમાં ડાકોર જાણીતું યાત્રા સ્થાન છે.

અત્રે શ્રીકૃષ્ણ રણછોડની મૂર્તિ છે, તે બોધાણા રજપુત ભગત દ્વારિકાથી લાવ્યો હતો. દેહેરૂં અને તળાવ ઉત્તમ કારીગરીથી બંધાવેલું છે. તે તળાવની ત્રણ બાજુએ ભીંતછે અને પથ્થરનાં પગથિયાં છે. દહેરૂં સતારાનો વતની ને પેશવાનો સાહુકાર ગોપાળ જગન્નાથ તાંબેકરે રૂ ૧૦૦૦,૦૦ ખર્ચી બંધાવ્યું છે. ઘુમટ આંહે ને શિખર ચોવીસ છે. તેમાં સહુથી ઉંચું ૯૦ ફીટનું છે. અંદરનો ભાગ સુંદર સણગારેલો છે. ઘુમટમાં અબરખનાં પાતરાં ને બારણાં તથા જાળી રૂપાની બનાવી તેમાં કાચ જડેલા છે. સિંહાસન લાકડાનું પણ નક્ષીદાર છે, પણ તેને ગાયકવાડે ૧,૨૫,૦૦૦ રૂપિયા ખરચી સુન્ના રૂપાના પતરાં જડાવ્યાં છે. દેહેરાની વાર્ષિક ઉપજ રૂ ૩૪૦૦ની છે, અને ડાકોર તથા કંજરીઆ બે ગામનાં ગણોત છે. દરેક પુનેમે જાત્રાળુઓ ડાકોર આવે છે. પણ માણેકદારી અને કારતકી પુનેમે તો ૫૦,૦૦૦થી તે ૧૦૦૦૦૦ માનસો એકઠા મળે છે.

ડાકોસ્ટા આઇઝેક—આ બાહોશ ડચ કવિનો જન્મ અમસ્ટરડમ ખાતે જ્યુ માયબાપને પેટે ૧૭૯૮માં ૧૪ મી જાનેવારી એ થયો હતો. એણે લાયડનમાં અભ્યાસ કર્યો હતો, અને ૧૮૨૨માં ડૉકટર ઑવ ફાયલાલોજીની ડીગ્રી મેળવ્યા બાદ ખ્રિસ્તી ધર્મમાં દાખલ થયો હતો. ૧૮૩૧ માં એને હૉલંડમાં સર્વોપરી કવિશ્વરનો એલકાબ અને મરતબો બક્ષવામાં આવ્યો હતો. જે માન એણે ૧૮૬૦માં ૨૮મી એપ્રેલે મરણ સુધી ભોગવ્યું હતું. એની છેલ્લી કવિતા 'બેટલ ઑવ ન્યુ પોર્ટ' ઘણીજ ચિત્તાકર્ષક ગણાય છે. એણે કવિતામાં અનેક ગ્રંથો રચ્યા ઉપરાંત નિબંધો, તેમજ તવારીખ અને ધર્મ સંબંધી ગ્રંથો રચ્યાં હતાં.

ડાંગ—આ એક બોહોળો પ્રદેશ ખાનદેશ જીલ્લો તથા મુંબઇ ઇલાકાની વચમાં સમાય છે. એની ઉત્તર પશ્ચિમે રેવાકાંઠા એજનસીનું વારશાવી રાજ્ય, ઉત્તર પૂર્વે ખાનદેશ અને નાશીક, દક્ષિણે નાશીક જીલ્લો છે. એની ઉત્તરથી દક્ષિણ લંબાઇ પર મૈલની અને પોહળાઇ ૨૮ મૈલની છે. ક્ષેત્રફળ ૧૦૦૦ ચૌરસ મૈલ છે. લોક વસ્તી ૪૫૪૮૫ની છે. આ દેશમાં અનેક જંગલો છે, તેમજ જંગ્રે જંગ ટેકડાઓ ઉભાઇ નિકળેલા જણાય છે. માત્ર પશ્ચિમ તરફનો દોળાવદાર ભાગ સુપાટ છે. અત્રે જેમ વર્સાદ ભારે વર્સે છે તેમ ગર્મી પણ સખત પડતી હોવાથી હવા પાણી નુકસાનકારક છે.

નીચલા ડાંગ તરફનો ભાગ વધારે ગીચ્ચ જંગલમાં હોઇ તેમાં છુંટા છવાયા જંગલો છે, પણ પૂર્વ ભાગ વધારે ખુલ્લો છે. ડાંગમાં વસતી પ્રજા ઘણીખરી જંગલી હાલતમાં રહેલી છે. મુખ્ય વસ્તી ભીલોની હોઇ તેઓ ઢોરો ઉપર નિર્વાહ કરે છે.

આગળ આ દેશમાં ચઢાઇ મોકલવામાં આવી હતી પણ ત્રણ માસ પછી અરધો, અરધ ફોજ પાછી માલેગામ આવી અને બાકીની ફોજ ઝેરી તાવની ભોગ થઇ પડી હતી. પણ ૧૮૨૭માં બીજ ફોજે બ્રિટીશ તરફથી લઢી લુંટાણાને બંધ કર્યું હતું.

ડાંગમાં ૧૫ નાહના ભીલ જાગીરદારી છે, તેમાં નીચે મુજબ વસ્તી અને તેમનું ઉમત્ત છે.

રાજ્યનું નામ.	વસ્તી.	ઉપજ.
		રૂ.
ડાંગ પીપરી	૩૫૭૨	૩૧૦૬
,, વઢવાન	૨૫૩	૧૪૭
,, કેટાક્કાકુપાદા	૨૧૮	૧૧૫
,, અમાલા	૫૩૬૧	૨૮૮૫
,, ચીન્ચલી	૧૬૬૮	૬૦૧
,, પીંપલોદવી	૧૩૪	૧૨૦
,, પાલાસબીરા	૨૨૩	૨૩૦
,, ઉઆર	૫૧૩	૨૦૧
,, દરભુતી	૪૮૬૧	૩૬૪૬
,, ગારવી	૬૩૦૬	૫૧૨૫
,, શિળબારા	૩૪૬	૪૨૨
,, કીરલી	૧૬૭	૫૧૨
,, વાસુરના	૬૧૭૭	૨૨૭૫
,, ધૂદી	૬૪૪૮	૮૫
,, સૂરગાની	૧૪૨૦૫	૧૧૪૬૬
જુમલે	૪૫૪૮૫	૩૦૬૮૨

આ પંદર સરદારોમાં ચૌદ ભીલ અને એક કણબી જાગીરદાર છે. એમાંના ૪ રાજાનો ખેતાબ ધરાવે છે ને બાકીના નાયકને નામ ઓળખાય છે. આ સરદારો જોકે સ્વતંત્ર છે તોય 'ગારવી'ના રાજાની ખબ્ર તળે લશ્કાઇ દરમ્યાન એકત્ર થવાને બંધાયલાં છે. અત્રેનાં ચઢતા દીવાની તથા ફોજદારી ગુન્હાનો કડચો ખાનદેશના કલેક્ટરની કચેરીમાં કરવામાં આવે છે.

ડાંગર—ગુજરાત તરફ ચોખાને ડાંગર કહે છે. (જુઓ ચોખા.) (૨) એના વેલા ૨૦થી ૨૫ હાથ લાંબા વધે છે. દર વેલાપર ૩૦થી ૪૦ ફળો ઉગે છે. ડાંગરમાં કેટલાક ગોળ તો કેટલાક લંબોચાં હોય છે. તેની બાહેરનો રંગ પિળાસપર હોય છે. તેના બીયાં ચપટાં અને લંબોચા હોય છે. આ બીયાં ઘણા પૌષ્ટીક હોય છે. ડાંગરનાં વેલાપર પિળા ફુલો આવે છે. આ ફળ ૭ થી ૮ માસ સુધી જેવું ને તેવું રહી શકે છે.

ડાંભ—એ મૂળાની જાતનું એક પ્રકારનું ઘાસ છે. એની ઉપર વેંહેંતભર લંબાઇના તોરા આવે છે. આ તોરા બે અઢી હાથ ઉચા વધે છે. ડાંભનાં બોથાં નદી કાંઠે ઉગે છે. તાપ ઉપર એ અકસીર છે.

ડામર—કાશમિરમાં પ્રાચીન કાળમાં વસતી એક વેપારી પ્રજા. એઓ વૈશ્ય કહેવાતા પણ શૂરાતનમાં ક્ષત્રી જેવા હતા. ડામરો પોતાના દ્રવ્ય બળથી મ્હોટી મ્હોટી સેના રાખી શકતા અને એજ પ્રજાએ કાશમિરના અનેક રાજપતિઓને તેમનું ગએલું રાજ્ય છતી અપાવ્યું હતું. આજ પ્રજાએ ચક્રવર્મીને મારી નાખી લલિતાદિત્યને રાજ્યપદ અપાવ્યું હતું. આ પ્રજા વિશે રાજ તરંગિણી નામે કાશમિરના ઇતિહાસમાં પુશ્કળ માહિતી મળે છે.

ડામર—એનાં વૃક્ષ મલબારનાં જંગલમાં તથા હિંદીમાહાસાગરમાં મ્હોટા ઉગે છે. આ વૃક્ષમાંથી નિકળતા રસને ડામર કહે છે. એની ડાંખળીમાંથી દુધ કાઢવું હોય તો તેને ભાંજી એકઠી કરી તેને ભઠ્ઠીમાં નાખે છે, જેથી દુધ ઉપર તરી આવે છે તે કાઢી લેવામાં આવે છે. આ ડામર લાકડાકામ, દોરડાં, તાર વગેરેને ચોપડવાથી મજબુત મળે છે. આ પદાર્થ વિશેષ કરી બોર્નિઓ, સુમાતરા, જાવા, અને મલાઇ કોસ્તાનાં કેટલાંક બંદરમાં વેપારની વસ્તુ ગણાય છે.

ડાયોગોરસ—આ ગ્રીક કવિ અને ફીલસુફનો જન્મ સાયકલેડિસના ટાપુમાં 'મેલોસ' ખાતે થયો હતો. એ એપીકુરાનાં ડિમોક્રિટસનો ચેલો હતો, તથા એરિસ્ટોફેનસનો પણ ચેલો હતો. એ ઘણો રમુજી અને મજબૂત મન ધરાવનારો હતો. એનીપર અધર્મિતરીકેનું આળ આવતાં એ ઇ. સ. પૂર્વે ૪૧૧માં 'પાલેન' ખાતે નહાશી જઈ ત્યાંથી કોરિંથ જઇ રહ્યો હતો, જ્યાં એનું મરણ નિપજ્યું

હતું. એણે કવિતા તથા ફીલસુફીના ગ્રંથો રચ્યાં હતા પણ તેમાંનું હાલમાં એક પણ પુસ્તક જડતું નથી.

ડાયન્થસ—આ ફુલઝાડ ઉપર શિયાળામાં ફુલો આવે છે. એથી બગીચાની શોભા બેહદ વધે છે. આ ફુલ ટબ અને જમીનમાં પણ ઉગે છે, એ ઘણી જાતનાં છે. દરેક જાતનાં ફુલ રંગબેરંગી ઉગે છે. કોઇ જાત લાલ, કોઇ ફિક્કા લાલ, કોઈ શ્યામવર્ણિ, કોઇ રંગબેરંગી હોય છે.

એનાં ફુલો સુગંધીત હોતાં નથી, પણ તે બગીચાને પોતાની સુંદરતાથી શોભાવે છે. ગરમિની શરૂઆતમાં તડકો પડતાં તેનું ઝાડ સુકાઇ કરમાઇ જાય છે. આ ઝાડ રેતીવાળી જમીનમાં સારાં ઉગે છે. એને ખાતર તરીકે પાતરાનું ખાતર ઘણું પુષ્ટિકારક ગણાય છે. બિયાં વાવવા પેહેલાં બેતર તદન સાફ કરી માટી તૈયાર કરી તેને નરમ બનાવી એના મૂળીયા સેહેલાઇથી ફેલાઇ શકે તેવી નરમ માટીમાં બિયાં વાવે છે. હિંદમાં ઓકટોબરથી નવેમ્બર સુધીમાં એને રોપે છે.

ડાયના—ફ્રાન્સના રાજા હેન્રિની આ માનીતી કવિયણનો જન્મ ઇ. સ. ૧૪૯૯ માં થયો હતો. એ જેન ડી પાએટીઅર્સની બેટી હતી. એનાં લગ્ન ૧૩ વર્ષની ઉમરે થયાં હતા, અને તે ૩૨ વર્ષની ઉમરે વિધવા થઇ હતી. ઇ૰ સ૰ ૧૫૪૭ માં હેન્રિની મેહેરબાનીથી એને વેલેન્ટીનોઇસની ડચેસનો ઓહદાબ આપી મ્હોટે દરજ્જે ચઢાવવામાં આવી હતી. એનું મરણ ૧૫૬૬ માં નિપજ્યું હતું.

ડાયોડોરસ સિકયૂલસ—આ જાણીતો ઇતિહાસ કર્તા ઇ૰ સ૰ પૂર્વે ૪૪ ના સુમારે થઇ ગયો. જગતની ઉત્પતિથી ઇ૰ સ૰ પૂર્વે ૬૦ ના વર્ષ સુધીનો ઇતિહાસ એણેજ પ્રથમ લખ્યો હતો, આ ઇતિહાસિક ગ્રંથ બાળાના ૪૦ દફતરોમાંના માત્ર ૧૫ બાકી છે, અને તે ઘણાજ મહત્વનાં ગણાય છે.

ડાર્વીન ચાર્લસ—(જુઓ ચાર્લસ ડાર્વિન.

ડાર્વીન ઇરેસમસ—આ તબીબ, કુદરતિ જ્ઞાન શાસ્ત્રી, બોધદર્શક કવિતા રચનારનો જન્મ ૧૭૩૧ માં ૧૨ મી ડીસેમ્બરે ન્યૂયૉર્ક પાસે એલ્સટોન હૉલમાં થયો હતો. એણે સેંટજોન્સ કૉલેજ કેમબ્રિજમાં અભ્યાસ કરી ૧૭૫૦ માં બી. એ. ની ડીગ્રી મેળવી હતી. ૧૭૫૪ માં એડિનબર્ગમાં તબીબી અભ્યાસ કર્યો હતો. નોટીંગહેમમાં ધંધો બરાબર નહિ ચાલતાં એણે લીચફિલ્ડમાં જઇ રહી ત્યાં લગ્ન કરી પોતાના ધંધામાં ફતહે મેળવી જાહેરમાં પોતાની વિદ્વત્તાથી માન પામ્યો હતો. ૧૭૮૧ માં પોતાના બીજા લગ્ન પછી એ ડર્બિમાં જઇ રહ્યો, જ્યાં ૧૮૦૨ માં ૧૮ મી એપ્રીલે મરણ પામ્યો હતો.

ડારલીંગ ગ્રેસ—ઈંગલંડના નૉર્થમબરલેંડ કિનારા ઉપરના 'ફેરન' ટાપુઓને લગતા 'બ્રાઉન્સમન' ખડકને લગતી દીવાદાંડી ઉપર ગ્રેસડાર્લીંગ તા૰ ૨૪ નવેમ્બર ૧૮૧૫ માં જન્મી હતી. આ દીવાદાંડીવાળા એનાપિતા વિલ્યમ ડારલીંગને તે ના પાસેના બીજા ખડક ફૉગરસ્ટોન ઉપર ૧૮૨૬ માં તેમવામાં આવ્યો હતો.

જ્યારે ગ્રેસ ડાર્લિંગ ૨૨ વર્ષની થઇ તે સમયે 'ફારફર્શ' નામની ૩૦૦ ટનની એક સ્ટીમર દંડી જવાને ૫ મી સપ્ટેંબર ૧૮૩૮ ને દીને નિકળી, તેમાં ૬૩ મનુષ્યો હતાં. તે સ્ટીમર આ ટાપુ નજદીક તુફાનમાં સપડાઇ જતાં ખડકને અથડી ભાગી ગઇ, તે વેળા કેટલાક ખલાસી ફરજ બજાવવાને બદલે બોટ ઉતારી નહાશી ગયા, તેટલાં બારકસ ભાગતાં કેપ્ટન અને તેની બાઇડી તથા કેટલાક ઉતારૂઓ ડુબી મુવા. માત્ર આગલો ભાગ નવ માણસો સાથે ખડક ઉપર રહ્યા અને તેની ઉપર મોજા જોશમાં અથડતા હતા. આ દેખાવ ૧ મૈલ ઉપરની ગ્રેસ હરતકની ફૉગરસ્ટોનની દીવાદાંડી ઉપરથી

દેખાતો હતો, તે વેળા ત્યાં ગ્રેસ ડારલીંગ અને તેના માતપિતા શિવાય બીજું કોઇ નહોતાં. આ વેળા સઢવાર પડતાં કિનારેથી ત્યાં જવાની કોઇની હિમ્મત ચાલી નહિ, પણ ગ્રેસ પોતાની માતાની મદદથી એક બોટ પાણીમાં ઉતારી પોતાના પિતાની મદદથી નિરાધારોને મદદે જઇ ભારે મુશકેલી વચ્ચે જીવને જોખમે તે નવે માણસોને બચાવી પોતાના મથકમાં આણી રાખી પૂરપમાં નામના મેળવી હતી. નૉર્થમબરલેંડના ડ્યૂક અને તેની બાનુએ ગ્રેસ ડારલીંગને તેને પોતાના માતપિતા સાથે મેહેલમાં તેડી તેમની પરોણાગત કરી માન આપ્યું હતું. હ્યુમેન સોસાયટીએ આ બાનુનો ઉપકાર માની તેને એક સુવ્રાની ટીપૉટ ભેટ આપી; ને પ્રજાએ ઉઘરાણાથી ₹ ૭૦૦૦ ની થેલી બક્ષેસ કરી હતી. આ હિમ્મતવાન બાનુનું મરણ બઇના બુરા દર્દથી બારબુવાનીમાં ૧૮૪૨ માં ૨૦ મી અકટોંબરે નિપજ્યું હતું.

ડાંસ—આ પ્રાણીનો આકાર સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોતાં અતિ જોવાલાયક જણાય છે. તે આ મુજબઃ—તેનું માથું નાહનું હોઇ, માથાનો ઘણો ખરો ભાગ પાસાદાર એવી આંખોથી વ્યાપેલો હોય છે. છાતી (Thorax) નો આકાર માથાનાં પ્રમાણ મુજબ જોતાં ઠીક મ્હોટો હોઇ ગોળ હોય છે, આથી એક બાજુથી જોનારને આ પ્રાણીની પીઠ તરફથી જોતાં પીઠપર કૂણુંગો ફુટેલો જણાય છે, પેઠ લાંબુ ને પતળું હોય છે, માથાનાં અગ્રભાગને ચાંચના આકારનું માથું, ને બે મુછો હોય છે. પીઠના પેહેલા ભાગ ઉપર બે રૂંદર મુછા હોય છે અને તેની પાંખની પાછલી બાજુએ ઝાલર જેવાં ઝીણા પીછાં હોય છે. તેમજ પાંખની બીજી જોડને જગ્યે એક ભાગમાં ઉપર જણાવ્યા પ્રમાણે બે કાન હોય છે (Balancers). આ પ્રાણીનાં પગ તેનાં શરીર કરતાં ત્રણગણાં મ્હોટાં હોય છે, અને તેનું એકંદર શરીર ઝીણા ઝીણા પીછાંથી શુશોભિત બનેલું હોય છે.

ડાંસમાં માદા અને નર વચ્ચે ફરક હોય છે. નરની મુછો માદીની મુછો કરતાં ઘણી મ્હોટી અને જોવામાં શોભિતી હોય છે. નરની મુછો મરઘીનાં પીછ જેવી દેખાય છે, પણ માદીની મુછોનાં ફાંટા તદન નાહના હોવાથી તે નર પ્રમાણે જોવાજોગ હોતી નથી.

ઉપલા વર્ણન ઉપરથી જણાશે કે આંખે દેખાતું સાધારણ ડાંસ સૂક્ષ્મદર્શક યંત્રવડે ઘણું અજાયબ પ્રાણી જણાય છે; પણ આ સઘળા કરતાં ડાંસની ચાંચ અને તેની રચના અતિ અજબ જેવી હોય છે, અને એ સંબંધી માદી તથા નર વચ્ચે ભેદછે. માદી પ્રમાણે નરને મનુષ્યના અંગપર છિદ્રો પાડી તેમાંથી લોહી પિતાં આવડતું નથી; માત્ર માદાજ આ સુંઢ વડે લોહી ચુસી શકે છે. નર પોતે તદન નિરૂપદ્રવિ છે પણ માદા પોતાના તિક્ષણ હથિઆર વડે છિદ્ર પાડી લોહીથી ભૂખ મટાડે છે.

માદીનું મુખ સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોતાં, બે મુછોની વચ્ચે સુઢ જેવો એક અવયવ જણાય છે, અને પ્રથમ દર્શને તે ડાંસનું ખાવાનું હથિઆર હશે એમ ખાતરી થાય છે, પણ ખરૂં જોતાં તેમ નથી. આ સુંઢ એટલે ડૉકતરની હથિઆરની પેટી જેવી ડાંસનાં ખાવાનાં હથિઆરની પેટીજ છે એમ કહેવામાં હરકત નથી. આ સુંઢને આરંભથી છેડા સુધી ફાટ હોય છે અને તે સુંઢ વચમાં વાંકી હોય છે. ડાંસને પોતાનાં હથિઆરનો ઉપયોગ કરવાની અગત પડતાં તે સુંઢને વચ્ચે વળાવે છે, સુંઢ વાંકી વળતાં તે સાથે રહેલા માહેલાં હથિઆરો વળતાં નથી. આ હથિઆરોની લંબાઇ પણ સુંઢ જેવડી હોતી નથી, આથી સુંઢ વાંકી કરતાં તે હથિઆરો બાહેર પડેછે. આ વેળા ડાંસ પોતાની સુંઢ એવી રીતે તો બતાવે છે કે વાંકી કરેલી સુંઢની બે બાજુ અને માહેલી નહિ વળેલાં હથિઆરોવાલી ત્રીજી બાજુ આવી ત્રણ બાજુ મળી એક ત્રિકોણ બને છે.

આ સુંઢની અંદર ૬ તહોંના જૂદા જૂદા હથિઆરો રહે છે. તેમાંના કેટલાકનો આકાર ભાલા જેવો, કેટલાકનો તલવાર જેવો અને કેટલાકને કરવત જેવા ઉલટા દાંતો હોય છે, પણ આટલાં બધા હથિઆરો છતાં તે સુંઢની લંબાઇ ½ ઇંચ કરતાં ઓછી હોયછે.

ડાંસની આંખો તેના માથાના માન પ્રમાણે જોતાં મ્હોટી હોય છે, યા માથાનો ઘણોખરો ભાગ આંખોથીજ વ્યાપેલો રહે છે. આ આંખોનો રંગ લીલો હોય છે.

ડાંસ ઉડવા માંડતા ગૂં ગૂં ગૂં ગૂં.. એવો અવાજ કરે છે. ડાંસ ઉડે છે ત્યારે તેનાં પંખ અતિ ત્વરાથી હીલતા હોવાથી ઉપલો અવાજ નિકળે છે. એક વિદ્વાને આ વિષયનો અભ્યાસ કરી શોધ કરી છે કે ડાંસની પાંખો એક સેંકડમાં ૧૫૦૦૦ વખત હીલે છે અને તેથીજ ગૂં ગૂં ગૂં ગૂં અવાજ નિકળે છે.

માદા પોતાના ઇંડા પાણી ઉપર એક મેકને ચોંહટેલી સ્થિતિમાં મેલે છે. આ ઇંડા અતિ હલકા હોવાથી પાણી ઉપર તરે છે. ત્યાં તેની વંધ પુરી થતાં તેમાંથી અળાઇ આકારનું એક જીવડું નિકળે છે, આ પ્રાણીનો આકાર પિત્તળનાં ગોળ માથાવાલા રૂકૂ જેવો હોઇ તેના અંગ પર જગેજગ બાલનાં ઝુલકાં હોય છે. તેને બે પુછડી હોય છે, તેમાંની એક પુછડીનો ઉપયોગ શ્વાસોશ્વાસ લેવા માટે કરે છે, બીજી પુછડી તે ડાંસનું ગુદદ્વાર છે. આ પ્રાણી અત્યંત ઝીણું હોય છે, અને તે ઉપરાસાપરી રંગ બદલે છે, તે સદા પાણીમાં રહે છે પણ બાહેરની હવા લેવા માટે પોતાની પુછડી પાણી ઉપર વારંવાર રાખવી પડે છે. શ્વાસોશ્વાસ લેતાં અર્ધાંત તેનું માથું પાણીમાં ડુબે છે. આ વેળા ડાંસની હાલત કીડાને મળતી છે, કેટલાક દિવસો પછી તેને કોષ સ્થિતિ પ્રાપ્ત થવા માંડે છે. આ કોશ કીટક સ્થિતિમાંના કીડાનાં બદનમાંથી એક પ્રકારનો પદાર્થ નિકળી બને છે. કોશ સ્થિતિમાં હોય છે ત્યારે તે પ્રાણીને ખાવા પિવાની અગત્ય રહેતી નથી અને કોશની અંદર તેનો આકાર બદલાતો જઇ તે પૂર્ણ ડાંસ બને છે. આવીરીતે કોશમાં ડાંસનો પૂર્ણ આકાર બનતાં તે કોશ પાણી ઉપર આડો તરે છે. કોશનો આકાર લંબોચા લોલક જેવો હોય છે. આ લોલકનો જ્યાં જાડો ભાગ હોય છે તે ઠેકાણે ડાંસનુ માથું હોય છે. કોશ પાણી ઉપર થોડો વખત તર્યા પછી માહેલું પ્રાણી પોતાનું બદન એકદમ ફુલાવે છે અને તેનું માથું જે જગે હોય છે તે કોશનો ભાગ ઉપલી તરફથી ઉખેડી તેને ચીરો પાડે છે, અને તેમાંથી ડાંસ પોતાનું માથું તથા બે પગ બાહેર કાઢે છે. આ મુજબ માથું અને બે પગ બાહેર નિકળ્યા છતાં તેના બાકીનાં અવયવ કોશમાંજ રહે છે. આ ભાગો કાઢવા તેને ભારે મેહેનત પડે છે. કોશમાં બાકી રહેલા અવયવો બાહેર કાઢવા માટે ડાંસ જે હિમત અજમાવે છે તે અત્યંત આશ્ચર્યકારક છે. તે પ્રથમ પોતાનું બાહેર નિકળેલું માથું, તેને પાણીનો સ્પર્ષ નહિ થાય માટે બને તેટલું ઉપર ઉંચકી રાખે છે અને પેટને સંકોચી થોડું થોડું બાહેર કાઢે છે. કોશ માહેલો ભાગ બરબચડો હોવાથી સંકોચી કાઢેલો પેટનો ભાગ કોશમાં ફરી પેહેલે સ્થળે જતો નથી. આ રીતે ડાંસનું શરીર જેમ જેમ કોશ બાહેર નિકળે છે તેમ તેમ તેને પોતાનો ઉપલો ભાગ ઉચો રાખવો પડે છે, અને છેલ્લે તો તેને પીઠ તરફ ચત્તું થઇ આકાશ ગમી મોહો કરી તદન અખડી ઉભું થવું પડે છે. આ સ્થિતિમાં ડાંસને પોતાનો પ્રાણ બચાવવા ભારે વેઠ વેઠવી પડે છે. જ્યાંજ સુધીની તેની સર્વ વંધ પાણીમ્હેણી નામના બાહેર નિકળતી વેળા પોતાની જીંદગીનાં છેલ્લા થએલો હાનીકારક 'વિંગટન' બાતે નવું મકાન લેવી પડે છે. આ વિંગટનની ત્રણ બેડીઓ સાથે સૂક્ષ્મદર્શક યંત્ર વડેની ત્રણ જોડીઓ સાથે જે ઉપર વર્ણી તે પ્રકરણ ૨૭૩૧ માં ૨૬ મી સેકંદનો વિલંબ લાગે

વખતમાં તે કોશ સ્થિતિમાં જણાવ્યા મુજબ ભક્ષની શોધમાં તરત ઉડવા માંડે [illegible]જાલ,

ઈંડા મેલ્યા પછી પૂર્ણ હાલતે પોંહચતાં ડાંસને ૬૫ દિવસ લાગે છે, અને પૂર્ણ સ્થિતિ એ પોંહચતાંજ તે મનુષ્ય લોહી ચુસવા માંડે છે. પૂર્ણ વધ થવા પછી ૩ થી ૪ દિવસ માત્ર જીવી શકે છે; એક વર્ષમાં ડાંસના સંખ્યાબંધ વંશજો ઉત્પન્ન થાય છે. ડાંસની સુંઢ અત્યંત સૂક્ષ્મ હોય છે. આ સુંઢનો અણીઆલો ભાગ [illegible]માં જતાં તેની સાથે એક વિષારી પદાર્થ લોહીમાં ભેળાયછે અને આજ વિષારી દ્રવ્યથી બજલાગી ડીણું ઉઠે છે.

બીજી ડાંસની જાતને 'ડાડીલૉંગ લેગ્જ' કહે છે. આપણે એને 'ઘોડ ડાંસ કહીએ છિયે. આ ડાંસ તબેલામાં વધારે રહે છે. આ ડાંસના કરડવાથી મોહોટું ડીણું ઉઠી તે એ ત્રણ દિવસ સુધી કાયમ રહે છે.

ડિકામાલી— રાજગંધ વનસ્પતિનો રસ. હાલમાં એનો ઉપયોગ કરમ મારવા માટે ઢોરોનાં બચ્ચમોમાં ઉત્પન્ન થતા કીડા મારવા ઉપર કરે છે. એના ક્ષુપનાં કુમળાં ગાભાનાં છેડા ઉપર ગુંદર જેવો રસ ગળી પડે છે. એની પરીક્ષા 'સ્ટેન હૌસ' અને મેયર' આ બે રસાયન શાસ્ત્રજ્ઞાનીઓએ કરી છે. તેઓએ એમાંથી બે જૂદાં જૂદાં દ્રવ્યો શોધી કાઢ્યાં છે.

૧–રંજનિય, ૨–તિક્ત, કડવું અને ગંધમાં બિલાડીનાં મૂતર જેવું છે, (Gardenin and gardenic acid) ચીનાઇ તથા જેપાનીજ તબીબો આ વનસ્પતિનાં ફૂલો વામક, ઉત્તેજક અને મૂત્રલ હોવાનું માને [illegible] તબીબ પણ એને તેજબળના પાછલી બાજુએ ઓળખે છે. ડૉ૦ પાંડુરંગ મંત્રી' હોય છે. તેમજ પાંખની બાંધે ૬ થી ૧૦ વર્ષનાં એક ભાગમાં ઉપર જણાવ્યા માં એથી ત્રણ ઘણું કાન હોય છે (Balancers). અને તેથી બાળકોને પગ તેનાં શરીર કરતાં [illegible] કરમ પડયા હતા. હોય છે, અને તેનું એના રસ છે. એ કુમળા ફુલનાં ઝીણા પીછાંથી શુદ્ધથી નિકળે છે, એની હિંદુસ્તાનમાં , જાત જણાઇ છે, ૧ લી ગંધરાજ અથવા

મુન્દર, એનાં ફુલોઅતિ સુગંધમય છે, તેને કોંકણમાં 'અનંત' કહે છે અને તેનાં મૂળીયાંનો રસ પ્રસૂત સ્ત્રીને માથું દુઃખતું હોય ત્યારે ચોપડે છે, ૨ જી જાત દક્ષિણ હિંદુસ્તાનમાં અથવા કોંકણમાં તથા માયસોર પ્રાંતમાં પેદા થનારી. અને ૩ જી જાત ચીનદેશથી આવનારી છે.

ડિન્ડીગલ—મદ્રાસ ઈલાકામાંનો એક તાલુકો. ક્ષેત્રફળ ૧૧૩૨ ચૌરસ મૈલ હોઈ તેમાં ૨૦૮ ગામડાં છે, લોક વસ્તી ૩,૦૪,૭૮૩ છે. લોક વસ્તીમાં ૨,૭૨,૬૭૬ હિંદુ, ૧૨૨૩૯ મોહમેદન અને ૧૯૮૬૫ ખ્રિસ્તીઓછે; જેમાંના ૧૭૧૬૬ રોમન કેથોલિક ધર્મ પાળે છે. આ તાલુકો ૧૭૯૨ થી ઇસ્ટ ઇંડીયાને તાબે આવ્યો છે, આ તાલુકામાં ૧૫૪૨ તલાવો છે, જેમાં માછલીઓ પુશકળ મળે છે, જમીનનું વાર્ષીક મેળ [illegible] ૧૫૪૪૬ પૌંડનું ઉપજે છે.

ડિન્ડીગલમાં વસ્તી ૧૦૪૮૪ હિંદુ અને ૧૪૧૮૨ ની હોઇ તેમાં ત્રે વડે ૬૭ ખ્રિસ્તીઓ ૧૬૦૧ મોહમેદનો તથા રોક અવર્ણ વસે છે. અત્રે ખ્રિસ્તિઓ વેગળા પરામંત્યનં.. અને તે દરેકનાં ઘેરમાં છાપરાં ઉપર ક્રૉસની નિશાની રાખવામાં આવે છે. તેમના મુખ્ય ઉપદેશકને કાનાનોરનો બિશપ નેમે છે ને તે મલબારનો દેશી ખ્રિસ્તી હોય છે. ડિન્ડીગલમાંથી રેલ્વે લાઇન પસાર થાય છે. અત્રે તંબાકુ, કાફી, એલચીનો વેપાર ચાલે છે.

આગળ ડિન્ડીગલ સ્વતંત્ર રાજ્યનું મુખ્ય શેહેર હોવાથી ત્યાંના એક ખડક ઉપર કિલ્લો છે, જે સમુદ્ર સપાટીથી ૧૨૨૩ ફીટ ઉંપર છે. આ કિલ્લાનો કબજો ચંદા સાહેબે, મરાઠાઓએ અને માયસોરના લશકરે મેળવ્યો હતો. ઇ. સ. ૧૭૬૭ માં બ્રિટીશોએ જીતી લીધો હતો પણ ૧૭૬૮ માં ફરી શત્રૂઓએ જીતી લીધો હતો, પણ ૧૭૮૩ માં ફરી બ્રિટીશોએ જીતી લીધા છતાં, માંગલોરના કોલકરારની રૂહે માયસોરના રાજ્યને સોંપવામાં આવ્યું હતું; તેટલાં લઢાઇ જગતાં

૧૭૯૨ માં ટીપુ પાસથી ફરી જીતી લીધું હતું.

ડિન્ડીવરમ—દક્ષિણ આર્કોટમાંનો તાલુકો, ક્ષેત્રફળ ૮૪૪ ચૌરસ મૈલ હોઈ તેની વાર્ષિક મેહેસુલ ૫૪૬૫૫ પૌંડની ઉપજે છે. તેમાં ૫૬૪ ગામડાં છે, તેમાં વસ્તી ૨,૬૪૨૬૧ની હોઇ તેમાં ૨૪૮૩૭૭ હિંદુ, ૫૮૮૮ મોહમેદન, ૬૩૬૯ ખ્રિસ્તિ અને ૩૬૨૭ પરદેશીઓ વસે છે. અત્રેથી સાઉથ ઇંડીયન રેલ્વે પસાર થાય છે.

ડિક્રૂંડર ઑવ ધી ફ્રેથ—આ ખેતાબ ઇ૦ સ૦ ૧૫૨૧ માં ૮માં હેન્રિને ૧૦ માં પોપ લીયોએ બક્ષ્યો હતો. પાછળથી આ ખેતાબ પાર્લામેંટે પોતાને હાથ રાખી રાજાને આપવાનો ધારો રાખ્યો હતો, અને હાલમાં આ ઇંગલંડના રાજાનો ખાસ ચાલુ ખેતાબ ગણાય છે. એનેજ બળતો સ્પેનમાં "મોસ્ટ કેથોલિક" અને ફ્રાન્સમાં 'મોસ્ટ ખ્રિસ્ચીયન કીંગ' નામે ખેતાબ ચાલુ છે.

ડિફોઉનિઅલ—આ રૉબિનસન ક્રૂસો નામે અતિ પ્રસિદ્ધ નવલકથા લખનાર. એનો જન્મ ૪૦ સ૦ ૧૬૬૦ ના સુમારે લંડનમાંના સેંટ ગિલ્સના પરામાં થયો હતો. એનું કુટુંબ નૉર્થમટન શાયરમાં લાંબા વખતથી જાણીતું હતું, અને તેનો પિતા જેમ્સ ફોા સેંટ ગિલ્સીસ માં ખાટકીનો ધંધો કરતો હતો, અને તે ત્યાં ૧૭૦૫ સુધી જણાયો હતો. ૧૭૦૩માં એણે પોતાનું નામ કોઈ નહિ જણાયલા કારણોથી ડિફો રાખ્યું હતું.

એણે યોગ્ય અભ્યાસ કરી સાહિત્યમાં પ્રથમ જીંદગી ગુજારતાં ૪૦ સ૦ ૧૬૮૫ના સુમારે મકાનો બાંધવાના 'કૉંટ્રેકટર'નો ધંધો કરવા લાગ્યો. એની જુવાની સુધીની જીંદગીનો વૃત્તાંત હજી ચોકસ જણાયો નથી. ૧૬૮૮ માં એ કિંગ વિલ્યમના લશકરમાં એક 'વાલિન્ટિયર' તરીકે હતો. એણે ફ્રાન્સ તથા સ્પેનમાં મુસાફરી કરી હતી, પણ ૧૬૯૨માં એની નાણા સંબંધી તંગ હાલતને લીધે માગનારાઓને ઓછું અધકું આપી પતાવ્યું હતું. ૧૬૯૫ માં એણે પ્રથમ 'એસે અપોન પ્રોજેક્ટ' નામે ગ્રંથ રચ્યો અને વિલ્યમ ત્રીજાના અમલમાં એ જાણીતા લેખક તરીકે માન પામી રાજા તરફથી આશ્રય પામ્યો હતો. ૧૭૦૧ માં એણે કાવ્યો રચી પ્રસિદ્ધ કર્યા હતા. પાર્લામેંટ સામે એક સખત લખાણ કરવાથી એને ૨૦૦ માર્કનો દંડ કરવામાં આવ્યો હતો, પણ આ દંડ નહિ ભરવાથી એને ૧૭૦૩ નાં જુલૈ માસમાં જાહેર બજાર વચ્ચે પિલરની શિક્ષા કરવામાં આવી હતી. તે પછી એણે 'રેવ્યૂ' નામે ચોપાનીયા પ્રગટ કરવા માંડયા (ફેબ્રુવારી ૧૭૦૪–૧૧ થી જુન ૧૭૧૩) તેનાં પેહેલાં અઠવાડિક, પછી રોજીંદા અને તે પછી ૮ ભાગ બીજા દફતરના ત્રીજા અઠવાડિક પત્ર મારફતે પ્રગટ કર્યા હતા. ડિફોનો સર્વથી યાદગાર અને ગંજાવર લખાણ સંગ્રહ હતો, કેમકે ૯ વર્ષમાં એણે ૫૦૦૦ છાપીલ પાનાં લખી છપાવ્યાં હતા, તે ઉપરાંત એ મુદતમાં બીજા ૮૦ લખાણો ૪૭૨૭ પાનામાં લખી પ્રગટ કર્યા હતાં.

એને ૧૭૦૪ નાં આગસ્ટમાં બંદમુક્ત કરવામાં આવ્યો હતો. ૧૭૧૫ માં એણે 'ફેમિલી ઇન્સ્ટ્રક્ચર'નું પેહેલું દફતર પ્રગટ કર્યું હતું. તે પછી ચાર વર્ષે એણે રોબીનસન ક્રૂસોનું પહેલું પુસ્તક લખી પ્રગટ કર્યું જેથી જાહેરમાં ભારે નામના પામ્યો હતો. અને એજ વર્ષમાં એનું બીજું પુસ્તક પ્રગટ થયું હતું. ૧૭૨૦ માં એણે 'લાઇફ એન્ડ એડવેનચર્સ આવ ડનકન કેમ્પબેલ' નામે ગ્રંથ રચી ભારે નામના મેળવી હતી, તેમજ ૧૭૨૨ માં પણ બીજા એક ગ્રંથથી ફરી જાહેરમાં ઘણી નામના મેળવી હતી. એણે પોતાની જીંદગીનાં છેલ્લા દિવસો 'રટોકન્યૂ વિંગટન' ખાતે નવું મકાન બંધાવી ત્યાં પોતાની ત્રણ બેટીઓ સાથે રહી ગુજર્યા હતાં. મરણ ૧૭૩૧ માં ૨૬ મી એપ્રિલે નિપજ્યું હતું.

ડિમ—નાટય કળા શાસ્ત્રમાં જણાવ્યા મુજબ ઇતિવૃત્ત પ્રસિદ્ધ, અને માયા, ઇંદ્રજાલ,

સંગ્રામ, ક્રોધ યુકત, રૌદ્રરસ અંગે, અને બીજાં અનેક રસ અંગે હોય તે. અંકચાર, દેવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, ઉરગ, ભૂત, પ્રેત, પિશાચ, વગેરે નાયક ઉદ્ધત, કૌશિકી શિવાય બીજી વૃત્તિ તેમાં હોવી જોઇએ. એમાં વિષ્કંભક અને પ્રવેશક માહે આવતા નથી. સંસ્કૃતમાં ત્રિપુરદાહ નામે ડિમ છે.

ડિમેટ્રિઅસ ફ્લેલેરિઅસ—આ નામ અથેન્સનાં એક બંદર શેહેર 'અટીક ડિમોસ ઑાવ ફ્લેલેરિયસ' ઉપરથી પડયું છે. એનો જન્મ ઈ. સ. પૂર્વે ૩૪૫માં થયો હતો. એક રાજદ્વારી અને ભાષણકર્તા તરીકે પ્રસિદ્ધતા પામ્યો છે. એ ગરીબાઈમાંથી ઉધરેલો છતાં પોતાની વાકચાતૂર્ય અને બાહોશીથી અથેન્સમાં ઉચે દરજ્જે ચડયો હતો. ઈ. સ. પૂર્વે ૩૨૫થી એણે જાહેરમાં ભાગ લઇ ભાષણ કર્તા તરીકે પ્રથમ નામના મેળવી હતી. ૩૧૩ માં એ કેસેંડરનાં હવાલામાં અથેન્સની દરબારમાં રહ્યો. ત્યાં એણે ૧૦ વર્ષમાં એટલીતો નામના મેળવી કે અથેનિયનોએ એને બહુ માન આપી એના માનાર્થે ૩૬૦ પુતળાં જગે જગ ઉભા કર્યા હતા. પણ ઈ. સ. પૂર્વ ૩૦૭માં મેસિડોનીયનોએ અથેન્સપર હુમલો કરવાથી એ પોતાની નબળી રાજ નિતી માટે અથેનીયનોનાં અણગમામાં આવતાં એને ત્યાંથી નહાશી જવું પડયું હતું. આથી એના માનાર્થે ઉભા કરેલાં પુતળાંનો ત્યાંની પ્રજાએ નાશ કરી માત્ર એકજ કાયમ રહેવા દીધું હતું. પ્રથમ એ થીબસ તરફ નહાશી ગયો અને પછી ત્યાંથી અલેકઝાન્ડ્રીન ટોલમીની કોર્ટમાં જઈ વર્ષો સુધી રહી સાહિત્યમાં વખત ગુજર્યો હતો. પણ ત્યાં એના મદદગારના મોતથી એને ઈજીપ્તની દરબારથી નિકળી ઉપલા ઈજીપ્તમાં બુસિરીજમાં જઇ રહેવું પડયું, જ્યાં એ ઈ. સ. પૂર્વે ૨૮૩માં મરણ પામ્યો હતો.

ડિમૉસ્થેનીસ—આ અથેન્સના પ્રસિદ્ધ વકતાનો જન્મ ઈ. સ. પૂર્વે ૩૮૫માં થયો હતો. પ્રાચીન કાળમાં એ ભાષણકર્તા તરીકે બેહદ કિર્તી પામી ગયો છે. એનો પિતા તલવાર બનાવનાર કારીગર હતો. બચપણમાં એને બરાબર શિક્ષણ મળેલું નહિ હોવાથી તે સ્પષ્ટબોલી શકતો નહિ, પણ એણે ભાષણ કર્તા તરીકે નામના મેળવવાનો નિશ્ચય કરી તે પાછળ બેહદ શ્રમ કર્યાથી તે વકતા તરીકે પ્રસિદ્ધ થયો. માસિડોનનો રાજા ફીલિપ સામે એણે જે યાદગાર ભાષણ કર્યા તે 'ફિલિપીક્સ' ને નામે પ્રસિદ્ધતા પામ્યાં છે. એની ઉપર લાંચ રૂસવત લેવાનું તોહમત આવતાં એને અથેન્સ છોડી નહાશી જવું પડયું હતું, પણ પાછળથી અથેનીયનોએ એને ભારે માન સાથે સ્વદેશમાં પાછો આણ્યે હતો, પણ તે પછી માસિડોનિયન પ્રજાએ એની માગણી કરવાથી એણે આત્મહત્યા કરી ઇ૦ સ૦ પૂર્વે ૩૨૨ માં મરણ પામ્યો હતો.

ડી—આ સુંદર નદી એબરડીન અને કેનકરડીન શાયરમાંથી વહે છે, આ નદી કૅરેંગોરમ પર્વતમાંથી ૪૦૬૦ ફીટ ઉપરથી વહેતી પૂર્વે તરફ ૮૭ મૈલ વહેતી જર્મનઓશનમાં એબરડીન પાસે દાખલ થાય છે; જ્યાં ૧૮૭૦-૭૨ માં બંદર પોહોળું કરવા માટે એની સાથે નેહેરથી જોડાણ કરવામાં આવ્યું હતું. આ નદીમાં તર્હેજાતી માછલી મળે છે.

ડીઅર હૌંડ—વુલ્ફ હૌંડથી આ કુતરો કદે મ્હોટો ને ચંચળ હોય છે. એ શેકાર કરવા માટે પાળે છે. એ હરણને ઘણી ઝડપથી પકડી પાડી શકે છે.

ડીકન ચાર્લસ—આ જાણીતા લેખકનો જન્મ લેંડપોર્ટ ખાતે ૧૮૧૨ માં ૭ મી ફેબ્રુઆરીએ થયો હતો. એનો પિતા દર્યાઇ ખાતાનાં લશકરમાં એક 'પેમાસ્તર' તરીકે હતો. બચપણમાં ડીકન ચાર્લસને લખવાનો ભારે શોખ હતો અને એનું લક્ષ તેજ વખતથી લખાણ કરવા તરફ વળયું હતું. ૧૮૨૧ માં જ્યારે એ ૯ વર્ષનો હતો ત્યારે એનો પિતા નોકરીના છુટવાથી ગરીબઇમાં આવી પડયો. આથી એના માતપિતાને એક ગરીબ લત્તામાં જઇ રહેવું પડયું. ત્યાં એના પિતાને કર્જદારી

માટે જલ્દીજ તુરંગમાં જવું પડયું; આથી ચાર્લસને ૧૦ વર્ષની વયે હંગરફોર્ડ માર્કીટનાં 'બ્લેકીંગ'ના કારખાનામાં નોકરીએ રહેવું પડયું હતું. આ વેળા એને ૪ મૈલે ચાલીને પોતાના કામે જવું પડતું હતું. તે પછી એના પિતાની જલ્દી છુટકા થતાં એના માતપિતા કેમડન ટોનમાં જઇ રહ્યા, જ્યાં ચાર્લસને ફરી હેમ્પ સ્ટેડરોડની શાળામાં મેલવામાં આવ્યો, જ્યાં એણે ૩ થી ૪ વર્ષ ગુજર્યા. પણ આ નિશાળમાંથી ગરીબઇને લીધે એને જલ્દીજ ઉઠાવી લઇ સોલીસિટરને ત્યાં નોકરીએ રાખ્યો, આ વેળા એનો પિતા મોર્નિંગ હેરલ્ડમાં એક રિપોર્ટર તરીકે કામ પર હતો.

આ વેળા ચાર્લસનું લક્ષ લખાણ કરવા પાછળ વળયું અને આથી એણે ટુંકાક્ષરી લિપિ શીખવા માંડી. ૧૭ વર્ષની વયે એ 'ડૉકટર કોમન્સ'નો રિપોર્ટર થયો. તે પછી એણે 'એકટર' તરીકે વધવાની ખાહેશ રાખી પણ તેટલાં ૨૨ વર્ષની વયે એ 'લંડનપેપર' માટેનો રિપોર્ટર થયો. આ વેળા રેલ્વે લાઇન થએલી નહિ હોવાથી એને દેશપરદેશ ભટકી રિપોર્ટ લાવવા પડતા હતા. ૧૮૩૩ માં એણે પ્રથમ માસીક ચોપાન્યું પ્રગટ કરી પોતાની જબકાટમંદ કારકિર્દિની શરૂઆત કરી. તે પછી એણે 'ઇવનીંગ ક્રોનિકલ' તથા 'મોર્નિંગ ક્રોનિકલ' સાથે જોડાઇ અઠવાડીકની ૫ થી ૭ ગીનિ મેળવવા માંડી. ૨૩ વર્ષની વયે એની વાર્ષિક કમાઇ લખાણમાંથીજ ૪૦૦ પૌંડની થઇ હતી. હાલના વખત સાથે સરખાવતાં આ કમાઇ ૭૦ વર્ષ ઉપર ઘણી મ્હોટી ગણાઇ શકાય. ૧૮૩૬ માં એણે પરચુટણ લખાણ સંગ્રહ એકઠો કરી ૧૫૦ પૌંડે વેચી નાખ્યો હતો. એજ વર્ષના માર્ચમાં એણે 'પીકવિક પેપર' નામે પત્ર પ્રગટ કરી થોડાં અઠવાડિયા પછી ઇવનીંગ ક્રોનિકલના અધિપતિ જર્યોજ હોગાર્થની બેટી સાથે પરણ્યો ને તે દિવસથી એની આગલી દરેક નાણા સંબંધી મુશકેલીઓનો અંત આવ્યો.

ચાર્લસ ડીકને પોતાનું બચપણ એટલી તો કંગાલીયતમાં ગુમાવ્યું હતું કે તે મ્હોટે દરજ્જે ચઢયા પછી તેના વખાણનારા પણ તેની આગલી કંગાલીયતમાંથી એકદમ મ્હોટી યોગ્યતાએ વિદ્વત્તાને જોરે ચઢેલો જોઇ અજબ થતા હતા. ડીકન ઇ૦ સ૦ ૧૮૭૦ માં ૬ ઠી જુને જ્યારે મરણ પામ્યો તે વખત સુધી એણે એક પછી એક ચાલુ કૃતિઓ સાથે માનપાન મેળવી પોતાની કિર્તિ ઈંગ્રેજી ભાષા જાણનાર દરેક દેશમાં અમર કરી છે. એનાં રચેલાં ગ્રંથો સાલવાર નીચે દર્શાવ્યાં છે. ૧૮૩૬માં Sketches by Boz. ૧૮૩૭ માં The Posthumous papers A the Pick wick club. ૧૮૩૮ માં Oliver Twist; ૧૮૩૯માં Nicholas Nickleby. ૧૮૪૦ માં The Old curiosity shop. ૧૮૪૧ માં Barnaby kudge. ૧૮૪૨ માં American Notes. ૧૮૪૩ માં Wartir chuzzlewit ૧૮૪૩-૪૬-૪૮ મ, The christmas carol, The chimes The cricket on the Hearth, The Battle of life, The Haunted man, અને The Ghost's Bargain. ૧૮૪૫ માં Pictures from Italy. ૧૮૪૬-૪૮ માં Dombey and son. ૧૮૪૯-૫૦ માં David copper field. ૧૮૫૨-૫૩ માં Black House. ૧૮૫૪માં The child's History of England. ૧૮૫૪ માં Hard Times, ૧૮૫૫-૫૭ માં Little Dorrit. ૧૮૫૯ માં A Tale of Two cities. ૧૮૬૧ માં The ancommercial Traveller. ૧૮૬૦-૬૧ માં All The year Round, great Expectations. ૧૮૬૪-૬૫ માં Our Mutual Friend.

ડીકન ચાર્લસનાં ગ્રંથો જેમ ગ્રેટબ્રિટનમાં તેમજ અમેરિકામાં પણ અત્યંત પ્રિય થઇ પડયાં હતા. એના ઉપલા ગ્રંથો ઉપરાંત નાહના નાટકો, ચોપાન્યા અને જૂદા જૂદા

અસંખ્ય લખાણો થએલાં છે. એણે પોતાની જુવાનીથી તે મરણ સુધી અત્યંત ઉદ્યોગી જીંદગી ગુજારી લખાણ કરવામાં કદી પણ ખાચો નાખ્યો નહોતો.

ડીમેન—આ શેહેર પેરીસની દક્ષિણ પૂર્વે રેલ માર્ગે ૧૯૬ મૈલ ઉપર રેલ્વે જંક્શનનું મુખ્ય મથક છે. આગળ અત્રેનાં કિલ્લામાં રાજદ્વારી કેદીઓને રાખવામાં આવતા હતા. અત્રેની જાહેર ઇમારતોમાં પુરાતમ ખ્રિસ્તી દેવળો, સુંદર નાટકશાળા, ઇન્સાફની અદાલત, ડયુક ઓવ બર્ગંડીનો મેહેલ કે જે ૧૩૬૬માં બંધાયો હતો, પણ હાલમાં તે ટૌન હૉલ તરીકે વપરાતો હોઇ તેમાં કિમતી મ્યૂઝીયમ છે. મુખ્ય ઉદ્યોગ દૂનર ખીર, બ્રેન્ડી, ઉનનુ કાપડ, બ્લેંકેટ, મિણબત્તી, રાઇ અને કુંભારકામના કારખાનાં છે. અપર બરગંડીમાં વાઇનનો વેપારનું ડીજોન મુખ્ય મથક ગણાય છે. ૧૮૭૨ માં વસ્તી ૪૦૧૧૬ ની ને ૧૮૯૧ માં ૬૧૩૦૭ ની હતી.

૪૦ સ૦ ૧૦૦૭ માં ડીજોન બર્ગંડીના ડચીમાં ગણાઇ તેનું પાયતખત કહેવાતું હતું. ૧૪૭૭ માં ચાર્લસ ધી બોલ્ડનાં મરણ પછી ફ્રેન્ચોને હાથ આવ્યું હતું. ૧૮૭૦ ના ઑક્ટોબરમાં શરતોનીરૂહે જર્મનોને તાબે થયું.

ડીઝરાઇલી આઇઝેક—આ જાણીતા બાહોશ પુરૂષનો જન્મ ઇનગ્લીલ્ડમાં ૧૭૬૬ માં થયો હતો. એનો પિતા બેનજામિન ડીઝરાઇલી એક જાણીતો જ્યૂ વેપારી હતો. (૧૭૩૦–૧૮૧૬). તેણે ૧૮૦૧ માં ઈંગલંડમાં આવી મુકામ કર્યો હતો. આઇઝેકને પ્રથમ ઇનગ્લીલ્ડમાં ને તે પછી અમસ્ટરડમમાં કેળવણી આપવામાં આવી હતી. ૧૭૮૨ માં એ વિદ્યા અભ્યાસ સંપાદન કરી પોતાને વતન ગયો. તે પછી એણે બે દફ્તરોમાં કવિતાઓ રચી પ્રગટ કરી. એના રચેલા ગ્રંથોમાં મુખ્ય—calamities of Authors. (૧૮૧૨–૧૩); quarrels of Authors (૧૮૧૪); commentaries of the life and Reign of Charles I (પાંચ દફ્તરોમાં ૧૮૨૮–૩૦). આ છેલ્લા ગ્રંથની કદરશનાશીમાં એને ઑકસફર્ડ તરફથી ડી. સી. એલ. ની ડીગ્રી બક્ષવામાં આવી હતી. ૧૮૦૨ માં આ વિદ્વાનનાં લગન મેકિયાબાસેવિયા સાથે થયાં હતાં (જ૦ ૧૭૭૫ થી મ૦ ૧૮૪૭), અને તેથી એને ત્યાં એક પુત્રી ને ૪ બેટાઓની વૃદ્ધિ થઇ હતી. તે ચાર પુત્રોમાંનો વડો પાછળથી લેર્ડ બેકન્સફીલ્ડ નામે જાણીતો રાજદ્વારી નર થઈ ગયો. ૧૮૧૭ માં આઇઝેકે પોતાનો બાપીકો ધર્મ તજી પોતાનાં બધાં બચ્ચાંઓને બેપટીઝમ આપ્યું હતું. એ પોતાના વૃદ્ધ વયે ૯ વર્ષ સુધી બુઢાપાથી પિડાઇ ૧૮૪૮ માં ૧૯ મી જાનેવારીએ મરણ પામ્યો હતો.

ડીપસાસ—આ ૭ ફીટની લંબાઈ ધરાવનાર સાંપ મુખ્ય કરી ઇસ્ટઇંડીજ અને જાવા તથા સુમાત્રામાં જણાય છે. એનું માથું શરીર કરતાં જાડું હોય છે. આ સાંપ દેડકા અને એવાજ બીજા પ્રાણી ઉપર નિર્વાહ કરે છે.

ડીમોક્રિટસ—એનો જન્મ આબ્દેરા નામે જગ્યામાં ૮૦ માં ઓલિંપિડમાં થયો હતો. એ બચપણથી ચંચળ, ખુશમીજાજી અને જ્ઞાની હતો. એ ઉંચા ખાનદાનમાં જનમ્યો હતો. એને મુસાફરી કરવાનો અત્યંત શોખ હતો. તે કહેતો હતો કે, "માહરા વતનમાં સઘળા માણસો કરતાં હું ઘણા દેશ ફર્યો છું, અને દૂર દેશોમાંથી ઘણું જ્ઞાન મેળવ્યું છે, જમીન માપવાની ગણત્રીમાં હું સહુથી શ્રેષ્ટ જ્ઞાન પામ્યો છું. મીસર દેશ કે જ્યાં મે પાંચ વરસ મુસાફરી કીધી ત્યાં પણ આ બાબદમાં મારી કોઇ બરોબરી કરી શકયું નથી." એણે જ્યોતિશ શાસ્ત્રના બળથી હવામાં જે કાંઇ ફેરફાર થવાનાં હોય તે વિશે ગણિતથી આગમજથી કહી શકતો, આથી એને ત્યાંની પ્રજા અત્યંત પૂજ્ય ભાવથી માન આપતી હતી. એણે વિચારનાં વમલમાં મશગુલ થવા સારૂં પોતાની બન્ને આંખો આગીઆ કાચે ફોડી નાખી હતી, પણ તે બીનામાં સન્યાશ

નથી એમ કેટલાકોનું મત છે. એનો જન્મ ૪૦ સ૦ પૂર્વે ૪૭૦ અથવા ૪૬૦ માં થયો હતો.

એના રચેલા ગ્રંથોમાં ગણિતશાસ્ત્ર, નીતિ શાસ્ત્ર અને ગાયનશાસ્ત્રના ગ્રંથો માત્ર બાકી રહ્યા છે.

ડીમોય સેલ—આ પક્ષી ક્રેનપક્ષીના વર્ગનું હોવા છતાં કદ અને દેખાવમાં તદન જૂદું જ છે. આ પક્ષી લંબાઇમાં ૩ ફીટ લાંબુ (પુછડીથી તે ચાંચ સુધી) હોય છે, અને માથાથી પગ સુધી ૩½ ફીટ ઉંચું હોયછે. એની ઉંચેનો સર્વ ભાગ પિછાંથી ઢંકાયલો હોય છે. એનું તમામ પીછાંવાલું શરીર કાબરચિત્રું હોઇ માથા ઉપર સુંદર રંગીન કલગીદાર પિછો હોય છે, અને છાતી ઉપર કાળાં પિછાનું અહાદન રહે છે, આ પક્ષી એશિઆ અને આફ્રિકાનું વતની છે, પણ તે ગ્રીસ તથા દક્ષિણ યૂરપમાં જણાય છે.

ડીમોસ્થેનસ—આ ગ્રીસ અને અથેન્સનો મહાન વકતા તથા રાજદ્વારી નરનો જન્મ ૪૦સ૦ પૂર્વે ૩૮૩માં થયો હતો. એના બચપણમાંજ એનો પિતા મરણ પામ્યો હતો. એની બાળવય દરમ્યાન એના સગાંઓએ એના પિતાની પુંજીની વ્યવસ્થા કર્યાથી ઉમરમાં આવતાં એણે તેમની સામે લઢી ઇનસાફ મેળવ્યો હતો. આથીજ એને કાયદનો અભ્યાસ કરવા માટે ઉલટ છુટી અને તે સુજબ મુખ્ય અભ્યાસ કરી ૩૦ વર્ષની વયે જાણીતા વકતા તથા કાયદાશાસ્ત્રી તરીકેની દરેક લાયકાત મેળવી હતી.

૪૦ સ૦ પૂર્વે ૩૫૪ માં ફેટીસપસ તરફથી ફ્લેપટીનસ સામે કરેલી યાદગાર લડતથી એની બાહોશી આશકારા થઇ હતી. એણે ૩૯ માં વર્ષથી રાજદ્વારી જીંદગીની શરૂઆત કરી હતી. એણે પોતાના કાયદાશાસ્ત્રીનો ધંધો ૪૦ વર્ષની ઉમર સુધી ચાલુ રાખી સારૂં દ્રવ્ય મેળવ્યું હતું, અને તે પછી પોતાની ૬૧ વર્ષની ઉમર સુધી તે ઉપર નિર્વાહ કરી શકયો, ઉપરાંત પોતાનો મોભો જાળવી શકયો હતો.

એની પેહેલી કારકિર્દીની શરૂઆત ગ્રીસની ઉત્તરમાં મેસીડોનીયનો તરફથી હુમલો લાવવાની બાજી ચાલુ થતાં ગ્રીસ અને અથેન્સની પડતી દશા આવવાનો સંભવ હતો, પણ ડેમોસ્થેનસનાં છુટા વિચારો અને કુનેહથી દેશનો બચાવ થયો હતો, એણે તે વેળા ફરજીઆત લશકરી તાલીમ લેવાનું તથા લઢાઈ માટેના ખર્ચને પોંહચી વળવા સર્વે ઉપર કર ભરવાનો કાયદો બાંધ્યો હતો, તેટલાં ફિલીપે ઓલીથિયસ જીતી લીધું ત્યારે ડેમોસ્થેનેસે બધે બધ યાદગાર ભાષણો કરી પ્રજાનાં દિલ ઉશકેરી મેલ્યાં હતાં. અથેન્સે ફીલીપ સાથે લઢાઈ કરી તેમાં બેઉ તરફથી સુલ્હે થતાં લઢાઇ બંધ પડી. પણ તે પછી અલેકઝાન્ડર ધી ગ્રેટે અત્રે ચઢાઇ કરી ૪૦ સ૦ પૂર્વે ૩૨૪ માં ડીમોસ્થેનેસને કેદ કર્યો હતો; પણ એ કેદમાંથી નહાશી ગયો હતો; પણ ૪૦ સ૦ પૂર્વે ૩૨૩ માં સીકંદરના મરણ પછી એણે બળવો જગાડી ક્રેનોની લઢાઇમાં હારતાં 'ક્રેસેરીયા' તરફ નહાશી ગયો પણ તેટલાં મેસીડોનિયન સ્વારોએ પકડી પાડતાં (૪. સ. પૂર્વે ૩૨૨ માં) એને ઝેર ખવાડી મારી નાખવામાં આવ્યો હતો.

ડીલમાન ચેસ્ટર ફ્રેડરિક આગસ્ટ—આ જાણીતા પૂર્વ દેશના વિદ્વાન શાસ્ત્રીનો જન્મ ઈ૦ સ૦ ૧૮૨૩ માં ૨૫ મી એપ્રેલે 'ઈર્લીંગન' ખાતે થયો હતો. એણે 'ટુબીંગન' ખાતે અભ્યાસ કર્યો હતો. ૧૮૪૬–૪૮માં પેરીસની લાયબ્રેરિઓની મુલાકાત લીધી હતી, અને તે પછી લંડન, ઑકસફર્ડની લાયબ્રેરિમાંના હસ્તલેખો તપાસ્યાં હતાં. ૧૮૫૪ માં એને 'કેલ' ખાતે પૂર્વ દેશના ભાષા શાસ્ત્રી તરીકે નેમવામાં આવ્યો ને ૧૮૬૦ માં ગોસીન ખાતે ગયો હતો. ૧૮૬૯માંએ બર્લિન ખાતે ગયોહતો. ધર્મિઓપિક ભાષામાં ડીલમાન એક સત્તા ધારી જાણકાર યૂરપમાં ગણાયો છે. ૧૮૫૭, ૬૫ અને ૬૬ માં વિદ્યાર્થીઓ લાયકનાં

ગ્રંથો રચી પ્રગટ કર્યા હતા. એનું મરણ ૧૮૯૪ માં ૪ થી જુલાઇએ નિપજ્યું હતું. એણે પોતાની તમામ જીંદગી દરમ્યાન સંખ્યા બંધ ગ્રંથો જૂદી જૂદી ભાષાઓ ઉપરથી તર્જુમો કરી પ્રગટ કર્યાં હતાં.

ડીસા—પાલનપુરના રાજ્યમાંનુ છાવણીવાલું ગામ, બનાસ નદીને કાંઠે છે. મહુની ઉત્તર પ્રશ્ચિમે ૩૦૧ અને નીમચની દક્ષિણે ૨૫૧ મૈલ ઉપર છે. લોક વસ્તી ૧૮૮૧ માં ૮૩૭૬ ની હતી, તેમાં ૫૩૫૭ હિંદુ, ૨૪૫૫ મોહમેદન અને ૫૬૪ પરદેશી હતા. આગળ આ ગામ 'ફરીદાબાદ'ને નામે પ્રસિદ્ધ હતું. બનાસના ડાબા કાંઠાપર બ્રિટીશ છાવણી છે, કે જે દેશીઓના રહેવાનાં મથકથી ઉત્તર પૂર્વે ૩ મૈલ ઉપર છે. ડીસાની આસપાસ ખુરજેવાલો કોટ છે પણ તે હાલ પડત હાલતમાં છે. અત્રે વર્સાદ ૨૨ ઇચ પર 'દોકડા વર્સે છે. ગર્મી ૧૧૩ ડીગ્રી ને થંડી ૪૦.૫ ડીગ્રી પડે છે. લશકરી છાવણીમાં નેટિવ કેવલરીની એક પલટણ, રોયલ આરટિલરીની એક તુકડી ને ઇંગ્રેજ તથા દેશીની આકેકી પલટણ એટલું લશકર રહે છે.

ડીસેંબર—દશેજી વર્ષની આખેરીનો બારમો મહિનો. રોમન અમલમાં જુલીયસ સિઝરના અમલ આગમજ માર્ચથી શરૂ થતું હતું, અને તેથી તે વેળા આ ડીસેંબર મહીનો ૧૦ મો આવતો હતો. સેક્સનોના જણાવવા મુજબ ડીસેંબર નામ 'મીડ—વિન્ટર—મન્થ' ઉપરથી પડેલું છે.

ડીસો ટોફરનેન્ડો—આ સ્પેનિશ શોધકનો જન્મ ૧૪૯૬ માં થયો હતો. એ ગરીબ માયબાપને ત્યાં જનમ્યો હતો, આથી ૧૫૧૯માં એડેરિન ખાતે પેદરેરિયસ ડેવિલના હાથ તળે નોકરી મેળવી ૧૫૨૭ માં નિકારેગુઆ તરફની શોધમાં એ સાથેજ ગયો હતો. તે પછી પીઝારો ને 'પીરૂ'ના કારોબારમાં મદદ કરી સ્પેન તરફ દ્રવ્યવાન થઇ પાછો ફર્યો હતો. તે પછી પાંચમા ચાર્લસે એને ફ્રેડેરિડાપર અમલ કરવાની સત્તા બક્ષી કયૂબાના ગવરનર તરીકે નેમ્યો. ૧૫૩૮ માં એ સાલલૂકારથી ૬૦૦ માનસો, ૨૪ ધર્મ ઉપદેશક અને ૨૪ અમલદાર લઇ સફરે નિકળ્યો હતો. એના કાફલાએ ૧૮૩૬ માં ૨૫ મી મે એ 'ઇસપિરિટુ સેન્ટો'માં લંગર કરી વહાણને કયૂબા મોકલ્યું, અને પોતે સુબાની શોધમાં નિકળ્યો. એણે આ કામ પાછળ ૩ વર્ષ સુધી મંડી જંગલી ઇંડીયનો સાથે મુશકેલીમાં કામ લઈ શોધખોળ ચલાવી હતી. ૧૫૪૧ માં એણે મીસિસિપી તરફ પોંહચી થંડીની ઋતુ વૉશિંગટન નદીમાં ગુજારી અને વસંતમાં પાછો મિસિસિપીમાં ફર્યો, આ વેળા નાસીપાસીથી તાપ લાગુ પડતાં નદી કાંઠેજ ૧૫૪૨ ના જુન માસમાં મરણ પામ્યો. તે પછી એના સોહબતીઓ ૭ વાહણોમાં બેસી મેકસિકો તરફ પાછા ફર્યા હતા.

ડુક્કર—અથવા સુવર. આ પ્રાણી શેહેરની આસપાસ વસે છે. તેમજ ડુક્કર યૂરપ, એશિઆ મધે થંડી અથવા ગર્મીના કોઇ પણ દેશમાં વસતું જણાયલું છે. પ્રાચીન ઇરાની રાજ્ય અમલવેળા આ પ્રાણીને નજીસ ગણવામાં આવતું નહોતું પણ તેને ગ્રીકસ દરજ્જેનાં પવિત્ર પ્રાણીમાં ગણવામાં આવતું હતું. 'જાદરપરમ'માં તથા મેહેર યસ્તનાં ૭૦માં ફકરામાં તથા બેહેરામ યસ્તનાં ૧૫માં ફકરામાં ડુક્કરની વખાણ કરેલી જણાય છે. તેમાં ડુક્કર વિષે આપેલા ફકરા ઉપરથી જણાય છે કે એ જનવરની ખાસ્યતો અવરતા જમાનામાં જણાયલી હતી, અને એ જનવરને તે વખતે ઘણો મોટો દરજ્જો આપવામાં આવતો હતો, કારણ કે તેના આકારમાં એક ફરેસ્તાને આવતો દેખાડવામાં આવ્યો છે. પણ હાલના જમાનામાં આ પ્રાણીની નજીસ રેહેણી ઉપરથી તેને જરથોસ્તીઓ ધીક્કારે છે.

રાની ડુક્કર જોરાવર અને તિક્ષણ દંતશૂળ વાલું પ્રાણી હોવાથી તેને બીજા કોઇ જનવર ઝાઝાં છેડતા નથી. એનાં સાતે દંતશૂળ તિક્ષણ હોઇ તે જો ચામડીમાં ભોંકાય છે તો તેથી લાંબો ચીરો પડે છે. એની બે શૂળનો આકર કાતી જેવો વાંકો હોઇ તે ઝેરી હોવાથી તેનો ઘા પાકવાનો સંભવ હોય છે. ડુક્કર પોતાની આ કાતી અવારનવાર પથ્થર ઉપર ઘસી તિક્ષણ બનાવી રાખે છે. વાઘ અથવા બીજા કોઇ હિંસક પશુ સામે થતાં એ પોતાના લાંબા શૂળનો ઉપયોગ કરે છે. શેહેરી ડુક્કરને આ શૂળ હોતાં નથી.

કવિન્સલેંડમાં તીનના કીકતી ખાડી તરફના જંગલમાં વિચિત્ર ડુક્કરો વસે છે. આ ડુક્કરો ઝડપથી ઝાડી ઉપર ચઢી શકે છે. એની ઉપર સખત રૂવાં સફેદ રંગનાં હોય છે. તેનું નાક તથા કાન સાધારણ ડુક્કર જેવું હોય છે, પણ તેનાં જડબામાં આગળી તરફનાં દાંત ઉંદરના સરખા અને દાઢનાં દાંતની વચેના દાંત કુત્રાના જેવા મ્હોટા હોય છે અને તિક્ષણ હોય છે. તેના આગલા પગના નખરીયાં હુક જેવા અને પાછલા પગની દરેક ખરી ઉપર બબે નખરીયાં હુકનાં આકાર જેવાં હોય છે. તેની પુછડી જાડી, સુમારે ૧ ફીટ લાંબી અને કોઈ ચીજ સપાટામાં આવતાં તેને ચપટ પકડી રાખવાની તે શકિત ધરાવે છે. વળી તેને એક કોથળી હોય છે જેનો ઉપયોગ નવો ચારો મેળવવા માટે મુસાફરી કરતી વેળા ખોરાક સાથે લઇ જવા માટે કરે છે. ટીપણીને વખતે એ જનવર ઝાડ ઉપર ચઢી પોતાની પુછડી મારફતે લટકી હુંફ રોકા નખરીયાંથી ખોરાક એકઠો કરે છે.

ફ્રાન્સ તરફ ડુક્કરો પાકનો અવારનવાર નાશ કરે છે આથી ત્યાંના શેકારીઓ કુતરાની મદદથી તેમની ઉપર ભાલાથી હુમલા કરી તેમનો ઘાણ કાઢે છે; તે વેળા રસાકસી ભરી લઢાઇ થાય છે.

'ઇંગલંડના બીજા હેન્રી રાજાના અમલમાં લંડનની આસપાસનાં જંગલોમાં પ્રથમ રાની ડુક્કર જોવામાં આવ્યું હતું, બકકન કહે છે કે રાની ડુક્કરનાં બચ્ચાં ત્રણ વરસ લગી તેમની માની પાછળ પાછળ ફરે છે અને વરની જોડે બાથ ભીડવા જેટલાં જોરાવર થાય છે, ત્યાં લગી એકલા ફરતા નથી. આ પ્રાણી ટોળાબંધ રહે છે અને ભયની વેળા મોટાં ડુક્કરો બચ્ચાંને વચમાં રાખી દુશમનની સામે ટક્કર લે છે.

દરિયાઈ ડુક્કર વિશે 'પ્રાણી વર્ણન' નામે ગ્રંથમાં વર્ણન આપેલું છે કે એ "બ્હેલની જાતનાં જનાવરોમાં સૌથી નાહનાં છે, અને શિશુંમાંના ડાયા કરતાં એનું ડાયું ડુકું છે. તેઓ દરેક સમુદ્રમાં વસે છે અને પાણીની સપાટીથી થોડેક ઉંચે કુદી પાછાં પાણીમાં પડતાં નજરે પડે છે, તેઓ ઘણાં ખાધરાં છે અને પુષ્કળ માછલાં ખાય છે. પોતાના શિકારની પાછળ તેમ્સ નદીમાં કેટલેક છેટે સુધી તેઓ ઘણીવાર આવેલાં જોવામાં આવ્યા છે. દરિયાઇ ડુક્કરોને તોફાનની વેળા આનંદ થાય છે. એનાં ટોળેટોળાં કૂદતાં માલમ પડે ત્યારે જાણવું કે તોફાન થવાની તૈયારી છે. ઇગલંડનાં આઠમા હેન્રિ રાજાના વખતમાં દરિયાઇ ડુક્કરનું માંસ રાજાને ખાવાલાયકનું ગણાતું હતું. પરંતુ હાલમાં કોઇ ખાતું નથી, કારણકે એના શરીરમાં તેલ હોય છે, અને એનો સ્વાદ સારો લાગતો નથી. એ ડુક્કર નાનાં માછલાં અને રેતીમાં રેહનારી બામ માછલી ખાઇને જીવે છે.

'એક જાતનું દરિયાઇ ડુક્કર ગંગા, સિંધુ વગેરે આપણા દેશની મોટી નદીઓમાં દીઠામાં આવે છે. એ ડુક્કર ગંગા નદી દેવીનું વાહન કહેવાય છે. ગંગામાં રહેનારૂં ડુક્કર ૬ ફીટ લાંબુ વધે છે.

ડુક્કર કંદ—એના વેલા ઉગે છે. એનું આ નામ પડવાનું કારણ એનાં કંદનો આકાર ડુક્કર જેવો હોઇ તેની ઉપરનાં બાલ ડુક્કરના કેશ જેવાંજ હોય છે. આ કંદ ઔષધિ ઉપયોગમાં યોજેલું છે. આ કંદને વિષ, તાપ વગેરે દર્દ ઉપર દેશી તબીબો ઉપયોગમાં લીયે છે.

ડુંગર—(જુઓ પર્વત)

ડુંગર—કાઠીઆવાડનું આ પુરાતન ગામ. મહુઆથી ૧૩ મૈલ ઉપર છે. અત્રે ૨૭૦૦ ની લોક વસ્તી છે. નીચલા દોહરા ઉપરથી જણાય છે કે એનું પ્રાચીન નામ દમરાપુરી કે દમરકોટ હતું, ને ત્યાં ચાવડા રાજાઓનો અમલ હતો.

જીત્તે દમ્મર કોટ તીત્તે ચાવડા રાજ કરે;
પેાષે પ્રજા સંતોષ, માણેક મોતીએ દીવા બળે.

આ ગામનાં જુના શેહેરના ખંડિયેરોમાંથી ધાતુ તથા મટોડીનાં વાસણ તથા હથીઆરો મળી આવ્યાં હતા; ગામ પાસેનાં પહાડમાંથી ગેરૂ મળે છે. ડુંગરગામની પાસે થોડની ઝાડી છે. ગામમાં ખચોલીઉ તળાવ છે તેમાં અધોરીઆ તળાવમાંથી એક નેહેરમાં થઈને પાણી આવે છે. મિરાત-ઇ-અહમદીમાં આપેલી વહાણ નાંગરવાની જગાની યાદીમાં ડુંગરનું નામ છે. કપાસ, ઇમારતી લાકડાં તથા અનાજનો વેપાર અત્રે ઠીક ચાલે છે. અત્રે કપાસ તથા શેરડીની ઉંચા પ્રતિની ખેતી કરવામાં આવે છે.

ડુંગરપુર—આ મેવાડી સીસોદીઆ રજપૂત મહારાવળનું રાજ્ય છે. એની ઉત્તરે તથા ઇશાન્યે મેવાડનું રાજ્ય, અગ્નિ ખુણે વાંસદા, દક્ષિણે રેવા કાંઠા, નૈઋર્ત્યે ઇડરનું રાજ્ય અને વાયવ્યે મેવાડનું રાજ્ય છે. આ રાજ્યની પૂર્વ પશ્ચિમ લંબાઇ ૪૦ મૈલ અને ઉત્તર દક્ષિણ પેાહળાઇ ૩૫ મૈલની છે. ક્ષેત્રફળ ૧૦૦૦ ચોરસ મૈલ છે. લોક વસ્તી ૧૫૩૩૮૧ ની હોઈ તેમાં ૬૬૯૫૨ ભીલો છે. આ રાજ્યને તાબે ૪૨૧ ગામડાં તથા શેહેરો છે. લોક વસ્તીમાં ૭૫૨૬૦ હિંદુ, ૩૬૦૯ મોહમેદન, ૭૫૬૦ જૈન અને બાકીના પરદેશી છે. વાર્ષિક મેહેસુલ ૩ ૧૫૦૦૦૦ ની ઉપજે છે.

આ સંસ્થાનમાં જંગલો વિશાળ છે, તેમાં શિસમ, મોહ, એબનીના ઉત્તમ વૃક્ષો ઉગે છે. નદી મહી અને સોમ છે. મુખ્ય પાક ઘઉં, જવ, ચણા, બાજરી, જુવારી, મકાઇ, ચોખા, કઠોળ, અરીણ, સુંઠ, મરચાં, આમલી, શેરડી, કાંદાનો થાય છે.

મુખ્ય પાયતખત ડુંગરપૂર કિલ્લેબંદી વાળું શેહર વાયવ્યે છે. ત્યાં મહારાવના રાજગઢ તથા રાજમેહેલ છે. અત્રેનાં લસ્કરમાં ૧૦૦૦ પ્યાદલ, ૪૦૦ સ્વાર અને ૪ તોપ છે

અત્રેના મહારાવળ મેવાડનાં (ઉદેપુરના, કુટુંબી જુની શાખાનાં સિસોદીઆ જાતના રજપૂત છે. હાલના રાજકર્તા રાવળ ઉદયસિંહને ૧૫ તોપનું માન બ્રિટીશ છાવણીમાં મળે છે.

ડુપલિક્ષ જોસફ કાન્કોસ—હિંદુસ્તાનના ફ્રેન્ચ થાણાઓના આ જાણીતા ગવરનરનો જન્મ ૧૬૯૭ માં ૧ લી જનેવારીએ લૅંડી-સ્યસ' ખાતે થયો હતો, ૧૮ વર્ષની વયે એ ફ્રેન્ચ ઇસ્ટઇંડીયન કાફલામાં જોડાયો અને અનેક ચઢાઇઓમાં નામના પામી ઓધા મેળવી ૧૦ વર્ષ પછી બંગાલમાંના ચંદ્રનગરના ગવરનર તરીકે નેમાયો. ૧૭૪૧ માં એને વડા હાકમ (ગવરનર જનરલ) તરીકેની નેમણુક કરી નવાબનો ખેતાબ બક્ષવામાં આવ્યો હતો. એણે એક વેળા પોતાની કુનેહ અને પરાક્રમથી કર્નાટકને ફ્રેન્ચ સત્તાતળે આણ્યું હતું.

એણે હિંદમાં ફ્રેન્ચ શેહેનશાહત સ્થાપન કરવાનો વિચાર કરી મોગલ શેહેનશાહતની નબળાઇનો લાભ લઈ દક્ષિણ અને મધ્ય હિંદુસ્તાનમાં પોતાની સત્તા મજબુત કરી હતી, તેમજ હૈદ્રાબાદની દરબારમાં પોતાની સત્તા સર્વોપરી જમાવી પોતે હિંદના રાજવંશી થાટમાટથી રહેવા લાગ્યો હતો. ડુપલીક્ષ પણ કલાઇવ્હ, તથા લૉરેન્સ જેવોજ કુનેહબાજ અને બહાદુર હતો. એણે ૧૭૫૪ સુધી પોતાની કુનેહથી કારોબાર ચલાવ્યો તેટલ ૧૫ માં લુઇએ એને ફ્રાન્સ તેડાવી લીધો, ત્યાં ફ્રેન્ચ સરકાર તરફથી તેને જશને બદલે અપજશ અને અપમાન મળતાં એ ગરીબાઇમાં અટવાઇ ૧૭૬૩ માં મરણ પામ્યો હતો.

ડુમાસ ડેવીડીલા, અલેકઝાન્ડર—(જુઓ અલેકઝાન્ડર ડુમા).

ડેક—અથવા ડારયા ડાર્ટ. એક પ્રકારની માછલી ઇટલી, ફ્રાન્સ, જર્મની વગેરે યૂરપના દેશોમાં જણાય છે, પણ ઇગલંડની થોડીજ નદીમાં છુટી છવાઇ જણાય છે. આ માછલીનું મ્હોડું મોટું હોઇ બિંગડા નાહના હોય છે. એનો ઉપલો ભાગ બલુ ને હેઠલો સેહેજ ઝાંખો હોય છે, પણ હેઠેનો ભાગ સફેદ ચાંદી જેવો હોય છે. આ માછલી ૮ ફીટ લાંબી ને એક રતલ વજનમાં હોય છે. આ માછલી જર્મનીની મોસમમાં ઈંડા મેલે છે.

ડેક—વહાણેા તથા સ્ટીમર અને મનવારમાં વચોવચમાં એક છેડાથી બીજા છેડા સુધી બાંધેલા 'પ્લૅટફૉર્મ' ને ડેક કહે છે. કાયદા મુજબ નાહના વહાણમાં એકજ ડેક હોય છે, પણ સ્ટીમર તથા મનવારમાં એક, બે, ચાર અને કોઇ વેળા પાંચ ડેક હોય છે. મોટી સ્ટીમરો ઉપર ત્રણથી ચાર ડેક ફરજીઆત રાખવા પડે છે. આ ડેકને લોઢા તથા સ્ટીલના મોભ ઉપર ગોઠવેલાં હોઇ તેની જમીન લાકડાની બનાવવામાં આવે છે. હાલમાં મજબુત સ્થંભો ઉપર એક પર એક સ્ટીલપલેટના પણ ડેકો ઉભા કરવામાં આવે છે. સીંગલડેક, ડુકે ડેક, ત્રીડેકેડ તથા કેટલાક સ્પારડેકેડ, પૂલ્સડેકેડને નામે પણ ઓળખાય છે. પેહેલાડેકની હેઠળના ડેક ઉપર માણસોને રહેવાની ગોઠવણ તથા સામન સુકવાની ગોઠવણ કરેલી હોય છે. મોટી સ્ટીમરમાંના તદન નીચલા ડેકેડને એરસ્પેાપ ડેક કહે છે.

ડેકર થૉમ્સ—આ જાણીતા નાટક લખનારનો જન્મ ઇ૰ સ૰ ૧૫૭૦ માં લંડનમાં થયો હતો. એ ૧૫ લખેલા નાટકોમાંના થોડાજ છપાયલા છે. ૧૬૦૦ માં એણે બે હાસ્યરસ નાટકો પ્રગટ કર્યાં હતા. ૧૫૯૯ માં એણે જોનસન સાથે મળી બે નાટકો રચ્યાં હતાં. (પિજ આવ પલે મૈાથ અને રૉબર્ટ ધી સેકંડ). ૧૬૦૩ માં એણે 'વંડરફુલ યયર' નામે ચોપાનીયું પ્રગટ કરવા માંડ્યું હતું. ૧૬૦૭ માં વેબસ્ટર સાથે મળી ત્રણ નાટકો રચ્યાં હતાં. ૧૬૦૮ માં ધી ગેલમેન ઑવ લંડન નામે ચોપાન્યું પ્રગટ કર્યું હતું, તેમાં લંડનના જાણીતા બદમાશોનું વર્ણન આપ્યું હતું. ૧૬૧૩થી ૧૬૧૬ સુધી ડેકર કૉંગ્સ બેંચના કેદખાનામાં કેદ પડયો હતો; અને તેમ કેદ થવાનું કારણ તેની કર્જદારીની નાદેવાદાર હાલતનું હતું. ધી વીચ ઑવ એડમોનટન નામે કરૂણા રસીક નાટક ડેકર ફૉર્ડ અને રૉલેની સામટી કલમથી લખાયલેા ઘણો પ્રસિદ્ધતા પામ્યો છે.

ડેકર મેકસિ મિલીઅન વૉલ્ટર ગાન્ગ—આ જાણીતો તવારીખ નવેશનો જન્મ ૧૮૧૮ માં બર્લિન ખાતે થયો હતો. એનો પિતા કાર્લડેકર એક જાણીતો પુસ્તક પ્રગટ કરનાર તથા વેચનાર હતો. એણે બોન તથા બર્લિનમાં અભ્યાસ કરી તવારીખનો ખાસ અભ્યાસ કરી ૧૮૪૨ માં ત્યાંના તવારીખનાં પ્રેાફેસર તરીકે નેમાયો, તે પછી એણે અનેક ચઢતા ઓધા તથા રાજદ્વારી ખાતામાં ઓધા મેળવી History of Antiquity નાં સાત દફતરો રચી પ્રગટ કર્યા હતા (૧૮૭૮—૮૩ માં). આ ગ્રંથોમાં ઇજીપ્ત, એસીરીઆન, લિડિઆ, ઇરાન, ઇંડીયન અને બીજા દેશોની તવારીખ આપી છે. એનું મરણ ૧૮૮૬ માં ૨૧ મી જુલૈએ નિપજ્યું હતું.

ડેગ—નાહની બંદુક અથવા પિસ્તોલ. આ નાહની પિસ્તોલ ૧૫ મી અને ૧૬ મી સદીમાં વપરાતી હતી. આ પિસ્તોલ સ્પેનિશ (૧૬૦૩ માં) નાટકોમાં વપરાતી હતી.

ડેગનડ્રેફ—આ શેહેર નિચલા બવેરિયાનું ડેન્યૂબ ઉપર, પાસુની ઉત્તર પશ્ચિમે ૩૯ મૈલ ઉપર છે. લોક વસ્તી ૬૪૪૬ ની છે. આ શેહેર ખ્રિસ્તીઓનું એક યાત્રાસ્થાન તરીકે જાણીતું છે, જ્યાં દર વર્ષે ૩૦,૦૦૦ જાત્રાળુઓ જાય છે.

ડેગોન—'ફીલિસ્ટેનીસો ' નો એક દેવતા. એ આકારે ઉપરથી મનુષ્ય જેવો ને હેઠે માછલી-

ના જેવી પુછડીવાળો હતો. 'ઓલ્ડટેસ્ટીમેંટ' માં આ દેવતા વિષે ઇસારો છે અને તેની મૂર્તિ ગાઝા તથા એશડોડના મંદીરમાં હોવાનું જણાવવામાં આવે છે. પેલેસ્તાઇનિના દેશમાં ડેગોનની અનેક નામે પૂજા જગેજગ કરવામાં આવતી. આ દેવતાને એબેલોનિયનથી પ્રથમ કેનાનમાં લાવવામાં આવેલો જણાવવામાં આવેછે. આ દેવતા અસેરિયન દેવતાને મળતો આવે છે.

૩ થોમસ—સેન્ડફર્ડ એન્ડ મરટન નામની જણીતી વાર્તાનો આ લેખક ઇ૦ સ૦ ૧૭૪૮ માં ૨૨ મી જુને લંડનમાં જનમ્યો હતો. એનો પિતા મરણ પામતાં એને ૯૦૦ પૌંડની વર્ષિક આવક મળતી થઈ હતી. એણે ઑકસફર્ડમાં ઑલસ્ટ કૉલેજમાં અભ્યાસ કરી ૧૭૫૫ માં મીડલ ટેમ્પલમાં દાખલ થયો હતો. તે પછી એણે મોજમઝામાં જીંદગી ગુજારી. ૪૦ સ૦ ૧૭૮૯ માં એનું મરણ અકસ્માતથી નીપજ્યું હતું.

૩નટેક્ષ—પ્રાચીન રોમન અમલમાં આ માછલી ઘણી પ્રસિદ્ધ હતી. આ માછલી મેડીટરેનિયનમાં પુશકળ મળે છે અને કોઇ કોઇ વેળા બ્રિટનના દક્ષિણ કિનારા ઉપર મળે છે. આ માછલી લાંબા તેજ દાંતોવાળી ઘણીજ ભયંકર હોય છે. એ ઘણી વેળા ૩ ફીટ લાંબી ને ૨૦ થી ૩૦ રતલ વજનમાં હોય છે. ડેલમેટા તથા લિવેન્ટની નદીમાં એ પુશકળ મળે છે. તે તરફ એને કાપી સમારી સરકામાં આંથી તેનો ખાવામાં ઉપયોગ કરે છે.

૩નફ્રેરેસ્ટ—ગલોચેસ્ટર શાયરના પશ્ચિમમાંના પહાડી જંગલનું ક્ષેત્રફળ ૩૪ ચૌરસ મૈલ છે. આ જંગલનો લગભગ અર્ધો ભાગ રાજની માલેકીનો ગણાય છે, અને તેમાં ઉગતાં ઇમારતી લાકડાં દરિયાઇ કાફલાનાં ઉપયોગમાં લેવામાં આવે છે. એમાં લોઢાં તથા કોલસાની ખાણો પણ છે. ૧૮૫૪ પછી અત્રેથી હરણ વગેરે પ્રાણીનો સદંતર નાશ કરવામાં આવ્યો છે.

ડેનમાર્ક—ત્રણ સ્કેંડેનેવિઅન રાજ્યમાંનું એક નાહનું રાજ્ય. એમાં "જટલેંડનો દ્વિપકલ્પ અને બાલટીકમાંના ટાપુઓ છે. આ દેશની ઉત્તરે સ્કાગેરાક; પૂર્વે કેટેગેટ, સૈંડ અને બાલટિક; દક્ષિણે બાલટિક, લીટલ બાલટિક અને સ્લેસવિક; અને પશ્ચિમે ઉત્તર સમુદ્ર. ૧૮૭૯માં ડેનમાર્કમાં વસ્તી ૧૭,૮૪,૭૪૧ ની ને ૧૮૯૦ માં ૨૧,૮૨,૩૩૫ ની હતી.

આ રાજ્યમાંના જૂદા જૂદા દેશોનો વિસ્તાર ને તેમાં વસ્તી નીચે મુજબ છે.

દેશનાં નામ.	ક્ષેત્રફળ મૈલ.	લોક વસ્તી.
ડેનમાર્કપ્રોપર, જેમાં ઝેલેંડ, ફૂનન, લાલેંડ, ફલાસ્ટરનાં ટાપુ તથા જટલૅંડનો દ્વિપકલ્પ ...	૧૪૭૩૧	૨૧૮૨૩૩૫
ધાફ્રેરોના ટાપુઓ ...	૫૧૩	૧૨૯૫૫
આઇસલેંડ.	૪૦૩૦૦	૭૦૯૨૭
ગ્રીનલેંડ (આઇસ વિનાનું)	૩૩૮૮૫	૧૦૫૧૬
ડેનિશ ટાપુ	૧૩૮	૩૨૭૮૬
જુમલે	૮૯૫૬૭	૨૩૦૬૫૧૬

ડેનમાર્કનું લશકર ૪૬૦૦૦ નું ને 'ઑફીસરો' ની સંખ્યા ૧૨૦૦ ની છે. પણ શાંતતાનાં સમયમાં ૭૫૦ અમલદાર તથા ૧૩૦૦૦ નું સૈન્ય કાયમનું રાખવામાં આવે છે. કુલે લશકર ૫૦૦૦૦ નું હોઇ ઐન લઢાઇ પ્રસંગે બીજા ૧૪૦૦૦ નવા સીપાહો ઉભા કરી શકાય તેટલી યૂદ્ધ સામગ્રી તયૅાર છે. આ રાજ્યની પાસે ૪૦ લઢાયક મનવારો છે; અને તેમાં ૧૫૦ અમલદાર તથા ૧૫૦૦ માણુસો છે. ૧૮૯૭ માં દરિયાઇ અમલદારો ૨૯૦ ને ૧૧૫૦ સીપાહો હતા.

ડેનમાર્કની દક્ષિણોત્તર લંબાઈ ૫૦૦ મૈલ ને પૂર્વ પશ્ચિમ પોહળાઇ ૫૦ થી ૬૦ મૈલની છે. એનો પશ્ચિમ તરફનો જટલેંડ અને પૂર્વ કિનારો ફળદ્રુપ છે. દક્ષિણ અને ઉત્તર આ દિશા તરફના કિનારા તદન ખરાબ છે આથી તે તરફ કશાનો પાક થતો નથી. અરબસ્તાન પ્રમાણે આ દેશમાં પણ રેતીનાં

તુફાનો ઉઠે છે. આથી જટલેંડના લોકોએ ત્યાંના રણમાં ઉગી શકે એવી ઝાડીઓ રોપી છે, કે રેતીને ઉડતાં તે અટકાવે, છતાં તુફાનો અવારનવાર ઉઠે છે.

ડેનમાર્કમાં નદીઓ અનેક છે પણ તે જણીતી નથી. હવા સાધારણ છે, ત્યાં ધુમસ સદા ફેલાયલો રહે છે, તે એટલા સુધીકે આકાશ કદી ખુલ્લું જણાતું નથી. અત્રે આખા વર્ષમાં ૧૩૦ દિવસ વર્સાદ વર્સે છે. ગરમીની મોસમ જુનથી સપતેંબર સુધી હોય છે. આ દેશની હવામાં ભીનાસ હોવાથી તરેહવાર અનાજ પાકે છે.

ઇ. સ. ૧૬૬૦ થી ડેનમાર્કની પ્રજાએ પોતાની ખુશીથી રાજાને સ્વતંત્રતા સોંપી તે હજી કાયમ છે. રાજાએ એક પ્રધાન મંડળ ઉભું કરેલું છે, તેમાં ગાદીવારેસ કુંવર અને બીજા રાજપુત્રોને સામેલ થવાનો હક છે; અને તે ઉપરાંત રાજા પોતાની મર્જી મુજબ નેમણુક કરે છે. તેમજ સઘળા ખાતાનાં મુખ્ય અધિકારીઓએ પણ પ્રધાનમંડળમાં રહેવાની પ્રાચીનકાળની પદ્ધતિ ચાલુ છે. ડેનમાર્કમાંની 'ચૅનસરી' સભા મંડળ કાયદા બાંધે છે, અને તે દરેકના અધિકારની હદ ઠેરવે છે. આ સભા ગરીબ અને ધર્મગુરૂ ઉપર વિશેષ લક્ષ આપે છે.

અત્રેના મુત્સદ્દીમાં બે ભેદ છે, એટલે જુના અને નવા; તેમાં નવા કરતાં જુનાઓનો અધિકાર શ્રેષ્ટ હોય છે. આ બેઉ પ્રકારના મુત્સદ્દીઓની યોગ્યતા વંશપરંપરે ચાલી આવે છે, અને તેમની સ્થાવર ઉત્પંતી ભારે હોય છે. તેમની જમીન વગેરેના કામમાં હાથ નાખવાની રાજાને પણ સત્તા હોતી નથી. ત્રીજા દરજ્જાનાં સરદારો વંશપરંપરાના હોય છે, અને તેઓ પોતાનાં જ્ઞાનથીજ ચઢતે દરજ્જે પોંહચેલા હોય છે.

શ્રેષ્ટ કુળમાંની સ્ત્રીઓનાં લગ્ન નીચ કુળનાં પુરૂષો સાથે કરવાની ફરજ નહિ પડે તે માટે રાજ્યમાં ૯ થી ૧૦ મઠો છે. તેમાંના દરેકમાં બારબાર કુમારીકાઓનો નિર્વાહ જીંદગી સુધી સુખમાં થઇ શકે એવી જોહવણ કરેલી હોય છે.

ડેનમાર્કના દરેક પ્રાંતમાં ૧ ન્યાયાધીશને તેનો એક "સેક્રેટરી" એવા બે અધિકારીઓ હોય છે. તે પ્રાંતમાં જે જમીનદાર હોય છે તેઓ ન્યાયાધિશ ચુંટી કાઢી રાજાને જણાવે છે. પછી તેમના માટે રાજા મંજુરિઆત આપે છે. આ જડજોની સેશન દર અઠવાડીએ બેસે છે, અને તેમનાં સલ્હાકાર તરીકેનાં ચાર પાંચ જણીતા ખેડુતો હોય છે. આ જાતના ન્યાયાધિશ ઓનરરી હોય છે. આ ન્યાયાધિશોનો ઠેરાવ વડો કબુલ કરે છે. તેઓ પોતાની સેશનો મહિનામાં ભરે છે, જેમને સરકાર તરફથી પગાર મળે છે.

સર્વેથી મ્હોટી કોર્ટ કોપેનહેગનમાં છે, ત્યાંજ વકીલ બારિસ્ટરો કામ બજાવે છે. દીવાની કેસલા શિવાય બીજા આગ્રહ ઈજાજત અથવા બીકટ જોખમદાર કજ્યા માત્ર રાજા પાસે જાય છે. ૧૭૯૫ માં ત્રેબ્યૂનલ ઑફ કાન સીલેશન' નામે ન્યાય સભા સ્થાપન થઇ છે, તેમાં મ્હોટા વિદ્વાનોને બેસવા દેવામાં આવે છે. તેમની સલાહ પ્રમાણે બે પક્ષના લોકો પછી ન્યાય કરે છે, અને તે છેલ્લો કેસલો ગણાય છે. શેહેરમાં ૧૦ અને પ્રાંતમાં ૧૫ દિવસમાં કજ્યાઓ કેસલો થાય છે.

સોળમી સદીની અધવચમાં ડેનમાર્કમાં એક વિચિત્ર રેવાજ ચાલુ હતો, કે ખુની વગેરે અપરાધીને ફાંસી આપવા લઈ જતી વેળા તેની સાથે નાહના મ્હોટા મનુષ્યો ધુમધામથી ચાલતા અને સાથે ધર્મગુરૂ પેલા દુર્દૈવી ને મોટેથી ઉપદેશ કરતો, આવા સમારંભથી ગુન્હેગારોને ફાંસી આપવામાં આવતાં તેની એવી અસર થવા માંડી કે પ્રજામાંના મરતબાવાળાઓને પણ આવા બહુ માનથી મરવાનું પસંદ પડવાથી તેઓ બુરા અપરાધ કરી આવા સમારંભથી ઉલટ-મંદ દિલે માર્યા જવા લાગા. આ ફાંસીની સજાની બિહીક મટી જઇ ગુન્હા થવા માંડતા સેવટે સરકારે આ ચાલ તદન બંદ પાડી હતી.

ડેનમાર્ક પાયતખત શેહેર કોપેનહેગનની પાઠશાળામાં ૭ ધર્મોપદેશક, બે શિક્ષક ન્યાય શાસ્ત્ર શિખવનાર, બે ગણિત શાસ્ત્રી, એક લેટીનનો અને અલંકારનો, ૧ ગ્રીક ભાષાનો, ૧ એશિઆ ખંડમાંની ભાષા શિખવનારો, ૧ ઇતિહાસ શિખવનારો, પાંચ વૈદ્ય શાસ્ત્રી, એક ખેતીવાડી શાસ્ત્રી તથા એક ભાષણ આપનાર એટલા ખાસ શિક્ષાગુરૂ રોકેલા છે. આઇસલેંડમાંના વિદ્યાર્થીઓ વધારે વિદ્વાન ગણાય છે. તે પાઠશાળામાં ૬૦૦૦૦ ગ્રંથોનો સંગ્રહ છે.

ડેનવર—કલોરેડોનું મુખ્ય પાયતખત શેહેર. પ્લેટ નદીની દક્ષિણે, સેંટ લુઇસની પશ્ચિમે ૯૨૨ મૈલ ઉપર છે. આ શેહેર સમુદ્ર સપાટીથી ૫૧૯૬ ફીટ ઉપરના અતિ સપાટ મેદાન ઉપર છે. આ શેહેરને ૧૮૫૮ માં સ્થાપવામાં આવ્યું હતું. ૧૮૭૦ માં વસ્તી ૪૭૫૯ ની, ૧૮૮૦ માં ૩૫૬૨૯ ની ને ૧૮૯૦ માં ૧૦૬,૭૧૩ ની હતી. હાલમાં આ શેહેરના મોટાં રસ્તા ઉપર વિજળિક બત્તી તથા 'ઇલેકટ્રીક ટ્રેમ્વે' ફરતી ફરે છે. ચોકસ કંપનીઓ તરફથી બધે પીવાનું પાણી પોંહચાડીયા ઉપરાંત કેટલેક ઠેકાણે તો ગરમ પાણી પણ પોંહોચતું કરવાની ગોઠવણ અમલમાં મેલાઇ છે. અત્રે ચાલુ ૪૮ ફેરન હવા રહે છે, અને વર્સાદ માત્ર ૧૭ ઇંચ વર્સે છે. અત્રેની જાહેર ઇમારતોમાં સીટી હૉલ, પોસ્ટ ઑફીસ, હાઇસ્કુલ (૧૮૮૭) અને યૂનિવરસિટી છે. આ શેહેર ખાણો તથા ખેતીવાડીનું મુખ્ય મથક ગણાય છે. અત્રે ઢોર, હાડકાં, ચામડાં, ઉન અને ચરબીનો ઓહોળો વેપાર ચાલે છે.

ડેપે—ફ્રેન્ચ રાજ્યમાં સેની—ઇનફીરિઓરમાં ઇંગલીશ ચેનલ ઉપર રૉનની ઉત્તરે રેલમાર્ગે ૪૦ મૈલ ઉપરનું બંદર શેહેર. અત્રે ૧૪૩૩ માં બાંધેલો કિલ્લો હાલમાં બરાબ્ર તરીકે વપરાય છે. અત્રેનાં બંદરમાં ૬૦૦ ટનના વહાણો આવી શકે છે. મુખ્ય ઉદ્યોગ હુન્નર ઘડિયાળ, તંબાકુ, સિંગડાના પદાર્થ, હાથીદાંત વગેરેના કારખાનાં છે. તેમજ અત્રે વાહાણો બાંધવાની ગોદી, દારૂ ગાળવાની ભઠીઓ અને માછી મારનો ઉદ્યોગ ઓહોળો ચાલે છે. વસ્તી ૧૮૭૨ માં ૧૬૭૫ ની ને ૧૮૯૧ માં '૨૨૩૫૯' ની છે.

ડેયેસિ—આ વેલાતી ફુલઝાડ નવેંબ્બરની શરૂઆતમાં રેતીવાળી માટીમાં ખાતર મેળવી જમીનમાં અથવા ટબમાં મૂળીયાં અથવા બીજ વાવ્યાથી રોપા ઉગી શકે છે. ઝાડ મોટાં થયા પછી તેને ઉખેડીને બીજી જગ્યાએ રોપવાં પડે છે. વર્સાદમાં એનીપર વર્સાદની ફેરો ન પડે માટે તેને છાંયડાવાળી જગ્યામાં રાખવાં, ને વર્સાદ વિતા બાદ તેને યોગ્ય જગ્યાએ રોપવા ઠીક થઇ પડે છે.

ડેરા ઇસમાઇલખાન—એની ઉત્તરે બજુ, પૂર્વે ઝંગ, શાહપૂર, દક્ષિણે ડેરા ગાઝીખાન, મુઝફરગઢ અને પશ્ચિમે સુલેમાન પર્વત છે. ક્ષેત્રફળ ૬૪૪૦ ચૌરસ મૈલ હોઇ તેમાં ૮૩૫ ગામો છે. લોકવસ્તી ૪,૮૬,૨૦૧ ની છે. પ્રદેશ સુલેમાન પર્વતથી સિંધ સાગર દુઆબ સુધી પસરેલો છે. નદી સિંધુ ને લુની છે. મુખ્ય પાક ઘઉં, જુવાર, બાજરી, મકાઇ, જવ, કઠોળ અને કપાસનો થાય છે. આ જીલ્લામાં ૧૨૦ મૈલ જળમાર્ગ ને ૬૨ મૈલ પાકી સડક છે. અત્રે ૬૩ મૈલ રેલ્વે છે. મુખ્ય શેહેર ડેરા ઇસમાઇલખાન, લીઆહ, ભક્કર અને કુલચી છે.

ડેરા ગાઝીખાન—ઉત્તરે ડેરા ઇસમાઇલખાન, પૂર્વે સિંધુ નદી, દક્ષિણે સિંધની સરહદ અને પશ્ચિમે સુલેમાન પર્વત છે. ક્ષેત્રફળ ૫૬૦૬ ચૌરસ મૈલ છે. તેમાં ૭૬૦ ગામો છે. લોક વસ્તી ૪૦૪૦૩૧ ની છે. આ જીલ્લો સુલેમાન અને સિંધુની વચમાં હોઇ રેતાલ છે, મુખ્ય બતીજ પદાર્થ લોહું, ત્રાંબુ, શિસું, કોલસો વગેરે પુશકળ મળે છે. અત્રે કટકી, સુરમો, સોરા અને નિમકનાં કારખાનાં છે. મુખ્ય પાક ઘઉં, ચોખા, બાજરી, મકાઇ, જવ, કડધાન્ય, કઠોળ, કપાસ અને ગુલીનો છે. નિકાશ વેપાર ગુલી, અફીણ, ખજુર, ઘઉં, કપાસ, જવ, ઘી અને ચામડાંનો છે. આયાત વેપાર ખાંડ, ચણા, ઉનનું કાપડ, વેલાતી કાપડ, નિમકનો છે. મુખ્ય શેહેર ડેરાગાઝીખાન, જમપુર ને રાજનપુર છે.

ડેલટન જૉન—આ જાણીતો રસાયનશાસ્ત્રી તથા તબીબનો જન્મ ૪૦ સ૦ ૧૭૬૬ માં ઇંગલીશ ફિલ્ડમાં કૉકરમૌથ પાસે થયો હતો. એનો પિતા વણકરનો ધંધો કરતો હતો. એણે પ્રથમ કવેકરમાં કેળવણી લઇ ૧૭૮૧ માં કેન્ડલમાં અભ્યાસ કરવા જઇ રહ્યો. ત્યાં એણે ગણિતશાસ્ત્ર અને વૈદકનો અભ્યાસ શરૂ કરી, ગણિતશાસ્ત્રના અનેક નિબંધો લખી પ્રગટ કર્યાં હતા, અને તે પછી ખરતા તારાઓ વિશેનું ૪૦ સ૦ ૧૭૮૭ થી ચોપાન્યું પ્રગટ કરી તમામ જીંદગી દરમ્યાન ૨૦૦૦૦૦ ઉપલા વિષય ઉપર શોધો કરી હતી. તે શિવાય પતંગીઆઓનો એણે ગંજાવર સંગ્રહ કર્યો હતો. ૧૭૯૩ માં મેનચેસ્ટરમાંની ન્યુ કૉલેજમાં ગણિતશાસ્ત્ર તથા શારિરિક શાસ્ત્રી તરીકેનું શિક્ષક પદ પામ્યો હતો અને ૧૭૯૯ થી આજ શેહેરમાં ખાનગી શિક્ષણ પણ આપવા માંડયું હતું. ૧૭૯૪ માં એણે દેખાતી રંગીન ચીજ બીજી રંગની દેખાવાનાં અંધાપા વિશેની શોધખોળ જાહેરમાં ભાષણરૂપે મેલી હતી. ૧૮૦૮–૧૦ અને ૧૮૨૭ માં એણે રસાયનશાસ્ત્ર વિશેના નવા સુધારા વધારાનાં બે દફતરો પ્રગટ કર્યાં હતાં. ૧૮૧૭ માં મેનચેસ્ટર ફિલાસોફિકલ સોસાયટીના પ્રમુખ તરીકે નેમવામાં આવ્યો. ૧૮૩૩ થી એને ૧૫૦ ને પછી ૩૦૦ પૌંડનું વર્ષાસન મળતું થયું હતું. ઑકસફર્ડ તરફથી એને ડી૦ સી૦ એલ અને એડિનબર્ગ તરફથી એલ૦ એલ૦ ડી૦ ની પદ્વિ એનાયત થઇ હતી. બ્રિટીશ એસોસિએશનનો એ બે વેળા ઉપપ્રમુખ થયો હતો. મરણ ૧૮૪૪ માં ૨૭ જુલૈએ નિપજ્યું હતું.

ડેલફિનિયમ—આ વેલાતી ફુલ ઝાડને 'લાર્કસપાર' પણ કહે છે. આ ફુલનું સૌંદર્ય જોવાથી ઘણો આનંદ મળે છે. આ ફુલ ઝાડ ઉપર ફુલો શિયાળામાંજ આવે છે. એના ફુલ એક પ્રકારનાં હોતાં નથી. ફુલના માથા ઉપર અર્થાત દર એક ફુલના દલનો આગલો ભાગ 'ફાંકરી કાંટા'ના પ્રમાણે હોય છે. કોઇ કોઇ જાતના ડેલફિનિયમનો આગલો ભાગ સફેદ રેખાવાળો હોય છે. ડેલફિનિયમનો એક મુકરર રંગ હોતો નથી, ડિસેમ્બરથી એ માર્ચ સુધી છવે છે. એના બીજને સરદી લાગતાં તે બિગડે છે. માટે તેને 'રૉપર બૉટલ'માં ભરી રાખવામાં આવે છે.

એના ઝાડ સર્વ પ્રકારની માટીમાં ઉગતાં નથી. રેતીવાળી જમીનમાં બિયાં વાવ્યાથી અંકુર જલ્દી ફુટે છે, રેતી અને માટી મેળવી મોસમનાં ફુલ માટે ઠીક થઇ પડે છે. જ્યાં સુધી બીજમાંથી અંકુર ન ફુટે ત્યાં સુધી એને છાયામાં રાખવાં પડે છે. એને પાણી માફકસરનું સીપવું પડે છે, અંકુર ફુટી છોડ ૩ થી ૪ આંગળ વધતાં તેને બીજા ટબમાં રોપે છે જ્યાં તે વધારે જોરથી વધ પકડે છે.

ડેલિહ્યા—આ ફુલઝાડ પ્રથમ મેકસિકોનાં બાગબાનીનાં બગીચામાંથી ૪૦ સ૦ ૧૭૮૪ માં મેડરીડમાં લાવવામાં આવ્યું હતું; અને ૧૭૮૯ માં ત્યાંથી ઇંગલંડમાં મોકલવામાં આવ્યું હતું અને ફ્રાન્સમાં ૧૮૦૨ માં તથા ૧૮૦૪ માં હમબોલ્ટમાં દાખલ થયું હતું. હાલમાં આ ડેલિહ્યાની લગભગ ૨૦૦૦ જાતો જાણીતી થએલી છે. હાલમાં લાંબે વખતે ડબલ ડેલિહ્યા ફુલ ઉગાડવામાં યૂરપનાં બાગબાનોએ ફરહે મેળવી છે, એના સુંદર ફુલો જૂદી જૂદી જાતનાં ચળકતા રંગના હોય છે, તેમનું ઉત્પતિ સ્થાન મેકસિકો છે. એમાં બે ભેદ હોય છે, એક જુનાં ડબલ ફુલવાળું ને બીજું નવા સિંગલ ફુલવાળું. આપણા દેશમાં ડબલ ફુલ ઝાડ ગાઠો રોપી તથા સીંગલ ફુલ ઝાડ બિયાં રોપી ઉગાડે છે, એના કલમને પાણીમાં અથવા 'હૉટ બેડ'માં રોપ્યાથી તેને મૂળીયાં ફુટી નવાં ઝાડ ઉત્પન્ન થાય છે. જ્યાં ૩૦ ઇંચથી

ઓછો વર્સાદ વર્સે છે ત્યાં એના ઝાડ ઉતમ ઉગે છે. ડબલ ફુલનો આકાર ગોળાકાર હોઇ તે ઘણા દિવસ ટકે છે, સિંગલ જાતીનાં ઝાડ ઉપર પુશકળ ફુલો આવે છે.

ડબલ ફુલ ઝાડની ગાંઠો મે માસની આખેરીમાં તેની આંખો ફુટવા માંડતા તેમને તેમના મૂળીયાં સુદ્ધાં કુંડામાં ખાતર નાખી મટોડી ભેળી રોપે છે, અને તેપર દરરોજ પાણી સીપવામાં આવે છે, તે ત્યાં ખીલતાં તેની ગાંઠો બીજા કુંડામાં અથવા જમીનમાં રોપી ત્રણ દિવસ આંતરે પાણી સીંપે છે. સિંગલ જાતનાં બી જૂન માસમાં રોપતાં તેના રોપા બે ઇંચના થતાં જમીનમાં એક ફીટના અંતર ઉપર દાટે છે. ત્યાં તે ૬ ઇંચ થતાં ત્યાંથી કાઢી કુંડામાં અથવા જમીનમાં જ્યાં ઝાડ ઉગાડવાં હોય ત્યાં રોપી ત્રણ ત્રણ દિવસે પાણી પાય છે.

ડેવ્હિયાપર ફુલો આગસ્ટથી ડિસેમ્બર સુધી આવે છે. ફુલાનો હિંગામ પુરો થતાં પાણી સીપવાનું બંધ કરે છે. ઝાડ સુકાતાં તેમની ગાંઠો સંભાળથી કાઢી લઇ છાયાવાળી જગ્યામાં રેતી સાથે દાટી રાખી મે માસમાં ફરી તેને ઉપયોગમાં લીયે છે. આ ઝાડ ઘણુ નાજુક હોવાથી પવનની લેહેરોથી નમી ભાગી નહિ જાય તે થકી સૈની સાથે લાકડી દાટી તે સાથે બાંધી રાખે છે. એપર ફુમો આવવા માંડતાં એને ૮ દિવસે છાણનું પ્રવાહિ ખાતર આપે છે.

ડેવ્હનપોર્ટ—સ્કૉટલેનડીનુ મુખ્ય શેહેર, મસિસિપી ઉપર રૉકના ટાપુ પાસે ચીકાગોની પશ્ચિમથી દક્ષિણે ૧૮૩ મૈલ ઉપર છે. અત્રે આટાની મીલો, લોઢાકામના કારખાના, તથા ઉનના કાપડ બનાવવાનાં કારખાનાં છે. લોકવસ્તી ૨૬,૮૭૨ ની છે.

ડેવિડ—હિબ્રુ ભાષામાં આ શબ્દનો અર્થ 'અતિપ્રિય' એવો થાય છે. એ યાહુદી કુળમાં યશાયનાં ૮ પુત્રમાંનો એક, એનો જન્મ બેથલેહેમ ગામમાં ઈ. સ. પૂર્વે ૧૦૮૫ માં થયો હતો. જુવાનીમાં એ બકરાં ચરાવતો હતો, પણ તેટલાં બધાઈલોના રાજા "શૌલ" ઉપર 'યાહવે'નો કોપ ઉતરી તેણે 'શૌલ'ને પદભ્રષ્ટ કરી ડેવિડને રાજ્યપદ આપવા માટે 'શમુવેલ'ને હોકમ કર્યો. તે વેળા ડેવિડ ૨૨ વર્ષનો હતો. એને કાંઇ એકદમ રાજ્યપદ મલ્યું નહોતું, પણ એ પેહેલાં શૌલનો શસ્ત્ર સંભાળનાર હતો. એને ગાયન ગાતાં આવડતું હોવાથી એ રાજાનો માનીતો થયો હતો. એક વેળા ડેવિડે 'ગલ્યાથ' નામના એક 'પલિષ્ટ' પ્રજાના જોરવાર લઢવૈયાને ઠાર કર્યો. આથી એ દરબારમાં ભારે માન પામ્યો હતો. આ વેળા શૌલના કુંવર યોનાથન સાથે ઘાડી મિત્રાચારી થઇ, પણ તેની આવી કીર્તીથી શૌલ અદેખો થયો. તેણે ડેવિડને હર પ્રકારે મારી નાખવા પ્રપંચ રચ્યા પણ તેમાંથી પરમેશ્વરે તેને બચાવ્યો. છેલ્લે પોતાની બેટી સાથે ડેવિડને પરણાવી પ્રપંચથી ઠાર કરવા ઇચ્છ્યું, પણ તેમાં વટીક તે ફાવ્યો નહિ, તેટલાં એનજાબીનના વંશજો ડેવિડની મદદે આવ્યા. તે વેળા શૌલ રાજા પલિષ્ટ પ્રજા સાથે લઢવામાં ગુંતાયો હતો. તેમાં યોનાથન અને તેના બે પુત્રો માર્યા જતાં હારની નામોશીથી શૌલ આપઘાત કરી મરણ પામ્યો. શૌલના મરણ પછી ડેવિડ રાજ્યપદ પામ્યો.

રાજ્ય ગાદીએ આવતાંજ 'હિબરોન' તરફ જઈ રહી યેબુસાઈટઝ પ્રજાનું શેહેર તથા તેમનો માઉટઝીઓનનો કિલ્લો જીતી લઇ તેને પોતાનું પાયતખ્ત બનાવ્યું હતું. આ પ્રજા કયાટીન પ્રજાની વંશજ હતી. આજ પાયતખ્ત પાછળથી જેરૂસલેમને નામે પ્રસિદ્ધતા પામ્યું હતું. એણે જેરૂસલેમમાં ખુદાની આરાધના માટે એક ગંજાવર દેહેરૂ બાંધવાનો વિચાર કર્યો પણ 'નાથાન' નામે પેગંબરે તે બાંધવા નહિ દીધું. એણે ફીલિસ્તાઇનિ પ્રજા સાથે ૬ વર્ષ સુધી લડાઇઓ કરી તેમની પર પુરતો કાબુ મેળવ્યો હતો, અને તેમનો 'ગાથ'નો મજબૂત કિલ્લેબંદીવાળું

મથક પણ સર કર્યું હતું, તેમજ મ્યુમીઅન પ્રજાના રાજા હાદાદઇઝરને હરાવી નસાડ્યો હતો.

ડેવિડનું રાજ્ય કૃત્તેહમંદ ગણાયું છે, પણ એ પોતાની સંસારી હાલતમાં ઘણોજ કમનસીબ હતો. એનો વડો બેટો 'આપસેલા' એ ડેવિડ સામે બંડ ઉઠાવી સેવટે માર્યો ગયો હતો. એનું મરણ ૪૰ સ૰ પૂર્વે ૧૦૧૪ માં નિપજ્યું હતું.

ડેવિડ ૧ લો—(સેંટ ડેવિડને નામે પણ પ્રસિદ્ધ છે.) સ્કૉટલંડનો રાજા. એનો પિતા 'મેલકોલમ કેનેમોર' અને માતા 'સેંટસાયરેટ' હતાં. જન્મ ઈ૰ સ૰ ૧૦૮૪ માં થયો હતો. ૧૦૯૩ માં એને એની બેહેન મેટિલ્ડા સાથે (જે ૪૰ સ૰ ૧૧૰૦ માં ઇંગ્લંડના ૧ લા હેન્રિ સાથે પરણી હતી.) ઈંગ્લંડ મોકલ્યો હતો. ૧૧૦૭ માં એનો વડો ભાઈ અલેકઝાન્ડર રાજ્ય ગાદીએ બેઠો ત્યારે ડેવિડને પ્રિન્સ ઑવ કેમબ્રિયાનો બેતાજ અને કંબરલેંડનો ભાગ વારસામાં મળ્યો હતો. એણે મેળવેલા હીસ્સામાંના દેશપર ઉત્તમ હકુમત ચલાવવાથી ભાઇ સાથે અનબનાવ ચાલતો હતો; તેટલાં ૧૧૧૰ માં એના લગન સાયમનડી સેનલીસની વિધવા મેટીલડા અને અર્લ ઑવ નૉર્થમબરલેંડની વારેસ સાથે થતાં, એ પોતાના દરજ્જામાં અર્લ ઑવ હંટીંગડન અને અર્લ ઑવ નૉર્થમ્પટનનો બેતાજ ને દરજ્જો પામ્યો. ૧૧૨૪ માં એ પોતાના ભાઇની ગાદીપર રાજા તરીકે બેઠો અને ૧૧૩૭ માં કેલ્ટીક પ્રજા સાથે લઢાઇમાં ઉતર્યો હતો. આ વેળા એંગલો નૉરમન સવારોની મદદથી એણે જય મેળવ્યો હતો. તે પછી એને ઇંગલંડ સાથે પણ વિગ્રહમાં ઉતરવું પડ્યું હતું, પણ તેમાં સુલ્હેથી તેનો અંત આવ્યો હતો. એનું મરણ કારલિસ્લી ખાતે ૧૧૫૩ માં ૨૪ મી મેએ નિપજ્યું હતું.

ડેવિડ બ્રોન્ઝે—કીંગ રૉબર્ટ બ્રુસનો કુંવર. એનો જન્મ ઈ. સ. ૧૩૨૪ માં ૫ મી માર્ચે ડનફરલીનમાં થયો હતો. એના લગ્ન એડવર્ડ ધી બીજાની બેટી જોઆના સાથે ૧૩૨૮ માં થયા હતા. ૧૩૨૯ માં એ ગાદીએ બેઠો હતો. ૧૩૩૧ માં એને એની બાળક રાણી સાથે રકોન ખાતે રાજ્યભિષેક કરવામાં આવ્યો હતો. ૧૩૩૪ માં એડવર્ડ બેલિયલ અને એડવર્ડ ત્રીજાની હેલિડન હોલ ખાતેની ફરહેથી એને ફ્રાન્સ મોકલી દેવામાં આવ્યો હતો; ત્યાંથી ૧૩૪૧ માં ફરી સ્વદેશમાં આવ્યો પણ ડરહેમપાસની નેવ્હિલ ક્રૉસની લઢાઇમાં (૧૩૪૬ માં) ફરી એને બંદીવાન હાલતમાં ૧૧ વર્ષ વેર રહેવું પડ્યું હતું. તે પછી ૧૩૫૭ માં ૧૦૦૦૦૦ માર્કસનો દંડ આપી છુટકો થતાં, અનેક વિપત્તી અને દાવાદારોની ખટપટ વચ્ચે જીંદગી ગુજારી આ કમનસીબ રાજા ૧૩૭૧ માં ૨૨ મી ફેબ્રુવારીએ એડીનબર્ગ કેસ્ટલમાં મરણ પામ્યો હતો.

ડેવિડ ફોર્ટ-સેંટ—અથવા ફોર્ટ સેંટ ડેવિડ. મદ્રાસમાં આર્કાટ જીલ્લામાંનો ખંડીયર કિલ્લો. મદ્રાસની દક્ષિણે ૧૦૦ મૈલ ઉપર છે, અને કલાદગીની ઉત્તરે ૧ ½ મૈલ ઉપર છે. આ કિલ્લો ૧૬૯૦ માં મરાહાઓ પાસથી વેચાતો લીધો હતો અને તેની આસપાસની ભૂમિ પણ કંપનીએ ખરીદી હતી. ૧૭૪૬ થી ૧૭૫૨ સુધી આ કિલ્લો કારોમાંડલ કિનારા ઉપર એક મજબૂત ને મુખ્ય મથક તરીકે હતું. ૧૭૫૬ માં અત્રે કલાઇવ્હ ગવરનર તરીકે હતો, પણ ૧૭૫૮ માં જ્યારે કલાઇવ્હ બંગાલમાં હતો ત્યારે ફ્રેન્ચ સરદાર એમ. લેલીએ તે જીતી લીધો હતો, પણ ૧૭૮૩માં જનરલ સ્ટુઅર્ટ ફરી હાથ કર્યો હતો. હાલમાં આ કિલ્લો પડત અને ભાગી તુટી હાલતમાં છે.

ડેવ્હિ સર હંફ્રી—આ જાણીતા રસાયન શાસ્ત્રીનો જન્મ ઈ૰ સ૰ ૧૭૭૮ માં ૧૭ મી ડિસેંબરે કૉર્નવાલખાતે થયો હતો. એણે નાહની સ્કુલોમાં શિક્ષણ લઈ ત્યાં વાર્તાઓ, કવિતા અને રસાયનનો સેહેજ અભ્યાસ

વધારી ૧૭૯૫ માં પિનઝેન્સમાંના એક સરજનના હાથ તળે શિખાઉ તરીકે રહી કવિતાઓ લખી રસાયન શાસ્ત્રનો અભ્યાસ વધાર્યો હતો. તે પછી એણે કુદરતિ શાસ્ત્રની ફીલસુફીનો અભ્યાસ કરી ૧૯ વર્ષની વયે તો રસાયન શાસ્ત્રનો પુરો અભ્યાસ કર્યો. ૧૭૯૮ માં ડૉ૦ બેડોઇસે કિલફટન ખાતે પેન્યૂમેટિક ઇન્સ્ટીટ્યૂટ સ્થાપન કર્યું. ત્યાં એને મદદનિશ તરીકે રાખ્યો હતો. જ્યાં એણે અર્લ ઑવ ડરહેમ ઑવ કોલરિજ અને સૌથીની મિત્રાચારી મેળવી તહેવાર 'ગ્યાસ' સંબંધી અખતરા કરવા ઉપર ધ્યાન દોડાવ્યું. તે વેળા કરવામાં આવેલા અખતરા દરમ્યાન એણે અનેક વેળા પોતાની જીંદગી અકસમાતથી જોખમમાં મેલી હતી. ૨૧ વર્ષની વયે તો એણે લંડનની રૉયલ ઇન્સ્ટીટ્યૂટમાં ભાષણ આપ્યું હતું, અને તે પછી એની ચંચળાઇ અને વિદ્વત્તા પ્રજાની જાણમાં આવી હતી; તે પછી એણે ખેતીવાડી સંબંધી અખતરા કરી ૧૮૧૩ માં એલીમેન્સ ઑવ ઍગ્રીકલચરલ કેમિસ્ત્રી નામે ગ્રંથ રચી પ્રગટ કર્યો હતો. તે પછી વિજળિક વિશેની શોધ માટે ફ્રેન્ચ ઇન્સ્ટીટ્યૂટ તરફથી ઇનામ મેળવ્યું હતું; તે પછી એણે ધાતુઓ—સેલ્ડિઅમ, બોરિઅમ, સ્ટ્રૉનટિઅમ, કેલશિઅમ અને મેંગેનિજની શોધ કરી હતી. ૧૮૦૮-૯ માં એને ટ્રિનિટી કૉલેજ તરફથી એલ. એલ. ડી. ની ડીગ્રી મળી હતી.

૧૮૧૨ માં ૮મી એપ્રેલે એનાં લગ્ન એક તવંગર ગ્રહસ્થની બેટી સાથે થયાં હતાં. ૧૮૧૩ માં રૉયલ ઇન્સ્ટીટ્યૂટમાં રસાયન શાસ્ત્રી તરીકે નેમાયો હતો. ૧૮૧૫ માં એણે કોલસાની ખાણમાં સળગી ઉઠતી ગ્યાસ સામે રક્ષણ આપી શકે એવાં ફાનસો બનાવી તે શોધ જાહેર કરી હતી. આ એની શોધ માટે એને ૧૮૧૭ માં પ્રજાએ ૧૫૦૦ પૌંડ ઉઘરાણાથી બેટ કર્યા હતા. ૧૮૧૮ માં ૨૦ મી અકટોબરે એને બૅરોનાઇટનો ખેતાબ બક્ષવામાં આવ્યો હતો. ૧૮૨૦-૨૩ માં એણે 'ઇલેક્ટ્રો મેગનિટીઝમ' ઉપર શોધખોળ ચલાવી સોસાયટીમાં તે વિષય જાહેર કર્યો હતો. ૧૮૨૫ માં એની દેહ લથડવાથી એ વેળા કૉન્ટીનન્ટમાં મુસાફરીઓ કરી, પણ ૧૮૨૯ માં ૨૯ મી મેએ જીનોવા ખાતે મરણ નિપજ્યું હતું. આ વેળા જીનોઆની સરકારે એની પાયદસ્ત વેળા જાહેર માન આપ્યું હતું. સર ડેવિડ હંફ્રિ દુનિયા માહેલી દરેક જાણીતી શોધખોળ કરનારી મંડળીનો સભ્યસદ હતો.

ઉવ્હિલ પલાંટ—અમેરિકન મિસિસિપી નદી નજદીકના ભાગમાં આ ઝેરી વનસ્પતિ કવચીત ઉગતી જણાય છે. આ વનસ્પતિ આસપાસની બીજી વનસ્પતિ તથા જીવડાં સદનતર નાશ પામે છે. પણ એ દેખાવામાં ઝેરી નથી. તે દેખાવે નાજુક, લીલુંછમ હોઇ જમીનને છેક વળગેલી રહે છે. એની ઉપર રાતા રંગના ફુલ ઉગેલાં હોય છે. આ ફુલ પ્યાલાનાં આકારનાં હોઈ તેમાંનાં દરેકમાં દવનાં ટીપાં હોય છે. આ પાણી સૂર્યનાં તાપથી કદી સુકાતું નથી, અને તેથી તેમાં ઝેરી શક્તિ હોવી જોઈએ એવું અનુમાન કાઢવામાં આવ્યું છે. આ ફુલમાં પડતી મધમાખો તરતજ મરણ પામે છે. એનાં પાણીનું ટીપું ચાખી જોતાં તે બેહદ મીઠું અને વાસ વગરનું તેમજ પાણીમાં પિગળાવેલા ગુંદરના જેવું ચીકણું જણાય છે, પણ ચાખનારની જીભ ઉપર અગન ઉઠી ફોલ્લો ઉઠે છે. આથી જીભનો રંગ ફેરવાઇ જઇ બેહદ વેદનાં થાય છે. એનો રસ ચાખવાથી તેમજ એની પાસે અમથાં બેહાથી પક્ષીઓની પાંખો ખરી પડી તેઓ ઝુમાઇ મરી જાય છે. ભૂલમાં આ પાસો ઢોરોના ખાવામાં આવતાં તેઓ ભારે વેદના ખમી તરફડીયાં મારી મરણ પામે છે અને તેમની ચામડી તણાઇ આંખો બાહેર નિકળી આવી કદરૂપો દેખાવ દેખાય છે.

'સૂક્ષ્મદર્શક યંત્ર' વડે તેના પાતરાંની તપાસ કરતાં તેની ઉપર નાહનાં નાહનાં સંખ્યાબંધ વિંધણા જોવામાં આવે છે. એનું પાંદડું હાથ ઉપર મેલતાં વિંછીના ડંખથી ઉઠી આવતી નિશાની જેવા ઝીણા રાતા રંગના ડાઘા પડે છે.

મિસિસિપી તરફનાં ઇંડીયનો તેના સંબંધમાં એવી વાત જણાવે છે કે, લઢાઈ થા 'યલો ફિવર' નામનો ભયંકર તાવ ફાટી નિકળવાનો હોય ત્યારે આ રોપો દેખાવ દે છે. એને બાળી નાખવાની કોશીસ કર્યા છતાં તેમાં ઠાર હોવાથી તે બળી શકતું નથી.

આ રોપો અતિ જલ્દી ઉગી નિકળી થોડા વખતમાં ઘણા મોટા વિસ્તારમાં ફેલાઇ જાય છે; અને જે જે વસ્તુ ઉપર તે પથરાય છે તેને ચીવટપણે વળગી મારી યા કરમાવી નાખે છે.

આ રોપો ખાધાથી જે ઢોરો મરણ પામ્યાં છે તેમની લાશ ચીરી જોતાં તેઓના પેટમાંના અનાજ ધરાવનારા ભાગો પોતાના સાધારણ કદ કરતાં ૪ ઘણા ફુલી ગએલા અને જાણે બળી ગયા હોય તેવા દેખાયા હતા. વળી હૃદયમાં લોહી જમી જઇ તે કાળાસદાર ઝાંખા રંગનું બનેલું જણાયું હતું, તેમજ તેનો વાસ લોબાનને મળતો આવે છે.

ઉવ્હિસ સર જોન—આ કવિ તથા રાજદ્વારી નરનો જન્મ વિલ્ટશાયરના ટીસબરીમાં ૧૫૬૯ માં થયો હતો. ૧૬ વર્ષની વયે એ કવિન્સ કૉલેજમાં દાખલ થયો હતો, જ્યાંથી મિડલ ટેમ્પલમાં દાખલ થયો. ૧૫૯૫ માં કોર્ટમાં વકીલાત કરવા લાગ્યો, પણ તે વેળા એને નડેલા અકસમાતથી ઑક્સફર્ડ જઇ ત્યાં પોતાના કાવ્યનો પેહેલો ગ્રંથ રચી પ્રસિદ્ધ કર્યો હતો, અને તે ગ્રંથ ૧૫૯૯ માં ઇલિઝાબેથ રાણીને અર્પણ કર્યો હતો; તે પછી એણે અનેક ગ્રંથો રચી પ્રગટ કરવા માંડી પાછળથી પાર્લામેંટમાં બીરાજવા લાગ્યો. રાણીના મરણ વેળા એ લૉર્ડ હન્સડન સાથે સ્કૉટિશ કોર્ટમાં ગયો હતો અને તેથી ૧ લા જેમ્સની એણે જલ્દીજ મેહેરબાની મેંચી લીધી હતી. તે પછી ૧૬૦૩ માં એને આયરલંડના સોલિસિટર જનરલના ઓધા ઉપર નેમવામાં આવ્યો. ત્યાં ૩ વર્ષ સુધી રહી ઘણી નામના ને ચઢતી પદ્વિ પામી સર નાઇટનો ખેતાબ પામ્યો હતો. તે પછી એણે આયરલંડની પાર્લામેંટમાં સ્પિકર તરીકેનો ઓધ્ધો બજાવી ૧૬૧૪ માં ઇંગલંડ પાછો ફર્યો ને અનેક કામગરીઓ બજાવી ૧૬૨૬ માં ચીફ જસ્ટીસનો ઓધ્ધો પામ્યો હતો. પણ તેજ વર્ષના ડીસેંબરમાં એ એકાએક મરણ પામ્યો હતો. ૧૬૨૨ માં એના કાવ્યોનો એક ચુંટી કાઢેલો ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો હતો.

હૉગ ફીશ—આ માછલી મુખ્યકરી ઇંગલંડના કિનારા ઉપર મળે છે. એ ૧૬ ઇંચથી બે ફીટ લાંબી હોય છે ને તેનો રંગ લાલાસ ઉપર ભૂરો રહે છે, તેમજ ઉપર પિળા છાંટ અને પેટવાળો ભાગ ફિક્કા પિળા રંગનો હોય છે. એ પોતાનાં ઇંડા સરદ અને વર્ષા ઋતુમાં મેલે છે. આ ઇંડા કોથળી રોકાં લંબોચાં હોય છે. યૂરપમાં આ ઇંડા 'સેલર્સ પર્સ' ને નામે ઓળખાય છે. આ માછલીને ખાવાના ઉપયોગમાં પણ લેવામાં આવે છે.

(૨) ઉપલાજ વર્ગની બીજી માછલીઓ ૩ થી ૪ ફીટ લાંબી હોઇ ઉપલીજ માછલીનાં રંગની પણ તેની ઉપર ગોળ લાલ ભૂરા ડબકાં હોય છે.

(૩) કાળા મોહડાની ડૉગ ફીશ બે ફીટ લાંબી આવે છે. આ માછલી ઉપર કાળી છાંટ હોય છે અને તેની ચામડી અત્યંત ખરબચડી હોય છે.

(૪) પિકેડ ડૉગ ફીશ બ્રિટીશ કિનારે ઉપર ત્રણ ફીટ લંબાઇની મળે છે, આ માછલીની ચામડી નરમ હોય છે. એની જૂદી જૂદી અનેક જાતો જણાતી છે.

ડૉટરલ—આ પક્ષિ બ્રિટનમાં ઘણાખરા પહાડી ભાગમાં જણાય છે, તેમજ યૂરપમાં

ઉત્તર તરફ ઉન્હાળામાં અને દક્ષિણ તરફ થંડીની ઋતુમાં નજરે પડે છે. આ પક્ષીની લંબાઈ દા ઇંચ હોય છે. એનો ઉપલો ભાગ ભૂરા રંગનો હોય છે. એની આંખો ચાંચની બાજુમાં સફેદ હોય છે ને પીછાં ઉપર સફેદ છાંટ હોય છે. થંડીની ઋતુમાં એનાં પિછાંનો રંગ સેહેજ ફરે છે. આ પક્ષી લંડન તરફ ખાવા માટે પકડવામાં આવે છે.

ડૉડૉ—આ પક્ષી બતકના વર્ગનું મોરેશિઅસનું વતની છે, પણ ૧૮૬૧ પછી તે ઘણા ભાગમાં ફેલાયું હતું. આ પક્ષી ટર્કી કરતાં સેહેજ મોહોટું હોય છે. એને યૂરપમાં પણ લઈ જવામાં આવ્યું છે. એની ચાંચ એના માથા કરતાં મોહોટી અને સાંબી વલાનદાર હોય છે, અને તેનો અરધો અરધ ભાગ ચામડીથી અછાદિત બનેલો રહે છે. એની ચાંચનો છેડો નિચેથી વળેલો રહે છે. એનાં પીછાં ઘેરા રંગનાં હોઈ પાંખો ઉપરથી પિળી રહે છે. એના પગ ટુંકા, જાડા અને તે ભિંગડાવાળાં હોય છે. આ પક્ષી ઝાડીવાળા ભાગમાં રહી ભાજીપાલા ઉપર નિર્વાહ કરે છે. ડૉડૉ ખાવામાં સેહેજતદાર કહેવાય છે.

ડૉનલ્ડસન જૉન વિલ્યમ ડી૦ ડી૦—આ જાણીતા વાકશાસ્ત્રીનો જન્મ લંડન મધે ૧૮૧૧ માં ૭ મી જુને થયો હતો. એણે પ્રથમ પોતાના કાકાની પેઢી ઉપર 'કલાર્ક' તરીકે કામ બજાવી ૧૮૩૦ માં વધુ અભ્યાસ કરી લંડનની યૂનિવ્હરસિટિ કૉલેજમાં દાખલ થઈ બીજે વર્ષે ટ્રિનિટી અને કેમબ્રિજ કૉલેજમાં દાખલ થયો. ૧૮૩૪ માં એ ગ્રેજ્યૂએટ થયો ને તેજ કૉલેજમાં પ્રૉફેસર તરીકે નેમાયો. ૧૮૪૧ થી ૧૮૫૫ સુધી એ બૂરેની સેંટ એડમ્સની પાહશાળામાં વડા શિક્ષક તરીકે નેમાયો હતો. જ્યાં ૧૮૬૧ માં ૧૦ મી ફેબ્રુઆરીએ એનું મરણ નિપજ્યું ત્યાંસુધી ઓધાપર હતો. એણે ૧૮૩૯-૪૪ માં તથા ૧૮૫૪ અને ૫૭ માં અનેક વિદ્વત્તાભર્યાં પુસ્તકો પ્રગટ કર્યાં હતાં.

ડૉમ્સડે બુક—ઈંગલંડના પેહેલા રાજા વિલ્યમ ધી કૉન્કરરના સમયમાં તમામ દેશની વસ્તી, જમીનની મોજણી અને દેશની હાલત દર્શાવનારો સર્વ સંગ્રહનો ગ્રંથ. આ ગ્રંથ વિલ્યમે ૪૦ સ૦ ૧૦૮૫—૮૬ માં લખાવ્યો હતો. ૧૦૮૫ માં વિલ્યમ જ્યારે ગલૉચેસ્ટર ખાતે થંડીની ઋતુમાં હતો ત્યારે ખાસ પોતાની દરબાર બોલી એવો ઠેરાવ કર્યો કે પોતાના રાજ્યની હદ, તેમાં આવેલા ગામોની મોજણી, તાલુકાઓની હદ, તેમાં કેટલી વસ્તી છે, કેટલાં ઢોરો છે (જેમાં બકરાં, ગાય; ડુકર વગેરે પ્રાણી સમાયા હતાં.) દરેક ધણી હસ્તક કેટલી જમીન છે, દરેક શખસ કેટલી મેહેસુલ ભરે છે, તેમજ દરેક આર્ચ બિશપ, ઍબટસ અને અલૅને તાબે કેટલી જમીન છે, વગેરેની ગણત્રી કરવા ખાસ માનસો ગામે ગામ રવાના કર્યા હતા. આ ગણત્રી ખાસ કમિશનરો યાને ખાસ રાજાનાં નેમેલા ન્યાયાધિશોએ કરી હતી; અને તેમને દરેક ગામના મુખી પટેલે મદદ કરી હતી.

તેમજ (૧૦૪૧—૬૬) રાજા એડવર્ડના સમયમાં કોણ કેટ કેટલી જમીન ધરાવતો હતો, અને હાલ કેટલી ધરાવે છે તથા બીજી સરખામણી કરી ખાસ ગણત્રી લેવાડી આ ગ્રંથ બનાવ્યો હતો, તેમજ ખેડુતો પાસે કેટલી જમીન, હળ, ઢોરો વગેરે સામગ્રી છે તેની પણ જીલ્લાવાર મોજણી કરી ગણત્રી દાખલ કરી હતી. આ ગણત્રીમાં સંખ્યાબંધ શેહેરો, સેંકડો તાલુકા ક્રમવાર ગોઠવેલાં હતા.

ડૉલ—યાને છોકરાંઓને રમવાની પુતળી-પુતળું-રમકડું, ઢીંગલી. આ રમકડાં બચ્ચાંની પ્રતિમારૂપી બનાવવામાં આવે છે અને તે બાળકીઓના રમતનું મુખ્ય સાધન છે. ઇંગ્રેજીમાં ડૉલ શબ્દ "આઇડૉલ" ઉપરથી નિકળેલો છે અને ફ્રેન્ચ ભાષામાં તેને Poupee, જર્મનીમાં Pupp અને લૅટીનમાં Pupa કહે છે, ગુજરાતીમાં એને ઢીંગલી કહે છે, પણ ઢીંગલી અને ડૉલમાં મોટો

ફરક હોવાથી ગુજરાતી ભાષામાં 'ડૉલી' બોલ ચાલુ પ્રચારમાં છે. ડૉલ બનાવવાનો હુન્નર સુધરેલા તેમજ જંગલી દેશમાં જમાના થયાં જાણીતો છે. આ ડૉલ આગળ સુંદર ઘાટની બનાવવામાં આવતી નહોતી, પણ બચ્ચાંની પ્રતિમાંનું રૂપ મળે તેવી લાલાકડું કપડું યા હાડકાંની ગમે તેવા સેહેરાની બનાવવામાં આવતી હતી. આગલી રોમન પ્રજા હાથીદાંતની ડૉલ સાત કટકાની બનાવતા. તેમાં માથાથી પેટ સુધી એક કટકો અને હાથ, પગ તથા જાંગના જૂદા જૂદા બબે કટકા બનાવી તેને બીલાથી સાંધી લેતા હતા. આફ્રીકન તથા એસ્કવિમો પ્રજા હાડકાં અથવા લાકડાંની ડૉલ બનાવી તે બચ્ચાંને રમવા આપે છે. હિંદુસ્તાનમાં કપડાંની ડૉલ બનાવવાનો હુન્નર જમાનાઓ થયાં જાણીતો છે અને ને તરફ નાહનાં બચ્ચાંઓ તે ઢીંગલીઓનાં લગ્ન મોહોટી ધામધુમથી ઘેરમાં કરેછે, અને તે માટે માતપિતા તરફથી તેમને ઉત્તેજન અર્થે ખરચ વટીક આપવામાં આવેછે. આગળ લાકડાં, કપડાં અથવા મટોડીમાંથી બનાવવામાં આવતી ડૉલ બેઢપ બનાવવામાં આવતી હતી.

હાલમાં ગ્રેટબ્રિટનમાં મુખ્યકરી નેધરલેંડથી ડૉલ આયાત કરવામાં આવે છે. આગલી ફ્રેલેમિશ અને ડચ ડૉલ મુખ્યકરી લાકડાંની બનાવી તેને કપડાંથી સણગારવામાં આવતી. મુખ્યકરી હાલમાં ઈંગ્લંડ કરતાં રાહિન, ફ્રાન્સ અને સ્વિતઝરલૅંડમાં ડૉલ બનાવવાનો ઉદ્યોગ મોટા પાયા ઉપર ચાલે છે. તે તરફ સ્ત્રી તથા છોકરાંઓ એજ ઉદ્યોગમાં રાત દિવસ રોકાયલાં રહે છે. આ ડૉલના મોહડાં બનાવી તેપર બાલ ચોંટાડી, કપડાં ટોપીનો સણગાર કરે છે, તેમજ તેમના પગના બુટ વગેરે કાગળનાં રંગબેરંગી બનાવી પેહેરાવે છે, જે સર્વ એકજ માણસ બનાવે છે.

હાલમાં આ ડૉલના માથાં ભૂજેલી મટોડીનાં બનાવી તેમાં કાચની આંખો મેલે છે. કેટલીક ડૉલ મીણની બનાવી તેને વધારે સુંદર બનાવવામાં આવે છે. લંડનમાં ડૉલ બનાવવાનાં ૪૦ કારખાનાં છે અને તેમજ બીજાં ન્યૂ યૉર્ક અને ન્યૂ ઈંગ્લંડમાં પણ છે. આ કારખાનાઓમાં ડૉલના જૂદા જૂદા અવયવ બનાવનારા તથા કપડાં સીવનારાઓનાં જૂદાં જૂદાં ખાસ ખાતાંઓ સ્થાપન કરેલાં છે. આ કારખાનામાં આંખો બનાવવા માટેનાં ખાસ કારીગરો રોકવામાં આવે છે અને ત્યાં ઘણીજ શોભયતી આંખો બનાવવામાં આવે છે. તેમજ આ ડૉલમાં આંખ બંધ ઉઘાડ કરવાની કળા ચાંપથી ગોઠવે છે; તેમજ તેવી ડૉલમાં 'પપા' 'મમા' જેવો અવાજ કાઢવાની કૃત્તિ ગોઠવવામાં આવે છે.

૧૮૫૧ માં મ્હોટા પ્રદક્ષણ વેળા લંડનની એક કારખાનાવાળી 'મૉનટેનેરી' નામે વેપારી બાઇએ મનુષ્યના કદની ડૉલ જાહેરમાં મેલી હતી અને તે દરેક પુતળું ૭૫ થી ૧૦૦ રૂપીયે વેચાયું હતું, તે પછી ૧૯૦૦ માં પેરિસના તથા ૧૯૦૪ ના સેંટલુઇના પ્રદશણુમાં આ હુન્નરની પૂર્ણ કળા દર્શાવનારાં પુતળાં એવાંતો આબેહુબ બનાવી જાહેરમાં મેલ્યાં હતા કે આબેહુબ જીવતા મનુષ્ય જેવાજ તે જણાતા હતાં. તેમજ હાલમાં મુંબઈ, પુના તથા કોલાહપૂર તરફ આબેહૂબ માનવી તથા જાનવરનાં ગંજાવર કદનાં પૂતળાં મટોડીનાં બનાવી તેમને કુદરતી રંગે રંગી કુદરતની આબેહૂબ નક્કલ કરવામાં દક્ષણિઓ ઘણુ કુશળ જણાયાં છે.

ડૉલર—આ ચલણી ચાંદીનો સિક્કો યૂનાઇટેડસ્ટેટ, દક્ષિણ અમેરિકા, પૂર્વ આર્ચીપેલેગો, કેનેડા, મેકસિકો, બિલેરિઆ, ચીન જેપાન અને બીજા કેટલાક યુરોપનાં ભાગોમાં ચાલુ છે. ચાંદીના ચલણી સિક્કામાં તે તરફના દેશોમાં સહૂથી મોટો સિક્કો એજ ગણાય છે. અમેરિકન ડૉલર ૧૦૦ સેન્ટમાં વિભાગેલો છે અને તેની કિંમત ૪ શિલિંગ ૨ પેન્સની થાય છે, તેમજ સિસિલિયન, આસ્ટ્રેલિયન, અને સ્પેનિશ ડૉલરની તેનાં વજન અને હુંડીયામણના ભાવ ઉપર કિંમત અંકાય છે.

આ ડૉલર શબ્દ જર્મન થાલર (Thaler) ઉપરથી અને ડેનિશ 'ડૉલર' ઉપરથી નિકળેલો છે. ઈ૰ સ૰ ૧૬૦૦ માં જર્મની ખાતે 'થાલર' ઓલ્ય જાણીતો હતો, ૧૮૭૩ થી ૧૮૭૮ સુધી યૂનાઇટેડસ્ટેટમાં સુન્નાનાં ડૉલર ચાલુ હતા. આ ડૉલરમાં ૨૫·૮ ગ્રેન સુન્નું રહેતું હતું, આ સુન્નામાં $\frac{૯}{૧૦}$ ભાગ ચોખ્ખું સુન્નું રહેતું અને બ્રિટીશ ડૉલરમાં $\frac{૧૧}{૧૨}$ ચોખ્ખું સુન્નું રહેતું. આ ડૉલર પણ લગભગ ૪ શિલિંગ ૨ પેન્સની કિંમતનાં હતાં; પણ ૧૮૭૮ પછી ચાંદીના ડૉલરનો ફેલાવો કરી સુન્નાના ડાલર બદલે ચાંદીના ડાલરની આપ લે ચાલુ છે. હૉંગકૉંગ તથા જેપાનમાં વેપારની સવળતા માટે ડૉલરનું ચલણ ચાલુ છે.

અમેરિકન આરજેંટાઇન રિપબ્લીકમાં ૧૦૦ સેન્તાવોશનો ૧ ડૉલર થાય છે. જેની કિંમત ૪ શિલિંગ અથવા ૧૨ આને શિલિંગને ભાવે ૩ ૩ થાય છે.

કેનેડાનો ડૉલર ૧૦૦ સેન્ટનો યાને ૪ શિલિંગ ૧ પેન્સ અથવા ૧૨ આને શિલિંગને ભાવે ૩ ૩ ને ૧ આનાનો થવા જાય છે.

ચિલ્લીનો ડૉલર ૧૦૦ સેન્ટાવોસનો થાય છે, યાને ૧ શિલિંગ ને ૫ પેન્સની કિંમતનો હોય છે, જેનો આપણા ચલણી નાણાં રૂહે ૩ ૧ ને ૧ આનાની કિંમત થવા જાય છે.

અમેરિકન મેકસિકોમાં ૧૦૦ સેન્ટાવોસનો ૧ ડૉલર, જેની ઈંગલીશ નાણાંમાં કિંમત ૨ શિલિંગ ૨ પેન્સ ને હિંદી નાણાંમાં ૩ ૧ ને ૬ આના થવા જાય છે.

એશિઆના સ્ટ્રેટસ સેટલમેંટમાં ચાલુ ડૉલર ૧૦૦ સેન્ટનો, જેની ઇંગલીશ નાણાંમાં કિંમત ૨ શિલિંગ ૨ પેન્સ ને હિંદી ચલણમાં ૩ ૧ ને ૬ આના થવા જાય છે.

યૂનાઇટેડ સ્ટેટસનો ડૉલર ૧૦૦ સેન્ટીમનો યાને ૪ શિલિંગ ૧ પેન્સનો, જેની કિંમત હિંદી ચલણમાં ૩ ૩ ને ૧ આનો થવા જાય છે.

ડાલ્હર—કેન્ટનું આ એક બંદર શેહેર લંડનની પૂર્વે દક્ષિણ પૂર્વમાં ૭૭½ મૈલ રેલ માર્ગે છે. આ અતિ સુંદર જગ્યા પર હેાઇ ઇંગલીશ અને ફ્રેન્ચ કિનારા નજદીકમાં છે. અત્રે બચાવનાં બાંધકામ તથા બંદરના સુધારા વધારા પાછળ ૧૮૪૭ માં ૭૫૦૦૦ પૌંડનો ખર્ચ કરી ૧૫૦૦ ફીટ બંદરમાં વધારો કર્યો હતો. સમુદ્ર સપાટીથી ડાલ્હરનો કિલ્લો ૩૭૫ ફીટ ઊંચાઇ ઉપર એક ચુનખડીના ખડક ઉપર છે. બરગોઇનનો કિલ્લો શેહેરની ઉત્તરે, આએ કલિફ કિલ્લો પશ્ચિમે અને પશ્ચિમ ઊંચાણમાં તોપખાનું ગોઠવી ત્રણ બંદર બરાબો છે. ૧૮૮૩ માં ટૌનહૉલ, મ્યૂઝીએમ, હૅસ્પીતાલ વગેરે જાહેર મકાનો બાંધવામાં આવ્યાં છે. અત્રે વહાણો બાંધવાનાં, દોરડાં બનાવવાનાં મોટાં કારખાનાં છે. તે સિવાય અત્રે આટાની તથા કાગળની મીલો છે. ૧૮૮૫ થી અત્રેથી ૧ પ્રતિનિધી પાર્લામેંટમાં બીરાજે છે. ૧૮૪૧ માં લોક વસ્તી ૧૭૭૯૫ ની, ૧૮૯૧ માં ૩૩૩૦૦ ની હતી. અત્રે વિલ્યમ ધી કૉંકરરે કિલ્લેબંદી કરી હતી જે તેનાજ અમલમાં બળી ગઇ હતી. અત્રેજ જૉન રાજા પોપને શરણે ગયો હતો. સિવિલ વૉર દરમ્યાન પાર્લામેંટરીયનોને એ તાબે હતું. તેમજ ૧ લા નેપોલ્યને અત્રે પ્રથમ ધૂબરો આણ્યો હતો.

ડાલ્હર—નયૂ હેમ્પશાયરનું આ પુરાણું શેહેર ૧૬૨૩ માં સ્થાપન કરવામાં આવ્યું હતું. એ બોસ્ટનથી ઉત્તર પૂર્વે ૬૮ મૈલ ઉપર છે. અત્રે રૂની મોટી મીલો, છાપાખાના તથા બુટ, શૂ અને ઉન તથા લોહાના કારખાનાં છે. વસ્તી ૧૨૭૯૦ ની છે.

ડોસાભાઈ ફરામજી કરાકા સી. આઇ. ઈ.—આ જાણીતા વિદ્વાનનો જન્મ ૪૦ સ૰ ૧૮૨૮ માં ૮ મી મે ને દિને સુરતમાં થયો હતો. પ્રથમ ગુજરાતી ટુંક કેળવણી સંપાદન કરી વધુ કેળવણી એલફિન્સટન કૉલેજમાં લઈ ૧૮૫૦ માં 'જમે જમશેદ' નામના મુંબઇના જાણીતા આગેવાન પત્રના અધિપતિ થયા, કે જે વેળા આ પત્ર અઠવાડીયામાં

બે વેળા પ્રગટ થતું હતું, અને તે ડોશાભાઇ નાંજ અધિપતિપણા તળે રોજીંદુ બન્યું હતું. તેજ વેળા જગતપ્રેમિ નામનું એક માસીક ચોપાન્યું માત્ર એક વર્ષ ચલાવી, પછી બોમ્બે ટાઇમ્સ (હાલનું ટાઇમ્સ ઑવ ઇંડીયા) ના મેનેજર થયા હતા તે એજ પત્રના સબએડિટર પણ થયા હતા. આ પોતાની સાહિત્ય તરફની સેવા દરમ્યાન લખેલાં અનેક રેસાલાઓનો ૧૮૫૬ માં એક ગ્રંથ "સંગ્રહ" રૂપે પ્રગટ કર્યો હતો.

૧૮૫૭ નાં બળવા સમયે ગુજરાતી તથા મરાઠીમાં ઇંગ્રેજી રાજ્યનાં અદલ કાયદા વિશેના ચોપાન્યાં છપાવી મુફત વેંહચાવી પ્રજાથી તથા સરકારથી માન મેળવ્યું હતું. ૧૮૫૮માં ઈંગ્લંડ તરફ મુસાફરી કરી ૧૮૬૦ માં ગ્રેટબ્રિટનની મુસાફરી કરી તેનું એક સુંદર પુસ્તક પ્રગટ કર્યું હતું. તે પછી પારસીઓની રાહ રસમ અને તવારીખ' નામના બે ભાગવાળું એક સુંદર પુસ્તક ઇંગ્રેજી ભાષામાં છપારી પ્રગટ કર્યું હતું. જેની બે આવૃતિઓ પ્રગટ થઇ ચુકી છે.

૧૮૫૯ માં 'બોમ્બે ટાઇમ્સ' સાથેનો સંબંધ છોડી મ્યૂનિસિપાલીટીના આસેસર થયા ને પછી ઇન્કમ ટેક્ષના પણ આસેસર થયા હતા. આ વેળા સરકારે એમના પ્રમાણિકપણાની કદર બુજી મુંબઇના ત્રિજા મેજીસ્ત્રેટનો ઓધો અપાવ્યો હતો. ૧૮૬૭ માં 'લાઇસન્સ ટેક્ષ'ના મુંબઇ ખાતેના કલેકટર તરીકે નેમાયા હતા. ૧૮૬૯માં ફરી ઇન્કમ ટેક્ષ ચાલુ થયો ત્યારે તેના કલેકટર તરીકે ૩ ૧૫૦૦ ના દરમાયાએ નેમાયા હતા. ૧૮૭૩ માં મુંબઇના બીજા મેજીસ્ત્રેટના ઓધાપર ચઢયા હતા. અને તે પછી થોડી મુદત માટે વડા મેજીસ્ત્રેટ તરીકે ઓધો ભોગવ્યો હતો. ૧૮૬૦ માં જસ્ટીસ ઑવ ધી પીસ અને ૧૮૭૨ માં મુંબઇના શેરીફ તરીકે નેમવામાં આવ્યા હતા. ૧૮૭૫ માં મ્યૂનિસીપલ કારપોરેશનના પ્રમુખ તરીકે ચુંટી કાઢવામાં આવ્યા હતા. ૧૮૭૭ ની દરબાર પ્રસંગે એમને 'ઑરડર ઑવ ધી કંપેનિયન ઑવ ધી સ્ટાર ઑવ ઇંડીયા'નો માનવંતો ખેતાબ બક્ષવામાં આવ્યો હતો.

૧૮૮૨ માં ડોસાભાઇને મુંબઇના એકટીંગ કલેકટરનો માનવંતો ઓધો મલ્યા પછી ૧૮૮૪ માં ૫૪ વર્ષની વયને લીધે પેનશન ઉપર 'રિટાયર' થવું પડયું હતું. પણ તે પછી ભાવનગરના ન્યાય ખાતાંના વડા કમિશનરનો ઓધો મેળવી, દેડ નાદરસ્ત જણાતાં છેલ્લાં વર્ષો મુંબઇમાં એકાંતવાસમાં ગુજર્યા હતાં. મરણ ૧૯૦૨ નાં માર્ચ માસમાં નિપજ્યું હતું.

ડાસા—જેપૂરના રાજ્યમાંનું એક ગામ. લોક વસ્તી ૭૩૮૪ ની છે, તેમાં ૬૦૫૭ હિંદુ અને ૧૧૩૯ મોહમેદનો છે. ગામ આસપાસ આગલા વખતનો કોટ હાલમાં પડત હાલતમાં છે.

ડાળ—મહુડાનાં ફળ (જુઓ મહુડા.)

ડ્રાયડન જૉન—આ જાણીતા વિદ્વાનનો જન્મ નૉર્થમટનશાયરમાં ૧૬૩૧ માં ૯ મી આગસ્ટે થયો હતો. ૧૨ વર્ષની વયે એ વેસ્ટ મિન્સટર સ્કુલમાં દાખલ થઇ ટ્રિનિટી કૉલેજ, કેમબ્રિજમાં અભ્યાસના વંચારા થકી દાખલ થયો. ૧૯ વર્ષની વયે ડ્રાયડન મેટ્રીક પાસ થઇ ૧૬૫૭ માં બી. એ. ની ડીગ્રી મેળવી હતી, તેટલાં એના માતા પિતા મરણ પૈામતાં કેમબ્રિજ ખાતે ૧૬૫૭ વેર રહ્યો ને પછી ત્યાંથી લંડન ગયો. આ વેળા એના કાકા સર ગીલબર્ટ પિકરીંગ કે જે ક્રૉમવેલનો માનીતો હતો તેનાં આશ્રયથી જાહેરાત પામ્યો. ૧૬૬૩ માં એ લેડી ઇલીઝાબેથ હાવર્ડ નામે બાનુ સાથે પરણ્યો. ૧૬૭૦ માં એને રાજ કવિ તરીકેનો માનવંત ઓહો ૨૦૦ પૌંડના વાર્ષીક લવાજમે મલ્યો. એણે આ વેળા લગભગ ૧૪ નાટકો રચી પ્રસિદ્ધ કર્યા હતા. ૧૬૮૩ માં એને કરટમના કલેકટરનો માનવંતો ઓધો બક્ષવામાં આવ્યો હતો, તે પછીનાં બળવા દરમ્યાન એણે ભાગ નહિ લીધાથી એણે પોતાનો

ઓધો તથા પેનશન ખોઇ હતી; આથી કમાણીનાં સાધન તરીકે નાટકો લખવાનો ધંધો શરૂ કર્યો હતો; પણ એને નાટકો કરતાં તર્જુમો કરવાનો ધંધો વધારે ફાયદાકારક થઇ પડયો હતો, તેમાં વર્જીલનો તર્જુમો વધારે જાણીતો હતો. છેલ્લા દિવસોમાં એને સંધીવાયુ લાગુ પડતાં એ ૧૭૦૦ માં મરણ પામ્યો. એના શબને વેસ્ટમિન્સટર એબીમાં દાટવામાં આવ્યું હતું.

ડ્રાયડન મિચેલ—આ કવિનો જન્મ હાર્ટસ હીલ ખાતે વારવિકશાયરમાં ૧૫૬૩ માં થયો હતો. એના બચપણની હકીકત ઝાઝી જણાઇ નથી. ૧૫૯૩ માં એણે પ્રથમ મરવાની જીંદગીનું કાવ્ય Idea, The shepherd's Garland" નામે રચી પ્રગટ કર્યું હતું. તે પછી ૧૫૯૬ માં Mortimeriados નામે જાણીતું કાવ્ય પ્રસિદ્ધ કર્યું હતું, જે ૧૬૦૩ માં ફરી છપાવવું પડયું હતું. તે પછી The Barons Wars નામે ઇતિહાસિક કાવ્ય પ્રગટ કર્યું હતું. એનાં સર્વે લખાણોમાં સહુથી મોટો કાવ્ય ગ્રંથ ૧૬૧૩ માં Polyolbion નામે પ્રગટ કર્યો હતો. એના કાવ્યમાં ગ્રેટબ્રટનના જૂદા જૂદા ભાગની ખુબરતી મનોહરતાનું અતિસરસ વર્ણન મળે છે. ૧૬૧૯ માં એણે પરચુરણ કાવ્યનો એક ગ્રંથ પ્રગટ કર્યો, ને આંઠ વર્ષ પછી બીજા સંખ્યાબંધ કાવ્યનો ગ્રંથ રચી પ્રગટ કર્યો હતો. એનું મરણ ૧૬૩૧ માં નિપજ્યું હતું.

ડ્રીમીઆ—આ અતિ સુંદર પાંદડાવાળું ઝાડ કુંડામાં ઉગાડવામાં આવે છે, એના ઝાડ એની ગાંઠો જૂદી પાડી રોપી બબે દિવસે પાણી પાઇ ઉગાડવામાં આવે છે. એના પાંદડા ઉપર સફેદ છાંટ હોય છે.

ડ્રુસેસ—આ એક પ્રજા ઉત્તરે સિરિઆ અને 'લેબેનોન' પર્વતની દક્ષિણે, હાલનાં પ્રદેશમાં તથા એન્ટી લેબેનોનનાં પશ્ચિમ ઢોળાવ ઉપર વસે છે. લગભગ આ દેશનો અર્ધોભાગ જબલ ડ્રુસેસ તરીકે ઓળખાય છે, તેમજ દમાસ્કસનો દક્ષિણ પશ્ચિમ પહાડી ભાગ તુર્કસ્તાનની સરકારને તાબે છે. ઉત્તર ગેલીલેમાં આ પ્રજાનાં ૨૬ ગામડાં છે. આ પ્રજા પોતાને અરબના વંશજો તરીકે જણાવે છે, ત્યારે કેટલાકો તેમને ચીનાઓનાં વંશજ તરીકે દર્શાવે છે. આ પ્રજાની વસ્તી ૭૦૦૦૦ ના સુમારની છે. લેબેનોનમાં ૧૩૦૦૦ અને હેરિનમાં ૫૦,૦૦૦ ની વસ્તી છે. આ પ્રજામાં હાલમાં ઇંગલીશ મિશનરીઓએ પોતાનો લાગવગ વધારી તેઓમાં પોતાની ભાષાનો પ્રચાર કરી પોતાનો ધર્મ પણ ફેલાવ્યો છે. આ પ્રજા બહાદુર, મેહેનતુ, દેખાવડી, ભળેલી છે. તેઓ દારૂ, તંબાકુથી ઘણુજ પરહેજ રહે છે તથા તેમનામાં એક સ્ત્રી કરતાં વધારે સ્ત્રી કરવાનો રેવાજ કદી પણ ચાલુ થએલો નહોતો. આ પ્રજાનો મુખ્ય વેપાર ઉઘોગ રેસમનો છે.

ડ્રેકો—(ગ્રીક—ડ્રેકોન) આ જાણીતો અથેન્સનો નિયમન કાયદા શાસ્ત્રી તથા તિરંદાજ ઇ. સ. પૂર્વે ૬૨૧ માં થઈ ગયો હતો. એને રાજ્યનાં નવા કાયદા બાંધવા માટે રોકવામાં આવ્યો. એણે વિદ્વત્તાથી કાયદાઓ બાંધી અથેન્સના રાજદ્વારી ખાતામાં થોડો ફેરફાર કર્યો હતો. એણે બાંધેલા કાયદા એટલા તો સખત હતા કે નાહની ચોરી કરવા માટે દેહાંત દંડની શિક્ષા કરવામાં આવતી હતી. પણ આ કાયદાની બેહદ સખતાઇને લીધે ઇ. સ. પૂર્વે ૫૯૪ માં સોલનને નવા કાયદા બાંધવાનું કામ સોંપવામાં આવ્યું હતું, અને સોલને ખૂનીનેજ માત્ર મોતની સજા ઠેરવી હતી. તે પછી ડ્રેકો એજીના ગયો જ્યાં પોતાના કાયદાનો ફેલાવો કરી પ્રજા તરફથી માન પામી દ્રવ્ય મેળવ્યું. તે તરફ એના કાયદાની બેહદ સખતાઇને લીધે એનાં કાયદાને રાક્ષસી કાયદા (ડ્રેકોન) ની ઉપમા આપવામાં આવી હતી. તવારીખ નવેશો એના સખત કાયદાને લીધે જણાવે છે કે "તે કાયદાઓ શાહીથી નહિ પણ લોહીથીજ લખવામાં આવ્યા હતા.

ડ્રુગુન—યૂરપમાંની કવિતાઓમાં આ સાંપની અનેક કથાઓ પ્રસિદ્ધ છે. ડ્રેગુન નામે એક ભયંકર સાંપ આગળ થઇ ગયો છે, જેને પાંખો હોઇ માથા ઉપર કલગીર રોકો તુરો હતો, એ મનુષ્યોનો શત્રૂ હોવાથી દેવતાઓએ એનો નાશ કર્યો હતો.

ડ્રુગુન ગ્રીન—આ ફુલઝાડ ગ્રીસ અને દક્ષિણ યૂરપ તરફના દેશોમાં લંબોચા પાંદડાવાલું રંગે કાળાસપર હોય છે, આગળ આ ઝાડના પાંદડા હરસ ઉપર અકસીર ગણાતા હતા.

ડ્રેચમાં—ડ્રેચમ—ડ્રામ, પ્રાચીન ગ્રીસમાં આ ચાંદીનો સિક્કો ચલણમાં ચાલુ હતો. આ સિક્કો ગ્રીસના જૂદા જૂદા ભાગમાં થોડા ફેરફાર સાથનો અને, જૂદા જમાનામાં વધતા ઓછા વજનનો હતો. આ સિક્કો ઘણુંકરી ટેલેન્ટનો ૬૦૦૦ માં ભાગ જેટલો રહેતો. અટીકાનો ડ્રેચમાં ૯૬ પેન્સ જેટલો હતો, તેમજ આગલા ગ્રીક જમાનામાં ડ્રેચમાં વજન તરીકે પણ જાણીતો હતો અને તેનું વજન આપણા એક રતલ જેટલું થતું હતું. હાલમાં ગ્રીસમાં વપરાતું ડ્રેચમાં વજન ૯ ઔંસ જેટલા વજનનું ચાલુ છે.

ડ્રેસડન—સેકસનિનું આ પાયતખત શેહેર એલ્બની ખીણ બર્લિનની દક્ષિણ પૂર્વે ૧૧૬ મૈલ ઉપર અને લિપઝિકની પૂર્વે દક્ષિણ પૂર્વમાં ૬૨ મૈલ ઉપર છે. અત્રેનું મ્યુઝીઅમ ૧૮૪૭—૫૪ માં બાંધવામાં આવ્યું હતું, જેમાં દૂનર કામ તથા ચિત્રકળાનો કિમતી સંગ્રહ છે. અત્રેનાં સંગ્રહમાંના જૂના જાણીતા ચિતારાઓનાં હાથનાં ચિત્રો છે, અને ૨૪૦૦ ઇટાલ્યન તથા ફ્લેમિશ ચિત્રકળાના શિક્ષકોનાં હાથનાં ચિતારોનો સંગ્રહ છે. અત્રેની લાયબ્રેરિમાં ૩૫૦૦૦૦ ગ્રંથો, ૨૦,૦૦૦ નકાશા અને ૪૦૦૦ હસ્ત લેખો છે. અત્રેનાં પાદશાહી મેહેલમાં કિમતી હીરામાણેક, તહેંજતી કિમતી પથ્થરો, હાથી દાંતના દૂનર મંદીના નમુના, તેમજ સુના ચાંદીના નક્ષી કામની ચીજોનો મોટો સંગ્રહ છે. ૧૫૩૪ માં બંધાયલો રાજમેહેલ દૂનરમંદીનો નમુનો છે. ૧૭૧૮ માં બંધાયલો પ્રિન્સેસ પેલેસ, ૧૭૪૧-૪૫ માં બંધાયલો ટૌન હૉલ, અને ૧૮૭૧-૭૮ માં બંધાયલું નવું થિએટર જોવાજોગ ઇમારતો છે. તેમજ અત્રે ઉમદા બાંધણીનાં ખ્રિસ્તી દેવળો પણ છે. મુખ્ય દૂનર ઉદ્યોગ સુના ચાંદીના ઘરેણા, બનાવટી ફુલો, યંત્રકામ, રસાયન પદાર્થ, કાગળ, ચૉકલેટ વગેરેના કારખાના છે. ૧૮૭૧ માં લોકવસ્તી ૧૭૭૦૮૭ ની, ને ૧૮૯૦ માં ૨૮૯૮૪૪ ની હતી. ૧ લા હેન્રિએ ૧૨૭૦ માં એને પ્રથમ રાજધાની શેહેર બનાવ્યું; પણ ૧૪૮૫ પછી સેકસન ભૂમિના ભાગ થતાં એ 'આલબર્ટીન' ને તાબેનું ગણાયું. એ ૭ વર્ષની લઢાઇમાં ઘણું જોખમાયું હતું. ૧૮૧૩ માં નેપોલ્યન સાથની લઢાઇ દરમ્યાન પણ આ શેહેર જોખમાયું હતું. ૧૮૪૫ નાં બળવા સમયે શેહેરને ભારે નુકસાની પોંહચી હતી, અને ૧૮૬૬ ની જર્મનોની આસ્ટ્રીયા સાથની લઢાઇ વેળા અત્રે જર્મનોએ મથક કર્યું હતું.

ડ્રેસિના—આ સુંદર પાંદડાવાળું ઝાડ છાંયડા વાળી જગ્યામાં કુંડામાં ઉગાડી શકાય છે. રક્ષક ગૃહમાં ઉગાડયું હોય તો વધારે સારૂં. એ ઉત્તમ જાતિના ખાતરવાળી માટીમાં ઉગી શકે છે. એને બે દિવસ આંતરે પાણી પાવું પડે છે. એની કલમો રોપ્યાથી પણ ઝાડ ઉગે છે. એની સંખ્યાબંધ જાતો છે; અને તે બધાંના નામો ઇંગ્રેજી ભાષામાં આપેલાં છે.

ડ્રોગહેડ—લૂથનું આ બંદર શેહેર ડબ્લિનથી રેલ્વે માર્ગે ઉત્તરે ૩૨ મૈલ ઉપર છે. એ બૉયની નદીકાંઠે હોઇ તેની ઉપર ૯૫ ફીટ ઉંચો પુલ બાંધેલો છે. અત્રે લીનન, ઉન, લોહું, ચામડાંકામ, બીઅર વગેરેનાં કારખાનાં હોઇ લીવરપૂલ સાથે એનો ઓહોળો વેપાર ચાલે છે. અત્રેનાં બંદરમાં ૫૦૦ ટનના વહાણો આવી શકે છે. ૧૮૫૧ માં વસ્તી ૧૬૮૪૫ ની ને ૧૮૯૧ માં ૧૧૮૭૩ ની

હતી, પ્રજાનો મુખ્ય ભાગ કેથોલિક પંથી છે. ૧૪ થી ૧૭ મી સદીવેર ડ્રોગહેડ લિન્સ-ટરનું લશકરી મથક હતું. ૧૬૪૯ માં ક્રોમ-વેલે અત્રેનાં લશકરની કતલ ચલાવી શેહેરનો નાશ કર્યો હતો. ૧૬૯૦ માં વિલ્યમ ૩જા એ જીતી લીધું હતું.

ડ્રોનધિમ—નૉર્વેનું આ ત્રીજું શેહેર ક્રિસ્ચા-નિયાની ઉત્તરે રેલ માર્ગે ૨૫૦ મૈલ ઉપર છે. આ શેહેર ઢોળાવદાર ભાગ ઉપર હોઇ અત્રેનાં મકાનો લાકડાનાં બાંધવામાં આવેલા છે, પણ હાલમાં નવા કાયદાથી લાકડાના ઝાઝાં મકાનો બાંધવા દેવામાં આવતાં નથી. એનું બંદર ઉંડું અને સલામતી ભર્યું છે, ૧૫૩૦ માં અત્રે લાગેલી ભયંકર આગથી શેહેરનો મોટો ભાગ નાશ પામ્યો હતો. ૧૮૧૮ થી આ શેહેર નૉરવેજીયન રાજ્યો રાજ્ય ભિષેકનું મુખ્ય સ્થળ ગણાય છે. અત્રે દરિયા તથા ખુશકી માર્ગે બોહોળો વેપાર ચાલે છે. મુખ્ય વેપાર ત્રાંબુ, કાચું લોહું, માછલી, તેલ, લાકડાં વગેરેનો છે. પ્રાચીન કાળમાં એ નૉર્વેનું પાયતખત હોઇ 'નિદારોસ' ને નામે જાણીતું હતું. એની સ્થાપના ૯૯૬ માં થઇ હતી અને ૧૧૫૨ માં એ આર્ચ બિશપનું મથક ગણાતું હતું. લોક વસ્તી ૨૯૧૬૨ ની છે.

ડ્રોહાબ્બિચ—આ આસ્ટ્રિઅન શેહેર ગેલેશિ-આમાં લીમબર્ગની દક્ષિણ પશ્ચિમે ૫૦ મૈલ ઉપર છે. અત્રેની વસ્તી ૧૫૭૧૪ ની છે.

ઢ.

ઢ—પચ્ચીસમો મૂળાક્ષર. એનો અર્થ અક્ષરહીન પણ થાય છે.

ઢાંક—કાઠીઆવાડનું આ ગામ પોરબંદરથી ૩૦ મૈલ ઉપર છે. આગળ અત્રે ધુમલીઆ જેઠવાઓનો અમલ હતો, પણ તેમને વાળા વનારજીને જાગીરમાં આપ્યું હતું. એનું પેહેલું નામ 'ગ્રેહપાટણ' હતું ! પણ ધર્તિકંપ થયાથી આ જુનું શેહેર જમીનમાં દટાઇ ઢંકાઇ ગયું તેથી નવા શેહેરને ઢાંક એ નામ આપ્યું. વાળાઓએ અઢારમી સદીમાં ગોંડલની સત્તા માન્ય રાખી ત્યારથી એ ગોંડલના તાબામાં રહ્યું છે.

ઢાંઢલપુર—**સુદામડા**—કાઠીઆવાડ પ્રાંતનું આ ગામ પાલીઆડ થાણાને તાબે જૂનૂદી ખંડણી આપતો ખવડ કાઠીઓનો તાલુકો છે. એમાં ૨૮ ગામડાં છે. ઢાંઢલ-પૂરમાં ૧૧૪૯ તથા સુદામડામાં ૨૨૩૧ ની વસ્તી છે. ચૂડાનાં રેલ્વે સ્ટેશનથી ઢાંઢલપુર ૨૩ ને સુદામડાથી ૧૩ મૈલ છેટે છે.

"દંત કથા છે કે" અન્હિલવાડ પાટણના કરણ સોલંકીની રાણી મીનળદેવી ભરવાડ હતી, તે વખતે ઘોળકે જતાં રસ્તામાં અહીંના સિદ્ધના દર્શન કરવા સારૂ રહી હતી; તેવામાં તેને એક પુત્ર પ્રસવ્યો તેનું નામ રાણીએ સિદ્ધનું સ્મરણ રહેવા માટે સિદ્ધરાજ પાડ્યું. સિદ્ધરાજ જ્યારે પાટણની ગાદીએ બેઠો ત્યારે તેણે પોતાની જન્મભૂમિના ગામનો કોટ ને અડાલુ તળાવ એ બંધાવ્યાં. બાબરી-આને કાઠીઓએ થાનમાંથી કાઢ્યા ત્યાર પછી તેઓ ઢાંઢલપુરમાં ઘણા કાળ સુધી વસ્યા હતા, પણ ખવડ કાઠીઓના સુદામડામાં આવી વસ્યા પછી ગોદડ ખાતે પોતાનાં ભાઇ લુણસર ખયડની સાથે લઢી સુદામડેથી નિકળી ઢાંઢલપુર જીતી લઇ બાબરીઆઓને ત્યાંથી કાઢ્યા. સુમારે ઇ. સ. ૧૭૯૦ માં ખવડોની પાસેથી ઢાંઢલપુર જીતી લેવા માટે આસપાસનાં ઘણા કાકોરોએ પ્રયત્ન કર્યા છતાં હાર પામ્યા. ઇ૰ સ૰ ૧૭૯૯ માં

સાયલાના તથા વઢવાણના કાકોરોએ ઢાંઢલ-પુર ઉપર ચઢાઇ કરી પણ તેમને બન્નેને ગોદડ ખવડે શરમીંદા કરી પાછા મોકલ્યા. ઇ૰ સ૰ ૧૭૯૬—૯૭ માં જુનાગઢના નવાબ હમીદખાને પોતાનું સઘળું લશકર લઈ ઢાંઢલપુરને ઘેરો ઘાલ્યો પણ ૩ મહિના સુધી ગોદડે સામો ટેકાવ કરી જીત મેળવી નવાબને હાર ખવાડી પાછો ફેરવ્યો હતો.

ઢોર આંબો—ગોવા પ્રાંતમાં આ સાધારણ કદનાં ઝાડ ઉગે છે, તેની ઉપર માર્ગશિર મહિનાને સુમારે આંબાના જેવાં ગોળ ફળો આવી તેની સેરટે નાની મણી હોય છે. એ ફળો પાકે એટલે ગળચટાં થાય છે. કેટલાક લોક એનાં રાયતાં કરે છે.

ણ.

ણ—૨૬ મો મૂળાક્ષર. (આ મૂળાક્ષર ઉપરના કશા શબ્દો મળતાં નથી.)

ત.

ત—મૂળાક્ષરનો ૨૭ મો અક્ષર.

તઉરૂ અથવા **તઉરવી**—જરથોસ્તી દંતકથા મુજબ ખોરદાદ (હઉર્વતાત) અમેશાસપંદનો હરીફ અને ઝઇરી દેવનો મદદગાર દેવ. યુનદેશમાં એને તારીચ કહેલો છે. ખોર-દાદ અમેશાસપંદ જ્યારે પાણીની વૃદ્ધિ કરે છે. ત્યારે આ દેવતા તેની તંગી પાડે છે. આથી એને ઝાડપાન તથા પશૂઓમાં ઝેર આમેજ કરતો જણાવેલો છે. યાને ઝેરનો દેવ જણાવેલો છે.

તએર—અલબુર્જ પર્વતના એક ભાગનું નામ. યુનદેહેશમાં એને 'તીરકે અલબુર્જ' જણા-વેલો છે. આ પર્વતનાં વર્ણનમાં કહે છે કે, "જે ઉપરથી સેતારા, માહઓખતાર તથા ખોરશેદ પસાર થાય છે અને પાછા આવે છે. અ૰ વિ૰ નામની ફરહંગમાં જ-ણાવ્યા મુજબ "જેમ ઇંગ્રેજો ગ્રીનીચમાંથી અને ફ્રેન્ચો પારિસમાંથી પોતાની પેહેલી મધ્યાન રેષા (First Meridian) પસાર થતી ગણે છે તેમ અસલી ઇરાનીઓ પોતાની તારા અને ગ્રહો સંબંધી ગણત્રીમાં આ પહાડના મધ્ય ભાગમાંથી મધ્યાન રેષાને જતી લેતા હોય. એટલા માટે કેશ્વરના જે ભાગો કર્યા છે તે એ તએર પર્વતનાં સંબંધમાં થયલા છે. ખનીરથ બામીનો કેશ્વર જે વચમાં છે તે એ તએર પહાડની મધ્યાન રેષામાંથી પસાર થતી લીટીનો આ આજુ-બાજુનો ભાગ છે. યુનદેહેશ (બામ ૫-૫) માં કહે છે કે અસલ બુર્જના એ તએર પહાડના ભાગની પૂર્વે '૧૮૦' રોઝીન' યાને બારીઓ અથવા સુરાખો હતાં, જેમાંના એકમાંથી દરરોજ સૂર્ય આવજાવ કરતો. એ રોઝીન કે જેને આપણે હાલમાં ઇંગ્રેજીમાં 'ડીગ્રી' કહીએ છિયે તે દિસે છે. હાલની વિદ્યા પ્રમાણે મધ્યાન રેષાની આસપાસ ૧૮૦ ની રેષાઓ છે, તેનું એ વર્ણન દિસે છે. બંન્ને હાથ પરનાં ૧૮૦ રોઝીન મળી ૩૬૦ ડીગ્રીનું આપણું કુંડાલું (Circle) પુરૂં થયું.

તંકા—અથવા **ટંક, તિલંગ**. એ રાગ મેઘની ભાર્યા રાગણી ગાવાનો વખત મધરાતનો,

જાતિ સંપૂર્ણ છે. એ શ્રી રાગ કાન્હરા અને ભૈરવથી મિશ્ર છે. એમાં પૂર્વિનાં સૂરો છે. આ રાગણીનું અલંકારિક વર્ણન સંગીત શાસ્ત્રમાં આ મુજબ આપેલું છે," નવરંગ અથવા જરીબફ્ત વસ્ત્ર પેહેરીયા છે, કમાલિનિના પુષ્પની સેજ બિછાવી પોતાના મિત્રના વિયોગથી દિલગીરીમાં બેઠી છે, અંગ વ્યાકુળ છે, શોક ભરેલા ઉંડા નિશ્વાસ નાખે છે, બીજી સ્ત્રીઓ સાથે દુઃખથી ભાષણ કરી શકે છે એવી વીરહ પિડિત છે.

મહારાજા સર તખ્ત સિંગજી કે. જી. એસ. આઇ. ઇ.—આ ભાવનગરના મહારાજાનો જન્મ ૧૮૫૮ માં ૬ ઠી જાનેવારીએ થયો હતો. એમના પિતા જસવંતસિંગ રજપૂત રીવાજ મુજબ ૭ રાણીઓ સાથે પરણેલા હતા, જેમાંના રાજપુતાનાવાળા રાણી હરીબાને પેટે એમનો જન્મ થયો હતો. એવણે પોતાનો વિદ્યાઅભ્યાસ ભાવનગરના કેળવણી ખાતાનાં વડા મી૦ પ્રાણજીવણ નારાયણ મયાશંકરના હાથ તળે કરી ૧૮૭૦ માં ૧૧ મી એપ્રેલે એમના પોતાના મરણથી રાજ્યપદ પામ્યા હતા અને તે વખતના પોલીટિકલ એજન્ટ કર્નલ એન્ડરસને રાજ્યભિષેક કર્યો હતો. આ વેળા એમની વય માત્ર ૧૨ વર્ષની હોવાથી રાજ્ય કારોબાર 'જોઈંટ એડમિનિસ્ટરેશનથી' ચલાવવામાં આવ્યો. આ વેળા દીવાન ગવરીશંકર ઉદયશંકર તથા મી૦ એચ. પરસીવલને જોઈંટ એડમિનિસ્ટરેટરો' નેમ્યા હતા, ૧૮૭૧ માં એવણ રાજકુમાર કૉલેજમાં અભ્યાસ કરવા દાખલ થયા અને ત્યાં ઘણો ઉત્તમ અભ્યાસ કરી ૩ વર્ષ પછી કૉલેજ છોડતાં ૩ ૩૦૦૦૦ ની નાદર બક્ષેસ આ કૉલેજને કરી હતી; અને તે પછી બીજેજ વર્ષે આ કૉલેજના નિભાવ ફંડમાં ૩ ૫૦૦૦૦ ભર્યા હતા. ૧૮૭૪ માં ૧૯ મી એપ્રેલે એમના ૪ રાણીઓ સાથે લગ્ન થયાં હતા; છતાં તે પછી પણ વિદ્યાઅભ્યાસ ચાલુ રાખી ૧૮૭૧ માં પોતાના શિક્ષક કેપટન નટ સાથે હિંદની મુસાફરીએ ગયા હતા, તા૦ ૨૫ મી એપ્રેલ ૧૮૭૫ ને દિને એમને ત્યાં પાટવીકુંવર ભાવસિંગજીનો જન્મ થયો હતો, જેઓ હાલમાં એ રાજ્યના મહારાજા છે. એજ સાલમાં પાટવીકુંવરના માતાજી ગોંડળવાળાં રાણી બાઈ આદિતમા સ્વર્ગવાસ પામ્યા હતા. ૧૮૭૭ ની દરબારમાં દીવાન ગવરીશંકર સાથે દિલ્લી ગયા ત્યારે ત્યાં લૉર્ડ લીટને એમને ગુંડો બક્ષેસ કરી એમને મળતી ૧૧ તોપોના માનમાં ૪ તોપોનો વધારો કર્યો હતો, તે પછી ૧૮૭૮ માં એમને સર્વ સત્તા બક્ષવામાં આવી હતી. ૧૮૭૯ માં ૭ મી એપ્રેલે મહારાજા તખત સીંગે પોતાના રાજ્યમાં ગોદી ખુલ્લી મેળી હતી, અને બીજે મહીને રાજ્યના વેપારના વધારા થકી સૂરતથી ભાવનગર વચ્ચે ભાવનગર નામે સ્ટીમર ફરતી કરી હતી. આ સાલમાં કાઠીઆવાડના દુકાળમાં તન મનથી મદદ કરી ૩ ૧૫૦૦૦ ની બક્ષેસ કરી હતી. ૧૮૮૦ માં મહારાજાએ બંધાવેલી ભાવનગર ગોંડલ રેલ્વે સર જેમ્સ ફરગ્યુસને ખુલ્લી મેળી હતી, આ રેલ્વે બાંધવાના ખર્ચનો ૨/૩ ભાગ એટલે ૩ ૮૬૦૦૦૦ એમણે આપ્યા હતા, જ્યારે બાકીનો ખર્ચ ગોંડલની દરબારે ભર્યો હતો. ૧૮૮૨ માં કર્નલ બારટને રાજકોટમાં મોટી દરબારભરી સર તખ્ત સિંગને કે૦ સી૦ એસ. આઇનો ખેતાબ એનાયત કર્યો હતો. ૧૮૮૩ માં મહારાજાએ ઈંગલંડની નૉર્થ બ્રુક કલબને ૩૧૦૦૦૦૦ની બક્ષેસ કરી હતી. ૧૮૮૪ માં એમણે પોતાના નામની બંધાવેલી ધર્મશાળા મુંબઇના ગવરનર લૉર્ડ નૉર્થબ્રૂકને હાથે ખુલ્લી મેલાવી હતી, ૧૮૮૫ માં શામલદાસ કૉલેજ તથા જુવાન સીંગજી ડિસપેનસરી ખુલ્લાં મેલ્યા હતા. એજ વર્ષમાં મહારાજાએ એક સંસ્કૃત શાળા સ્થાપન કરી હતી. ૧૮૮૬ માં મહારાણીજીએ એમને જી. સી. એસ. આઇનો ખેતાબ બક્ષ્યો હતો. ૧૮૮૭ માં મહારાણી વિક્ટોરિયાની જુબીલીની ખુશહાલીમાં ૩ ૩૦૦૦૦ ની રકમ ગરીબ વિધવાઓને પેનશન આપવા

માટે તેમણે કાઢી આપી હતી તેમજ તે ઉપરાંત પ્રજા કલ્યાણનાં કામો કુંક જીંદગીમાં બજાવી ૧૮૯૬ માં ૨૯ મી જાનેવારીએ બે દિવસની કુંક માંદગી ભોગવી સ્વર્ગવાસ પામ્યા હતા.

તખ્તે-તાઉસ—આ જાણીતું કિંમતી તખ્ત દિલ્લીના પાદશાહોના અમલથી જાણીતું છે. આ તખ્ત બે પાંખ ફેલાવેલા કિંમતી મોરની આકૃતિ ઉપર ગોઠવેલું હોઈ તેને કિંમતી હીરા માણેકથી સણગારેલું છે. આ તખ્ત ૬ ફીટ લાંબુ ને ૪ ફીટ પોહોળું હોઈ ૬ ટેકા ઉપર ઉભારેલું છે. આ તખ્તના પગ નક્કર સુનાનાં હોઇ તેની ઉપર કિંમતી માણેક જડેલાં છે. એની આસપાસ ટેકાવ માટે ૧૨ સ્થંભો કિંમતી પથ્થર જડેલા ઉભા કરેલાં છે.

તખ્તે-સુલેમાન—પંજાબ અને અફઘાનિસ્તાનની સરહદ વચ્ચેનાં બે શિખરવાળા પર્વતની હાર. આ પર્વતો ૧૧૩૧૭ અને ૧૧૦૭૬ ફીટ સમુદ્ર સપાટીથી ઉચા છે. આ બે પર્વતો સમાંતર રેખામાં ૮ મૈલ છેટે છતાં જોડાયલા છે. આ જોડાનવાળું ઉચું મેદાન ૧ મૈલ પોહળું હોઇ તે ઉત્તર પર્વતનાં પશ્ચિમ પર્વતથી દક્ષિણ પૂર્વ પર્વતની પૂર્વ હાર સુધી લંબાયલું છે. ઉત્તર પર્વતનો અતિ ઢોલાવદાર ભાગ તખ્તે સુલેમાન કહેવાય છે. આ સાંકડી હાર ૮ મૈલ લાંબી ને બે મૈલ પોહળી છે. ઉપલા 'મયદાન'માં બે મોટા તળાવ છે. વરસાદની મોસમમાં ભરપૂર હોય છે પણ મોસમ બલાસ થતાં સૂકાઇ જાય છે.

કાશમિરના ઇતિહાસ મુજબ જલૌક રાજા, પ્રતાપી અશોકના કુમારે શ્રીનગરની ઉત્તર દિશામાં આ પર્વતના એક ઢોળાવદાર ભાગ ઉપર બુદ્ધ ધર્મનું એક મંદીર બંધાવ્યું હતું. એ પર્વતને મુસલમાનો ઉપલું નામ આપવાનું કારણ એવું દર્શાવે છે કે પ્રસિદ્ધ સુલેમાન જ્યારે કાશમિરમાં આવ્યો ત્યારે તેણે આ પર્વત પોતાના જાદુઈ બળથી ઉભો કર્યો હતો. પણ ઇતિહાસ મુજબ જલૌકના બંધાવેલાં મંદીરને ૧૦૧૫ માં કાશમિર ઉપર મુસલમાનોએ હુમલો કર્યો ત્યારે અત્રે તે મંદીરને મસજીદમાં ફેરવી નાખી, જે હાલમાં કાયમ છે.

તગર—આ અતિ જુની ઔષધી હોવા છતાં હજી યૂરોપીયન તબીબો એનો ઝાઝો ઉપયોગ કરતા નથી. ડૉ૦ ડીમક પોતાના હિંદુસ્તાનના વનસ્પતિ શાસ્ત્ર સંગ્રહમાં લખે છે કે " તેનું વર્ણન પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાંથી મળતું નથી." પણ ડૉ૦ પાંડુરંગ મંત્રિ આ તર્ક ભૂલભર્યો જણાવે છે. કારણકે એનાં વિષે ચરક સંહિતામાં તેના ગુણદોશનો ખાસ વર્ગ જણાવેલો છે. તગર મૂળ હિમાલયના પર્વતો તથા અલમોરાના પર્વત ઉપર પુશકળ ઉગે છે, અને અલમોરાની પ્રજા તેને દેવળમાંની મૂર્ત્તિ સામે સુગંધી તરીકે બાળે છે. ઉત્તર હિંદુસ્તાનમાં 'ગુડાખૂ' બનાવવા માટે એનો ઉપયોગ કરે છે. એનાં રોપા જટામાસી જેવા અથવા અભ્રમાસીને મળતા છે. એને નેપાળમાં ચમ્મા કહે છે. મૂળીયાં બે ઇંચ લાંબા અને ½ ઇંચ વ્યાસના હોય છે. તેનો રંગ ગેરૂ જેવો હોય છે.

તગરનાં ઝાડ ૫ થી ૬ ફીટ ઉંચાં વધે છે. તેનાં પાંદડાં લંબોચાં હોય છે, એની પર ઘણાખરાં સફેદ રંગના પુલો આવે છે. તેની બે મુખ્ય જાતો છે. એક જાત પર 'સિંગલ' પુલો આવે છે ને બીજી ઉપર 'ડબલ' આવે છે. આ પુલો સુગંધિત હોય છે. તગરનાં ઝાડ સાધારણ જમીનમાં ઉગે છે; પાણી ૬ દિવસે સીપવું પડે છે. નવા ઝાડ કલમથી ઉગી શકે છે.

ડબલ પુલવાળા તગરનાં પાંદડા સેહેજ કાળા હોય છે. એકવડા તગરનાં પુલ પારિજાતકનાં પુલો કરતાં સેહેજ મોટાં હોય છે. તેની ઉપર પાંચથી છ પાકળીઓ આવે છે. આ પુલોને લાંબી દાંડી હોય છે, ને તેનો સહવારમાં સેહેજ વાસ આવે છે, પણ પછી આવતો નથી.

तगरनो धूपमां उपयोग करे छे. तगर मूळनो रंग केटलीक रीते तपकीयें होय छे, स्वासिक तपकीर अथवा सुगंधी पदार्थोमां એનો उपयोग करवामां आवे छे.

तगर अथवा जुन्नर—हिंदुस्तानमां परदेशनां केटलाक मुसाफरो प्राचीन काळमां आवी गया हता, तेओओ 'तगर' शेहेरनुं घणे जगे वर्णन कर्युं छे, अने ते उपरथी ते अजाउ वेपारी शेहेर हतुं એम जणाय छे. पण 'तगर' એ नाम प्राचीन काळमां क्या शेहेरनुं हतुं ते विशे आज सुधी कोइने पण पाको शोध लागो नथी. मी० उधलफर्ड अने बीजा पण केटलाक ग्रंथकारोओ तगर એटले 'दौलताबाद' એम जणाव्युं हतुं, पण दौलताबादनां यादव वंशना लेखोमां 'तगर' नामनुं वर्णन केथेपण जडतुं नथी, पण तेमां दौलताबादनुं प्राचीन नाम देवगिरि हतुं એम जणावामां आव्युं छे, आथी तगर એ बीजुं कोइ शेहेर हशे એम घणाओनुं मत हतुं, पण कल्याणुंज शेहेर तगर छे એम कोइ चोकस कही शकयुं नथी.

थोडां वर्षो पर 'शिलाहार' वंशना तगरमांना राज्यकर्ताओना ताम्रपटमांनो એक त्रांबानी पटीपर कोतरेलो लेख* कोल्हापूर पासेनी जमीन खोदतां એक सीपाइने मळी आव्यो हतो. तेमां शिलाहार वंशना राजाओनो शक आपेलो हतो. ते उपरथी पंडीत भगवानलाल इंद्रजीए એक निबंध लखी तैयार करी ते रॉयल એशिआटिक सोसायटी उपर मोकल्यो हतो. ते उपरथी जणाय छे के "त्यांना राजा तगरमां हता, अने 'जीमूतवाहन' वंशमांना 'शिलाहार' नामना हता એम वगर तकरारे कही शकाय छे. तेज ताम्रपटमां जे केटलाक स्थळोनां नामो छे ते सर्व स्थळो उत्तर कोकणमांना होई तेमां मुख्य राज्यधानीनुं शेहेर जुन्नर हतुं. उत्तर कोकणमांथी जुन्नर जतां नाणे घाटमांथी मार्ग छे, आ रस्ता उपरथी जुन्नर तरफ आववा मांडतां मार्गमां प्राचीन धर्मशाळा, जूना तळावो, तथा तहेंवार शिळालेखो मळे छे; ते उपरथी उत्तर कोकणथी जुन्नर सुधी प्राचीन काळमां मोटो वेपार चालतो होवो जोइએ.

मी० उधलफर्डे तगर એटले दौलताबाद એम सिद्ध करवा जे आधार लीधा छे ते उपरथी पण तगर એटले जुन्नर એमज सिद्ध थाय छे. એरीयन जणावे छे के 'पैठण'थी १० दिवसनां मार्ग पर तगर होइ ते 'अरीअक' प्रांतमांना वेपारनुं प्रसिद्ध ठेकाणुं हतुं. तगर पासेनुं बीजुं प्रसिद्ध शेहेर 'कल्याण' होइ ते ठेकाणे ग्रीक लोकोने उतरवा माटे 'अरिअक' लोकोओए बंदी करी हती. कल्याणनी दक्षिणे वेपारनां बंदर होइ ते तगरनां राजाने ताबे हतां.

हवे 'अरिअक' संज्ञाथी ते वेळा कोकण प्रांत जणीतो हतो, એम घणाक ग्रंथकारोनुं मत होवाथी पैठणथी १० दिवसना मार्गपर कहीએ तो कोकणनी बाजुनां घाट उपरनुं जुन्नर शेहेर हशे એम जणाय छे. कारणु पैठणथी जुन्नर એ खरी रीते १० दिवसनां मार्ग उपर होइ कल्याणुथी जुन्नर शेहेर जेटलुं दूर छे, ते करतां दौलताबाद तो वधारे छेटे छे, शिवाय जुन्नर એ वेपार संबंधथी प्रसिद्ध हतुं એ उपर सिद्ध कर्युछे. आ उपरथी कल्याण पासेनां बंदरो 'तगर' ना राजाओनां ताबामां हता એम कहुं छे ते कल्याणु पासेनां जुन्नर शेहेरनां राजानां ताबामां हशे એम अनुमान छे. कल्याणुथी घणे छेटे जे दौलताबाद अथवा देवगिरि, तेनो संबंध એटले छेटे आवेला कल्याणुना

*Vide The copper—plates as given in the jour. Bombay Branch of the Roy. Asiatic society No. 35 Vol 13.

† नगर शिवाय कोल्हापुर, पन्हाळा अने ठाणा आ ठेकाणे शिलाहर वंशनी त्रणु शाखा थइ, એम प्रोफेसर भांडारकर जणावे छे, એज गंडरादित्य हशे.

बंदरथी होय એम मानी शकाय એम नथी. शिवाय जुन्नरना शिलालेखोमां कल्याणनां ग्रीक वेपारीओओ भेटो वगेरे आपवानां अनेक वर्णनो तेमां छे, आ वर्णन दौलताबादनां लेखोमां मळतुं नथी आ सर्व वातो उपरथी प्राचीन काळमां 'तगर' नामे प्रसिद्धता पामेलुं शेहेर એ हालनुं जुन्नर हशे, पण दौलताबाद हशे એम कहेवाइ शकातुं नथी.

ते शिवाय जुन्नर એ नाम पण ते शेहेर प्राचीनत्व बतावनारुं छे. એ ले जुन्नर એ मूळनुं नाम नथी पण ते 'जुतु-नगर' अथवा 'जीर्ण-नगर' એनुंज संकोचित रूप 'जुन्नर' એम थयुं हशे; कारणु 'तगर' એनुं 'नगर' એ पण केटलेक ठेकाणे जणावेलुं छे. आथी जुन्नरनुं प्राचीन नाम नगर એ भूसाइ जइ—ते शेहेरनुं पुरातनपणुं बतावता मात्र 'जुन्नर' એ नाम पड्युं हशे.

विद्वानोने जडेला आधार करतां विशेष विश्वासपूर्वक आधार मळे त्यांसुधी 'तगर' એटले 'जुन्नर' मानवुं योग्य छे. जडेला तामे पट उपर जे शिलाहार वंशनी वंशावळी आपी छे ते नीचे मुजब छे.

तगरना शिलाहार राजा



जुन्नर એ प्रसिद्ध लेखिंअराज कविनी जन्म भूमि छे. अत्रे 'लेण्याद्री' नामनुं એक गणपतिनुं मंदीर छे, अने तेनुं कोतर काम सारी हुन्नरमंदीनो नमुनो पुरो पाडे छे.

तघलक वंश—आ राजधराणाओ ४० स० १३२१ थी १४१२ सुधी हिंदुस्तानमां राज्य अमल भोगव्यो हतो. जुनाखाने महमद तघलखनो खेताब धारणु करी ४० स० १३२५ थी (हि० स० ७२५) २० मी मार्च १३५१ (हि० सन ७५२) सुधी अमल भोगव्यो हतो. 'એनो पिता ग्यासुद्दीन तघलख એणे बंधावेला मंडपना पडी जवाथी तेना काट तळे दबाइ मरणु पाम्यो हतो. महमद तघलख अति धनसारी अने धर्मि होइ लढवामां शूरवीर हतो. એणे धरपीताल, धर्मशाळा वगेरेनी स्थापना करी हती. એणे तेहेमूरसखानतनी सरदारी तळे मोगल लशकर जमाव करी धरान उपर राज्य करवानो विचार कर्यो पण तेमां ते नाणानी तंगीने लीधे फावयो नहि. ते पछी १००००० नुं लशकर जमावी चीन उपर चढाइ करवा हिमालय उतरी आगळ वध्यो. पण त्यां सामुज चीनाइ लशकर मळतां ते तेमां हार पाम्यो. એणे पोताना अमलमां कागळनुं चलणु चालु करवानी कोशेस करी पण तेमां ते निष्फळ थयो हतो. એनो भत्रिजे मोहमद मालवामां राज्य करतो हतो, पण तेणे बळवो उठावतां तेने नहाशी जवुं पड्युं हतुं. એक એना पितानो मित्र मलीक એहेराम पंजाबमां हतो तेणे बळवो उठावतां

તે માર્યો ગયો. એના અમલમાં બંગાલ તથા કારોમાંડલ કિનારા ઉપર બળવો ઉઠ્યો કે જેને એકદમ દાબી શકયો નહિ. એના લશકરને વારંગળ પાસે મરકીથી પીડાવું પડયું હતું. તેલંગન અને કર્નાટકના હિંદુ રાજ્યો ઇ૦ સ૦ ૧૩૪૪ માં ફરી સ્થાપન થયાં હતા, અને સમબાલ બેદર, વગેરેનાં હાકમ તથા સરદારોએ બળવા કર્યા હતા. સેવટે આ પાદશાહ ઇંડસ કાંઠે 'ટાટા' ગામમાં ૧૩૫૧ માં ૨૦ મી માર્ચે મરણ પામ્યો હતો. એણે પોતાના અમલમાં પોતાનું પાયતખત ત્રણ મરતબે બદલ્યું હતું. પ્રથમ દિલ્લીથી દેવગિરિ પાયતખત લઇ જઇ તેને દૌલતાબાદ નામ આપ્યું હતું. ૧૩૪૧ માં ઇબ્ન બટુટા એની દરબારમાં હતો. હાલમાં નવી દિલ્લીને કેટલાકો તઘલકાબાદને નામે પણ ઓળખાવે છે.

તઘલા—ઘોડેસ્વારી દરમ્યાન રમવામાં આવતી એક બિકટ રમત. આ રમતમાં જમીન ઉપર એક નાહની લાકડી નાખી દૂરવેરથી ઘોડો અતિ ઝડપથી દોડાવી લાવતાં ઘોડા ઉપરથીજ વાકું વળી તે ઉઠાવી લેવી પડે છે. આ રમતમાં શિખ ઘોડેસ્વારો અસાધારણ ચંચળાઇ બતલાવે છે. આ રમતમાં જીવનો જોખમ હોવાથી બેહદ સાહુચેતી લેવી પડેછે.

તજ—એની છાલ શિવાય એનાં તેલનો ઉપયોગ ૧૩ મી સદી આગમજ હિંદુસ્તાનમાં જણીતો નહોતો. હાલમાં ચીન દેશમાંથી એની છાલનું તેલ અને છાલ એ બેઉ પદાર્થ વેપાર માટે આવે છે. એનાં સિંહલદ્વિપમાં થતાં ઝાડની છાલમાંથી પુશકળ તેલ નિકળે છે, આથી તેનો ખપ ઇંગલંડમાં પુશકળ થાય છે.

તજનું મૂળ ઉત્પત્તિ સ્થાન સિલોન કહેવાય છે. મદ્રાસમાં એનાં પુશકળ વૃક્ષો દેખાય છે. એનું ઝાડ ૨૦ થી ૩૦ ફીટ ઉંચું વધે છે. આ ઝાડ સિધું હોતું નથી અને તેને ગાંઠ ગાંઠ હોય છે. મોટા ઝાડનાં લાકડાનો વ્યાસ ૧૮ ઇંચ સુધી રહે છે. એની ડાંખળી જાડી હોઇ વિસ્તારમાં ઠીક હોય છે. ડાંખળી થડને ચોંહટેલી અથવા હેઠે લટકતી હોય છે. ઉત્તમ જોરદાર ઝાડનાં પાંદડા ૬ થી ૯ ઇંચ સુધી લાંબા હોય છે, અને ૨ થી ૩ ઇંચ પોહળાં હોય છે. નવાં ફુલેલાં પાંદડાં ચળકતા અને લાલ રંગના હોય છે; પછી તેનો રંગ બદલાઇ ફિક્કો પિળો બને છે. તે જ્યારે પૂર્ણ સ્થિતિમાં આવે છે ત્યારે તેનો રંગ કાળો લીલો બને છે. એના પાંદડાની ઉપલી બાજુ નરમ હોય છે. આ પાંદડા સામસામાં હોય છે. પાંદડાનો દેઠનો તજ જેવો સુગંધ આવે છે.

તજની ડાંખળીની છાલ તે તજ કહેવાય છે. એ રૂચીકારક હોય છે. એનો ઉપયોગ મસાલા તથા ઔષધિમાં કરે છે. એનું લાકડું ગાઢવાળું હોઇ લાકડાનો વાસ આવતો નથી. એના મૂળીયાં છાલવાલાં લાંબા હોય છે, તેનો વાસ તજ જેવોજ હોઈ કપૂર જેવો તિક્ષણ વાસ પણ આવે છે. આ મૂળીઆં ઉપરથી છાલ ઉખેડી કાઢતાં તેમાંથી એક પ્રકારનો કપૂર વટીક બનાવી શકાય છે. તજના ઝાડ ૫ થી ૭ વર્ષનાં થતાં તેની છાલ કાઢી તેને સુકવે છે.

તજનાં ઝાડ ઉપર દરેક જગે જાનેવારી તથા ફેબ્રુવારીમાં સફેદ ફુલો આવે છે, અને તેનો સેહેજ ગોલાબને મળતો વાસ આવે છે. તજનાં ફળો જુન, જુલાઇ, અથવા આગસ્ટ માસમાં પાકે છે. ફળો કરમદાં જેવડાં હોઇ તેમાં કોપરા જેવું મગજ હોય છે. આ ફળોને ઉકાળતાં તેમાંથી મીણ જેવું તેલ નિકળે છે. આ તેલની મીણ બત્તીઓ બનાવવામાં આવે છે. એના ફુલમાંથી ગુલાબનાં પાણી જેવું પાણી તથા અત્તર બનાવવામાં આવે છે.

તજનાં ઝાડ બિયાંથી ઉત્પન્ન થાય છે, જે જમીનમાં વનસ્પતિનો અંશ ઘણો હોઇ જ્યાં સિલીકા ઝાઝી હોય છે, ત્યાં ઉત્તમ ઉગે છે.

હિંદુસ્તાનમાં એનાં ઝાડ માત્ર બગીચામાં શોભા માટે રોપવામાં આવે છે. એ કઠણ જમીનમાં ઉગી શકે છે. સિલોનમાં એના મોટાં મોટાં વનો હોઇ ત્યાંની પ્રજા એના લાકડાંને બળતણ તરીકે ઉપયોગમાં લીએ છે.

હલકી તજનું તેલ કાઢવામાં આવે છે. આ તેલ ઔષધિ તરીકે વપરાય છે. ૮૦ પોંડ તજમાંથી ૬½ આંઉસ ઉત્તમ પ્રકારનું અને ૨½ આંઉસ હલકી જાતનું તેલ નિકળે છે. એનું તેલ પાણી કરતાં ભારી રહે છે.

સીલોનમાં ઉત્તમ તજ અતિ પાતળી, નરમ, ફિક્કિ અને પિળા રંગની હોય છે. તેને દાબતાં તે વળી શકે છે. એનું ઝાડ છાંયડાવાળી જગ્યામાં ઠીક ઉગે છે, એને બે દિવસે પાણી સીપવું પડે છે. ઝાડ મોટું થતાં તેપર પાણી સીપવું પડતું નથી.

તજનો અર્ક કાઢવો હોય તો એક વાટકી ઉપર કપડું બાંધી તે ઉપર તજની ભૂકી મેલી તેપર અભ્રકનાં પાત્રાં મેલી તે ઉપર અગ્નિ મેલવો એટલે વાટકીમાં અર્ક પડશે.

તંજાવર—(જુઓ તાનજોર).

તંતુ—આ એક જાતની ગંજાવર માછલી હિંદી મહાસાગર, ઍટલાંટિક મહાસાગર અને દક્ષિણ સમુદ્રમાં જણાય છે. આ તંતુની ધોળા નામે જાતીથી વહાણવટીઓ ઘણી સંભાળ રાખે છે. આ માછલું ઘણું જોરાવર હોઇ તે કદે ૨૦ થી ૩૦ ફીટ લાંબુ હોય છે. એના કલેજામાંથી લગભગ ૩ મણ તેલ નિકળી શકે છે.

આ માંછલાનાં મોટાં જહોડાની અંદર ત્રિકોણાકાર હાલતા દાંત હોય છે, તેમની સંખ્યા જેમ જેમ તંતુ ઉમરે મોટો થતો જાય છે તેમ તેમ વધે છે. આ દાંત ચપટા અને નસ્તર જેવાં હોય છે, અને કાપનારી ધારને કરવતના જેવા દાંતા હોય છે. નાહના માછલાંને દાંતની એકજ હાર હોય છે, અને મોટાં માછલાંને ૬ હાર હોય છે. તંતુ અતિશય ખાધરો છે. મનુષ્ય તેના સપાટામાં આવતાં તે તેને તરત ખાઇ જાય છે. આ પ્રાણી ખાવા લાયકની યા નાલાયક ચીજો પણ માર્ગમાં મળતાં ગળી જાય છે.

તપકીર—આ સુંઘવાના પદાર્થનો ફેલાવો—તંબાકુનો દુનિયાંમાં પ્રસાર થયા પછીજ થયો હતો. હિંદુસ્તાનમાં જેહાંગીરના રાજ્ય અમલમાં તંબાકુ ભૂંજી તેની તપકીર બનાવવાની કળા જણાયા પછી એનું વ્યસન ફેલાતાં તેપર સરકાર તરફથી ખાસ જાપતો નાખવામાં આવ્યા છતાં તપકીર સુંઘવાની આદત દેશમાં ફેલાવા પામી હતી.

યૂરપમાં પ્રથમ તપકીર સુંઘવાની આદત આયરલંડમાં ફેલાઇ હતી, જ્યાંની પ્રજા તંબાકુને છુંદીને તેનો જાડો ભૂકો તપકીર તરીકે સુંઘતા હતા. ઈ. સ. ૧૭૦૦માં સર જર્યોર્જરકે 'વીગો' શેહેરમાં ચઢાઇ કરી ત્યાં મેળવેલી લુટમાં કેટલીક જથ્થાબંદ તપકીર હાથ કરી હતી અને તે ઈંગલંડ વેચવા મોકલી ત્યારથી તપકીર સુંઘવાની આદત ઇંગલંડમાં ફેલાઇ હતી.

સોળ તથા સત્તરમી સદીનાં યૂરોપીયનો તપકીર હાથે સુંઘવાને બદલે ખાસ નાહની ચમચીઓ બીસામાં રાખીને તે વડે તપકીર સુંઘતા. તેઓ પોતાની તપકીરમાં તહેંવાર સુગંધી પદાર્થો વટીક ભેળતા હતા.

શેહેનશાહ ફ્રેડરિક ધી ગ્રેટ તપકીર સુંઘવાનો ભારે શોખીન હતો. તે એટલી હદ સુધી કે તે ચમટીને બદલે હથેળીમાં જથ્થામાં લઇ સુંઘતો. આથી તેનાં રૂમાલ તથા કપડાં ઉપર એટલી તો તપકીર વેરાતી કે તેના હજુરીઆઓ તે વેરાયલી તપકીર મોંઘે ભાવે વેચી કમાણી કરતા.

ઇંગલંડની રાણી એનના વખતમાં ઇંગ્રેજ ઉમરાવો નવાઇ જેવી રીતે દાબડીની ચાંપ દાબતાંજ દાબડીમાંની તપકીર એક નાહની નળી મારફતે તેઓના હાથનાં પ્હોંચા ઉપર આવી પડતી, જે પ્હોંચો નાક આગળ લઇ જઇને તે ઉપરની તપકીર તેઓ સુંઘતા, પણ અમીર ઉમરાવો શિવાય બીજા ઉતરતી પંક્તીના લોકો તો ચમટી વડેજ સુંઘતા હતા. રાણી ચાર્લોટ તથા ૪ થો જર્યોર્જ તપકીરનો છુટથી ઉપયોગ કરતા હતા.

શેહેનશાહ નેપોલ્યન બોનેપાર્ટ બીડી પિતો નહોતો પણ અથંગ તપકીર સુંઘનાર હતો.

યૂરપમાં આગલી સદીઓમાં તપકીરનું વ્યસન એટલું બધું 'ફેશનેબલ' થઇ પડયું હતું કે, લૉર્ડ પીટરશીન નામના એક ઉમરાવ ને ત્યાં ભરી રાખેલી તપકીરની કિંમત ૩ ૪૫૦૦૦ ની અંકાઈ હતી. આગળ ઈંગલંડને દર વર્ષે તપકીરમાંથી સરકારને ૩ ૩,૦૦,૦૦૦ થી વધારેની ઉપજ થતી હતી. ૧૮૪૦ માં ૧૬,૨૨૪૯૩ પૌંડની તપકીર બીજા દેશો તરફથી ઈંગલંડમાં આવી હતી. તેમાંની ૧,૯૬,૩૦૫ પૌંડ દેશના ખપને માટે નોંધાઇ હતી, અને તે ઉપર ૮૮૨૬૩૦ રૂપીયાની જગાત સરકારને મળી હતી.

આ ફેશનેબલ વ્યસન માટે તપકીરની તહેંવાર દાબડીઓ બનાવવામાં આવતી હતી; અને એક ઈંગ્રેજ ઉમરાવે તો સુન્નારૂપાની દાબડીઓથી ન ધરાતાં પોતાને માટે કેરબાની એક ખાસ દાબડી તપકીર ભરવા માટે મોટે ખર્ચે તૈઆર કરાવી હતી.

તપસ્ય—દ્વાદશ માસાનુક્રમે વર્ષમાંનો બારમો મહિનો. એની પૌર્ણીમાં ફાલ્ગુની નક્ષત્ર યુકત હોય છે. તેથી એને ફાલ્ગુન પણ કહે છે. આ માસમાં સૂર્ય મંડળાધિપતિ પર્જન્ય અથવા સવિતા નામે આદિત્ય હોઇ, તેની સાથે ભરદ્વાજ ઋષિ, સેનજીત અપ્સરા ઐરાવત નાગ, ઋતુયક્ષ, વર્ચા રાક્ષસ અને વિશ્વ નામે ગંધર્વ એટલા હોય છે.

તપા—દ્વાદશ માસાનુક્રમે વર્ષમાંનો ૧૧ મો માસ. એની પૌર્ણીમાં મઘા નક્ષત્ર યુકત હોવાથી એને મઘા માસ કહે છે. એમાં પુષા નામે આદિત્ય સૂર્ય મંડળાધિપતિ હોઇ તેની સાથે ઘૃતની કન્યા, વાત નામે રાક્ષસ, ધનન્જય નાગ, સુરુચિયક્ષ, ગૌત્તમ ઋષિ અને સુષેણ ગંધર્વ એટલા હોય છે.

તંબાકુ—તેનો ઇતિહાસ, ખેતીવાડી, વેપાર ઉદ્યોગ અને બનાવટ—તંબાકુની ઉત્પતિ દુનિયામાં છેક પંદરમી સદીની આખેરીમાં જાહેર થઇ હતી અને તે આગમજ અમેરિકા શિવાય દુનિયાનાં કોઇપણ ભાગમાં તેની હસ્તી જણાઇ નહોતી. યૂરપમાં ૧૫૬૦ માં, હિંદુસ્તાનમાં ૧૬૦૫ માં અને ઇરાનમાં છેક અઢારમી સદીની અધવચમાં એનું વ્યસન ફેલાયું હતું.

ઇ. સ. ૧૪૯૨ માં કોલંબસ વેસ્ટ ઇંડીજનાં ટાપુઓમાં ગયો, ત્યારે તેણે ત્યાંનાં ઇંડીઅનોને તંબાકુ પીતાં અને તેનો ધૂમાડો કાઢતાં દીઠા હતા. તે વિષે કહે છે કે કયુબા ટાપુએ કોલંબસ તથા તેના માણસોએ તંબાકુની બીડી 'પીતા કેટલાકોને દીઠા હતા. બીજાઓનાં જણાવવા મુજબ કોલંબસે જે તહદનીશોને નવી જગ્યા શોધવા મોકલ્યા હતા તેઓએ 'ગવાનાહાનાં' ટાપુમાંના (આ ટાપુને પાછળથી કોલંબસે "સાન સાલવાડોર" નામ આપ્યું હતું.) લોકોને હાથમાં બળતી વનસ્પતિની ડાંખલી લઈ તેમાંથી ધુમાડો કાઢતાં કાઢતાં મળવા આવતા દીઠા હતા. સાનસાલવાડોરનાં લોકો નારીયળીનાં પાંદડાની ભૂકીની ચીરટ બનાવતા. તે લોકો આ વનસ્પતિને "કોહીબા" કહે છે ને તેને સળગાવી તયાર કર્યા પછી તેને 'ટોબ્યાકો' કહે છે. આજ શબ્દ ઉપરથી ઈંગ્રેજીમાં "ટોબેકો" અને આપણી ભાષામાં તંબાકુ નામ પાડેલું ચાલુ પ્રચારમાં છે.

૧૪૯૪—૯૬ ની કોલંબસની સફર દરમ્યાન સાથી તરીકે 'રોમાનોપાનો' નામે એક સાધુ ગયો હતો. તે લખી ગયો છે કે, 'ગવુઇઓજા' અથવા 'કોહીબા' વનસ્પતિનાં પાંદડાની વીટ બનાવી તે સળગાવી ત્યાંના લોકો પીતા હતા, અને તે પીવાની નળીને 'ટોબ્યાકો કહેતા. આ ઇંડીયનોની તંબાકુ પીવાની ચીલમ Y અક્ષર જેવી હતી.

તંબાકુ ખાવાનો ઉપયોગ પ્રથમ ૧૫૦૨ માં સ્પેનિયર્ડોએ દક્ષિણ અમેરિકના કિનારા ઉપર દીઠો હતો.

અમેરિકાની શોધ થઇ તે આગમજ તમામ ખંડમાં તંબાકુ ખાવા પીવાની તથા તપકીર સુંઘવાની ચાલ ચાલુ હતી. માત્ર લાપલાટા, યુરાગવે અને પારાગવે પ્રાંતમાં કોઇપણ તંબાકુનો ઉપયોગ કરતા નહોતા. ઉત્તર અમેરિકા, પનામાંની સામુદ્રધુનિ અને વેસ્ટ

ઇંડીજમાં તંબાકુની ખેતી જમાનાથી થતી આવી છે. મેકસિકો દેશમાં આસ્ટીસિકની કબરમાં અને યૂનાઇટેડસ્ટેટની વેધશાળામાંથી અનેક તહોની ચીલમો મળી હતી. તે તરફ તંબાકુના તહેંવાર નામો ચાલુ પ્રચારમાં છે. મેકસિકોમાં 'પિહમ' અથવા પિત્ઝન્સન, ગટન; પીરૂ દેશમાં 'સેરી' કહે છે.

યૂરપમાં તંબાકુનો પ્રવેશ છેક ઇ૰ સ૰ ૧૫૬૦ માં થયો હતો. તે વરસે સ્પેનના બીજા ફીલિપ રાજાએ મેકસિકોનું અવલોકન કરવા જાણીતા સૃષ્ટિવેત્તા ફ્રાન્સીસ્કો ફર્નાન્ડેને મોકલ્યો હતો, તેણેજ પ્રથમ આ વનસ્પતિ યૂરપમાં આણી હતી. તેમજ પ્રથમ પોર્તુગલ દેશમાંથી આ વનસ્પતિ તમામ યૂરોપમાં ફેલાઇ હતી. પોર્તુગલની દરબારમાં 'જીનનીક્રર' નામે એક ફ્રેન્ચ એલચી હતો તેણે એક ડચમેન પાસેથી તંબાકુના બિયાં મેલવી લિસબનના પોતાના બગીચામાં રોપીયાં હતાં. આ ગ્રહસ્થની યાદગારીમાં તે તરફ તંબાકુને તેનુંજ નામ આપ્યું હતું. તેણે તંબાકુથી કેટલાક રોગ સારા થતા જોઇ તેના બિયાં ઇ. સ. ૧૫૬૬ માં ફ્રાન્સમાં મોકલ્યા; તે પછી ફ્રાન્સમાં તંબાકુનું વ્યસન પવન પેરે ફેલાયું હતું.

ઈંગલંડમાં તંબાકુનો પ્રવેશ ઇ૰ સ૰ ૧૫૮૬ માં થયો. સર ફ્રાન્સીસ ડ્રેક સાથે કેપ્ટન રાફ્લસેન વરજીનિયામાં ગયો હતો, ત્યાંથી પાછું ફરતાં તે પોતા સાથે તંબાકુ લાવ્યો હતો. તે પછી તંબાકુની બીડી પીવાનું પેહેલું વ્યસન સર વૉલટર રાલે અને બીજા જાણીતા ગ્રહસ્થોએ જાહેરમાં ફેલાવ્યું હતું. સર વૉલટર રાલીએ બે વરસ પેહેલાં વરજીનિયામાં લિન' ની તકેદારી તળે એક સંસ્થાન સ્થાપન કર્યું હતું. આ સંસ્થાનમાં તંબાકુની મોટા પાયાપર ખેતી કરવામાં આવતી, તે વખતે વરજીનિયાથી ઇંગલંડમાં આવતી તંબાકુપર દર પાઉંડે બે પેન્સનો કર લાગુ પાડવામાં આવ્યો હતો. તે કર ૧ લા જેમ્સે પાર્લામેંટની મંજુરિયાત વિના ૧૦ શિલિંગ ૨૦ પેન્સનો વધારી ડેરવ્યો હતો.

યૂરપમાં તંબાકુનો પ્રવેશ થયા પછી ઘણાં વર્ષો સુધી એને અંગે દુઃખદર્દો સારાં કરવાનો ગુણ છે એવી સમજ ફેલાઇ હતી. પણ પછી એનો નિત્ય ઉપયોગ કરવા માંડતાં તેનાં અંગના ગુણોનું ખોટાર જણાઇ આવ્યું, આથી સખત શિક્ષા ઠેરવી તેનો ઉપયોગ ઓછો કરવા માટે પાદશાહો, તથા આગેવાનોએ ઘણા પ્રયત્નો કર્યા હતા. તુર્કસ્તાનમાં તંબાકુ પિનારના હોઠ કાપી નાખતા ને તપકીર સુંઘનારનું નાક છટકાવી નાંખતાં હતા, અને વ્યસનીઓનો તો પ્રાણ લેવામાં આવતો હતો.

હિંદુસ્તાનમાં તંબાકુનો પ્રવેશ અકબર પાદશાહની કારકિર્દીની આખેરીમાં ૧૬૦૫ માં પોર્તુગીજ લોકોએ આ પદાર્થ પ્રથમ હિંદમાં દાખલ કરયો હતો. અમેરિકાની શોધ આગમજ હિંદમાં તંબાકુ પીવાની ચાલ ચાલુ હતી, એમ કેટલાકો કહે છે, પણ તે તેમના કહેવાને સંત્તાવાર ટેકો ઇતિહાસમાંથી મળતો નથી. પ્રાચીન ચખતમાં આદેશમાં જે મુસાફરો આવી ગયા તેઓએ તંબાકુનું કેથે પણ વર્ણન કરયું નથી. હાલના સંસ્કૃત ગ્રંથમાં પણ તેનું વર્ણન મળતું નથી, અને આ વનસ્પતિ હિંદુસ્તાનમાં પરદેશી નામેજ જાણીતી છે.

સત્તરમી સદીમાં પોર્તુગીજ રાજ્યની ચઢતી કળા થઇ હતી. તેવાજ ઉદ્યોગથી ઇરાન, અરબસ્તાન, હિંદુસ્તાન અને ચીન દેશમાં તંબાકુએ પ્રવેશ કર્યો. ઇરાનના અખાતમાં હોરમઝ અને બીજા કેટલાક સ્થળોપર પોર્તુગીજ લોકના થાણા હતાં. ત્યાં તંબાકુની ખેતી કરવામાં આવી હતી. ૧૮૦૧ માં આ પદાર્થ જાવામાં દાખલ થયો હતો.

'અહાર—ઇ—અજન' નામે ગ્રંથમાં તંબાકુનું વર્ણન આપેલું છે, તે ઉપરથી હિંદમાં તે કેમ દાખલ થઇ તે જણાય છે. 'ઇંડીઅન એન્ટીકવિરી' માં મી૰ બલાચમને આ મુસલમાની ગ્રંથ ઉપરથી થોડુંક વર્ણન

આપ્યું છે તેમાં લખે છે કે "માસીર—ઇ—રાવિમી" ઉપરથી જણાય છે કે યૂરપમાંથી દક્ષિણમાં તંબાકુ પેહેલાં દાખલ થઇ અને દક્ષિણમાંથી અકબર પાદશાહની કારકીર્દીમાં (૧૫૫૬—૧૬૦૦) મા ઉત્તર હિંદુસ્તાનમાં દાખલ થઇ ત્યારથી આ વ્યસનનો હિંદમાં ફેલાવો થયો હતો.

પાદશાહ અકબરની દરબારમાં પ્રથમ તંબાકુ જ્યારે લાવવામાં આવી તે વેળા પાદશાહે પ્રથમ ચીલમમાં તંબાકુ તમાકુ મેલી તે પીવા માંડી, કે તુરત દરબારના હકીમોએ તેને તેની બુરી અસર કે જે તેઓએ મક્કા મદીનાની હજ દરમ્યાન સાંભળી હતી તે જણાવી પીવાની મનાઇ કરી. પણ બીજા અમીર ઉમરાવોએ તેની લેહેજત ચાખતાં તે પસંદ પડી, અને તેથી વેપારીઓએ પ્રથમ તંબાકુ મંગાવવા અરબસ્તાન તરફ પોતાના આડત્યા મોકલ્યા.

અકબરના રાજ્યમાં બીડી ચીલમ પીવાનો તથા તંબાકુ ખાવાના વ્યસને હકરત નાખ્યા પછી તેનો શોખ હદબહાર વધી ગયો. આથી જહાંગીર પાદશાહે તેની સખત બંધી કરી. તે વિશે તવારીખે જહાંગીરીમાં ખુદ પાદશાહ લખે છે કે "તંબાકુ પીધાથી જુવાનોની શરીર પ્રકૃતિ બિગડે છે અને મન નબળું પડે છે, આથી મેં તેની સખત બંદી કરી. મારો ભાઇ શાહા અબ્બાસને પણ એના બુરા વ્યસનથી બમવું પડ્યું હતું." કહે છે કે જહાંગીરના અમલમાં જે કોઇ ચીલમ યા બીડી પીતો તેના હોઠ કાપી નાખવાનો કાયદો ખુદ 'લાહોર'માં સખત રીતે અમલમાં મેલાયો હતો. તે શિવાય તંબાકુ પીનારને બીજી એ શિક્ષા ફરમાવી હતી કે અપ્રાધીના મોહપર મેસ ચોપડી તેને ગધેડા પર બેસાડી તેનું મોહ પુછડી તરફ રાખી આખા ગામમાં તેની 'ઢેડ ફજેતી' કરાવતા હતા. પણ પાછળથી મોટા અધિકારીઓમાં તંબાકુનું વ્યસન ફેલાતાં સખત બંદીના કાયદા દૂર કરવામાં આવ્યા હતા.

હાલમાં દુનિયામાં તંબાકુનો ખપ એક અથવા બીજા રૂપમાં બેહદ વધેતો જાય છે, અને હવે અમેરિકા ઉપર કોઇપણ દેશને આ પદાર્થ માટે આધાર રાખવો પડતો નથી. ફકત ગ્રેટ બ્રિટનખાતે એક કરોડ દસ લાખ તંબાકુ પીનારાઓ ગણવામાં આવે છે, જેઓએ ૧૯૦૧ માં તંબાકુના સુગંધી પાતરાંનો ૮,૩૫,૧૦૮૮૩ રતલ જેટલો જથ્થો વાપર્યો હતો. ૨૦ વર્ષ ઉપર તંબાકુનો ખપ દર વર્ષે ૫૦,૦૦,૦૦,૦૦૦ રતલથી પણ ઓછો હતો.

દુનિયાના દરેક ભાગમાં તંબાકુનો ખપ એક સરખો થાય છે. આથી દર માણસ દીઠ કેટલો ખપે છે તેનો કોઠો નીચે દર્શાવ્યો છે.

દેશ.	માણસ દીઠ રતલ.
હૉલંડ	૭
બેલજયમ	૪॥
સ્વિતઝર લેંડ	૪।
ગ્રીસ	૩॥।
ડેનમાર્ક	૩॥।
અમેરિકન સંસ્થાનો	૩॥
જર્મની	૩॥
ફ્રાન્સ	૨
ઇંગલંડ	૧।
હિંદુસ્તાન	૧

દુનિયામાં ૨,૦૦,૦૦,૦૦૦ મણ તંબાકુ પાકતો હશે એવું અનુમાન છે. તેમાં મુખ્ય દેશો—હિંદુસ્તાન, અમેરિકા, ઇંગલંડ, એશિઆમાઇનર, ડચ ઇંડિયા, જેપાન, કયૂબા, ફિલીપાઇન, રશિઆ અને આસ્ત્રીયા હંગેરી તથા આફ્રિકા (હાલમાં) તંબાકુના પાક માટે પ્રસિદ્ધ છે.

હિંદુસ્તાનમાં તંબાકુના પાક તરફ ૨૦૦૦૦૦૦ એકર જેટલી જમીન રોકાયલી છે, અને અત્રેની જમીનમાં દર એકરે સરાસરી ૬ મણ પાક ઉતરે છે.

(૧)—મદ્રાસ ઇલાકામાં ૯૦૦૦૦ એકર કરતાં વધારે જમીન તંબાકુની ખેતી ખાતે રોકાયલી છે. એનાં ખેતરો કૃષ્ણા, કોઇમ્બતૂર, ગોદાવરી આ જીલ્લામાં મુખ્ય છે. આ પ્રાંતમાં ત્રિચનાપલ્લી તથા દીંડીગલમાં સિગાર બનાવવાના કારખાનાં છે.

(૨)—બંગાલમાં પણ તંબાકુની બધેબધ ખેતી કરવામાં આવે છે.

(૩)—વાયવ્ય પ્રાંતમાં ૫૦૦૦૦ એકર જમીન તંબાકુની ખેતી માટે રોકાયલી છે. જ્યાં દર એકરે ૧૦ મણ પાક ઉતરે છે.

(૪)—અયોધ્યા પ્રાંતમાં ૧૫૦૦૦ એકર જમીન તંબાકુના પાક માટે રોકાયલી છે. આ પ્રાંતમાં સિતાપૂર અને ખેરી એ મુખ્ય મથકો છે.

(૫)—પંજાબમાં ૯૦૦૦૦ એકર જમીન એની ખેતી માટે રોકેલી છે. ત્યાં જલંદર, સિયાલકોટ અને લાહોર જીલ્લા મુખ્ય મથક છે.

(૬)—મુંબઇમાં ૬૦૦૦૦ એકર જમીન રોકાયલી હોઇ, પાકનાં મુખ્ય મથક ખેડા, ખાનદેશ, બેલગામ અને દક્ષિણ મહારાષ્ટ્ર છે.

(૭)—સિંધમાં ઉંચા પ્રકારની તંબાકુ પાકે છે.

(૮)—મધ્ય હિંદુસ્તાનમાં ઉંચા પ્રકારની તંબાકુ પાકે છે.

(૯)—મધ્ય પ્રાંતમાં ૩૦૦૦૦ એકર જમીન એની ખેતી માટે રોકાયલી છે.

(૧૦)—બર્હાડમાં ૧૫,૦૦૦ એકર જમીન તંબાકુ માટે રોકાયલી છે.

(૧૧)—મૈયસોર તથા કુર્ગ પ્રાંતમાં પણ એની ખેતી કરવામાં આવે છે.

તંબાકુની ખેતી—તંબાકુનાં પાંદડા ઉત્તમ નિપજવા માટે પ્રથમ અનુકૂળ હવા અને જમીન સારી જોઇએ. તે માટે ૧—ઉત્તમ બિયાં, ૨—ઉત્તમ ખાતર, ૩—એકજ પાક નહિ કરતાં અવારનવાર જૂદા જૂદા પાક કરવા, ૪—પાંદડા ઉતારી લેવાનો યોગ્ય હિંગામ અને વ્યવસ્થા, ૫—તે બનાવવાની પધ્ધતિ અને પછી તેને જાતવાર રોપવા એટલી વાતોપર લક્ષ આપવું જોઇએ.

જે ઠેકાણેની હવામાં ભિનાસ તથા ગર્મી હોય છે તે હવા તંબાકુના પાકને યોગ્ય ગણાય છે; પણ તંબાકુનાં ઝાડ ઘણાં જલ્દી વધનારા હોવાથી કયા હિંગામપર તેને રોપવાં એની સારી કાળજી રાખવી પડે છે. હિંદુસ્તાનમાં થંડીમાં યાને રબ્બીનો પાક કરે છે, પણ યૂરપમાં સમશિતોષ્ણ ભાગમાં વસંત ઋતુમાં વાવણી કરે છે.

તંબાકુ માટે ઉત્તમ જમીન એટલે હલકી, રેતાલ, કચરાવાળી સૂકી જમીન જોઇએ, અને તેમાં સેંદ્રિય પદાર્થ ઝાઝાં રહેવા નહિ જોઇએ. રસાયનશાસ્ત્રની નજરે સારી જમીન કઇ એ ઉત્તમ જાતની તંબાકુનાં પાંદડા બાળી તેના રાખનું રસાયનિક પૃથકરણ કરી તેના ઉપરથી નકકી કરવું જોઇએ.

તંબાકુ બરાબર બળશે નહિ, અને બળ્યા પછી કાળી રાખ થશે તો તે જમીનમાં 'કારબોનેટ ઑફ પોટાશ' નથી એમ સમજવું. આ સત્વ તંબાકુ પાકનારી જમીનમાં જરૂર હોવું જોઇએ. એ વનસ્પતિ જન્ય ઍસિડથી સંયોગ પામી તંબાકુને અંગ જ્વલન શકિત ઉત્તમ આણી શકે છે. સારાંશ જે જમીનમાં 'પોટેશિઅમ કાર્બોનેટ' ઓછો હોય ત્યાં ઉત્તમ તંબાકુ પાકશે નહિ. હિંદુસ્તાનમાં આ તત્વને ખેડુતો 'ખાર' કહે છે, અને ખારી જમીન તંબાકુ માટે ઉત્તમ ગણાય છે. આથી જમીનમાં ખાતર નાખી તેને સુધારે છે.

જાવાના ટાપુઓમાં તંબાકુના પાક માટે બીલકુલ ખાતર નાખતાં નથી, તેનું કારણ ત્યાંના જ્વાલામુખી પર્વતના લાવાના પ્રતાપે તેની ગરજ રહેતી નથી.

હિંદુસ્તાનની પ્રજાને જલ્દ તંબાકુ પસંદ હોવાથી તેની ઝાઝી ખેતી કરવામાં આવે છે. આ તંબાકુમાં 'ત્રિકોટીન' તત્વ વધારે હોય છે. હાવ્હાની તંબાકું ભારે વખણાય છે જે તેની સુંગધી તથા સૌમ્યતા માટે જાણીતી છે. ફ્રાન્સમાં તંબાકુના પાક ઉપર ત્યાંની સરકાર ઘણુંજ લક્ષ આપે છે, એટલુંજ નહિ પણ સરકાર પોતે ખેડુતોને ઉત્તમ પ્રકારનાં બિયાં પુરા પાડે છે.

દક્ષિણ આફ્રિકામાં થતી તંબાકુના પાતરાં લેહેજ તદાર, કુમળા, ઠંડા, અને તદન ચોખા હોય છે, અને તેમાં સહુથી એ ઉત્તમ ગુણ છે કે તેથી જીભ બળતી નથી. ત્રાન્સવાલ ખાતેની 'પોએકરત્રમ' અને બલોએનક'ખાતે ઉંચી જાતનો તંબાકુનાં છોડ ઉગાડવામાં આવે છે. તેમજ 'પોનડોલેન્ડ' ખાતે પણ સારી જાતનો તંબાકુ ઉગાડવામાં આવે છે. તેમજ કેપ કાલોનીની નેટલ તરફની બાજુએ મોટે ભાગે ઉગાડવામાં આવે છે તે ઉપર કેપ કાલોની દક્ષિણ—પશ્ચિમ ભાગમાં બાસુટોલેન્ડ, આઉટ શુરન, અને સ્વેલેનડામ જીલ્લાઓ ખાતે પણ ઉગાડવામાં આવે છે. સંડે રિવર નામની નદી ઉપર આવેલા કેપ કાલોનીની સરકારના ખેતરમાંની દર એકર દીઠ ૧૨૦૦ રતલ તંબાકુ ઉતરે છે, અને દર વર્ષે તેના બે પાક ઉતરે છે. ઉપલા જીલ્લાઓ શિવાય રહોડેસીયા, ન્યા સાલેન્ડ, બેચુઆનાલેન્ડ, ઝેમબેસીયા, પુગાન્ડા, લાગોસ, નાઇગરનો મુલક વગેરે ઠેકાણે પણ ઉગાડવામાં આવે છે.

જમીનમાંના પોષણ દ્રવ્ય તંબાકુ જલ્દી ખેંચી લેતી હોવાથી ખાતર નાખી અવારનવાર પાક કરવામાં આવે છે. પોટેશ, લાઇમ, મેંગનિશિઆ આ ખનીજ દ્રવ્યો તંબાકુ માટે અતિ અગત્યનાં છે. તેમજ ફૉસફરિક, સલ્ફયુરિક, સિલિસિક ઍસિડ વગેરે જોઇએ પણ તે ઝાઝાં અગત્યનાં નથી.

અનાજના પાકને આ ઍસિડો ઘણાં અગત્યનાં હોવાથી એક વેળા જે જમીનમાં ધાન્ય વાવ્યું હોય ત્યાં બીજી વેળા તંબાકુનો પાક કરવામાં આવે છે. તંબાકુ વાવ્યા પછી પોટેશ વગેરે ખનિજ દ્રવ્ય શોષિ લઇ ઍસિડને રહેવા દીયે છે, જે ઍસિડ બીજી વેળાનાં ધાન્યના પાક માટે ઉપયોગી ગણાય છે. આથી અવારનવાર પાક કરવા અતિ અગત્યનાં છે. યોગ્ય ખાતર નાખવું એ અતિ અગત્યનું છે. જે જમીનમાં ચુનાનો અંશ ઓછો તે જમીનમાં ચુના તથા જીપસમ (સલ્ફેટ ઑવ લાઇમ) નું ખાતર નાખવું સારૂં. ગાય, બકરાં, મેંઢાની વિષ્ટાનું ખાતર ઘણું કરી હમેશાં નાખવું. તેમજ ગટરનું પાણી પણ ખાતર તરીકે ઉપયોગી ગણાય છે.

—જમીનની પસંદગી પછી વાવણી કરી પાંદડા તોડવાની સંભાળ લેવી અતિ અગત્યની છે. યૂરપ, યુનાઇટેડસ્ટેટસ અને યૂબામાં તંબાકુના એકદમ પાંદડા તોડી એકત્ર કરતા નથી, પણ જેમ જેમ પાંદડા પાકે છે, તેમ તેમ ધીરે ધીરે તોડે છે. એજ મુજબ તુર્કસ્તાનમાં પણ પાકેલાંજ પાંદડા તોડે છે; પણ હિંદુસ્તાનમાં ઊતવળ કરી બધાં પાંદડા તોડતા હોવાથી તેનો પાક સારો ઉતરતો નથી. તુર્કસ્તાનમાં આલબેનિયા અને સાલોનિક પ્રાંતની તંબાકુ વખણાય છે. ત્યાં પાંદડા તોડવાનું કામ ૩ થી ૪ અઠવાડીયાં ચાલુ રહે છે. આટલા વખત માં પાંચ વખત પાંદડા તોડે છે. સર્વ કાપણી સાથેજ કરતાં કાચાં પાકાં પાંદડા એકત્ર થઇ તંબાકુ બિગડે છે, તેને બદલે જો સઘળા પાંદડા પાક પર ચઢે ત્યાં સુધી થોભવું એ પણ નુકસાનકારક છે; કેમકે પ્રથમ પાકેલા પાંદડા વધારે વખત રહેતાં બિગડે છે; આથી જેમ જેમ પાંદડા પાકે તેમ તેમ કાઢવા પડે છે.

આ પાંદડા તોડી કાઢયા પછી તેને તૈયાર કરવા માટે ઘણી સંભાળ લેવી પડે છે. ઉપર જણાવ્યા મુજબ સંભાળથી કાપણી કર્યા પછી તેને કેળવતી વેળા જો સંભાળ નહિ લીધી હોય તો તંબાકુ બિગડે છે. કેળવવા માટે પ્રથમ પાકેલા પાંદડાને સુકવવા નાખવાં પડે છે, પછી તેને રંગ ચઢે છે. પછી તે ઠીક સુકાતાં તે મુઠીમાં રહે તેટલાં લઇ તેની જુડીઓ બાંધે છે; અને પછી તેને ખાડામાં નાખે છે. પાંદડા કેળવતાં તેની વધારે સંભાળ લેવી પડે છે, પાંદડાને જલ્દી સુકાવા દેતાં તેમાં મુખ્યકરી તેને તડકામાં સુકાવા દેતાં તેમાંના કેટલાક તત્વો નિકળી જવાં

જોઇએ તે નિકળી જતાં નથી, અને તેથી તેની ક્રિયા તથા ચિકણા પદાર્થનું પૃથ્થકરણ પૂર્ણપણે થતું નથી. પાંદડાંનાં જે ભાગ ઉપર તડકું પડતું નથી તે ભાગ લીલાસ ઉપર હોય છે, અને તડકું લાગેલો ભાગ પિળો બને છે, તે પાંદડા માહેલાં તેવોનું પૃથ્થકરણ થયા વિના બનતો નથી.

પ્રથમ તંબાકુનાં પાંદડાનાં અરધા કટકા કરી તેના છેડા તદન કાઢી નાખે છે. આ વિભાગેલા પાંદડામાંનો અર્ધો ભાગ જુદો ખોખરો કરે છે, અને બાકીનાં અરધા પાંદડાને મીઠાના પાણી માં બે વેળા પકાવે છે. આ રીતે પાંદડા પકાવી તંબાકુનો રસ બનાવે છે, તેમાં ફરી બીજાં પાંદડા પકાવે છે. આ રસ જાડો અને ચીકણો થતાં તેને એક મોટાં ટબમાં રેડે છે. પછી ખુમચારોકા મટોડીનાં વાસણમાં તંબાકુની ભૂકી નાખી તેની ઉપર આ રસ થોડી ઘાંડી મેળવી રેડે છે. પછી તે મિશ્રણ તેમજ ૮ દિવસ વેર રાખી ઠરવા દીયે છે એટલે તપકીર બને છે. આ તપકીરને દારૂની બાટલીઓ-માં ભરે છે.

કાલોનિજમાં **સિગાર** ઘણીખરી હાથ વડેજ બનાવે છે. ઇંગલંડમાં પણ ઉત્તમ પ્રકારની સિગાર હાથવડેજ બને છે, અને સાધારણ પ્રતિની સિગાર સાંચા વડે બને છે. ઇંગલીશ સિગારમાં 'જરમન' તંબાકુ ને ઉપર જેપાનીજ અથવા જાવાનું પાંદડું વિંટાળે છે. કાપેલી તંબાકુમાં પાણી અને બોરેટિક ઍસિડ શિવાય કોઇપણ પદાર્થ મિશ્ર કરતા નથી, અને તે માટે અમેરિકન કામદારો ઘણાં ચોકસ રહે છે. તેમજ ત્યાં 'રોલ' અથવા 'કયાવ્હેંડિશ' માં રૂચી લાવવા માટે પાણી, એસેટિક ઍસિડ, ઓલીવ્હ ઓઇલ અને 'ઇસનશિયન ઓઇલ' એ શિવાય કાંઇપણ મિશ્રણ કરવું નહિ એવો સખત કાયદો છે.

ગયા ૩૦ વર્ષમાં 'રોલ' અને 'કયાવ્હેંડીશ' તંબાકુમાં ઘણો ફેરફાર થયો છે. સાધારણ ગર્મી આપી ખુલ્લા દમણમ મહિના બે મહિના તંબાકુ દાબી કાઢવી એ આગલી 'રોલ' કરવાની રીત હતી. આકૃતીથી તંબાકુને કાળો રંગ આવે છે. પણ હાલમાં પ્રેસમાંજ કૃત્રિમ તર્હાથી તંબાકુને ગર્મી આપે છે, આથી હવે તે ચાર પાંચ દિવસમાં તૈયાર થાય છે. યૂરપમાં ચિરૂટમાં જે તંબાકુ નાખી પીયે છે, તે અમેરિકન હોય છે. એને સખત હવામાં બનાવતાં નથી. આગળ તુર્કી અને વરજીનિયાની તંબાકુની સિગારેટ બનાવવામાં આવતી હતી. પણ હવે તો કોઇ પણ જાતની તંબાકુની સીગારેટ બનાવે છે. હાલમાં જે સિગારેટ બનાવવાનાં પાતરાં નિકળ્યાં છે તે વડે દર મિનિટે ૨૫૦ સિગારેટ તયાર કરી શકાય છે.

તંબાકુનું તેલ. સાધારણ પાણી કરતાં સહેજ વધારે ગરમી આપી (૨૧૦° ફેરન) તંબાકુનું તેલ કાઢી શકાય છે. આ તેલ મેલા તપકીરીયા રંગનું, રૂચીમાં કડવું, અને વાસમાં ગંદીલું હોય છે. એ એક અતિ કાતિલ ઝેર ગણાય છે. આ તેલમાં 'નિકોટીન' નામે તત્વ હોય છે. તંબાકુના બિયાં દાબીને પણ તેલ કાઢી શકાય છે. આ તેલ લીલા પિળા રંગનું હોઇ તેમાં બરાબ ગંધ યા કાંઇ વાસ હોતી નથી. બિયામાંથી સેંકડે ૩૬ ભાગ તેલ નિકળે છે. ૧૫° અંશ ઉપર તેનું વિશિષ્ટ ગુરૂત્વ ૦–૯૨૩ છે. એ ૨૫° ઉપર ઠરવા માંડેછે અને હવા લાગતાંજ પિગળવા માંડે છે.

તંબાકુ ઔષધિ ઉપયોગમાં ઘણું આવે છે. એનાં સુકાં પાંદડામાં ઔષધિ ગુણ છે. કેટલાકો હાંફણ, ખાંસી, ઉંઘ નહિ આવતી હોય તો તંબાકુ પિવા ફરમાવે છે. તંબાકુ તેના ધુમાડા વડે સ્પર્શ જન્ય રોગ બીજ નિર્મુળ થાય છે. એમ દેશી વૈદોની સમજ હોવાથી કૉલેરાની મર્કી ફેલાતાં એનો ધૂમાડો કરવાનું ફરમાવે છે. ગુડ ગુડીના તુમડા માંહેલું પાણી 'મૂત્રવર્ધક' ગુણ ધરાવે છે

અને તેની નળીના થડમાં એક પ્રકારનું કાળું તેલ એકઠું થાય છે. તેને રતાંધળાપણું તોડવા યા આંખમાંથી પરૂ વહેતું હોય તો તે આંખમાં આંજવામાં આવે છે.

'બાથ' ખાતેની બ્રિટીશ અસોસિએશન મંડળ સનમુખ ડૉ૦ રિચર્ડસને "તંબાકુનો બેહદ ઉપયોગ" એ વિષય ઉપર એક નિબંધ વાંચ્યો તેમાં તેણે 'તપકીર' વિશે જણાવ્યું હતું કે "વધારે તપકીર સુંઘવાથી અસહ્ય અજીરણ વિકાર થાય છે, તેમજ વધારે તંબાકુ ખાવાથી તથા પિવાથી (બિડી પીવાથી) માનસિક શક્તિ ક્ષિણ થાય છે. આજ વિકાર વધતાં સેવટે અર્ધાંગને ઘૂજરી થવાનો રોગ લાગુ પડે છે. પણ સાધારણ રીતે તેનો ઉપયોગ કરવાથી તબીયતમાં બગાડો થતો હોય તેમ જણાયું નથી."

તંબાકુ દમ, શ્વાસ ઉપર પિવા આપે છે. છિંક લાવવા સુંઘવામાં આવે છે અને તેના પાંદડાં વ્રણ વૃધ્ધિ ઉપર બંધાય છે. દાંત દુખતા હોય અથવા કળતા હોય તો તંબાકુ ઘસવાથી આરામ થાય છે પણ જો તેની ચાલુ ટેવ પડે છે તો તે ઘણીજ નુકસાનકારક અને ગલીચ આદત પાડે છે. ઝેરી પદાર્થ ખાધામાં આવ્યો હોય તો તે ઉપર જલ્દી ઉલટી કરાવવા માટે તંબાકુને પાણીમાં ભેળી થાય છે. પણ તેમ પાતાં બહુ સાહુચેતી રાખવી પડે છે, કેમકે તંબાકુ પણ જાતે ઝેરી છે. તંબાકુ ચાલુ ખાધાથી મોંમાંથી દુર્ગંધી નિકળે છે, દાંતને નુકસાન પહોંચી કીટાયલા જેવા દેખાય છે, કફ થાય છે, આંખોને નુકસાન પોંહચી પિત્તવિકાર વધે છે. તેમજ તેને પિધાથી (બિડી પિધાથી) છાતીમાં કફ થઇ કાળજું કાળું પડે છે (બળે છે).

તંબાકુનાં રસાયનિક ધર્મ ગુણ—પાસેલ્ટ અને રિમને ૧૮૨૮ માં તંબાકુનું પ્રથમ પૃથઃકરણ કરી જોતાં ૧૦૦૦ ભાગમાં દ્રવ્યો સમાયલાં છે એમ શોધી કાઢયું હતું.

નિકોટાઇન	...૦·૬
નિકોટિઆનિન (એ ઉડી જનાર તેલ	
છે. એને તંબાકુનો કપૂર કહે છે)—	...૦·૧
કડવાં તત્વો	૨૮·૭
રાળ	૨·૭
આલ્બ્યૂમિન અને ગ્લુટિન... ...	૧૩·૬
... ...	૧૭·૪
મેલિક ઍસિડ, મૅલેટસ અને નાઇટ્રેટસ	૯·૭
ચૂનાક્ષાર—(પોટેશિઅમ) ...	૧·૨
સિલિકેટ ઓવ કયાલશિઅમ... ...	૧·૭
કાષ્ટ તંતુ, પાણી વગેરે	૫૨૪·૮
જુમલે.	૧૦૦૦

હાલની શોધ ઉપરથી એમ સિધ્ધ થયું છે કે જૂદા જૂદા ઠેકાણેની તંબાકુમાં સેંદ્રિય દ્રવ્યમાં અંતર હોય છે. અને ઉપર જે નિકોટિનીનું પ્રમાણ બતાવ્યું તે કરતાં આ તત્વ ઘણું ઓછું રહે છે એમ સિધ્ધ થયું છે.

પારિસમાં તંબાકુનું પૃથઃકરણ કરી જોતાં તેમાં સેંદ્રિય પદાર્થ મળ્યા તેનું પ્રમાણ દર-સેંકડે નીચે દર્શાવ્યા મુજબ હતું.

નિકોટિન—(ફા૦ ૧૦ હૈ. ૧૪–નૈ.–૨૦) ૧૦૫—૯ (સેંકડે)

ગર્મી આપી કાઢેલું તેલ .....ઘણું થોડું.

નિકોટેનિન..... ..... સેહેજ.

મૅલિક અને સાઇટ્રિક ઍસિડ ૧૦–૧૪(સેંકડે.)

એસેટિક ઍસિડ { તાજા લીલા પાંદડામાં ઘણું થોડું. પાંદડા જેમ જેમ પાકતા જાય તેમ તે વધેછે. તપકીરમાં સેંકડે ૩ ટકા હોયછે.

ઑકસેલિક ઍસિડ.....સુમારે પાંચ ટકા (સેંકડે). રાળ, ચર્બી અને પ્રથરની મદદથી કાઢી શકાય તેવા પદાર્થો...૪૦૫ (સેંકડે)

સાકર...પાંદડામાં થોડી, નેસોમાં વધારે, પાકપર ચઢતાં નિર્મુળ બને છે.

સેલ્યૂલોજ..... ૭–૮ (સેંકડે.)

નાઇટ્રેટ અને ઍમોનિયા...૨૫ (")

નિકોટાઇન દ્રવ્ય તેલ જેવું પાતળું હોય છે, તેને કોઇપણ પ્રકારનો રંગ હોતો નથી, ૧૫૦ સેં. ઉપર એનું વિશિષ્ટગુરૂત્વ ૧૦૦૨૭ હોય છે. ૨૪૭૦ સેં૦ ઉપર એ ઉકળે છે. ૧૦° સેં. ઉપર એ જામી જાય છે. હવા અને પ્રકાશ યોગે એ તરતજ રંગ પકડે છે. જૂદી જૂદી જાતની તંબાકુમાં આ નિકોટિન તત્વ જૂદા જૂદા પ્રમાણમાં મળે છે, હવા, ખેતી કરવાની રીત અને તૈયાર કરવાની રીત ઉપર એનાં તત્વના પ્રમાણ રહે છે. આ તત્વથી તંબાકુને જલ્લદપણું આવે છે, પણ તે સુગંધી બની શકતો નથી.

રાખનું દર સેંકડે.	પોટૅશ.	સોડા.	મૅગેનિસ્યા.
૨૪·૦૮	૨૭·૪	૩·૭	૧૦·૫
ચુનો.	ફૉસ્ફોરિક ઍસિડ.	સલ્ફ્યુરિક ઍસિડ.	સિલિકા.	ક્લોરિન.
૩૭·૦	૩·૬	૩·૯	૯·૬	૪·૫

હિંદુસ્તાનની તંબાકુમાંથી ૧૬ અને ૨૮ દર સેંકડે રાખ નિકળે છે. રાખ ઓછી વધારે પડવી એ જમીનના ગુણ ઉપર આધાર રાખે છે, પણ સિલિકા તત્વ માત્ર પાંદડાની ઉમર અને તે વધવાનું પ્રમાણ ઉપર આધાર રાખે છે, એમ પ્રો૦ જોન્સટન જણાવે છે. ખુદ તંબાકુનાં ગુણ અને જુમલે રાખનું પ્રમાણ આ બે વચ્ચે સંબંધ જણાતો નથી. ખનિજ દ્રવ્ય શિવાય તંબાકુમાં ઍમોનિયાનો ક્ષાર અને નાઇટ્રેટ પદાર્થ હોય છે. પાંદડા કરતાં પાંદડાની નેસોમાં નાઇટ્રેટ અંશ વધારે હોય છે.

જૂદા જૂદા પ્રકારનાં ખાતરોથી તંબાકુની જવલન શક્તિમાં અંતર પડે છે કે કેમ એનો અનુભવ મી૦ નેસલરે સારૂ જણાવ્યું છે કે, "જે જમીનમાં પોટેશ ક્ષાર વિશેષ હોય છે ત્યાંની તંબાકુ સારી ઉપજે છે; અને તેની રાખમાં પોટેશિઅમ કારબોનેટ નિકળે છે. સિગારની રાખ શુદ્ધ સફેદ થવી અને તે સારી રીતે બળી શકે તેમાંથી એક પ્રકારનો સુગંધ નિકળી શકે એનો બધો આધાર પોટેશિઅમ કાર્બોનેટ ઉપર રહે છે;

તંબાકુની રાખ માલેલાં દ્રવ્યો—તંબાકુનાં ઝાડ જમીનમાંથી ખનિજ દ્રવ્ય ઘણાં શોષી લીયે છે. ચાર રતલ તંબાકુ બાળતાં (સુકા પાંદડાં) તેમાંથી ૧ રતલ રાખ નિકળે છે. આ રાખમાં વધારે ભાગ અવિદ્રાવ્યા ખારનો હોય છે. મુખ્ય તત્વો કાર્બોનેટ ઑવ લાઇમ વધારે હોય છે. વિદ્રાવ્ય દ્રવ્યમાં પોટેશ ક્ષારનો અંશ વધારે હોય છે. જોન્સટનનાં રચેલા 'હાઇકાયગ્રેડ' નામે ગ્રંથમાં નીચે પ્રમાણે કોષ્ટક આપેલું છે.

એમ મી૦ બ્રૉટન કહે છે. ૪૦ આર૦ હુરેલનાં જણાવવા મુજબ ઉત્તમ તંબાકુની રાખમાં સફેદપણું, સોડીઅમ, અને પોટેશિઅમ ક્ષાર ઉપર આધાર રાખે છે. પાંદડું બળતાં પોટેશિઅમ ક્ષાર ખુલે છે; તંતુ છુટે છે; અને તેથી તંબાકુ બરાબર બળે છે.

તંબાકુના ધૂમાડા માલેલાં તત્વો—ડૉ૦ રિચર્ડસને બ્રિટીશ ઍસોસિએશન સામે વાંચેલા તંબાકુ વિષેના નિબંધમાં જણાવ્યું હતું કે, તંબાકુ પીતાં તેના ધૂમાડામાં નીચલાં દ્રવ્યો છેઃ—પાણી, સ્વચ્છ કારબન, ઍમોનિઆ, કારબોનિક ઍસિડ, નિકોટીન, ગર્મી લાગી નિકળનારૂં તેલ અને રાળ જેવાં કડવા પદાર્થો હોય છે. તેમજ વરાળ રૂપે પાણી, કાર્બનની સુક્ષ્મ રજકણો અને કારબનયોગે ધૂમાડો બલૂ રંગ પકડે છે. ઍમોનિઆ કારબોનિક ઍસિડનાં સંયોગથી વાયૂ રૂપે હોય છે, અને કારબોનિક ઍસિડ પુશકળ હોય છે. નિકોટાઇન દ્રવ્ય ઉડી નહિ જઇ શકે તેવું હોવાથી તે નળીમાંજ રહે છે. ગર્મીની મદદથી નિકળતું તેલ ઉડી જાય છે, અને આજ તેલને પ્રતાપે તંબાકુના ધૂમાડાનો વાસ આવે

છે. રાળ જેવો પદાર્થ કાળા રંગનો હોય છે અને તેની ઇચી બેહદ કડવી હોય છે.

તંબાકુનો વેપાર દુનિયાંમાં કેટલો ચાલે છે તેનો ચોકસ આંકડો મળવો મુશકેલ છે, પણ અજમાસે ૪,૪૮,૦૦,૦૦,૦૦૦ પાઉંડ (અત્રે ૧૦ રૂપીયાનો પાઉંડ ગણેલો છે.) ની તંબાકુ ખપતી હશે, અને ૮૦૦૦૦૦૦ એકર જમીન કરતાં વધારે એના પાક માટે રોકાયલી હશે એમ ફ્રેન્ચ સ્ટયાટિસ્ટિકલ સોસાયટી જણાવે છે. નીચે દર્શાવેલા કોઠામાં ૧૦૦ વર્ષમાં એનો વેપાર વેહવાર કેટલો વધતો ગયો તે જણાશે. શરૂઆત ૧૭૯૦થી છે.

ઈ. સ.	માલનો ખપ-મણ પાકો.	ઉતપન્ન રૂપીયા (અત્રે રૂ ૧૦ નો ચૌંડ પકડી કિંમત દર્શાવી છે.)
૧૭૯૦	૧૩૩૭૫૩	૬૬૬૮૦૪૦
૧૮૦૦	૨૪૩૬૨૭	૧૩૮૮૧૬૩૦
૧૮૧૦	૨૬૪૧૬૩	૨૦૬૩૪૬૫૦
૧૮૨૦	૨૦૬૪૬૪	૨૬૦૪૨૫૧૦
૧૮૩૦	૨૩૬૨૪૦	૨૮૨૮૬૬૮૦
૧૮૪૦	૨૮૭૧૪૩	૩૪૩૧૬૦૮૦
૧૮૫૦	૩૪૪૨૨૬	૩૩૩૭૨૫૮૦
૧૮૬૦	૪૩૮૮૩૪	૫૫૨૬૪૦૦૦
૧૮૭૦	૫૦૬૦૬૬	૬૪૩૩૧૪૭૦
૧૮૮૦	૬૦૨૩૬૫	૮૪૩૩૫૩૮૦

હિંદુસ્તાનમાં તંબાકુની મોટી ખેતી થાય છે તે છતાં બાહારથી ઉંચી સુગંધી તંબાકુ પુશકળ આવે છે. એનું પ્રમાણ નીચલા કોષ્ટક ઉપરથી જણાશે.

આયાત તંબાકુ

ઇ૦ સ૦	રૂપીયા.
૧૮૭૬ માં	૭,૬૪,૦૦૦
૧૮૮૨ માં	૬,૩૧,૦૦૦
૧૮૯૨ માં	૧૬,૬૦,૦૦૦
૧૮૯૪ માં	૨૪,૭૬,૦૦૦

આયાત થયા છતાં અત્રેથી તંબાકુ નીકાશ કરવામાં આવે છે, તેનું પ્રમાણ નીચલા કોષ્ટક ઉપરથી જણાય છે.

નિકાશ તંબાકુ

ઇ૦ સ૦	રૂપીયા.
૧૮૭૬ માં	૧૬૯૫૦૦૦
૧૮૮૨ માં	૧૧૫૦૦૦૦
૧૮૯૨ માં	૧૩૬૬૦૦૦
૧૮૯૪ માં	૧૩૬૪૦૦૦

તંબુ—દુનિયાંના દરેક દેશોમાં મુસાફરી તથા લડાઇ દરમ્યાન મુકામ કરતાં થંડી, તડકું યા વરસાદથી તનના બંચાવ માટે રહેવા થકી તંબુઓ મકાનની ગરજ સારે છે. મ્હોટા ૪ ડોલવાળા તંબુ કે જે ૨૮ ફીટ લાંબા ને ૬૬ ફીટ પોહળા હોય છે તે ૬૭૦ રૂપીયાની કિંમતે મળે છે, ને ૨૩+૧૪ વાળા ૫૨૦ રૂપીયે મળે છે.

એક 'પોલ' વાળો તંબુ ૧૬ ફીટ ચોરસ હોય તો ૪૫૦ રૂપીયે ને ૧૨ ફીટ ચોરસ હોય તો ૩૧૦ રૂપીએ મળે છે.

પહાડી તંબુ આસપાસની દેવાલ સાથે ૧૪ ફીટ ચોરસ ૨૬૫ રૂપીયે ને ૧૦ ફીટ ચોરસ હોય તો ૨૦૦ રૂપીયે મળે છે.

સ્વિસ કોટેજ તંબુ ૧૬ ફીટ ચોરસ હોય તો ૩૬૦ રૂપીયે ને ૧૨ ફીટ ચોરસ હોય તો ૩૦૦ રૂપીયે વેચાય છે.

રાહુટી ૧૬ ફીટવાળી ૨૧૦ રૂપીયે ને ૧૩+૧૨ ફીટવાળી ૧૭૫ રૂપીયે વેચાય છે.

આરબોનાં ભટકતા ટોળાઓ તંબુનાંજ બનાવેલાં રેહઠાણોમાં વસે છે અને તેથી તેમના તંબુ ગંજાવર કદનાં હોઈ તેમાં જનાનખાનાના જૂદા જૂદા ઓરડા હોઇ એક તંબુને અનેક ભાગોમાં વેહેંચેલો હોય છે.

તમ્બર—અરબસ્તાનમાં ઉગતું એક જંગલી વૃક્ષ. એની ઉપર લાંબી અને જાડી શિંગો આવે છે. આ શિંગને હિંદમાં મસકતી આમલી કહે છે. એનો સ્વાદ ગળચટો હોય છે, કેમકે તેમાં સેહેજ ખટાશ હોય છે. લોકો આ શિંગોને છાલ સાથે ખાય છે.

તમરૂ—આ જાણીતું પ્રાણી છે છતાં ઘણાકો એનાથી તદ્દન અંજાણ છે, પણ એનો અવાજ તો હમેશાં સાંભળવામાં આવે

છે, પણ તે દેખાતું નથી. કેટલીક વેળાતો માત્ર તેનો અવાજ સંભળાય છે પણ તે કદી દેખાતું નથી; આથી સંસ્કૃતમાં તેને અદૃશ્યઝિલ્લીસ્વન ને નામે ઓળખવામાં આવે છે. આ પ્રાણી ૧ થી ૧॥ ઈંચ લાંબુ હોય છે. તેનો રંગ મેલો હોય છે, તેને કડવાનું કામ જરાએ મુશકેલ નથી. તેને દરમાંથી બેંચી કાઢયા પછી ઉજેરડામાં મેલતાં તેની આંખો ઉજેરડાંથી ઝાંખ મારે છે અને તેથી તે આવી સ્થિતિમાં દોડી શકતું નથી. એના દરમાં લાકડી મેલતાં તેને તે ઝટ પકડી બાહેર નિકળી પડે છે. આથી ફ્રેન્ચોમાં એક કહેવત છે, કે "તમરૂ કરતાં પણ મૂર્ખ" યાને તેને જે મ્હોતદ્વારે લઇ જનાર લાકડી તે સામે આવતાંજ તેથી બંચાવ સોધવાને બદલે તેનેજ વળગી બાહેર નિકળી પડી પોતાનો નાશ કરે છે.

તમરૂની ૩ જાત છે. એક જાત ઘેરમાં દર કરી પડી રહે છે તેને 'હાઉસ ક્રિકેટ (House cricket) અથવા ગૃહઝિલ્લી કહે છે; બીજી જંગલમાં રહેતી વુડ ક્રિકેટ (Wood cricket) અથવા વનઝિલ્લી કહે છે; અને ત્રીજીનાં આગલા પગ ધૂસ જેવાં હોય છે તેને મોલ ક્રિકેટ (Mole cricket) આખુઝિલ્લી કહે છે. એનાં પગ માત્ર દેખાવમાંજ ધૂસ જેવાં હોતાં નથી પણ તે પગ વડે ધૂસ પ્રમાણે દર વટીક ખોદી શકે છે. પૂર્ણ અવસ્તાએ પોંહચેલા તમરૂનો રંગ તપકિરીયા હોય છે, તેને ૪ પાંખ હોય છે જે વડે તે ઉડી શકે છે. ઉડતી વેળા તે ધડીધડી જમીન ઉપર પડે છે. એકદમ લાંબા છેડા સુધી તેનાથી ઉડાતું નથી. આ પ્રાણીનાં પંખ જોવા લાયક હોય છે. માદા અને નરનાં આગલા પંખ જૂદી જૂદી તહોના હોય છે. માદીનાં પેટનાં છેડાને વચમાં બે લાંબા છેડા હોય છે, તે વેગે જમીનને છિદ્ર પાડી તે તેમાં ઈંડા મેલે છે. આ છેડાનાં બેઉ બાજુએ બીજા બે છેડા હોય છે તેની ઉપર ઝીણા ઝીણા બાલ હોય છે. આ છેડા માદી પ્રમાણે નરને પણ હોય છે, અને પાછળથી કોઇ શત્રૂ આવતાં સ્પર્શેન્દ્રિદ્વારે તેનું જ્ઞાન થવાનાં તે ઉપયોગી હોવું જોઇએ.

તમરૂ દિવસનાં દરમાંથી બાહેર નિકળતું નથી. રાત્રે માત્ર ભક્ષ માટે બાહેર નિકળે છે. તેને પંખ વડે ઉડતાં આવડે છે છતાં તે ઉડતું નથી પણ તે તીડ પ્રમાણે કુદકા મારતું ચાલે છે. આ પ્રાણી માંસહારી નથી. વનસ્પતિ અને તેમાંથી પડતી દુગંધી એની પર તે નિર્વાહ કરે છે. બેઉ તમરૂને એક જગે કેદ કરી રાખ્યા હોય તો તેમાં જે બળવાન હોય છે તે નબળાને મારી ખાય છે.

તમરૂને ઘડીઘડી પાણીની તરસ લાગે છે, અને પાણી પિવા જતાં તેમાં પડી તેઓ મરણ પામે છે. ખેતરમાં તમરૂનો ઉપદ્રવ થતાં ચૂરપમાંના ખેડુતો ખેતી મધે જગેજગ પાણીનાં વાસણો દાટે છે એટલે થોડાજ દિવસમાં તમરૂ ટોળાબંધ તેમાં જઇ પડી મરણ પામે છે.

તમરૂ દરવેળા ૨૦૦ થી ૩૦૦ ઈંડા મેલે છે. ઈંડામાંથી બાહેર પડતાં જીવડા સફેદ રંગના હોય છે. પછી તે કાળો રંગ પકડી છેલ્લે તપકિરીયા રંગ પકડે છે. તપકિરીયા રંગ પુરતા તેને પાંખો ફુટે છે એટલે તે પુરતી ઉમરનું થએલું ગણાય છે.

તમરૂ જે અવાજ કાઢે છે તે મ્હોડામાંથી કાઢતું નથી. માદીતો તદ્દન અવાજ કાઢતીજ નથી, અને અવાજ કાઢવાનું તેની પાસે સાધનજ નથી. નરની ગાવાની મતલબ માદાને પોતાપર લુબ્ધ કરવાની હોય છે. નર જે અવાજ કાઢે છે તે પોતાની બે પાંખો એકમેક ઉપર ઘસી કાઢે છે. પાંખને પાછલી બાજુએ કરવત જેવાં ઝીણા ઝીણા દાંતા હોય છે, અને આ કરવતી પરસ્પર ઉપર ઝડપથી ઘસે છે, જેથી અવાજ નિકળે છે. અવાજ સાંભળવા માટે તમરૂને બન્ને કર્ણેંદ્રિય આપેલાં છે. આગલા પગ સાંધા પાસે એક જગે પોકળ હોય છે, અને ઓરડીને જે પ્રમાણે સામ સામી બારીઓ હોય છે તેવી તે

પોલાણને બારીઓ હોઇ તે એક પ્રકારની માતળી ચામડીથી મઢેલી હોય છે. આ ત્વચાની અંદરની બાજુએ જ્ઞાનતંતુ હોય છે. હવામાં એકાદ અવાજ થતાં ત્વચા અને જ્ઞાનતંતુ યોગે તમરને તેનું જ્ઞાન થાય છે.

તમરના અવાજ માટે જૂદી જૂદી પ્રજ્ઞમાં તરેહવાર વ્હેમો છે. યૂરપમાં પ્રાચીનકાળમાં કેટલાક લોકોની એવી સમજ છે કે, જે ઘેરમાં તમર બોલે છે ત્યાં માહાસંકટ આવવાની આગાહી થએલી જાણવી, આથી તેને ઘેરમાંથી હાંકી કાઢવા માટે તરેહવાર ઇલાજો યોજવામાં આવતા. ભારે અવાજનું વાજંત્ર યા ઢોલ વજાડવાથી આ પ્રાણી નહાસી જાય છે. કેટલીક પ્રજ્ઞ તેના અવાજથી આનંદ માને છે. આફ્રિકામાં તમરને પકડી પીંજરામાં મેલી વેચે છે, તેમજ તેના ખરીદનારા પણ પુશકળ મળે છે.

તમરને ચેતન શક્તિ તથા આગાહી કરવાની પણ શક્તિ હોય છે, જે વિષે ઘણી કથાઓ પ્રસિધ્ધ છે.

તમરની ત્રણ જાતો છે. એઓ કોઇ વેળા ટોળેટોળાં થઇ ખેતરોમાં ઉતરી પડી પાકનો નાશ કરે છે. તમર પૂર્ણ ઉમરે ૩ વર્ષે પોંહચે છે. એ પોતાના બચ્ચાંની સંભાળ ઘણી કાળજી અને વ્હાલથી લ્યે છે અને તેઓ મ્હોટાં થાય ત્યાંસુધી તેમને ખોરાક લાવી ખવાડે છે.

તમાલવૃક્ષ—આ વૃક્ષનાં પાંદડા 'તેજ પત્ર'ને નામે સેંકડો વર્ષો થયાં પ્રસિદ્ધ છે; અને તેને મસાલામાં વાપરવામાં આવે છે. આ જાતથી તજનાં વૃક્ષ તદ્દન જૂદાજ છે, પણ એને કેટલાકો 'તમાલતજ' પણ કહે છે. આ વૃક્ષ સિંહલદ્વિપમાં ઘણા ઉગે છે.

તરકી—આ પક્ષી અસલ ઉત્તર અમેરિકાનું વતની છે, પણ તેને સોલમી સદીમાં યૂરપ મધે લાવવામાં આવ્યું હતું. એ જ્યારે જંગલમાં વસે છે ત્યારે દર વર્ષનાં ઓકટોંબર મહિનાને છેડે પોતાનાં રહેઠાણ આગળથી બીજે ગામ જવા નિકળે છે. તેની માંદા પોતાનો માળો એક છુપી અને એકાંત સલામત જગ્યાએ બાંધે છે, અને હમેશાં ત્યાં જવઆવ કરતાં એક માર્ગે નહિ જતાં આડે તીડે રસ્તે જઇ દુશમનથી માળાની સંભાળ રાખે છે. એના બચ્ચાંની એ ઘણી સંભાળથી જતનકોશ પાંખ આવે ત્યાંસુધી પાણીના ખુએ ન્યાં કે ભિની જગ્યા આગળ જવા દેતું નથી. ૧૫ દિવસનું બચ્ચું થતાં તેને લાકડ ઝાડપર જઇ વસે છે.

તરકીની એક બીજી જાત 'હોનડ્યૂરસ' તરકી કહેવાય છે. એ અમેરિકાના 'હોનડ્યૂરાસ' અને 'યુકેતન' પ્રગણાનાં જંગલમાં વસે છે. તરકી જ્યારે પુખ્ત થાય છે ત્યારે લંબાઇમાં ૪ ફીટ હોય છે.

પાળેલા તરકીના પીછાંનો રંગ જંગલી તરકીના જેવો ઝુમખાદાર હોતો નથી. આ પક્ષીને 'તરકી' નામ આપવામાં આવ્યું તે એવી સમજથી કે એ અસલ તુર્કસ્તાનનું વતની હશે, પણ એ નામ ભૂલભરેલી રીતે અપાયલું છે.

'કેનતકી' અને 'ઇંડીયા'નાં જંગલોમાં એના ટોળેટોળાં વસે છે. જ્યારે જગ્યા બદલવાની હોય છે ત્યારે એ 'ટોળાઓ' ઓહીઓ અને 'મસીસીપી' આગળના મુલકો ભણી કુચ કરી જાય છે. એમ કરવા માટે એઓ મોટા મોટા કાફલા બનીને પગ રસ્તે ચાલીને જાય છે. એઓ પોતાની પાંખનો ઉપયોગ કદાચજ કરે છે; પણ જ્યારે કોઇ એઓ ઉપર હુમલો કરે છે અથવા તો નદી ઓળંગવી હોય ત્યારેજ પાંખોનો ઉપયોગ કરે છે.

તરખાન—આ નામનો એક માનવંત ખેતાબ એશિયા ખંડનાં મધ્ય ભાગનાં રાજ્યોમાં તથા હિંદુસ્તાનના મોગલ શેહેનશાતમાં ઘણો પ્રસિધ્ધ હતો, અને તે રાજ્યકર્તા તરફથી કોઇ કદાચજ એખાદ બે મોટી નામના પામેલા અમીરોને બક્ષવામાં આવતો. મોગલ શેહેનશાહાતમાં તે ઔરંગજેબના અમલ સુધી ચાલુ હતો. આ ખેતાબ વંશપરંપરે

ચાલુ રહેતો. આ ખેતાબ ધરાવનારને નીચે મુજબનાં ખાસ હક્કો બક્ષવામાં આવતા હતા. તે એક તલબ ધરાવી શકતો, તુમાનતોગ નામનું છત્ર રાખી શકતો, નકારખાનું રાખવાનો હક્ક ધરાવતો, જંગલનો ચોકસ ભાગ તે પોતા માટે ખાસ રાખી શકતો અને જે તેમાં વગર પરવાને દાખલ થતો તેને, તે ગોલામ બનાવવાનો હક્ક ધરાવતો, આ તે પોતાના ટોળાનો વડો સરદાર ગણાતો. દરબારમાં સર્વે અમીરો તરખાનની જમણી તથા ડાબી બાજુએ અર્ધચંદ્રકારમાં ગોઠવાઇને બેસતા હતા.

કેટલાક રાજ્યમાં તો તેમને અહીં સુધી હક મળતા કે તરખાનના નવ પેઢી સુધી કોઇ પણ ગુન્હો કરતાં તેને માફ થતા, પણ નવથી વધુ ગુન્હા થતાં તેને સજા થઇ શકતી. જો કે તરખાનનું ખૂન થતું તો તેને બે વર્ષનાં શુધ્ધ સફેદ તટ્ટુપર બેસાડી તેના પગ તળે સફેદ કપડું પાથરતા. તેને જો મોતની સજા થતી તો તે તેની ફરસ બોલી અમલમાં મેલતા. આવો રેવાજ તથ્તખ તથમુરના અમલમાં હતો.

જંગીઝખાને આ ખેતાબ કશલિક અને બાતાખાનને આપ્યો હતો, સબબ તેઓએ તેને દુશમનનાં લશ્કર વિષેની ખબર પોંહચાડી હતી. મોગલ અમલમાં તરખાનને દરબારમાં હાજર રહેવાની ફરજમાંથી મુકત કરવામાં આવતા. વળી જંગીઝખાનનાં અમલમાં તો તરખાનને લડાઇમાં મળેલી લુટમાંના હિસ્સામાંથી બાદશાહનો ભાગ જૂદો કાઢી આપવાની ફરજમાંથી મુકત કરવામાં આવતો. તૈમુરલંગના અમલમાં તરખાન બાદશાહના મેહેલનાં ગમે તે ભાગમાં વગર હોકમે દાખલ થવાનો હક્ક ધરાવતો.

તરફી—આ વનસ્પતિ બે હાથ ઉંચી વધે છે. એનાં પાંદડા લાંબા ને બિડાયલાં હોઇ તેની ઉપર લાલ રંગના ફોલા આવે છે. આ ઝાડને કાંટા હોય છે. એનો ઉપયોગ કફ મટાડવા દેશી તબીબો કરે છે.

તરબુજ—(જુઓ કલિંગડ.)

તરવારા—પાલનપુરનાં દેશી રાજ્યને તાબેનું એક નાહનું રાજ્ય. એની ઉત્તરે દીયોદર, કાંકજ; દક્ષિણે રાધનપૂર; પશ્ચિમે બહાદરપૂર. ક્ષેત્રફળ ૧૨૫ ચોરસ મૈલ છે. વસ્તી ૮૮૪૯ ની છે. અત્રે એપ્રેલથી જુન સુધી સખત તાપ પડે છે, રાજ્યની વાર્ષિક મેહેસુલ ૧૨૦૦ પૌંડની છે. રાજ્યકર્તા ઠાકોર બલુચી મુસલમાન છે, અને તેમનું નામ નશુખાન છે.

તરસ—આ પ્રાણી કુતરા અને વરૂનાં વર્ગનું છે. એ કદે વરૂ જેવડું હોઇ મ્હોં કુતરા જેવું, જીભ બિલાડી જેવી અને પગ વરૂના જેવા (મુખ્યકરી પાછલા) હોય છે. એની ચામડીનો રંગ પિલાસપર ભૂરો હોઇ પુછડી ટુંકી અને તે ઉપર બાલ હોય છે.

તરસના દાંત મજબૂત અને કાપવા કરતાં દળવાને (ચાવવાને) વધારે લાયક છે. તેમનાં જડબાં ઘણાંજ બળવાન છે અને તે વડે અતિશય ભારે શિકાર તેઓ સહેલથી ઉંચકી શકે છે. તેમનું માથું મોટું અને જીભ બિલાડીની જીભની જેવી ખરબચડી હોઇ પંજા શિકારને ફાડવા કરતાં જમીન વધારે ખોદવા લાયક છે.

આ પ્રાણી એશિઆ તથા આફ્રિકાનું વતની છે. એની બે મુખ્ય જાતો છે; જેમાં એક જાત ઐશિયાટિક 'તરકી, બારબેરી, ઇજીપ્ત, ન્યુબિયા, એબિસિનીયા, સિરિયા, ઇરાન અને આફ્રિકાના કેટલાક ભાગોમાં વસે છે, અને બીજી જાત જે રંગમાં જરા રતાસ ઉપર હોય છે તે દક્ષિણ આફ્રિકા અને કેપનું વતની છે.

તરસની જાતના જનવરનાં હાડકાં યૂરપ ખંડમાં પણ ઘણે ઠેકાણે દટાયલા મળી આવ્યાં છે, તે ઉપરથી માલમ પડે છે કે અસલ આ પ્રાણી યૂરપ ખંડનું વતની હશે.

તરસ ઘણું વિકાળ હોવા છતાં માયાથી ઉછેર્યું હોય તો પાળી પણ શકાય છે. એ વિકાળ હાલતમાં સિંહ યા વાઘની પણ દરકાર કરતું નથી. એ શિકારની શોધમાં રાત્રે

ભમે છે અને મુવેલા પ્રાણીનું મૈાંસ હોંસથી ખાય છે. એ રાત્રે ભસે છે ત્યારે તેનો અવાજ રૂદનના જેવો કર્કશ સંભળાય છે. એ એશિઆ તથા આફ્રિકાના ગરમ ભાગોમાં પણ વસે છે અને પહાડ તથા ગુફામાંના કોતરમાં ભરાઇ રહે છે. એ ઘોર ખોદીને પણ શબ ખાઇ જાય છે. રાત્રે એની જોવાની શક્તિ કાયમ રહે છે.

ટપકાં ટપકાંવાળો તરસ મોટા કૂતરાના જેવડો લગભગ હોાય તે દક્ષિણ આફ્રિકામાં વસે છે. આ તરસ મડદાં ખાવા બહુ તલપે છે. એ આફ્રિકાનાં ગંદા કસબા અને ગામડાંનો ભંગીઓ એટલે સાફ કરનાર છે. આ તરસ ઘણોજ બીકણ છે. જે એનાથી બીતો નથી તેનાથી એ દૂર નહાસે છે પણ જે પ્રાણી એનાથી દૂર નહાસે છે તેની પાછળ દોડે છે. તે ઘણો વેહેમી છે અને એનામાં નવું જાણવાની ઘણી હોંસ હોય છે. દરેક વસ્તુને તે બારીકીથી તપાસે છે. એમ છતાં પણ કોઇ વાર લોકો ટપકાંવાળાં તરસનું બચ્ચું પકડીને તેને પાળે છે, જે કૂતરા જેવું અસીલ અને માયાળુ નિવડે છે.

ચટાપટાવાળો તરસ ઉત્તર આફ્રિકા, એબિસિનિયા, અરબસ્તાન, ઇરાન, એશિઆઇ તુર્કસ્તાન, સિરિઆ અને હિંદમાં વસે છે. આ તરસ મડદાં ખાવાનો બહુ શોખ ધરાવે છે આથી એને ઘોરખોદુ કહે છે.

તરસને પીંજરામાં પુરી રાખ્યો હોય તો તેને એક દિવસમાં ૪ રતલ ખોરાક ને ૩ પાઇંટ પાણી આપવું પડે છે.

તરસ વિષે તહેવાર વેહેમો છે. કોઇ કહે છે કે આ પ્રાણી પોતાના શરીરનો રંગ પોતાની મરજી પ્રમાણે બદલે છે, કોઇ કહે છે કે એની આંખમાંની ફીકી કાઢી લઇ તેને જો મનુષ્યની જીભ ઉપર મેલી હોય તો તે ભવિષ વર્તિ શકે છે. કોઇ જણાવે છે કે એની ગરદનમાં સાંધો હોતો નથી.

તરસ (પાણીની)—તરસ ભૂખ કરતાં અત્યંત તિક્ષણ હોય છે. થોડાંક અઠવાડીયાં સુધી ખોરાક ન મળે તો મનુષ્યની શક્તિ ક્ષિણ થવા માંડે છે, પણ તરસ લાગતાં તે ઝાઝા દિવસ છિપાવી શકતો નથી. પાણી વિના જીંદગીનો અંત ઘણો જલદી આવે છે, કારણકે મનુષ્યનાં શરીરમાં બીજી વસ્તુઓ કરતાં પાણીનો ભાગ વિશેષ હોય છે. મનુષ્યમાં ⅔ ભાગ પાણી હોય છે, યાને ૧૦૦ રતલ વજનના મનુષ્યમાં ૩૦ રતલ પાણી ને બાકીનો ભાગ બીજા પદાર્થોનો છે. પરસેવા માર્ગે શ્વાસોશ્વાસદ્વારે શરીરમાંથી પુશકળ પાણી નિકળી જાય છે, માટે આ થતા ઘટાડાને પાણીથી કરી પુષ્ટી આપવી પડે છે. શરીરમાંથી પાણીનો અંશ ઘટતાં તરસ લાગે છે.

ગરમિની મોસમમાં પરસેવો વધારે પડતો હોવાથી તરસ વધારે લાગે છે, ને થંડીમાં તેટલી તરસ લાગતી નથી.

મનુષ્ય પોતાનાં શરીરમાં પાણી પીનેજ પાણીનો ઉમેરો કરતા નથી, પણ તેના ખોરાક માહે મિશ્ર રહેલો પાણીનો ભાગ પણ દાખલ થાય છે. જેમકે રોટલીમાં અરધો અરધ ભાગ પાણી હોય છે, ત્યારે ઘણા ખરા ફલોમાં પાણીનો વિશેષ ભાગ હોય છે. તરસ ઘણી લાગી હોય તે વખતે નાહવામાં આવે તો તરસમાં ઘણો ઘટાડો થાય છે. એમ થવાનું કારણ મનુષ્ય શરીરમાં જોષતું પાણી ચામડી માહેલાં છિદ્રવાટે બદનમાં દાખલ થાય છે. જે હવામાં આપણે ફરીએ છિયે અને શ્વાસોશ્વાસ લઇએ છિયે તે હવામાં પણ પાણીનો ભાગ છે કે જે ચામડીદ્વારે શરીરમાં પ્રવેશ કરે છે.

ડૉકટર લૉડનરના જણાવવા મુજબ મનુષ્ય પોતાનાં શરીરમાં જેમ પાણીનો મ્હોટો ભાગ દાખલ કરે છે, તેમ તેનાં શરીરમાં પોતાની મેળે પણ કેટલુંક પાણી ઉત્પન્ન થાય છે. દરરોજ શરીરમાંથી ૮૦ ઔંસ કરતાં વધુ પાણી નિકળી જાય છે, ને ખોરાક તથા પીવામાં ૬૦ ઔંસથી વધારે દાખલ થાય છે.

તરીંગા—ગુજરાતમાં દાંતાથી ૨૦ મૈલ દક્ષિણે જૈનોનું મોટું પવિત્ર ધામ છે. અહીં તારણ માતાનું ને શ્રી અજીતનાથ તથા શંભવનાથ એ તીર્થંકરોનાં જૈન મંદિરો છે. એમાંનુ મુખ્ય અજીતનાથનું ને અન્હિલવાડના કુમારપાળ રાજાએ બધાવ્યું છે. અહીં કાર્તિકી તથા ચૈત્રી પૂનમે જાત્રા ભરાય છે.

તરોપસ—આ પ્રાણી મેડિશિઅસ અને મેડે ગાસ્કરનું વતની છે. તે જંગલમાં મોટા ઝાડ ઉપર ટીંગાઇ રહે છે. એ પ્રાણીઓનું કાચું મૈાંસ ઘણી હોંસે ખાય છે. એ દિવસે ઉંઘાઇ રાત્રે માત્ર જાગે છે.

તરોપસ એંદ્યુલીસ નામે એના વર્ગની એક જાત હિંદીમહાસાગરનાં આફ્રિપેલેગોના ટાપુમાં મળી આવે છે. એનું મૈાંસ ખાવાના ઉપયોગમાં લેવાય છે. તાઇમોરના ટાપુમાં આ તરોપસ પુશકળ મળે છે. એ પોતાની પાંખ પોહળી કરતાં તેની પોહળાઇ પાંચ ફીટની બને છે, તથા માથા અને બદનની લંબાઇ લગભગ બે ફીટ હોય છે; એની આંખ સુંદર તપકિરીયા હોય છે. આ પક્ષી ઉડતી વેળા આગળ તેમનો સરદાર ઉડતો રહી તેની પાછળ બીજા ટોળાં થઇ સીધી લીટીમાં ઉડે છે.

આ પક્ષી તાઇમોર, એમબોઇના, ફીલીપાઇન અને વાનીકોરોના ટાપુમાં જૂદી જૂદી જાતનાં મળી આવે છે. ઇજીપશિઅન તરોપસ કાબરચિત્રા રંગનું હોઇ તે કુંકી પુછડી ધરાવે છે. જાવાનું તરોપસ—મોટા કદનું હોય છે. એના પાંખની પોહળાઇ પાંચ ફીટની હોઇ શરીરની લંબાઇ માત્ર ૨ ફીટની હોય છે. એનું માથું લંબગોળ અને મ્હોટું મધ્યમ લંબાઇનું હોય છે. નાક ટુકું ચપટું, કાન સાદા લાંબા ને અણીદાર, આંખો મોટી બહાર ઉપસેલી હોઇ હોઠ, નાક અને આંખો ઉપર રૂવાં હોય છે.

તરોપસને ૩૪ દાંત હોય છે. એની પાંખો તપકિરીયા રંગની ને તેપર રાતી છાંટ હોય છે. જુવાન તરોપસના બાલ લાંબા નરમ તથા બુઢાપામાં કાંટાદાર અને બબરાયલા બને છે. એ ફળફળાદી અને મેવા ઉપર ગુજરાન કરે છે. (વધુ માટે જુઓ વાગળાં.)

તલ—તલનું મુખ્ય મૂળ વતન આફ્રિકાખંડ કહેવાય છે. પ્રાચીન ગ્રીક, આર્ય અને મીસરની પ્રજાને એની જાણ થએલી હતી. હિંદમાં આર્ય પ્રજા આવી વસી તે આગમજ તલનો અત્રે પાક થતો હતો. ચઉદમી સદીમાં એનો નિકાશ વેપાર ચાલુ હતો.

તલ ઉષ્ણ કટિબંધમાંના સર્વ દેશોમાં પાકે છે. હિંદુસ્તાનમાં સમશીતોષ્ણ પ્રદેશમાંના ઉષ્ણ ભાગમાં સારો પાક ઉતરે છે. તલનું ઝાડ જૂદી જૂદી જમીન ઉપર ૧॥ થી ૪ ફીટ સુધી વધે છે અને કેટલેક ઠેકાણે એનો ઘણો વિસ્તાર ફેલાય છે. કેટલેક ઠેકાણે એના ઝાડ ઉપર બધાં સફેદ ફુલો આવી પોહળાં ને મોટાં પાંદડા ઉગે છે અને કેટલેક ઠેકાણે લાલ ફુલો આવી પાંદડા લાંબા ને અણીઆળાં ઉગે છે. રબ્બીમાં જ્યારે એ પાકે છે ત્યારે એનું ઝાડ કમર પુર વધે છે. એના ઝાડનો દાંડો પોકળ હોવા છતાં લાકડું ચીવટ હોય છે. તલને પાસે પાસે વાવ્યા નહિ હોય તો તેને એકેક હાથ લંબાઇની ડાંખળીઓ ફુટે છે. એનું ફુલ નાહનું હોય છે. ફુલ ગળી પડ્યા પછી તેની પાછળ ઇંચ દોઢ ઇંચ લંબાઇની શિંગો આવે છે, તે ચોખુણાકાર ને ચપટી હોય છે, અને આજ શિંગમાં તલ રહે છે. સારો પાક ઉતરતા દરેક ઝાડ ઉપર સંખ્યાબંધ શિંગો ઉગે છે.

તલની બે જાત છે એક સફેદ ને બીજી કાળી. તલનું તેલ ખાવા તથા બાળવાના ઉપયોગમાં આવે છે. ૧૦૦ ભાર તલમ થી ૪૦ થા ૪૫ ભાર તેલ નિકળે છે. સુગંધિત ફુલમાં તલ રાખી તેમાંથી અંગે ચોપડવાનું તેલ કાઢે છે તેને 'ફુલેલ' કહે છે. એ બે રૂપીયે રતલને ભાવે વેચાય છે. તલનો ખોળ ઢોરોને પુષ્ટીકારક ખોરાક તરીકે જાણીતો છે. આ ખોળનો ભૂકો ખાનદેશ તરફ શેરડીનાં સાંઠાને ખાતર તરીકે આપવાથી શેરડી જોરદાર ઉગે છે.

ભમે છે અને મુવેલા પ્રાણીનું માંસ હોંસથી ખાય છે. એ રાત્રે ભસે છે ત્યારે તેનો અવાજ રૂદનના જેવો કર્કશ સંભળાય છે. એ એશિઆ તથા આફ્રિકાના ગરમ ભાગોમાં પણ વસે છે અને પહાડ તથા ગુફામાંના કોતરમાં ભરાઇ રહે છે. એ ઘોર ખોદીને પણ શબ ખાઇ જાય છે. રાત્રે એની જોવાની શક્તિ કાયમ રહે છે.

ટપકાં ટપકાંવાળો તરસ મોટા કૂતરાના જેવડો લગભગ હોય તે દક્ષિણ આફ્રિકામાં વસે છે. આ તરસ મડદાં ખાવા બહુ તલપે છે. એ આફ્રિકાનાં ગંદા કસબા અને ગામડાંનો ભંગીઓ એટલે સાફ કરનાર છે. આ તરસ ઘણોજ બીકણ છે. જે એનાથી બીતો નથી તેનાથી એ દૂર નહાસે છે પણ જે પ્રાણી એનાથી દૂર નહાસે છે તેની પાછળ દોડે છે. તે ઘણો વેહેમી છે અને એનામાં નવું જાણવાની ઘણી હોંસ હોય છે. દરેક વસ્તુને તે બારીકાઇથી તપાસે છે. એમ છતાં પણ કોઇ વાર લોકો ટપકાંવાળાં તરસનું બચ્ચું પકડીને તેને પાળે છે, જે કૂતરા જેવું અસીલ અને માયાળુ નિવડે છે.

ચટાપટાવાળો તરસ ઉત્તર આફ્રિકા, એબિસિનિયા, અરબસ્તાન, ઇરાન, એશિઆઈ તુર્કસ્તાન, સિરિઆ અને હિંદમાં વસે છે. આ તરસ મડદાં ખાવાનો બહુ શોખ ધરાવે છે આથી એને ઘોરબોદુ કહે છે.

તરસને પીંજરામાં પુરી રાખ્યો હોય તો તેને એક દિવસમાં ૪ રતલ ખોરાક ને ૩ પાઇંટ પાણી આપવું પડે છે.

તરસ વિષે તહેવાર વેહેમો છે. કોઇ કહે છે કે આ પ્રાણી પોતાના શરીરનો રંગ પોતાની મરજી પ્રમાણે બદલે છે, કોઇ કહે છે કે એની આંખમાંની કીકી કાઢી લઇ તેને જો મનુષ્યની જીભ ઉપર મેલી હોય તો તે ભવિષ વર્તિ શકે છે. કોઇ જણાવે છે કે એની ગરદનમાં સાંધો હોતો નથી.

તરસ (પાણીની)—તરસ ભૂખ કરતાં અત્યંત તિક્ષણ હોય છે. થોડાંક અઠવાડીયાં સુધી ખોરાક ન મળે તો મનુષ્યની શક્તિ ક્ષિણ થવા માંડે છે, પણ તરસ લાગતાં તે ઝાઝા દિવસ છિપાવી શકતો નથી. પાણી વિના જીંદગીનો અંત ઘણો જલ્દી આવે છે, કારણકે મનુષ્યનાં શરીરમાં બીજી વસ્તુઓ કરતાં પાણીનો ભાગ વિશેષ હોય છે. મનુષ્યમાં ⅔ ભાગ પાણી હોય છે, યાને ૧૦૫ રતલ વજનના મનુષ્યમાં ૩૦ રતલ પાણી ને બાકીનો ભાગ બીજા પદાર્થોનો છે. ઉપરસેવા માર્ગે શ્વાસોશ્વાસદ્વારે શરીરમાંથી પુશકળ પાણી નિકળી જાય છે, માટે આ થતા ઘટાડાને પાણીથી કરી પુષ્ટી આપવી પડે છે. શરીરમાંથી પાણીનો અંશ ઘટતાં તરસ લાગે છે.

ગરમિની મોસમમાં પરસેવો વધારે પડતો હોવાથી તરસ વધારે લાગે છે, ને થંડીમાં તેટલી તરસ લાગતી નથી.

મનુષ્ય પોતાનાં શરીરમાં પાણી પીનેજ પાણીનો ઉમેરો કરતા નથી, પણ તેના ખોરાક માંહે મિશ્ર રહેલો પાણીનો ભાગ પણ દાખલ થાય છે. જેમકે રોટલીમાં અરધો અરધ ભાગ પાણી હોય છે, ત્યારે ઘણા ખરા ફળોમાં પાણીનો વિશેષ ભાગ હોય છે. તરસ ઘણી લાગી હોય તે વખતે નાહવામાં આવે તો તરસમાં ઘણો ઘટાડો થાય છે. એમ થવાનું કારણ મનુષ્ય શરીરમાં જોઇતું પાણી ચામડી માહેલાં છિદ્રવાટે બદનમાં દાખલ થાય છે. જે હવામાં આપણે ફરીએ છિયે અને શ્વાસોશ્વાસ લઇએ છિયે તે હવામાં પણ પાણીનો ભાગ છે કે જે ચામડીદ્વારે શરીરમાં પ્રવેશ કરે છે.

ડૉક્ટર લૉર્ડનરના જણાવવા મુજબ મનુષ્ય પોતાનાં શરીરમાં જેમ પાણીનો મ્હોટો ભાગ દાખલ કરે છે, તેમ તેનાં શરીરમાં પોતાની મેળે પણ કેટલુંક પાણી ઉત્પન્ન થાય છે. દરરોજ શરીરમાંથી ૮૦ ઔંસ કરતાં વધુ પાણી નિકળી જાય છે, ને ખોરાક તથા પીધામાં ૬૦ ઔંસથી વધારે દાખલ થાય છે.

તરીંગા—ગુજરાતમાં દાંતાથી ૨૦ મૈલ દક્ષિણે જૈનોનું મોટું પવિત્ર ધામ છે. અહીં તારણ માતાનું ને શ્રી અજીતનાથ તથા શંભવનાથ એ તીર્થંકરોનાં જૈન મંદિરો છે. એમાંનુ મુખ્ય અજીતનાથનુ ને અન્હિલવાડના કુમારપાળ રાજાએ બંધાવ્યું છે. અહીં કાર્તિકી તથા ચૈત્રી પૂનમે જાત્રા ભરાય છે.

તરોપસ—આ પ્રાણી મોરિશિઅસ અને મેડેગાસ્કરનું વતની છે. તે જંગલમાં મોટા ઝાડ ઉપર ટીંગાઇ રહે છે. એ પ્રાણીઓનું કાચું માંસ ઘણી હોંસે ખાય છે. એ દિવસે ઉંઘાઇ રાત્રે માત્ર જાગે છે.

તરોપસ એંદ્યુલીસ નામે એના વર્ગની એક જાત હિંદીમહાસાગરનાં આફ્રિપેલેગોના ટાપુમાં મળી આવે છે. એનું માંસ ખાવાના ઉપયોગમાં લેવાય છે. તાઇમોરના ટાપુમાં આ તરોપસ પુશકળ મળે છે. એ પોતાની પાંખ પોહળી કરતાં તેની પોહળાઇ પાંચ ફીટની બને છે, તથા માથા અને બદનની લંબાઇ લગભગ બે ફીટ હોય છે; એની આંખ સુંદર તપકિરીયા હોય છે. આ પક્ષી આંખ ઉઘડતી વેળા આગળ તેમનો સરદાર ઉઠતો રહી તેની પાછળ બીજા ટોળાં થઇ સીધી લીટીમાં ઉડે છે.

આ પક્ષી તાઇમોર, એમબોઇના, ફીલીપાઇન અને વાનીકોરોના ટાપુમાં જૂદી જૂદી જાતનાં મળી આવે છે. બજીપશિઅન તરોપસ કાબરચિત્રા રંગનું હોઇ તે કુંકી પુછડી ધરાવે છે. જાવાનું તરોપસ—મોટા કદનું હોય છે. એના પાંખની પોહળાઇ પાંચ ફીટની હોઇ શરીરની લંબાઇ માત્ર ૧ ફીટની હોય છે. એનું માથું લંબગોળ અને મ્હોટું મધ્યમ લંબાઇનું હોય છે. નાક ટુકું ચપટું, કાન સાદા લાંબા ને અણીદાર, આંખો મોટી બહાર ઉપસેલી હોઇ હોઠ, નાક અને આંખો ઉપર રૂવાં હોય છે.

તરોપસને ૩૪ દાંત હોય છે. એની પાંખો તપકિરીયા રંગની ને તેપર રાતી છાંટ હોય છે. જુવાન તરોપસના બાલ લાંબા નરમ તથા બુઢાપામાં કાંટાદાર અને ખબરાવલા બને છે. એ ફળફળાદી અને મેવા ઉપર ગુજરાન કરે છે. (વધુ માટે જુઓ વાગળાં.)

તલ—તલનું મુખ્ય મૂળ વતન આફ્રિકાખંડ કહેવાય છે. પ્રાચીન ગ્રીક, આર્ય અને મીસરની પ્રજાને એની જાણ થએલી હતી. હિંદમાં આર્ય પ્રજા આવી વસી તે આગમજ તલનો અત્રે પાક થતો હતો. ચઉદમી સદીમાં એનો નિકાશ વેપાર ચાલુ હતો.

તલ ઉષ્ણ કટિબંધમાંના સર્વ દેશોમાં પાકે છે. હિંદુસ્તાનમાં સમશીતોષ્ણ પ્રદેશમાંના ઉષ્ણ ભાગમાં સારો પાક ઉતરે છે. તલનું ઝાડ જૂદી જૂદી જમીન ઉપર ૧॥ થી ૪ ફીટ સુધી વધે છે અને કેટલેક ઠેકાણે એનો ઘણો વિસ્તાર ફેલાય છે. કેટલેક ઠેકાણે એના ઝાડ ઉપર બધાં સફેદ ફુલો આવી પોહળાં ને મોટાં પાંદડા ઉગે છે અને કેટલેક ઠેકાણે લાલ ફુલો આવી પાંદડા લાંબા ને અણીઆળાં ઉગે છે. રબ્બીમાં જ્યારે એ પાકે છે ત્યારે એનું ઝાડ કમર પુર વધે છે. એના ઝાડનો દાંડો પોકળ હોવા છતાં લાકડું ચીવટ હોય છે. તલને પાસે પાસે વાવ્યા નહિ હોય તો તેને એકેક હાથ લંબાઇની ડાંખળીઓ ફુટે છે. એનું ફુલ નાહનું હોય છે. ફુલ ગળી પડ્યા પછી તેની પાછળ ઇંચ દોઢ ઇંચ લંબાઇની શિંગો આવે છે, તે ચોખુણીયાકાર ને ચપટી હોય છે, અને આજ શિંગમાં તલ રહે છે. સારો પાક ઉતરતા દરેક ઝાડ ઉપર સંખ્યાબંધ શિંગો ઉગે છે.

તલની બે જાત છે એક સફેદ ને બીજી કાળી. તલનું તેલ ખાવા તથા બાળવાના ઉપયોગમાં આવે છે. ૧૦૦ ભાર તલમાંથી ૪૦ થી ૪૫ ભાર તેલ નિકળે છે. સુગંધિત ફુલમાં તલ રાખી તેમાંથી આંગે ચોપડવાનું તેલ કાઢે છે તેને 'ફુલેલ' કહે છે. એ બે રૂપીયે રતલને ભાવે વેચાય છે. તલનો ખોળ ઢોરોને પુષ્ટીકારક ખોરાક તરીકે જાણીતો છે. આ ખોળનો ભૂકો ખાનદેશ તરફ શેરડીનાં સાંઠાને ખાતર તરીકે આપવાથી શેરડી જોરદાર ઉગે છે.

તલનો પાક ત્રણથી સાડા ત્રણ માસમાં તૈયાર થાય છે. એક એકર જમીનમાં બેથી અઢી રતલ બિ વાવવાં પડે છે અને પાક ૮ થી ૧૦ મુરતી મણ ઉતરે છે.

તલનું તેલ અત્યંત સ્વચ્છ હોઈ તેનો ઉપયોગ અનેક રીતે ખાવામાં તથા મલમ બનાવવામાં આવે છે. જંગલી તલની એક જાત જંગલમાં ઉગે છે. આ જંગલી ઝાડ ઔષધિ ઉપયોગમાં આવે છે. કુતરાનાં ઝેર ઉપર તલનું તેલ, બેળ, ગોળ, આંકડાનું દુધ એ સમભાગ લઇ એકત્ર કરી પાવાથી વિષ ઉતરે છે. ધતુરાનાં વિષ ઉપર તલનું તેલ અને ગરમ પાણી એકત્ર કરી પાવામાં આવે છે, ગર્ભણી અને સુવાવડીના રક્તસ્ત્રાવ ઉપર તલ, જવ અને સાકર એનું ચૂર્ણ મધમાં આપે છે. વાળા ઉપર તલનો બેળ કાંજીમાં વાટીને તેનો લેપ કરે છે. એ શિવાય ઔષધિમાં તલનો ઉપયોગ જાગ્રજા જણાય છે.

હિંદુસ્તાનમાં તલના પાક તરફ ૧,૦૦,૦૦,૦૦૦ એકરથી વધારે જમીન રોકાયલી છે. એની જાતી—રંગ ઉપરથી કાળો તલ, લાલ, સફેદ એવે નામે ઓળખાય છે.

મદ્રાસમાં—ગોદાવરી, કોઈમતૂર, ઉત્તર આર્કાટ એના પાક માટેનાં મુખ્ય જીલ્લા છે. સરાસરી ૨૦૦૦૦ એકર જમીન આ ઇલાકામાં તલની ખેતી તરફ રોકાયલી છે, ત્યાં પાક ૪ માસમાં ઉતરે છે. પાકનો હિંગામ અક્ટોબર મહિનામાંછે. વાવણી જુનમાં પુરી કરેછે.

મ્હૈસુર અને કુર્ગ પ્રાંતમાં—એનો પાક બધે થાય છે.

મુંબઇ ઇલાકામાં—ગુજરાતમાં ૭૭૭૫૦ એકર જમીન તલની ખેતી માટે અને ગુજરાતના દેશી રાજ્યોમાં ૨૫૮૦૦૦ એકર જમીન રોકાયલી છે.

દક્ષિણમાં-૧૦૫૬૦૦ એકર જમીન રોકાયલી છે, તેમાં ૬૪ ટકા ખાનદેશ અને ૨૩ ટકા નાશક જીલ્લામાં છે.

કર્નાટકમાં—૨૪૦૦૦ એકરથી વધારે જમીન રોકેલી છે.

સિંધ પ્રાંતમાં—૧૨૫૦૦૦ એકર જમીન રોકેલી છે.

વાયવ્ય પ્રાંતમાં તથા અયોધ્યામાં-૨૦૦૦૦૦ એકર કરતાં વધારે જમીન રોકાયલી છે.

પંજાબમાં—૨૧૫૧૧૭ એકર જમીન તલના પાક માટે રોકાયલી છે.

મધ્ય પ્રાંતમાં—૫૦૦૦૦ એકર જમીન રોકાયલી છે, અને ત્યાં 'મધાઇ' અને 'હાવરી' નામે બે તલની જાત પાકે છે.

હ�ાડમાં—૧૦૦૦૦૦ એકર જમીન તલનાં પાક માટે ગુંતાયલી છે. દર વર્ષે ઓછામાં ઓછો ૧૧૯૯૮૦ મણ તલનો પાક ઉતરે છે.

એ શિવાય બંગાલમાં તલનો સારો પાક ઉતરે છે. આસામથી બંગાલમાં તલ નિકાશ થાય છે, આ ઉપરથી તે તરફ એનો પાક વધારે થતો હોવો જોઇએ.

તલનો વેપાર—તલનું તેલ મુખ્ય ઉપયોગી પદાર્થ ગણાય છે. સુગંધી તેલોમાં હાલમાં એનુંજ મિશ્રણ કરે છે. અરબસ્તાન તથા સિલોન તરફ તલનું તેલ પુશકળ મોકલવામાં આવે છે. હાલમાં યૂરપમાં તલનું તેલ જતું નથી; પણ તલ જથ્થાબંધ રવાના કરવામાં આવે છે. યૂરપમાં રંગ માટે, સાબુ માટે, અને સુગંધી તેલમાં મિશ્રણ કરવા એ મોકલવામાં આવે છે. હિંદી તલ ફ્રાન્સમાં ઘણો ખપે છે. તલ મુખ્ય કરી મુંબઇના બારામાંથી નિકાશ થાય છે; તેમજ મદ્રાસ અને કલકત્તાનાં બંદરોપરથી પણ યૂરપ રવાના થાય છે. મુખ્ય કરી મુંબઈના બંદરથી અરધો અરધ તલ નિકાશ થાય છે.

આ માલ હિંદુસ્તાનમાંથી નિકાશ થાય છે તેની ઉપર જકાત લેવામાં આવતી નથી તેમજ ફ્રાન્સ દેશમાં તલ ઉપર જકાત લેવામાં આવતી નથી. પણ તલનું તેલ બનાવી મોકલ્યું હોય તો તેની ઉપર માત્ર જકાત લેવામાં આવે છે. આથી યૂરપના કારખાનાવાળાઓને તલના વેપારમાં મોટી સવળતા મળી તડકા પડે છે. (જુઓ તેલ (તલનું તેલ.)

તલવારબાજી—૪૦ સ૦ પૂર્વે ૨૬૪ માં રોમ ખાતે આ રમત દાખલ થઇ. ઇટ્રુસ્કન પ્રજામાં આ રમત ઘણી જાએજ હતી, અને તેથીજ આ સાલમાં રોમનો તેઓથી શિખ્યા હતા. પ્રથમ તો આ રમત કોઇ જાણીતા યા શ્રીમંત મનુષ્યના પ્રેત સંસ્કારની વખતે રમાતી હતી, અને તે વેળા તલવારબાજી રમવાની મતલબ એ હતી કે તે મનુષ્યનાં ખુંલદ આત્માને સ્વર્ગમાં એખલી કમદુલી હાલતમાં જવું પડે નહિ, પણ તેની સાથે તેના શત્રૂ અથવા તેના અનુયાયીઓમાંના થોડાક આત્માઓ સાથે જઈ શકે. તે પછી આ રમત ખુશી ખુરમીમાં પણ રમાવા લાગી.

કુસ્તી રમવાના મલ્લનાં જેવા અખાડા હોય છે તેવા તલવારબાજીની રમત માટે અખાડા થવા માંડયા. દરેક અખાડાનો કારોબાર જાણીતા ઉમરાવોના આશ્રયથી ચલાવવામાં આવતો, અને તેથી તે અખાડા ઉમરાવોના નામે ઓળખાતા. પણ રફતે રફતે આ અખાડામાં ભારે જૂર રમત રમાવા માંડી. આ વેળા જૂદા જૂદા અખાડાના તલવારબાજો પોતામાં શત્રૂવટ નહિ છતાં જ્યારે તલવારબાજી રમતા તે વેળા જે ઘણી જખમી થતો તેને રિબવા નહિ દેતાં તુરત તલવારથી મારી નાખતા. પણ જો પ્રેક્ષકો દયા કરવાની વિનંતી કરતા તોજ તેમને બચાવવા મલમપટ્ટો કરતા. મરવાની અણી ઉપર આવેલા માનસે પણ પોતાની ગરદન તલવાર નીચે મેલવાનો નિયમ હતો; પણ તેટલાં જો પ્રેક્ષક તેની ઉપર દયા નહિ કરતા તો તત્કાળ તેનું ગળું છટકાવતા. આ ખેલના મલ્લને "ગ્લેડિએટર" અથવા "ગ્લેડીએટર" કહેતા. આ ખુરી ચાલ બંધ કરવાને એક કારણ મલ્યું. એક સમે આ રમત દરમ્યાન 'એલીમેકસ' નામે વૃદ્ધ શખ્સે વચમાં પડી બધાને તેમના ક્રુર કામોથી હાથ ઉઠાવવા બોધ આપતાં માર્યો ગયો હતો (જુઓ એલીમેકસ); પણ તે વખતે પ્રેક્ષકોનાં મન ઉપર થએલી ઉંડી અસર પછી આ રમત બંધ પડી હતી.

પાછળથી પોતાના હરીફને બેજાવત લગાડવા માટે યૂરપમાં સામસામી તલવારબાજી રમવામાં આવતી હતી. તે તરફ જરા જરા અપમાન થતાં તલવારબાજી અમલમાં લાવતા અને તેથી તેના માટે ખાસ કાયદા બનાવેલા હતા. આ લડત ત્રણ જાતની ત્રણ નામે જાણીતી હતી :—હોલમંગગા, ઇનવીજી અને કરગંગાને નામે ઓળખાતી.

હોલમંગગાની રમત—માત્ર કોઇ ટાપુમાંજ અમલમાં મેલાઇ શકાતી. આ તલવારબાજીમાં ભાગ લેનારાઓના મદદનીસો દસ ચોરસ ફીટ જેટલું કપડું જમીન ઉપર પાથરતા હતા અને ખુંટાથી તેને જડી લેતા. તે ઉપર એક ફુટને તફાવતે તેઓ ૩ જગ્યાએ નિશાની કરતા અને તેની આસપાસ 'હેઝર્ડ' ની ઝાડીની વાડ બાંધતા. તેમાં બરો બહાદુર લડવઇઓ તેજ ગણાતો જે કપડાંની બાહેર પગ નહિ મુકતો અને જો તે નિશાનીની બાહેર કોઇને હટવું પડતું તો તે નામોશી ભર્યુ ગણાતું. જો ચેલેંજ કોઇની મીલકત, દીકરી અથવા ઇનામ માટે કરવામાં આવતું તો લડાઇને વખતે આ કપડા ઉપર લોહીનું પેહેલું ટીપું પડતાજ વાંધાનો નિવેડો આવી જતો, પણ જો લડાઇનો હેતુ તેથી પણ વધારે ગંભીર પ્રકારનાં હોય તો તે બેમાંથી એક માર્યો જતો. અથવા તે નાતવાન થઇ જતો ત્યાંસુધી તે ચાલુ રહેતી. એમાં દરેક લડનારને લડનારનો મદદનીશ પોતાની ઢાળ પકડીને ઉભો રહેતો અને વારે ઘડીએ તે પણ લડાઇ શરૂ થવાની આગાજ હોલમંગગાને લગતા કાનુનો વાંચી જવામાં આવતા, અને જેને ચેલેંજ કરવામાં આવ્યો હોય તેને પેહેલો કટકો લગાવવાનો હક મળતો.

ઇનવીજીની રમતમાં ચોકસ કાયદા મુકરર કરેલા નહોતા, પણ એમાં એક ચેલેંજ કરનાર ટબમાં ઉભો રહી તલવાર લઇ લડતો ત્યારે બાહેરનો માત્ર ડીંગોળું રાખી તે વડે સામો થતો. પણ સ્ત્રી સાથે ચેલેંજ કરતાં પુરૂષને ટબમાં ઉભું રહેવું પડતું, ત્યારે સ્ત્રીને

બાહેર રહી લઢવાનો હક્ક મળ્યા છતાં તેની બાહેમાં પથ્થરા ભરવામાં આવતા હતા. (જુઓ ઇનસીજી)

હાલની રૂઢીએ લઢવાની શરૂઆત ફ્રાન્સમાં ૧૪ મી સદીમાં થઇ. ઈંગલંડમાં તે ૧૫ મી સદીમાં દાખલ થઈ. પણ ઇલીઝાબેથનાં અમલ સુધી તે ઝાઝી જએજ નહોતી. ઇંગલંડ તથા યૂરપનાં બીજા દેશોમાંથી હાલમાં આ રેવાજ તદન નાબુદ કરવામાં આવ્યો છે. માત્ર ફ્રાન્સમાં હજી તેની હસ્તી છે.

તલાક—હિંદુઓમાં તલાક આપવાનો કાયદો હસ્તી ધરાવતો નથી. બુદ્ધિસ્તો ગમે તેવા કારણ માટે તલાક આપી શકે છે. મુસલમાનોમાં સ્ત્રીને તલાક આપવાનું ઘણું સેહેલ છે, પણ એક વેળા તલાક આપી પંચ તરફથી નક્કી કર્યા પછી તે સ્ત્રીને છ માસ સુધી બીજા સાથે પરણવાની બાધ રહે છે; કારણકે તલાક મલ્યા પછી માલમ પડે કે તલાક આપનાર ધણીથી તેણીને ગર્ભ છે તો તે થનાર ફરજંદ તેના ભરતારનો હકદાર વારેસ ગણાય છે. કોઇ શખસે પોતાની સ્ત્રીને તલાક આપી હોય, તેટલાં તે મરણ પામે તો તેની અસકયામત ઉપર તે સ્ત્રીનો હક રહેતો નથી પણ તેટલાં માલમ પડે કે મરનારથી તેને ફરજંદની વૃદ્ધી થવાની આશાના ચિન્હો જણાતાં હોય ને નિયમસર તેણીને ફરજંદ થાય તો તે મરનારની અસકયામતનો વારેસ હરી શકે છે. મેમણ કોમમાં તલાક આપવી હોય તો સ્ત્રીની ઓઢણીના છેડા સાથે રૂ ૧૧ બાંધીદ બાંધી આપી "મેં આજથી તને તલાક આપી છે" એમ કહે કે તે મંજુર કરવામાં આવે છે" અને તેને પંચ તરફથી બહાલ રખાય છે. અને એજ રીતે મુસલમાનોના જૂદા જૂદા વર્ગોમાં ઘણીજ સેહેલાઇથી તલાક આપી શકાય છે.

તલ્લી—તલ્લી નરમ, જલ્દી ભાગી જાય એવી અને ભૂરા રંગની હોય છે. તે ડાબી બાંસળીઓથી ઢંકાયલી છે, તેથી જોકે તે પેટમાં છે તોપણ હાથને તેની કોર પણ માલમ પડતી નથી. તેની બાહેરની બાજુ ગમ ઉપસેલી અને અંદરની બાજુ બાડા-વાળી છે. તેની આગલી કોર હોજરીને અને પાછલી ડાબા ફુફ્ફા સાથે લાગેલી છે. ઉપલા છેડાથી હેઠલા છેડા સુધી તેની લંબાઈ ૫ થી ૫॥ ઇંચની, આગલી કોરથી પાછલી સુધી તેની પોહળાઈ ૩ થી ૪ ઇંચની અને તેની જાડાઈ ૧ થી ૧॥ ઇંચની છે. તેનું વજન ૧૦ થી ૧૫ તોલા સુધીનું થવા જાય છે.

'આવતી બીમારીમાં વખતે તલ્લી એટલી તો મ્હોટી થાય છે કે એક સખત પથ્થર જેવી ગાંઠ પેટમાં ઘણા ખરા ભાગમાં જણાય છે. એવી મોટી તલ્લી ૨૦ થી ૪૦ રતલ વજનમાં પણ થાય છે. વખતે તલ્લી તવાઇને નાહની થઇ જાય છે અને તે એક તોલાથી વધારે ભારી હોતી નથી.'

તલેગાંવ દાભાડે—પુના જીલ્લાનું આ ગામ પુનાની ઉત્તર પશ્ચિમે ૨૦ મૈલ ઉપર છે. વસ્તી ૪૯૦૦ ની હોઈ તેમાં ૪૨૮૨ હિંદુ, ૪૮૫ મોહમેદનો, ૧૨૬ જૈન, ૫ ખ્રિસ્તી ને ૨ પારસી છે. આ ગામ દાભાડે કુટુંબના તાબાનું ગણાય છે. પેશવા બાલાજી વિશ્વ-નાથના સમયમાં ખંડેરાવ દાભાડે ઘણી પ્રસિદ્ધતા પામ્યો હતો, અને તે ૧૭૩૬ માં સેનાપતિના ઓહ્દાપર હતો. ૧૮૧૭ માં આ ગામ બ્રિટીશ સત્તા તળે આવ્યું હતું.

તલોદ—ખાનદેશ જીલ્લાનો તાલુકો. ક્ષેત્રફળ ૧૧૭૭ ચૌરસ મૈલ હોઇ તેમાં વસ્તી ૪૯૭૮૮ ની છે. વસ્તીમાં ૧૦૬૦૧ હિંદુ, ૬૦૨ મોહમેદન અને ૩૮૨૮૫ પરજાત છે. મુખ્ય પાક તેલી બીયાં, ચણા, રૂ વગેરેનો થાય છે.

મુખ્ય શેહેર તલોદે ધૂલીયાની ઉત્તર પશ્ચિમે ૬૨ મૈલ ઉપર, અને ભૂસાવલની પ શ્રમે ૧૦૪ મૈલ ઉપર છે. લોક વસ્તી ૫૬૬૩ ની હોઇ તેમાં ૪૧૫૩ હિંદુ, અને ૩૫૦ મોહ-મેદનો છે. ખાનદેશ જીલ્લામાં ઈમારતી લાકડાનું તલોદે મુખ્ય વેપારી મથક છે. તેમજ ઘાસ, તેલી બીયાં અને ધાન્યનો પણ

બોહોળો વેપાર ચાલે છે. અત્રે ખાનદેશી ઘોડીઓ ૪૦ થી ૫૦ રૂપ્યાની કિંમતે મળે છે.

તવચા—(જુઓ ચામડી.)

તક્ષક—કદુ પુત્ર—એક નાગ. એ ૨૬ નાગ કુળમાંના એક કુળનો અધિપતિ હોઇ, એના કુળમાં જે વંશજો થયા તેમાંથી અઢાર બીજા વંશો નિકળ્યા.

એ શૃંગી ઋષિના શ્રાપ પ્રમાણે પરી-ક્ષિતને ડંસ્યો હતો. એ જ્યારે બ્રાહ્મણને વેશે પોતાને મથકથી હસ્તિનાપુર જતો હતો ત્યારે ધનવંતરી સામો મળ્યો. માર્ગમાં તક્ષકે પુછ્યું " મહારાજ ક્યાં જાઓ છો?" વૈદે કહ્યું કે, " પરિક્ષિતને તક્ષક કડવાનો છે માટે તેનું વિષ ઉતારવાને જાઉં છું." બ્રાહ્મણે કહ્યું કે, "તમારાથી તક્ષકનું વિષ ઉતરશે નહિ." વૈદે જીદ કરતાં બ્રાહ્મણે કહ્યું કે " હુંજ તક્ષક છઉં આ ઝાડને હું બાળી નાખું છું તેને પાછું સજીવન કરે તો પરિ-ક્ષીતને જીવ આપી શકશે." વૈદ તેમ નહિ કરી શકવાથી તક્ષકે તેને ધન આપી પાછો વાળ્યો. પછી તક્ષક હસ્તિનાપુર જઇ એક ફુલમાં કીડા રૂપે ભરાઈ રહ્યો. એ ફુલ એક બ્રાહ્મણે રાજાને આપ્યું એટલે તક્ષક તેને ડંખી પોતાને ઠેકાણે ગયો. જનમેજયે જ્યારે સર્પયજ્ઞ આરંભ્યો ત્યારે તક્ષક ગભરાઇને ઇંદ્રને શરણે જઈ તેના સિંહાસન નીચે ભરાઇ બેઠો. ઘણાંક સાંપ હોમાયા પછી તક્ષકનો મંત્ર ભણવામાં આવ્યો જેથી ઇંદ્રા-સન સાથે તે નીચે આવ્યો. આ વેળાએ તેના સગા આસ્તિકમુની તથા દેવગુરૂ બૃહ-સ્પતિ એઓએ રાજાને સમજાવી તક્ષકને ઉગાર્યો હતો.

તક્ષશિલા—અટકની અગ્નિય દિશાએ સિંધુ અને વિતસ્તા (ઝિયા) આ બે નદી વચ્ચેનું પ્રાચીન કાળમાં પ્રસિદ્ધતા પામેલું શેહેર. આ પ્રસિદ્ધ શેહેરનું સ્થળ આજ સુધી અંજાણ્યું હતું. કારણ પ્લિનિએ જણાવેલું અંતર ભૂલ-ભર્યું છે. પ્લિનીએ પુષ્કલાવતીથી તક્ષશિલા નગરનું અંતર રોમન મૈલ (૬૦) (ઇંગલિશ મૈલ ૫૫) લખેલું છે. એટલે સિંધુની પૂર્વે બે દિવસના માર્ગમાં હસન અબદલ્લાની પશ્ચિમે હારો નદી ઉપર તે હશે એમ જણાય છે. પણ ત્રણે ચીનાઇ મુસાફરોએ એને સિંધુની પૂર્વે ૩ દિવસનાં માર્ગ ઉપર જણાવેલું છે. મોગલ પાદશાહનો સિંધુથી ત્રીજો મુકામ 'કાલકસરાઇ'માં થયો હતો. હાલમાં પણ લશકર તથા વનજારનો ત્રીજો મુકામ અત્રેજ થાય છે. આ ઉપરથી કાલકસરાઇ પાસે કયાંય પણ તક્ષશિલા હોવું જોઇએ. કાલક-સરાઇની દક્ષાન્યે ૧ મૈલ ઉપર શાહધેરી નામે ગામ છે જ્યાં ૫૫ થી વધારે સ્તૂપ, ૨૮ વિહાર, ૯ મંદિર એટલી નિશાનીઓ મને જણાઈ હતી એમ કનિંગહૅમ લખે છે. તે સ્તૂપમાંના બેટો 'માણીકાલ' નાં જાણીતા સ્તૂપ જેટલા હતા. આ ઉપરથી ત્યાંજ તક્ષશિલા હશે. ઓહિંદથી શાહ-ધેરી ૩૬ મૈલ ઉપર છે, અને હસ્ત નગરથી ઓહિંદ ૩૮ મૈલ ઉપર છે. જુમલે ૭૪ મૈલ થાય છે. ત્યારે પલિનીના LX (૬૦) બદલે LXXX (૮૦) પકડીએ એટલે બરાબર થશે.

આ શેહેર માટેનું વર્ણન પુરાણમાં, ગ્રીકોના ગ્રંથોમાં અને બૌદ્ધ ગ્રંથોમાં મળે છે. આ જૂદા જૂદા ગ્રંથોનો આધાર લઇ જો આ શેહેરના નામ વિશે શોધખોળ કરી હોય તો ઘણોજ મતફેર નજરે પડે છે. આ તક્ષશિલા શેહેરની સ્થાપના દશરથના દોહિત્ર એટલે ભરતને માંડવીથી થએલો પુત્ર 'તક્ષ' એણે કરી એમ પુરાણમાં વર્ણન મળે છે. ત્યારે તક્ષ રાજાથી તક્ષશિલા એ નામ પડયું હશે એમ જણાય છે. પુરાણમાં આપેલા વર્ણન મુજબ તક્ષશિલા નામ તક્ષે પોતાનાં નામ ઉપરથી રાખ્યું હતું.

ઉપલી કથાથી જૂદીજ કથા અને નામ પડવાનું કારણ બૌદ્ધ ધાર્મીકો જણાવે છે. તેઓ તક્ષશિલાનું તક્ષશિર (કાપેલું–છાટેલું માથું) એવું રૂપ બનાવી તે નામની ઉત્પતિ

બૌદ્ધનાં ચરિત્ર સાથે જોડે છે. તેઓ જણાવે છે કે બૌદ્ધે પોતાનું માથું કાપી આ ઠેકાણે દાન કર્યું હતું, આથી આ સ્થળને 'તક્ષશિર' એમ નામ મળ્યું. તેમજ કેટલાકો એમ પણ કહે છે કે 'તક્ષશિલા' પાસે 'બાબરખાન' નામે જે વાઘની ગુફા છે તે ઠેકાણે એક ભૂખ્યા વાઘને બૌદ્ધે પોતાનું માથું ખાવા આપ્યું હતું, આથી તક્ષશિર એ નામ આ ગામને મળ્યું. અને જે જગ્યા ઉપર માથું દાનમાં આપ્યું તે સ્થળને 'વ્યાઘ્ર સ્થાન' એ નામ મળ્યું, અને તેનું જ આગળ 'બાબરખાન' એવું રૂપ થયું.

ઉપર જણાવેલું માથું કાપી દાન કરવા ઉપરથી તક્ષશિર એમ જે નામ પડયું એમ બૌદ્ધ પ્રજાનું મત છે તે તદન નિરાધાર છે. કેમકે પૌરાણિક વર્ણન ઉપર લક્ષ નહિ આપીએ તોય પશ્ચિમ તરફનાં જે વિદ્વાનો બૌદ્ધ મત તથા બૌદ્ધ ધર્મો આ દેશમાં પ્રસાર પામવા આગમજ અત્રે મુસાફરી કરી ગયા તેઓએ સુધાં 'તક્ષશિલા' એમ જગેજગ વર્ણેલું છે, તક્ષશિલા એનું તક્ષિલા એવું સંક્ષિપ્ત રૂપ બનાવી એરીયન લખે છે કે "તે હિડાસપસ વિતરતા—બીયા અને સિંધુ એમની વચ્ચે છે, ત્યાંની પ્રજા અત્યંત શ્રીમંત છે," તેમજ સ્ટ્રેબો પણ 'તક્ષિલા' એજ નામ યોજી કહે છે કે "મેં જોયું તે વખતે ત્યાં ભારે વસ્તી હતી." પ્લિન પણ તક્ષિલાજ નામ જણાવી તેની ચઢતીનું વર્ણન કરે છે.

હવે બે નદીના દુઆબ વચ્ચે વસાયલા તક્ષશિલા નગરની રચના ઉપર જણાવેલા વર્ણન મુજબજ હોઇ, જે અર્થે એકેપણ તેને 'તક્ષશિર' અથવા 'તક્ષિલા' એમ કહ્યું નથી, તે અર્થે પૌરાણિક વર્ણન મુજબ 'તક્ષશિલા' એ નામ તે શેહેરનું ઘણું પ્રાચીન હોઇ 'તક્ષશિર' એ નામ બૌદ્ધ પ્રજાએ બૌદ્ધની મ્હોટાઇ વધારવા માટે બનાવ્યું હશે. તે શિવાય તક્ષશિલા નજદીક 'શાહેરી'માંના નાણાઓમાં મી० રૉબર્ટસને એક અતિ પ્રાચીન સિક્કો મળ્યો, તેની ઉપર 'તક્ષશિલા' એવાં ખુલ્લા અક્ષરો લખેલા છે. આથી તક્ષશિલા નામ બૌદ્ધે માથું દાનમાં આપ્યું તેથી પડયું હતું એવું જે બૌદ્ધ પ્રજાનું કહેવું છે તે તદન નાપાયદાર છે.

અલેકઝાન્ડર ધી ગ્રેટ પછી ૫૦ વર્ષે તક્ષશિલાની પ્રજાએ મગધ રાજા બિંદુસારની સામે બંડ કર્યું. તેણે પોતાના મોટા કુંવરને બંદોબસ્ત માટે મોકલ્યો પણ બંદોબસ્ત થયો નહિ, આથી બીજા કુંવર 'અશોક'ને મોકલ્યો, જેણે બંદોબસ્ત કર્યો હતો. અશોક ગાદીપર બેઠો ત્યારે તક્ષશિલામાં ૯,००,००,००० ની દોલત હતી. એટલી સુના મોહોર હોય તો તેની કિંમત ૧,૩૫,००,००,००० રૂપીયાની અંકાય. અશોક પોતાનાં પિતાના રાજ્ય અમલમાં અત્રે પ્રતિનિધી તરીકે હતો અને તે પછી અશોક રાજા થતાં તેનો પુત્ર અત્રેનો પ્રતિનિધી થયો.

૪૦ સ० પૂર્વે ૨०० ને સુમારે મૌર્ય રાજાનાં વંશજોનો 'બાકત્રીયા'માંના ગ્રીકો સાથે કલહ થયો, તે વેળા ગ્રીકોનો રાજા 'અંથિઉમિસ'નો બેટો 'ડિમેટ્રિઅસ' એ હતો પછી તરતજ તક્ષશિલા એ યૂક્રેટાયડિસનો હિંદુસ્તાનમાંના રાજ્યનો ભાગ થયો. ૪० સ० પૂર્વે ૧૨૬ માં તે ગ્રીકો પાસેથી ધંડોસિથી-અન રાજા 'મૂસ' અથવા 'અબાટ' એણે લીધું. તેમની પાસે તે ૭૫ વર્ષ રહ્યું, પછી તેમની પાસેથી 'કુશાન' જાતનાં 'કાનિષ્ક' નામે ઈંડોસિથિઅન રાજાએ લીધું. આ વેળા તક્ષશિલામાં તેનો છત્રપ હશે, અને પેશાવર એ પાયતખત હશે એમ જણાય છે. આ છત્રપોના અનેક સિક્કા વગેરે જડયા છે. તેમાં તક્ષશિલા એવે નામનું એક તામ્રપટ જડયું છે. તક્ષશિલાનું 'તખશિલા' એવું "પાલીરૂપ બની તેમાંથી ગ્રીકોનું 'તાકસિલા' એ બન્યું.

૪૦ સ० ૪०० માં 'ફાહિઆન' અત્રે આવ્યો હતો. તેણે લખેલું છે કે બૌદ્ધે પોતાનું માથું અત્રે એક ભૂખ્યા વાઘને દાન કર્યું હતું; તે ઉપરથી શેહેરનું નામ 'તક્ષ-

શીર' પડયું. તેણે આ શેહેરનું બીજું નામ 'ચ્યુતશિર' લખેલું છે. ૪૦ સ० ૫०૨ માં સંગયૂન પણ એવીજ કથા લખે છે. હ્યૂએન ૬૩૦ તથા ૬૪૩ માં અત્રે બે વેળા આવી ગયો હતો. તે લખે છે કે આ શેહેરનો ઘેરાવો ૧૦ લી (૧૬૨ મૈલ) નો હતો. ત્યાં રાજા નહોતો, પણ તે કાશમિરના રાજાને તાબે હતું; અને તે પેહેલાં 'કાપિસ' નાં તાબામાં હતું. જમીન ફળદ્રુપ હતી અને તેમાં અનેક ઝરા વહેતા હતા. વિહાર ઘણાં પણ ઘણાખરા ભાગી તુટી હાલતમાં હતા, અને થોડાક જતીઓ 'મહાયાન' નો અભ્યાસ ત્યાં કરતા હતા. શેહેરથી બે મૈલ ઉપર અશોકનો સ્તૂપ હતો. આ સ્તૂપ બુદ્ધે શીરદાન કર્યું ત્યાં બાંધ્યો હતો (બૌદ્ધે આગળ ૧૦૦૦ અવતારમાં અત્રે ૧૦૦૦ વખત માથું દાન આપ્યું હતું એમ કેટલાકો જણાવે છે.) વાયવ્ય હિંદુસ્તાનમાંજ ૪ સ્તૂપ અતિ પ્રસિદ્ધ હતા, તેમાંનોજ તે એક હતો. આ શેહેર બૌદ્ધની કથાને લીધે જણીતું હોવાથી હ્યૂએન થસાંગ અત્રે બે પ્રસંગે આવ્યો હતો.

શહાધેરીમાંના ખંડીયરો ઉત્તર દક્ષિણે ૩ મૈલ અને પૂર્વ પશ્ચિમ બે મૈલ પસરેલાં છે. તેથી પણ છેટે તે બધેબધ પસરેલું છે; પણ અસલ શેહેર એટલુંજ હશે. એના જૂદા જૂદા ભાગો છે, જેના હાલમાં પણ જૂદા જૂદા નામો છે. સામાન્ય રીતે દક્ષિણે અને નૈઋત્ય તરફથી ઇશાન્ય ઉત્તર તરફ છે, તેજ ક્રમે દક્ષિણ તરફથી જોતાં આ ભાગનાં નામો હાલમાં નીચે મુજબ છે.

૧—બી અથવા શીર. ૨—હતીયાલ. ૩—સિરકાપકા કોટ. ૪—કચ્યાકોટ ૫—બાબાખાનાં. ૬—સીરસુક કોટ.

બીરગામડું = જે ટેકડાપર છે તે દક્ષિણે ૧૨૪ હજાર ફીટ અને પૂર્વ પશ્ચિમ ૨૬૦૦ ફીટ છે. તે સર્વેમાં જુનો એમ લોકો સમજે છે. તેની પશ્ચિમે શહાધેરી ગામડું છે. પૂર્વે લાલ નાળું છે બીજા ભાગો કરતાં અત્રે જુના સિક્કા પુશકળ મળે છે.

હતિયાલા—એ બીરની ઇશાન્યે લાલ નાળાવાળીની બીજી તરફ કિલ્લા જેવી જગ્યા છે. તેમાં ૧૫ ફીટના જડાઇની પથ્થરની ભીંત છે. તેની વચ્ચે વચ્ચે ચોખુણાકાર બુરજો છે, જે હાલમાં સારી સ્થિતિમાં છે. માહેલી એકંદર જગ્યા ૨००० ફીટ લાંબી અને ૧००० ફીટ પોહળી છે.

સિરકાપકા કોટ—હતીયારની ઉત્તરે મ્હોટા સપાટ ટેકડા ઉપર છે. એની પથ્થરની ભીંત ૧૫ ફીટ જાડી ને ૨ ૬૨ મૈલ ઘેરાવામાં છે. સઘળા ભાગ કરતાં આ જગ્યા મજબૂત ને બંદોબસ્ત ધરાવનારી છે.

કચ્યાકોટ—ઉપલાની ઉત્તરે તે મોટાડીનો છે. દેવાલ ૩० થી ૫० ફીટ ઉંચો છે.

બાબરખાનની જગ્યા ઉપલી જગ્યાની બીજી ગમ છે. ઉત્તરે લુંડી નાળું છે. તેમાં ઘણાક સ્તૂપ પડેલાં છે. 'હારિઆલ' અને 'સિરકાપ' માંથી એક માર્ગ નિકળી તે લુંડીના કાંડાપર સ્તૂપ તરફ વધે છે. તેજ અશોકે બાંધેલો સ્તૂપ હશે.

સીરસુકનો કોટ—બાબરખાનની ઇશાન્યે લુંડીની બીજી ગમી છે. તેની ભીંતો ૪ ખુણાકાર પથ્થરની ૧૮ ફીટ ઉંચાઇની છે. માહે હાલમાં ૩ ગામડાં છે. એની પશ્ચિમે અર્ધા માઇલ ઉપર ૨००० ફીટ લંબાઇની મોટાડીની ભીંત છે, અને બીજી ૩૫०० ફીટ લાંબી હાલમાં જણાય છે. 'સીરસુક' નો ઘેરાવો બાહેરનાં બાંધકામ સુધાં ૫ મૈલનો છે. આ રીતે ૬ ચૌરસ મૈલ પ્રદેશમાં જૂદા જૂદા ખંડીયરો છે. એના જેવું પુરાતમ બાંધકામ પંજાબમાં બીજે કયે નથી.

સર્વ રીતે જોતાં સિંધુ અને બેહાતની વચમાં એરીયને સર્વથી મ્હોટું લખેલું શેહેર તક્ષશિલા એજ છે. સ્ટ્રેબો અને હ્યૂએન એને અતિ ફળદ્રુપ શેહેર જણાવી ગયા છે. આ વર્ણન લાલ નાળાની ઉત્તર બાજુને લાગુ પડે છે. તેમાં હારો નદીની નેહેર કાઢવામાં આવી છે. ૧૮૩૨ માં બરનસ અત્રે ઉતર્યો હતો. તે જણાવે છે કે 'શાહાધેરી' ગામડું

એક બીજાનાં મુખપ સે મેદાનમાં વસાયલું છે.એ સ્ટ્રેબો તથા પ્લિનીનાં વર્ણનને મળતું છે.

તક્ષશિલા પ્રાંતનો ઘેરાવો લ્યૂએને ૩૩૩ મૈલ લખેલો છે. પશ્ચિમે સિંધુ, ઉત્તરે ઉરસ પ્રાંત, પૂર્વે ઝેલમ નદી અને દક્ષિણે સિન્હાપુર પ્રાંત. એટલે સિંધુ અને ઝેલમ તરફની બાજુ અનુક્રમે ૮૦ તથા ૫૦ મૈલ લાંબી અને ઉત્તર દક્ષિણ બાજુ અનુક્રમે ૬૦ અને ૧૨૦ મૈલ હશે. એટલે ૩૧૦ મૈલનો ઘેરાવો થયો. જે હ્યુએનની ગણત્રીને મળતુંજ છે.

તળગઢ અથવા તળેગઢ—આ પાહાડી કિલ્લો સમુદ્ર સપાટીથી ૧૦૦૦ ફીટ ઉપર અને તળે ગામથી ૪૦૦ ફીટ ઉંચાઇ ઉપર દેવનો અથવા ભૂરા પર્વતનાં પૂર્વશિખર ઉપર છે. કિલ્લાના તળીયામાં સર્વ બાજુથી ચઢણ ઘણી સેહેલ છે, પણ છેક ઉપરની ચઢણ ઉંચી હોવાથી ત્યાં ચઢવા મુશકેલી પડે છે. એનો દરવાજો અગ્નિયદિશાએ છે, અને ઉપર જવાનો માર્ગ તળે ગામના પૂર્વ તરફથી છે. ઉપર ચઢતાં વચમાં એક પોલીસ ચોકી અને રાજપુરીના મહાલકરીની કચેરી મળે છે. આ કચેરીની બાહેર ૧૬ તોપો છે, અને ઉપરની બાજુએ એક મસજીદ છે. કિલ્લાને ત્રણ દેવાલો છે અને દરવાજા ઉપર બે બુરજો છે. કિલ્લાના દરવાજાને હનુમાન દરવાજો કહે છે. દરવાજાની અંદર મોટી ટાંકી હોઇ તેમાં પુંશકળ પાણી છે. કિલ્લાની લંબાઇ ૪૦૦ યાર્ડ અને પોહળાઇ ૩૦ યાર્ડની છે. માહે સરકારી કચેરી, મસજીદ, અડકમાંથી કોતરેલી અનેક ઓરડી, ધાન્યનાં કોઠાર, ભોંયરાં, પાણીના ટાંકા, રત્નાગર મહાદેવનું મંદિર વગેરે જોવાજોગ છે.

ઇ૰ સ૰ ૧૬૪૮ માં આ કિલ્લો શિવાજીએ વિજાપુરકર પાસેથી લીધો હતો. ૪૰ સ૰ ૧૬૫૯ માં જંજીરાના શિદ્દીએ આ કિલ્લા ઉપર ઘેરો નાખ્યો હતો, પણ શિવાજીએ અફઝુલખાનને મારી વિજાપૂરના લશકરને હરાવી મેલતાં શિદ્દી નહાશી ગયો હતો; પણ શિવાજીના મોત પછી શિદ્દીએ જીતી લીધો હતો. ૧૭૩૫ માં ફરી બાજીરાવ પેશવાએ જીતી લીધો અને પછી શિદ્દી અને મરાહાઓ વચ્ચે જે કરાર થયા તેમાં મરાહાઓ પાસેજ રહ્યો. ૧૮૧૮ માં બ્રોથરે જીતી લીધો હતો. તેણે માણગાંવ તાલુકામાંના ઈંદાપૂર નામના ગામથી કેપ્ટન રોઝ અને મેજર મૂર આ બે સરદાર સાથે સૈન્ય આપી તેમને આ કિલ્લો જીતવા મોકલ્યા. તેઓએ કિલ્લો જીતી કિલ્લેદારને કેદ કર્યો હતો.

તાઇ—આ પ્રજા પુરાણી બિદુઈન આરબોની વંશજ હોઇ તેઓ 'બેદાલ' પાસે વસે છે. તેઓ યામિનથી તાઇગ્રીસ તરફ આવેલા છે. તેઓ ઢોરો ઉછેરવાનો મુખ્ય ધંધો કરે છે, અને બકરાનું ઉન કાપીને મોસલ તરફ જઇ વેચવાનો વેપાર ચલાવે છે. એના ટોળાનો એક આગલો વડવો 'હતિમ' પોતાની સખાવત તથા તવંગરી માટે પ્રસિદ્ધ થઇ ગયો છે. તેનો બેટો 'અદી' હજરત મહમદનો એક ચુસ્ત મિત્ર અને તેના ધર્મનો રક્ષણકર્તા થયો હતો.

કાઠીયાવાડ તથા ગુજરાતમાં આ પ્રજા વસે છે. ગૂજરાતમાં તેઓ કેટલાક હજાર વર્ષ ઉપરથી સિંધથી આવેલા ને બીજા હિંદુ વટલેલા તાઇછે. અસલ તેઓ હિંદુ હતા પણ અમદાવાદમાં બસલામી રાજ્ય થતાં તેઓ વટલ્યા હતા. એમનો મોટો ભાગ ઘોરાજી, નવાનગર, બ્રાંગધરા વગેરે ગામોમાં વસે છે. તેઓ ઘરમાં ગુજરાતી તથા ઉર્દુ બોલે છે, વલસાડના તાઇ પોતાને આરબ ઓલાદના કહે છે ને તેઓનો પેહેરવેશ બીજા તાઇથી જૂદો છે. કસબાઓમાં બૈરાંનો પેહેરવેશ મુસલમાની ને ગામડામાં હિંદુના જેવો છે. એઓ સૂની પંથ પાળે છે.

તાઇગ્રીસ—એશિઆટિક તુર્કસ્તાનમાંની આ મોટી નદી કુર્દીસ્તાનના પર્વતમાં ગોલજીકનાં સરોવરની દક્ષિણુમાંથી નિકળી યૂફ્રેટીસનાં પૂર્વ ભાગમાંથી ૧૧૫૰ મૈલ દક્ષિણ પૂર્વે વહેતી કુર્ના પાસે વળી એ યૂફ્રેટીસને પરશિઅન આખાતથી ૯૦ મૈલ ઉપર મળે છે.

એને કાંઠે દયરેબિકાર, મોસલ અને બગદાદ જેવા જાણીતાં શેહેરો છે.

તાઇગ્રિજ—આ ઇરાનમાંનું શેહેર આજરબિજન પ્રાંતનું પાયતખત, ઉરમિયા સરોવરની પૂર્વે ૪૰ મૈલ ઉપર છે. કમુદ મસજીદ અથવા બલુ મસજીદ (ઇ. સ. ૧૪૫૰) આ શેહેરમાં એક જાણીતું બાંધકામનું બંડિયર જોવા જોગ છે. આ મસજીદ ધર્તિકંપથી પાયમાલ થઇ હતી. અત્રે ચામડાં કેળવવાનાં, રેસમ અને સુતાં ચાંદીની કારીગરીનાં કારખાનાં છે. અત્રેનો આયાત વેપાર રૂ, ખાંડ, ઉનનું કાપડ અને દારૂ તથા અરકનો છે, તથા નિકાશ વેપાર વનઔષધી, ગરમ મસાલો, સૂકી ફરૂટ, શાલ, ગલીચા અને કાચાં રેસમનો છે. કાળો સમુદ્ર અને કાસપિયન વચ્ચે રશિયન રેલ્વે ચાલુ થવાથી તાઇગ્રીજનાં વેપારને ધોકો પોંહચ્યો છે. લોક વસ્તી ૧૭૦૦૦૦ ની છે. અત્રે ટેલિગ્રાફની એક લાઇન નખાયલી છે.

તાકોમા—વૉશિંગટનના રાજ્યનું આ બીજું શેહેર પોર્ટલેંડની ઉત્તરે રેલ માર્ગે ૧૪૫ મૈલ ઉપર છે. ૧૮૮૦ માં આ શેહેર ગામડાંની સ્થિતિમાં હતું પણ ૧૮૯૰ માં એ ચઢતી કળાએ પોંહોંચ્યું હતું. દશ વર્ષની મુદતમાં આ શેહેરમાં મોટા સુધારા થઇ ટ્રેમ, ગૅસ, વિજળિક રોશનીનાં કારખાના અને મીલો ચાલુ થઇ હતી. તે પછી અત્રે તહેંવાર ઉદ્યોગ દૂનરનાં કારખાનાં સ્થાપન થયાં હતાં. આ શેહેરની આસપાસની ભૂમિમાંથી મળતા લોઢું, કોલસો, કિમતી ધાતુઓ અને ફરૂટ, ઉદ્ભિજ વગેરેની સારી ઉત્પંતિ થાય છે. જેપાન સાથે આ શેહેર ચાહેનો વેપાર સિધો ચલાવે છે. ૧૮૮૰ માં વસ્તી ૧૦૯૮ ની ને ૧૮૯૰ માં ૩૬૰૰૬ ની હતી.

તાંગીર—(અરેબીક તાંજા.) મોરક્કોનું આ જાણીતું હવા ખાવાનું મથક જીબરાલટરની દક્ષિણ પશ્ચિમે ૩૮ મૈલ ઉપર છે. આ એક નાહનું ગામ બે તેકડીઓ ઉપર છે. અત્રે વાહાણો બાંધવાનો ઉદ્યોગ સારો ચાલે છે. ૧૪૭૧ માં આ શેહેર પોર્તુગીજોએ જીતી લીધું હતું, પણ બીજા ચાર્લસને ૧૬૮૩ માં કેથેરાઇન ઑવ બારગાન્ઝાના લગનની રીતમાં બક્ષિસ આપવામાં આવ્યું હતું. અત્રે કોલસો મળે છે. વસ્તી ૨૦૦૰૰ ની છે. પ્રજાનો મુખ્ય ભાગ મુરીશ અને જયૂ કોમનો છે.

તાજ—પાદશાહી તાજ વિષેનો ઇસારો ઇરાનની તવારીખમાં પેહેલ વેહેલો મળે છે. પાદશાહ જમશેદના પ્રાચીન જમાનામાં એ પાદશાહે પ્રથમ સોનેરી તાજ માથે મેલેલું જણાવવામાં આવે છે, અને ઈરાનની પ્રાચીન તવારીખમાં પણ પાદશાહી કરી ગએલા રાજ્યકર્તાઓ તાજ પેહેરવાનો મોહોત્સવ મોટી ધામધૂમથી પાળતા હતા એવું ઇતિહાસમાં જણાવવામાં આવે છે. આ તાજ માહેલો ટોપ કિમતી ધાતુનો હોઇ તેની આસપાસ રેશમી પટો લપેટતા હતા.

યાહુદી લોકોનાં અસલ ધર્મ પુસ્તકમાં પણ તાજ વિષેનો ઇસારો મળે છે. તે ઉપરથી દિસે છે કે ઘણા આગલા વખતથી પાદશાહો તાજ પેહેરતા હતા. રૂમ શેહેરમાં 'ટારકુવિન' નામના પાદશાહે ઇ૰ સ૰ પૂર્વે ૬૧૬ માં પેહેલ વેહેલું તાજ પેહેરીયું હતું. ઈંગલંડમાં તાજ પેહેરનાર પેહેલો પાદશાહ ઍાલફ્રેડ હતો. પાદરીઓ ૪૰ સ૰ ૧૦૫૩ માં તાજ પેહેરવા લાગ્યા. જૂદા જૂદા દેશના તાજ જૂદી જૂદી ઢપના બનાવવામાં આવે છે, અને આગલા વખતના તાજ હાલના તાજથી જૂદી તરેહનાં હતા. ઍાલફ્રેડનાં તાજને બે ચંગ બાંધવામાં આવતા હતા.પેહેલો વિલીયમ રાજા ટોપી તથા તાજ પેહેરતો હતો. ૧૬૬૰ માં બીજા ચાર્લસ રાજાને માટે બનાવેલું તાજ ઈંગલંડમાં સહુથી જુનામાંજુનું ગણાયું છે. ૧૩૮૬ માં બીજા રીચર્ડ રાજાએ ઈંગલંડનું તાજ રૂ૰ ૨૦૦૰૰ માં ગીરવી મેલ્યું હતું.

સિક્કાઓ ઉપરની પાડેલી આકૃતિઓ ઉપરથી માલમ પડે છે કે અસલના જમાનામાં બ્રિટીશ રાજાઓ તાજ તરીકે દાણાનો

હાર માથે વિટાળતા હતા. તેમજ પુરાણા દસ્તાવેજો ઉપરથી જણાય છે કે સત્તાની ધધાણી તરીકે માથા ઉપર કાંઇ નરમ ચીજનું બનાવેલું ઘરેણું મેલવામાં આવતું હતું.

મહાન અલેકઝાન્ડરે એક તાજ પેહેરીયું હતું, જે તેણે પોતાના દોસ્તને થએલા જખમ ઉપર વટીક વિંટાળ્યું હતું.

લગભગ દસમી સદીના સુમારે ઈંગલંડના રાજાઓમાં નરમ ચીજનું બનાવેલું તાજ પેહેરવાનો રેવાજ છોડી દઇ નક્કર ધાતુનું બનાવેલું તાજ પેહેરવાની શરૂઆત થએલી માલમ પડે છે. લેહાઇની વખતે પદ્વિ સર્વેને ખુલ્લી રીતે માલમ પડી આવે તેવી ઇચ્છા તેઓ રાખતા હોવાથી તેઓએ ઉપલો ફેરફાર કર્યો હતો. એક ટોપી ઉપર દાણાની સાંકળી અથવા કોઇ નરમ ચીજનું બનાવેલું તાજ કાંઇ બરાબર શોભે નહિ, તેમજ તેવું તાજ લાંબો વખત ટકી શકે નહિ. જેથી 'હેંડિલ-રતન' રાજાના પેનીના સિક્કા ઉપર જોતાં જણાય છે કે તેની ટોપીની ઉભી કોર ઉપર ત્રણ મોતીના દાણા સાથની એક નક્કર ચીજનું બનાવેલું તાજ કોતરવામાં આવ્યું છે. હેંડિલરતનના વખત પછી ઇંગ્રેજ તાજના ઘાટમાં થએલો ફેરફાર ઇતિહાસ ઉપરથી જણાય છે. હેંડિલ્તન રાજા પછીનું બીજું તાજ જેમાં કાંઇક સુધારો વધારો થએલો માલમ પડે છે તે, પેહેલા વિલ્યમ રાજાના મોટા સીલઉપર કોતરેલું માલમ પડે છે.

આ તાજમાં હેંડિલરતનના તાજની માફક છુટાછુટા મોતી મુકેલાં માલમ પડતાં નથી, પણ તેને બદલે ત્રણ ત્રણ મોતીનો અકેક ઝુમખો માલમ પડે છે. આજ ગોઠવણ ઉપરથીજ હાલનું તાજ ત્રીકોણાકારનું રૂપ પકડે છે. હાલનાં બ્રિટીશ તાજને મળતો આવતો ઘાટ ૧ લા હેન્રિના મોટા સીલઉપર કોતરેલો જોવામાં આવે છે.

તાજક—આ ધરાની પ્રજા બોખારાના બનાતમાં અને બદખશાન તથા બોકંદ, બીવા, ચીનાઈ રાજ્ય અને અફઘાનિસ્તાનમાં વસે છે. આ પ્રજા ઉપર ઉઝબેગ, હજારા, અફઘાની અને બરબુથનો અમલ હતો, અને તેઓ તૂર્ક, બરબૂથ, પસ્તૂ અને બલુચી ભાષા બોલે છે, છતાં તેમની ચાલુ ભાષા ફારસી છે. ઇરાનમાં આ પ્રજા બેહુદ તરીકે કામ કરે છે. ઑકસસ કાંઠે ઉઝબેગ તરીકે જાણીતી છે. અફઘાનિસ્તાનમાં તેઓ અફઘાન અથવા હજારા તરીકે જણાયલા છે. બોખારામાં તેઓ સરાત; અફઘાનિસ્તાનમાં દેહગાન, બલુચિસ્તાનમાં દેહવાર; કાશુલમાં કાશુલી એવે નામે જાણીતા છે. સિસ્તાનમાં તેમની મોટી વસ્તી હોઇ ત્યાં માછી મારનો ધંધો કરે છે. બદખશાનમાં વસતા તાજકો ચિત્રાલી જેવા દેખાવળા હોતા નથી, પણ ચાલચલણમાં સેહેજ જંગલી હોઈ પહાડી કઢણો તથા ગામ બાહેર વસે છે. બોખારામાં સર્વ મ્હોટી સત્તા તાજકોને હાથે છે.

તાજમેહેલ—આ જગપ્રસિદ્ધ મેહેલ આગ્રા શેહેરથી ૩ મૈલ ઉપર યમુના નદીને કાંઠે છે. આ મેહેલને પાદશાહા શહાજહાને પોતાની બાનુ અર્જમંદ બેગમની યાદગારીમાં બંધાવ્યો હતો. તાજમેહેલનો પ્રથમ નકાશો બનાવનાર બોસ્ચેા આસ્તિન નામે એક ફ્રેન્ચ શિલ્પ શાસ્ત્રી હતો, અને તેનીજ દેખરેખ તથા કલ્પના ઉપરથી આ તાજમેહેલ ૩,૧૭,૪૮૦૨૬ રૂપીયાને ખરચે બાવીસ વર્ષની મેહેનત પછી બંધાઇ તૈયાર થયો હતો. તાજમેહેલના બાંધકામ ઉપર દરરોજ ૨૦,૦૦૦ માનસોને કામે રોકવામાં આવ્યા હતા.

આ મેહેલમાં દાખલ થતાં ૧૩૫ ફીટની ઉંચાઇનો એક ગંજાવર દરવાજો મળે છે. આ દરવાજાનાં બારણા બાહેરથી ત્રાંબાના પત્રાનાં ને બાહેથી લાકડાનાં છે. આ તાજ અને દરવાજા વચ્ચે એક ચર જેવો લાંબો મોટો તલાવ છે, જેની અંદર તાજનો પડછાયો પડે છે. આ તલાવમાં ૨૫ ફુવારા આગળ અને ૩૦ ફુવારા પાછળ ઉડે છે. આ તાજ આસરે ૩.૫૦,૦૦,૦૦૦ ને ખરચે બંધાયો હતો. ઉપર ચઢતાં જે

દાદર મળે છે તે ૮ ફીટ પોહોળો છે અને દરેક ફાંદીયું નક્કર આરસ પાહાણનું છે. આ તાજની ઉપલી આગાસી ઉપર ૪ ઉંચા મીનારા છે. આ તાજનાં દરવાજા ઉપર ૩ બાજુએ 'તોગરા' બાષામાં કુરાનનાં લેખો છે. માંહે દાખલ થતાં આ સંગેમરમરની બીંતો ઉપર ઉંચા કિંમતી પથરો જેવા કે ગેત, ફીરોજ, સુલેમાની, અકીક, દાનેહર રંગ અને કાળા સંગમરમરના ફુલપાનો કોતરેલાં છે. દરવાજામાંથી અંદર દાખલ થતાં એક મ્હોટો સુખડનો બનાવેલો દરવાજો આવે છે, જેની અંદર કાચો જડેલાં છે. મેહેલની વચમાંના ઓરડામાં શાહાજાહાન અને તેની રાણી મુમતાજમહાલની આરસપહાણની કબરો છે. શાહજહાનની ઘોરના ઉપલા ભાગ ઉપર એક સંગેમરમરનો પથરો છે કે જે ઉપરથી તે સરહદની ઘોર તરીકે ઓળખાય છે. આ હૉલમાં અવાજનો પડઘા સ્પષ્ટ ઉઠે છે. ઘોરની આસપાસ સંગેમરમરની જાલીમાં કિમતી નંગો છે. આ પરદા ઉપરનાં ફુલો ઇતાલીયન કારીગરોએ રંગેલા છે. બોંયરામાંની ઘોરો જોવાજોગ છે. તેમાંની એક બિળા આરસપાહાણની હોઇ તેની ઉપર અગાઉ કિમતી હીરા જડેલા હતા, પણ ભરતપૂરના રાજાની સત્તામાં તે કાઢી લેવામાં આવ્યા હતા. તાજની આસપાસ બીજા આરસ પાહાણના ૮ ઓરડા છે, કે જેમાં શહાજહાનનાં બીજા સગાંઓની ઘોરો છે.

તાજક—જ્યોતિષ શાસ્ત્ર મુજબ કોઇનાં જન્મ કાળે જેટલો રવી હોય તેટલોજ દર વર્ષે કેટલો થશે, ત્યારે એટલે સૈારમાને તે મનુષ્યની ઉમરનું કોઇપણ એક વર્ષ પૂર્ણ થઇ બીજું બેસસે ત્યારે જે 'લગ્ન' અને 'ગ્રહસ્થિતિ' હોય તે ઉપરથી તે વર્ષમાં તે મનુષ્યને થનાર દુખ સુખનો બોલાસો કરે છે તેને તાજક કહે છે.

"દૈવજ્ઞાલંકૃતિ" નામનો તેજસિંહ કૃત એક તાજક ગ્રંથ છે, તે ૪૦ સ૦ ૧૩૦૦ નાં સુમારે રચાયલો છે. એમ ડૉ૦ ભાંડારકર જણાવે છે, સમરસિંહકૃત 'તાજક તંત્રસાર' નામે ગ્રંથ છે તેની એક પ્રત 'ડેકન કૉલેજ'ના સંગ્રહાલયમાં છે જે સંવંત ૧૪૯૧ (શકે ૧૩૫૬) માં લખાયલી છે; આ ઉપરથી તે ઘણા વર્ષ આગમજનો લખાયલો ગ્રંથ હોવો જોઇએ. આ ઉપરથી જણાય છે કે શકે ૧૨૦૦ ની આગમજ એટલે મુસલમાની રાજ્ય આ દેશમાં સ્થાપન થયા પછી તાજક પદ્ધતિ હિંદમાં શરૂ થએલી હશે. ઘણાંક ગ્રંથોમાં તાજકનું 'તાર્તિયક' એવું સંસ્કૃત રૂપ થયું છે, પણ તે તાજક ઉપરથીજ બનેલો શબ્દ છે.

તાજકની શાખા મુસલમાનોથી શરૂ થઇ; એનો અર્થ એવો છે કે વર્ષ પ્રવેશ કાળે જે લગ્ન હોય તે એટલે વર્ષ લગ્ન ઉપરથી ફળ કાઢવું એ કલ્પના અને તે સંબંધી કાંઇક સંજ્ઞા મુસલમાનો પાસેથી શિખવામાં આવી. લગ્ન કુંડલી અને તેના ફળનો નિયમ એ જાતનાં પ્રમાણેજ ઘણાખરાં તાજકમાં છે, અને તે મૂળનું સંસ્કૃતમાંનુંજ છે, તાજક સંબંધી સંસ્કૃત ગ્રંથો શકે ૧૪૪૫, ૧૫૦૯, ૧૫૪૪, ૧૫૪૪, ૧૫૫૫, ૧૫૭૧ અને ૧૬૬૦ માં છપાયલાં છે, જેના લખનાર તરીકે મલ્લારી, વિશ્વનાથ, હરિભટ્ટ, ગોવિંદ, બાલકૃષ્ણ વગેરે તાજક ગ્રંથકારો થઇ ગયા છે.

તાટકા—સુકેતુ નામે યક્ષની કન્યા. એ બળવાન અને જંભ પુત્ર સુંદની સ્ત્રી હતી, એને તેનાથી મરિચ અને બાહુ એવા બે પુત્રો થયાં હતા. 'સુદાએ' અગસત્યઋષિનો અપરાધ કર્યાથી તે તેના કોપથી બળી મુવો; આથી એ પોતાનાં બે પુત્રો સાથે 'મલદ' અને 'કરૂપક' દેશ પાસે જઇ વસી, અને ત્યાં ઋષિને પીડવા માંડયા. આથી થોડા વખતમાં બેઉ દેશોનો નાશ થઈ ત્યાં મોટું અરણ્ય થયું, તેજ અરણ્ય પાસે વિશ્વામિત્ર ઋષિ રહેતા હતા તેમને પણ એ પિડા આપવા માંડી, તેના દરેક હોમમાં ભંગ પાડતી. આથી વિશ્વામિત્રે અયોધ્યા જઈ રામ

લક્ષ્મણને પોતાની સાથે લાવી તાટકાનો વધ કરાવ્યો. તે પછી યજ્ઞકાળે સુબાહુ માર્યો ગયો, અને રામના હુકમથી મારીચ લંકે જઇ રહ્યો.

તાડ-વૃક્ષ—આ વૃક્ષને સંસ્કૃતમાં તાલ, તૃણરાજ, મહોન્નત અને લેખપત્ર; હિંદ, બંગાલી તથા ફારસીમાં તાલ, તામીલમાં પનઇમમ્, અરબીમાં તાર અને ઇંગ્રેજીમાં પામ કહે છે.

તાડવૃક્ષ ઘણું ઉંચું હોય છે. એ થુંદ પાસે જાડું હોઇ છેડા ઉપર પતળું વધે છે. હિંદુસ્તાનમાંના સર્વ ઉષ્ણ ભાગમાં, બંગાલ ઇલાકામાંના ગરમ ભાગથી પણ છેક દૂરવેર, અને વાયવ્ય તરફ દક્ષિણ તરફનાં ભાગમાં તાડવૃક્ષ જણાય છે. કુમળાં થુંદ ઉપર સુકાયલાં પાંદડા હોય છે અને જુના થુંદ ઉપર તે પાંદડાનાં છેડા ગળી પડી કાળી લાંબી અને પોલાણી નિશાની હોય છે. ઉત્તર હિંદુસ્તાનમાં મુખ્ય કરી તલાવ પાસેની જમીન ઉપર તાડ ઉગે છે, પણ બંગાલમાં નારીએળી તથા ખજુરીનાં જંગલમાં એનાં ઝાડ અછી રીતે વધેલાં જણાય છે. મી૦ 'બ્રાંડિ'નાં કહેવા મુજબ ઇરાનના અખાતની એઉ બાજુએ તાડવૃક્ષની ઘણા જણાય છે. તેમજ 'ગ્રેામ' સિલેાન, અને ઇંડીયન આર્ચિપેલેગેામાં તાડનાં ઝાડો છે.

આ ઝાડના દરેક ભાગનો તરેહવાર રીતે કામમાં ઉપયેાગ થાય છે. તાડવૃક્ષ ૮૦૦ રીતે ઉપયેાગમાં આવે છે એમ એક તામીલ કવિ જણાવે છે.* સિલેાનમાં રેહરનાર મી૦ રૉબર્ટ એા૦ ડી૦ ઑસબરીએ ઇ૦ સ૦ ૧૮૮૪ ના જુન માસના 'ધી ટ્રોપિકલ એગરિકલચરિસ્ટ' માં એના ૮૦૦ ઉપયેાગમાંથી ઘણા મહત્વનાં ઉપયેાગની યાદી આપેલી છે, અને તેમાં તેણે એના ૭ ભાગ કરેલા છે.

ભાગ ૧ લેા—લાકડાનાં વાસનેા; ભાગ ૨—જે—અનાજને જગે તેનેા ઉપયેાગ; ભાગ ૩ જે—તંતુ; ભાગ ૫ મેા નિશાળમાં ઉપયેાગી પડનાર અને રમવાની જણસેા; ભાગ ૬ ઠેા—તાડી કાઢવાના વાસનેા; ભાગ ૭ મેા—તરેહવાર ઉપયેાગ.

ગુંદર તાડનાં ઝાડમાંથી નિકળે છે. આ ગુંદર કાળેા અને તપકિરિયા રંગનેા હોય છે. તે મદ્રાસ તરફ પંજાબના પ્રદક્ષણ માટે મેાકલવામાં આવ્યેા હતેા.

તંતૂ—પાંદડાની નેસેામાંથી કાઢેલા તંતૂનાં દેારડાં અને રસીએા બનાવે છે. કાગળ બનાવવામાં પણ એનેા ઉપયેાગ કરે છે. આ તંતૂ ઝીણા તારદાર હોઇ સુમારે બે ફીટ લાંબા હોય છે. સિલેાનનાં ખેતરમાં વપરાતા સઘળા દેારડાં આ તંતૂનાંજ બનાવે છે. મદ્રાસમાં દેારી તથા દેારડાં બનાવે છે. બંગાલમાં એનાં ઝાડ ઘણા થેાડાં હોઇ લાંબા લાંબા છેટા ઉપર જણાય છે, આથી એના તંતૂ કાઢી તેને ઉપયેાગમાં લીયેછે કે નહિ તે ચેાકસ જણાયું નથી. કેાલીએા માછલી પકડવાનાં છટકાં એનાંજ બનાવે છે. આ છટકું બનાવવાની એવી રીત છે કે તાડનાં થુંદ માહેલા તંત કાઢી તેના લાંબા નળારેાકા નળેા બનાવે છે. આ નળાંને જાળી જેવાં છિદ્રેા હેાય છે; કે જે બે ઇંચ આકારનાં હેાય છે. તલાવમાં પાણીમાં જ્યાં ઝાડી હેાય છે ત્યાં નળેા અટકાવી મેલે છે; આથી માછલીઓ સેહેજમાં તે છટકામાં સપડાઇ જાય છે. આ નળાનાં છેટાપર તાડનાં તંતૂનેાજ એક ફાંસેા હેાય છે. આ નળી ઉપરથી માછલી જતી હેાય ત્યારે તેનું ડેાકું ફાસામાં સપડાઇ જાય છે.

બીજકેાશ તંતૂના અનેક પ્રકારની ચીજો બને છે, પણ તે વિશે ચેાકસ વર્ણન મળતું નથી. પંખા, ડબા, વજેરે તહેવાર પદાર્થો

* તામિલ ભાષામાં 'નાણવિલાસ' નામનેા એક ગ્રંથ છે. તેમાં એના ૮૦૦ ઉપયેાગ વર્ણવેલાં છે. પણ ૮૦૦ કરતાં એના ઝાડને અનેક ઉપયેાગમાં લઈ શકાય છે એમ મી૦ ગ૦ ગે૦ ગેાખલે પેાતાના બાગબાનીનાં ગ્રંથમાં જણાવે છે—મ૦ શા૦ મુ૦

આ પાંદડાનાં બનાવે છે. ઝુપડાનાં છાપરા માટે પણ એનાં પાંદડા ઉપયેાગી છે. ચટાઇ, દેારડી સૂતળી વગેરે પદાર્થ એના પાંદડાનાં અને પાંદડાની રેસાનાં બનાવે છે.

તાડમાંથી મળતા ખાવાનાં પદાર્થો—રસ, તાડી, અને ખાંડ. તાડના ઝાડમાંથી જે તહેવાર ઉપયુકત પદાર્થ મળે છે તે સર્વમાં મળનાર રસ મુખ્ય છે. ફુલના મૂળમાં છિદ્ર પાડી તેમાંથી આ રસ મેળવે છે. સૂર્યોદય પેહેલાં આ રસ મીઠેા અને સ્વાદિષ્ટ હેાય છે, અને તાજો હેાય તેટલાં તેને દારૂને જગે પીયે છે યા તેને પકાવીને તેની ખાંડ બનાવે છે.

મદ્રાસ ઇલાકામાં એના રસમાંથી બનાવેલેા ગેાળ ઘણેા વેચાય છે. સૂર્યોદય પછી આ રસ જલ્લદબની ઉભાય છે, અને તે તાડી (કેફી પીણા) તરીકે પિવામાં લેવાય છે. ડેા૦ એન્ટસ્લીનાં જણાવવા મુજબ મદ્રાસમાં એની અનેક પ્રકારની તાડી મળે છે. તે કહે છે કે, "નારીયળીના ઝાડમાંથી કાઢેલી તાડી (માડી) સઘળામાં ઉત્તમ, તેથી ઉતરતી તાડની તાડી, તેથી ઉતરતેા માડની તાડી (એને અર્ધ સેાયારી કહે છે, ઇંગ્રેજીમાં Sago-Palm) અને તેથી ઉતરતી નિંબની તાડી છે. (અત્રે તાડી શબ્દનેા અર્થ તે તે ઝાડનાં રસમાંથી કેફી પીણાં બનાવેલેા સમજવેા). માત્ર બંગાલ ઇલાકા શિવાય સર્વ હિંદુસ્તાનમાં તાડ જાતીના વર્ગમાંના સર્વ ઝાડમાંથી દારૂ કાઢવામાં આવે છે. બંગાલમાં માત્ર ખજુરીનાં તાડમાંથી દારૂ કાઢે છે. દક્ષિણ હિંદુસ્તાનમાં કેાકણ બરમા અને સિલેાનમાં તાડી કાઢવા માટે તાડ વર્ગમાંના ઝાડ આ તાડ વૃક્ષજ છે.

૧—તે ને કાઢેલેા રસ સૂર્યોદય પછી રાખ્યેા હેાય તેા તે દુધ જેવેા બની ચઢાઉ બને છે.

૨—માત્ર તાજો રસ પકાવી તેની ખાંડ બનાવી શકાય છે. સાકર માટે એકઠી કરેલી તાડી, કેફી બની ઉભાઇ નહિ જાય તે માટે તેમાં કળીનાં ચુનાનાં કટકા નાખે છે.

૩—ઉભાવાની ક્રિયા જલ્દી કરવા માટે તેમાં જુના રસમાં ભીજવી મેલેલા ચેાખા નાખે છે. આ ચેાખાને 'ઉભાવાનું બી' કહેછે.

૪—આ રસ ભઠ્ઠીમાં નાખી તેની દારૂ કાઢેછે તેને અર્ક કહે છે.

૫—ગાળી કાઢેલા રસને કેહવાડીયેા હેાય તેા તેનેા સરકેા બને છે. રસ કાઢવાની અનેક રીતેા છે.

મદ્રાસમાં રસ કાઢવાની રીત કેવી છે તે વિષે મી૦ હુરીએ પેાતાના 'ઉપયેાગી વનસ્પતિ' નામના ગ્રંથમાં જે વર્ણન આપ્યું છે તેનું સંક્ષિપ્ત નીચે મુજબ છે:—

"ફુલેા જે ડાંખળીપર આવે છે તે કુમળી ડાંખળી (ઇંગ્રેજીમાં એને Spadix કહે છે,) ને તેના છેડા ઉપરથી કાપે છે, અને બાકી રહેલા પાંદડા ઉપર ઘડીયું બાંધે છે. આ ઘડીયામાં રસ એકઠેા થાય છે. દર સવારે મેાધા (ઘડીયું) કાઢી તે માહેલેા રસ રેડી લીયે છે અને ડાંખલી ફરી કાપી ઘડીયું બાંધે છે. આ મુજબ દાંડેા પુરેા થાય ત્યાં સુધી સર્વ રસ કાઢી લીયે છે, એને તામીલ ભાષામાં 'પાનાંગ પૂકલૂ' કહે છે, એજ રસની સાકર બનાવે છે; માત્ર રસ ઉભાય નહિ અને કેફી બને નહિ તે માટે ઘડીયાને માહેથી ચુનેા ચેાપડે છે. પછી તેને પકાવી ખુલ્લી હવામાં રાખી સુકવે છે. જે ઝાડો કેાઇ સબબથી વસંત ઋતુમાં ફુલેા આવતાં નથી તે ઝાડ ઉપર થંડીમાં ફુલેા આવે છે અને તેમાંથી થેાડેા રસ નિકળે છે. વસંતઋતુમાં કળી આવેલી કાપી નાખી ફુલેા આવવાનું બંધ કર છે. આવાં ઝાડને પછી થંડીમાં ફુલેા આવે છે, તેને 'બસંતી' કહે છે. આ ઝાડમાંથી અઢીમણ કરતાં વધારે રસ નિકળતેા નથી, પણ આ અઢીમણની કિંમત વસંતઋતુના ફુલેાથી નિકળેલા ૬ મણ રસની કિંમત જેવડી હેાય છે. નર અને માદી આ બેઉમાંથી વસંતઋતુમાં તથા થંડીમાં રસ નિકળે છે, પણ વર્ષાદમાં માત્ર માદામાંથીજ રસ નિકળે છે. વરસાદમાં રસની

જરૂર હોય ત્યારે ફુલનાં ફળ બનાવા દીએ છે, અને પછી ફળોનો ઝુમખો કાપી રસ ઝરપવા માંડે છે.

દાણા જીલ્લામાં દારૂ બનાવવા રસ કાઢવાનું મુખ્ય ઝાડ કહીએ તો તે તાડનું જ છે. સર્વ જીલ્લામાં આપોઆપ ઉગી નિકળેલા તાડવૃક્ષના જથ્થા જણાય છે, અને તેમાં સમુદ્ર કાંઠે તો હજારોની સંખ્યામાં જણાય છે. આ ઝાડમાં નર અને માદા એવી બે જાતી છે. નર ઝાડને 'તળાઇ' અને માદીને 'તાડ' કહે છે. બેઉ ઝાડનો રસ સરખોજ હોય છે. સપાટ જમીન ઉપર અથવા ઉંચ જગ્યા ઉપર હોય તે ઉપરથી 'શિલોત્રી;' પહાડી ને સ્થળજણી એવા નામ આપેલાં છે. જંગલી વધેલા તાડ કરતાં મનુષ્ય મેહેનત અને માવજતથી ઉગતું ઝાડ ઘણું જલ્દી વધે છે. તાડની ખેતી માટે હળખેડી જમીન બનાવવી પડતી નથી. એક ફીટ ઉંડાઇનો ખાડો ખણી તેમાં જુન-જુલાઇમાં બી રોપે છે. એની પર પાણી સીપવાની જરૂર નથી. ઝાડ જલ્દી વધે તે માટે તેના થુંદની આસપાસ ઉપરા ઉપર માટોડીનો ઢગલો કરવાની માત્ર સંભાળ લેવી. ઝાડ રોપ્યા પછી બાર વર્ષમાં રસ કાઢવા માટે ફુલની ડાંખળી કાપી કાઢવાની સ્થિતિમાં આવે છે, અને તે ઉપરથી લગભગ ૫૦ વર્ષ સુધી તે ઝાડમાંથી રસ મળે છે. નર ઝાડના દાંડા પાસે ૧૨ થી ૧૫ ઇંચ લંબાઇનાં આંગળા જેવડા ઝુમખા બાહેર લટકતા જણાય છે, તેને 'લીંડી' કહે છે. આ લીંડીને કાપી તેમાંથી રસ કાઢે છે. ઘણુંકરી આ લીંડીવાળો દાંડો એકજ હોય છે. કોઇજ વેળા એ દાંડાના મૂળમાં ત્રણ ડાંખળાં ઉગે છે. દરેક લીંડીવાળી ડાંખળી, ત્રણ વેળા ત્રણ ઠેકાણેથી લાકડીના કટકાથી ઝુડે છે. પછી ઝુમકામાંની સર્વે લીંડી એકત્ર કરી બાંધે છે. પછી ત્રણ ચાર દિવસે ચપટી, પોહળી, અને વાંકા પાનાદાર છરીથી તેનાં ટેડા કાપે છે. એક પખવાડીયું રોજ રોજ આ ટેડા કાપી કાઢે છે, એટલે પછી રસ ઝરપવાની શરૂઆત થાય છે. રસ એકત્ર થવા માટે દાંડાના છેડાને ઘડીયું બાંધે છે અને તેમાંનો રસ કાગડા પી નહિ લીયે તે માટે તેના મ્હોં ઉપર ઘાસ બાંધી સર્વ કાઢે છે. માંદી ઝાડના ફુલનો દાંડો ૧૨ થી ૧૫ ઇંચ લાંબો હોય છે, અને આ દાંડાની આસપાસ ફળો મ્હોટેલા હોય છે. આ દાંડો મકાઇનાં કણસલા જેવો દેખાય છે.

તાડગોલા—અથવા ગલેલી એ તાડનાં ફળ છે. એ ફળ તદન નાહનાં હોય ત્યારે રસ કાઢવા માટે તેને ઝુંડે છે, અને ત્રીજે દિવસે તેનો છેડો કાપી ઉપરના કુમળાં ફળો છોલી નાખે છે. પછી ૧૦ થી ૧૨ દિવસમાં રસ ગળવા માંડે છે. ફળો થોડાં મોટાં થએલાં હોય એટલે ફળોના વચલા દાંડાનો ભાગ લંબોચા પથરા યા ખીલા વડે ઝુડે છે. ત્રીજે દિને દાંડો કાપે છે અને પછી ૧૫ દિવસમાં રસ વેહવા માંડે છે. ફળો ઠીક મ્હોટા થતાં રસ નિકળનાર ઝાડનાં દાંડાના ભાગને ઉપર કહ્યા મુજબ ઝુંડે છે. પછી એક મહિને એક પખવાડીયા સુધી રોજ દાંડો કાપી કાઢે છે એટલે રસ નિકળી જાય છે.

તાડનાં એક ઝાડમાંથી દરરોજ (૨૪ કલાકમાં) ૩ થી ૮ શેર રસ નિકળે છે. તે ઘણુંકરી રાત્રે વધારે નિકળે છે. રસ વેહેતો હોય એટલે (નર ઝાડનાં) દાંડાની લીંડી(આંગળી જેવડા લટકતા ભાગો) અને (માદી ઝાડનાં) ફળો આવનાર દાંડાના છેડા, રોજ સહવાર સાંહજે કાપવા જોઇયે. રસની દારૂ ગાળવાનું કામ ઘણું સેહેલું છે. એક ઘડીયામાં રસ કાઢી પાંચ દિવસ વેર રાખે છે. પછી તેને ઢાંકેલી ડેગમાં નાખી ચુહલા ઉપર પકાવવા મેલે છે. રસની વરાળ નિકળે છે તેને નળી વાટે બીજા વાસણમાં ઝિલે છે. આ બીજું વાસણ થંડા પાણીમાં હોય છે. થંડા પાણીને લીધે નળી બાહેલું વરાળનું-પાણી બની રહે છે, એજ પાણી તે દારૂ છે.

કોલાબા જીલ્લામાં થોડાં ઝાડ શિવાય બાકીનાં ઝાડ આપોઆપ ઉગી નિકળેલાં હોય

છે. આ ઝાડ નાહનાં હોય છે ત્યારે તેના પાંદડા ઢોરો ખાઇ નહિ જાય તે માટે તેની આસપાસ કાંટાની વાડ બાંધે છે. ઝાડ ૨૫ થી ૩૦ વર્ષનું થયું એટલે તે પુરતું વધેલું ગણાય છે. પછી ૩૦ વર્ષ સુધી તેનો રસ કાઢેછે. રસ નિકળવાનું બંધ થયા પછી તે ૪૦ વર્ષ સુધી જીવે છે, એમ જણાયું છે. નર અને માદી જાતી ઝાડમાંથી રસ કાઢવામાં આવે છે. નર ઝાડનાં ફુલના દાંડાને 'લેંડી' કહે છે. જોરદાર ઝાડમાંથી એક વર્ષમાં ત્રણથી પાંચ દાંડા બાહેર નિકળે છે. ફેબ્રુલાક ઝાડ નવેંબર માસમાં અને ફેબ્રુલાક ઝાડ ફેબ્રુવારીમાં દાંડા બાહેર કાઢે છે. એક લાકડાનાં કટકા વડે તેને હળવે ઝુંડી એક સાથે બાંધી 'છરા' વડે છેડો કાપે છે અને રસ એકઠો કરવા ઘડીયું બાંધે છે. તેને દિવસમાં બે વેળા છાંટી તેનો રસ કાઢે છે. રસ દાંડો જેમ લાંબો ટુંકો હોય તે પ્રમાણે માસ દોઢ માસ છાંટવાનું કામ ચાલે છે. રસ કાઢવાનો હિંગામ અક્ટોબર અને નવેંબર સુધીનો છે. રસ કાઢનારને દર ઝાડ દીઠ એક માસના ૮ આના આપવામાં આવે છે. દર ઝાડમાંથી સુમારે દોઢ શેર રસ નિકળે છે, અને તેની કિંમત બેથી ત્રણ દોઢીયાની (મુંબઇ શેહેરમાં છ થી આઠ દોઢીયાં) પડે છે. રસનો હિંગામ પાંચ મહિના હોય છે, ત્યારે પાંચ માસમાં ૭ રૂપીયા મળે છે; તેમાંથી ૩ સરકારને કરનાં, રૂ॥ ભંડારીને દર ઝાડ દીઠ અને બાકી નફો રૂ. ૧॥ રહે છે. આ સ્થિતિ ૧૮૭૯-૮૦ આગમજની હતી. ૧૮૭૯-૮૦ માં સરકારે રૂ. ૩ ઉપરથી રૂ. ૬ નો કર કીધો આથી આલિબાગ શિવાય બીજે ઠેકાણે રસ કાઢવાનો ઉદ્યોગ પડી ભાગે છે. તાડનાં ઝાડની દારૂ ગાળી શકાય છે પણ માડી (નારીયળીની દારૂ) નો રસ એ કરતાં વધારે મળતો હોવાથી તાડીનો દારૂ ગાળવાનું બંધ પડ્યું છે. માત્ર ઉરનમાં તાડીની દારૂ ત્યાંના ખપ પુરતી ગાળવામાં આવે છે.

આગળ તાડીની દારૂનો ખપ ભારે થવા માંડતાં સરકારે સૂરત જીલ્લામાંના તાડ વૃક્ષ અને ખજુરીનાં ઝાડ નિર્મુળ કરવાનો હોકમ આપ્યો હતો.

સિંહલદ્વિપમાં તાડપત્ર વૃક્ષ—નામે એક જાતી ઉગે છે તેની ઉંચાઈ ૧૨૫ હાથની હોઇ તેની ડાવલી ૧૫ થી ૨૦ હાથ લાંબી હોય છે. આ એક ડાવલીથી ૨૦ થી ૨૫ માનસનું વર્સાદથી કે તાપથી રક્ષણ થાય છે. આ તાડપત્ર વૃક્ષ સુમારે ૮૦ વર્ષ જીવે છે. એટલી જીંદગીમાં તે માત્ર એક વખત ફળે છે. એના ફળ હાથીનાં માથાં જેવડાં હોઇ તેમાં તાડગોળા જેવો ગર હોય છે તે ખાવાના ઉપયોગમાં લેવાય છે. આ વૃક્ષના પાંદડાનો પુસ્તક લખવામાં ઉપયોગ થાય છે. અત્રે તેમજ કર્નાટક, દ્રવિડ આ દેશોમાં હજી તાડ પત્ર ઉપર પુસ્તકો લખાય છે. લખવાના કામમાં લીધા પેહેલાં આ પાંદડા દુધ પાણીમાં ઉકાળી કાઢે છે. આ પાંદડા ઉપર લોખંડના ખીલાથી લખાય છે. આ પાંદડા કાગળ કરતાં વધારે વર્ષો ટકે છે.

"વ્યજન" તાડ નામે એક તાડની જાતી છે, તેના ઝાડ દક્ષિણ અમેરિકામાં ઘણા છે. એની સાદડીઓ પંખા બનાવવાના કામમાં આવે છે.

સીલોનમાં રસનો દાંડો બાહેર પડવા માંડયો એટલે તાડી છેજનાર તાડના વનમાં જાય છે; અને રસ દાંડો છાંટવા યોગ્ય કયાં ઝાડ છે તે તૂરત માહાવેરાથી પારખી કાઢે છે. નીચલા પાંદડાનાં દાંડા ગળી પડયા છે કે નહિ એ માત્ર તે પ્રથમ જુવે છે, અને દાંડા ગળી પડયા ન હોય તો તે ખેંચી કાઢે છે. જફિનમાં તાડી અને મીઠી તાડી એવા બે ભેદ છે. તામિલ ભાષામાં તાડીને 'કુલ્લુ' કહે છે, એ શીણુ શીણુ થએલી હોતીજ નથી.

તાડ કુટુંબમાં બીજાં ઝાડ કરતાં આ તાડના રસમાં સાકરનો અંશ વધારે હોય છે. એનાં ઝાડ ઘણુંકરી સૂકી રેતાળ જમીનમાં અને ગરમ હવામાં (જે હવામાં ભિનાસ નથી) ત્યાં ઉગે છે. આથી એમાં મિઠાસ વધારે હશે.

'જફ્રિના'માં બનતા ગોળમાં (તાડીનો ગોળ) એક આમી હોય છે કે જે આમી (ગોળમાં) વધારે ચુનો નાખવાને લીધે રહે છે. આથી તાડી ફ્રીન ફ્રીન થાય તે માટે તેમાં થોડો ચુનો નાખેલો ઠીક.

"૩ શેર રસમાંથી ૧ શેર ગોળ બને છે," એમ મી૰ ફ્રેર્સ જણાવે છે. મી૰ માલકમ એને મેપલ વૃક્ષ*નીજ ઉપમાં આપે છે આવ્હા અને તેની આસપાસ દોઢ શેર ગોળને ૧ પેની પડે છે, અને જાફ્રનામાં ૧ આનો ૪ પૈ પડે છે. ગોળ બનાવવાની રીત ઘણી સાદી છે. મીઠી તાડીને ખુબ પકાવી તેનો જાડો પાક બનાવે છે, અને તેમાં થોડો કોપરાનો ભૂકો નાખે છે. પછી ગોળ થવા લાયક તે પાક થયો કે નહિ તે જોઈ તાડ પત્રનીજ ટોપલીમાં તેને રેડે છે. જ્યાં પાક ચંડો થઇ હરે છે; જેને ગોળ કહે છે. અત્રેથી કોલંબો તરફ આ ગોળ પુશકળ જાય છે, અથવા પરદેશ ખાતે સાકર બનાવવાના કારખાનામાં આવે છે. આ દેશમાં દર સાલ ૨૮૦૦૦ મણ ગોળ બને છે.

બરમામાં પણ તાડવૃક્ષનો ઉપયોગ સિલોન પ્રમાણેજ કરે છે, એમ 'ડૉ૰ બ્રાન્ડિસ' જણાવે છે.

બંગાલમાં તાડનાં ઝાડમાંથી તાડી કાઢવાની કોઇને ખબર નથી, પણ ત્યાં ખજુરીની તાડી કાઢવામાં આવે છે. તેમજ ત્યાં તેની ખાંડ પણ બનાવે છે. સિલોન, મદ્રાસ અને આર્ચિપેલેગોમાં આ ખાંડ કલકત્તાદ્વારે જાય છે. આ ખાંડનો મુખ્ય ઉપયોગ ઔષધિમાં કરે છે.

* મેપલ નામનું એક ઝાડ ઉત્તર અમેરિકામાં ઉગેછે. વસંત ઋતુમાં આ ઝાડને સુમારે ૩૦ ઇંચનો ખાડો કરી તેમાં એક નળી બેસાડે છે; એટલે નળીમાંથી રસ વહે છે. તે રોજ ૧૦ અથવા ૧૫ શેર નિકળે છે, અને તે સરખો દોઢ માસ વહે છે. આ રસને પકાવી તેની ખાંડ બનાવે છે (જુઓ ખાંડ). ઉત્તમ ઝાડમાંથી એક મોસમમાં ૪ રતલ ખાંડ બને છે.

તાડનાં ફળ અને બિયાં—તાડનાં ફળને તાડગોળા કહે છે. આ ફળો કુમળાં હોય છે ત્યારે લીલા રંગપર હોય છે, અને પાક્યા પછી કાળા પિળા રંગના બને છે. દરેક ફળમાં ગોટા હોય છે, પણ કેટલીક ખામીથી એકજ ગોટો પણ હોય છે. તાડગોળાપર નારીયળી જેવું કવચ રહે છે. નારીયળીમાં જેમ પાણી હોય છે તેમ આ કુમળા તાડગોળામાં હોય છે. તાડગોળા જુના થતાં માહેલું પાણી સુકાય છે. કવચ ભાંજી માહેલાં બી કાઢી તેને વેચે છે. તાડગોળાનું પાણી ઘણું સ્વાદિષ્ટ પીણું છે ને મગજ ખાવામાં મધૂર લાગે છે. આ મગજનાં નાહનાં બોબરાં જેવા કટકા કરી તેને ગુલાબના પાણીમાં ભીજવી ખાંડ સાથે પણ ખાવામાં લેવાય છે.

જુલાઇ અને આગસ્ટ માસમાં આ ફળો પાકે છે. પાકેલા ફળનાં બીયાં આસપાસનો પિળો ગર મીઠો પણ ભારી ને જલ્દી પાચન નહિ થાય તેવો છે. આ ગરમાં નિમક મસળી તેની રોટલી બનાવવામાં આવે છે. તાડગોળાબાંનો મગજ ઉપલા ભાગમાં ચોંટેલો રહે છે. એનો વાસ આવે છે ને ખાવામાં તે મીઠાસદાર હોય છે.

સીલોનમાં આ મગજને 'પાનાટૂ' કહે છે. આ રસને સૂકવી ઘણા દિવસવેર રાખી મેલે છે. પાટીમાં પાણી રેડી તેમાં પાકેલાં ફળો નાખી અતિ જોરથી હાથે મસળે છે, એટલે સઘળો મગજ નિકળી પડે છે. તેને તાડના પાંદડા ઉપર પાંથરી તેનાં થરા કરે છે. એક પાંદડાપર ૧૫ થર હોય છે. ઉત્તમ જાતના ને 'પનાટૂલા નૌપિમાટોસ" કહે છે. એને પાતરામાં તેમજ લપેટી રાખી વેચે છે. એક ગઠ્ઠાનાં દોઢથી ત્રણ રૂપીયા ઉપજે છે. સિલોન ટાપુની પ્રજાનું મુખ્ય અન્ન એજ છે. ગરીબ પ્રજા આ અન્ન ઉપરજ વર્ષનો મોટો ભાગ ગુજરાન ચલાવે છે.

મગજ કાઢી લીધેલા બિયાંનો ઢગલો કરી રાખે છે, અથવા તો તેને દાટી મેલે છે. આજ

સ્થિતિમાં તેને બે ત્રણ મહિનામાં ફણગા ફુટી રોપા તૈયાર થાય છે. બિયાં ભૂંજી ઉકાળી ખાવામાં આવે છે, અથવા સુકાયા પછી આટો બનાવી ખાવામાં લેવાય છે. ઝાડનાં મૂળીયાં અથવા કુમળાં ઝાડ કોઇ ખાતું નથી, પણ તેનો ઔષધિમાં ઉપયોગ કરે છે.

સિલોનમાં તાડનાં ફણગાને 'કેલિંગુ' કહે છે. આ ફણગા તાજાંજ ખવાય છે. અથવા તડકામાં સુકાવા રાખી વર્ષો સુધી ખવાય છે.

તાડનું લાકડું—આ લાકડું બાહેરથી ઘણું જાડું હોય છે. ગાભામાં તે અતિ નરમ અને કદાચ પોલું હોય છે. કદી કદી ડાંખળીવાળાં તાડ ઝાડ પણ નજરે પડે છે. ઝાડ કાપી કાઢયા પછી તેને ઉભું કાપી માહેલો તંતૂમય ભાગ કાઢી લીધે છે, અને તેનો ઉપયોગ અનેક રીતે કરવામાં આવે છે. એનાં પાણી લઇ જવાનાં નળો બનાવે છે. લોઢાના ખીલાથી એનું લાકડું જલ્દી બિગડે છે. સાધારણ ઇમારતને એના થાંભલા વડે ઉભારે છે. એના થડને કોતરી તેની હોડી બનાવી શકાય છે. તેમજ એના લાકડામાંથી ફરવા હરવાની લાકડી, છતરીના દાંડા, રૂલ વગેરે ચીજો બનાવી શકાય છે.

એક તાડ ઝાડ કાપી કાઢયું કે તરત તેની જગા ઉપર બીજું રોપવું જોઇએ એવો રેવાજ છે. મી૰ વિલ્સનસેંટ સિલોનનાં જંગલ ખાતાંના રિપોર્ટમાં લખે છે કે તામિલ પ્રજાનું નિર્વાહનું મુખ્ય સાધન આજ વૃક્ષ છે.

ઘર સણગાર તથા ધર્મ સંબંધી કામમાં તાડનો ઉપયોગ.—નાહનાં મ્હોટા પંખા, તરહેવાર પેટી, ડાબડા વગેરે ઉપયોગી ચીજો એના પાંદડામાંથી બનાવે છે. તાડનું એકજ પાંદડું છત્રીની ગરજ સારી શકે છે. પાંદડાની ચીપો કાઢી તેને નરમ બનાવી પોથું તડકું બતાવી તેલ ચોપડી અગાઉ કાગળની જગે તેનો ઉપયોગ કરવામાં આવતો હતો. ઓરિસા તથા તેલંગણમાં આ પાંદડાનો કાગજ પ્રમાણે ઉપયોગ હજી કરવામાં આવે છે. પાંદડાપર ખીલા વડે અક્ષરો કોતરી તેમાં મેસ પુ[illegible] કપર ગુંદરનો હાથ ચોપડે છે. ડચ સરકારનાં સર્વ હોકમનામા આગળ આજ પાંદડા ઉપર ઉપલી રીતે લખી સર્વ પ્રાંતોમાં મોહરબંધ નહિ કરતાં મોકલવામાં આવતા હતા. એક કરતાં વધારે લખેલા પાંદડા હોય તો તેને રેસમી દોરાથી બાંધી રાખતા. બરમામાં તાડના પાંદડાનાં સંખ્યાબંધ ગ્રંથો જણાય છે.

બરમીસ પ્રજા તાડપોથી પર એવી તો દૂબરમંદીથી રેસમી દોરી લપેટે છે કે તેના યોગે સેહેજમાં પુસ્તકનું નામ સ્પષ્ટ વંચાય છે. તાડના પાંદડાનાં શાખાઓ હોય છે, આથી ગ્રંથો બનાવવા બે ફીટ લાંબા ને બે ફીટ પોહળા કટકા કાપી કાઢવામાં આવે છે.

બંગાલ ઇલાકામાંની ગામડામાંની શાળામાં છોકરાંઓ આજ પાંદડાનો ઉપયોગ કરે છે. નિશાળે જતી વેળા બાળકો ચટાઇમાં પાંદડા વિંટાળી લઇ જાય છે. નિશાળમાંથી છુટયા પછી તલાવ ઉપર જઈ તેપર લખેલું ધોઇ નાખે છે, અને પાછું તેને લખવાના ઉપયોગમાં લે છે.

સંસારમાં ઉપયોગી પડનારાં પદાર્થ આ ઝાડનાં પાંદડામાંથી જેટલા બને છે તેટલા બીજા કશામાંથી બનતાં નથી. ટોપી, છતરી, પ્યાલાં, રકાબી, પાણીનાં વાસણ, ટોપલી, ધાન્ય ભરી રાખવાનાં કોઠાર, નાહની ડાબડી મોટા ડબા, પેટારા, પેટી, થાળણી, ગ્રંથો, બાળકોનાં રમકડાં, ચટાઇ, પડદા, છાપરાં વગેરે વપરાસનાં તરેહવાર પદાર્થો તાડનાં બને છે.

હિંદુઓ તાડ વૃક્ષને પૂજ્ય માને છે. એનાં ઝાડ રોપ્યાથી સ્વર્ગ પ્રાપ્તિ થાય છે, એમ શાસ્ત્રમાં જણાવ્યું છે. વેદમાં વર્ણન કરેલા કલ્પ, કલ્પ, કલ્પદ્રુમ, કલ્પ તરૂ અને કલ્પ વૃક્ષ તે એજ હશે એમ વિદ્વાનો કહે છે. તાડ એ બૌદ્ધનું પવિત્ર વૃક્ષ છે એમ કેટલાકો જણાવે છે. બૌદ્ધ ધર્મિઓએ શિલ્પ કામમાં તાડનાં ઝાડ કાઢેલા હમેશાં મળી આવે છે.

તાડનું મૂળ વતન—તાડ વૃક્ષને આજે જે સંસ્કૃતમાં નામો છે અને તે ઉપરથી તેના ઉપયોગ કહેલા છે તે તદ્દન ખરાં છે એમ નથી. હિંદુસ્તાન દેશ આ તાડ વૃક્ષની જન્મભૂમિ નથી એમ વનસ્પતિ શાસ્ત્ર વેત્તાઓનું કહેવું છે. આ વૃક્ષ આફ્રિકા ખંડમાંથી લાવવામાં આવ્યું હશે એવું મત છે; અને હાલમાં પણ તદ્દન ઉત્તર તરફ એટલે પંજાબમાં આ ઝાડ ઉગતું નથી, તે ઉપરથી ઉત્તર હિંદુસ્તાન ઉપરની ચઢાઈઓ આગમજના સમયનાં વેદમાં વર્ણેલા ઝાડો એશક બીજાં હોવા જોઇએ. સિંધુ નદીના ઉપરના પર્વત ઉપર, બલુચિસ્તાનમાં, અફઘાનિસ્તાનમાં અને ઇરાન તરફ જતાં મળતા પહાડો ઉપર આ તાડ ઝાડને મળતા આકારનું વૃક્ષ મળે છે. તે પણ એ પ્રમાણેજ ઉપયોગી ગણાય છે. આ ઉપરથી જણાય છે કે વેદમાં પરમપૂજ્ય કહેલો કલ્પ વૃક્ષ એજ હશે. આ વૃક્ષ ૨૦ થી ૨૫ ફીટ ઉંચો વધે છે. વેદમાં વર્ણેલો કલ્પ વૃક્ષ એજ છે કે નહિ તે ચોકસ કહી શકાતુ નથી, પણ વૈદીક જમાના પછી લાંબા વખતેજ હિંદમાં એ જણાયલો કહેવાય છે.

તાડનાં ઔષધિ ગુણ—તાડમાંથી નિકળતી તાડી ઉત્તેજક છે. તાજો નીરો બામદાદમાં નીયમસર પીધો હોય તો તે ગુણકારી છે. આ રસને જલોદર ઉપર પીવામાં આવે છે. તાડના રસમાં ચોખાનાં આટાને મિશ્ર કરી પકાવી તેની પોલ્ટીસ બનાવવામાં આવે છે. ત્વચા રોગ ઉપર ફળ માહેલો મગજ ચોપડે છે. પાંદડાનો અને મૂળયાનો જ્યાં એક જીવ બને છે ત્યાં મૂળીયા નજદીક ફિક્કા અને તપકિરિયા રંગનો કપાસ જેવો નરમ પદાર્થ હોય છે. જખમમાંથી લોહી વહે છે ત્યારે તે બંધ કરવા 'સિંધાલી' તબીબો તેને બાંધે છે, એટલે લોહી વહેતું બંધ પડે છે. પરમા ઉપર એનો તાજો રસ પાવામાં આવે છે. તાજો રસ થંડો હોવાથી ગરમામાં તે મોજ ખાતર પીવાય છે. તાપમાં તરસ ભારે લાગતી હોવાથી તાડગોળા ખાવામાં આવે છે.

તાડીમાં કેટલાકો અફીણ વગેરે બીજી કેફી વસ્તુનો ભેળ કરે છે, જે પીણું ઘણું નુકસાનકારક છે. ઘણી તાડી પીતાં પેશાબ છુટે છે ને પાછળથી 'ગુરદાનો' રોગ પેદા થાય છે. ઘણી તાડી પીવાની આદતથી પાચન શકિતમાં બિગાડો થાય છે, ખાણું બરાબર હજમ થતું નથી, પેટ ચઢે છે અને ઝાડો છુટે છે. વખતે બેહદ ઉલટી થઇ માથું દુખે છે.

તાડસાર—અથવા પાલમાયરા. આ શેહેર યૂફ્રેતિસથી ૩ દિવસનાં માર્ગ ઉપર છે. આગળ આ ગામ વેપારનું મુખ્ય મથક હોઇ આગળ તે ઇસ્ટ ઈંડિજની પરશિયન ગલ્ફ અને ફ્રોનેશિયા તથા એશિઆમાઇનર સાથે વેપાર ધરાવતું હતું. સાલોમને આ શેહેર સુધારી તેની કિલ્લેબંદી કરી હતી. માર્ક એન્ટનીના અમલમાં આ શેહેરના વેપારીઓ પૂર્વ ભાગ સાથે વેહેવાર રાખી મોટી શ્રિમંતાઇએ પોહચ્યા હતા. પલિની એની ચઢતી કળા અને બુલંદીનું વર્ણન આપે છે. આ શેહેર સિલેશિયાથી ૩૩૭ મૈલ ઉપર તાઇગ્રીસ કાંઠે અને સમુદ્રથી ૨૦૩ મૈલ ઉપર તથા દમાસ્કસથી ૧૭૬ મૈલ ઉપર છે. ઓડોનેથસ તથા ઝેનોબિયાના સમયમાં આ શેહેર ચઢતી કળાએ પોહોંચ્યું હતું, પણ શેહેનશાહ ઓરલિયને અત્રે જીત મેળવી ઝેનોબિયાને રોમ કેદ કરી લઇ ગયો હતો.

તાતાચાર્ય—આ કવિ જાતે વૈષ્ણુવ બ્રાહ્મણ હતો. કાંચીનગર એની જન્મભૂમિ હતી. એના ગુણ તથા બુદ્ધિ વિષે તે વેળાની પ્રજામાં ઘણું ઉંચું મત હોઇ એને વિષ્ણુના અંશનો માનવામાં આવતો. એનો ઉદય શાલવાહનના ૧૬ માં સૈકામાં થયો હતો. એના ઉદારતાથી ઘણા લોકનાં લગ્ન થયાં, માટે એને કન્યાદાની એ વિશેષ નામ પ્રાપ્ત થયું. એણે એક 'સાત્વિક વિદ્યા વિલાસ' નામનો ગ્રંથ વેદાન્ત શાસ્ત્ર ઉપર રચ્યો છે. આ કવિ ચંદ્રગિરિના રાજાનો કુળગુરૂ હતો. એ હમેશાં કાંચીનગરથી તેને મળવા જતો

હતો. એ બાહેર જતો ત્યારે એની સાધ્વી સ્ત્રી એની વાટ જોતી બારણામાં ઉભી રહેતી. એક દિવસે એ હમેશ મુજબ પોતાના પતિની રાહ જોતી ઉભી હતી તેટલાં કેટલાક દુષ્ટ બુદ્ધિનાં પુરૂષોએ કહ્યું કે તારો પતિ અકસ્માત્ મરણ પામ્યો છે. આ વર્તમ ન સાંભળતાંજ તે મૂર્છિત થઇ જમીનપર પડી મરણ પામી. તેટલાં હમેશને વખતે તાતાચાર્ય આવી ચઢતાં પોતાની સ્ત્રીની આવી દશા થએલી જોઇ તે વટીક ત્યાં શોકથી પ્રાણ મૂક્ત થઇ પડયો. આ મુજબ બન્ને ઘણી ઘણીઆનીનાં પ્રાણ પરસપર ઉપરની અથાગ મોહબતમાં નિકળી ગયા.

તાથવડ ગઢ—અથવા સંતોષ ગઢઃ—આ કિલ્લો માણ તાલુકાની દક્ષાન્યે દહિવડેની ઉત્તરે ૨૦ મૈલ ઉપર અને ફલટણની વાયવ્યે ૧૨ મૈલ ઉપર છે. સતારાથી પંઢરપુર તરફ જે માર્ગ છે તે માર્ગે પ્રથમ 'પુસેંગાવ' તરફ જવું પડે છે, ને ત્યાંથી લાલગુન તથા ડીકસાળ ગામડામાં થઇને મહાદેવના પહાડની તળેટીમાં થઈ વધવું પડે છે. બુલ્લા દિવસોમાં આ માર્ગે ઘોડેસ્વારીથી જવાઇ શકાય છે. ડિકસાળથી ચોહું ઉપર જતાં ઘાટ ચઢવો પડે છે. આ ઘાટ નીચલા સપાટ મેદાનથી ૧૦૦૦ ફીટ ઉંચો છે, ને તેના એક તરફના ભાગ ઉપર તાથવડ ગઢ છે. મુખ્ય પર્વતની હારઅને કિલ્લાની વચમાં ૫૦૦ ફીટ ઉંચાઇનો નાહનો પર્વત છે.

આ કિલ્લાનો આકાર ત્રિકોણકૃતિ હોઇ તેની ઉત્તરે તાથવડે નામનું ગામડું છે, આ ગામડામાં ૮૦૦ ની લોકવસ્તી છે. તાથવડ ગઢને ત્રણ તરફથી કોટ હોઇ તેમાં 'બાલે' કિલ્લો છે. એની ભીંત ૧૫ ફીટ ઉંચી ને ૨૦ ફીટ પોહળી છે, કોટ ઉપરની ભીંત ૬ ફીટ ઉંચી અને ૪ ફીટ પોહળી છે. હાલમાં તે ખંડીયર હાલતમાં છે. કિલ્લો દુશમનને હાથે જતાં માહેલા લશકરને છુપે માર્ગે નહાશી જવા માટેના ગુપ્ત માર્ગો બાંધેલા છે. બાલે કિલ્લાને ત્રણ તરફથી સુમારે ૬૦ ફીટ અંતર ઉપર બીજી એક ભીંત બાંધેલી છે. બાલે કિલ્લામાં જવાનો દરવાજો માત્ર બે ફીટનો છે. મુખ્ય કિલ્લાનો દરવાજો પૂર્વ તરફ હોઇ તેની ઉપર એક મજબૂત રજ છે. ઉત્તર તરફની બાજુએ એક નીચે ઉપર એમ બે દેવાલ ચણેલી છે; પણ તે બાકી મજબુત નથી. બાલે કિલ્લા માહેલી જગ્યા સુમારે ૨૦ એકર છે. આગળ ત્યાં મોટી મોટી ઇમારતો હતી. સરકારી કચેરીની જગ્યા ૫૦ ફીટ લાંબી ને ૨૦ ફીટ પોહળી છે. આગલ અત્રે કિલ્લેદાર રહેતો હતો. તેજ જગ્યા પાસે ૪૦ ફીટ લાંબી ને ૨૦ ફીટ પહોળી એવી પથ્થરની ઇમારત છે, આ ઇમારતમાં ત્રણ મોટા દીવાનખાના છે. આગળ તેમાં ધાન્ય તથા દારૂગોળો ભરી રાખતા હતા. પાસેજ એક મોટો તલાવ છે, એમાં બારેમાસ પાણી રહે છે; આ તલાવ ઉંડો હોવાથી તેમાં ઉતરવા સીઢીઓ છે. આ સીઢીઓ અરધી ઉતરી જતાં માહે 'તાતોબા' માહાદેવનું એક મંદીર મળે છે. આ દેવળ આગળ ત્યાં 'તાતોબા' નામે સાધુ રહેતો હતો, તેણે બંધાવ્યું છે. કિલ્લાને જે તાથવડ નામ મળ્યું તે પણ આજ સાધુના નામ ઉપરથી મળ્યું હશે. કિલ્લાના માથાપર એક મસજીદ છે. અગ્નિ ને વાયવ્ય દિશાની કિલ્લેબંદી પડી ભાગી છે.

દંતકથા છે કે આ કિલ્લો શિવાજીએ બંધાવ્યો હતો, પણ ૧૬૬૬ માં આ કિલ્લો વિજાપુરના બાદશાહના સરદાર 'ફલટણકરના' મૂળપુરૂષ બાળાજીનાઈક નિંબાળકરના તાબામાં હતો. આગળ તેજ વર્ષે ઔરંગજેબ અને શિવાજી વચ્ચે જયસિંગની સલ્હાથી કોલકરાર થયા પછી શિવાજીએ થોડાક માવલા મદદગારોની સાહ્યતાથી કિલ્લેબંદી પર સીઢી માર્ગે ચઢી જઇ જીતી લીધો હતો. પણ તે પછી જલ્દીજ વિજાપૂરવાળાએ જીતી લીધો; પણ ફરી ૧૬૭૩ માં શિવાજીએ જીતી લીધો. ૧૬૮૯ માં મોગલોએ મરાઠાઓના તાબામાંથી જીતી લીધો હતો. ૪૦

સ૦ ૧૭૨૦ માં બાળાજી વિશ્વનાથ દિલ્હીથી ચોથાઇ અને સ્વદેશમુખી આ હકકોનો સનદ લઇ આવતાં દિલ્હીના પાદશાહે શાહુને આ કિલ્લો આપ્યો. ૪૦ સ૦ ૧૭૯૦ માં આ કિલ્લો 'નહિષદુર્ગ' ની સરકારના તાબામાંના તાલુકાનું મથક હતું. તે વેળા એનું વાર્ષિક ઉત્પન્ન ૧૧૨૦ રૂપીયાનું હતું. ૧૮૧૮ માં જનરલ પ્રિઝલરે તોપોનો મારો ચલાવી જીતી લીધો. આજવેળા કિલ્લાની કિલ્લેબંદી તથા તેમાંની અનેક ઇમારતોનો નાશ થયો હતો. ૧૮૨૭ મા આ કિલ્લામાં ઉમાઇ નાયક છુપાઇ રહ્યો હતો.

તાન—(૧) ચીન તરફ આ એક જાતનાં મ્હોટા સુંદર સર્પ મળે છે. ત્યાંની પ્રજા એને ખાવાના ઉપયોગ કરતાં ઔષધિ ઉપયોગમાં લાયે છે.

(૨) એજ નામની એક માછીમાર પ્રજા ચીન તરફ સમુદ્રમાં વાહાણોમાં ઘેરો બાંધી વસે છે.

(૩) સંગીત કળાધર નામના કિમતી ગ્રથમાં જણાવે છે કે 'એકથી વધારે સ્વરોનું ત્વરાથી આરોહણ થવું તેને તાન કહે છે, અને અવરોહણ થવું તેને પલટા કહે છે, પરંતુ વસ્તુતાએ તે બધી તાન કહેવાય છે. તાનનાં ૪ સ્થાન ભેદથી તેનાં નામ પણ પ્રથક્ પ્રથક્ અપાય છે, જેમકે નાભી સ્થાનથી જે તાન લેવાય છે તેને નાદ તાન કહે છે, જે તાન છાતીથી લેવાય છે તેને કુમકતાન કહે છે. કંઠમાંથી જે તાન લેવાય છે તેને કંઠતાન કહે છે, અને જે તાન મગજમાંથી લેવાય છે તેને બંદ તાન કેહ છે. ઉપર કહેલી તાનો સ્થાન ભેદથી પ્રથક નામ ધરાવે છે, મતલબ કે તેના ગુણ ઉપરથી નામ પાડેલાં છે, પણ સ્વર ભેદથી તેઓનાં રૂપ તથા નામ પણ જૂદા થાય છે તે નીચે મુજબ :—

'એક સ્વરની તાનને આર્ચિત તાન કહે છે, જેમકે સાસા, રેરે, ગગ, મમ, પપ, ધધ, નીના, સાસા, નીની, ધધ, પપ, મમ, ગગ, રેરે, સાસા. એક સ્વરની તાનની બીજી રીતી—સાસા, ગગ, રેરે, મમ, ગગ, પપ, મમ, ધધ, પપ, નીની, ધમ, સાસા, ગગ, સાસા, રેરે, નીના, સાસા, ધધ, નીની, પપ, ધધ, મમ, પપ, ગગ, મમ, રેરે, ગગ, સાસા ઇત્યાદી. આમાં બબે સ્વર સાથે લેવાય છે, પણ તેને એકજ સ્વરની તાન સમજવી, કારણકે તે એકજ સ્વરનું બે વખત બોલવું થાય છે, અને બે સ્વરના સંયોગ વિના તાનનું રૂપ બધાતું નથી, માટે ઉપર કહેલી એકજ સ્વરની તાન સમજવી.

પ્રથક્ બે સ્વરની તાનને ગાથિક તાન કહે છે, જેમકે સારે, રેગ, ગમ, મપ, પધ, ધની, નીસા, સાની, નીધ, ધમ, પમ, મગ, ગરે, રેસા ઇત્યાદિ.

પ્રથમ ત્રણ સ્વારની તાનને સ્વામિક તાન કહે છે, જેમકે સારેગ, રેગમ, ગમપ, મપધ, પધની, ધનીસા, સાનીધ, નીધપ, ધપમ, પમગ, મગરે, ગરેસા ઇત્યાદી.

પ્રથક્ ચાર સ્વરની તાનને સુરતરૂ તાન કહે છે. જેમકે સારેગમ, રેગમપ, ગમપધ, મપધની, પધનીસા, સાનીધપ, નીધપમ, ધપમગ, પમગરે, મગરેસા ઇત્યાદિ.

પ્રથક્ પાંચ સ્વરની તાનને ઔડવ તાન કહે છે, જેમકે સારેગમપ, રેગમપધ, ગમપધની, મપધનીસા, સાનીધપમ, નીધપમગ, ધપમગરે, પમગરેસા ઇત્યાદિ.

પ્રથક્ છ સ્વરની તાનને ખોડવ તાન કહે છે, જેમકે સારેગમપધ, રેગમપધની, ગમપધનીસા, સાનીધપમગ, નીધપમગરે, ધપમગરેસા ઇત્યાદિ.

પ્રથક્ સાત સ્વરની તાનને સંપૂર્ણ તાન કહે છે, જેમકે સારે ગમ પધ નીસા, સાની ધપ મગ રેસા, ઇત્યાદિ. પ્રથમ કહેલાં નાદ ઇત્યાદિ તાનોનાં નામ જેમ તેના સ્થાન ઉપરથી પડેલાં છે તેમ આ આર્ચિત ઇત્યાદિ તાનોનાં નામ સ્વર સંયોગથી પડેલાં છે, તેમજ પ્રાચીન કાળનાં ઋષિઓએ મુખ્ય

તાનના વર્ગ ઓગણપચાસ કરી તેને એકોન પંચાશત કોટીતાન એવું નામ આપ્યું છે. આધુનિક ગાયક તેને ઉનંચ્યાસન કોરિતાન કહે છે, કેટલાક લોકો તેને ઓગણપચાસ કરોડ તાન માને છે, પણ તે ભૂલ છે. કોટી એટલે આ ટેકાણે વર્ગ સમજવો, તેની સમજ નીચે પ્રમાણે છે :—

સાત સપ્તકમાં દરેક સપ્તકનાં દરેક સ્વરને સાત સાત વખત ગાવામાં આવે ત્યારે ૪૯ કોટિતાન થાય છે, જેમકે પ્રથમ અરજ એટલે ચંદ્ર સપ્તકના સાથી નિખાદ સુધી અનુક્રમે ૭ સ્વર લઇએ એટલે તે એક કોટિતાન થઇ, પછી મંદ્ર સપ્તકના રિખવનો સા બાંધી અનુક્રમે ૭ સ્વર લઇએ તો તે બીજા વર્ગની તાન થઈ, તેમ દરેક સૂર સાત વખત લીધાથી ઉનચ્યાસ કોટિતાન બને છે.

તાન ગાન યાકા—પૂર્વ આફ્રિકાનો એક સરોવર. એની પોહળાઇ ૧૫ થી ૮૦ મૈલની છે. આ સરોવર સમુદ્ર સપાટીથી ૨૭૦૦ ફીટ ઉપર છે. ૧૮૫૮ માં સ્પેક અને 'બ્રૂટોએ' એની શોધ કરી હતી. આગળ આ સરોવરને નાઇલનાં પાણીથી બનેલો ધારવામાં આવતા હતો. એને કાંઠે ૧૦૦૦૦ ફીટ ઉચાઇના પર્વતો છે. કિનારાથી ૬૦૦ મૈલ ઉપર આ સરોવર છે.

તાનજોર—મદ્રાસ ઇલાકામાંનો એક બ્રિટીશ જીલ્લો. ક્ષેત્રફળ ૩૬૫૪ ચૌરસ મૈલ હોઈ તેમાં વસ્તી ૧૮૭૧ માં ૧૯૭૩૭૩૧ ની ને ૧૮૯૧ માં ૨૨૩૦૩૮૩ ની હતી. તેમાં ૧૨ શેહેરો ને ૩૫૩૯ ગામડાં છે. જીલ્લાનું કુલે ક્ષેત્રફળ ૩૬૫૪ ચૌરસ મૈલ હોઇ તેમાં દર ચૌરસ મૈલે વસ્તીની રાસ ૫૮૩ ની આવે છે. વસ્તીમાં ૧૯૩૬૪૨૧ હિંદુ, (૯૧ ટકા), ૧૧૨૦૫૮ મોહમેદન (૫ ટકા), ૭૮૨૫૮ ખ્રિસ્તી (૩ ટકા), જૈન ૬૨૫ અને બાકીના પરદેશી વસે છે.

તાનજોર જીલ્લો દક્ષિણ કર્નાટકનો ભાગ રોકે છે. એની ઉત્તરે કોલેરૂન, પૂર્વે અને દક્ષિણ પૂર્વે બંગાલનો ઉપસાગર, દક્ષિણ પશ્ચિમે મદુરા જીલ્લો, અને પશ્ચિમે મદુરા તથા ત્રીચનાપલ્લી જીલ્લો છે.

આ જીલ્લામાં ચોખાનો મુખ્ય પાક થાય છે. મુખ્યકરી કાવેરીના ડેલ્ટામાં તથા જીલ્લાના ઉપલા ભાગમાં પાક થાય છે. આ જીલ્લાની કુલે જમીન ૨૩,૯૨,૧૧૭ એકર-માંની ૧૩,૦૬,૭૧૩ યાને ૫ ટકા ભાગ ખેડાયલી છે. ૪,૦૨,૯૫૮ એકર ખેડવા લાયકની છે યાને ૧૭ ટકા છે, અને ૬,૮૨,૪૪૬ એકર તદન વેરાન યાને ૨૮ ટકા પડત છે.

આ જીલ્લામાં 'સાઉથ ઇંડિયન રેલ્વે'ની બે શાખા બાંધેલી છે. એક ત્રીચનાપલ્લીથી જીલ્લો પસાર કરી નગાપટમ સુધી કિનારે વધે છે, અને બીજી મદ્રાસ રેલ્વે, તાનજોર શેહેરથી વધતી ઉત્તર પૂર્વ ભણી વધે છે.

તાનજોર જીલ્લામાં ધાતુ કામ, રેશમી કાપડ, ગલીચા, વગેરે ઉત્તમ બને છે. મુખ્ય આયાત વેપાર રૂ, નાહનો પરચુરણ સામાન, સૂતર, યૂરોપીયન ધાતુ, સોપારી અને ખમારતી લાકડાંનો ચાલે છે, ને નિકાશ વેપાર સમુદ્ર માર્ગે તથા ખુશકી માર્ગે ત્રીચલાપલ્લી, મદુરા અને સાલમ સાથે ચાલે છે. આ જીલ્લામાં મુખ્ય અધિકારીઓ—કલેકટર, સબ કલેકટર, મદદનિશ કલેકટર, ડેપ્યૂટી કલેકટર છે. તાનજોર જીલ્લાને ૯ તેહેસિલમાં વેંહેચેલો હોઇ તેમાં બે તેહેસીલદાર અમલદારો છે કે જેમને તેમના મદદનિશો તરફથી મદદ કરવામાં આવે છે. તેમજ ૯ તાલુકાને ૫ ભાગમાં વેંહેંચી તેમનો કારોબાર ડેપ્યૂટી કલેકટર ચલાવે છે. જીલ્લામાં ૬ મુનસફ તથા એક વડા જજજની કચેરી છે.

આ ભાગમાં વર્સાદની મોસમ અચોકસ રહે છે. દક્ષિણ પશ્ચિમ તરફનો વર્સાદ જુનમાં પડે છે, જે સપટેંબર સુધી વર્સે છે. આ વર્સાદ ખાંચો પાડી વર્સે છે, અને તે બે કલાકથી વધારે વરસતો નથી. દર મોસમમાં ૧૫ ઇંચ વર્સાદ વરસવાની રાસ આવે છે.

ઉત્તર પૂર્વ તરફના વર્સાદની મોસમ ઑક્ટોંબર અથવા નવેંબરથી બેસી જાનેવારી સુધી ચાલુ રહે છે. આ વર્સાદ ૨૫ ઇંચ વર્સે છે. આ જીલ્લામાં બારે માસ વર્સાદ વર્સે છે છતાં આગસ્ટથી ડીસેંબર ખરી મોસમ ગણાય છે. ગર્મીની મોસમ માર્ચથી મે સુધી ચાલુ રહે છે.

તાનજોર—ઉપલાનું મુખ્ય શેહેર. લોક વસ્તી ૧૮૮૧ માં ૫૪૭૪૫ ને ૧૯૦૧ માં ૫૭૬૦૫ ની હતી. વસ્તીમાં ૪૭૧૯ હિંદુ, ૪૧૭૪ ખ્રિસ્તી, ૩૨૦૦ મોહમેદન અને બાકીની પરજાત છે.

તાનજોર શેહેર આગલા ચોલધરાણાનું પાયતખત હતું. તેમના હાથથી વિજયાનગરના સુબા નાયકે જીતી લીધું. ૧૬૫૬ થી ૧૬૭૫ સુધી એ મરાઠાઓના હાથમાં આવ્યું. અને તે વેળાજ આ શેહેર પૂર્ણ કળાએ ચઢયું હતું. ૧૭૫૮ માં ફ્રેન્ચ સરદાર લાલીએ જીતી લીધું પણ રાજાએ મોટી રકમ આપવાથી તેને તાબે આવ્યું. ૧૭૭૩ માં કર્નેલ જોસફ સ્મિથે જીતી લીધું હતું, અને ૧૭૭૬ માં અત્રે ઇંગ્રેજ છાવણી હતી. રાજા સારાબોજ સાથે ૧૭૭૯ માં થએલા કોલકરારની રૂહે તેનો આ સર્વ દેશ બ્રિટીશ સત્તા તળે આવ્યો અને થોડો ભાગ અને આ શેહેર તેને તાબે રાખવામાં આવ્યું હતું; જે ૧૮૮૫ માં રાજા શિવાજી સંતાન વિના મરણ પામતાં બ્રિટીશ સત્તા પૂર્ણપણે સ્થાપિત થઇ.

તાનજોરમાં કલેકટર, જડજ અને સરકારી મુખ્ય અમલદારોનાં મથક છે. તાનજોર શેહેરમાં રેશમી ગાલીચા, ઝવેર કામ, ત્રાંબા કામ, અને પરચુટણ નાહના ઉદ્યોગ કૂન્નરો સારી હાલતમાં છે.

તાનસા—મુંબઇ શેહેરને પાણી પુરૂં પાડવાનું આ ગંજવર બાંધકામ ૪૦ સ૦ ૧૮૮૬ માં ડૉ૦ ચૅમસ ક્લેનિની કોશેસ અને કારસાજીથી આ શેહેરની મ્યુનિસીપાલીટીએ શરૂ કરી તેને ૧૮૯૨ માં ખુલ્લું મેલ્યું હતું. તેની પાછળ રૂ. ૧,૫૦,૦૦,૦૦૦ નો ખર્ચ થયો હતો.

આ બાંધકામ મુંબઇથી ૭૫ મૈલ દૂર ઘાટ ઉપરથી વહેતી બે નદીઓને બંધ કરી લઇ તે નદીનાં પાણી આ તલાવમાં એકઠાં કર્યાં છે, કે જે નદીને માટે આ આંટગામનાં સ્ટેશનથી ૭ મૈલ દૂર તાનસાનો ગંજવર સરોવર હારેકટાર હુંગરોથી એક મ્હોટી ખીણની વચ્ચે બાંધેલો છે. આ તલાવનાં પાણીએ ૭ થી ૮ મૈલનો વિસ્તાર રોકેલો હોઇ તેમાં પરૂ ચૌરસ મૈલ જમીન ઉપરનાં પાણીનો જમાવ થાય છે.* આ પાણીને અટકાવી રાખવા બાંધેલો ગંજવર બંધ તમામ પથ્થરનો ચણી લીધેલો છે. તે બે મૈલ લાંબો ને તળીયાથી મથાળા સુધી ૧૮૦ ફીટ ઉંચો છે અને તળીયામાં તેની જાડાઇ ૧૦૦ ફીટ જેટલી રાખવામાં આવી છે. તાનસાનાં પુસ્તા જેવી ગંજવર દીવાલ આખી દુનિયામાં—ચીનની દીવાલ બાદ કરતાં બીજી એકે નથી. આ બુલંદ બંદમાં ૧૧૦૦૦૦૦૦ ઘનફુટ પથ્થર ખપ્યો હતો. આ પથ્થરના ગંજવર જથ્થાનો ખ્યાલ આપવા નીચે મુજબ ગણત્રી કરવામાં આવી છે કે, જો સઘળા પથ્થરથી ૧૦ ફુટ ઉંચી અને ૨ ફીટ પોહળી દીવાલ ૧૦૦ મૈલ લાંબી બાંધી શકાય, અથવા આખી મુંબઇની આસપાસ એવા ત્રણ કોટ બાંધી શકાય એટલો એ બાંધકામમાં પથ્થર ખપ્યો છે. તેમાં ખપેલા ચુના મટોડાનો જથ્થો એટલો મ્હોટો છે કે જો તેનો ઢગલો કીધો હોય તો એક એકર જમીન ઉપર ૧૬૫ ફુટ ઉંચો પડારોકો હુંગર બાંધી શકાય.

ઉપલા સરોવરનું પાણી મુંબઇ તરફ લઇ જવા માટે પાંચ મૈલની લંબાઇના બોગદામાં ઢનલ અથવા બુગદા બોદવા પડયા છે, ૨૫

* આ વિસ્તારમાં ૧૨ ગામડાં હતાં જે તાનસાના સરોવરનું બાંધકામ ચાલતાં ઉજડ બનાવવામાં આવી જંગલોને કાપી કાઢવામાં આવ્યાં હતાં.

મૈલ લાંબી પથ્થરની પનાળ અથવા પુલ બાંધવો પડયો છે, અને ૩૮ ફુંચની પોહળાઇના જબરા તથા જાડા લોઢાનાં નળ બીજા ૧૯ મૈલ સુધી જમીનમાં મુક્યા છે, કે જે નળ લાવતાં વસાઇની ખાડી ઉપર કસેલીગામ નજદીક દર ૧૦૦ ફીટનાં ૧૫ આરકાનો એક લોહકાનો ગંજવર પુલ બાંધ્યો છે, તેમાં જરૂર પડે તો બે નળ ગોઠવવાની તથા એક ટ્રેમવેની જગ્યા રાખી છે. એ સઘળા બુગદા, પનાળ, પુલ અને નળતો તાનસાના પાણીને કુરલા પાસે માત્ર ઘાટકુપર સુધી લાવે છે, પણ ત્યાંથી બીજા ૧૨ મૈલના લોઢાનાં નળ તે પાણીને મુંબઇ પોંહચાડે છે. જેનો સાંધો ચીચપોગલી પાસેના વિહારના નળને આવી મળે છે, અને તે જગ્યાપર આ પાણી ખુલ્લું મેલવાની ક્રિયા લૉર્ડ લેન્સડૌને ૧૮૯૨ માં ૩૧ મી માર્ચે કરી હતી.

આ તલાવ દરરોજ ૧૦૦૦૦૦૦૦ ગ્યાલન પાણી પુરૂં પાડી શકે છે. આ તલાવ ભરાવા ૩૦ થી ૩૫ ઇંચ વર્સાદ પુરતો ગણ્યો છે. એનું બાંધકામ બાંધવા પાછળ [illegible] થી ૧૨૦૦૦ માનસોને ૫ વર્ષ ૬ માસ સુધી રોકવામાં આવ્યા હતા. મુંબઇથી તાનસા સુધી નળ નાખવામાં આવેલા છે ત્યાં સુધી એની પાસેજ એક ટ્રેમલાઇન નાખેલી છે, કે જે ઉપરથી બાંધકામ કરતી વેળા નાહનું એનજીન માલ લાવલઇ જવ માટે ઉપયોગમાં લેવાયું હતું અને તે એનજીન કસેલીથી તાનસા સુધી ફરતું હતું.

તાનસાનાં તલાવમાંથી મુંબઇમાં આણવામાં આવતું પાણી મુંબઇ શેહેરનાં નીચલા પરાંઓમાં પુરૂં પાડવામાં આવે છે :— મારકિટ, ચકલા, ધોબીતલાવ, ફનસવાડી ભૂલેશ્વર, ખારાતલાવ, ગીરગામ, ખેતવાડી, ગોપાટી, નાગપાડા (અને) કામાટીપુરા, તારદેવ, ભાયખલા, વરલી, મહાલક્ષ્મી.

તાનસેન—હિંદુસ્તાનમાં પ્રતિષ્ટા પામેલો આ ગવૈયો શેહેનશાહ અકબરના અમલમાં થઈ ગયો છે. હિંદના ગવૈયા વર્ગમાં તેને દેવતાઇ માન આપવામાં આવે છે, અને તેની સરખામણીમાં બીજો કોઈ પણ ગવૈયો તવારીખમાં મશહૂર નથી. તાનસેનનાં જન્મવતન તથા તેની જીંદગીનો વૃતાંત જૂદી જૂદી રીતે પ્રસિદ્ધ છે, તે જોકે જન્મથી હિંદુ હતો પણ પાછળથી મુસલમાન થયો હતો, જે માટે જૂદી જૂદી કથા છે તે અત્રે દર્શાવી છે.

૧—એનો જન્મ જવાળામુખી દેવીના સ્થળ પાસે ભાદરવા વદ ૮ ને પુષ્ય નક્ષત્રમાં સંવંત ૧૫૪૨ નાં સુમારમાં થયો હતો. એના પિતાનું નામ શિવાજી અને દાદાનું નામ મહેશજી હતું. તેઓ જ્ઞાતે આદગૌડ બ્રાહ્મણ હતા. તેમનું ગોત્ર ભરદ્વાજ હતું. તાનસેનનો ભાઇ બીકુજી નામે હતો. શિવજી દિલ્લી જઈ રહેતાં, લાં પોતાની બાહોશીથી દીવાન પદ મેળવ્યું. ત્યાં આ બેઉ ભાઇઓ ૧૨ વર્ષની વયના થયા, તેટલાં શિવજી મરણ પામતાં બીકુજી તથા તાનસેન પ્રયાગનાં તિર્થ સ્થળમાં રહી કથા કરવા માંડી. પ્રયાગ પાસે અકબરના મામા રાજા રામસીંગ 'રીમા' ગામમાં રહેતો હતો ત્યાં બીકુજીને તેડી દરબારમાં ભગવાનની કથા ગાયનમાં કરવાની નોકરી પર રાખ્યો. આ વેળા તાનસેન ગાયન વિદ્યાથી બેનસીબ હોવાથી તે બીકુજીના આશ્રયમાં પડી રહ્યો હતો. આ વેળા તાનસેન ગોવાળીયા તરીકે પણ કામ બજાવતો હતો. એક વેળા બીકુજીની સ્ત્રીએ એને તહેંવાર તાણા માર્યા, આથી એ પોતાની ઓશિયાળી હાલતપર ગામ કરતો જંગલમાં ભટકતો રહી ઢોરોને ગામ તરફ હાંકી મેલ્યા. પછી - નિરાશામાં બળી મરવાનો વિચાર કરી ચીત્તા બડગી, તેટલાં બ્રહ્માની આજ્ઞાથી સરસ્વતીએ આવી તેને ગાયનકાર થવાનાં આશિશ આપ્યા, આથી તાનસેન ખુશી થઇ થોડે દિવસે ઘેર ફર્યો ને નિત્ય મુજબ મુગોજ રહ્યો. એક દિવસે રામસિંગ મહારાજને ત્યાં તાનસેન ભાઇ સાથે ગયો, ત્યાં મહારાજે તાનસેનને

ગાવા ફરમાવ્યું, ત્યાં તેણે પોતાના ભાઇની ભારે અજાયબી અને ઓતાજનોની વાખવાખી વચ્ચે એક સોરઠ રાગણી ગાઇ બતલાવી. કહે છે કે જ્યાં પૂર્ણ દર્શાવટ થઈ કે રાગણી આબેહુબ સામે આવીને ઉભી રહી. તેને રામ સીંગ મહારાજે નજરોનજર દીઠી હતી.ત્યારથી સહુએ જાણ્યું કે તાનુ (જે એનું જન્મ નામ હતું) કોઈ દેવતાઇ પુરૂષ છે. તે પછી અકબરે પોતાની દરબારમાં તેડાવી સન્માન પુર્વક રાખ્યો, જ્યાં એક રાજવંશી કુંવરી સાથે પ્રિતમાં પડતાં મુસલમાની ધર્મ સ્વિકાર્યો હતો. આ મુસલમાન શાહજાદીથી તાનસેનને ત્યાં બિલાસખાં અને શાહબખાં એવા બે પુત્રોની વૃદ્ધિ થઇ હતી.

બીજી કથા સંગીત કળાધરમાં એવી આપે છે કે એના પિતા મકરંદ નામે હતો. તેને પેટે દીકરો નહોતો પણ ગોસમહમદ ગવાલેરીના પ્રતાપથી તેને તાનસેન નામે દીકરો થયો. જ્યારે આ બાળક પાંચ વર્ષનો થયો, ત્યારે તે ફકીર પાસે તાનસેનને લઇ ગયો અને કહ્યું કે "શાહ સાહેબ આપની દુવાથી પરમેશ્વરે મને છોકરો આપ્યો. હવે આના હકમાં ઈશ્વર પાસે દુવા માગો કે તેને સંગીત વિદ્યા આવડે. તે વખતે શાહ-સાહેબ પાન ખાઇ રહ્યા હતા, તેમણે પાનનો ઓગાળી લઇ તાનસેનના મોહમાં મુકયો ત્યારે પંડિત મકરંદે કહ્યું કે "શાહ સાહેબ આ છોકરો હવે અમારા ધર્મમાં રહ્યો નહિ, માટે આજથી આપની તાબેદારીમાં રહેશે." પછી કેટલાક દિવસ તાનસેને તેમની નોકરી કરી તેમ શાહ સાહેબે પણ તેની સારી રીતે પરવરશી કરી અને મુસલમાન બનાવ્યો. જ્યારે શાહ સાહેબ મરણ પામ્યા ત્યારે તાનસેનને ઘણુંજ દુઃખ થયું, કારણકે શાહ સાહેબે તેને પાળી પોષી પોતાને ઉછેર્યો હતો, તેની જુદાઇમાં તાન-સેન ગાઇ બજાવી પોતાનું મનરંજન કરતો, અને તેને સાચા દિલથી સંગીત શિખવા ઉપર પરીપૂર્ણ પ્રિતી હતી, માટે નાયક બક્ષુના એક શાગરદ પાસેથી પોતે ગાનુ શિખ્યો. થોડી મુદતમાં ગાવું પ્રાપ્ત થયું, પછી તેણે દક્ષિણમાં નાયક બક્ષુની દીકરીને પોતાનું ગાવું સંભળાવ્યું. તે દીકરી પણ સંગીતમાં કુશળ હતી. તેણે તાનસેનનું ગાવું નાપસંદ કર્યું અને કહ્યું કે, "ધિક્કાર છે તને કે તેં તારી આટલી ઉમર વૃથા ખોઇ, અને કોઈ પણ ગાવાનો સલીકો આવ્યો નહિ. આ કરતાં કાંઈ અન્ય કામ શિખ્યો હોત સારૂં. તેવું સાંભળી તાનસેન ઘણો લજ્જીત થઇ ત્યાંથી ચાલી નિકળ્યો અને કોઇ સારા ઉસ્તાદની ખોળમાં કેટલીક મુદત સુધી અથડાયો. એક વખત જંગલમાં નિરાશ સ્થિતીમાં નિંદ્રાવશ થઈ પડયો હતો તેટલાં સ્વપ્ન દીઠું કે શાહ સાહેબ એક સ્વામીને લઇ પોતાની પાસે આવ્યા, અને આવીને તાનસેનનો હાથ સ્વામીના હાથમાં આપ્યો; તે સ્વામી પોતે બક્ષુ હતા. પછી સ્વામીએ સ્વપ્નમાં તાનસેનને બે ધ્રૂપદ ગાતાં શીખવી અને માથા ઉપર હાથ ફેરવ્યો, એટલું થયું કે તાનસેનની આંખ ઉઘડી ગઇ, પણ જે શિખવેલા બે ધ્રૂપદ હતા તે બરાબર પોતાને યાદ રહ્યા, તે વખત તાનસેન પોતાના મનમાં ઘણોજ ખુશી થયો, અને પાછો બક્ષુની દીકરી પાસે જઇને તે બે ધ્રૂપદ તેને સંભળાવ્યા. તે ધ્રૂપદ સાંભળી બક્ષુની દીકરી પોતાના પિતાની યાદ કરી રડવા લાગી અને કહ્યું કે "પિતાજીએ નવો જન્મ ધરી ગાવું બતાવ્યું કે શું?" પછી તે વિષે બનેલી હકીકત તાનસેને કહી સંભળાવી. પછી તે દીકરીએ પણ થોડાક દિવસ તાનસેન પાસે તાલીમ લીધી, અને તાનસેન પણ ત્યાં જે નામીચા ગાયક હતા તેમના પાસેથી ગાયન શિખ્યો. પછી થોડાક દિવસે તાનસેન ઉત્તર હિંદુસ્તાનમાં આવ્યો, અને શેહેર પટનામાં રાજારામ વાઘેલાના દરબારમાં નોકર થયો. પછી અકબર બાદશાહે તેના ગાવાની તારીફ સાંભળીને નવાબ મઅતમદ-ખાંનને તાનસેનને બોલાવવા માટે પટના તરફ મોકલ્યો. તે નવાબ તાનસેનને બોલાવી

લાવ્યો, ને ત્યાં અકબરે તેના લાયકનું માન આપી દરજ્જો બખશ્યો.

'કોઇ તાનસેન વિષે એમ કહે છે કે તાનસેનને ૯ ભાઇ બેહેન હતાં, અને તે સર્વે ભાઇ હરેક હુન્નરમાં હુશિઆર હતા, પણ તાનસેનને કાંઇપણ આવડતું નહતું. એક દિવસે ઘરમાંથી કોઇ સ્ત્રીએ તાણા મારવાથી એ હરદાસજી પાસે જઈ તેમનો શિષ્ય બન્યો. સ્વામી હરદાસે તેને ગાયન શિખવી રજા આપી. પછી તાનસેન શાહ મહમુદ ગોસ ગ્વાલેરીની સેવામાં ગયો અને ત્યાં મુસલમાન થયો. શાહ સાહેબ મરણ પામ્યા પછી રાજારામ વાઘેલાને ત્યાં નોકર રહ્યો. પછી અકબર બાદશાહે બોલાવી લીધો, અને જ્યારે બાદશાહ અકબરને સ્વામી હરદાસજીનું ગાવું સંભળાવવા લઇ ગયો ત્યારે સ્વામીએ કહ્યું કે તાનસેન તું હવે અમારા કામનો ન રહ્યો, કારણકે મુસલ-માન થયો માટે, અને તેમની કબર પણ ગવાલીયરમાં છે. ત્યાં એક આમલીનું ઝાડ છે. જ્યારે ગવૈયા લોકો તાનસેનની કબરની જ્યારત માટે જાય છે ત્યારે ત્યાંથી આંબલીનાં પાંદડાં લાવીને ખાય છે, અને કહેછે કે તે પાંદડાં ખાધાથી કંઠમાં રસ આવે છે. વળી તાનસેનના ગાયન વિષે એમ કહે છે કે તેને દીપક તથા મેઘ રાગ બરાબર આવડતા હતા, કારણકે શાહ મહમદ ગોસ ગ્વાલેરીએ પોતાની કરામતથી મુસીકાર નામના પક્ષીને બોલતાં દેખાડ્યું હતું. તે સાંભળી તેના ધ્વની ઉપરથી તાનસેન ધ્રપદના બોલ બાંધી તે રાગ ગાતો હતો અને તેની તાસીરથી દીવા પણ પ્રગટ થતા હતા, તેમ વરસાદ પણ આવતો હતો. તેના ગાવામાં એવો તો રસ આવતો હતો કે ઘણાક લોકો કહે છે કે એક દિવસ એક પહાડ ઉપર બેસી ગાયન કરી રહ્યો હતો, તેટલાં તેની અસરથી તે પહાડમાંનો એક પથ્થર પિગળી ગયો, ત્યારે તાનસેને પોતાની નિશાની માટે હાથમાં મજીરાની જોડી હતી તે તે પથ્થર ઉપર મુકી દીધી. ગાવું બંધ રાખ્યા પછી તે મજીરાની જોડી પથ્થરમાં ચોંટી ગઇ. આજ સુધી પણ કેટલાક ગવૈયાઓ તે પહા-ડની માનતા માને છે, એવી દંતકથા છે. વળી તાનસેનના ગાવામાં એવો ઇશ્વરી રસ મુકયો હતો કે, પશુ સરખાં પણ વશ થઇ જતાં. તેના વિષે એમ કહે છે કે એક દિવસે બાદશાહ અકબરે તાનસેનને કહ્યું કે "જો હું ન હોત તો તારી કદર કોણ કરત?" તાનસેને તે વાત ઉપર કાંઇ ધ્યાન આપ્યું નહિ; તોપણ બીજી વખતે બાદશાહે કહ્યું કે "તાનસેન કદાપિ હું ન હતે તો તારી કદર કોણ કરત?" ત્યારે તાનસેનથી રહેવાયું નહિ, કારણકે ગવૈયા લોકો ઘણુંકરી બેપરવા હોય છે. તાનસેને જવાબ આપ્યો કે "ગરીબ પરવર, આ ઇશ્વર સૃષ્ટિમાં કોઇ પણ વાતની ખામી નથી, તેમાં ગર્વ કરવો તે યોગ્ય નથી. શું કુકડાવિના વહાણું વહાતું નથી?" તે સાંભળી બાદશાહ ઘણો ગુસ્સે થઇ બોલ્યો કે, "અરે કોઈ હાજર છે, આ તાનસેનને મારી દરબારમાંથી કાઢી મેલો." તુરત તે પ્રમાણે અનુચરોએ કીધું. પછી તાનસેન પાછો રાજારામ વાઘેલા પાસે ગયો, તેમણે તાનસેનને ઘણાજ સન્માન સાથ રાખ્યો. તે વખત તાનસેને કેટલાક ધ્રુપદ વિગેરે રાજારામ વાઘેલાની ચીજો બનાવી જેમાંની આજ પર્યંત પણ કેટલીક જારી છે. પછી અકબર બાદશાહને તો તાનસેન વિના ચેન ન પડવા માડ્યું. આખરે કોઇ માણસ તાનસેનને આમંત્રણ કરવા સારૂં મોકલ્યો. તે માણસ આવવાથી રાજારામ વાઘેલા ઘણોજ નારાજ થયો, પરંતુ લાચાર કે, મોટા પાદશાહના હુકમનો અનાદર થઇ શકે નહિ, એટલે તાનસેનને ઘણુંએક દ્રવ્ય આપી એક તાવદાનમાં બેસાડી વિદાય કર્યો, અને પોતે પણ થોડાક સુધી વળાવવા ગયો. ત્યાં જે તાવદાન ઉપાડનાર બોઇ લોક હતા તેમાંથી એક જણને ઇસારો કર્યો કે તું બસીબ. બોઇ બસી ગયો કે તુરત પોતે તે તાવદાનને

ઉપાડી ચાલવા માંડયું. તે વાત તાનસેનને માલમ પડતાંજ પોતે નીચે ઉતરી કહ્યું કે "ગરીબ પરવર આ ઘણું અઘટિત થયું." ત્યારે રાજાએ કહ્યું કે "મારાથી તમારી કાંઈ ખાતરદારી થઇ નથી, માટે આ છેવટની યાદગારી છે." ત્યારે તાનસેને કહ્યું કે "આપ સાહેબે એટલો તો ઉપકાર કરી મને આભારી કર્યો છે કે તેનો બદલો વાળવાની મારામાં શક્તિ નથી, પણ આ જમણા હાતથી ફકત આપનેજ સલામ કરીશ." એમ કહી ઘણા નમ્રતા સાથે સલામ કરી તાવદાનમાં બેસી દિલ્લી રવાના થયો.

દિલ્લી દરબારમાં સર્વ અમીર ઉમરાવો બાદશાહ સનમુખ બેઠા હતા. તાનસેને આવતાંજ ડાભા હાથથી સલામ કરી. એવું જોઇ સર્વે અજબ થયા, અને બાદશાહ પણ ગુસ્સે થયા, અને વિચાર્યું કે હજી સુધી તાનસેનનો મીજાજ ફરેલો છે માટે તેને હવે બરાબર શિક્ષા કરવી યોગ્ય છે, એમ વિચાર કરી તુરત હોકમ ફરમાવ્યો કે તાનસેનને હાથીના પગ તળે કચડવો. એ હોકમ મુજબ તાનસેનને પકડી મહા મસ્તાન હાથીના પગ નજદીક નાખી દીધો, તે વખતે તાનસેને પોતાનો તંબુરો મંગાવી એક નવો ધ્રુપદ દીનના સુધરાઇ કહાનરાનો ગાયો. આથી હાથી સઘો પ્રસન્ન થઇ પોતાની સુંઢ વડે તાનસેનને પોતાના મસ્તક ઉપર બેસાડયો. આ કૌતુક જોઇ બાદશાહ પોતે આવી તાનસેનને નમ્યો ને કહ્યું કે "તારૂં તો દેવરૂપ છે. માટે માહરાથી બનેલા ગુન્હાની દરગુજર ઇચ્છું છું." તે પછી તાનસેન ઘણા માન સાથે ત્યાં રહ્યો. તે વખતનો ધ્રુપદઃ—

રાગ સુધરાઇ કાનહરો—તાલ ચો તાલ.

મનગજ થયો અરસમાન અત પ્રબલ ચરડ મરડ હે પ્રચંડ સઢ,
દારિદ્ર અજ્ઞાન કારો—મનગજ—ટેક.
ઉરબ તુરબ ધુંધકાર મદન દુહાઇ તાકી ધારતાના ઘર ગાઢે,
સનમુખ હોત જાંકાં શુંડવારો—મન.
ઇમંદ ઇમંદ કીમંદ કુકબ બહુ પ્રબલ પુંની પુંકારો;
તાનસેનકો ડારેકારે આગેંતબ એક દંત દુજી શુંડસેં ઉદ્ધારો—મન—૨.

તાનસેનનાં પુત્રો કેટલા હતા તે ઉપલી કથાઓ ઉપરથી સેહેજ જણાય છે. પણ તેઓએ પોતાના પિતાનું નામ વધારે જોબદાર કરવા યોગ્ય તેના પછી કાંઇ કામો બન્યલાં જણાતાં નથી. પણ એના ભાઇ બીકુજીના વંશજ હાલમાં પણ ગવૈયાનો ઉત્તમ માનવંત દરજ્જો જાળવી કાયમ રહેલા જણાય છે. તેન વિશે એવી કથા છે કે તાનસેનનો 'તાનરંગખાન' નામે એક પુત્ર હતો, જેને તાનસેને પોતાની પૂર્ણકળા શિખવી હતી. પણ જ્યારે તે મોતને બીછાને પડયો હતો તે વેળા પોતાને ગાયન સાંભળવાની ઇચ્છા થતાં તે બેટાને ગાવા કહ્યું; પણ તે બેદરકાર જવાને નફકરાઇથી તે ઉપર લક્ષ નહિ આપવાથી તાનસેન મરતાં મરતાં અત્યંત નિરાશ થયો અને નિરાશાના આવેશમાં એવો શ્રાપ આપ્યો કે "મેં તને સંગીત વિદ્યા શિખવી અને તું તેમાં મસ્ત થઇ બેપરવાઇથી મારી આજ્ઞાને તુચ્છકારી માટે મારી બતાવેલી વિદ્યા તારા કંઠથી બરાબર નિકળી શકશે નહિ. એટલુંજ નહિ પણ તારા વંશ પરમપરા કોઇન । કંઠમાં રસ રહેશે નહિ." એમ કહી મરણ પામ્યો. આ શ્રાપ હાલમાં એ દાખલા ઉપરથી સિદ્ધ થએલો મળે છે કે, હર કોઇ મુસલમાન ગવૈયાનો કંઠ કવચિતજ સારો હોય છે, એમ હિંદુ ગવૈયાઓનું કહેવું છે.

તાનસેનનો કોઇ વંશજ જ્યારે હિંદમાં રહ્યો નથી ત્યારે તેના ભાઇ બીકુજીનો પુત્ર ચંદ્ર ભાણનાં વંશથી ઉતરી આવેલા ગવૈયા પિત

મ્બર મિસરજી હાલમાં પણ ગાયનના ઉસ્તાદ તરીકે પ્રસિદ્ધતા પામે છે. પિતામ્બર મિસરજી '૨૨' પ્રકારનાં તંતૂવાદ્ય ઉપર એક સરખી સુઘડતાથી ગતિ કરે છે, અને તેમાં ૩ વાદ્યો દિલપસંદ, આસરખીન અને સૂરશોધ તો પોતાના બાપનાજ કહેવાડે છે. આ ગવૈયાએ ૧૮૯૨ માં મુંબઇમા આવી શોખીનોનું પોતા તરફ ભારે ધ્યાન ખેંચ્યું હતું.

તાપી—આ નદીનો ઉગમ ડોંડવનમાં એલિચપૂર શેહેરની પશ્ચિમે બૈતૂલ ગામ પાસે ઉ૦ અં૦ ૨૧-૫૫ અને પૂ૦ રે૦ ૭૮-૪ના સુમારે થાય છે, ત્યાંથી એ ૧૫૦ મૈલનો માર્ગ મધ્ય પ્રાંતો તથા વરાડમાંથી કાપી ખાનદેશમાં બરાનપૂરની નજદીક થોડાક મૈલ ઉપર દાખલ થઇ ૧૮૦ મૈલ વહે છે; આ ખાનદેશ જીલ્લામાં એને અનેક નાહની નદીઓ મળે છે. ખાનદેશમાંથી હરણ ફાળ આગળ નદી નીચે ઉતરી ડુંગરીઓ તથા ખડકોમાં થઈ ૫૦ મૈલનો રસ્તો કાપી ગુજરાતમાં દાખલ થતાં સુધીમાં ૩૦,૦૦૦ ચોરસ મૈલ પ્રદેશનું પાણી ખેંચી ૩૮૦ મૈલ જુમલે વહી સૂરત પાસેથી વહેતી ૮૦ મૈલનો માર્ગ કાપી ખંભાતના અખાતને મળે છે. સહ્યાદ્રીની ડુંગરીઓના થોડાક ભાગ શિવાય તાપી નદીના પ્રદેશમાં દર વર્ષે ઝાઝો વર્ષાદ પડતો નથી, જુનના પેહેલા અઠવાડીઆમાં વર્ષાદ પડવા માંડે છે કે તાપીના પ્રવાહનું બળ વધેછે,નદી ઉનહાળાની આખરમાં કલાકે ૨૫૦૦૦ ઘનવાર અને ચોમાસામાં અતિ મોટી રેલમાં કલાકે ૧૨,૦૦,૦૦,૦૦૦ ઘનવાર એમ પાણી દરિયામાં બેસી જાય છે.

આ નદી ઉપર સૂરતની પશ્ચિમે ૧૩ મૈલ ઉપર અને દુમસ ગામડા નજદીક પાણીમાં મિનારા જેવી દીવાદાંડી છે. આ દીવાદાંડી ઉપર જવાને મિનારા અંદર સીડીઓ બનાવેલી છે. દીવાદાંડીની બત્તી સમુદ્રના પાણીથી ૯૧ ફીટની ઉંચાઇ ઉપર છે. આ બત્તીનો સફેદ ઉજાસ ૯૦ ચોરસ મૈલ ઉપરથી જણાય છે, ને વહાણ ઉપરથી સીધી લીટીમાં ૧૫ મૈલને છેટેથી ઉજાસ નજરે પડે છે.

તાંબુ—અથવા ત્રાંબુ. આ ધાતુ અતિ પ્રાચિન કાળથી જાણીતી થએલી છે. લોઢાની શોધ પેહેલાં એનો ઉપયોગ કરવામાં આવતો હતો. લોઢાના હથીયારો બનાવવાની શોધ થવા આગમજ તાંબુ અને કલઇ એનાં મિશ્રણથી હથિઆરો બનાવવામાં આવતા હતા. એની પેહેલી ઉત્પતિ સાધપ્રસમાંથી થવાથી એનું નામ કૉપર (Copper) પડયું એમ ઇગ્રેજો જણાવે છે. તાંબાની શોધ આગમજ ઑન્જ ધાતુનો બોહોળો ઉપયોગ કરવામાં આવતો હતો. તે વેળા તાંબુ થોડું મળતું હોવાથી તે સુવાના મૂલનું ગણાતું હતું.

ટાયરની પ્રજા તાંબા તથા પિત્તળનાં વાસણોનો વેપાર ચલાવતા હતા, તથા પિત્તળ બનાવવાનો હુનર અને તેના વાસણ બનાવવાની કળા 'કેડમસે' ઇ. સ. પૂર્વે ૧૩૧૩માં ગ્રીસમાં દાખલ કરી હતી.

તાંબુ સંયુકત અને અસંયુકત સ્થિતિમાં ઘણું મળે છે. ઉત્તર અમેરિકા તથા સાઇબિરિયામાં અસંયૂકત સ્થિતિમાં સ્ફટિકાકાર અને અસ્ફટિકાકાર જડે છે. તાંબાના મુખ્ય અશોધિત ધાતુ 'કૉપરપાયરિટિસ' છે. એ પિળા રંગનો હોય છે.

ઇંગલંડમાં કાર્નવાલ અને ડેવ્હન આ પ્રાંતમાં અને સ્વિડન, સેકસની, સાઇબિરિયા, આસ્ટ્રેલિયા, કયૂબા અને દક્ષિણ અમેરિકામાં તાંબાની ખાણો છે.

હિંદુસ્તાનમાં—પણ તાંબુ ઘણે ઠેકાણે મળે છે. અગાઉ અત્રે તાંબુ કાઢવાના મ્હોટા કારખાના હતા.મદ્રાસ ઇલાકામાં ત્રીચનાપલ્લી, બેલારી, કદાપ્પા, કર્નૂલ અને નેલોર આ પ્રાંતમાં; મુંબઇ ઈલાકામાં ધારવાડ જીલ્લામાં, મધ્ય હિંદુસ્તાનમાં રાયપુર, જબલપુર, નરસીંગપુર, ચાંદા, રેવા, બુંદેલખંડ આ પ્રાંતમાં; રજપુતાનામાં અલવાર, જયપૂર, ભરતપૂર, અજમીર, ઉદેપૂર અને બિકાનેર આ સંસ્થા-

નમાં; બંગાલ ઇલાકામાં ભાગલપૂર, દેવગઢ, સિંગભૂમ, છોટાનાગપૂર અને હજારી બાગ આ પ્રગણામાં; તેમજ પંજાબ, કાશમિર, નેપાળ અને બરમામાં ત્રાંબાની ખાણો છે. ઈ૦ સ૦ ૧૮૯૪ માં બંગાલ પ્રાંતમાંની ખાણમાંથી ૧,૫૦,૦૦૦ રૂપિયાનું તાંબુ નિકળ્યું હતું. ઇંગલંડથી તાંબુ આવવા પેહેલાં આ દેશમાં જે તાંબુ મળતું હતું તે સર્વ અત્રેજ ખણી કાઢી બનાવવામાં આવતું.

ઇંગલંડમાં પેહેલ વેહેલી તાંબાની ખાણ ઇ. સ. ૧૫૬૧ માં શોધી કાઢવામાં આવી હતી, અને હાલમાં કાર્નવાલ તરફ ૫૦ ખાણો ચાલુ છે. ૧૭૮૯ માં તાંબુ વહાણોનાં તળીયાં નીચે જડવામાં કામે લગાડયું હતું. તાંબાની મ્હોટામાં મ્હોટી ખાણ ૧૮૪૩ માં દક્ષિણ આસ્ત્રેલિયા મધે શોધી કાઢી હતી, અને તે 'બરાબરા'ની ખાણને નામે ઓળખાય છે.

તાંબુ ને લોહું એમના સલ્ફાઇડનાં મિશ્રણથી 'કૉપર પાયરિટિસ' બને છે. તાંબાની અશોધિત ધાતુનો બીજો પ્રકાર 'માલાકાઇટ' છે. સાઇબિરિઆ, ચિલ્લી અને આસ્ટ્રેલિયાના દક્ષિણ ભાગમાં મળે છે, એ તાંબાનો કાર્બોનેટ હોય છે. એની આસમાની અને લીલી એવી બે જાત છે. લીલા કરતાં આસમાની જાતમાં કાર્બોનિક ઍસિડ વધારે હોય છે. આ શિવાય બીજી તાંબાની અશોધિત ધાતુ કદાચજ મળે છે. તાંબુ કાઢવાના મ્હોટા કારખાનાં વેલ્સ દેશમાં 'સ્વાન્સી'માં છે. ત્યાં બધે બધથી તાંબાના પથ્થર આવે છે; કારણ આ સ્થળ સામે કોલસાની તથા આંધ્રે સાંઇટની ખાણો ઘણી છે. આ ઠેકાણે રાત દિવસ ૫૦૦ થી વધારે ભઠ્ઠીઓ ચાલુ છે; જ્યાં ૫૦૦૦ મજુરો કામ કરે છે, ને તેમની મજુરી પાછળ દર અઠવાડીએ ૪૦૦૦ પૌંડનો ખર્ચ થાય છે, અને આ ભઠ્ઠીઓમાં સુમારે ૭૦૦૦૦૦ ખાંડી કોલસો બળે છે, ને તેથી ૨૮૦૦૦ ખાંડી તાંબુ તૈઆર થાય છે. માલકાઇટમાંથી તાંબુ સેહેજમાં કાઢી શકાય છે, પણ તેની અછત હોવાથી કૉપરપાઇરિટિમાંથી તાંબુ કાઢે છે.

આખી દુનિયાંમાંની ખાણોમાંથી દર સાલ ૪,૫૦,૦૦૦ ટન તાંબુ ઉત્પન્ન થાય છે, તેનો કોઠો નીચે મુજબ છે.

દેશો	ટન-૧૮૯૮ માં	ટન-૧૮૯૯ માં
આલજીયર	૫૦	૦
આરજેનટાઇન	૧૨૫	૬૫
આસ્ત્રેલિઆ	૧૮૦૦૦	૨૦૭૫૦
આસ્ત્રિઆ હંગેરી	૧૫૪૦	૧૫૦૫
બોલિવિઆ	૨૦૫૦	૨૫૦૦
કેનેડા	૮૦૪૦	૬૭૩૨
કેપ ઑફ ગુડ હોપ	૭૦૬૦	૬૪૬૦
ચિલ્લી	૨૪૮૫૦	૨૫૦૦૦
જર્મની	૨૦૦૮૫	૨૩૪૬૦
ગ્રેટબ્રિટન	૫૫૦	૫૫૦
ઇતલી	૩૪૩૫	૩૦૦૦
જેપાન	૨૫૧૭૫	૨૭૫૬૦
મેક્સિકો	૧૫૬૬૮	૧૬૩૩૫
ન્યૂફાઉન્ડ લૅંડ	૨૧૦૦	૨૭૦૦
નૉર્વે	૩૬૧૫	૩૬૧૦
પીરૂ	૩૦૪૦	૫૧૬૫
રશિઆ	૬૦૦૦	૬૦૦૦
સ્પેન-પોર્તુગલ	૫૩૨૨૫	૫૩૭૨૦
સ્વિદન	૪૮૦	૫૨૦
યૂનાઇતેદ સ્તેત્સ	૨૩૯૨૪૧	૨૬૫૧૫૬
કુલે	૪૩૪૩૨૯	૪૭૩૮૧૮

યૂનાઇટેડસ્ટેટમાં મોન્ટાના, લેક સુપિરિઅર (સરોવર) નો કાંઠો, ઍરિઝોનમાં તાંબાની મ્હોટી ખાણો આવેલી છે.

રાયઓઢિંટો, મ્યૂરિકા આ મુખ્ય ખાણો સ્પેન દેશમાં છે. કોકિમ્બો, અકાંકવા, સ્યાંટિઆગો, ઍરોકા, ચિલ્લીઓ, અટાકામા આ છ ઠેકાણેની ખાણો ચિલ્લી દેશમાં અતિ જાણીતી છે.

યૂનાઇટેડ કિંગડમ (ઇંગલંડ વગેરે) માં જાણીતી ખાણો નથી, પણ બનાવટ માટે કારખાનાં સ્થાપેલાં છે. ન્યૂકેસલ અને સ્વિયર-

પૂલ એ આ ધાતુના કારખાનાઓ માટે જાણીતા શેહેર છે.

હિંદુસ્તાનમાં તાંબાનો 'આયાત' વેપાર નીચે મુજબ છે.

૧૮૭૬ માં	૧,૨૦,૭૫,૦૦૦	રૂપ્યા.
૧૮૮૨ માં	૧,૪૬,૭૪,૦૦૦	,,
૧૮૯૨ માં	૨,૦૮,૯૦,૦૦૦	,,
૧૮૯૪ માં	૨,૩૮,૨૫,૦૦૦	,,

બનાવટ તાંબાની-૧—તાંબાના પથ્થરને (કૉપર પાયરિટિજ) પ્રથમ 'રેવ્હર બરેટરિ ફર્નમાં' ભૂજે છે. આથી તેમાના લોહાંનાં સલ્ફાઇડનો ઑકસાઇડ બની ગંધક ત્રાંબા સાથે સંયોગ પામે છે. કારણ લોહાં કરતાં તાંબાથી ગંધકની રસાયન પ્રિતિ વિશેશ છે, અને ઑકસિજનથી ઓછી છે.

૨—હવે એમાંનુ લોહું જુદું કાઢવા ભૂજેલા તાંબાના પથ્થરમાં ઘણી સિલિકાવાળી રહેલી રેતી અને 'ફ્લ્યુઅરસ્પાર' પથ્થરની ભૂકી મિશ્ર કરી તેને બીજી ભઠ્ઠીમાં આગળ કરતાં વધારે આંચ આપી પિગળાવે છે. રેતીને જગે ગંધક નહિ હોય તેવું 'માલાકાઇટ' (તાંબાનો કાર્બોનેટ,) આ તાંબાના અશોધિત ધાતુના પથ્થરનો પણ ઉપયોગ કરે છે. આથી લોહાનો ઠીક અંશ રેતી સાથે મળી લોહાના સિલિકેટનો રસ બને છે, અને ત્રાંબુ તથા લોહું એમનુ સલ્ફાઇડ હોય છે; તેમનો રસ બની તે ભારી હોવાથી લોહાનાં સિલિકેટ' ના રસમાંથી નીચે જાય છે; તેને પાણીમાં લેછે આથી તે ધન બની તેની ઝીણી ગોળીઓ બને છે. તેમાં હજી તાંબા સાથે લોહું અને ગંધક એ પદાર્થો સંયુકત થએલા હોયછે. તાંબુ સેંકડે ૩૩ ભાગ હોય છે.

૩—પછી ઉપલી રીતે તઇઆર થએલી ગોળીઓ ભઠ્ઠીમાં ફરી ૨૪ કલાક સુધી ભૂજે છે. હવે મૃત્તિકાદિ દ્રવ્યો ઓછા થતાં લોહાનાં સલ્ફાઇડનો ઑકસાઇડ વધારે સુલભ રીતે બને છે. આકૃતિમાં ઘણો એક લોહાનો સલ્ફાઇડ આકસાઇડની સ્થિતિમાં જાય છે.

૪—ઉપલી રીતે લોહાનો ઑકસાઇડ બનેલો કાઢી નાખવા તેમાં ફરી રેતી અથવા 'માલાકાઇટ' મિશ્ર કરી ભઠ્ઠીમાં સખત આંચ આપે છે. આ વેળા સર્વ લોહાનો ઑકસાઇડ સિલીકાથી મળી માત્ર તાંબાનો સલ્ફાઇડ જૂદો પડે છે.

૫—પછી તાંબાના સલ્ફાઇડને કેટલાક કલાક સખત આંચ આપે છે. આથી તાંબાનું ઠીક ઑકસાઇડ બને છે; અને તાંબાનો ઑકસાઇડ અને સલ્ફાઇડ ભઠ્ઠીમાં એકત્ર થાય છે. પછી આંચ વધારી તેનો રસ થવા દીધો હોય તો તેમના પરસ્પર ઉપર કાર્ય ચાલી બેઉ પૃથગ્ભૂત બને છે, અને ગંધક ઑકસિજનથી સંયોગ પામી ગંધકનો ઑકસાઇડ ઉડી જાય છે, અને શુદ્ધ તાંબાનો રસ ભઠ્ઠીની તળીએ એકત્ર થાય છે, તે રસને મટોડીનાં સાંચામાં રેડી 'લાડો' બાંધે છે. આ લાડા ઉપર પુલ્લા જેવા ઘણા ચિન્હો હોય છે. આથી તેને 'બિસ્ટર્ડ કૉપર' કહે છે. એમાં હજી ગંધક, લોહું અને બીજી ધાતુની (સેંકડે ૨ થી ૩ ભાગ) ભેળ હોય છે. તેને કાઢી નાખી તદન શુદ્ધ તાંબુ જૂદું કાઢવા માટે છેલ્લી બે રીતો અજમાવવી પડી છે.

૬—પુલ્લાવાળું તાંબુ (સુમારે ૧૦ ખાંડી) રેવ્હર બેરેટરિફર્નસમાં નાખી પિગળાવે છે, અને પિગળાવેલી સ્થિતિમાં સુમારે ૨૦ કલાક રાખે છે. આથી આ ભઠ્ઠીમાંથી જે હવાનો પ્રવાહ વહે છે તેના યોગે તાંબામાંનો ગંધક અને લોહું, કલ્લાઈ, ઝિસું વગેરે ધાતુ એમનાં સૂક્ષ્મ અંશ હોય છે તે ઑકસિજનથી સંયોગ પામી ગંધકનો ઑકસાઇડ, વાયુ રૂપે ઉડી જાય છે, અને ધાતુના ઑકસાઇડ મેલરૂપે પૃષ્ટ ભાગ ઉપર આવે છે. પૃષ્ટ ભાગ ઉપરનો મેલ કાઢી નાખે છે, અને રસને ડોહવે છે. આ કૃતિમાં કોંઇક તાંબુ ઑકસિજનથી સંયોગ પામે છે અને આ ઑકસાઇડમાંનો કેટલોક ઑકસાઇડ તાંબાના રસમાં શોષાઈ જાય છે. આથી તાંબુ

બરડ અને કણદાર બને છે. આ ઑક્સિજન તદ્દન કાઢી નાખી તાંબાને ચીવટપણુ આપવા માટે ભઠ્ઠીમાંના તાંબાના રસ ઉપર આંથ્રેસાઇટની ભૂકી નાખી તેનો પાતલો થર કરે છે. આથી પૃષ્ટ ભાગ ઉપર જે ઑક્સાઇડ હોય છે તેમાંનો ઑક્સિજન કોલસાથી સંયોગ પામી ઉડી જાય છે. પછી પૃષ્ટ ભાગ નીચે રસમાં જે ઑક્સાઇડ હોય છે તેમાંનુ ઑક્સિજન કાઢી નાખવા નાહનાં ઝાડ મૂળમાંથી મૂળીયાં સુધાં રસમાં ઓળે છે. આથી ભીના મૂળીયાનાં બળતણથી જે જવાલાગ્રાહી વાયુ મુખ્યત્વે હૈદ્રોકાર્બન અને કાર્બનઑક્સાઇડ ઉત્પન્ન થાય છે તેનાં યોગે સઘળા રસને ઉકાળી ઠોહવવો પડે છે, અને સુમારે ૨૦ મિનિટમાં સર્વ ઑક્સિજન કોલસાથી મળી નિકળી જાય છે. આ કૃતિને ઇંગ્રેજીમાં 'પોલીંગ' કહે છે. આ કૃતિ માફકસર થઇ ઉત્તમ તાંબુ બન્યું છે કે નહિ તે જોવા માટે વચ્ચે વચ્ચે કડછીથી થોડો રસ કાઢી થંડા પાણીમાં રેડે છે, અને જે ગોળો બને છે તેને એરણ ઉપર હથોડાથી ઠોકી તેનું પતરૂં બનાવે છે, અને તેને ભાંજે છે, યા કાતરી કાઢે છે. કાપેલે ઠેકાણે તંતૂમય રચના અને રેસમ જેવી ચળક હોય તો ઉત્તમ તાંબુ બનેલું જાણવું. આ મુજબ ઉત્તમ તાંબુ બનતાં તુરતજ રસ રેડી મ્હોટા લાડા બનાવે છે. કોઇ કોઇ વેળા આ ક્રિયા વધારે થવાથી તાંબુ બરડ બને છે. આથી આ કૃતિ અતિ સંભાળથી કરવી પડે છે. પતરાં બનાવવા માટેનાં લાડા બનાવવાં હોય તો સાંચામાં રસ રેડવા પેહેલાં હજારે પાંચ આ પ્રમાણથી તેમાં શિસું ભેળે છે.

માલાકાઇટ (તાંબાનો કાર્બોનેટ)નાં પથ્થરમાંથી તાંબુ કાઢવા માટે તેમાં કોલસો તથા રેતી ભેળી તેને આંચ આપે છે.

તાંબાની ખાણો પાસે જે પાણીનાં ઝરા હોય છે તેના પાણીમાં તાંબુ હોય છે. પાઇરિટિજનું હળવે હળવે 'ઑક્સિડેશન' બની જે તાંબાનો સલ્ફેટ (મોરથૂથૂ) બને છે, તે પાણીમાં પિગળી રહે છે, આવા પાણીમાં ફકત લોઢાનાં કટકા નાખતાં તેપર તાંબુ એકઠું થાય છે.

લોઢાના પાયરિટિમાં સેંકડે સરાસરી ૩ ભાર તાંબુ હોય છે. આવાં લોઢાનાં પથ્થર દરસાલ સુમારે ૭૦૦૦૦૦ ખાંડી સલ્ફયુરિક ઍસિડ કાઢવાનાં કારખાનામાં ખર્ચ થાય છે, અને તેમાં સુમારે ૨૮૦૦૦ ખાંડી તાંબુ હોય છે.* ઍસિડ કાઢી બાકી રહેલા દ્રવની ભૂકી બનાવી તેમાં મીઠું મિશ્ર કરે છે અને તે મિશ્રણને આંચ આપે છે. આથી નિમકમાંનું ક્લોરિન તાંબાથી સંયોગ પામી વિદ્રાવ્ય તાંબાનો ક્લોરાઇડ બને છે. ભૂજેલા દ્રવ્યને પાણીમાં ભિજવવા મેલતાં ક્લોરાઇડ વિદ્રુત થાય છે અને તે દ્રવમાં લોઢાનાં કટકા નાખતાં તેનીપર તાંબુ એકઠું થાય છે.

હિંદુસ્તાનમાં કેટલેક ઠેકાણે તાંબુ કાઢવાની નાહની ભઠ્ઠીઓ છે, તેમાં જયપૂર સંસ્થાનમાં સિધણી અને ખેત્રી ગામમાં જે ભઠ્ઠીઓ ચાલુ છે, તેનું વર્ણન 'બાલ'નાં ગ્રંથમાંથી નીચે આપ્યું છે. "આ ઠેકાણે કૃતિથી તાંબુ, મોરથૂથ, હિરાકસ અને કટકી બને છે. આ ઠેકાણેની ખાણોમાંથી 'કૉપરપાઇરિટીજ' (તાંબાનો સલ્ફાઇડ) ના પથરા મળે છે. ખાણોપર અગ્નિ સલગાવી બરડ બનાવે છે અને પછી તેને ભાંજી તેના કટકા કાઢે છે, આ કટકાને ખાંડણીમાં છુંદી તેનો ભૂકો બનાવે છે, પછી તે ભૂકામાં છાણ મેળવી તેનાં ગોળા બનાવે છે, તેમને આંચ આપવા માટે ઉત્તમ ચીકણી મટોડીની ચુનાની ભઠ્ઠી જેવી ઉભી ભઠ્ઠી બાંધી તેમાં તળીયાનાં બકારામાંથી ધમણ વડે હવા ફુંકે છે. આ ભઠ્ઠીનાં તળીયામાં બે અથવા ૩ ઇંચ જાડાઇનો રેતીનો તથા રાખનો થર પાથરી તેનીપર કોલસાનો થર રચે છે, તેનીપર ભૂજેલી ભૂકીનાં ગોળા રચે છે અને તેનીપર લોઢાનો કાટ નાખે છે. આ કાટથી હેઠળનાં ગોળાનો રસ જલ્દી થાય છે. રોજ

૧૦ કલાક ભઠ્ઠી સલગાવી હોય તો ૩ મણ કોલસા અને બે મણ કાટ જોઇએ. ઉપલો કાટ કાઢી હેઠે પિગળેલું તાંબુ સાંચામાં રેડી લાડા જમાવે છે. આ લાડાને ખુલ્લી ભઠ્ઠીમાં ધમણથી હવા ફુંકી ફરી પિગળાવી શુદ્ધ કરે છે, અને પછી તેના નાહના લાડા બનાવી ટંકસાળમાં નાણા પાડવા અથવા વાસણ બનાવનારને વેચે છે. પથ્થરમાંથી ૨½ માંથી ૭½ ભાર તાંબુ નિકળે છે. આ ખાણમાંના હેઠળ રહેતા પાણીને આંચવડે ઘટાડયું હોય તો પ્રથમ મોરથૂથૂ, પછી હિરાકસી અને છેલ્લે કટકી એવા ક્રમે સ્ફટિક રૂપ જૂદા પડે છે.

તાંબાના ગુણ—આ ધાતુ ઝાંખા લાલાસદાર રંગની અને ચળકતી છે. એ સખત, બરડ, ઘનવર્ધનિય અને પ્રસરણ સિલ અથવા તંતૂભવન યોગ્ય છે. તાંબાને સરદ કરી ઘસીયાથી તેમાંથી અજબ ઉથ વાસ આવે છે અને તેની અજબ રૂચી આવે છે. તાંબુ અજમાસે ૧૯૯૬° ફેરન ઉષ્ણુમાન ઉપર પિગળે છે. આ ઉષ્ણુમાન ઉપર પોંહચવાના સુમારપર તે એટલું તો બરડ બને છે કે તેની ભૂકી બનાવી શકાય છે, અને તેનો મોટા લાડો હથોડો મારી ફોડી શકાય છે. અત્યંત ઉષ્ણુતાથી તે ઉડી જાય છે. ખુલ્લી હવામાં તેને આરકતોપણ કર્યાથી તે ઑક્સિજનથી તરત સંયોગ પામી તાંબાના ઑક્સાઇડનો થર પૃષ્ટ ભાગ ઉપર એકઠો થાય છે. એનો રસ સાંચામાં રેડતાં તેનો ફરસો ઉઠતો નથી, કારણ તે ઘન થતાં આકુંચિત બને છે, આથી એનું ઓતકામ બનતું નથી. તાંબાને ઘડીને તેનાં વાસણ બનાવવાં પડે છે. એના નાણાં ઓતીને નહિ પણ છાપમારી બનાવવામાં આવે છે. એનીપર કલ્લઇ ઉત્તમ ચઢે છે, તેમજ નક્ષીકામ પણ ઉત્તમ કાઢી શકાય છે. સુકી હવામાં તાંબાપર કાટ ચઢતો નથી, તેમજ સાધારણ ઉષ્ણુમાન હોય તો સરદ હવામાં અથવા શુદ્ધ પાણીમાં સુદ્ધાં કાટ ચઢતો નથી. સમુદ્રનું પાણી અથવા જે પાણીમાં ક્ષાર પિગળે છે એવા પાણીમાં તાંબુ કાટ ખાય છે; તેમજ જે વાસણ ઉપર ક્ષારની રજકણો હોય છે એવા તાંબાના વાસણ સર્દ હવામાં કાટ ખાય છે. ઘણાખરા ઝરા તથા નદીનાં પાણીમાં થોડો ઘણો ખાર રહે છે, આથી વાસણો કાટ ખાય છે. આ કારણ લીધે પીવા તથા ખાવા માટે તાંબાના નળ અથવા વાસણ ઉપયોગી નથી, પણ એના વાસણપર કલ્લઇ ચઢાવી હોય તો તે ઉપયોગમાં લઇ શકાય છે. તાંબાપર પ્રથમ ઑક્સાઇડ એકત્ર થઇ તે કાર્બોનિક ઍસિડ ગ્યાસને સોષે છે, આથી તેનીપર તાંબાનો લીલો કાર્બોનેટનો થરો ચઢે છે. તાંબુ ગરમ કરતાં પ્રથમ તેનીપર લાલ ઑક્સાઇડનો થર એકઠો થાય છે, અને છેલ્લે કાળા ઑક્સાઇડની સ્થિતિમાં મળે છે. તાંબાની અતિ ઝીણી અને સૂક્ષ્મ ભૂકી અગ્નિપર નાખતાં તે સળગે છે ને કાળો ઑક્સાઇડ બને છે. તાંબાની વરાળ બળે છે અને જ્યોત લીલા રંગની દેખાયછે.ઑક્સિહાઇદ્રોજનનીજ્યોતમાં તાંબાની તાર પકડતાં તે બળે છે અને લીલા રંગની જ્યોત ઉત્પન્ન થાય છે. માત્ર ઑક્સિજનમાં બાળતાં તેવીજ લીલી જ્યોત દેખાય છે. આલકોહલ અને કોલસાના ગ્યાસની જ્યોતમાં તાંબાની તાર પકડતાં જ્યોત લીલી દેખાય છે. ક્લોરિનથી તાંબુ તરત સંયોગ પામે છે. તાંબાનો વરખ ક્લોરિન ગ્યાસમાં પોતાની મેળે સળગે છે. નાઇત્રિક ઍસિડ તાંબાને ઝડપથી પિગળાવે છે. થંડા સલ્ફયુરિક ઍસિડનું એનીપર કાર્ય થતું નથી; પણ આ ઍસિડમાં તાંબુ નાખીને ઉકાળ્યું હોય તો ઍસિડ પૃથગ્ભૂત બની સલ્ફયૂરસ અને હાઇદ્રાઇડ ઉડી જઇ તાંબાનો સલ્ફેટ (મોરથૂથૂ) બને છે. ખુલ્લી હવામાં તાંબુ હાઇદ્રોક્લોરિક ઍસિડમાં પિગળે છે, પણ હવા નહિ હોય એવે ઠેકાણે સાધારણ ગર્મિથી એનું કાર્ય તાંબા ઉપર ધડતું નથી, પરંતુ તાંબા સાથે ઍસિડને ઉકાળ્યું હોય તો તાંબુ પિગળે છે, અને હાઇદ્રોજન જૂદો પડે છે.

ઉપયોગ—વ્યવ્હારમાં તાંબાના અનેક ઉપયોગ છે. આપણા પાણી પિવાના અને બીજા પકાવવાનાં વાસનો તાંબાના હોય છે. એના નાણાં પાડવામાં આવે છે. મોટાં વાહણોના બાહેરનાં પડ તાંબાના બનાવે છે, જેથી લાકડું માહેથી કોહવું નથી. વરાળ યંત્રમાં એ ઘણું ઉપયોગી છે. એની અનેક મિશ્ર ધાતુ બને છે. એ શિવાય તેનાં સંયૂક્ત પદાર્થ કેટલાક રંગમાં તથા ઔાપધિના ઉપયોગમાં આવે છે.

તાંબાની મિશ્ર ધાતુ—તાંબામાં જસત મિશ્ર કરતાં પિત્તળ બને છે. તેમાં જેમ જેમ વધુ પ્રમાણથી જસત નાખ્યું હોય તેમ તે રંગે ફિક્કું બને છે. જો જસત સેંકડે ૫૩·૪૯ આ પ્રમાણથી મિશ્ર કર્યું હોય તો ચાંદી જેવો સફેદ રંગ મિશ્ર ધાતુપર ચઢે છે. પિત્તળનું વિશિષ્ટ ગુરૂત્વ ત્રાંબુ અને જસત એમના વિશિષ્ટ ગુરૂત્વથી વધારે હોય છે. સાધારણ પિત્તળનું વિ૦ ગુ૦ ૮·૨૯ હોયછે જે પિત્તળમાં જસત સેંકડે ૨૫ ભાગ આ પ્રમાણે હોય છે. તે પિત્તળ ૧૭૫૦° ફેરન ઉષ્ણુમાન ઉપળ પિગળે છે. જેમ જેમ વધુ જસત હોય તેમ ઓછા ઉષ્ણુમાન ઉપર પિત્તળનો રસ બને છે. જસત અને તાંબુ એમની મિશ્ર ધાતુ ઠંડા પાણીમાં ધનવર્ધનિય હોય છે; પણ ગરમ કરતાં બરડ બને છે. ચરખાપર કામ કરવા માટે જે પિત્તળ બનાવે છે તેમાં સેંકડે ૨ ભાગ શિસું મિશ્ર કરે છે. કારણ તેથી પિત્તળનું ચિવટપણું ઓછું થાય હથિયા અને કાનસને ચ્હોંટતું નથી. પણ જો પિત્તળની તાર બનાવવી હોય તો શિસું માહે ઉમેરતા નથી. કલ્લઇનો સૂક્ષ્મ અંશ (એટલે ૨૦૦૦ ભાગ પિત્તળમાં ૧ ભાગ કલ્લઇ) હોય તો તે અતિ સખત બને છે. આવા પિત્તળ ઉપર નક્ષી વગેરે ઉત્તમ રીતે કોરી શકાય છે, ને તે ટકે છે. પિત્તળને સાંધ મારવા ૨ ભાગ પિત્તળ અને ૧ ભાગ જસત એમનું મિશ્રણ કરી તે મિશ્રણનો ઉપયોગ (હાર્ડ સોલર) કરે છે. કોઇ કોઇ વેળા બેઉ ધાતુ સરખા પ્રમાણથી મિશ્ર કરી લીયે છે. મૂસમાં તાંબુ (ઓક્યુલેટેડ કૉપર, એટલે તાંબાનો રસ પાણીમાં રેડી બનાવેલું) અને તેના અર્ધા ભાગથી વધારે વજનનાં જસતના કટકા નાખી એકત્ર પિગળાવી પિત્તળ બનાવે છે. તાંબાના મૂખ્ય મિશ્ર ધાતુનાં પ્રમાણનું કોષ્ટક નીચે આપ્યું છે. આ દર ૧૦૦ ભાગ મિશ્ર ધાતુમાંના પ્રમાણ છે:—

ધાતુ.	તાંબુ.	જસત.	કલ્લઇ.	નિકલ.	એલ્યૂમિનમ.	લોહું.
પિત્તળ.	૬૪	૩૬	...	...	...	...
મૅટઝ મેટલ.	૬૦–૬૪	૪૦—૩૬	...	...	...	...
જર્મન સિલ્વર.	૫૧	૩૦·૫	...	...	...	...
એકની ધાતુ.	૬૦	૩૮·૨	...	...	...	૧·૮
સ્ટેરો મેટલ.	૫૫	૪૨·૪	૦·૮	...	...	૧·૮
ઘાંટની ધાતુ.	૭૮	...	૨૨	...	...	...
સ્પેકયુલમ મેટલ.	૬૬·૬	...	૩૩·૪	...	...	...
ઝૉઝ.	૮૦	૪	૧૬	...	...	...
તોપની ધાતુ.	૯૦·૫	...	૯·૫	...	...	...
ઝૉન્ઝ નાણાની ધાતુ.	૯૫	૧	૪	...	...	...
ઍલ્યુમિન ઝાંઝી.	૯૦	...	...	...	...	...
ઘટ સફેદ જોડ ધાતુ.	૬	૭૭	૧૭	...	...	...

પિત્તળ પિગળાવતાં તેમાંથી થોડું જસત વરાળ રૂપે ઉડી જાય છે. મોટે ભાગે હાંડી, ઝુમર અને બીજા પદાર્થો ટાંગવા માટે પિત્તળના ગજનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યાં તે પદાર્થો ઘડી ઘડી હાલતા હોવાથી પિત્તળની ઘટના બદલાય તે બરડ બને છે,

G. 24749 LIBRARY

તેથી ભારી પદાર્થ ટાંગવાના કામમાં પિત્તળનો ઉપયોગ પુશકળ કરવો નહિ. પિત્તળ ઉપરનું નક્ષિકામ હવાથી કાટ ખાય નહિ તે માટે તેની ઉપર લાખનું વાર્નિસ યા ઝૉન્ઝનો લેપ લગાડે છે. સ્પિરિટમાં લાખ પિગળાવી તેમાં થોડું લોહી મેળવી તેનું વાર્નિસ આપે છે. ઝાન્ઝનો લેપ કરવા પિત્તળ ઉપર આર્સેનિક, પારો અથવા પ્લાટિનમ આ ધાતુનો દ્રવ ચોપડે છે. હાઇદ્રો ક્લોરિક ઍસિડ માં આર્સેનિક ઍસિડ (સોમલ) પિગળાવી તે દ્રવનું કાર્ય પિત્તળ ઉપર કરતાં જસત પિગળી તેને જગે આર્સેનિક ધાતુ મળી જઇ તે તાંબાથી સંયોગ પામી આ બેઉનાં સંયૂક્ત પદાર્થનો ઝૉંઝ જેવો થર પિત્તળ ઉપર ચઢે છે.

કરોઝિવ્હ સબ્લિમેટ એટલે રસપુષ્પ (પારાનો દ્વિક્લોરાઇડ) ઍસેટિક ઍસિડમાં પિગળાવી તેનો લેપ પિત્તળ પર કરતાં જસતને જગ્યે પારો જઇ પારો અને તાંબુ એમનો ઝાંઝ જેવો એમાલગમ પિત્તળ ઉપર ચઢે છે. થિઓડોલાઇટ, લેવ્હલ વગેરે પિત્તળનાં યંત્રોપર ઝાંઝી ચઢાવવા માટે પલાટિનમ ધાતુનો ક્લોરાઇડનો રસ લગાડે છે; આથી જસતને જગે પ્લાટિનમ જઇ પ્લાટિનમ અને તાંબુ એમનો સંયુકત પદાર્થ ઝાંઝી જેવો પિત્તળ ઉપર ચઢે છે.

તાંબામાં તેનાં હલકા ઑકસાઇડનો થોડો અંશ હોવાથી તેમાં ચીવટાઇ વધે છે; પણ ગંધકનો જરાએ સૂક્ષ્મ અંશ રહેતા તેનું પ્રસરણશિલત્વ ઓછું થાય છે. આર્સેનિક તાંબામાં સદા થોડું રહે છે, પણ તેથી તાંબાને કોઇ રીતે હરકત થતી નથી; ઉલટી તેની પ્રસરણ શિળતા અને ચીવટપણું વધે છે. કલ્લઇનો સૂક્ષ્મ અંશ તાંબામાં રહેતાં તેનું ચીવટપણું વધે છે; પણ તેનો વધારે અંશ રહેતાં બરડપણું આવે છે. એંટિમનીનો તદ્દન સૂક્ષ્મ અંશ (૩૬૦૦ ભાગમાં ૧ ભાગ) હોય તો પત્રાં બનાવવા માટે પિત્તળ બનાવવા યક્ષ તે તાંબુ નિરૂપયોગી હોય છે. નિકલ અને બિસ્મિથ આ ધાતુનાં સૂક્ષ્મ અંશ હોવાથી તાંબામાં ચીવટાઇ ઓછી થાય છે.

તાંબામાં બીજા પદાર્થની ભેળ કરતાં તેના 'ઇલેકટ્રિક કનડકટર' શક્તિમાં પણ ઘણો ફેર પડે છે. રસાયન રીતે શુધ્ધ એવા તાંબાની વાહક શક્તિ ૧૦૦ કલ્પિ હોય, તો અમેરિકામાંના 'સુપિરિયર' સરોવરની આસપાસ મળનારૂં અતિ શુધ્ધ તાંબાની વાહક શક્તિ ૯૩ રહે છે. માલાકાઇટમાંથી શોધેલા તાંબાની શક્તિ ૮૯ હોય છે, અને આર્સેનિકના ભેળવાળી શક્તિ ૧૪ હોય છે.

તાંબાના વાસણનો ઉપયોગ—તાંબાના સંયૂકત પદાર્થ વિષારી હોવાથી રાંધવાના વાસણનો ઉપયોગ કરતાં કોઇ વેળા હેરાનગતી પોંહચે છે. આ તાંબાના સંયૂકત પદાર્થ કેમ બને છે એ સઘળા જાણતા નથી. તાંબાનો પૃષ્ટ ભાગ તદ્દન સ્વચ્છ હોય તો અન્ન પકવવા જે પદાર્થ લીયે છે, તેના કાર્ય તેની પર ધડતાં નથી, પરંતુ તાંબાના વાસણ હવામાં ખુલ્લા રાખતાં તેની પર ઑકસાઇડનો પાતળો થર બાઝે છે, અને એજ હવામાંની બિનાસ અને કાર્બોનિક ઍસિડ ગ્યાસથી સંયોગ પામી તાંબાનો કાર્બોનેટ બને છે. એવા વાસણમાં અન્ન પકાવતાં અન્ન આ કાર્બોનેટ મિશ્ર બની તેવા અન્નને અંગે વિષારી ધર્મ આવે છે. તદ્દન સ્વચ્છ અને ચળકતા વાસણો લીધાથી તે કેટલીક રીતે ટળે છે, પણ એવાં વાસણો સુધાં ઍસિડ (ખટાશદાર પદાર્થ) તેલવાળા પદાર્થ અને નિમકના સંબંધમાં આવતાં ઑકસાઇડ બને છે. અને તે ઑકસાઇડ આવા પદાર્થમાં પિગળે છે, આથી આવા વાસણનો ઉપયોગ કલ્લઇ કરીને કરે છે.

અનાવટો ઇલેક્ટ્રો પ્લેટની—તાંબાના સલ્ફેટનાં દ્રવથી ઇલેકટ્રીક કરન્ટથી પૃથક્કરણ

કરીએ એટલે ઇલેકટ્રો નેગેટિવ ઉપર તાંબુ ચઢે છે. આજ કૃતિથી તાંબાના પતરાં ઉપર નક્ષી કાઢે છે, તેમજ ખુમચી, મ્હોર, ઉત્તમ ચિત્રો, છિંટછાપવાનાં ઠસા વગેરે સાંચા બનાવવા માટે અને ઉત્તમ ચિત્રો, પુતળાં તથા બીજા પદાર્થની આબેહૂબ નકલો ઇલેકટ્રો કરન્ટથી કાઢી શકાય છે. એનાં યૂરપમાં મ્હોટા કારખાના છે.

તાજુત—અથવા તાજીયા. આ તાજુત શબ્દ મૂળ અરેબિક 'તાજ્યત્' શબ્દ ઉપરથી બને લો છે, 'તાજ્યત'નો અર્થ મનુષ્ય મરણ પામતાં તેના ઘેરના દુઃખી માણસોને દિલાસો આપવા જવું, તેમનું સમાધાન કરવું એવો થાય છે. આ ઉપરથી 'તાજીયા' શબ્દ પ્રચારમાં આવ્યો; જેને કેટલાકો હાલ 'તાજુત' કહે છે.

તાજુત મોહરમ મહિનાના પેહેલા ૧૦ દિવસમાં બનાવવામાં આવે છે. આ મોહરમ મહિનો ઈસલામી વર્ષનો પેહેલો હોય છે. મુસલમાની સનને હિજરી સન કહે છે. આ હિજરી શબ્દનો મૂળ શબ્દ 'હિજરત' યાને વિયોગ એવો તેનો અર્થ થાય છે. આ હિજરી સન પેગંબર મહમદ મક્કેથી મદીને પ્રથમ જઇ ફરી મક્કે નહિ જવાનો વિચાર કીધો તે વખતથી શરૂ થાય છે.

મહમદના પૌત્ર (તેમની બેટીનો પુત્ર) ઇમામ હુસેન ખરો ધર્મ પ્રવર્તક હતો. તેને યજીદ સાથે અણબનાવ થતાં તેઓ વચ્ચે યૂફ્રેતિસ નદીને કાંઠે કર્બલા નજદીક લઢાઈ થઇ તેમાં હુસેન પોતાના ૭૨ શિષ્યો સાથે મોહરમની ૧૦ તારીખે ૧ વાગે બપોરે માર્યા ગયા. ત્યાં તેમની કબર બાંધી તેમના શિષ્યોએ મોટું માન આપ્યું. આ કબર ઉપર ઘૂમટ બાંધ્યો હતો જેને અરબીમાં 'મકબરા' કહે છે. આ ઇમામ હુસેનને ભાવિક મુસલમાનો અતિ પૂજ્ય માને છે. તેમજ તૈમૂરલંગ પાદશાહ પણ તેમનો સાચ્ચો ભક્ત હતો. આથી જ્યારે તે દિલ્લી આવ્યો ત્યારે મોંઅલવી ઓની સમંતિથી ઇમામ હુસેનના કબરની નકલ કરાવી તેનું દર્શન લઇ પોતાના મનનું સમાધાન કરવા માંડ્યું, ત્યારથી આ રેવાજ હિંદમાં ચાલુ થયો.

બીજી કથા મુજબ જ્યારે બાદશાહ બાબર રમશામ તરફ હતો ત્યારે તે દર વર્ષે કરબલે હુસેનની કબરની જીઆરતે જતો હતો. પણ જ્યારે તે હિંદુસ્તાનમાં આવી વસ્યો ત્યારે તેણે પોતાના વિદ્વાન મૌલવિઓને એકત્ર કરી પુછ્યું "હવે દૂરદરાજ દેશમાં આવી વસ્યાથી મારાથી કરબલે જવાનું કેમ બનશે?" આથી મોઅલવિઓએ નબીનું વચન એટલે હદીસ કાઢી બતાવ્યું કે, જ્યારે મહમદ મદીને હતો ત્યારે એક ઘોડેસ્વારનો નિયમ મક્કે જવાનો હતો, પણ નવાબની સાથે મદીને આવી રહ્યાથી તેનાથી મક્કે જવાનું નહિ. ત્યારે તેણે એજ મુજબનો સવાલ નબીને પુછ્યો. નબીએ કહ્યું કે "તું ગામ બાહેર જઇ ત્યાં મટોડીથી મક્કાની આકૃતિ બનાવી તેનું દર્શન લેતો જા, એટલે મ જવાનું પુણ્ય હાંસલ થશે, અને તેજ મુજબ ઘોડેસ્વારાએ કર્યું". આ બિના જણાવી મૌઅલવિઓએ કહ્યું કે "તમો પણ કરબલામાં જે હુસેનની કબર છે તેજ આકૃતિની એક પ્રતિમા બનાવી તેનું દર્શન કરો, એટલે કરબલે જવાનું પુણ્ય હાંસલ થશે, અને આપણી પાસે નબીનું વચન પણ છે." તે ઉપરથી બાબર પાદશાહે તે મુજબ કરબલાનો નમુનો બનાવી તે તાજુતનું દર વર્ષે દર્શન લેવાનો ક્રમ શરૂ કર્યો, અને ૧૦ દિવસ હુસેનનાં મરણનો શોક પાળવો એવું ઠેરવ્યું, અને તે ચાલ તેનાં લશકરી સરદારો તથા સીપાઇઓએ સ્વિકારી તે મુજબ વર્તવા લાગ્યા, ત્યારથી આ રેવાજ આખા હિંદમાં ફેલાયો.

આ તાજુત બનાવી તેની તરફ પૂજ્ય ભાવ બતાવી તેનું દર્શન લેવું એ મૂર્તિ પૂજાને મળતું છે, અને મુસલમાનો મૂર્તિ પૂજા તરફ અણગમો ધરાવતા હોવાથી તાજુત બનાવવાનો રેવાજ હિંદના થોડાજ ભાગમાં ચાલુ છે. ઔરંગજેબ પાદશાહે

તાજુત બનાવનારને દેહાંત દંડની શિક્ષા ઠેરવી હતી, આથી તે વેળા તાજુત બંધ થયા હતા, પણ પાછળથી તે એક ધર્મ રેવાજ તરીકે હજી ચાલુ છે.

હિંદુસ્તાનમાં પુના, હૈદ્રાબાદ, અને મુંબઈ પ્રાંતનાં તાજુત અને તે વખતની રચના જોવાજોગ હોય છે.

તામબોફ—આ રશિઅન શેહેર માસ્કોની દક્ષિણ પૂર્વે ૩૦૦ મૈલ ઉપર છે. લોક વસ્તી ૪૦૮૭૬ છે. તામબોફ પ્રાંતનું ક્ષેત્રફળ ૨૫૭૧૦ ચૌરસ મૈલ છે. તેમાં વસ્તી ૨૬,૦૦,૬૪૬ ની છે.

તામસમનુ—પ્રિયવ્રત રાજાની બીજી સ્ત્રીથી ૩ પુત્રોમાંનો એક. આ ચાલુ જે 'શ્વેત વારાહકલ્પ' તેમાં થએલો ૪ થો મનુ. એના કાલ સત્તાને તામસ મન્વંતર કહે છે. એના મનવંતરમાં સ્વર્ગમાં ત્રિશિખ નામનો ઈંદ્ર હોઇ હરિ મેધ નામે બ્રાહ્મણની હરિણી સ્ત્રીને પેટે 'હરિ' નામનો વિષ્ણુનો અવતાર ઈંદ્રની મદદ માટે થઇ, તેણે ગજેંદ્ર અને 'નક્ર'નો ઉદ્ધાર કર્યો હતો. આ ઉપરથી આ મનવંતરમાં 'ગજેંદ્ર મોક્ષ' થયો હતો એ ખરૂં છે.

તામલિપ્તિ—પ્રાચીન કાળમાં ભારત વર્ષમાં એનો ઘેરાવો ૨૫૦ મૈલ જણાવવામાં આવે છે. આ નગર સમુદ્ર કાંઠે હતું અને તેની જમીન સપાટ ને ભિની હતી. રાજધાની એક ઉપસાગરમાં હતી, જ્યાં જવા માટે જળ માર્ગ અને ખૂશકી માર્ગે વાટ હતી. તામ્રલિપ્તિ એ હાલનું 'તામલૂક શેહેર છે, એ કલકત્તાની નૈઋત્યે સુમારે ૪૨ મૈલ ઉપર, રૂપનારાયણ નદી ઉપર, તેનો હુગળીથી સંગમ થાય છે; ત્યાંથી એ ૧૨ મૈલ ઉપર છે. આ પ્રાંતમાં હુગળીની પશ્ચિમ તરફનો કૂળદુપ પ્રાંત, ઉત્તરે બરદ્વાન અને કલનાથી દક્ષિણે કુસઇ નદી સુધી આવતો હતો. મહાભારતમાં ભીમે વંશ દેશનાં રાજાને જીત્યા પછી તામ્રલિપ્તિ રાજાને જીત્યો એવી કથા છે. આ નામ દેશને લીધેજ હશે, કારણ ભિષ્મ પર્વમાં જે દેશ છે તેમાં 'તામ્રલિપ્ત' છે. વરાહ મિહિરે પણ પૂર્વ તરફનાં દેશમાં તામ્રલિપ્તિ છે એમ કહેલું છે.

તામ્રલિસ નગર—જૈન લોકોનાં ગ્રંથમાં આ નગર 'વંગ' એટલે બંગાલ દેશની રાજધાની તરીકે જણાવ્યું છે. હાલમાં આ જગે મિદનાપુર શેહેર વસાયલું છે. (જુઓ મીદનાપુર.)

તામિલ ભાષા તથા પ્રજા—દ્રવિડ દેશ પાસે અને હિંદુસ્તાનના તમામ પૂર્વ ભાગમાં આ ભાષા બોલાય છે. તામિલ ભાષા ત્રણ મુખ્ય ધરાણાની જણાય છે. તંજોર અને કંબાકોનમ તથા ચૌલ કે જેઓએ કાવેરી અને કોલેરન નદી કાંઠે વસાહત કરી હતી, અને તેમની વસાહત પછીજ તે ભાગનું નામ ચોલ મંડળ અથવા કારોમાંડળ પડ્યું હતું. બીજા પંડિયા કે જેઓ હાલમાં મદ્રાસમાં વસે છે; અને ચેરા કે જેઓ મલબાર કાંઠેના કેરાલામાં રાજ્યકર્તા હતા. દક્ષિણ હિંદુસ્તાનની ભાષાને પાછળથી દ્રવિડિયન નામ પડેલું જણાય છે. દક્ષિણ મોહમેદનો તામિલને 'અરાવામ' કહે છે, અને તે ભાષા બોલનાર પ્રજાને તેલંગી તથા કેનરી પ્રજા તરીકે ઓળખેછે. આગળ યૂરોપીયનો તામિલને મલબારી ભાષા કહેતા હતા.

અગાઉ આર્યભાષાનો આ ભાષા સાથે કોઇપણ રીતનો સંબંધ નહોતો, પણ જૈન પ્રજાએ આર્યવિદ્યાનો પ્રસાર આ દેશમાં કર્યો ત્યારથી ઘણા સંસ્કૃત શબ્દો તેમાં દાખલ થયા. અગસત્ય ઋષિએ સધળાં શાસ્ત્રો બનાવ્યાં એમ તે પ્રજા માને છે. જૈન પ્રજાએ ૮ મી તથા ૯ મી સદીમાં ગ્રંથો લખ્યાં. આ ભાષામાં સંસ્કૃત શબ્દો સેંકડે ૪૦ જણાય છે.

તામિલ ભાષાનાં ઘણું કરી બે ભેદ માનવામાં આવે છે. ૧–પૌરાણિક તામિલ અને ૨ જી–લૌકિક તામિલ. પેહેલી પ્રાચીનકાળમાં પ્રચારમાં ચાલુ રહેલી તામિલ ભાષા હતી, અને બીજી ચાલુ જમાનામાં બોલાતી તામિલ હતી. પેહેલીને શેન તામિલ કહે છે

અને બીજીને 'કોડુન તામિલ કહે છે. આ બે તામિલ ભાષાનાં બેઉ પ્રકાર એકમેકથી અત્યંત જૂદા હોવાથી તેને જૂદી જૂદી ભાષા સમજવામાં હરકત નથી.

તામિલ ભાષાનો ફેલાવો અનેક દેશોમાં થએલો છે. કર્નાટકમાં અને પુલકતથી તે છેક કન્યાકુમારી સુધીનાં પ્રદેશમાં, તેમજ દક્ષિણ હિંદુસ્તાનમાંના ઘાટ ઉપરના બંગાલના ઉપસાગર સુધીનાં પ્રાંતમાં, ત્રાવણકોરનાં દક્ષિણ તરફનાં ત્રિવેન્દ્રમ સુધીની સરહદપર અને લંકામાં બધેબધ એજ ભાષા બોલાય છે. મદ્રાસ ઇલાકામાં લશ્કરી ટાપુમાં તામિલ ભાષાનો પ્રસાર થએલો છે. તેમજ બેંગાલમાં કાનડી બોલાતી હોવા છતાં ત્યાં તામિલનો બોહોળો ફેલાવો થએલો છે. બેલારિમાં વ્યવ્હારિક ભાષા તેલુંગુ છે, તોય તે ઠેકાણે સુધાં લોકોનાં બોલવા ચાલવામાં તામિલનો ઠીક ઉપયોગ કરવામાં આવે છે. સિંકદરાબાદમાં હિંદુસ્તાની બોલાતી ભાષા છતાં ત્યાંના વેપાર વેહવારમાં આ ભાષા વપરાય છે. કાનપૂરમાં મલ્યાળી ભાષા મુખ્ય છતાં તામિલ પણ બોલાય છે.

સિંહલદ્વિપ શિવાય, પેગુ, પિનાંગ, સિંગાપુર, મરીચી, (મોરિશિઅસ) વગેરે ઠેકાણે પણ આ ભાષા પ્રચારમાં છે. તામિલ શબ્દ તામીર ઉપરથી નિકળેલો છે.

તામિલમાં 'શેનતામિલ' અને 'કોડુનતામિલ' એવા બે પ્રકાર છે એ ઉપર જણાવ્યું છે. પેહેલામાં અઘડા અને પ્રચારમાં નહિ આવેલા શબ્દોનો સમાવેશ કરેલો છે, શિવાય તેલુંગુ અને કાનડી શબ્દનો પણ તેમાં ઠીક ઉપયોગ કરેલો દેખાય છે; આથી તેમાંની ખુદરતી મધુરતા નિસ્તેજ બની બેંચીતાણીને ભપકાદાર બનાવેલી હોય એવો ભાસ આપે છે.

શેનતામિલમાં ૮ મી સદી સુધી સંસ્કૃત શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો અને તે પછી કવિઓએ તેને પ્રૌઢતા આપી-યાથી તે અનેક સંસ્કાર પછી એક મોહક ભાષા બની. આ ભાષા 'કોડ તામિલ'ને નામે જાણીતી થએલી હોઈ તેમાંજ સંસ્કૃત શબ્દોનો ભારે સમાવેશ કરેલો છે. બૌદ્ધ અને જૈન ધર્મનો પ્રસાર થતાં તેમાં સંસ્કૃતનાં શબ્દો દાખલ થયા, અને તે પછી શ્રીમંત શંકરાચાર્યના મતનો હિંદમાં ફેલાવો થતાં સંસ્કૃત ભાષાનો ફેલાવો થઇ તામિલને સણગાર મલ્યો. આ ઉપરથી જણાય છે,—લૌકીક તથા કોડુન તામિલ ઇસવી સનની આઠમી સદી સુધી પ્રચારમાં આવી ને તે આગમજ પૌરાણિક તામિલ પ્રચારમાં હતી.

તામિલ પ્રજા—દુંકા બાંધાની, રંગે કાળી, કજીયાખોર, અને કિનાખોર છે. તેઓમાંના ઘણાકોએ બ્રાહ્મણી પંથ સ્વિકાર્યો છે, પણ તેઓમાં કોઇ જૂદો પંથ હસ્તી ધરાવતો નથી. તેઓ મુખ્ય દેવતા 'અમૂત' ને ભજે છે. તામિલ ભાષા ડાબી બાજુથી જમણી તરફ લખાય છે. ૧૮૫૮ માં પ્રથમ સિલોન તરફ ૬૬૦૦૦ તામિલ મજુરો જઇ વસ્યા હતા.

૧૮૬૧ માં આ પ્રજાની નીચે મુજબ જૂદા જૂદા દેશોમાં વસ્તી હતી.

અજમીર	૧
આસામ	૨૪૨
બંગાલ	૧૬૨૩
બીરાર	૭૬૨
મુંબઈ	૮૬૭૧
બરમા	૩૫૦૫૮
મધ્યપ્રાંત	૬૬૬૬
કુર્ગ	૫૦૨૫
મદ્રાસ	૧૨૩૮૨૨૨૦
વાયવ્ય પ્રાંત	૪૭૭
વડોદરા	૪૬
મધ્ય હિંદુસ્તાન	૪૨૮
કોચીન	૩૭૨૫૬
હૈદ્રાબાદ	૧૬૩૪૦
માયસોર	૧૩૦૫૬૫
ત્રાવણકોર	૪૩૬૫૬૫
કુલે	૧૩૦૬૮૨૭૫

હાલમાં આ પ્રજાની વધેલી વસ્તી ૧૫૨૨૬૭૫૬ ની છે.

તાયત સાંગ—આ ચીનનો શેહેનશાહ ૨૩ વર્ષની વયે ઈ. સ. ૬૨૭ માં રાજ્યાસનપર આવ્યો. મરણ ૬૪૬માં ૪૫ વર્ષની વયે નિપજ્યું હતું. એણે શેહેનશાહી જનાનખાનામાંથી ૩૦૦૦ સ્ત્રીઓને કાઢી મેલી હતી. એ વિદ્યાશાસ્ત્રનો ઘણો શોખીન હતો. એ પરદેશીઓને સારૂં માન આપતો. એણે 'ઓલ ફ્રેન'ને આવકાર આપ્યો હતો. ઇ. સ. ૬૩૬ માં એણે સર્વ તારતર રાજાઓને એકત્ર કરી શ્રેષ્ટ શેહેનશાહ તરીકેનું નામ ધારણ કર્યું હતું.

તાયર—મલબારમાં વસતી એક પ્રજા. એઓ બ્રેહુતોને ત્યાં મજુર તરીકે કામ કરે છે; તેમજ બાંડ બનાવવાના ઉદ્યોગમાં વખત ગુજારે છે. તેમની સ્ત્રીઓ ઘણી દેખાવળી ને તેમના બાલ બેહદ લાંબા હોવાથી તેમની સુંદરતામાં ઘણો વધારો થાય છે. આ પ્રજામાં સ્ત્રી પુરૂષો દેખાવળાં અને મજબુત બાંધાના હોય છે.

તાયર—આ નામે એક ક્રીનિશિયન વેપારી શેહેર ભૂમધ્ય સમુદ્ર કાંઠા ઉપર હતું. ઈબ્રિ ભાષામાં આ શબ્દનો અર્થ 'માર્ગ' થાય છે. અર્વાચીન કાળનું 'સૂર' નામે શેહેર પણ એક ખડક ઉપર છે. સિકંદરે તાયર શેહેર ઉપર ઘેરો નાખવા પેહેલાં એ એક ટાપુ હતો, એમ જણાય છે; પણ ત્યાંની પ્રજામાં એવી દંતકથા ચાલુ છે કે આ ટાપુમાંના શેહેર આગમજ મધ્ય દેશમાં એજ નામનું એક શેહેર હતું. બાબિલોનનો રાજા 'નેબૂખદનેઝરે' મધ્ય દેશમાંના તાયર ઉપર ઘેરો નાખેલો હોવો જોઇએ. કારણ ટાપુ ઉપરના તાયર ઉપર ઘેરો નાખવા લાયક તેની પાસે વહાણોનો કાફલો નહોતો. પણ 'યશાય' અને યહેજકેલનાં સમયમાં આ શેહરનો મુખ્ય ભાગ ટાપુ ઉપર હતો, એમ જણાય છે. ૪૦ સ૦ પૂર્વે ૩૩૨ માં સેકંદરે એની ઉપર હુમલો કર્યો હતો, અને તે વેળા આ શેહેર આસપાસ ગામો પણ હતા. છેલ્લે આ શેહેર તાબે થતાં સેકંદરે ત્યાં કતલ ચલાવી ૩૦,૦૦૦ કેદીઓને ગુલામ બનાવી વેચી નાખ્યા હતા.

ઈ૦ સ૦ પૂર્વે ૧૪૦૦ માં આ શેહેર કેવી હાલતમાં હતું તે વિષે સેહેજ ઇસારો મીજ્પ્તમાંના પાપિરસ ઉપરથી મળે છે. ૧૮૭૪-૭૭ અને ૧૮૮૧ માં અત્રે ઘણી શોધખોળ કરવામાં આવી હતી. આ શેહેરને વધારવા તથા સણગારવામાં ભાગ લેનાર તરીકે હેરમ, સલામાનસર, નેબુકદેનઝર, એન્ટીગોનસ વગેરે જાણીતા થઇ ગયા છે. એન્ટનીએ કલિયોપેત્રાને આ શેહેર ભેટ આપ્યું હતું; પણ તે પછી આગસ્ટસને હાથ આવ્યું. સેંટ જેરોમનાં અમલમાં આ શેહેર ચઢતી કળાએ ચઢયું હતું. ૭ મી સદીમાં એ સેરેસનોને હાથ હતું.

તે પછી આ શેહેર રોમનોને તાબે હતું. તે વેળા આગસ્ટસ પાદશાહના સમયમાં એનો પરાજય થયો હતો. તે પછી ક્રૂઝેડની લઢાઇ વેળા (૧૦ સ૦ ૧૧૪૪) આ શેહેર ખ્રિસ્તીઓએ જીતી લઇ ત્યાં ૧૫૦ વર્ષ સત્તા ચલાવી હતી, પણ ૧૨૯૧ માં ઈજીપ્તના સુલતાને જીતી લેતાં ત્યાંની ખ્રિસ્તી વસ્તી ઓછી થવા માંડી હતી. હાલમાં માત્ર આ શેહેરમાં વસ્તી ૫૦૦૦ ની છે.

તારકાસૂર—અથવા તારક. મત્સ્ય પુરાણ મુજબ વજ્રાંગ દૈત્યને વિરાંગથી થએલો પુત્ર. એણે પારિયાત્ર પર્વત ઉપર ઉગ્ર તપ કરી બ્રહ્માને પ્રસન્ન કરી અમરત્વ માંગ્યું; પણ બ્રહ્માએ આ માગણી નહિ સ્વિકારવાથી "મને ૭ મુખી ને ૭ દિવસના બાળકને હાથે મૃત્યું નિપજે એવો વર આપવો." બ્રહ્માએ આ વર આપતાં તે જગતને પિડવા લાગ્યો. જંભ, કુજંભ, મહિષાસૂર, કુંજર, મેઘ, કાલનેમિ, નિમિ, મથન, જંભક અને શુભ એ તેના સૈન્યમાં મુખ્ય સરદારો હતા. છેલ્લે એનો ભારે ઉપદ્રવ વધતાં કાર્તિકેયનાં અવ-

તારે એને સાતમેજ દિવસે મારી નાખ્યો. (જુઓ ૬ કાર્તિકેય.)

તારકેશ્વર—હુગલી જીલ્લામાંનું એ રેલ્વે સ્ટેશન તથા શિવના જાણીતા મંદીરવાળું ગામ છે. આ મંદીર શ્રીમંતો તરફથી મળેલી ભેટો અને સખાવતથી ઘણું તવંગર બનાવવામાં આવ્યું છે. આ મંદિરના વડા મહંતની સત્તા ભારે છે. શિવરાત્રીની જાત્રા ફેબ્રુવારીમાં ભરાય છે. જે વેળા ૨૦૦૦૦ જાત્રાળુઓ તેમાં ભાગ લેવા પરદેશથી આવે છે. બીજી જાત્રા ચૈત્ર સંક્રાતિની એપ્રેલમાં ભરાય છે. આ જાત્રા ૭ દિવસ લંબાય છે, જેમાં ૧૫૦૦૦ જાત્રાળુઓ ભાગ લીયે છે.

તારપિડો—સુધરેલા દેશોનાં દર્યાઈ કાફલાઓ વચ્ચેની લઢાઇમાં મનવાર અથવા વહાણને પાણીમાં એકદમ અકસ્માતિક સ્ફોટ કરી નાશ કરનાર યંત્ર. એમાં તારપિડો અને તારપિડો બોટ નામનાં દરિયાનાં પાણીની અંદર ચાલનારાં બારકસો મુખ્ય હોય છે.

તારપિડો બે પ્રકારની હોય છે. સ્થિર તારપિડો ને ચલ તારપિડો. સ્થિર તારપિડોનો ઉપયોગ શત્રૂની મનવારથી બંદરનું રક્ષણ કરવાનો હોય છે, અને ચલ તારપિડો સામ સામી મનવાર લડે છે તે વેળા ઉપયોગી થઇ પડે છે.

તારપિડો બોટની શોધ પેહેલાં રાજા બીજા જેમ્સનાં અમલમાં એક ડચ નૌકા-શાસ્ત્રીએ કરી હતી, પણ તેની બનાવટ તેણે એટલી તો ગુપ્ત રાખી હતી કે તે આજ સુધી કોઈ જાણી શકયું નથી, પણ આ યંત્રને વધારે સારા આકારમાં દુનિયામાં પ્રથમ રજુ કરનાર 'દેવિદફુલ્ટનેલ' ના મે એક અમેરિકનનો જન્મ ૪૦ સ૦ ૧૭૪૨ માં થયો હતો. તેણે તારપિડોની શોધ કર્યા ઉપરાંત જે બારકસનો નાશ કરવાનો હોય તેની તળીએ તારપિડોને લઇ જવા માટે હલેસાં મારી શકાય એવી પાણીની અંદર રહેતી બોટની શોધ કરી હતી. દેવિદફુલ્ટનેલ ઘણો ગરીબ હોવાથી જૅર્જ વૉશિંગટનની મદદ લઇ તેણે અખતરા કર્યા પણ તેમાં તે નિશફળતા પામ્યો હતો. તે પછી તેપર કોઇએ ઝાઝું લક્ષ આપ્યું નહોતું.

ત્યાર પછી અમેરિકા વિરૂધ ઇંગલંડની લઢાઇ વેળા એક અમેરિકન તારપિડો બોટ બનાવી હતી, પણ તેની બનાવટ હાલની તારપિડો કરતાં તદ્દન જૂદીજ હતી. આ બોટમાં એકજ માનસ બેસે એટલીજ જગ્યા રાખવામાં આવી હતી, અને તેને ચલાવવાનાં સંચા તરીકે બેસનારને પોતાના હાથ પગનો ઉપયોગ કરવો પડતો હતો. લઢાઇ દરમ્યાન દરિયાની હેઠળથી આ બારકસ પાણી કાપતું, જે માટે હલ્લેસાં વપરાતા હતા. તે તારપિડો બોટ દુશ્મનની મનવારની પાસે આવતાં આ બારકસની સામે બાંધેલી તારપિડો છોડવામાં આવતી, જે દુશ્મનની મનવારને લગાડીને બોટવાળો પાછો નિકળી આવતો.

તેમજ ઓગણીસમી સદીની શરૂઆતમાં 'રૉબર્ટફુલ્ટન' નામે શોધકે ફરી આ યંત્રમાં સુધારા વધારા કરી તેને સારા આકારમાં મેલી પોતાની શોધ ફ્રેન્ચ સરકારને વેચાતી આપવા માગી, પણ કેટલીક હરકતોને લીધે ફ્રેન્ચ સરકારે તે લેવા ના પાડી. છેલ્લે ફુલ્ટને આ શોધનો ભરમ ૭૫૦૦૦ ડૉલરે ઇંગ્રેજ સરકારને વેચ્યો. પણ ફ્રાન્સનાં 'બ્રેસ્ટ' શેહેર નજદીક પડેલી ફ્રેન્ચ મનવારો અને આગબોટોને લઢાઇની વેળાએ ઇંગ્રેજ સરકાર તરફથી તારપિડોની મદદથી તેમની મનવારોને ઉડારી નાખવાના કામમાં નિષ્ફળતા મળતાં ફુલ્ટન અમેરિકા ગયો, અને ત્યાં એણેજ વધુ શોધખોળ કરી ૧૮૧૨ માં ઇંગ્રેજો સાથની દરિયાઇ લઢાઇમાં પોતાની તારપિડોથી બ્રિટીશ મનવારનો નાશ કરી દુનિયાને અજાયબીમાં નાખી.

ઉપલા બનાવ પછી બ્રિટીશોનું લક્ષ તારપિડો બનાવવા પાછળ ખાસ રોકાયું. ૧૮૨૯ માં કર્નલ સેમ્યુઅલ કોલ્ટે 'ગેલવે'ના 'ઇલેકત્રિક બેતેરિ'ની મદદથી ફોટેલા તારપિડો પર અખતરા અજમાવતાં લાંબી મુદતે તેમાં

પ્રતેહ મેળવી. ૧૮૪૨ માં ૧૮ મી અકટોબરે ૪૦૦૦૦ આતુર તમાશગીરો સનમુખ તેણે 'ન્યૂયોર્કના' બારામાં પડેલી 'વોલતા' નામની સ્ટીમરનો તારપિડોથી નાશ કીધો. તે પછી ૧૮૪૩ માં ૧૩ મી એપ્રેલે કર્નલ કોલ્ટે અમેરિકામાંની 'પોતોમેક' નદી ઉપર ફરતી ૫૦૦ ટનની એક સ્ટીમરનો તારપિડોથી તદ્દન નાશ કર્યો. આ વેળા તેણે જાતે તે ઉપર ધ્યાન આપી ઉપલી આગબોટથી પાંચ મૈલ દૂર બેસેકઆન્દ્રીયાથી પોતાનો તારપિડો છોડયો હતો.

ઉપલા બનાવ પછી આસ્ત્રેલિયનોએ વેનિસના બંચાવ માટે વિજળિક બેટરીવાળા તારપિડો વાપરવા શરૂ કર્યા.

રશિઆએ પણ આ નાશકારક યંત્ર પોતાના કાફલામાં રાખી ક્રાઇમિઆની લઢાઇ વખતે સેબાસ્તપોલ તથા ક્રોન્સતેંતીના બારાઓમાં તારપિડોની હારો ગોઠવી દીધી, જેથી ઇંગ્રેજ વાહાણોને દૂરનું દૂર રહેવું પડ્યું હતું; તેમજ ૧૯૦૪ ની જેપાન સાથની દરિયાઇ લઢાઇમાં તારપિડોનો બોહોળો ઉપયોગ કર્યો હતો. અમેરિકાની છેલ્લી માહોમાહોની લઢાઇ વેળા તારપિડોનો પુરેપુરો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તે પછી દક્ષિણ અમેરિકનોએ તારપિડોની ખાસ કોર ઉભી કરી અને સામસામા હુમલા તારપિડોથી કરવાની શરૂઆત કરી.

આગળ દર્શાવ્યું તેમ સ્થિર તારપિડો ને ચલ તારપિડો એવી બે પ્રકારની હોય છે. તેમાં સ્થિર તારપિડોની સામાન્ય રચના એવી છે કે ગલણી આકૃતિની એટલે ઉપર મ્હોટા મ્હોટું હોઇ હેઠે નાહાનું થતું ગએલું એક અતિ મ્હોટું બંધ કરેલું પાત્ર ▽; તે પાત્ર બંદુકની દારૂથી ભરેલું હોય છે, અથવા તો ડાઇનેમાઇટથી અરધું ભરેલું હોય છે. આ પાત્ર પાણી કરતાં હલકું હોવાથી તેના નીચલા છેડાને દોરી બાંધી તેને સમુદ્ર અથવા બારકના તળીયામાં ભેરવી રાખે છે, એટલે તે પાણીનાં ઘુષ્ટ ભાગ નીચે ૧૦ થા પાંચ ફીટ હેઠળ તરતું રહે છે. હાલમાં આ રીત બંધ કરી નવી રીત મુજબ તેમાં ઓછી વધારે હવા દાબી ભરી તેને કેટલાક વજનો ભેરવી પાણીમાં છોડી મેલે છે, કે જે પાણીમાં ચોકસ ઉંડાઇમાં તરતા રહે છે.

આ મુજબ પાણીમાં અધર તરતી રાખેલી તારપિડો ઉપરથી આવતી મનવાર ઉરાડી મેલવા તેમાં યૂક્તિ યોજેલી હોય છે. પેહેલી યુક્તિ એવી છે કે તારપિડોને કાંઇક લાકડીઓ બાંધેલી હોય છે, તેને મનવાર યા વહાણનો આંચકો લાગતાં તે તારપિડો ફુટે છે, અને બીજી યુક્તિ એવી છે કે કિનારાથી તે તારપિડોને જોડેલી તારમાંથી વિજળી પોંહોચાડી ગમે ત્યારે ફોડી શકાય છે.



પેહેલી જાતની તારપિડોની સાધારણ રચના અત્રે દર્શાવી છે. **અ** એક ગળની રોકું પાત્ર હોઇ, **ક** સ્થળે દારૂ ભરેલી હોય છે, અને **થ** જગે તેને ભેરવી રાખેલું હોય છે. **ક** દારૂ ફુટવા માટે **ઇ** જગે યુક્તિ કરેલી હોય છે. ત્યાં એક નાહની ડાબડીમાં ચુનો ભરી રાખેલો હોય છે. તે ચુના મધે ગંધકના અર્કથી ભરેલી બાટલી મેલેલી હોય છે. **મ** લાકડીને મનવારના તળીયાનો ધક્કો લાગતાંજ

ઇ લાકડી હાલે છે, અને તેના યોગે ક માહેલા ગંધકના અર્કમાંની શીસી ભાગી તે અર્ક તેની આસપાસના ચુનામાં પડે છે; અને રસાયનિક ક્રિયા ચાલુ થતાં ડાબડી તપી ક દારૂ સળગી ફાટે છે. આ સ્ફોટયોગે તે મનવાર પાંચ દસ હાથ લાંબે ખસી ગએલી હોવા છતાં તેનો નાશ થઇ શકે છે.



બીજી યુક્તિ એટલે વિજળિક શક્તિથી તારપિડોની રચના પાનેની આકૃતિમાં બતાવી છે. ઉપર જણાવેલા યંત્રમાં એટલોજ ફરક છે કે ઉપલા યંત્રમાં ધકકો ભાગતાંજ ગંધકના અર્કની શિસી ફુટી સ્ફોટ થાય છે, તે યુક્તિ એમાં નથી. એમાં ક સ્થળે પ્લાટીનમ ધાતુની તારનો એક કટકો ક દારૂમાં દાટેલો હોય છે. તેનાં બે છેડા ઇ અને અ એ તારો બાંધેલી કિનારાની બેટરીને જોડેલાં હોય છે. બેટરી ચાલુ કરી તે તારમાંથી વિજળિ પોહચતાં ક તાર તપી જઇ સ્ફોટ થાય છે. આ તારપિડોમાં એટલીજ સાહુચેતી રાખવી પડે છે કે, જ્યાં તારપિડો ફુગાડેલી હોય ત્યાં વ્હાણ આવી પોહચ્યું છે કે નહિ તે તપાસી વિજળિક પ્રવાહ છોડવો પડે છે.

બંદરમાં આ પ્રમાણે પાણીને તળીએ છુપાવેલી તારપિડો પણ નાશ કરી શકાય છે. બંદરમાં એવા પ્રકારની તારપિડો છે એમ શત્રુની મનવારને જણાતાંજ તે મનવારમાંથી છાલકા તળીયાની હોડી ઉતારી પોતાની તારપિડો ઝટ તે બંદરમાં છોડી મેલી તે હોડી પાછી ફરતાંજ તે તારપિડોને વિજળિક પ્રવાહથી ફોડી નાખે છે. આ સ્ફોટથી ત્યાંના બંદર માહેલી બધી તારપિડો ફુટી નાશ પામે છે.

ઉપર સ્થિર તારપિડો વિશે વર્ણન આપ્યું. ચલ તારપિડો એટલે એક જગેથી બીજી જગે ચાલી જનારી. આ પ્રકારની તારપિડો અનેક ઢપની બનાવવામાં આવે છે. તેમાં વ્હાઈતહેડ નામક શોધકની તારપિડો ઘણી વખણાય છે, ને તે યૂરપમાં બધેબધ જાણીતી છે. આ તારપિડો સિગાર આકૃતિનું એક નાહનું વહાણ છે. તે વચમાંથી જોડો ને બેઉ છેડા ઉતરતા સીગાર જેવા હોય છે. તેની સાધારણ લંબાઇ ૧૨ થી ૧૫ ફીટની હોઇ જાડાઈ ૧૨ થી ૧૫ ઇંચની માત્ર હોય છે.



આ તારપિડોનો માછલીવાળો ભાગ ફ તરફ પંખો પાણી કાપવા માટેનો હોય છે. તેવા ત્યાં બે પંખા હોય છે, અને તે ચલાવનારા યંત્રો ક ભાગમાં ગોઠવેલા હોમ છે. આ યંત્રો દાબેલી હવાથી ચાલે છે. આ તારપિડો ચાલતી વેળા પાણી તળે ચોકસજ અંતર ઉપર રહેવા અને બાજુએ નહિ વળન બેતા બા ઢળતાં તદન સીધા પાણીમાં ચાલે તેવા યંત્રોની ચોજના કરેલી હોય છે. તે ઈ અને ડ ભાગમાં ગોઠવેલાં હોય છે. આ યંત્રના ફ છેડા પાસે એક સુકાણ બેસાડેલું હોય છે, જે નિયમ જાળવે છે. આ મુજબ આ તારપિડો પાણીને તળીએ જઇ શત્રૂના વહાણને

અથડી બ ભાગમાંનો ગનકૉટન નામે દારૂ ફાટવા માટે (આ પદાર્થ ૩૦ થી ૧૦૦ રતલ ભરેલો હોય છે)આ ભાગમાંની બેસાડેલી પિસ્તોલ ધકકો લાગતાં ફુટી તરત બ ભાગના ગનકૉટનને સળગાવે છે, કે તે ફાટી તેનો નાશ કરે છે.

આ તારપિડો છોડવા માટે હાલમાં મનવારોમાં ખાસ નળીઓ ગોઠવી તેમાંથી છોડવાની ગોઠવણો કરેલી હોય છે. તેમાં તારપિડોને નાખી હવાના દબાણથી યા થોડી દારૂ સળગાવીને તેને પાણીમાં હડસેલે છે; કે તરત તે પાણીમાં પાંચથી ૧૫ ફીટ ડુબી સિધી લીટીમાં દોડી જઇ ખાનેખરાબી કરી મેલે છે.

આ નાશકારક તારપિડોને ૫ વર્ગમાં વેહેંચી તેને જૂદા જૂદા નામો આપેલાં છે. ૧—ગ્રાઉંદ તારપિડો (જમીનનો) સ્પાર (સલીઆનો) તારપિડો ૩– હારવે (પાગર નાખી ધસડવાનો) તારપિડો ૪–૫–લે તારપિડો અને વ્હાઇટ હેડ (માછલીનો) તારપિડો.

ગ્રાઉંદ તારપિડોને બંદર અથવા કિનારાની આસપાસ સમુદ્રમાં એક બોહિયાં સાથે તરતો રાખવામાં આવે છે, અને જેવું દુશ્મનનું બારકસ તેની નજદીક આવે એટલે ઘણું કરીને કિનારા ઉપરથી વિજળીના તારની મારફતે એક આંચકો મારતાં અથવા દુશ્મનની તોપનો ગોલો લાગતાં તે ફાટે છે, ને દુશ્મનનીજ મનવારનો નાશ કરે છે. આ ગ્રાંઉંદ તારપિડોને લંગર અથવા બીજા ભારથી તેની જગાઉપર રાખવામાં આવે છે. તેને જમીનમાંથી દુશ્મન કહાડી નહિ લઇ જાય તે થકી કિનારા ઉપરની મજબુત બેતરીથી અથવા બીજી રીતે તેની સંભાળ રાખવી પડે છે. એનું કોટલું લાકડા અથવા લોહાનું બનાવે છે. લઢાઇના વખત શિવાય તેને કદી બંદરમાં રાખવામાં આવતું નથી.

સ્પાર (સલીયાનો) તારપિડો ૧૫ થી ૩૮ ફીટ લાંબા લોખંડના સળીયાના છેડા સાથે બાંધે છે, અને વિજળી યા બીજી કોઇ ચીજ તેને અથડતાં તે ફાટે છે. એને ગમે એની નાહની બોટમાં લઇ જવાય છે.

હારવે (પાગર નાખીને ધસડી જવાની) તારપિડોને એક છેડેથી તારનાં દોરડાંએ બાંધીને મનવારની સાથે રાખવામાં આવે છે, અને જેવી દુશ્મનની મનવાર નજદીક આવી કે એ તાર ઢીલો કરવાથી તારપિડો પોતાના વજનથી પાણીમાં ડુબી તળીયામાં જઇ વિજળિક બળથી અથવા મનવારને અથડતાં મનવારના તળીયાને અથડવાથી તેની અંદર કરેલી કારીગરીથી તે ફાટીને ઘણી ખરાબી કરે છે. ઇ. સ. ૧૮૬૨ માં એક ઇંગ્રેજ અમલદારે શોધી કાઢી ત્યારથી એ બધે જાણીતી છે.

લે તારપિડો, એના શોધકના નામ ઉપરથી જાણીતી છે. આ શોધ થતાં તે અમેરિકન સરકારે વેચાતી લીધી હતી. આ તારપિડો એક પાણીની તળીએ તરતી સ્પાર તારપિડો જેવી બનાવેલી હોય છે. તેનો મુખ્ય ફાયદો એ છે કે એમાં કોઇપણ માણસ સાથે રહેવાની જરૂર હોતી નથી પણ કિનારાપરની બેટરી ઉપરથીજ તેને ચલાવવામાં તથા બીજી જોઇતી સંભાળ રાખવામાં આવે છે. આ નાહની બોટના ભંડારમાં લંગરનુ દોરડું હોય છે, જે પેલી બોટ જેમ જેમ ચાલતી જાય છે, તેમ તેમ અંદરથી બાહેર નિકળતું જાય છે. પાણીની હેઠળ તે ક્યાં છે તે એક નાહના વાવટાથી દેખાય છે, જેથી કિનારા ઉપરથી સેહેલાઇથી તેની દેખરેખ રાખી શકાય છે. એક કલાકમાં તે ૬॥ થી ૯ મૈલ માર્ગ કાપી શકે છે.

વાઇત હેદ (માછલીનો) તારપિડો તેના એક ઇંગ્રેજ શોધકના નામ ઉપરથી જાણીતી છે. આ તારાપડો ૧૬ ફીટ લાંબો ને ૨ ફીટ ઘેરાવાનો હોય છે. તેનો આકાર યૂરોપિઅન સીગાર જેવો હોઇ તેના બેઉ છેડા અણીઆલા હોય છે. આ તારપિડોના ૩થી ૪ ખાના અથવા ભાગ બનાવેલા હોય છે, જેના પેહેલા ભાગને માથું કહે છે, તેમાં ૩૫ રતલ સુધી ગનકૉટન રહે છે, બીજા ખાનામાં રસાયન સંજોગથી

તે દારૂને સળગાવવાની એક હથોડી સાથની પેટી હોય છે, તથા ત્રીજામાં એક નાહનું એનજીન હોય છે, જે એ હથિઆરને સમુદ્રમાં ચલાવી શકે છે. આ તારપિડો દરિયાનાં પાણીની સપાટીથી ૩૦ ફીટ ઉંડાણમાં તરી શકે છે, ને તે વળી કલાકના '૨૪ નોટ'ની ઝડપથી ચાલે છે. દરિયાઇ લઢાઇ પ્રસંગે દુશમનની મનવાર જણાતાં નજદીક ૧૦૦૦ વારની વેગળાઇએથી તેને પાણીમાં ઉતારી એવી કળાથી છોડી દેવામાં આવે છે કે ચોકસ ઠેકાણે પુગતાંજ મનવારને તળીયાંમાંથી ૭૦ ફીટનું ગાબડું પાડે છે. આ તારપિડો ઘણી ઝડપથી દોડી શકતી હોવાથી તે ગમે એવી ઝડપુ મનવારને પકડી શકે છે.

તારપિડો લઇ જનારી તારપિડો બોટ કે જે પાણીની અંદર માણસો સાથે ચાલવાની શક્તિ ધરાવે છે તેવી વરાળ યંત્રથી ચાલતી બોટ ઉત્તર અને દક્ષિણ અમેરિકાની લઢાઇ દરમ્યાન પ્રથમ વપરાઇ હતી. આ પેહેલી તારપિડો બોટમાં ૮ માણસો બેસી શકે તેવી ગોઠવણ કરી હતી; પણ આ પેહેલી બોટમાં અકસમાતિક પાણી જતાં માહેલા સર્વે જણા દુખી મુવા હતા. પણ તે પછી તેમાં ફતેહમંદી ભર્યો સુધારો કરવામાં આવ્યો હતો. ૪૦ સા૦ ૧૮૮૮ માં એક નોરવિજીઅન શોધકની તારપિડો બોટ વધારે સગવડ ભરી તથા ફતેહમંદ જણાઇ હતી. તે પછી ૧૮૯૮ માં એક ફ્રેન્ચ એનજીન્યર મે૦ ચાર્લસ ગોબેટ સુધારા વધારાથી સંપુર્ણ તારપિડો બોટ બનાવવામાં ફતેહ મેળવી દરિયાઇ કાફલાને મજબુતી આપી હતી.

તારપિડો બોટ પોતાની મનવારો સાથે ટેલિફોન વગેરે યંત્રોથી સંધેસા પણ ચલાવી શકે છે; તેમજ લેખીત ડીસપેચો પણ મોકલી શકાય છે. તે એવી રીતે કે-કેપટન નાહની દાબડીમાં પત્ર બંધ કરી તે દાબડીને રીવોલવીંગ વાલ્વ મારફતે બોટમાંથી મનવારની તરફ ફેંકે છે. મનવાર ઉપરના માણસો તેવી દાબડીની શોધમાં રહે છે અને જેવી તે પાણીમાંથી ગોળી પ્રમાણે છુટી આવી સપાટીપર તરે છે કે તુરત એક બોટ ઉતારી તેને લઈ આવવામાં આવે છે. રાતની વખતે વળી તે 'ફ્લેશલાઇટ' ચોમેર ફેંકી શકે છે. તારપિડોનો મસ મોટો ગોળો, બોટની સાથેજ લીવરની મદદથી બાંધી લઇ, જો એકાએક ફાટે નહિ તે માટે તેને 'સેફ્ટીકા' થી બંધ કરવામાં આવે છે, ને વખત પડવે તેને મનવાર તરફ હડસેલી 'સેફ્ટીકા' કાઢી લેતાં તે પોતાનું કામ બજાવે છે.

તારયંત્ર—(જુઓ ટેલિગ્રાફ)

તારા—અથવા સેતારા. અંધારી રાત્રે તારામય આકાશમાં જે અગણિત તારા આપણી નજરે પડે છે તે પોતપોતાની માળાનાં ગંજાવર સૂર્ય છે. આ તારા આપણા સૂર્ય કરતાં લાખો મૈલ દૂર હોવાથી તેમનું તેજ આપણી નજરમાં ઘણું ઓછું જણાય છે. તારાઓ ખુદ પોતાનાં પ્રકાશથી ચળકે છે. 'રોહિણી' નો તારો મંગળ પ્રમાણેજ પ્રકાશે છે. પણ ખુદ મંગળમાં તેજ નથી (જુઓ મંગળ ગ્રહ.) ઘણી વેળા કેટલાકો તારાને ગ્રહ તરીકેજ લેખવાની ભૂલ કરે છે, આથી ગ્રહ અને તારા એ બેઉ વચ્ચે ભેદ બરાબર ધ્યાનમાં રાખવો જોઇએ. જોકે રોહિણીનો તારો મંગળ જેવો દેખાય છે, તોય આ તારો મંગળ કરતાં આકારમાં કદાચ લાખ દરજ્જે મોટો હશે અને અંતરમાં તો તે લાખો મૈલ દૂર છે. તારા આપણને ઘણા દૂર અને ગ્રહો નજદીક જણાય છે; પણ એટલેજ ભેદ આ બે તેજોમય ગોળાઓ વચ્ચે નથી. તારાઓ ખુદ સૂર્ય જેવા છે અને ગ્રહ એ માત્ર પથ્થર જેવા નિસ્તેજ ભારી પદાર્થો છે, એ બીના સ્પષ્ટ જણાયલી છે.

તારાની સંખ્યાની ગણત્રી કરવી મનુષ્યની શક્તિ બાહેર છે. દુરબિન સિવાય પણ આપણને હજારો તારા આકાશમાં દેખાય છે. ફકત ખુલ્લી આંખે ૬૦૦૦ તારા નજરે પડે છે, પણ જો એકાદ નાહની દુરબિન વડે જોયું હોય તો તારાનો સમુદાય અતિશય વધારે જણાય છે.

* * પાસે દર્શાવેલી
* * * * ખુલ્લી સપ્તઋષિ-
* નાં તારાની છે.

આ સપ્ત ઋષિનાં ૭ તારામાંના અગલા ચાર સેહેજ ચોખુણાકારે દેખાય છે. તદન અંધારી રાત્રે આકાશમાં આ ચોખુણાકાર તરફ ખુલ્લી આંખે જોતાં ૧૦—૧૨ તારા જણાય છે, પણ તેમનેજ ઑપેરા ગ્લાસથી જોતાં તે જગે ૨૦૦ તારા છે, એમ નજરે પડે છે. આ ઉપરથી સાધારણ નાહની દુરબિન વડે જોતાં તે જગે વીસ ઘણા તારા નજરે પડે છે, ત્યારે ખુલ્લા આકાશમાં સઘળે ખુલ્લી આંખે જોતાં જે ૬૦૦૦ તારા જણાય છે તો ઑપેરા ગલાસે તેટલાજ ભાગમાં ૧,૨૦,૦૦૦ તારા આપણને જણાશે એ ચોકસ છે. હવે જે દુરબિનની ઉપલી કાચ માત્ર ૩ ઈંચ વ્યાસની છે તેવી દુરબિન વડે જોતાં ૬,૪૦,૦૦૦ તારા દેખાશે, એટલે આ દુરબિન વડે ૧૦૦ ઘણા વધારે તારા જણાય છે, પણ તારાઓની સંખ્યા કાંઇ એટલામાંજ અટકતી નથી. નાહની દુરબિન વડે નહિ દેખાતા તારા મ્હોટી દુરબિન વડે લાખો ઘણા દેખાય છે. મ્હોટી દુરબિનમાંથી ૫,૦૦,૦૦,૦૦૦ તારા નજરે પડે છે, પણ આ મ્હોટી દુરબિન વડે દેખાતા તારા કરતાં કરોડો દરજ્જે વધારે તારા આકાશમાં છે. આ નહિ દેખાતા તારાનો ફોટોગ્રાફ વટીક પાડી શકાય છે. જે કાચ ઉપર ફોટોગ્રાફ પાડી શકાય છે, તેને દુરબિનમાં મેલે છે અને પછી દુરબિનને આકાશમાંના એખાદ ભાગ તરફ ધરી રહેવી પડે છે. એક બે કલાક રહી કાચ કાઢી જોતાં તે કાચ ઉપર લાખો તારાની છબી પડેલી જણાય છે. તેમાંના જે સ્પષ્ટ ઉંડેલા હોય છે તે માત્ર દુરબિન વડે જણાય છે, પણ દુરબિનમાંથી વટીક જેનું દર્શન મનુષ્યને નહિ થયું હોય એવા હજારો તારા તે છબીમાં પડેલા સ્પષ્ટ જણાય છે. તારાનાં ફોટોગ્રાફ લેવાનાં યંત્રો જૂદી તર્હાનાં હોઈ તેની રીત પણ ન્યારીજ હોય છે.

તારાનું અંતર—આપણને દેખાતા સર્વેમાં પાસેનો તારો કહીએ તો આલ્ફા સેંટૉરી (Alpha Centauri) નર તુરંગ પુજ્જમાંનો ક—આ નામનો તારો છે. આ તારો પૃથ્વીથી ૨૫ લાખ કરોડ (૨૫ મહા પદ્મ) મૈલ દૂર છે.

પ્રકાશ ૧ સેકંદમાં ૧૮૬૦૦૦ મૈલ દોડે છે. સૂર્ય પૃથ્વીથી ૯,૩૦,૦૦,૦૦૦ મૈલ દૂર હોવાથી તેનો પ્રકાશ પૃથ્વીપર આવી પુગવા ૮ ½ થી ૮ ¾ મિનિટ લાગે છે. આ માન મુજબ ગણતાં આ તદન પાસેના આલ્ફા સેંટૉરીનો પ્રકાશ અત્રે આવી પોંહચતાં ૪ વર્ષ ને ૪ માસ લાગે છે. જે વેળા આપણે તે તારા તરફ જોઇએ છિયે તે વેળા તે તારા તરફ જોતાં તે વખતે તે તારો જે સ્થિતિમાં હોય છે તેજ પ્રમાણે આપણને જણાતો નથી, પણ સુમારે ૪ વર્ષ પેહેલાં જે સ્થિતિમાં હતો તે મુજબ દેખાય છે, કારણકે જે પ્રકાશયોગે આપણને તે તારાનું દર્શન જોતાં થાય છે, તે પ્રકાશ તેની તરફથી ૪ વર્ષ ઉપર નિકળેલો હતો અને તે આ વખત સુધી માર્ગ કાપતો હતો. પ્રકાશ જોકે કલાકનાં ૮૧૬૦૦૦૦ મૈલ ચાલે છે તોય તેને આ ૨૫ લાખ કરોડ મૈલનો પ્રવાસ કરતાં ૪ વર્ષ ૪ માસની મુદત લાગે છે.

તારાનાં તેજ અને રંગ—ખુલ્લી આંખે જોતાં તે સરખા જણાતાં નથી. કેટલાક તારા તેજસ્વી અને ઝાંખા તથા કેટલાક તદન ઝાંખા જણાય છે. તારા સેહેલાઇથી ઓળખી શકાય તે માટે તેના તેજ ઉપરથી તારાનાં જૂદા જૂદા વર્ગ કરેલા છે. જે સર્વમાં તેજસ્વી તારા તે પેહેલા વર્ગનાં, જે તેથી ઓછા તેજદાર તે બીજા વર્ગનાં ને તેથી ઓછા તેજસ્વી તે ત્રીજા વર્ગનાં ગણે છે. આ રીતે માત્ર ખુલ્લી આંખે દેખાતા તારાનાં ૬ વર્ગ કરેલાં છે. પણ મોટી દુરબિન વડે ૧૮—૧૯ વર્ગના તારા જણાય છે, જે આપણને બેહદ તેજોમય તારા દેખાય છે તે ઝાંખા તારા કરતાં મ્હોટા હશે એમ કહેવાશે નહિ. કારણ એકાદ તારો નાહનો

હોઇ આપણી નજદીક હોવાથી તેજસ્વી દેખાય છે, અને એકાદ મ્હોટો હોય પણ તે દૂર હોવાથી ઝાંખો જણાય છે.

કેટલાક તારા એકત્ર બની તેમનું એક ગુચ્છું થએલું દેખાય છે. એવા ગુચ્છાં અંતરિક્ષામાં હજારો છે. એક ગુચ્છામાં તરેહ જાતી તારા હોય છે. એક ગુચ્છામાંના જૂદા જૂદા તારા એળખવા મ્હેલાઇ મળે તે માટે ગ્રીક ભાષામાં આલ્ફા (Alpha) બીટા થીટા (Beta) થીટા (Thera) વગેરે મૂળાક્ષરનાં નામો યૂરપમાં આપવામાં આવે છે. જેમકે સેંટાર (Centaur) નરતુરંગમાંના જે તારાનો ગુચ્છડો દક્ષિણ ગોલાર્ધમાં દેખાય છે, તે ગુચ્છામાંના તારાને આલ્ફા સેંટારી (alpha Centari), બીટા સેન્ટારી એવા જૂદા જૂદા નામે ત્યાંના લોકો ઓળખે છે. આપણી ભાષામાં મૂળાક્ષરની ભાષાપરથી નામ આપવામાં આવે છે. આથી 'નરતુરંગ' ગુચ્છામાંના પેહેલા તારાને—એટલે જેને ત્યાંના લોકો આલ્ફા સેંટારી કહે છે, જેને આપણે 'નરતુરંગમાંનો ક એમ કહીએ છિયે. કેટલાકો અંકથી ઓળખે છે. કેટલાક ગુચ્છામાંના ગ્રીકસ તારાઓને સ્વતંત્ર નામો પ્રાચીન કાળથી પડેલા છે. સિંહરાશિમાંના ક તારાને આપણે મઘા કહીએ છિયે, અને યૂરપ તરફ તેને 'રેગ્યૂલસ' (Regulus) કહે છે. જે સારથી પુચ્છામાંના ક તારાને આપણે બ્રહ્મહૃદય કહિએ છિયે તેને ત્યાંના લોકો કયાપેલા (Capella) કહે છે. અને જે સ્વર મંડળ ગુચ્છામાંના ક ને આપણે 'અભિજીત' કહીએ છિયે તેને ત્યાંના લોકો 'વ્હીગા' (Vega) કહે છે.

આકાશમાં પેહેલાં વર્ગનાં ૧૯ છે. મૃગદ્યનો તારો (Sirius), મૃગ ગુચ્છામાંનો આર્દ્રા (Betelgeuze), વૃષભ રાશિમાંનો રોહિણી (Aldebaran), વૃશ્ચિકમાંનો 'જેષ્ટા (Alares), કન્યામાંનો ચિત્રા (Spica), અને નૌકા ગુચ્છામાંનો અગસત્ય (Canopus) આ તારા પેહેલા વર્ગનાં છે.

બીજા વર્ગમાં ૫૯ તારા, ત્રીજા વર્ગમાં ૧૮૨ તારા, ચોથા વર્ગમાં ૫૩૦, પાંચમા વર્ગમાં ૧૬૦૦, છઠા વર્ગમાં ૪૮૦૦, સાતમાં વર્ગમાં ૧૫૦૦૦, આઠમાં વર્ગમાં ૪૫૦૦૦ અને નવમાં વર્ગમાં ૧૪૨૦૦૦ તારા છે. આ ક્રમજ જેમ જેમ વધુ વર્ગ તરફ જોતાં તેમાં ગંજાવર સંખ્યા જણાય છે.

ઉપર જણાવ્યા પ્રમાણે જે કે તારાના જૂદા જૂદા વર્ગ છે તોય તેમાં કેટલાક એવા છે કે જેમનું તેજ ઘડી ઘડી નિયમિતપણે બદલાયા કરે છે. કેટલાકનું તેજ એક બે દિવસમાં ઓછું વધારે દેખાય છે, ત્યારે કેટલાકનું તેજ વર્ષવા ઘટવા મહિનાઓ થા વર્ષો લાગે છે. આ રીતે જેમના તેજમાં ફેર પડે છે તેમને તેજોવિકારી તાર (Variable stars) કહે છે. કેટલાક તારા એક વખતે નજરે પડી ગુમ થાય છે, તે ફરી જણાતાજ નથી. કેટલાક તારા આગળ દેખાતા હતા તે હવે બીલકુલજ જણાતા નથી, અને આજ વેર નહિ નજરે પડેલા હવે દેખાવ દેવા માંડશે.

યયાતિ તારા ગુચ્છામાં જે 'અલગોલ' (Algol) નામનો તારો છે તેનું તેજ ક્રમે ક્રમે ઓછું થઇ તેમજ ફરી ક્રમે વધે છે, આ તારાને બીજા વર્ગનો ગણે છે, પણ ત્રણ દિવસમાં એ બીજા વર્ગથી વધી ચોથા વર્ગ સુધીનો બની ફરી ક્રમે આગલી સ્થિતિમાં આવે છે. આ તારાનું તેજ આ રીતે બદલાય છે. બીજા વર્ગના તારા પ્રમાણે ચમકતાં ચમકતાં તેનું તેજ ઘટે છે. તે એટલા સુધી કે ત્રણ ચાર કલાકમાં એ ચોથા વર્ગનો હોય તેવો દેખાય છે, અને આ સ્થિતિમાં માત્ર ૨૦ મિનિટ રહી ફરી ધીમે ધીમે તેજદાર બની તે ત્રણચાર કલાકમાં ફરી આગળ મુજબજ ચળકવા માંડે છે.

ઘણા ખરા તારાઓનો રંગ તદન સફેદ છે, તેમ જૂદા જૂદા રંગના કેટલાક છે એમ દુર્બિનમાંથી સ્પષ્ટ જણાયલું છે. કાળી રાત્રે સ્વચ્છ આકાશમાં અસંખ્ય તારાઓમાં કેટલાક લાલ, લીલા, પિળા નારંગીયા અને કેટલાક અનેક રંગના તારા દુરબિનની મદદથી જણાય છે.

જે અતિ તેજદાર તારા છે તેમાંના 'લુબ્ધક', અભિજીત, મઘા અને ચિત્રા એ તદન સફેદ છે. આરદ્રા અને રોહિણી એ લાલ છે. સ્વાતી અને જ્યેષ્ટ ઉપર લાલ રંગની ઝાંખ હોય છે. બ્રહ્મહૃદય, પ્રોશિયન અને ધ્રુવ આ તારા પિળા છે અને કયાસ્ટર તારો તો રંગે લીલો છે.

તારાનાં ગુચ્છા અથવા જોડ તારા અંતરિક્ષામાં હજારો છે. આ પ્રકારનાં તારામાં તરેહવાર રંગના તારા દેખાય છે. કેટલીક જોડ તો રંગબેરંગી હોય છે, અને તેમનો દેખાવ અત્યંત રમણીય દેખાય છે. કેટલાક ગુચ્છામાં તરેહવાર રંગના તારા હોવાથી તે અત્યંત રમણીય દેખાય છે. દક્ષિણ ગોલાર્ધમાં એક તારાનું ગુચ્છું છે, તેમાંના સઘળા તારા બલુ રંગનાં છે. આજ ગોલાર્ધમાં બીજો એક ૧૧૦ તારાનો નાહનો ઝુમખો છે. તેમાંના મુખ્ય આઠ તારામાંના બે તારા લાલ છે. એકનો રંગ બલુ હોઇ તેમાં લીલા રંગની ઝાંખ છે, અને બાકીનાં ત્રણ સેહેજ લીલા છે. આ તારાનાં રંગ ખુલ્લી આંખે જણાતા નથી, પણ દુરબિન વડે જણાય છે.

તારાઓની ગતી—આકાશમાં તારાઓ અત્યંત ઝડપથી પોતપોતાનાં માર્ગમાં ફરે છે. તારાની ઝડપ અતિશય હોવા છતાં આ ઝડપ એટલી તો ધીમી—સૂક્ષ્મ જણાય છે કે તેની સમજ મેળવવા કેટલીક સદીઓનો અનુભવ જોઇએ. એનું કારણ તારાઓ આપણાથી અતિશય દૂર હોવાનું છે. સ્વાતિનો તારો એક દિવસમાં ૪૪૦૦૦૦૦ જોજનની ઝડપે દોડે છે અને આટલી બધી તેની ઝડપ હોવા છતાં, ૬ ઇંચની પોહળાઇમાં ફરતાં આ તારાને ૮૦૦ વર્ષની મુદત લાગે છે.

તારાઓની ગતીને લીધે આપણી પૃથ્વી પણ 'શૌરી' તરફના આકાશ ભાગ ગમી સૂર્ય સાથે જતી હોવાથી ઉત્તર ગોલાર્ધમાંનાં સ્વાતી, વ્હીગા, વગેરે તારા આપણી તરફ અત્યંત ઝડપથી આવે છે, અને તેમજ દક્ષિણ ગોલાર્ધમાંના કયાસ્ટર, લુબ્ધક, મઘા વગેરે તારા આપણાથી દૂર થતાં અનુભવે છે.

લુબ્ધ નામે તારાની ગતિ દરરોજ ૧૦૦૦૦૦ મૈલ ચાલવાની છે. લગભગ ૪૦૦૦ વર્ષ થયાં આ તારાનું અવલોન ખગોળવેત્તાઓ કરતા આવ્યા છે, એમ ઇતિહાસ ઉપરથી સ્પષ્ટ જણાય છે. આ ૪૦૦૦ વર્ષમાં આ તારો આપણાથી કેટલાક કરોડ મૈલ દૂર ગયો હશે, તોય તે હજી ૪૦૦૦ વર્ષ ઉપર જેવો દેખાતો હતો તેવોજ હાલમાં પણ દેખાય છે.

આકાશમાં તારાના ગુચ્છાં અથવા જોડ તારા ઘણાંજ રમણીય જણાય છે. ખુલ્લી આંખે જોતાં તે આપણને એકજ તારો જણાય છે, પણ તેમને દુરબિન વડે જોતાં તેમાંના કેટલાંક જોડ તારા જણાય છે. એવી જાતનાં જોડ તારા આજવેર સેંકડો જણાયલાં છે. વળી આ તારા વિષે એક આ અજાયબી છે કે તેમાંનો એક બીજા આસપાસ ફરતો રહે છે, અને તેથી તેમને જોડ તારા કહે છે. તારા એ પણ એક સૂર્ય છે, એમ વિચારતાં એક સૂર્ય બીજા સૂર્ય આસપાસ ફરતો રહે છે એ જોઇ અજાયબી લાગ્યા વિના રહેતી નથી. પૃથ્વી એ સૂર્ય આસપાસ ફરે છે, અને પૃથ્વી આસપાસ ચંદ્ર ફરે છે, તેમજ ગ્રહો સૂર્ય આસપાસ ફરે છે, એ બીના સૂર્યમાળા વિષે વિચાર કરતાં જણાઇ છે; પણ એક સૂર્ય બીજા સૂર્ય આસપાસ ગ્રહ પ્રમાણે ફરફર કરે છે એ બીનાં જોડ તારાના અવલોકન ઉપરથી જણાય છે.

મિથુન રાશિમાં જે મુખ્ય બે તારા છે, તેમાંનો એક સેહેજ સુંદર જણાય છે એને 'કયાસ્ટર' કહે છે. એ ખુલ્લી આંખે એકજ તારો દેખાય છે, પણ દુરબિન વડે જોતાં એ બે તારા છે, એમ જણાય છે. કયાસ્ટરના સાથીનું દર્શન નાહની દુરબિનમાંથી થઇ શકે છે. આ જોડમાંનો એક તારો બીજા આસપાસ ફરતો જણાયલો છે. એની ગતી

અત્યંત છે. આથી એમનો એક ફેરો પુરો થતાં કેટલીક સદીઓ લાગે છે.

સપ્તઋષિની પાછળ જે ત્રણ તારા છે તેમાંનો વચલો જોડનારો છે, આ વચલા તારા તરફ ખુલ્લી આંખે જોતાં તેની પાસે એક નાહનો તારો જણાય છે.

તૂળા રાશિમાં પણ એક જોડ તારો છે.

અંતરિક્ષમાંના દેખાવનું અવલોકન કરતી વેળા કેટલેક ઠેકાણે અનેક તારાનો એક ગુચ્છ જણાય છે. એવા ભિંડાકાર ગુચ્છડાં આકાશમાં ૨૦૦ થી ૩૦૦ જણાયલાં છે. સપ્તઋષિ તારાનું દર્શન થતાં તેમાં ૭ તારા જણાય છે. આ તારામાંના ચોરસ આકારના જે આગલા ૪ તારા છે તેમાંના બે આગલા તારાને ધ્રૂવ દર્શક તારા કહે છે. કારણ આ બે તારાથી સિધી લીટી દોરતાં તે છેક ધ્રૂવ નક્ષત્રપર જઇ પોંહચે છે, અને એ રીતે ધ્રૂવ નક્ષત્ર અંતરિક્ષામાં સેહેજમાં ઓળખાય છે. આ પૂંજને યૂરપમાં ગ્રેટબેઅર અને બૃહદ્ ઋક્ષ (મ્હોટું રીંછ) એમ કહે છે.

દેવયાની નામનો એક તારાગુચ્છ ઉત્તર ગોલાર્ધમાં છે; એને યૂરપમાં 'અંડ્રોમિડા' કહે છે, અને એને દેવયાની એ નામ બાળગંગાધર શાસ્ત્રીએ પ્રથમ આપ્યું હતું. એની વચમાં એક પ્રકાશિત ઢગ જેવી આકૃતિ ખુલ્લી આંખે જણાય છે, પણ દુરબિનવડે તે અતિ રમણીય જણાય છે. જનેવારી ફેબ્રુવારીનાં થંડા દિવસોમાં અંધારી રાત્રે આકાશનું અવલોકન કરતાં મૃગ નક્ષત્રનું ગુચ્છડું અત્યંત રમણીય જણાય છે. આ ગુચ્છની નીચે 'લુબ્ધ' તારો અત્યંત તેજસ્વી જણાય છે, અને ઉપલી બાજુએ 'રોહિણી' નો લાલ તારો ચમકે છે. આ મુજબ આ ગુચ્છાં પાસે બીજા ગુચ્છડામાં કાંઇક તારાઓ નજરે પડે છે.

સ્વચ્છ આકાશમાં કાળી રાત્રે જોતાં એક ઝાંખો તેજદાર પટો આકાશમાં ફેલાયલો જણાય છે; એને આકાશગંગા (Milky Way) કહે છે. ખુલ્લી આંખે તે માત્ર એક તેજોમય પટો જણાય છે પણ દુરબિન વડે જોતાં તેમાં કરોડો તારા એકત્ર જણાય છે. આ તારા એટલા તો દૂર રહે છે કે તેમનો પ્રકાશ પૃથક્ પૃથક્ આપણને દેખાતો નથી પણ તેમનો એક સરખોજ પ્રકાશ પડતો હોય તેમ જણાય છે. આ ઝીણા તારા આપણા સૂર્ય જેવા દરેક સૂર્ય હોઈ આપણા સૂર્ય કરતાં પણ ઘણા ગંજાવર કદનાં છે (જુઓ આકાશગંગા.)

તારા ખરતા—(Meteor=ઉલ્કા) આકાશમાંથી તારા ખરતા જોવા એ એક અજાયબી છે. આ ખરતા તારા દરરોજ રાત્રે એક કલાકમાં ૨૫ સુધી જણાય છે. મુખ્યકરી એપ્રેલ, આગસ્ટ અને નવેંબરમાં રાત્રે આ તારા પુશકળ પડતા જણાય છે, અને તારાનો વર્સાદ સુમારે ૩૩ વર્ષ પછી પડે છે.

પણ જાણીતા ખગોળવેત્તાઓના જણાવવા મુજબ ૩૪ વર્ષ અને ૧ દિવસ પસાર થતાં અથવા દર ૧૨૪૧૯ દિવસે તે ઝુમખો જોવામાં આવે છે, જે ગણત્રી નીચલી નોંધ ઉપરથી સિધ્ધ થાય છે:—

૧૭૯૯ માં ૧૧ મી ૧૨ મીને દિવસે, ૧૮૩૩ નાં વર્ષમાં ૧૨ અને ૧૩ મી ને દિવસે; ૧૮૬૭ માં ૧૩ મી અને ૧૪ મીને દિવસે અને ૧૯૦૧ માં ૧૪ મી તથા ૧૫ મી નવેંબરે સેહેજ દેખાયા હતા.

કેટલાક પવિત્ર મનાતા પથ્થરો કે જેની પૂજા અનેક પ્રજા કરે છે, તેમાંના કેટલાક આકાશમાંથી પડેલા ખરતા પથરાજ છે. સિરિયામાં એમિસામાંનો પવિત્ર પથ્થર, મક્કાના કાબામાંનો કાળો પથ્થર, તેમજ મેકસિકોમાંના 'ચોલ્યૂલા'નો પથ્થર આકાશમાંથી પૃથ્વીપર પડતાં મળી આવેલા જણાવવામાં આવે છે. ઇ. સ. પૂર્વે ૬૫૪ માં રોમ પાસે આલબ્બીયન પર્વત નજદીક ખરતા તારા પથ્થર રૂપે વર્સેલાની નોંધ મળે છે. ચીનાઇ ઇતિહાસમાં ૪૦ સ૦ પૂર્વે ૬૧૬ માં ૧૪ મી જનેવારીએ એનો વર્સાદ પડેલાની નોંધ મળે છે; જે વર્સાદથી ૧૦ માનસો માર્યા

ગયા ઉપરાંત ઘણીક માલમતાની હાની થઇ હતી. પલુટાર્ક અને પ્લિની ખરતા તારા વિશેનો અનુભવ વર્ણી ગયા છે; તેમની પ્લિની જણાવે છે કે ૪૦ સ૦ પૂર્વે ૪૬૭ માં હેલીસ-પોન્ટપર એગોસપોટેમોસમાં એક તપકિરિયા રંગનો ગંજાવર પથ્થર પડયો હતો.

૪૦ સ૦ ૧૪૯૨ માં ૭ મી નવેંબરે (બુધવારે) જર્મનીમાં પડેલા ખરતા તારાના વર્સાદમાં એક તારો પથ્થર રૂપે મલ્યો, જે '૨૬૦' રતલ વજનમાં હતો. ૪૦ સ૦ ૧૫૧૦ માં ઇટલી પાસે પેડુઆમાં એવાજ નાહના મ્હોટા તારા ૧૨૦૦ પડેલા મળ્યા હતા. જેમાં એક તો ૧૨૦ રતલ જેવડો હતો, ને બાકીનાં ૬૦ રતલનાં હતા. ૪૦ સ૦ ૧૬૨૦ માં પંજાબમાંના જલંદરમાં પડેલી વિજળી—કોઇ કહે છે કે ખરતો તારો (જેમાં તમામ લોહું હતું) મળ્યો હતો, જેના લોહામાંથી બાદશાહ જહાંગીરે પોતા માટે તલવાર બનાવી હતી. ગેસેન્ડી નામે અગોળશાસ્ત્રી જણાવે છે કે ૪૦ સ૦ ૧૬૨૭ માં ૨૭ મી નવેંબરે પ્રોવ્હેન્સીમાંના 'વેસાયર' પર્વત ઉપર પડેલા ઉલ્કા (ખરતા તારા)માંના એકનું વજન ૫૯ રતલનું હતું; ૪૦ સ૦ ૧૭૯૫ માં ૧૩ મી ડીસેંબરે યૉર્કશાયરમાં ઓલ્ડ કૉટેજ ખાને એક ખેડુતનાં ખેતરમાં પડેલા ઉલ્કાનું વજન ૫૬ રતલનું હતું. પણ સર્વથી વધારે રમણીય અને ભારે તારાનો વર્સાદ ૪૦ સ૦ ૧૮૦૩ માં ૨૬ મી એપ્રેલે નૉરમંડીમાં 'લા'એગીલ' ખાતે પડયો હતો. જે વેળા હજારો ઉલ્કાનો વર્સાદ વરસ્યો તેમાં કેટલાક ૮ રતલ વજનના હતા. ૪૦ સ૦ ૧૮૯૬ માં ૧૦ મી ફેબ્રુઆરીએ મેડ્રીડમાં ભારે ગરજના સાથે ખરતા તારા વરસ્યા હતા. ૪૦ સ૦ ૧૮૭૬ માં ૨૦ મી એપ્રેલે ઑબશાયરમાં 'રોટન' ખાતે પડેલા વર્સાદમાં ૭ રતલના વજનનો જથ્થો પડયો હતો. ૧૮૮૭ માં ૪ થી સપ્ટેંબરે પેન્જાના રાજ્યમા 'ફાસ્નોરસ્લોબોડસ્ક' ખાતે ભારે તુફાન સાથે પડેલા ઉલ્કામાં કેટલાક ઉલ્કા માહેથી કિમતી પથ્થર (હિરા) મળી આવ્યા હતા. બ્રિટીશ મ્યૂઝીયમમાં એવા ઉલ્કાનો સંગ્રહ ૩૦૦ ઉપર છે. ૪૦ સ૦ ૧૮૬૪ માં ફ્રાન્સમાં ઉલ્કાનો પથ્થર પડયો. એ ઉપરથી પડતાં પુનમના ચાંદ જેવડો મ્હોટો દેખાયો પણ હેઠે આવતાં ફુટી જતાં તેની ઝીણી કગરસો ૧૫ મૈલ સુધી ફેલાઇ હતી. ૪૦ સ૦ ૧૮૭૬ નાં એપ્રેલ માસમાં ૨૦ મી તારીખે ઇંગલંડમાં પડેલા ઉલ્કાનું વજન ૮ રતલ હતું. મુંબઇ પાસે 'વાઇ' તાલુકામાંના કળંબે ગામમાં ૧૮૭૬ માં ૪ થી નવેંબરે સહવારે ૯ કલાકે ભારે ગર્જના સાથે એક ઉલ્કાનો પથ્થર પડયો, જેનું વજન ૧૦ રતલ હતું, અને તે રંગે કાળો હતો. હિંદુસ્તાનમાં ૧૮૬૬ તથા ૧૮૯૯ ની આખેરીમાં ઉલ્કાનો વર્સાદ પડયો હતો.

ખરતા તારા આકાશમાં જોકે નાહના હોય છે તોય તેમની સંખ્યા અગણીત છે. એખાદ તારો પડયા વગર કોઇ મિનિટ ખાલી જતી નથી. "દરરોજ પૃથ્વી ઉપર ૧૪ હજાર કરોડ તારા ખરે છે" એમ જ્યોતિષ શાસ્ત્રીઓએ ગણત્રીથી સિધ્ધ કર્યું છે. એમાંના કેટલાક તારા નાહના તો કેટલાક ભારે હોય છે. તેમાં કેટલાક વટેણા જેવડા તો કેટલાક અત્યંત ઝીણા હોય છે. આ સૂક્ષ્મ પદાર્થ સૂર્ય આસપાસ ભારે ઝડપથી ફર્યા કરે છે. આ તારા બીજા ગ્રહો પ્રમાણે નિયમિત રીતે સૂર્ય આસપાસ ફરતા રહે છે, અને તે ઘણીજ જોરાવર દુરબિન વડે પણ દેખાતા નથી.

આ તારા સૂર્ય આસપાસ ભારે ઝડપથી ફરે છે. આપણી પૃથ્વીના આકર્ષણથી ખેંચાઇ પૃથ્વીના વાતાવરણમાં ભારે ઝડપથી દાખલ થાય છે. આપણે જાણીએ છિયે કે પૃથ્વીની આસપાસ બે ત્રણ મૈલ હવા જળી પ્રમાણે ફરી વળેલી છે. પૃથ્વીનાં આકર્ષણનાં ખેંચાણમાં જ્યાં સુધી આ તારા સપડાતા નથી ત્યાં સુધી સૂર્ય આસપાસ ફર્યા કરે છે. પણ જ્યારે તે આકર્ષણથી

ખેંચાઇ જાય છે ત્યારેજ તેની આવરદા ઘટે છે. આ તારા સૂર્ય આસપાસ દર કલાકે ૭૨૦૦૦ માઇલની ઝડપે ફરે છે. આથી જ્યારે તે આપણી વાતાવરણમાં આવી ઝડપે દાખલ થાય છે ત્યારે ઘસારાથી તે પ્રથમ લાલચોળ બની, પછી શુદ્ધ સફેદ બની પિગળી, છેલ્લે ઝળકાટમંદ રોશની ફેંકી વરાળમાં ફેરવાઇ જાય વાતાવરણમાં ભળી જાય છે. આમાંના જે મ્હોટા તારા લાલ ચોળ થઇ પિગળી ચળકે છે તેજ નરી આંખે દેખાય છે, પણ બીજા ઝાંખા ચળકનારા દુરબિન વડે દેખાય છે.

પુરતા ધ્યાનથી અવલોકન કરતાં દરરોજ રાત્રે ૨૦ થી ૨૫ તારા ખરતા નજરે પડશે; પણ વર્ષમાં કેટલીક રાત્રે ચોકસ દિવસોપર વધારે ખરતા તારા જણાય છે. આ પ્રમાણે પડનારા તારાનાં જથ્થા ૫૦ થી ૬૦ જો-શોધ આજવેર થએલા છે. તેમાંનો એક મ્હોટો જથ્થો પૃથ્વીને આગસ્ટ માસમાં ૯ થી ૧૧ મી તારીખવેરમાં આવી મળે છે અને બીજો નવેંમ્બર માસમાં ૧૨ થી ૧૪ મી તારીખે આવી મળે છે. આ જથ્થા જ્યારે પૃથ્વીની પાસે આવે છે ત્યારે તેમાંના કેટલાક તારા પૃથ્વીનાં આકર્ષણથી ખેંચાઈ ઉપર જણાવેલી સ્થિતિને પોંહોચે છે. આ તારાઓને સૂર્ય આસપાસ ફરતાં ૩૩ વર્ષ ઉપરની મુદ્દત લાગે છે.

ખરતા તારા જે નાહના હોય છે તે વાતાવરણના ઘસારાથી વરાળ બની ઉપરના ઉપર ગુમ થાય છે, પણ જે વધારે મ્હોટા હોય છે તે પૂર્ણપણે પિગળી જવા પેહેલાં પૃથ્વીપર પડેલા મળે છે. એમને આપણે ઉલ્કા કહીએ છિયે. પૃથ્વીપર આવા પડેલા પથ્થરને યૂરપ, અમેરિકા, મુંબઇ, તથા કલકત્તા અને બીજા દેશોનાં પદાર્થ સંગ્રહાલયમાં સાચવી રાખવામાં આવેલા છે.

આ ખરતા તારા (ઉલ્કા)ને રસાયન શાસ્ત્રીઓએ તપાસી જાહેર કર્યું છે કે તેમાં લોહું, કલઇ, ગંધક, તાંબુ, શિસું વગેરે પદાર્થ હોય છે. કોઇકોઇ વેળા ઉલ્કા હવામાંજ ફુટે છે ત્યારે તોપ જેવો અવાજ થાય છે.

ઉપર જણાવ્યું તેમ ખરતા તારાઓનો અજાયબ જેવો સુંદર દેખાવ ઇ૦ સ૦ ૧૭૯૯, ૧૮૩૩, ૧૮૬૬,-૬૭ ના વર્ષમાં જોવામાં આવ્યો હતો, અને તેવોજ દેખાવ પાછો ૧૮૯૯ ના નવેમ્બર મહિનામાં દેખાશે એવી કેટલાક ખગોળ શાસ્ત્રીઓએ તર્ક બાંધી હતી, પણ તેવો દેખાવ તે વેળા નજરે પડયો નહોતો. તેનું કારણ એવું બતાવવામાં આવે છે કે કરોડો ખરતા તારાઓનો ઝુમખો ૧૮૯૯ નાં નવેંમ્બર માસમાં આપણી પૃથ્વીના માર્ગમાં આવવાનો હતો પણ તે કોઇ બીજી તરફ ઘસડાઈ ગયો હશે અથવા તો કોઇ બીજા બળવાન ગ્રહોના ખેંચાણને સબબે તે તારાઓ જૂદા જૂદા ભાગોમાં વેહેંચાઇને વીખેરાઈ જતાં દેખાયા નહશે.

તારા—બૃહસ્પતિની બે સ્ત્રીમાંની એક. એનો પતિ બૃહસ્પતિ ચંદ્રને ત્યાં રાજસૂયયજ્ઞમાં ગયો હતો. ત્યાં ચંદ્રે છળકપટથી તારાને ગુરૂ પાસથી છિનવી લીધી હતી; તેથી યૂદ્ધ થયું તેમાં ચંદ્રની મદદે દૈત્ય અને ગુરૂની મદદે દેવતાઓ હતા. અંતે બ્રહ્માની આજ્ઞાથી ચંદ્રે તારાને પાછી આપી, પણ તેને ગર્ભવંતી જોઇ બૃહસ્પતિ ક્રોધાયમાન થયો. એના શ્રાપના ભયથી તારાએ ગર્ભ પ્રસવ્યો. પુત્રને જોઈ બૃહસ્પતિનું મન લલચાયું ને પોતાની પાસ રાખવા માંગ્યું. આથી વાંધો ઉઠતાં તે પુત્ર ચંદ્રને સ્વાધિન કરવામાં આવ્યો. જે બુધ્ધને નામે પ્રસિધ્ધ છે.

તારાગઢ—અજમેરનો આ એક પહાડી કિલ્લો સમુદ્ર સપાટીથી ૨૮૫૫ ફીટ ઉપર છે. આ કિલ્લો 'અજા' રાજાએ બંધાવ્યો હતો અને તેથીજ આ શેહેરનું નામ અજમીર=અજમીર પડયું. આ ગઢ અજમેરની તવારીખમાં યાદગાર સફેા રોકે છે, અને ત્યાંના રાજ્યકર્તાના અમલમાં એ એક મજબૂત બચાવદાર કિલ્લો સદીઓ સુધી ગણાતો હતો. આ કિલ્લાને મજબૂતી આપવા માટે

કેટલેક ઠેકાણેનો કોટ ૨૦ ફીટ જાડો બનાવેલો છે. કિલ્લામાં અનેક તલાવો હોઇ તે વર્સાદમાં છલાછલ ભરાય છે ને તે પાણી આખું વર્ષ ઉપયોગમાં આવે છે.

૧૮૩૨ તથા ૧૮૬૦ પછી આ કિલ્લો યૂરોપિયન ઢબના હવા ખાવાના મથક તરીકે વપરાય છે; કિલ્લાના શિખર ઉપર સૈયદ હૂસેનની દરગાહ છે કે જે રાયેાર અને ચોહાન સાથે ૪૦ સ૦ ૧૨૧૦ માં લઢતો અત્રે મરણ પામ્યો હતો. આ દરગાહને ૪૩૬ રૂપૈાંની વાર્ષિક મદદ મળે છે અને તે માટે ત્રણ ગામડાની મેહેસૂલ ભેટ કરવામાં આવી છે. (જુઓ અજમેર.)

તારાબાઈ—બિદનોરના રાવ શુરતની આ બેટી હતી. ૪સવી સનની ૧૩ મી સદીમાં સુલતાન અલાઉદ્દીને આ રાજ્યના વડીલોને હરાવી દેશપાર કર્યાથી તેઓએ મધ્ય હિંદુસ્તાનમાં જઇ બિદનોરની નદી કાંઠે ટોકરેાડાનો પ્રાંત જીતી લઇ ત્યાં સત્તા સ્થાપી. તેટલાં 'લીલા' નામના અફઘાન સરદારે સૂરતના હાથમાંથી થેાડા પણ છિનવી લીધું. જ્યારે તારાબાઇ પુરતી ઉમરમાં આવી તે વેળા આ કુટુંબને તાબે જુજ ભાગ હતો. જ્યારે તારાબાઇએ પોતાના વડાઓનું શુરાતન અને જુલમી ધસલામીઓથી થએલી ખુઆરી સાંભળી કે તેણે પોતે જાતે લઢાઇનો હૂન્નર શિખવાનો નિશ્ચય કરી તીરકમાનનો હૂન્નર શિખી ઘોડે સ્વારી આદિ સર્વ હૂન્નરમાં કુશળતા મેળવી લઢવા તૈઆરી કરી. તેટલાં રાજસ્થાનના રાણા રાએમલ્લના ત્રીજા બેટા જેમલે એના હાથની માગણી કરી, ત્યારે તારાબાઇએ કહેવાડયું કે "થેાડા પાછું જીતી અપાવે તો હું તારી સાથે વરૂં." તેણે તે શરત કબુલ કર્યા છતાં તેણે લઢવા આગમજ એને પોતાની સ્ત્રી બનાવવાનો કસદ કર્યાથી રાએાસુરતને તેની નાલાયક ચાલ માટે તેને દેહાંત દંડની શિક્ષા કરી. પણ તેટલાં તેનો બીજો ભાઇ પૃથુરાજ જે મારવાડમાં દેશપાર થએલો હતો, તેણે કેટલાંક શુરાતમના કામો કરી પોતાના પિતાનું મન જીતી લઇ, તારાબાઈને પરણવાનું બીડું ઝડપ્યું. આથી તે તારાબાઈ તથા પોતાના પિતાની મંજુરીયાતથી પ્રથમ પરણ્યો અને મોહરમના હિંગામ ઉપર થેાડા જીતવાનું ઠેરવી તે તરફ છુપી રીતે કુચ કરી. આ વેળા તારાબાઇ પણ પોતાના પતિ સાથે ઘોડેસ્વાર થઇ લશકર સાથે થેાડા બાહેર જઇ છાવણી મારી, અને પોતે પોતાના પતિ તથા સ્વારો સાથે શેહેરમાં દાખલ થઇ. જે ચોકમાં તાજીયા મેલેલા હતા તેમની સાથે ફરવા માંડી તે તાજીયા હાકેમના મેહેલ પાસે આવતાં ત્યાં હાકેમની એમનીપર શકભરી નજર પડતાં તારાબાઇએ તે હાકેમને તૂરતજ તીરથી વિંધી નાખી કેટલાકને કતલ કરતી પોતાના પતિ સાથે લઢતી દરવાજા પાસે આવી. આ વેળા દરવાજામાં એક હાથી ઉભો હતો જેથી તેમને મજબૂત અટકાવ થયો પણ તારાબાઈએ ઝડપ કરી હાથીની સુંઢ કાપી નાખતાં તે છેડાઇ નહાટો, કે તુરત તેઓ બાહેર છટકી જઇ પોતાનાં લશકરમાં ભળી જઇ શેહેરપર હુમલો કરી થેાડા તાબે કીધું. તે પછી ત્યાંના હાકેમનો ભાઇ તારાબાઇ સામે થયો, પણ તે માર્યો ગયો. તે પછી તારાબાઇએ કિર્તિ સાથે પોતાના પતિ સંગાથે લાંબો વખત સુખ ભોગવ્યું, તેટલાં પૃથુરાજને તેના બનેવી પ્રભુરાવે કુટુંબી કંકાસને લીધે દગાથી ઝેર બવાડી મારતાં તારાબાઇ પતિ સાથે સતી થઈ બળી મુઇ હતી.

તારામતી—સૂર્યવંશીય હરિશ્ચંદ્ર રાજાની પત્નિ. એના પુત્રનું નામ રોહિત હતું. (જુઓ હરિશ્ચંદ્ર.)

તારા સ્થિતિ પત્રકો—તારાનાં વેધ કાઢી તેનું 'કેટલૉગ' યૂરપમાં હિપાર્કસે ૪૦ સ૦ પૂર્વે ૧૫૦ માં પ્રથમ બનાવ્યું હતું. હાલમાં તે જોકે મળતું નથી પણ તેમાંજ અયનગતિ પુરતો ફેરફાર કરી ટાલમિએ એક પત્રક બનાવ્યું (૪૦ સ૦ ૧૩૮) હતું. તેમાં ૧૦૨૨ તારા છે. તેની ૪૮ રાશિ બનાવી છે. તે

પછી બીજું પત્રક તૈમૂરલંગના પૌત્ર ઉલુગ-બેગ, સમરકંદના પાદશાહે ૪૦ સ૦ ૧૪૩૭ માં બનાવ્યું. તેમાં ૧૦૧૯ તારા છે. તે પછી ટૈકોબ્રાહે ૧૬૦૦ માં બનાવેલા પત્રકમાં ૭૭૭ તારા છે. તે પછી યૂરપમાં અનેક સૂક્ષ્મ પત્રકો થયાં. હિંદુસ્તાનમાં વેધ લઇ કોઇએ એવું પત્રક બનાવ્યું હોય એવું જ્યોતિષ શાસ્ત્રનાં કોઈ પણ ગ્રંથમાંથી નોંધ મળતી નથી. માત્ર મહેંદ્રસૂરિ (શકે ૧૨૯૨ માં) એ પોતાનાં 'યંત્રરાજ' ગ્રંથમાં થોડુંક વર્ણન આપ્યું છે.

તારીખે હિંદ—આ હિંદની તવારીખનો ગ્રંથ અબુરહિઆને અરેબીકમાંથી તર્જુમો કરી રચ્યો હતો. આ ગ્રંથ મહમદ નામે અરબે ૪૦ સ૦ ૧૨૧૬ (હિ૦ સ૦ ૬૧૩ માં) માં સિંધમાં રહી લખ્યો હતો.

તાલચેરી—બંગાલમાં ઓરિસા પ્રાંતમાંનુ એક દેશી રાજ્ય. એનુ ક્ષેત્રફળ ૩૯૯ ચૌરસ મૈલ હોઇ તેમાં ૩૫૫૯૦ ની વસ્તી છે. એની ઉત્તરે પાલલાહર, પૂર્વે ચનકાતાલ, દક્ષિણે તથા પશ્ચિમે અંગુલનું રાજ્ય. આ રાજ્યમાં કોલસાની ખાણો છે જેની શોધ ૧૮૭૫ માં કરવામાં આવી હતી. તેમજ અત્રેની બ્રાહ્મણી નદી પાસે લોઢું તથા ચુનો મળે છે. તેમજ નદીની રેતીમાંથી સોનું મળે છે; પણ તે થોડું મળતું હોવાથી તેના વેપારમાં ફાયદો જણાયો નથી. લોક વસ્તીમાં ૩૫૪૬૬ હિંદુ અને ૫૨૧ મોહમેદનો છે. રાજ્યને તાબે ૨૬૧ ગામડાં છે. આ રાજ્યની સ્થાપના ૫૨૫ વર્ષ ઉપર ઉદેરાજે કરી હતી. ૧૮૪૭ ના અંગુલ પ્રજાના બળેડા પછી અત્રેના રાજાને મહેંદ્રબહાદુરનો ખેતાબ આપવામાં આવ્યો હતો. રાજ્યની મેહેસૂલ ૫૧૯૩ પૌંડની ઉપજે છે. તેમાંથી ૧૦૩ પૌંડ બ્રિટીશ સરકારને ખંડણીના ભરે છે.

તાલભાટ—લલીતપૂર જીલ્લામાં આ એક પુરાણુ શેહેર લલીતપૂરની ઉત્તરે ૨૬ મૈલ ઉપર છે. એનું નામ એની પાસેના ગંજાવર તલાવ (યાને-તાલ) ઉપરથી પડયું છે. અત્રેના તલાવમાંથી આસપાસના ગામોને પીવાનું પાણી મોટા જથ્થામાં મળી શકે છે. આ ગામ પાસે ૮૦૦ ફીટ ઉંચાઇના પર્વતની હાર આવેલી હોઇ તે ચોતરફથી બંદ પ્રમાણે ફરી વળેલી હોવાથી તેમાં એક ચૌરસ મૈલનો તલાવ બની રહ્યો છે. આ પર્વત પાસેજ એક પુરાણો કિલ્લો ખંડીયર હાલતમાં છે, અને આગળ અત્રે મ્હોટી વસ્તી હશે એમ ત્યાં ખંડીયર સ્થિતિમાં ફેલાયલા મકાનો ઉપરથી કહેવાઇ શકાય છે. અત્રેની વસ્તી ૫૨૯૩ ની હોઇ તેમાં ૪૯૨૦ હિંદુ, ૨૬૪ મોહમેદન અને ૧૦૭ જૈન છે. અત્રે ચોખા તથા રૂનો સારો પાક થાય છે. અત્રેનો કિલ્લો સર હ્યુજરોઝે ૧૮૫૭ માં તોડી પાડયો હતો.

તાલમદ—યાહુદી પ્રજાનો ધર્મ સંબંધી પવિત્ર ગ્રંથ. આ ગ્રંથમાં તેમની રીતી રેવાજ અને તેહેવારો સંબંધી કાયદાઓ અપેલાં છે. તાલમદ એ 'ખાલદી' અથવા આરમીનીયન ભાષાનો બોલ 'લામાદ' એટલે શીખવું ઉપરથી નિકળેલો છે, જેનો અર્થ 'ધર્મતત્વ' થાય છે. આ ગ્રંથનાં બે ભાગ મીસના અને ગીમારા નામે છે. પેહેલા ભાગમાં કાયદાઓ તથા બીજા ભાગમાં યાહુદી વિદ્વાનોએ કાયદાના કરેલા ખુલાસા અને એ પ્રજા સંબંધી ચાલતી દંતકથાનો સંગ્રહ આપ્યો છે.

આ તાલમદ ગ્રંથ યાહુદીઓના લોકવ્યવ્હાર સંબંધી તેમજ કાયદા અને રસમ સંબંધીનો સર્વ સંગ્રહ ગ્રંથ છે. આ ગ્રંથને 'ધીઓલ્ડ ટેસ્ટીમેંટ' (તોરાત) માં, તે કોમનાં વહીવટ અને રીતભાત પુરતા બંદોબસ્તથી ચલાવવાના ધારા અને નીયમોના—વધારાનાં ભાગ તરીકે જોડેલા છે. આ સબબથી તાલમદમાં આવેલી બીના તહેવાર રીતનાં ફરમાંન રૂપે છે જે બાહેલાં સર્વે ફરમાનો ધર્મનેજ લાગુ પડતાં નથી, પણ તેઓ જૂદી જૂદી રીતે શીલસુરી, હકીમું, તવારીખ, કાયદા શાસ્ત્ર, અને ઘણીક વ્યવ્હાર ઉપયોગી કામોની છુટીછુટી પુષ્કળ બાબતો તેમાં જણાવેલી

તાલાગંજ—પંજાબમાં જેહેલમ જીલ્લામાંનું એક તેહેસિલ. ક્ષેત્રફળ ૧૨૪૭ ચૌરસ મૈલ હોઈ તેમાં ૮૩ શેહેર તથા ગામડાં છે. લોક વસ્તી ૬૪૮૭૪ ની હોઇ તેમાં ૮૫૦૨૨ મોહમેદન, ૭૨૮૪ હિંદુ, ૧૫૫૧ શિખ અને બાકીનાં ખ્રિસ્તીઓ છે. મુખ્ય પાક બાજરી, ઘઉં, ચણા, જુવાર, મોથ અને રૂનો થાય છે.

મુખ્ય શેહેર તાલગંજ જેહેલમ શેહેરની ઉત્તર પશ્ચિમે ૮૦ મૈલ ઉપર છે. તેમાં વસ્તી ૬૨૩૬ ની હોઇ તેમાં ૪૧૭૪ મોહમેદન અને ૧૨૦૫ હિંદુ તથા ૮૪૫ શિખ છે. ૧૬૨૫ ના સુમારમાં આ શેહેરને 'આવાન' સરદારે સ્થાપન કર્યું હતું. તે પછી એ શિખોને તાબે આવ્યું ને હાલમાં બ્રિટીશ સત્તા તળે છે. અત્રે કાપડ વણવાનો તથા બુટ બનાવવાનો સારો ઉદ્યોગ ચાલુ છે.

તાલી—હિંદુસ્તાનમાં વસતી એક પ્રજા. એઓ લગ્ન પ્રસંગે એક ચોખુણાકાર સુન્નાના તાવીજને વરરાજાના હાથે કન્યાને ગળે બાંધે છે તેને તાલી કહે છે. આ તાલી તે સ્ત્રી પોતાના પતિની હૈયાતી સુધી ગળેજ બાંધેલું રાખે છે, પણ વિધવા અવસ્તાએ પોંહચતા તેના સગાંઓ તે પોતાને હાથે કાઢી લીએ છે. કેટલાકો આ તાલીને વાયનખથી સણગારે છે.

તાલીકોટ—બીજાપૂર જીલ્લામાંનું એક ગામ. કલાદગીની ઉત્તર પૂર્વે ૬૦ મૈલ ઉપર છે. લોક વસ્તી ૫૩૨૫ ની હોઇ તેમાં ૩૯૬૫ હિંદુ અને ૧૩૬૦ મોહમેદનો છે. ૧૫૬૫ માં ૨૫ મી જુલૈઇએ તાલીકોટની બનણીતી લઢાઇ કૃષ્ણાનાં જમણા કાંઠા ઉપર તાલીકોટની દક્ષિણે ૩૦ મૈલ ઉપર થઇ હતી. આ લઢાઇમાં દખણના મુસલમાન રાજાએ વિજયાનગરની શેહેનશાહાતનો નાશ કર્યો હતો.

તાલીસપત્ર—એનું ઝાડ ઘણું ઉંચું વધે છે. સિંધુ નદીથી ભૂતાન સુધી હિમાલયનો ભાગ, હિમાલયની વાયવ્ય તરફના ભાગોનો ૭૦૦૦ થી ૧૩૦૦૦ ઉંચાઇવાલો પ્રદેશ વગેરે સ્થળમાં તાલીસપત્રનાં વૃક્ષ ઉગે છે. એનાં પાદડાં સપાટ, સાંકડા અને લંબોચાં હોય છે.

આ વૃક્ષમાંથી સફેદ રંગની રાળ નિકળે છે, અને તેનો ઉપયોગ ઔષધીમાં દેશીવૈદોએ યોજેલો છે. આ રાળને ગુલાબ અત્તરમાં મેળવી બાંધી હોય તો કેફ ચઢે છે એમ હકીમો કહે છે. માથું દુખતું હોય તો તેનો લેપ કરી ચોપડે છે.

આ ઝાડના કુમળા ફળોનો ઉત્તમ જાંબુડો રંગ બને છે, એમ મી૦ વ્હેચ પોતાના ગ્રંથમાં લખેછે એમ મી૦ હુથીએ ડૉકતર વૉટને સુચવ્યું હતું. સ્ટીવર્ટ, બ્રન્ડીસ તથા ગામ્બેલ એ મુજબ રંગ નિકળવાનું જણાવતા નથી; પણ મી૦ ગૉર્ડન કહે છે કે એનાં ફળમાંથી જાંબુડો રંગ બને છે, તેથી 'ગારખાલી' પ્રજા એને 'રામસુલા' તથા 'ગાબરીઓસુલા' કહે છે.

આ ઝાડના સુકાં પાંદડાં ઔષધિમાં ઉપયોગી જણાયલાં છે. તાલીસપત્ર મધૂર, કડવું, ઉષ્ણ, તિક્ષ્ણ, અગ્નિદિપક અને દમ, ઉધરસ, દાહકવાયુ, ક્ષય, ગુલ્મ, અરૂચી વગેરેનો નાશ કરે છે.

ડૉ૦ એફ. હેમિલ્ટન કહે છે કે "બહાર પ્રાંતના તબીબો ધારું બેસી ગયું હોય તો તેનીપર તાલીસપત્ર દવા તરીકે આપે છે. કેટલાક પ્રાંતમાં એને મળતા પાતરાંને પણ તાલીસપત્ર તરીકે ઓળખાવી ઉપયોગમાં લીયે છે. આપણા દેશનાં કેટલાક પુરાણા ગ્રંથોમાં તાલીસપત્રનું વર્ણન મળે છે, તે તજનાં પાંદડા સાથે ઘણું ખરૂં મળતું આવે છે. 'તાલીસપત્ર' એ નામ તેલંગુ અને તામિલ ભાષામાં તજનાં પાંદડાને માટે પણ યોજેલું; તેમજ અરબી-ફારસી ભાષામાં તજના પાંદડાનું એ નામ છે. એમ સર્જન મુદીનનું મત છે. હાલમાં તાલીસપત્ર એ બેઉને લગાડે છે. (તાલીસ અને તજ.)

બંગાલ, બહાર અને વાયવ્ય પ્રાંતમાં અનેક સ્થળે તાલીસપત્ર ગાંધીની દુકાને મળે છે. તાલીસપત્ર આ નામ તળે બીજાં કયા

પાંદડાં વેચાય છે તે પોતાને માલમ નથી એમ સર્જન ઉ૦ ચં૦ દત્ત કહે છે. મુંબઇમાં તાલીસપત્ર મળે છે કે જેને ઈંગ્રેજીમાં 'યૂ'વૃક્ષ કહે છે. તે ઝાંડનાં પાંદડાં હોય છે, તેનેજ 'બારમી' પણ કહે છે. સંસ્કૃત ગ્રંથોમાં એ વર્ણન કરેલું તાલીસપત્ર એજ હશે તો 'તાલીસ' એ ઝાડનું નામ હોવું જોઈએ, અને હિંદુ નામ પણ એ મુજબજ હોવું જોઇએ એમ ડૉ૦ ડીમકનું કહેવું છે.

શહાજહાનપુરનાં ડૉ૦ સર્જન જે. એમ. કાનાચી જણાવે છે કે, "એનો તાજો પાંદડાનો સ તા પ ઉપર આપવામાં આવે છે. તે તરફ ઘરનાં છાલાપાલા તરીકે વપરાય છે. એનો રસ નાહનાં બચ્ચાંઓને ઉપરનાં દૂધમાં અથવા પાણીમાં પાય છે. પાવાનું પ્રણામ પાંચથી ૧૦ ટીપાનું છે. દાંત આવતી વખતે પણ એ બચ્ચાંઓને પાય છે. સ્ત્રી પ્રસૂત થયા પછી શક્તિ આવવા માટે એનો રસ બંગાલમાં સ્ત્રીઓને પાય છે.

જેહલમ નદીનાં પ્રદેશમાં એનાં પાંદડા તથા ડાંખળીઓ બળદોના ચારા માટે ઉપયોગમાં લીયે છે. એના પાંદડાની ઔષધિ ક્રિયામાં જે પ્રસિદ્ધતા છે તે ઉપરથી એનાં સુકાં પાંદડા ઢોરો ખાય છે, એમ કહેવું ભરોસેદાર નથી, અને તેથીજ એના ઔષધીગુણ સાથે સંબંધ છે તેમાં વિરોધ પડે છે.

તાલીસપત્ર ઝાડનું લાકડું સફેદ અને નરમ હોય છે. એના લાકડાનું વજન દર ઘનફુટે ૧૪ શેર હોય છે.

એનું લાકડું ખુલ્લી હવામાં રહેતાં તે ટકતું નથી, પણ સિક્કિમની તરફ એના પાટીયાનાં છાપરાં બનાવે છે, તે સારાં ટકાઉ જણાયલાં છે. સિક્કીમથી એનાં પાટીયાં કદી કદી તિબેટમાં મોકલવામાં આવે છે, કે જ્યાં તેનાં છાપરાં બનાવે છે. 'મુરી'માં ૮ થી ૧૦ વર્ષ ને 'કુલું'માં ૩ થી ૬ વર્ષ તે ટકે છે, એમ જણાવવામાં આવે છે. 'કનવાર' અને 'લાહૂલ'માં એનાં લાકડાંનાં બાંધકામ કરે છે. ભરવાડો એની છાલ ઝાવલી તરીકે ઉપયોગમાં લીયે છે, અને હિમાલય તરફનાં ઉંચા પ્રદેશમાં એની છાલનાં દ્રોણમાં બકરાંઓને મીઠું ખવાડે છે.

તાલીસપત્ર—અથવા **તાડપત્ર** યા **તાલીપટ વૃક્ષ.** આ અજાયબ જેવું વૃક્ષ સિંહલદ્વિપનાં ટાપુમાં ઉગે છે. એની ઉત્પત્તિ ઉપલા દેશ શિવાય બ્રહ્મદેશ તથા મલાક્કામાં પણ થાય છે. એની ઉંચાઇ ૧૨૫ હાથ અને તેના છતીયાં ૧૫ થી ૨૦ હાથ લાંબાં હોય છે. એના એક છતીયાંથી ૨૦ માનસોનું વર્સાદ તથા તડકાથી રક્ષણ કરી શકાય છે. આ છતીયાં સ્થિતિસ્થાપક તથા મજબુત છતાં તેના પાતરાં પંખાની પેઠે એક ઉપર એક જોડાયલાં ઘડી બંધ રહે છે. એનાં વૃક્ષપર ૮૦ વર્ષે ફુલ આવે છે ને એ ઝાડ ૧૦૦ વર્ષ સુધી જીવી શકે છે. આ લાંબી મુદ્દત દરમ્યાન તેની ઉપર ફળો એકજ વેળા આવે છે. એની 'પોંગી' (દોડો) ૧૦ થી ૧૨ હાથ લાંબી અને ફળો હાથીના માથાં જેવડાં મ્હોટાં હોઈ તેમાં તાડગોળા જેવો ગર રહે છે.

દુષ્કાળ સમયે ત્યાંના લોકો આ ઝાડનો ગાભો કહાડી તેને ધુંટી ભુકો કરી તેના રોટલા કરી ખાય છે. તે દેશનાં લોકોને આ ઝાડના છતીયાં એકલાં છત્રિને વાસ્તે કામ આવે છે, એમ નથી; પણ પુસ્તકો લખવાને માટે કાગજની પેઠે તેઓ તેનો ઉપયોગ કરે છે. તે દેશમાં આવાં લખેલાં સેંકડો પુસ્તકો હજી જોવામાં આવે છે. આ પાંદડાંને લખવાના ઉપયોગમાં લેવા આગમજ દુધ અને પાણીમાં બાફી કહાડે છે; પછી તેને સુકવીને તેની ઉપર લખે છે. આ પાંદડાપર લખેલા ગ્રંથો ૫૦૦ વર્ષની આગમજના હાલમાં જેવા ને તેવાજ કાયમ રહેલાં છે.

તાલેચરી—મલબાર જીલ્લામાંનું એક બંદર શેહેર. લોક વસ્તી ૨૬૪૧૦ ની છે, તેમાં ૧૨૯૩૯ પુરૂષો અને ૧૩૪૭૧ સ્ત્રીઓ છે. લોક વસ્તીમાં ૧૫૪૮૮ હિંદુ, ૬૧૪૯ મોહમેદન અને ૧૭૬૫ ક્રિસ્તીઓ છે. આ શેહેર તાલુકાનું મુખ્ય શેહેર હોઈ અત્રે મલબાર

જીલ્લાની વડી અદાલત, કસ્ટમ હાઉસ, દેવળ, સરકારી તથા લશકરી અમલદારોની કચેરી વગેરે જાહેર ઇમારતો છે. આ શેહેર પાંદરોસ્તી દાયક અને સમુદ્ર કાંઠે હોવાથી બહુ રમણીય છે. આ શેહેર પાંચ ચૌરસ મૈલ જગ્યા રોકે છે. આગળ શેહેર આસપાસ મટોડીનો કોટ હતો, પણ હાલમાં તે પડત હાલમાં છે. શેહેરની ઉત્તરે પ્રાચીન કિલ્લો સારી હાલતમાં હોવાથી તે જેલ તરીકે વપરાય છે.

તાલચેરીનો નિકાશ વેપાર કાપી, એલચી, ચંદન વગેરેનો છે. અત્રે ૧૬૮૩ માં ઇસ્ત ઇંડીયા કંપનીએ પ્રથમ કોઠી સ્થાપન કરી હતી અને તેઓએ પ્રથમ મરી તથા એલચીનો વેપાર શરૂ કર્યો હતો. ૧૭૬૬ માં અત્રેની કોઠી સરકારી મથકમાં ફેરવી નાખવામાં આવી હતી. ૧૭૮૦ થી ૧૭૮૨ સુધી અત્રે હૈદરઅલીનાં સેનાપતિ સરદારખાંને કબજો મેલવ્યો હતો, પણ મેજર એબીન્ગડને ફરી છતી લઇ અત્રે બ્રિટીશ સત્તા સ્થાપી ત્યારથી ઉત્તર મલબારનું આ મુખ્ય બંદર શેહેર થઇ પડ્યું છે.

તાલેમિસોતર—એ મારસીદોનના ફિલીપ બીજાનો દાસીપુત્ર હતો. એ સેકંદરનો માનીતો સેનાધિપતિ હોવાથી એ સેકંદર સાથેજ એશિઆની લઢાઇમાં ગયો હતો. સેકંદરના મોત પછી એને હાથ ઇજીપ્ત પ્રાંતની સત્તા આવી હતી. ૨૦ વર્ષ સુધી ચાલુ લઢાઇ કરી દેમોત્રિયસના હાથે રોહડસનો છુટકો કરી એણે સોતર (ત્રાતા)એ પદ્વિ મેળવી હતી. શાંતતા પંથરાતા એણે શાસ્ત્રકલા અને તત્વજ્ઞાન તરફ ધ્યાન દોડાવ્યું, આથી એની દરબારમાં જાણીતા વિદ્વાનો રહ્યા હતા. એણેજ અલેકઝાન્દ્રીયાનું પુસ્તકાલય તથા પદાર્થ સંગ્રહાલય વધાર્યું હતું.

તાવીજ—પ્રાચીનકાળમાં જૂદી જૂદી પ્રજાઓમાં કાગળ યા પાંદડા ઉપર મંત્ર લખી તેના તાવીજ ગળામાં યા બાજુપર બાંધવાનો ચાલ હતો, અને આ ચાલ હજી ઘણીક પ્રજામાં જોવામાં આવે છે. યહુદીપશ્ચિયન, યાહુદી, પરાની, હિંદુ, ખાલદીયન, ગ્રીક, રોમન વગેરે લોકો તાવીજ બાંધતા હતા.

ગ્રીકો ઘણું કરી મોહબત તથા જુરસા ઉશ્કેરવા માટે તાવીજ બાંધતા હતા. આગલા જમાનાનાં ક્રિસ્તી લોકો 'ક્રોસ'ના આકારના લાકડાનાં તાવીજ બનાવતા હતા. ધર્મ તથા જ્યોતિષ શાસ્ત્રમાં પણ તાવીજ વાપરવાનું ફરમાનછે, અને હાલના વખતમા દવાનાં ગુણ ધરાવનારી એક ચીજ તરીકે હકીમો દર્દીને પેહેરાવે છે. રોમન કેથોલિક પાદરીઓ તથા બ્રાહ્મણો પણ આજવેર તાવીજો તથા મંત્રો બનાવીને લોકોને વેચે છે.

મુસલમીન પ્રજા બચ્ચાંઓ તથા દર્દીને બુરી નજર નહિ લાગે, દુઃખ ગાલેબ નહિ થાય, તે માટે ખાસ તાવીજો બનાવી પેહેરાવે છે. મંત્ર યૂકત તાવીજો અનેક પ્રકારનાં આવે છે, તેમાંની જૂદી જૂદી જાતનાં થોડાંક દર્શાવ્યાં છે.

યોગીતાવીજ—આ નીચે આપેલા મંત્રને ગોરચંદન અને ચંદનથી ભોજપત્ર ઉપર લખી લોખંડના તાવીજમાં બંધ કરી માથામાં તે તાવીજ રાખે તો તે રાખનારને સંસારથી વેરાગ ઉપજી પુત્ર, મિત્ર, ધન, સ્ત્રીથી મોહબત છુટી તે યોગી બનીજાઇ સર્વને ત્યાગ કરશે.



જગવશિકરણ યંત્રનું તાવીજ—આ શાહી યંત્રને કપૂર, કસ્તૂરી, ચંદન, ગોરચંદનની બનાવી ચંબેલીના ઝાડની કલમ બનાવી તેથી ભોજપત્ર પર લખવું અને તેની ૩ દિવસ વિધીપૂર્વક પૂજા કરી તેને તાવીજમાં મઢી લઇ પાસે રાખે તો તે જ્યાં જાય ત્યાં તેને સર્વે વશ થાય એમ જણાવવામાં આવેછે.

ઉ	વં	જેં ખ્રીં ડં
દૈં	ડં	ખ્રીં ઉ ડં
ળં	ડં	જગત્ વંડં ખ્રી

બીજું વશિકરણ તાવીજ—આ મંત્રને અષ્ટગંધથી ભોજપત્ર ઉપર લખી વિધીપૂર્વક પૂજન કરી તાવીજમાં મઢી ભૂજ પર બાંધે તો જે તેને જોય તે તરત વશ થાય એવું માનવામાં આવે છે.

ડાકણને મહાત કરવાનું તાવીજ—આ મંત્રને કાગળમાં લખી લોબાન ધૂપાવી તાવીજ બનાવી બાંડણીમાં ખુંદે તો ડાકણ માથું કુટે.



આ મંત્રને કાલા કુતરાના લોહીથી ભોજપત્ર ઉપર લખી તેનું વિધીપૂર્વક પુજન કરી કુતરાના ગળામાં તાવીજ બનાવી બાંધે તો જ્યાં જ્યાં તે કુતરો દોડે ત્યાંનાં માનસો પણ નાહસવા માંડે એવો આ તાવીજનો પ્રતાપ જણાવવામાં છે.



તાવો—ધર્મ—૪૦ સ૰ પૂર્વે ૭૦૦ આગમજ ચીન દેશ ધર્મજ્ઞાનમાં પછાત હતો, તેટલાં ૪૦ સ૰ પૂર્વે ૬૦૪ માં 'લાવોતજી' નામે એક ધર્મજ્ઞાની પુરૂષનો જન્મ થયો. એ વિદ્વાનનું જન્મ નામ 'ઇસ્લી' હતું. પ્રથમ એ 'લાબ'નાં 'ચાવો' રાજાનાં ગ્રંથાલયનો અધ્યક્ષ હતો,

ત્યા એણે વિદ્યાઅભ્યાસ કરી ૫૦૦૦ શબ્દનો 'તાવો ટેહકિંગ' નામે ગ્રંથ રચ્યો અને પોતાનું નામ 'લાવોતજી' રાખ્યું. ત્યાર પછી એ જેપાનમાં ગયો હતો. એનું મરણ ૮૬ વર્ષની વયે ૪૦ સ૰ પૂર્વે ૫૨૦ માં નિપજ્યું હતું. લાવોતજીએ સ્થાપેલો 'તાવો ધર્મ' વેદાંત ધર્મને મળતો છે. એણે 'તાવો' શબ્દનો પ્રયોગ 'બ્રહ્મ' શબ્દ પ્રમાણે નપુસકલીંગમાં કર્યો છે. તેણે જમીનની ઉત્પતિનું વર્ણન વેદાંત મુજબજ આપેલું છે.

એના જન્મ વિષે ચીનાઓમાં અનેક કથાઓ પ્રસિદ્ધ છે. એનો ગર્ભ એક નક્ષત્રથી રહ્યો અને તે ગર્ભ મૃત્યુ ભૂમિનાં અનેક કષ્ટનાં ભયથી માતાનાં ઉદરમાં ૮૧ વર્ષ સુધી રહ્યો અને જ્યારે તે જનમ્યો ત્યારે તેના માથા ઉપરના તથા મ્હોં ઉપરનાં બાલ સફેદ થએલા હતા, આથી તેને બુઢ્ઢોગ મરદ પણ કહે છે.

એ ધર્મના દેવતાઓમાં તાઓ તથા આનતસીંગ એઓ ઘણા મોહોટા છે, તેઓ શાંગતી અથવા ઈંડ્રહ હવાંનને બી માને છે. તે વિશે જણાવવામાં આવે છે કે તે મ્હોટો ખુદાછે. હવાતુવાંગ અથવા અગ્નિના ઇશ્વરનો મરતબો ઘણો મ્હોટો છે; અને તેની માનતા ઘણાઓ કરે છે. તેની વર્ષગાંઠના દિવસ ઉપર કોલસાની ભારે ચેહ સલગાવી તેમાં તાવોધર્મના ધર્મગુરૂઓ ઉઘાડે પગે ચાલી જઇ પોતાના ધર્મનું મહત્વ દર્શાવે છે.

તાવોધર્મી ઉપાધ્યાઓ સદા ગુપ્ત ભેદો પાછળ મંડેલા રહી અમરતના પાણીની ખોળમાં રહે છે. તેઓ તે પાણી જડીબુંટીઓની મેળવણીથી બનાવે છે. પણ તેથી મનુષ્ય દેહને હેરાનગતિ પોંહચે છે. તે પાણી પી કોઇ મરવા પડે છે ત્યારે ધર્મગુરૂઓ જણાવે છે કે હવે તે જીનોમાં દાખલ થઇ સદા જુવાની ભોગવશે.

તાવોય—લોઅર બરમામાં એ તેનાસરીમ પ્રાંતમાંનું મુખ્ય શેહેર તાવોય નદીનાં મુખથી ૩૦ મૈલ ઉપર છે. વસ્તી ૧૩૩૭૨ ની છે, તેમાં ૬૦૨૮ પુરૂષો અને ૭૬૪૪ સ્ત્રીઓ છે. વસ્તીમાં ૧૨૫૪૯ બુદ્ધિસ્ત, ૫૫૦ મોહમેદન અને ૧૫૯ હિંદુ તથા ૧૨૪ ક્રિસ્તી છે. આ શેહેરમાંના ઘણાખરા મકાનો લાકડાકામથી ઉભા કહેલાં છે. શેહેરમાં કોર્ટહોસ, કસ્ટમહોસ અને બીજા કચેરીઓ છે. અતરે ચોખા, ખાંડ ને ઇમારતી લાકડાનો મુખ્ય વેપાર ચાલે છે. પરદેશથી આવતો માલ–પરચુટણ સામાન, તંબાકુ, રૂ, લોહું, હાથીદાંત, રેશમ, ટરકીરેડ કલરનું કાપડ, તથા બાજી તરકારી મુખ્ય છે. આ શેહેરની સ્થાપના ૧૭૫૧ માં કરવામાં આવી હતી. ૧૭૫૨ માં અત્રે ઇસ્ટઇંડીયા કુંપનીએ પોતાની કોઠી સ્થાપન કરી હતી.

તાસગાંવ—સતારા જીલ્લાનો એક તાલુકો, ક્ષેત્રફળ ૩૪૧ ચોરસ મૈલ છે. વસ્તી ૧૮૭૨ માં ૮૭૯૭૫ ની ને ૧૮૮૧ માં ૭૯૭૦૪ ની હતી. તાલુકામાં ૨ શેહેર તથા ૪૭ ગામડાં છે. આ તાલુકાનો ઉત્તર અને પૂર્વ ભાગ ખડકવાલો ને વેરાન છે; પણ દક્ષિણ પશ્ચિમ ભાગમાંથી નદી પસાર થતી હોવાથી ખેતીવાડીથી ભરપૂર હોઇ ત્યાં આંબા તથા બાવળનાં ઝાડના વનો છે. મુખ્ય નદી કૃષ્ણા છે, કે જે પશ્ચિમ સરહદ ઉપરથી પસાર થાય છે. મુખ્ય પાક ચણા, તેલી બીયાં, કપાસ વગેરેનો ભારે થાય છે.

તાસકંદ—રશિયન તૂર્કસ્તાનનુ આ પાયતખત સમરકંદની ઉત્તર પૂર્વે ૩૦૦ મૈલ ઉપર છે. હજી અત્રેનું પુરાતમ કોટવાલું શેહેર કાયમ છે, ને દક્ષિણ ભાગમાં નવું યૂરોપિયન શેહેર વસાયલું છે. અત્રે રેલ્વે, ટેલીગ્રાફ, વગેરે ખાતાં છે. તેમજ રેશમ, ચામડાં, ટોપી, ને કુંભારકામના કારખાના છે. વસ્તી ૧૦૦૦૦૦ ની છે. આગળ એ 'ખનાત'નું પાયતખત હતું. ૧૮૧૦ માં અત્રે ખોકંદની રાજ્યસત્તા હતી, પણ ૧૮૬૧ થી અત્રે રશિઅન સરકારની સત્તા ચાલે છે.

તાસમેનિયા—આ ટાપુનું ક્ષેત્રફળ ૨૬૨૧૫ ચોરસ મૈલ છે. ટાપુ સપાટ અને ઉંચા

ટેકાદર્યાવાલો છતાં ફળદ્રુપ છે, ને તેમાં ૫૦ પર્વતો ૨૫૦૦ ફીટની ઉંચાઈના હોઈ સર્વેમાં ઉંચો કાઈલી પર્વત ૫૦૬૯ ફીટ ઉંચો છે.

તાસમાનિયાનો સરોવર (સમુદ્ર સપાટીથી ૦૦૦ ફીટ ઉપર છે અને ૬૦ મૈલ લાંબો છે.) કાંઠે આસ્ટ્રેલિયનો માટેનાં આરોગ્ય ભવનો છે. સરોવર ઘેરાવામાં ૯૦ મૈલ છે, તે શિવાય બીજી નદીઓ વહે છે, જેમાં સફરી વહાણો ફરી શકે છે. હોબર્ટ એનું જાણીતું બંદર શેહેર છે. પશ્ચિમ અને દક્ષિણ ભાગમાં ગ્રેનાઇટ, સ્લેટ, ચૂનખડી વગેરે ખનીજ મળે છે. અતરે ઉગતા ગોકસ પ્રકારના ઝાડ ૨૮૦ ફીટ ઉંચા વધે છે. અતરે ૧૮૭ જાતનાં પક્ષી પુશકળ જણાય છે. અત્રેના સાંપો ઝાઝાં ઝેરી હોતાં નથી. અત્રે ૨૧૩ જાતની માછલીઓ જણાઇ છે તેમાં ½ ભાગ ખાવામાં લેવાય છે. આ દેશમાં ઠંડી ૧૫ અંશ પડે છે, વર્સાદ ૨૩ ઈંચ સરાસરી પડે છે.

તાસમેનિયાની પેહેલી શોધ ઈ૰ સ૰ ૧૬૪૨ માં 'તાસમને' કરી (જન્મ ૧૬૦૨ –મરણ ૧૬૫૯) હતી. ૧૭૯૩ માં અત્રે ડૉ૰ બૉાસ અને ફ્લેંડર્સીઓએ આવી વસાહત કરી હતી. પણ ઈંગલીશ અને ફ્રેન્ચોએ ૧૭૭૨ થી ૧૮૦૨ સુધીમાં અત્રે સફરો કરી હતી, પણ પેહેલ વેહેલું થાણું ૧૮૦૩ માં ન્યૂસૌથ વેલ્સનાં ગવરનર કીંગનાં હોકમથી લેફ્ટનન્ટે મથક કર્યું હતું. અત્રે લાંબા કાળ સુધી ખેતીવાડી તથા વહાણો બાંધવાનો ઉધોગ ચાલુ હતો. અત્રે સોનું, ચાંદી, ટીન, ત્રાંબુ, કોલસો વગેરે મળે છે. ૧૮૫૭ પછી અત્રેથી સોનું, ચાંદી, અને કલ્પક પુશકળ મળવા માંડ્યું હતું. ૧૮૮૨ થી અત્રેથી કોલસાનો નિકાશ વેપાર ચાલુ થયો છે. ૧૮૯૨ માં નિકાશ માલ ૧૪,૬૭,૦૦૦ પૌંડનો (જેમાં લાકડું, ઉન, ફુટ, જામ, ધાન્ય, ચામડાં, છાલ વગેરે હતું) મોકલવામાં આવ્યો હતો, અને આયાત માલ ૧૩,૪૭,૦૦૦ પૌંડનો આયો હતો. આજ વર્ષમાં દેશની ઉત્પત્તિ ૭,૮૭૭૬૦ પૌંડ ને ખર્ચ ૬,૧૬,૮૦૦ પૌંડનો હતો. ૧૮૫૫ થી આ દેશ આસ્ટ્રેલીયાને તાબે ગણાયો છે. ૧૮૮૧ માં વસ્તી ૧૧૫૭૦૫ ને ૧૮૯૧ માં ૧૫૯૬૭ ની હતી. ૧૮૯૭ માં લાં ૪૭૫ મૈલ રેલ્વે લાઇન હતી અને ૨૨૩૦ મૈલ ટેલિગ્રાફ લાઇન હતી.

તા-રોંગ-ડોંગ—તાસોંગ માસમાં પાળવામાં આવતો આ ફ્રાનસોને ચીનાઇ તેહેવાર. આ તેહેવાર નવેંબર માસમાં આવે છે, અને તે વેળા ઘેર તથા વહાણો ઉપર ફ્રાનસો સળગાવેલા લટકાવવામાં આવે છે.

તાળવું—'આ મનુષ્યનું અવયવ ગુંબજ-રોકું હોઇ તે અંતરગોળ હોય છે. તાળવામાં બે હાડકાં હોય છે. ઉપલા જડબામાંથી તાળવાનાં ફાંટા નિકળે છે, જેની પાછળ તાળવાનાં હાડકાં સંધાય છે. કઠણ તાળવામાં આ હાડકાં તથા જડબાનાં ફાંટા આવે છે. તાળવાની પાછળનો ભાગ પોચો હોય છે, પોચું તાળવું હાલે છે, અને તે સ્નાયુ યોગે થોડું નીચે ઉતરે છે, અથવા ઉપર ચઢે છે. પોચા તાળવાના પાછલા કિનારાપર મધ્યમાં ૧ અણીદાર ½ સુમારે ઈંચ લાંબો છેડો લટકે છે, તેને 'પડજીભ' કહે છે. પોચા તાળવાની બને બાજુએ બે કમાન ઉતરે છે. આ બેઉ કમાન મોઢાને તળીએ છુટી પડી વચમાં માર્ગ રહે છે તે જગાને 'ટોનસીલ' રહે છે. ઉપર તાળવામાં તે બન્ને કમાન મળી એકત્ર થાય છે. તાળવાની બેઉ બાજુની કમાનની મધ્યનો જે માર્ગ તેને ગળાની બારી (ફ્રાસીસ) કહે છે. બારીની આગળ મ્હોડાની ગલી છે, અને તેની પાછળ અંદરના ગલાની ગલી છે.

તાળાં-ચાવી—તાળાંચાવીનો હુન્નર ઉધોગ આજના જમાનામાં એક અગત્યની જગા રોકે છે. હાલમાં મુખ્ય કરી તાળાંચાવી સ્ટીલ, પિત્તળ અને બીજી ધાતુનાં બનાવવામાં આવે છે; પણ ૪૦૦૦ વર્ષ ઉપર લાકડાના તાળાં બનાવતા હતા. આગલા યાહુદી લોકો-

ના ધર્મ પુસ્તકોમાં ઇસારા કરેલા છે કે, ઈ. સ. પૂર્વે ૧૬૪૩ માં તેઓ તાળાં કુંચી વાપરતા હતા.

હાલના વખતના બરના તાળાં ઈ. સ. ૧૫૪૦ માં 'બેચર' નામે શખ્સે બનાવ્યાં હતા. આ ચીજોના હુન્નરમાં ફ્રેન્ચ હુન્નર-મંદો ઘણુજ ઉતરતા અને ઇંગ્રેજો ચઢીયાતા ગણાય છે.

'પ્રાચીનકાળની ઇજીપશિયન તેમજ અઢારમી સદીની અધવચ વેર બનાવેલી' કળો કુંચી વગરની બનાવેલી માલમ પડે છે. તે સઘળામાં એક સરખી રીતે એક ખીલો જેવો રાખવામાં આવતો હતો, જે સ્પ્રીંગ, ચાંપ વગેરેની ગરજ સારી કળને બંધ કરતો હતો. રોમન લોકોની કળો જોકે ઇજીપશિયન કળોને ઘણી ખરી મળતી આવે છે, પણ તેમાં કુંચી સેરવવાની કરામત રાખવામાં આવતી હતી, અને તે હાથે કરીને વધારે ગુચવણ ભરેલી રાખવામાં આવતી હતી. પણ તાળાં બનાવવાની પેહેલ એગણીસમી સદીમાં થયલી માલમ પડે છે. તેની બનાવટ જેમ હાલમાં હિંદુસ્તાન, ચીન કે જેપાનનાં તાળામાં જોવામાં આવે છે તેવી ઘણીખરી હતી. વેલાતી ચાવીઓ જે પેહેલવેહેલી બનાવવામાં આવી હતી તેઓના ઘાટ ખ્રિસ્તી ધર્મના પાદરીઓ પોતાના ધર્મને લગતા ક્રોસ જેવી નિશાનીઓ વાપરે છે, તેવી હતી. આ કુંચીઓમાં કેટલીક કાંસાની પણ બનાવેલી હતી, જે હજી સુધી કેટલેક ઠેકાણે જળવાઇ રહેલી છે. પેહેલા ફ્રાન્સીસ રાજાના વખતમાં ચાવીના આકાર ઘણી જાતનાં પણ સુંદર દેખાવના બાહેર પડતા હતા. આ કુંચીઓ ઘણી ખરી અખંડ લોખંડના કકડાંમાંથી કોતરીને બનાવવામાં આવતી હતી, જેની ઢપ અવષ્ય રીને "ગોથિક' રીવાજને મળતી આવતી હતી, અને તેઓ તેની ઉપર જે બારીક નક્ષીકામ કરતા હતા તે તારીફ લાયક હતી. જે જે કામ ને તાળા તેઓ બાહેર પાડતા હતા તેમાં અંદરની બાજુ-

એથી અર્ધગોળ બાહેર નિકળી આવેલા ભાગ રાખવામાં આવતા હતા. જેની આસપાસ અને અંદર કુંચીઓ ખોસતી વખતે ફેરવવી પડતી હતી.

'આ બાહેર નિકળી આવેલા ભાગને એક છુટા કેસમાં રાખવામાં આવતા હતા, જેમાં બેાટી કુંચીઓ જઇ કે ફરી શકતી ન હતી, પણ તેનીજ બેખલી ચાવી તે તાળાં કે કળને ઉઘાડતી હતી. જર્મન ચાવીઓ એટલી બધી ધ્યાન બેંચનારી નહોતી, પણ તેની અંદરનું 'મેકેનિઝમ' યાને કરામત વિશેષ ધ્યાન બેંચતું હતું. ઠેસીના અંદરના છેડાને ફાટખુણે જે લાંબી સ્પ્રિંગ આપી હતી તેથી કળવાળી પ્લેટ પોહોળી બનાવવી પડતી હતી.

'નવા સુધરેલા તાળાં ચાવીની બનાવટમાં કાંઇ એકદમ સુધારો કરવામાં આવ્યો નહોતો, પણ બ્રહ્મનાની કુંચીઓ તેના સણગારમાં થોડોક ફેરફાર થવાને પામી હતી; અને તેની વાંક આગળ કોઈની ઉપર અમીર ઉમરાવનાં તાજ અને મુગટની નિશાની પાડવામાં આવતી હતી, તો કોઇની ઉપર નાહની નાહની માછલીઓ કોતરવામાં આવતી તથા બીજો સણગાર કરવામાં આવતો હતો.'

'૧૭ મી સદીની શરૂઆતમાં નામ ગોહવીને ઉઘાડવાનાં તાળાં પેહેલ વેહેલાં બનાવવામાં આવ્યાં હતા, પણ તે જોઇએ તેવી સારી હાલતમાં ન બનેલાં હોવાથી, એક ફ્રેન્ચ ઇજનેરે લગભગ ૧૬૦ વર્ષ ઉપર સેહેજ સુધારો કર્યો હતો.'

૧૬૨૮ ના સાલમાં પેરીસ બાતેના મો૰ જોઝે તાળાં ચાવીના હુન્નરને લગતો એક નિબંધ લખી પેહેલ વેહેલો બાહેર પાડ્યો હતો. આ વર્ષ આગમજ કોઇથી લખાણ આ હુન્નર માટે બાહેર પડ્યું હોય એમ નોંધાયું નથી. મો૰ રેગનીયર નામના ફ્રેન્ચ ઇજનેરે નામવાળાં તાળામાં જે સુધારો ૧૮ મી સદીની આખેરીમાં કાઢ્યો હતો, તે થોડાંક 'ડ્રેાઈંગો' જાત જાતનાં વિચિત્ર તાળાં-

ઓ બનાવવાને માટે પોતાની પાછળ મુકી ગયો હતો, જે તાળાં ઘણાખરાં સઘળાં ચાવી વિનાનાં હતાં. આ ડ્રૉઇંગ ઉપરથી માલમ પડયું છેકે તેમને ઉઘાડવાને માટે, તેમાં રાખેલી નાહની તખ્તી વિગેરેને ચોકસ નિશાની આગળજ ફેરવવી પડતી હતી.

એજ વખતે આસરે ૧૭૭૪ માં ઇંગલંડના બેરન નામના ગ્રહસ્થે 'ટમ્બલર'ની કરામત વાળાં તાળાંમાં થોડોક સુધારો કરવાને યોજના રચી, જે તાળાં પેહેલ વેહેલાં ૧૪ મી સદીની શરૂઆતમાં બનાવવામાં આવ્યાં હતાં. આ સુધારો એ હતો કે તેમાં એક સ્પ્રિંગની ચાંપ આપેલી હતી, તે કળની અંદરના ખીલા સાથે મળી જતી, અને તેમાં કુંચીઓ ફેરવ્યાથી તે પોતાની જગ્યાએથી ખસી જતી હતી, જે પછી કુંચી ખુદ બોલ્ટની સાથે મલતી હતી. બેરને આ ખીલીઓ છેડે થોડાંક ખાંચા પાડી તે ખાંચામાં પ્રીટ થતી થોડીક પીનો આપી હતી. આ તેની યોજના અને વિચારથી આજની આપણા 'લિવર'ની કળો હસ્તીમાં આવી હતી. આ યોજનાને આધારે ૧૭૮૪ માં બ્રાહમાએ એ જાતનાં તાળાંમાં ઘણોક સુધારો વધારો કરી મુકયો. તેણે જણાવ્યું કે "જે' સ્લાઇડરસો' યાને ફરતી પતરીઓ હાલચાલ થાય છે, અને જેની ઉપર કળ ચાવીનો મોટો આધાર રહે છે, તે બાહેરથી ખુલ્લી દેખાય એવી બનાવવી જોઇએ. તેને માટે તેણે પોતે નવા નવા પ્લાનો ઘડવા માંડયા, અને તે પોતે જણાવે છે કે તાળાં બનાવવાને માટે તેણે જેટલો વખત લીધો હતો, તેથી અતિઘણો વખત તેના "ડીઝાઇન" પછવાડેજ નિકળી ગયો હતો.

ઇ. સ. ૧૮૧૮ માં હાલના 'ચબ્બના એક વડવાએ હાલના "ડીટેકટર" તાળાં બનાવ્યાં હતાં, તે વખતથી તેમાં અનેક ફેરફાર અને સુધારા કરવામાં આવ્યા હતા, અને તેના ઉપર ઘણાક ચુથણાં અવાર નવાર પાડવામાં આવ્યા હતા, પણ તે સઘળાની સાથે હજી સુધી ઘણુંજ મજબુતપણે ટકી રેહવાને માટે છેલ્લે નસિબવાન થયું હતું; એટલુંજ નહિ પણ દિન ઉગે તેનો બોહોલો ખપ જણાતો જાય છે. હાલના સુધરેલા હુન્નરે શોધાઈતી અને બેટ આપવા લાયકની ચાવીઓમાં બોહોળો ફેરફાર કરી મુકયો છે. એવાં કામને માટેની કુંચીઓ શોભાની બનાવવામાં આવે છે, તેથી તે કાંઇ નકામી પડતી નથી. તે કોઇ બી રીતે પ્રદર્શણ કે નવી ઇમારતો અને જાહેર જગ્યા ખુલ્લી મેળવાની ક્રિયા કરતી વખતે ત્યાંનાં ખાસ બારણાને મારેલા તાળાંને ઉઘાડવાને માટે કામે લાગે છે, અને પાછળથી તે ખુલ્લું મુકનાર તેની એક યાદગારી દાખલ પોતાની પાસ જળવી રાખે છે.

એક હુન્નરને જો બરાબર ખીલવવો હોય તો તેનામાં દિનપરદિ નવો સુધારો વધારો કરવો જોઇએ, તે પ્રમાણે યૂરપના હુન્નરમંદોએ તેમાં મ્હોટો વધારો સુધારો કરી ભારે ફેરફાર કરી મેળયો છે. તેમાં વિજળિક અને ન્યુમેટિક તાળાં અને કળો ઘણી જાણીતી થઇ છે. અમેરિકન તાળાંમુખ્ય કરીને શરાફી ખાતાંની તીજોરી માટેનાં તાળાં-જે આ રૂઢી પ્રમાણે બનાવવામાં આવે છે, તે ઘણુંખરાં સઘળાં નવા અને ઓરીજીનલ છે. તેઓમાંના ઘણાખરાં અગાઉ વપરાતા ચાવીવાળાં તાળાંને બદલે વગર કુંચીનાં મોટે ભાગે કામે લાગે છે, અને વારંવાર બીજી અચુક કરામતોનો તેમાં સમાવેશ કરવામાં આવે છે, તે એટલાજ માટે કે તે વધારે ને વધારે સલામતી ભર્યા થઈ પડે. વખત દેખાડનારા તાળાં જે 'ક્રોનોમિટરલૉક' ને નામે જાણીતાં થએલાં છે, તેમાં ત્રણ જાતની ગતિઓ આપવામાં આવે છે, રાત્રે બંધ કરીને બીજે દિને કેટલે કલાકે તેને પાછું ઉઘાડવું પડશે, એવી રીતથી તેને માંડયા પછી કુંચી દઈ બંધ કરવામાં આવે છે. આથી એમ બને છે કે રાતની વખતે હરામખોરો તેની સાથે

અનપચારી કરવાને શક્તિવાન થાય નહિ. તે તાળાં એટલાં બધા સલામતી ભરેલાં ગણવામાં આવે છે કે બીજા બંદુક નવાં બનાવેલાં તાળાં તેની આગળ રદ્દી તરીકે ગણવામાં આવ્યાં હતાં. કારણ કે આ 'ક્રોનોમીટર લૉક' ઉપર પુરતો ભરસે રાખવામાં આવતો હતો. એવી વખતે તીજોરી વગેરેને રાખવામાં આવતો હાથો પણ વાપરવાનો બંધ પડી ગયો, અને તેમાં રાખેલી ચાંપો છોડવાને માટે માત્ર મજબુત સ્પ્રિંગચીજ કામ લેવામાં આવતું હતું. વળી આ 'સ્પ્રિંગો' 'ક્રોનોમિટર'ની ઉપર મોટો આધાર રાખતી હતી. જેથી બનતું એમ કે તીજોરી વિગેરેનું બારણું એક અખંડ અને નક્કર ચીજની માફક ટકી શકી કોઈનેબી તેની ઉપર ફાવવા દેતું હતું નહિ.

રોકડ નાણું અને નગદીનાં લાદા રાખવાનાં બોંયરા અને ઓરડા બનાવવાને માટે એક એવી જાતની ધાતુ વાપરવી જોઇએ કે જેમાં લુટારાઓ અને ચોરો નાકાં પાડી નહિ શકે, તેમજ ભાંજવાને માટે તેની ઉપર કટકા મારવામાં આવે તો તેની ઉપર ઘા પડી તે ભાંગી પણ જાય નહિ. હવે એવી જાતની ધાતુ બનાવવાને માટે ઘણા ઘણાઓએ કોકાં માર્યા પણ તેમા માત્ર શેફીલ્ડ ખાતેની કેમેલ્સવાલી નામીચી પેઢી ફાવી હતી. લડાઇમાં કામે લાગે એવી બખતરનાં જેવી મજબુત અને ચીવટ પ્લેટો તેઓએ બનાવી હતી, તોપણ તે તેનાં જેટલી જાડી ન હતી. આ નવી બનાવેલી ધાતુ ઉપયોગમાં લેવાને માટે કેટલેક ઠેકા બાંધકામો કરવામાં આવ્યાં છે; તોપણ તે અગાઉ, દરેક કકડાને પુખ્ત રીતે તપાસી બારીક બારીક અવલોકન કરી પછી તે પસાર કરવામાં આવે છે. હવે એ રીતે બનાવેલા બારણાંને બંધ કરવાને માટે તેને જોઇતાં બંધ બેસતા અને એટલાજ સલામતી ભરેલા 'બોલ્ટ' બનાવવાનું કામ હાલ ઠીક રીતે ધ્યાનમાં લેવાય છે, અને ઇંગલંડ તથા

અમેરિકાનાં જૂદા જૂદા શોધકો તેની પાછળ લાગ્યા છે.

તિસ્તા—આ નદીને બુનદેહેલખંડમાં કરાત (યુદ્ધતીસ) સાથે મળી બોજીસ્તાનને માર્ગે સમુદ્રને મળતી જણાવી છે. દાર્જીલીંગ, રંગીત, હાલેં, યુસ્તી એને તાઇથીસ નદી તરીકે જણાવે છે.

તિપાની—આ વનસ્પતિનાં નાહના વેલા અથવા ભોયભગના બેતર ઉપર ઘણાં થાય છે. એના પાંદડા ઝીણા હોય તે આકારે ભોંયભગના પાલા જેવાં હોય છે. આ વેલાને ત્રિદલ પાનાં કહે છે. આ ઔષધ ઉપયોગી વનસ્પતિ છે.

તિબેટ—'આર્યવિદ્યા સુધારક' ગ્રંથમાં જણાવ્યા મુજબ એનું પ્રાચીન મૂળનામ 'ત્રિવિષ્ટપ' (ભોમસ્વર્ગ) હતું, જેનું તિબેટ હાલમાં અપભ્રંશ થએલો બોલ છે.

ઉપલા મત ઉપરાંત આ દેશનું નામ 'ટીબ' નામે પર્વત ઉપરથી પડેલું પણ જણાવવામાં આવે છે. તે ઉપરાંત આ દેશ -તુફાન, તૂબેત અને તૂફેા અથવા તોમાતને નામે પણ ઓળખાય છે. ચીનાઓ આ દેશને 'સીતસાંગ' એટલે પશ્ચિમ તરફનો તસાંગ કહે છે, અને મોંગોલ પ્રજા એને 'બારાનતોલા' એટલે જમણા હાથ તરફનો મુલક કહે છે. હિંદુસ્તાન તરફ અને હિમના પર્વતો પાસે જે આ દેશનો ભાગ આવેલો છે. તેને 'બોતે' અને ત્યાંની પ્રજાને 'બોતિઆ' કહે છે.

ચીનાઇ વર્ણન મુજબ તિબેટનાં હાલમાં બે ભાગ હોઇ તેમને-તસીઈન તસીઆંગ અને હાઉતસીઆંગ એટલે આગલું અને પાછલું તિબેટ અથવા બાહેલુ અને બાહેરનું તિબેટ કહે છે.

તિબેટની સીમાઃ—પૂર્વે સિફાત, કોકોનોર અને તુર્કસ્તાન; ઉત્તરે ખલી અને મ્હોટું બખારીઆ; દક્ષિણે નેપાલ, સિકીમ અને ભૂતાન તથા પશ્ચિમે કાશ્મિર અને બોખારા છે. એનું કુલે ક્ષેત્રફળ ૭૦૦૦૦૦ ચોરસ

મૈલ છે. તેમાં લોક વસ્તી ૬૪,૩૦,૦૦૦ ની છે. આ દેશ અતિ પહાડી હોઈ તેનો ઉંચામાં ઉંચો ભાગ સમુદ્ર સપાટીથી ૧૦૦૦૦ થી ૧૭૦૦૦ ફીટની ઉંચાઈ ઉપર છે.

આ દેશમાં વસંતઋતુ માર્ચથી મે; જેમાં ગર્મી પડે છે, અને ગાજવીજ થઇ વરસાદ વરસે છે. જુનથી સપટેમ્બર મહિના સુધી વરસાદ ઘણો વરસે છે, ને અકટોબરથી માર્ચ સુધી સખત થંડી પડે છે. દક્ષિણ તરફ એવી તો સખત ગર્મી પડે છે કે ત્યાંની પ્રજાને ગુફામાં આશરો લેવો પડે છે.

આ દેશનો મુખ્ય ઉંચો પ્રદેશ પશ્ચિમથી ઉત્તરે હોઈ દક્ષિણથી પૂર્વ તરફનો ભાગ ઉતરાણવાલો છે. આ દેશની આસપાસ પુશકળ પર્વતો ફરીવળેલાં હોવાથી હજી આ દેશ વિષે ભૂગોલવેત્તાઓએ પૂર્ણ ખબર મેળવી નથી. આ દેશ અનેક નાહના મ્હોટા ભાગોમાં વેંહેંચાયલો છે. એનો સપાટ ઉંચો ભાગ સમુદ્ર સપાટીથી ૧૪૦૦ ફીટ ઉપર હોઇ ત્યાં મે માસમાં થરમામિટરનો પારો ૭ ફેરન અંસથી શૂન્ય સુધી હોય છે. ધંડસ અને સનપોના ખીણવાલા ભાગમાં માત્ર સખત ગર્મી પડે છે. ઉત્તર અને પશ્ચિમ સપાટ ભાગમાં ઝાડ ઝાડી બીલકુલ નથી, ત્યાં થોડા ગધેડાં, બકરા અને કસ્તૂરિયા મૃગ પુશકળ જણાય છે. દક્ષિણ ભાગમાંથી ઢોરોને ઘાસ ચારો તથા મનુષ્યોને ધાન્ય મળે છે ધંડસ તથા સાનપોવાલા ભાગમાં ખેતીવાડી ઓહાળા પ્રમાણમાં ફેલાયલી છે. અત્રે ખનીજ ઉત્પતિ–સોનું, ચાંદી, લોહું, તાંબુ, જસત, પારો, કોબાલ્ટ, બોરેકસ, ગંધક વગેરે પુશકળ મળે છે.

'વૈ' અથવા આગલું તિબેટ જેને યૂરોપીયનો લાસા કહે છે તે ચીનની સરહદ પાસે પશ્ચિમ ભણી હોઇ તેનું રાજધાની શેહેર લાસા છે. જ્યાં દલાઇલામા વસે છે. આ સંસ્થાનમાં ૮ જીલ્લાછે– લાસા, લાસાની પૂર્વે ચામદો, ચોબાન્દો, પોદજ્નેઉડા, હલારી અને કોબાંગતા છે; પશ્ચિમે ચાથી અને કયાંગમીન છે. તેમાં વળી "વલીતૂસજી" નામે ૩૯ ગામો છે, કે જેઓ ઉત્તર તરફ છે. તસાંગઅથવા પાછલા તિબેટમાં ૬ જીલ્લાઓ છે તેનાં મુખ્ય ગામો દીગચે, ફ્રેંધીઆ, નઈલામ, દસીલોગ, દસૈંગાર અને નગારી છે.

તિબેટની પ્રજા ઉત્તમ ખેડુત તથા લુહાર ગણાય છે. તેમનો મુખ્ય ઉદ્યોગ ઉનનુ કાપડ વણવાનો છે. અત્રેની પ્રજા ઉન તથા જકરાંનો વેપાર પરદેશો સાથે બોહોળો ચલાવે છે. આગળ હિંદુસ્તાનની સાથે તિબેટને સીધો વેપાર વેંહવાર બોહળા પ્રમાણમાં હતો, પણ જ્યારથી ચીનાઇ રાજ્યમાં તિબેટ ગણાયું ત્યારથી વેપાર પડી ભાગો છે.

તિબેટીયન પ્રજા મુખ્ય કરી મોંગોલીયનોને મળતી છે. થોડાક મોંગોલ અને તૂર્ક ટોળા એના ઉત્તર ભાગમાં વસે છે. આ દેશમાં બે પાંચ સગા ભાઈઓ વચ્ચે એકજ બાયડી પરણવાનો રેવાજ જમાના થયા ચાલુ છે. અત્રે બોન અને લામાઓના એમ બે ધર્મનો ફેલાવો થએલો છે. તેમાં લામાનો ધર્મ બુદ્ધિસ્ત હોઇ તે હિંદુસ્તાનથી ત્યાં ફેલાયો હતો. ૧૭૨૦ થી તિબેટ ચીનમાં ગણાય છે. તિબેટમાં ફોજદારી તથા ધાર્મિક કારોબાર ધર્મગુરૂઓને હસ્તક છે. લાસામાં 'દલાયલામા'નું મુખ્ય મથક હોઇ તેની સત્તા સર્વોપરી ગણાય છે. આ લામા ૪ પ્રધાનોની મદદથી રાજ્ય કારોબાર ચલાવે છે. તિબેટિયન સાહિત્ય મુખ્ય કરી સંસ્કૃત સાહિત્યમાંથી કરેલા ભાષાંતરનું છે.

ઇ. સ. ૬૩૯ માં 'સણગ્યૉંગ–તસાન–સમ્બ –પોનોમના' નામે રાજાએ પ્રથમ હિંદુસ્તાનથી પ્રસાર પામેલા બુદ્ધિસ્ત ધર્મને પોતાનાં રાજ્યમાં ફેલાવી લાસાને પાયતખત બનાવ્યું હતું. ૧૭૨૦ માં ચીનાઇ સરકારે આ દેશ પર પૂર્ણ સત્તા સ્થાપન કર્યા પછી, ૧૮૪૦ માં લધાકા ઉપર કેશ્મિરનાં રાજાની સત્તા હતી, પણ હાલમાં તેની ઉપર બ્રિટીશોની સત્તા ચાલે છે. ૧૮૫૦ થી સકિમનું રાજ્ય કે જે તિબેટની સરહદ ઉપર છે, તે બ્રિટીશનું ખંડીયું બન્યું છે.

આ દેશમાં એક સ્ત્રીનાં અનેક ભર્થાર થતા હોવાથી સંતાનની વૃદ્ધિ ઘણી થોડી થતી હોવાથી વસ્તી દિનપર દિન ઘટે છે. તિબેટિયન વર્ષ ૧૨ માસનું હોઇ નવું વર્ષ ડુચ્ચા સંક્રાંતીથી શરૂ થાય છે. એઓ તારણ પામેલાના શબને ઉજ્જડ પર્વત ઉપર લઇ જઇ મેલી આવે છે, જ્યાં કોહલાં કુત્રા તેનો ભક્ષ કરે છે. કેટલાકો તો શબના કટકા કરી તેને ખુલ્લી જગામાં નાખી આવે છે. આથી કોલ્હાં કુત્રાને તેમનો ભક્ષ કરવામાં સેંહેલાઇ મળે છે.

તિબેટીયન ભાષાનાં સંખ્યા બંધ પેટા ભેદ છે જે નીચે મુજબ છેઃ—૧ કાચારી અથવા ભોડો, ૨ મંચ, ૩ હોજાઇ, ૪ ગારો ૫ પાણીકોચ, ૬ દેવગરીકુટા, ૭ તિપૂર, અથવા ભંગ, ૮ તિબેટિ અથવા ભૂનિયા, ૯ સર્ષ, ૧૦ લ્હોપ અથવા ભુતાની, ૧૧ ચ્છાંગલો, ૧૨ ટપાંગ, ૧૩ ગુરૂંગ, ૧૩ ગુર્મી, ૧૪ થાકસ્ય, ૧૫ નેવાર, ૧૬ પહાડી, ૧૭ આગર, ૧૮ લેપચા. ૧૯ ડપલા, ૨૦ મિરી, ૨૧ અબર, ૨૨ ભો–ભૂતિયા, ૨૩ અબ્કટ, ૨૪ મિસ્મી, ૨૫ ચુલિકટ, ૨૬ તેથિંગ અથવા ડેગરૂ, ૨૭ મિઝુ, ૨૮ ઢીમલ, ૨૯ કનાવરી, ૩૦ મીલ્છન, ૩૧ નિબરસ્કંદ, ૩૩ સુનવુ, ૩૩ કિરન્તી, ૩૪ લિંબુ, ૩૫ સુણવાર, ૩૬ ખામૂ, ૩૭ ચેપંગ, ૩૮ વાયુ. ૩૯ કુલુન્દ, ૪૦ નાગ, ૪૧ તામસંગ ૪૨ બાણુપાડ, ૪૩ મિથન, ૪૪ તબલુંગ, ૪૫ મુળુંગ, ૪૬ રવારી, ૪૭ નોગાવ, ૪૮ તેંગમ, ૪૯ લ્હોટા, ૫૦ અંગામી, ૫૧ રેંગમ, ૫૨ અરૂંગ, ૫૩ કુચ્છા, ૫૪ લિયંગ, ૫૫ મરામ, ૫૬ મિકારી, ૫૭ સીંગફો, ૫૮ જીલી, ૫૯ બલ્લો, ૬૧ કુકી, ૬૨ લુશાઇ, ૬૩ હલ્લમી, ૬૪ મણીપુરી, ૬૫ મરીંગ, ૬૬ ઓઇજુ, ૬૭ કુપુઈ, ૬૮ તંગખૂળ, ૬૯ લુહૂપા, ૭૦ ખુગુઇ, ૭૧ કડંગ, ૭૨ ચંકુગ, ૭૩ કુમોમે, ૭૪ તકૈમી. ૭૫ અન્દ્રો, ૭૬ ચ્છેરેલ, ૭૭ અનલ, ૭૮ કુમો, ૭૯ કરી, ૮૦ મ્ર, ૮૧ બજેમી, ૮૨ પંકહો, ૮૨ શેણ્ડુ, ૮૪ સક, ૮૫ કયાઉ, ૮૬ કારેન, ૮૭ બધાઇ, ૮૮ રકતકારેન, ૮૯ ખ્યો. ૯૦ તરૂ, ૯૧ મોપખા, ૯૨ કાય, ૯૩ તાંગચૂ, ૯૪ લિસાવ, ૯૫ ગ્યારૂંગ, ૯૬ તકપા, ૯૭ મન્યા, ૯૮ થોપૂ, વગેરે ૧૧૩ ભાષા જૂદા જૂદા ભાગમાં બોલાય છે.

મી૦ લોડરના જણાવવા મુજબ–"તિબેટીયન સ્ત્રીઓ ખુબસૂરત, ઘટમદાર યા દેખાવળી નથી. આ સ્ત્રીઓ પુરતું છુટાપણું ધરાવતી હોઇ પુરૂષોપર તેઓ ગોયા સરદારી ભોગવે છે. તિબેટની વસ્તીમાં ૧૫ થી ૨૦ મરદે એક સ્ત્રીની રાસ આવે છે. તેણીઓ મરદો ઉપર રાજ ચલાવે છે પણ લામાઓથી તો ડરીનેજ ચાલે છે. આ સ્ત્રીઓ બહુ પ્રૂવડ હોઇ અંગોળ કરવાનું યા દિલ સાફ કરવાનું કદી જાણતીજ નથી. થડીમાં મ્હોડાની ચામડી ફાટતી અટકાવવા માટે [illegible] નાક ગાલ તથા કપાળ ઉપર કાંઇ કાળેટ મલમ હંમેશાં ચોપડે છે. તેઓ પોતાનાં વસ્ત્રો તદન મેલા અખતર થાય ત્યાં સુધી કદી બદલતા નથી. મરદો કરતાં તેણીઓ વધારે હિમ્મતવાન હોઇ ભારી પણ ટુંકી ગરદન ધરાવે છે. આ સ્ત્રીઓને માથાં ઉપર મોટાં વજનનો બોજો લઇ ચાલવાની ટેવ હોય છે. તેણીઓ ગ્રાહકમાં જાડું પાટલુન તથા મરદની માફક લાંબા મોટાં બુટ અને ગરદનથી તે પગ સુધી લાંબો, પિળો યા બલુ જાડો ડગલો પહેરે છે. માથાનાં બાલની વચમાંથી તેઓ સેંટો પાડે છે, પણ બાલની ઉપર માખણના લોચાનું પડ કરી રાખે છે. પછવાડેથી ચોટલાને બાર ભાગમાં વેંહેંચી નાખે છે, જે દરેકની જૂદી ચોટલીઓ વણે છે. અને બારે છેડાઓની સાથે ત્રણ પટાવાલી લાલ બલુ કપડાંની પોહોળી લાંબી તખતી બાંધી લે છે; આ તખતી છેક પગની એડી સુધી પુગે છે, જેની ઉપર અનેક તહોં પરવાળાનાં દાણાથા ભરી લે છે; તથા ઝીણી ઘુંઘરીઓ પણ તે સાથે બાંધે છે.

તિબેટના સંસારી ધોરણ મુજબ એક મરદ અનેક સ્ત્રીઓ પરણી શકે છે અને

તેજ મુજબ સ્ત્રીને અનેક ભર્તારો કરવાનો હક્ક છે. તિબેટીયન જવાન અમુક કન્યા ઉપર મોહી પડયો, અને તેણીની સોહબતમાં ફરતાં બન્ને વચ્ચે પ્રિતિનો સ્નહે બાઝયો કે તે તુરત પોતાના દેશના કાયદા મુજબ પોતાનાં માતપિતાની સાથે કન્યાના તંબુમાં જાય છે, પણ તે આગમજ કન્યાના બેશીઓને ચેતવણી આપે છે કે તે તેમની મુલાકાતે આવશે. તેથી તેઓ તેને આવકાર દેવા સારૂ તંબુમાં જમીન પર બરતુસ બીછાવી બેઠેલાં નજરે પડે છે. ત્યાં સલામ અકરામ કરી બેઠા પછી બાપ પોતાના બેટા તરફથી માગણી કરે છે, કન્યાવાળાઓ હા પાડે છે કે તરત પરણનાર ધણી માખણનો ચોસલો કન્યાના માથા પર ચોપડે છે. તેમજ કન્યા વરના માથા પર માખણ ચોપડે છે, અને તે સાથે લગનની ક્રીયાનો છેડો આવે છે. કપાળે માંખણ ચોપડેલું જોવું ધણીધણીયાણીનું ગણાય છે. અગર જો બુદ્ધનું મંદિર પાસેજ હોય તો તે મંદિરમાંના બુદ્ધ તથા બીજા દેવતાઓની મૂર્તિ સનમુખ જોવું જઇ બોરાક, પોશાક તથા 'કાટા'–યાને મિત્રાચારીનાં સ્નેહની બ્રધાણી દેખાડનારી રેશમી કપડાંની લાંબી પટી જેનાં બંને છેડાઓ ઉપર ફુમટાં સીવેલાં હોય છે તે—અરપણ કરે છે. તે પછી મૂર્તિની તેઓ પ્રદક્ષણા કરે છે. જો મંદિર નજદીકમાં ન હોય તો ક્રોઇ પાસેની ટેકડી આસપાસ પ્રદક્ષણા કરે છે. પણ જો ટેકડી પણ પાસે ન હોય તો પોતાના તંબુ આસપાસ પ્રદક્ષણા કરે છે. આવી રીતે ૧૫ દિવસ સુધી ચાલુ ક્રિયા કરે છે ને બ્રધાણીપીણીમાં દિવસ ગુજરે છે. પંદરમે દિવસે વરરાજા પોતાની મોહોરદારને પોતાના તંબુમાં લઇ જાય છે. તિબેટીયન કાયદા મુજબ સૂર્યદ્રષ્ટિમર્યાદ ઉપર હોય ત્યાંસુધી રાહાટવાટ કરવાની સખત મનાઇ છે, તેમજ વર્ષમાં શિયાળા તથા ઉન્હાળાની ચોકસ મુદત દરમ્યાનમાં પણ વેહવાર રાખવાની બાધ છે.

'તિબેટીયન છોકરી પરણ્યા પછી એક કરતાં અનેક ભરતારની તે મતા ગણાય છે. તેણીના ભરતારના ગમે તેટલા ભાઇઓ છતાં તે સર્વે તેને પોતાની બાનુ તરીકેજ ગણી હક્ક ભોગવે છે. તેમજ એક કુટુંબનો વડો બેટો બીજા કુટુંબની વડી દીકરી સાથે પરણ્યો હોય તો તે કન્યાથી ઉતરતી તેણીની સઘળી બેહેનો પણ તે પરણનારા વરની બાઇડી ગણાય છે. પણ પરણનાર ધણી, પોતાના સસરાની–વડી બેટી નહિ પણ તેણીથી નાહની—બીજી દીકરી સાથ પરણે, તો બીજી બેહેનથી બાકીની સઘળી બેહનોનો તે હકદાર ભરતાર થાય છે, અગર જો તે ત્રીજી દીકરી સાથે પરણે, તો ત્રીજીથી નાહની સઘળી બેહનો તેની ધણીયાનીઓ લેખાય છે. તેજ પ્રમાણે પરણનાર ભરતાર અનેક ભાઇઓ હોય, તેઓ તેનો મોહોરદારના પણ ભરતારો ગણાય છે, અને તેઓ સઘળાઓ તેણી સાથ રાહાટવાટ કરવાનો કાયદા પૂર્વક હક ભોગવે છે.

અગર જો એક શખસ, એક કુટુંબની વડી નહિ, પણ બીજી દીકરી પરણે અને તે રીતે તેણીથી ઉતરતી બીજી બેહેનોનો ભરતાર થાય; ને તે પછી એક બીજો શખસ આવીને વડી દીકરીને પરણે, તો પેહેલાં પરણનાર શખસની સઘળી બાઇડીઓ બીજા શખસની પણ બાઇડીઓ ગણાતી નથી. બીજાને તો એકજ (વડી બેટી) બાઇડી ઉપર સંતોષ પામવું પડે છે, પણ બીજી બેહેનોનો ભરતાર જો થોડા વખતમાં મરણ પામે તો વડી બેહેનનો ભરતાર પેલી વિધવાનો તેમજ તેની નાહની બેહેનોનો હકદાર ધણી ગણાય છે. આવા રેવાજથી અદેખાઇ ઉત્પન્ન થઇ ફેસાદ થવાનો સંભવ રહેવો જોઇએ પણ તિબેટમાં નીતિનું ધોરણ મુસ્તકીમ નહિ હોવાથી આ રેવાજ નિયમસર ચાલે છે. જે સ્ત્રીનાં એકથી વધુ ભરતાર હોય છે ત્યારે તેણી એક શિવાય બાકીના બધાઓને જૂદે જૂદે ઠેકાણે વેપાર

કરવા, ઢોરો ચરાવવા વગેરે કામો ઉપર મોકલી જે ઘેરમાં રહે છે તે તેણીનો તેટલી મુદતનો ભરતાર ગણાય છે. બીજો ભરતાર પાછો ફરતાં, તેનું કામ બજાવવા માટે ઘેરમાં રહેલો ભરતાર બાહેર પડે છે અને એ રીતે અકેક ભરતાર વારા ફરતી વર્ષમાં એક સરખી મુદત સુધી તેણી સાથે રહે છે.

આવા સંબંધથી છોકરાં થાય તો તે ઓલાદ ઓળખવાની એવી રીત છે કે પેહેલો છોકરો પેહેલા વડા ભરતાર (ભાઇઓમાં વડા ભાઇ)નું, બીજું બીજાનું, ત્રીજું, ત્રીજાનું એમ અનુક્રમે ઓળખાય છે, પણ જો ત્રણજ ભરતાર હોય તો ૪ થું બાળક ફરી પેહેલાનું ફરજંદ ગણાય છે.

આ દેશમાં પરણવા માટે છોકરીઓની ઉમર ૧૬ વર્ષની તથા છોકરાઓની ૧૮ વર્ષની મુકરર કરેલી છે. આ રેવાજથી સ્ત્રીઓ ઘણી જલ્દી નબળી પડી જાય છે.

તિબેટીયન પ્રજા માને છે કે તેમના વિદ્યા હુનર આદિ સાહિત્ય કાશિથી પોતાના દેશમાં દાખલ થયું છે. અતરેની તાતાર પ્રજા આ ગંગા નદીના સંસ્થાનોને 'ઇનાકે' કહે છે, અને તિબેટીયન પ્રજા 'આના' કહે છે. તેમની ભાષા સૈાંગારીઆ અને તુર્કસ્તાનીને ઘણી ખરી મળતી હોઇ તેના અનેક પેટા ભેદ છે. તેઓ વિદ્યા તથા ધર્મ સંબંધી ગ્રંથો ઉભા અક્ષરે લખે છે, અને તેને 'ઉસીન' કહે છે. તેમજ કામકાજ વેહવારિક અક્ષરોને 'ઉમીમ' કહે છે. તેમના અક્ષરો સંસ્કૃત ઉપરથી નિકળેલા જણાવવામાં આવે છે. અત્રે પ્રથમ 'શામાની' ધર્મ ચાલુ હતો પણ પાછળથી તેમને હાંકી મેળતા તેઓ હિમાલય તરફ તથા હિંદ તરફ જઇ વસ્યા હતા.

તિબેટીયન ધર્મ ગ્રંથોનો સમુદાય ગંજાવર છે અને તે પાલી તથા સંસ્કૃત લિપિને મળતા અક્ષરો તથા ભાષામાં લખેલા હોય છે. લામાઓજ તે સહેજ વાંચી શકે છે. અત્રેનાં દેવળમાં મહામુની (બુદ્ધ,) દુર્ગા, કાલી, ગણેશ વગેરેની મૂર્તિઓ જોવામાં આવે છે.

ઘણા ખરા કુટુંબમાંનો એક પુરૂષ સંસાર ત્યાગ કરી લામા બની શકે છે અને તેથી તેઓ સ્વર્ગ મળતું માને છે. મહાલામાથી તે 'ગાઇલોંગ' અને ઘણાજ હલકા દરજ્જાના ઉપાધ્યા સુધી તેઓમાં જૂદા જૂદા તબક્કા છે. ત્યાંના ૪ સંસ્થાનોમાં ૩૦૦૦ મંદિરો છે અને તેમાં વસતા ૪૮૦૦૦ લામાઓ સરકારનાં ખર્ચથી પલાય છે.

આ દેશના લામાઓનાં ૪ મુખ્ય પંથો છે.—રાતા લામા, પિળા લામા, કાળા લામા અને સફેદ લામા. રાતા લામાઓ બહુ અસલી હોઇ તેમની સંખ્યા સહુથી નાહની છે. પિળા લામા રાજ્યધીકારી તથા ધારમિક કારોબાર સંબંધી સત્તા ધરાવે છે, આ વર્ગ પણ નાહનો છે. સફેદ અને કાળા લામાઓ ત્યાંના બુદ્ધિસ્ત મઠો, જોગનશાળાઓમાં ચિત્રકળા, છાપાકામ, માટીનાં વાસણ બનાવવાનો ઉદ્યોગ કરે છે, તથા ઉપલા વર્ગના લામાઓને તેમના કામમાં મદદ કરે છે. બાવરચી, ભરવાડા, ભિસ્તી, લેખકો તથા જલ્લાદો તરીકેનું પણ તેઓ કામ બજાવે છે. લામાઓનાં મઠો 'લામા સરાઇ' ના નામથી ઓળખાય છે. આ સ્થળો બહુ શ્રીમંત ગણાય છે. ભાવિક લોકો પાસથી તેઓ પૈસા મેળવે છે. આ તિબેટીયન પ્રજા બહુ ધાર્મિક હોવાથી લામાઓને સારી આયપત મળે છે. લામાઓ વેપારવણજમાં ભાગ લીધા ઉપરાંત વ્યાજે નાણા ધીરવાનો પણ ધંધો કરે છે. ને જે નાણુ નહિ ભરે તેની મીલકત જપત કરે છે પણ જો મીલકત નહિ હોય તો તેને ગુલામીપણું સ્વિકારવું પડે છે.

લામાઓનાં માથાં બોડાં હોય છે. સરકાર તરફથી તેમને સાલીયાણું મલ્યા ઉપરાંત તેમની જમીન સરકાર કરથી મુક્ત હોય છે. દરેક લામાને તથા શિખાઉ લામાને સરકાર તરફથી ચા, નિમક વગેરે સિધો મળે છે.

આથી દરેક તિબેટીયન કુટુંબમાં એક યા બે મરદો લામા બને છે અને તે રીતે દરેક ઘર અને તંબુ ઉપર પોતાનો વર્ગ ચલાવે છે. આ પ્રજા ચાહમાં માખણ અને નિમક નાખી તેને પીયે છે. એમની સલામ કરવાની રીત એ છે કે, ગુઢણ મરડી પડી હાથ લાંબા કરી જીભ મોહાંની બાહેર કાઢવી.

લાસામાં જે મહાલામાં રહે છે તે બુદ્ધનાં અવતારોમાંનો એક મ્હોટો અવતાર ગણાય છે. જ્યારે તે મરણ પામે છે ત્યારે તે બીજા મનુષ્યનાં શરીરમાં બીજો અવતાર લઇ પેવશ્ય થાય છે. આથી જ્યારે તે મરણ પામે છે ત્યારે તે પાછો આ ધર્તિ પર આવે તે થકી ૩ વર્ષ સુધી તેના માટે બંદગી કરી શોક પાળે છે. આ મુદત દરમ્યાન રાજના અર્ધે તેઓ મોજ ભોગવે છે, ને મુદત પુરી થતાં રાજ યા તેના પ્રતિનિધિ આવી ત્રણ લામાઓને કેફમાં ચકચૂર બનાવીને દીલાઇ લામાનો અવતાર કયાં જનમ્યો છે તેની તેહેકીક કરે છે. અને સર્વાનુમતે લામાનાં અવતારનું નક્કી થતાં તે ધણીનું નામ સીલસાખ કરી ચીનના શેહેનશાહની મંજુરિયાત મેળવી મ્હોટી ધામધૂમથી દીલાઇ લામાને ભારે આદરમાનથી લાવી લાસાના મંદિરમાં બેસાડે છે. આ અવતારે ઘણું કરી તવંગર કુટુંબમાંજ જન્મ લે છે; ને તેથી જ્યારે તેને મંજુર કરી ઉંચી પધ્વિએ બેસાડે છે કે તેના બાપને તેની બાકી નીસબત છુપી રાખવા માટે હાર કરવામાં આવે છે. આવી રીતે મરવા માટે લામાનો પિતા ઘણી ખુશીથી પ્રાણ આપવા તૈયાર થાય છે, અને મુવેલા દીલાઇ લામાનાં શરીરને રૂપાથી મઢી મંદીરમાં પૂજવા માટે ગોઠવે છે.

દીલાઇ લામાનું ખાસ રહેવાનું મથક 'પતાલીઆ'માં છે; કે જે લાસાથી ૮ મૈલ છેટે છે. ત્યાં ૧૭૦ લામાઓ રાત દિવસ ભક્તિમાં મશગુલ રહે છે. જ્યાં દિલાઇ લામાને ઇશ્વરજ્ઞાન હાંસલ કરવા ઘણી સગવડ મળે છે. આ મહા મુની નવા વર્ષને દિને માત્ર મંદિરમાં દેખાવ ભારે મગરૂરી સાથે આપે છે.

તિબેટ દેશનો રાજ્યકારોબાર બે 'તાચીન' (અંબાઈ.) અથવા મ્હોટા પ્રધાનોની હકુમત તળે ચાલે છે, કે જેમને પેકીંગથી 'નુઘકર' અથવા રાજ્યકારોબારીઓ મોકલે છે. આ અધિકારીઓ બાહેરનાં તિબેટની બાબતમાં દિલાઇ લામાની સલ્હા પુછે છે, અને બાહેલા તિબેટના કારોબારમાં 'બાનચી અરદેની'નો વિચાર પુછે છે.

આ દેશમાં ઇ. સ. ૧૯૦૪ માં બ્રિટીશ સરકારે મોકલેલા મીશનને અનેક નાહની નાહની ઝપાઝપીમાં ઉતરી લાસા સુધી જઇ ત્યાં સપ્ટેંબર માસમાં કોલકરાર કરી તિબેટ દેશ સાથે હિંદુસ્તાનની સરકારે મજબુત મિત્રાચારીનો સંબંધ જોડવામાં ફત્હે મેળવી હતી.

તિબેરીયસ—આ રોમન પાદશાહને તિબેરીયસ કલૌદિઅસ નીરો કહે છે. એ ઇ. સ. ૧૪ માં ગાદીએ બેઠો. એણે ૨૩ વર્ષ રાજ્ય અમલ ભોગવ્યો હતો. એ ગાદીનશીન થયો તે વેળા એની ઉમર 'પપ' વર્ષની હતી. ગાદીનશીન થવા આગમજ એણે અનેક લઢાઇઓમાં યશ મેળવી ભારે કીર્તિ સંપાદન કરી હતી; પણ રાજ્ય પદ મેળવ્યા પછી એ ઐયાશી, વિષયી, ખૂની અને જુલ્મી બન્યો હતો. એ ૭૮ વર્ષની વયે ઇ. સ. ૩૭ માં મરણ પામ્યો હતો. એનાજ અમલમાં જ્યૂજસ ક્રાઇસ્તને થાંભલા પર ખીલાથી જડી મારી નાખ્યો હતો. એનું પાયતખત શેહેર એનાજ નામે જાણીતું છે. યાહુદાઓના યરૂસલેમનો નાશ થયા પછી કેટલીક સદીઓ સુધી એ તિબેરીયસ શેહેર વિદ્યાજ્ઞાનનું મથક ગણાતું હતું. હાલમાં આ ઠેકાણે એક નાહનું ગામ હોઇ તેમાં ૩૦૦૦ ની વસ્તી છે.

તિમય્યાસાતિ—આ કવિરાજ મહેંદ્રી નામના શેહેરમાં રહેતો હતો. એનો બાપ 'ચીમાસીસાતી' હતો. એણે 'કન્યાપુરાણ' નામનો

તેલગી ભાષામાં સુંદર ગ્રંથ રચ્યો છે. તેમાં વિષ્ણુવર્ધન નામે રાજપુત્ર અને એક વૈશ્ય જાતિની કુમારી કન્યાનું વૃતાંત છે. પૂર્વે રાજ મહેંદ્રી પાસે તેનુંગોંડ ગામમાં વિષ્ણુવર્ધન રાજપુત્રે એક વૈશ્ય કન્યા ઉપર બલાત્કાર કરીને તેના કુમારીપણાનો ભંગ કર્યો. તે કન્યા મહા સાહસિ હતી. તેણે તે બેદને લીધે ચિત્તામાં પ્રવેશ કરીને પોતાનો દેહ બાળી નાખ્યો. તે પછી તેના કુળનાં ૧૦૦ માનસોએ તેના શોકમાં પોતે પણ બળી મુવા. આ સ્ત્રી સતી થઇ તે ઠેકાણે લોકોએ એક મંદિર બાંધી તેને 'કન્યકા પરમેશ્વરી' નામ આપ્યું.

તિર્થયાત્રા—તિર્થસ્થાનપર, દેવદર્શન, બ્રાહ્મણ, સ્નાન વગેરે જે કર્મો કરવામાં આવે છે તેને યાત્રા કહે છે. દરેક દેવતાના ઠેરવેલા દિવસે દેવોનાં ભક્તો મળી તેનું જે દર્શન લીયે છે તેના પ્રિત્યર્થ જે કથા, ગોંધળ વગેરે કર્મો મોટી ધામધૂમથી કરે છે તેને જાત્રા કહે છે. જાત્રાને પણ યાત્રાકહે છે. તોપણ તિર્થયાત્રાને જાત્રા કહેતા નથી. કેટલીક યાત્રા વર્ષમાં એક વખત, બે વખત અને કેટલીક અનેક વખત ભરાય છે. યાત્રાનો વખત દેવતાના મહાત્મ મુજબ હુંકા યા લાંબો ઠેરવેલો હોય છે. દક્ષિણ મહારાષ્ટ્ર દેશમાં બેલગામમાં લક્ષ્મિની યાત્રા ૧૨ વર્ષે ભરાય છે, ત્યારે તે સુમારે બે માસ વેર કાયમ રહે છે.

નાશકમાં રામનવમિની યાત્રા દર સાલ ચૈત્ર શુદ્ધ પ્રતિપદાથી શુદ્ધ દ્વાદશિવેર પંચવટીમાં ભરાય છે. શુદ્ધ નવમને દિવસે રામ ભક્તો અપવાસ પાળે છે, ને સહવારે ગંગામાં સ્નાન કરી રામનું દર્શન કરે છે. કથા વાંચનાર હરિદાસ રામાયણનાં કથા ભાગ વર્ણવી ૧૨ વાગે રામજન્મ થયો એમ જાહેર કરે છે. દસથી બાર (૧૨) વાગા સુધી રામની મૂર્તિ સામે પરદો નાખે છે અને તે વેળા કોઇને દર્શન કરવા દેવામાં આવતું નથી. પણ ૧૨ વાગતાં પરદો ખસાડી દર્શન કરવા ખુલ્લું મેલે છે. તે વેળા બ્રાહ્મણો સ્વચ્છ વસ્ત્રોલંકાર પેહેરી વેદ પઠણ કરવા બેસે છે.

તિર્થયાત્રા કરનાર પોતાની શક્તિ મુજબ મહાપૂજા માટે પાંચથી પચીસ રૂપ્યા મૂર્તિ સામે રાખી, પૂજારીનો આશિરવાદ લીયે છે. પણ શ્રીમંત લોકો તો પોતાની શક્તિ મુજબ વધુ ઓછું દ્રવ્ય આપે છે.

સીતા, રામ, લક્ષ્મણ આ ત્રણે મૂર્તિઓને પેહેલાં દુધ વતી નહવાડી પછી સાકર ચોળી, ઘી, દહી, મધ વગેરેથી સ્નાન કરાવી પછી અરગજો, સુગંધી તેલ ગરમ પાણીથી નહવાડી વસ્ત્રો પેહેરાવે છે. પુજારી તે પછી મૂર્તિ પર પુલો નાખી ગંધ ચોપડે છે. તે વેળા અગરબત્તી, લોબાન, કપૂર અને દિપકથી આરતી કરી મંત્ર બોલી પુષ્પ વૃષ્ટિ રામ ઉપર કરે છે. તે પછી છેલ્લે નૈવેધ ધરાવે છે. આ મુજબ એકાદશીને દિવસે કર્મો કરી રામ અને હનુમાનજીની મૂર્તિઓને રથ પર બેસાડી મનુષ્યો તે રથને ખેંચતા ગંગાતીરે લઇ જઇ રામકુંડમાં ફરી સ્નાન કરાવી મૂર્તિને પાછી મંદીરમાં લઇ જાય છે.

ત્ર્યંબકેશ્વરમાં દર વર્ષે ત્રણ વેળા આ યાત્રા ભરાય છે, પેહેલી કાર્તિક પુનેમે, બીજી મહાશિવરાત્રીએ, આ બેઉ ત્ર્યંબકેશ્વર ઉર્ફ મહાદેવના પ્રિત્યર્થ ભરાય છે, ત્યારે ત્રીજી નિવૃતિમાવાની ભરાય છે. આ યાત્રામાં સાધુઓનો મોટો મેલાવડો થાય છે. આ યાત્રા પૌષવધ એકાદશીએ શેહેર બાહેર નિવૃતિ બાવાની સમાધી પાસે ભરાય છે.

ત્ર્યંબકેશ્વરમાં ત્રણ પુજારીઓ છે. પેહેલી પૂજા દરરોજ સહવારે ૪ થી ૬ વાગાવેરમાં 'તુગાર' નામના કોળીઓ કરે છે. પછી બ્રાહ્મણપુજારી પૂજા શરૂ કરે છે. ૧૧ વાગામાં રૂદ્રને અભિષેક વગેરે કરી પૂજા પુરી કરે છે. બીજે પ્રહરે બીજો પુંજારી આવે છે, તે પણ રૂદ્રને અભિષક કરી રહે છે; કે પછી રાતની મોટી પૂજા શરૂ થાય છે, જે રાત્રે ૧૨ વાગે પુરી થાય છે. તેમાં અભિષક, પંચામૃત, બેલ પુલો, ધુપ, દીપ, નૈવેધ વગેરે કરવામાં આવે છે.

ચાંદવડ ગામમાં બે બહીરોબાનાં દેવળો છે. તેમાંનો એક દેવળમાં છે; ત્યારે બીજો કુવામાં છે, તેની યાત્રા ચૈત્ર માસ પૈર્ણિમાએ ભરાય છે.

સીન્નર તાલુકામાં બોપડી ગામમાં ચૈત્ર વદ ૩ ને દિવસે 'માનભાવ' લોકે એકઠા મળે છે. ત્યાં કૃષ્ણની યાત્રા ભરાય છે. તુળજાપૂરમાં ભવાનીની યાત્રા ભરાય છે. આ દેવીના પૂજારી તેલીઓ હોય છે. ઉપલી યાત્રાઓ સિવાય હિંદુસ્તાનમાં હિંદુઓનાં યાત્રા સ્થળ હજારોની સંખ્યામાં છે. તેમાં કાશિ, પંઢરપુર, દ્વારકા, નાસ્સિક વગેરે તિર્થ સ્થળોમાં મ્હોટી યાત્રાઓ ભરાય છે.

તિરાઈ—વાયવ્ય પ્રાંતમાં કયૂમોનમાંનો જીલ્લો. ક્ષેત્રફળ ૯૩૮ ચૌરસ મૈલ હોઇ ૧૮૭૨ માં વસ્તી ૧૮૫૬૫૮ ની ને ૧૮૮૧ માં ૨૦,૬૯૯૩ ની હતી. જીલ્લામાં ૨ શેહેર તથા ૫૬૩ ગામડાં છે. વસ્તીમાં જાતી વર્ગ–હિંદુ ૩૩૧૯૬૬, મોહમેદન ૭૪૯૮૨, અને ખ્રિસ્તી ૧૧ છે. મુખ્ય શેહેર કાસીપૂરમાં ૧૪૬૬૭ ની ને જશપૂરમાં ૭૦૫૫ ની વસ્તી હતી.

તિરાઇ જીલ્લાની ઉત્તરે કયૂમોન જીલ્લો, પૂર્વે નેપાલ, દક્ષિણે બરેલી જીલ્લો અને પશ્ચિમે બીજનોર છે. જીલ્લાનો ૪૬૩ ચૌરસ મૈલ ભાગ ખેતીવાડી ખાતે અને ૨૭૧ ચૌરસ મૈલ ભાગ ખેડી શકાય તેવો છે. અત્રે તહેવાર ધાન્ય, રૂ, તંબાકુ, શેરડી વગેરે પાકે છે.

તિરાઈની આબો હવા ખરાબ છે, પણ જ્યાં જંગલો કાપી ખેડવા લાયક જગ્યા બનાવી છે ત્યાંની આબો હવા સારી છે. ઉપલાનાં મુખ્ય તાલુકાનુ ક્ષેત્રફળ ૨૭૧ ચૌરસ મૈલ હોઈ તેમાં ૭૩૭ ગામડાં છે ને વસ્તી ૬૩૨૪૬ ની છે. તેમાં ૫૫૧૧૮ હિંદુ અને ૬૬૫૯ મોહમેદન તથા ૮૨૦ ખ્રિસ્તિ છે.

તિરહૂટ—પ્રાચીનકાળમાં એ વિદેહ દેશનું રાજધાની શેહેર હોઈ તે વેળા 'મિથિલા'ને નામે પ્રસિદ્ધ હતું. હાલમાં એની પાસે ગોગરા નદી વહે છે, અને એનુ ઉત્તર અક્ષાંસ ૨૬° તથા પૂર્વ રેખાંશ ૮૭° ઉપર છે.

તિલક—સંગિત શાસ્ત્રમાં ભૈરવ રાગનાં ૮ પુત્રોમાંનો ૧. આ રાગણી ગાવાનો સમય દિવસના બીજા પોહોરનો ઠેરવેલો છે. એની જાતી ખોડવ છે. તેમાં અરજ શુદ્ધ, રિખવ તિવ્ર, ગંધાર તિવ્ર, મધ્યમ કોમળ. પંચમ શુદ્ધ, નિખાદ ઉતર ચઢતા બે આવે છે, માને અવરોહમાં ઉતરી નિખાદ આવે છે, અને આરોહમાં ચઢી નિખાદ આવેછે. ધવત સ્વરવર્જીત છે, તથા આરોહમાં રિખવપણ વર્જ્ય છે. કોઇ સંપૂર્ણ પણ લેખે છે, તેથી તેનું રૂપ રહેતું નથી. મહસ્વર ગંધાર છે. તથા ન્યાસસ્વર પણ ગંધાર છે.

તિલક કામોદ—આ રાગણી રાત્રે ગવાય છે અને તેની જાતિ સંપૂર્ણ છે. માને અરજ શુદ્ધ, રિખવતિવ્ર, ગંધારતિવ્ર, મધ્યમ કોમળ, પંચમશુદ્ધ, ધૈવતતિવ્ર, નિખાદતિવ્ર. કોમળએ, એ મુજબ ૭ સ્વરો છે. આ રાગણી ખટ, તિલંગ અને કામોદથી મિશ્ર છે પંચમવાદી સ્વર છે ને નિખાદ ન્યાસ છે.

તિલક—કપાળે તિલક કરવાનો રેવાજ હિંદુસ્તાનમાં અસલવારેથી ચાલતો આવ્યો છે. હિંદુઓ સિવાય પારસીઓમાં માત્ર આ રેવાજ જાએજ છે; પણ બીજી કોઇ પ્રજામાં તે જણાતો નથી. પારસીઓમાં આ રેવાજ ઇરાનથી પારસીઓ નહાશી આવ્યા પછી સંજાણના જાદી રાણાના રાજ્યમાં રહેવાસ કરવાની પરવાનગી મેળવતાં જે ૧૪ ધારાથી બંધાયા તેમાં એક સર અવસરે અને ખાસ લગ્ન પ્રસંગે માથે તિલક કરવાનો રેવાજ પણ ધારણ કરવાનો નિયમ હતો. જે રફતે રફતે સણગાર અને સોહાસનની નિશાની તરીકે પારસી સ્ત્રીઓમાં સર અવસરે દાખલ થયો. સ્ત્રીઓને કપાળે જ્યારે કંકુની નાહની ટીલી કરે છે ત્યારે પુરૂષોના કપાળ ઉપર લંબોચો ટીલો કરવામાં આવે છે. પુરૂષોને માત્ર નવજોત, લગ્ન અને પેહેરામણી ટાંકણે ટીલો કરે છે, ત્યારે સ્ત્રીઓને ચાંલ્લો કરે છે.

ગોપીચંદનનાં તિલક ૧૨ અવયવ ઉપર જૂદા જૂદા પક્ષમાં નિયમસર કરવામાં આવે છે, જે શાસ્ત્રમાં નીચે મુજબ દર્શાવેલાં છે.

સ્થાન.	શુકલપક્ષે.	કૃષ્ણપક્ષે.
લલાટ.	કેશવ.	સેકર્ષણ.
કંઠ.	નારાયણ.	વાસુદેવ.
હૃદય.	માધવ.	પ્રદ્યુમ્ન.
નાભી.	ગોવિંદ.	અનિરૂધ.
દક્ષિણ કુક્ષિ.	વિષ્ણુ.	પુરૂષોતમ.
દક્ષિણ બાહુ.	મધુસુદન.	અધોક્ષજ.
દક્ષિણ કર્ણ.	ત્રિવિક્રમ.	નરસિંહ.
વામકુક્ષિ.	વામન.	અચ્યુત.
વામબાહુ.	શ્રીધર.	જનાર્દન.
વામકર્ણ.	હર્ષીકેશ.	ઉપેંદ્ર.
મુષ્ટમુલ.	પદ્મનાભ.	હરિ.
ગરદન ઉપર.	દામોદર.	શ્રીકૃષ્ણ.

હિંદુઓમાં તીલક દરરોજ બે વેળા કરવાનું ખાસ ફરમાન છે, એક સહવારે નાહી રહ્યા પછી ને એક સાંહજે જમવા આગમજ નાહી રહ્યા પછી, પણ જમયા આગમજતો દરેક હિંદુ નાહીને તિલક કર્યા વિના રેહતો નથી. જે કુટુંબમાં કોઇ મરણ પામે છે ત્યાંના પુરૂષો તિલકના વચલા રંગમાં સેહેજ ફેરફાર કરે છે, પણ જે સ્ત્રીને માથે ભરતાર હોય તેને માથે તે ફરજ નથી, તેમજ પૂંજા કરતી વેળા સ્ત્રી પુરૂષોને તિલક કરવાની અગત હોય છે.

'કપાળ ઉપર તિલક કરવાના સંબંધમાં વેદકમાં કાંઇપણ લખાણ મળતું નથી, પણ સ્મૃતિ અને પુરાણમાં તે વિશે અનેક લખાણો મળે છે. સ્મૃતિવેદ આધારે રચવામાં આવી હતી, તે ઉપરથી એવું કહેવાઇ શકાય કે તિલકના સંબંધમાં જે લખાણ સ્મૃતિમાં મળે છે, તેને લગતું વેદનું અસલ લખાણ ગુમ થઇ ગયું હોય એવું જણાવવામાં આવે છે કે, હિંદુઓની આ પવિત્ર નિશાનીઓ તેમનાં અસલ ચાર ભાગો એટલે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્રવાળા ચાર ભાગોને એકમેકથી ઓળખવા માટે રચવામાં આવી હતી, આજે તો તે નીશાનીઓ હિંદુઓમાં પડેલા જૂદા જૂદા પક્ષો અને ન્યાતો ઓળખવામાં કામ લાગે છે. આખી હિંદુ કોમનો અરધો અરધ ભાગ વિષ્ણુની અને બાકીનો શિવની પૂંજા કરે છે બન્ને ભાગના હિંદુઓ નાહની બાબતમાં એક બીજાથી છુટા જણાય છે તોપણ ધર્મને લગતી મુખ્ય બાબતોમાં તેમનાં વિચારો એક મળતા છે. હિંદુઓની ત્રીમૂર્તિમાંના પેહેલા સ્વરૂપ બ્રહ્મની પૂંજા ઘણું કરી કરવામાં આવતી નથી પણ બાકીનાં બે સ્વરૂપ વિષ્ણુ અને શિવ જૂદા જૂદા અવતારોની પુંજા હિંદુઓમાં સાધારણ છે.

'હિંદુઓમાં કરવામાં આવતી જૂદી જૂદી નિશાનીઓમાં જે નિશાનીઓ ધ્યાન ખેંચનારી છે તે કપાળ ઉપર કરવામાં આવતા તિલક છે. કપાળ ઉપર કરવામાં આવતા તિલક બે જાતનાં સાધારણ જોવામાં આવે છે. પેહેલું 'ઉરૂધ્વ પનદ્રમ' અથવા ઉર્ધ્વ પનદ્રમ નામનું ત્રિશૂળ છે. જે વિષ્ણુના સઘળા પુંજારીઓ પોતાનાં કપાળ ઉપર પાડે છે. બીજી નિશાન "તિર્યાક પનદ્રમા"ને નામે ઓળખવામાં આવતું કપાળ ઉપર ત્રણ આડી લીટીઓવાલું તિલક છે. તે તિલક શિવના પૂંજારીઓ કરે છે. કપાળ સિવાય શરીરનાં બીજા ભાગો ઉપર તરેહવાર નિશાનીઓ કરવામાં આવે છે, જેની સંખ્યા ઉપરથી તે કઇ વર્ણનો છે તે ઓલખી શકાય છે.

બ્રાહ્મણ પોતાનાં શરીરનાં જૂદા જૂદા ભાગો ઉપર ૧૨ નિશાનીઓ કરે છે. તેમાની બે બન્ને હાથો ઉપર, બે ખભાંઓ ઉપર, એક છાતી ઉપર; એક પીઠના મધ્ય ભાગ ઉપર, ત્રણ પેટ ઉપર, અને એક કપાળ ઉપર. એ ઉપરાંત કોઇ કોઇ વાર માથાના તાલકના ઉપર તેરમી નિશાની પણ જોવામાં આવે છે.

બ્રાહ્મણ સિવાયનાં બીજા વર્ણનાં હિંદુઓ તેથી ઓછી સંખ્યામાં નિશાની કરે છે. તે પ્રમાણે બ્રાહ્મણોને ૧૨, ક્ષત્રીઓને ૪, વૈસ્યોને

૨, અને શૂદ્રોને ૧ નિશાની કરવાનો ફરમાન છે. પણ તે ફરમાન મુજબ ઝાઝું કોઇ ચાલતું હોય એમ જણાતું નથી, અને બ્રાહ્મણો નહિ એવા હિંદુઓ પણ પોતાને વધારે ધર્મિ બતાવવા માટે વધારે સંખ્યામાં નિશાનીઓ કરે છે, પણ સર્વ નિશાનીઓમાં કપાળ ઉપરનું તિલક વધારે ધ્યાન ખેંચે છે.

વિષ્ણુના ધાર્મિક પુંજારીઓ જ્યારે પોતાનું તિલક વધુ જાડી લીટીઓથી ચિતારે છે ત્યારે તે તિલકથી તે મનુષ્ય જંતુની દેખાવનો લાગે છે.

ગોપિચંદન નામની પિળી માટોડી દ્વારકાનાં ટાપુમાંથી તિલક ચિતારવા માટે લાવે છે, તે શિવાય બીજી કેટલીક 'ત્રિમણી' નામની સફેદ માટોડ પણ વાપરે છે. તિલક કરવા માટે પ્રથમ ડાબી ડાબા હાથમાં લેવામાં આવે છે, ને તેને પાણીથી નરમ બનાવી જમણા હાથની એક આંગળી વડે એક આંખના ભવાનાં મધ્ય ભાગથી બીજી આંખના ભવાનાં મધ્ય ભાગ સુધી એક જાડી આડી લીટી દોરવામાં આવે છે. તેમ કરવા બાદ નાક નજદીકનાં ભવાનાં છેડા આગળથી કપાળનાં ઉપલા ભાગ સુધી બે લીટી લઇ જવામાં આવે છે. તે નિશાની અથવા તિલકને વિષ્ણુપદમ એટલે વિષ્ણુનો પદમ એવા નામે ઓળખવામાં આવે છે. ભવાં આગળની બે ઉભી લીટીઓ વચ્ચે લાલ યા પિળા રંગની એક બીજી લીટી દોરવામાં આવે છે, જે દોરનારાઓ ઘણા ધાર્મિક તરીકે ઓળખાય છે. વચમાં દોરવામાં આવતી તે લીટી વિષ્ણુની બાયડી લક્ષ્મિનાં માનમાં પાડવામાં આવે છે. શરીરનાં બીજા ભાગ ઉપર પાડવામાં આવતી નિશાનીઓ ત્રણ ત્રણ લીટીઓવાળી હોય છે. જેમાંની બે સફેદ રંગની અને વચલી લાલ યા પિળા રંગની હોય છે. ઉપલા ત્રિશૂળ પાડનારા સઘળાઓ વિષ્ણુનાં પુંજારીઓ કેહવાય છે. વિષ્ણુનાં રામાનુજ પંથવાલાઓ ત્રિશૂળ પાડવામાં ઘણો ધર્મ સમજે છે. તેઓ પોતાનાં શરીર ઉપર, ઘરનાં દરવાજા ઉપર, ઘરની ભિંતો ઉપર, વાસણો ઉપર, ત્રિશૂળ પાડે છે. એટલુંજ નહિ પણ પોતાની ગાડી, વાહન, અથવા ચોપડી વગેરે દરેક ચીજ ઉપર તે નિશાની કરે છે. તે પંથવાલાઓ શિવનાં પુંજારીઓ સામે ઘણો અભાવ ધરાવે છે.

તિલક કરવા માટે માટી ચોળતી વેળા તિલક કરનારો બોલે છે કે, "અરે ઓ માટી, તું મને શરીરનું કુવત બક્ષ, તારામાં સર્વ ચીજો (ઝાડપાન વગેરે) સમાયલાં છે. મારાં પાપો જ્યારે તું ધોઇ નાખશે ત્યારે હું સ્વર્ગમાં જઇ શકીશ; પાપોને ધોઇ નાખનારી વિષ્ણુનાં શરીરમાંથી નિકળેલી સફેદ માટોડીની ઓ દેવી, હું તેની પુંજા કરું છું."

ઉપલો મંત્ર વિષ્ણુના દરેક પુંજારીને ભણવો જોઇએ, પણ તેમ તેઓ બોલતા હોય એમ જણાતું નથી. કપાળ ઉપર સફેદ લીટીઓ દોરવા પછી તેમની વચ્ચેની લાલ યા પિળા લીટી દોરતી વેળા તે દોરનાર બોલે છે કે "શ્રી ચુરનમ-દ્રવ્ય બક્ષનાર છે, અને તે સહુથી સુંદર છે; જે લક્ષ્મિનાં શરીરમાંથી નિકળેલો છે. જેઓને સ્વર્ગમાં જવાની ઇચ્છા હોય છે, તેઓએ તેને બે સફેદ લીટીઓ વચ્ચે દોરવો જોઇએ.

વિષ્ણુના બીજા પુંજારીઓ એક બીજી જાતની નિશાની કરે છે, તેઓ માધવ પંથના કહેવાય છે, જે પંથનું નામ તેરમી સદીમાં થઇ ગયલા એ પંથના સ્થાપક માધ્વાચાર્ય ઉપરથી પડ્યું છે. તેઓ વિષ્ણુની પૂંજા કર્યા છતાં શિવ માટે માન ધરાવે છે. તેઓ પોતાનાં કપાળ ઉપર કોલસાની ભૂકામાંથી બનાવેલા કાળા રંગની એક ઉભી લીટી દોરે છે, જેની આસપાસ લાલ રંગની ઝીણી લીટી દોરે છે. માધવો તે શિવાય શરીરનાં જૂદા જૂદા ભાગ ઉપર વિષ્ણુની જૂદી જૂદી આકૃતિઓ પાડે છે. તેમાં શંખ, ગદા, ચક્ર, ખડગ, અને પદ્મ નામની પાંચ મુખ્ય હોય છે. માધવો પોતાની નિશાની કરતાં બીજા મંત્રો બોલવા ઉપરાંત બોલે છે કે

"જેણે એક બ્રાહ્મણનું ખૂન કર્યું હોય, જેણે ગાયનું ખૂન કર્યું હોય, અને જેણે સઘળી જાતનાં પાપ કર્યાં હોય તેવો ઘાતકી શખ્સ પણ જે વેળા ગોપીચંદનને અડકે છે, તે વેળા તેનાં સઘળાં પાપો ધોવાઇ જાય છે." કપાળ ઉપર કરવામાં આવતી શિવની નિશાની ત્રણ આડી લીટીઓથી દોરવામાં આવે છે. તેમાં ભટોડીને બદલે 'વિભૂતિ' અથવા ગાયનાં બળેલા છાણની રાખ વાપરવામાં આવે છે. શિવનાં સર્વે પુંજારીઓ વિષ્ણુનાં પુંજારીઓ માફક પોતાનાં શરીર ઉપર જૂદી જૂદી નિશાનીઓ પાડેછે, પણ તેમની નિશાનીઓમાંની સર્વે લીટીઓ આડી દોરવામાં આવે છે. રાખને પોતાના હાથમાં લઈ પાણી વડે ચોળીને પોતાના જમણા હાથની ત્રણ આંગળીઓ વડે કપાળ ઉપર તેઓ તિલક કરે છે. શિવનાં પુંજારીઓમાં પણ બે પક્ષ છે. પેહેલો પક્ષ સ્મારતને નામે ઓળખાય છે. જેઓ વિષ્ણુને પણ માને છે, પણ બીજો પક્ષ જે લીંગધારીને નામે ઓળખાય છે, તેઓ એકલા શિવને માનનારા હોય છે, અને લીંગમની નિશાની કરે છે. લીંગધારીઓમાંના જેઓ શૂદ્ર હોય છે તેમને જંગમ તરીકે ઓળખવામાં આવે છે.

સ્મારતો વિભૂતિથી પોતાની આંખો વચ્ચે તથા કાન આગળ એક લીટી દોરે છે, અને કપાળનાં વચલા ભાગમાં લાલ રંગની એક ગોળ નિશાની કરે છે. લાલ નિશાની ઉપર ઘસેલું સુખડ ચોપડવામાં આવે છે, જે સાથે ચોખાના થોડા દાણા વળગાવવામાં આવે છે. સ્મારતો જેઓ વિષ્ણુને પણ માને છે, તેઓ વિષ્ણુને પુંજનારાઓ માફક સઘળા મંત્રો બોલવા પછી તિલક લગાડતી વેળા બીજું એક મંત્ર ભણે છે. તેમાં તેઓ બોલે છે કે, "ચાલો આપણે શિવની પૂંજા કરીએ અને સુગંધી તથા જીંદગી બક્ષનારી (રાખ) આપણે પેહેરી રાખીએ. (અરે ઓ રાખ) જેવી રીતે તે કાકડી પાકવા પછી પોતાનાં મૂળમાંથી છુટી પડે છે તેવી રીતે તું મને મોતમાંથી છુટકેા બક્ષ."

તિલોત્તમા—સ્વર્ગમાંની એક અતિ રૂપવાન અપ્સરા. એની ઉત્પતિ વિષે એક દંતકથા છે કે, હિરણ્યાક્ષના પુત્ર સંદ અને ઉપસંદ એએએ ઉગ્રતપથી શિવ બ્રહ્માને પ્રસન્ન કર્યા હતા, ને માગ્યું હતું કે અમે કોઇથીજ નહિ મર્યા જઇયે પણ જ્યારે અમે બેહુ વચ્ચે કુસંપ થાય ત્યારેજ મરણ પામ્યે. એ ભાઇઓને પરસ્પર એવો સ્નેહ હતો કે કજીયો થવાનો સંભવ નહોતો. આથી દૈત્યોએ દેવતાઓને ભારે દુઃખ દીધું ને ઇંદ્રને સિંહાસન ઉપરથી ઉઠાડી મેલ્યો. જ્યારે દેવતા બ્રહ્મા પાસે આવ્યા ત્યારે તેણે તલ તલ જેવડાં રત્નની એક સુંદર સ્ત્રી બનાવીને તેનું નામ તિલોત્તમા પાડ્યું. આ અપ્સરાને સંદ ઉપસંદ તરફ મોકલતાં તેઓ તેની ઉપર મોહી પડી અપસમાં લઢી માર્યા ગયા.

તિસ્તા—આ હિંદમાંની નદી ભૂતાનના ડુંગરમાંથી નિકળી દક્ષિણ ભણી ૨૫૦ થી ૩૦૦ મૈલ વહેતી મહાનંદની પૂર્વ તરફ નવાબગંજ પાસે ગંગાની પૂર્વ તરફની શાખાને મળે છે.

તિસો—લંકાનો (સિંહલદ્વિપ) આ ૭ મો રાજા ૪૦ સ૦ પૂર્વ ૩૦૭ માં ગાદીનશીન થયો. એના રાજ્ય અમલમાં બૌદ્ધ ધર્મની સ્થાપના થવાથી તે વખતના ધાર્મિક બૌદ્ધ લખી ગયા છે કે "તિસોનાં રાજ્ય અમલમાં પૃથ્વીના પેટા માહેલા રત્નો, સોનું, ચાંદી એ પોતાની મેળે પૃષ્ટ ભાગ ઉપર આવ્યા, અને સમુદ્ર માહેલી સંપતિ કિનારે આવી પડી હતી." એ મગધ દેશનાં રાજા ધર્મકાશી (અશોક) સાથે મિત્રાચારી ધરાવતો હતો, તેથી એણે ૪ સિંહલ સરદાર સાથે રત્નો તથા ફૂલો આપી અશોકને નજર કરવા મોકલ્યા. તે સરદારે પાટલી પુત્ર (પાટણ) જઇ અશોકને નજરાણું આપ્યું. તે પછી અશોકે પોતાનાં વજીરો સાથે એક તાજ, રાજકીય તલવાર, ગંગાનું પાણી અને બીજા પદાર્થો આપી તિસોને તે નજર કરવા મોકલ્યા, અને બૌદ્ધ ધર્મનો સ્વિકાર કરવાની ભલામણ કરી. તિસાના અમલમાં બૌદ્ધ ધર્મ મજબૂતી સાથે પ્રસાર

પામ્યો હતો, કારણ આગળ બૌદ્ધ અત્રે આ ધર્મ ફેલાવ્યા છતાં તે ત્યાં ટકી શકયો નહિ, પણ તિસોના અમલમાં અશોકે પોતાના પુત્ર મહિંદોને સિંહલદ્વિપમાં મોકલી ધર્મોપદેશ કરી લોકોને બૌદ્ધ ધર્મમાં દાખલ કર્યા હતા. આ વેળા તિસોની અનુલા રાણીએ મહિંદોને અરજ કરી કે અમોને પણ ધર્મબોધ કરવો. આથી મહિંદોએ પોતાની બેહેન 'સાંઘમિતા' સ્ત્રીઓને ધર્મબોધ આપવાને તેડાવી. સાંઘમિતા 'બો' વૃક્ષની એક ડાંખળી સાથે લઇ લંકામાં ગઇ હતી. ત્યાં મહિંદો અને 'સાંઘમિતા'ના ધર્મબોધથી તથા તિસોના ઉત્તેજન તથા મદદથી લંકાની પ્રજા બૌદ્ધ ધર્મિ થઈ હતી. તિસોએ 'મિહિંતલે'માં ૬૨ ઓરડા ભિખારીઓ માટે બંધાવ્યા હતા, તથા અનૂરાધાપૂરમાં 'થૂપારામ'નું મંદીર પણ બંધાવ્યું હતું (જુઓ થુપારામ). આ વેળા અનુલા રાણીને પોતાના દીયર 'મહાનગ'નો ભય એવો હતો કે તિસો પછી તે આ બાળકને દગો આપી રાજ્યગાદી પચાવી બેસસે, આથી તેણીએ તેને મારી નાખવા એક ઝેર ભેળેલું ફળ તેની ઉપર ખાવા મોકલ્યું. કમનસિબે તે વેળા 'મહાનગ' પાસે તિસોનોજ પુત્ર બેઠો હતો, તેને મહાનગે અજાણતાં તે ફળ પીવા આપતાં તે મરણ પામ્યો. આથી મહાનગ ભય પામી દક્ષિણ તરફ 'રાહેન' પ્રાંતમાં નહાશી જઇ ત્યાં નાહનું રાજ્ય સ્થાપી ત્યાં અનેક વિહાર અને બિતેનમાં એક મંદિર બંધાવ્યું. તિસો રાજા ૪૦ વર્ષ રાજ્ય અમલ કરી મરણ પામ્યો હતો. તેના પછી તેનો ચોથો ભાઇ ગાદીએ બેઠો. તિસોના મોત પછી આંઠ વર્ષે મહિંદો મરણ પામ્યો, ને તે પછી એક વર્ષે 'સાંઘમિતા' પણ મરણ પામી હતી.

તીડ—આ એક ઉડતું જીવડું જેમ પાકનો નાશ કરનાર છે તેમ કેટલાક દેશમાં સ્વાદિષ્ટ ખોરાક તરીકે જાણીતું છે. તીડની માદીનું પેટ મજબુત હોય છે આથી તે રેતાળ અને નરમ જમીનમાં બકારાં પાડી શકે છે. પેનવડે જમીનમાં જે પ્રમાણે છિદ્ર પાડી શકાય છે તેવું છિદ્ર માદા પોતાનાં પેટ વડે પાડે છે. તે ગર્ભવંતિ થઇ ઈંડા મેળવાનો સમય થતાં જમીનમાં છિદ્ર પાડે છે અને માદે એક ઉપર એક ઇંડા મેલી પાછી ઉડી જવા પેહેલાં છિદ્રનાં મ્હોં ઉપર પ્રીચુવાલું કાંઇ પ્રવાહી ચોપડે છે. તેના પેગે જે ઇંડા એક મેકને મ્હોટી દ્રાક્ષના ઝુમખા પ્રમાણે તેનો એક ઝુમખો બને છે. છિદ્રનાં મુખ ઉપરનો પદાર્થ સુકાતાં તે પાસે પડેલી રેતીનાં રજનો જણાય છે. આથી તીડે કયાં કયાં ઇંડા મેલ્યાં છે તે પરખાતું નથી.

માદી દરવેળા ૫૦ થી ૧૦૦ ઇંડા મેલે છે. એના ઇંડાનો રંગ રતાસ ઉપર હોય આ ઇંડા મેલ્યા પછી તે સુમારે ત્રણ અઠવાડીયાં સુધી જમીનમાં રહે છે; પછી તે ફુટી તેમાંથી ઝીણા લીલા રંગના કિડા બાહેર પડે છે. થોડાક કલાક પછી તે કીડા પોતાની લીલી ચામડી કાઢી નાખી એક નાહના વગર પાંખના જંતુ પ્રમાણે જમીન ઉપર કુદતાં ચાલે છે, અને માર્ગમાં મળતી વનસ્પતિ ઉપર નિર્વાહ કરે છે. આ જંતુ પોતાની ચામડી અનેક વેળા કાઢી નાખે છે, અનેદિનપર દિન મ્હોટો બને છે. છેવટે તેને ઝીણી પાંખ ફુટે છે. આ પાંખ મ્હોટી થતાં તેનું માથું ને પેટ એ લાલ રંગ પકડે છે. એમ થયું એટલે તે પૂર્ણ સ્થિતિએ પુગેલું સમજવું. ઇંડામાંથી તીડે જન્મ લીધા પછી એક મહિને તે પૂર્ણ અવસ્તાએ પુગે છે.

તીડની પાંખ ઉપર ડપકા હોય છે, અને તેનાં પાછલા પગ બધામાં વધારે મજબૂત હોય છે; જેથી તે લાંબે છેટે કુદકા મારી શકે છે. તીડ ચાલતો યા દોડતો કરતો નથી, લાંબે છેટે જવું હોયતો તે પાંખની મદદથી ઉડે છે અને પાસે જવું હોયતો કુદકા મારે છે.

તીડમાંનો નર, માદીને ખુશ કરવા અને તે પોતાને વશ થાય તે માટે ગીત ગાય છે. આ રાગ તે મ્હોં વડે કાઢતો નથી પણ

પાછલા પગ અને પાછલી પાંખ એક ઉપર એક ઘસે છે, અને તેથી અવાજ કાઢે છે, અવાજ સરિલો કાઢવા માટે તેના પાછલા પગ પાસે એક નાહનો ખાડો હોય તેનું મ્હોં પાતળી ચામડીથી અછાદેલું હોય છે.

સીતારના તુમડાં પ્રમાણે અવાજ ઘૂમાવવાના કામમાં આ ખાડો ઉપયોગી છે. તીડ પોતાનાં પાછલા બેઉ પગ એકદમ પાંખ ઉપર ઘસતો નથી. પ્રથમ એક પગ ઘસે છે અને તે થાકતાં બીજો ઘસવા માંડે છે. આ સુજબ્ય ગાયન શરૂ થતાં માદા પોતાનું ખાવા પિવાનું વિસરી જઇ પોતાના નર તરફ દોડે છે.

તીડના ઇતિહાસ ઉપરથી જણાય છે કે હિંદુસ્તાનમાં તીડોની મ્હોટી સંખ્યા કોઇ કોઇ વેળા બેહદ વધી પડે છે. ત્યારે ખેતરોનાં ખેતરો આર્ક માઇલોનાં માઇલો સુધીનાં દેશો તે ઉજડ બનાવી મેલે છે. દિવસમાં જે તિડોનાં ટોળાં આવે છે તે વાયવ્ય તરફની સરહદ, રજપૂતાનાનો પશ્ચિમ ભાગ, સૈહ્યાદ્રિના આસપાસનો પ્રદેશ અને માયસોરની પશ્ચિમ તરફનો કુર્ગ વગેરે પ્રાંત ઉપર અવાર નવાર ઉતરી પડે છે.

બીજી તરફ તેમનાં ટોળાં ચાલુ દરોરો પાડતા નથી. વાયવ્ય તરફની સરહદ ઉપર માર્ચ, એપ્રિલ માસમાં અચોકસ વર્સાદ પડે છે, અને તેવો વર્સાદ જુનમાં રાજપુતાનામાં પડે છે, આથી જમીન, બિનાસદાર નરમ બને છે, એટલે તેવી જમીનમાં તીડ પોતાનાં ઇંડા મેલે છે. આ ઇંડા ફુટી તેમાંથી કીડા નિકળી તેઓ પૂર્ણ અવસ્તાએ પોંહચે છે, તેટલાં જંગલમાંના ખેતરો પણ પાકથી ભરપૂર બને છે; કે આ આવતો ખોરાક તિડોને મળી જાય છે.

એકથી બીજી જગ્યાએ જવા માટે તીડ પોતાનું બદન ફુલાવે છે અને અતિઝડપથી ઉડે છે. એ એક દિવસમાં ૩૨ મૈલ સુધી પ્રવાસ કરે છે. ઠંડી વાલા પ્રદેશમાં તીડની વસ્તી જણાયલી છે, પણ તે વસ્તી ઓછી હોય છે. હિંદુસ્તાન પ્રમાણે ચીન, મંજુરિયા વગેરે ઉષ્ણ કટિબંધનાં દેશમાં પણ તીડનાં ટોળે ટોળાં ઉપરા સાપરી ઉતરી પડે છે. મંજુરિયા દેશમાં આ તીડોનાં ટોળાનો ઘણો ભય રહે છે, એનાં ટોળે ટોળાં ઉતરી પડતાં એખાદ પાણીના પડતા ધોધ પ્રમાણે તેનો અવાજ આવવા માંડે છે, દિશા વાદળાથી ઢંકાઈ હોય તેવો ધમધોર દેખાવ થાય છે, અંધકાર પડે છે અને જ્યાં જોઇએ ત્યાં તીડ સિવાય કશું જણાતું નથી. એખાદ ઝાડ ઉપર તીડોનું ટોળું બેસતાં તેની ડાંખળીઓ ભારથી ભાગી પડે છે, અને તેટલા દેશમાંથી દવા માટે પણ શેરીયું પાંદડું જડતું નથી. આ મુજબ થોડા વખતમાં સંપૂર્ણ વનસ્પતિનો નિકાલ કર્યા પછી તેવો જોવા એકદમ આવે છે તેવાજ પાછા ટોળા બંધ ઉડી જાય છે.

જે વર્ષે તીડનાં ટોળાં તુટી પડે છે તે વર્ષે પાકનો નાશ થાય છે, પણ પછી તે તીડ મરી નિર્મૂળ થતાં પણ તેઓ પ્રજાને ત્રાસદાયક થઇ પડે છે. જેવા તે એકદમ ઉત્પન્ન થાય છે, તેવાજ મરણ પણ પામે છે, અને મુવા પછી તેમનાં અસંખ્ય શરીરો કોહવા માંડે છે, એટલે હવા બિગડી મર્કી ફેલાય છે, ત્યારે તીડે કરેલા નાશ કરતાં મર્કીથી થતો નાશ ભયંકર રૂપ પકડેછે.

ખ્રિસ્તીઓનાં બાયબલમાં તીડનું વર્ણન મળે છે. મંજુરિયામાંથી મંસરાઇલ પ્રજા પેલેસ્તાઇન તરફ આવવા લાગી ત્યારે 'ફેરોહા' એ તેમને અટકાવ્યા. ત્યારે મોઝીઝને ગુસ્સો આવતાં તેણે પોતાની કરામતી લાકડીની મદદથી જ્યાં ત્યાં તીડોનાં ટોળાં ઉત્પન્ન કર્યા, આ તીડોએ ફારોહાનાં દેશમાંના સર્વે ખેતરોનો નાશ કર્યો, ત્યારે ફારોહાએ મોઝેઝને શરણે જઇ તેને મંજુરિયામાંથી જવા દીધાથી આફિષ્ટ ટળયું. આ કથા બાઇબલમાંના 'અકસોડસ' નામે ભાગમાં છે.

મીસ દેશમાં એક પ્રસંગે તીડ એટલાંતો ઉભાષ્ટ ગયા કે ત્યાંના રાજાએ ખાસ હોકમ

કાઢયો કે પ્રત્યેક મનુષ્યે દરવર્ષે ચોકસ વજનમાં તીડ મારવાંજ જોઇએ. તેજ પ્રમાણે 'ક્વેમનોસ' ટાપુમાંની રૈઅત પાસેથી જમીન વેરાને બદલે મુવેલા તીડલેવાનો ઠેડાવ ત્યાંના રાજાએ કર્યો હતો. ઇ. સ ૧૭૦૯માં સ્વિડન દેશના રાજા જે બારમો ચાર્લસ, જ્યારે 'પલટોવાની લઢાઇમાંથી પરાજય પામી પાછો ફર્યો, ત્યારે તેનાં લશકર ઉપર તીડોએ હલ્લો કર્યો, તે વખતે આકાશમાં એકાએક અંધકાર છવાઇ કરાંના વૃષ્ટ પ્રમાણે તીડોની વૃષ્ટિ પૃથ્વીપર થઇ, આ વૃષ્ટિ એટલા તો જોશથી થઇ કે ચાર્લસનાં ઘોડા આગળ એક ડગલું પણ ભરવા હટ લઇ પડયા, તેમ શિપાઇઓને માર્ગ સૂજ્યો નહિ. થોડા વખત પછી તીડો પાછા ઉડી જતાં લશકર આગળ વધ્યું પણ બધો દેશ એવોનો વનસ્પતિહિન ઉજડ બન્યો કે ઘાસ ચારો સોધ્યો મલ્યો નહિ. આથી ત્યાં ચાર્લસનાં લશકરનાં ભારે હાલ થયા.

ઇ. સ. ૧૭૮૦ માં ટ્રાન્સવાલવેનિયા પ્રાંતમાં આવાજ તીડોનાં ટોળાં ઉતરી પડયા હતા, ત્યારે તેમનો નાશ કરવા લશકરી પલટણો રોકવી પડી હતી. ૧૫૦૦ સીપાઇઓને તે નો નાશ કરવા એક સરખા રોકયા હતા પણ તેઓ પટીક તેમનો નાશ કરી શકાય નહિ. પણ તેટલાં ઇશ્વરનેજ રહેમ આવતાં એકાએક થંડો અને તોફાની પવન ફુંકાવા માંડતા તીડો એકાએક નિર્મૂળ થયા.

ફ્રાન્સ દેશપર ઓગણીસમી સદીના પેહેલા ૫૦ વર્ષમાં ૭ વખત તીડનાં ટોળાં ઉતરી પડયા હતા. એક વખત તીડ મારવાના કામ ઉપર ફ્રાન્સ દેશને ૪૫૦૦૦* ફ્રાંકનો ખર્ચ કરવો પડયો હતો, અને તે વર્ષે ૩૨૦૦ **કવિંટીલ વજનનાં ઇંડા એખટાં કરી નદીમાં નખાંવ્યાં હતાં. ત્યારે નદીમાં ડુબાડેલાં ઇંડાની સંખ્યા ૫,૨૫,૦૦૦૦૦૦ જેટલી થઇ. આટલા બધાં પ્રાણીઓ નાશ કર્યા છતાં નૂકસાન તો ભારે થયું હતું.

આફ્રિકાખંડમાંના 'નિગ્રો' પ્રજા તીડનાં ટોળા આવતાં જોય છે કે ભયંકર ધુમાધુમો પાડે છે. હંગેરી પ્રાંતમાંના લોકો તોપો ફોડે છે. ૪૦ સનની છઠી સદીમાં ઇથિઓપિયન પ્રાંતમાના લોકોએ તીડોને નહસાડવા માટે જે ઉપાય યોજ્યાં તે ઘણાં રમુજી છે. તેઓએ તીડનાં ટોળા જોતાંજ તેમાંના કેટલાકને પકડી તેમનાં ધર્મગુરૂઓ એક ચીઠી લખી તે તેમનાં પાંખને બાંધતા. તે ચીઠીમાં એવું લખતા કે "ઓ તીડ, તમો ત્રણ કલાકમાં આ દેશ છોડી નિકળી જજો. આ દેશ પાવત્ર શાસ્ત્ર મુજબ ચાલનારા એવા ખ્રિસ્તી પ્રજાનો છે. આ દેશ છોડી તમો પરધર્મિઓના દેશમાં જજો. તેમ જો નહિ કરશો તો અને ત્રણ કલાકની મુદત પછી જો અત્રે દેખાવ આપશો તો તમો તમારૂં જાણજો. અમો તમોને એકદમ શ્રાપથી બાળી નાખશું." આ મજકુરની ચીઠી પાખને બાંધી તે તીડને બીજા તીડોનાં ટોળામાં છોડી મેળતા. અને એવું સમજતા કે તેઓ તે મજકુર વાંચી જશે. પણ આ તીડો આવા હઠીલા રહેતા કે ખેતરોનો નાશ કર્યા પછીજ પવિત્ર દેશને છોડી જતા.

ઉપર મુજબની બેહુંદી સમજ મુસલમાનોમાં પણ જડ ઘાલી બેઠેલી છે. તેઓ તીડનાં ટોળાંને ખેતરોપર ઉતરી પડતાં જોય છે કે એક કાઠીને ખેતરમાં ઉભી કરી તેના છેડાપર કોરાનમાના વાકય લખેલી એક ચીઠી બાંધે છે. આવી રીતે લાકડી દાટયાથી તીડ ખેતરપર ઉતરી પડશે નહિ એવો ખ્યાલ ધરાવે છે. તે શિવાય બીજો પણ એક ઉપાય તેઓ યોજે છે, તે એવોકે ચાર તીડ પકડીને તેમના પાંખ ઉપર કુરાનનાંના વાકયો લખી તેમને બાકીનાં તીડમાં છોડી

* ફ્રાન્સમાં આ નાણું ઇ. સ. ૧૭૯૯ માં ૬ ઠી મે થી ચલણમાં વપરાવા લાગ્યું. ૧ ફ્રાન્કની કિમત રૂ ૭-૮ ની ગણાય છે. અથવા અરધી ગીની, ** એક કવિંટીલ એટલે લગભગ ૧૧૨ રતલ. અથવા એક હંડરવેટ એટલે ૧ કવિંટલ.

મેળે છે. આ તીડ બાકીનાં ટોળામાં જઈ મેળાતાં તેઓ સઘળા આ ફરમાન વાંચી યા તેની એજમતી કરામતીની અસરથી ઉડી જશે એવો વિચાર ધરાવે છે. પણ આ વેહેમી વિચાર કોઇ જમાનામાં પણ અકસીર નિવડયો નથી.

તીડ આપણું નુકસાન કરે છે એ જાણીતું છે; પણ આરબો તેમનાંમાં સમાયલો બીજો ઉત્તમ ગુણ પણ દર્શાવે છે. તેમના જણાવવા મુજબ **સ્વપ્નમાં જો તીડ દેખાય** તો તેને આગળ ભવિષ જણાય છે. જો કોઇ સ્વપનામાં તીડ પોતાના મ્હોમાં જતો જોય તો તેનું નસીબ ખીલવાની આગાહી સમજવી. સોનેરી તીડોનો વર્સાદ વર્ષતો જણાય તો તે ઉપરથી ખોએલી ચીજ જડશે એવી સમજ છે. 'ઓમરબીન લખોતલ' ખાલીફ તરીકે તખ્તપર હતો ત્યારે તેણે એક વેળા તીડો નિરમુળ થએલા જોઇ ભયભિત થયો, અને સમજ્યો કે કોઇની આફત રાજ્ય પર આવશે. આથી તેણે તીડોને શોધી લાવવા યમન, શામ, ઇરાક વગેરે પ્રાંતમાં ખાસ પોતાનાં સરદારોને મોકલ્યા. તેઓએ સખત મેહનત પછી તીડોને શોધી કાઢયા આથા તેમને બારે હર્ષ ઉપજ્યો. તેની સમજ એવા હતી કે જો જગતમાંથી તીડ ! મુળ થશે તો મનુષ્ય પણ નાશ પામશે.

અરબસ્તાન, તૂર્કસ્તાન વગેરે દેશમાં તીડો ખાવાનાં ઉપયોગમાં આવે છે. હિંદુસ્તાનમાં મુસલમાન લોકો તે ખાવાનાં ઉપયોગમાં લીયે છે. કેટલા શેહેરોમાં તીડને મારી તેને સુકવી તેનો આટો બનાવે છે, અને દુધમાં તે આટો મસળી તેની પુરી યા રોટલી બનાવે છે. કોઈ વેળા તીડ ટોળેટોળાં જણાતા આરબ લોકો તેને ખોરાક તરીકે ઉપયોગમાં લેતા હોવાથી માંસની કિમત વટીક ઘટે છે. અરબસ્તાનના હકીમોનું મત એવું છે કે તીડ અતિ પુષ્ટીકારક ખોરાક છે. આરબો ઉંટોને બનાજને જગે તીડજ ખાવા આપે છે. અરબસ્તાનમાં તેનો દવાદારૂ તરીકે પણ ઉપયોગ કરે છે.

આરબોને તીડ મળતાં કેટલો આનંદ થાય છે અને તીડ ખાવા માટે તેઓ કેટલાંક ઉત્સુકત રહે છે તેનું એક રમુજી વર્ણન 'પૉલગ્રેવ્હ' પોતાની મુસાફરીના ગ્રંથમાં આપે છે. તે વર્ણનમાં તીડ સંબંધી કેટલીક જાણવાજોગ બીના ઉપરાંત તેમના સ્વાદ અને જાત વિશેનું વર્ણન મલે છે.

પૉલગ્રેવ્હ લખે છે કે, "અમો એક વખતે મુસાફરી દરમ્યાન એટલામાં આવી ગયા હતા કે 'હૉકદૂક' (અરબસ્તાનમાં છે) શેહેર કયારે આવશે ને ત્યાં જઈ નચીંત કયારે ઉંઘાશું, એવી ઉલટ છુટી હતી. તે શેહેર હજી ૧૫ મેલ દૂર હતું, અને એક સરખી મુસાફરી ચાલુ કરી હતે તો દિવસ ઉગવા પેહેલાં ત્યાં પોહોંચી જતે. પણ માર્ગમાંજ એક વિઘ્ન નડયું. 'દૂસા'નાં મેદાનમાંથી અમો પસાર થતા હતા તેટલાં થોડા અંતર ઉપર કાંઇ કાળુ ધાનું જણાંયું, અને હસ હસ એવો અવાજ આવવા લાગ્યો. એશું છે તે અમો મન સાથે વિચારતા હતા તેટલાં અમારા ઉંટો એકદમ દોડધામમાં પડી વાકા તીકા મની કુદકા મારવા લાગ્યાં. આથી અમો પ્રથમતો બય પામ્યા, પણ પછી કારણ જણાયું કે તીડોને જોઇ તેઓ ખુશીમાં આવ્યા હતા. આ તીડો 'ડાકના' તરફથી ઉત્તર તરફ જતાં માર્ગમાં રાતની થંડી હવાને લીધે એકત્ર થઇ બેઠા હતા. તેઓ સહવાર સુધી તેમજ બેસી રહેતે પણ અમારા કાફલાનાં ઉંટોની ધૂમચકરીથી બીતાં ને તેમની ઉડાઉડથી ઉંટો પણ ધબરાટમાં પડયા. પણ અમારા કાફલા માહેલા આરબો તો એટલી બધી ખુશીમાં આવ્યા કે તેઓએ ઉંટોપરથી ઉતરી પડી દોડાદોડી કરી જેને જેટલા તીડ મલ્યા તેટલાનાં પોટકાં બાંધવા માંડયા. કેટલાક લોકોએ તો પોતાના અહન પરના કપડાં વટીકમાં તીડો બાંધી લીધા"

"હિંદુસ્તાન સિરિઆમાં જેમ તીડના ટોળાથી પ્રજા ભય પામે છે તેમ અરબસતાનમાં કોઇ ડરતાં નથી, પણ તીડોનાં ટોળા દેશમાં આવે એવી સદા પ્રાર્થના કરતાં રહે છે. આથી

રીતે બે ઠેકાણે ફરક રહેવાનું કારણ પણ છે. તેમાં મુખ્ય કારણ કહીએતો બે દેશમાં તીડ જૂદા જૂદા પ્રકારનાં હોય છે. સિરિઆનાં તીડ લીલાં રંગનાં, નાહના હોય છે. સિરિઆ, મેસોપોતેમિઆ, ઇરાક વગેરે પ્રાંતનાં લોકોને તીડ ખાતા કદી ઉપલા, મુસાફરોએ દીઠા ન હોતાં.પણ દુકાળ સમયે કદાચ ખાતા હોય એવો શક લઇ જવામાં આવે છે. મધમાખના ટોલાની ઉપરી જેવી તેમની એક રાણી હોયછે તેવીજ તીડના ટોળાની ઉપરી પણ એક રાણી કહેવાયછે, આ રાણી પોતાનાં ફરજ્જ પ્રમાણેજ માતેલી-હોય છે, પણ તેને ઝાઝાં અધિકાર મળેલાં જણાતાં નથી. અરબસ્તાનમાંનાં તીડ સિરિયાનાં તીડ કરતાં મોટા હોય છે, તેમનો રંગ લાલાસપર હોય છે અને લંબાઈ તથા જાડાઇ આપણી આંગળી જેવડી હોય છે, આ તીડને શેકી પર તળી યા ઉકાળી ખાધાથી ઘણાં સ્વાદિષ્ટ લાગે છે, ત્યાંની પ્રજા તીડને બારી ખાય છે"

દક્ષિણ હિંદુસ્તાનમાં ઘણી ખરી જમીન ઓડાતી હોવાથી ત્યાં તીડના ટોલે ટોલાં ઉતરી પડયા છતાં તેમને ઈંડા મેળવા લાયક જમીન મળતી નહિ હોવાથી તેઓ આ પ્રાંતમાં સ્થાયી વાસ કરી શકતાં નથી. પણ સિંધ પ્રાંતનાં ઘણા ખરા ભાગોમાં પંજાબ અને રજપુતાનામાં જમીન રેતીની હોવાથી ત્યાં તીડોને ઈંડા મેળવાની સગવડ મળે છે, આથી ત્યાં તીડનો ઉપદ્રવ દર વર્ષે ચાલુ રહે છે.

તીડોનો નાશ કરવાનું વધારે સેહેલ તેઓ પૂર્ણ અવસ્તામાં આવવા પહેલાં ઈંડાની અવસ્તામાં હોય છે ત્યારે છે. માર્ચ, એપ્રિલ માસમાં તેઓ એ ઈંડા મેલયા તે ખોદી કાઢી તેને છુંદી છુંદી તદન એકરસ કરવાં, તેમજ જમીનને હળવડે ખેડી હોય ત્યાં તેમને ઘણી ઉંડી જમીનમાં પૂર્યા હોય ત્યાંથી પણ તે ઉપદ્રવ આપવા બાહેર નિકળી શકે છે. માટે તેમના ઈંડાનોજ ભોંદો કરી નાખ્યાથી તેમની વસ્તી વધી શકતી નથી. રાવલપિંડી જીલ્લામાં એક વરષે એવીજ રીતે એમનો નાશ કરવામાં આવ્યો હતો. ત્યાં એકથી બે માસમાં લગભગ ૫૦૦ મણ ઈંડાનો નાશ કરવામાં આવ્યો હતો.

જો ઈંડાનો સંહાર નહિ થઈ શકે તો તેમ ને બચપણમાં પાંખ હોતી નથી ત્યારે તેઓ એકજ દિશા તરફ જવાનું કરે છે, તે વેળા થોડે થોડે અંતરે અકેક ખીલનાં ચરખોદવા અને તેઓ જેવા ખાડામાં પડે યા તો ઝાડુ વડે ખાડામાં સેરવી ઉપર માટોડી ભરવી. જો તે ઉડતી સ્થિતિમાં હોય તો જે વેળા રાત્રે તે વિસામો લેવા ટોળાં થઈ બેસે છે ત્યારે કપડાંથી યા બાળાંથા તેમને પટકી મારવામાં આવે છે. તેમજ થંડી પડતી હોય ત્યારે તેમને મારવાનું વધારે સારૂં. કેમકે, તડકે પડવું નથી ત્યાં સુધી તેઓમાં ચપળતા આવતી નથી.

ઈ૦સ૦ ૧૮૮૫-૮૬ આગમજ હિંદુસ્તાનમાં તીડોનાં ટોળે ટોળાંએ ઉતરી પડી ઉપદ્રવ આપવા માંડયો ત્યારે બ્રિટીશ સરકારે જગે જગ ખાસ ખાતાં સ્થાપી તેમના હસ્તગ સંખ્યાબંધ માનસોની ટોળીઓ આપી તીડોનો નાશ કરાવ્યો હતો, તેમજ બારે કદની ચાદરો બનાવી જ્યાં ટોળાં થાય ત્યાં તે વડે છાપો મારી તેમનો નાશ કરાવ્યો હતો, તેમજ તીડ ચોકસ વજનમાં લાવી આપનારને ઇનામો આપી તેમને બાળીને નિર્મૂળ કર્યા હતા, આજ મુજબ ૧૯૦૪ માં ગુજરાત તથા દક્ષિણ મહારાષ્ટ દેશમાં તીડોએ બારે ઉપદ્રવ આપ્યો હતો.

તીત્તર—આ શેકારી પક્ષી એશિયા, યૂરપ અને ઉત્તર આફ્રિકામાં પુશ્કળ જણાયછે. આ પક્ષી પોતાનો માળો ભોંયમાં કરમાઇ પડેલાં પાંદડા અથવા સૂકા ઘાસથી બાંધી તેમાં માદા ૧૪થી ૨૦ ઈંડા લીલાસ પડતા રંગના મેળે છે. બચ્ચાં ઈંડામાંથી સેવાઇ નિકળતા ચાલહાલ કરી શકે છે. તીત્તરની માદા પોતાના બચ્ચાંની ઘણી સંભાળ લીયે છે અને તે કામમાં નર પણ મદદ કરે છે, આ પક્ષીને અનાજના ખેતરમાં ફરવાનું બહુ ગમે છે.

તીનાવેલી—મદ્રાસ ઇલાકામાંનો એક જીલ્લો. ક્ષેત્રફળ ૫૩૮૧ ચૌરસ મૈલ છે. એની ઉત્તરે અને ઉત્તર પૂરવે મદુરા જીલ્લો, દક્ષિણે અને દક્ષિણ પૂરવે મનારનો અખાત, પશ્ચિમે દક્ષિણ ઘાટ. આ જીલ્લાની ઉત્તર દક્ષિણ લંબાઇ ૧૨૨ મૈલ અને પોહળાઇ ૭૪ મૈલ છે. ૧૮૭૧ માં વસ્તી ૧૬૯૩૯૫૯ ની ને ૧૮૮૧ માં ૧૬૯૯૭૪૭ ની હતી. જીલ્લામાં ૩૯ શેહેરો તથા ૧૪૫૮ ગામડાં છે. વસ્તીમાં જાતી વર્ગ—૧૪૬૮૯૭૭ હિંદુ, ૪૦૬૪૬ ખ્રિસ્તી, ૮૯૭૬૭ મોહમેદન છે.

આ જીલ્લો અત્યંત ફળદ્રુપ છે. તેનો ૫૩૮૧ ચૌરસ મૈલ ભાગમાંનો ૧૪૦૩ ચૌરસ મૈલ ભાગ વેરાન ને ૧૧૭૮ ચૌ. મૈ. ખેડવા લાયકનો છે, અને ૨૮૦૦ ચૌ. મૈલ ખેડાયલો છે. મુખ્ય પાક તરહેવાર જાતી ધાન્ય અને તંબાકુ ગુળી, રૂડી, નારીયળી, કેળાં, સોપારી મરચાંનો થાય છે.

આ જીલ્લામાં મોતી તથા શંખ કાઢવાના કારખાન છે. જીલ્લામાં ૬૫ મૈલ રેલરોડ છે. મુખ્ય શેહેર તિનાવલી, પાલમકોટા, તુતીકોરીન, શ્રીવિલપતૂર છે. અત્રે વસતી પ્રજામાં ૧૬૨૬૧૫ તામીલ, ૩૫૬૦૪૮ તેલંગી, ૧૪૦૭૬ કાનડી, ૭૫૦૮ હિંદુસ્તાની ભાષા બોલે છે. જીલ્લામાં ૧૯ ઈંચ ઉપર વર્સાદ પડે છે. ગરમી ૧૦૪°૫ અંશ ને થંડી ૬૭°૪ અંશ પડે છે.

મુખ્ય શેહેર તનાવલ્લીમાં ૧૮૮૧ માં ૨૩૨૨૧ ની વસ્તી હતી ને ૧૮૬૧ માં ૨૪૭૬૮ની હતી. તેમાં ૨૧૨૫૮ હિંદુ, ૧૫૩૮ મોહમેદન અને ૪૨૫ ખ્રિસ્તી છે. અત્રે એક પ્રાચીન કાળનું દ્રવિડિયન કારીગરીનું સુંદર મંદીર છે.

તીમિંગીલ—અંતરિક્ષામાં આ નક્ષત્ર લાંબે વેર પસરેલો છે, તેની લંબાઈ તરફ જોતાં તેમાં ઝાઝા તારા નથી, તેનું માથું મેષરાશિના છેક પગ તળે છે. એનું માથું, ગરદન, ખાંધ ચોપગાં જનવર જેવાં છે. આગલા પગ નાહનાં હોઇ તેના આંગળાં વચમાંથી સાંધેલાં છે, બાકીની પુછડી ઉતરતી માછલી પ્રમાણે લંબાયલી છે.

તીરંદાજી—પ્રાચીન કાળથી જગતમાં આ હુન્નર લઢાયક વર્ગમાં પ્રસિદ્ધ છે. અતિ દૂરથા ચીજ, શેકાર યા દુશમનને નેમ તાંકી છેદવા માટે આગલા જમાનામાં તીરકામઠાંનો ઉપયોગ સાધારણ હતો; અને તેથીજ લશકરનો મુખ્ય ભાગ તીરંદાજ સિપાહોનો રહેતો હતો.

પ્લેટોના જણાવવા મુજબ એપોલો દેવતાએ તીરકમાન પ્રથમ બનાવ્યાં હતાં. ક્લોડિઅસ નામનાં કલ્પિત અને મંદરાજ સાએરનાંવિચાર પ્રમાણે 'સિસોલીયું' પ્રાણીનાં તીર જેવાં પિછાં જોવાથી તીર બનાવવાનો પ્રથમ વિચાર મનુષ્યોને સુજ્યો.

પુરાતમ ઇજીપશિયન તથા ઈરિની લોકો તીર બનાવવામાં ઘણા ચાલાક જણાયલાં છે. મેસિડોનિયન પાદશાહ ફીલિપથી જ્યારે 'એસટર' નામનાં પુરૂષને અપમાન મલ્યું ત્યારે તેણે (એસટરે) ફીલિપની તરફ એક તીર ફેંકયું અને તેની ઉપર "ફીલિપની જમણી આંખ ઉપર ફેંકયું છે" એવા બોલો લખ્યા હતા. ત્યાર બાદ તેની જમણી આંખ ઉપર લાગ્યું, જેથી તે આંખ ફુટી ગઇ. "જો ફીલિપ શેહેર લેશે તો 'એસટરને' ફાંસી દેશે" એવા બોલો સાથે ફીલિપે તેવુંજ તીર એસટર તરફ પાછું ફેંકયું અને ફીલિપે પોતાનો બોલ પાલ્યો હતો.

આગલા જમાનામાં તીરંદાજીનો હુન્નર ખાસ ઉસ્તાદોની રાહબરી તળે પાદશાહ તથા સરદાર જાદાઓને શિખવવામાં આવતો અને સીપાહો માટે ખાસ તેની શાળા સ્થાપન કરવામાં આવી હતી; જેઓ પોતાના ઉસ્તાદની રાહબરી તળે ખાસ રોકેલા મેદાનમાં નેમ તાકવાનું શિખવા જતા અને તે ઉપરાંત પટાબાજી, કમંદબાજી વગેરે અંગળનું શિક્ષણ પણ મેળવતા.

પ્રાચીન કાળનાં એક ધરાની તીરંદાજનો નવાઇ જેવો દાખલો નોંધાયલો છે, કે,

મિનોચહેર અને અક્રાશિઆઅ વચ્ચેની લઢાઇ પછી જ્યારે સુલ્હે થઇ ત્યારે બેઉ રાજ્યની સરહદ નક્કી કરવા માટે તે વેળાનાં એક જાણીતા તીરંદાજ એરીસ (અર્યન)ને દમાવંદના પહાડ નજદીકથી પૂર્વ ભણી તીર ફેંકવા જણાવ્યું, અને તે તીર કમાનથી છુટતાં જ્યાં જઈ પડે તે જગ્યાને રાજ્યો વચ્ચેની સરહદ દાખલ કબુલ કરવી, એવો ઠેકાવ થયો. એરીસે સહવારના પોહોરમાં એક તીર પુરતા જોરથી ફેંકયો તે છેક ઉડતો ઉડતો મધ્ય બપોરે જીહૂન (ઑક્ષસ) નદીના કાંઠા ઉપર જઇ પડયો અને તેથી ઑક્ષસ નદીપર બેઉ રાજ્યની હદ બંધાઇ હતી. ઇરાનમાં આગળ બધી લઢાઇ તીરંદાજીથીજ લઢવામાં આવતી હતી. ગ્રીકો સાથની લઢાઇ પણ તીરંદાજી સાથનીજ હતી.

તીરંદાજીની અસાધારણ કુશળતા માટે પ્રાચીન આર્ય જમાનામાં ક્ષત્રી રાજા તથા બ્રાહ્મણો વખણાઈ ગયા છે. ગુરૂ તરીકે દ્રોણાચાર્ય અને અશ્વથામાં તથા રાજાઓમાં શ્રીરામચંદ્રજી, અર્જુન, દુર્યોધન, પૃથુરાજ વગેરે નૃપતિઓ તીરંદાજીમાં મશહૂર થયા છે.

આગલા વખતની અસાધારણ કળાભરી તીરંદાજીનાં હિંદુ કથા જ્ઞાનમાંથી જે દાખલા મળે છે તે આશ્ચર્યકારક હોવા છતાં આજે તે ખાસ માની શકાય તેવા છે, કારણ કે હાલમાં એક રજપૂત* ઝાલા સુરતાન સંહજી નામે ઠાકોર હિંદુસ્તાનનાં જૂદા જૂદા ભાગોમાં પ્રાચીનકાળની ધનુરવિદ્યાનાં પ્રયોગો જાહેરમાં કરી બતાવી જોનારાઓની ખાતરી કરી આપી છે.

અર્જુને એક સમે અંધારી રાત્રે ધનુષ્યવડે બાણો ફેંકવાનો અભ્યાસ કરવા માંડયો ને તેમાં કુશળતા મેળવી. એક દિવસે કારીગરોએ બનાવેલા બનાવટી ગરંજ પક્ષીને ઝાડ ઉપર ટંગાવ્યું અને પછી સર્વ રાજકુમારોની પરિક્ષા કરવા માટે દરેક જણના હાથમાં તીર કમાન લઈને એક પછી એક અનુક્રમે તે ગરંજ પક્ષી ઉપર બાણો છોડવા દ્રોણાચાર્યે ફરમાવ્યું. તે વખતે દ્રોણાચાર્યે પ્રથમ યુધિષ્ટિરને કહ્યું કે આ ઝાડપરનાં ગરંજ પક્ષીને તમો દેખો છો ? યુધિષ્ટરે હા પાડી. પછી ફરીથી પુછયું કે મને તથા તમારા ભાઇઓને દેખો છો ? યુધિષ્ટરે કહ્યું કે સર્વને દેખું છું. ત્યારે ગુરૂએ કચવાઇ જઇને યુધિષ્ટિરને કહ્યું કે, ખસી જાઓ તમારાથી આ નિશાન વિંધી શકાશે નહિ. તે પછી બધા શિષ્યોએ ઉપર મુજબજ જવાબ આપવાથી ગુરૂએ સર્વને દૂર કર્યા. પછી છેલ્લે અર્જુનને પુછયું કે "આ ગરંજને, મને તથા ઝાડને દેખો છો ?" અર્જુને જવાબ દીધો કે, " એકલા ગરંજને દેખું છું." ગુરૂએ પુછયું. કે, "આખા ગરંજને દેખો છો ?" અર્જુને કહ્યું કે " ફકત ગરંજનું માથું દેખું છું." પછી ગુરૂએ તુરતજ બાણ મારવાની આજ્ઞા કરી. એટલે અર્જુને તિક્ષણ બાણ વડે ગરંજના માથાને વિંધી નીચે પાડયું.

બીજો દાખલો આજ મહાન તીરંદાજ અર્જુન વિશેનો મળે છે કે, પાંડવો એક સમે દ્રુપદની રાજધાનીમાં ગયા. ત્યાં દ્રુપદ રાજાએ પોતાની કુંવરી દ્રૌપદીના સ્વયંવરની જાહેર ખબરમાં એમ જણાવ્યું હતું કે-"અમે તૈયાર કરાવી રાખેલા ધનુષ્યમાં દોર ચઢાવી અમારા આપેલાં પાંચ બાણોને એકી વખતે ફેંકી આકાશમાં ભ્રમણ કરતા યંત્રનાં છિદ્રોમાંના એક છિદ્રમાંથી આરપાર કહાડીને તે યંત્રની ઉપર રાખેલા નિશાનને જે કોઇ વિંધશે, તેનેજ મારી કન્યા વરશે." આ સ્વયંવર વખતે દુર્યોધન, કરણ, શિશુપાલ, અને જરાસંધ આદિ ઘણાક બળવાન રાજાઓ અને રાજકુમારો હાજર થએલા હતા. પરંતુ તેમાંના કોઈથી કરાવ પ્રમાણે ધનુષ્યની દોરી ચઢાવીને નિશાન પાડી શકાયું નહિ. પણ અર્જુને આ કામ કર્યું. તેથી રાજકન્યા દ્રૌપદીએ અર્જુનને વરમાળ પેહેરાવી હતી.

સાસાનીયાન તખક્કાના બેહેરામગોર બાદશાહ પણ અથંગ તિરંદાજ હતો. તેના વિશે પણ એવી એક ઇતિહાસિક પ્રસિદ્ધ બીના જાહેર છે કે એક હરણને એવી રીતે તીર માર્યો કે તે હરણ જ્યારે પોતાનો કાન પાછલા પગે ખજવાવતું હતું ત્યારે તે કાન અને પગને સાથે વિંધી નાખ્યા હતા.

હિંદુસ્તાનમાં બીજો એક યાદગાર દાખલો પૃથુરાજ ચોહાણે અપંગ આંખ છતાં શહાબુદ્દીન ઘોરીને તીર વડે વિંધી નાખવાનો ઈતિહાસમાં નોંધાયલો છે. (જુઓ પૃથુરાજ ચોહાણ.)

ઈંગલંડની તવારીખ ઉપરથી જણાય છે કે પેહેલા વિલ્યમના રાજઅમલ આગમજ ત્યાં તીરંદાજીનો હુન્નર જાણીતો હતો, પણ તે પછી તે મુસ્તકીમ પાયાપર મેળાયો હતો. આ કળા ઈંગલડ તરફના દેશોમાં છેક સત્તરમી સદી સુધી કાયમ હતી. તે વેળાના તીરંદાજો નાહનાં તેમ હલકાં બખતરો, ટુંકી તલવાર અને ૨૦ થી ૩૦ તીરોનો ભાથો પીઠ ઉપર બાંધી રાખતા હતા. તીરંદાજીની યાદગાર લઢાઇઓ તવારીખમાં જાણીતી છે. તેમાં ૧૩૫૬ ની ક્રેસી અને પોઇટીઅર્સની, ૧૪૧૫ માં એજીનકોર્ટની, ૧૪૨૩ માં ક્રાંવોટની, ૧૪૫૪ માં વરનુઇલની, અને ૧૪૨૯ માં રોવરની લઢાઈ થઇ હતી.

ફ્રાન્સનાં બે રાજાઓ ચાર્લસ ૭ માં તથા ચાર્લસ ૮ માંની ઘણી કોશેસ છતાં ફ્રેન્ચ તીરંદાજો ઈંગ્રેજ તીરંદાજોની બરોબરી કદી બી કરી શકયા નહિ હતા.

આઠમાં ચાર્લસે ૧૪૪૮ માં 'ફ્રેન્ચ આર્ચસ' ની એક ખાસ નવી તુકડી ઉભી કરવાનો હોકમ આપ્યો હતો, અને ખાસ એવો કાયદો કાઢયો હતો કે તે તુકડી માટે દરેક પ્રગણાઓ પોતા તરફથી અકેક તીરંદાજ રાખવો. પણ એ પગલું બી એટલું તો થોડી ફતે પામ્યું કે રાજાને આખરે પોતાના ઇંગ્રેજ હરીફોની સામે થવા માટે સ્કૉટીશ તીરંદાજોને પોતાનાં લશકરમાં નોકરીએ રાખવા પડયાં હતાં.

ફ્રેન્ચ તીરંદાજો પોતાના અંગ ઉપર જાડા કપડાનાં કવરવાલા ભેંસના ચામડાનો એક દગલો પેહેરતા, અને તેઓની જોડે તેમનાં ઢાલબરદારો પણ રહેતા હતા. એજ ઢબે ૧૪૫૧ માં 'બેયોન' ના ઘેરાની વેળા ૨૦૦૦ તીરંદાજો પોતાનાં ઢાલબરદારો સાથે 'કાઉન્ત ડી ફોઇ' નામના સરદારનાં હાથ તળે લઢયા હતા.

દારૂગોળાની શોધ પછી પણ તીરકામઠાંનો ઉપયોગ લાંબા કાળ સુધી ચાલુ હતો. ઈ૦ સ૦ ૧૫૦૦ અને ૧૫૦૨ માં 'કેપુઆ' તથા 'પીનેબર્ગ' ના બે ઘેરાઓમાં તીરકમાન છુટથી વપરાઈ હતી, એટલુંજ નહિ પણ ૧૫૭૨ માં ઇલીઝાબેથે નવમાં ચાર્લસ રાજાના અખત્યારમાં જે ૬૦૦૦ સીપાઇઓ આપવાની કબુલાત આપી હતી તેઓમાંના અરધા અરધ તીરંદાજો હતા.

હુન્નરમંદ તીરંદાજોની કમાનથી છુટેલા તીરોથી પોતાનો બચાવ કરવા માટે તે વખતનાં હરીફો પોતાના તમામ બદન ઉપર બંધબેસતા બખતરો પેહેરતા હતા, અને તેથી ઘણી વેળા તે તીરંદાજો પોતાની સઘળી ચાલાકી છતાં લાંબો વખત સુધી પોતાના દુશમનોનાં દિલ ઉપર કશી ધજા કરી શકતા નહોતા. કારણ કે તે તીરો લોખંડના બખ્તરને અથડી ભાગી જતા યા વળી પડી જતા. પણ તેમને તીરંદાજો બીજી યુક્તિથી કોઈ વેળા ઠાર કરી શકતા તે એમ કે બખતરથી તમામ શરીર ઢાંકવામાં આવતું હતું બરૂં

* ઝાલા સુરતાનસિંહજી ઉત્તમ નિશાનબાજછે. એ કાઠીયાવાડ માહેલા લીમડી રાજ્યના ભાયાત રંગપુરના ગરાશીઆ છે.

તેઓ બેલો નીચે મુજબ કરી બતલાવે છેઃ- પતરાં વચ્ચે છેદ પાડી* છેદમાં અનાર બાંધી પતરાંને ખુબ ફેરવી ફરતાં પતરામાંથી અનારને ગોળી મારવી.

માનસના હાથમાં નારંગી આપી તે નારંગીને ગોળી મારી ઉડાડી દેવું, ને હાથને ધજા થાય નહિ.

ગાતાં ગાતાં ફરતાં નીશાનને ગોળી મારવી.

અવાજ સાંભળી તે ઠેકાણે ગોળી મારવી.

પણ મ્હોડા સામેનો ભાગ મીજાગરાવાલો બનાવેલો રહેતો, જેથી લઢતાં લઢતાં તે પરદો ઉઘાડી પાણી પી શકાતું. પણ જેવો તે પાણી પીવા પરદો ઉઘાડતો કે નેમકો તીર આવી તેની આંખ અથવા મ્હોને વિંધી નાખતો.

સ્પેનિશ કમાન આગલા વખતમાં વધુ વખણાતી હતી, કે જે વડે એક તીર ૩૦૦ વારથી પણ વધારે દૂર ફેંકી શકાતો, પણ તે વખતના તીરંદાજો ઓછામાં ઓછું ૨૪૦ વાર દૂર તીર ફેંકી શકતા હતા. ૮ માં હેન્રિ રાજાએ પોતાના વખતમાં એક ખાસ કાયદો એવો ઘડાવ્યો હતો કે જેથી કોઇ પોતાની જુવાનીના પુર જોશમાં પોંહચવા-બાદ ૨૪૦ વારથી ઓછે તફાવતે તીર ફેંકે તે ભારે મોટા દંડને પાત્ર થતો.

સોળમી તથા સત્તરમી સદીઓ દરમ્યાન જેવા તારીફલાયક તીરંદાજો થઇ ગયા તેવા હાલમાં કેથે જણાતા નથી.

ઈંગલંડની હેરો તથા ઇટન નામની પ્રખ્યાત પાઠશાળાઓમાં તીરંદાજીની તાલીમ છોકરાંઓને આગળ આપવામાં આવતી હતી, અને ખાસ કરી 'હેરો' ની સ્કુલમાં તો આ હુન્નર ઘણા મ્હોટા પાયા ઉપર શિખ-વવામાં આવતો હતો. આ સ્કુલમાં પરિક્ષા દરમ્યાન જે સહુથી સરસ તીરંદાજ નિવ-ડતો તેને એક રૂપાનો તીર ભેટ કરવામાં આવતો હતો.

હાલમાં યૂરપનાં જણીતા શેહેરોમાં તીરં-દાજીની કલબો સ્ત્રી તથા પુરૂષોએ સ્થાપન કરી છે. આવી તીરંદાજીની 'મેચો' દર વર્ષે સ્ત્રી પુરૂષો વચ્ચે રમાય છે. જે વખતે જોવાજોગ રચના થાય છે.

તીર્થંકર—જૈનોમાં થએલા ૨૪ સાધુઓ. જેમાંના નામો નીચે મુજબ છે. ઋષભ, અજીત, સંભવ, અભિનંદન, સુમતી, પદ્મ-પ્રભુ, સુપાશર્વ, ચંદ્રપ્રભુ, પુષ્પદંત, સિતાલ, શ્રેયાંશ, વસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, તંતી અથવા શાંતિ, કુંમુ, અર, માલિ, મણિસુવ્રત, નમિ, નેમી, પાશર્વનાથ અને મહાવીર. એટલે વર્દ્ધમાન સ્વામી. આ સઘળા તીર્થંકર અહર્ત પછી ૧૦૦૦ વર્ષમાં થઇ ગયા છે. (જુઓ અહર્ત.)

તીર્ફળ—ગોવામાં એના બિયાંની છાલનો ઉપયોગ મસાલો બનાવવામાં કરે છે. એની છાલમાંથી નિકલતું તેલ અતિ પાચક છે. એના મૂળમાંથી નિકળતું દ્રવ્ય ખાવામાં લેતાં બેહદ પિશાળ છુટે છે.

તીરૂપતિ—મદ્રાસ ઇલાકામાંના ઉત્તર આર્કોટ ચંદ્રાગિરિ તાલુકામાંનુ શેહેર, મદ્રાસથી ૮૪ મૈલ ઉપર છે. 'લોઅર તીરૂપતિમાં' લોક વસ્તી ૧૩,૨૩૨ ની છે. તેમા ૧૨૬૪૫ હિંદુ તથા ૫૪૪ મોહમેદન છે. ઉપલા તીરૂપતિમાં વસ્તી ૧૫૧૮ ની છે જેમાં સર્વે હિંદુઓ છે.

દક્ષિણ હિંદુસ્તાનમાં અત્રેના પર્વત ઉપરનો 'પેગોડા' ઘણો પૂજય મનાય છે. અત્રે વિષ્ણુની પવિત્ર મૂર્તિ છે અને પેગોડામાં કદી પરજાતને દાખલ કરવામાં આવતી નથી, માત્ર ૧૮૭૦ માં ચોકસ ખૂનની શોધ અર્થે યૂરોપિ-યન ન્યાયાધિશને માત્ર માહે જવા દેવામાં આવ્યો હતો.

૧૮૪૩ સુધી આ પેગોડામા ભેટ કરવામાં આવતા નાણા બ્રિટીશ સરકારને મળતા હતા, પણ તે પછી સર્વ ભેટો ત્યાંના મહંતને મળતી કરવાનો હોકમ થયો હતો. આગળ દર વર્ષે આ પેગોડાની સરકારને બે લાખ રૂપ્યાની આવક થતી હતી; પણ તે પછી ત્યાંના મહંતને ત્યાંની સર્વ પેદાયશની બક્ષેસ કરી. ત્યાંની આવક જાવકના હિસાબ ઉપરથી જણાય છે કે, ૨૧૧૭૩૦ રૂપ્યાની આવકમાંથી ૧૪૬૬૧૦ રૂપ્યાનો ખર્ચ થાય છે. અને બાકીનો નફો ૬૪૮૨૦ રૂપ્યાનો થાય છે. ઉપલા પેગોડા શિવાય ત્યાં અનેક નાહનાં મંદિરો છે. જે ટેકડી ઉપર પવિત્ર મંદીર છે. તે ટેકડી સમુદ્ર સપાટીથી ૨૫૦૦ ફીટ ઉંચી છે. અને તેના ૭ શિખરો જૂદા જૂદા મંદિરો ધરાવે છે. આ મંદિર કલીયુગના આરંભમાં (ઈ. સ. પૂર્વે ૩૧૦૦ માં) બાંધવામાં આવ્યું હતું.

અને આથી આ મંદીરનું મહત્વ દક્ષિણ હિંદુસ્તાનમાં ૫૦૦૦ વર્ષ થયા મનાય છે.

તીલવણ—આ વનસ્પતિનાં ક્ષુપ સિંધ પ્રાંત, બલુચિસ્તાન, પશ્ચિમ હિંદુસ્તાન અને કોકણમાં તથા દક્ષિણ હિંદુસ્તાનમાં ઉગે છે, તેની ઉપર નાહાનાં લાંબા દાંડવાવાલાં સફેદ રંગના ફુલો અને લાંબી ગોળ શિંગો આવે છે. એના પાંદડાની દડી બનાવી દુખતા ભાગ ઉપર બાંધતાં તે જગ્યા લાલ બની દુઃખ નરમ પડે છે. કાનમાં ચસકા મારેછે ત્યારે તેનો રસ બનાવી તે માહે રેડવાથી નરમ પડેછે. એની હિંગ જેવી ઉગ્ર ગંધ આવે છે. એની બીજી જાતીને 'દૂર દૂર્યા' કહે છે. (Cleome Viscosa) એની છાલ ઔષધિમાં ઉપયોગીછે.

તીલા—ઓખારામાં સોનાના ચલણી નાણા તરીકેનો ચાલતો સિકકો; એ ૧૨ શિલીંગ ૬ પેન્સની કિંમતનો ગણાય છે. પાદશાહી 'તીલાસી' ઓખારામાં જાણીતું છે. તેમજ ઓખારા, બોકંદ અને બીવાના તીલા પણ જૂદી જૂદી બનાવટના જાણીતા છે. ઓખા-રાના તીલાની કિંમત ૧૧ શિલીંગથી ૧૩ શિલીંગ ઉપજે છે. તેનું સોનું ઘણુંજ સ્વચ્છ ને નિખાલેસ રહે છે. બોકંદી તીલા ૮ શિલીંગ ૯ પેન્સ અને બીવાના તીલાની કિંમત ૮ શિલીંગ ૪ પેન્સની ઉપજે છે.

તુંગભદ્રા—આ નદી તુંગા અને ભદ્રા આ બે નદીઓ મળી બનેલી છે. તુંગા નદી પશ્ચિમ તરફની છે. એ બિદનૂરની દક્ષિણે ઉત્પન્ન થઇ પ્રશાન્ય તરફ વહે છે, અને ભદ્રા નદી એ મંગનૂરની સામી પારે બાબા બુદન નામે ડુંગરની હાર છે ત્યાંથી નિકળી ઉત્તર તરફ વહે છે; આ બેઉનો સંગમ હોલીહોન વાડા પાસે થાય છે. ત્યાંથી તેને તુંગભદ્રા નામ પ્રાપ્ત થઇ તે પછી એનો પ્રવાહ ઉત્તર તરફ વહે છે. પછી આ નદી પશ્ચિમ તરફ વલાણ લઇ ફરી પૂર્વ તરફ વળી કરનૂલ પાસે ઉત્તર અંક્ષાસ ૧૬ અને પૂ૦ રે૦ ૭૮—૧૫ ના સુમારમાં કૃષ્ણાને મળે છે.

તુંગભદ્રાને અનેક નાહની મ્હોટી નદીઓ મળે છે, તેમાંની વેદવત ઉર્ફ યાજીની નામે નદી છે, તેની લંબાઇ સુમારે ૨૦૦ મૈલની છે.

તુંગસિક ભાષા—તુરાનીયન ભાષામાંની આ એક ભાષા ચીન દેશમાં ઉત્તર સરહદથી સાઇબિરિયા સુધી અને પશ્ચિમ રેખાંશ ૧૩ સુધી પસરેલી છે. ભાષા બોલનારી પ્રજાની સંખ્યા ૭૦૦૦૦ ની છે, આમાંની એક જાત ચીનદેશના અધિરાજ્યને તાબે છે, તેને 'મન્દ શુ' કહે છે. ઇ. સ. ૧૬૪૪ માં એ લોકોએ ચીન દેશ જીતી હાલનાં રાજવંશની સ્થાપના કરી. આ પ્રજા જે પ્રાંતમાં વસે છે તેમને માનચુરિયન કહે છે.

તુંજીન—આ કાશમિરનો મહા દયાળુ રાજા ઇ૦ સ૦ પૂર્વે ૧૦૩ માં થઇ ગયો, એણે ૩૬ વર્ષ રાજ્ય અમલ કર્યું હતું, એની રાણી 'વાકપુષ્ટા' નામે હતી, એણે તુંગેશ્વર મહાદેવનું મંદિર બંધાવી 'કાર્તિક' નામે શેહેર વસાવ્યું હતું. એના અમલમાં દ્રપાયન ઋષિનો અંશભૂત અંન્દ્રક નામે કવિ થઇ ગયો, જેણે જોવાજોગ નાટકો રચ્યા હતા. એના અમલમાં બરફના ભારે વર્સાદથી મ્હોટો દુષ્કાળ પડયો હતો, તે વેળા રાજાએ પ્રજાનું પાલન પોતા પાસે જ્યાં સુધી ધાન્ય હતું ત્યાં સુધી તે ભૂખે મરતાંઓને વેંહેચી તેમનું રક્ષણ કર્યું હતું, પણ બધું પુરૂં થતાં રાજાએ નિરાશ થઇ પોતાનો આત્મઘાત કરવા વિચાર કર્યો, કે રાણીએ પોતાના સતી બળથી પ્રાર્થના કરી કે જેથી આકાશમાંથી 'હોલા' પક્ષીઓ અસંખ્ય હેઠે પડયા, જે ઉપર પ્રજાએ પ્રાણ રક્ષણ કર્યું, ને પછી તરતજ વર્સાદ વરસવાથી પ્રજા સુખી થઇ હતી. આ રાણી હજી કાશમિરમાં 'બાકપુષ્ટાવતી'ને પૂજ્ય નામે ઓળખાય છે. આ રાણી પોતાના પતિ સાથે સતી થઈ બળી મુઇ હતી.

તુર્તાકારીન—તિનાવલ્લી જીલ્લામાંના ઓતાપ દ્રમ તાલુકાનું બંદર શેહેર. વસ્તી ૧૬૨૮૦ની હોઇ તેમાં ૯૮૭૭ હિંદુ, ૪૬૮૭ ખ્રિસ્તી, ૧૪૧૭ મોહમેદનો છે. અતરે દર સાલ વર્સાદ

માત્ર ૧૬·૧ ઈંચ વરસે છે. ઈ૰ સ૰ ૧૭૦૦ માં આ ગામમાં ૫૦૦૦૦ ની વસ્તી હતી. પોર્ટુગીઝોનાં હાથથી ૧૭મી સદીમાં ડચોને હાથ ગયું હતું, અને ૧૭૮૧ માં આ તરફનો સર્વ ભાગ ઈંગલીશોને હાથ આવ્યો હતો. અત્રેની વસ્તીમાં ૩૦ ટકા રોમન કેથોલિક છે. ગામમાં અનેક કેથોલિક દેવળો અને યૂરોપિયન મહો છે. ૧૮૭૫ માં અત્રેથી દક્ષિણ હિંદુસ્તાનની રેલ્વે પસાર થઇ હતી, અને ત્યારથી એ એક રેલ્વેનું જંકશનનું મુખ્ય મથક થયું છે.

અતરેનું બંદર ૮ ફીટ ઉંડું છતાં તે સલામતી ભર્યું છે. મ્હોટાં વહાણો કિનારેથી ૨॥ મૈલ ઉપર લંગર કરે છે. અત્રેના એક ટાપુ ઉપર ૧૮૭૪માં દીવાદાંડી બાંધવામાં આવી હતી.

તુપ કરિયા—આ વનસ્પતિ વિશે ડૉ૰ ઉદયચંદ્ર જણાવે છે "કે એ વર્સાદમાં ખેતરની બાજુમાં ઉગે છે. લતાકસ્તૂરી, તૂપકહી, ચિકણી અને ચાનિ જસવંદ આ સર્વ જૂદી જૂદી જાતનાં તુપકરિયાં છે. તુપકરિયાંના મૂળીયાં સેહેજ કડવાં, ચીકણા હોય તેનો કાહવો રેચક, મૂત્રલ અને વિર્યસ્થંભક છે.

તુપિમોહ—(જુઓ મોહડાં.)

તુમર—હિંદુસ્તાનમાં ઉગતું ૩૦ થી ૩૫ ફીટની ઉંચાઇનું એક ઝાડ. એની ઉપર એપ્રેલ માસમાં સફેદ રંગના પુલો આવે છે. એનાં ફલો નારંગી જેવડાં હોય છે, અને તેનો રંગ ચળકતો પિળો હોય છે. તેની બાહેરની છાલ અતિ નરમ અને દેખાવમાં સારી હોય છે, તેનો સ્વાદ ખાટો હોય છે. આ ફલો સપટેંબર મહિનામાં પાકે છે. નવાં ઝાડ બિયાંમાથી ઉત્પન્ન થઈ શકે છે. એ સાધારણ જમીનમાં પણ ઉગી શકે છે. એને ૮ દિવસે પાણી સીપવું પડે છે.

તુર—આ બોલ બરાની તવારિખમાં તુર્કસ્તાનનાં દેશ માટે વપરાયલો છે કે, જે દેશ સાથે બરાનીઓને જમાનાઓ સુધી વેર બાઝયું હતું. આ મુલકનું નામ તુર પડવાનું કારણ ફરેદુને તુર નામના શાહજાદાને જે દેશ વારસામાં આપ્યો તેનું નામ તુરકસ્તાન હતું અને તેથી ત્યાંના વતનીઓ તુરાનીયન ગણાયા છે. ફરવનદીન યષ્ટ તથા બુનદેહેશમાં એને તુર કહેલો છે.

તુર્કસ્તાન—આ ઓટોમન શેહેનશાહાત અથવા ઓસમાલી શેહેનશાહાત આજે યૂરપ, એશિઆ અને આફ્રિકાના જુજ ભાગમાં પસરેલું છે. પણ આગલા કાળમાં આ શેહેનશાહત સહુથી બળવાન અને મ્હોટો વિસ્તાર ધરાવનાર હતું. જે ભાગને યુરપમાંનું તુર્કસ્તાન એવી હાલમાં સંજ્ઞા છે તેટલા ભાગનો તુર્ક રાજ્યમાં સમાવેશ થતો નહોતો, પણ ગ્રીસ, બલગેરિયા, રૂમેલિયાનો પૂર્વ ભાગ રોમેનિયા, સર્વીયા, બૉસ્નિયા, હરઝેગોવ્હીના, ઝમાનિયા, અને રશિયાનો દક્ષિણ ભાગ આ પ્રાંત સુધાં આગળ તુર્ક અમલ તળે હતો. તે સિવાય બરાનની સરહદ સુધી એશિયા માઇનર પ્રાંત, બજમ, સિરિયા, ત્રિપોલી, ટ્યૂનિસ, આલજીયર્સ, ભૂમધ્ય સમુદ્રમાંના અનેક ટાપુ, અને અરેબિયાનો વિશાળ પ્રદેશ એ સર્વ તુર્ક રાજ્ય તળે હતું, આ સર્વ સંસ્થાનોની લોક વસ્તી હાલમાં ૫,૦૦,૦૦,૦૦૦ ની છે, ને તેનો વિસ્તાર ૨૦૦૦૦૦૦ ચૌરસ મૈલનો છે. એટલે રશિઆ બાદ કરતાં બાકીનાં રહેલા યૂરપ ખંડ કરતાં બમણો છે. આવી મોટાઇએ જે આગળ રાજ્ય પુગું હતું તે હાલમાં તદન સંકોચાઇ ગયું છે અને એક પછી એક આ રાજ્યમાંથી પ્રાંતો જૂદા પડ્યા હતા.

આલજીયર્સ અને ટ્યૂનિસ આ પ્રાંતો ફ્રાન્સનાં રાજ્યમાં ૧૮૩૦ માં શામિલ થયા, આથી ૧૭૫૦૦૦ ચૌરસ મૈલ દેશ અને ૫૦૦૦૦૦૦ ની વસ્તી તૂર્ક અમલમાંથી ગઇ. બજીપ્તનું રાજ્ય હાલમાં સ્વતંત્ર જેવું જ છે. તેનો વિસ્તાર પાંચ લાખ ચૌરસ મૈલનો ને વસ્તી ૯૦,૦૦,૦૦૦ ની છે. એશિયા ખંડમાંના પ્રાંતમાં માત્ર ઝાઝો ફરક થયો નથી.

હાલનું તુર્ક રાજ્ય—	વિસ્તાર ચૌરસ મૈલ—	લોક સંખ્યા.
યૂરપમાં...	૬૫૦૦૦	૪૫૦૦૦૦૦
એશિઆમાં	૭૩૦૦૦૦	૧,૬૦,૦૦૦૦૦
આફ્રિકામાં (ટ્રિપોલી) ...	૪૦૦૦૦૦	૧૦,૦૦,૦૦૦
જુમલે—	૧૧,૯૫૦૦૦	૨૧૫૦૦૦૦૦
ખંડીયા રાજ્યો—	તેમનો વિસ્તાર.	લોક વસ્તી.
બલગેરિયા (પૂર્વ રૂમેલિયા સાથે)	૩૮૦૦૦	૩૩૦૦૦૦૦
બોસેનિયા અને હર્ઝી ગોવિના) (આસ્ટ્રિઆમાં)	૨૪૦૦૦	૧૫૦૦૦૦૦
સાયપ્રસ (બ્રિટીશ સત્તાતળે) ૧૮૭૮થી)	૩૭૦૦	૨,૧૦,૦૦૦
બજમ	૪૦૦૦૦૦	૯૮૦૦૦૦૦
જુમલે—	૪,૬૫,૭૦૦	૧,૪૮,૧૦,૦૦૦
કુલે ગણત્રી મુજબ	૧૬,૬૦,૭૦૦	૩,૬૩,૧૦,૦૦૦

આગળ આ રાજ્ય અતિ બોહોળા વિસ્તાર ઉપર સત્તા ભોગવતું હતું, તેને જગે હાલમાં માત્ર ઉપર જણાવ્યા મુજબના વિસ્તાર ઉપર સ્વતંત્ર સત્તા ભોગવે છે, ત્યારે બાકીના ભાગ ઉપર નામનું વડપણ ધરાવે છે. પ્રથમ સાઇબિરિયા અને બૉસેનિયા આ પ્રાંતોની સત્તા આસ્ટ્રીયન સરકારને હાથ ગઇ. તે પછી વૉલેશિયા અને મૉલ્ડેવ્હિયા એ પ્રાંતો એક બની તેનું રૂમેલિયા નામનું સ્વતંત્ર રાજ્ય બન્યું. બલગેરિયા પ્રાંત જોકે સ્વતંત્ર નથી તોય ત્યાં નામના વડપણ શિવાય હાલમાં તુર્ક સત્તા રહી નથી. તેમજ હાલ રૂમેલિયાનો પૂર્વ ભાગ પણ બલગેરિયામાં દાખલ થયો છે. ગ્રીસનું રાજ્ય તો સ્વતંત્ર બનવા લાંબો વખત થયો, તેનો વિસ્તાર ૨૫૦૦૦ ચૌરસ મૈલ છે ને લોક વસ્તી ૨૦૦૦૦૦૦ ની છે. યૂરપમાં તુર્કસ્તાનનાં રાજ્યનો વિસ્તાર એક સમે ૨૩૦૦૦૦ ચૌરસ મૈલ હતો અને તેનાં વસ્તી ૨૦૦૦૦૦૦ ની હતી. તેજ વિસ્તાર હાલમાં ઘટી ૬૫૦૦૦ ચૌરસ મૈલ ને તેમાં વસ્તી ૪૫૦૦૦૦૦ની છે, એટલે ૨/૩ દેશ અને તેના પ્રમાણ પ્રમાણેની વસ્તી તૂર્ક અમલ તળે નિકળી ગઇ છે.

એશિઆમાં આવેલો તુરકીનો મુલક હિંદુસ્તાનનાં કદથી અરધો છે. એ દેશનાં પાંચ મુખ્ય ભાગ કરવામાં આવ્યા છે. એ પાંચ ભાગોઃ—એશિયામાઇનર, આરમેનિયા અને કુરદીસ્તાન, મેસોપોટેમિયા, સિરિયા અને અરબસ્તાન છે.

સુલતાનની સલતનતને તાબેનાં યૂરપમાં આવેલા તુરકીને તુરકી લોકો રૂમેલિયાના નામથી ઓળખે છે. રૂમેલિયામાં ગ્રેસ અને મેસિદોનિયા પણ સમાઈ જાય છે. આ દેશોની ભૂમિ પહાડી છે. આ દેશમાં બાલકન પર્વતો આવેલા છે. ઓલિમ્પસ કે જે ગ્રીસની સરહદ ઉપર આવેલું છે તેને દેવતાઓના રહેઠાણ તરીકે ઓળખવામાં આવે છે. દક્ષિણમાં મૈાંટ એથોસ આવેલા છે, જ્યાં ૬૦૦૦ સાધુઓ રહે છે. ઋતુ નરમ અને સુખાકારી ભરી છે. ઠંડી અને ગરમી બન્ને અતિશય છે. લોહું મુખ્ય ખણીજ પદાર્થ મળે છે. જમીન ફળદ્રુપ છે પણ ખેતીવાડી બરાબર ખેડાયલી નથી. મુખ્ય ખેતી

ઘઉં, મકાઇ, બાજરી, તંબાકુ, કપાસ અને સણની ચાલે છે. ફળફળાદી દક્ષિણમાં ઉગાડવામાં આવે છે. અતરે અત્તર બનાવવા માટે ગોલાબની ખાસ ખેતી કરવામાં આવે છે, તેમજ ઢોરો ખાસ ઉછેરવામાં આવેછે.

ઇજીપશિયન તરફી એ શેહેનશાહાતનું ખંડીયું રાજ્ય છે. માત્ર ત્રીપોલી (ત્રણ શેહેરો) સુલતાનના તાબા હેઠળ છે. કિનારાનાં ભાગો ફળદ્રુપ છે, પણ માહેલા ભાગો તીના રણથી છવાયલાં છે. દેશની પેદાશ ઘઉં, બાજરી, ચોખા, મકાઇ, જવ, તંબાકુ, સણ, રૂ, લવંગ, અંજીર, નારંગી અને દરાખ છે. જંગલમાં હિંસક પ્રાણીમાં સિંહ પુશકળ છે. આ ભાગમાં જીવજંતૂને ઉપદ્રવ છે.

યૂરપીયન તરફીમાં નામદાર સુલતાનની પાંધરી સલતનત હેઠળનાં મુલકોમાં તુરકી, ગ્રીક અને આલબેનિયન લોકો એકસરખી સંખ્યામાં વસે છે; અને તેઓની વસ્તી કુલે વસ્તીનાં ૭૦ ટકા જેટલી છે. બીજી જાતોમાં સરવિયન, બલગેરીયન, રૂમેનિયન, આરમિનિયન, મેઘવાર જીપસી, યાહુદી અને ખ્રિસ્તીઓ છે. એશિઆટિક તુરફીમાં તુરકીઓની મ્હોટી વસ્તી હોઇ તેમાં ૪૦ લાખ આરબોની પણ વસ્તી છે. એ ઉપરાંત ગ્રીક, સિરિયન, કુર્દ, સરકેશિયન, આરમિનિયન, યાહુદી વગેરે બીજી ઘણી પ્રજા પણ વસે છે. આફ્રિકન તરફીમાં બરબર્સ તથા કાબિલિયસને નામે ઓળખાતી પ્રજાઓ વસે છે. જેઓ અસલી આરબો અને યાહુદીઓ ઉપરથી ઉતરી આવેલા છે. મુખ્ય પ્રજાની વસ્તી નિચે મુજબ છે :—

યૂરપિયન તુર્કસ્તાનમાં તુર્ક પ્રજા	૨૦૦૦૦૦૦
,, ,, ગ્રીક અને બલગેરિયન	૧૩૦૦૦૦૦
,, ,, આલબેનિયન્સ	...૧૫૦૦૦૦૦
એશિઆમાં તુર્ક પ્રજા	.....૭૦૦૦૦૦૦
,, કુર્દ પ્રજા	.....૧૦૦૦૦૦૦
,, ગ્રીક પ્રજા	.....૧૦૦૦૦૦૦
,, આરમેનિયન્સ	.....૨૦૦૦૦૦૦

તુર્ક રાજ્યમાં ૧,૫૦,૦૦,૦૦૦ મુસલમાનોની વસ્તી છે, તેમાં ખુ એશિયામાં ૧,૨૦,૦૦,૦૦૦ ની મોહમેદન પ્રજા છે.

તુર્કસ્તાનને તાબેનાં મુખ્ય આગેવાન શેહેરનામ નીચે મુજબ વસ્તી છે :—

કૉન્સટન્ટીનોપલ	૮૭૩૫૬૫
એડ્રિઆનોપલ	૭૭૮૬૦૩
સેલોનિકા	૫૬૬૩૦૮
મોનેસ્ટરી	૪૯૭૯૩૦
જેનીના	૫૧૩૨૧૬
સ્કુતારી (આલબેનિયા)	૧૦૨૮૧૫
કાસોવા	૫૬૧૨૮૨
કુલે	...૪૨૯૩૭૨૩

તેમાં ૨૩૨૯૦૦૦ પુરૂષો ને બાકીની સ્ત્રીઓ.

તુર્ક રાજ્ય દરિયાઇ અને ખુશકીનું ગંજાવર લશકર ધરાવે છે. આ દેશમાં કોઇ પણ મોહમેદન ૨૭ વર્ષની ઉમરનો થાય કે તે લશ્કરી નોકરી કરવાને બંધાય છે, અને તેની મુદત ૨૦ વર્ષ સુધીની હોય છે. જેઓ મોહમેદન હોતાં નથી તેમની પાસેથી તે ફર્જનાં બદલામાં દર માણસ દીઠ રૂ ૪–૮ નો એક કર લેવામાં આવે છે. લશકર ત્રણ ભાગમાં વેહેંચાયલું છે, જાથુકનાં લશકરને 'નિઝામ'ના નામથી ઓળખે છે; જેઓ નિઝામનાં લશકરમાં તાલીમ લઇ ચુકેલા હોય છે તેમને ધંધો કરવા દેવામાં આવે છે, પણ કોઇ કોઇ વેળા તેમને ફરજ ઉપર તેડવામાં પણ આવે છે. જ્યારે ત્રીજો ભાગ દેશ ઉપર હુમલો થાય ત્યારે જેઓને બોલાવવામાં આવે છે તેઓનોજ છે. સરકારની જુમલે સંખ્યા ૭૫૦૦૦૦ ની છે, પણ શાંતતાની વેળા ૧૨૦૦૦૦ નું જાથુક સૈન્ય કાયમ રહે છે. ઇ૰ સ૰ ૧૮૮૦ માં અગત પડતાં સર્વ લશકરને એકત્ર કરવામાં આવતાં ૩૦૦૦૦૦ નું હથીયારબંધ કવાયદ પામેલું લશકર એકત્ર થયું હતું. નીજામી સૈન્યમાં ઇ૰ સ૰ ૧૮૯૭ માં ૨૦૦૦૦ સીપાહો હતા. આ રાજ્ય પાસે ૧૫૯ મ્હોટી તોપો અને ૩૦ પહાડી તોપો

છે. તે શિવાય કિલ્લા તથા બાંધકામો પર જુદી છે.

તુરકી સીપાહો બહાદુર અને સહનશિળ હોય છે. તેઓ થોડા ખોરાક ઉપર ગુજરાન કરી શકેછે, અને મુશકેલી ખમવામાં જબરા હિમ્મતવાન હોયછે. તુર્ક રાજ્ય પાસે આગળ ઘણી સ્ટીમરો તથા મનવારો હતી પણ જ્યારે તેને નાણાની ગરજ પડી, ત્યારે તે વેચી નાખી હતી. તેમજ છેલ્લી રશિયન લઢાઇમાં તેમનો મ્હોટો ધાણ નિકળયો હતો.

આ રાજ્યમાં ધારા બાંધવાની અને તેને અમલમાં મેલવા માટેની સત્તા બે મોટા અમલદારો, જેઓ સુલતાનની દેખરેખ હેઠળ હોય છે તેઓનાં હાથમાં છે. રાજદ્વારી બાબદમાં વડો વજીર છે, જ્યારે ધર્મને લગતી બાબતમાં શેખ-ઉલ-ઇસલામ છે. મુખ્ય સનદી અમલદારોને એફન્ડી, બે અથવા પાશાને નામે ઓળખવામાં આવે છે.

વડા વજીરનાં હાથ હેઠળ ૧૨ પ્રધાનો હોય છે. આખી શેહેનશાહત ૩૧ સરકારમાં વેહેચાઇ ગએલી છે અને તે ૩૧ સરકારના પાછા વિભાગ કરવામાં આવેલા છે. દરેક સરકાર ઉપર એક ગવરનર જનરલ નેમવામાં આવે છે જેને 'વાલી'ના નામથી ઓળખવામાં આવે છે. તે સુલતાનનો પ્રતિનિધી હોયછે અને તેને મદદ કરવાને એક ઇલાકા કાઉનસીલ હોય છે, જે કાઉનસીલનો તે વડો કેહવાયછે. પ્રાંતો, જીલ્લા, તાલુકા ઉતરતા અમલદારોનાં અમલ તળે મેલાય છે.

આ રાજ્યમાં આવક કરતાં ખર્ચ વધારે થતો હોવાથી ઘણી વેળા સરકારને ભીડમાં રેહવું પડે છે. ૧૮૭૫–૭૬ માં મેહેસુલ ૧૯૧૦૬૩૫૨ પૌંડની ઉપજી હતી ને ખર્ચ ૨૩૧૪૩૨૭૬ પૌંડનો થયો હતો. ૧૮૭૯–૮૦ માં મેહેસુલ સુમારે ૧૪૦૦૦૦૦૦ પૌંડ ઉપજી હતી ને ખર્ચ ૫૦૦૦૦૦૦૦ નો લઢાઇનાં ખર્ચ સાથે થયો હતો. ઇ૰ સ૰ ૧૮૯૪ માં ૯૪૫૦૦૦૦ પૌંડ મેહેસુલ ઉપજી (ટાઇમ્સ મુજબ) અને ખર્ચ ૧૨૦૦૦૦૦ પૌંડનો થયો હતો. ૧૮૯૭–૯૮ માં ઉપજ વધવાથી મેહેસુલ ૧૮૦૦૦૦૦ ની ઉપજી હતી.

આ રાજ્યે ૧૮૫૪ થી ૧૮૯૫ સુધીમાં ૨૦ વેળા લોનો કાઢી પ્રજાની કર્જદાર બની છે. જેનો જુમલે આંકડો ૧૩,૧૨,૨૮,૪૬૪ પૌંડનો થવા જાય છે. તેમાં રશિયાને નુકસાનીના ભરી આપવાનું કર્જ ૩,૨૦,૦૦,૦૦૦ પૌંડનું માથે છે. હાલમાં આ રાજ્યની મેહેસુલ ૧,૬૭,૦૦,૦૦૦ પૌંડની ઉપજે છે, પણ મોટા ખરચોને લીધે રાજ્ય કર્જદારીમાંથી બોકળું થતું નથી.

હાલનાં સુલતાન કરતાં આગલા સુલતાનો પોતાના જનાનખાનાનો તથા દોરદમામનો ભારે ખરચ રાખતા હતા. સુલતાન અબદુલઅઝીજનો વાર્ષિક બાદશાહી ખરચ ૩,૦૦,૦૦,૦૦૦ રૂપીયાનો હતો. તેના મેહેલમાં ૫૫૦૦ પુરૂષ અને સ્ત્રી નોકરો હતાં. માત્ર બાવરચીખાનામાં ૩૦૦ નોકરો હતા, અને તબેલામાં ૪૦૦ નોકરો હતા, તેમજ મેહેલમાં ૪૦૦ ગવયા તથા ૫૫૦૦ નોકરોનાં હાથ હેઠળ બીજા નોકરો મળી ૭૦૦૦ માનસોનું રોજ દરબારને ખરચે પોશણ કરવામાં આવતું.

તે પછીના સુલતાનના જનાનામાં ૩૦૦ રાણીઓ છે. આ જનાનખાનાનો ખરચ મોટા પાયા ઉપર ચાલે છે. જનાનામાં કોઇ પણ બીને પેટે જન્મેલાં છોકરાં હકદાર વારેસો તરીકે ગણાય છે. જનાનખાનામાંની ઘણીખરી સ્ત્રીઓ સરકેશિયન હોય છે. જનાનખાનામાં વડીનો ઓધો મેહેલની બુઢી દાસીને આપવામાં આવે છે. આ બુઢી સ્ત્રી સાથે કેટલાક બોજાઓ રાખેલા હોય છે, જેથી તેઓ સાથે મેહેલની બાહેર બનતા બનાવોને લગતું કામકાજ કરે છે. જનાનખાનાની સ્ત્રીઓ ઉપર તપાસ રાખવાને જે બોજાઓ રાખવામાં આવે છે તેના વડાનો ઓધો બહુ ઉંચા દરજ્જાનો તુરકીઓ ગણેછે.

જનાનખાનામાં નામદાર સુલતાન, તેના બાપ અને શાહજાદાઓ માટે બધી મળીને

૧૫૦૦ સ્ત્રીઓ હોયછે. આ સઘળી સ્ત્રીઓ સર્કેસિયા, જ્યોર્જીયા, એબિસિનિયા અને અરબસ્તાનના મુલકમાંથી ગુલામો તરીકે લાવવામાં આવેછે. તેઓની ખુબસૂરતી અને હુશિયારી પ્રમાણે તેઓને કેલવણી આપવામાં આવે છે. જુવાન અને ખુબસૂરત છોકરીઓને ગાતાં તથા નાચતાં શીખવવામાં આવે છે.

તુર્કસ્તાનના ઇતિહાસ ઉપરથી જણાય છે કે તુરકીઓ તુરાનીયન પ્રજાનાં વંશજો છે. મધ્ય એશિયાની પ્રજાઓ અને મોંગોલ લોકો જે જાત ઉપરથી ઉતરી આવ્યા છે તેજ જાતના તુર્કીઓ પણ છે.

તેરમી સદીની અધવચમાં એક એવો પ્રસંગ આવ્યો કે એક દિવસે "આંગોરા" ગામ પાસે મોંગોલ લશકરે આયકો નિયમ નાં 'કેકોબાદ' નામનાં 'સેલ્જુકી' સુલતાન ને ઘેરી લીધો, શત્રુઓ વિજયી થવાપર હતા, પણ અકસ્માતિક સર્વ ઘોરણ ફેરવાઇ ગયું. એક તદન અજાણી ઘોડેસ્વાર ટોળી ત્યાં દાખલ થઈ. આ ટોળીએ શત્રુ ઉપર હુમલો કીધો અને તેથી સલ્જુકી સુલતાનનો જય થયો. આપણે કોણને મદદ કરીએ છિયે આ પેલા સ્વારોને માલમ નહોતું, અને તે મુજબ સેલ્જુક લશકરને પણ તે લોકો કોણ છે એ ખબર નહોતી. એક નવા રાજ્યની સ્થાપના માટે આ એક કુદરતિ સંજોગ અને ચમત્કાર બન્યો. ખોરાસાન પ્રાંતમાં 'ઓગઝ' નામના એક તુર્ક કુટુંબની ઘણા દિવસો થયાં વસ્તી હતી. મોંગોલ સ્વારોના ત્રાસથી તેમને પોતાનું મથક છોડી દઈ પશ્ચિમ તરફ હટવું પડયું. આ કુટુંબનાં સુલેમાન નામના શખસનો 'એ ટ્રોગુલ' નામે એક બેટો હતો, આ સમયે એ ટ્રોગૂલ એ યૂફ્રેતિસ નદીને કાંઠે વિશ્રાંતિ માટે મથક કરી પડયો હતો. અને 'ઍનાટોલિયા તરફ જવાનો વિચાર કર્યો હતો તેટલાં માર્ગમાં એકાએક આંગોરાના રણ સંગ્રામમાં ભાગ લીધો. આ વેળા એની પાસે ૪૪૪ સિપાહો હતા. સેલ્જુક સુલતાને એટ્રોગૂલને ઇનામમાં 'એસ્કિ' શેહેરનો પ્રાંત (પ્રાચીન નામ ડોરિલેયમ') આપ્યો, આ લઢાઇમાં એટ્રોગૂલ પેહેલી હરોલમાં હોવાથી તેની યાદગારી માટે આ પ્રાંતને ત્યારથી 'સુલતાનોની' (એટલે રાજ્યનો અર્ધ ભાગ) એ નામ આપ્યું, અને હાલ પણ એ નામ ચાલુ છે. આ શેહેર મલ્યા પછી એટ્રોગૂલને સુગટ વગેરે શેહેરો પણ મલ્યાં, જ્યાં ઓસ્માનનો જન્મ ૬૦ સ૦ ૧૨૫૮ માં થયો. આ ઓસમાનેજ (ઑટોમને) તુર્ક રાજ્યનો પ્રથમ મજબુત પાયો નાખેલો કહે વાય (જુઓ એન્દેબાલી ઓટ્રોગ્રૂલ.)

તુરકી રાજ્યની તવારીખનો આ પેહેલો ઝળકતો બનાવ છે કે, ઓસમાને અથવા ઓથમાને આ રાજ્યની સ્થાપના કરી તેથી તુરકીઓ ઓથોમાનને નામે ઓળખાય છે. ઓસમાનના સમયમાં તુરકીઓની સત્તા વધવા માંડી અને તેની પુઠે આવનારાઓએ ૧૩૫૪ માં યૂરપની અંદર 'ગાલી પોલી'નું શેહેર લઇ પોતાના પેહેલા સંસ્થાનની સ્થાપના કરી. ૧૩૬૧ માં સુલતાન અમુરથ અથવા મુરાદે એડ્રિયાનોપલ લઇને તેની રાજ્યધાની સ્થાપી. તેના છોકરા બાઝાઝેટ અથવા બાયઝીદ જેણે મેળવેલી ઝડપી જીતો ઉપરથી ઇલ્દ્રીમ (વિજળી) નો ખેતાબ આપવામાં આવ્યો હતો, તેણે કૉન્સતન્ટીનોપલ ઉપર ઘેરો ઘાલ્યો, પણ તૈમુરે બજાઝેટને ૧૪૦૨ માં આંગરેસની લઢાઇમાં હરાવી કૉન્સતન્ટીનોપલને બચાવી રાખ્યું. ૧૧ મો કૉન્સતન્ટાઇન કૉન્સતન્ટીનોપલનો બચાવ કરતાં મરણ પામ્યો, અને ૧૪૫૩ માં મહમદ બીજાની સરદારી તળે તુરકીઓએ કૉન્સતન્ટીનોપલ જીતી લીધું કે તે વેળાથી 'બાઇઝેનતાઇન' શેહેનશાહાતની આખેરી આવી. ૧૪૭૫ માં ક્રાઇમિયા કબજે કરવામાં આવ્યું અને થોડાજ વખતમાં ગ્રીસ તથા ઇજીયનનાં ટાપુઓ તુરકીઓએ કબજે કીધાં. મહમદ બીજો ૧૪૮૧ માં મરણ પામ્યો તેની પાછળ તેનો દિકરો બાયઝીદ બીજો

ગાદીએ આવ્યો, તેણે લાંબો વખત સુધી રાજ્ય કીધું તેમાં કાંઇ બનાવો બન્યા હતા નહિ. તેના બેટા સુલીમ ૧લા એ ૮ વર્ષના ટુંક અમલમાં ઇરાનીઓને હરાવી કુરદિસ્તાન તથા સિરિયા લીધું. મામુલ્કોના હાથમાંથી મિસર જીતી લઇ, મક્કા તથા મદીનાં પોતાના તાબામાં લીધું. તેના બેટા સુલેમાને ઘણી મ્હોટી જીતો મેળવી હતી. તેણે રોહડ્સના ટાપુમાંથી સેંતજોનના નાઇટોને હાંકી મેળ્યા હતા. ૧૫૨૬ માં હંગેરિયનોને હરાવી તેણે હંગેરી તરફીના તાબામાં આણ્યું. ત્રણ વર્ષ પછી સુલેમાને વિયેના ઉપર ઘેરો ઘાલ્યો, પણ ૧૮ દિવસના ઘેરા પછી તેને ઘેરો ઉઠાવવાની ફરજ પડી હતી, પણ પાછળથી બીજા ઘેરા વખતે આર્ચ ડ્યૂકે મ્હોટી ખંડણી આપવાને કબુલ્યું હતું, ત્યાર પછી સ્પેનના કિનારા ઉપર સ્પેનિશોને કેટલીક હારો આપી હતી. સુલેમાન પછી સલીમ બીજો ગાદીનશીન થયો, તેણે ૧૫૭૧ માં લિપાનતો આગળ ઓસ્ટ્રીયા દોન જોનને હરાવ્યો હતો. સલીમના રાજ્યમાં તુરકી અને રશિયનો વચ્ચે પેહેલવેહેલી અથડાઅથડી થઇ હતી. ૧૬૬૨ માં તુરકીઓએ ઓસ્ટ્રીયા ઉપર ૪૦૦૦૦૦ માણુસોનાં લશકર સાથે ચઢાઇ કરી પણ તેમાં હાર પામ્યા હતા. બીજાં ૨૦૦ વર્ષ સુધી અનેક લઢાઇઓ કરી પણ શુરવીર ખ્રિસ્તીઓ સામે આ ઇસલામી ફોજ ફાવી નહોતી. ૧૭૮૯ માં સલીમ ત્રીજો ગાદીનશીન થયો તેના અમલમાં કેળવણીને મ્હોટું ઉત્તેજન આપવામાં આવ્યું હતું. તરકીશ લશકરમાં જનીસરીઝ નામના સીપાઇઓને લશકરી કેળવણી આપવાને કોશેસ કરવામાં આવી હતી, પણ તેઓ તેની વિરૂધ થયા હતા અને તેથી સુલતાનને ગાદી ઉપરથી ઉઠાડી મેળી મામી સુલતાનના વડા બેટા મુસ્તફાને ગાદી ઉપર બેસાડયો હતો. સલીમને પાછો ગાદી ઉપર લાવવાની કોશેસ થતાં મુસ્તફાએ સલીમને મારી નખાવ્યો હતો. સલીમના મરણ પછી મુસ્તફાને ગાદી ઉપરથી ઉઠાડી મેળી મહમદ બીજાને સુલતાન બનાવવામાં આવ્યો હતો. તેણે ગાદી ઉપર આવીને મુસ્તફાને મરાવી નાખ્યો અને તેની ૧૭૪ સ્ત્રીઓને ગુણપાટમાં સીવી દરિયામાં દુબાડી મારી નાખી હતી. તે જ્યારે ગાદી ઉપર આવ્યો તે દિવસે રાગલિયોના દરવાજા ઉપર ૩૩ માણુસોનાં ડોકાં લટકાવવામાં આવ્યાં હતા. ૧૮૨૧ માં ગ્રીસે બંડ કરી પોતાની સ્વતંત્રતા પાછી મેળવી પણ એ દેશને પાછો જીતી લીધો. ૧૮૩૯ માં અબદુલ મજીદ ગાદીનશીન થયો; તેના અમલમાં ઇજીપ્તના મહમદઅલીના બેટા ઇબરાહિમ પાશાએ તુરકી ઉપર ચઢાઇ કરી. ૧૮૫૩ માં ક્રાઇમિયાની લઢાઇ થઇ હતી. સેબેસ્તોપોલનાં ખ્રિસ્તીઓને ૧૮૬૦ માં કાપી નાખવામાં આવ્યા હતા. ત્યાર પછી અબદુલ અજીજ ગાદીએ બેઠો અને તેના મરણ પછી પાંચમો મુરાદ ગાદીએ આવ્યો, ને તે પછી તેના ભાઇ અબદુલ હમીદ ૧૮૭૬ માં ગાદી નશીન થયા એ હાલનો સુલતાન છે.

ઓસમાલી સુલતાનોની વંશાવળી.

(૧) મૂળ પુરૂષ—પેહેલો ઓસમાન (ઇ. સ. ૧૨૯૯)

(૨) ઓર્ખાન (ઇ. સ. ૧૩૨૬)

(૩) પેહેલો મુંરાદ (ઇ. સ. ૧૩૬૦)

(૪) પેહેલો બાયઝીદ (ઇ. સ. ૧૩૮૯)

શાહજાદો સુલેમાન | શાહજાદો મુરાદ

(ઇ. સ. ૧૪૦૩.) (૫) પેહેલેા મહમદ (ઇ. સ. ૧૪૦૨) (ઇ. સ. ૧૪૧૦)

(૬) બીજો મુરાદ (ઇ. સ. ૧૪૨૧)

(૭) બીજો મહમદ (ઇ. સ. ૧૪૫૧)

(૮) બીજો બાયઝીદ (ઇ, સ. ૧૪૮૧)

(૯) પેહેલેા સલીમ (ઇ. સ. ૧૫૧૨)

(૧૦) પેહેલેા સુલેમાન (ઇ. સ. ૧૫૨૦)

(૧૧) બીજો સુલેમાન (ઇ. સ. ૧૫૬૬)

(૧૨) ત્રીજો મુરાદ (ઇ. સ. ૧૫૭૪)

(૧૩) ત્રીજો મહમદ (ઇ. સ. ૧૫૯૫)

(૧૪) પેહેલેા મહમદ (ઇ. સ. ૧૬૦૩) (૧૫) પેહેલેા મુસ્તફા (ઇ. સ. ૧૬૧૭)

(૧૬) બીજો ઓસમાન (ઇ. સ. ૧૬૧૮) (૧૭) ૪થો મુરાદ (ઇ. સ. ૧૬૨૩) (૧૮) ઇબ્રાહિમ (ઇ. સ. ૧૬૪૦)

(૧૯) ૪થો મહમદ (ઈ.સ. ૧૬૪૮) (૨૦) બીજો સુલેમાન (ઇ.સ. ૧૬૮૭) (૨૧) બીજો મહમદ (ઇ. સ. ૧૬૯૨)

(૨૨) બીજો મુસ્તફા (ઇ. સ. ૧૬૯૫) (૨૩) ત્રીજો મહમદ (ઇ. સ. ૧૭૦૩)

(૨૪) ૧લેા મહમદ (ઇ.સ. ૧૭૩૦) (૨૫) ત્રીજો ઓસમાન (ઇ. સ. ૧૭૫૪)

(૨૬) ત્રીજો મુસ્તફા (ઇ. સ. ૧૭૫૭) (૨૭) ૧લેા અબદુલ હમીદ (ઇ. સ. ૧૭૭૩)

(૨૮) ત્રીજો સલીમ (ઇ. સ. ૧૭૮૯)

(૨૯) ચેાથેા મુસ્તફા (ઇ. સ. ૧૮૦૭) (૩૦) બીજો મહમદ (ઇ. સ. ૧૮૦૮)

(૩૧) અબદુલ મજીદ (ઇ. સ. ૧૮૩૯) (૩૨) અબદુલ અજીજ (૧૮૬૧)

(૩૩) પાંચમેા મુરાદ (ઇ. સ. ૧૮૭૬) (૩૪) બીજો અબદુલ મજીદ (૧૮૭૬)

આ દેશમાં ૨૪૩૩ મૈલ રેલ્વે ચાલુ છે. કૅાન્સતન્તીનેાપલ યૂરપનાં સઘળા પાયતખ્ત શેહેરેા સાથે રેલ્વે સંબંધ ધરાવે છે, અને એશિયામાઈનરમાં રેલ્વે બાંધવાનું કામ જર્મન સત્તાવાલાઓની કૃપાથી ચાલુ થયું છે. તેમજ દમાસ્કસ, મક્કા રેલ્વે સુલતાન તરફથી બંધાવવામાં આવે છે.

તરકીનેા મુખ્ય આયાત વેપાર સુજની, ખાંડ, કૅાફી અને ચેાખાનેા ચાલે છે. દરાખ, રેશમ, ઘઉં, બકરાનું ચામડું, ઉન, ઍપ્રીણ, કૅાફી અને ચામડાનાં રંગેાનેા મુખ્ય નિકાશ વેપાર ચાલે છે. દમાસ્કસ શેહેર ઘણીજ ધારદાર તલવારેા બનાવવા માટે જાણીતું છે. તેમજ તુરકી ગાલીચા શ્રેષ્ટ જાતીના બને છે. મુખ્ય કરી સ્મિરના ખાતેના ગાલીચા સુંદર ને ટકાઉ છે, તેમજ રેશમી કાપડ તરકીમાં વણાય છે.

કેળવણી માટે આ દેશમાં બે પ્રકારની શાળાઓ છે. એક મકતબને નામે અને બીજીમાં ઉચી કેળવણી આપવામાં આવે છે. છેાકરાઓને નાહની ઉમરે નિશાળે મેલે છે. આ નિશાળની ફી મહિને દહાડે માત્ર બે આના ૭ પાઈ જેટલી થાય છે. છેાકરૂં પેહેલવેહેલું નિશાળે જાય છે ત્યારે તેની મેાટી ક્રિયા કરવામાં આવે છે. છેાકરાંના હાથ રંગવામાં આવે છે, અને તેને કિંમતી પેાશાકમાં સજ કરી નિશાળે પધરાવવામાં આવે છે. તેના ગળામાં પેહેરાવેલા કેાથળામાં કેારાન મેળવામાં આવે છે. પ્રથમ કેારાન શિખવી પછી વધુ અભ્યાસ કરાવવામાં આવે છે.

આ તુર્ક પ્રજાનેા મુખ્ય પેહેરવેશ એક પેટી કસબી ભરતની તેમજ યૂરેાપીયનેા જેવેા પેાશાક હેાય છે. સ્ત્રીઓ ગેાળ ટેાપી પેહેરે છે જે ઉપર મેાતીઓ અને કિંમતી જવાહીરેા મેાટા સરઅવસરે ટાંકે છે. તેઓ પગમાં કિમતી ભરતકામની સ્લિપરેા પણ પેહેરે છે. કૅાન્સટન્ટીનેાપલમાં મ્હેાટે ખાંચરેના પુરૂષેા તથા સ્ત્રીઓ હાલમાં યૂરપીયન પેાશાકમાં પણ સજ થાય છે. તુરકી સ્ત્રીઓ બાહેર જતી વખતે માથાં ઉપરથી છેક આંખ સુધીનેા મજલીનનેા ઝીણેા બુરખેા નાખે છે, જ્યારે બીજો બુરખેા, જે પેહેલાં કરતાં થેાડેા જાડેા હેાય છે તે ચેહેરા ઉપર નાખવામાં આવે છે અને તેનેા ગાંઠ પીઠ ઉપર બાંધવામાં આવે છે. આ બે બુરખાથી બે આંખેા સિવાય ચેહેરા તથા માથાનેા સઘળેા ભાગ અને છાતી પણ ઢંકાઈ જાય છે. આખા દિલ ઉપર એક લાંબેા સાલ્લેા નાખવામાં આવે છે જેથી તમામ અંગ ઢંકાઇ રહે છે. કૅાન્સટન્ટીનેાપલમાં સ્ત્રીઓનાં બુરખા એટલા તેા બારીકમાં બારીક ખુમાસનાં બનાવવામાં આવે છે કે તેઓનાં ચેહેરા સાફ જણાઇ આવે છે.

તુર્ક **ભાષા** એ તુરાનીયન ભાષાની એક શાખા છે. તેને કૅાન્સટન્ટીનેાપલમાંની તુર્કી અથવા ઓરમાની ભાષા કહે છે. આ ભાષાઓ 'લીના' નદીના 'એડ્રિઆટિક' સમુદ્ર સુધી પસરેલી છે. તુર્કી વ્યાકરણ ઘણું મનેારંજક છે. મનુષ્યની માનસિક શક્તિનેા જે વિકાસ ભાષામાં હેાય છે તેનેા પૂર્ણ નમુનેા આ ભાષામાં જણાય છે, અને તે જોઇ ઘણું આનન્દાશ્ચર્ય લાગે છે. તે વિકાસનું પ્રથમથી તે આખર સુધી સઘળું સ્વરૂપ જેવી રીતે આ ભાષામાં જણાય છે, તેવી રીતે કેાઇ પણ ભાષામાં જોવામાં આવતું નથી.

તુરકેામાન—ઉજ્જડ પ્રદેશમાં વસાહત કરી રહેલી એક પ્રજા. એઓ અસ્ત્રાબાદથી હિરાત અને બલખના દક્ષિણ ભાગમાં તથા ઓકસસને કાંઠે બલખથી ઉરલ તરફ કાસપિયનની પશ્ચિમે, તથા બીજા ભાગેામાં તુર્કેામાન પ્રજા તંબુઓની વાછણીઓ મારી વસે છે.

૧—ચેાદર તુર્કેામાન કાસ્પિયનથી ઉરલ સુધી ૧૨૦૦૦ થી ૨૦૦૦૦ તંબુઓમાં વસે છે, એમનાં ૭ તાયફા છે.

૨—ઓરઝારી તુર્કેામાન ઓકસસના ડાબા કાંઠા ઉપર ૫૦૦૦૦ થી ૧૦૦૦૦૦ તંબુમાં વસે છે.

૩—અંધખૂય તુર્કોમાન અંધખૂય પાસે ૧૦૦ તંબુમાં વસે છે.

૪—કારા તુર્કોગાન જંગલી સ્થિતિમાં અંધખૂયને મર્વ વચ્ચે ૧૦૦૦ તંબુમાં વસેછે.

૫—સૅાલોર તુર્કોમાન બહાદુરી માટે અસૈલથી વખાણાયા છે. તેઓ મુરગાબાદથી મર્વ સુધી ૬૦૦૦ તંબુમાં વસે છે.

૬—સારી તુર્કોમાન પ્રજા મુરગાબને કાંઠે પંજદેહ સુધી ૯૦૦૦ થી ૧૦૦૦૦ તંબુમાં વસે છે.

૭—તાકે તુર્કોમાન ઘણાજ બળવાન અને શૂરવીર ગણાય છે. તેઓ ઉત્તર હારથી ગેાકગંદને ખીવા સુધી તથા મર્વશાહની બીજે પારથી તે ઓકસસ સુધી વસે છે. તેઓ ૪૦૦૦૦ થી ૬૦૦૦૦ તંબુમાં વસે છે.

૮—ગેાકલન તુર્કોમાન પ્રજા ખેતીવાડીનેા ધંધેા કરે છે અને તેઓનાં ૮૦૦૦ થી ૧૦૦૦૦ તંબુઓ ગેારનની ખીણમાં અને કુંદે સુધી વસેછે. તેઓ ઈરાનના શાહાના તાબાના મુલકમાં છે. તેઓમાં ૧૦ શાખા છે.

મેજર એલેાટના જણાવવા મુજબ તુર્કોમાન પ્રજાના જુમલે ૬૧૭૦૦ તંબુઓ, પ્રેાફેસર યામ બે મુજબ ૧૯૬૦૦૦ તંબુઓમાં ૪૫૮૫૦૦ થી ૯૮૨૫૦૦ માણસેા વસે છે.

આ પ્રજા કેાઇપણ રાજ્યની હકુમત ગણકારતી નથી. તેમના દરેક તંબુનેા વડેા તેમનેા સરદાર ગણાય છે ને ઘણા બુજોર્ગને વિશેષ માન અપાય છે. આ પ્રજા ૫ ફીટ ૭ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેઓ દેખાવડા ને મજબુત બાંધાના છે. તેઓ પેાતપેાતામાં ઘણા પ્રામાણિક હેાઇ પરેાણાગત કરવામાં મશહૂર છે. એઓ સુન્ની પંથનાં કહેવાય છે.

તુરફાન—પૂર્વ તુર્કસ્તાનનું એક શેહેર. તીનશાન પર્વતના ધેાળાવ ઉપર છે. વસ્તી ૩૦,૦૦૦ ની છે.

તુરાન—પ્રાચીન કાળમાં આ દેશ ઈરાનમાં ઉત્તર પૂવ ભાગમાં આવેલેા હતેા. આજ પ્રજા હાલમાં દુનિયાનાં જૂદા જૂદા ભાગેામાં મંગેાલિયન અને તુરાનીયનને નામે જણીતી છે.

તુરાની નામ આગલા ઈરાનીઓએ પરદેશી માટે ઘણું ખરૂં વાપરેલું જણાય છે. હાલમાં પણ જ્યૂ, રેામન, અને ગ્રીક પ્રજાને મૂર્તિપૂજક અને જંગલી કહે છે; તેમ હિંદુઓ પરદેશી કેામને મલેચ્છ, તેમ ચિનાઓ પરદેશીઓને 'ફાન' કહે છે.

કયૂવિયનના જણાવવા મુજબ આ પ્રજા જ્યારે ઉત્તર અને મધ્ય એશિઆમાં ફેલાઇ, અને હિંદની દક્ષિણ તરફ તથા પૂર્વ સમુદ્રનાં પૂર્વ ભાગમાં તથા જેપાન, કેારિયા, સાઇબિરિયા તરફ જૂદા જૂદા વિભાગેામાં ફેલાઇ ત્યારે તેઓ હાંગુસ, તુર્ક, મેાંગેાલ અને ફાનને નામે જણીતી થઇ.

મુખ્ય કરી તુરાની પ્રજા—પણ ખાસ કરી તૂર્કોતારતર પ્રજા પેાતાની બદમાશી, લુહારૂપણુ અને લઢવઇઆ તરીકેની ખાશીઅતથી ભય ઉપજાવનારી પ્રસિધ્ધ થઇ છે. આ પ્રજાનેા ધર્મ ઘણેાખરેા પહાડી પ્રદેશમાં વસતી પ્રજાને મળતેા છે. તેઓ ભૂત પિશાચ વગેરેને માની ઘેટાંનું બળીદાન આપે છે. મી૦ એટકીનસનના જણાવવા મુજબ હાલમાં પણ સાઇબિરિયા તરફ આ પ્રજા ઘેાડાનું બળીદાન આપે છે.

મી૦ હડસન જણાવે છે કે તામીલ, તિબેટીયન, ધન્ડેા, ચાઇનીજ, તંગુજ, ચાઈનીજ, મોંગેાલીયન્સ, અને તૂર્ક પ્રજા તુરાનીયન પ્રજાનીજ વંશજ છે.

તુરાની પ્રજા હાલમાં મધ્ય તથા ઉત્તર એશિઆમાંઃ—તારતર, ફાન, તુર્ક અને મગીયારને નામે પ્રસિધ્ધ છે. તુરાનીયન ભાષા હાલમાં યૂરેાપ તથા એશિઆના તમામ ઉત્તર ભાગ ઉપર અને ચીનથી પાઈરિનીજ અને કેપ કામેારીનથી કેાકેસસ અને લેપલેંડ સુધી ફેલાયલી છે. તુરાનીયન ભષા બેાલનારા ટેાળા ઉત્તર અને દક્ષિણ તરફનાં એમ જૂદા જૂદા ગણાય છે. ઉત્તર તરફનાને ઉરલ એલ ટીક કહે છે, જે પાંચ વિભાગમાં વેંહેંચાયલી છે. દક્ષિણ તરફની ભાષા ૪ વિભાગમાં વેંહેંચાયલી છે.

તુરી—આ ટેાળેા કુરમ નદીની ખીણમા વસે છે. તેઓ પાસે ૫૫૦૦ લઢાયક માનસેા છે. આ પ્રજા આગળ લુટફાટ કરી ઘણી ત્રાસ વરતાવતી હતી, આથી ૧૮૫૩માં કેપ્ટન કેાકે તેમની એક ટેાળીને ઘેરી તેઓએ લુટી આણેલી મતા છિનવી લઈ તેઓને સુલ્હેથી રહેવાની ફરજ પાડી. ૧૮૫૪ માં કેદ કરેલાઓને છેાડી મેળી તેમના ૪ માણસેાને જમીનગીરીમાં રાખ્યા હતા. પણ તે પછી ફરી તેઓએ આગળ મુજબજ લુટફાટ કરવાની શરૂઆત કરી ને ૨૦૦૦ તુરી લુટારાઓનું ટેાળું બ્રિટીશ ફેાજ ઉપર મીરાનઝાઈ ઘાટમાંતુટી પડયું હતું. ૧૭૭૮–૮૦ની કાબુલની લઢાઇ પછી કેરામ પાસ બ્રિટીશેાએ હાથ કરી તે વેળા તુરી પ્રજા સુલ્હે સંપજમાં રહી હતી.

તુરીયું—એના વેલા ઉગે છે. એના બીયાં વર્ષમાં બે વેળા રેાપવામાં આવછે. પ્રથમ વર્સાદની શરૂઆતમાં અને બીજી વેળા થંડીની આખેરીમાં. એની ખેતી માટે જમીન હળવડે ખેડી તેમાં ખાતર નાખી તૈઆર કરે છે, પછી ચરમાં એના બિયાં રેાપેછે અને વર્સાદની મેાસમ નહિ હેાય તેા ચાર પાંચ દિવસે પાણી સીંચવું પડે છે. એની ઉપર પિળાં ફુલેા આવે છે. એને વાવ્યા પછી સવા મહિને ફળેા આવે છે. આ ફળેા હાથ હાથ લંબાઇ સુધી વધે છે. વર્સાદમાં એની ઉપર મેાટાં ફળેા ઉગે છે પણ ગરમીમાં નાહના ફળેા આવેછે. એનાં બિયાં બે અઢી મહિના ઠારમાં રહેતાં તેથી ઉગતા વેલાપર ફળેા ઘણાં કડવાં આવે છે. એના વેલાને ઢેારેા ખાયતેા તે વેલા ઉપરનાં ફળેા કડવાં ઉગે છે, એમ જે સમજ છે તે વેહેમી છે. આ વેલા પર નર અને માદા જાતનાં જૂદાં જૂદાં ફુલેા ઉગે છે.

મૂતરખડા ઉપર તુરીયાનાં વેલાનાં મૂળ બામદાદમાં એક વાર એમ ત્રણ દિવસ પાય છે.

તુલશી—એનાં છેાડ બે હાથ ઉંચા વધે છે એમાં કાળી અને સફેદ એવી બે જાતી છે. તુલશી પર 'માંજરેા' આવે છે, અને તેમાં તેના બી વાવે છે. એ માંજરેાનેા તથા તુલશી દળનેા હિંદુઓ દેવપુજામાં ઉપયેાગ કરે છે. કાળી તુલશીનાં ઝાડ કાળા રંગના હેાય છે, અને એ સફેદ તુલશી કરતાં વધારે ગુણકારી છે. જે જગે તુલશીનાં છેાડ ઉગેલાં હેાય છે ત્યાં 'ઓઝેાન' ગ્યાસ ઉત્પન થતી હેાવાથી આસ પાસની ગ્યાસ શુધ્ધ બને છે. સઇબિરિયા પ્રાંતમાં (જંગલી તુલશીને જૈનયંતી તુલશી કહે છે) એનેા રસ તાપમાં પાય છે. બાળકેાને કરમનાં દર્દથી તાપ ચઢેછે ત્યારે ઉલટી થવા માંડે છે તે બંધ કરવા તેમને પણ પાંદડાનેા રસ પાવામાં આવે છે, વળી એના બી રકત અતેસાર બંધ કરે છે. દેશી વૈદેા તુલશીનાં પાંદડાના રસનેા ઉપયેાગ દવામાં ભારે છુટથી કરે છે.

તુલશીદાસ—આ મહાન કવિ હિંદુસ્તાનમાં ચિત્રકૂટ પાસેના હાજીપૂર ગામમાં જનમ્યેા હતેા. એ ગૈાડ બ્રાહ્મણની સરવરિયા શાખાનેા હતેા. એના પિતાનું નામ આત્મારામ પંડીત હતું. તુલશીદાસે રામાયણ ઘણીજ ઉત્તમ કવિતામાં લખેલું હેાવાથી તેને વાલ્મિકી અવતાર પણ કહે છે. એના પિતાએ એને વ્રતબંધ કર્યાથી એની પાસેથી ૧૨ વર્ષ સુધી બ્રહ્મચર્ય વ્રત કરાવી વેદાધ્યન કરાવ્યું. અધ્યન સમાપ્ત થતાં એનાં લગ્ન દેવી મમતા સાથે કર્યાં. એને આ સ્ત્રી સાથે ઘાડી મિત્રાચારી હતી, તેમાં એ ઘણેાજ સ્ત્રી લંપટ હતેા તેથી પેાતાની સ્ત્રીને પિયર મેાકલતેા નહિ, પણ એક વેળા એની ગેરહાજરીમાં એના પિતાએ તેણીને થેાડા દિવસ માટે પિયર મેાકલી, પણ તુલશીદાસને આ વાત રાત્રે ઘરે આવતાં જણાંતાં તે ઘણેાજ દિલગીર થયેા, એને સ્ત્રી વિના ચેન નહિ પડવાથી પેાતાના સાસરીયાં ઘર તરફ જઇ ચઢયેા, પણ બારણાં બંધ હેાવાથી ઘરમાં પ્રવેશ કરવા માટે શેાધ કરતાં એક બારીએ મેાટેા સર્પ વિટલાઇ લટકેલેા હતેા તેને

દ્વારનું સમજી તે પકડી તેની સાહ્યતાથી ઉપર ચઢી જઇ સ્ત્રીને મલ્યો. પણ મમતા દેવીએ તેને શા આધારે ચઢી આવ્યો તે પુછતાં તેણે દ્વારડાને લટકી ચઢી આવવાનું કહેતાં તેણીએ અજબ થઇ બત્તી વડે શોધ કરતાં એક મ્હોટા સર્પને લટકતો દીઠો. આ સર્પને જોઈ મમતા દેવી અજબ થઇ ધાબરી પડી બોલી "જેવું મ્હારી તરફ ચિત્ત ને પ્યાર ધરાવેછો તેવો જો ઇશ્વર પ્રત્યે ધરાવતા હતે તો તમારો જન્મ સાર્થક થતે. સ્ત્રીના આ વાક્યથી તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો, તે પછી ઓનીપર એક પિશાચ પ્રસન્ન થતાં તેની સાહ્યતાથી હનુમાનને મળી રામચંદ્રજીની ભેટ લેવા સામર્થવાન થયો હતો.

કવિ ચરિત્રમાં લખે છે કે તુલશીદાસે શાહાજહાન પાદશાહની મુલાકાત લીધી હતી, પણ એનો જન્મ શકે ૧૫૭૮ માં થયલો હોવાથી તે વખતે એની ઉમ્મર ૭ વર્ષની હોવી જોઇએ, પણ શાહાજહાન આ વેળા રાજ્યાસનપર નહોતો આથી આ બીના ખરી જણાતી નથી. મથુરા વૃંદાવનમાં 'નાભાજી' સાથે સત્તરમાં શાલિવાહન શકની શરૂઆતમાં મુલાકાત થઇ હતી. એની સાથે દરરોજ હજારો શાલીગ્રામો જમતા તેથી એની કીર્તિ ઘણી પસરી.

એક સમે એના ઘેરમાં ચોર ભરાતાં રામચંદ્રજીએ તેમનેં કેદ કર્યા હતા, તથા એક સાહુકારની પુત્રીને પુત્રમાં બદલી નાખવાને તુલસીદાસ શક્તિવાન થયો હતો એવી દંતકથાઓ પ્રસિદ્ધ છે.

તુલસીદાસનો ગુરૂ જગન્નાથદાસ હતો. ગુરૂ સાથે તુલશીદાસે અનેક ક્ષેત્રોમાં ફરી કાશી-ગયા પછી શકે ૧૬૦૯ માં રામયણ લખ્યું. આ રામયણ રચ્યું તે વખતે એનું વય ૩૧ વર્ષનું હતું. તે શિવાય રામગુણાવલી, ગીતાવલી અને વિનય પત્રિકા નામે ગ્રંથો રચ્યા. ઉપરાંત, પદ, દોહરા, ચોપાઇ તથા કવિતા અનેક રચેલી છે.

તુલશીપુર—ઔદ પ્રાંતમાં ગોંડ જીલ્લામાંનું એક પ્રગણું. એની ઉત્તરે હિમાલયની નીચલી હાર, પૂર્વે અર્નાળા નદી, દક્ષિણે બાલરામપૂર પ્રગણું અને પશ્ચિમે બહારીચ જીલ્લો છે. એનું ક્ષેત્રફળ ૪૯૯ ચૌરસ મૈલ હોઈ તેમાંનો ૩૧૫ ચૌરસ મૈલ ભાગ ખેડાણ તળે છે. મુખ્ય પાક બાજરી, ચોખા, ચણાનો થાય છે. વસ્તી ૧૩૨૧૭૫ ની છે. જેમાં ૧૦૭૬૭૪ મોહમેદન ૨૪૪૯૨ ખ્રિસ્તીઓ છે. જીલ્લામાં કુલે ૩૩૯ ગામડાં છે.

મુખ્ય શેહેર તુલશીપૂરમાં વસ્તી ૨૭૯૩ ની છે. આ ગામની દક્ષિણે આગલા રાજાએ બંધાવેલો એક મટોડીનો કિલ્લો છે.

તુલશીવિવાહ—તુલસી નામના વૃક્ષની અભિમાની જે દેવતા છે તેનું નામ પણ તુલશી છે. એ દેવતા લક્ષ્મિનો અવતાર છે. તેનો ભગવાન સાથે વિવાહ કાર્તિક શુદ્ધ ૧૨ ને દિવસે થયો હતો, તેથી તે દિવસે વૈષ્ણવો તુલસીનાં વિવાહ કરે છે. આષાઢી એકાદશીએ લીધેલા ચાતુર માસના નીયમો બારસે ભગવાનની સાંમે છોડવામાં આવે છે, અને તે નિયમોને માટે શાસ્ત્રમાં લખેલાં દાનો અપવાં પડે છે.

સાંજે તુલસી લગ્ન પ્રસંગે તુલસીનાં ઝાડને હળદ, કંકુ, બાંગડી, મંગળસૂત્ર વગેરે અર્પણ કરે છે. પછી તેના તથા કૃષ્ણની મૂર્તિની વચમાં અંતરપટ પકડી મંગલાષ્ટકો બોલી અંતરપટ દૂર કરે છે, અને તેની ઉપર અક્ષત નાખી દામોદર (વિષ્ણુ) ના હાથપર તુલસીનું દાન મુકે છે. આ લગ્નમાં નવી શેરડી તથા આમલી વગેરે પદાર્થ તુલસીને અર્પણ કર્યા પછીજ ખાવામાં આવે છે.

આ લગ્ન ઘરેઘર જ્યાં તુલસી હોય ત્યાં કરવામાં આવે છે. કન્યા દાનનું મ્હોટું પુન્ય હાંસલ કરવાનાં હેતુથી જે હિંદુઓને પોતાનાં પેટની પુત્રીઓ નથી તેઓ તુલશી વનસ્પતિનું દામોદર નામ ધારી શાલીગ્રામથી લગ્ન કરે છે.

બ્રહ્મ પુરાણમાં તુલસીનું એવું માહાત્મ કહેલું છે કે, "હે રાજન! જેના ઘરમાં

તુલસીનું વન હોય, તેનું ઘર તીર્થ જેવું પવિત્ર થાય છે, તે ઘરમાં યમદુત પેસતા નથી. અર્થાત તે પુરૂશને નર્ક યાતના ભોગવવી પડતી નથી. તુલસી વૃક્ષ વાવવાથી, તેનું પોશણ કરવાથી, તેનો સ્પર્શ કરવાથી, મનુષ્ય કાયા, વાચા અને તેના મનથી થયલાં પાપો દૂર થાય છે. તુલસીનાં તોરાથી વિષ્ણુનું અથવા શિવનું પુંજન કરનાર ગર્ભવાસથી છુટી મોક્ષને લાયક થાય છે. તુલસી વનની છાયામાં કરેલાં શ્રાદ્ધથી પિતૃને અક્ષય તૃપ્તિ મળે છે. કાર્તિક માસમાં ભગવાનને લક્ષ લક્ષ તુલસી દલ ચઢાવનાર દ્રવ્ય પાત્ર અને મોક્ષયોગ્ય થાય છે.

તુલસી વિવાહની કથા પદ્મ પુરાણમાં તથા કાર્તિક મહાત્મમાં એવી આપેલી છે કે, "એક દિવસે કૈલાસ પર્વત ઉપર ઇંદ્રે આવીને શંકરનું અપમાન કર્યું, આથી શંકરે ક્રોધાયમાન થઇ કપાળ ઉપર બાંધેલા પરસેવાનાં ટીપાંને સાગરમાં નાખ્યા. તે બીંદુમાંથી 'જલંધર' નામનો એક બળવંત રાક્ષસ ઉત્પન્ન થયો અને તે સમુદ્રનાં પુત્ર તરીકે ઓળખાયો. સમુદ્રે લગ્ન નેમી દૈત્યની વ્રંદા નામની પુત્રી સાથે કર્યું; તે પછી જલંધરે તપ કરી એવું વ્રત મેળવ્યું કે "જાલંધરની પત્નિ વ્રંદા જ્યાં સુધી પર પુરૂષનાં સંગથી ભ્રષ્ટ ન થાય, ત્યાં સુધી યુદ્ધમાં તે વિજયી રહી કદી મૃત્યુ પામે નહિ. "સમુદ્ર મથન કરી વિષ્ણુ તથા ઇંદ્રાદિક દેવતાઓએ જે ૧૪ રત્નો લઇ ગયા હતા તે જલંધરે પાછા માગવાને દૂત મોકલ્યા. પણ ઇંદ્રે તેનું અપમાન કરી તેને પાછો કાઢયો, આથી દેવ દાનવમાં મોટું યુધ્ધ થયું. જલંધર અમરાવતિ લઇને દેવોને નહસાડયા. આથી તેઓ શંકર તથા વિષ્ણુને શરણે ગયા. તે ઉપરથી શંકર અને વિષ્ણુ મદદે આવ્યા. પણ તેઓ જલંધરને જીતી શકયા નહિ. જલંધરનાં ભયથી વિષ્ણુ ભય પામી ઘેરે જઇ ગંગાને તેના ભાઈનું મ્હોત કોથી નિપજશે તે પુછવા જલંધર પાસે તેને મોકલી, જલંધરે પોતાનું મ્હોત

કેવી રીતે નિપજશે તે એનને જણાવ્યું. તેણીએ પોતાના સ્વામિને તે જણાવ્યું. આથી વિષ્ણુએ વ્રંદાને ભ્રષ્ટ કરવાને જલંધર રૂપ લઇ શંકરને મોકલ્યા; પણ તેમનું કપટ પકડાઇ ગયું. આખરે વિષ્ણુએ તેના ભર્તારનું રૂપ લઇ તે કામ કર્યું, આથી તેજ ક્ષણે યુદ્ધમાં જલંધરનું શિર શંકરના બાણથી છેદાઇ પડયું અને તે મસ્તક ઉડતું કે વ્રંદાના શયન મંદીરમાં આવી બેઠું, વ્રંદાએ જોયું કે કપટરૂપથી પોતાનું શિયળ ભંગ થતાં પતિનું મ્હોત નિપજ્યું છે. આથી સતીએ શ્રાપ આપ્યો કે, તરત વિષ્ણું કાળો પથ્થર થયો. આથી વિષ્ણુએ સામો શ્રાપ આપ્યો કે "તું વનસ્પતિ થઇશ," તે મુજબ વિષ્ણુ શાલિગ્રામ ને વ્રંદા તુલસી બની.

બીજી કથા મુજબ વ્રંદાના મરણથી વિષ્ણુ પરમદુઃખી થઇ પ્રાણ ત્યાગ કરવા તતપર થયા, ત્યારે તેની શાંતી માટે બીજા દેવતાઓએ તે જ્યાં બેઠો હતો ત્યાં બિયાં રોપ્યાં, તેમાંથી એકનું તુલસીનું ઝાડ થયું. તે વિષ્ણુને ઘણું પસંદ પડવાથી તેને સ્ત્રી તરીકે માની તેની સાથે લગ્ન કર્યાં.

તુલસીશ્યામ—કાઠીયાવાડમાં ગિરનાર જંગલમાં ઉનાથી ઉત્તરે ૨૧ મૈલ ઉપર આવેલાં ૭ ગરમ પાણીનાં કુંડા. એમાં ૬ ઉંચ વર્ણના લોકો માટે ને ૧ નીચ વર્ણના લોકો માટે છે. પ્રભાસખંડમાંના એક શ્લોક ઉપરથી એનું પુરાણું નામ 'તપ્તોદક' જણાય છે. કહે છે કે અત્રે કોઇ તલ નામનો દૈત્ય રહે તો હતો, તેને કૃષ્ણે મારી નાખ્યો હતો, તેથી કૃષ્ણનું તલસ્વામી નામ પડયું. તલસ્વામીનો અપભ્રંશ તલસ્વાસ, તેનો તલસામ ને તેનો તલસી ને સેવટે તુલસીશ્યામ. પણ વધારે સંભવિત કથા એવી છે કે જીવ ટાપુમાં (જલંધરનો ટાપુ) કોઇ જલંધર નામે રાક્ષસ હતો, તેની તુલસી નામે સ્ત્રી ઘણી પતિવ્રતા હતી. આ દૈત્યને દેવોએ વરદાન આપ્યું હતું કે જ્યાં સુધી તેની સ્ત્રી પતિવ્રતા રહેશે ત્યાં સુધી તે કોઇથી જીતાશે નહિ. આથી

તેણે ગર્વિષ્ટ થઇ જગતને પિડા આપવા માંડી. સેવટે શિવે લઢાઇમાં ઉતરી પ્રપંચથી કૃષ્ણદ્વારે જલંધરની સ્ત્રી તુલસીને ભ્રષ્ટ કરવાથી જલંધર મુવેા. તે ક્ષણે તુલસીએ ઉપરની કથામાં દર્શાવ્યા મુજબ શ્રાપ આપવાથી કૃષ્ણ શાલિગ્રામ થયા, ફ કૃષ્ણે તેના કેશમાંથી તુલસીનું ઝાડ કર્યું, ને તુલસીને ગલકી નદીના રૂપમાં બદલી. આ નદીમાં હાલમાં પણ શાલિગ્રામ મળે છે. કાર્તિક શુદ અગિઆરસે હિંદુઓ તુલસીને શાલિગ્રામના લગ્ન કરે છે. આ ઠેકાણે તુલસી ને કૃષ્ણનેા મેલાપ થયલેા તેથી એ જગાનું તુલસીશ્યામ એ નામ પ્રસિધ્ધ છે.

તુલાંબ—આ પ્રાચીન શેહેર રાવિ નદીની હાબી તરફ મુલતાનની ઇશાન્યે છે. એની આસપાસ ઈંટરડીની ભીંત છે. ત્યાંથી ૧ મૈલ ઉપર જુનેા કિલ્લેા છે, ત્યાંથી તે ઈંટરડીઓ આણી હશે એવું અનુમાન છે. 'મેનસન' કહે છે કે, "આગળ આ અતિ મજબૂત કિલ્લેા હશે;" તેવેા તે હતેા. તેને ઘેરેા નાખતાં લાંબા વખત સુધી થેાભવું પડશે એમ જોઇ તૈમુરલંગે ત્યાં લઢાઇ કરી નહેાતી. તેની આસપાસ બે કેાટ છે. તેની ઈંટરડી ૧૨×૮×૨½ ઇંચ જેવડી છે. આ કિલ્લા પાસે ૩૦૦ વર્ષ ઉપર રાવીનેા પ્રવાહ બદલાઇ જતાં ત્યાંથી લેાકેાએ વસવાટ ત્યાગ કર્યેા હશે એમ અનુમાન બંધબેસતું છે. ઈંટરડીનેા આકાર તથા દંતકથા ઉપરથી શેહેર પુરાણું દિસે છે. જુનું શેહેર તૈમુરલંગે લુટી ત્યાં પ્રજાની કતલ કરી પણ કિલ્લેા લીધેા ન હેાતેા. ગીબનીના મેહમુદે એ લીધેા હતેા એમ કહે છે. મુલતાન જવાના માર્ગથી આ શેહેર પાસેજ છે. એ ઉપરથી ઉપલું અનુમાન કાઢવામાં આવ્યું છે. તેમજ અત્રે સીકંદર પણ વિજયી થયેા હશે. માલી નદી ઉતરી તેણે જે એક શેહેર લીધું તે એજ હશે.

તુવરફળ—આ કાંટાવાલું ઝાડ ગેામાંતક, કર્નાટક, અયેાધ્યા, રેાહલખંડ (પ્રાચીન સૌરાષ્ટ્ર) નેપાળ, સિક્કીમ પ્રાંતનાં જંગલમાં વધે છે. એનું લાકડું ચીકણું ને કઠણ હેાય છે. તે ઘેર બાંધવાનાં ઉપયેાગમાં લેવાય છે. આ વૃક્ષનાં કાંટા હથેલી જેવડાં પેાહળા હેાય છે, તેની ચકતીઓ સૂતર કાંતવા માટે ઉપયેાગી છે. એનાં ફળેા ચણા જેવડાં હેાય છે. આ ફળેા પાકતાં તેની છાલ મસાલામાં નાખે છે. આ ફળેાનું તેલ પણ નિકળે છે. તેના ફળમાંથી સુગંધી તેલ નિકળે છે, અને તે તેલ કાઢતાં પાણી ઉપર તરનાર રેસમ જેવેા શુભ્ર અને તિવ્ર ગંધ ધરાવનાર પદાર્થ ઉત્પન્ન થાય છે.

તુવેર—અથવા તુએર. આ ધાન્ય હિંદમા અતિ ઉપયેાગી ગણાય છે. એ ચણાથી અર્ધે ભાગે પૈષ્ટિક છે. તુવેર ગુજરાત તથા દખણમાં પાકે છે. પંજાબ, સિંધ, મુલતાન, પેશાવર, કાબુલ તથા હિમાલયનાં પ્રાંતમાં આ ધાન્યનેા પાક બિલકુલ થતેા નથી. યૂરપ, આફ્રિકા તથા અમેરિકા ખંડેામાં તુવેર હજી જણાયું નથી. તુવરનાં ઝાડ બે પ્રકારનાં છે. એક દર વર્ષે થનારાં ને બીજા પાંચ છ વર્ષ સુધી જીવનારા. દર વર્ષ થનારી તુવેર ખરીપના પાકની હેાય તેા તેને આષાઢ માસમાં વાવે છે. તે કાર્તિક, માર્ગશિર માસમાં તૈયાર થાય છે. એનું ઝાડ બે અઢી હાથ ઉંચું વધે છે. રબ્બીનાં પાકની તુવેર આશ્વિન માસની સેવટમાં તથા કાર્તિકમાં વાવે છે. એનાં ઝાડને ખાતરની ઝાઝી અગત્ય નથી. જમીન સારી પેઠે ખેડી નરમ કરી તેમાં તુવેર વાવે છે; પછી તે ઝાડ જમીનની સરદી તથા ઝાંકળથી વધી જાય છે. તુવેર પાકીને તૈયાર થઇ એટલે તેને કાપીને ઢાળે છે, પછી તેને ઝુંડી દાણા કહાડે છે. જે ઝાડ બે ચાર વર્ષ સુધી બચે છે, તેનું થડ બાર ઇંચ વ્યાસનું હેાય છે. તેની શિંગેા પાંકી તૈયાર થતાં તેને ચુંટી લઇને સૂકવે છે. તુવેરની બે જાત છે, સફેદ અને લાલ. તુવેરની દાળ બનાવે છે. સૂરતી તથા ભરૂચી દાળ સારી ઉંચી કહેવાય છે. ધાડી તુવેર મધ્યમ પ્રકારની હેાય છે. જે દેશમાં ચેાખા ખાનારી પ્રજા વસે છે

ત્યાંજ તુવેરનેા મેાટેા ખપ થાય છે. તુવેરની શિંગેાને કેટલાકેા સાંબળ પણ કહે છે. આ શિંગેા લીલી હેાય ત્યારે તેનાં દાણા કાઢી લીલવા બનાવે છે. તુવેર સમશીતેાષ્ણ દેશમાં સારી ઉગે છે. જે દેશમાં ઘણી થંડી પડે છે અને બરફ વધારે વર્સે છે ત્યાં એનેા પાક થતેા નથી.

તુસ—એક ધરાની લઢવઇઓ. એ ક્રેખશરૂ પાદશાહના રાજ્ય અમલમાં નામના પામ્યેા છે. એને 'વેસે'ના ખાનદાન સાથે ભારે વેર હતું, તેનું કારણ અફરાશિઆબ અને નોદર વચ્ચે યૂદ્ધ થયું તેમાં વેસેએ નોદર ઉપર કીનેા લાધાથી એણે પેાતાના બાપના વેરીઓ ઉપર કીનેા લીધેા હતેા. એક સમે કયખશરૂએ એને અફરાશિઆબનાં મુલકપર ચઢાઇ કરવા મેાકલ્યેા ત્યારે પેાતાના સાવકા ભાઇ ફરૂદ (પીરાનની છેાકરીનેા છેાકરેા ચાને સ્યાવક્ષની બીજી બાઇડીનેા બેટેા) ના મુલક ઉપર હુમલેા નહિ કરવા જણાવ્યા છતાં એણે તેના દેશ ઉપર ચઢાઇ કરી ફરૂદને માર્યેા હતેા. આથી કયખશરૂએ એના પાસથી લશકરના સરદારનેા ઓધેા છિનવી લીધેા હતેા. જ્યારે કયખશરૂ ગેાફેનશીન થવા ગયેા ત્યારે તેની પાછળ છેક ચશમાવેર ગથ તહમ, બેજન, ફરેબુર્જ અને ગેવ ગયા તેમની સાથે તુસ પણ ગયેા હતેા. જ્યાં એ સર્વે તેાફાન દરમ્યાન ગાયબ થઈ ગયા. આથી તુસને પણ અમર ગણી એ રસ્તાબેજ વેલા મદદ કરનાર થશે એમ જણાવવામાં આવેછે.

તુળજાપુર—આ દેવીનું યાત્રા સ્થાન બારશીથી ૧૬ કેાસ ઉપર છે. અત્રે દેવીનું મુખ્ય સ્થાન છે. આ દેવીની મૂર્તિ ગંડકીના કાળા પથ્થરની છે. આ દેવીના પુંજારીઓ 'ભેાપે'ને નામે પ્રસિધ્ધ છે. અત્રે શ્રીમચ્છંકરાચાર્યે જઇ ત્યાંના ત્રીપુર કુમાર ઈત્યાદી શક્તિ ઉપાસકેા સાથે વાદ વિવાદ કરી, ત્યાંના શાકતેાને જીત્યા હતા.

આનંદગિરિના શંકર વિજયમાં તુળજાપુરને ભવાનીપુર કહેલું છે. તુળજાદેવી પૈાષ માસનાં આરંભથી માઘશુદ ૧૪ સુધી દેાઢ માસ વેર પલંગ ઉપર સુવે છે, આ વખતે તે સિંહાસન ઉપર નહિ હેાવાથી તેટલેા વખત પૂજા પત્રી બંધ કરવામાં આવે છે.

તુળારાશિ—આ રાશિ ૭મી છે. એની આકૃતિ તરાજવા જેવી છે. એમાં ઘણા તારા નથી પણ જે છે તેથી એની આકૃતિ સ્પષ્ટ જણાયછે.

તુળુ—હિંદુસ્તાનમાં આ ભાષા બેાલનારી પ્રજાની વસ્તી ૪૮૧૭૨૮ ની અંકાયલી છે. એને તુળવ એવી પણ સંજ્ઞા છે. એ મલ્યાળી કરતાં કાનડીથી વધારે મળતી છે. એ આગળ કાનડા દેશમાં થેાડેા વખત પ્રચારમાં હતી, પણ હવે તેા માત્ર મેંગલેારની આસપાસનાં થેાડા પ્રદેશમાં બેાલાય છે.

તૃણાવર્ત—કંસનેા એક અનુચર—અસૂર. એણે કૃષ્ણ બાળારામના નાશ માટે ગેાકુળમાં જઇ કૃષ્ણને આકાશમાં ઉડાવી લઇ ગયેા, ત્યારે કૃષ્ણે પેાતાની ગુરૂત્વ શક્તિ પ્રગટ કરી એની ગરદનને દાબતાં તે પથ્થર ઉપર પડી મરણ પામ્યેા.

તેજબલ—હિમાલયના પ્રદેશમાં, હરદ્વાર, ગંગેાત્રી વગેરે દેશેાનાં જંગલેામાં આ વૃક્ષ થાય છે. જે તેજબલ ઔષધિ ઉપયેાગમાં આવે છે, તે આ વૃક્ષમાહેલ્લી એક જાતિ છે. એના વૃક્ષની છાલ મરચાના જેવી તીખી હેાવાથી તે દેશના લેાકેા એનેા મરચાને ઠેકાણે ઉપયેાગ કરે છે. દેશી વૈદ્યેા એને ઔષધિ ઉપયેાગમાં યેાજે છે.

તેટવું—આ વન વૃક્ષ કેાંકણ, કર્નાટક અને બીજા સર્વ દેશેામાં ઉગે છે. તેટવાનું વૃક્ષ ૧૫ થી ૨૦ હાથ છતાં એ અતિ ઘન હેાય છે. એના પાંદડા ત્રિકટાં થાય છે અને વચમાંનું પાતરૂં મરીનાં પાંદડા જેવું જણાય છે. તેટવાની શીંગ હાથ દેાઢ હાથ લાંબી અને હથેલીના જેટલી પેાહેાળી હેાય છે. આ શિંગ કુમળી હેાય છે ત્યારે કેટલાએક લેાકેા એનું અથાણું તથા શાક કરી ખાય છે, પણ પરડી થતાં તે નકામી ગણાય છે, કેમકે તેનેા

વાસ ખરાબ આવે છે. એના ઉપરની છાલ નારીયળનાં છોડાં જેવી કઠણ થાય છે, તેથી તે ખાવામાં ઉપયોગી નથી.

માલવણ, વેંગુરલા તરફ તેને ફળફળા; મુંબઇ, અલીબાગ તરફ તેટવું ને કર્નાટક તરફ અનિમુંગી કહે છે. સંસ્કૃતમાં એનું નામ 'મયુરજંઘા' છે.

આ વૃક્ષની શિંગ તથા છાલ અકસીર ઔષધી ગુણ ધરાવે છે. તેટવાંની શિંગ માહેલી રચના ચમત્કારિક છે. કેમકે બાહેરથી એની છાલ લીલી અને તેની અંદર ખાદી જેવું અચ્છાદન હોય છે. તે કાઢી લીધા પછી અંદર પરજાતકની શિંગના જેવા પણ તેનાથી કુ પાતળાં હોય છે. આ બિયાંની આસપાસ મલમલના કપડાં જેવો બારીક એક આંગળ પોહોળો સફેદ અર્ધ ઘેરાવો છે. અકેક શિંગમાંથી આસરે ૨૫૦ બિયાં નિકળે છે. આ બિયાં એક પર એક ચમત્કારિક યુકતિથી રચાયલાં તથા રની માફક હલકાં હોય છે.

તેનાલ રામલીંગ—આ રમુજી કવિ શાલિવાહન શકે ૧૫૦૦માં જનમ્યો હતો. વિજય નગરમાં રાજા કૃષ્ણ રાયલ્લુની દરબારમાં જે પ્રસિદ્ધ ૮ કવિઓ હતા તેમાંનો એ પણ એક ગણાયો છે. એણે 'ભટ્ટપાવક' પાસે સંસ્કૃત તથા તૈલંગી ભાષા ભણી કવિતા લખવા ઉપર ધ્યાન દોડાવ્યું. એની ઉપર એક દેવી પ્રસન્ન થવાથી એ બચપણથી રમુજી કવિ તરીકે વખણાયો હતો.

એને રાજ્ય આશ્રય મલ્યા પછી 'પાંડુરંગ મહાત્મ' નામે રસીલું કાવ્ય રચી પ્રસિદ્ધ કર્યું હતું. એ પોતાની હાજરજવાબી અને રમુજી કવિત્વ શકિતથી અનેક પ્રસંગે રાજાની ધતરાજીમાં આવી પડયા છતાં પોતાની ચાલાકીથી ફરી ફરી રાજાની મેહેરબાની મેળવી બધામાં પ્રિય થઇ પડયો હતો, પણ એક સમે રાજકન્યાએ 'પતથી પરિણય' નામે સુંદર નાટક રચી તેનું વાચન કરતી હતી તે વેળા મશકેરી કરવા જતાં રાજાની ધતરાજીમાં આવી પડયાથી એને દરબારમાંથી પલાયન કરી જવું પડયું હતું. એણે તે પછી કલિંગ દેશના રાજાના આશ્રયમાં જીંદગી ગાળી હતી.

તેનાસરીમ—બોમ્બર બરમા પ્રાંતનો એક ભાગ; એમાં ૭ જીલ્લાઓ સમાયલા છે. એનું કુલે ક્ષેત્ર ફળ ૪૬૭૩૦ ચૌરસ મૈલ છે. લોક વસ્તી ૮૨૫૭૪૭ ની ને ૧૮૯૧ માં ૯૭૮૦૭૩ ની હતી. તેમાં પાંચ શેહેરો તથા ૩૧૧૨ ગામડાં છે. લોક વસ્તીમાં ૪૩૭૯૦૦ પુરૂષો અને ૩૮૭૮૪૧ સ્ત્રીઓ છે. તેમાં ૬૬૮૩૦૪ બુદ્ધિસ્ત (૮૪· ટકા), ૫૧૧૬૦ બુદ્ધિસ્તને મળતી પણ દૈત્ય પૂજક પ્રજા, ૨૮૩૧૫ ખ્રિસ્તી, ૨૪૭૮૬ મોહમેદન અને ૨૩૧૪૫ હિંદુઓ તથા ૧૫ જૈન અને ૨ પારસી છે.

ખેતીવાડી ખાતે એકંદર જમીન ૨૧૧૬૮ ચૌરસ મૈલ છે. મુખ્ય પાક ચોખા ૪૬૩૦૪૧ એકરમાં, તેલીબિયાં ૮૬૮ એકરમાં, શેરડી ૪૫૧૦ એકરમાં, કપાસ ૬૦૬ એકરમાં, તંબાકુ ૧૬૦ એકરમાં, ઉદભિજ ૨૫૨૪ એકરમાં છે. અને નારીયળી ૬૬૨૫ એકરમાં રોપેલી છે.

મુખ્ય શેહેર તેનાસરીમ એજ નામની નદીના મુખની ઉતરે ૩૩ મૈલ ઉપર છે. આ શેહેર લાલ રેતાળ પથ્થરના ખડક ઉપર છે. આ ગામ આસપાસ પહાડી જગ્યા છે. એની સ્થાપના ૧૩૭૩ માં સિયામી પ્રજાએ કરી હતી, કે જે વખતનો એક લેખવાળો સ્થંભ છે. આ શેહેર, આસ પાસ ચાર ચૌરસ મૈલ ઘેરાવાનો એક કોટ છે.

તેપલિત્ઝ—બોહેમિયાનું આ જળમય સ્થળ, અર્લ્બગ પાસે બેટમેરિત્ઝની ઉત્તર પશ્ચિમે ૨૦ મૈલ ઉપર છે. અત્રેનાં ખનીજ ઝરાનાં હમામખાના ખાસ કરી સંધીવાના દર્દીઓ માટે બેહદ ફાયદાકારક ગણાય છે. લોક વસ્તી ૧૬૭૫૦ ની છે. અત્રે ૭૦૦૦ દર્દીઓ અને બીજા મોજશોખ ખાતર મુસાફરો દર વર્ષે હજારોની સંખ્યામાં ઉતરી પડે છે.

તેરડો—આ અતિ સુંદર વર્ષાયુ ફુલ ઝાડ બગીચામાં ઉગે છે. એની ઉપર સિંગલ અને દબલ ફુલો શેંકડો રંગના ઉગે છે. એના બિયાં વર્સાદની શરૂઆતમાં રોપી, રોપો ૬ ઇંચનો થતાં અસલ જગેથી કાઢી બીજી જગ્યા ઉપર દાટવામાં આવે છે. એની પર વર્સાદમાં ફુલો ઉગે છે. હાલમાં એની એક ફુલવાલી જાત અનેક વર્ષ ટકનારી જણાઇ છે.

તેરી—રાની અળુની એક જાત. આ કંદના મૂળ વર્સાદમાં જંગલ માહે આપોઆપ ઉગે છે.

તેરી—પંજાબમાંના કોહત જીલ્લામાંનું તેહેશીલદારી. એ કોહત જીલ્લાનો દક્ષિણ ભાગ રોકે છે. એનું કુલે ક્ષેત્રફળ ૧૬૧૬ ચૌરસ મૈલ હોઇ તેમાં ૮૩ ગામડાં છે. વસ્તી ૭૯૯ ૮૭ની છે. વસ્તી દર ચૌરસ મૈલે ૫૦ ટકાની છે. વસ્તીમાં ૭૭૬૬૨ મોહમેદન, ૨૨૭૧ હિંદુ, ૧૧ શિખ અને ૪૩ પરદેશીઓ છે તીરાહનો નવાબ સરખ્વાજે મહમદખાન કે. સી. એસ. આઈ. બોતક પઠાનોનો સર દાર છે. આ તાલુકો નવાબને જાહાગીરીમાં મળેલો છે.

મુખ્ય ગામ તીરાહ કોહતથી ૩૪ મૈલ ઉપર છે. લોક વસ્તી ૪૦૭૧ની છે. આ ગામમાં નવાબનાં મેહેલો છે, તથા ગામમાં ૧૧૦૦ મકાનો ને ૧૧ દેવળો છે.

તેલ—ફળ, ફુલ, છાલ, ઝાડ અને માછલીમાંથી કાઢવામાં આવે છે. તેલ બે રીતે કાઢવામાં આવે છે. એક પિળીને અને બીજું ગરમીની મદદથી યંત્ર વડે તેલ બેંચી શકાય છે. અળશી, રાઇ, એરંડીએલ વગેરેમાંથી તેલ પિળી કાઢવામાં આવે છે. તજ, લવિંગ, જાયફળ વગેરેમાંથી યંત્ર વડે બેંચાય છે.

તેલ રાંધી ખાવાના તથા ઔષધિ ઉપયોગમાં આવે છે. તેમજ સંચામાં ધસારો થતાં ગરમી ઉત્પન્ન થઇ ચીચવાટ અને અગ્નિ ઉત્પન્ન નહિ થાય તે માટે પણ એનો બોહોળો ઉપયોગ કરવામાં આવે છે.

ઔષધી ઉપયોગમાં તે કાચું ખાવામાં અપાતું નથી; પણ તેમાં પાણી મેળવી અગર ગોળી કરી અથવા મિશ્રણ કરી ખાવા અપાય છે. તેમજ ચોપડવાના મલમમાં પણ ઉપયોગ કરવામાં આવે છે.

જૂદી જૂદી જાતનાં તેલોને ત્રણ વર્ગમાં વેંહેંચી શકાય. ૧—ઠરી જતાં તેલો, ૨—હવામાં ઉડી જતાં તેલો અને ૩—જમીનમાંથી નિકળતાં તેલો.

પેહેલા વર્ગમાં ઠરી જતાં તેલો જાનવરની ચરબીમાંથી અને છોડવાઓનાં ફળ તથા બીયામાંથી કહાડવામાં આવે છે, અને તેઓ ચીકણા હોવાથી પાણીમાં મળી જતાં નથી. તેઓમાંના ઘણા ખરા પ્રવાહિ રહે છે, પણ કોપરેલ જેવાં થોડાંક થંડીમાં સખત થઇ જાય છે. પ્રવાહિ તેલોને જો ઘણું થંડા કીધાં હોય તો તેઓમાંથી 'સ્ટીઅરાઇન' (Stearine) નામની નક્કર સફેદ કાચ જેવી વસ્તુ અને 'ઓલીઇન' (Olein) નામનો પ્રવાહી પદાર્થ છુટો થઇ જાય છે. હવામાંની ઑકસિજન ગૅસ આ તેલો ઉપર જલ્દીથી અસર કરે છે, અને તેથી તેઓમાંના કેટલાંક સખત થાય છે, કે સુકાઇ જાય છે; અને કેટલાંક ખોરા થઇ જઇ વાસ મારે છે. એવા સુકાઇ જતા તેલો રંગ અને વારનિસ બનાવવામાં વાપરવામાં આવે છે. અને જે તેલો સખત થઇ જતાં નથી તે સાંચાઓના ભાગોને સકણું કરવામાં, દીવા બાળવામાં તથા સાબુ બનાવવામાં કામે લાગે છે.

ઑલિવ્હ ઑઇલ, અલસીનું તેલ, સરસીયું વગેરે છોડવામાંથી નિકળતા તેલોમાં ઑકસિજન ગૅસ સાથે મળી જવાનો મોટો ગુણ હોય છે, અને તેથી રદ્દી કપાસ અથવા સણ કે ઉન એવા તેલમાં બીજવીને તે જો તડકામાં મેલ્યું હોય, તો હવામાંની ઑકસિજન સાથે તેલ મળી જઇ ગરમી પેદા કરશે અને તે પોતાની મેળે સળગી ઉઠશે.

છોડવામાંથી નિકળતા તેલો તેનાં બિયાંને ખોખરાં કરીને અને ફળને છુંદીને પછી

સાંચામાં દાબી કાઢવામાં આવે છે. કેટલીક વેળા ખોખરાં કરેલાં બિયાંને પાણીમાં ઉકાળવામાં આવે છે, અને ઉકળતા પાણી ઉપર જે તેલ તરી આવે છે તે કાઢી લેવામાં આવે છે.

હિંદુસ્તાનમાં અસલી વખતથી જે રૂઢીએ તેલ પિળી કાઢવામાં આવે છે તેજ રૂઢી હાલમાં પણ ચાલુ છે. આથી તેલ જેવું જોઇએ તેવું સ્વચ્છ તથા ઝડપથી મળી શકતું નથી, પણ યૂરપમાં તો તેલની ખાસ મોટી મીલો ઉભી કરવામાં આવે છે, જ્યાં તેલ થોડા વખતમાં ગંજાવર જથ્થામાં મળે છે. જો એક ઉત્તમ 'મશીન' હોય તો ૧૦૦ રતલ બિયાં ૧૬ કલાકમાં કચડી તેનું તેલ મળી શકે છે.

આ મીલોમાં પ્રથમ બિયાંને કચડી તેનો ભૂકો યંત્ર વડે કરવામાં આવે છે, આ યંત્રમાં એક ફ્રેમની અંદર રોલરો એવી રીતે દાખલ કરેલાં હોય છે કે તેમાં નાખવામાં આવતાં બિયાં જૂદા જૂદા રોલરો વચ્ચે વધતાં જતા દબાણ સાથ કચડાઇને તેમનો બારીક ભૂકો થાય છે, પણ તેમાંનુ તેલ છુટું પડતું નથી, પછી તે બીયાંના ભુકાને 'કૅટલ' (કીટલા) યાને પોલાદનાં પત્રાના બનાવેલા એક મોટા વાસણમાં નાખવામાં આવે છે. જે વાસણનાં તપીને ગરમ થએલાં પત્રાંના સમાગમથી તેમજ માહે સ્ટિમ દાખલ કીધાથી ગરમ થઇને એ ભૂકો નરમ માવા જેવો બને છે. બાદ એ નરમ બનેલા માવાને તેના ચોસલા બનાવવા માટે 'મોલ્ડિંગ પ્રેસ'માં નાખવામાં આવેછે. આ પ્રેસોની બનાવટ પણ એવી રાખેલી હોય છે કે પેલા માવામાંથી જરાથી તેલ દબાઇ નિકળવા પામતું નથી. સેવટે આ પ્રેસમાંથી નિકળેલા ચોસલાંઓને તેલ પિળવાના પ્રેસમાં લઇ જવામાં આવે છે.

તેલ કેટલું નિકળે છે તેનો આધાર સાંચા ઉપરાંત બિયાંની જાત તથા કામદારોની ચાલાકી ઉપર પણ રહે છે. તેલ કાઢવા માટે સાંચો કેટલો નાહનો કે મોટો વાપરવો તેનો આધાર ઘણુંકરીને બિયાં કચડવાનાં જથ્થા ઉપરથી લેવામાં આવે છે. વળી યોગ્ય સાંચાઓના ઉપયોગ ઉપર પિળાતાં તેલની જાતનોપણ આધાર રહે છે.

ઍલિવ્હ ફળનું તેલ—આ તેલ ઍલિવ્હ નામનાં ઝાડના ફળમાંથી કાઢે છે. એનાં ફળોને ઘાણીમાં નાખી અથવા પ્રેસમાં મેળી પિળી કાઢે છે યા 'કાર્બનડાય્ સલ્ફાઇડ' માં દ્રવિભૂત કરી કાઢે છે. એ સ્વચ્છ હોય છે ત્યારે તેનો રંગ ફિક્કો પિળો હોય છે, યા સેહેજ લીલાસપર ઝાંખ મારે છે. એનો કોઇપણ પ્રકારનો વાસ આવતો નથી. તેમજ જીભ ઉપર મેળતાં—નરમ ને મીઠાસદાર લાગે છે. એનું વિશિષ્ટ ગુરૂત્વ ૦.૯૧૬ અથવા ૦.૯૧૮ છે. આ તેલ ઘણી મોંઘી કિંમતે વેચાતું હોવાથી તેમાં ઘણી ભેળ કરવામાં આવે છે. તેમાં મુખ્ય ભેળ 'કાર્બનડાય સલ્ફાઇડ'માં તેનાં બિયાં દ્રવિભૂત કરી તેલ કાઢે છે, અને તેને ઍલિવ્હ ઍાઇલ તરીકજ વેચવામાં આવે છે. આ તેલ ઍલિવ્હ જેવું છતાં તેનું વિશિષ્ટ ગુરૂત્વ ઓછું હોય છે.

કપાસિયાનું તેલ—આ તેલ કપાસિયાં (કપાસના બિયાં) ને દાબી કાઢે છે. આ તેલ કાઢવા આગમજ કપાસિયાં સુક્કાં બનાવવાં પડે છે. જો તેમાં ભિનાસ રહે છે તો કોઇ વેળા વખારમાં ભરી રાખેલાં હોય ત્યાં એકાએક પોતાની મેળે સળગી ઉઠે છે. હિંદુસ્તાનમાં કપાસિયાને ભિજવી તેનું તેલ કાઢે છે; પણ યૂરપમાં તેને પ્રથમ યંત્ર વડે સાફ કરી, ઉનની થેલીમાં ભરી તે થેલીઓને 'હાઇડ્રોલિક પ્રેસમાં' ૧૦૦ સેંટિગ્રેડ ઉષ્ણુમાન ઉપર દાબી તેલ કાઢે છે. આ મુજબ જે તેલ નિકળે છે તે કાળાસપર લાલ હોઇ અળસીનાં તેલ જેવું હોય છે. એનું ૧૫ સેંટિગ્રેટ ઉષ્ણુમાન ઉપર વિશિષ્ટ ગુરૂત્વ ૦.૯૩૦ હોય છે.

અમેરિકામાં કપાસિયાનું તેલ ૪ પ્રકારનું મળે છે. ૧—કાચું (હલકું), ૨—ગાળી બનાવેલું, ૩—ગાળી વધારે સ્વચ્છ કરેલું અને ૪—ગાળી સ્વચ્છ બનાવી તેમાંથી ગંધ કાઢેલું.

કપાસિયાનું તેલ ફિક્કા પિળા રંગનું હોઇ તેને થોડો વાસ આવે છે, અને સ્વાદમાં મિઠાસદાર હોય છે. તેમાં 'ફ્રિ ઍસિડ' (છુટાં ઍસિડ) નહિ હોવાથી તે ખોરૂં થતું નથી. એનો ઉપયોગ ખાવામાં તથા સાબુ વગેરે પદાર્થ બનાવવામાં કરે છે. આ તેલનું વિશિષ્ટ ગુરૂત્વ ૦.૯૨ હોય છે.

અળસીનું તેલ—અળસીનું તેલ બીજાં બિયાંના તેલ પ્રમાણે અળસીને ખોખરી બનાવી પછી ગરમી આપી 'હાઇડ્રોલિક પ્રેસમાં' દાબી કાઢે છે. આ રીતે એક વેળા તેલ કાઢી લીધા પછી બાકી વધેલા ખોળમાં પણ થોડું તેલ રહે છે. આથી તે ખોળને કરવત જેવાં હથિયારવડે કાપી ઉપર લખ્યા મુજબની રીતે ફરી હાઇડ્રોલિક પ્રેસમાં દાબી તેમાં રહેલું તેલ કાઢે છે. બે વેળા પ્રેસમાં દાબી કાઢયા છતાં બીજું તેલ રહે છે. આ બાકી રહેલાં તેલનું પ્રમાણ લગભગ દર સેંકડે ૭ થી ૧૦ ભાગ રહે છે. આ બાકી રહેલા તેલને કાર્બનડાઇ સલ્ફાઇડમાં દાબી કાઢે છે, તે નીચે મુજબઃ—

'કાર્બનડાઇ સલ્ફાઇડમાં અળસીનું તેલ દ્રવિભૂત થાય છે. આ પદાર્થ રંગહિન, ભારી અને પતળો તથા ઉંજેરડાનું પરાવર્તન કરનાર છે. ગંધકની વરાળ બળતા કોલસા ઉપર છોડી આ પદાર્થ બનાવવામાં આવે છે. ગંધકના બે પરમાણુ કાર્બનના એક પરમાણુ બરાબર અતિ ઉષ્ણુમાન ઉપર રસાયનિક સંયોગ પામી કાર્બનડાઇ સલ્ફાઇડ તૈઆર થાય છે, એની બળતી વરાળને બાહેરથી બરફ ચોપડેલા વાસણમાં થંડી કરે છે. બનાવટ કાર્બનડાઇ સલ્ફાઇડની અતિ ખરાબ ગંધ આવે છે, પણ શુદ્ધ કરેલા કાર્બનડાઇ સલ્ફાઇડનો વાસ ઇથર નામે પદાર્થ જેવો આવે છે.

પ્રથમ મોટા ટપમાં અળસીના બાકીના ખોળને નાખે છે, પછી પેહેલા 'ટપ'ના તળીયામાં કાર્બન ડાઇ સલ્ફાઇડની નળી લગાડી તેમાં તે પ્રવાહી પદાર્થ છોડે છે. તે તેલ ટપનાં ઉપલા ભાગમાંથી નિકળી બીજા ટપનાં તળીયા તરફ જોડેલી નળીમાંથી બીજા ટપમાં જાય છે. આ મુજબ સર્વ ટપમાં કાર્બનડાઇ સલ્ફાઇડ ફરી રહી છેલ્લા ટપની ઉપરની નળીમાંથી બાહેર નિકળવાની ગોઠવણ કરેલી હોય છે. કાર્બનડાઇ સલ્ફાઇડ સર્વ ટપમાં ફરી બાહેર નિકળવા માંડતા સઘળો ખોળ તેમાં ભિનાય છે, અને તેમાંનુ સર્વ તેલ તેમાં મિશ્ર થાય છે. આથી તેનો રંગ કાંઇક લાલ અથવા કાળો હોય છે, લ્યાં સુધી તેલ ખોળમાં છે એમ સમજવું. કાર્બનડાઇ સલ્ફાઇડ આ પદાર્થ પાણી જેવો રંગહિન નિકળવા માંડતા તે ખોળમાંનુ સર્વ તેલ નિકળ્યું એમ સમજવું. આ મુજબ તે પ્રવાહી પદાર્થ બીજા બંદ વાસણમાં પકડી તેમાંનું કાર્બનડાઇ સલ્ફાઇડ નળિકા યંત્ર વડે કાઢી લેતાં હેઠે તેલ રહે છે. આ મુજબ અળસીનું તેલ કાઢવામાં આવે છે. આ રીતે બીજા બિયાંના તેલ પણ કાઢી શકાય છે. અળસીનું તેલ તાજું હોય છે ત્યારે તેનો રંગ પિળાસ ઉપર હોય છે, યા તપકિરિયા રંગ ઉપર હોઇ તેનો અળસી જેવો વાસ આવે છે.

અળસીનું તેલ શુદ્ધ કરવું હોય તો તેલને કલ્લઇ કરેલાં વાસણમાં નાખી તેમાં સલ્ફ્યૂરિક ઍસિડનું પાણી ભેળે છે. દર સો ભાગ પાણીમાં ૧ ભાગ શુદ્ધ સલ્ફ્યૂરિક ઍસિડ નાખી તે સલ્ફ્યૂરિક ઍસિડનું પાણી બનાવે છે. પછી તે સર્વ મિશ્રણને તેલ સાથે ઉકાળે છે, અને સ્થિર થવા દીયે છે. ઠર્યા પછી ઉપરનું શુદ્ધ તેલ કાઢી લીયે છે, અને હેઠે અસ્વચ્છ તેલ રહે છે તેને ફરી બીજા અશુદ્ધ તેલ સાથે મિશ્ર કરી તેજ રીતે ક્રિયા કરી ફરી શુદ્ધ તેલ કાઢેછે.

અળસિનું શુદ્ધ તેલ ફિક્કા, પિળા અથવા લીલા રંગનું હોઇ તેમાં સેહેજ અળસીનો વાસ અને રૂચી રહે છે. એનું વિશિષ્ટ ગુરૂત્વ ૦.૯૩૫ હોય છે.

આ તેલને રસાયન રીતે તપાસતાં તેના ઘટક દ્રવ્યમાં નીચે લખેલા પદાર્થ હોય છે. ૧—લિનિઓલિક, ૨—ઓલિઇક, ૩-પામિટિક અને ૪—મિરિસ્ટિક ઍસિડ. આવા ૪ જાતનાં ઍસિડ હોય છે. તેમાં પેહેલું વધારે પ્રમાણુમાં અને બાકીનાં થોડાં હોય છે. આ તેલમાં લિનિઓલિક ઍસિડ વધારે હોવાથી હવા માહેલું ઑકસિજન આ તેલ જલ્દી શોષિ લીયે છે, તેથી કઠણ પારદર્શક વાર્નિસ બને છે. આ તેલના નાહના નાહના વિભાગ કરી ખુલ્લી હવામાં રાખ્યાથી તે ઑકસિજન જલ્દી શોષિ લીયે છે, તે એટલાં સુધી કે તેનું ઉષ્ણુમાન બળતણની ગરમી જેટલું હોય છે. અળસીનાં તેલમાં બીજા બિયાંના તેલ, રાળ, ખનિજ તેલ અને બણુ કરી માછલીનું તેલ ભેળે છે. મી૦ ગ્યાડીના જણાવવા મુજબ હિંદુસ્તાનથી પરદેશ મોકલવામાં આવતાં તેલમાં રાઇનું તેલ ભેળે છે.

એડીયાનું તેલ—આ તેલ એરંડીયાના ઝાડના બિયામાંથી કાઢે છે. ગુજરાત પ્રાંતમાં એને દિવેલ કહે છે. હિંદુસ્તાનમાં એડીયાને પાણીમાં નાખી પિલી તેલ કાઢે છે, અથવા તેા બિયાંને ખોખરાં કરી પાણીમાં ઉકાળી ઉપર આવતું તેલ કાઢી લીયે છે. યૂરપમાં આ બિયાંને યંત્રમાં નાખી દાબીને તેલ કાઢે છે, અથવા બિયાંને ખુબ છુંદી થેલીમાં ભરી તે થેલીઓને પાણીમાં ખુબ ઉકાળી તેલ કાઢે છે. આ તેલ જુનું હોય તેા તેમાં ધૂળ કચરા વગેરે મેલ હોય છે. એને થંડી રીતે કાઢતાં તેનાં બિયાંનેા ઝીણેા કચરેા તેમાં હોય છે, આથી કપડામાંથી ગાળી સ્વચ્છ કરે છે. આ તેલ શુદ્ધ હોય છે ત્યારે રંગહિન, વજનદાર અને તેનેા એરંડ જેવેા વાસ આવે છે. એડીયામાં બીજા તેલ કરતાં ચીકાસ વધારે હોય છે. એ જાડું હોઇ એનું વિશીષ્ટ ગુરૂત્વ વધારે હોય છે. એ સ્પિરિટમાં જલદી પિગળે છે, પણ પેટ્રોલિયમ ઇથરમાં (શુદ્ધ કેરોસીન) પિગળતું નથી. ઍસેટિક ઍસિડમાં એ પિગળે છે. જો આ તેલને ઘણી ગરમી આપી હોય તેા ૨૭૫ સેંટિગ્રેડ ઉષ્ણુમાન ઉપર ઉકળવા માંડે છે; અને તે વેળા નિકળતી વરાળ ઘણી તિક્ષણ અને સ્વાસમાં જતાં અગન ઉઠે છે.

આ તેલમાં ' રિસિનેોલિક ઍસિડ, અને ગલિસરાઇન એ પદાર્થ હોય છે. રિસિનેોલિક ઍસિડ ઘણા વધારે પ્રમાંણુમાં હોય છે. બજાર દીવેલનાં રંગ જૂદા જૂદા હોય છે. પાણી જેવું પિળું અથવા તપકિરિયા રંગનું બજારમાં વેચાય છે.

યૂરપમાં આ તેલ મેાધું વેચાતું હોવાથી તેમાં ભેળ કરવામાં આવે છે. આ તેલમાં રાળ, કપાસિયાં, અળસી વગેરેનાં તેલનું મિશ્રણ કરે છે, પણ હિંદુસ્તાનમાં સસ્તું વેચાતું હોવાથી તેમાં ઝાઝી ભેળ કરવામાં આવતી નથી.

તાડનું તેલ—આફ્રિકામાં ઉગતા તાડનાં ફળની નરમ છાલમાંથી આ તેલ કાઢવામાં આવે છે. પ્રથમ ફળેા તેાડી તેનેા ઢગલેા કરે છે. પછી કેટલાક દિવસે ફળેાને જમીનમાં દાટી કેાહવા દીયે છે. પછી દાબી તેમાંનેા ગર બાહેર નિકળવા માંડતા તેને છુંદી તેના દડા પાણીમાં નાખી ઉકાળે છે, એટલે તે ઉપર તરે છે. આ તેલનેા રંગ કાળાસ ઉપર પિળેા અથવા લાલ હોય છે; એ આખણુ અથવા ચરબી જેવું બને છે. એનેા એક જૂદાજ પ્રકારનેા વાસ આવે છે, અને તે ઉપરથીજ આ તેલ પરખાય છે. તેનેા વાસ કાચા સાબુ જેવેા આવે છે. આ તેલમાં પૅામિટિક અને ઓલિઇક ઍસિડ હોય છે. પેહેલું બીજા કરતાં વધારે પ્રમાણુમાં હોય છે. એને વધારે દિવસ રાખતા તેમાંથી પૅામિટિક ઍસિડ બને છે. આ છુટા ઍસિડનું પ્રમાણુ કેાઇ વેળા એટલું તેા વધારે હોય છે કે દર સેંકડે ૯૭ ટકા છુટું

પૅામિટિક ઍસિડ આ તેલમાં જણાય છે. આ તેલ ૦.૬ થી ૭ રૂપીયે મણને ભાવે વેચાય છે. એનું વિશિષ્ટ ગુરૂત્વ ૧૫ સેંટિગ્રેટ ઉષ્ણુમાન ઉપર લગભગ ૦.૯૨૫ હોય છે. પણ કેાઇ કેાઈ વેળા તે ૦.૯૨૦ થી ૦.૯૨૭ સુધી હોય છે. આ તેલને હાઇડ્રોલિક પ્રેસમાં દાબતાં તેમાંથી પતલેા પદાર્થ 'ઓલિઇક ઍસિડ' નિકળે છે, તેને પામઍલિયન કહે છે, અને તળીએ 'પૅામિટિક ઍસિડ'નેા ઘટ્ટ ગેાળેા રહે છે.

મી૦ વૉટની રીત મુજબ નીચે પ્રમાણે તાડનાં તેલને શુદ્ધ કરી શકાયછે.—" આ તેલને ગરમ કરી સ્થિર રાખવું એટલે ધૂળ વગેરે પદાર્થ તળીએ બેસે છે. માહેથી શિસાની કલ્લઇ કરેલી કઢાઇ લઇ તેમાં ઉપરનું કાઢેલું સ્વચ્છ તેલ રેડવું, પછી બાયકૉમેટ ઑાવ પેાટેશ, તેલમાં દર ટને ૨૫ રતલ લઇ પાણીમાં પિગળાવવેા. એમાં ૫૦ પૌંડ તિવ્ર હાઇડ્રોકલેારિક ઍસિડ મેળવી તે સર્વ મિશ્રણને તે તેલમાં નાખવું. એનું ઉષ્ણુમાન ૧૩૦ ફેરન હાઇટ રાખી ઉકાળવું. એટલે થેાડા વખતમાં આ મિશ્રણ કાળું બની, પછી લીલેા રંગ પકડી ઉપર ફીણુ આવે છે. પછી થેાડેા નમુનેા કાઢી થંડેા કરવેા. જો તે દેખાવમાં સારેા નહિ દેખાય તેા ફરી તેમાં બાયક્રૉમેટ ઑાવ પેાટેશ અને હાઇડ્રોકલેારિક ઍસિડનું મિશ્રણ નાખી ઉકાળવું.

એમાં પ્રથમ ભારી પદાર્થ, ધૂળ વગેરે તળીએ બેસાડી યૂક્તિથી ગાળી તેમાં બાયક્રૉમેટ ઑાવ પેાટેશ અને હાઇડ્રોકલેારિક ઍસિડનું મિશ્રણ નાખી ઉકાળવાથી રંગીન પદાર્થ ઓછાં થાય છે. આ રીતે શુદ્ધ કરેલા તાડનું તેલ સફેદ હોઇ તે પર સેહેજ લીલી ઝાંખ હોય છે. એનેા વાસ સેહેજ આવે છે. હાલમાં એનેા બેહેાળેા ઉપયેાગ સાબુ બનાવવામાં કરે છે.

તાડફળની કાટલી અને ફળનું તેલ—આ તેલ તાડફળની કાટલીથી અથવા ગેાળા માંથી કાઢે છે. નાહના અને રસદાર તાડ ગેાળા (ગલેલી) બેાખરાં કરી તેને કાર્બન ડાઇ સલ્ફાઇડમાં નાખી તેલ કાઢે છે. સાધારણ ઉષ્ણુમાન ઉપર તાડનાં કાટલાનું તેલ સફેદ, પિળાસદાર અથવા ગુલાબી રંગનું હોય છે. એનેા વાસ સેહેજ પણ સારેા આવે છે. દેખાવમાં કાપરાના તેલ જેવું દેખાય છે. એના ઘટક દ્રવ્યમાં ' લારિક ઍસિડ ' અને બીજા હલકી જાતનાં રિનગ્ય ઍસિડ અને ગ્લિસરાઇન એ તત્વેા હોય છે. મી૦ વૉટનાં રસાયન શાસ્ત્ર કેાશમાં આ તેલના ઘટક દ્રવ્યનાં પ્રમાણુ આપેલાં છે.

	દર ૧૦૦ ભાગ તેલમાં.
ઑાલિઇક ઍસિડ અને ગ્લિસરાઇન...	૨૬.૬
સ્ટિઍરિક, પૅામિટિક અને મિરિસ્ટીક ઍસિડ તથા ગ્લિસરાઇન	૩૩.૦
લૅારિક, કયાપ્રિક અને કયા પ્રેાઇક ઍસિડ અને ગ્લિસરાઇન...	૪૦.૦
	૧૦૦.૦

કેાકમનું તેલ—એને ઇગ્રેજીમાં કેાકેાબટર કહે છે. આ તેલ કેાકમ ફળમાંથી કાઢવામાં આવે છે. એ સફેદ અથવા સેહેજ પિળા રંગનું હોઇ કઠણ ચરબી જેવું હોય છે.

હિંદુસ્તાનમાં કેાકમનાં વૃક્ષ કેાકણ તથા મલબાર કિનારા ઉપર ઘણાં હોવાથી ત્યાં તેનું તેલ કાઢવામાં આવે છે. આ તેલમાંથી 'સ્ટિઅરિક ઍસિડ' સેંકડે ૮ ભાગ સુધી હોય છે, અને 'સ્ટિઍરિક ઍસિડ' ની મીણબત્તીઓ બને છે.

તાજા કેાકમનું તેલ પિળા રંગનું હોય છે; પણ તેને થેાડા દિવસ રહેવા દેતાં સફેદ બને છે. એ જલ્દી બેાર થતું નથી. એને પિગળાવવાનું ઉષ્ણુમાન ૩૦ સેંટિગ્રેટ છે. આ તેલમાં સ્ટિઅરિક, ઓલિઇક, લૅારિક, પૅામિટિક અને થિયાબ્રેામિક ઍસિડ અને ગ્લિસરાઇન એટલાં દ્રવ્યેા હોય છે. વેપારમાં એના તેલમાં ચરબીની ભેળ કરવામાં આવે છે. આ ભેળ તપાસવામાં એક કાચની પરિક્ષક નળી લઇ તેમાં બે ભાગ

કોકમનું તેલ નાખી તેમાં ૪ ભાગ ઘયર નાખી તે નળીને ૧૭ સેંટિગ્રેટ અંશની ગરમી આપવી. પછી આ નળીને મજબૂત બુચ બેસાડી તેને થોડા થંડા પાણીમાં બરફનાં કટકા નાખેલા વાસણમાં બોળવી. જો આ તેલમાં ભેળ હશે તો બે ત્રણ મિનિટમાં તે નળીમાંનુ દ્રવ્ય ગદળું થશે, નહિ તો શુદ્ધ જણાતાં તેલ સ્વચ્છ જાણવું. આ તેલ ઔષધિ ઉપયોગમાં તેમજ સાબુ બનાવવામાં પુશકળ ખપે છે.

કોપરેલ તેલ—આ તેલ નારીયળી માહેલા કોપરામાંથી કાઢે છે. સાધારણ ઉષ્ણુમાન ઉપર એ જાડું હોય છે. એનું સખતપણું સાધારણ ચરબી જેવું હોય છે. એનો વાસ કોપરા જેવો આવે છે, અને તેને ઘણાં દિવસ રાખતાં તે ખોરું બને છે. અને પતળું થવા ૨૭થી ૩૦ સેંટિગ્રેડ અંશની ગરમી લાગે છે. કેટલીક જાતનાં તેલ ૨૦ સેંટિગ્રેડ અંશ ઉપર પાતળું થાય છે. એનું વિશિષ્ટ ગુરૂત્વ ઘણું કરી બીજા તેલ કરતાં વધારે છે. તે ૯૯ સેંટિગ્રેડ ઉષ્ણુમાન ઉપર ૦. ૮૬૮ થી ૦.૮૭૪ સુધી હોય છે.

એનાં બટક તત્વો ક્રાંઇક અંશે વધારે હોય છે, અને તે ઘણે અંશે હલકા તેલ યા ઍસિડ જેવાં હોય છે. તેમાં લૉરિક ઍસિડ અને ગ્લિસરાઇન એ મુખ્ય બટક છે. તેમાં કયાપ્રિક, કયાપ્રોઇક, કયાપ્રિલિક, મિરિસ્ટિક, પામિટિક અને સ્ટિઅરિક ઍસિડ તથા ગ્લિસરાઇન વધારે હોઇ ઓલિઇક ઍસિડ વધારે થોડું હોય છે. કેટલીક જાતની પ્રાણીજ ચરબી અને ક્રાંઇક જાતનું મીણ એમાં મિશ્ર કરેલું જડે છે. હિંદુસ્તાનમાં બોયસીંગના દાણાનું તેલ મેળવે છે, પણ આ ભેળ થોડી હોય છે. હાઇદ્રોલિક પ્રેસમાં આ તેલને દાબતાં પ્રેસ મધે એક જાડો લોચો બને છે, તેને કોકોનટ સ્ટિઅરિન કહે છે. બાહેર પતળું તેલ નિકળે છે તેને કોકોનટ ઑઇલ કહે છે, આ કોકોનટ સ્ટિઅરિનની મીણબત્તી બનાવવામાં ઝાઝો ઉપયોગ કરવામાં આવતો નથી, કારણકે તેમાં પાતળું ઓલિઇન થોડું બાકી રહે છે, અને આ તેલનો સાબુ બનાવ્યો હોય તો તે જલ્દી પિગળે છે, કોપરેલનો 'મરીન સોપ' ઉત્તમ પ્રકારનો બને છે.

સરસીયાનું તેલ—એનું તેલ પિળા અથવા લીલા ફિક્કા રંગનું હોય છે. એ શુદ્ધ સ્થિતિમાં હોયછે ત્યારે તેનો એક પ્રકારનો તિક્ષણ વાસ આવે છે. એમાંના ચીકણા પદાર્થ જૂદા પાડવા માટે તેલ કાઢવા પેહેલાં, સફેદ રાઇનાં દાણાને ગર્મી લગાડે છે, પછી તેને યંત્ર વડે દાબી તેલ કાઢે છે, કાળી અથવા લાલ રાઇનું તેલ એમજ કાઢે છે. સલ્ફ્યૂરિક ઍસીડથી, કાસ્ટિક અલકલીથી અથવા વરાળનાં પ્રવાહથી આ તેલને શુદ્ધ કર્યાથી તિક્ષણ વાસ દૂર થાય છે, અને રંગ ફિક્કો પિળો થાય છે. આ તેલનું વિશિષ્ટ ગુરૂત્વ ૦.૯૧૩ થી ૦.૯૧૬ સુધી ૧૫.૫૦ સેંટિગ્રેટ ઉષ્ણુમાન ઉપર હોય છે.

અંબાડાનું તેલ—એના બિયામાં સેંકડે ૩૩ થી ૩૫ ભાગ તેલ નિકળે છે. ઉષ્ણ કરી દાબતાં દર સેંકડે ૩૦ ભાગ તેલ નિકળે છે. એ પિળા રંગનું હોઇ સહેજ તેમાં તેના બિયાંની ફચી અને વાસ આવે છે. એનું વિશિષ્ટ ગુરૂત્વ ૧૫ સેંટિગ્રેડ ઉપર ૦.૯૨૫ હોય છે.

બીચનટનું તેલ—'ફ્રરગસ સિલ બ્લાસ્ટિકા' નામે ઝાડનાં ફળમાંથી આ તેલ કાઢવામાં આવે છે.

તલનું તેલ—હિંદુસ્તાનમાં એનું તેલ પુશકળ બનાવવામાં આવેછે. એ તાજું હોયછે ત્યારે તેનો રંગ ચળકતો પિળો હોય છે, અને જુનું થતા સેહેજ કાળાસપર પિળું હોય છે. એનો એક પ્રકારનો વાસ આવે છે.

બોયસીંગનું તેલ—એનું તેલ બોયસીંગના દાણાને ઘાણીમાં નાખી પિળાને બનાવેછે. એ કાળાસપર પિળા રંગનું હોય છે. એ જલ્દી બોરું થાય છે. તેલમાં સેંકડે ૮ થી૧૦ ભાગ ગલિસરાઇન હોય છે.

દ્રાક્ષનું તેલ—ઇટલીમાં દ્રાક્ષનાં બીયાં અથવા દાણામાંથી બનાવવામાં આવેછે. દારૂ બનાવવા માટે દ્રાક્ષને ઘાણીમાં પિળયા પછી જે છુંછા રહેછે તેને બરાબર સુકવીને બીયાંને પંખા વડે છુટા પાડી સાફ કરેછે. પુરે પુરાં સાફ થયા બાદ ઘઉં પ્રમાણે દળી અતિ બારીક આટો બનાવેછે. જો બાવીસ રતલ આટો હોય તો તેને વાસણમાં ભરી વચમાં ખાડો કરી તેમાં સુમારે સવા પાંચ પાઇંટ પાણી નાખેછે. પછી તેને ધીમી આંચે ઉકાળી આટાને ધીરેથી હલાવે છે, આથી સારી રીતે મિશ્ર થઇ ગાંગડા બંધાતા નથી. પછી તે સખત ગરમ થતાં તેને સાધરણ બિયાં પ્રમાણે પિળે છે. એક વાર પિળીયા પછી આટાના લોંદાને હાથ વડે ભાંજી ફરી પિળે છે. '૨૨૫' રતલ પાકટ દ્રાક્ષનાં બિયામાંથી ૨૨ થી ૨૫ રતલ તેલ નિકળે છે.

કૉડલિવર ઑઇલ—એ કૉડ નામની માછલીના કાળજાંમાંથી કહાડવામાં આવે છે. જ્યારે કેટલીક જાતની માછલીઓનાં આખા શરીરમાં તેલવાલા ચીકણા પ્રદાર્થો હોય છે, ત્યારે કૉડ માછલીમાં માત્ર તેના કાળજાંમાં તેલવાલી વસ્તુઓ રહેલી છે. સ્વિડન અને ઉત્તર યૂરપના બીજા ભાગોમાં આ તેલ દવા તરીકે જાણીતું છે. અને છેલ્લા ૪ દાહેકા થયા આ તેલ છાતીનાં દરદો તથા નબળાઇ માટે અકસીર જણાયું છે. બીજા તેલો પ્રમાણે તેમાં પણ તરેહવાર ભેળસેળ કરવામાં આવે છે. કૉડનાં કાળજાને બદલે 'ટોરસ, બર બોટ અને લીંગ' નામની માછલીનાં કાળજામાંથી કહાડેલું તેલ કૉડલિવર ઑઈલ તરીકે વેચાય છે.

આ તેલ કાઢવાની પેહેલી રીત એ છે કે:—પીપોના તળીયામાં બકોરાં રાખી તેની ઉપર ઝાડની ડાંખળીનું પડ કરવામાં આવે છે અને માછલીમાંથી કાળજાં કાઢી લઇ તે પીપોમાં મેળી તેઓને લાંબો વખત સુધી તડકામાં અને હવામાં ખુલ્લાં મેળવામાં આવે છે. આથી કાળજાં ધીમે ધીમે કોહવા માંડે છે, જેથી તેમાં રહેલું તેલ છુટું પડી પેલા બકોરા વાટે નીચેનાં વાસણમાં ઝીલાય છે. આવી રીતે કહાડેલું તેલ જો સાફ કરવામાં નહિ આવે તો તે ખારું બની તે પીતાં ઉલટી આવે છે.

આ તેલ કાઢવાની બીજી રીત એવી છે કે, એક ભોખંડના પેનામાં આ કાળજાને ઉકાળવામાં આવેછે, અને પછી કપડાંથી ગાળી કાઢી તેલ છુટું કરવામાં આવે છે. આ તેલ બનાવવાનાં મોટા કારખાનાઓમાં કાળજાંઓ કાઢયા પછી ઘોઇ સાફ કરી મોટી ચાળનીમાં મેળી તેમાથી પાણી નિતારી કાઢે છે. પછી તેઓને ધીમે આંચે પોણો કલાક સુધી વરાળની ગરમી આપવામાં આવે છે, જે પછી પાછી થંડી હવા વાસણમાં દાખલ કરતાં, કાળજાં જે વરાળથી ઉપસી આવેલાં હોય છે તે પાછાં બેસી જતાં તેલ નીચોવાઇ ઉપર તરી આવે છે. આ તેલને ફ્લાનિનનાં કપડાંમાંથી ગાળી કહાડી મ્હોટા ટબોમાં ૧૪ કલાક સુધી ઠરવા દેવામાં આવે છે, જે પછી તેને મોટી ટાંકીઓમાં ભરવામાં આવે છે. જ્યાં થોડા દિવસ ઠરવા દઇ પછી મોટા ગાલવાના વાસણમાંથી પસાર કરીને સ્વચ્છ બનાવે છે.

ખનીજ તેલ—અથવા જમીનમાંથી નિકળતા તેલોમાં કેરોસીન, પેરેફીન, અને નખતેલ એ મુખ્ય છે. જ્યારે ઠરી જતા તેલોમાં ઑકસિજન આવે છે ત્યારે ખનીજ તેલોમાં કાર્બન તથા હાઇદ્રોજન હોય છે. આથી તેમને બીજું નામ હાઇદ્રો કાર્બનનું આપેલું છે. બીજાં તેલ કરતાં આ તેલની રોશની વધારે સફેદ અને સ્વચ્છ હોય છે. તેઓમાં કેટલાક ઉડી જનારા તથા સળગી ઉઠનારા પદાર્થો ભેળેલા હોય છે, અને તેથી જમીનમાંથી કાઢયા પછી તે પદાર્થો દૂર કરી તેઓને સાફ કરવામાં આવે છે.

સુગંધી તેલો—એ રીતે બનાવવામાં આવે છે. ચોખ્ખાં ઓલિવ્હ અથવા બદામના તેલમાં સુગંધી અરક નાખીને થોડા દિવસ રહેવા દેવામાં આવે છે, અથવા તો તેલમાં ફુલનો

વાસ દાખલ કરવામાં આવે છે. યૂરપમાં આ તેલ નીચે મુજબ બનાવે છેઃ—

"એક લોખંડના ચોકઠાં ઉપર રૂનો સફેદ પતલાં કપડાંનો કટકો બાંધી તેની ઉપર ઑલિવ્હ અથવા બદામનું તેલ બશથી ચોપડે છે. પછી તેની ઉપર તાજાં તોડેલાં ફુલોનું પડ કરવામાં આવે છે, અને એક બીજું ચોખ્ખું એવીજ રીતે તેની ઉપર મેળી પાછું તેની ઉપર ફુલનું પડ કરવામાં આવે છે. એ મુજબ એક બીજા ઉપર ચોખટાં મેળી, પેહેલાં દર ચોવીસ કલાકે અને પછી આંતરે ફુલ બદલવામાં આવે છે. એવી રીતે ૮ વખત ફુલ બદલવા પછી પેલા ચોખટાં ઉપરના કપડાનાં કટકા કહાડી લઇ, તેઓને દાબીને તેમાંથી સઘળું તેલ નીચવી કાઢે છે. ચંપેલી વગેરે સુગંધી ફુલના તેલો આ મુજબજ બનાવવામાં આવે છે.

હિંદુસ્તાનમાં–સુગંધી તેલ બનાવવા માટે તાજાં ફુલોનો ૪ ઈંચ જાડો ઢગલો કરી તેની ઉપર બીજવેલા તલનું બે ઈંચ જાડું પડ કરવામાં આવે છે, અને તેની ઉપર પાછું એક ફુલનું પડ કરવામાં આવે છે. આ ઢગલાની ઉપર કપડાંનો એક કટકો ઓઢાડી તેને દાબવામાં આવે છે. ૨૪ કલાક પછી ફુલો બદલવામાં આવે છે અને ઘણી વેળા આ ફુલો બદલવાથી શ્રેષ્ટ તેલ બને છે. આ રીતથી તેલ ફુલી જઈ ફુલનો સઘળો વાસ તેમાં દાખલ થાય છે અને પછી તેને પિળીને તેમાંથી તેલ નિકળે છે તે ઉંચી સુગંધીવાલું હોય છે.

તેલ રંગ માટે—પેટ્રોલિયમમાંથી બનાવવાની નવી શોધ ગઇ સદીની આખેરી આગાહીજ કરવામાં આવી છે. જેમ રંગ ઇત્યાદી બનાવવા માટે અળસીનાં તેલની ખાશિયત ધરાવનારૂં તેલ કુનરની મદદથી બીજા ત્રાહિત પદાર્થમાંથી રસાયનિક રીતે બનાવવાની યૂક્તિ અમેરિકામાં જાણીતી છે, તેમ પેટ્રોલિયમ, મીણ, રાળ, રબર, વગેરે ચીજોનાં મિશ્રણથી બનાવવામાં આવે છે.

ચોકસ એક ગ્યાલન પેટ્રોલિયમ દીઠ બીજાં પદાર્થો નિચલાં પ્રમાણમાં લેવાની ભલામણ કરવામાં આવે છે, માખણ ½ થી ¾ રતલ, બારીક ભૂકો કરેલી રાજમ ½ રતલ, ઝીંક સલ્ફેટ ½ થી ¾ રતલ, શૂગર લેટ (લેડ એસેટેટ) ½ થી ¾ રતલ, રબર ½ થી ૧ ઔંસ તથા અળસીનું તેલ ½ થી ૧ પેંટ. આ તેલ બનાવવા માટે મ્હોટા બૉઇલરનાં જેવી એક ખાસ ભઠ્ઠીની જરૂર હોય છે. આ ભઠ્ઠીમાં પેહેલાં પેટ્રોલિયમને નાખીને સ્ટિમની મદદથી તેમાંનો સર્વ કચરો કાઢી નાખ્યા બાદ તેમાં લેડ એસેટેટ અને ઝીંક સલ્ફેટ નાખી તેમને એક કલાક સુધી સ્ટીમનીજ મદદથી ઉકાળી તેમાં રબર, મીણ, તથા રાજમ ઉમેરીને તે સરવે બીજા નજદીક ૭ થી ૮ કલાક સુધી ઉકાળ્યા બાદ એ મિશ્ર પ્રવાહીને થંડી પડવા દઇ લેમાં અળસીનું તેલ ઉમેરે છે. આ તેલનો રંગ ટકાઉ, ઝલેહદાર અને ખરચનો ઉગાળો કરનાર હોય છે.

તેલંગુ દેશ—પ્રજા—તથા ભાષા—ચોલ દેશની ઉત્તર તરફનો મુલક. પ્રાચીન નકાશા ઉપરથી આંધ્ર દેશ એનાથી જુદો હોવાનું જણાય છે, પણ હાલમાં એજ નામ તળે આંધ્રદેશ આવે છે. તેલંગુ એ તેલંગીનોજ અપભ્રંશ હોઇ ગ્રીક ભૂગોલવેત્તા સુધાં આ પ્રદેશને 'મેદોગલિંગમ' કહેછે. આ ઉપરથી આ શબ્દ અતિ પ્રાચીન છે. તેલંગી શબ્દ વટીક ત્રીલીંગમમાંથી બનેલો છે. એમાં શક નથી. તેલંગણને સંસ્કૃતમાં આનંધ્ર એવી સંજ્ઞા છે, અને પૂર્વ કીનારાને આ દેશની વ્યાપ્તિ પુલીકાતથી થેટ ચિકાકોલ' સુધી છે. પણ આ દેશ એથી પણ વધારે વિસ્તાર વાલો હશે, કારણ તેમાં માયસોર, મહારાષ્ટ દેશના પૂર્વ સરહદનો ભાગ, ઘણુ કરી નિજામનું રાજ્ય, વરહાડ પ્રાંત, કર્નૂળ, નાગપુરનો કેટલોક દેશ અને ગોંડવણનો તેમાં સમાસ થાય છે.

પ્રાચીન કાળમાં તેલંગણની ઉત્તર તરફની મરિયાદા એના કરતાં પણ વધારે ઓહોળી હોઇ તે છેક ગંગાના મુખ સુધી વધેલી હતી એવું અનુમાન કાઢી શકાય છે. તમામ તેલંગણ પ્રાંતમાં તેલંગુજ બોલે છે, પણ ચિકાકોલાની બીજી તરફ ઉત્તર ભણી અને સમુદ્ર કાંઠેના બાજુ પર ઇશાન્ય સુધી 'ઉરીય' ભાષા પ્રચારમાં છે. ૧૯ મી સદીની શરૂઆતમાં યૂરપીયન લોકો ત્યાં ગયા હતા, તેઓએ તેલંગુ ભાષાને, "જંટુ" કહી છે. આ શબ્દ પોર્તુગીજ હોઈ તેનો અર્થ મૂર્તીપૂજક એવો થાય છે, 'જંટુ' અથવા 'જંટાઇલ' એ એકજ ભાષાનાં શબ્દો છે.

તેલંગુ ભાષા ૪સવી સનની શરૂઆતમાંજ પ્રચારમાં હતી એમ જણાય છે. કારણ તે ભાષાનાં કેટલાક શબ્દોનો ઉપયોગ તે વખતે અત્રે આવેલા ગ્રીક ભૂગોલવેત્તાઓએ કરેલો જણાય છે. ત્રિલંગમ ઉપરથી તેલંગણ આ શબ્દ પ્રચારમાં આવેલો જણાય છે. તેલંગુ ભાષા અનાર્ય ભષામાં પોતાની મધુરતા અને પુરાતનપણા માટે તામીલ ભાષા પછીની બીજી ગણાય છે. એમાં કઠોરતા બીલકુલ નહિ હોવાથી એ ઘણી મધુર લાગે છે, અને તામીલ કરતાં તો એ વધારે મધુર છે એમ વિદ્વાનોનું મત છે. તેલંગુમાંથીજ 'વડારી' અને 'કેકાડી' નામની ભાષાઓ ઉત્પન્ન થઇ છે. પણ હાલેહાલનાં મિશ્રણથી તેમાં સહેજમાં ઘણો ફેરફાર થતો ગયો છે. કારણ તેમની ગણના સ્વતંત્ર વર્ગમાં કરી તેમને કેકાડી એવી સંજ્ઞા આપીછે. તેલંગુમાં દેવનગરિ લિપિનોજ ઉપયોગ કરેલો જણાય છે. માત્ર અંતર એટલોજ છે કે તાડ પત્રપર લખી શકાય એવી રીતે વળાણ આપી તેમાં થોડો ઘણો ફેરફાર કરેલોછે. આ ભાષા તામિલ કરતાં પણ વધારે પ્રચારમાં હોઇ તે મદ્રાસ પ્રાંતના પૂર્વ કિનારા ઉપર, માયસોરમાં, કર્નાટકમાં, ઓરિસા પ્રાંતમાં અને તમામ વરહાડ તથા નિજામના અરધા રાજ્યમાં ફેલાયલી છે. એટલુંજ નહિ પણ નિગાપટ્ટન અને કલિંગપટ્ટનથી જે જે લોકો મજુરી માટે બંગાલનાં ઉપસાગરમાં જાય છે તેઓ સઘળા આ ભાષા બોલતા હોવાથી ત્યાં પણ એજ ભાષાનો ફેલાવો થએલો છે. આ ભાષા બોલનારી પ્રજાની સંખ્યા ૧,૯૮,૮૫,૧૩૭ ની છે.

આ તેલંગુ ભાષાનાં મૂળાક્ષરો કાનડી જેવાં છે. કવે સંસ્કૃતમાં ગ્રંથો લખ્યાં અને ૧૨મા સદીમાં 'નાનાબા' એ ભારત તથા ભાગવતનાં ભાષાંતરો કર્યા હતાં.

તેલીચેા પામ—આ એક અત્યંત સુંદર પામ જાતનું વૃક્ષ છે. એના ફળમાંથી ઓલિવ્હનાં ફળ પ્રમાણે તેલ કાઢવામાં આવે છે, આથી તેને ઑઇલ પામ પણ કહે છે. એના પાંદડાં લીલા રંગનાં હોઇ તે સામસામાં હોય છે. નવાં ઝાડ બિયાંથી ઉગે છે. એના માટે શ્રેષ્ટ જાતની લાલ જમીન ઉપયોગી ગણાય છે. એને પાણી ૪ દિવસ આંતરે સીપવું.

તેશતર—અથવા તિશત્ર. વર્સાદ ઉપરનો અવકલ ૪જદ તથા સેતારો. એનો મદદગાર 'સત્તવએસ સેતારો' છે. અપઓશ જે દુકાળ અને મરકીનો દેવ છે તે તેશતરને વર્સાદ લાવવામાં ખલલ કરે છે, ને તેની ઉપર તીર ૪જદ ફાવી વર્સાદ વર્સાવે છે. આ ૪જદ ગ્રહો તથા સેતારાઓનો સરદાર છે. એ લાંબી ઉમરનો વધારનાર છે. તેશતર એ પારસી મહિનાનાં તેરમાં રોજનું નામ છે. એ દિવસે સખાવત કરવાથી દિલની મુરાદ હાંસલ થાય છે.

તેમજ આ દિવસે ઇરાનમાં તીરંદાજીનો કુનર શિખવાની શરૂઆત કરવામાં આવે છે. એ દિને જે બાળક અવતરે તે કમતાલેનું ગણાય છે, અને એ દિને જે એમાર પડે તે વધુ હેરાન થાય છે એવું રેવાયતોમાં જણાવ્યું છે. આ દિવસે જે ખબર સાંભળીએ તે જુઠી ઠરે તેમજ ગુમાયલી વસ્તુ પાછી જડે નહિ એવી એ દિવસની તાસીર કહેવાય છે. તે ઉપરાંત આ દિવસે જે સ્વપનમાં સાંપ

નજરે પડે તો તે લાભકારી છે એમ માનવામાં આવે છે.

આ તેશતર તે Sirius સેતારો છે જે Camis Mogor નાં નક્ષત્રમાં આવેલો છે. અસલી ઇરાનીઓ એની તરફ જે બહુ માન ધરાવતા તેનું કારણ એ છે જે, મધ્ય ઉન્હાળામાં તે પેહેલો નજરે પડતો, અને જેમ તે આકાશ ઉપર વધુ રહેતો તેમ ગરમી જલ્દી ખલાસ થઈ પાનખર ઋતુનો વર્સાદ જલ્દી બેસવાની નિશાની મળતી. ઉન્હાળામાં પેહેલા મહિના (૨૧ મી જુનથી જુલાઇ) ઉપરને મવક્કસ હતો. એજ કારણને લીધે તેશતર તીર ઇજદ વર્સાદ ઉપર મવક્કલ છે. એનો મદદનિશ સેતારો 'સત્તવએસ' જે ગણાય છે તેને ડૉ૦ ગાઇગર Lyra નાં નક્ષત્રમાં Vega નામનો સેતારો ગણે છે, અને જેનું કામ તેશતરથી ઉત્પન્ન થતા પાણીને પાંથરી નાખવાનું છે.

તેહમાસ્પ—એ જુવ પાદશાહના પિતા તરીકે ઇરાનની તવારીખમાં મશહુર થયો છે. અવસ્તાની વિ૦ ફ૦ માં જણાવ્યા મુજબ યુનદેહેશમાં હમકારની આફ્રિનમાં, શાહનામામાં અને દીનકર્દમાં જુથને માટે જ્યારે બોલવામાં આવે છે ત્યાં એનું નામ તુમાસ્પાન તરીકે લખેલું છે. એ ઉપરથી એ એનો કોઇ વડવો હતો અને તે ઉપરથી તુમાસ્પાન એવું ખાનદાની વિશેષણ થયું હતું. ફીરદોશી મુજબ એ તુમાસ્પ ફરેદુનના ખાનદાનનો હતો. યાને એ સેલમનો પુત્ર ને જુવ પાદશાહનો પિતા હતો.

તેહમુરસ—શાહનામામા 'દેવબંદ' તરીકે જણાવ્યો છે. આ પાદશાહને ફીરદોશી, દસાતીર, દબેસ્તાન, વગેરે ગ્રંથોમાં હોશંગનો બેટો જણાવ્યો છે. યુનદેહેશમાં વિવંઘનો છોકરો અને જમશેદનો વડો ભાઇ જણાવેલો છે. એણે દેવ દરજ્જે ઉપર ફત્હે મેલવી તેમને નાબુદ કર્યા હતા. એણે લાંબા કાળ સુધી રાજ્ય અમલ ભોગવ્યો હતો. તે દરમ્યાન એણે પોતાની સ્વારીના ઘોડા તરીકે એક દરવંદ=ગનામીનોને રાખ્યો હતો; એને કયાની ખોરેહ અથવા નૂર હતું. એણેજ પ્રથમ રાજ્યના રક્ષણ માટે લસ્કર રાખી દેશમાં બંદોબસ્ત જાળવવાની પ્રથમ શરૂઆત કરી હતી, અને લશકરની કુમકથી દેશ પરદેશને કાબુમાં લીધાં હતાં.

તેહરાન—ઇરાનના રાજ્યનું આ પાયતખત કાસ્પિયન સમુદ્રથી દક્ષિણે ૭૦ મૈલ ઉપર છે. આ શેહેર દમાવંદ પર્વત પાસેનાં મેદાનમાં છે. એનો કોટ ૧૦ મૈલ ઘેરાવાનો હોઈ તે ૧૮૭૩માં સંપૂર્ણ તૈયાર થયો હતો. ઉત્તર તરફનો ભાગ ઘણો જલ્દી વસવાટથી ભરપૂર થયો હતો; જ્યાં નવા રસ્તા, બગીચા અને મેહેલો વગેરે બનાવવામાં આવ્યા છે. ૧૮૬૬ માં શાહનો મેહેલ રોનકદાર બનાવવામાં આવ્યો હતો, અને શાહાના બીજા પાંચ મેહેલો તેહેરાન નજદીકમાંજ છે. અત્રેનાં બજાર ગંજાવર બાંધણીના છે. તેહેરાનથી ટેલિગ્રાફ લાઇન બધા જીલ્લામાં ફેલાયલી છે. તેહેરાનની દક્ષિણે ૬ મૈલ ઉપર શાહ અબદુલ આઝીમ નામનું યાત્રાસ્થાન, છે, ત્યાં સુધીની એક નાહની રેલ્વે લાઇન ૧૮૮૬માં નાખવામાં આવી છે. ટ્રૅમવે ૧૮૯૨ માં ચાલુ કરવામાં આવી હતી. ૧૮૬૦માં વસ્તી ૭૦૦૦૦ની ને ૧૮૯૪માં ૨૧૦૦૦૦ની હતી. તેહેરાનની નજદીકજ 'રે' નામના પ્રાચીન શેહેરનાં ખંડીયરો છે.

તેહેવારો—દુનિયામાં અસલવારેથી દરેક પ્રજા ચોક્કસ ધાર્મિક દિવસે તથા ચોક્કસ મહાન યાદગાર પ્રસંગ અર્થે થેડવેલા દિવસે કામકાજથી આશાયસ મેળવી તે દિવસના માનાર્થે યાદગારીમાં જે દિવસ ગુજારે છે તેને તેહેવાર કહે છે. હિંદુસ્તાનમાં હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, યાહુદી વગેરે જૂદી જૂદી પચરંગી પ્રજાની વસ્તી હોવાથી આ દેશમાં તેહેવારો સંખ્યાબંધ પડે છે, તેમાં જે જે પ્રજાની મ્હોટી વસ્તી હોય છે તેનાં તેહેવારોની રજા ઝાઝી મળે છે.

આથી દરેક પ્રજા પોતાનાં દેશમાં રીતી રેવાજ મુજબ વર્ષનાં કુલે દિવસોનો થોડો ભાગ રજા દરમ્યાન ગુજારી આસાયસ લીયે છે અને મુખ્ય કરી સામટી આશાયસને બદલે નિયમિતપણે દર અઠવાડીયે યા વાર તેહેવારે આસાયસ માટે રજાના દિવસો ઠેડવેલા હોય છે. નીચે દર્શાવેલા દેશો વર્ષનાં ૩૬૫ દિવસમાં કેટલા દિવસો કામ ઉપર અંડેલા રહે છે તે જણાશેઃ—

	(કામનાં દિવસો.)	રજાના દિવસો.
મુંબઇ ઇલાકો	૨૬૧	૧૦૪
મધ્ય એશિઆ	૨૬૭	૬૮
કેનેડા	૨૭૦	૬૫
સ્કૉટલંડ	૨૭૫	૯૦
ઇગલંડ	૨૭૮	૮૭
પોર્તુગલ	૨૮૩	૮૨
રૂશિયન પોલંડ	૨૮૮	૭૭
સ્પેન	૨૯૦	૬૫
આસ્ત્રીયા	૨૯૫	૭૦
ઇટલી	૨૯૮	૬૭
બવેરિઆ	૩૦૦	૬૫
બેલજીયમ	૩૦૦	૬૫
ઘ્રાઝિલ	૩૦૦	૬૫
લક્ષમબર્ગ	૩૦૦	૬૫
સેક્ષની	૩૦૨	૬૩
ફ્રાન્સ	૩૦૨	૬૩
શ્રીનવેંડ	૩૦૨	૬૩
વર્ટેમબર્ગ	૩૦૨	૬૩
સ્વિટઝરલેંડ	૩૦૨	૬૩
ડેનમાર્ક	૩૦૨	૬૩
નૉરવે	૩૦૨	૬૩
સ્વિડન	૩૦૪	૬૧
પ્રશિયા	૩૦૫	૬૦
આયરલંડ	૩૦૫	૬૪
અમેરિકા	૩૦૬	૫૯
હૉલેન્ડ	૩૦૮	૫૭
હંગેરી	૩૧૨	૫૩

હિંદુઓનાં તેહેવારો નીચલે દિવસે પડે છેઃ—

કાર્તક	શુદી	૧—નવું વર્ષ, વિક્રમ સંવંત બદલાય છે.
,,	,,	૨—બેસતા વર્ષની ૧ લી ચાંદરાત (ભાઇબીજ).
,,	,,	૧૧—દેવદીવાલી.
,,	,,	૧૨—તુલસી વિવાહ (આ દિવસ પછી હિંદુઓમાં લગ્ન કરવાનાં મૂહુર્ત જોવાડાવવામાં આવે છે.)
,,	,,	૧૪—આંબલી પિંપળી.
,,	,,	૧૫—દેવ દીવાળી.
,,	વદ.	૮—કાળાષ્ટમી.
માર્ગશિષ	શુદ	૧ થી—૬—ચંપા છઠ.
પોશ	શુદી	—મકર સંક્રાંતી.
માહ	શુદી	૪—વીનાયક ચતુર્થિ.
,,	,,	૫—વસંત પંચમી.
,,	,,	૭—રથસપ્તમિ.
મહા.	વદ.	૮—ભિષ્માષ્ટમી.
,,	,,	૧૪—મહા ચૌર્ણિમા.
,,	,,	૧૪—મહા શિવરાત્રી.

ફાગણ શુદી ૧૨—હોળીનો રંગ લેવાનો દિવસ.
,, ,, ૧૫—હોળી પૂંજન.
,, વદી ૧—ધૂળ પડવો.
ચૈત્ર શુદી ૧—ગુડી પડવો. શાલીવાહન શકેનું નવું વર્ષ.
,, ,, ૭—શ્રાવક પ્રજ્ઞની આળસતી હોળી.
,, ,, ૯—રામનવમી.
,, ,, ૧૫—હનુમંત જયંતી.
વૈશાખ શુદી ૧૩—નૃસિંહ જયંતિ.
જ્યેષ્ટ શુદી ૧૦—દશ હરારૂત યાને ગંગાજીનો જન્મ દિવસ.
,, શુદી ૧૫—વટ સાવિત્રી.
આષાઢ શુદી ૧૧—દેવપોઢી એકાદશી.
,, પૈાર્ણિમાએ—કોકીલાવ્રત.
શ્રાવણ શુદી ૫—નાગપંચમી.
,, ,, ૭—શીળીસાતેમ.
,, ,, ૧૨—પોંવતી.
,, ,, ૧૫—બળેવ અથવા રક્ષાબંધન.
,, વદ. ૮—ગોકુળ અષ્ટમી.
,, ,, ૯—નોળીઆનેમ.
,, ,, ૧૧—ગોવાળીઆ અગીઆરસ.
,, ,, ૦—પીઠોરી દર્શન.
ભાદરવો શુદી ૧—શ્રાવક લોકોનો તરલાઘર.
,, ,, ૪—ગણેશ ચોથ.
,, ,, ૫—ઋષિપંચમી.
,, ,, ૭—ગવરી પુંજન.
,, ,, ૮—દુર્ગાઆઠમ.
,, ,, ૧૨—વામનદ્વાદશિ.
,, ,, ૧૪—અનંત ચૌદશ.
,, વદી. ૧—શ્રાદ્ધ દિન ૧૬ એ દિવસથી બેસે છે.
,, વદી. ૫—લલીતા પંચતી.
,, ૦) —શ્રાદ્ધની સમાપ્તિ.
આશ્વિન શુદી ૧—નવરાત્રી યા નોરતાં બેસે છે.
,, ,, ૮—સરસ્વતી પુંજન.
,, ,, ૧૦—વિજયા દશમી.
,, ,, ૧૫—માણેકથારી પુનેમ.
,, વદી. ૧૨—વાઘબારસ.
,, ,, ૧૩—ધનતેરસ.
,, ,, ૧૪—કાળી ચૌદસ.
,, ,, અમાસ-દીવાળી—વહી પુંજન.

ખ્રિસ્તી તેહેવારો.

જનેવારી—૧—નવું વર્ષ.
માર્ચ ૩૭—કુશિહાઇ ડે (શેહેનશાહ તાઇબિરિયસના અમલનું ૧૮ મું વર્ષ ચાલતું હતું તે વખતે પે૦ ખ્રાઇસ્તને ઇ૦ સનના ૩૩ માં વર્ષમાં ક્રોસ ઉપર જડી મારી નાખ્યો હતો.)
,, ગુડ ફ્રાઇ ડે—(જ્યૂજસ ખ્રાઇસ્તને મારી નાખ્યા પછી બેહેલા શુક્રવારે તેનું શુળ હાથ લાગ્યુ તેની યાદગારીમાં આ તેહેવાર પાળવામાં આવે છે. આ તેહેવારની ગણત્રી ઇસ્તરનાં તેહેવાર ઉપરથી ગણે છે. અને પછીજ દિવસ નક્કી કરે છે.)
,, ૨૫-૨૬ મી—ઇસ્તર હૉલિ ડે.
મે ૨૧ મી—અસેસન ડે.
જુન ૧-૨—પેન્તિકોસ્ટ હૉલિ ડે.
ડીસેંબર ૨૫ મી—ક્રિસ્તમસ ડે. (આ તેહેવાર ઉપર ખ્રાઇસ્તનો જન્મ થયો હતો.)

જરતોશ્તીઓનાં તેહેવારો.

ફરવરદીન. રોજ ૧—નવું સાલ.
,, ,, ૩—રપીથવન ઇજદવાના દિવસ.
,, ,, ૬—ખોરદાદસાલ. એ દિવસે પેગંબર જરતોસ્તનો જન્મ થયો હતો.
,, ,, ૧૯—ગુજરેલાઓની આરાધનાનો દિવસ.
અરદીબેહેસ્ત ,, ૩—એજ માહ રોજનું જશન.
,, ,, ૧૧—મેદીઓજરેમ નામનો પેહેલી ફસલનો ગાહમબાર દિવસ પાંચ.
ખોરદાદ. ,, ૬—એ રોજ તથા મહાનું જશન.
તીર. ,, ૧૧—મેદીઓશહેમ ગાહમબાર દિન પાંચ સુધી (એને તિરીઆનનાં ગાહમબાર કહેછે.
,, ,, ૧૩—એજ રોજ માહનું જશન.
શેહેરેવર. ,, ૨૬—પેતેશહેમ નામનો ત્રીજી ફસલનો ગાહમબાર દિન પાંચ.
મેહેર. ,, ૧૬—મેહેરગાનનું જશન.
,, ,, ૨૬—અબઆઝેમ નામનો ૪ થી ફસલનો ગાહમબાર દિન પાંચ.
આવાં. ,, ૧૦—આવાં ઇજદનું જશન.
આદર. ,, ૯—આદર ઇજદનું જશન.
,, ,, ૧૯—ફરવરદીઆનનું જશન.
દએ... ,, ૧-૨—આ માસનાં પેહેલા બે જશનો.
,, ,, ૧૧—હજરત જરતોસ્તનો મરણ દિવસ.
,, ,, ૧૫—દએ માસનું ત્રીજું જશન.
,, ,, ૧૬—મેદીઆરેમ નામનો પાંચમી ફસલનો ગાહમબાર.
,, ,, ૨૩—દએ માસનું ચોથું જશન.
બહમન. ,, ૨—આ માહ રોજનું જશન.
સપંદારમદ ,, ૨૬—મુકતાદનાં તેહેવારો દિવસ ૧૮.
,, ,, ૨૯—મીનો મારેસપંદનું જશન.
ગાથાના છેલ્લા પાંચ દિવસો.

મોહમેદન તેહેવારો.

મોહરમ.	રોજ	૧—નવું વર્ષ.
,,	,,	૧૦—હજરત અલીના બેટા ઇમામ હુસેનની કતલની રાત.
,,	,,	૧૧—તાજુત થંડાં કરવાનો દિવસ.
સફર.	,,	૧૯—સફરનો છેલ્લો બુધવાર.
રબિઉલઅવલ	,,	૧૨—હજરત મહમદનો જન્મ તથા મરણ દિવસ.
રબિઉલ આખેર		૧૦—પીરાનપીરની અગીઆરમી.
રજબ	,,	૩—ફાતિઆ ઇદ.
,,	,,	૨૦—મહેરાજે હજરત મોહમદ, ૪૦ મે વરષે આસમાને ગએલાનો યાદગાર દિવસ.)
સાબાન.	,,	૧૪—સુએબરાત.
રમજાન.	,,	૧—રોજાનો મહિનો.
શવ્વાલ.	,,	૧—રોજા ઇદ.
જુલહજ	,,	૯—હજનો મ્હોટો દિવસ.
,,	,,	૧૦—બકરી ઇદ.
,,	,,	૧૮—ઇમામ હુસેનનો મરણ દિવસ.

ચીનાઈ તેહેવારો.

ચીનાઇ પ્રજા ચાંદ્ર માસથી પોતાનું વર્ષ ગણતી હોવાથી તેઓમાં આવતા તેહેવારઃ ચાંદની ૧ થી ૩૦ તારીખ વેરમાં ગણવામાં આવે છે.

૧ લા ચાંદની	૧ લીએ	—ઇઉનટાન નામનો નવા બેસતા વરષનો તેહેવાર.
૧ ,, ,,	૨ જીએ	—ટક-હીંગ નામનો ફાનસનો તેહેવાર પાલેછે.
૧ ,, ,,	૧૫ મીએ	—સાંગ ઇ ઉન નામનો પેહેલા વર્ષનો તેહેવાર.
૨ જા ,,	૨ જીએ	—'થુટી' નામના ધેરનાં દેવતાને માનાર્થે પાળવામાં આવતો તેહેવાર, આ દેવતાને આ દિવસે બળીદાન તથા નૈવેદ આપેછે.
૨ જા ,,	૨૯ મીએ	—'શિંગમિંગ' નો તેહેવાર યાને મરણ પામેલાંઓની નૈયતે પાલવામાં આવે છે.
૩ જા ,,	૫ મીએ	—'પુકતાઇ' દેવતાના જન્મ માનાર્થે પાલે છે. એ દિવસે મોહલે મોહલે દેવતાની મૂર્તિનાં સરઘસ કાઢેછે.
૫ માં ,,	૫ મીએ	—'તુન ઇએાઅચીન' નામે તેહેવાર 'ઉઆરઇઉન' નામના મહાન પુરૂષની યાદગારીનો દિવસ.
૭ માં ,,	૭ મીએ	—રોશનીના ફાનસોનો તેહેવાર, આ તેહેવાર ૪ રાત્ર સુધી પાલેછે.
૭ માં ,,	૧૩ મીએ	—ઇઉલાણુનો તેહેવાર મૈમત બ્હાલાઓની યાદગારીમાં તેમને જોઇતી વસ્તુ અર્પણ કરવા પાલે છે.
૮ માં ,,	૧૫ મીએ	—'ચુંગછાઓ'નો તેહેવાર ૪ દિવસ પાલે છે. આ તેહેવારોની રાત્રે રોશની કરી દરિયાઈ દેવતાને સંતોષે છે.
૧૨મી ,,	૧૦ મીએ	—લેણ દેણ નક્કી કરવાનો તેહેવાર.

તૈમુરલંગ—આ પ્રસિદ્ધ મોંગોલ ચોદ્ધાનો જન્મ ઇ. સ. ૧૩૩૬માં સબ્ઝા (સમરકંદની દક્ષિણે ૫૦ મૈલ ઉપર છે) માં થયો હતો. ઇ. સ. ૧૩૭૦માં એને 'ઝાગતાઇ' મોંગોલના ખાનનો એલકાબ અને સત્તા મળી ત્યારથી એણે એક સરખી રીતે દેશો જીતવા તરફ લક્ષ લગાડયું. ઇરાન, તુર્કસ્તાન, યૂરોપમાંનુ રશિયાનો દક્ષિણ પૂર્વ ભાગ, પશ્ચિમ તાર્તર, ઉત્તર હિંદુસ્તાનમાં ગંગા સુધીનાં દેશો જીતી લીધાં હતા, અને તે પછી બગદાદ, અલેપ્પો, દમાસકસ, દિલ્લી વગેરે ઠેકાણે ભારે કતલ ચલાવી લુટ મેળવી હતી. તે પછી ઉસ્માની તૂર્ક બાયઝીદને અંગોરામાં હરાવી ૧૪૦૨માં કેદ કર્યો હતો.

ઇ. સ. ૧૩૯૮માં એણે હિંદુસ્તાન ઉપર સવારી કરી ઈંડસ અને ગંગાના વચલા પ્રદેશ ઉપર સત્તા સ્થાપી મ્હોટી લુટ મેળવી સમરકંદ ફર્યો હતો. તે પછી એ ચીન ઉપર ચઢાઇ કરવા જતાં માર્ગમાંજ મરણ પામ્યો હતો. એ એક પગે ખોડાતો તેથી લંગ યાને લંગડો એમ નામ પડયું હતું. મરણ ઇ. સ. ૧૪૦૫ માં નિપજ્યું હતું.

તોકાલી—મેકસિકોમાંના આગલા વખતના દેવતાઇ મંદીરોનું નામ. આ મંદીર અતિ ઉંચા પિરામિડ રોકા ચારે તરફથી સીડીવાલા ઉંચા ભાગ ઉપર બાંધેલા છે. આ મંદિરોમાંના કેટલાક કુદરતિ પહાડની ટોચ ઉપર બાંધી હેઠેવેર પગથીયાંની શુશોભિત રચના કરવામાં આવેલી હોય છે. સર્વેમાં મ્હોટું 'ચોલુલા' નું તોકાલી મંદિર જમીનની સપાટીથી ૧૭૭ ફીટ ઉંચું ને તેની ચઢણ ૧૪૪૦ ફીટ ઉંચી છે.

તોડ—અથવા તુડ. એ તુડવાર પ્રજાની ભાષા છે, અને તેને તુડવ એવી પણ સંજ્ઞા છે. તુડવાર પ્રજા નિલગીરિ નામે પર્વતનાં પ્રદેશમાં રહે છે, તેઓની સંખ્યા ઘણી નાહની છે, અને તેઓ લગભગ હજાર હશે.

આ પ્રજાની સામન્ય ઉંચાઇ ૫ ફીટ ૪ઇંચથી ૬ ફીટ ૧ ઇંચની છે. સ્ત્રીઓ ૪ ફીટ ૧૦ ઇંચથી તે ૫ ફીટ ૪½ ઇંચની ઉંચાઇની જોવામાં આવે છે. આ પ્રજામાં અગાઉ બાલ હત્યાનો ચાલ હતો, પણ તેની બંધી ૧૮૨૦ માં બ્રિટીશોએ કરી હતી.

તોડ ભાષા દ્રવિડી શાખામાંની હોવાની કલ્પના છે—કારણ તે માહેલા ઘણાક શબ્દો તામિલ ભાષા માહેલાં છે. લગભગ તે તામિલ ભાષાનાં શબ્દોને તદન મળતા આવે છે, જે નીચે દર્શાવેલા દાખલા ઉપરથી જણાશે.

તામિલ=	તોડ =	મરાઠી=ગુજરાતી શબ્દો.
યાન =	આન =	મી = હું.
યામ =	ઓમ =	આમ્હી= અમે.
ની =	ની =	તૂં = તૂં.
એન =	એન =	માઝા = મારો.
નાંકુ =	નાંકુ =	ચાર = ચાર.
આરુ =	આર =	છ = છ.
પત્તુ =	પોથ =	દહા = દસ.
નુરુ =	નૂર =	શંભર = એકસો.
અળ =	આળ =	મનુષ્ય = માનસ.
આપત્તુ =	આપન =	બાપ = બાપ.

તોપ—હાલનાં વખતમાં લોઢાના ગોળા તોપમાં વાપરવામાં આવે છે, તેને બદલે આગલા વખતમાં મોટા પથ્થરો તથા તીરને એકજાતનાં ખાસ બનાવેલા સાચા બોગે ઉડાડતા હતા. બંદુકનો દારૂ છેક પ્રાચીન કાળમાં ચીનાઓએ શોધી કાઢયા પછી તે હિંદુસ્તાનમાં દાખલ થયો ને ત્યાંથી મૂરીશ લોકોએ યૂરપમાં દાખલ કીધો.

ઈંગલંડમાં પેહેલવેહેલી તોપ ૧૪ મી સદીમાં લડાઇના મેદાનમાં કામમાં લેવામાં આવી હતી.

હાલની નવી રીત મુજબ તોપ ખરા લોઢાં અને તારોની બનાવવામાં આવે છે. તેના અંદરના પડમાં તાર વાપરવામાં આવે છે. ૧૨ ઈંચના વ્યાસની તોપને માટે ૧૦૦ મૈલ જેટલો તાર વાપરવામાં આવે છે. અને આ તાર લપેટવાનું કામ ઘણીજ સફાઇથી બજાવવું પડે છે.

જેમ તોપ હલકી તેમ તે લડાઇમાં અતિ ઉપયોગી થઇ પડે છે. તોપની અંદરના ભાગમાં કરચળી રાખવામાં આવે છે, જેથી ગોળાની નેમ ચોકસ તાંકી શકાય છે; પણ ૧૫૦ ગોળા છુટયા પછી આ કરચલી ઘસાઈ

જાય છે માટે ફરીથી માહે અસ્તર કરવામાં આવે છે. જ્યારે તોપનો પાછલો ભાગ જડી લેવામાં આવે છે ત્યારેજ તોપ રંગવા માટે તૈયાર થએલી ગણાય છે.

૧૨ ઈંચની બ્યાસની તોપ ઉપર ૫૦૦ માનસો કામે લાગે છે અને તેની કિંમત ૭૫૦૦ પૈંડની થવા જાય છે. ૬ ઇંચના બ્યાસની તોપમાંથી દર મિનિટે પાંચ ગોળા છુટે છે. સહુથી ઉત્તમ ગોળા 'લિડાઇટ દારૂ-ગોળા' નાં હોય છે. તેના ગોળા તેના જાતથી પરખાવા માટે તેને જૂદા જૂદા રંગ આપવામાં આવે છે. લિડાઇટનો રંગ ભૂરો હોય છે, 'શ્રાપનેલ'નો રંગ રાતો ને બીજી જાતનાં ગોળા સફેદ રંગના હોય છે.

તોપના ગોળા મુખ્ય ૩ પ્રકારનાં વપરાય છે. ૧ બખ્તર ફોડી નાખે તેવો; ૨ જો, સાધ-રણ ને ૩ જો, તોપમાંથી નિકળયા પછી ફાટી જનાર.

બખ્તર ફોડી નાખનાર ગોળા છુટતાં નેમે-થી ચીજને અથડાતાં ફાડી નુકસાન કરે છે. સાધરણ ગોળાને અણી હોતી નથી, અને પુટયા પછી તેના સેંકડો ટુકડા થઇ જઇ મોટી બરાબી ફેલાવે છે. શાર્પ નાળના ગોળામાં સેંકડો ગોળીઓ ભરેલી હોય છે, જે લશકરનો ઘાણ કાઢવા માટે અકસીર હોયછે.

હિંદુસ્તાનમાં વિજાપુરના કિલ્લામાં બુરજ ઉપરની મહાકાલી અથવા મલિકે મૈદાન (રણ ભૂમિની રાણી) અથવા મુલ્કે મૈદાન (રણ ભૂમિનો સિંહ) નામની ગંજાવર તોપ દુનિયાની અજાયબીઓમાંની એક ગણાય છે.*

આ પ્રસિદ્ધ તોપ કૉન્સટન્ટીનોપલના 'હુસેનખાન' નામે એક કારીગરે ૪૦ સ૦ ૧૫૪૯ માં અહમદ નગરમાં ઓતીને બનાવી હતી. તેનો સાંચો હાલમાં પણ નગરમાં છે એમ કહેવાય છે. પ્રથમ એ 'પરંડા'ના કિલ્લા ઉપર હતી, ત્યાંથી વિજાપૂરના ૭ મા પાદશાહ સુલતાન** હમમદના અમલમાં મુરાર પંડિતે આ તોપ તથા બીજી એક 'કડક બિજલી' નામે બે તોપ વિજાપૂર તરફ આણી, પણ માર્ગમાં કૃષ્ણા નદી પાર કરતાં * કડક બિજલી નદીમાં ખુંટી પેઠી આથી તેને ત્યાંજ પડતી મેળી મહાકાળીને વિજાપૂરમાં લાવી શેહેરના પશ્ચિમ કોટ ઉપર (મરજેના બુરજ ઉપર) ગોઠવી હતી. પણ તે પછી ઔરંગજેબે શિકંદરને હરાવી વિજા-પૂર જીતી લેતાં હાલ જ્યાં આ તોપ છે તે માહેલા બુરજ પર લાવી ગોઠવી હતી. ઔરંગજેબે આ તોપ ઉપર નીચે મુજબ લેખ કોતરાવેલો છે:—

શાહે આલમગીર ગાઝી બાદશાહે દીપનાહ,
કૃત્અ બિજાપૂર કર્દ બાહરે તારિખે જફર.
આંક દાદો અદલદાદ મુલ્ક શાહ ગિરફત
રનમૂદ એકબાલ ગુપ્તા મુલ્કમૈદાન ગીરફત.

માને—" આલમગીર (ઔરંગજેબ) બાદ-શાહ બહાદુર ધર્મ સંરક્ષક, તેણે હિ૦ સ૦ ૧૦૬૭ માં વિજાપૂર ફતહે કર્યું, અને ધન્સા-યીથી બાદશાહી મુલક લઇ પોતાના નસી-બથી મુલક મૈદાન તોપ કબજે કરી."

આ તોપ ઘણી ગંજાવર છે. એનું વજન કેટલાક મત મુજબ ૩૧૦૦૦ રતલ (૧૩ ટન, ૧૬ હંડરવેટ ને ૩ મણનું) છે. એની લંબાઇ ૧૪ ફીટ હોઇ ઘેરાવો પણ લગભગ તેટલોજ છે. એના મોહનું પોલાણ બે

* 'બુક ઑવ બોમ્બે' ગ્રંથના ૪૩૯ માં પૃષ્ઠમાં આ તોપ માટે નીચે મુજબ વર્ણન મળે છે:—" The Big gun Mailikel-Maidan surely was a Contribution to the Science of war mon weg at Edinburgh castle is nothing to it.

" લઢાઇના કામ માટે મલેકય-મૈદાન એક નવાજેશ છે. એડીંબરોનાં કિલ્લામાંની 'મૉન્સ-મેગ' નામે જે નામાંકિત તોપ છે તે એની બરાબરી કરી શકશે નહિ.

**પરંડા ગામ મોગલાઇમાંના નળદુર્ગ જીલ્લામાંના બારશી રોડ સ્ટેશનથી ૧૦ થી ૧૨ મૈલ ઉપર છે.

* જ્યાં આ તોપ ખુદી બેઠી હતી ત્યાં તે હજી જણાય છે. હાલમાં મણાક હિંદુઓ તેની દર વર્ષ પુંજા કરે છે.

ફીટ ૪ ઇંચ હોઇ તેની જડાઈ ૧ ફીટની છે. એની આસપાસ બે જડાં કડાં છે. એના મોહડાનો આકાર સિંહના જડબા જેવો હોઇ તેના મોહડામાં હાથી પકડેલો બતાવવામાં આવેલો છે. આજ સિંહના માથા ઉપર ઔરંગજેબે ઉપલો લેખ કોતરાવ્યો છે.

તવારીખ મુજબ આ તોપને એકજ વખત ફોડવામાં આવી હતી પણ તે વેળા તેના અવાજ અને આંચકાથી એટલી બધી તો ખરાબી થઇ હતી કે તોપ તે પછી માત્ર જોવા માટેનીજ રહી છે. કહે છે કે એક વેળા આ તોપ ફોડતાં એના આંચકાથી કેટલીક ઇમારતો પડી ગઇ, કેટલાક ઘેરનાં પાયા ઢિલા થયા હતા, કેટલાક ઘોડા ઉપરથી પડી જઇ છુંદઈ ગયા, કેટલીક સ્ત્રીઓનાં ગર્ભ છુટી ગયા અને જે ગોલંદાજે તેમાં બત્તીમેળી કે દારૂગોળો પુરતાંજ બુરજ પાસે પુરી નાખેલો કુવો છે તેમાં કુદી પડયો હતો, પણ કુવાનું પાણી ઉકળી ગયાથી તે માહે બફઇ મુવો હતો.

ઇંગલંડના રાજા ૪ થા વિલ્યમે આ તોપ બ્રિટીશ મ્યૂઝીયમમાં મુકવા માટે મંગાવી હતી. પણ ઈ૦ સ૦ ૧૮૨૩ માં ઘણાક ઇજનેરોએ તેને ત્યાંથી ખસેડવાના અનેક યત્ન કર્યા છતાં તેઓ તેને ખસેડી શકવા નિશ-ફળ નિવડયા હતા.

તોમાઇરિસ—મેસાગીતાની આ રાજ્ય કરતી રાણી ઇ. સ. પૂર્વ ૫૩૫ માં જાણીતી થઈ ગઈ. એણીએ કાઇરસ સાથે બળતવારીથી લઢી ભારે પરાક્રમ બતલાવ્યું હતું. (જુઓ કાઇરસ.)

તોરણ—આ ડુંગરાળ પ્રદેશમાં ઉગતું ઝાડ કરમદી જેવું હોય છે. જેની ઉપર ફુલોનાં તોરા આવે છે. તેમજ તેપર નાહના પણ પિળા રંગના ફુલો આવે છે. આ ફુલો ખાવાથી સારા લાગે છે. દેશી વૈદો એને તહેવાર રીતે ઔષધીમાં યોજી મુખવિકાર, પ્રદર, શિતળા, ચાંદી વગેરે દર્દોપર અકસીર દવા તરીકે વાપરે છે.

તોરમલ્લી—આ રત્ન ઍલ્યૂમિના તથા સિલી-કાનું બનેલું હોઇ બીજા કેટલાક પદાર્થો એમાં મળેલા હોય છે. લાલ તથા ગ્રેનેટ આ બે રત્નો કરતાં તોરમલ્લી ઘણું નરમ હોયછે. એનું વિશિષ્ટ ગુરૂત્વ ૨.૯ થી તે ૩.૨ સુધી છે. એમાં પુશકળ રંગો જણાય છે,—જેમકે પિળો, લીલો, આસમાની લાલ વગેરે રંગની સેહેજ છાયા હોય છે.

આ રત્ન સિલોન, બ્રાઝિલ, સાઇબિરિયા, યૂરલ પર્વતથી ઉત્તર અમેરિકામાં મળે છે. માણેક જેવા લાલ તોરમલ્લી પીરૂ દેશમાં મળે છે. બ્રાઝિલમાં નદીમાંથી જડે છે. એની કિંમત રંગ, રૂપ અને તેજ ઉપરથી આંકી શકાય છે. દસ રતીનો ઉત્તમ તોર-મલ્લી રૂ ૨૦૦ એ મળી શકે છે.

તોરમલ્લી વડે પ્રકાશનું બેવડું વક્રીભવન થાય છે. તેમજ કેટલાક તોરમલ્લી વડે પૂર્ણ પણે ફ્રંદ્રીભવન પણ થાય છે, એને ઘસવાથી વિજળી ઉત્પન્ન થાય છે) અને લોહચુંબક વડે એની ઉપર આકર્ષણ થાય છે. અતિ સખત તાપથી એ પિગળતો નથી, પણ તેમાં સેહજ ટંકણખાર મિશ્ર કરતાં તે બળે છે.

તોલજોખ—યૂરપમાં ૪૦ સ૦ ૮૬૯ ને સુમારે ગ્રીસ દેશના 'ફાઇડોન' નામના રહેવાશીએ તોલજોખ તથા માપ શોધી કાઢી તેનો બધે પ્રસાર કર્યો હતો. અને તે પછી તેની નકલ જૂદા જૂદા દેશીએ કરી હતી. ૪૦ સ૦ ૧૧૮૭ માં ઇંગલંડ મધે ચોકસ પ્રમાણનાં તોલજોખ અને માપ પેહેલવેહેલાં દાખલ થયાં હતાં, પણ તે સને ૧૨૫૭માં રદ કરીને નવું પ્રમાણ ઠેરવ્યું હતું. ૧૮૨૫ માં તમામ ગ્રેટબ્રિટનમાં એક સરખા તોલજોખ દાખલ કરવામાં આવ્યા હતા, અને તે પછી હિંદમાં તેવા સુધારેલા તોલજોખ દાખલ કર્યા હતા.

હિંદુસ્તાનમાં જ્યાં જ્યાં ઇંગ્રિજી તોલજોખે વેહવાર ચાલે છે ત્યાં એક સરખાં વજનો વપરાય છે, પણ પુરાણા વખતના વજનથી જ્યાં જ્યાં વેહેવાર ચાલે છે ત્યાંના વજનમાં હેરફેર રહે છે. જેમકે મુંબઇ, પુના, સુરત

વગેરે તરફ ઉપયોગમાં લેવાતા તોલજોખમાં ઘણો અંતર રહે છે. મુંબઇનો ૧ મણ, સુરતી પોણા મણ બરાબર ઉતરે છે. ખેડા, પુરંદર, બિમથડીનો ૭૬ તોલાનો શેર, શિવનેર, ઈંદાપુરમાં ૭૬½ તોલાનો શેર, માળવામાં ૭૫ તોલાનો શેર વપરાય છે. પુનામાં ૧૨½ શેરનો અને ૧૪ શેરનો કાચ્ચો મણ થાય છે. અહમદનગરમાં ૨½ મણનો એક પલ્લો. સોલાપૂરમાં ૧ મણની બરાબર ૧૨ શેર. સિંધમાં ૮ મણની ખાંડી. સૂરતમાં ૨૧ મણની ખાંડી (કપાસની), ભરૂચમાં ૪૦ તોલાનો શેર ને જંબુસરમાં તથા અંકલેસરમાં ૩૮ તોલાનો શેર ગણાય છે. આ મુજબ તોલજોખમાં બધે ફરક હોવાથી તોલજોખનાં કોષ્ટક જાણવાં ઘણાં જરૂરનાં હોય છે.

તૌલ્વ દેશ—મલ્યવર એટલે મલબાર કિનારા તરફ બોલાતી દ્રવિડ ભાષામાંથી ઉત્પન્ન થએલી તેલ્ય (તુળવી) ભાષાનું નામ, અને જ્યાં આ ભાષા બોલાય છે તેને તૌલ્વ દેશ કહે છે.

ત્ર્યંબક—(૧) બારમાંનું એક જ્યોર્તિલિંગ.

(૨) પરશુરામનું ધનુષ્ય. રામે સીતાના સ્વયંવરમાં જેના ૩ કટકા કર્યા હતા.

(૩) ત્રિંબકેશ્વર નાશિકથી ૨૦ મૈલ ઉપરનું તિર્થસ્થળ. અત્રે મહાદેવનું મંદિર છે. એની ગણના ૧૨ જ્યોર્તિલિંગમાં કરવામાં આવી છે. ગોદવરીનો ઉગમ અત્રેનાજ પર્વતમાંથી થાય છે. અત્રેનું મંદીર નાનાસાહેબ પેશવાએ બંધાવ્યું હતું. લોક વસ્તી ૩૮૩૯ ની છે, તેમાં ૩૬૮૪ હિંદુ, ૧૩૦ મોહમેદન ને ૧૬ જૈન તથા ખ્રિસ્તીઓ વસે છે. ત્રંબકની પશ્ચિમે ૩ મૈલ ઉપર હુરશા નામે એક પહાડી કિલ્લો છે. આ પહાડ ૫૬૯૬ ફીટ ઉંચો છે.

અત્રેનું ત્રંબકેશ્વરનું મંદીર તથા કુશાવર્ત એ જોવાજોગ બાંધકામો છે. કુશાવર્ત નામ પડવાનું કારણ ગૌતમ ઋષિએ ગંગાએ મર્યાદા બાંધેલી હદમાં રહેવું તે માટે કુશથી ચાને દર્ભથી એક લીટી દોરી આપી. આથી તે સ્થળને કુશાવર્ત કહે છે. આ તિર્થ સ્થાન ૧૬૭૨ માં બાંધવા શરૂ કરી ૧૬૯૦ માં તૈયાર થયું હતું.

ત્રંબકેશ્વરનું મંદીર અતિ ઉત્તમ બાંધકામ છે. દેવળ આસપાસ બે પુરૂષ ઉંચાઇનો ચોખૂણાકાર કોટ હોઇ તેની ચારે દિશાએ ચાર દરવાજા છે. આ કોટની અંદર પૂર્વાભિમૂખ દેવાલય હોઇ તેમાં પાંચ દાલાન છે, આ દાલાનની વચમાં એક ગંજાવર સંગેમરમરનો કાચબો છે જેના માથા ઉપર કળસ છે. મધ્ય મંડપમાં અષ્ટ ભૈરવોની મૂર્તિઓ છે. હાલમાં આ મંદિર પાછળ રૂ. ૯૫૬ નો થતો ખર્ચ બ્રિટીશ સરકાર તરફથી મળે છે.

આ દેવળમાં મૌલ્યવાન ઘરેણા તથા અતિ મૌલ્યવાન એક મુગટ છે. આગળ આ મુગટ મ્હૈસુરના રાજા પાસે હતો, જે મોગલોને હાથ ગયા પછી, પેશ્વાએ દિલ્લી પતિપાસથી માંગી લઇ અત્રે અર્પણ કર્યો છે, જે હાલમાં જોવામાં આવે છે.

ત્ર્યંબકરાજ—આ એક બ્રાહ્મણ પ્રસિદ્ધ વૈદ્ય થઇ ગયો છે. એ ઘણો વિદ્વાન હોવાથી એને ધનવંતરિ પણ કહેતા. એણે તરેહવાર નવાં નવાં ઔષધોની શોધ કરી અનુભવ લઇ 'ત્ર્યંબકી' નામે એક ગ્રંથ રચ્યો હતો, અને તે ગ્રંથ પોતાની સ્ત્રીને શિખવ્યો હતો. એ નિપૂત્ર હોવાથી એણે પોતાની સ્ત્રીને વૈદકશાસ્ત્ર શિખવ્યું હતું. એણે પોતાની સ્ત્રીને રસાયન તથા માત્રા સિદ્ધ કરવાની રીત પણ શિખવી હતી. ત્ર્યંબકરાજના મરણ પછી એની આ સ્ત્રીએ વૈદકી વર્ષો સુધી ચલાવી હતી અને મુખ્ય કરી દવા મુફત આપવાનો ધારો રાખ્યો હતો. એક પ્રસંગે તેના સુભાગ્યે એમ બન્યું કે તેણે કાંઇ રસાયન સિદ્ધ કરવા માટે બે મણ ત્રાંબું પિગળાવ્યું હતું તે અકસ્માતિક રીતે સુન્નામાં ફેરવાઇ ગયું. ત્ર્યંબકરાજ સોલાપૂરમાં રહેતો હતો. એ શકે ૧૫૫૦ ના સુમારે થઇ ગએલો જણાય છે.

ત્રાંકવેબાર—તાનજોર જીલ્લાનું એક બંદર શેહર. નાગપટમની ઉત્તરે ૨૨ મૈલ ઉપર છે. લોક વસ્તી ૬૧૮૯ ની છે. ૧૬૧૨ માં ડેનિશ ઈસ્ટ ઇંડિયા કુંપની કાપનહેગનમાં સ્થાપન થઇ અને ૧૬૧૬માં પેહેલું ડેનિશ વહાણ હિંદમાં આવ્યું. આ વહાણનો વડો 'કેપટન રોડન્ટ કાર્પ' હતો. પણ વહાણ અત્રે ખડકપર અથડી તેમાંના ઘણાખરા માનસો માર્યા ગયા હતા. તે પછી તેણે તાંજોરના રાજા પાસથી ડેનિશ કુંપની માટે પાંચ મૈલ લાંબો ને ત્રણ મૈલ પોહોળો ભાગ મેળવ્યો હતો. ૧૬૨૪ માં તેણે અત્રે કિલ્લો બંધાવ્યો હતો, અને તેથી ડેનમાર્કના રાજાનું ત્રાંકવેબાર આલેકીનું ગામ ગણાયું. ૧૮૦૭ માં ઇંગલિશોએ ત્રાંકવેબાર જીતી લીધું હતું, અને ૧૮૧૪ માં બીજા ડેનિશ થાણા પણ બ્રિટીશોએ જીતી લીધાં હતાં. ૧૮૪૫ માં ડેનિશ સરકાર પાસેથી સીરામપૂર ૨૦૦૦૦ પીંડે ઇંગ્રેજોએ ખરીદી લીધું હતું. તાંજોરમાં ત્રાંકવેબાર એક પેહેલી પ્રતિનું બંદર શેહેર છે. અત્રેજ પ્રથમ પોર્તુગીજ મિશનરીઓએ મથક કર્યું હતું.

હાલમાં અત્રેના કિલ્લામાં યૂરોપીયનોની વસ્તી હોઇ કિલ્લા બાહેર દેશીઓ વસે છે. કિલ્લામાં બે પ્રોટેસ્ટંટ અને ૧ રોમન કેથોલિક ચર્ચ છે. કિલ્લાનું રોમન કેથોલિક ચર્ચ ગોવાના આચ બિશપને તાબે છે, ને કિલ્લા બાહેરનું મ્હોટું દેવળ પોંડેચરીના વડા ધર્મગુરૂને તાબે છે. પ્રોટેસ્ટંટ વસ્તી ૨૦૦૦ની ને રોમન કેથોલિક વસ્તી ૧૨૦૦ની છે.

ત્રાવણકોર—આ દેશી રાજ્યની ઉત્તરે કોચીન તથા બ્રિટીશ કોઇમ્બતૂર, પૂર્વે મદૂરા તથા તિનાવલ્લી અને દક્ષિણે તથા પશ્ચીમે હિંદી મહાસાગર છે. આ રાજ્યની વધતામાં વધતી લંબાઇ ઉત્તર દક્ષિણ ૧૭૪ મૈલ ને પોહળાઇ ૭૫ મૈલની છે. ક્ષેત્રફળ ૬૭૩૦ ચૌરસ મૈલ છે. ત્રાવણકોરને ૩૧ તાલુકામાં વેંહેચી નાખેલું છે. લોક વસ્તી ૪૦ સ૦ ૧૮૧૬ માં ૯,૦૬૫૮૭, ૧૮૩૬ માં ૧૨૮૦૬૬૮, ૧૮૫૪ માં ૧૨૬૨૬૪૭, ૧૮૭૫ માં ચોકસ ગણત્રી મુજબ ૨૩૧૧૩૭૯, ૧૮૮૧ માં ૨૪૦૧૧૫૮ અને ૧૮૯૧ માં ૨૫૫૭૭૩૬ ની હતી. કુલે વસ્તીમાં ૧૭૫૫૬૧૦ હિંદુ (૭૩·૧૨ ટકા), ખ્રિસ્તી ૪૯૮૫૪૨ (૨૦·૭૬ ટકા), મોહમેદન ૧૪૬૯૦૮ (૬·૧૨ ટકા) અને જ્યૂ ૯૭ છે.

આ રાજ્યને તાબે ૨૭૧૯ ગામો છે. દેશના કાંઠાની ભૂમિ રસાળ અને નિચાણમાં છે. તેમાં શ્રેષ્ટ જાતીના ચોખા ને સાબુચોખા પાકે છે. ઘાટની જમીનમાં મરી, સોપારી, નાળીએર, એલચી તથા શાકભાજી થાય છે. જંગલમાં ઇમારતી લાકડાં પુશ્કળ ઉગે છે.

આ દેશમાં હાથીઓ ટોળાબંધ ફરતા જણાય છે. તે શિવાય વાઘ, ચિત્તા, વનપાડા, વગડાઉ ભેંસ વગેરે પ્રાણી પુશ્કળ છે. વળી ત્યાંની નદી તથા સરોવરમાં ઘણા મ્હોટા મગરો રહે છે, તે કેટલીકવાર માણસોને ધસડી લઇ જાય છે. એને માટે એવું કહેવાય છે કે અગાઉના વખતમાં આ દેશમાં ગુન્હેગારોને સજા કરવાની એવી રીત હતી કે તે જો ગુન્હો નાકબુલ કરે તો તેને નદીની આ પારથી તે પેલી પાર તરી જવાનું ફરમાવતા, તેમાંથી જે સહીસલામત ઉગરે તેને નિર્દોશ ઠરાવતા. પણ આ રેવાજ હાલમાં તદન બંધ પડેલો છે. તેમજ આ દેશમાં સર્પ પૂજા જાએજ હોવાથી તેમના અનેક ખાસ મંદિરો બનાવેલાં છે. આ દેશમાંના કૃષ્ણ મંદિરમાં તો સર્પ તથા વિંછી સંખ્યાબંધ ભમતા જણાય છે, છતાં તે કદી મનુષ્યને ઇજા કરતા નથી એમ કહેવાય છે. આ દેશમાં તેલંગી અને દ્રવિડ ભાષા બોલાય છે. ત્રાવણકોરની સ્ત્રીઓ પોતાની ખુબસુરતી માટે જાણીતી છે.

મુખ્ય શેહેર ત્રિવેનદ્રમ છે, ત્યાં મહારાજા રહેછે. તે શિવાય :—અલ્લી પલ્લી, કયન, અંજુતેગા, કુલમ, પરકાદ, કાના, આંબકા વગેરે મુખ્ય શેહેરો છે. આ રાજ્યનાં લશ્કરમાં ૬૦૦ સ્વાર તથા ૧૨૦૦ પ્યાદલ ને ૬ તોપો છે.

આ દેશ પ્રચીન કાળથી તે અદ્યાપિપર્યંત હિંદુ રાજાને તાબે છે. અતરેની રાજ્યગાદી છેક રામ રાજાને હાથે સ્થાપન થએલી કહેવાય છે. પાછળથી પરશુરામે સમુદ્ર પાસેથી આ દેશ લઈ ત્યાં એક જાતનાં જુના દેશી બ્રાહ્મણોને વસાવ્યા. ત્યાં હિંદુ ધર્મશાસ્ત્રના આધાર પ્રમાણે આજ સુધી રાજ્ય ચાલે છે, પણ તેનો પ્રાચીન ઇતિહાસ અંધારામાં છે. તો પણ એવું માલમ પડે છે કે ત્યાંના ધર્મશાસ્ત્ર પ્રમાણે જે ન્યાયશાસ્ત્ર ઇ૰ સ૰ ૧૪૯૬ માં ઠેરવ્યો તેમાં એક એવો નિયમ છે કે રાજયનો વારસો હમેશાં છોકરીનાં વંશજોમાંજ ઉતરે. એટલે રાજાને કદાપી બે પુત્ર અને એક પુત્રી હોય તો તે પુત્રીનો પરિવારજ ગાદીનો વારસ થાય. દંત કથા મુજબ ઇ૰ સ૰ ૧૭૪૦ સુધી રાજપુત્રીઓ અગર રાણીઓ જ્યારેજ રાજ્ય ચલાવતી હતી. પરંતુ એક સમયે રાજ્ય કરનાર રાણીએ પોતાની તેમજ પોતાની પછી ગાદીએ આવનાર દરેક રાણીની વતી રાજ્ય કારભાર રાજાને સ્વાધિન કરી દીધો. ઘણું કરીને આમ કરવાનું કારણ એવું જણાય છે કે સને ૧૭૪૦ પેહેલાં આ દેશ નાહના નાહના અસંખ્ય સરદારો વચ્ચે વેંહેચાઇ જવાથી તેઓ સ્વતંત્ર જેવા થઇ ગયા હતા અને તેથી તેઓ સર્વને એક પુરૂષનાં તાબેદાર કરવાને કોઇ બળવાન પુરૂષની જરૂર હશે. આ મુજબ પેહેલો નેમાયલો રાજા 'મરતદવર્મા' થયો. તેણે ફ્રેલેમિશ નામના એક યૂરપીયન સરદારથી લશ્કર કેળવી જય મેળવ્યો; તેના પછી વનજીબવા પેરૂમલ ૧૭૫૯ માં ગાદીએ બેઠો, એણે ટીપુ સાથની લઢાઇ વેળા બ્રિટીશ તરફથી રહી મદદ કરવાથી એ રાજા બ્રિટીશોનો મિત્ર થયો હતો. આથી ટીપુએ અનેક બહાના કાઢી છેડતી શોધી કાઢી ત્રાવણકોર ૧૭૮૯ માં જીતી લીધું, પણ બ્રિટીશોએ પોતાના મિત્રની મદદે આવી ૧૭૯૨ માં ત્રાવણકોરના રાજાનો હક પાછો બખ્શ્યો. આ રાજા વનજી પછી રામવર્મા પેરૂમલ ૧૭૯૯ માં ગાદીએ બેઠો, પણ આ વેળા બ્રિટીશોની અયોગ્ય માગણીઓથી બળવો ઉઠ્યો, તેમાં બ્રિટીશોએ રાજાનો પુરતો પરાજ્ય કરી પદભ્રષ્ટ કર્યો ને ત્રાવણકોરને ખંડીયું બનાવ્યું. ૧૮૧૧ માં રામવર્મા મરણ પામતાં તેની બેહેન લક્ષ્મી રાણીનો બાળ પુત્ર 'વાતમી રામવર્મા'ને રાજા ઠેરવ્યો. આ રાજા ૧૮૪૬ માં મરણ પામતાં તેના ભાઇ મસ્તંદા ગાદીનશીન થયો. તેમના પછી ૧૮૬૦ માં વેમિલાવર્મા ગાદીએ બેઠો, તેનું ૧૮૮૦ માં મરણ નિપજતાં તેનો ભાઇ રામાવર્મા ગાદીએ બેઠો, પણ ૧૮૮૫ માં તેનું મરણ નિપજતાં કુંવર ૪સો રાજા થયા જે હાલમાં ત્રાવણકોરના રાજા છે.

ત્રિકાન્ડ ધર્મ—હિંદુ ધર્મના મુખ્ય ત્રણ કાંડો એટલે પ્રકાર હોવાથી તેને એકંદરીમાં ત્રિકાન્ડ કહેછે. જ્ઞાન, કર્મ, અને ઉપાસના એ છે. તેમાંના પેહેલા કાન્ડ મુજબ ચાલનારને નિવૃત્તિ માર્ગ કહે છે, અને બીજા એને અનુસરી ચાલનારને 'પ્રવૃત્તિ માર્ગ' કહેછે. આ ત્રણે કાંડના સંક્ષેપ ઉપરથી લક્ષણો-ધ્યાન, યજન અને ભજન એ છે. આગળ ધ્યાન મનથી પરમાત્માનું ચિંતન કરતા હતા, આ પ્રકારને જ્ઞાનકાન્ડ કહે છે; પણ મનુષ્ય તેટલાંથી ઇશ્વર પ્રાપ્ત થઈ શકે છે એમ સમજી તૃપ્ત નહિ થતાં આગળ વધી યજ્ઞયાગાદિક ક્રિયા એટલે અગ્નિ મુખ કર્મો કરવાનો પ્રચાર શરૂ થયો, તેને કર્મકાન્ડ કહે છે. પણ તે પછી આ ક્રિયાકામ વિસારી ઇશ્વરાદિક અવતારોની કલ્પના કરી તેમની મૂર્તિની પૂજા અને ભજન વગેરે કરવાનો રેવાજ ચાલુ થયો તેને ઉપાસના કાન્ડ અથવા ભક્તિ માર્ગ કહે છે.

ત્રિંકોમાલી—સિલોનમાંનું આ બંદર શેહેર દરિયાઇ કાફલાનું મથક અને સુંદર બંદર હોઇ કેંડીની ઉત્તર પૂર્વે ૧૧૦ મૈલ ઉપર છે. અત્રે સિલોનના મલબારી ચઢાઇ કરનારાઓએ એક મ્હોટું મંદિર બાંધ્યું હતું, જેની જાત્રાએ હિંદના હજારો જાત્રાળુઓ જતા હતા, પણ તેનો નાશ પોર્તુગીજોએ ૧૬૨૨ માં કર્યો હતો. પ્રથમ અત્રે ડચ તથા ફ્રેન્ચ સત્તા હતી, પણ ૧૭૯૫ માં બ્રિટીશોએ સિલોન જીતી લેતાં આ ભાગ બ્રિટીશ સત્તા તળે રહ્યો હતો. વસ્તી ૧૧૪૧૧ ની હતી.

ત્રિગુહ—નાટય શાસ્ત્ર મુજબ સ્ત્રી વેષધારી પુરૂષનું જે નૃત્ય અથવા ગાયન તે.

ત્રિચનાપલ્લી—મદ્રાસ ઇલાકામાંનો બ્રિટીશ જીલ્લો. ક્ષેત્રફળ ૩૫૬૧ ચૌરસ મૈલ છે. એની ઉત્તર પશ્ચિમે અને ઉત્તરે સાલમ, ઉત્તરે અને ઉત્તર પૂર્વે દક્ષિણ આર્કાટ, પૂર્વે અને દક્ષિણ પૂર્વે તાંજોર, અને દક્ષિણે મદુરા તથા પશ્ચિમે કોઇમ્બતુર છે. ૧૮૨૧-૨૨ માં અધોકસ ગણતરી મુજબ લોકવસ્તી ૭૮૮૧૬૬ ની, ૧૮૩૬-૩૭ માં ૫,૫૨૪૭૭ ની, ૧૮૫૧-૫૨ માં ૭૦૬૧૬૬ ની, ૧૮૬૬-૬૭ માં ૧૦૦૬૮૨૬ ની અને ૧૮૮૧ માં ૧૨૧૫૦૩૩ ની હતી.

જીલ્લામાં ૫ શેહેર તથા ૧૪૮૦ ગામડાં છે. કુલે વસ્તીમાં ૧૧૧૬૪૩૪ હિંદુ (૬૨·૧૩ ટકા), ખ્રિસ્તી ૬૧૪૪૦ (૫·૦૬ ટકા), ૩૪૧૦૪ મોહમેદન (૨·૮૧ ટકા) ૩૩ બુદ્ધિસ્ત છે. મુખ્ય શેહેરો ત્રિચનાપલ્લી, શ્રી રંગાપટન, તુરૈયુર, મહાદાનપૂર, ઉય્યાર્પાલૈયમ, અરિયલૂર, કરૂંબલૂર. આ દેશમાં વસ્તી પ્રજામાં ૧૧૫૭૬૮૮ તામિલ, ૧૬૧૩૪૨ તેલંગી, ૨૬૧૬૨ કાનડી અને ૧૫૬૪૭ હિંદુસ્તાની ભાષા બોલે છે.

આ જીલ્લામાં સીગાર બનાવવાનો ઉદ્યોગ બોહોળા પાયા ઉપર ચાલે છે. સીગાર માટેનો બધો તંબાકુ મુખ્ય કરી ડીંડીગલથી આવે છે. તેમજ ત્રીચનાપલ્લીના સોનીઓ પોતાની કારીગરી માટે પ્રસિદ્ધતા પામ્યા છે. નિકાશ વેપાર ચોખા, મીઠું, તંબાકુનો ચાલે છે. આ જીલ્લો પાંચ તાલુકામાં વેંહેંચાયલો હોઇ તેમાં કલેક્ટરની સત્તા ચાલે છે. અત્રે વર્સાદ ૩૪ ઇંચને સુમારે વર્સે છે અને તે મોસમ ઉત્તર પૂર્વ ખૂણેથી બેસે છે. ગરમી માત્ર ૮૭·૩ અંશ અને ઠંડી ૭૫·૮ અંશ પડે છે.

તેના મુખ્ય તાલુકા ત્રિચનાપલ્લીનું ક્ષેત્રફળ ૪૮૬ ચૌરસ મૈલ હોઇ તેમાં ૩૩૫૫૧૮ ની વસતી છે. વસ્તીમાં ૨૮૧૨૨૦ હિંદુ, ૩૬૯૯૦ ખ્રિસ્તી અને ૧૭૨૬૨ મોહમેદનો છે.

મુખ્ય શેહેર ત્રિચનાપલ્લીમાં લોકવસ્તી ૧૮૮૧ માં ૮૪૪૪૯ ની ને ૧૯૦૧ માં ૧૦૪૬૯૦ ની હતી. આ શેહેર જીલ્લા તથા છાવણીનું મુખ્ય મથક હોઇ સમુદ્રથી ૫૬ મૈલ ઉપર કાવેરીના જમણા કાંઠા ઉપર છે. નદીના દક્ષિણ ભાગ ઉપર એક કિલ્લો છે. ચોલ વંશના રાજ્ય અમલમાં આ શેહેર મુખ્ય પાયતખ્ત હતું. મદુરાના નાયક વંશના સ્થાપક વિશ્વનાથ જે ૧૫૭૩ માં મરણ પામ્યો તેણે અત્રેનો કિલ્લો તથા રાજ મેહેલ બંધાવ્યો હતો. તેનાજ એક વંશજ ચોકાનાયક કે જે ૧૬૮૨ માં મરણ પામ્યો તેણે બંધાવેલો મેહેલ હાલમાં નબાબના મેહેલ તરીકે જાણીતો છે. અત્રેનો કિલ્લો ૧ મૈલ લાંબો ને ½ મલ પોહળો છે. ત્રીચનાપલ્લીમાંનું એક મકાન 'કલાઇ૰હના આગલા રેહેઠાણ તરીકે બતાવવામાં આવે છે, પણ તે શક ભર્યું છે. ૧૮૮૪ થી અત્રે બે દેશી પલટણો નાથુકની રહે છે. અત્રેની મ્યુનિસીપાલીટી ૧૮૬૬ માં સ્થાપન કરવામાં આવી હતી. આ શેહેરમાં અનેક નિશાળો તથા સેંટ્બોસફ કોલેજ પણ છે.

ત્રિનીદાદ—આ ટાપુ બ્રિટીશ વેસ્ટ ઇંડિયાના ટાપુની છેક દક્ષિણ તરફ વેનિઝુલાનાં કાઠાંથી ૭ મૈલ ઉપર છે. એ ૫૦ મૈલ લાંબો ને ૩૦ થી ૩૫ મૈલ પોહળો છે. એનું ક્ષેત્રફળ ૧૭૫૫ ચૌરસ મૈલ છે. એમાંથી પૂર્વથી પશ્ચિમ ભણી ૩ પર્વતોની હાર વધે છે. આ પર્વતો ૩૦૦૦ ફીટની ઉંચાઇનાં છે. અત્રેની ભૂમિ બેહદ ફળદ્રુપ છે. આબોહવા સરદ ને સાધારણ ગરમ હોઇ અસુખાકારી ભરી છે. એનું મુખ્ય શેહેર પોર્ટ ઑવ સ્પેન વેસ્ટ ઇંડીજમાં છે. તેમાં વસ્તી ૩૩૭૮ ની

છે. બીજું શેહેર સૅનફરનાન્ડોમાં વસ્તી ૬૩૩૫ ની છે. આ દેશમાં કોકો, ગાકર, રમ, કૉફી, નારીયળી, તંબાકું, અને ફળ ફળાદીનો બોહોળો ઉદ્યોગવેપાર ચાલે છે. ૧૮૭૧ માં વસ્તી ૧૦૯૮૬૩ ની, ૧૮૮૧ માં ૧૫૫૧૨૮ ની ને ૧૮૯૦ માં ૨૦૦૭૨૮ ની હતી. વસ્તીમાં મુખ્ય ફ્રેન્ચ, સ્પેનિશ, ઇંગલીશ અને ઇસ્ટ ઇંડિયાના મજુરોની સંખ્યા વસે છે.

આ ટાપુમાં રેલ્વે લાઇન ૪૫ મૈલ વેરની નખાયલી છે. ત્રિનીદાદની શોધ ૧૪૯૮ માં કોલંબસે કરી અને ૧૫૩૨ થી વસાહત કરવામાં આવી. ઇ. સ. ૧૫૯૫ માં ઇંગ્રેજ સરદાર સર વૉલટર રોલિનાં લશકરથી શેહેરને તુકસાની પોંહચી હતી. તે પછી ડચોએ ૧૬૪૦ માં, ફ્રેન્ચોએ ૧૬૭૭ માં, ૧૬૯૦ માં આ શેહેરને તુકસાની પોંહચાડી હતી. ૧૭૯૭ માં એ બ્રિટીશોએ ફરી જીતી લીધું હતું.

ત્રિપોલી—ઓટોમન શેહેનશાહતનો એક પ્રાંત, અને ઉત્તર આફ્રિકાના બારબરી રાજ્યની છેક પૂર્વમાંનો દેશ. એનું ક્ષેત્રફળ ૩૯૯૦૦૦ ચૌરસ મૈલ છે. વસ્તી ૧૦૦૦૦૦૦ ના સુમારેની છે. તેમાં લિબિયન, બારબર્સ, મૂર અને થોડા આરબો છે. તેમાં ૩૦૦ યૂરપિયનો છે; અને ૨૪૦૦૦ જ્યૂ પ્રજા વસે છે. અત્રે એટલાસ પર્વતની બે ઉંચી હારો (૪૦૦૦ ફીટ) લંબાય છે. ગરમીની મોસમ પછી સેહેજ વર્સાદ વર્સે છે, પણ ફળફળાદી તો માત્ર ઠારથી ઉગે છે. કિનારાનો ભાગ (૧૧૦૦ મૈલ લાંબો) અત્યંત લાંબો ને ફળવંત છે. અત્રે ધાન્ય, દાર, કપાસ વગેરેની મુખ્ય પેદાશ થાય છે. તેમજ બકરાં, ઢોર, નાહના ટટુ અને ખચરો થોડા જણાય છે. ત્રિપોલીથી સોનેરી રેતી, હાથીદાંત, સાજીખાર, શાહમુર્ગનાં પિછાં પરદેશ રવાના કરવામાં આવે છે. ત્રિપોલી ૪ પ્રાંતમાં વેહેંચાયલું છે. પ્રથમ આ દેશ ફ્રેનિશીયનોને હાથથી સાયરીકનોને હાથ આવ્યો હતો, અને તેમના હાથથી કાર્થેજીયનોને તાબે થયો. પણ તે પછી એ રોમન, સ્પેનીશ અને સેંટ જોનના હાથમાં ગયા પછી ૧૫૫૧ માં તુર્ક સરકારને તાબે આવ્યો. એના મુખ્ય શેહેરમાં ૨૦,૦૦૦ ની વસ્તી છે.

ત્રિપોલી—સિરિયાનું આ બંદર શેહેર બયરૂતની ઉત્તરે ઉત્તર પૂર્વમાં ૪૦ મૈલ ઉપર છે. આ શેહેરની આસપાસ આગલા વખતનાં ખંડીયરો અનેક છે. પ્રાચીનકાળમાં એ ફ્રેનિશિયાનું મથક હતું. પુરાણું ત્રિપોલીયા શેહેરને ૧૧૦૪ માં ક્રૂઝેડરોએ જીતી લીધું હતું, પણ ૧૨૮૯ માં મામુલ્કોએ ફરી હાથ કર્યું હતું. પુરાણું શેહેર નાશ પામતાં હાલનું નવું શેહેર પાંચ મૈલ ઉપર લિબ્તેનોન પર્વતના ઢોળાવ ઉપર વસાવવામાં આવ્યું. એનું બંદર નાહનું ને છાલકું છે. અત્રેથી બયરૂત સાથે સિધો વેપાર ચાલેછે. વસ્તી ૧૭૦૦૦ ની છે.

ત્રીફળા—આ વનસ્પતિનાં ફળોનો કલ્પ અથવા તેના છાલની બૂકી અગ્નિદિપક, રેચક અને વાયુ નાશ કરે છે. યુનાની હકીમ અને દક્ષિણ હિંદુસ્તાનમાંના વૈદો અત્તેસાર ઉપર અને અપાચક વિકારમાં એનો ઉપયોગ કરે છે. એના ફળમાં એક સુગંધી તેલ હોય છે અને છાલમાં 'બર્બરિન' જેવું દ્રવ્ય હોય છે.

ત્રિમૂર્તિ—હિંદુઓનાં પુરાણાદિ અર્વાચીન ગ્રંથોમાં જે ત્રિમૂર્તિનું વર્ણન કરેલું છે, તે જોકે વેદમાં જડતું નથી તોય ત્રિમૂર્તિની કલ્પના અતિ પ્રાચીન છે. વેદમાં જે ૩૩ દેવતા જણાવેલા છે તેમાની સંખ્યા ૩ ને ૧૧ થી ગુણી ગણેલી છે. ઇંદ્ર, અગ્નિ અને સૂર્ય એઓ વેદમાંની ત્રિમૂર્તિ છે; પણ કાળનાં ફેરફાર સાથે તેમનું મહત્વ નષ્ટ થઇ તેઓને સ્થાને બ્રહ્મા; વિષ્ણુ અને શિવ આ ત્રિમૂર્તિ આવી. તેમની ઉત્પતિ ઓંકાર રૂપ જે બ્રહ્મ છે તેથી થઇ એવું શાસ્ત્રમાં વર્ણેલું છે. જેમકે અ એટલે વિષ્ણુ, ઉ એટલે શિવ અને મ એટલે બ્રહ્મા. અવ્યક્ત જે બ્રહ્મ તેને લીલા (રમત) કરવા માટે વ્યક્ત (પ્રગટ) થવાની ઇચ્છા થતાં તે એ ત્રણ રૂપે પ્રગટ થયો. કેટલાક મત મુજબ આ ત્રણ દેવતા માત્ર ત્રણ ગુણો છે.

"રજો બ્રહ્મા તમો રૂદ્રો વિષ્ણુ; સત્વ જગત્પતિ : ॥
અત એવ ત્રયો દેવાસ્તત એવ ત્રયો ગુણ : ॥.
ગણેભ્ય; ક્ષોભ માપ્તેભ્ય ત્રયો દેવા વિજજ્ઞિરે
એક મૂર્તિ ત્રયો ભાગા બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર. : ॥ (માર્કંડય પુરાણ).

વાયુ પુરણમાં પાંચમાં અધ્યાયમાં ત્રિમૂર્તિની ઉત્પતિ વિશે લખેછે કે "દિવસની શરૂઆતમાં પરમેશ્વર (મહાદેવ) પ્રકૃતિમાંથા ઇંડામાં પ્રવેશ કરી પ્રધાન (પ્રકૃતિ) અને પુરૂષને ક્ષોભિત કર્યો. પ્રધાન ક્ષોભિત થયા તેથી રજો ગુણ ઉત્પન્ન થયો, અને જેમ બીજને જલ પ્રવૃતક કારણ હોય છે તેમ તે થયો. જ્યારે ગુણમાં ઓછું વધુ પ્રમાણ ઉત્પન્ન થાય છે ત્યારે તેના દેવતા ઉત્પન્ન થાય છે. આ મુજબ ક્ષોભ પામેલા ત્રણ ગુણથી ત્રણ દેવતા ઉત્પન્ન થયા.

રાજગુણ બ્રહ્મા થયો, તમોગુણ અગ્નિ થયો અને સત્વગુણ વિષ્ણુ થયો. આ ત્રણે દેવતા પરસ્પર ઉપર આધાર રાખે છે, અને તેઓ કદી પણ છુટા પડતા નથી. ઇશ્વર (મહાદેવ) એ પરમેશ્વર છે, અને વિષ્ણુ બુદ્ધી કરતાં શ્રેષ્ટ છે. બ્રહ્મા રજો ગુણ સંપન્ન હોઇ ઉત્પતિ કરવા તૈઆર રહે છે.

બ્રહ્મા; શિવ અને વિષ્ણુ એ જેમ ઉત્પન થયા તેમ નાશ પણ પામે છે. તેમની ઉમર ચોકસ ઠેડવેલી છે.

"બ્રહ્મા વિષ્ણુશ્ચ રૂદ્રશ્ચ સર્વાવાભૂત જાતય,
નાશ મેવાનુ ધાવંતિ સલિ વાનીવ વાડવમ.
(યોગવસિષ્ટ)

અર્થ—બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર એ સર્વ પૃથ્વી સાથે લય પામવાના સમયપર પોહોંચ્યા છે.

બ્રહ્માનું આયુષ્ય ૧૬૯૫ નું (જુઓ કલ્પ); તેજ માન મુજબ ૧૦૦ વર્ષ થતાં શિવનો એક દિવસ થાય છે. એજ ધોરણે શિવનાં ૧૦૦ વર્ષ થતાં વિષ્ણુનો એક નિમેષ થાય છે. (નિમેષ=નેત્રની પાપણ ઉઘાડ બંધ કરવા જેટલો વખત લાગે છે તેટલો સૂક્ષમ વખત.)

વિષ્ણુ પુરાણમાં ૩ પ્રલય જણાવ્યા છે. એટલે નૈમિત્તિક, પ્રાકૃતિક, અને આત્યંતિક-પેહેલો પ્રલય દરેક કલ્પની આખેરીમાં થાય છે, તેમાં સર્વ પ્રાણી માત્ર નાશ પામે છે. બીજો બ્રહ્મદેવની ઉમરની આખેરીમાં થાયછે, તેમાં સર્વ તત્વો પ્રકૃતિમય બને છે, અને આત્યંતિક પ્રલયમાં સર્વ મોક્ષ પામી આત્મ રૂપ બને છે (વિષ્ણુ પુરાણ અ. ૬. અ. ૩.)

ત્રિલિંગ દેશ—હાલમાં એને તેલંગણ કહે છે. પ્રાચીન નકાશામાં એની બ્રહ્મા ને કલિંગ દેશ જણાવી એની વાયવ્યે આંધ્રદેશ જણાવ્યો છે.

ત્રિવિક્રમાનંદ—આ કવિ જ્ઞાતે ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જંબુસરમાં જનમ્યો હતો. જંબુસરમાં જ્યાં રાધવાનંદજીનો અખાડો છે ત્યાં એ હમેશાં જતો, ત્યાંથી એને જ્ઞાનમાર્ગનો ઉપદેશ થયો હતો. એના બાપાએ એ પંદર વર્ષનો થયો ત્યારે એનું લગ્ન કીધું. લગ્ન સાવધાન થતી વખતે એણે ગોરને પુછ્યું કે "સાવધાન એટલે શું ?" ગોરે કહ્યું કે લગ્નની ઘડી સાચવવી તે. પણ એ ઉત્તરથી એના મનનું બરાબર સમાધાન થયું નહિ. એણે પોતાના મનમાં સાવધાનનો એવો અર્થ કર્યો કે 'હે જીવ તું આ દુનિયાંની ખટપટમાં પડીશ નહિ. આથી તે સાવધ બની હાજતે જવાનું બહાનું કાઢી મંડપમાંથી નહાશી જઇ ઘેર ઘરેણાં બધા કાઢી આપ્યાં ને કોઇનું પણ ન માનતા કાશીક્ષેત્ર તરફ નહાઠો. ત્યાં ચારેક વર્ષ રહી સૂરતમાં પાછો આવી ત્યાં કથા શ્રવણ કર્યા જઇ, આનંદ શાસ્ત્રીને ઘેર જઇ કૌમુદીનો અભ્યાસ કરતો અને હિંદુસ્તાનીમાં લખેલાં વેદાન્તનાં પુસ્ત-

કોની પોતે કથા વાંચતો. પછી એણે સૂરતમાં કેટલાકને કંઠી બાંધીને શિષ્ય કર્યા. તેમાંનો મુખ્ય શિષ્ય વિજયાનંદ ત્રિવિક્રમ પછી અખાડાનો મહંત થયો હતો. એણે પોતાના પિતા તરફથી મળેલી દસ હજારની દોલત સાધુસંતોને ખવાડવામાં ખર્ચી હતી. એણે પંદરેક જણને દિક્ષા આપી સાધુ બનાવ્યા હતા, પણ ઉપદેશ વિનાનાં તો ૧૦૦ ઉપર શિષ્યો હતા. એ કાવ્ય કરતો અને રાગ રાગણી સારી પેઠે સમજતો, પણ જાતે ગાઇ શકતો નહિ. એણે ગ્વાલિ, ઉર્દુ, દક્ષણી અને ગુજરાતિમાં વેદાન્ત વિષય ઉપર કવિતા રચી હતી. તેમાં કેટલાક તો મોટા ગ્રંથો રચી પ્રગટ કર્યા હતા. એનું મોટે ભાગે લખાણ હિંદુસ્તાનીમાં છે. એની કવિતા સવૈયા, કવિત્ત, ધોળ, પ્રબંધ અને જૂદા જૂદા રાગના પદોમાં છે. એ સંવત ૧૮૭૬ માં મરણ પામ્યો હતો.

ત્રિવિષ્ટપ—તિબેટનું પ્રાચીન નામ (જુઓ તિબેટ.)

ત્રિવેનદરમ—એજ તાલુકામાંનુ મુખ્ય ગામ. લોક વસ્તી ૩૭૬૫૨ની છે. કિલ્લા બહારની વસ્તી સાથે કુલે વસ્તી ૪૧૧૭૩ ની છે. અત્રે મહારાજાની દરબાર તથા મેહેલો છે. શેહેર સમુદ્રથી બે મૈલ ઉપર વસાયલું છે. અત્રેનો કિલ્લો આગળ એક બંચાવતું મુખ્ય બાંધકામ ગણાતું હતું પણ હાલમાં તેમાં હલકી વર્ણની પ્રજા વસે છે. શેહેરમાં રાજા તથા અમીર ઉમરાવો અને યૂરપીયનોનાં સુંદર મકાનો છે. કિલ્લામાં રાજા તથા કુમારોના મેહેલો છે. આ મેહેલો તેની અસલ બારીક કુનરમંદી ભરી કારીગરી માટે વખણાય છે, તેમજ ત્યાંનુ વિષ્ણુનું મંદીર ઉત્તમ બાંધકામોમાંનુ એક ગણાય છે.

શેહેરમાં અનેક ખાનગી, સરકારી અને લશકરી ઇસ્પીતાલ, શાળા, લાયબ્રેરી અને મહારાજા કૉલેજની મુખ્ય ઇમારતો છે. ૧૮૩૬માં અત્રેની વેધશાળા મહારાજાએ બંધાવી ખગોળ સંબંધી અનેક શોધખોળ કરાવી હતી. આગળ અત્રે યૂરપીયન ખગોળશાસ્ત્રીઓ નેમવામાં આવતા હતા પણ હાલમાં દેશી ખગોળ શાસ્ત્રીઓનાં કારોબાર તળે છે. કિલ્લાની બહાર એક ખાસ જેલ છે.

ત્રીપુરી પૌર્ણિમા—કાર્તિક શુદ ૧૫ ને દિવસે એ રાત્રે લોકો દારૂખાનું છોડે છે. દીવાળીની પેઠે એ દિવસે પણ વસ્ત્રાલંકાર પેહેરી દેવદર્શન કરવામાં આવે છે. આ પર્વની ઉત્પતિ શની કુમાર સંહિતામાં એવી આપે છે કે 'ત્રીપુરી' નામના રાક્ષસને તે દિવસે માર્યાથી દેવોએ દિપોત્સવ કરી આનંદ પ્રદર્શિત કર્યો હતો. એ રાક્ષસે મ્હોટું તપ કરી બ્રહ્મા પાસથી એવું વર્દાન મેળવ્યું હતું કે દેવ નિશાચર, માણસ, અને કોઇથી તેનું મરણ થાય નહિ. આ વર્દાન મળ્યા પછી તેણે દેવોને ઘણું દુખ દીધું, અને તેઓ તેથી વિષ્ણુને શરણે ગયા, ત્યાં કાંઇ સહાયતા મળી નહિ. છેલ્લે નારદે ત્રીપૂરને કૈલાસપુરી લેવાને સમજાવવાથી કૈલાસમાં મોકલ્યો ત્યાં શિવને હાથે તે માર્યો ગયો હતો.

ત્રીપૂર—આગળ દેવદાનવો વચ્ચે લઢાઇ થઇ તેમાં દાનવો હારપામતાં મયાસૂરે પોતાનાં બે મિત્રો તારક અને વિદ્યુન્માલીને સાથે લઈ લાંબો કાળ તપમાં ગુજારી બ્રહ્માને પ્રસન્ન કર્યા, અને વર માગ્યો કે મને સો સો યોજનનાં અંતર ઉપર દેવતાઓથી અભેદ એવા ત્રણ ફરતા નગરો બનાવવા અને બ્રાહ્મણના શ્રાપથી અભેદ, મહાદેવના બાણથી કદાચ તેનો નાશ થતાં તે નગર બાકી રહેતો તેનો નાશ નહિ થાય એવું ઇચ્છયું. આ વર બ્રહ્માએ આપતાં મયાસુરે પુષ્ય નક્ષત્રમાં લોહ, રજત અને સુવર્ણ એમનાં એક ઉપર એક એવા સરખા અંતર ઉપર ત્રણ નગરો બાંધ્યા ને ત્યાંનું આધિપત્ય અનુક્રમે તારકા સુર, કમલાક્ષ તથા વિદ્યુન્માલી એ ત્રણેને આપ્યું. એ શિવાય આ ત્રણ નગરમાં બીજા નાહનાં પુરો બંધાવ્યા, અને ત્યાં વચોવચ પોતે રહી સર્વેને આજ્ઞા કરી કે કોઇએ

દેવતાઓને દુઃખ દેવું નહિ, પણ કેટલાક કાળ પછી તેઓએ દેવતાઓને પિડવા માંડતા મહાદેવે પૃથ્વીને રથની કલ્પના બનાવી, બ્રહ્માને સારથી બનાવ્યો અને બીજા દેવતાઓને જગેજગ ગોઠવી વિષ્ણુને ધનુષ્યપર યોજવાનો બાણ બનાવ્યો, અને પુષ્ય નક્ષત્રનો યોગ (કાર્તિક શુદ પુનેમે) આવતાંજ ત્રણે નગરો સમસૂત્રમાં આવતાં ક્ષણેજ મહાદેવે એ ત્રીપુરોનો નાશ કર્યો; તેમાં ત્રણે અધિપતિ માર્યા ગયા. માત્ર મયાસુર ઇશ્વર ભક્ત હોવાથી તે બચી શક્યો.

ત્રીવેણી—આ રાગણી હિંડોલનાં ૮ પુત્ર વધૂમાંથી એક. એની જાતી સંપૂર્ણ છે. એમાં પંચમ વાદી સ્વર છે, ગંધાર અને નિખાદ સંવાદી સ્વરછે. ધૈવત અનુવાદી સ્વર છે. એનો ગાવાનો વખત સાંજનો છે. આ ભાર્યા દેશકારી, ગૌરી અને પુરબી એ ત્રણથી મિશ્ર છે. માટે તેનું નામ ત્રીવેણી છે.

ત્રીસ વર્ષની લઢાઇ—જર્મની અને આસ્ટ્રલિયામાં બાગટ ઇ. સ. ૧૬૧૮ થી ૧૬૪૮ સુધી જે લઢાઈ ચાલું રહી તેનું નામ. એમાં સ્પેન તથા જર્મનીના ઘણાખરા કેથોલિકોએ ભાગ લીધો હતો. આ લઢાઇનું કારણ જર્મનીના કેથોલિક અને પ્રોટેસ્ટંટ પંથ વચ્ચેના મત ભેદનું હતું. આ લઢાઇમાં કેથોલિક તરફથી શેહેનશાહે મુખ્ય ભાગ લઇ મોટી ધાતકી કતલ ચલાવી હતી. આ યૂધ્ધના ચાર ભાગ કરી શકાશે :—

૧—પૅલેટાઈન ફ્રેડરિક સંબંધી લઢાઇઓ. આ લઢાઓ ઇ.સ. ૧૬૧૯થી ૧૬૨૫ સુધી ચાલુ હતી. એમાં પ્રોટેસ્ટંટ પંથ તરફ કાઉન્ટપૂર્ન અને કાઉંટ મેન્સફીલ્ડ એ બે સરદારો હતા. પેહેલી લઢાઇ શ્વેતગિરિમાં ઇ.સ. ૧૬૨૦ માં થઇ, તેમાં બોહિમિયન લોકો હાર પામીયાથી કાઉંટ પૂર્ન અને પેલેટાઇન ફ્રેડરિક હૉલંડ તરફ નહાશી ગયા. પણ કાઉન્ટ મેન્સફિલ્ડે જર્મનીમાં બવેરિયન પ્રજાને ઇ.સ. ૧૬૨૨માં પુરતી રીતે હરાવ્યા. શ્વેતગિરિની લઢાઇ પછી ફર્ડીનાન્ડ બાહદશાહે બોહિમિયનો ને સખત શિક્ષા આપવા માટે તતપર હતો. આથી બેડનના માર્ગેવ્હ અને બ્રન્સવિકના ડયુક એઓએ પ્રોટેસ્ટંટ તરફથી મેન્સફિલ્ડને મદદ કરવા આવ્યા. બવેરિયન સેનાધિપતિ ટિલીએ ૧૬૨૨માં બેડનના માર્ગેવ્હનો વિક્ટનમાં ઇ.સ. ૧૬૨૩ માં મન્સટર પાસે હોસ્ટમાં બ્રન્સવિકના ડયુકનો પરાજય કર્યો.

આ મુજબ પ્રોટેસ્ટંટોનો પરાજય થતાં સુલેહ થવાનો સંભવ હતો પણ ફરડિનાન્ડ કહેવા લાગ્યો કે "ઇશ્વરે જે આપણને જય આપ્યો તે ઉપરથી જણાય છે કે આપણે લઢાઇ બંધ કરવી એવું ઇશ્વરના મનમાં નથી, આથી તેણે પોતાના લશકરને મજબૂત કરવા બવેરિયાના ડયૂકને ઈલેકટ બનાવ્યો અને પોતાનું તમામ લશકર વાલેન્સ્ટીનની સરદારી તળે સોંપ્યું.

૨—(૧૬૨૫ થી ૧૬૨૯ સુધી) આથી પ્રોટેસ્ટંટ લોકોએ ડેન્માર્કના રાજાને મદદે તેડ્યો. તેને મેન્સફિલ્ડ અને બ્રન્સવિકના ડયૂક આવી મલ્યા. વાલેન્સટિને ઇ૦ સ૦ ૧૬૨૫ માં લઢાઇ શરૂ કરી. ટિલિએ હાનોવર મુકામે 'લટર' બધે ઇ૦ સ૦ ૧૬૨૬ માં ડેન્માર્કના રાજાનો પરાજય કર્યો. તે પછી મેન્સફિલ્ડ અને બ્રન્સવિકના ડયૂક એ બેઉ ઇ૦ સ૦ ૧૬૨૬ માં મરણ પામ્યા. આથી ૧૬૨૬ માં ટિલિ અને વાલેન્સટિને ૧૬૨૭ માં ડેનમાર્ક ઉપર સ્વારી કરી ત્યાંના રાજાનો પરાજય કર્યો, આથી ૧૬૨૯ માં સુલ્હે થઇ. આ રીતે પ્રોટેસ્ટંટ લોકોનો કોઇ આગેવાન નહિ રહેવાથી સુલ્હે ચાલુ રહી હતે; પણ તેટલાં ફરડીનાન્ડે એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું કે પ્રોટેસ્ટંટ લોકોએ જે જે ધર્મોસનો ખાલસા કર્યા હોય તે તેઓએ છોડી દેવાં જોઇએ, આથી ફરી લઢાઇ જાગી.

૩—(૪૦ સ૦ ૧૬૨૯ થી ૧૬૩૫) આ જાહેરનામાથી ઘભરાઇ પ્રોટેસ્ટંટોએ સ્વિડનના રાજા ગસ્ટેવ્હસ અડાલ્ફસની મદદ માગતા તે ૪૦ સ૦ ૧૬૩૦ માં 'પામરેનિયા'ના કિનારા ઉપર આવી ઉતર્યો. અતરે

વાલેન્સ્ટીન ઓધાપરથી દૂર થયો હતો, પણ પ્રોટેસ્ટંટ સંસ્થાનિકોમાં એકયતા નહિ હોવાથી ટિલિએ ૧૬૩૧ માં 'માગડેબર્ગ' શેહેર કબજે કર્યું. લિપઝિક પાસે ક્રિટેન્ફીલ્ડ'માં ગસ્ટેવ્હસે ટિલિનો પરાજય કર્યો. (૧૬૩૧ના મે માસમાં), આથી ફરી ટિલિને લેચ નદી ઉપર સામે થઈ ગસ્ટેવ્હસે તેનો પરાજય કર્યો. આ લઢાઈમાં ટિલી ઘાયલ થઇ માર્યો ગયો. આથી સેકસન લોકોએ બોહિમિયામાં દાખલ થઇ પ્રેગ શેહેર તાબે કર્યું, આથી બાદશાહે વાલેન્સ્ટીનને ફરી તેડાવ્યો. ૪૦ સ૦ ૧૬૩૨ માં પુર્થમાં 'ગસ્ટેવ્હસ'ને વાલેસ્ટનથી નહાસવું પડયું. પણ લિપઝિક પાસે લુટઝેનમાં વાલેન્સ્ટીનના લશ્કરનો ભારે નાશ થયો હતો, પણ ગસ્ટેવસ મરણ પામ્યો હતો, છતાં સ્વિડિશોએ લઢાઇ ચાલુ રાખી. સ્વિડિશ સેનાપતિ હૉર્ન અને વિમરના ડયૂક બર્નાડે બવેરિયાને નરમ બનાવ્યું, ત્યારે બાદશાહે વાલેન્સ્ટીનને ત્યાં જવા હોકમ કર્યો, પણ તેણે તે હોકમનો અનાદર કરતાં તેને ઓહદા ઉપરથી દૂર કરવામાં આવ્યો. તે પછી ૧૬૩૪ માં તેનુ ખૂન થયું. વાલેન્સટિનના મોત પછી રાજપુત્ર ફર્ડિનાન્ડે ૪૦ સ૦ ૧૬૩૪ માં ૬ ઠી સપટેંબરે નાર્ડાલંજેનમાં પ્રોટેસ્ટંટોને પુરી હાર ખવાડી. આથી જર્મનીમાંના પ્રોટેસ્ટંટ બાદશાહ સાથે કોલકરાર થયા. આ વેળા ફરી શાંતતા પંથરાતે; કારણ સ્વિડિશ પ્રજા માત્ર બાકી રહી હતી; પણ ફ્રાન્સને શાંતતામાં લાભ નહોતો, કારણ લઢાઈ ચાલુ હોય તો પોતાની મદદની ગરજ પડતાં પોતાનું મહત્વ વધશે એમ આ દેશ માનતો હોવાથી તેઓએ સ્વિડનને મદદ કરી, આથી લઢાઇ ફરી શરૂ થઈ.

૪—(૧૬૩૫ થી ૧૬૪૮) સ્વિડીશ સેનાપતિ બૅનરે સેકસનોને હરાવ્યા. આ તરફ રાહિન નદી ઉપર ત્રિગરનો ડયૂક બર્નાર્ડ રાહીન પ્રાંતમાં ભારે જય મેળવ્યો. પણ તે ૧૬૩૯ માં મરણ પામ્યો. બોનરે બોહિમિયા પ્રાંતમાં ભારે ત્રાસ વર્તાવ્યો પણ તે ૧૬૪૧ માં મરણ પામ્યો. આથી બાદશાહ તરફથી કોલકરાર શરૂ થયા, કારણ બીજો ફર્ડિનાન્ડ ૧૬૩૭ મરણ પામ્યો હતો, અને તેનો બેટો ત્રીજો ફર્ડિનાન્ડ શાંત સ્વભાવનો હતો. આ વેળા પણ લઢાઇ ચાલુજ હતી. બૅનર પછી સ્વિડિશ સેનાપતિ ટૉર્ટેન્સન થયો. તેણે ૪૦ સ૦ ૧૬૪૨ અને ૧૬૪૫ માં બાદશાહી લશ્કરને પુરી હાર ખવાડી વિએના સુધી વધી ગયો. બીજી તરફ ફ્રેન્ચ સરદાર ટ્યૂરિને રાહિન પ્રાંત તદન વેરાન બનાવ્યો. છેલ્લે વેસ્ટફેલિયાનો તહ ૪૦ સ૦ ૧૬૪૮ માં થયો.

આ કોલકરારમાં ફ્રાન્સને આપતો લાભ મલ્યો. આલ્સેસ પ્રાંત ફ્રાન્સને મળી રાહિન નદીના કાંઠેના સર્વ કિલ્લા તોડી પાડવામાં આવ્યા, અને હૉલંડ દેશ સ્વતંત્ર થતાં પશ્ચિમ બણી જર્મની દેશ તદન ખુલ્લો પડયો. બીજી તરફ સ્વિતઝરલેંડ દેશ સ્વતંત્ર થતાં દક્ષિણ તરફથી પણ જર્મનીનું રક્ષણ નહિ સરખું થયું. આ વેળા સર્વ રાજાઓ સ્વતંત્ર થયા હતા. આ રીતે જર્મનીને ભારે નુકસાની પોંહચી અને ફ્રાન્સને મ્હોટાઇ મળી.

ત્રેતાયૂગ—ચાર યૂગમાંનો બીજો અને તેનો મૂર્તિમાન દેવતા. એની વર્ષ સંખ્યા દેવતા માંને ૩૬૦૦ વર્ષની છે. એટલે મનુષ્ય માને ૧૨૯૬૦૦૦ વર્ષની સંખ્યા થાય છે.

ત્રેપિસ્ત—આ એક ખ્રિસ્તી સાધુઓનો ટોળો ફ્રાન્સમાં જણીતો છે. આ પંથની સ્થાપના "જીઆંનડી બાવુથીલીયર ડીલારાન સે" નામના વિદ્વાન સાધુએ કરી હતી. તેણે ઇ. સ. ૧૬૬૨ માં સંસાર ત્યાગ કરી 'એબેડિલાત્રેપે' નામના એક મોટા મઠમાં દાખલ થઈ સાધુની જીંદગી શરૂ કરી ત્યાં રફતે રફતે પોતાનો નવો પંથ સ્થાપન કર્યો. આ પંથમાં જોડાયલા સાધુઓ અન્નફળ શાક શિવાય બીજો મોસનો ખોરાક યા કેફી પીણું કદી ઉપયોગમાં લેતા નથી. તેઓ ઘણા કષ્ટ વેઠી જીંદગી ગુજરે છે. મુખ્ય કરીં આખો વખત મૌન ધારણ કરી ધર્મગ્રંથો યા આગલા સાધુઓનાં વૃત્તાંતો વાંચવામાં અથવા તો ખેતીવાડીના કામમાં

વખત ગુજારે છે. તેઓ ચોકસ નેમેલે વખતે સર્વ સાથે મળી કોરડા વડે પોતાના પીઠ ઉપર માર મારી તે વેદના સહન કરે છે. અઠવાડીયામાં એકજ વેળા સ્નાન કરે છે અને જાડાં કપડાં પેહેરતા નથી. હજામત હાથે કરે છે પણ દાઢી લાંબી વધારે છે. ધર્મગુરૂઓનું કામ કરનારા સફેદ અને બીજા તપકિરિયા જબ્બા પેહેરે છે. તેઓ રાત્રે બે વાગે ઊઠી સાથે દેવળમાં જઈ બે કલાક બંદગી કરવામાં યા ભજન ગાવામાં ગુજારે છે. એઓ મરણ પામતાં પેહેરેલાં કપડાં સાથેજ શબને દફનાવે છે. તેઓ દિવસમાં એકજ વેળા અન્ન ફળનો ખોરાક લીયે છે, ને બાકીનો વખત મૌન ધારણ કરી પોતાની ફરજ બજાવે છે.

ત્રેબિઝન્દ—ઉત્તર પૂર્વ એશિઆમાઇનરનું પાયતખત કાળા સમુદ્ર કાંઠેનું વેપારનું જણીતું મથક છે. એની આસપાસ કિલ્લેબંદીનો કોટ છે, ને તેની બાહેર ખ્રિસ્તિઓના મકાનો છે. અત્રેનાં બંદરનો કૉન્સટન્ટીનોપલ, ડેન્યૂબના મુખ સુધી તથા મેડિટરેનિયન સાથે સિધો વેહવાર ચાલે છે. અત્રેનો રેસમનો ઉદ્યોગ મુખ્ય છે. ઇ. સ. ૧૨૦૪ માં ક્રૂઝેડરોએ કૉન્સટન્ટીનોપલ જીતી લીધું તે પ્રસંગે એને શેહેનશાહતનું પાયતખત બનાવ્યું હતું કે જે ૧૪૬૨ સુધી ખ્રિસ્તીઓને હાથ હતું, જે પછી ફરી તુર્ક સત્તા સ્થાપન થઇ હતી. વસ્તી ૫૦૦૦૦ ની છે.

ત્રોજન—માર્કસ આલ્પિઅસ, રોમનો બાદશાહ. એનો જન્મ ઇ. સ. પર માં સ્પેન ખાતે થયો ને મરણ ૧૧૭ માં નિપજ્યું હતું. એની બાહોશી, શુરાતન બધા બીજા સદગુણ જોઇ એને 'નર્વા' બાદશાહે પોતાનો પાલક ઇ. સ. ૯૭ માં કરી લીધો હતો, અને એ ઇ. સ. ૯૮ માં ગાદીનશીન થયો. એણે ડેસિનિઅન પ્રજા સાથે બે વેળા લઢાઇ કરી. એ મ્હોટો શૂરો હોઇ પ્રજાહિતકારી હતો. પાર્થિયન પ્રજા સાથે લઢાઈ કરી રોમ આવતાં સિલેશિયામાં મરણ પામ્યો હતો.

ત્રોટક—નાટય શાસ્ત્રમાં જણાવ્યા મુજબ જેમાં ૭, ૮, ૯ અથવા પાંચ દિવ્યાદિવ્ય નાયક અને દરેક અંકમાં વિદુશકનું આવવું એ લક્ષણો હોય છે તેને ત્રોટક કહે છે. એમાં અંગે શૃંગાર રસ હોવો જોઇએ. જેમકે વિક્રમોર્વશિય નાટક.

થ.

થ—મૂળાક્ષરનો અઠ્ઠાવીસમો અક્ષર.

થક્કરી વિલ્યમ—આ જણીતા લેખકનો જન્મ ૪૦ સ૦ ૧૮૧૧ માં ૧૮ મી જુલૈએ કલકત્તામાં થયો હતો. એનો પિતા રિચમંડ થક્કરી ઇસ્ટઇંડિયા કુંપનીમાં નોકરીએ હતો અને તે કલકત્તામાં એક સિવિલીયનની સુંદર બેટી 'મિસ એના બેચર' સાથે પરણ્યો હતો, અને તેમને ત્યાં એનો જન્મ થયો હતો. એ પાંચ વર્ષનો થયો તેટલાં એનો પિતા મરણ પામતાં એની માતાએ મેજર કાર્મિલ સ્મિથ નામે બંગાલી એનજીન્યર સાથે લગ્ન કર્યા. વિલ્યમ થક્કરીએ ૧૧ વર્ષની વયે ચારટર હોસ ખાતે વિદ્યાભ્યાસ થવા મોકલવામાં આવ્યો. ત્યાં એ ભણતો હતો તે દરમ્યાન થોડી મુદત બાદ એના માતપિતા હિંદુસ્તાનથી ત્યાં આવી રહ્યા. ૧૮૨૯ માં થક્કરીને ટ્રિનિટી કૉલેજ કેમબ્રિજમાં મેળવામાં આવ્યો, જે કૉલેજ એણે બે વર્ષના અભ્યાસ પછી છોડી હતી. તે વેળા લૉર્ડ ટેનિસને 'ટીમકટુ' વિષય ઉપર એક ઇનામની કવિતા માંગી તેમાં થક્કરીએ ફતેહ મેળવી હતી. આ કવિતા નીચે થક્કરીએ પોતાનું નામ આપ્યું નહોતું. પણ આ કવિતાના ઇનામો લખનાર ઘણીની ઘણી પ્રશંસા થઇ હતી.

કેમબ્રિજ છોડ્યા પછી એણે બે વર્ષ સુધી જર્મનીમાં મુસાફરી કરી અને ત્યાંથી પાછું આવતા કોર્ટમાં વકીલાત કરવાનો નિશ્ચય કર્યો, કેમકે એની વાર્ષિક કમાઇ ૫૦૦ પૌંડથી વધુ નહોતી; પણ તેટલાં હિંદુસ્તાનની એક બેંકમાં જે વારસો મેળવેલો હતો તે બેંક ભાગી પડતાં એને પોતાના નિર્વાહ થકી કોશેસ કરવી પડી. આથી ૧૮૩૩ થી એણે લખાણો કરવાનો ધંધો શરૂ કરી પેહેલાં નેશનલ સ્ટેન્ડર્ડ અને અઠવાડીક જર્નલ ઑવ લિટરેચર વગેરેમાં જૂદા જૂદા વિષયો ઉપર લખાણો કરવા માંડ્યા. થોડા વખત પછી એ નેશનલ સ્ટેન્ડર્ડનો માલેક થયો. એજ વર્ષની આખેરીમાં એ પોતાનાં માતપિતાને પેરિસ જઇ મળી ત્યાં ચિતારાને ટ્રનર શિખવા માંડ્યો.

૧૮૩૬ માં એ ઇસાબેલા નામે એક સ્ત્રી સાથે પરણ્યો. પણ એથી એની જંજાલ વધી પણ એણે વધુ મેહેનત કરી કમાવા માટે લંડન ખાત ૧૮૩૭ માં જઇ રહી ટાઇમ્સમાં લખાણ કરવા માંડ્યા. તેમજ 'ન્યૂ મંથલી'અને ફ્રેઝર્સ મેગેઝાઇન'મા પણ લખાણો કરવા માંડ્યા. ૧૮૪૦ માં Paris Sketch Book નામે ગ્રંથ પ્રથમ પ્રગટ કર્યો બાદ ૧૮૪૧ માં Comic Tales and Sketches ; Yollowplush Papers અને બીજા અનેક ગ્રંથો પ્રગટ કર્યાં પણ તેમાં ઝાઝો ફાવ્યો નહિ; આથી ૧૮૪૬ માં Frish Sketch-Book અને Cornhill to Cairo નામે ગ્રંથ કર્યા. તે પછી એને Vanily Fair નામે માસીક માળા પ્રગટ કરવા માંડી અને આ માસીકમાળાની ફતહે પછી એ પોતાના ધંધામાં સ્વતંત્ર રહી વધારે આગળ વધ્યો. ઇ. સ. ૧૮૫૭ માં એણે પાર્લમેંટમાં ઉમેદવારી કરી પણ તેમાં ફતહે પામ્યો નહિ. ૧૮૬૦ માં કૉર્નહિલ મેગેઝાઇન પ્રગટ કરવા માંડિયું. તે પછી ૧૮૬૩ માં છેલ્લી વાર્તા Denis Duval લખી પણ તે અધુરી મેલી ૧૮૬૩ માં ૨૪ મી ડિસેંબરે મરણ પામ્યો હતો.

થ્યૂન—સ્વિતઝરલેંડનું આ પુરાણું સુંદર શેહેર બર્નની દક્ષિણે દક્ષિણ પૂર્વમાં રેલમાર્ગે ૧૭ મૈલ ઉપર છે. વસ્તી ૫૫૦૭ ની છે.

થર અને પારકર—મુંબઇ ઇલાકામાં પૂર્વ સિંધમાંનો એક જીલ્લો. એની ઉત્તરે ઐરપૂર, પૂર્વે જેસલમીર, જોધપૂર, પાલણપૂર, દક્ષિણે કચ્છનું રણ અને પશ્ચિમે હૈદ્રાબાદ છે. ક્ષેત્રફળ ૧૨૭૨૯ ચૌરસ મૈલ છે. ૧૮૭૨ માં વસ્તી ૧૮૦૭૬૧ ની, ૧૮૮૧ માં ૨૦૩૩૪૪ ની, ૧૮૯૧ માં ૨૯૭૨૦૩ ની ને ૧૯૦૧ માં ૩૬૪૧૬૮ ની હતી.

આ જીલ્લામાં સિંધી તથા કચ્છી બોલી બોલાય છે, પણ ગુજરાતી ભાષાનો પ્રસાર સાધારણ છે.

આ જીલ્લાના થર અને પારકર એવા બે ભાગ કરેલા છે. 'પાર' ભાગ સપાટ મધ પશ્ચિમે છે. થર ભાગમાં જંગલો છે. આ દેશમાં રબી, ખરીપ અને અધાવ એવા ત્રણ હિંગામ છે.

થર પારકર જીલ્લો ૧૮૪૪ થી બ્રિટીશ સત્તા તળે છે. ૧૮૫૯ માં અત્રે ઉઠેલા બળવા સમયે કર્નલ જ્વન્સે હૈદ્રાબાદ સુધી કુચ કરી નગર પારકર જીતી લઇ ત્યાંના રાણાને કેદ કરી સર્વ દેશ બ્રિટીશ કાબુ તળે મેલ્યો ને રાણાને ૧૪ વર્ષની દેશનિકાલની સજા કરવામાં આવી હતી.

આ જીલ્લામાંથી ચોખા, ઘઉં, તેલી બિયાં, ઢોર, ઘેટાં, બકરી વગેરે ગુજરાત પાલનપુર તરફ મોકલે છે, તથા ચામડાં અને બકરી હૈદ્રાબાદ તરફ, ઘી કચ્છ બાજુ અને ગુજરાતમાં, માછલી, મીઠું વગેરે કરાંચી તરફ મોકલવાનો વેપાર ઉદ્યોગ ચાલુ છે.

આયાત વેપાર રૂ, ધાતુ, સુકો મેવો, રેશમ, શેરડી, તંબાકુ વગેરેનો છે, ને નિકાશ વેપાર ધાન્ય, ઉન, ઘી, ઢોર, ને નીમકનો ચાલે છે. મુખ્ય કારખાંના ઉનના બરનૂસ તથા પાકીટ, ઉંટની ચુસ્તો અને સુતર કાપડ બનાવવાનો ચાલે છે.

જીલ્લામાં ૬૦૫ ગામો, ૭૧ શાળા હોઇ તેમાં ૧૫૦૦ વિદ્યાર્થિઓ ભણે છે, સ્ત્રી કેળવણી અતિ થોડી ફેલાયલી છે.

આ જીલ્લામાં ગરમી જેમ ઉન્હાળામાં એહદ પડે છે તેવીજ શિયાળામાં ઠંડી અલંત પડે છે; ગરમીમાં ધુળનાં ભારે તુફાનો થાય છે, આ જીલ્લામાં વર્સાદ માત્ર ૧૧ ઇંચ થી ૧૬ ઇંચ પડે છે.

થરમાપિલિ—આ યાદગાર લઢાઇ ૪૦ સ૦ પૂર્વે ૪૮૦ માં ઝર્કસીસે પોતાના અપાર સૈન્યથી ગણત્રીના સ્પાર્ટનો સાથે કરી હતી. જ્યારે ઝર્કસીસ થ્રેસ, મેસિડોનિયા અને થિસલી આ પ્રાંતમાંથી કુચ કરતાં તેનું આરમાર કિનારેથી અને ઝર્કસીસ ન્હોટી ફોજ સાથે ખુષ્કી માર્ગે જતો હતો, તેટલાં ગ્રીકોએ થર્મોપિલિ પાસે ઝર્કસીસ સાથે લઢવાનો નિશ્ચય કર્યો. થર્મોપિલી ડુંગર એક અતિ ઘીકટ ઘાટ સમુદ્ર કાંઠે છે, તેની એક બાજુએ ભાગેલા ઉભા કરાડા અને બીજી તરફ તળીયામાં સમુદ્ર છે, આ ઘાટ સંભાળવા ૧૦૦૦૦ સ્પાર્ટનોનું લશ્કર લઇ 'લિઆનિદાસ' સરદારને ગ્રીકોએ લઢવા મોકલ્યો. આ જગ્યા એવી તો મજબુતાઇવાલી અને બિકટ સ્થિતિમાં હતી કે જ્યાં ઉભેલા લશકરને ઝર્કસીસનું સૈન્ય જરાએ અલવલ પોંહચાડી શકતે નહિ, તેથી તે આગળ દેશમાં દાખલ થઇ શકતે નહિ, પણ ઝર્કસીસને નસીબે એક ગ્રીક ભરવાડ પોતાનાં દેશને એવફા થઇ દ્રવ્ય લોભથી પોતે જે છુપો નાહનો માર્ગ જાણતો હતો તે ઈરાનીઓને બતાવતાં, ઝર્કસીસનું સર્વ લશકર સ્પાર્ટનો સામે પોંહચી ગયું. લિઆનીદાસે આ રીતે સ્વદેશી દેશ દ્રોહિનેજ હાથે ઘાત થએલો જોઇ સર્વ લશકરને ગ્રીસ તરફ મોકલી માત્ર ૩૦૦ લઢવૈયા મરણ્યા થઇ તે તરફ લઢવા ઉભા, પણ તે સર્વે ઝર્કસીસનાં અસંખ્ય સિપાહોને હાથે કપાઇ માર્યા ગયા. આ ઠેકાણે ગ્રીકોએ ૩૦૦ શરવીર દેશહિતકારીઓની યાદગારીની એક ગંજાવર પાળ બાંધી તે ઉપર હજીપર્યંત

સમુદ્ર તરફ નજર કરતો એક સિંહ બેસાડેલો છે.

થરમા મિટર—(જુઓ ઉષ્ણુતા માપક યંત્ર.)

થરવાડી—લોઅર બરમાના પેગુ માહેલો જીલ્લો. એનું ક્ષેત્ર ફળ ૨૦૧૪ ચૌરસ મૈલ હોઇ તેમાં ૨૭૮૧૫૫ ની વસ્તી તથા જીલ્લાને તાબે ૧૩૮૫ ગામડાં છે. વસ્તીમાં ૨૭૦૫૫૨ બુદ્ધિસ્ત, (૯૭'૩ ટકા), ૨૩૬૩ ખ્રિસ્તી, ૧૬૮૫ બુદ્ધિસ્ત, ૧૧૧૦ મોહમેદન અને બાકીની પરજાત છે. ખેતીવાડી ખાતે ૨૬૬૩૨૩ એકરમાંની ૨૩૬૬૭૬ એકર જમીન ચોખાના પાક માટે રોકાયલી છે, ને બાકીમાં તેલી બિયાં, ઉદ્ભિજ પદાર્થ, તંબાકુ, કૂળકૂળાદી વગેરે પાકે છે. આ દેશમાંથી ધરાવતી નદી વહે છે. જુમલે મેહેસુલ ૭૫૩૨૫ પૌંડની ઉપજે છે.

થરાદ અને મરવારા—પાલનપૂરના દેશી રાજ્યમાંનું એક નાહનું ઠકરાત. એની ઉત્તર દક્ષિણ લંબાઇ ૩૫ મૈલ અને પૂર્વ પશ્ચિમ પોહલાઇ ૨૫ મૈલની છે. આ રાજ્ય ઉત્તર ગુજરાતમાં રજપુતાનાની સરહદ ઉપર છે. એનું ક્ષેત્રફળ ૯૪૦ ચૌરસ મૈલ હોઇ તેમાં ૧૫૪ ગામડા છે. વસ્તી ૬૫૪૬૪ ની છે. રાજ્યની વાર્ષિક ઉપજ ૮૫૦૦ પૌંડની છે. રાજ્યમાં ૫૦ સ્વાર ને ૩૦ પ્યાદલ છે.

થલઘાટ—આ ઘાટ સૈહ્યાદ્રી પર્વત ઉપર છે. થલઘાત મુંબઇની ઉત્તર પૂર્વે ૬૫ મૈલ ઉપર લંબાય છે. આ ઘાટ દ્વારે વેપાર વેહવારનો માર્ગ હોઇ તેમાંથી બે રેલ્વે લાઇન વધે છે. એક મુખ્ય લાઇન મુંબઇથી આગ્રાની અને બીજી નૉર્થ ઇસ્ટર્ન પેનિનસુલા રેલ્વે વધે છે. અત્રેથી પસાર થતી રેલ્વે સમુદ્ર સપાટીથી ૧૯૧૨ ફીટ ઉંચાઇ ઉપરથી દોડે છે.

થાઇમ—આ એક પ્રકારનું ફુલઝાંડ બ્રિટીશ આયસેલમાં ઉગે છે. એના ફુલનો રંગ ગુલાબી-લિલસોહિત હોય છે. એના પાંદડાં ખુશબોદાર હોઇ તેમાંથી સુગંધી તેલ નિકળે છે. મુખ્ય કરી આ સુગંધીત ઝાડ ઇટલી અને સ્પેનનું મૂળ વતની છે, અને ઇંગલંડમાં

લગભગ '૩૨૫' વર્ષ ઉપર દાખલ થયું છે. એના પાંદડાં લીલાં ને સુક્કાં હોઇ તે ખાવામાં ઉપયોગી હોય છે.

થાકોરદવાર—મુરશીદાબાદ જીલ્લામાં ઉત્તર તરફનું એક તેહેસીલ. એમાં વસ્તી ૧૦૯૫૯૬ની હોઇ તેમાં ૫૮૫૫૯ પુરૂષો તથા ૫૧૦૩૭ સ્ત્રીઓ છે. દર ચૌરસ મૈલે ૪૬૧ ની વસ્તી છે. વસ્તીમાં ૭૧૨૮૮ હિંદુ, ૩૮૩૦૮ મોહમેદન છે. તેમાં ૨૬૨ ગામો છે. જુમલે ક્ષેત્રફળ ૨૩૮ ચૌરસ મૈલ હોઇ ૨૧૯ ચૌરસ મૈલ જમીનનું મેહેસૂલ ઉપજે છે. તેમાંનો ૧૭૪ ચૌરસ મૈલ ખેતીવાડી ખાતે, ૪૭ ચૌરસ મૈલ ખેડી શકાય તેવો ને ૨૪ ચૌરસ મૈલ ભાગ વેરાન છે.

મુખ્ય શેહેર થાકોરદવારમાં ૬૫૧૧ની વસ્તી છે. તેમાં મુખ્ય ભાગ હિંદુઓનો છે. આ શેહેરની સ્થાપના મહમદશાહના અમલમાં (૧૭૧૯—૪૮) મહિંદ્રસિંગે કરી હતી, પણ ૧૮૦૫માં અમીરખાન પીંડારાએ તે લુટયું હતું.

થાણેશ્વર—પંજાબમાં અંબાલા જીલ્લામાંનું હિંદુઓનું સરસ્વતી કાંઠેનું પુરાણું યાત્રા સ્થળ, અંબાલાની દક્ષિણે ૨૫ મૈલ ઉપર છે. આ સ્થળના નામ માટે જનરલ કનિંગ હેમ જણાવે છે કે પ્રાચીન નામ 'સ્થાનેશ્વર' હતું. હ્યુએન થસાંગ પોતાની મુસાફરીના ગ્રંથમાં જણાવે છે કે આ યાત્રાસ્થળ રાજ્યનું મુખ્ય પાયતખત હતું, અને તેના રાજ્યનો ઘેરાવો ૧૬૬૭ ચૌરસ મૈલ હતો. થાણેશ્વર ઉપર ૧૦ ૧ માં મહમદ ગીજનીએ ચઢાઇ કરી ખરાબી કરી હતી. શિખ અમલમાં અત્રે મીથસિંગની સત્તા સ્થાપન થઇ અંબાલાનું એ મુખ્ય શેહેર બન્યું.

અત્રે જાત્રા વેળા દુર દેશાવરથી જાત્રાળુઓ થાણેશ્વરના મંદીર તથા કુરક્ષેત્રની યાત્રાએ આવેછે. આ સરોવરની લંબાઇ ૩૫૪૬ ફીટની અને પોહળાઇ ૧૯૦૦ ફીટની છે. અત્રે દર સાલ ૫૦૦૦૦ જાત્રાળુઓ આવે છે.* સરસ્વતિ ઉપરનો પુલ બ્રિટીશ સરકારે બંધાવ્યો હતો. નદીનો રોહ લંબ-દીર્ઘ ચોરસ હોવાથી તે ૩૫૪૬ ફીટ લાંબો ને ૧૯૦૦ ફીટ પોહળો છે.

અત્રે લોક વસ્તી ૬૦૫૫ ની હોઇ તેમાં ૪૧૨૯ હિંદુ તથા ૧૭૫૮ હિંદુઓ છે, તથા ૧૦૬ શિખ અને ૧૨ જૈન છે.

થાન—અથવા સ્તન, ધાઈ, આંચળ. પ્રપુલ્લીત તથા પૂર્ણ અવસ્થાએ પોંહચેલું થાન માત્ર સ્ત્રીઓમાં જોવામાં આવે છે. પુરૂષ અને બચ્ચાંઓમાં તે માત્ર બીજ રૂપે છે, તે સુમારે ચોથી પાંસળી ઉપર આવેલું છે. સ્ત્રી ૧૧-૧૨ વર્ષની થવા માંડતા તે મોટું થવા માંડે છે અને ૧૫-૧૬ વર્ષની ઉમરે તે નારંગીના કદ જેવડું થાય છે. તે ચરબીના લોચા જેવું પોચું લાગે છે. તેના શિખર ઉપર કાળા રંગની ડીંટડી હોય છે અને ડીંટડીની આસપાસ સુમારે એક ઇંચ વ્યાસનું રાતું ચક્કર હોય છે. હમેલની મુદતમાં તેમાં કેટલોક ફેરફાર થાય છે, તેનું કદ વધે છે. તેનું ચક્કર કાળો રંગ ધારણ કરે છે અને તેની ઉપર ગુલાબી દાણા દેખાય છે. સ્તન ઉપર પ્રુસેલી શિરાઓ જણાય છે, ડીંટડીને દાબતાં ચીકણો દુધ જેવો પદાર્થ નિકળે છે. બચ્ચું જનમ્યા પછી સ્તન દુધથી ભરેલું અગર ખાલી હોય તે પ્રમાણે ઘટ અગર નરમ લાગે છે અને તેના ઉપર સફેદ રેખાઓ દેખાય છે.

* એવું માનવામાં આવે છે કે ચંદ્રગ્રહણ વેળા હીંદુસ્તાનના સઘળાં સરોવરના પાણી આ સરોવરમાં મળી જાય છે, જેથી તેમ સ્નાન કરનારને હીંદુસ્તાનના સરવે સરોવરના પાણીમાં સ્નાન કરવાનુ પુન્ય મળે છે. આ સરોવરનું પડોશનું શેહેર લગભગ ખંડીયર સ્થીતીમાં આવી ગયું છે. લોકો એવું માને છે કે જે વેળા શ્રી વીષ્ણુએ દુરગાદેવીના ટુકડે ટુકડા કરયા અને પૃથ્વી ઉપર તે ફેંકી દીધા તે વેળા તેણીનું જમણું ઘુંટણ આ સરોવરમાં પડયું હતું. દ્વ યુગના પાછલા ભાગમાં મહાભારતની જે પ્રખ્યાત લડાઈ થઇ હતી તે આ કુરુક્ષેત્રના સરોવર નજદીકજ થઇ હતી.

'થાન દેખાવનું એકજ માંસ લોચાનું બનેલું હોય એમ દેખાય છે પણ તે ૧૫ થી ૨૦ નાહના દુધ પેદા કરનારા જુમખાઓની બનેલી છે જેમાં માંસસાકા હોવાથી દરેક જુમખાની એક નાહની પાતળા પડની બનેલી નળી હોય છે, જેનાં ભાગ અને વિભાગ થઇને ખુલ્લી આંખે ન દેખાય એવા નાહના પરપોટા જેવા પોપચાનાં જુમખા થાય છે. આ જુમખાઓની વચ્ચે ચરબીનો ભાગ આવેલો છે, જેથી તેઓ એક બીજા સાથે અડોઅડ મુકાયલા છે અને હેઠળથી છાતીના માસ સાથે પાતળા બંધનથી બંધાયલા છે. જુમખાઓમાંથી નિકળતી નાળીઓ એક બીજા સાથે સંબંધ રાખતી નથી, પણ પાસે પાસે મુકાયલી છે. દરેક નળી ધાઇનાં ટોચ તરફ આવતાં પોહોળી થાય છે અને તેથી તેમાં થેલીની પેઠે દુધને એકઠું થવાને જગા મળે છે, પણ થાનની બોટડી આગળ પાછી બહુ સાંકડી થાય છે અને દરેક નળી જૂદા જૂદા મોહોથી બોટણીમાં ઉઘડે છે, જેથી તેનાં ઉપર દુધ નીકળવાનું એક છીદ્ર અથવા નાકું હોવાને બદલે બહુજ નાહના ૧૫ થી ૨૦ છિદ્રો હોય છે, જેમાંથી ધ બાહેર આવે છે. દુધ ઉત્પન્ન કરનારા પોપચાની બાહેરની બાજુએ થાનની ઘેરી નસનાં કાંટાની કેશ જેવી જાળ પંથરાયલી છે, અને તે માહેલા લાલ લોહીમાંથી દુધ ઉત્પન્ન થાય છે, ને તે દુધનાં પોપચામાં થઇને દરેક જુમખાની જૂદી જૂદી નાળી મારગે બોટણી તરફ વહે છે.

થાલિઅમ—ફેલાયલા પ્રકાશ કિરણો માહેલા રેષા ઉપરથી પૃથુક્કરણ કરવાની અથવા પરિક્ષા કરવાની જે નવી રીત નિકળી તેનાં સાહ્યથી નવી ધાતુનો શોધ થયો તે માહેલી આ એક ધાતુ છે. ઇ૦ સ૦ ૧૮૬૧ માં ક્રુકસે આ ધાતુ શોધી કાઢી. 'પાયરિટિજ' થી 'સલ્ફયૂરિક ઍસિડ' કાઢવાની ઓરડી માહેલો ધુમાડો અને બીજા વાયુ જવાની ઝીણી નળીઓ માહેલો કટકો જ્યોત ઉપર પકડી તેનાં પૃથઃગભૂત કિરણમાં જે એક વિશેષ પ્રકારની લીલી રેખા દેખાઇ તે ઉપરથી તેણે આ ધાતુનો શોધ કર્યો. બેરિયમ ધાતુના કિરણમાં આ લીલી રેખા દેખાય છે પણ આ રેખા વધારે ચળકતી દેખાયાથી વધારે પ્રયોગ કરતાં આ નવીજ ધાતુ છે. એમ જણાયું. આ ધાતુ સલ્ફયુરિક ઍસિડ તૈઆર કરવાથી ઓરડી માહેલી નળામાંથી કાઢે છે; પણ સ્પેન તથા બેલજીયમ દેશમાંના 'પાયરિટીજ' માં આ ધાતુ ઘણો મળે છે, તે તેમાંથી કાઢે છે. એ કેટલાક ખનિજ જળમાં પણ જણાય છે, અને કેટલીક જાતનાં અભ્રકમાં અને 'લેપિડોલાઇટ' નાં ખનીજ પદાર્થમાં પણ હોય છે.

દેખાવમાં—આ ધાતુ શીસાં જેવી છે. એની ઉપર શિસાનો ચળકાટ હોય છે, પણ રંગ બલુ હોય છે. એ શિસાં કરતાં નરમ હોવાથી એની ઉપર નખવડે લીટી દોરી શકાય છે અને એના વડે કાગળ પર લખતાં કાળો આસમાની રંગ ઉઠે છે, ને પછી તે તરતજ પિળો રંગ પકડે છે. એનાં પૃથઃભૂત કિરણમાં એક અતિ લીલી રેષા હોય છે. સાધારણ ઉષ્ણમાન ઉપર હવામાં આ ધાતુ ઘણી જલ્દી ફીટાય છે, આ ધાતુ ઑકસિજનમાં બળે છે અને એનો લીલો પ્રકાશ પડે છે જે પછી તેનો થલિઅમ ઑકસાઇડ બનેછે. ક્લોર્વન, ફાસ્ફોરસ અને ગંધક સાથે એ જોરથી સંયોગ પામેછે. નાઇત્રિક તથા સલ્ફયૂરિક ઍસસિડનું કાય એની ઉપર આત ત્વરાથી ધડે છે; પણ હઇદ્રોક્લોરિક ઍાસડની ઘણી થોડી અસર થાયછે.

થાલિઅમના ક્ષારના દ્રવમાં એલેનિઅમ હાઇડ્રિક સલ્ફાઇડ અથવા સલ્ફયૂરિક હૈડ્રોજન મેળવ્યાથી એનો કાળો સલ્ફાઇડ બને છે. એનાં સલ્ફેટ, નૈત્રેટ અને કાર્બોનેટ એ ક્ષાર બને છે, અને કેટલીક ધાતુથી એનો દ્વિક્ષાસ બને છે.

થાસોસ—આ એજીઅનના છેક ઉત્તર તરફનો ટાપુ મેસીડોનિયાના કોનારાની પાસે છે.

ક્ષેત્રફળ ૧૬૭ ચૌરસ મૈલ હોઇ વસ્તી ૫૨૦૦ ની છે. મુખ્ય વસ્તી ગ્રીકોની છે. ભૂમી જંગલથી ભરપૂર છે. પુરાણા વખતમાં અત્રેની સુન્નાની ખાણો પ્રસીદ્ધ હતી.

થિઓક્રિટસ—આ જાણીતો ગ્રીક કવિ ઇ૦ સ૦ પૂર્વે ૨૮૫ થી ૨૪૭ સુધીમાં થઇ ગયો છે. એ સાઇરેકસનો પિતા હતો અને પેટોલમિ ફીલેડે લિફયસના અમલમાં માન પામ્યો હતો. જ્યારે એ અલેકઝાન્ડ્રીયામાં હતો તે વેળા એના કાવ્યો વધારે પ્રસીદ્ધતામાં આવ્યાં હતા. તે શીવાય એની જીંદગી વિશે વિશેષ માહિતી મળી નથી. પાછળથી સાયરેકસ આવી રહેતાં એને બીજા હિરો રાજાએ પોતાના આશ્રયમાં રાખ્યો હતો.

થીઓસોફી—આ જાણીતી મંડળીની પ્રથમ સ્થાપના ઇ૦ સ૦ ૧૮૭૫ માં ૧૭ મી નવેંબરે ન્યૂયૉર્ક શેહેરમાં મૅડમ બ્લાવાટસ્કી તથા કર્નલ ઑલકોટે સાથે મળી કરી હતી.

આ થીઓસોફી શબ્દ ગ્રીક ભાષાનાં બે શબ્દોનો બનેલો છે; "થીઓસ" યાને "ખુદા" અને "સોફેસ" યાને "જ્ઞાની" આ ઉપરથી આ થીઓસોફીનો બ્રહ્મજ્ઞાન અથવા ઐલમેઇલાહી વગેરે અર્થ થાય છે. આ થીઓસોફી વિદ્યા ઇસવી સનની ત્રીજી સદી આગમજ યૂરપ ખંડમાં સેહેજ જણાયલી હતી. તેમજ ડાયો જીનસ લીયર્ટાસ નામનો વિદ્વાન લેખક જણાવે છે કે "ટોલૅમિસ" નાં વંશની ઘણુ આગમજ આ વિદ્યા યૂરપમાં જાણીતી હતી. પ્લેટો (અફલાતુન) અને તેના ચેલાઓ "પીલાલૅથિયન્સ" (સચ્ચાઇને ચાહનાર) કહેવાડતા હતા આથી તેઓએ જે વિદ્યાનો પ્રચાર કર્યો તે એજ હશે એમ માનવામાં આવે છે.

હાલમાં દુનિયાનાં સુધરેલા દરેક દેશમાં આ મંડળીની શાખા ફેલાયલી છે, તેમાં ન્યાત, જાત, પંથના તફાવત વીના સભાસદોને દાખલ કરવામાં આવતા હોવાથી આ મંડળમાં ભાઇચારો વિશેષ જોવામાં આવે છે. તેમજ તેમાં મુખ્ય કરી ઍરીયન અને પૂર્વ તરફનાં દેશોની પ્રાચીન ફીલસુફી ઉપર વાદવિવાદ અને અભ્યાસ કરવામાં આવે છે.

થીઓસોફી સોસાયટીની મુંબઇમાં પ્રથમ સ્થાપના ૧૮૭૯ માં થઇ હતી, ૧૮૭૬ માં દુનિયામાં આ મંડળીની એક શાખા માત્ર હતી તે ૧૮૯૧ માં ૨૩૧ ઉપર ફેલાઇ હતી અને ૧૯૦૪ માં આ મંડળની કુલે શાખા ૨૮૫ ઉપર વધેલી અંકાઇ હતી.

આ મંડળીનાં સભાસદો ગુપ્તજ્ઞાન અને બ્રહ્મજ્ઞાનના ફેલાવા થકી અનેક ગ્રંથો, ચોપાનીયા તથા ભાષણોથી પોતાની ભલી કોશેસ ચાલુ રાખી નિતીજ્ઞાનનો વધારો કરતા રહે છે.

(વધુ માટે જુઓ ઑલકોટ અને મેડમ બ્લાવાટસ્કી.)

થીબ્સ—પ્રાચીન ઇજીપ્તનું પુરાણું શેહેર. એ આગળ શેહેનશાહતનું પાયતખત હતું, અને તે નાઇલ નદીના બન્ને કાંઠા ઉપર વસાયલું હતું. ઇજીપશિયનો એને Taubu, હિબ્રુમાં No-Amon, ગ્રીકો Thebac કહેતા હતા. આ શેહેર નાઇલ પાસે વસાયલું હોવાથી હાલમાં ત્યાં તેના બેહદ ખંડીયરોને લીધે તેને "અલઅકસુર" કહે છે. થીબ્સ શેહેર ઇ૦ સ૦ પૂર્વે ૧૬૦૦ માં પૂર જાહોજલાલીએ પોંહોંચ્યું હતું. એનો ઘેરાવો ૧૪ મૈલનો હતો. કવિ હોમરના જણાવવા મુજબ આ શેહેરને ૧૦૦ દરવાજા હોઇ દરેક દવાજામાંથી લઢાઇનાં બસો રથો પસાર થઇ શકતાં હતા. ઇ૦ સ૦ પૂર્વે ૫૨૫ માં ઇરાનના પાદશાહ કેમ્બેસિસે ૨૦,૦૦,૦૦૦ પૌંડની લુટ મેળવી એનો સંપૂર્ણ નાશ કર્યો હતો, અને અલેકઝાન્ડર ધી ગ્રેટના સમયમાં (ઇ૦ સ૦ પૂર્વે ૩૩૨ માં) એનો થોડો ભાગ કાયમ હતો. સ્ટ્રેબોના સમયમાં આ એક નાહનું ગામડું હતું. અત્રેની કબરો, દેવળો અને ખંડીયરોની મુલાકાત ગ્રીક, રોમન મુસાફરોએ અનેક પ્રસંગે લીધી હતી, અને તેમાં હેડ્રિયન શેહેનશાહે પણ થીબ્સની ખાસ મુલાકાત લીધી હતી. હાલના થીબ્સમાં

આગલા વખતના અનેક જોવાજોગ ખંડીયરો છે, અને હાલમાં નાઇલ કાંઠે ૬ મૈલના ઘેરાવામાં ૪ નાહના ગામડાં માત્ર નજરે પડે છે.

થીબ્સ—પ્રાચીન બોટિયાનું આ એક બીજું શેહેર ત્યૂમેસ્સસ પર્વતની તળેટીમાં બે ઝરા વચ્ચે એથેન્સની ઉત્તર પશ્ચીમે ૪૪ મૈલ ઉપર છે. ઇ૦ સ૦ પૂર્વે ૧૪૯૩ માં કાડમસે તેની સ્થાપના કરી હતી. આ શેહેર ગ્રીસના પ્રાચીન શેહેરોમાં એક સુંદર શેહેર તરીકે ગણાતું હતું. ઓડીફસ સાથની લઢાઇ પછી આ શેહેરની પડતી દશા બેઠી હતી. તવારીખમાં આ શેહેર સ્પાર્ટનોનાં રાજ્ય અમલ પછી ઇ૦ સ૦ પૂર્વે ૩૭૧ માં થીબ્સ સાથની લુકત્રાની લઢાઇ પછી જાણીતું થયું છે. ઇ૦ સ૦ પૂર્વે ૩૩૬ માં આ શેહેરને અલેકઝાન્ડરે તાબે કર્યું હતું. સેકંદરે આ શેહેર માહેલું પવિત્ર મંદિર તથા કવિ પીંડારની ઇમારત શિવાય તમામ શેહેરનો નાશ કર્યો હતો. તે પછી સ્યૂલાએ લુટતાં એ તદન પડી ભાગું હતું, અને સ્ટ્રેબોના સમયમાં થીબ્સ નાહનું ગામડું હતું. હાલમાં એનું નામ થીવા હોઇ ત્યાં ૭૦૦૦ ની લોક વસ્તી છે. ૧૧–૧૨ મી સદીમાં અત્રે રેશમનું કાપડ વણનારનો ઉદ્યોગ હુન્નર ચાલુ હતો.

થિમિસ્ટૉકલિજ—અથેન્સનો પ્રસિદ્ધ યોદ્ધો અને વજીર. એનો જન્મ ઇ૦ સ૦ પૂર્વે ૫૧૪ ના સુમારે થયો હતો, ને મરણ ઇ૦ સ૦ પૂર્વે ૪૪૯ માં નિપજ્યું હતું. એ બચપણથી ઘણો મહત્વકાંક્ષી હોવાથી હળવે હળવે અથેન્સ પ્રજાના મન મેળવી ઇ૦ સ૦ ૪૮૩ માં 'ઍરિસ્ટાઇડીજ' દેશપાર થતાં એ સેહેજમાં અથેનીયનોનો પ્રમૂખ થયો. સલામિસની લઢાઈ પેહેલાં મેલૉપાનિસસનાં સર્વે વહાણો ઇરાની લોકો સાથે લઢયા વિના જતા હતા, તેટલાં એણે યૂકિતથી લઢાઇ કરવાનો સંજોગ ઉભો કર્યો. તેજ મુજબ અથેન્સને કોટનું બાંધકામ જોઇતું નથી એવું સ્પાર્ટન પ્રજાનું મત હોવા છતાં એણે બાહોશીથી સર્વેને થાપ આપી મજબુત કિલ્લેબંદી કરી હતી. આથી અથેન્સ ગ્રીક દેશમાં સર્વોપરી ગણાયું. તેટલાં એની ઉપર લાંચ રૂસવત લેવાનું તોહમત મેળતાં એને ઇ૦ સ૦ પૂર્વે ૪૭૧ માં દેશનિકાલ થવું પડયું હતું. છેલ્લે ફરતો ફરતો તે ઇરાનના શાહ આર્તેઝર્કસીસ ના આશ્રયમાં આવી રહ્યો, અને તે પછી એ એશિઆમાઇનરમાં 'મૅગનેશિયા' શેહેરમાં મરણ સુધી હતો.

થીયોડોરિક—એ ઓડોસર નામે એક હેરૂલિઅન, ટ્રગિઅન વગેરે ગૉથિક ટોળીઓનો સરદાર હતો. એણે ઇ.સ. ૪૭૬માં રોમના છેલ્લા પાદશાહ 'રોમ્યૂલસ મૉમ્યૂલસ' ને પદભ્રષ્ટ કરી પોતે ઇટલીનો રાજા થયો હતો. એક વેળા થીયોડોરિકને રોમન પ્રજાએ પકડી કૉન્સટન્ટીનોપલ લઇ જઇ સાનમાં રાખ્યો હતો. ત્યાં એણે ગ્રીક ભાષાનો અભ્યાસ કરી રોમનોની સોહબતમાં રહી તેમની સર્વ રાજનિતિ શીખી પોતાને દેશ આવતાં ગ્રોથ પ્રજાનું રાજ્ય બળવંત કરવાનો નિશ્ચય કર્યો હતો. રોમન રાજ્ય લય પામતાં કૉન્સટન્ટીનોપલનો પાદશાહ ઇટલી ઉપર પોતાનો હક્ક સમજતો હતો, આથી એનો પાદશાહને થિયોડોરિકે મદદ કર્યાથી કદરશનાશીમાં ઇટલી થિયોડોરિકને મળયું હતું. ૪૮૮ માં એ ઇટલીમાં મજબૂત પગપેસારો કરી શકયો હતો. એણે 'ઓડોસર' નો ત્રણ વેળા પરાજય કરી ૪૯૩ માં ઇટલી દેશ તમામ કબજે કર્યું. એ બાહોશ અને રાજનિતિમાં કુશળ હોવાથી આસપાસનાં રાજાઓ એની સલ્હા લેતા હતા. એણે ખેતી, વેપાર, હુન્નરને મદદ કરી દેશમાં ઘણો સુધારો કર્યો હતો. મરણ ઇ. સ. ૫૨૬ માં નિપજ્યું હતું. એ થીયોડોરિક ધી ગ્રેટને નામે પણ પ્રસિદ્ધતા પામ્યો છે.

થિયોડોસિયસ ૧ લો—પૂર્વ રોમન શેહેનશાતનો આ મહાન પાદશાહનો જન્મ ઇ.સ. ૩૪૬ માં ઉત્તર પશ્ચિમ સ્પેનમાંના સસામાં થયો, ને મરણ ઇ. સ. ૩૯૫ માં નિપજ્યું હતું. એનો પિતા પણ એક જાણીતો સરદાર હતો.

આથી થીયોડોસિયસ પોતાના પિતાની સાથે બ્રિટન, જર્મની અને આફ્રીકાના લશ્કરમાં અનેક વેળા જોડાયો હતો. 'વાલેન્સ'ના મરણ પછી એણે પોતાને પૂર્વ તરફના શેહેનશાહ તરીકે જાહેર કર્યો અને એણે ગૉથ ઉપરની જીતથી પોતાની સત્તા મક્કમ કરી. એ જ્યારે થિસ્સેલોનિયામાં સખત બેમાર પડયો હતો ત્યારે એણે પોતાના કુટુંબ સાથે બ્રિસ્તી ધર્મ ઇ. સ. ૩૮૦ માં સ્વિકાર્યો હતો, અને પછી કોન્સટન્ટીનોપલ જઈ કોન્સટન્ટીનોપલના આર્ચ બિશપ તરીકે ગ્રેગરી નેમ્યો અને ત્યાંના એરિયનોને દેશ પાર કાઢયા. ઈ.સ. ૩૮૭માં એણે મેકસિમસને હરાવી મારી નાખ્યો. એણેજ ૪ વર્ષ આગમજ ગ્રેટીયનને હરાવી મારી નાખ્યો હતો. ઇ.સ. ૩૯૦ માં થેસ્સેલોનિયામાં બળવો ઉઠયો તેમાં એણે ત્યાંના ૭૦૦૦૦ બળવાખોરોને ઠાર કર્યા હતા, ઇ. સ. ૩૯૪ માં એણે યૂજીનીયસને હરાવી મારી નાખ્યો હતો, અને તે પછી થિયોડોસિયસ નામના રોમન શેહેનશાહતનો શેહેનશાહ થયો. એજ વર્ષમાં એનું મરણ નિપજતાં એનો વડો બેટો આરકેડયસ પૂર્વ રોમન રાજ્યનો, બીજો બેટો હોનોરિયસ પશ્ચિમ રોમન રાજ્યનો શેહેનશાહ થયા.

થીયોડોસિયસ ૨-જો—જન્મ ઇ૦ સ૦ ૪૦૧ માં ને મરણ ઇ૦ સ૦ ૪૫૦ માં નિપજ્યું હતું. એ પૂર્વ રોમન શેહેનશાહતનો રાજ્યકર્તા હતો. એ આરકેડિયસનો વડો પુત્ર હતો. એના રાજ્ય અમલ દરમ્યાન ખરૂં જોતાં એની બેહેન 'પુલચેરા' શેહેનશાહતમાં કરતી કારવતી હતી. એના રાજ્ય અમલમાં કાયદા કાનુનો ઘડી તેનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. એણે હૂન પ્રજા સાથે લઢાઇ કરી તેમને ખંડણી ભરી હતી.

થીસ્ટલ-ઍારડર ઍાવ ધી—અથવા ઍારડર ઍાવ ધી સેંટ એન્ડ્રુ નામનો એક ચાંદ. આ બેતાબ સ્કૉટીશ નાઇટો માટે ઇ૦ સ૦ ૬૬૮૭ માં સ્કૉટલંડના ૭ માં જેમ્સે (ઇંગ્લંડનો બીજો જેમ્સ) સ્થાપન કર્યો હતો. ૪૦ સ૦ ૧૭૦૩ માં રાણી એનના સમયમાં ફરીથી આ બેતાબ સજીવન કરવામાં આવ્યો હતો. આગળ આ બેતાબ પામનારા ૮ નાઇટો હતા, પણ એન રાણીએ તેમની સંખ્યા ૧૨ ઉપર આણી હતી, પણ ૪ થા જૅાર્જના સમયમાં તેવા ૧૬ નાઇટો હતા. આ બેતાબના ચાંદની 'રિબ્બીન' લીલા રેસમની હોય છે, તેની ઉપરનો મૉટો આ પ્રમાણે છે :—Neno me Impune bacessit (No one annoys me with impunity.)

થીસલી—પ્રાચીન ગ્રીસનો એક વિશાળ પ્રદેશ, મેડીટરેનિયનની દક્ષિણે અને યૂરપની પૂર્વે આવેલો છે. ૧૨૦૪ માં એ વેનિશીયનોને હાથ આવ્યું અને ૧૩૫૫ માં તૂર્કોએ જીતી લીધું, પણ ૧૮૮૧ માં ટર્કીએ ગ્રીસને પાછું આપ્યું હતું.

થુંક—આ પદાર્થ મોહોમાં ઉપ્તન્ન થવાનાં ખાસ સાંચા અથવા પિંડ (મોહોમાં) હોય છે અને તેથીજ થુંક ઉપ્તન્ન થઇને ખોરાક પચવા લાયક ચાવવામાં મદદ કરે છે. જો મોહોમાં થુંક ઉપ્તન્ન નહિ થાય તો ખોરાક બરાબર નહિ ચવાતાં તે ગળાતાં પાચન શક્તિને નૂકસાનકારક થઇ પડે છે. થુંક એ પારદર્શક આલકલીનાં ગુણનું પ્રવાહી છે. એનું જાતી ગુરૂત્વ પાણી કરતાં વધારે છે. તેનાં ૧ હજાર ભાગમાં નીચે દર્શાવેલાં પદાર્થ હોય છે.

પાણી...	૯૮૮·૨
થુંકનું સત્વ (ટૅનિન)	૧·૮
ચરબી...	·૫
આલ્બ્યુમિન.... ...	૧·૭
મ્યુકશ...	૨·૬
ઍષ	૪·૨
ક્ષારનાં...	૧·૨
	૧૦૦૦ કુલે.

થુંક ઉપ્તન્ન કરનારી મ્હોમાં ૩ સાલિવરી ગ્લાંડ (પિંડની જોડ) છે. એ બેઉ કાનની

પાસે (પારોટિડ ગ્લાંડ) છે. બીજી જીભ નીચે (સબલિંગ્વલ ગ્લાંડ) છે, અને ત્રીજી જડબા નીચે (સબમાસિલરી ગ્લાંડ) છે. આ શિવાય, નાહની નાહની અનેક ગાંઠો છે. આ સઘળી ગ્લાંડ (ગાંઠો) પોતાનું ઉપ્તન્ન કરેલું પ્રવાહી થુંક ઝીણી નળીઓ વડે મોહોમાં રેડે છે. દરેક ગાંઠની રચના એક સરખી હોઈ તે ઝીણી નળીઓની બનેલી છે. આ ઝીણી નળીઓને છેડે નાહના ગોળાકાર ફાંટા હોય છે. તેમની અંદર સૂક્ષમ રજકણોનું અચ્છાદન હોય છે. કે જે રજકણો થુંકને ઉપ્તન્ન કરે છે. થુંક એખટી થતાં મોહોમાં વહે છે.

થુંકના મશ્રણ વગર ખોરાક ગળાયો હોય તો તે જલ્દી પાચન થઇ શકતો નથી, આથી ખોરાક ધી ધીરે ચાવી ખાતાં તે ખોરાક સાથે ભળે છે, અને તેથ ખોરાક પાચન કરવામાં પણ તે મુખ્ય મદદ કરે છે.

થુંકને લીધે મોહો તથા જીભને બિનાસ તથા ચીકાસ મળે છે, અને તેથી બોલવામાં, ચાવવામાં જીભનું ચલણ સેહેલાઇથી થઇ શકે છે. વળી તે જૂદા જૂદા પદાર્થનો ઝટ રસ કરી દેતું હોવાથી તેનો સ્વાદ પરખાય છે.

ખોરાક પોચો અથવા કઠણ હોય છે તે પ્રમાણે વધારે યા ઓછી થુંક મોહોમાં પેદા થાય છે. જો ખોરાક કઠણ હોય તો તે વધારે અને પોચો હોય તો ઓછી થુંક જડબાંના ગાંઠમાંથી નિકળે છે. ૧૦૦ ભાગ ગોસ્તનાં ખોરાકમાં ૪૨ ભાગ થુંક જોઇએ અને ૧૦૦ ભાગ ઍપલ ફ્રુટમાં ૩ ભાગ થુંક જોઇએ.

સાધારણ કદનાં મનુષ્યનાં મ્હોમાં દરરોજ બેથી ૩ પાઇટ થુંક પેદા થાય છે.

થુપારામ—આ પ્રસિદ્ધ મંદિર સિંહલદ્વિપમાં અતિ પૂજ્ય મનાય છે. એને 'દેવાન પીયતિસા' નામના રાજાએ બુદ્ધની ગરદનના હાડકાં (જતુ) રાખવા માટે ઇ. સ. પૂર્વે ૩૦૦ માં બંધાવ્યું હતું. એની બાંધણી ઘણીજ સુંદર હતી એમ હાલમાં બાકી રહેલી થોડી કારીગરી ઉપરથી જણાય છે. તે વેળા આ મંદિરને એટલું તો પૂજ્ય માનવામાં આવતું કે ઉપતિસા નામે રાજાએ ઇ. સ. ૪૦૦ માં તેની આસપાસ કિમતી ધાતુનું વેષ્ટન કરી તેપર સુન્નાનો ઢોળ ચઢાવ્યો હતો. બુદ્ધનો દાંત ૪ થી સદીમાં આ મંદિરમાં લાવી એના ભોયરામાં રાખવામાં આવ્યો હતો. આ દાંતને તે વેળાના જાણીતા ચીનાઇ મુસાફર 'ફેહિઆને' જોયો હતો.

થુરીયા—આ વનસ્પતિને ઔષધિમાં ગોજેલી છે. એને ત્રણ ફાંટા હોઇ દરેક ફાંટા ઉપર કાંટા હોય હોય છે. આ થોરીયાનાં મ્હોટા મ્હોટા વન હોય છે, એમાંથી ધોળું દુધ ઘણું નિકળે છે. સોજો, ગાંઠ વગેરે ઉપર ત્રીધારી થોરીયા દુધનો લેપ કરે છે, તેમજ દમ, કફ, દરાજ અને બદ ઉપર એ અકસીર હોય છે.

થૂલ—ઉપલા સિંધની સરહદ ઉપરનો એક તાલુકો. ક્ષેત્રફળ ૮૨૧ ચૌરસ મૈલ હોઇ તેમાં ૧૮૭૨ માં વસ્તી ૩૪૮૦૭ ની ને ૧૮૮૧ માં ૪૩૦૨૫ ની હતી. તાલુકામાં ૫૮ ગામડાં છે, વસ્તીમાં ૩૮૭૮૫ મોહમેદન, ૨૯૩૮ હિંદુ, અને ૧૨૪૯ શિખ છે.

મુખ્ય શેહેર થુલ જેકોબાબાદથી ૨૩ મૈલ ઉપર છે, તેમાં વસ્તી ૧૦૪૩ ની હોઈ તેમાં ૬૩૬ હિંદુ, બાકીનાં મોહમેદનો છે.

થેમ્સ—ગ્રેટ બ્રિટનમાંની આ જાણીતી અને ભારે અગત્ય ધરાવનારી નદી પૂર્વે દક્ષિણ પૂર્વમાં વહેતી દક્ષિણે દેશમાં વક્ર વલાણ લીયે છે. થેમ્સ પૂર્વે ઉત્તર પૂર્વમાં ૩૫ મૈલ વહેતી દક્ષિણ પૂર્વમાં વક્ર વલાણ લઇ તે ઑકસફર્ડ ઉપરથી પસાર થતી રીડિંગ તરફ વહે છે, ત્યાં કેન્ટને પશ્ચિમમાં મળી લાં તે ફરી પોતાનો રોહ બદલી પૂર્વ તરફ વહેતી વિંડસર, ઇટન, ટેડીંગટન, રીચમંડ, લંડન, ગ્રીનવિચ, ઉલવિચ અને ગ્રેવ્હસેન્ડ ઉપરથી વધે છે, અને પછી ઉત્તર સમુદ્રમાં પડે છે. એના પાટનું ક્ષેત્રફળ ૬૧૦૦ ચૌરસ મૈલ છે. લંડન બ્રિજ પાસે એની પોહોળાઇ ૨૯૦ યાર્ડ અને ઉલવિચ પાસે ૪૯૦ યાર્ડ અને ગ્રેવસેન્ડપિયર નજદીક ૮૦૦ યાર્ડની છે.

સેંટ કેથેરાઇનની ગોદી સુધી ૮૦૦ ટનના વાહણો એમાંથી જાવ આવ કરી શકે છે; અને તેથી ગંજાવર સ્ટિમરો લંડન બ્રિજથી ૬ મૈલ નીચે બ્લેક વૉલ સુધી આવ જાવ કરી શકે છે.

થેમિસ્ટોકલિસ—આ જાણીતો અથેનિયન સરદાર તથા રાજદુવારી નરનો જન્મ ઈ. સ. પૂર્વે ૫૧૪માં થયો હતો અને મરણ ઇ.સ. પૂર્વે ૪૪૯માં નિપજ્યું હતું. અથેન્સના એરિસ્ટિડિયસને દેશ તરીપાર કર્યા પછી એ રાજદુવારી ખાતામાં આગેવાન થયો હતો. ઇ.સ. પૂર્વે ૪૮૧માં એણે દરિયાઇ કાફલામાં મ્હોટો સુધારો કર્યો હતો. ઝર્કસીસ જે વેળા અથેનિયનો ઉપર ચઢાઇ કરી તે પ્રસંગે થેમિસ્ટોકલ કાફલાનો વડો સરદાર નેમાયો હતો, અને એની કુનેહબળ અને ચાતુર્યથી ઝર્કસીસનું સૈન્ય પાછું હટયું હતું. પણ ઇ.સ. પૂર્વે ૪૭૧માં એની ઉપર ધરાનીઓ સાથે મસલત ચલાવી મળી જવાનો આરોપ મેળાતાં એ નાહશીને આર્તઝર્કસીસની દરબારમાં જઇ ભરાયો હતો. એ પોતાના મરણ સુધી મેગનેશિયામાં રહ્યો હતો. એનાં માનાર્થે મેગનેશિયામાંના અંગોરામાં એની કબર ઉપર મિનારો બાંધવામાં આવ્યો હતો, પણ એના હાડકાંને છુપી રીતે થીબસ લઇ જઇ ત્યાં દાટવામાં આવ્યા હતા.

થેલ્સ—આ જાણીતો ગ્રીક વિદ્વાન ફિનિશીયન ઓલાદનો અને એજીનોરના બેટા 'ક્રેડીસ' થી ઉતરેલો હતો. એનો પિતા પોતાના દેશના રાજ્ય કર્તાની આપ ખુદ સત્તા સામે બાપાણો કરવાથી તેને આયોનીઆના મિલીટસ શેહેરમાં જઇ વસવું પડયું. ત્યાં ઇ.સ. પૂર્વે ૬૩૮ માં થેલ્સનો જન્મ થયો હતો. એણે બચપણમાં સારી કેળવણી સંપાદન કરી હતી. એને 'સેજ' નો ખેતાબ પેહેલ વેહેલો મલ્યો હતો. એણે પદાર્થ વિજ્ઞાન શાસ્ત્રની પ્રથમ સમજ આપી હતી. એ પોતાની જુવાનીમાં કોતવાલ તરીકેનાં ઓધાપર હતો પણ વિદ્યા અભ્યાસ તરફ ઝાઝી વલણ હોવાથી તે ઓધ્યો છોડી મીસર તરફ ગયો ને ત્યાંના વિદ્વાનો સાથે વસી ભૂમિતી, જ્યોતિષ શાસ્ત્ર શીખી પોતાને દેશ આવી આકાશ અવલોકન કરવાનો અભ્યાસ શરૂ કર્યો. અને કુમારો રહી વિદ્યા અભ્યાસ પાછળ મંડી એણે પોતાના જમાનામાં ખગોળ સંબંધી અનેક અવલોકન કરી ભારે નામના મેળવી હતી.

થેસિઅસ—ગ્રીક દંતકથા મુજબ અટીકાનો એક બળવંત યોધ્ધો. એ અથેન્સના રાજા એજીયસનો પુત્ર હતો. જ્યારે પાલાસના ૫૦ પુત્રોએ એના પિતાને પદભ્રષ્ટ કર્યો ત્યારે એણે પોતાના પિતાના છુટકારા અર્થે કમરકશી ટ્રેઝનથી બાહાર પડયો. પ્રથમ એણે મેરેથોનિયન રાક્ષસી આખલોને મારી નાખ્યો, કે જે આસપાસના દેશોને ભારે પિડા આપતો હતો. તે પછી એણે પોતાના પિતાનો છુટકારો કર્યો, પણ માર્ગમાં તે દરિયામાં ગુમ થઇ જતાં એ અથેન્સનો રાજા થયો હતો. પણ તે પછી 'લાયકોમિદસે' એને પ્રપંચથી મારી નાખ્યો (એ સાયરોસનો રાજા હતો.) એના શબને તે પછી અથેન્સમાં આણી ત્યાં તેની યાદગારીનો સ્થંભ ઉભાર્યો હતો.

થોમસડે—(જુઓ ડે થૉમસ)

થોમસન જેમ્સ—આ જાણીતા કવિનો જન્મ રૉકસબર્ગમાં ઇ૰ સ૰ ૧૭૦૦ માં ૧૧ મી સપ્ટેંબરે થયો હતો અને મરણ સરેમાંના રિચમંડમાં ઇ૰ સ૰ ૧૭૪૮ માં ૨૭ મી આગસ્ટે નિપજ્યું હતું. એ 'ધી સિઝન'ના રચનાર તરીકે મ્હોટી પ્રસિદ્ધતા પામી ગયો છે. એણે એડિનબર્ગની પાઠશાળામાં અભ્યાસ કર્યો હતો. એણે પોતાના પિતાના મોત બાદ લંડન જઇ સાહિત્યમાં પોતાની જીંદગી ગુજરવાનો નિશ્ચય કર્યો. ત્યાં એણે કવિતા લખવા ઉપર લક્ષ દોડાવી ૧૭૨૬ માં Summer નામે કાવ્ય પ્રસિદ્ધ કર્યું, ને તે પછી Spring નામે કાવ્ય પ્રસિદ્ધ કર્યું હતું; તે પછી ૧૭૩૦ માં એણે Autumn નામે કાવ્ય પ્રસિદ્ધ કર્યું હતું. તે પછી એ સર જેમ્સ (પાછળથી

લૉર્ડ ચેનસેલર) ટાલબોટ સાથે મુસાફરીએ ગયો હતો. આ મુસાફરીથી પાછો ફરતાં એણે Liberty ઉપર કાવ્ય રચી પ્રસિદ્ધ કર્યું હતું. તે પછી એણે કોર્ટ ઑવ ચેનસરીમાં સારો ઓધો મેળવ્યો હતો, પણ પોતાના મુરબ્બીના મ્હોતથી નોકરી છુટવા છતાં બીજા ઉમરાવ મિત્રની મેહેરબાનીથી ૧૦૦ પૌંડનું વર્ષાન મળતું થયું હતું. પણ તે પછી એની લાગવગ વધતાં એને લાવર્ડના ટાપુના 'સરવેયર જનરલ' નો ઓધો મેળવ્યો હતો, જ્યાં એ ૩૦૦ પૌંડની આવક મેળવતો થયો હતો, પણ ૧૭૪૮ માં પોતાને વતન આવી Castle of Indolence નામે કાવ્ય રચી પ્રસિદ્ધ કર્યું હતું.

થોર—આ વનસ્પતિનું કાટાવાલું ઝાડ છ થી આંઠ ફીટ ઉંચા વધે છે. થોર ગોળ હોય છે. એના પાંદડાનું અથાણું કરે છે. એની વાડ ઉત્તમ બને છે. એમાંથી દુધ પુષ્કળ નિકળે છે. એના દુધમાં કેટલાંક રસાયનો અને સોમલની શુદ્ધિ થાય છે,

થોર્ન—પશ્ચિમ પ્રશિયાનું શેહેર વેસ્ત્યૂલાનાં જમણાં કાંઠા ઉપર ગ્રોમબર્ગનો પૂર્વે દક્ષિણ પૂર્વમાં ૩૧ મૈલ ઉપર છે. એની સ્થાપના ૧૨૩૧માં થઇ હતી. અતરે ટૌન હૉલ તથા જાહેર ઇમારતો છે. ૧૪૫૪મ ાં એ "પૉલીશ સરકારને તાબે આવ્યું હતું, અને ૧૭૯૩ માં પ્રુશિયનોને કબજે આવ્યું. આ શેહેરને મજબૂત કિલ્લે બંદી ૧૮૭૮ થી કરવામાં આવી છે, અને આગલો કિલ્લો રદ કરી નવી ઢબે નવું બાંધકામ કરી શેહેરને મજબુતાઇ આપવામાં આવી છે. ૧૮૭૫માં વસ્તી ૧૮૬૮૧ ની ને ૧૮૯૦માં ૨૭૦૧૮ ની હતી.

થોરી—આ પ્રજા ગુજરાતમાં ભટકતી જીંદગી ગુજરે છે. તેમનો પેહેરવેશ હિંદુઓને મળતો છે. ચોમાસામ તેઓ ઘાસ ભરોડાંની નાહની ઝુપડીમાં વસે છે અને પછી દશથી તે પચાસ લગીના ટોળામાં જૂદા પડી અનાજ વેચવા નિકળે છે. તેઓ લુટારાનો ધંધો વટીક કરે છે, એઓ નામ મુસલમાની રાખી સુનતા કરાવે છે પણ હિંદુ દેવને માને છે. એઓ તદન અભણ હાલતમાં વસતા હોવાથી મરદ સ્ત્રીઓ અનિતિમાં જીંદગી ગુજરે છે.

થ્રએતઓન—આ અવસ્તાઇ વિશેષ નામ છે કે જેનો ચાલુ પ્રચારમાં શબ્દ ફરેદુન છે (જુઓ ફરેદુન.)

થ્રિતો— (૨) પુરાતમ ધરાનીઓમાં આ પુરૂષ પોતાની પરહેજગારી અને વિદ્વત્તા માટે જાણીતો થયો હતો. એ સામ પેહેલવાનના ખાનદાનનો હોઇ કેરસારૂપ અને ઉર્વાક્ષ જેવા જાણીતા નરોનો પિતા હતો. એણે હોમની ક્રિયા કરી ભલી દોઆઓનાં પ્રતાપથી એ ભલા પુત્રો મેળવ્યા હતા, (૨) * "એ નામનો એક પ્રસિદ્ધ તબીબ પુરાતમ જમાનામાં થઈ ગયો, જેણે પેહેલ વેહેલાં મનુષ્ય જાતનાં દુઃખ દર્દો દૂર કરવામાં મ્હોટો હિસ્સો લીધો હતો. વંદીદાદમાં એને વિષે કેટલુંક વર્ણન આપે છે. ત્યાં જણાવવા પ્રમાણે તેણે 'ક્ષથ્ર વર્ધ્ય' જે ધાતુ ઉપર મવક્કલ છે તેની પાસે પોતાના ધંધામાં મદદ માગી, એટલે કે વહાડ કાપનાં યંત્રો પોતાનાં જમાનાનાં જ્ઞાનને અનુસરતાં બનાવ્યાં, પછી તેના બપને માટે અદ્વરમજ્દે હજારો દવાદારૂનાં ઝાડપાલાઓ ઉત્પન્ન કર્યા. પ્રોફેસર દાર્મસ્ટેટ ધારે છે કે એ થ્રીત અને થ્રીએત એ એકજ પુરૂષ છે, જેમકે વેદમાં પ્રિત અને પ્રેતન એકજ કામ બજાવે છે, ફરવરદીન યષ્ટમાં થ્રએત ઓન (ફરેદુન)ની કબરીને દુઃખ દર્દો દૂર કરવા માટે એજ કારણે આરાધી છે.

(૩) એ સાયુઝદ્રીનો પુત્ર ને અશવજંધનો ભાઇ હતો, એ અશવઝદંધ સાથે રસ્તાબેજ થતાં તે વખતે બનનારા ફેરફારોમાં ભાગ લેશે, એણે 'દાતુ' નામના ટોળા તથા અસબનનાં કુટુંબીઓ પર કહે મેળવી હતી, આ પુરૂષને જરતોસ્તી અવસ્તામાં આરાધ્યો છે.

*: અવસ્તાની વિ૰ ના૰ ફરહંગ-૭૫૨થી.

થ્રિતિ—આ બ તુ રપન્તમાન અશો જરતોસ્ત· ની બાનુ 'પાતખશા'ની બીજી બેટી હતી.

થ્રિપ્સ—આ પ્રાણીને ઇંગલંડમાં થ્રિપ્સ અને અમેરિકામાં 'સ્નોફ્લાઇજ' કહે છે. કવિ સ્પેનસર, લૅાટ્રાલી વગેરે વિદ્વાનોએ આ પ્રાણીની શરીર રચના અને તેનાં આ· યુષ્ય ક્રમનું વર્ણન લંબાણથી કરેલું છે.

આ પ્રાણીને ૪ પાંખો હોય છે, જ્યારે તે ઉડતું નથી ત્યારે આ પાંખો પીઠ ઉપર આડી પડેલી હોય છે. આ પાંખના કાંઠા ઉપર ઝીણી ઝાલર જેવા બાલ હોય છે. એનું શરીર લંબોચું હોય છે, મુછો લાંબી અને ઝીણી હોય છે, આંખો પાસાદાર હોય છે, એમની કેટલીક જાતોને તો બીલકુલ હોતી નથી. આ જાતીનાં કેટલાક પ્રાણી તીડ પ્રમાણે કુદકા મારે છે.

આ કીડા ઝાડની છાલમાં વસે છે. તેમાંની કેટલીક જાતનાં તો પાણીની ઉપર તરતા વસે છે. કોઇ કોઇ વેળા તે એવી રીતે એક ઉપર એક ચઢી બેસે છે કે તેમનાં ઢગલા થએલા જણાય છે. તેમનો આકાર બંદુકની દારૂના કણ જેવડો હોય છે. તેમનું મ્હોડું સુંઢ આકારનું હોય છે. જે વડે તે વનસ્પતિ માહેલો રસ શોષિ લીયે છે.

જુના કાગળને જો કાંજી યા લાહી ચોપડેલી હોય તો તેવા કાગળમાં યા ગ્રંથમાં સફેદ રંગની શંકવાકૃતિ અતિ ચંચળ અને નાજુક જે એક કીડો રહે છે તે પણ એનાજ વર્ગમાં ગણાય છે. તેને કેટલાકો ઉધાઇ કહે છે. એને ઇંગ્રેજીમાં સિલ્વર્ફીશ કહે છે. આ પ્રાણી મીઠાં પદાર્થ હોંસે હોંસે ખાય છે.

થ્રોનબેક—આ એક વિચિત્ર માછલી બ્રિટીશ સમુદ્ર કાંઠા ઉપર પુશકળ મળે છે. આ માછલીનો રંગ ઉપરથી ભૂરો, તેપર ટપકાં ને હેઠેથી તદન સફેદ હોય છે. ઉપલી ચામડી ખરબચડા ભીંગડાવાલી હોય છે. આ માછલીની માદાના દાંત ચપટા ને નરના તિક્ષણ અણીયાલાં હોય છે. આ માછલી મુખ્ય કરી થંડી અને વર્સાદમાં સ્વાદિષ્ટ ખોરાક તરીકે ઉપયોગમાં લે છે. પણ એ પાનખર અને ઉન્હાળામાં ઈંડા મેળવા કિનારે આવે છે, ત્યારે પુષ્કળ પકડાય છે. આ માછલી આકારે છમના જેવી હોઈ તેની પુછડી કદ કરતાં લાંબી વાંકી થઇ શકે તેવા આકારની હોય છે.

દ.

દ—૨૯ મો મૂળાક્ષર. આ મૂળાક્ષર દંતાકૃતિ ઉપરથી બનાવવામાં આવેલો છે.

દઇવિ—જરતોસ્તી દંતકથા મુજબ એ અગ્રે· મઇન્યૂશનાં મદદગારોમાંનો એક દેવ. એ ઠગાઇ ઉપર સત્તા ધરાવે છે.

દએન—(જુઓ દીન)

દએપદીન—એ અહુરમજદનું નામ છે અને રાસ્તીનો ધણી હોઇ એનાથી સત્યતા પ્રગટ થાય છે. એ સવાબ ઉપર મવક્કલ હોઇ દીન ઉપર મુસ્તકીમ છે. જરતોસ્તી ત્રીસ રોજમાં આ ૨૩ મો દિવસ ગણાય છે અને એ દિને નવાં વસ્ત્રો પેહેરવા, તથા ગાયગોસપંદને ખરીદ કરવાં એવો અસલ રેવાજ ચાલુ હતો. આ દિવસની તાસીર એવી જણાવવામાં આવે છે કે એ દિવસે બેમાર પડેલો માણસ જેહેમત ખેંચી પાછો સારો થાય. એ દિને થએલું બાળક નેક તાલેનું હોય. એ દિને આવેલા સ્વપ્નનું ફળ માઠું હોઇ દિલને રંજીદા કરે.

દકીકી—બીજા જૂહની દરબારમાંનો એક જાણીતો કવિ. અબીર મનસૂર સામાની જૂહ પાદશાહનો પિતા હતો. જૂહ પાદશાહે દકીકીને શાહાનામું લખવાનું સોંપ્યું હતું, પણ એણે ૧૦૦૦ બયતો ગુસ્તારૂપ પાદશાહનો રાજ્ય અમલ ઉપર લખી નહિ તેટલાં એના એક ગોલામે એનો પ્રાણ લીધો હતો. દકીકીનું મરણ ઇ. સ. ૯૯૭ માં નિપજ્યું હતું.

દખણ—અથવા દક્ષિણ દેશ. નર્મદા અને કિષ્ણ નદી વચ્ચે પ્રદેશ. ધણુંકરી વિંધાચળ પર્વતની દક્ષિણ તરફના દેશને દખણ કહે છે. આ દેશ નર્મદાની બીણુવ લા પ્રદેશથી તે દક્ષિણ તરફ ત્રિકોણાકાર દેશ બની પૂર્વ અને પશ્ચિમ ઘાટો સાથે મળી સાતપૂડા અને વિંધ્યા સુધી ફેલાયલો છે. એની પશ્ચિમ તરફનો સપાટ ભાગ ઘાટોથી ભરપૂર હોઇ પર્વતો ૪૦૦૦ ફીટની ઉંચાઇનાં ફરી વળેલા છે, અને આ પર્વતો છેક દક્ષિણ તરફ કેપ કામોરિન સુધી વધે છે. વિંધા· ચળની હાર દખણની ઉત્તરમાં વધે છે, અને તે ઉત્તર તરફના બે ઘાટના છેડાને મળી દ્વિપકલ્પનો ત્રિકોણાકાર ભાગ પૂરો કરે છે. પૂર્વ ભાગ પશ્ચિમ ભાગ કરતાં નિચો હોઇ મુખ્ય દખણની નદીઓ ગોદાવરી, કિષ્ણા, પીનાર અને કાવેરી પશ્ચિમ ઘાટમાંથી નિકળી પૂર્વે વહે છે, અને પૂર્વ ભણીના ઘાટમાંથી થઈ બંગાલના ઉપસાગરમાં ખાલી થાય છે. ૧૩ મી સદી આગમજની દખણની તવારીખ થોડી જણાયલી છે. આગળ દ્રવિડ, ચૌલ અને આંધ્રના રાજ્યવંશોની અત્રે સત્તા સ્થાપન થઇ હતી, પણ ખરી તવારીખ ૧૨૯૪ થા ૧૩૦૦ થી શરૂ થાય છે, કે દિલ્લીપતિ અલાઉદ્દીન બીલજીએ મહારાષ્ટ્ર, તેલંગણ અને કર્નાટ· કમાં અમલ ફેલાવી ૧૩૩૮ માં મોહમદ તઘલખે તમામ દખણ દેશ તાબે કર્યો હતો. તે પછી બહામણી રાજ્ય અમલ થયો અને પછી વિજ્યા નગરનો અમલ ફેલાયો હતો; પણ તે પછી શહાજહાનની ફતેહોઓ બાદ તમામ દક્ષિણ દેશ મોગલ રાજ્યને તાબે થયો હતો. પણ ૧૭૦૬ પછી મરાઠા પ્રબળ થતાં તેઓએ દક્ષિણ પર સ્વારી કરી પોતાનો અમલ સ્થાપન કર્યો હતો, અને તેઓએ પ્રથમ સતારામાં રાજ્યધાની સ્થાપન કરી કે જે સર્વ સત્તા પાછળથી પેશવાઓને હાથ આવી હતી; પણ તે પછી પેશવા અને નિજામ સરકારના તાબામાં ઉત્તર અને દક્ષિણ દેશ આવ્યા હતા. તેમજ અઢારમી સદીની સેવટમાં હૈદરઅલીએ કેટલાક ભાગ ઉપર પોતાનો અમલ સ્થાપન કર્યો હતો. આ મુદત દરમ્યાન પોર્તુગીજ, હૉલંડ અને ઇંગ્રેજ લોકોએ કિનારે કિનારે પોતાની કોઠીઓ સ્થાપન કરવાના હક્કો મેળવ્યા હતા. આ પરદેશી વેપારીઓની હરીફાઇ વચ્ચે ફ્રેન્ચ તથા બ્રિટીશ વચ્ચે અનેક વેળા હરીફાઇથી લઢાઇઓ થઇ હતી. પણ સેવટે બ્રિટીશ સત્તા સર્વત્ર પ્રબળ થઇ સ્થાપિત થઈ તે હજી ચાલુ છે. હાલમાં દખણ, મદ્રાસ ઇલાકો અને મુંબઇ ઇલાકાના થોડા ભાગમાં ગણાય છે, અને તેમાં માયસોર, હૈદ્રાબાદ, ત્રાવણ· કોર અને બીજા અનેક બ્રિટીશ ખંડીયા દેશી રાજ્યોની સત્તા ચાલુ છે.

દંડક—સૂર્યવંશીય ઇક્ષ્વાકુનાં ૧૦૦ પુત્રોમાંનો ત્રીજો. એ જન્મથી મુઢ અને ક્રોધી હોવાથી એને કયાંનું રાજ્ય આપીયે એવો વિચાર કરતાં એને 'શૈવલ પર્વત' અને 'વિંધાદ્રિ' ના વચલા પ્રદેશનું આધિપત્ય આપ્યું. આ દેશ નર્મદા અને ગોદાવરી એ બન્નેની વચ· માંનો કેટલોક ભાગ તથા ગોદાવરીનો દક્ષિણ પ્રદેશ (તે—દક્ષિણ હિંદુસ્તાનના ઉત્તર પૂર્વ કાંઠાને લગતો પ્રદેશ કહેવાય છે).

દંડકને ઉપલો પ્રદેશ સોંપતા એણે ત્યાં પોતાનું રાજ્યધાની શેહેર 'મધુમંત' સ્થાપ્યું, અને પોતાના પૌરોહિત્ય ભૃગુકુલોત્પન્ન એક ઋષિને આપ્યું હતું.

એક વેળા આ રાજા ગુરૂનાં આશ્રમમાં ગયો ત્યાં ગુરૂકન્યા 'અરજા' ને જોઇ તેની પર મોહી પડી તેનીપર બલાત્કાર કરવા ધરયો. અરજાએ પોતાના પિતાની રજાથી પરણી સાથે રહેવાની ખુશી બતાવી પણ એણે કશું નહિ સાંભળી પોતાની દુષ્ટ વાસ તૃપ્ત કરી નહાશી ગયો.

જ્યારે ઋષિ આશ્રમમાં આવ્યો ત્યારે 'અરજા'થી દંડકની બદફેલી જાણી શ્રાપ આપ્યો કે " આ રાજા બલકોશ વગેરે સાથે ભસ્મ થજો; તેજ ક્ષણે તમામ ભૂમિ બળી જવાથી તે અરણ્યનું નામ દંડકા રણ્ય

પડ્યું. પછી કેટલેક કાળે અગસત્યે સ્વર્ગથી અમૃત આણી દંડકની ભૂમિ પર છાટયું તેથી તે નવપલ્લવ બની રહ્યું હતું.

દંડી કવિ—આ મહાન કવિ જ્ઞાતે બ્રાહ્મણ હતો. એ ઉજ્જયનની આસપાસના ગામમાં વસતો હતો. એ બચપણથી કેળવણી લઇ ચંચળ નિવડવાથી એણે જૂદે જૂદે સ્થળે મુસાફરી કરી જ્ઞાન સંપાદન કરી ધારા નગરીમાં આવી ભોજ રાજાની દરબારમાં આશ્રય પામ્યો હતો. આ કવિ કાલીદાસનો મિત્ર અને તેનાજ જેવો વિદ્વાન હતો, એના વિશે ઝાઝું જણાયલું નથી.

દંતપૂર—અથવા રાજ મહેંદ્રી.* કલિંગ દેશની (સરકાર પ્રાંત) રાજપુર અથવા રાજ મહેંદ્રી એ રાજધાની હોઈ તેને દંતપૂર એ અતિ પ્રાચીન નામ હતું. રાજ મહેંદ્રી એ રાજધાની હોઇ તેને દંતપૂર નામ પડવાનું કારણ બૌદ્ધ ગ્રંથો ઉપરથી એવું જણાય છે કે—કાશીપૂર નામનું બનારસથી ૧૧૦ મૈલ ઉપર એક ગામ હતું, તે ઠેકાણે ગૌતમ બુદ્ધનું ઇ૦સ૦ પૂર્વે ૫૪૩ માં મરણ નિપજ્યું, તે વેળા તેનું શરીર બળતું હતું તેટલાં 'ખેમ' નામના એક બૌદ્ધ ભકતે બુદ્ધની ડાબી તરફની દાઢ (દાંત) બળતામાંથી ખેંચી કાઢી હતી. 'ખેમ' ને કાંઇ ચમત્કાર દેખાતાં તે પેલા દાંતને કલિંગ દેશના બ્રહ્મદત્ત રાજાની દરબારમાં લઈ ગયો. બ્રહ્મદત્તે એમનો આદર-સત્તકાર કર્યો અને તે દાંતને પોતાના રાજ્યમાં ભારે સમારંભે વચ્ચે ફેરવી તેની આરાધનાં કરી, અને દંતની સ્થાપનાં રાજપુર (રાજ મહેંદ્રી) માં કરી, તે ઉપરથી આ જગ્યાને દંતપૂર એ નામ મળ્યું.

ઉપર મુજબ દંતપૂરમાં તે દાંત સ્થાપન કરતાં તેની પૂંજા ૮૦૦ વર્ષ સુધી વિઘ્ન-વિના ચાલી, પછી ગૂહસિંહ રાજાની કારકિ-રદીમાં તે બુદ્ધનું દેવળ કલિંગ રાજાના શિવ-ભકત પ્રજાને નહિ ગમવાથી તેઓએ આ હાડકાની પૂંજા કરવાની ગુહસેનને મનાઇ કરી, પણ ગુહસેને તેઓનાં કહેવા ઉપર લક્ષ નહિ આપતાં તેની પૂજા ચાલુ રાખી.

રાજા પોતાની હઠ છોડતો નથી એમ જોઈ સર્વ શૈવ પ્રજા કલિંગથી પાટલ પુત્ર (પાટણ) ના રાજા તરફ ગઇ. પાટલી પુત્રમાં તે વેળા પંડુ નામનો રાજા (પટકર્ણી વંશમાંનો) રાજ્ય કરતો હતો. તેણે શૈવોની અરજ સાંભળી ગૂહસેનને કેદ કરી લાવવા માટે ચૈતન્ય નામના સરદારને ચઢાઇ કરવા મોકલ્યો.

લશકરની કુમકથી, ચૈતન્યે કલિંગદેશમાં આવી ગૂહસેનને પકડી લઈ જનાર તેટલાં તે દાંત કેવોક છે તે જોવા માટે તેણે પેલા દાંતને મંગાવી અગ્નિમાં ફેંકી દીધો, પણ તેનો નાશ નહિ થતાં તેમાંથી અતિ સુંદર અને દેદિપ્યમાન એવાં સુવર્ણ કમલો ઉત્પન્ન થયાં; ફરી તેને નદીમાં ફેંકી દીધો પણ તે હેઠે નહિ ડુબતાં ઉપર તરવા લાગ્યો. આથી તેને પાણીમાંથી કાઢી ભાંજી નાખવા તેની ઉપર ભારે હથોડા વડે પ્રહાર કર્યા, પણ તેને જરાએ અલવલ પોંહચી નહિ, પણ સામા હથોડામાં ખાડા પડયા, એટલુંજ નહિ પણ દરેક ઘાએ તે હથોડામાં ખુંચી બેસતો, ત્યારે કોઇ ભાવિક બૌદ્ધ જો બુદ્ધનિ પ્રાર્થના કરતો તોજ તે પાછો માહેથી છુટો પડતો. આ મુજબની દાંતની અદભૂત શકિત જોઇ ચૈતન્ય તદન ચકિત થયો પણ રાજાજ્ઞાને માન આપવા થકી તે ગૂહસિંહ તથા દાંતને દર-બારમાં મ્હોટા સન્માન સાથે લઇ ગયો. ત્યાં પંડુરાજાએ પણ તેનાં ચમત્કાર જોઇ પોતાના રાજ્યમાં આ દાંતની સ્થાપના કરી શૈવ પ્રજાને પાછી મોકલી.

તે પછી પંડુરાજા જલ્દીજ મરણ પામતાં ગૂહસિંહે તે દાંતને પાટણથી દંતપૂરમાં આણી તેની ફરી સ્થાપના કરી. થોડા સમય પછી ઉત્તર તરફના એક રાજાને આ અજાયબીભર્યો દાંત પોતાના સ્વાધીનમાં લેવાની ઇચ્છા થવાથી તેણે મ્હોટા સૈન્ય

* બસવ પુરાણ, ચન્ન બસવ પુરાણ, બીજ લોકોન કાવ્ય અને મેડકકૃત ઇતિહાસીક કોશ.

સાથે ચઢાઇ કરી; પણ તે ખબર ગૂહસિંહને થતાં તેણે તે દાંત 'દંતકુમાર' નામના ઉજ્જયનના રાજકુમારને સોંપી કહ્યું કે 'સિંહલદ્વિપના મહાસેન' રાજાના સ્વાધિનમાં આ દાંત આપવો. તે પછી ગૂહસિંહ લઢવા તૈઆર થયો. દંતકુમારને ગૂહસિંહની 'બાણ-વલ્લી' ઉર્ફે 'હિમવલ્લી' નામની કન્યા આપી હતી. સસરાની આજ્ઞા થતાં દંતકુમાર બાણ-વલ્લી સાથે સિંહલદ્વિપ જવા માટે નિકળ્યો, પણ તેટલાં ગૂહસિંહ લઢાઇમાં માર્યો જતાં દંતકુમારે દુશમનના ભયથી પોતાનો વેશ બદલી તે આડે રસ્તે દાંત પોંહચાડવા લઇ ગયો.

હેમવલ્લી અને દંતકુમાર[1] એઓ છુપે વેશે સિંહલદ્વિપ જતા હતા તે વેળા તેઓ થોડા દિવસ કેનેરીના ગુફામાં છુપાઇ રહ્યા હતા. કારણકે કેનેરીના પર્વતમાંથી ઇ. સ. ૩૨૪ ના સાલનો તામ્રપટ જડ્યો છે, તેમાં, આ દાંત વિશેનો સર્વ ઇતિહાસ લખેલો છે, અને તેમાં જણાવવામાં આવેલું છે કે હેમ-વલ્લી અને દંતકુમારે કેનેરીના ડુંગરાઓમાં જગેજગ મુકામ કર્યો હતો.

દંતકુમારે સિંહલદ્વિપ જઇ પોંહચતાં મહા-સેનને દાંત સોંપ્યો અને હેમવલ્લીને લઇ તે ઉજ્જની પાછો ફર્યો. મહાસેને તે દાંતને અતિ માનથી ઇ. સ. ૩૧૦ માં અનુરાધા-પુરમાં (જે તેનું રાજધાની હતું) સ્થાપન કરી પછી થોડા વર્ષ બાદ એજ દાંતને શ્રી વર્ધનપૂર (કયાંડી) માં લઇ જઇ સ્થાપ-ન કર્યો હતો.

આગળ સિંહલદ્વિપમાં આ દાંતને ભારે સમારંભ વચ્ચે ફેરવતા હતા.[2] આ દાંતનો સમારંભ ઇ. સ. ૧૨૬૮ સુધી નિકળવા વિશેની નોંધ મળે છે, પણ તે પછીની તેની હકીકત તકરારી છે. કોઇ જણાવે છે કે ઇ. સ. ૧૫૬૧ માં પોરંગી લોકોએ કયાંડી શેહેરપર ચઢાઇ કરી ત્યારે તેમનો વડો સર-દાર 'દોનકોન્સતંતિ'નો હતો, તેણે આ બુતપરસ્તોનો દાંત ભાંજી નંખાવ્યો. કેટલાકો જણાવે છે કે પોરંગીઓએ જે દાંત ભાંજ્યો તે બનાવટી હતો, પણ ખરો દાંત તે પછી સિંહલના રાજાએ મેળવી તેની ફરી સ્થાપના કરી હતી. હાલમાં પણ આજ દાંતનો વાર્ષિક સમારંભ સિલોનમાં ભારે ધૂમધામ વચ્ચે પાળવામાં આવે છે.

આ દાંતની કથા ઇતિહાસિક તથા ધર્મ સંબંધથી બૌદ્ધ પ્રજામાં અતિ મહત્વની હોવાથી, દાંતની પેહેલી સ્થાપના વેળા ગૂહ-રાજ મહેંદ્રોને દંતપૂર એ નામ આપ્યું હતું; તેજ આગળ કાયમ રહી બૌદ્ધ ગ્રંથમાં રાજ મેહેંદ્રી અથવા રાજપૂરને દંતપૂર એ નામ આપ્યું. અને દંતપૂરનું થોડું રૂપાંતર થઇ ગ્રીશિયનોએ 'ઓદોંતો પોલિસ' (Odonto polis) એ નામ રાજમેહેંદ્રીને આપ્યું હતું.

દત્તાત્રેય—સ્વાયંભૂ મનવંતરમાંના અત્રિ ઋષિનાં ૩ પુત્રોમાંનો એક. સ્વરો ચિષ મનવંતરમાં જે સપ્તર્ષિ હતા તેમાંનો એ એક. એનો પુત્ર નિમિઋષિ.

એ વિષ્ણુનાં ૨૪ અવતારમાંનો એક છે. એણે યદુ રાજાને ગોદાવરીને કાંઠે જ્ઞાન સમ-જાવ્યું હતું. એક પ્રસંગે દત્તાત્રેયે પોતે જેને ગુરૂ માન્યા હતા તે સંબંધી કથા તે રાજાને કહી હતી.

૧—**પૃથ્વી.** ઉપકારથી સ્તુતિ ને અપકા-રથી નિંદા એ બે વિષે નિસ્પ્રૃહ હતા. પહા-ડનું અચળપણું ને વૃક્ષનું પરોપકારીપણું.

૨—**પવન.** સ્વાદાસ્વાદની સ્તુતિ નિંદા-નો ત્યાગ.

૩—**આકાશ.** એમાં સૂર્ય છે ને તેનો પ્રકાશ સર્વત્ર છે ને એ પ્રકાશ, સ્થાન નાશ થવાથી પાછો સૂર્યમાં મળે છે, ને કોઇનાં

1 Jour. Bombay. Branch. Roy. Asi. Vol. 11. No. 31.

૨ અદજુન્ટાનાં ગુફામાં થોડા, બળદ, બૌદ્ધ પ્રજાનો સમુદાય વગેરે કોતરકામો છે; અને તે દેખાવ બારીકાઈથી જોતાં તેમાં દાંતના સમા-રંભનો દેખાવ આપ્યો છે, એમ સેહેજમાં જણાશે. (જ. મુ. શા. રૉ. એ. સો. વ્હાલ્યૂમ ૧૧. નંબર ૩૧.)

પર પડવાથી તેના તેજમાં ઘટ થતી નથી, તેમ પરમાત્માની શક્તિ આકાશ પ્રમાણે સર્વમાં છે, ને જીવનાં મરવાથી તે શક્તિની હાની નહિ થતાં પોતાનાં તેજથી સદા પ્રકાશિતછે.

૪—**પાણી.** એ જેમ મોતી જેવું શુભ્ર છે ને જગતને શુધ્ધ કરે છે તેમ જ્ઞાનીએ શુધ્ધ રહી બીજાને ઉપદેશ કરી શુધ્ધ કરવા.

૫—**અગ્નિ.** એના પ્રમણે જ્ઞાનીએ જે કાંઇ મળે તે વાવરી નાંખી સંતોષ માની આપનારને આશિર્વાદ દઇ તેને તેના પાપથી મૂક્ત કરવો.

૬—**ચંદ્રમા.** એ તેજમાં વધે છે ને ઘટે છે; તોપણ પોતાને સ્વરૂપે તો છે. તેમ પરમાત્માનો પ્રકાશ અનેક યોનીમાં છતાં પોતે એક અલગ ને સ્વપ્રકાશિત છે.

૭—**સૂર્ય.** એ પાણી ચુસે છે ને પાછું આપે છે, તેમ જ્ઞાનીએ પોતાને જે મળે તેમાં લોભાઇ નહિ રહેતાં તે પાછું આપી દેવું. બિંબ પાણીમાં પડવાથી ઘણા સૂર્ય દેખાય છે પણ ખરૂં જોતાં એ ઘણા નથી તેમ પરમાતમાંનો પ્રકાશ સર્વમાં છતાં તે પોતે એકજ છે.

૮—**કબુતર.** એના પ્રમાણે જ્ઞાનીએ માયાનાં પાશમાં ન ફસવું.

૯—**અજગર.** એના જેવી સ્થિતિ જ્ઞાનીએ રાખવી. ભિક્ષાને માટે ભટકવું નહિ પણ પરમેશ્વર જે મે કલે તે ખાઇ પ્રસન્ન રહેવું.

૧૦—**સમુદ્ર.** એ વધતો નથી ને ઘટતોએ નથી, તેમ જ્ઞાનીએ લાભ હાનીથી હર્ષ શોક ન માનવો.

૧૧—**પતંગ** એની પેઠે જ્ઞાનીએ સ્ત્રી પુત્ર ધનના મોહમાં ન ફસવું, અને સ્ત્રી-સંગ ન કરવો.

૧૨—**મધમાખી.** એ મધ એકઠું કરેછે ને બીજાને માટે. અર્તાત જ્ઞાનીએ સંચય ન રાખતાં ભોજન જેટલું લેવું ને બાકીનું આપી દેવું.

૧૩—**હાથી.** પુરૂષ સ્ત્રીઅંગનો સ્પર્શ કરવાની લાલચથી બંધાઈ જાયછે. માટે યોગીએ સાચી સ્ત્રીનો તો શું પણ લાકડાની પુતળીનો પણ સ્પર્શ નહિ કરવો.

૧૪—**પારધી.** મધમાખી ઘણે શ્રમે મધપુડો બનાવે છે, પારધી સહેજમાં કહાડી લઈ જાય છે, માટે જ્ઞાનીએ પ્રયોજન જેટલું લાવી ખાવું.

૧૫—**હરણ.** એ જેમ રાગ સાંભળી ફસાય છે તેમ જ્ઞાનીએ સ્ત્રીનાં વચન સાંભળી તેને વશ ન થવું, ને તેનું ગાયન ન સાંભળવું.

૧૬—**માછલી.** એની પેઠે ખાવાની લલુતા ન રાખવી.

૧૭—**પિંગળા વેસ્યા.** એણે જેમ પોતાનો ધંધો મુકી હરિસ્મરણ કર્યું ને તે મૂકિત પામી, તેમ જ્ઞાનીએ કરવું કે મૂકિત મળે.

૧૮—**સમડી.** એ માંસનો કકડો લઇ જતી હતી, તેને બીજાએ જોઇને મારવા માંડી, ત્યારે તે કકડો તેણે નાખી દીધો. માયાનો ભો છે માટે જ્ઞાનીએ પોતાની પાસે કાંઇ રાખવું નહિ.

૧૯—**અજ્ઞાન બાળક.** કામાદિકને વશ નહિ રહેતાં એકલું વિરકત રહે છે, ને પોતાની રમતમાં પ્રસન્ન રહે છે તેમ જ્ઞાનીએ રહેવું.

૨૦—**કુમારી કન્યા.** એ એક દિવસ એકલી ઘરમાં છતાં પરોણા આવેલા તેમને સારૂં, તે ન જાણે તેમ એક ઓરડીમાં ચોખા ખાંડવા બેઠી. ખાંડતાં ચુડીઓ ખખડવા લાગી ત્યારે તે એક પછી એક એમ ફોડતી ગઇ, જ્યારે ૧ રહી ત્યારે તે ન ખખડી. તેમ જ્ઞાનીએ એખલાં રહી હરિ સ્મરણ કરવું.

૨૧—**તીર બનાવનારો.** એ તીર બનાવવાના ધ્યાનમાં છતાં ત્યાં રાજાની સ્વારી ગઇ તે તેણે જાણ્યું નહિ; માટે જ્ઞાનીએ સર્વ ઇંદ્રીયો વશ રાખી એક નારાયણનું જ ધ્યાન કરવું જોઇએ.

૨૨—**સાંપ.** એ પોતાને રહેવા માટે ઘર નહિ બનાવતાં ઉંદરનાં દરમાં રહે છે; તેમ

જ્ઞાનીએ પોતાને રહેવા માટે ઘર ન બનાવવું, ને જ્યાં રાત પડે ત્યાં રહેવું.

૨૩—**કરોળીયો** એ પોતાનાં મ્હોંડામાંથી તાર કાઢી પાછો ખાઇ જાય છે, તે પ્રમાણે પરમેશ્વરને જાણવો. કે એનાથી ચોરિયાસી લાખ યોનિ ઉત્પન્ન થઇ, અંત સમે જીવાત્મા તેમાં સમાઈ જાય છે. માટે જ્ઞાનીએ ઘટ ઘટ વ્યાપક ભગવાનનાં ધ્યાન સ્મરણમાં લીન રહેવું જોઇએ.

૨૪—**ભિંગારો** એ મટોડીનાં ઘર બાંધી તૈયાર કરે ને માહે પેસવાને કાણો રહેવા દેછે, પછી ઝરા વગેરે જીવડા લાવી તેને ડંખ મારી માહે મુકી પછી કાણું મટોડીથી પુરી લેછે ને પછી કેટલેક દિવસે ડંખના સ્મરણથી પેલા જીવડા ભિંગારી રૂપ થઇ રહે છે, તેમ જ્ઞાનીએ પણ પરમેશ્વરમાં એવું મન લગાડવું કે જેથી તેને સ્વરૂપેજ થઇ રહેવાય.

દતિઆ—આ દેશો રાજ્ય સૂર્યવંશી બુંદેલા જાતના રજપૂત રાજ્ય કર્તાને તાબે છે. એની ઇશાન્યે સંપથાર સંસ્થાન, દક્ષિણે ઝાંસીનો મુલક અને પશ્ચિમે સિંધુ નદી છે. રાજ્યનું ક્ષેત્રફળ ૮૨૦ ચૌરસ મૈલ હોઇ તેમાં ૧૮૦૦૦૦ ની વસ્તી છે. વાર્ષિક ઉપજ રૂ ૧૦૦૦૦૦૦ ની થાય છે. મુખ્ય નદી સિંધ વહે છે. દેશમાં ભાષા બુંદેલા બોલાય છે. આ રાજ્યનું પાયતખત શેહેર કિલ્લાવાલું છે ને ત્યાં મહારાજાનાં સુંદર મેહેલો છે. આ શેહેર ઝાંસીના રેલ્વે સ્ટેશનથી ઉત્તરે ૨૦ મૈલ ઉપર છે. રાજ્યમાં યૂદ્ધ સામગ્રી તરીકે ૭૦૦ સ્વાર, ૩૦૪૦ પ્યાદળ, ૯૭ તોપો અને ૧૬૦ ગોલંદાજો છે. અત્રેના રાજ્ય કર્તા તેહેરીના મહારાજાના કુટુંબી છે. હાલમાં રાજ્યકર્તા ભવાનીસિંહ મહારાજા છે. મહારાજાને બ્રિટીશ છાવણીમાં ૧૫ તોપ ફોડી માન આપવામાં આવે છે.

દંતુરા—જંગલમાં તથા કુંગર પર ચારે તરફ તાડનાં ઝાડ થાય છે તેનાં ફળોને તાડગોળા કહે છે. એ કુમળાં હોય ત્યારે તેને કાઢી ખાય છે, તે પછી તેને આશ્વિન કાર્તિક સુમારમાં ફણગા ફુટી એક લાંબા તરૂ થાય છે, તેની ઉપર સફેદ છાલ હોય છે તેનેજ દંતુરા કહે છે. દંતુરા બારીને તથા બુઝીને ખવાય છે. તે એવી રીતે કે તેના ઉપરની છાલ કાઢી નાખી માંહેલે। કુમળો ગર કાઢી ખાય છે. દંતુરા શેકાયા પછી જમીન ઉપર જોરથી અફાળ્યા હોય તો તેનો સ્વાદ કડવો થાય છે એવી લે કોની સમજ છે.

દધીચિ—સ્વાયંભૂ મન્વંતરમાંનો જે અથર્વણ ઋષિ તેનાં ૩ પુત્રમાંનો એક. એને 'દધ્યઙ્‌ાથર્વણ' પણ કહે છે.

વૃત્રાસુર વધ માટે એણે પોતાનાં હાડકાં ચાલુ મન્વંતરમાં ઇંદ્રને આપ્યાં હતાં, કારણ બ્રહ્મવિદ્યા સંબંધમાં એ ઇંદ્રનો શિષ્ય હતો, અને અશ્વનિકુમારનો ગુરૂ હતો.

એના માટે એવી કથા છે કે ઇંદ્રે એને બ્રહ્મવિદ્યા શિખવી કહ્યું કે "તું આ વિદ્યા કોઇને શિખવતો ના, ને જો શિખવશે તો તારૂં માથું કાપી નાખવામાં આવશે." જ્યારે અશ્વનીકુમાર એનો શિષ્ય થયો ત્યારે તેણે એની પાસે બ્રહ્મવિદ્યા શિખવાની ખાહેશ બતલાવી, પણ એણે ઇંદ્રની ચેતવણી આપેલી બીના જણાવવાથી અશ્વનીકુમારે કહ્યું કે તમારૂં હાલતું માથું કાપી ધડ ઉપર અશ્વનું માથું જડું છું, તે વડે તમો અમોને બ્રહ્મવિદ્યા શિખવો કે ઇંદ્ર તમારૂં માથું કાપતાં અમે તમારૂં અસલ માથું પાછું જોડશું. તે મુજબ દધિચીએ અશ્વનાં માથા વડે બ્રહ્મજ્ઞાન શિખવત ાં ઇંદ્રે તેનું માથું છેદ્યું, કે અશ્વનીએ અસલ માથું જોડ્યું હતું.

તે પછી વૃત્રાસુરે ઇંદ્ર સાથે લઢી તેને હરાવત ાં નારાયણના કહેવાથી તે દધીચિનાં હાડકાં માગવા આવ્યો, ઋષિએ કહ્યું કે "હું તપ કરતો બેસું એટલે એક ગાય પાસે મારૂં અંગ ચટાડજે એટલે માસ જતું રહેશે, પછી હાડકાં રહે તે લઇ જજે. ઇંદ્રે તેમ કર્યું, ને તે હાડકાં લઇ વિશ્વકર્માને આપ્યાં જેણે એક તેજસ્વી સુંદર વજ્ર બનાવી આપ્યું હતું.

દપસાંગ—આ પર્વત નાહના તિબેટનાં બલતીસ્તાનમાં કારાકોરમ તરફ હિમાલયની એક શાખામાંનો છે. ઉંચાઇ ૨૮૭૦૦ ફીટની છે.

દફ્ફન—કાશમિરમાં એના વૃક્ષ ઉગે છે. નેપાલમાં એમાંથી કાગળ બનાવે છે. ચીનાઇ કાગળનાં ઝાડમાંથી જેમ કાગળ બનાવે છે તેવી રીતે એમાંથી પણ બનાવે છે. ચીનમાં ઉત્તમ પ્રકારના લખવાનાં કાગળ બને છે પણ નેપાલમાં દફ્નના ઝાડમાંથી જે કાગળ બનાવે છે તે જાડું ને ખરબચડું હોય છે. ૧૮૫૧ નાં પ્રદક્ષણમાં એના કાગળના નમુના જાહેરમાં મેળવામાં આવ્યા હતા. હાલમાં એનાં ઝાડ શોભા ખાતર બગીચામાં ઉગાડવામાં આવે છે.

દફેદાર—ધોડેસ્વારની ફોજમાંનો એક નાહની પદ્ધિનો અમલદાર. દફેદારનો ઓદ્ધો પોલીસ ફોજમાં પણ ચાલુ છે.

દમ—(જુઓ હાફણ.)

દમડી—અગાઉ કર્નાટકમાં આ ત્રાંબાનો સિક્કો ચલણમાં હતો. ઉત્તર હિંદુસ્તાનમાં એ ૩½ દમડી અથવા ૩½ દામ અથવા ૨ થી ૩ ગંડાની એક દમડી થાય છે; યા ૮ થી ૧૨ કોડીની એક દમડી ગણાય છે. એક પાઇની બે દમડી થાય છે.

દમણ—ગુજરાત પ્રાંતમાં આવેલું પોર્તુગીજ શેહેર. મુંબઇની ઉત્તરે ૧૦૦ મૈલ ઉપર છે. એમાંજ 'નગર હવેલી' પ્રગણું સમાય છે, ને તેનું ક્ષેત્રફળ ૮૨ ચૌરસ મૈલ છે. તેમાં વસ્તી ૪૬૦૮૪ ની છે. દમણ જીલ્લાની ઉત્તરે ભગવા નદી, પૂર્વે બ્રિટીશ સરહદ, દક્ષિણે કાલમ નદી અને પશ્ચિમે ખંબાતનો અખાત.

૧૮૩૧ માં પોર્તુગીજોએ દમણ ઉપર હલ્લો કરી ત્યાં ત્રાસ વર્તાવ્યો હતો, પણ તે પછી ત્યાંના દેશીઓએ ફરી વસાવ્યું, પણ ૧૫૫૮ માં પોર્તુગીજોએ તે જીતી લીધું હતું અને ત્યારથી તેઓએ તેને 'હિંદ'માં પોતાનું જાથુકનું મથક બનાવ્યું છે. પોર્તુગીજોએ અત્રેની મસજીદને દેવળમાં ફેરવી નાખી બીજાં આઠ દેવળો બંધાવ્યાં હતાં.

મુખ્ય દમણનું ક્ષેત્રફળ ૨૨ ચૌરસ મૈલ હોઇ તેમાં ૨૯ ગામડાં છે; ને વસ્તી ૨૧૬૨૨ની છે; નગર હવેલી પ્રગણું પૂર્વમાં હોઈ તેનું ક્ષેત્રફળ ૬૦ ચૌરસ મૈલ છે, ને વસ્તી ૨૭૪૬૨ ની છે.

દમણમાં દમણ ગંગા નદી કાંઠે બે કિલ્લા છે. એક કિલ્લો પથ્થરનો ચોખુણાકાર હોઇ તેમાં ગવરનરનો મેહેલ, લશકરી બરાખ, ઇસ્પીતાલ, મ્યુનિસીપલ ઑફીસ, કોર્ટ, જેલ, બે ખ્રિસ્તી દેવળો ને તેની આસપાસની ચર ઉપર પૂલ છે. બીજો નાહાનો કિલ્લો સેંટ જે રૉમના માનાર્થે અર્પણ કરેલો હોઇ તેમાં ખ્રિસ્તી દેવળો છે. આ બેઉ કિલ્લા ઉપર પિત્તળ તથા લોઢાની તોપો ગોઠવેલી છે, પણ તે હાલમાં તદન રદ્દ હાલતમાં છે.

દમઝુલા—સિલોનમાં કેન્ડીની ઉત્તરે ૪૦ મૈલ ઉપર મેતિલામાંનું આ એક પુરાણું બુદ્ધિસ્તોનો પવિત્ર ગુફો છે. આ મંદીર પર્વતમાંથી કોતરી કાઢેલું છે; અને તેમાંની દુન્નરમંદી આ તરફના ટાપુમાં અત્યંત શ્રેષ્ટ ગણાય છે. આ મંદીરની ઇ. સ. પૂર્વ ૨૪૬ માં અશોકના મિત્ર 'દિવાન અપીયાતીસે' મહેંદ્ર રાજાની કૃપાથી સિલોનમાં બુદ્ધિસ્ત ધર્મ ફેલાવી મંદીરવાળો ગુફો બંધાવ્યો હતો. આ મંદીરના માહેલું છત તથા દેવાલ તહેંવાર રંગબેરંગી ચિતાર્યું છે. એમાં બૌદ્ધનાં કેટલાક પુતળા ૪૦ ફીટ ઉંચા છે, અને તે ઉપરાંત તેમાં બ્રાહ્મણ પંથના પણ પુતળા, હાથી અને વિચિત્ર મૂર્તિઓ છે. આ મંદીરને ઈ. સ. પૂર્વે ૮૬ થી વર્ષાસન સરકાર તરફથી મળતું આવ્યું છે, તે હજી ચાલુ મલ્યા કરે છે.

દમનાળ—'વૈદક જ્ઞાન' મુજબ "મ્હોડાના પાછલા ભાગ સાથે બે નળીઓ લાગેલી છે, તેમાંની આગલી જે ગળાં ઉપર હાથ મેળીઆથી જરા સખત લાગે છે અને જેને "નડી" કહિએ છિયે તે દમ લેવાની નળી છે. આ નળી મ્હોડામાંથી ફેફસાં સુધી જાય છે, અને તેના બે ભાગ કરવામાં આવ્યા છે.

ઉપલો ભાગ જે જીભનાં થડ આગળથી ગળાંની ધાંટીની સેહેજ નીચે સુધી આવેલો છે તેને કંઠનાળ અથવા 'અવાજ નળી' અથવા 'મનક' કહે છે. એ અંદરથી ત્રીકોણ આકારમાં છે અને તે ૯ કુમળાં હાડકાંની બનેલી છે. એમાંનું એક કુમળું હાડકું ફાચરના આકારમાં ધાંટી આગળ નિકળી આવેલું જણાય છે, જેને 'કંઠમણી' અથવા ધાંટીનો ટેકડો કહે છે. કંઠનાળની અંદરની બાંધણી એક વાજાંની પેટી જેવી છે, તેમાં પડ અને ઝીણી તાંત હોય છે તેને કંઠ દોરી કહે છે.

દમનળીની લંબાઇ સુમારે ૪ ઇંચની હોય છે. કરોડની ગરદનના પાચમાં મણકાથી પીઠના બીજા મણકા સુધી જઇ તેના બે વિભાગ થાય છે. ફુર્ચાની ચપટી કડીઓ સુમારે ૧૫ થી ૨૦ હોય છે, તે ઉપરા ઉપરી આવી શ્વાસનળી બને છે. પાછળ શ્વાસ નળીના ½ વ્યાસમાં આંકડીઓ પોંહચતી નથી, અર્થાત કડીઓ પૂર્ણગોળ હોતી નથી. પાછળની શ્વાસનળી અન્ન નળને વળગેલી છે. કડીઓ એક બીજા સાથે શ્વેત તંતૂથી બંધાય છે. પાછલા ભાગમાં સ્નાયુ હોય છે અને શ્વાસ નળીની અંદર શ્લેષ્મઆવરણ હોય છે.

દમયંતી—(૧) વિદર્ભ દેશના ભીમક રાજાની પુત્રી ને નળરાજાની સ્ત્રી. (૨) સૃંજય રાજાની કન્યા, પર્વત ઋષિની ભાણેજ નારદ ઋષિ તેની સ્ત્રી.

દમાવંદ—ઇરાક અજમી અને માજનદરાનની વચમાં અલબુર્જની એક ઉંચી ટોંચ. અત્રેનો ઉંચો રસ્તો તેહેરાનથી દમાવંદ અને 'અસ્ક' સુધી છે. દમાવંદમાં ઉષ્ણ ઉદકના કુંડ ગર્મ શેર પાસે ગર્મ આબમાં છે. એક અસ્કથી ૧૧૦ વાર ઉપર છે જે ૩૦×૨૦ ફીટ ઘેરાવામાં ને ૩ ફીટ ઉંડો છે. આ પાણીમાં ગંધક, લોહું, સોડા, મેંગેનિજનો ભેળ જણાય છે. બીજો ઉષ્ણ ઉદક કુંડ બે મૈલ ઉપર છે જે અતિ ઉષ્ણતા ધરાવે છે. આ પાણીમાં મેંગેનિજ, લોહું, ગંધક વધારે જથ્થામાં

રહે છે, અસ્ક પાસે એક થંડા પાણીનો ઝરો છે, જેમાં લોખંડનો પુશકળ અંશ છે. દમાવંદ તેહેરાનની નજદીક હોઈ પિરામિડ રોકો ઉંચો વધેલો છે, આ પર્વતની ઉંચાઇ ૨૧૫૨૦ ફીટની છે.

દમાસ્કસ—સિરીયાનું પાયતખત પશ્ચિમ એશિઆમાં મ્હોટું શેહેર ગણાય છે. એને ત્યાંના લોકો 'દમસ્કસશામ' અથવા 'અસશામ' કહે છે. આ શેહેર મેડીટરેનિયન ઉપર બયરૂતની પૂર્વે દક્ષિણ પૂર્વમાં ૭૦ મૈલ ઉપર છે. ૧૮૬૩–૬૪ થી અત્રે રેલ્વે શરૂ થઇ બધે જોડાઇ છે. આ શેહેર પશ્ચિમ બાજુનાં ૫૦૦ મૈલ ચૌરસ ઉંચા ભાગ ઉપર વસાયલું છે અને તે સમુદ્ર સપાટીથી ૨૨૬૦ ફીટ ઉપર છે. ૧૮૮૯ પછી અત્રે ટ્રેમવે ચાલુ કરવામાં આવી છે. લોક વસ્તી ૧૫૦૦૦૦ ની છે, જેમાં ૨૦,૦૦૦ ખ્રિસ્તીઓ, (૧૮૬૦ નાં જુલાઇમાં ખ્રિસ્તીઓની કતલ કરવામાં આવી હતી, તે આગમજ તેમની વસ્તી ૩૨૦૦૦ની હતી), ૬૦૦૦ યાહુદી ને બાકીના મોહમેદનો છે.

અત્રેનો કોટ પેહેલા સલીમના વખતમાં બંધાયલો જણાવવામાં આવે છે, અને તે આરબોએ ૬૨૦ માં બાંધેલા ભાગ ઉપરજ ઉભાર્યો હતો. ઉમઇયા ખાનદાનનાં ખલીફોનું દમાસ્કસ રહેવાનું મથક હતું. ઈ. સ. ૧૪૦૦ માં તૈમુરે દમાસ્કસની બારે ખરાબી કરી હતી. અત્રેના કોટને ૧૮ દરવાજા છે. તેમજ અત્રે સેંટ જૉન ધી બેપટિસ્ટનું મુખ્ય યાત્રા સ્થાન છે, જે ગંજાવર બાંધકામનો નમુનો છે. હિજરી સન ૮૬ માં ખલીફ વલીદે એને ફરી સમાર્યું હતું. જેના દરવાજા કાંસાની ધાતુનાં હોઇ તે ઉપર લેખો છે. મ્હોટા બજારમાં કારવાનના ઉતારાની જગ્યા છે તેમાં ૧૨૦૦ થી ૧૫૦૦ ઉંટો હોય છે. અત્રે ૪૦૦૦૦ જાત્રાળુઓ આવ્યા કરે છે.

દયરઅલકમર—સિરિયામાંનું આ શેહેર બયરૂતની દક્ષિણે દક્ષિણ પૂર્વમાં છે. આગળ એ કુસીસનું પાયતખત હતું. વસ્તી ૮૦૦૦ ની છે.

દયરેબિકાર—આ સુંદર શેહેર એશિયાટિક તુર્કસ્તાનમાં તાશ્ગ્રીસના જમણા કાંઠા ઉપર બગદાદની ઉત્તર પશ્ચિમે ૩૯૦ મૈલ ઉપર છે. આ શેહેર આસપાસ કોટ હોઇ બચાવતું બાંધકામ ખડક ઉપર બાંધેલું છે. વસ્તી ૪૦૦૦૦ ની છે.

દયાનંદ સરસ્વતી—વેદ ધર્મનો ફરી ઉદ્ધાર કરનાર આ બ્રાહ્મણ વિદ્વાનનો જન્મ સંવત ૧૮૮૧ માં મોરબી સંસ્થાનના એક ગામમાં થયો હતો. એ બચપણથી ચંચળ હોવાથી આઠ વર્ષની ઉમરમાં ધર્મશાસ્ત્રો ભણ્યો હતો. ૧૪ વર્ષની વયે એણે વધુ અભ્યાસ કરી નવા નવા ધર્મગ્રંથો વાંચી પોતાના અભ્યાસમાં ઘણો વધારો કર્યો પણ તે પછી ૪ વર્ષમાં એની એક પ્રિય બેહેન તથા કાકાના મોતથી એની પર ઉંડી અસર થઇ સંસાર ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો, પણ તેટલાં ૨૦ મે વર્ષે એને પરણાવવાનો એના માતપિતાએ વિચાર કરવાથી એ સંવત ૧૯૦૩ માં ઘેરથી નહાશી સાયલામાં લાલા ભકતના આશ્રયમાં જઇ ત્યાં સાધુ બન્યો. પણ ગામે ગામ ફરતાં સિદ્ધપૂર જઇ પોંહચ્યો. ત્યાં એના માતપિતાએ આવી એને ફરી ઘરે આવવાનો આગ્રહ કર્યો, આથી ત્યાંથી નહાશી વડોદરે જઇ બ્રહ્માનંદના મઠમાં રહી વિદ્યા અભ્યાસ કીધો; ને તે પછી અનેક ધાર્મિક સાધુઓના સહવાસમાં આવી પૂર્ણાનંદ સરસ્વતી પાસથી સન્યાસના દીક્ષા લીધી ને દયાનંદ સરસ્વતી નામ ધારણ કર્યું. સંવંત ૧૯૧૧માં ચંદીના જંગલમાં એકાંતવાસમાં રહી યોગ ક્રિયાઓના મહાવરો કરી દેશે દેશ ફરતો શ્રીનગર ગયો ને ત્યાંથી કાશી જઇ વેદ, ભાષ્ય, ન્યાય, ષડ દર્શન અને શંકરાચાર્યનાં ગ્રંથોનું અધ્યન કરી વેદ ધર્મ સ્થાપિત કરવાનો નિશ્ચય કર્યો. સ્વામીએ કાશીમાં રાજા જય કૃષ્ણના પ્રમુખપણા તળે ૯૦૦ પંડિતોની સભા સનમૂખ વિદ્વતાથી પૂરવાર કરી આપ્યું કે વેદમાં મૂર્તી પૂજા જણાવી નથી, આથી કેટલાક દુશ્મનોએ દયાનંદને વિષ પ્રયોગથી મારી નાખવાની કોશીસ કરી, પણ તેમાંથી બચ્યા ત્યારે કાનપૂરમાં ચોરીનું તોહમત મેળવ્યું પણ તેમાં નિર્દોશ ઠરી છુટી ગયા હતા. તે પછી હિંદુસ્તાનના જૂદા જૂદા મુખ્ય શેહેરોમાં ફરી પોતાનો મત સ્થાપન કરતાં જઇ ઉદેપૂર તથા જોધપૂરના રાજાને પોતાના ચેલા બનાવ્યા હતા. પણ એક રાજાને વેષ્યા સંગથી વારતાં તે વેષ્યાએ દગો કરી ભોજનમાં ઝેર ભેળી અવાડ્યું. આ વાત પોતે જણ્યા છતાં ભોજન ખાઇ સેહેજ માંદગી ભોગવી ૪૦ સ૰ ૧૮૮૩ માં ૩૦ મી અકટોંબરે અજમેરમાં મરણ પામ્યા હતા.

દયારામ—આ મહાન ગુજરાતી કવિનો જન્મ ઇ૰ સ૰ ૧૭૭૭ માં ચાણોદમાં થયો હતો, એ જાતે સાહોદરા નાગર બ્રાહ્મણ હતો. આ કવિનું નામ ગુજરાતી ભાષા જાણનારામાં અતિ લોક પ્રિય છે. એ ગુજરાતનાં પેહેલા વર્ગના કવિઓમાંનો એક છે. ૧૫–૧૬ વર્ષની વયે એના માતપિતા મરણ પામતાં એ પોતાના માશીના આશ્રયમાં જઇ રહ્યો પણ એનું વિદ્યા અભ્યાસ ઉપર લક્ષ નહિ હોઇ ભટકવાની આદત હોવાથી એની માશીએ ઠપકા આપવાથી એ કાશી તરફ નહાશી ગયો, ત્યાં એને લાવણી જોડી પોતાની કવિત્વ શક્તિનો પ્રથમ ખ્યાલ આપ્યો હતો. ત્યાંથી ચાણોદ પાછો ફરતાં માશી મરણ પામેલી જાણી ત્યાંજ થોડો વખત રહી ૩૫ વર્ષની ઉમર સુધી જૂદે જૂદે યાત્રા સ્થાને ત્રણ વેળા પગ રસ્તે મુસાફરી કરી વખત ગાળ્યો હતો. તે પછી એણે કવિતાઓ જોડવા માંડી તમામ ગુજરાતમાં પ્રસિદ્ધતા મેળવી ઇ. સ. ૧૮૫૨ ના ફેબ્રુવારી માસમાં ૯ મી તારીખે ૭૫ વર્ષની વયે મરણ પામ્યો હતો.

દયારામને લોકો તરફથી નાહની ભેટો મળતી તે ઉપર તે નિર્વાહ કરતો હતો, પણ કોઇની ખુશામત યા દરકાર જરાએ કરતો નહિ. એની શૃંગાર રસ કવિતામાં શૃંગાર રસ છડેછોક ખુલ્લો દર્શાવ્યો છે. દયારામની કવિતા તથા ગરબીઓ ગુજરાતમાં ઘરેઘર ગાય છે. શૃંગાર રસીક કવિતા શિવાય એણે નીતિ તથા વઇરાગ્યનાં સંખ્યાબંદ પદો રચેલાં છે. દયારામ ખરો વૈષ્ણુ હોવાથી કૃષ્ણુની લીલાનું વર્ણુન તદન ખુલ્લું કર્યું છે.

દરબન્દ—આ બંદર શેહેર રશિઅન દાગિસ્તાન જીલ્લાનું પાયતખત કહેવાય છે. આ શેહેર કાસ્પિયનનાં પશ્ચિમ કિનારા ઉપર, બાકુની ઉત્તર પશ્ચિમે ૧૪૦ મૈલ ઉપર છે. અત્રે આગલા ખાનોનાં મેહેલો રૈાનકદાર છે, કે જ્યાં હાલમાં રશિયન ગવરનર વસે છે. લોક વસ્તી ૧૪૭૫૦ ની છે.

દરબી—દરબીશાયરનું મુખ્ય શેહેર લીવરપૂલની દક્ષિણ પૂર્વે ૯૨ મૈલ ઉપર અને લંડનની ઉત્તરે ઉત્તર પશ્ચિમમાં ૧૨૯ મૈલ ઉપર છે. એડવર્ડ ધી કનફેશરના અમલમાં આ એક પાદશાહી પદ ગણાતું હતું. ૧૬૩૮માં પ્રથમ આ શેહેર લૉર્ડ મેયરના તાબામાં ગેલાયું. ૧૨૯૫ પછી અત્રેથી પાર્લામેંટમાં બે પ્રતિનિધી મોકલવાનો હક મળ્યો હતો. આલ સેન્ટેસનો ગિનારો (૧૫૦૨–૨૭) જોવાજોગ બાંધકામ છે. તેની ઉંચાઇ ૧૭૫ ફીટની છે. અત્રેનો ટાઉન હૉલ ૧૮૬૬ માં બાંધવામાં આવ્યો હતો. તેમજ મ્યૂઝીયમ, ફ્રિ લાયબ્રેરી અને આર્ટગેલેરી જોવાજોગ છે. મિડલેંડ રેલ્વે કંપનીનું ડરબી મુખ્ય મથક છે; જ્યાંના કારખાનામાં ૫૦૦૦ કામદારો કામ કરે છે. અતરે રેસમ, ૩, લેસ, લોહું, શિસું, પોર્સલીન, માર્બલ, રંગ અને રસાયન પદાર્થ બનાવવાનું ગંજાવર કારખાનું હતું, અને હાલમાં દરબી ક્રાઉન પોરસેલિન કુંપનીએ પોતાના આ ઉદ્યોગમાં મ્હોટો વધારો કર્યો છે. નવલકથા રચનાર રિચર્ડસન, હર્બર્ટ સ્પેનસર વગેરે અત્રેના વતની હતા. ૧૮૮૧ માં વસ્તી ૩૨૭૪૧ ની ને ૧૮૯૧ માં ૯૪૧૪૬ ની હતી.

દરબીશાયર—આ ઈંગલંડનો એક ભૂમધ્ય દેશ યૉર્કશાયર, લેંકેસ્ટરશાયર, નૉટિંગ હેમ અને સ્ટેફોર્ડશાયરની વચ્ચે છે. એ ૫૬ મૈલ લાંબુ ને વધુમાં વધુ ૩૪ મૈલ પોહળું છે, અને ક્ષેત્રફળ ૧૦૨૯ ચૌરસ મૈલ અથવા ૬૫૮૬૨૪ એકર છે. ૧૮૦૮ માં વસ્તી ૧૬૧૫૬૭ ની, ૧૮૪૧ માં ૨૭૨૨૦૨ ની ને હાલમાં ૫૨૦૬૧૪ ની છે. ૧૮૮૫ પછી દરબીશાયર તરફથી ૯ પ્રતિનિધીઓ પાર્લામેંટમાં બીરાજે છે. બે દરબી શેહેર માટે અને ૭ તેમાંના જૂદા જૂદા ભાગો તરફથી. એના પૂર્વ ભાગમાં કોલસાનો બોહોળો વેપાર ચાલે છે; તેમજ શિસું, ત્રાંબુ, જીપસમ, કુંભારકામ, માર્બલ, અલાબાસ્ટર વગેરેનો ઉદ્યોગ હુન્નર બોહોળો ચાલુ છે. આ દેશ તેના વેપાર ઉદ્યોગ ઉપરાંત દેશના ક્ષેત્રફળનો સેંકડે ૭૮ ટકા ભાગ ખેતીવાડીથી આબાદ છે.

દરભંગા—બિહાર પ્રાંતમાં અને પટનાના ભાગમાંનો જીલ્લો. એની ઉત્તરે નેપાલ, પૂર્વ ઉત્તર ભાગલપૂર, દક્ષિણે મોંગીર, ગંગા અને પશ્ચિમે મુજફરપૂર જીલ્લો. દરભંગા જીલ્લો ૬૬ મૈલ લાંબો હોઇ તેનું ક્ષેત્રફળ ૩૬૬૫ ચૌરસ મૈલ છે. લોક વસ્તી ૧૮૭૧ માં ૨૧૩૬૨૯૮ ની ને ૧૮૮૧ માં ૨૬૩૩૪૪૭ ની હતી. જીલ્લામાં ૬૩૫૯ ગામડાં તથા શેહેરો છે. વસ્તીમાં ૧૨૯૫૭૮૮ પુરૂષો અને ૧૩૩૭૬૫૯ સ્ત્રીઓ છે. દરભંગામાંનાં ૬ શેહેરોમાંના દરેકમાં ૫૦૦૦ ઉપર વસ્તી છે. ખુદ દરભંગા શેહેરમાં ૬૫૯૫૫ ની, મધૂબનીમાં ૧૧૯૧૧, રૂસેરામાં ૧૧૫૭૮ ની, બીશનપૂરભેરામાં ૫૯૬૩ ની, સુલતાનપૂરમાં ૫૮૬૦ ની અને મધુપૂરમાં ૫૦૮૪ ની છે.

મુખ્ય ખેતી ચોખા, રાઇ, ગુળી, તંબાકું, કઠોળ અને કંદની કરવામાં આવે છે. વાર્ષિક મેહેસુલ ૧૬૭૨૭૮ પૌંડની ઉપજે છે. અત્રેની આબોહવા સુખદાયક છે. વર્સાદ ૫૦ ઇંચ વર્સે છે.

દરભંગા—ઉપલા જીલ્લાનું મુખ્ય શેહેર. ભાગમતિ નદીના ડાબા કાંઠા ઉપર પટનાની ઉત્તર પૂર્વે રેલ માર્ગે ૭૮ મૈલ ઉપર છે. લોક વસ્તી ૬૫૯૫૫ ની હોઇ તેમાં ૩૩૬૩૩ પુરૂષો અને ૩૨૩૨૨ સ્ત્રીઓ છે. તેમાં ૪૮૨૭૬ હિંદુ અને ૧૭૫૬૬ મોહમે-

દન છે. શેહેર ૩૮૪૦ એકર ઉપર વસાયલું છે. અત્રેની મ્યૂનીનિસીપાલેટીની દર સાલ ઉપજ ૩૭૬૦ પૌંડની ઉપજે છે.

આગળ આ શેહેરમાં મુસલમાનોનું મથક હતું અને તેનું નામ 'દરભંગીખાન' ઉપરથી પડયું હતું,—ત્યારે કેટલાક તવારીખનવેશો દરભંગા નામ 'દયરે બંગાલ' (બંગાલનો દરવાજો) ઉપરથી અપભ્રંશ બની ચાલુ પ્રચારમાં આવેલો જણાવે છે.

અત્રેથી તીરહૂટ સ્ટેટ રેલ્વે પસાર થાયછે. અત્રેનો નિકાશ વેપાર ઘી, તેલીબિયાં અને ઇમારતી લાકડાનો ચાલે છે ને આયાત વેપાર ધાન્ય, મીઠું, ગુણી, ચુનો તથા લોઢાનો ચાલુ છે.

૧૭૬૨ થી આ શેહેર દરભંગાના મહારાજાનું રેહવાનું પાયતખ્ત બન્યું છે. આગલા તિરહૂટના રાજાના વખતમાં ધર્મ ઉપાધ્યાના વંશમાંના અત્રેના રાજા મહેશ ઠાકોરના વંશજ છે. જ્યારે તિરહૂટ ઉપર મોહમેદનોની સત્તા સ્થાપન થઇ ત્યારે દરભંગાના મહેશ ઠાકોરે દિલ્લીપત્તિ અકબરની દરબારમાં જઇ દરભંગાના રાજા તરીકેનું પદ મેળવ્યું હતું, પણ રાજાનો ખેતાબ રઘુસિંગના સમય સુધી (ઇ.સ. ૧૭૦૦) ચાલુ વપરાસમાં આવ્યો નહોતો. આગળ અત્રેના રાજા મધૂબની પાસે નેભાવારામાં રહેતા હતા કે, જ્યાંનો મટોડીનો કિલ્લો હજી ખંડીયર હાલતમાં નજરે પડે છે. ૧૭૭૬માં મધૂસીંગે રાજા તરીકેનો ખેતાબ ધારણ કરી બ્રીટીશ સરકાર સાથે સંબંધમાં આવ્યો. આ રાજાના અમલમાં દરભંગાના અનેક ભાગલા થયા હતા. આ રાજા ૧૮૦૮માં મરણ પામતાં તેનો પુત્ર ચતૂરસિંગ ૧૮૩૯ સુધી રાજ્યપદ ભોગવી ગયો. આ રાજાએ મહારાજાનું પદ મેલવ્યું હતું, તેના પછી રૂદારસિંગ ગાદીનશીન થયા જે ૧૮૫૦માં મરણ પામ્યા. તેનો પુત્ર મહેશ્વર ૧૮૬૦ માં મરણ પામ્યા. જેના પુત્ર 'લક્ષ્મીશ્વર' ગાદીનશીન થયા જે હાલના મહારાજા છે,

દરવિશ—હિંદુસ્તાનમાં મુસલમાનોનો એક ફકીરી વર્ગ, એઓમાં ૧૨ તડાં છેઃ—રાફી, સાદી, શેહેરવર્દિ, શીબાની, મૈાલવી, કાદીરી, નક્ષબન્દી, વયશી, જલવાતી, કલવાતી, બદવાતી, અને દાસૂકી. આ ૧૨ તડાંમાં અનેક શાખાઓ છે. યૂરપીયન તુર્કસ્તાનમાં દરવિશ ટોળીની ૬૦ શાખા છે. ત્યાંના કેટલાક દરવિશ ટોળાઓ મોહમદી ધર્મ જેમ પાળતા નથી તેમ તેઓ પેગંબરને પણ માનતા નથી, છતાં પોતામાં એક સુફી રૂઢીએ ચાલી 'અલી'ને પૂજ્ય માને છે. બગદાદમાં તાઇગ્રીસને કાંઠે તેઓનો એક તકીયો યાને મથક પશ્ચિમ ભાગમાં છે. તુર્કસ્તાનમાં રાફી દરવિશોની મ્હોટી વસ્તી છે.

દરાજ—આ એક ચેપી રોગ છે. દરાજ ચોકસ પ્રકારની વનસ્પતિની ફીડને લીધે થાય છે. આ રોગ પ્રથમ થોડા ભાગમાં ફેલાઇ વધારે ફેલાવા માંડે છે.

એ કોઇ વાર ગોળ ચકરાવામાં તો કોઇ વેળા પટા રોકો ફેલાય છે. તે પોતાની કોરથી ફેલાતો જઇ વચમાંની ચામડી સારી થતી જાય છે. એ શરૂઆતમાં રંગે લાલ ને પછી કાળો પડે છે, કેટલાકને એ તમામ શરીર ઉપર થાય છે. એમાંથી રકત પણ વહે છે. એ જ્યાં થઈ હોય ત્યાં ખજ બહુ લાગે છે જે ધવડયા પછી અગન ઉઠે છે. માથાનાં બાલમાં દરાજ થતાં તેને 'ઉંદરી' કહે છે. તેને લીધે સફેદ ખોરો નિકળે છે, અને માથામાં સફેદ ગોળ ડાઘા પડે છે ને ત્યાંના બાલ ટુંકા થાય છે યા ખરી પડે છે.

જ્યાં દરાજ થઇ હોય તે જગાને ધોઇ સાફ રાખવી. માથા ઉપર હોયતો બાલ કાઢી નાખવાં અને પછી ફીડ મરી જાય તેવા ઉપાય કરવા. સલ્ફ્યૂરિક ઍસિડનું લોશન, ક્રિયાસોટ અથવા કારબોલિક ઍસિડનું લોશન અથવા તો રસકપુરનું લોશન ચોપડવું.

કેટલાકો એની ઉપર 'ગજકરણના છોડનાં પાંદડા (ગુલબગલીનો) રસ કાઢીને ચોપડે છે. કેટલીક વેળા ચાલુ ખાટાં લીંબુ ઘસીયાથી

પણ આરામ થાય છે. તે ઉપરાંત દરાજ માટે તરહેવાર ભૂકી તથા મલમો બનાવવામાં આવે છે.

દરિયાએનૂર—યાને રોશનીનો સમુદ્ર. આ જગ પ્રસિધ્ધ હીરો હાલનાં ઇરાનના શાહને હસ્તક છે. આ હીરો દોહડ ઇંચ લાંબો અને ૧ ઇંચ પહોળો તથા એક ઇંચના ત્રણ અષ્ટમાંસ ઇંચ જેટલો જાડો છે. તેની એક બાજુએ ફતેહઅલી શાહનું નામ કોતરવામાં આવેલું હોવાથી તેની કિમતમાં બહુ ઘટાડો થએલો છે.

આ હીરાનું આબ અથવા ઝલકાટ ઘણો નથી; તોપણ તેની તવારીખ ઘણી જાણવા જોગ છે. ઇરાનની તવારીખ મુજબ 'રોશનીનો સમુદ્ર= દરયાએનૂર અને રોશનીનો પહાડ= કોહેનૂર', એવે નામના બે હીરા ઇ. સ. પૂર્વે ૩૦૦૦ માં પ્રસિધ્ધતા પામેલા તુરાની પાદશાહ અફરાશિઆબની તલવારમાં જણાયા હતા. આ હીરાઓને જેહાં પહેલવાન રૂસ્તમે તલવાર સાથે અફરાશિયાબના હાથથી છીનવી લીધા હતા, જે પછી તે ઇરાનના પાદશાહી તાજમાં જડવામાં આવ્યા હતા. પણ તૈમૂરે ઇરાનના શાહના તાજમાંથી છિનવી લીધા હતા, પણ તે પાછળથી દિલ્લી પતિ મહમુદશાહને હાથ ગયા હતા. પણ નાદીરશાહે પોતાની હિંદની સ્વારી વેળા દરિયાએનૂરને પાછો મેળવ્યો જે હજી ઇરાનના શાહની પાસે રહેલો છે; પણ નાદીરશાહની કતલ પછી કોહીનૂર હીરો અહમદશાહ અબદાલીને મલ્યો જેની પાસથી શાહ શુજાને હાથ ગયો ને છેલ્લે રણજીતસીંગને હાથ ગયો હતો. (જુઓ કોહીનૂર.)

દરૂન—અથવા દ્રઓન.* એક જાતની પવિત્ર રોટી, જે ધર્મની ક્રિયામાં વાપરવામાં આવે છે, તે ખ્રિસ્તીઓની consecrated bread ને મળતી આવે છે. ઇજશને, વંદીદાદ અને બાજની ક્રિયામાં એની હાજરી અવશ્યની છે, આકાશી ગોળાઓની માફક એનો આકર

* અવસ્તાનાં વિ૦ ના૦ ફરહંગ પૃષ્ઠ ૧૧૩ થી.

ગોળ હોય છે, એ દરૂનજંદે રવાનની એટલે જીવતાંઓનાં રવાનને લગતી તેમજ આનોશેરવાન એટલે ગુજર પામેલાંઓનાં રવાનને લગતીક્રિયામાં વાપરવામાં આવે છે. જુદા જુદા યજદોની નઇઅતે તેમજ અશો ફરોહરોની યાદમાં પણ એ ઇજવામાં આવે છે. એ ઘઉંના આટામાં થોડાક ઘી સાથે બનાવવામાં આવે છે. દરૂન ઉપર કેટલીક વાર નામ પાડવામાં આવે છે, એટલે કે તેનાં એક પડ ઉપર હુમત, હુખ્ત અને હવર્શત એ ત્રણ શબ્દો ત્રણ ત્રણ મરતબે બોલી ૯ કાપા પાડવામાં આવે છે. એવા નામ પાડેલા દરૂનને દરૂનનાં ખાસ નામથી ઓલખવામાં આવે છે, અને એવાં નામ વગરના દરૂનને 'ફ્રસ્ત' કહે છે.

ઇજશને, વંદીદાદની ક્રિયામાં એક દરૂન વાપડવામાં આવે છે; બાજની ક્રિયામાં જુદા જુદા યજદોને નામે ભણાતી બાજમાં ચાર દરૂન વપડાય છે, પણ સરોશની બાજમાં છ વપડાય છે, અરદાફરૂશની બાજમાં આંઠ વપડાય છે, જેમાં ૪ માંડીને ઇજવામાં આવે છે, અને ૪ અમથા રાખવામાં આવે છે, એ દરેક સંખ્યામાંથી અરધા નામનાં અને અરધા વગર નામના દરૂનો હોય છે.

દરેજ—આ ઇરાનવેજમાંની નદી અતિ પવિત્ર અને નદીઓની સરદાર ગણાય છે, તેનું કારણ એ છે કે એને કાંઠે પોઉરશસ્પનું મકાન હોઇ ત્યાં સ્પેન્તમાન જરતોસ્તનો જન્મ થયો હતો, તેમજ આ નદી કાંઠે જરતોસ્ત બંદગીમાં મશગુલ હતો તે વેળા અહૂરમજદ તરફથી બસારત થઈ દીન વિષેનાં ફરમાન મળ્યાં હતા. પ્રોફેસર દાર્મેસ્ટેટ આ નદીને હાલની 'દરદ' અથવા 'દર્ય' નદી તરીકે જણાવે છે, કે જે 'સેબિલાનાં' પર્વતમાંથી વહેતી 'અર્સ' (અવસ્તાની વધુદાઇતી નદી)માં પડે છે.

દલદા—બુદ્ધના કુતરાનો ડાબો દાંત, આ દાંતને સિંહલદ્વિપમાં દાટેલો છે. અને તેની ઉપર કબર ચણાવી છે આ 'કબરને બૌદ્ધ પ્રજા ભારે માન આપે છે.

દલપતરામ ડાહ્યાભાઈ સી. આઈ. ઈ.—આ વિદ્વાન કવિનો જન્મ સંવંત ૧૮૭૬ માં વઢવાણમાં થયો હતો. બચપણમાં પોતાના ગામની નિશાળમાં ટુંકવિધા અભ્યાસ સંપાદન કરી તે વેળાજ સામવેદનો પણ પૂર્ણ અભ્યાસ કર્યો હતો. બચપણથી દલપતરામને કાવ્ય બનાવવાનો ભારે શોખ હોવાથી ચૌદ વર્ષની ઉમરે "કમળલોચીની" અને "હિરાંદંતિ" નામે બે નાહની વાર્તાઓ દોહરા ચોપાઇમાં રચી હતી; પણ સંવંત ૧૮૯૦ માં મૂળી ગામમાં સ્વામિ નારાયણનાં ઉત્સવમાં ભાગ લેતાં ત્યાં સાધુ સંતોના સમાગમમાં આવતાં ઉપલી પ્યારની કાહાણી ફીસ્સાવાલી વાર્તા ફાડી નાખી નીતિપર કાવ્યો રચવાપર લક્ષ આપવા માંડયું હતું. સંવંત ૧૯૦૧ સુધીમાં રજવાડામાં દલપતરામ કવિ તરીકે સારી પ્રસિદ્ધતા પામ્યા હતા, આથી અમદાવાદ જઇ "સારસ્વત વ્યાકરણ અને "કુવલયાનંદ" નો અભ્યાસ કરી કવિ તરીકે સારી પ્રસિદ્ધતા મેળવી તેટલાં અમદાવાદનાં તે વેળાના ઍસિસ્ટંટ જડજ મી૦ એ. કે. ફારબસ સાથે ધાડી ઓળખાન થતાં આ વિદ્વાન ઇંગ્રેજ જ્યારે મહિકાંઠાના પોલિટીકલ એજંટ તરીકે નેમાયા તે વેળા દલપતરામને પોતાના 'હેડ કલાર્ક' નેમ્યા હતા. તેટલાં ગુજરાત વર્નાકયૂલર સોસાયટી નબળા પાયાપર આવતી જણાતાં તેના એક સેક્રેટરી તરીકે દલપતરામને નેમતાં આ સોસાયટી મારફતે અનેક ગ્રંથો પ્રગટ કરાવી બુદ્ધિ પ્રકાશ નામે જાણીતા માસીકની સ્થાપના કરી. તે પછી મી૦ એ. કે. ફાર્બસે રાસમાળાનું ઇંગ્રેજી પુસ્તક કવિવર દલપતરામનીજ મદદથી તૈયાર કર્યું હતું. તેમજ "કાવ્ય દોહન" નામે પ્રાચિન કવિઓની કવિતાનાં સંગ્રહનાં બે પુસ્તક કવિશ્વવર દલપતરામને ૩૧૫૦૦ ધનામનાં આપી રચાવી પ્રગટ કરાવ્યાં હતા. ઇ. સ. ૧૮૫૯માં કવિશ્વવર મુંબઇ તરફ જતાં ત્યાં જાહેરમાં માન પત્ર અને ૩ ૫૦૦ની ભેટ વિદ્વાન મંડળ તરફથી થઇ હતી. ગુજરાતી વાંચનમાળામાં ઘણીખરી આજ કવિશ્વવરે રચેલી કવિતાઓનો સમાસ કરવામાં આવ્યો છે. ઇ. સ. ૧૮૭૯માં કવિશ્વવર આંખે અપંગ થતાં પેનશન લઇ નોકરીથી દૂર થયા છતાં કવિતા બનાવવાનું કામ તો ચાલુજ રાખ્યું હતું. ઇ. સ. ૧૮૮૫ માં સી. આઈ. ઈ. નો માનવંત ખેતાબ મહારાણી વિકટોરીયા તરફથી એનાયત કરવામાં આવ્યો હતો. આ વિદ્વાન કવિની ઘણીખરી કવિતાઓ "દલપત કાવ્ય" માં સંગ્રહ કરેલો જોવામાં આવે છે. કવિ દલપતરામને કાવ્ય શક્તિની કદરશનાશીમાં જૂદા જૂદા રજવાડાઓ તરફથી સારાં ઇનામો આપવામાં આવ્યાં હતાં. તેમજ ભાવનગર, ઇડર, જુનાગઢ, વઢવાણ અને ઇલોલનાં રાજ્ય કર્તા તરફથી દલપતરામને ચાલુ વર્ષાન કવિત્વ શક્તિની કદરશનાશીમાં જીંદગી પર્યંત મલતાં હતા. એમનાં રચેલાં સંખ્યા બંદ ગ્રંથોમાં વેનચરિત્ર, કાવ્યદોહન, પુનર્વિવાહ પ્રબંધ, બાળવિવાહ નિબંધ, વિજ્યલક્ષ્મા અને હંસકાવ્ય શતક મુખ્ય છે. ઇ. સ. ૧૮૮૬માં એક ૩૧૨૦૦૦ નું જાહેરમાં ફંડ ઉભું કરી દલપતરામની કવિત્વ શક્તિની કદરશનાશી પ્રત્યે બક્ષેસ આપવામાં આવ્યા હતા. આ કવિનું મરણ ઇ. સ. ૧૮૯૮ માં નિપજ્યું હતું.

દલાકા—લાલ સમુદ્ર માંહેલો આ ગંજાવર ટાપુ એબિસિનીયાના કિનારાપર છે. અત્રે મોતી કાઢવાનો ઉદ્યોગ ચાલે છે.

દલાવાર—ઓહિઓમાં દલાવાર કૌન્ટીનું મુખ્ય શેહેર, કોલંબસની ઉત્તરે રેલ માર્ગે ૨૪ મૈલ ઉપર છે. અત્રે આટો તથા ઉનની મીલો છે. અત્રે ગંધકના ઝરા વહે છે. લોક વસ્તી ૮૨૨૪ ની છે.

દવનો શેવતી—આ ફુલઝાડની હાલ યૂરપમાં ૨૦૦ થી વધારે જાત જણાયલી છે. એની કેટલીક જાત કહણુ તો કેટલીક નાજુક હોય છે. એને ઉગાડવા માટે ભરપૂર ખાતર

વાલી શ્રેષ્ટ જાતની જમીન જોઇએ, તેમજ તેને પાણી પણ પુશકળ સિપવું જોઇએ.

થંડીની આખેરીમાં એની ઉપર ફુલો આવી ગયા પછી ફુલો આવેલાં ઝાડને થડમાંથી કાપી નાખે છે, અને પછી તેને જ્યાં દાટેલું હોય ત્યાંથી મૂળીયાં સુધાં ઉખેડી બધી માટોડી કાઢી પછી તેને છાયડાવાલી જમીનમાં રોપી ભરપૂર પાણી પાવું પડે છે. જુન માસની શરૂઆતમાં આ તખતામાંથી ઝાડો કાઢી કુંડામાં ખાતર સાથે માટોડી મિશ્ર કરી રોપવાં પડે છે અને પાણી ભરપૂર સીપવું પડે છે. એની ઉપર ફુલની કળી આવવા માંડતાં એને સહવાર સાંજ પુશકળ પાણી સિપવું ને દર ચોથે દિવસે છાણનું પ્રવાહિ ખાતર આપવાથી તેની પર મ્હોટાં ફુલો આવે છે. એના નવાં ઝાડ એની બાજુમાં ફુટતા કૂણુગા જૂદા પાડી રોપ્યાથી અને તેમનાં બી રોપ્યાથી તે જોરથી ઉગે છે.

દવાખાનુ—અથવા ઔષધાલય. દવાખાનાં ધર્મના અને નાણાં લઇ દવા આપવાના એવા બે પ્રકારનાં ચલાવવામાં આવે છે. ધર્માદા દવાખાના કેટલેક ઠેકાણે પ્રજા ઉધરાણાથી તો કેટલાક ખાસ સરકારી ખર્ચે ચલાવવામાં આવે છે. ગ્રેટબ્રિટનમાં અગાઉ દરેક ગામડામાં એક દવાખાનું રહેતું અને ત્યાંના લોકો દર અઠવાડિએ થોડી પેન્સ લવાજમ તરીકે તે દવાખાનાના ફંડમાં ભરતા અને લવાજમ ભરનારને ત્યાં જ્યારે કોઇ બેમાર થાય ત્યારે તેને આ દવાખાનામાંથી મુફત દવા મળતી. તખીબ સહવારમાં આવી બધાઓને દવા આપી બપોરે ગામમાં ફરવા નિકળતો અને જે જે તદન અશકત દર્દીઓ હોય તેમને જાતે જોઇ તપાસી દવા આપતો. આ દવાખાના તથા બીજી દવા દારૂનો ખર્ચ કોઇ આગેવાન શ્રીમંત ભોગવી લેતો. ૧૮૫૧ માં આયરલંડમાં ખાસ 'ડિસપેનસરી ઍકટ' પસાર થયા પછી દરેક ગામ તથા શેહેરમાં સરકાર તરફથી ખાસ ધર્માદા દવાખાના સ્થાપન થયાં હતાં.

બ્રિટનમાં પ્રથમ લંડન ખાતે રૉયલ જનરલ ડિસપેનસરી તથા આર્થોલોમિયો કલોઝ વગેરે દવાખાના ૪૦ સ૦ ૧૭૭૦ માં સ્થાપન થયાં હતાં, તે પછી દુનિયામાંના દરેક ભાગમાં આવા દવાખાના સ્થાપન થયાં હતાં.

દ્વાપર યૂગ—ચાર યૂગમાંનુ ત્રીજું, અને તેનો મૂર્તિમાન દેવતા. દેવમાન પ્રમાણે એનો કાલ ૨૪૦૦ વર્ષનો હોઈ મનુષ્ય માને ૮,૬૪,૦૦૦ વર્ષનો ગણાય છે.

દ્વારકા—દ્વારકા ૪ છે. એક ગોમતી દ્વારકા તે સ્માર્તની અને દ્વારકા ટાપુ વૈષ્ણુવોનો છે. તે શિવાય કોટીનાર એ મૂળની દ્વારકા છે એમ જણાવવામાં આવે છે. તેમજ દ્વારિકામાં પણ દ્વારિકાજીની મૂર્તિ છે, એ મળી ચાર દ્વારકા થઇ.

ગોમતી દ્વારિકામાં શંકરાચાર્યનું શારદા મઠ છે. ત્યાનું મંદીર વિશ્વકર્માએ બાંધેલું છે એમ કહે છે. અત્રે જે ગાયકવાડની ગાદી છે તેને 'ઉગ્રસેન'ની ગાદી કહે છે. મુસલમાનો સાથની મારામારી વેળા 'બોગાણા રજપૂત અત્રેના મંદિરમાંની મૂર્તિ ઉઠાવી ડાકોર લઇ ગયો જે પાછા આવીજ નથી, પણ તે પછી શાંતતા પંથરાતા શંકરાચાર્ય દ્વારકાના મંદિરમાં નવી મૂર્તિ ફરી સ્થાપન કરી હતી, ત્યાંજ શંકરાચાર્યની ગાદી છે. આ જોઇ વલ્લભાચાર્યના પુત્ર વિઠ્ઠલનાથજીએ જણાવ્યું કે "મને સ્વપનું આવ્યું તેમાં ફલાણા કુવામાં શ્રીકૃષ્ણની મૂર્તિ છે તેને સ્થાપન કરવી એવી આગાહી થઇ છે." આથી શોધ કરતાં તે મૂર્તિ મળી આવી, તેની સ્થાપના ગોમતિ દ્વારકાથી ૨૦ મૈલ ઉપરના દ્વારકા ટાપુમાં કરી. વલ્લભાચાર્યની રીત મુજબ પાંચ વખત પૂજાની વેળા એનાં દર્શન લઇ શકાય છે, બાકી આખો વખત મંદિરો બંધ રહે છે.

દ્વારકામાં શંખોદ્ધાર વગેરે અનેક તિર્થો હોઇ અનેક દેવમંદિરો છે. ત્યાં ભાટીઆ, લુઆણા, વૈષ્ણુવ વગેરે ઘણુકો જાય છે. ત્યાં ગોસ્વામિ મહારાજના શિષ્યોનો અધિકાર

ચાલે છે. વૈષ્ણવોના છપ્પન ભોગ વગેરે અત્રેજ કરવામાં આવે છે. આ દ્વારકા જતાં સમૂદ્ર કાંઠે 'આરમડે' નામે ગામમાં તપ્ત મૂદ્રા લેવાય છે. તેની પાસે ગોપી તલાવ નામે ગામ છે, ત્યાંની સર્વ ભૂમી ગોપીચંદનની છે અને તેમાં એક તલાવ પણ છે. ત્યાં મૂદ્રા છાપવાની ચાલ 'પિપાભગતે' શરૂ કરી હતી. અત્રે મીરાબાઇનું પણ મંદિર છે.

ગોમતિ દ્વારકાની ગોમતી નદી ખારા પાણીની હોઇ તે બંદર શેહેર છે. જે પ્રાંતમાં આ દ્વારકા છે તેને ઓખામંડળ કહે છે. દ્વારકા ખુશકી તથા સમુદ્ર માર્ગે જઈ શકાય છે. ખુશકી માર્ગે રાજકોટને રસ્તે જાય છે. સમુદ્ર માર્ગે જનારને પાંચ તિર્થોની સવળતા મળે છે. પાંચ તિર્થોમાં પેહેલું 'તુળશીશ્યામ' એ ગિર પર્વતમાં હોઇ ત્યાં મીઠા પાણીનાં ઉન્હા કુંડો છે. બીજું તિર્થ સોરઠી સોમનાથ, ત્રીજું પોરબંદર ઉર્ફ સુદામા પુરી, ચોથું માધવપૂર, અત્રેના મધુવનમાં શ્રી કૃષ્ણ તથા રૂકમિણીનો જે વિવાહ થયો હતો તેની મૂર્તિઓ છે, અને પાંચમું દ્વારકા ક્ષેત્ર.

દ્વિગુઢ—નાટયકળામાં દર્શાવ્યા મુજબ ચતુર પુરૂષને ગમતાં ગાયન યા કવિતા જેમાં છે અથવા જે સપ્ત સ્વર, રસ અને ભાવ યૂકત અને જેમાં ઉકિત તથા પ્રયુકિત છે એવું જે ગાયન તે.

દ્વિપ—હિંદુ ધાર્મિક દંતકથા મુજબ પૃથ્વી ગોળ હોઇ તેની આસપાસ ફરતો સમુદ્ર છે, અને તે સમુદ્રને ફરતી પાછી જમીન હોઇ તે જમીન આસપાસ સમુદ્ર છે. આ પૃથ્વીને ૭ દ્વિપમાં વેંહેંચેલી છે, વાયુપુરાણમાં તમામ પૃથ્વી અને સમુદ્રનો કુલે વિસ્તાર ૩૭૯૦૦૦૦૦ યોજન જેટલો જણાવવામાં આવ્યો છે. પણ પંતજલીના ટીકાકારે મધ્ય પૃથ્વીનો વિસ્તાર ૧ લાખ યોજન અને સાત સમુદ્ર અને સાત દ્વિપનો સામટો વિસ્તાર ૩૮૧૦૦૦૦૦ યોજન જણાવ્યો છે:

આ સાત દ્વિપનાં નામ નીચે પ્રમાણે છેઃ—

મત્સ્ય પુરાણ મુજબ.	વિષ્ણુ પુરાણ મુજબ.
જંબુદ્વિપ	જંબુ.
સાકદ્વિપ	પ્લક્ષ.
કુસાદ્વિપ	સાલમાલી.
ક્રૌન્ચદ્વિપ	કુસા.
સાલમાલીદ્વિપ	ક્રૌન્ચ.
ગોમેદદ્વિપ	સાકલ.
પુષ્કરદ્વિપ	પુષ્કર.

દ્વીપી—આ હિંસક પ્રાણી હિમાલય પર્વત તરફના જંગલોમાં જણાય છે, એને બરફનો ચિત્રો કહે છે. એ હિંદી ચિત્રોને મળતા પણ રંગે સફેદ હોય છે, એનો રંગ ઘેરો સફેદ હોઇ તે પર કાળા ટપકાં હોય છે. એને તીણા અને ખપ ન હોય ત્યારે પંજામાં ઘાલી દેવાય એવા નખ હોય છે. એની પિળી આંખ રાત્રે અંધારામાં જોવાની શકિત ધરાવે છે, અને જીભ ઉપર કઠણ કાંટા હોય છે, તે કાનસનું કામ બજાવે છે અને ચાટતાં ચાટતાં એ લોહી ચુસે છે. વળી એનું અંગ વાળે તેમ વળી શકે એવું નરમ હોવાથી તે ઘણે છેટે સુધી કુદકા મારી શકે છે.

દ્વૈતવન—આ અરણ્ય સરસ્વતિ નદી કાંઠે હોઇ એની પાસે 'મરૂધન્વ' દેશ છે. (ભારત શલ્ય૦ અધ્યાય ૩૭). પાંડવો હસ્તિનાપુરથી નિકળી આજ વનમાં પ્રથમ આવી વસ્યા હતા.

દશરથ—(૧) સૂર્યવંશીય ઇક્ષ્વાકુ કુલોત્પન્ન મુલક અને નારીકળચ રાજાનો પુત્ર. એનો દશરથ અથવા ઇડવિડ નામે પુત્ર હતો.

(૨) યદુ પુત્ર ક્રોષ્ટ, તેનાં જ્યામધ કુળમાંનો કુય વંશમાં જન્મેલો નવરથ રાજાનો પુત્ર. એનો શકુની નામે પુત્ર હતો.

(૩) સૂર્યવંશીય ઇક્ષ્વાકુ કુલોત્પન્ન રઘુ રાજાનો પૌત્ર અને 'અજ' રાજાનો પુત્ર. એનો રથ આઠે દિશાએ અને સ્વર્ગ તથા પાતાળમાં જઇ કશતો. એને આગ્નેય કોસલનું રાજ્ય મળતાં અયોધ્યામાં ઇંદ્ર પ્રમાણે રાજ્ય કરવા માંડયું હતું.

દશરથના અમલમાં ધૃષ્ટિ, જયંત, વિજય, સુરાષ્ટ, રાષ્ટ્રવર્ધન, અકોપ, ધર્મપાલ અને સુમંત્ર એવા રાજ્ય કારોબારી, તથા સલ્હાકારો અને અષ્ટ પ્રધાનો હોઇ વસિષ્ટ કુલગુરૂ હતો. બીજા એક વસિષ્ટ અને વામદેવ નામે મુખ્ય ઋત્વિજ હોઇ સુયજ્ઞ, જાબાલી કાશ્યપ, ગૌતમ, માર્કંડેય અને કાત્યાયન એ ૬ ઉપઋત્વિજ હતા. સુમંત્ર એ પ્રધાન હતો. તેમજ તે સારથીનું પણ કામ બજાવતો હતો.

દશરથની કૌસલ્યા, સુમિત્ર, અને કૈકયી એ ત્રણ મુખ્ય પટરાણીઓ હતી. છતાં લાંબા કાળ સુધી એને પુત્ર સંતતિ નહિ થવાથી વસિષ્ટ મુનીએ પુત્ર કામેષ્ટિ કરાવી. દશરથે સારા મુહૂર્ત ઉપર યજ્ઞનો આરંભ કરતાં અગ્નિ કુંડમાંથી પ્રજાપત્ય પુરૂષ ઉત્પન્ન થયો તેણે રાજાને 'પાયાસપાત્ર' આપતાં પોતાની ત્રણે સ્ત્રીઓને આપ્યું જેથી તેઓને ગર્ભ રહ્યો. પછી ઋષ્ય શૃંગાદિ ઋષિઓએ અપાર દક્ષણા આપી તેમને વિદાય કીધા.

કૌસલ્યા રાણીએ ચૈત્ર શુકલ નવમીને દિને મધ્યાન્હે રવિ, ભૌમ, શનિ, ગુરૂ, શુક્ર એ પાંચ ગ્રહ મેષ, મકર, તુલા, કર્ક અને મીન આ ઉંચ રાશિમાં હતા તે વેળા પુત્ર પ્રસવ્યો તે રામ હતો.

માન લગ્ને પુષ્ય નક્ષેત્રમાં કૈકયીએ ભરતનો જન્મ આપ્યો. કર્ક લગ્ને આશ્લેશાના નક્ષત્રમાં સુમિત્રાએ લક્ષ્મણ અને શત્રુઘ્ન એવા બે પુત્રોનો જન્મ આપ્યો.

દશરથ રાજા જ્યારે શુક્રાચાર્ય જોડે યૂદ્ધ કરવા રોકાયો હતો ત્યારે કૈકયી પણ જોડે ગઇ હતી. ત્યાં યૂદ્ધ પ્રસંગે રાજાના રથનો આંક ભાગી જવાથી કૈકયીએ યૂદ્ધ થતાં સુધી પોતાનો હાથ આંકને ઠેકાણે ભેરવી રાખ્યો હતો. આ ઉપરથી દશરથે પ્રસન્ન થઇ જ્યારે માગે ત્યારે બે વર આપવાનું વચન આપ્યું હતું. તે પ્રમાણે દશરથે રામને રાજ્યગાદી આપવાનું નક્કી કર્યું ત્યારે કૈકયીએ માગ્યું કે રામને ચૌદ વર્ષ વનવાસ ને ભરતને ગાદી આપવી. કૈકયીનાં આવાં વચન સાંભળી રાજા મૂર્છિત થયો, પણ એ વચનનો સાચો હોવાથી પોતાના જીવલગ પુત્ર રામને વનવાસ મોકલ્યો. રામ સાથે સિતા અને લક્ષ્મણ પણ ગયા હતા. તેમના જવાથી દશરથે પુત્ર શોકમાં રામનામ જપતાં પ્રાણ મેલ્યો હતો.

દશરથે એક પ્રસંગે શીકાર કરતાં શ્રવણ નામે બ્રાહ્મણને અજાણતાં મારી નાખ્યો. આથી તેના અંધ માતપિતાએ શ્રાપ આપ્યો કે તું પણ અમારા જેવાજ હાલે પુત્ર શોકથી મરણ પામશે. આ શ્રાપ સેવટે ફળ્યો હતો.

દશહરાવૃત—આ હિંદુઓનો તેહેવાર જેઠ વદ ૧૦ મે પડે છે. એની કથા એવી છે કે ગંગા નદી પેહેલાં સ્વર્ગમાં હતી અને પછી ત્યાંથી શિવની જટામાંથી અને ત્યાંથી હિમાલય ઉપર થઇ પૃથ્વી ઉપર વહેવા લાગી. આ ઉપલી મિતિએ ગંગા સ્વર્ગમાંથી નીચે આવી અને તે કારણથી તે દિવસે ગંગા સ્નાન કરી દાન કરવાનું ઘણું પુન્ય વર્ણવેલું છે. કાયિક, વાચિક અને માનસિક વગેરે દશ મનુષ્યથી થતાં ૧૦ જાતનાં પાપો ગંગાજી સ્નાનથી નાશ પામે છે. આથી તે નદીનો 'દશહરા'નું નામ આપ્યું છે. ઉપલે દિવસે ગંગાજી તથા ગવરી પૂજન કરવામાં આવે છે.

દશાર્ણ વિદિશા—પ્રાચીન કાળમાં આર્યવર્તની પ્રસિદ્ધતા પામેલી નદી, કાળીદાસે મેઘદૂતમાં 'મેઘ'ને ઉત્તરે જવાનો માર્ગ જણાવ્યો છે, તેમાં નર્મદા અને વિંધ્યા એમની બીજી તરફ 'દશાર્ણ' દેશ મળશે એમ કહેલું છે. તેની રાજ્યધાની વેત્રવતી નદીને કાંઠે વિદિશા નામે (મેઘદૂત શ્લોક ૨૪-૨૫) હતી. વેત્રવતી એ હાલમાં વિંધ્યા પર્વતથી નિકળી માળવા અને બુંદેલખંડમાંથી વહેતી જઇ ઇશાન્યે યમુનાને મળનારી 'બિટવા' જણાવી છે ત્યારે દશાર્ણ દેશ એ હાલનાં માળવાનો અને ઉજ્જની પ્રાંતનો ભાગ હતો. એના થકી એક બીજી શહાદત એ છે કે, હાલની 'દશાન' નામની એક નદી વેત્રવતીની પાસેથીજ પૂર્વ તરફથી વહેતી જઇ બિટવા

નદીને મળે છે. દશાન એ દશાર્ણા નામનો અપભ્રંશ છે. મત્સ્ય પુરાણમાં (અધ્યાય ૧૧૩)* ઋષ્યવાન પર્વતમાંથી નિકળેલી મંદાકિની, તમસા વગેરે નદી લખેલી છે તે એજ પ્રદેશમાંથી વહેતી હતી એમ સિદ્ધ કરી શકાય છે.

ત્યારે તેજ પર્વતમાંથી નિકળેલી દશાર્ણા એ હાલની દશાન નદી છે. દશાર્ણા એ નામ દશાર્ણ દેશ ઉપરથી પડયું હશે. રામાયણમાં કિષ્કિંધા કાંડમાં દક્ષિણ દેશ આવેલા છે તેમાં દશાર્ણા છે.

ભારતમાં દક્ષિણ ભણી દશાર્ણા દેશ છે એવો લેખ નથી. પૂર્વ અને પશ્ચિમ આ દિશામાં 'ભીમ' તથા 'નકુલ'ને દશાર્ણા દેશ જડયો હતો એમ વર્ણન છે.

હ્યુએનથસાંગના વર્ણનમાં કયે દશાર્ણ દેશ જડતો નથી. દશાર્ણ દેશની રાજધાની વિદિશા વેત્રવતિને કાંઠે હતી, એમ કાલિદાસે લખેલું ઉપર જણાવ્યું છે. બિટવા નદીને કાંઠે ભિલસા નામે શેહેર ભોપાવની ઇશાન્યે સુમારે ૩૦ મૈલ ઉપર છે; તે વિદિશા હશે. ત્યાંથી ઉત્તરે જતાં ઉજ્જયિની વાંકી છે એમ કાલિદાસ વર્ણે છે. ભિલસાથી ચંબલા તરફ જતાં ઉજ્જની ડાબી બાજુએ આવે છે. ભિલસાની ઉત્તરે વિદિશા સાથે આ મળતું આવે છે એવું એક શેહેર વેત્રવતિ કાંઠે નથી, જો છે એમ માનિએ તો ઉજ્જની તદન પાછળ રહેશે. ત્યારે "બાજુએ છે" એવું કાલિદાસનું વર્ણન મળતું આવતું નથી. ત્યારે ભિલસા એજ વિદિશા હશે, વિદિશા એ માલવા દેશમાં વેત્રવતીને કાંઠે હતી એવું કાદંબરીમાં વર્ણન મળે છે.

દશારા અપૂર્ણાંક—(જુઓ અપૂર્ણાંક.)

દસક્રોઇ—અમદાવાદ જીલ્લાનું મુખ્ય પ્રગણું. એની ઉત્તરે બરોદાનું રાજ્ય, પૂર્વે મહિકાંઠા, દક્ષિણે ખેરા અને પશ્ચિમે સાનન્દ તથા બરોદા છે. ક્ષેત્રફળ ૩૪૮ ચૌરસ મૈલ હોઇ તેમાં લોક વસ્તી ૨૭૧૫૬૩ ની છે. તેમાં ૧ શેહેર અને ૧૩૭ ગામો છે. વસ્તીમાં ૧૩૮૮૮૦ પુરૂષો અને ૧૩૨૬૮૩ સ્ત્રી છે. લોક વસ્તીમાં ૨૧૬૬૫૮ હિંદુ, ૩૨૮૨૪ મોહમેદન અને ૧૬૦૮૧ પરજાતની વસ્તી છે. ૨૦૨૬૩૩ એકર જમીનની મેહેસુલ ઉપજે છે. આ દેશમાં ૧૩૫૬૪૧ એકર જમીન ખેડવા લાયક પણ પડત તથા ૩૬૦૦૨ એકર તદન વેરાન છે. મુખ્ય ખેતી જુવાર, તંબાકુ, શેરડી, બાજરી, ચોખા અને રૂ ની કરવામાં આવે છે. કપાસ માટે ૧૩૪૪ એકર જમીન રોકાયલી છે. આ પ્રગણામાં પાંચ દિવાની ને દસ ફોજદારી કચેરીઓ છે,

* શ્રીરામ વનવાસે નિકળયા પછી ગંગા, યમુના સંગમ સાથે ભરદ્વાજાશ્રમ હતો ત્યાં આવ્યા. ઋષિએ કહ્યું અત્રેથી ૧૦ કોસ ઉપર આવેલા દક્ષિણ તરફ ચિત્રકુટ પર્વત છે ત્યાં જવો. (અયોધ્યા કાંડ સર્ગ ૫૪.) આ ઠેકાણે હાલનું ચિત્રકુટ છે. ચિત્રકુટ પાસે મંદાકિની નદી હતી. જે વિશે રામાયણમાં જગેજગ વર્ણન છે. રામ દક્ષિણે અત્રિ, શરભંગને આશ્રમે ગયા. ત્યાંથી દક્ષિણે સુતીક્ષણાશ્રમમાં જવાનો માર્ગ શરભંગાએ જણાવ્યો, તેમાં પણ મંદાકિનીનું વર્ણન છે. (અરણ્ય કાંડ સર્ગ ૫). તેમજ તમસા નામે નદી સામે વાલ્મિકનો આશ્રમ હતો, અને તે જાનહવિની સામે હતી. બાલકાંડ, સર્ગ ૨, શ્લોક ૪.) વાલ્મિકનો આશ્રમ ભાગીરથીની દક્ષિણે હતો એમ ઉત્તર કાંડમાં સર્ગ ૪૭—૪૮ ઉપરથી જણાય છે. લક્ષ્મણ અયોધ્યાથી સિતાને લઇ ગોમતી અને ભાગીરથી ઉતરી દક્ષિણે આવ્યો અને ત્યાં ભાગીરથીને દક્ષિણ કાંઠે વાલ્મિકના આશ્રમ પાસે છોડી, પાછો ફર્યો. આ ઉપરથી હાલનાં પ્રયાગની નીચે ૨૦ મૈલ ઉપર ગંગાની દક્ષિણે તાનસા નામે નદી મળે છે. તેજ એ તમસા હશે. (અયોધ્યાની દક્ષિણ નજદીકમાં તમસા નદી હતી તે જૂદી). આ તમસા રેવા પ્રાંતમાંના ડુંગરમાં ઉગમ પામી ઇશાન્ય તરફ વહેતી જઈ ભાગિરથીને મળે છે. ત્યારે હાલના રેવા પ્રાંતમાં તાનસા નદીના ઉગમણી આસપાસ જે પર્વત છે તેને ઋષ્યવાન એ નામ હતું એમ સિદ્ધ થાય છે.

આ વિવેચન ઉપરથી ચિત્રકુટ, ઋષ્યવાન, મંદાકિની, તમસા અને દશાર્ણા એટલા સ્થળોનો ખુલાસો થાય છે. (ભારતવર્ષીય ભુગોળ).

દસતાન—સ્ત્રી જાત જ્યારે યોગ્ય ઉમરે પોંહચે છે ત્યારે તેનાં શરીરનાં સર્વ ભાગ ખીલવા માંડી દસ્તાન પડવા માંડે છે. કેટલીક નબળા બાંધાની ઓરતોને ૧૧-૧૨ વર્ષ પછી ઋતુ પ્રાપ્ત થાય છે. ઋતુ પ્રાપ્તી શરૂ થયા પછી સુમારે ૩૦ વર્ષ સુધી સ્ત્રીને ઋતુકાળ રહે છે અને ૪૫ થી ૫૦ વર્ષની ઉમરે રજો દર્શન બંધ થાય છે. આ દસ્તાન સ્ત્રીની યોની માર્ગે દર માસે નિયમિત વહે છે અને તે ૩ થી ૬-૭ દિવસ વેર પડે છે. આ યોનિ માર્ગે સુમારે ૪થી ૬ ઔંસ કાળા રંગનું પ્રવાહી લોહી વહે છે.

કેટલીક સ્ત્રીનાં શરીરનો બાંધો એટલો નાહનો હોય છે કે ઉમર પ્રમાણે શરીર ઉછરતું નથી અને તેથી દસ્તાન પણ ઉત્પન્ન થતું નથી, એવી અવસ્તામાં તે રોગ ગણાતો નથી, પણ જ્યારે શરીર લાયકનું હોય છે અને જે ઉમરે તે આવવું જોઇએ તે ઉપરાંત કેટલીક મુદત ગુજરી જાય છે, તે પ્રસંગે બંધ રહેવાથી તનદરોસ્તીમાં બિગાડ કરી શરીરમાં રોગ ઉત્પન્ન કરે છે.

દર માસે સ્ત્રીઅંડમાં બીજ પરિપકવ થઈ ફુટે છે અને ફળવાહિનિ મારફતે ગર્ભાશયમાં આવી પોંહચે છે. આ વખતે ગર્ભાશય, સ્ત્રીઅંડ અને ફળ વાહિની એ સર્વે રકતથી ભરપૂર થાય છે, અને ગર્ભાશયમાંથી તેનો સ્રાવ થઇ તે બંધ પડે છે. દસ્તાન પડવાની બાબતમાં કેટલીકવાર અપવાદ આવી દરદ ઉત્પન્ન થાય છે, કોઇ વેળા ઋતુ ઓછો અથવા મોડો આવે છે, કોઇ વાર ઘણો આવે છે અને કોઈ વાર દુખ થઇને આવે છે.

કેટલીક વેળા થોડીક મુદત સુધી વખતસર દસ્તાન પડી પછી તે ધીમે ધીમે અથવા એકદમ બંધ થઇ જાય છે, અને પછી તેનો વખત વિતિ જાય છે, તોપણ જણાતું નથી. હમેલ રહેવા પછી અથવા ઘડપણમાં રકતસ્રાવ બંધ થઇ જાય છે ત્યારે રોગ જણાતો નથી, પણ જ્યારે તે સબબો વિના દર માસે દેખાતું નથી ત્યારે તે માઠી અસર કરે છે.

કેટલીક વેળા લાંબા દિવસો સુધી યા મહિનાં સુધી દસ્તાન જેવું પ્રવાહિ જારી રહે છે અથવા ઘડી ઘડી દેખાયા કરે છે તે ખરૂં દસ્તાન હોતું નથી, પણ બીજાં દર્દોથી ઉત્પન્ન થએલું લોહી અથવા રસી અથવા લાલ પાણી જેવું હોય છે. આ દસ્તાન જેવા પ્રવાહી પડવાનું કારણ કેટલીક વેળા ગર્ભસ્તાનનો અને કમળનો વરમ થવાથી, કમળ ઉપર ચાંદી પડવાથી તેની કોર ખવાઈ જવાથી, ગર્ભસ્તાનમાં કેટલીક જાતનાં દુઝતા મસા થવાથી અથવા બીજા રોગોને લીધે લાલ યા ફિક્કા રંગનું પાણી જેવું પ્રવાહી વહે છે. આવી રીતે પડતા પ્રવાહિથી માંહે દુઃખ થાય છે, જેનો ઉપાય અનુભવી તબીબ પાસેજ કરાવવો સલાહતી ભર્યું છે.

દસેરા—અથવા વિજયાદશમી. હિંદુઓનો આ તેહેવાર, આસોશુદ ૧૦ ને દિવસે પડે છે. આ દિવસ ઘરનું મુહૂર્ત કરે છે, તથા ઘેરબાના સ્થાનકમાંના દેવતાને વિસર્જન કરે છે, શમિપૂજન, સીમોલ્લધન ઇત્યાદી કૃત્યો કરે છે. વિજયા અને જયા નામની દેવી આદિની પૂજા કરેછે, શમિના વૃક્ષની ડાંખળી લઇ પ્રથમ પૂજન કરેછે. આ શમિ પૂજનનો મંત્ર નીચે મુજબ છેઃ—

શમી શમયતે પાપં શમી લોહિત કટકા,
ધરિ ત્યર્જનબાણાઞ્ચાં રામસ્ય પ્રિય વાદિની.
કરિષ્યમાણ યાત્રાયાં યથા કાલં સુખ મયા,
તત્ર નિર્વિઘ્નકર્ત્રી ત્વંમય શ્રીરામ પૂજીતે.

શમિ પૂજન થતાં તે વૃક્ષનાં પાંદડાને લુટી પોતાનાં શિરછત્રમાં રાખે છે, અને એકમેકને તે સોનું કહી આપે છે. આ દિવસે કર્જદાર સાહુકારને ત્યાં જઈ થોડું ઘણું કર્જ ભરે છે, ખેડુત પોતાના ધણીને ધાન્ય આપે છે.

આ દિવસે રાજાએ શત્રૂની મૂર્તિ કરી તેને શસ્ત્ર વડે છેદવી. પ્રાકૃત જન શમિ વૃક્ષની ડાંખલી તોડી લાવે છે. શમિવૃક્ષનાં મૂળીયાં પાસેની ભિની મૃતિકા અક્ષત સાથે લઇ તેને વાજતે ગાજતે પોતાના ઘેર આણે છે. મહાભારતનાં વિરાટ પર્વમાં લખ્યું છે કે

"આ દિવસે અર્જુને સમડીનાં વૃક્ષ ઉપર સંતાડેલાં હથિયારો ઉતારીને દુર્યોધનના લશ્કરને હરાવ્યું હતું, અને ચોરાઇ ગએલી ગાયોને પાછી વાળી લાવ્યો હતો." વળી રામચંદ્રજીએ રાવણ ઉપર એજ દિને ચઢાઇ કરી હતી તેથી તેને વિજયાદશમીનું નામ મળ્યું છે. આ ઉપરથી અગાઉ હિંદુ રાજપતિઓ એ દિવસે દુશમન ઉપર ચઢાઇ લઇ જતા હતા.

દસેરા ડા ઉત્તમ મુહૂર્તવાલો છે. આ દિવસે પરદેશ જવાનું પ્રથમ ઠેડવે છે, તેમજ છોકરાંને પ્રથમ નિશાળે બેસાડે છે. આ દશમીએ દુર્વા દેવીએ મહિસાસુરનો વધ કર્યો, તેથી કેટલાક દેશમાં ગામના બેતર બાહેર યા સિમાપર પાડો મારવાનો ચાલ છે. વડોદરા શેહેર બાહેર એ દિવસે એક પાડાનો વધ કરવામાં આવે છે. અને તેનું લોહી સરકારી રેસાલાનાં ઘોડાપર છાંટે છે. બીજા કેટલાક સંસ્થાનોમાં એવો રેવાજ છે કે પાડા ઉપર પ્રથમ રાજા ઘા કરે છે, પછી તેનો સીપાઇ અને બીજાઓ તે પછી હુમલો કરી કટકે કટકા કરે છે.

બંગાલમાં નવરાત્રીમાં દુર્ગા પૂજા અતિ ભારે ધામધૂમથી પાળે છે. તેઓ પણ દેવીને બકરાંઓ બળી આપે છે. દશભૂજ દેવીની મૂર્તિ બનાવી ૯ દિવસ તેને પૂજે છે અને દસમે દિવસે તેને પાણીમાં વિસર્જન કરે છે.

દક્ષ—સ્વાયંભૂ મનવંતરમાં જે બ્રહ્માએ દસ માનસપૂત્ર ઉત્પન્ન કર્યા તેમાંનો એક. એ બ્રહ્માના જમણા પગના અંગુઠામાંથી ઉત્પન્ન થયો હતો, અને એ સંપૂર્ણ પ્રજાપતિનો અધિપતિ હતો. સ્વાયંભૂ મનુએ પોતાની ત્રણ કન્યામાંથી 'પ્રસૂતિ'ને એની સાથે પરણાવી હતી. તેથી એને શ્રદ્ધા, મૈત્રી, દયા, શાંતિ, તૃષ્ટી, પૃષ્ટી, ક્રિયા, ઉન્નતી, બુદ્ધિ, મેધા, તિતિક્ષા, હ્રી, મૂર્તિ, સ્વારા, સ્વધા અને સતી એવી ૧૬ કન્યા થઈ હતી. શ્રદ્ધાથી મૂર્તિ સુધી ક્રમે રહેલી ૧૩ કન્યાને ધર્મઋષિને આપી, બાકીની રહેલી ત્રણમાંની સ્વાહા અગ્નિને, પિતરોને સ્વધા અને શિવને સતી સાથે પરણાવ્યા. એક સમે બ્રહ્માને ત્યાં દેવઋષિઓની સભા ભરાઇ હતી, ત્યાં શિવ પણ આવ્યા હતા. દક્ષ આવ્યા એટલે બીજા સહુએ તેનું સન્માન કર્યું પણ શિવ તો પોતાનાંજ ધ્યાનમાં મગ્ન હતા. આ ઉપરથી દક્ષે પોતાને અપમાન મળ્યું જાણી શિવનો તિરસ્કાર કરી શ્રાપ દીધો કે એને કોઇ યજ્ઞમાં ભાગ નહિ આપે. શિવ ચુપ રહ્યા. પણ શિવનાં નંદી ગણે દક્ષાદિ બ્રાહ્મણોને શ્રાપ આપ્યો, તેમ ભૃગુઋષિએ શિવના ગણ તથા ભક્તોને શ્રાપ દીધા ને પછી સહુ વિદા થયા.

તે પછી દક્ષે યજ્ઞ આરંભ્યો તેમાં સર્વ દેવઋષિઓ આવ્યા, પણ તેમાં શિવ તથા સતીને તેડ્યા નહિ, પણ સતી તેડાં વગર આવી લાગતાં કોઇએ તેને માન આપ્યું નહિ. આથી સતીએ ક્રોધાવેશમાં યજ્ઞનારાયણમાં પોતાનાં દેહની આહુતી આપી, આથી યજ્ઞ ભ્રષ્ટ થયો.

આ બનાવથી શિવના ગણ ટંટો કરશે આથી ભૃગુઋષિએ મંત્ર ભણી આહુતિ આપી કે યજ્ઞકુંડમાંથી બે પુરૂષ નિકળ્યા, જેઓએ શિવના ગણોને સભામાંથી હાંકી મેળવ્યા. આ વર્તમાન શિવની જાણમાં આવાંતજ તેણે પોતાની જટામાંથી ભૂત, પ્રેત, સૈન્ય સહિત વીરભદ્ર ઉત્પન્ન કર્યા. એણે શિવની આજ્ઞાથી યજ્ઞશાળામાં જઈ દક્ષનું શિર કાપી અગ્નિકુંડમાં નાખ્યું. ભૃગુની દાઢી તોડી અને સભામાં બેઠેલા દેવતા, ઋષિ, ગંધર્વ આદિ સહુને મારી અંગાભંગ કર્યા. પણ બ્રહ્મા ને વિષ્ણુ જેઓ ત્યાં નહોતા તેમની વિનંતીથી શિવે યજ્ઞશાળામાં જઇ પોતાનાં દર્શન આપી સહુને પાછાં સજીવન કર્યાં. બકરાની દાઢીનાં બાલ ભૃગુની દાઢીને અરકાડયાથી તે ત્યાં ચોંટી રહ્યા ને દક્ષના ધડને બકરાનું માથું ચોંટાડયું એટલે તે સજીવન થયા ને શિવની સ્તુતી કરી.

દક્ષ—ઉત્તાનપાદ વંશીય ચક્ષુમનુ, તેના કુળમાં બાર્હિષદનાં ૧૦ પુત્ર જે પ્રાચેતાને

નામે ઓળખાય છે, તેઓનાં પુત્ર. એણે પોતાના પિતાની આજ્ઞાથી માનસિક સૃષ્ટિ ઉત્પન્ન કરી પણ સ્ત્રીઓની ઉત્પતિ નહિ કરવાથી જગમાં સંતતિ વધી નહિ.

એ પેહેલાં દક્ષથીજ જન્મેલો હતો. પછી એ આસિકની અને વીરીણી સાથે પરણ્યો. પેહેલાં આસિકનીથી ૧૦૦૦૦ પુત્રો થયા તેને નારદે બ્રહ્મતત્વોપદેશ કરી પ્રજાવૃદ્ધિરૂપ કર્મથી નિવૃત્ત કરી છુપી જગે મોકલી દીધા. આથી દક્ષે બીજી સ્ત્રી વીરિણીથી ફરી શબલ પ્રમુખ ૧૦૦૦૦ પુત્રો ઉત્પન્ન કર્યા. તેમને પણ નારદે અગાઉ મુજબ ઉપદેશ કરી વિરકત કર્યા. આથી દક્ષે ૬૦ પુત્રીઓ ઉત્પન્ન કરી તેમાં અદિતી, આદિ કરી ૧૩ કષ્યપ ને મરૂત્વતી વગેરે ૧૦ ધર્મઋષિને, અશ્વની વગેરે ૨૭ સોમને, અરિષ્ટ નેમી ઋષિને ૪, ભૃગુ પુત્ર ભૂત ઋષિને બે, બે કૃશાશ્વને અને બે અંગિરાને આપી પરણાવી હતી. આ સર્વે કન્યાઓથી દેવતા. દૈત્ય, દાનવ, મનુષ્ય, પશુ, પક્ષી, જળચર, ઉદભિજ વગેરે ઉત્પન્ન થયાં.

એણે એક શ્રુતિ લખી છે. દક્ષનો પેહેલો અવતાર કલ્પમાં થયો ને બીજો પ્રચેતાના પુત્ર રૂપે થયો તે વરાહ કલ્પમાં.

દક્ષ સાવર્ણી—હવે પછી થનાર ૯ મો મનું. એ વરૂણને પેટે અવતરી રૌચ્ય નામે પ્રસિદ્ધતા પામશે. ભૂમકેતુ, દીપ્તિકેતૂ વગેરે એને પુત્રો થશ પાર, મરીચિ, ગર્ભ વગેરે એના મનવંતરમાં દેવતા થતાં એનો સ્વામી અદભૂત નામે ઈંદ્ર થશે. તેમજ ધુતિમાન ઇત્યાદી સપ્તર્ષી અને આયુષ્યમાન ઋષિથી તેની અંબુધારા સ્ત્રીથી ઋષભ નામે વિષ્ણુનો અવતાર થશે જે ઈંદ્રને મદદ કરશે.

દક્ષિણ કોસલ—પુરાણમાં બે કોસલ આપેલા છે તેમાં એક વિંધ્યાદ્રીની દક્ષિણ તરફનાં કોસલને દક્ષિણ કોસલ એવી સંજ્ઞા હતી. વિંધ્યાદ્રી અને વિદર્ભ દેશ (વર્હાડ પ્રાંત) એની વચમાં જે ટાપુ તેને દક્ષિણ કોસલ કહે છે. રત્નાવલી તથા વિષ્ણુપુરાણમાં કોશલ દેશની સીમાં આપેલી છે.

કોસલ દેશ વિંધ્યા પર્વતથી ઘેરાયલો છે, એમ રત્નાવલીમાં વર્ણેલું છે. તેમજ વિંધ્યાના ઉંચ કાંઠાપર દક્ષિણ કોસલની રાજધાની વસાયલી છે, એમ વિષ્ણુપુરાણમાં જણાવીયું છે. ટૂએનથસાંગે પણ આ દેશને "કોસલો" નામથી જણાવેલો છે. કનિંગહેમ પણ એવુંજ મત ધરાવે છે, અને પ્રોફેસર લેસન પણ એજ મુજબ દિશા દર્શાવે છે. હ્યુએનનાં જણાવ્યા મુજબ તેણે કોસલની નૈઋત્યે ૨૫ કોસપરનાં પાંડવનાં કૃત્યો દીઠાં હતાં. આ પાંડવ કૃત્યો એટલે દેવગિરી પાસેનાં શાત વહાને બંધાવેલા કિલ્લા હશે એમ કનિંગહેમનું મત છે.

દહાડી—(જુઓ દાઢી.)

દહિર—અથવા દબિલનો અધિપતિ. આ રા ઈંડસ કાંઠેના પ્રદેશ ઉપર રાજ્ય અમલ ઇ. સ ૭૧૧ થી ૭૫૨ સુધી ભોગવી ગયો હતો એનું રાજધાની શેહેર બાકર નજદી અલોર હતું. એણે મુલતાન તથા તમા સિંધ દેશ તાબે કર્યો હતો, અને ઈંડસનદીના કાંઠાથી તે કાલાભાગ સુધી સત્તા હતી બસરાના હાકેમ હજાજે પોતાના ભત્રીજા બુથિઆ મહમદ કાસીમને ફોજ આપી દહિર ઉપ ચઢાઇ કરવા મોકલ્યો. લઢાઇમાં કાસિ દિવાલ જીતી, દહિરનાં પુત્રને કેદ કરી હૈદ્રા બાદ (નેરૂન-પ્રાચીન નામ) ઉપર ચઢી કરી શેરવાન તાબે કર્યું. તે પછી તેણે અલોર ઉપર ચઢાઇ કરી જ્યાં દહિર લઢતાં માર્યો ગયો. આ વેળા દહિરની રાણીએ શેહેરના બંચાવ માટે ફરી લઢાઇ ઉઠાવી પણ હાર મળતાં પ્રાચીન રસમ મુજબ ચિત્તામાં પોતાના સાથીઓ સાથે બળી મુંઆ અને રજપૂતોએ કેસર્યા કરી પ્રાણ ખોયા. તે પછી શેહેર સેહેજમાં તાબે કરી બધાં પુરૂષોની કતલ ચલાવી બૈરાં છોકરાંઓને ગોલામ બનાવી પોતાને સ્વદેશ મોકલ્યા.

દાહ્યત્ય—અઇરાન વેજમાંની એક નદીનું પ્રાચીન અવસ્તાઈ નામ. ઝુનદેહેશમાં આ નદીને સર્વોપરી ગણી ગોર્ગસ્તાનનાં પર્વતમાંથી

વેહેતી જણાવી છે. 'યુસ્તી' આ ગેાર્ગસ્તાનને Georgia લઇને દાઇતી નદીને—Araxes સાથે સરખાવે છે. દાર્મસ્ટેટ પણ એજ નદી ધારે છે. ગાઇગર 'ઝરફશાન' જણાવેછે.

દાઉદ પુત્રા—આ ઈસ્લામી ટોળા પેાતાને ખલીફ અબ્બાસના વંશથી ઉતરી આવેલા જણાવેછે, પણ તેઓ દાઉદથી ઉતરી આવેલા હશે. તેઓએ સિંધમાં કેટલેાક કાળ રહી પછી બાવલપૂર જઇ ત્યાંથી ફરી સતલજ કાંઠે વસ્યા અને ત્યાં ખેડુત તરીકેની જીંદગી ગુજારી હતી. એમના વડવાએાએ અનેક પરાક્રમ કરી સિંધ થઇ બીકાનેર તરફ વસ્યા હતા.

દાક—(જુએા ટપાલ.)

દાગસ્તાન—કૅાકેશિયસનું એક રાજ્ય. કૅાકેશસ અને કાસપિયન સમુદ્રના પશ્ચિમ કાંઠા વચ્ચે છે. એનું ક્ષેત્રફળ ૧૧૪૨૫ ચૌરસ મૈલ હેાઇ તેમાં ૬,૧૦,૦૦૦ ની વસ્તી છે. આ દેશનેા ઘણેા ખરેા ભાગ પહાડી હેાઇ બધે કૅાકેસસની હાર ફરી વળેલી છે. માત્ર કાંઠાનેા પ્રદેશ સપાટ ને ફળદ્રુપ છે. આ દેશમાં પાણીના નદીનાળાં ઘણાં હેાવાથી દેશ ફળદ્રુપ ને આબાદ છે. મુખ્ય શેહેર દરબંદ છે.

આ દેશ '૨૦' વર્ષ સુધીની લાગટ લઢાઇ પછી રશિયનેાને તાબે થયેા હતેા. દાગસ્તાનમાં અતિ લઢાયક ખાશિયત ધરાવનારી સારેસન પ્રજા વસેછે. આ સારેસન પ્રજા ઉદ્યેાગી, ચંચળ અને હુન્નરમંદ છે. અત્રે અલબુર્જ ૧૮૫૨૬ ફીટ, મ્હેાટેા એરેરાટ ૧૬૯૧૬ ફીટ ને નાહનેા અરેરાટ પર્વત ૧૨૮૪૦ ફીટ ઉંચેા છે

દાગેા—આ ટાપુ ફિનલેન્ડના અખાતના મુખ પાસે રશિયન ઈસ્તેાનિયામાં ગણાય છે. ક્ષેત્રફળ ૩૬૭ ચૌરસ મૈલ છે. વસ્તી ૧૫૦૦૦ ની છે.

દાટવાની રસમ—'દુનિયા'માં પેહેલાં પેદા થએલા માનવી આદમે જીવતાં પક્ષીને બીજાં મુવેલાં પક્ષીને પાતરાંથી ઢાંકતાં જોઇ તેને દાટવાનેા વિચાર સુજ પડયેા હતેા. પ્રાચીન યાહુદી પ્રજા પેાતાના શબને બગીચામાં દાટતા. ખ્રિસ્તી લેાકેામાં શબને દેવળમાં દાટવાની ચાલ આગળ નહેાતી, પણ એ રસમ હાલના વખતની છે, અને એમ કરવાનું કારણ એવું ધારવામાં આવે છે કે તેઓના પાદ્રીઓનેા એવેા વિચાર છે કે મુવેલાં માણસેાને પવિત્ર જગ્યા ઉપર દફન કરવાથી તેઓને બીજી દુનિયામાં ચેાક્કસ હક્કેા મળે છે. ઇ. સ. ૧૨૨૫ ને સુમારે જીવતાં માણસેાને દાટી નાખવાની રસમ 'ગ્રીસ' દેશનાં એક શેહેરમાં શરૂ થઇ હતી.

રેામન લેાકેા જો કેાઇ જુવાન સ્ત્રીની ચાલચલણ અનિતિભરી જોતા તેા તેને જીવતાં જીવત ભેાંયમાં દાટતા યા ભિંતમાં ચણી લેતા હતા.

હિરાડેાટસ કહે છે કે "ધરાનીઓમાં જીવતાંઓને દાટવાની રસમ હતી" અને તે તેનેા એક દાખલેા એવેા આપે છે કે, "ઝર્કસીસે પેાતાના દુશમનેાનાં ૯ છેાકરાં તથા ૯ છેાકરીઓને જીવતાં દાટયાં હતાં, અને તેની રાણીએ ધર્તિ માતા તરફ પેાતાની નિમકહલાલી બતાવવાને માટે પેાતાની જઇફ હાલતમાં સર્વથી ઉંચા ધરાની કુટુંબનાં ૧૪ છેાકરાંઓને જીવતાં જીવત દાટવાનેા હુકમ કર્યેા હતેા.

દાડમ—દાડમના વૃક્ષ બે અઢી મથેાડાં ઉંચા વધે છે. મુખ્ય કરી શ્રેષ્ટ જાતનાં દાડમ વૃક્ષ અરબસ્તાન, ધરાન, મરકત, અફઘાનિસ્તાનમાં ઉગે છે, અને તે તરફનાં દાડમ પાકયા પછી ચારથી પાંચ માસ સુધી જેવા ને તેવાજ રહી શકે છે. ત્યાંથી તે હિંદુસ્તાનમાં વેચાવા આવે છે. કાઠીયાવાડ, ભાવનગર, ધેાલકાનાં દાડમ પણ પ્રસિદ્ધતા પામ્યાં છે. એના ફળમાંના બિયાં ઘણાંજ ઝીણા હેાય છે, અને દાણા મિઠા હેાય છે. પુના નજદીક દાડમની ખાસ ખેતી કરવામાં આવે છે, ત્યાં થતાં ફળેામાં બિયાં મ્હેાટાં હેાય છે.

દાડમનાં ઝાડના બે પ્રકાર છે. એકને માત્ર ફુલેા આવે છે તેને 'ગુલનાર' કહે છે, અને બીજાને ફુલેા તથા ફળેા બેઉ આવે છે. દાડમનાં ફુલેા કુસુંબી રંગના હેાઇ તેમાં

થેાડીક પિળી ઝાંખ હેાય છે. એના રંગ જેવા રંગથી કપડાં રંગે છે તેને 'ગુલેઅનાર' (દાડમી) રંગ કહે છે. દાડમ ખાવામાં રૂચિકારક અને શરિરે હિતકારક છે. એનાથી શરીરમાં હેાંશિઆરી આવી તરસ મટે છે. દાડમ ઝાડનાં મૂળ, પાંદડાં, છાલ, ફુલેા અને ફળેાની છાલ ઔષધિ ઉપયેાગમાં યેાજેલાં છે. દાડમના રસનેા ઉત્તમ પાક બને છે. દાડમ રસ પિત્તશમક છે.

દાડમનાં ફળની બે મુખ્ય જાત છે. એક જાતના ફળેામાંનાં દાણા લાલ હેાય છે અને બીજી જાતનાં ફળના દાણા સફેદ હેાય છે. કેટલાંક દાડમ ખાટાં હેાય છે; તેા કેટલાંક તદન મિઠાં હેાય છે. ખાટાં દાડમ શરબત બનાવવામાં તથા ઔષધિ ઉપયેાગમાં વપરાય છે. એનું ફુલ લાલ અને સુંદર હેાય છે, પણ તેનેા વાસ આવતેા નથી. ગુલ હજારા એ એક દાડમનું નર જાતી ફુલ ઝાડ છે તેપર ફળેા આવતાં નથી.

દાડમના ઝાડ બિયાં અથવા કલમથી પણ ઉગી શકે છે. લાલ રેતાળ જમીનમાં કલમથી ઉગતાં ઝાડનેા બાહાર જલ્દી ખીલે છે. નવાં ઝાડ પર ચેાથે વર્ષે ફળેા આવે છે. દાડમનેા વર્ષમાં બે વખતે બાહાર આવે છે, એક વર્સાદની આખેરીમાં ને બીજે થંડીની આખેરીમાં. તેમાં ગરમિની મેાસમની શરૂઆતનેા બાહાર હલકેા હેાય છે. દાડમના નવાં રેાપેલાં ઝાડ પર બાહાર આવે ત્યાં સુધી તેને ૮ દિવસ આંતરે પાણી સીપવું પડે છે. પેહેલેા બાહારનાં ફળેા કાઢી લીધાં પછી બાહાર ખીલવાનેા સમય આવે ત્યાં સુધી તેને પાણી સિપવામાં આવતું નથી. બીજે બાહાર આવવાનેા વખત થતાં તેનાં મૂળીયાં ખુલ્લાં કરી તેને પક્ષીનું છેર અથવા બકરાની લીંડી અથવા સડેલા છાણનું ખાતર સમભાગ નળીયાનાં ભૂકામાં મિશ્ર કરી પાણીમાં મેળવી આપે છે, અને ફરી ફરી તેને બાહાર આવવા સુધી પાણી સીપવામાં આવતું નથી.

આ ખાતર ગરમીમાંનેા બાહાર ઉતારી લીધા પછી બીજે બાહાર આવવા પેહેલાં ઝાડની આસપાસ નાખે છે. એને વર્ષમાં એકજ વખત ખાતર આપેલું પુરતું ગણાય છે, તેમજ એના ઝાડની ડાંખળીઓને છાંટવી પડે છે અને ફળેા જે આવે છે તે જોરદાર ડાંખળી ઉપર આવે છે.

દાડમની ખેતી કરવી હેાય તેા કલમથી યા બિયાંથી રેાપા તૈઆર કરી તે ૧ વર્ષના થતાં, વર્સાદમાં જ્યાં તેને રેાપવાં હેાય ત્યાંના તખતામાં દસ દસ ફીટને આંતરે રેાપવા અને તેપર ફળેા આવે ત્યાંસુધી ૮ દિવસ આંતરે પાણી પાવું. દાડમનાં એક જોરદાર ઝાડની સારી સંભાળ લઇ માવજત કરી હેાય તેા દર વર્ષે તેપર ૫૦-૬૦ ફળેા આવે છે.

સાધારણ જાતના દાડમના રેાપા ઉપર ઉત્તમ જાતના ઝાડની ડાંખળી બાંધી હેાય તેા તે ઉત્તમ જાતનું ઝાડ બને છે.

દાઢી—જ્યારે દુનિયામાં સુધારેા વધારેા કેાઇ પણ રીતે થએલેા નહેાતેા, તેમજ જ્યારે કેાઇ પણ રીતનું બંધારણ યા હથિઆરેા જણાયલાં નહેાતાં, ત્યારે મનુષ્ય પેાતાની દાઢી તથા માથાનાં બાલ જેમ વધે તેમ વધવા દેતા; આથી લાંબી દાઢી બુજ્જેર્ગાની નિશાની તરીકે અસલ જમાનાથી ગણાતી આવી છે.

આગલા ધરાની પાદશાહેા પેાતાની દાઢી બને તેમ લાંબી કુદરતી હાલતમાં રહેવા દેતા અને અથેારનાન વર્ગને તેા દાઢી ફરજીયાત રાખવી પડતી હતી, કે, જે તેમની બુજ્જેર્ગી તથા ધાર્મિકપણાની નિશાની ગણાતી હતી. તે વખતનાં કેટલાક પાદશાહેા પેાતાની દાઢીને સુંદર બનાવવા માટે તેને સેાનાના દેારાથી ગુંથતા હતા, તેમજ આ હક્ક ખાસ વર્ગનાં ઉમરાવેાને મળતેા હતેા, ને દાઢી કાઢી નાખવી એ નામેાશીભર્યું ગણાતું હતું.

આરબો પોતાની દાઢી પોતાનાં દીનના એકીન સાથે જાળવે છે; કારણ કે તેમના પેગંબરે પોતાની દાઢી કદી પણ કપાવી નહોતી. તરકોનો સુલતાન કદી પણ માથાને અસતરો લગાડતો નથી. દાઢી કાંસકીથી સાફ કરતી વેળા તૂર્કોમાનો તો હેઠળ રૂમાલ પાંથરે છે અને જે બાલ પડે છે તેને એકઠા કરી પ્રાચીન ગ્રીક પ્રજની રસમ પ્રમાણે કાગજમાં વિંટાળીને પોતાની મુરદાં દાટવાની જગ્યાએ લઇ જાય છે. તૂર્ક લોકોમાં પરોણાની દાઢીના બાલપર ખુશબો છાંટવી એ ભલમનસાઈની નીશાની ગણાય છે. આફ્રીકાના મૂર લોકો સોગંદ લેતી વેળા દાઢી પકડે છે અને એવા સોગંદ તેઓ ઘણા પવિત્ર ગણે છે. યાહુદી લોકો શોકની વખતે વગર હરકતે દાઢી ઉગવા દઈ અથવા પીખી નાખી દિલગિરી બતલાવે છે.

રોમન પ્રજમાં ચાલતા એક રેવાજને લીધે જે દહાડે પેહેલવેહેલી વખતે એક જુવાન્યો પોતાની દાઢીનાં બાલ બોડાવતો તે દહાડે ખાણીપીણી કરવામાં આવતી, અને પોતાની ચઢતી પદ્વિના ધણી પાસેજ તે બોડાવવામાં આવતી અને ત્યારથી તે શખ્સ પેલા જુવાનીયાનો ધર્મબાપ ગણાતો.

શેહેનશાહ નીરોએ પોતાની દાઢી જ્યારે પેહેલવેહેલી કપાવી ત્યારે બાલને મોતીથી જડેલા સોનાના એક દાબડામાં મુકયા હતા.

પ્રાચીન નૉરમન પ્રજનાં ઈતહિાસ ઉપરથી જણાય છે કે દાઢી મોટી કંગાલીયતની નિશાની ગણાતી હતી. ઇતિહાસ ઉપરથી માલમ પડે છે કે ઈંગલંડના પેહેલા નૉરમન રાજા વિલ્યમ ધી કૉંકરરે દાઢી અને થેબ્યા ફરજીયાત બોડાવી નાખવાનો ધારો કાઢયો હતો, અને તે ઉપરથી ઘણા ઈંગ્રેજો થેબ્યા કાઢી નાખવાને બદલે દેશ તજી ગયા હતા.

ઉપલા જેવોજ એક કાયદો રૂશિયન શેહેનશાહ પિટર ધી ગ્રેટે કાઢયો હતો કે દાઢી રાખનારે ચોકસ કર ભરવો. પણ આથી દાઢી બોડાવવાને બદલે પ્રજાએ ખુશીથી કર આપવા માંડયો હતો, અને ગરીબ લોકોએ દાઢી બોડાવીને તે સંભાળથી જાળવી રાખી પોતાના કફનમાં સાથે દાટવાનો રેવાજ દાખલ કર્યો હતો.

જર્મનીની 'કાટી' પ્રજમાં એક એવો રેવાજ છે કે જ્યાંસુધી એક જુવાન્યો બેકાદ દુશમનને મારી નહિ નાખે ત્યાંસુધી તેનાથી દાઢી બોડાવાય નહિ.

અમલ ફ્રેન્ચ રાજાઓ તથા અમીર ઉમરાવો પણ દાઢીને ઘણું માન આપતા હતા.

આગલા વખતમાં મોટા માણસો સાથે વાત કરતાં દાઢી પસવારવાનો રેવાજ હતો, અને કોઇની દાઢીનાં બાલ ખેંચવા એ મોટું અપમાન થએલું ગણાતું હતું.

૧૪ મી સદીનાં સુમારમાં યૂરપના રાજાઓ પોતાનાં ફરમાનો દાઢીનાં ૩ બાલથી મ્હોર કરીને જાહેર પાડતા હતા. આગલા વખતનાં એક અતિ અગત્યનાં દસ્તાવેજ ઉપર એવા શબ્દો લખેલા જોવામાં આવે છે કે "આ ફરમાન વધારે પાકું ગણવા માટે મારી મ્હોર ઉપર દાઢીનાં ૩ બાલ લગાડું છું."

હિંદુસ્તાનમાં આગળ ત્રાસ વર્તાવી રહેલા ઠગો જ્યારે વર્સાદની મોસમ પુરી થઇ કે પોતાના ઠગબાજીનાં ધંધાપર ભટકવા નિકળતા. પણ મુહુરત જોઇ ગામ બહાર નિકળવા પછી માર્ગમાં જ્યાંસુધી એક પણ શેકાર તેમના હાથથી માર્યો જતો નહિ ત્યાંસુધી દાઢો નહિ બોડાવવાની બાધા લેતા હતા, ને તે પછીજ સર્વે સાથે દાઢી બોડાવી બાધા છોડતા હતા.

ક. જોન ડી કારતરો નામે એક પોર્તુગીજ અમલદાર આગળ ગોવે હતો, તે વખતે પોતાના કાફલાનો ખોરાક ખુટી જવાથી ગોવાના લોકોને પોતાના થેબીયાના બાલના ગુચ્છાઓ જામીનગીરી તરીકે આપવા તે તૈયાર થયો હતો. પણ ગોવાનીસ ઓરતોએ એવી કુરબાની લેવા ના પાડી હતી, અને તેનીપર વિશ્વાસ રાખીને જોઇતી નાણાંની મદદ કરી હતી.

દાંત—દાંત જોકે હાડકાના બનેલા છે તોય શરીરનાં બીજાં હાડકાંથી તે કેટલીક રીતે જૂદા છે. તે ખુલ્લા હોઇ તેનીપર હવાની અસર થાય છે, અને તેને ઇજા ન થાય તે માટે અત્યંત કઠણ એવો એક સફેદ રંગનો પદાર્થનો થર તેની ઉપર બેસાડેલો હોય છે. જો તે થરને ભાંજી નાખ્યો હોય, યા તેને ઇજા થઇ હોય તો તે ફરી બેસી શકતો નથી, અને જો તેનો કાંઇ ઉપાય કર્યો નહિ હોય તો તે રફતે રફતે જીર્ણ બની નિર્મૂળ બને છે.

દાંતનો મ્હોટો ભાગ 'ડેનટીન' નામના પદાર્થનો બનેલો છે. તેની ઉપરના સફેદ ચળકતા પડને 'ઇનેમલ' કહેછે, અને જે ભાગ મૉસની અંદર ઢંકાયલો છે તેની આસપાસ પણ પાતળું પડ હોય છે, જેને 'સિમેંન્ટમ' કહે છે, એ મનુષ્ય હાડકાંને ઘણુંખરૂં મળતું આવે છે. ઇનેમલવાલા ભાગને દાંતનું શિખર અથવા "ક્રાઉન" કહે છે અને જે ભાગ મૉસમાં ઢંકાએલો છે તેને દાંતનું મૂળિયું કહે છે. આગલા દરેક છ દાંતોને એકેક મૂળિયું હોય છે, તેની પછવાડેની બે નાહની દાઢને ઉપલા જડબામાં બે મૂળિયાં હોય છે. વળી તેની પછવાડેની દાઢોમાં ઉપલા જડબામાં ૩ અને નીચલા જડબાંમાં બે મૂળિયાં હોય છે. દાંત અંદરથી વચલા ભાગમાં પોકળ રહે છે, અને દરેક મૂળિયામાં પણ વચોવચમાં એક નાકું રહે છે. આ ખાલી ભાગમાં લોહીની રગો અને જ્ઞાનતંતૂના રેશા સમાયલા રહે છે, જેમાંથી દાંતનું પોષણ થાય છે. જ્યારે દાંત કોહી જાય છે અને કોહવાટ છેક વચલા ભાગ સુધી લાગે છે ત્યારે અથવા બીજાં કોઇ કારણથી એ લોહીની રગોમાંનુ દોડતું લોહી બંધ પડેછે ત્યારે દાંતનું પોષણ થતું અટકે છે, અને ત્યારે તેને મુવેલા દાંત કહે છે.

દાંતને તેનાં મૂળિયાં વડે ઉપલા અને નીચલા જડબાંમાં મજબુત બેસાડેલા છે. ઉમરની વધ સાથે તેની સંખ્યામાં ફેરફાર થાયછે, એટલે બાળપણમાં ૨૦ પછી ૨૮ તો કોઇને ૨૯–૩૦ અને કોઇને ૩૧ હોય છે. બાળકોને જન્મતાંજ પૂર્ણ અવસ્તાએ આવેલાં દાંત હોતાં નથી, પણ તેના અંકૂર ચામડીમાં હોયછે. તે વધતા જઇ ૬ ઠા મહિનાથી ૧૦ મા મહિના સુધીમાં કોઇના બાહેર નિકળેછે પણ સઘળા દાંત આવતાં બેથી ત્રણ વર્ષની મુદત લાગેછે.

પેહેલા ઉગેલા દાંત થોડો વખત ટકે છે જેને દુધના દાંત કહેછે. ૬ ઠા વર્ષથી ૧૪ મા વર્ષ વેરમાં તે દાંત ઢીલા પડી બીજા દાંત પુટે છે. બીજા દાંતની સંખ્યા ૩૨ ની હોઇ તેના ઉપયોગ પ્રમાણે તે જૂદા જૂદા કદનાં અને આકારનાં હોય છે.

આગલા દાંત તોડવા માટે, સૂળો ચીરવા માટે અને દાઢો ચાવવા માટે છે. ઉપલા અને નીચલા જડબાની છેલ્લી દાઢ જેને 'અકલ દાઢ' કહે છે તે સુમારે ૨૦ મે વર્ષે પુટે છે. દરેક જડબાનાં આગલા ૪ દાંતો ચપટા અને ધારવાળા હોય છે, અને બાકીના ઘણાખરા ગોળ અને ચોરસ આકારનાં હોય છે. જ્યારે બેઉ જડબાં સાથે મળે છે ત્યારે ઉપલા દાંત નીચલા દાંતની બાહેર આવે છે, જેથી આગલા દાંતે ખોરાકને કાતરની માફક કાપી નાખવાનું કામ લાગે છે, અને પાછલા દાંતો ખોરાકને દાબી નાખી તેનો બારીક ભૂકો કરી નાખે છે. દાંતની ગોઠવણ એવી કરેલી હોય છે કે જે ભાગ આપણને દેખાય છે તે ફકત ૨/૩ ભાગ છે, બાકીનો ૧/૩ ભાગ જડબાંની અંદર મૉસમાં ઢંકાયલો રહે છે.

મનુષ્યનાં દાંત એક સરખા હોતા નથી, તેમ તેના આકારમાં અને કાર્યમાં ફરક હોય છે, તે મુજબ તેમના ૪ વર્ગો કરવામાં આવ્યા છે. તેમના નીચે મુજબ વર્ગ અને સંખ્યા છે.

		કાપનારાં	કુતરીયા	એ ખુણીયા	દાઢ.	જુમલે.
દુધીયા	ઉપલું જડબું	૪	૨	૪	૧૨	૨૦
	નીચલું જડબું	૪	૨	૪	૧૨	
જથુકના	ઉપલું જડબું	૪	૨	૪	૧૦	૩૨
	નીચલું જડબું	૪	૨	૪	૧૦	

દાંતના પુટવા ઉપર આદમીની ઉમર વિષે અડસટો બાંધી શકાય છે. તેમને પુટવાના વખતનો કોઠો નીચે મુજબ છે.

દુધીયા દાંત પુટવાનો વખત.	વચલા 'કાપનારા' દાંત	૭ મે મહિને.
	બાજુનાં 'કાપનારા' દાંત	૧૮ થી ૧૦ મે મહિને.
	આગલી દાઢનાં દાંત	૨ થી ૧૪ મે મહિને.
	કુતરીઆ દાંત	૧૪ થી ૨૦ મે મહિને.
	પાછલી દાઢનાં દાંત	૧૮ થી ૨૬ મે મહિને.
જથુકનાં પુટવાના દાંત	પેહેલી દાઢનાં દાંત	૫ થી ૭ મે વર્ષે.
	એઉ વચલા કાપનારા દાંત	૬ થી ૮ મે વર્ષે.
	એઉ બાજુના કાપનારા દાંત	૭ થી ૯ મે વર્ષે.
	આગલા બે અણીઆલા દાંત	૮ થી ૧૦ મે વર્ષે.
	પાછલા બે અણીઆલા દાંત	૯ થી ૧૧ મે વર્ષે.
	કુતરીઆ દાંત	૧૧ થી ૧૨ મે વર્ષે.
	બીજી દાઢનાં દાંત	૧૨ થી ૧૪ મે વર્ષે.
	ત્રીજી દાઢ (અક્કલ દાઢ) દાંત	૧૭ થી ૨૫ મે વર્ષે.

મનુષ્યની ઉમરની વધ સાથે આવતા દાંત—પ્રથમ બચ્ચાંને ૬ માસની ઉમર પછી દુધીયા દાંત પુટવા માંડે છે, અને જેમ જેમ દાંત બાહેર નિકળવા માંડે છે તેમ તેની ઉપરની જાડી ચામડી ખેંચાઇ પાતળી બને છે, અને જેવી દાંતની અણી મોંસમાંથી બાહેર નિકળે છે કે તેવો-જ પારો દાંતની આસપાસ સંકોચાઇ જાય છે અને પેલા સૂજેલા ભાગ ધીરે ધીરે બેસી જાય છે. પ્રથમ આગલા બે દાંતો, બાળક પાંચથી આંઠ માસનું થતાં બાહેર જણાય છે, જે પછી બેઉ તરફનાં દાંત સાતથી દસ માસની ઉમર થતાં નિકળવા માંડે છે. બાળક એક વર્ષનું થતાંજ જડબાંની દરેક બાજુએ અકેક અણીદાર દાંત આવે છે, એ દાંતોને "કેનાઇન ટીથ" કહે છે; કારણ કે તે લગભગ કુતરાનાં દાંતને મળતા આવે છે. બાળક દોઢ વર્ષનું થતાં પેહેલી દાઢ પુટે છે અને બીજી બે વર્ષનું થતાં આવે છે. એ રીતે બચ્ચું ૬ વર્ષનું થાય છે તેટલામાં તેને ૨૦ દાંતો આવે છે, જે પછીજ ઉપલા જડબાનાં આવે છે. દરેક બાળકને ઉપલી રીતે અને ઉમરે અનુક્રમે દાંત આવતા નથી પણ તેના બાંધા પ્રમાણે મુદત ફેરે આવે છે, તો કેટલાકને જન્મતાંજ દાંત પુટેલા જણાય છે. આ દાંત અપસગન ભર્યા ગણાય છે. કારણ કે "જે બાળકના મોહમાં જન્મતાં દાંત જણાય છે તેના વડીલ મરણ પામે છે" એવી કહેતી છે. મહાન રાજા ચંદ્રગુપ્તનો પ્રધાન ચાણક્ય જન્મતાં દાંત સાથે જનમ્યો હતો, આથી તેના દાંત તોડી પાડવામાં આવ્યા હતા, પણ તે પછી તરતજ તેનો પિતા મરણ પામ્યો હતો.

કેટલાંક બાળકોને ૧ વર્ષની ઉમર પછી તો કેટલાંકને સવા વર્ષ પછી દાંત પુટવા માંડે છે.

એક જાણીતા અનુભવી* તબીબના જણાવવા મુજબ 'જ્યારે દાંત પેહેલવેહેલા પુટે છે ત્યારે બચ્ચાંની હાલત જો નાજુક હોય છે તો તેઓની ઉપર કોઇપણ દર્દની અસર સેહેલાઇથી લાગુ પડે છે, અને જો બચ્ચાંને જન્મથીજ કાંઇ રોગ લાગુ પડયો હોય તો તે વખતે તેમાં ઘણો વધારો થાય છે.'

'જ્યારે દાંત પ્રથમ પુટવાનાં શરૂ થાય છે, ત્યારે બાળક ઘણું ખરૂં બેચેન રહે છે, તેના મ્હોમાંથી લાળ ગળે છે અને પોતાનાં આંગળાં અથવા બીજી જેવી ચીજ હાથમાં હોય તે તેના મોહમાં પકડે છે. જેમ જેમ દાંત પારાની સપાટી તરફ આવતો જાય છે, તેમ તેમ તે પારો વધારે સૂજતો અને નરમ થતો જાય છે. આ હાલતમાં બચ્ચું જલ્દીથી ઉશ્કેરાઇ જાય છે, અને ઘણીક વેળા ઉંઘમાંથી ચોંકી ઉઠે છે. એવી વખતે પારાને ચીરવાની કાંઇ પણ જરૂર નથી, અને જો ચોડાંક પેટ આવતાં હોય તો તે પણ બંધ કરવા નહિ જોઇએ. પણ જો બચ્ચું ઘણું નાતવાન હોય છે ત્યારે અથવા કાંઇ બીજી આંદગીને લીધે ઉપલી નિશાનીઓ વધારે જોરમાં માલમ પડે છે, અને બચ્ચાને ઘણી ધાસ્તી ભરી હાલતમાં લાવે છે. આ વખતે બચ્ચાંને જોરમાં તાપ આવે છે, તેના મ્હોમાંથી જતી લાળ બંધ થાય છે ને મ્હો સુકાઇ જાય છે. એવી હાલતમાં તેની ઉપર તહેવાર જાતનાં દર્દો હુમલા કરે છે; એકદમ ઉલટી થઇ પેટ આવે છે, ફેફસાંપર સોજો ચઢે છે, ખેંચતાણ થાય છે અને એવાં ઘણાક દર્દોથી હેરાન થઇ બચ્ચું ઘણીવાર મરણ પામે છે. તે થકી દાંત પુટવાની વખતે બચ્ચાંની ખાસ માવજત શરૂઆતથી કરવી ઘટે છે. જ્યારે બચ્ચું ૫ થી ૬ વર્ષની ઉમ્મરનું થાય છે ત્યારે પેહેલવેહેલાં જથુકના દાંત આવે છે. પેહેલવેહેલાં ઘણા ખરા ૬ ઠે વર્ષે દુધીયા દાંતની છેક પછવાડે એક એક દાઢ દરેક બાજુએ આવે છે. ત્યારથી સાતમે વર્ષે નીચલાં જડબાના આગલા બે દાંત અને ૮ મે વર્ષે તેની આજુબાજુનાં પુટે છે. આ પ્રમાણે દર વર્ષે બબે નવાં દાંત આવી તેરમે યા ચૌદમે વર્ષે સઘળા દાંત પુરી રહે છે. ત્યાર પછી ૧૭ થી ૨૧ મા વર્ષની ઉમરમાં ડાહાપણ દાઢ પુટે છે અને તે વખતે પાછી કેટલીક હેરાનગતી પોંહચે છે."

કેટલાક મનુષ્યને દાંત ત્રીજી વેળા પુટે છે. ડૉ૦ ગુડના જણાવવા મુજબ ૬૩ ને ૮૧ વર્ષની ઉમરમાં આ ત્રીજી વેળાના દાંત આવે છે. આ દાંતો હમેશાં આડા અતારા ઘણી નાહની સંખ્યામાં ઉગે છે. આ દાંતને કાંઇ જડ અથવા મજતબૂત મૂળ હોતું નથી તેથી તેઓ હમેશાં ઘણાખરા ઢીલા હોય છે, અને ખોરાક ચાવવાના કાંઇપણ કામમાં આવતા નથી, પણ ઉલટી અડચણ કરે છે."

પ્રાણીઓના દાંત વિશે—પ્રાણીનાં દાંત તેમના શરીરના બીજા ભાગ પ્રમાણે અનેક પ્રકારનાં હોઇ વિશેષ કાર્યને ઉપયોગી પડવા લાયકનાં હોય છે. કોઇ પણ જનવરના દાંતનો આકૃતિ અને સ્થિતિ જોતાં તે જનાવરના ગુણ, લક્ષણો સેહેજમાં ધ્યાનમાં આવશે. તેમાં ૪ જૂદા જૂદા પ્રકાર છે. ૧—માંસહારી પ્રાણીનાં દાંત અતિશય મજબૂત, અણીયાલા અને તિણા હોઇ ઘણા આગળ આવેલા હોય છે, તેથી કરી તેમને પોતાના શિકાર પકડતાં આવડે છે, અને તેમજ પોતાનાં જડબાનાં કાંઇક તહેવાર ચલણવલણથી તે તેમને ફાડતાં આવડે છે. ૨—તૃણહારી પ્રાણીના દાંત માંસહારી પ્રાણીના દાંતથી જૂદા છે. તેમના બે પ્રકાર છે. એટલે છેદક દાંત અને દાઢ એ છે. છેદક દાંત આગલી બાજુએ બેસાડેલા હોય છે અને ઘાસ વગેરે પદાર્થ

* ડૉ૦ ફરામજી જીવનજી પટેલ એલ. આર. સી. પી. (લંડન) કૃત જ્ઞાન પ્રસારક મંડળી તરફનું ભાષણ ૧૮૯૩-૧૯૦૩.

કાપવા લાયક તે પોહળા ને તિક્ષણ હોય છે. અને દાઢ એ તેમની પાછળ બેસાડેલી હોઇ અન્ન ચાવવા માટે ચપટા અને પોહળા બનાવેલા હોય છે. વગોળનારાં પ્રાણીમાં ઉંટને માત્ર ઉપલા જડબામાં છેદક દાંત હોય છે; આ વર્ગમાંના બીજા જાનવરોનાં નીચલા જડબા માંહેલા છેદક દાંતનો વેપાર ઉપલાં જડબાંમાંના ઉપર ઉપસેલા ટેકરા ઉપર થાય છે. ૩—હેજહાક, છછુંદર આદિ કરી કિડા ખાનારાં પ્રાણી એમને એક જડબાંમાં ગાયદુમ આકારના અને અણીયાલા દાંત હોઇ સામેના જડબામાંના દાંતમાં તે બેશી શકે છે, એવા તેમાં ખાડા હોય છે. ૪—સસલાં, ઉંદર વગેરે કરડનારાં પ્રાણીઓનાં દરેક જડબાંની આગલી બાજુએ તહેંવાર અણીયાલા બે છેદક દાંત હોય છે. આ દાંતપર આગલી બાજુએ માત્ર એક સખત પદાર્થનો થરો હોય છે, અને પાછલી બાજુ છુટી રહેતાં ઘસાઇ પીસાઇ જીર્ણ બને છે. અને તેથી આ દાંત સદા તિક્ષણ રહે છે. આ દાંત ઘસાઇ ટુંકા થતાં ફરી વધવા માંડે છે આથી પ્રાણી પોતાનો ખોરાક ચાલુ ખાઇ શકે છે.

દાંતા—આ દેશી રાજ્ય મહિકાંઠા એજનસિમાં ગુજરાત પ્રાંતમાં મુંબઈ ઇલાકાને તાબે છે, એનું ક્ષેત્રફળ ૨૩૦૦ ચૌરસ મૈલ છે, તેમાં ૩૬૦ ગામો છે. અગાઉ આ રાજ્યને તાબે ૭૬૦ ગામો હતાં. હાલમાં જે ગામ સંખ્યા છે તેમાંના માત્ર ૧૫૬ આબાદ અને બાકીનાં વેરાન છે.

આ દેશ પહાડી અને વન ઝાડીથી ભરપૂર છે. લોક વસતી ૧૭૪૫૬ ની છે. વાર્ષીક ઉપજ ૨૭૦૦ પૌંડની છે. તેમાંથી ૨૩૭ ગાયકવાહને, ૫૧ પૌંડ ઈડરને અને ૫૦ પૌંડ પાલનપૂરના નવાબને ખંડણીના ભરે છે. આ રાજ્યમાં દરેક પ્રકારનું ધાન્ય પાકે છે. દેશનો ૧૫૦૦૦ એકર જમીન ભાગ ખેતીવાડીથી ભરપૂર છે. દાંતા પાસેજ મારબલની ખાણો છે. રાજ્યનાં વડા અધિપતિ રાણાનો ખેતાબ ધરાવે છે. રાજ્યકર્તા પરમાર રજપૂત શાખાનાં છે. આ રાણા બીજે પદ્રિનાં ગણાય છે.

આજ રાજ્યમાં અંબાભવાનીનું અતિ પ્રસિદ્ધ યાત્રા સ્થળ છે, અને રાણાને મુખ્ય ઉપજ આ દેવીને અર્પણ થતાં નાણાંમાંથી મળે છે. (જુઓ અંબા ભવાની).

મુખ્ય શેહેર દાંતા વડોદરાની ઉત્તરે ૧૩૬ મૈલ ઉપર અને ડીસાની પૂર્વે ૩૮ મૈલ ઉપર છે.

દાંતાના હુંગરામાં આરસપહાણ, બીલોરી પથ્થર, પારેવો પથ્થર તથા અબરખ, પોલાદ વગેરેની ખાણો છતાં તે ખોદી કાઢવાની કોઈ કોશિસ કરતું નથી. દેશમાં ઘઉં, બાજરી, શેરડી, મકાઇ, સરસવ, ચણા, માલ, બંટી કોદરા વગેરેનો મુખ્ય પાક થાય છે. તે શિવાય બીજાં અનાજ અને કઠોળ પણ પેદા થાય છે. જંગલમાં ઇમારતી લાકડાં અનેક પ્રકારનાં ઉગે છે. દેશની મુખ્ય ભાષા ગુજરાતી છે પણ ભીલ તથા ગરાસીયાઓ ભિલવી ભાષા બોલે છે.

દાંતી—એનાં ઝાડ કોંકણ પ્રાંતમાં ઘણાં ઉગે છે. આ ઝાડ સુમારે ૩–૪ હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં કાત્રાદાર, લાંબા અને હથેળી જેવડાં હોય છે. એનાં ફળો આકારે ધૂંધરા જેવાં હોઇ તે બળદાણાં જેવડાં મ્હોટાં હોય છે. આ ફળોમાંથી નેપાળના જેવાં બિયાં નિકળે છે, તે રેચકારક છે. એનાં મૂળોને દંતીમૂળ કહે છે. આ મૂળીયાં ઔષધિ ઉપચારમાં વેાજેલાં છે.

દાતિયા—મધ્ય હિંદુસ્તાનમાંના બુંદેલખંડમાંનું દેશી રાજ્ય. એનું ક્ષેત્રફળ ૮૩૬ ચૌરસ મૈલ હોઇ તેમાં ૧૮૨૫૯૮ ની વસ્તીમાં ૧૭૪૨૦૨ હિંદુ, ૮૩૮૧ મોહમેદન અને ૧૫૦ જૈન છે. આ રાજ્યને તાબે ૪૫૪ ગામડાં છે. આ રાજ્યની પૂર્વે ઝાંસી જીલ્લો અને બીજી દિશા આસપાસ ગવાલિયરનું રાજ્ય છે. ૧૮૦૨ માં પેશ્વા સાથનાં કોલકરાર વેળા બુંદેલખંડ સાથે આ રાજ્ય પણ તાબામાં આવ્યું હતું.

અત્રેનો રાજા ૧૮૧૮ માં બ્રિટીશો સાથે સારી મિત્રાચારીમાં રહેવાથી સિંધ નદીની પૂર્વનો દેશ બક્ષેસમાં આપી નવા કોલકરાર કર્યા હતા. હાલનો રાજા ભવાનસિંગ છે. વાર્ષિક મેહેસૂલ ૧૦૦૦૦૦ પૌંડની ઉપજે છે. અત્રેનો રાજા સિંધ્યાને બ્રિટીશ સરકાર મારફતે ૧૫૦૦ પૌંડ ભરે છે. અત્રેના રાજાને ૧૫ તોપોનું માન મળે છે. તેના લશકરમાં ૯૭ તોપો ને ૧૬૦ ગોલંદાજ, ૭૦૦ ઘોડેસ્વાર ને ૩૦૪૦ પાયદળ લશકર છે.

દાતિયા—ઉપલાનું મુખ્ય પાયતખત આગ્રાથી સાગરના માર્ગમાં આગ્રાની દક્ષિણ પૂર્વે ૧૨૫ અને સાગરની ઉત્તર પશ્ચિમે ૧૪૮ મૈલ ઉપર છે. આ શેહેર ખુદરતી બંચાવદાર ૩૦ ફીટ ઉંચી દેવાલવાલા કોટમાં વસાવલું છે. તેમાં લોકવસ્તી ૨૮૩૪૬ ની છે. તેમાં ૨૩૩૬૩ હિંદુ, ૪૬૪૮ મોહમેદનો છે. રાજાનો મેહેલ અતિ રમણીય જગ્યા પર બાંધેલો છે. રાજમેહેલ શિવાય બીજો એક સુંદર મેહેલ છે અને શેહેરની પશ્ચિમમાં આવેલો ગંજાવર મેહેલ હાલ જોે કે પડત હાલતમાં છે તોય તે તેની કારીગીરી માટે જોવાલાયક છે. શેહેરથી ૪ મૈલ ઉપરનું જૈન મંદીર પ્રાચીન કુતરમંદીનો એક અજબ નમુનો છે.

દાતેગઢ અથવા સુંદરગઢ—આ પહાડી કિલ્લો પાટણની દશાન્યે ૩ મૈલ ઉપર મેદાનથી ૨૦૦૦ ફીટ ઉપર છે. દાતેગઢ આસપાસના પર્વતોમાં સર્વથી ઉંચા શિખર ઉપર બાંધવામાં આવ્યો છે. કિલ્લામાં પ્રવેશ કરવા ૩ મૈલ પહાડો ચઢવા પડેછે. આ કિલ્લો ચોખૂણાકાર હોઇ તેની લંબાઇ ૬૦૦ અને પોહળાઇ ૧૮૦ ફીટની છે. કિલ્લામાં જવાનો દરવાજો પશ્ચિમ તરફથી છે. આ દરવાજો ૨૭ ફીટ ઉંચો અને ૭ ફીટ પોહળો ખડક ખોદી બનાવેલો છે. તેને ૧૦ ફીટ ઉંચાઇની એક કમાન છે. પણ તે હાલમાં પડત હાલતમાં છે. ત્યાંથી આગળ ખડક ફોડી બનાવેલી ૨૦ સિઢીઓ મળેછે, જે ચઢી જતાં કિલ્લાના શિખરપર જવાય છે. કિલ્લામાં એક હનુમાનની મૂર્તિ છે જેની પૂંજા રોજ કરવામાં આવેછે. પૂર્વ તરફ એક અતિ અંધારી ઓરડી છે. આ ઓરડીમાં જવા ખડકમાં ૮ ફીટ હેઠે ઉતરવું પડેછે. આ અંધારી ઓરડી ૩૦ ફીટ લાંબી ને ૧૨ ફીટ પોહળી તથા ૮ ફીટ ઉડી છે. તેમજ એક કુવો ખડકમાં ૧૦૦ ફીટ ઉંડો ખોદેલો છે, જેનું મ્હોં ૨૦ ફીટ ઘેરાવાનું છે. કથા મુજબ આ કુવા સાથે 'કોયના' નદીને સંબંધ છે. કિલ્લામાં બે મ્હોટી ને ત્રણ નાહની ટાંકી છે. આગળ એમાં ધાન્ય ભરી રાખવામાં આવતું. દક્ષિણ તરફ પડત ઇમારતો છે. આગળ અત્રે ૧૫૦ સિપાહો હમેશાં પડી રહેતા અને તેમને પાસેની જમીન ઇનામમાં મળેલી હતી. આ કિલ્લો શિવાજીએ બંધાવ્યો હતો એવી દંતકથા છે. પણ લેખો ઉપરથી જણાય છે કે શિવાજી આગમન તે મુસલમાનોનાં તાબામાં હતો. ઉપર જણાવેલે કુવો પ્રાચીનકાળમાં કોઇ ઋષિએ બંધાવ્યે હતો એવી કથા છે. પૂર્વ તરફનાં એક ખડકમાં ટાંકી હોઇ તેનો આકાર ગાયના મ્હોડા જેવો છે. આ ટાંકાનો ઝરો એવો તો મ્હોટો છે કે એક નેહેર બાંધી ત્યાંથી પાણી પાટણ સુધી પોંહચાડવાનો તથા ખેતરને પુરૂ પાડવાનો વિચાર કરવામાં આવ્યો હતો પણ કેટલીક અડચણોને લીધે તે કામ આરંભી શકાયું નહોતું.

૪૦ સ૦ ૧૮૧૮ માં ઇંગ્રેજોએ સતારાની રાજ્યગાદી ફરી સ્થાપન કરતાં કેપ્ટન ગ્રાંટ એજ વર્ષનાં મે માસમાં કિલ્લો જીતવા માટે ગયો અને ચોકકસ શરતોથી લઢાઇ વગર કિલ્લો જીતી લીધો હતો.

દાદખ્વાહ—આ બોલ ફારસી છે કે જેનો અર્થ ઇન્સાફ થાય છે. આગળ મધ્ય એશિઆના હાકમને દાદખ્વાહનો ખાસ ખેતાબ મળતો હતો, અને હાલમાં પણ બોકંદ તથા પૂર્વ તુર્કસ્તાનમાં દાદખ્વાહ એક ખાસ ખેતાબ છે. દાદમહાલ યાને ઇન્સાફની અદાલત એવો અર્થ થાય છે.

દાદમર્દા—અથવા 'તરોદા.' આ વનસ્પતિના પાંદડાં ઔષધિ ગુણ ધરાવે છે. એના પાંદડાનો રસ લિંબુના રસમાં મિશ્ર કરી ગજકર્ણ ઉપર ચોપડવામાં આવે છે. પાંદડાંમાં રેચક ગુણ છે, આથી સેનામખીને જગે એનો ઉપયોગ કરવામાં આવે છે. એના પાંદડાં તથા બિયાંમાં 'chrysoplanic Acid' આ નામનું દ્રવ્ય શોધી કાઢયું છે. તે ગજકર્ણ, ખોરા વગેરે ઉપર લેપ તરીકે ચોપડવામાં આવે છે અને તે ઉપલા દર્દોમાં ગુણકારી છે.

દાદાભાઈ નવરોજજી—આ મહાન ગુજરાતી નર હિંદુસ્તાનમાં મહાન દેશહિતકારી તરીકે બધે મશહૂર છે. દાદાભાઇનો જન્મ ઇ. સ. ૧૮૨૫ માં ૪ થી સપ્ટેંબરે મુંબઇમાં માંડવી તરફ ખડક ઉપરના એક નાહના ઘરમાં થયો હતો. એમના વડવાઓ નવસારીના વતની ને ભગર સાથના મોબેદી પંથના હતા ને તેઓ દોરડીની અટકથી ઓળખાતા હતા. દાદાભાઇના નવમાં વડવા ચાંદજી કામદીન ઇ. સ. ૧૬૧૯ ના સુમારે દિલ્લીના પાદશાહ જહાંગીરની દરબારમાં ગયા હતા, ત્યાં પાદશાહને એક ગુલાબના અત્તરની બરણી નજર કરી મહેરબાની મેળવી હતી, તથા ત્યાં મુલ્કા—જમાસ્પનો એલકાબ પામી ૧૦૦ વિંઘા જમીન ઇનામમાં મેળવી હતી, આ જાગીર પોતાના ભાઇ હોંસંગ સાથે ભોગવી હતી. આ જાગીરનો ભોગવટો ચાંદજીના વંશજો હાલમાં પણ ભોગવે છે. ચાંદજીના નથીરા દોરાબજી બરજોજી અને તેના બેટા મેહેરનોશજી દોરાબજી દોરડી ઇ. સ. ૧૭૩૪ થી ૧૭૪૨ સુધી નવસારીમાં એક જાણીતા મોબેદ હતા. આ મેહેરનોશજી ઑ૦ દાદાભઇના બાપના બાપાવા હતા.

* ઑ૦ દાદાભઇના પિતા નવરોજજી પાલનજી દોરડી ગરીબ અવસ્તામાં હતા અને ચાર પાંચ વર્ષના દાદાભઇ થતાં તેવણ મરણ પામ્યાથી એમના ઉધરભાવ અને ગુજરાનનો સર્વ આધાર એમનાં માતાજી બાઇ માણેકબાઇ ઉપરજ રહ્યો હતો. એમના માતા ઘણુજ ડાહકાં, સ્યાણાં અને ઘરસંસારી તેમજ અકકલમંદ હતા. પોતાના આ બેટા ઉપર તેવણે અવ્વલથીજ ઘણી આશાઓ રાખી હતી તેથી તેને કેળવવામાં કશી કસુર કરી નહિ. ઑ૦ દાદાભઇનાં લગન ૯ કે ૧૦ વર્ષની ઉમરે બાઇ ગુલબાઇ તે મી૦ સોરાબજી શરાફનાં બેટી સાથે મુંબઇમાં થયા હતા. તે પછી એમને મોબેદી પંથની રૂઢી મુજબ મુંબઇમાંજ ઇ.સ. ૧૮૩૯ માં હોરમસજી બમનજી વાહાડીયાજીના આતશબેહેરામમાં નાવર કીધા હતા.

ઑ૦ દાદાભઇએ પોતાની કેળવણી મુંબઇની એલફિન્સટન ઇન્સટીટયૂશનમાં લીધી હતી, તે વેળા એલફિન્સટન કૉલેજ પણ એ ઇન્સટીટયૂશનમાંજ સાથે હતી. ૧૮૪૦ માં એવણે "ફલેર સ્કૉલર"ની પદ્વિ મેળવી હતી. એ, પછી ૧૮૪૨માં એજ કૉલેજમાં નવા સ્થાપેલા નારમલ સ્કૉલરના વર્ગમાં પેહેલવેહેલા એમને દાખલ કીધા હતા. એવણ જેમ સાહિત્યમાં તેમ ગણિતમાં પણ કુશળ હતા અને એ બાબતોમાં ઇનામો પણ મેળવ્યાં હતાં. તે વેળાની બોર્ડ ઑવ એજ્યૂકેશનનાં પ્રેસિડંટ સર અર્સકિન પેરી મી૦ દાદાભાઇનો વિદ્યાઅભ્યાસ તથા ચંચળાઇ જોઇ એટલા તો ખુશી થયા હતા કે એવણને ઇગલંડ બેરિસ્ટર થવા માટે મોકલવાની ગોઠવણ કીધી અને તે માટેનો ખરચ પોતાની ગીરોથી તથા બાકીનો કેટલાક પારસી શેઠીયાઓ પાસથી મેળવવાને કબુલ કરાવ્યું, પણ એજ અઇઆમમાં એકાદ બે પારસી છોકરાઓ ખ્રિસ્તી ધર્મમાં વટલી જવાથી, પેલા પારસી મદદગારોએ સર અર્સકિનનો આ વિચાર માંડી વાળવા ફરજ પાડી હતી. તે પછી એવણને એલફિન્સટન ઇન્સટીટયૂશનમાં

* (ઇ. સ. ૧૮૯૨ ૨૩ જુલઇએ બાનબહાદુર બમનજી બેહેરામજી પટેલ તરફથી જામેમાં પ્રગટ થએલા જન્મ વૃત્તાંત ઉપરથી.)

૧૮૪૬ માં એક શિક્ષકની જગા મલી હતી. ૧૮૪૭ માં તે વેળાના નાંમાકિત પ્રોફેસર ઓર્લિબારે એવણ માટે એક ઠેકાણે કહ્યું હતું કે "મી૦ દાદાભાઇ એક પરોમિસ ઑવ ઈડિયા છે." યાને હિંદને મ્હોટી ઉમેદ આપનાર એક બેટા છે; એ આગાહી આકબત ખરીજ પડી હતી. ઇ. સ. ૧૮૪૮ માં એલફીન્સટન કૉલેજ તથા ઇન્સટીટયૂશનના વિદ્યાર્થિઓએ પોતાના ઇંગ્રેજી જ્ઞાન તથા વિદ્યાદૂનરમાં વધારો કરવાને તેમજ પોતાના દેશી ભાઇબંધોમાં જ્ઞાનનો ફેલાવો કરવાને "સ્ટુડંટસાલિટરરી એન્ડ સાયન્ટિફીક સોસાયટી" નામની મંડળી સ્થાપી હતી. તે મંડળીની પેહેલી સભામાં એવણ સરનશીન તરીકે નેમાયા હતા; તથા તેના કાયદાઓ વગેરે મુકરર કરી છેક ૧૮૫૫ સુધી તેના નાયબે સર નશીન હતા. આ મંડળી તરફથી ૧૮૪૯ ના અકટોંબર માસમાં કોટ, ધોબીતલાવ અને બાહારકોટ ખાતે છોકરીઓને કેળવણી આપવા માટે ત્રણ શાળાઓ ઉઘાડી તેમાં ૭ પારસી જુવાનીયાઓએ દરરોજ સહવારના ૭ થી ૧૦ વાગા સુધી મુફત કેળવણી આપવાનું માથે લીધું હતું. તેમાં બાહારકોટ ખાતેની નિશાળમાં એવણે ૧૦ મહિના સુધી છોકરીઓને મુફત કેળવણી આપી હતી. તે બાદ આ મંડળીને મદદ મલવાથી તા૦ ૫ મી જુલાઇ ૧૮૫૦ ને દિનથી ઉપલી સર્વ શાળામાં પગારદાર શિક્ષકો રાખ્યા હતા, આથી તે બધી શાળાઓ સહવારે ૩ કલાકને બદલે આખા દિવસની કરવામાં આવી હતી, અને તે ઉપર એવણ તથા એવણના મદદગારો દેખરેખ રાખતા હતા. એ ઉપરાંત ઉપલી છોકરીઓની શાળાને બરની તેમજ સાધારણ ગુજરાતી અને મરાઠી જ્ઞાનને લગતી ચોપડીઓ બનાવવા માટે તા૦ ૧૫ મી સપ્ટેંબર ૧૮૫૧ ને દિને સોસાયટીએ એક "બુક કમિટી" નેમી હતી, જેના ઑ૦ દાદાભઇ પ્રમુખ હતા. આ "સ્ટુડંટસ સોસાયટી" હસ્તક ઑ૦ દાદાભઇએ ૧૮૪૮ માં "ગણિત વિદ્યા શિખવાથી હાંસલ થતા ફાયદા" આ વિષય ઉપર તથા ૧૮૫૦ માં "એક શિક્ષકની ફરજ" વિષે મલી બે ભાષણો તથા ૧૮૫૪–૫૫ માં "વરાળયંત્ર" વિષે પાંચ ભાષણો કર્યા હતાં. આ મંડળીના સંબંધમાં એમની લાંબી સેવાઓને તા૦ ૧૦ મી એપ્રેલ ૧૮૭૬ ને દિને મળેલી એક સભામાં એવણને આ સોસાયટીનાં ઑનરરી મેમ્બરનું માન આપ્યું હતું. વળી એજ સોસાયટી તરફથી ગુજરાતી તથા મરાઠી ભાષામાં આપણા દેશીઓમાં જ્ઞાનનો ફેલાવો કરવાને બે શાખા મંડળી સ્થાપવામાં આવી હતી, અને તેમના નામ ગુજરાતી તથા મરાઠી જ્ઞાનપ્રસારક મંડળી આ પ્રમાણે રાખવામાં આવ્યા હતા. ગુજરાતી જ્ઞાનપ્રસારક મંડળીનાં એવા કેટલુંક સુધી સભાસદ હતા અને તે મંડળ તરફથી "જ્ઞાનપ્રસારક" નામે એક માસિ ચોપાનીયું ઇ. સ. ૧૮૪૯ નાં જુલાઇ માસ પ્રગટ કરવામાં આવ્યું હતું. તેના પેહેલા વેહેલા અધિપતિ તરીકે પણ એવણે કા ચલાવ્યું હતું. તે પછી આ ચોપાન્યું લખનારાઓને દરમાયા તરીકે ૧૮૫૩ થી ૧૮૬૪ સુધી એવણ તથા શેઠ ખુરશેદ નોશેરવાનજી કામાજી મળી દર માસે ૩ ની રકમ પોતાની ગીરોથી આપતા હ આ ગુજરાતી મંડળીમાં ઑ૦ દાદાભા પેહેલાંજ વર્ષમાં "કુદરતી ફીલસુફી" જડત્વ અથવા બેઅખત્યારી તથા સિદ્ધ પદાર્થ વિજ્ઞાન" વગેરે મળી ૭ ભાષણો તથા બીજે વર્ષે "યંત્ર ને શિલ્પ શાસ્ત્ર" ઉપર બે અને "પ્રવાહી તથા વાયૂશાસ્ત્ર" ઉપર ચાર ભાષણો કીધાં હતાં. ૧૮૫૧ માં નામદાર ગાયકવાડ મહારાજા મુંબઇ આવ્યા, તે વેળાએ તેમની સનમુખ મુંબઇના ટાઉન હૉલમાં આ મંડળી હસ્તક ઑ૦ દાદાભઇએ "ઍાલી–હાઇદરોજન માઇક્રોસકોપ" વિષે ગુજરાતીમાં રસિલું ભાષણ આપ્યું હતું. મુંબઇની એલફિન્સટન કૉલેજનાં મરનાર બાલગંગાધર શાસ્ત્રીની

ખાલી પડેલી જગા ઉપર એવણને તા૦ ૨૦ મી જનેવારી ૧૮૫૧ ને દિને ઍસિસ્ટંટ પ્રોફેસર તરીકે "બોર્ડ ઑવ એજ્યૂકેશન" તરફથી નેમવામાં આવ્યા હતા. ૧૮૫૧ માં જરથોસ્તીઓમાંથી જુદ્દાદીનોની તથા બીજી કેટલીક અણગમતી રસમો કાઢી નાખવાના ઘટતા ઉપાયો લેવા માટે ઑ૦ દાદાભઇએ મી૦ નવરોજી ફરદુનજી સાથે મળી "રાહનુમાય માજદયસનાન સભા" સ્થાપી હતી અને તેના પેહેલા બે વર્ષ સુધી એવણ ઑનરરી સેક્રેટરી તરીકે રહ્યા હતા, તથા તે સભામાં ૧૮૫૨ માં "પંચાતના અકાબર સાહેબોએ રવાંન તથા 'લગનનો ખર્ચ કરવા વિષેઆગળ શું શું કેશેસો કીધી હતી તથા આપણી ફરજો શું છે" તે વિષે એક પસરકારક રેસાલો વાંચ્યો હતો.

મુંબઇમાં "રાસ્તગોફતાર" પત્રની પ્રથમ થાપનાં એવણે તા૦ ૧૫ મી નવેંબર ૮૫૧ ને દિને કરી હતી. આ પત્ર એવણે ી૦ ખુરશેદજી નોશેરવાનજી કામાજીની છપાણી સંબંધી મદદથી એક વર્ષ સુધી મુફત ચલાવ્યું હતું. આ પત્રમાં એવણે જરથોસ્તી ઓને બામદાદની વેળાએ નિરંગ લેવાની મે લખાણો કીધાં, જેની સામે અન્યનાં જ્ઞ પત્રોમાં ઘણીક તકરારો થઇ હતી. સર્વેનાં રદીયા એવણે એક ૨૪ સફાનું પાન્યું છપાવી ૧૮૫૨ ના જુન માસમાં મુફત વેંહેંચ્યું હતું. એજ સાલના આગસ્ટ માસમાં 'બોંમ્બે એસોસએશન 'ની સભા સ્થાપવામાં ભાગ લીધો હતો. એજ વર્ષમાં એલફિન્સટન કૉલેજનાં પ્રોફેસર 'પૉટ' ને ઇંગલંડ જવા માટે બે વર્ષની રજા લીધાથી 'બૉર્ડ ઑવ એજ્યૂકેશને' એવણને તેની જગા ઉપર "ગણુતશાસ્ત્ર" અને કુદરતિ વિદ્યાના એકટિંગ પ્રોફેસર નેમ્યા હતા, પણ પ્રોફેસર પાટન ઇંગલંડ જતાં કેપ ઑવ ગુડ હોપ નજદીક મરણ પામતાં એજ સાલના ડીસેંબર માસમાં ઑ૦ દાદાભાઇને પ્રોફેસર તરીકેની નેમણુક બોર્ડે જથુકની કીધી હતી, અને તે માટે બોર્ડે પોતાના ૧૮૫૪—૫૫ ના રિપોર્ટમાં ઘણો સંતોષ બતાવ્યો હતો.

૧૮૫૫ માં ઇરાન દેશના રહેનારા ગરીબ જરતોસ્તીઓની હાલત સુધારવા માટે સ્થાપવામાં આવેલી મંડળીના કામમાં એવણે મોટો ભાગ લીધો હતો, તથા તેની કારોબાર મંડળીના ફેટલુંક સુધી એક અધિકારી હતા. એજ વર્ષમાં "સર જમશેદજી જીજીભાઇ ફિલોસોફીક ઇન્સ્તીત્યૂત" ઉભી કરવામાં આવી તેમાં એવણ શામેલ હતા, તથા તે મંડળીમાં "જ્યોતિષ શાસ્ત્ર" વિશે એક રસીક ભાષણ આપ્યું હતું. એજ સાલમાં એવણે તા૦ ૨૬ મી જુને ઇંગલંડ મધે વેપાર તથા આડતનું કામ કરવાને મેસર્સ કામાની કુંપનીના નામથી એક પેહેડી સ્થાપી મુંબઇથી મેસર્સ મનચેરજી હો. કામાજી તથા ખુરશેદજી રૂસ્તમજી કામાજી સાથે લંડન ગયા હતા. લંડન મધે આ સર્વેથી પેહેલી દેશી પેઢી સ્થાપવામાં આવી હતી. ઑ૦ દાદાભાઇએ અત્રેથી ઇંગલંડ જવા માટે પોતાના ઓધા ઉપરથી સરકાર પાસથી બે વર્ષની રજા માગી હતી, જે તેમને આપવામાં આવી નહિ, કારણ કે જે ખાતામાં (કેળવણીખાતામાં) તેમની નોકરી હતી તેથી જૂદા થાને વેપારના કારણસર તેવણ ઇંગલંડ જનાર હતા. તોપણ એમ જણાવ્યું હતું કે જે વેળાએ પ્રોફેસર દાદાભઇ ઇંગલંડથી અત્રે પાછા આવી કેળવણી ખાતામાં કાંઇ ઓધો માગશે, તો તે વેળાએ સરકાર તેવણના દાવા ઉપર ખુશીથી ધ્યાન આપશે. એવણ ઇંગલંડ ગયા તે વખતે "એલફિન્સટન કૉલેજના" વિદ્યાર્થિઓ મેસર્સ રામકિષ્ણ ગોપાળ ભંડારકર, બાલામંગેશ વાગલે અને બીજાઓ તથા સ્ટુડંટસ સોસાયટી અને જ્ઞાન પ્રસારક મંડળીની કારોબાર મંડળીએ એવણને માન પત્રો આપ્યાં હતા. એવણ વેપારનાં કામમાં પડવા ઉપરાંત તા૦ ૧ લી માર્ચે ૧૮૫૬ થી લંડન યૂનિવરસિટી કૉલેજમાં ગુજરાતી

ભાષાના પ્રોફેસર તરીકે નેમાયા હતા. તે પછી ૧૮૫૮ માં ૧૦ મી નવેંબરે એવણ ઇંગલંડથી પાછા મુંબઇ આવ્યા હતા. અને ત્રણ માસ પછી પાછા ઇંગલંડ જઇ લીવરપૂલ તથા લંડનમાં પોતાને નામની જૂદી વેપારી પેહેડીઓ કાઢી હતી. આ વખતે લંડનના સત્તાવાલાઓએ સિવીલ સરવિસની પરિક્ષામાં દાખલ થવાની ઉમરની હદ ૨૩ ઉપરથી ઘટાડીને ૨૨ વર્ષની કીધી હતી, જેથી આ પરિક્ષાના એક ઉમેદવાર મી૦ રૂસ્તમજી હીરજીભાઇ વહાડ્યા, જેવણ લંડન મધે અભ્યાસ કરતા હતા, તેમની ઉમેદ ભંગ થઇ ગઇ હતી. આ ઉપરથી પ્રોફેસર દાદાભઇએ હિંદુસ્તાન ખાતેના સેક્રેટરી ઑવ સ્ટેટ લૉર્ડ સ્ટેનલી ઉપર તા૦ ૧૮ મી માર્ચે ૧૮૫૯ ને દિને એક અરજી મોકલી ઉપલા ઉમેદવારને થએલી ગેરઇન્સાફી ઉપર ધ્યાન ખેંચ્યું હતું, પણ તે નામદારે ઉપલી ઉમરની હદમાં કશો ફેરફાર કરવાને સાફ ના પાડી; તોપણ તા૦ ૨ જી એપ્રેલ ૧૮૫૯ ને દિને એક પત્ર લખી ઑ૦ દાદાભાઇને એટલી તો ખાતરી આપી કે સિવીલ સરવિસને લગતા કાયદાઓમાં હવેથી ઘટતા વખત આગમજથી ખબર આપવા વગર કશો ફેરફાર કરવામાં આવશે નહિ. ૧૮૬૧ માં એવણે લીવરપુલની "ફીલોમાથિક સોસાયટી" ની એક સભામાં "પારસીઓની રીતભાત અને રીવાજો" વિશે એક નિબંધ વાંચી સંભળાવ્યો હતો, તથા ત્યાંની લીટરરી અને ફીલોસોફીકલ એક જાહેર સભામાં "પારસીઓના ધરમ" વિષે એક નિબંધ વાંચી સંભળાવ્યો હતો અને એ બન્ને નિબંધોનાં ચોપાનીયા પણ છપાવી પ્રગટ કીધાં હતાં. એજ સાલના ફેબ્રુવારી માસમાં મેનચેસ્ટર ચેમ્બર ઑવ કૉમર્સની એક સભા અમેરિકાની લઢાઇને લીધે ઇંગલંડ રૂ આવતો અટકો પડવા વિશે વિચાર કરવાને મળી હતી, તેમાં એવણે એક મોતેબર ભાષણ કરી હિંદુસ્તાનના રૂના ઉદ્યોગ વિષે કેટલીક સમજ આપી હતી.

ઇંગલંડ મધે જરતોસ્તીઓની સંખ્યા વધવાથી ત્યાં એક ધરમનું ફંડ ઉભું કરવાની જરૂર જણાયાથી એવણે તેમજ મી૦ મંચેરજી હોરમસજી કામાજી વગેરેએ મલી "યૂરપના જરથોસ્તઓનું ધર્મનું ફંડ" તા૦ ૩૧ મી અકટોંબર ને દિને સ્થાપ્યું હતું અને તે ફંડની કમિટીના ૧૮૬૪ થી એવણ સરનશીન નેમાયા તે હજી સુધી કાયમ છે, અને તે ફંડ એમની આગેવાની તળે વધતું હાલમાં ૧૬૦૦ પાઉંડની ઉપરનું થયું છે. ૧૮૬૩નાં સપટેંબરમાં મુંબઇ આવ્યા પછી ૧૮૬૩નાં એપ્રેલમાં એમને મુંબઇ યૂનિવરસિટીના ફેલોનું માન આપવામાં આવ્યું હતું. તાં એજ સાલમાં એવણે આગેવાની લઇ અતરેના દેશીઓ વચે રૂ ૧, ૭૫૦૦૦ ની રકમ— (જેમાં રૂ૫૦,૦૦૦ પોતે ભરયા હતા) ભરાવી તેના વ્યાજમાંથી મુંબઇના ગવરનર મારફતે હિંદુસ્તાનનાં માજી ગવરનર જનરલ લૉર્ડ કેનિંગના નામની એક 'ફેલોશિપ' સ્થાપવા માટે અરજ કરી હતી, પણ તે અરજમાં ઑ૦ દાદાભાઇ એ કરેલી માંગણી મુજબ ઉપલી રકમનું છ ટકા લેખે વ્યાજ આપવાને સેક્રેટરિ ઑવ સ્ટેટે ના પાડવાથી રદ્દ ગઇ હતી, પણ તેટલાં મુંબઇપર શેર સટાની ખુવારીનું આફત વર્સવાથી આ રકમ અપાઇ શકાઇ નહોતી. તે બાદ છ મહીને યાને તા૦ ૧૪ મી માર્ચે ૧૮૬૪ ને દિને એવણ ત્રીજીવાર લંડન ગયા હતા. ૧૮૬૫નાં એપ્રેલ માસમાં લંડન મધે હિંદુસ્તાનને લગતી રાજદ્વારી તથા બીજી લોકોપયોગી બાબતો વિષે તકરાર ચલાવી લંડનની પ્રજાના વખતો વખત નિકળતા સવાલો ઉપર આ દેશનાં લોકોનાં વિચાર તથા લાગણી જાહેર કરવાને "લંડન ઇંડીયન સોસાયટી" નામની એક મંડળી એવણનાં પ્રમુખપણા હેઠળ સ્થાપવામાં આવી હતી. આ મંડળીમાં એવણે સનદી નોકરીની પરિક્ષા વિષે એક નિબંધ વાંચ્યો હતો, અને તે વિષે મંડળીની તરફથી હિંદી વજીરને અરજીઓ કરી હતી. ૧૮૬૬

મા લંડનની "એથનોલોજીકલ સોસાયટી" ની સનમુખ ૧૪ મી ફેબ્રુવારીએ મી૦ જૅન કરાફર્ડે વાંચેલા રેસાલામાં એવું જણાવ્યું હતું કે "એશિઆખંડનાં લોકો કરતાં યૂરપ ખંડના લોકોની મનશક્તિ વધારે ચઢતી ને બલવાન છે." આ ઉપરથી તે રેસાલાનો જવાબ ઑ૦ દાદાભાઇએ તા૦ ૧૭ મી માર્ચ ને દિને એજ સોસાયટીની મળેલી બીજી સભામાં એક બીજો રેસાલો વાંચી હિંદુઓ તથા પારસીઓની મનશક્તિ કેટલી બીલી શકે છે, તેના દાખલા આપ્યા; તથા બતાવી આપ્યું કે એશિઆ ખંડમાં નિતિ, સચ્ચાઇ અને બીજી નેકીને યૂરપના સરખો દરજ્જો છે. ઇ. સ. ૧૮૬૭ માં ઇંગલંડ મધે ઇસ્ટઇંડિયા ઍસોસિએશન સ્થાપવાની આગેવાનીનું માન વાજબી રીતે ઑ૦ દાદાભાઇનેજ આપી શકાય. આ "એસોસિએશનના એવણ કેટલુંક સુધી ઑનરરી સેક્રેટરિ હતા, તેમાં પેહેલા વર્ષમાં "હિંદુસ્તાન મધે ઇંગ્રેજી હકુમત, હિંદુસ્તાન અને ઇંગલંડ બન્નેને શું ફાયદા કરનારી છે," તે વિશે એક નિબંધ વાંચ્યો." બીજો નિબંધ માયસોરનાં રાજ્યબાબે અને ત્રીજો નિબંધ એબિસીનીયાની લઢાઇના ખર્ચ બાબે વાંચ્યો હતો. ૧૮૬૮ માં એજ એસોસીએશનમાં કેળવાયલા દેશીઓને સિવિલ સરવીસમાં દાખલ કરવા વિશે, તેમજ હિંદુસ્તાનની નેહેરોના બાંધકામો વિષે બે કિંમતી નિબંધો વાંચ્યા હતા. ૧૮૬૯ માં એવણ મુંબઇ આવ્યા હતા અને તે દરમ્યાન એવણને હાથની લખેલી "ઓરતોને હક દરજ્જો"વગેરે વિષે આરટીકલો રાસ્તગોફતારમાં પ્રગટ થઈ હતી. એજ સાલમાં એવણે મુંબઇ મધે ઇસ્ટઇંડીયા એસોસિએશનની એક શાખા ઉઘાડી હતી, અને તે માટે ૩ ગુજરાતીમાં તથા એક ઇંગ્રેજીમાં ભાષણ કર્યાં હતાં. તે શાખાસભા જ્યાંસુધી એવણ મુંબઇમાં હતા ત્યાંસુધી ચાલુ હતી, તથા તેની અતરેની સભાઓમાં એવણે ૧૮૬૯ ના રના કાયદા વિશે એક નિબંધ વાંચ્યો હતો, અને જે કાયદો હિંદી વજીરે પાછળથી રદ કર્યો હતો. તે પછી એવણ પાછા ચોથી વાર ઇંગલંડ જવા નિકળ્યા, તે તકનો લાભ લઈ મુંબઇના રહેવાશીઓએ ફરામજી કાવશજી ઇન્સ્ટીટ્યૂટમાં એમને એક માનપત્તર તથા રૂ ૩૦,૦૦૦ ને આસરેની એક 'પર્સ' ભેટ આપી હતી. એ બાદ લંડન ગયા પછી ૧૮૭૦ ના જુલાઇ માસમાં લંડનની સોસાયટી ઑવ આર્ટસની એક જાહેર સભામાં "હિંદુસ્તાનની હાજતો અને સાધનો" તેમજ ૧૮૭૧ માં એજ સોસાયટી તરફથી "હિંદુસ્તાનનો વેપાર તથા નાણા સંબંધી રાજકારોબાર" ઉપર એક અગતનો વિષય વાંચ્યો હતો. એજ સાલમાં ઇસ્ટઇંડીયા ફિનાન્સ સિલેકટ કમિટિને હિંદુસ્તાનના નાણાં સંબંધી વહિવટ વિષે એક મોત્તેબર બાદી લખી મોકલી હતી. ૧૮૭૩ માં હિંદુસ્તાનની હાલત વિષેની પારલામેંટરી સિલેકટ કમિટિમાં એવણે લંબાણથી સાક્ષી આપી હતી. એજ સાલમાં ઇરાનનો નામવર શાહ ઇંગલંડ ગયો હતો તેને એમની આગેવાની તળે માનપત્તર આપવામાં આવ્યું હતું. એજ સાલમાં ઇંગલંડ મધે પ્રગટ થતા "ઓરિએંટલ" નામના ચોપાનીયામાં લખે છે કે "મી૦ દાદાભઇ નવરોજી ૧૦ લાખમાં એક બલકે પંદર કરોડમાં એક માણસ છે. બ્રિટીશ સરકારે હિંદુસ્તાનમાં દાખલ કરેલી દેશી કેળવણીનાં એક સરસ ઉઘરેલાં બાળક તરીકે આપણ એવણને માટે મગરૂર છિયે."

* ઇ૦ સ૦ ૧૮૭૪ માં વડોદરાનો રાજ્ય કારોબાર સુધારવા માટે ૧૫ માસની ટુંક મુદત બ્રિટીશ સરકારે આપી તે વેળા એમનેજ દીવાનપદ ઉપર નેમ્યા હતા. આથી ઑ૦ દાદાભઇએ તુરત ચાંપતા ઉપાયો લઇ ત્યાંના ઇંગ્રેજી રેસીડંટ તે ગાયકવાડનો હરીફ કર્નલ ફ્રેયરને, મહારાજાની તથા પોતાની વિરૂધ જતો અને મુંબઇ સરકાર ઉપર જોડી કાઢેલાં ખોટા 'ખરીતા' લખતાં જોઇ, અને આ

* નલ ભાઈની પોર્ટફોલેરી. ઑવ વેસ્ટર્ન ઇંડીયા.

સરકારને તેની તરફદારી કરેલી જાણી, તે વિશે એ ચંચળ દિવાને લૉર્ડ નૉર્થબ્રૂક પાસે ફરીયાદ ઉઠાવી, આથી વડી સરકારે મુંબઇ સરકારને વડોદરાની બાબતમાં હાથ નાખતાં અટકાવી, અને રેસીડન્ટને બરોદા છોડી બાહેર જવા ફરમાવી, તે જગ્યા ઉપર પોતાનાં ખાસ એજંટ અને કમીશનરને નેમી મોકલી તેને સધક્ષે વેહેવાર પોતાની સાથે રાખવા ફરમાવ્યું. આ પ્રસંગે ઑ૦ દાદાભાઇ વિરૂધ જોડાયલાં નાપાયદાર ખોટારાં ખુલ્લાં પાડવા એવણે "૧૮૭૪નો વડોદરાનો રાજ્ય વહીવટ" નામથી ઇંગ્રેજી ચોપાન્યું છપાવ્યું હતું. પણ આ વેળા દરબારીઓની નાલાયક સતાવણી અને હરકતોને લીધે એવણે બે વેળા રાજીનામાં આપ્યાં પણ મહારાજા મલ્હારાવે કાકલુદી કરી પાછાં ખેંચી લેવાની ફરજ પાડી હતી. પણ દરબારીઓનું જોર ઘણું વધવાથી ૧૮૭૪ નાં ડીસેંબરમાં એવણે રાજીનામુ આપી દીવાનપદ છોડ્યું જે પછી થોડી મુદતમાં રેસીડન્ટને ઝેર આપવાનો મહા રાજાપર આરોપ મેલાઇ રાજાને પદભ્રષ્ટ કરવામાં આવ્યો હતો. ૧૮૭૫ માં મુંબઇની મ્યુનીસીપલ કારપોરેશનનાં એવણને એક મેમ્બર નેમવામાં આવ્યા હતા, જ્યાં ફકત એક વર્ષ ઓધો ભોગવી પાછા ઇંગલંડ જવાને લીધે તે છોડ્યો હતો, અને તે વેળાએ કારપોરેશને એક ખાસ ઠેરાવ કરી એમની ખુબી પીછાણી હતી."

૧૮૭૬ માં ઇસ્ટઇંડીયા એસોસિએશનની મુંબઇની શાખામાં એવણે હિંદુસ્તાનની ગરીબાઇ વિષે બે ઘણા માયાકુલ નિબંધો વાંચ્યા હતા. આ નિબંધોએ આખા હિંદુસ્તાન તેમજ ઇંગલંડ મધે ચર્ચા ઉઠાવી હતી. ૧૮૮૦ માં લંડન મધે હિંદી વજીર ઉપર હિંદુસ્તાનની ગરીબ હાલત વિશે પંજાબના તથા બીજા એડમિનીસ્ટ્રેશન રિપોર્ટ ઉપરથી આંકડાઓ વગેરે ઉપજાવી કાઢી બાદીઓ લખી મોકલી હતી. એજ મુજબ ૧૮૮૧ માં હિંદી દુકાલ કમિશનના રીપોર્ટ ઉપર કેટલીક મુજાહેમતો કરી ને વિશેની એક લંબાણ બાદી હિંદી વજીર ઉપર મોકલી હતી. તે બાદ ૧૮૮૨ માં પાછાં મુંબઇ આવ્યા હતા અને તે સાલનાં અકટોંબર માસમાં લૉર્ડ રીપનની સરકાર તરફથી નેમાયલાં ડૉકટરવાલા કેળવણીનાં કમીશન જોગ આ બલાકાની કેલવણી વિશે એક બાદી મોકલી હતી. ૧૮૮૩ માં એવણને પાછા મુંબઇની મ્યુનિસીપાલ કારપોરેશનનાં કર ભરનાઓ તરફના એક સભાસદ ચુંટી કાઢવામાં આવ્યા હતા, જે ઓધો ૧૮૮૬માં પાછા ઇંગલંડ ગયા સુધી તેવણે ચલાવ્યો હતો. હિંદુસ્તાનના વર્તમાનપત્રોની મારફતે બાહેર પડતો પ્રજા પોકાર ઇંગલંડના તેમજ અતરેનાં સત્તાવાલાઓમાં સારી પેઠે જાણીતો કરવા માટે સધળા છાપા મતનાં ઇંગ્રેજીમાં સંગ્રહતું "વૉઇસ ઑવ ઇંડીયા" નામે એક માસીક ચોપાન્યું તા૦ ૧ લી ફેબ્રુવારી ૧૮૮૩ થી એવણે મી૦ મેહેરામજી મેહેરવાનજી મલબારી સાથે અતરે પ્રગટ કરવા માંડ્યું હતું.

૧૮૮૫ માં ૧૭ મી સપટેંમબરે નામદાર ગવરનર લૉર્ડ રેએ એમને મુંબઇની લેજીસલેટિવ કાઉનસીલના એક અધિકારી નેમ્યા હતા. જેથી મુંબઇની સર્વે દેશી કોમોમાં મોટો સંતોષ ઉપજ્યો હતો. એજ સાલનાં અકટોંબર માસમાં મુંબઇની મ્યુનિસીપલ ટાઉન કાઉનસીલનાં એવણને મ૦ નવરોજી ફરદુનજીની જગા ઉપર કારપોરેશને એક અધિકારી તરીકે ચુંટી કાઢયા હતા, તેમજ એજ સાલમાં મુંબઇની પારસી ચીફ મેટરીમોનીયલ કોર્ટનાં એવણને સભાસદ તરીકે નેમ્યા હતા. એજ સાલમાં એવણને પારલામેંટની આવતી ચુંટણીમાં હિંદુસ્તાનના લાભો જાળવવા વિશે અતરેની પ્રેસીડન્સી એસોસિએશનની જાહેર સભામાં એક ભાષણ કીધું હતું. તે વેળા છઠી વાર તા૦ ૨૬ મી માર્ચ ૧૮૮૬ ને દિને ફરી ઇંગલંડ ગયા, અને પાર્લામેંટની

આવતી ચુંટણીમાં એક સભાસદ તરીકે બેઠક મેલવવાને હોલબર્ન શેહેર તરફનાં પ્રતિનીધી તરીકે બાહેર પાડયા હતા. આથી તેમનાં તરફ આ દેશની પ્રજાનો મ્હોટો વિશ્વાસ જાહેર કરવાનો એક ઠરાવ તા૦ ૨૯ મી જુન ૧૮૮૬ ને દિને પ્રેસિડન્સી એસોસી-સીએશનની મારફતે અતરે મળેલી એક જાહેર સભામાં પસાર થયો હતો. એજ મુજબ લંડનના ટાઉન હૉલમાં પણ એમની ઉમેદવારી બાહાલ રાખવાના ઠરાવો પસાર કરવાને તેમજ કલકત્તા, કરાંચી, સૂરત, ભરૂચ, પૂના, અહમદનગર, ધારવાડ વગેરે હિંદુસ્તાનના મુખ્ય શેહેરોમાં પણ એજ મુજબ ઠરાવો પસાર કરવાને જાહેર સભાઓ મળી હતી. વળી એવણે હોલબર્ન શેહેરના પોતાની ચુંટણી કરનારાઓ સનમુખ ત્યાંના ટાઉન હૉલમાં તેમજ સ્ટોર સ્ટ્રીટ હૉલમાં તથા ઓલ્ડફ્રેડઝ હૉલમાં અને ફ્રિનિક્ષ હૉલમાં જૂદાં જૂદાં ભાષણો આપ્યાં હતાં. પણ તા૦ ૬ઠી જુલાઇ ૧૮૮૬ ને દિને થએલી એ ચુંટણીમાં એવણને ૧૯૫૦ તથા એમના હરીફ કર્નલ ડનકનને ૩૬૫૧ મત મલવાથી એવણ એ બેઠક મેલવવાને નિરાશ્રળ નિવડયા હતા. તે પછી તા૦ ૧૩મી અકટોબરે મેનચેસ્ટર રિફોર્મ કલબ તરફથી હિંદુસ્તાનની રાજદ્વારી સ્થિતિ વિશે એવણે એક ભાષણ કીધું હતું. તે પછી નવેંબર માસમાં એવણ પાછા મુંબઇ આવવા નિકળયા તે આગમજ નૉર્થબ્રુક ઇંડીયન કલબે લૉર્ડ રિપનના પ્રમુખપણા હેઠળ એક જયાફત એવણને આપી હતી, તથા નેશનલ લીબરલ કલબનાં સભાસદોએ એમને એક માનપત્તર આપ્યું હતું. તે પછી તા૦ ૬ઠી ડીસેંબરે પાછા મુંબઇ આવી પુગા હતા અને હિંદુસ્તાનને લગતા રાજદ્વારી સવાલો ઉપર તકરાર કરવાને કલકત્તા મધે તા૦ ૨૮મી ડીસેંબરે મળેલી આ દેશના જૂદા જૂદા ભાગો તરફનાં પ્રતિનિધીઓની બીજી નેશનલ કૉંગ્રેસનાં પ્રમુખનું મ્હોટું માન એમને મળયું હતું. એ બાદ ત્રણ મહીના રહીને તા૦ ૧૧મી માર્ચ ૧૮૮૭ ને દિને ઈંગલંડ ગયા હતા. ૧૮૮૭ નાં આગસ્ટ તથા સપટેંબર માસનાં લંડન "કનટેમપરરી રિવ્યુ" ના અંકોમાં એવણે મધરાસના માજી ગવરનર સર થોંડ ડ્રેક હિંદુસ્તાનના દેશીઓ વિશે કરેલાં લખાણોનાં જવાબમાં હિંદુસ્તાનની ગરીબાઇ વિષે વિષયો લખ્યાં હતા. એજ વર્ષનાં નવેંબર માસમાં ઑ૦ દાદાભઇના હિંદુસ્તાનને લગતી રાજદ્વારી બાબદો વિષેનાં લખાણો, ભાષણો વગેરેનું ઇંગ્રેજીમાં એક પુસ્તક મરહુમ ચુનીલાલ લલુભાઇ પારખે પ્રગટ કર્યું હતું. ૧૮૮૮ નાં ફેબ્રુવારી માસમાં ચાંદીના ચલણ માટે તપાસ કરવાને મળેલા બાદશાહી કમીશન સનમુખ જબાની આપવાને એવણને બોલાવ્યા હતા. લૉર્ડ હર્શલ અને મલત્યાઓએ એમનાં ઉપર લખી જનાવ્યું હતું કે "ધી ટાઇમ્સ" અને 'ડેલીન્યૂઝ'માં આવેલાં એમના પતરો વાંચીને એમનાં ચલણી નાણા સંબંધી વિચારો જાણવાને કમીશનને બાહેશ થઇ છે." એજ વર્ષનાં માર્ચ માસમાં નૉર્થ આઇર્લિંગટન લીબરલ કલબનાં નેશનલ કૉંગ્રેસની બાબદમાં તથા અકટોંબર માસમાં સેન્ટ્રલ ફ્રીન્સબરીમાં જરથોસ્તી ધર્મ વિષે એક જાહેર ભાષણ કીધું હતું. આ ભાષણનો ટ્રેન્ચ જબાનમાં તરજુમો ધરમ તથા ફીલસુફીને લગતા એક સ્વિસ ચોપાન્યામાં પ્રગટ કરવામાં આવ્યો હતો. આજ સાલની આખેરીમાં એવણ ઉપર તે વેળાના વડા પ્રધાન લૉર્ડ સૉલ્સબરીએ એક ઘણો નાલાયક હુમલો કીધો હતો. એડીનબરો ખાતે એક ભાષણ કરતાં સેંટ્રલ ફિન્સબરી તરફથી પાર્લામેંટમાં જવાની એવણની ઉમેદવારી વિષે આ પ્રધાનને પોતાના ભાષણમાં બોલવું પડયું હતું, પણ તેમ કરતાં તેણે ઑ૦ દાદાભાઇને "એક કાલો માણસ" કહીને જાણે તુચ્છકાર્યા હતા; એટલુંજ નહિ પણ દેશીઓની કાલી ચામડીની સુગ નીચલા

અપમાન ભરેલા બોલોમાં જાહેર કીધી હતી:— "હું નથી ધારતો કે આપણી તરફ વાત એટલી અણી સુધી વધી ગઇ હોય, કે જેથી ઇંગલંડના ઇલેકટરો પાર્લામેંટમાં એક કાલા માણસને ચુંટી કાઢે એવી રીતે એમની છીટ નીકળી ગઈ હોય." આ ઉપરથી ઇંગલંડ તેમજ હિંદુસ્તાનમાં ઘણી ચર્ચા ઉઠી હતી અને લંડનમાં એ બાબે દિલસોજી બતાવવા ત્યાંની નેશનલ લિબરલ કલબ તથા ન્યૂકયાસ્ટલ લિબરલ કલબે એમને ફેબ્રુવારી ૧૮૮૯ માં જાહેર ખાણા આપ્યા હતાં. એ "કાલા આદમી" ની તકરારનાં સંબંધમાં "પૉલમેલ બજેટ" માં ઑ૦ દાદાભાઇની તરફેણમાં થયલાં લખાણોનો સંગ્રહ તે પત્રવાલાએ એમની ઉપર મોકલવાથી એવણે તેનો બેહદ ઉપકાર માનનારો જે જવાબ તેના ઉપર મોકલ્યો હતો તે પત્રની એક "ફેક—સીમીલી" યાને ઑબેહુબ નકલ ઑ૦ દાદાભાઇનાં પોતાનાંજ હાથ દસ્તખતમાં "પેલમેલ બજેટના" તા૦ ૧૩ મી ડીસેંબર ૧૮૮૮ નાં અંકમાં પ્રગટ થઇ હતી. ૧૮૯૦ માં તા૦ ૨૩ મી એપ્રેલને દિને શેફીલ્ડના લોકોની બાહેશથી હિંદુસ્તાન સાથે તેમનો વેપાર વધારવા બાબે એવણે એક જાહેર ભાષણ આપ્યું હતું. ૧૮૯૧ નાં આગસ્ટ માસમાં લંડન મધે ભરાયલી આરોગ્યતા શાસ્ત્રની કૉંગ્રેસમાં હિંદુસ્તાનના એક પ્રતિનિધી તરીકે એવણ બીરાજ્યા હતા. તે પછી ૧૮૯૨ માં ૧૩ મી જુલાઇએ ૨૯૫૯ મતે સેંટ્રલફીન્સબરી તરફથી ચુંટાઇ પાર્લામેંટમાં પેહેલ વેહેલા દેશી સભાસદ હિંદ વિશેની ઉંડી દાઝ અને જ્ઞાન ધરાવનાર તરીકે બીરાજ્યા હતા. આજ સાલની આખેરીમાં એવણે હિંદુસ્તાન તરફ આવવાનો ઠેરાવ કર્યો પ્રથમ પોતાના જન્મ વતન મુંબઇમાં મુબારક કદમ મેળતાં દેશ પરદેશની પચરંગી કોમે "ભરત તોલ દેવતાઇ માનથી એમને વધાવી લીધા હતા." તે વખતના જેવું માન એમના તરફની પ્રજાની

ફીદાગિરી અને વિશ્વાસ તથા ઉલ્હાસ આગળ કદાચજ રાજવંશો શાહજાદાઓને અપાતા માન પ્રસંગે જોવામાં આવ્યો હશે. તે પછી એવણે હિંદુસ્તાનના જાણીતાં શેહેરોની મુલાકાત લીધી, તે દરમ્યાન એમને ઠામેઠામ અને મુસાફરીમાં માર્ગે દરમ્યાન બેહદ ફીદાગીરીભર્યું દેવતાઇ માન આપવામાં આવ્યું હતું કે જેનું વર્ણન ખાસ તે વખતના વર્તમાન પત્રો તથા ચોપાનીયામાં લંબાણથી દર્શાવવામાં આવ્યું હતું.

દાદાર—બલુચિસ્તાનનાં કચ્છી પ્રાંતનું મુખ્ય શેહેર, બોલોન નદી કાંઠે બોલોનઘાટની પૂર્વે પાંચ મૈલ ઉપર છે. આ શેહેર ૭૦૦ ફીટ ઉપર છે. વસ્તી ૨૦૦૦ની છે. એની આસપાસ ઉંચી ટેકડીઓ ફરી વળેલી હોવાથી અત્રે બેહદ તાપ પડે છે. આ શેહેર આસપાસના ભાગમાં ઘઉં, રૂ, કાકડી વગેરે પુશ્કળ પાકે છે.

દાદુ પંથી—હિંદુઓમાં વૈષ્ણવી શાખાનો એક પંથ. આ પંથનો મૂળ પુરૂષ રામાનંદ હતો અને તેના પછી પાચમો પુરૂષ દાદુ થયો. દાદુનો જન્મ અમદાવાદમાં ઇ. સ. ૧૬૦૦નાં સુમારમાં થયો હતો. એ બચપણમાં અમદાવાદ તથા અજમેરમાં કપાસ વિણવાનો તથા સાફ કરવાનો ધંધો કરતો હતો. આ પંથી મારવાડ તથા અજમેરમાં પુશ્કળ વસે છે. એમનું મુખ્ય યાત્રાસ્થાન જેપૂરથી ૪૦ મૈલ ઉપર 'નારાયના'માં છે. એઓ શબને બાળે છે. એમના માહેલા નાગા નામની જાતનાં લોકો રાજ્યોમાં સીપાહગીરીનો ધંધો કરે છે.

આ પંથના લોકો કપાળ ઉપર તિલક કરતા નથી. તેઓ માથા ઉપર ચાર ખૂણા ધરાવનારી ઉભી ટોપી પેહેરી પાછળ ઝુલતો પરદો રાખે છે, તે ઉપરથી તેઓ દાદુ પંથી તરીકે ઓળખાય છે. દાદુએ 'વેદાંતપર વિચાર સાગર' નામે ગ્રંથ હિંદુસ્તાની ભાષામાં રચેલો આ પંથના લોકો પૂજ્યભાવથી તેને માને છે. એનો શિષ્ય સુંદર નામે જાણીતો થઇ ગયો છે.

દાદુખાન પાની—ખ્વીજરખાન પાનીનો એ બેટો. દાદુખાન દક્ષિણમાં પોતાની બહાદુરી અને પરાક્રમો માટે મ્હોટી પ્રસિદ્ધતા પામ્યો છે, અને હજી તેનાં નામ સાથે દક્ષિણ હિંદુસ્તાનમાં અનેક દંતકથાઓ પ્રસિદ્ધ છે. એણે આલમગીરની દરબારમાં લાંબો વખત સુધી લઢવૈયા તરીકે નોકરી બજાવી હતી, અને જ્યારે બહાદુરશાહે દખણથી સ્વદેશ જતાં અમીર ઉલ ઉમરા, ઝુલ્ફકારખાનને રાજ્ય સત્તા સોંપી ત્યારે દાદુખાન તેનો ખાસ સરદાર હતો. ફરૂખશિઅરના અમલમાં જ્યારે અમીર ઉલ ઉમરા હુસેનઅલીખાને દખણ તરફ પગલાં ભર્યાં, ત્યારે દાદુખાનને શેહેનશાહ તરફથી છુપો પેગામ મલ્યો કે અમીર ઉલ ઉમરાને પ્રપંચથી કતલ કરવો. જ્યારે ઝરહાનપૂરમાં અમીર ઉલ ઉમરા આવ્યો ત્યારે દાદુખાન તેને સામો લેવા ગયો. ત્યાં થએલી ઝપાઝપીમાં દાદુખાન પોતાના હાથી ઉપર જખમી થઇ માર્યો ગયો. આ બનાવ ઇ. સ. ૧૭૧૫ માં બન્યો હતો.

દાદોબા પાંડુરંગ તર્ખડકર-રાવબહાદુર—આ વિદ્વાન કુશળ પુરૂશનો જન્મ ૧૮૧૪ માં થયો હતો. પ્રથમ મરાઠી સ્વભાષા ભણી સોસાયટિની શાળામાં ઇંગ્રિજી અભ્યાસ કરી સાથે સાથે સંસ્કૃત, ફારસી, તેલંગી વગેરે ભાષાનો અભ્યાસ કરવા માંડી તેમાં કુશળતા મેળવી ૧૮૩૬ નાં જાનેવારીમાં જાવરાના નવાબના શિક્ષક તરીકે નેમાયા; ૧૮૪૨માં સૂરતની ઇંગ્રેજી નિશાળમાં મુખ્ય શિક્ષક બની ૧૮૪૫ માં સુપ્રિટેનડન્ટ તરીકે નેમાયા હતા. તે વેળા પોતાની વિદ્વત્તા અને અનુભવથી શિક્ષણ ખાતામાં સુધારા કર્યાથી 'સર અરસ્કિનપેરી' ની શિફારસથી અહમદનગરના ડેપ્યૂટી કલેકટરની જગાપર નેગણુક થઇ હતી. આ ઓધાપર હતા તે વેળા ભિલ્લ નાયક 'પદાજી' એ બધે ત્રાસ ફેલાવી કેપટન હેન્રિ નામના પોલીસ સુપ્રિટેનડન્ટને હાર કર્યાથી ભિલ્લ લોકોની મારફાડનો બંદોબસ્ત દાદોબાને સોંપવામાં આવ્યો, જે કામ અતિ કુશળતાથી બજાવ્યું હતું. ૧૮૬૨ માં પેનશન ઉપર જઇ રહ્યા પણ તે વેળા વેપારમાં ઝીપલાવતાં તેમાં નાણું ખોઈ દીધાથી વડોદરાના મહારાજા ખંડેરાવનાં આશ્રયમાં જઇ રહ્યા, પણ ત્યાંના દરબારી ખટપટને લીધે ઝાઝાં વર્ષો નોકરી બજાવી શક્યા નહિ અને તે પછી મુંબઇ આવી ફરી મરાઠી ટ્રાન્સલેટરની જગ્યા ઉપર સર અસ-સ્કિન પેરીએ પેનશનર છતાં એમને નેમ્યા હતા.

દાદોબા મરાઠી, ગુજરાતી, ઉર્દુ, સંસ્કૃત, ઇંગિલીશ, ફારસી, તેલંગુ, તામીલ વગેરે ભાષામાં કુશળ હોવાથી એવણે વિદ્યાજ્ઞાનના ઉત્તમ ગ્રંથો બનાવ્યા હતા. પ્રથમ મરાઠી વ્યાકરણ ૧૮૩૬ માં રચી પ્રગટ કર્યું હતું જેની હાલમાં ૮ મી આવૃતિ મ્હોટા સુધારા વધારા સાથની નજરે પડેછે. તે ઉપરાંત શાળોપયોગી નકશા, વિધવા રૂધન, ફારસી વ્યાકરણ અને બીજાં સંસ્કૃત ગ્રંથો, કેકાવલી, આર્યા વગેરે રચ્યાં હતાં. તેમજ દાદોબાએ પરમહંસ સભાની સ્થાપના કરી હતી. મરણ ૧૮૮૨ માં ૧૭ મી અકટોબરે મુંબઇમાં નિપજ્યું હતું.

દાન—આ શબ્દ ફારસીમાં દાસ્તાન ઉપરથી યાને ધરવું યા લેવા ઉપરથી નિકળ્યો છે, યાને દાસ્તાન. એટલે જાણવું, જેમકે અત્તર દાન યાને અત્તરની બાટલી; કલમદાન યાને કલમ રાખવાનું વાસણ, તેમજ નાદાન યાને અંજાણ. સંસ્કૃતમાં દાન એ આપવા માટે વપરાય છે, જેમકે દાન-પાન યાને સખાવત કરવી.

દાનીયલ—બખ્તીયાર પર્વતની ખીણમાં સુસાના ખંડીયરમાં દાનીયલની કબર છે. મોહમેદનો એને એક આગલા જમાનામાં થઇ ગએલો પેગંબર તરીકે માનેછે. એની વિદ્વત્તા માટે અનેક દંતકથાઓ પ્રસિદ્ધ છે.

દાનીયલ મિર્ઝા—**સુલતાન**— શેહેનશાહ અકબરનો ત્રીજો બેટો, એનો જન્મ અજમેર ખાતે ૧૦ સપ્ટેંબર ૧૫૭૨ માં થયો હતો. એનું નામ દાનીયલ રાખવાનું કારણ એ

મલ્યું કે એનો જન્મ એક દરવિશ શેખદાની-યલનાં પવિત્ર મકાનમાં થયો હતો. એની માતા રાજા બિહારીમલ કચ્છવાની કુંવરી હતી. એના ભાઈ સુલતાન મુરાદના મોત પછી એને અકબરે દખણના લશકરના સરદાર તરીકે મોકલ્યો કે નિજામશાહી રાજ્ય ઉપર કાબુ મેળવી શકયો હતો. એણે ૧૬૦૦ ની શરૂઆતમાં અહમદનગર જીતી લીધું તે પછી ૧૬૦૫ માં ૮મી એપ્રેલે બરહાનપૂરમાં એનું મોત નીપજ્યું હતું. એનું બર જુવાનીમાં મરણ નિપજવાનું કારણ હદબહાર દારૂ પીવાની લાગુ પડેલી માઠી ટેવનું પરીણામ હતું. બીજા તવારીખનવેશો મુજબ એનું મરણ ૧૦૧૨ માં નિપજ્યું હતું.

દાનીશમંદ ખાન—આ ઇરાની વેપારી ૧૬૪૬ માં પ્રથમ સૂરત ખાતે આવ્યો હતો, જ્યાંથી એ શહાજહાનની દરબારમાં ગયો. ત્યાં એને લશકરના પગાર વેહેચનારની પદ્વિ આપવામાં આવી તથા તે પછી ૩૦૦૦ ના સૈન્યના સરદારનો ઓધ્હો બક્ષવામાં આવ્યો હતો. તે પછી દાનીશમંદનો એલકાબ આપી, આલમગીરના અમલમાં ૪૦૦૦ ને થોડી મુદત પછી ૫૦૦૦ના લશકરના સરદાર તરીકે નેમાયો હતો. છેલ્લે શહાજહાનાબાદ શેહેરના હાકેમ તરીકે નેમવામાં આવ્યો હતો. એનું મરણ ૧૬૭૦ નાં જુલાઇ માસમાં નિપજ્યું. એ ખ્રીસ્તી ધર્મ તકરારમાં ઘણો ભાગ લેતો હતો. ૧૬૬૪ માં આલમગીરની કાશમિર તરફની મુસાફરી દરમ્યાન બરનર નામે ફ્રેન્ચ મુસાફર સાથે હતો, જેને દાનીશમંદ ખાન સાથે ઘાડી મિત્રાચારી થઇ હતી.

દાનુ—*એક તુરાની ટોળાનું નામ. આવાં-યષ્ટમાં એઓને દાનવતૂર એમ કહ્યોછે. 'પ્રેફેસર દાઉસન' નાં શબ્દકોષ મુજબ 'દાનુ' થા ઉતરી આવેલા દેવો સામે લઢનાર દૈત્યો. શ૦ એ૦ જીવનજી મોદીનામત મુજબ એ સિથીઆમાં આવેલો એક ટોળો હતો, કે જે વારે ઘડીએ ઇરાન ઉપર હુમલો લાવી

*અવસ્તાના વિશેષ નામોની ફરહંગ ઉપરથી.

ઇરાનીઓને હેરાન કરતો. હખામનીશ્યાન વંશનો પાદશાહ દરાયસ સિથીયામાં જે હુમલો લઇ ગયો હતો તે એવા એક તાયફા ઉપર દિસેછે. આ દાનું તાયફાનું નામ હજી સિથીઆ ના મુલક તરફ આવેલી હાલની રશિયન નદીઓ દેન્યૂબ, ડીનપર, ડેનસ્ટર, ડૉન વગેરેમાં મળે છે. દાન્યુબ નામની ઉત્પતિ કદાચ દાનુ ઉપરથી હોય એમ સંભવિત દિસે છે. એ તાયફો ઘણો મ્હોટો હશે, ને તેઓનું એ નામ પશ્ચિમમાં છેક ડેનમાર્ક દેશમાં મળેછે, તે ઉપરથી દિસેછે. ડેનમાર્કનો અર્થ દાનુ પ્રજાનો મુલક થઇ શકે. દાનુ તાયફો જે એ નદીવાલા મુલકમાં વસતો હતો તેનું નામ પોતાના ઇરાની શબ્દ દાનુ આબ સાથે જોડી નામ આપ્યું હોય જે પાછળથી દાન્યૂબ થયું હોય.

દાને કયલ—ઉત્તર આફ્રિકાના કિનારા ઉપર વસ્તી એક પ્રજા. તેઓ માસોહ્યાથી તાજુ-રાહ્ને સુધી અને દક્ષિણ પશ્ચિમથી શોઆ સુધી વસે છે. તેઓ પથિઓપિક હોમિ-ટિસને લગતા છે, અને તેઓ આરબ લોહી સાથે સગપણ ધરાવે છે. તેઓ વેરાનમાં ટોળાઓ થઇ રહે છે અને કારવાનો અથવા વેપાર ધંધો કરે છે.

દાપોલી—રત્નાગિરિ જીલ્લાનું એક પ્રગણું. આ પ્રગણું જીલ્લાના છેક ઉત્તર ભાગમાંછે. એની પૂર્વે કોલાબા, ઉત્તરે જંજીરા અને કોલાબા, દક્ષિણે વશિષ્ટ નદી અને પશ્ચિમે અરબી સમુદ્ર છે. એનું ક્ષેત્રફળ ૫૦૫ ચોરસ મૈલ હોઇ તેમાં વસ્તીમાં ૧૪૧૦૧૨ ની છે. તેમાં ૨૪૭ ગામો છે. લોક વસ્તીમાં ૬૫૮૪૬ પુરૂષો ને ૭૫૧૬૬ સ્ત્રીઓ છે. વસ્તીમાં ૧૨૩૮૩૬ હિંદુઓ વસે છે.

એનું મુખ્ય શેહેર દાપોલી સમુદ્ર કાંઠેથી પાંચ મૈલ ઉપર હોઇ તે સમુદ્ર સપાટીથી ૬૨૦ ફીટ ઉપર છે.

દાભ—હિંદુઓમાં પવિત્ર મનાતું એક પ્રકા-રનું ઘાસ. રોહિલખંડમાં એને દબાસા કહે છે, અને ત્યાંની પૂજાપત્રીમાં તેને વાપરે છે. દુર્વાને મળતું લગભગ તેનું જ બીજું રૂપ છે.

દાબગર—આ એક અનાર્ય પ્રજની શાખા. એઓનો મુખ્ય ઉદ્યોગ ધી ભરવાના ચામડાનાં ડબ્બા બનાવવાનો છે.

દાબુલ મંદિર—લંકામાં કાલાઓયા નદી કાંઠેના પહાડમાંથી આ મંદિર કોતરી કાઢેલું છે. આ મંદિર પ્રાચીન કાળનું હોઇ તેની કુન્નરમંદી અજાયબી પમાડનારી છે. એની લંબાઇ સુમારે ૧૧૦ અને પોહળાઈ ૫૦ હાથની છે. એમાં બુદ્ધની અનેક મૂર્તિ છે, તેમાં એકતો વિશ્રાંતિ લેતિ પડેલી હાલતમાં છે, જેની ઉંચાઇ ૨૫ હાથથી વધારેની છે. દેવાલયનું છત્ર રંગીન કાપડથી બનાવેલું છે, અને ભિંત ઉપર વિજય રાજાનું લંકામાં આગમન, બહિદોનો ધર્મોપદેશ, દુત્તગિમુનુ તથા ઇલાલની લઢાઇ અને બૌદ્ધ ધર્મ પ્રતિહાસમાંની બીજી વાતો સૂચક રંગીન ચિત્રો દોરેલાં છે. ઉપલા પહાડ ઉપરથી જે પાણી પઝરે છે તે એક કુંડમાં એખઠું કરવામાં આવે છે અને તેને ગંગાના પાણી જેવું પવિત્ર માનવામાં આવે છે. આ મંદીરમાં બુદ્ધની તથા હિંદુઓના દેવતાઓની મૂર્તિઓ એક હારમાં ગોઠવેલી છે અને તે સર્વેની પૂજયબુદ્ધિથી પૂજા કરવામાં આવે છે.

'વલગમબાહુ' નામે રાજાએ આ મંદિર માટે મ્હોટી ચાલુ મદદ કરી આપવાથી તેની મદદગારીની ત્યાં એક છત્રી બંધાવેલી છે. ઇસવીસનની બારમી સદીમાં મલબાર પ્રાંતના લોકોએ લંકા ઉપર સ્વારી કરવાથી આ દેવળનો નાશ થયો હતો, પણ 'પ્રાતિનિસંગ' રાજાએ બેહદ દ્રવ્ય ખરચી તેની મરામત કરાવી હતી. આ તેની ઉદારતાની યાદગારીમાં દેવાલયનાં ચોકનાં બારણાં ઉપર તેનું નામ કોતરેલું છે. તેણે આ દેવાલયમાં બુદ્ધની ૭૨૦૦૦ મૂર્તિઓ બેસાડી હતી એમ 'રાજાવલી'માં વર્ણવેલું છે.

દામ—હિંદુસ્તાનમાં અગાઉ વપરાતું એક ત્રાંબાનું ચલણ. અકબર પાદશાહના અમલમાં ૪૦. દામનો ૧ રૂપીયો ગણાતો હતો. આ દામ ૫ ક્રાંકનો થતો, યાને ૧ તોલો, ૮ માસા અને ૭ રતીનો થતો. આઇને અકબરીમાં ૪૦ દામનો રૂપ્યો જણાવ્યો છે; પણ પ્રજામાં તે ૫૦ ટકાનો ગણાતો. આલમગીરના વખતમાં ૪૬⅔ દામ અને તે પછી ૮૦ થી ૯૦ દામનો એક રૂપ્યો ગણાતો હતો.

દામની રમત—અસલી ઇજીપશિયનો દામની રમતથી માહિતગાર હોવા જોઇએ, એમ ત્યાંથી ૩૦૦૦ વર્ષ ઉપરની મળી આવેલી તખતીઓ ઉપરથી જણાય છે. આ તખતીમાં દામ રમતા મનુષ્યોના આકારો નજરે પડે છે. અસલી યૂનાની (ગ્રીક) પ્રજા પણ આ રમતમાં માહિતગાર હતી અને તેની પાસથીજ રોમનો તે શિખ્યા હતા. રોમન દેશમાં અસલથી રમાતી રમતને તેઓ "લાગુનકુલી' કહેતા હતા કે, જે રમતને ઘણી ખરી મળતી આવતી હતી. આસરે સવાત્રણ સદી ઉપર ફ્રાન્સ તથા સ્પેનમાં દામની રમત ઘણી જાણીતી અને માનીતી હતી, અને ઇંગલંડમાં તો તે આગમજની માનીતી રમત થઇ પડી હતી. ફ્રેન્ચ ભાષામાં દામની રમતને "જુડી દામ" કહે છે અને તે ઉપરથી ચાલુ નામ પ્રચારમાં આવ્યું. આગળ ઇંગ્રેજો પણ એને 'ડામ' કહેતા પણ હાલમાં 'ડ્રાફ્ટ' કહે છે. જર્મનો 'દામસ્પીલ' ને વલંદા દામના પાટીયાને 'દામબોર્ડ' કહે છે, તથા સ્કોટીશો દામના પાટીયાને 'દામબ્રોડ' કહે છે.

આગલ જમાનામાં ૧૦૦ બાનાવાલા પાટીયા ઉપર ૪૦ સોટકાંથી આ રમત રમાતી હતી.

આસ્ટ્રેલિયા, ફ્રાન્સ અને ઇંગલંડ વગેરે દેશોમાં દામની રમતની જાણીતી કલબો છે અને ત્યાં દામની રમત માટેનાં ખાસ ચોપાનીયાં વટીક પ્રગટ થાય છે કે જેમાં દામની રમત વિષેનુંજ જ્ઞાન આપેલું હોય છે.

દામાજી પંત—આ વિઠોબાનો પરમભકત બ્રાહ્મણ ૧૫૫૧ માં મંગળવેઢા ગામમાં ઠાણદાર તરીકે હતો. એ પોતાના પ્રમાણિક-

પણા માટે તથા પવિત્રાઇ માટે પ્રસિદ્ધ હતો. એક સમે દુકાળ પડતાં એણે બેદરના બાદશાહના હુકમ વિના પ્રજામાં સરકારી ધાન્યનાં કોઠારમાંથી સર્વ ધાન્ય મૂફત વેંહેંચી આપ્યું. આથી એને કેદ કરવામાં આવ્યો. તેટલાં વિઠોબા દેવે એનીપર પ્રસન્ન થઇ એનાવતી દરબારમાં મહારને વેશે જઇ ૭૦૦ ખાંડી અનાજનાં પૈસા ચુકવી એને બંદ મૂકત કર્યો હતો. તે પછી એણે બાદશાહી નોકરી છોડી પંઢરપૂરમાં જઇ વિઠોબાની ભક્તિમાં જીંદગી ગુજારી હતી.

દામાર—આ કિમતી વૃક્ષ આસ્ટ્રેલિયામાં ચાર જાતનું ઉગે છે, અને તે શિવાય મલાયા આર્ચિપેલેગો, ઓર્નિયો અને ફિલિપાઇનમાં એ અતિ ઉંચા વધે છે. એના પાંદડા ચીવટ, લવલચીત હોઇ આ વૃક્ષમાંથી ગુંદર જેવો પ્રવાહી મળે છે. એનું લાકડું ઘણુંજ હલકું હોય છે. એના ગુંદરમાંથી પારદર્શક વાર્નિસ બનાવવામાં આવે છે, જે ઘણું કિમતી ગણાય છે. એનો રસ ડામરને થોડે અંશે મળતો આવે છે, અને તે ડામર પ્રમાણેજ ઉપયોગમાં લેવાય છે.

દામોદર—(૧) આ નદી બંગાલમાં છોટાનાગપૂરમાંથી નિકળી દક્ષિણ પૂર્વે ૩૫૦ મૈલનું વક્ર વલાણ લઇ વહેતી હુગલીને મળે છે. એની આસપાસ કોલસાની તથા લોઢાની અનેક ખાણો છે.

(૨) કાશ્મિરનો આબીજો રાજા ૪૦ સ૦ પૂર્વે ૨૪૪૨ (કલીયુગના ૬૮૮ મે વર્ષે, વિલ્સન મુજબ ૪૦ સ૦ પૂર્વે ૧૪૦૦ માં) ગાદીનશીન થયો હતો. ગાંધાર દેશના રાજાએ પોતાની પુત્રીનું સ્વયંવર કર્યું તેમાં વૃષ્ણિ કુળના (યાદવ) રાજાઓને તેડવાથી એને ગુસ્સો ચઢયો, આથી એણે તે દેશપર ચઢાઇ કરી લઢતાં માર્યો ગયો હતો. એણે ૩૫ વર્ષ રાજ્ય અમલ ભોગવ્યો હતો.

દાયટન—ઓહિઓમાંના માઉન્ટ ગોમેરી કાઉન્ટીનું શેહેર, મેડ નદીના મુખ પાસે 'સીનસીનિટી' ની ઉત્તરે ઉત્તર પૂર્વમાં રેલ માર્ગે ૬૦ મૈલ ઉપર છે. અતરે જાહેર ઇમારતોમાં સફેદ મારબલનો સરકારી મેહેલ અને મ્હોટી જેલ છે. આ શેહેરનું રેલ્વે સ્ટેશન ૮ રેલ્વે શાખાનું મુખ્ય જંકશન છે, ને નદીનાં પાણી શેહેરમાં નેહેર વાટે બધેબધ પોંહચાડવામાં આવે છે. અતરે યંત્રકામ, આગગાડીના કારખાનાં, રૂ, ઉનની મીલો, તેલ, આટો, કાગળ વગેરેની મીલોનો ઉદ્યોગ મોહોળો ચાલે છે. લોક વસ્તી ૧૮૭૦ માં ૩૦૪૭૩ ની, ૧૮૮૦ માં ૩૮૬૭૮ ની ને ૧૮૯૦ માં ૬૧૨૨૦ ની હતી.

દાયના વાંદરો—આ વાંદરો આફ્રિકા ખંડમાં મળે છે. આ વાંદરો અત્યંત ચવિત્રો, ચીરડાઉ ને ગુસ્સાબાજ સ્વભાવ ધરાવે છે. એની કુદવાની તથા ઝાડ ઉપર ચઢવાની શકિત અજાયબી પમાડનારી હોય છે. આ વાંદરો દુર્ગુણી અને અડિયલ હોઇ ઘણો તુરંગી છે. આનંદમાંથી એકદમ ઉદાસીમાં એ આવી જાય છે, કોઇ વસ્તુ લેવાનું તેને ઘણું મન થાય છે, પણ તે તેને મળતાં તુરત ગુસ્સામાં ફેંકી દે છે.

દાયમંડ બંદર—ચોવીસ પ્રગણામાંનો એક ભાગ. એનું ક્ષેત્રફળ ૪૧૭ ચૌરસ મૈલ હોઇ તેમાં ૩૪૪૩૩૦ની વસ્તી છે. તેમાં ૧૭૧૭૨૦ પુરૂષો તથા ૧૭૨૫૮૦ સ્ત્રીઓ છે. લોક વસ્તીમાં ૨૫૩૦૪૧ હિંદુ, ૧૮૮૫૩૬ મોહોમેદન, ૨૬૦૨ ખ્રિસ્તી અને ૩૪ સંતાલ છે. દર ચૌરસ મૈલે વસ્તી ૮૨૬ ની છે. પ્રગણામાં ૩ દિવાની ને ૩ ફોજદારી કચેરીઓ છે. ૧૮૬૪ નાં અકટોબરમાં થએલા મ્હોટા તુફાનમાં અત્રે જનમાલની બારે ખરાબી થઈ હતી. સાગરનાં ટાપુમાં તે વેળા આ તુફાનથી ૫૬૨૫ માણસની વસ્તીમાં ૧૪૮૮ જનો માત્ર જાન બંચાવી શકયાં હતાં. તે વેળા નદીથી ૧ મૈલ ઉપરના ગામડામાંની ૮૦ ટકા વસ્તીનો નાશ થયો હતો. તેમજ ૧૮૬૬ નાં દુકાળમાં પણ બારે જનોની ખુવારી થઇ હતી.

દાયોજીનસ—આ સાયનિક ફીલસુફનો જન્મ પોંટસમાં ઈ. સ. પૂર્વે ૪૧૨ માં થયો હતો. એ પોતાના દેહને કષ્ટ આપી ગમે તેવી સખત ગરમી યા ઠારમાં વસવાનું તથા રાત્રે ખુલ્લી જગ્યામાં યા માર્ગમાં વગર બીછાને સુવાની આદત પાડી મ્હોટાઇને તુચ્છકારી પ્રજાને બોધ આપવાનું કામ કરતો હતો. 'એગીના' તરફ એક વેળા સફર કરતાં એ ચાંચીયાઓને હાથે કેદ પડી ગુલામ તરીકે વેચાયો હતો. એનો ધણી એક કોરિંથનો વતની હતો, તેણે એની વિદ્વત્તા જોઇ એને પોતાના બાળકોનો શિક્ષક નેમી છુટાપણું બક્ષ-યું હતું. એણે અલેકઝાન્ડર ધી ગ્રેટની પણ સારી મરજી સંપાદન કરી હતી. આ ફીલ-સુફ કોરિંથ ખાતે ઇ. સ. પૂર્વે ૩૨૩ માં ૯૦ વર્ષની વય સુધી રહેતો જણાયો હતો.

દાયોડોરસ સિકયૂલિયસ—સિસીલીમાં આ જાણીતા ગ્રીક તવારીખનવેશનો જન્મ થયો હતો. એ જુલીયસ સિઝર અને આગસ્ટ-સના રાજ્ય અમલમાં થઈ ગયો હતો. એણે એશિઆ, યૂરપ વગેરેમાં મુસાફરી કરી હતી, અને રોમમાં એ લાંબા કાળ સુધી રહ્યો હતો. ત્યાં એણે પોતાની તવારીખ માટેનાં વિષયોનો મ્હોટો સંગ્રહ કર્યો હતો, અને દુનિયાની તવારીખ Bibtotiheke His torike) નો ગ્રંથ ૩૦ વર્ષની મેહેનતે ૪૦ દફતરોમાં લખી કાઢયો હતો. જેમાં ગેલિક કાળથી તે જુલીયસ સિઝરના અમલ સુધીનો ઇતિહાસ લખ્યો હતો. આ ગ્રંથ ત્રણ ભાગમાં હોઇ ૧ લો ભાગ ૬ દફતરોમાં છે, જેમાં ગ્રીક દેવતાઇ તવારીખ સંબંધી વિષયો ત્રોજનની લઢાઇ સુધીનાં સમાવ્યાં હતા. બીજા ભાગના ૧૧ પુસ્તકો હોઇ તેમાં ઇ. સ. પૂર્વે ૧૧૮૨ થી તે અલેકઝાન્ડરના મ્હોત સુધીની તવારીખ આપી છે.

ત્રીજે ભાગ ૨૩ ભાગમાં હોઇ તેમાં ઈ. સ. પૂર્વે ૬૦ સુધીની તવારીખ આપી છે. આ મહાભારત ગ્રંથમાળામાંના પેહેલા પાંચ મોજુદ છે, બીજાં પાંચ દફતરો તદ્દન ગુમ થયાં છે, અને બાકીનાં બચી રહેલાં મળ્યાં છે.

દાર અલ સલામ—જર્મન પૂર્વ આફ્રિકાનું આ બંદર શેહેર ઝંજીબારની દક્ષિણે ૪૫ મૈલ ઉપર છે. લોક વસ્તી ૩૦૦૦ ની છે.

દારગન વિલ્યમ—પેહેલ વેહેલી રેલ્વેનું બાંધકામ કરનાર આ કુશળ ઇજનેરનો જન્મ ઇ. સ. ૧૭૯૯ માં ૨૮ મી ફેબ્રુવારીએ 'કારલે' ખાતે થયો હતો. પ્રથમ એ 'સરવેયર' ની ઑફીસમાં રહી, તે પછી રેલ્વે કંત્રાકટો લઇ આયરલંડમાં ધનાઢય વેપારી તરીકે જાણીતો થયો હતો. એણેજ પ્રથમ આયરલંડ સાથની રેલ્વે લાઇન જોહ-વાનું કંત્રાકટ લીધું હતું. તે પછી એણે તમામ આયરલંડમાં રેલ્વેના બાંધકામો, ટનલ, નેહેર અને બીજાં બાંધકામોમાં ભાગ લીધો હતો. એ રેલ્વેઓ તથા સ્ટીમબોટોની પણ માલેકી ધરાવતો હતો. ૧૮૫૩માં એને બેરોનાઇટનો ખેતાબ મલ્યો હતો. મરણ ૧૮૬૭માં ૭મી ફેબ્રુવારીએ નિપજ્યું હતું.

દાર્જલીંગ—રાજશાહી કચ્છ બિહાર પ્રાંતના ઉત્તર ભાગમાંનો આ જીલ્લો બંગાલના ગવરનરને તાબે છે. એનું ક્ષેત્રફળ ૧૨૩૪ ચોરસ મૈલ હોઇ તેમાં ૧૮૭૨માં ૯૪૭૧૨ની ને ૧૮૮૧માં ૧૫૫૧૭૯ની લોક વસ્તી હતી. જીલ્લાનું ક્ષેત્રફળ ૧૨૩૪ ચોરસ મૈલમાં ૯૪૩ ગામો છે. લોક વસ્તીમાં ૮૮૯૪૮ પુરૂષો અને ૬૬૨૩૧ સ્ત્રીઓ છે, તેમાં ૧૨૬૭૧૭ હિંદુ, ૮૨૦૪ મોહમેદન, ૮૪૨ ખ્રિસ્તી, ૧૮૭૭ બુધ્ધિસ્ત અને ૩ શિખ છે.

આ પર્વતમાં ઉંચા પર્વતોની અનેક હારો છે. તેમાં ૧૦૦૦૦ થી ૧૨૦૦૦ ફીટ સુધીનાં પણ કેટલાક પર્વતો છે. ફાલાલૂમ પર્વત ૧૨૦-૪૨ ફીટ, સુમારગમ ૧૦૪૩૦ ફીટ, તાંગુલ ૧૦૦૮ ફીટ ઉંચો છે. દાર્જલીંગનો જીલ્લો ૧૮૧૫—૧૬ પછી ઇસ્તઇંડીયા કુંપની સાથે સંબંધમાં આવ્યો છે. અને ૧૮૩૫માં લૉર્ડ વિલ્યમ બેન્ટિકે આ પ્રદેશ સિક્કીમનાં રાજા પાસથી ૬૦૦ પૌંડના વાર્ષિક ભાડાએ ખરી-

દયો હતો. તે પછી આ જીલ્લામાં જગે જગ યૂરપીયનો માટેના આરોગ્ય ભવનો અને મથકો થવા માંડયા હતા. ૧૮૪૯માં એક અજબ બનાવથી દાર્જલીંગ બ્રિટીશોને તાબે આવ્યું હતું. આ વર્ષમાં ડૉ૦ હૂકર દાર્જલીંગમાં સરકારની રજાથી મુસાફરી કરવાથકી ફરતો હતો, તે વેળા તેની સાથે દાર્જલીંગ જીલ્લાનો સૂપ્રિટેનડન્ટ ડૉ૦ કેમ્બેલ પણ હતો, એ બેઉ ધણીઓને સિક્કીમના વજીરે દગાથી કેદ કર્યાથી બ્રિટીશ સરકારે સિક્કીમઉપર ચઢાઇ કરી તેમનો છુટકો કરી સનદમાં રાજાને વાર્ષિક ભાડું આપતું બંધ કર્યું હતું. આ વેળા ૬૪૦ ચોરસ મૈલ જમીન બ્રિટીશોને તાબે આવી હતી.

આ જીલ્લામાં ઇંગ્રેજ વેપારીઓને હસ્તક ચાહેની ખેતીનો ઉદ્યોગ ચાલુ છે. દાર્જલીંગમાં પ્રથમ નિયમસર ચાહેનો બગીચો ૧૮૫૬માં બનાંવવામાં આવ્યો. પેહેલીજ આજમાઇ-શમાં ખેતી ફલેહમંદ થતાં થોડા વર્ષમાં બગી-ચાઓ વધી પડયા હતા. ૧૮૬૬માં તેમની સંખ્યા ૩૯ની હતી, જે માટે ૧૦૩૯૨ એકર જગા રોકવામાં આવી હતી. ૧૮૭૫માં ચાહેના બગીચાની સંખ્યા ૧૨૧ ઉપર આવી હતી, અને તે માટે ૨૨૧૬૨ એકર જગ્યા રોકાઇ હતી. અને ૧૮૮૧ માં બગીચાઓની સંખ્યા ૧૬૫ ઉપર આવી તે માટે ૪૪૪૮૨ એકર જમીન રોકવામાં આવી હતી. ૧૮૮૨–૮૩ ની એક મોસમમાં ૮૦૮૦૨૯૩ રતલ ચાહે બનાવવામાં આવી હતી. દાર્જ-લીંગ જીલ્લાની સરકારને મેહેસુલ ૧૮૮૧૪ પૌંડનું ઉપજે છે.

દાર્જલીંગ—ઉપલા જીલ્લાનું મુખ્ય ગામ. આ ગામ સમુદ્ર સપાટીથી ૬૫૦૦ થી ૭૫૦૦ ફીટ ઉંચા ઢોળાવ ઉપર છે. અત્રે ૧૮૩૫ થી બ્રિટીશોએ આરોગ્ય ભવન સ્થાપન કર્યા પછી 'લોઅરમંગાલ'માંના યૂરોપીયન કુટુંબોને ગરમીની મોસમમાં હવા ખાવાનું એક શ્રેષ્ટ મથક થઈ પડયું છે. અત્રે બંગાલના લેફ્ટનન્ટ ગવરનર દર મોસમે આવી રહે છે. અત્રેનું 'એડન સેનેટેરિયમ' ૧૮૮૩ માં ખુલ્લું મેળાયું હતું. અતરે જાણીતા ગ્રસ્થોએ પોતાની માલેકીની અનેક ઇમારતો ઉભી કરી છે, તેમાં કચ્છ બિહારના મહારાજાની માલેકીનાં સંખ્યાબંધ મકાનો છે. સેનચાલનાં ઝરા-માંથી નળ વાટે અત્રે સ્વચ્છ પાણી પુરૂં પાડવામાં આવે છે. અતરેનું લશ્કરી સીપાહો માટેનું મથક સ્ટેશનથી ૫૦૦ ફીટ ઉંચાઇ ઉપર ૧૫૦ માનસો રહી શકે એવી ગોઠવણે બાંધેલું છે. અતરેની વસ્તી ૭૦૧૮ ની છે તેમાં ૪૫૯૨ હિંદુ, ૬૧૪ મોહેમેદન અને ૧૮૧૨ પરદેશી વસે છે. મોસમમાં મુસા-ફરો આવી ઉતરે છે ત્યારે વસ્તી એકદમ વધી જાય છે. આ મથક ૩૪૨૦ એકર જગ્યા ઉપર છે. અતરે એપ્રેલથી ઓકટોંબર સુધી મુસાફરોની ભારે જાવઆવ રહે છે.

દાર્ટફોર્ડ—કેન્ટનું આ મુખ્ય વેપારી શેહેર લંડનની પૂર્વે દક્ષિણ પૂર્વેમાં ૧૭ મૈલ ઉપર છે. ૩ જા એડવર્ડ અતરે ૧૩૫૫ માં આગસ્ટીયન વેરાગણો માટે એક મઠ સ્થા-પન કર્યો હતો. અતરેનાં નૉરમન ટાવરવાલા દેવળમાં સર જૉન સ્પેલમૅન, ધ્રલિઝાબેથ રાણી, જુવેલર વગેરેની યાદગારીઓ છે, જુવેલરે પ્રથમ કાગળ બનાવવાની અત્રેજ મીલ બંધાવી હતી. હાલમાં પણ આ શેહેરમાં કાગળ બનાવવાની મીલો, સ્ટીમ એનજીન બનાવવાના કારખાના, દારૂગોળાના કારખાના વગેરે ચાલુ છે. વસ્તી ૧૮૫૧ માં ૬૨૨૪ ની ને હાલમાં ૧૧૯૬૨ ની છે.

દાર્ટમૌથ—દક્ષિણ ડેવનનું આ બંદર શેહેર. આ શેહેર અતિ સુંદરતાવાલી જગ્યાપર બાંધેલું છે. અતરેનાં ઘણા ખરા શેહેરમાનાં માર્ગો સાંકડા ને ઘેરો પુરાણી બાંધણીનાછે. બંદરમાં દાખલ થવાના માર્ગમાં ૭મા હેન્રિના અમલ દરમ્યાન કિલ્લો તોપખાના સાથે બાંધ્યો હતો. ૧૮૬૧ માં લોક વસ્તી ૪૪૪૪ ની ને ૧૮૯૧ માં ૬૦૨૫ ની હતી.

દારર્ટર—આ બતકના વર્ગનું પ્રાણી અમેરિકા, આફ્રિકા તથા એશિઆ અને આસ્ટ્રીયાના ગરમ ભાગમાં મળે છે. એનું માથું નાહનું, ચાંચ અતિ લાંબી ને ગરદન વલદાર લંબોચી, પુછડી લાંબી ને પગના પંજા પોહળા હોય છે. આ પક્ષી માછલી ખાવાનું અત્યંત શોખીન હોય છે. એઓ પોતાનાં માળા ઝાડ ઉપર બાંધે છે. અમેરિકન દારર્ટર ૩ ફીટ લંબાઇમાં હોય છે.

દાર્દ— ઈંડસની નજદીક વસતી એક પ્રજા. એઓ લદાકની પશ્ચિમે અને ઉત્તરે તથા બરફના પર્વતોની ઉત્તર પૂર્વે વસે છે. તેઓ ત્રણ તર્હાંની ભાષા વાપરે છે. તેમની લિપિ ફારસીને મળતી છે. તેઓ લઢાયક, રમતીયાળ અને સુધરેલી પ્રજા છે.

દારદેનલ્સ—આ એક નાહની સાંકડી નેહેર યૂરપથી એશિઆને જૂદો પાડે છે અને મારમોરાના સમુદ્રને આર્ચીપેલેગો સાથે જોડે છે. દારદેનલ નામ દક્ષિણ કિનારા ઉપરના દારદેનસ (હરોડમાંના) ગામ ઉપરથી પડયું છે અને આ દારદેનસ નામ ત્યાંના ટાપુપર અગાઉ વસતી પ્રજાના નામ ઉપરથી પડયું છે. સામુદ્રધૂનિ ઉત્તર પૂર્વેથી તે દક્ષિણ પશ્ચિમ સુધી વધે છે અને તેની લંબાઈ ૪૦ મૈલ તથા પોહળાઇ ૧ થી ૪ મૈલની છે. મારમોરાના સમુદ્રમાંથી એક જોશબંધ પ્રવાહ આ સામુદ્રધૂનિમાંથી આરચીપેલેગો તરફ વધે છે. એની બેઉ બાજુએ મજબૂત કિલ્લેબંદી કરેલી છે. ૧૮૪૧ માં પાંચ રાજ્યો સાથે થએલા કોલકરારની રૂહે કોઇ પણ રાજ્યના લઢાયક બારફસ આ નેહેર વાટે ટરકીની સંમતિ વીના પસાર થઇ શકતા નથી; તેમજ દરેક વેપારી વહાણોને વટીક તુર્ક સરકારને પોતાના ઓચરીયાં બતાવવા પડે છે. આ કોલકરાર ૧૮૭૧ માં લંડન ખાતે તથા ૧૮૭૮ માં બર્લીન ખાતે સેવટનાં નક્કી કરવામાં આવ્યા હતા.

દારદેનલ્સની નેહેર પ્રાચીન કાળમાં ઝર્કસીસ તથા અલેકઝાન્ડરના સમયમાં પણ પ્રસિદ્ધતા પામી છે. પેહેલો વિજેતા યૂરપમાં દાખલ થવા ઇ. સ. પૂર્વે ૪૮૦ માં અને બીજો એશિઆમાં દાખલ થવા ઇ. સ. પૂર્વે ૩૩૪માં આ શેહેર વાટે પોતાના કાફલા સાથે પસાર થયા હતા.

દારદિસ્તાન—આ મધ્ય એશિઆ માહેલું રાજ્ય, કાશમિરના ઉત્તર પશ્ચિમ ભાગ ઉપર બલુચિસ્તાનની બાજુપર ઉંચા પર્વતોની હાર અને બીણોથી ભરપૂર છે. અતરે વસતી દાર્દસ પ્રજા આગલા એરીયનોની વંશજ હોઇ તેઓ સંસ્કૃત ફારસીની ભેળવાલી ભાષા બોલે છે. તેઓ ઇસલામી ધર્મ પાળે છે. મુખ્ય જીલ્લા હાસોરા, ગિલગીત અને તાસીન છે.

દારફૂર—મધ્ય આફ્રિકાનો આ દેશ સુદાનના ભાગમાં છે. આ દેશ પહાડી હોઇ તેમાં 'મારા' પર્વતની મુખ્ય હાર વધે છે. ઉત્તર તરફનો ભાગ લગભગ રેતાળ છે, અને ત્યાં પાણીની ઘણી તંગી રહે છે, માત્ર જુનથી સપટેંબર સુધી વર્સાદ દરમ્યાન ઉદભિજ ઉગે છે. ત્યાંના વતનીઓ તંબાકુના શોખીન હોવાથી તેની મોહોટી ખેતી કરે છે. મુખ્ય ખનીજ ત્રાંબુ અને લોહું જડે છે. ત્યાંની પ્રજાની દોલત ઢોરો ગણાય છે. દારફૂર દેશ મક્કા, ઇજીપ્ત અને આફ્રિકાનાં બીજા દેશો સાથે મોહોળો વેપાર કરે છે, ૧૮૭૫ માં દારફૂર ઇજીપ્તને હાથ આવ્યું અને ૧૮૮૪ માં મહાદીએ જીતી લીધું હતું.

દારાબગર્દ*—આ પુરાણું ઇરાની શેહેર શિરાજથી ૪૭ ફરસંગ અને બંદર અબ્બાસથી ૨૦ ગાઉ ઉપર છે. તેને કયાની વંશના સાતમાં પાદશાહ દારાએ "દારાબકુહ" ના પહાડ પાસે સ્થાપન કર્યું. તે જગ્યાની ઋતુ શિયાળામાં અને ઉન્હાળામાં સમધાત હોવાથી તેને ઇરાનીઓ 'ગરમશીર' કરી કહે છે. જેમાં પુષ્કળ ખજૂર, અનાજ, ફ વગેરે પાકે છે. અતરે કદીમ જમાનામાં અનેક

*મી૦ કાવશજી કયાસના કૃત કદીમ નક્શે ઈરાન પૃષ્ટ ૨૨૦ ઉપરથી.

પાદશાહી મેહેલો તથા જાહેર ઇમારતો હતી, પણ તે હાલ તદન નાશ પામ્યા છે. પણ હજી એક ટેકડીમાં કોતરી કાઢેલી એક નહાની ઇમારત કે જે આતશ કદેહ તરીકે આગલા વખતમાં વપરાતી હતી, તે ઉપરાંત સાસાનિયન વંશનો એક કોતરકામનો મેહેરાબ એક ટેકડી ઉપર આવેલો છે, તે ટેકડીની હાર દારાબકૂહ સાથ જોડાયલી છે.

એક ટેકડીની બાહેરની સપાટી ઉપર જે કોતરકામનો મેહેરાબ છે તે ૩૫ ફીટ પોહળો, ૩૨૦ ફીટ ઉંચો ને ૧૮ ઇંચ ઉંડો છે. એટલી જગ્યામાં સઘળાં મળી મનુષ્ય અને જાનવરનાં ૪૪ કોતરકામના આરકાંઓ છે. તેઓને બે જૂદી જૂદી હારમાં વેંહેંચ્યા છે, તેમની વચોવચ એક પાદશાહ અંગપર પાદશાહી જામો પેહેરી, તથા સરપેજ સાથનો માથે દડો ઉઠાવેલું તાજ પેહેરી ઘોડેસ્વાર થએલો છે; તથા પોતાના માથાનાં જાડા કરચળીદાર વાળ તેનાં ખભાં ઉપર પડેલા છે. તેણે પોતાનાં જમણા હાથ વડે પોતાના ઘોડાની લગામ ઝાલી ડાબા હાથને પોતાની સામે ઉભેલા ૨૭ ઉંધાડે માથેના મ્હાન પુરૂષોમાંના એકના માથા ઉપર મેલ્યો છે. એની પાછળ ટુંકા ડગલા અને અણીવાલી ટોપી ધાલી ૧૬ ખાસ બીદમતગારો અકેકની પાછળ ઉભેલા છે. એ ઉપરાંત તેના ઘોડાના પગ તળીયે એક ઉધા પડેલા માણસનો આકાર છે. આ કોતરકામવાલો તખતો લેખ વગર ખાલી હોવાથી એમાંના મુખ્ય આકાર અને બીજી બીજી પલેટો તથા સાસાનિયન વંશના સિક્કા ઉપરથી છબીઓ સાથ સરખાવી મી૦ કયાસના જણાવે છે કે "ઘોડેસ્વાર થએલો આકાર શાહાપૂર પેહેલાનો છે, તથા તેણે પોતાનો ડાબો હાથ ઉધાડે માથેના એક મહાન પુરૂષના માથા ઉપર મેલેલો છે. તે રોમના કમનશીબ વેલેરિયનની જગે નેમાયલા નવા શાહાનશાહ સિરિયડિસ છે; જે પુરતી કબુલાત આપે છે કે તે ઇરાની અમલમાં સચ્ચાઇથી રહેશે. તેની પાસેના ઉભેલા ૩ી એલચી તથા પ્રજા છે. તેઓ પોતાના નવા નેમાયલા શેહનશાહને ખુશી સાથ બહાલ રાખે છે. પાદશાહની પાછળના ૧૬ ઘોડેસ્વારોએ ઘણુંકરીને દેશ ઉપર હુમલો કરવામાં તેને મદદ આપી હતી. ઉંધા પડેલા આકાર વિષે મી૦ 'જૉર્જ રૉલિન્સન' જણાવે છે કે તે આકાર પેલા માઠા ભાયગવાળા શેહેનશાહ વેલેરિયનનો છે. પણ મી૦ કયાસના તે અનુમાન ખોટું ઠેરવી ઉંધા પડેલા મનુષ્યની નિશાની માત્ર ૩ી શેહેનશાહતની પડતી બતલાવે છે.

ઉપલા કોતરકામ શિવાય દારાબગર્દ આસપાસ બીજાં અનેક નાહના કોતરકામો છે.

દારબલે મેડમ—આ બાનુ લેખક 'ફ્રાન્સીસ-બર્નિ'ને નામે પ્રસિદ્ધતા પામી ગઇ છે. એનો જન્મ કિંગસલાયનમાં ઇ. સ. ૧૭૫૨માં ૧૩મી જુને થયો હતો. એનો પિતા ડૉ૦ બર્નિ હતો. આ ડૉ૦ બર્નિ ૧૭૬૦માં ગાયન કળા શિખવવા માટે લંડનમાં આવી રહ્યો હતો. ત્યાં ફ્રાન્સીસ બર્નિ તદન નાહની જુવાન વયથીજ વાર્તા લખવાનો શોખ ધરાવતી જણાઇ હતી. એણે પોતાની પેહેલી વાર્તા ઇ. સ. ૧૭૭૮માં ૨૦ પૌંડે વેચી નામ વિના પ્રગટ કરાવી હતી. એનો પિતા વટીક આ પોતાની બેટીનું લખાણ છે એ જાણી શક્યો નહિ, પણ પછી તેને આ બીનાની જાણ થતાં તેણે ફ્રાન્સીસના શિક્ષણ ઉપર ખાસ લક્ષ આપવા માડયું હતું. એના ગ્રંથો વિષે જોનસન, રિનૉલ્ડ, બર્ક અને જાણીતા લેખકોએ સારાં મતો આપ્યાં હતા. ૧૭૮૨ માં એણીએ 'Cecilia' નામે વાર્તા રચી પ્રગટ કરી હતી. તે પછી રાજવંશી ઘરાણામાં એણીને માન સાથે જગ્યા આપવામાં આવી, અને ૨૦૦ પૌંડનું વર્ષાસન આપતું કર્યું હતું. ૧૭૯૧ માં એણીએ ૧૦૦ પૌંડના વર્ષાસન ઉપર પેનશન ઉપર જઈ પોતાની તનદરોસ્તી અર્થે મુસાફરી કરી હતી. ૧૭૯૫ માં આ બાનુએ Camilla નામે વાર્તા ઉધરાણાથી છપાવી પ્રગટ કરી,

જેમાં ૩૦૦૦ ગીનીનો નફો મળ્યો હતો, આથી તે રકમમાંથી મેાકલીહેમ ખાતે એક 'કેમીલાકૉટેજ' બંધાવી ત્યાં જઇ રહી હતી. ૧૮૦૨ થી ૧૮૧૨ સુધી દારબ્લે પેાતાના પતિ સાથે ફ્રાન્સમાં પેસે ખાતે રહી હતી. પણ તે પછી ઈંગલંડ પેાતાના બેટા સાથે આવી રહી, જ્યાં ૧૮૧૪ ના એપ્રેલ માસમાં મરણ પામી હતી. આજ વર્ષની શરૂઆતમાં 'વાનડરર' નામે નવલ કથા પ્રગટ કરી હતી.

દાર્મસ્ટેડ—આ જર્મની માહેલું શેહેર ગ્રૅંડ ડચી ઑવ હેસી ડાર્મસ્ટેડિડનું પાયતખત છે. અતરેની મુખ્ય લાયબ્રેરિમાં ૫૦૦૦૦૦ ગ્રંથેાનેા અમૂલ્ય સંગ્રહ છે. ૧૮૮૧ માં અત્રેની સુંદર પેાસ્ટ ઑફીસ બાંધવામાં આવી હતી. અતરે રસાયન, ટોપી, યંત્રકામ, તંબાકુ, રમવાના કાર્ડ, ગલીચા તથા ખીરનાં મ્હેાટા કારખાના છે. ૧૮૭૫ માં વસ્તી ૪૪૦૮૮ ની ને હાલમાં ૫૬૩૯૯ ની છે.

દારમેસ્ટર જેમ્સ—આ પરદેશી ભાષાશાસ્ત્રીનેા જન્મ ઇ. સ. ૧૮૪૯ માં જર્મનીમાં થયેા હતેા. એ આગલા જ્યૂ કુટુંબનેા એક વંશજ હતેા. એણે પારીસ ખાતે અભ્યાસ કર્યો હતેા, જ્યાં એણે ૧૮૭૫ માં જંદ અવસ્તા લખી હતી. ૧૮૭૭ માં એ જંદ અવસ્તાના પ્રેાફેસર તરીકે નેમાયેા હતેા, અને ૧૮૮૫ માં કૉલેજ ડી ફ્રાન્સમાં તેજ ભાષાનાં પ્રેાફેસર તરીકે નેમાયેા હતેા. ૧૮૮૩ માં એણે Etudes Traniemes નામે ગ્રંથ રચી પ્રગટ કર્યો હતેા. દારમેસ્ટરે લખેલા જંદ અવસ્તાનેા તરજુમેા ધી સિક્રેડ બુકસ ઑવ ધી ઇસ્ટમાં દાખલ કર્યો છે. મરણ ઇ.સ. ૧૮૯૪ માં ૧૯ મી અકટેાબરે નીપજ્યું હતું.

દાર્લસ્ટન—સ્ટેફેાર્ડ શાયરનું આ શેહેર વેડન્સરીની ઉત્તર પશ્ચિમે ૧½ મૈલ ઉપર છે. એની પાસે કેાલસા તથા લેાઢાની ખાણેા હેાવાથી શેહેરમાં મ્હેાટા કારખાના છે. લેાક વસ્તી ૧૪૪૨૨ ની છે.

દારામીર—અથવા મીર દારા. દિલ્લીના સ્વાજે મેાહમદ મીરદારાનું એ તખલ્લુસ હતું. એનેા પિતા તે વખતે દિલ્લીમાં ઘણેા માનવંત 'શેખ' ગણાતેા હતેા. પ્રથમ એ લશકરમાં નેાકરીએ હતેા પણ પેાતાના પિતાના મેાત બાદ તેની ગાદીપર બેઠેા. જ્યારે દિલ્લીમાં ઇસ્લામી અમલની પડતી આવી દિલ્લી ઉજડ થયું ત્યારે એ માત્ર ત્યાં રહ્યેા હતેા. એ ગાયનકળામાં ઘણેા કુશળ હતેા, અને એના મકાનમાં દર માસના ૨૨ મી તારીખે મેાટેા મેલાવડેા થતેા હતેા, જ્યાં એ પેાતાની ગાયનકળા ઉપરનેા કાબુ બતલાવતેા હતેા. એણે દિવાન તથા રેખતા બનાવ્યા છે. એનું મરણ ૧૭૮૫ માં ૩ જી જાનેવારીએ નિપજ્યું હતું.

દારાશેક—શહાજહાન પાદશાહના આ વડા પૂત્રનેા જન્મ ૨૦ માર્ચ ૧૬૧૫ માં થયેા (હિજરી સન ૧૦૨૪, ૨૯ સફરે) હતેા. એની માતા નૂરજહાનનાં ભાઇ આસેાફખાનની બેટી મુમતાજ મહાલ બેગમ હતી. એનાં લગન ૧૬૩૩ માં પેાતાના કાકા સુલતાન શેકુની બેટી નાદીરા સાથે થયાં હતા. આ ઔરતથી એને સુલેમાન શેકુ અને સિફર શેકુ નામે બે પુત્રેા થયા હતા. ઇ. સ. ૧૬૫૮ માં એના પિતાની માંદગી દરમ્યાન ઔરંગજેબે ઉઠાવેલા બખેડામાં એને અનેક વેળા લઢવું પડયું હતું. આ વેળા ઔરંગજેબ વિજયી થવાથી દારાને સિંધ તરફ નહાશી જવું પડયું હતું; પણ ત્યાંના અમીરે એને દગાથી કેદ કરી ખુલ્લા હાથી ઉપર સાંકળે સીકડી બેસાડી ઔરંગજેબ પાસે મેાકલ્યેા, જ્યાં ઔરંગજેબે એને શેહેરમાં અપમાનભરી હાલતમાં ફેરવી જુની દિલ્લીમાં કેદ કર્યો, જ્યાં ૧૬૫૯ માં ૨૯ મી આગષ્ટે ઔરંગજેબના હુકમથી કતલ કરવામાં આવ્યેા હતેા, અને બીજે દિને તેના શબને અપમાનભરી હાલતમાં પ્રજા સનમુખ ધર્યું હતું. તે પછી ઔરંગજેબે એના બેઉ બેટાઓને કેદ કરી ગવાલીયરના કિલ્લામાં કેદ કરી મારી નાખ્યા હતા. દારા-

શેકુ ભણેલેા અને વિદ્વાન હેાવાથી એણે અનેક ગ્રંથેા રચી પ્રગટ કર્યા હતા, તેમજ એ શાએરીમાં કુશળ હતેા. એનું કવિતામાં તખલ્લુસ 'કાદીરી' વપરાયલું છે.

દારાશાહ રતનજી ચીચગર ખાનબહાદુર—દારાશાહનેા જન્મ ઇ. સ. ૧૮૩૯માં ૧૭ મી નવેંબરે થયેા હતેા. એમનાં પિતાં મુંબઇના બારામાં આવતા જતા વહાણેાને જોઇતા ખલાસીઓ પુરા પાડવાનેા ધંધેા કરતા હતા. આજ ધંધામાં પાછળથી એવણ પણ પુરતી કેળવણી લીધા પછી દાખલ થયા હતા. એમના વખતમાં "લેાક મિત્ર" નામે એક અઠવાડિક પંત્ર પ્રગટ થતું હતું તેમાં એવણ પેાતાની જુવાનીથીજ લખાણેા કરવાનેા શેાખ ધરાવતા હતા. તેમજ "સ્ત્રી બેાધ" નામના માસિક ચેાપાનીયાંના એવણ ઇ. સ. ૧૮૬૬ થી ૧૮૬૯ સુધી અધિપતિ તરીકે નેમાયા હતા.

તનની કેળવણી સાથે મનની કેળવણીને કેટલી જરૂર છે, તેની પુરતી પીછાન એમને હેાવાથી પેાતાની જુવાનીથીજ અંગકસરત સંબંધી કસરતશાળાનાં કારેાબારમાં અંગત ભાગ લેતા હતા; અને ચંદનવાડીની કસરતશાળાનાં ૧૮૭૬ થી ૧૮૮૩ સુધી એક ઑ૦ સેક્રેટરી હતા. "જ્ઞાન પ્રસારક મંડળી"નાં એવણ ઑ૦ ખજાનચી તરીકેનેા ઘેાડેા લાંબા વખતથી બેાગવતા આવ્યા છે; તેમજ આ મંડળી તરફથી કેળવણી સંબંધી કેટલાંક જાહેર ભાષણેા આપી પેાતાની માનીતી "કિંડર ગાર્ટન" ની નવી ઢબની કેળવણીનેા પ્રસાર એવણે કરી તેમાં આગેવાન ભાગ બજાવ્યેા છે. (જુઓ કિંડરગાર્ટન.)

"ફ્રિમેશન" પંથ સાથનેા એમનેા ઘણેા નિકટ સંબંધ ઇ. સ. ૧૮૬૬ થી ચાલુ છે. આ મંડળમાં એવણે ઘણેા આગેવાન ભાગ લઇ ૧૮૭૨ માં "રાઇઝિંગ સ્ટારના" વડા માસ્તરની ચઢતી પદ્વિ મેળવી હતી અને ૧૮૭૩ ના ૧૬ મી અકટેાંબરે મજકુર લૉડજના એક મેાટા મેલાવડા સનમુખ એમને "પાસ્ટ માસ્તર" ના જુએલની એલામત ભેટ આપવામાં આવી હતી. તેમજ આ મંડળનું એક મકાન બાંધવાનાં ફંડનાં એવણ એક સેક્રેટરી નેમાવાથી આ કામમાં એવણે પેાતાની બેાહળી લાગવગથી મેાટી મદદેા મેલવી આપી આ મકાનનું બાંધકામ સરંજામપાર ઉતારવાથી "મેસન" પંથના તમામ બીરાદરેાની મુબારકબાદીની એક "આલ્બમ" એમને ભેટ કરવામાં આવી હતી. તેમજ આ સમયે એમને આખા હિંદુસ્તાનનાં "કુંપ્યુટિ ગ્રાંટ માસ્તર" ની પદ્વિનું મેાટું માન આપવામાં આવ્યું હતું.

વળી મુંબઈ કારપેારેશન સાથે ૧૮૮૯ થી એમનેા ચાલુ સંબંધ અને આ શેહેર સમાજની એવણે લાંબી સેવા બજાવી છે. જૉઇટ સ્કુલ કમિટીના એક સભાસદ તરીકે પ્રાથામિક કેળવણીની ખિલવણી બાબે પણ પુરતું કામ કરી બતાવ્યું છે. તેમજ યુનિવર્સિટીના એક "ફેલેા" તરીકે ચઢતી કેળવણીના સવાલેામાં ઉપયેાગી ભાગ લેવાની અનેક તક તેમને મળી હતી. મુંબઇમાં ૧૮૯૭ પછી ફાટેલી મરકી પ્રસંગે એવણે સરકારને કરેલી મદદની પિછાનમાં ૧૮૯૯ માં ખાનબહાદુરનેા ખેતાબ એનાયત કરવામાં આવ્યેા હતેા. ઇંગલંડ તરફ એવણે ૧૮૮૫ તથા ૧૯૦૪ માં મુસાફરી કરી હતી. તેમાં દેશી ખલાસીઓના એક ખરા હિતાર્થી તરીકે એવણ મુંબઇ ઉપરાંત હિંદુસ્તાન અને ગ્રેટબ્રિટનમાં પણ જાણીતા થયા છે. "શિપીંગ એજંટના" પેાતાના ધંધાને લીધે તેઓએ ખલાસીઓની લાયકાત અને તેમની જરૂરિયાત વગેરેનેા ખાસ અભ્યાસ કરેલેા હેાવાથી, ૧૯૦૩ માં "દેશી લસ્કરેાની લાયકાત કેટલી છે તે બાબે પાર્લામેંટે કમીશન નેમ્યું હતું, ત્યારે આ કમીશન સનમુખ જબાની આપવા એજ સાલમાં ખાસ એવણ ઈંગલંડ જઇ એવેાતેા દેશી ખલાસીઓનેા બચાવ કર્યો હતેા કે

તેમની રૈાજી પર ગેારા ખલાસીઓએ મારેલી તરાપમાંથી બચાવવામાં ફરહેમંદી મેળવી હતી, તેમજ આ સફર દરમ્યાન એવણે બ્રિટીશ નૌકાખાતાંની એક કમિટી આગળ તેમની સુચનાથી પેાતાનેા કેટલેાક અભિપ્રાય રજુ કરી દરિયાઇ લશ્કરમાં જરૂર પડવે દેશી ખલાસીઓને રાખવા બાબે અનેક સુચના કરી હતી; જેમાંની ઘણીક માન્ય રાખવામાં આવી હતી.

" જરથેાસ્તી છેાકરીઓની નિશાળેાની મંડળીના ઑનરરી સેક્રેટરી તરીકે લાંબા વર્ષેા સુધી ઓધ્યેા બજાવી સ્ત્રી કેળવણીનાં ફેલાવામાં જાતી મેહેનત અને ખંતથી સારી નામના મેળવી છે. ઇ. સ. ૧૯૦૪ માં એમને મુંબઇની ધારાસભામાં એક વધારાના આધકારી તરીકે નેમવામાં આવ્યા હતા.

દારૂ—એક માદક પ્રવાહિ પદાર્થ. આ માદક પદાર્થ થેાડેા પિધાથી ભૂક વધી પાચન શક્તિ વધે છે, આ કારણુથી અશક્ત અને નબળા મનુષ્યને થેાડી પાવી તંદરેાસ્તીને ફાયદાકારક છે. જે જે દુઃખ દર્દમાં શક્તિ હિણુ થવાનેા ભય રહે છે તે દર્દોમાં શક્તિ કાયમ રાખવા માટે દારૂ પીવા આપવામાં આવે છે. કૉલેરાનાં મરજથી મનુષ્યની શક્તિ ઘણી જલ્દી ક્ષિણ થાય છે આ કારણુથી કલેારાડાઇનનાં ટિપાં દારૂમાં મેળવી પાય છે.

દારૂ થેાડેા પીધાથી અન્ન પાચન ઉત્તમ રીતે થાય છે, તે વધારે પીતાં પાચન શક્તિ ઘટે છે. પકવાશયમાંની અંતર ત્વચા લાલ બની તે બળે છે, અને એવુંજ કામ ચાલુ રહેતાં રસક્રિયા ચલાવનારાં પિંડેાનેા બિગાડેા થઇ તે થેાડા વખત પછી બેમાલુમ બનતાં ભૂખ બીલકુલ લાગતી નથી.

થેાડેા દારૂ પીધાથી તે પિત્ત ઉત્પન્ન કરવામાં કેટલી મદદ કરે છે તે ચેાકસ જણાયું નથી, પણ એનાથી મીઠાસનેા અંશ વધારે ઉત્પન્ન થાય છે. તેથી દારૂ પીધાથી લીવર વધે છે અથવા તેનું કવચ વધી માહેલેા ભાગ દબાઇ જઇ છિન્ન થાય છે, અને તેની ક્રિયા બંધ પડે છે. ફેફસાંપર 'કારબેાનિક ઍસિડ ગ્યાસ' અને વરાળ ઓછી થાય છે. આ બધી ક્રિયા દારૂથી સરખી થતી નથી. ઘાંડી અને જીનથી ઓછી થાય છે. હમેશાં પીધાથી ફેફસાનાં ઘટનામાં ફેરફાર થઇ ખાંસી અને હાંફણુનેા ઉપદ્રવ વધે છે.

રૂધિરાભિસરણ ચલાવનારાં અવયવ એટલે રૂધિરાશય અને લેાહીની નેસેા એમની ગતી થેાડા મધાર્કથી વધે છે, નેસેા ફૂલે છે અને તેથી ચામડીપર લાલ વર્ણ આવે છે. આ મુજબ ચાલુ દારૂનું સેવન કર્યાથી મુઢાપાની છાયા જલ્દીજ પડે છે, લેાહી માહેલી ચરબી વધે છે અને તેમાંની રસાયન ક્રિયા ઘટે છે.

મગજ ઉપર ક્રિયા થઇ તેને એકદમ મંદ પણ લાગુ પડી તેથી સ્પર્શ જ્ઞાન, વિચાર શક્તિ અને સાધારણ સર્વ જ્ઞાનેંદ્રિયેા મંદ પડે છે. દારૂ પીધાથી કેટલાકેાની વિચાર શક્તિ વધી મનપર ઉત્તમ પ્રકારની અસર થએલી પણ જણાયલી છે, પણ તેથી એકાદ કેાઇ ગહન વિષય ઉપર સરખેા વિચાર સુઝે છે, એમ કેહવાઇ શકાતું નથી. દારૂથી આંખ, કાન, જીભ, નાસિકા અને ચામડી ઇત્યાદી ઇંદ્રીઓની તિક્ષણુતા બેમાલુમ થાય છે. કેટલાકેા કહે છે કે તેમનાં થેાડા ધર્મ બેમાલુમ બને છે. કેાઇ મનુષ્યને થેાડેા દારૂ પાયાથી હેાશિયારી આવે છે. મધાર્ક સર્વ દારૂમાં હેાઇ તેના આવા જૂદા જૂદા પ્રકાર બનવાનાં કારણ દારૂ માહેલા ઇથર અને તેલનું છે.

સ્નાયુ દારૂનાં અરકથી નિર્જીવ બને છે, અને તેમ નહિ બન્યું તેા તેનાથી કેાઇ પણ નાજુક કામ થતું નથી. બેહદ દારૂ પીધાથી શ્વાસેાશ્વાસને મદદ કરનારાં સ્નાયુ નિર્જીવ બની મનુષ્યનું ગુંગળાઈ જવાનાં બનાવેા અનેક જોવામાં આવે છે.

દારૂ પેટમાં જતાં શરીરનાં તમામ ભાગમાં ગરમી ઉત્પન્ન થાય છે, અને તે પીનારાને હેાશિયારી આવે છે. દારૂ પીધા પછી અરધેા અથવા એક કલાકે હાથની નાંડીનાં ઠેાકા દર

મિનિટે ૬ થી ૧૦ વધે છે, અને શ્વાસેાશ્વાસ ક્રિયામાં ઝાઝેા ફેરફાર થતેા નથી.

દારૂનું પૃથક્કરણ તરતજ નહિ થતાં તે ઘણેા વખત સુધી લેાહીમાં રહે છે, ચામડીમાંથી તેમજ ફેફસાંમાંથી બાહેર પડે છે. મૂતરમાં તે હેાય છે એમ ડૉ૦ પર્સીએ લખેલું છે. શ્વાસેાશ્વાસ નિકળતાં તે બાહેર પડે છે, એ ગંધ ઉપરથી જણાય છે. લેાહીમાં દારૂનું પૃથક્કરણ તદન થતું નથી એમ ફ્રેન્ચ રસાયન શાસ્ત્રી મેા૦ લાલિમંડ ડયુરાય અને પેરિને પેાતે તરહેવાર પ્રયેાગેા કરી જાહેર કર્યું છે. આ રસાયન શાસ્ત્રીઓએ વધારે એમ જણાવેલું છે કે દારૂ જે રૂપે પેટમાં દાખલ થાય છે તેજ રૂપે તે ચામડીમાંથી, મૂતરમાંથી અને ફેફસામાંથી બાહેર પડે છે. ડૉ૦ પ્રાઉટે કરેલા પ્રયેાગેા ઉપરથી એવું સ્પષ્ટ જણાયલું છે કે દારૂથી શરીરનેા પેાષણ વ્યાપક બરાબર ચાલતેા નથી, કારણ કે તેનાથી લેાહીમાં જેટલેા કારબેાનિક ઍસિડનેા અંશ રહેવેા જોઇએ તે કરતાં વધારે રહે છે. એટલે કારબેાનિક ઍસિડ જેટલેા બહાર પડવેા જોઇએ તેટલેા દારૂને લીધે બાહેર પડતેા નથી.

અમેરીકન પ્રેાફેસર ડેવ્હિસે અનેક અખતરા કરી દારૂ વિશે નીચે મુજબ વર્ણન કરેલું છે. "દારૂ પીધાથી મજબુત ઉત્તેજક બની રૂધયની ક્રિયા જલ્દ બને છે. આ અસર દારૂ પીધા પછી ૩૦ મિનિટની અંદર થાય છે, અને ફરી જો તેને તરત પીધી નહિ હેાય તેા તે ગુણ દેાઢ યા બે કલાકની અંદર બેમાલુમ થાય છે. આ જે દારૂના મજબુતંતૂને થેાડેા વખત ઉત્તેજક બનાવવાનેા ગુણ છે તેથીજ દારૂમાં પાચન શક્તિ અને મનેાવિકાર વધારવાનાં ગુણ છે એમ લેાકેાની સમજ છે. દારૂથી તંતૂપર જેટલું ઉત્તેજન રૂપ કાર્ય પડે છે તે કરતાં નાડ ઉપર ઘણી ઓછી અસર કરે છે. મધપ્રાશનથી કારબેાનિક ઍસિડ ફેફસામાંથી આગળ કરતાં વધારે ઓછું નિકળે છે. તે પીધા પછી એક કલાકની અંદર તે ઓછેા થવા માંડે છે, અને એ બે કલાક સુધી તેવીજ સ્થિતિમાં રહે છે. બે કલાક પછી ફરી તે વધારે નિકળવા માંડે છે, અને ત્રણ કલાક પછી તે હમેશ મુજબ નિકળે છે." આ પ્રયેાગ ઉપરથી ઉપલા વિદ્વાનની ખાતરી થઇ કે ગરમી વધવાને બદલે ઉલટી ઓછી થતી ગઇ હતી.

દારૂથી રૂધયની ગતિ વધીને લેાહીની નેસેા સદા ફુલે છે, આથી રૂધીરાભિસરણ ઇંદ્રીયેાનાં રેાગેા સદા દારૂબાજોમાં ઝાઝાં જણાય છે.

તંદરેાસ્ત મનુષ્યે એકથી બે આંઉસ સુધી શુદ્ધ દારૂનેા અર્ક લીધેા હેાય તેા તેમાં હરકત નથી; પણ હાલમાં શુદ્ધ મધાર્ક પ્રચારમાં નહિ હેાવાથી તેને બદલે જૂદા જૂદા પ્રમાણુથી માહે અર્ક રહેલી દારૂનેા લેાકેા ઉપયેાગ કરે છે. તેમાંની થેાડીક દારૂનાં પરિણામેા હેઠે આપ્યાં છે.

૧ ઔંસ મધાર્ક મેળવવા ૨ ઔંસ ઘાંડી, ૫ ઔંસ શેરી, ૧૦ ઔંસ કલૅારેટ, ૧૦ ઔંસ હેાક, ૨૦ ઔંસ બીર, ૫ ઔંસ પેાર્ટવાઇન, ૮ ઔંસ એાર્ડવાઇન, ૯ ઔંસ બરગંડી, ૮ ઔંસ ચંપીયન, અને ૮ ઔંસ મેાઝેલ લાગે છે. આપણા દેશમાંની દારૂ ઉત્તમ રીતે ગાળેલી નહિ હેાવાથી તે પીવા લાયકની હેાતી નથી. તેમાં 'ફૂઝલ' નામનું તેલ વધારે હેાવાથી લીવર અતિ જલ્દી બિગડે છે. દેશી દારૂમાં દારૂનેા અર્ક બીજી ઇંગ્રેજી દારૂ કરતાં વધારે હેાય છે, એમ જે સમજ છે તે ભૂલ ભરેલી છે.

થંડીમાં શરીર મધે ગરમી લાવવા દારૂ પીવાનેા ચાલુ રેવાજ છે, પણ જેઓએ ઉત્તર મહાસાગરમાં સફર કરી છે તેઓનું કહેવું એવું છે કે સખત થંડીમાં દારૂ પીવાથી નુકસાન પેાંહચે છે, અને તેથી સખત થંડીના દેશેામાં ઝાઝા દારૂડીયા હેાતા નથી. તેજ મુજબ અત્યંત ગરમ પ્રદેશમાં તડકામાંથી ચાલી આવ્યા પછી દારૂ પીધાથી નૂકસાન કરે છે; એ હિંદુસ્તાન, એાર્નિઓ,

આઝીલ, આફ્રિકા અને ડેમરારા દેશમાં કરેલી સ્વારીઓનાં ઇતિહાસ ઉપરથી જણાયલું છે.

રૂધિરાભિસરણ જલદ્દ ચાલવાથી ભેજમાંની નેસો વધારે પુલે છે, અને તેમાં લોહીનો જમાવ થાય છે. આથી એકાદ ગહન વિચારનું કામ કરી મનુષ્યને થાક ચઢતાં થોડો દારૂ પીધાથી તેની વિચાર શક્તિ વધારે વખત ચાલે છે, તેમજ ઘણો વખત અન્ન નહિ મળ્યા છતાં માત્ર દારૂ ઉપરજ વિચાર શક્તિ લાંબો વખત ટકી શકે છે, પણ તેમ તે હમેશાં ટેકાવદાર ગણાય નહિ. લઢાઇ પ્રસંગે સીપાઇઓને મુદ્દલ દારૂ નહિ આપી હોય તો તેઓ સારી તંદરોસ્તીમાં રહે છે; પણ ઘણી ઝડપો દોડ પછી આવી તરત લઢાઇ માટે ઉભું રહેવું પડે તો થોડા દારૂથી તેમને હિમ્મત અને હોશિઆરી આવે છે.

દારૂથી ઉમર કેટલી ટકે છે તે વિશે શોધ કરવા બ્રિટીશ મેડિકલ ઍસોસિએશને એક કમિટી નેમી હતી, તે મંડળીએ કરેલી શોધ નીચે મુજબ છે.

ચાલુ સાધારણ પીનારા—૬૨·૧૩ વર્ષ જીવે છે.
કોઇ કદાચ પીનારા—૫૯·૬૭ " " "
સાધારણ પીનારા—૫૭·૫૯ " " "
ખાસ દારૂ બાજ—૫૨·૦૩ " " "
મદ્ય નિષેધક—૫૧·૨૨ " " "

સરાસરી ગણત્રી કાઢતાં માફકસર પીનારને અને બેહદ પીનારને ચોકસ ઉમરે પીવાની લત લાગ્યા પછી કેટલી જીંદગી ભોગવી શકે છે તે નીચલા કોઠા ઉપરથી જણાશે. જે ઉપરથી સ્પષ્ટ જણાય છે કે દારૂ વધારે પીનારની જીંદગી કદી લાંબી લંબાતી નથી, ત્યારે માફકસર પીનાર વધારે જીવી શકે છે.

	નીચલી ઉમરે પીવાની શરૂઆત કરનારા.	નીચે દર્શાવ્યા મુજબ લાંબી યા ટુંકી જીંદગી ભોગવે છે.	
માફકસર પીનારા	૨૦	૬૪	જીવે છે.
	૩૦	૬૬॥	
	૪૦	૬૮	
	૫૦	૭૧	
	૬૦	૭૪	
બેહદ પીનારા છાકટા	૨૦	૩૫॥	જીવે છે.
	૩૦	૪૩॥	
	૪૦	૫૧	
	૫૦	૬૦	
	૬૦	૬૮॥॥	

દારૂ તરહેવાર જાતની બને છે. મુખ્ય કરી તાડની તાડી, મહુડા, દ્રાક્ષ, માલ્ટ, જવ, સાકર, ગોળ, ચોખા, ખજુરી અને કાજુમાંથી બનાવવામાં આવે છે. કેટલાકો દારૂને વાઇન, લીકર અને સ્પિરિટ કહે છે, તે તેના જૂદા જૂદા ગુણ અને તેમાં ફરક હોવાથી તેને ઉપલા ત્રણ વર્ગમાં વેંહેંચવામાં આવી છે. દારૂનો અરક આલકોહલ છે. દારૂમાં સેંકડે આલકોહલનાં જેટલાં નામ હોય તે મુજબ તેને હલકો ભારી ગણવામાં આવે છે. દારૂનાં જૂદા જૂદા પ્રકાર, બ્રાંડી, જીન, પોર્ટ, વિસ્કી, શામપેન, બીયર, શેરી, કલારેટ એવડો વગેરે છે.

મુખ્ય કરી દારૂનાં ત્રણ ભાગ કરવામાં આવ્યા છે. ૧—જવનાં ફીણવાલી દારૂ, ૨—વાઇન અને ૩ સ્પીરિટ યાને જલદ્દ દારૂ, આ દારૂઓનાં નામ તથા તેમાં કેટલો દારૂનો અરકનો ભાગ આવે છે તેની વિગત નીચલા કોઠામાં દર્શાવી છે.

	નામ.	શાનો બનાવેલો.	દારૂના અરકનું વજન ૧૦૦ ભાગમાં.			કયાં બનાવેલો.
	સ્પિરિટ (જલદ્દ દારૂ)					
૧	મોહવરાનો દારૂ	મહુવડામાંથી	૩૦	થી	૫૦	સૂરત, ગુજરાત, ઉરન.
	તાડીનો	ખજુરી અથવા તાડ રસમાંથી	૨૫	થી	૪૦	કોંકણ કાંઠે.
	ગોળનો દારૂ	ગોળમાંથી	૩૫	થી	૪૫	દીવ તથા સૂરત.
	કાજુનો	કાજુમાંથી	૪૦	થી	૬૫	ગોઆ ને કોંકણ.
	બ્રાંડી	વાઇન, પપેટા, અને અનાજમાંથી	૫૦	થી	૬૦	ગ્રેટબ્રિટન, ફ્રાન્સ.
	રમ	સાકર યા ગોળમ થી	૬૦	થી	૭૭	ગ્રેટબ્રિટન અને ઉરન
	જીન	જવ અથવા બીજા અનાજમાંથી	૪૯	થી	૬૦	ફ્રાન્સ.
	વિહીસ્કી	જવ, યા બીજા અનાજમાંથી	૫૦	થી	૬૦	જર્મની.
૨	**વાઇન**					
	શેરી	દ્રાક્ષ રસમાંથી	૧૯	થી	૨૫	જેરીસ (સ્પેનમાં).
	પોર્ટવાઇન	દ્રાક્ષ ,,	૧૬	થી	૨૩	પોર્ટુગલ.
	કલારેટ	,, ,,	૧૫	થી	૨૦	ફ્રાન્સ.
	મદીરા	,, ,,	૧૬½	થી	૨૨	સ્પેન (મદીરા ટાપુ).
	ચેમપેન	,, ,,	૫	થી	૧૩	ફ્રાન્સ.
	શીરાઝ	,, ,,	૫	થી	૧૫	ઇરાન.
	જવના ફીણવાલા દારૂ					
૩	બીઅર	સેડવેલા જવમાંથી	૩	થી	૧૦	ગ્રેટબ્રિટન.
	પોર્ટર	,, ,, ,,	૪	થી	૬	,,
	એલ	,, ,, ,,	૬	થી	૮	,,

દારૂ પીધા પછી તે લોહીમાં જાય છે અને ફેફસાં, પેશાબ અને પરસેવાને માર્ગે બાહેર પડે છે. દારૂ બાહેરના ભાગ ઉપર ચોપડવામાં આવે તો તે સ્થળ નરમ થાય છે, પણ પાણી સાથે ચોપડવામાં આવે તો તે ભાગ કઠણ અને બરડ થાય છે.

દારૂ ઔષધિ તરીકે અતિ ઉપયોગી ચીજ છે. તેનાથી ભૂખ છુટે છે, શક્તિ આવે છે અને ગરમી રહે છે. નબળાઇ અને અશકતાઇનાં દરદો માટે ઘણો ફાયદો કરે છે; પણ તે જોઇએ તે કરતાં વિશેષ થાય અગર નહિ જોઇતો પિવામાં આવે તો નુકસાન કારક થઇ પડે છે. સ્પિરિટ પિવાથી વધારે ગેરફાયદો થાય છે.

જોરાવર અને લોહિઆર માણસ કરતાં નબળા માણસને દારૂ ગુણકારી છે. આવા નબળા માણસને ખોરાક સાથે દારૂ આપ્યાથી ખાણ હજમ થઈ શરીરને ટેકાવ મળે છે. દારૂથી અંગના કેટલાક ધસારાનો કેટલેક દરજ્જે અટકાવ થાય છે, માટે શરીરમાંથી ઘણું લોહી ગયું હોય, અથવા જે દરદોમાં ઘણી નબળાઇ થઇ હોય તેમાં એ ફાયદા કારક છે.

ઘણો જ ચાલુ દારૂ પિનારને એ નુકસાન કરે છે. તેની અન્ન કોથળી ઉપર ખરાબ અસર થવાથી બદહજમી થાય છે, ઉલટી. આવે છે, જાહડો કબજ થાય છે, અટકાર આવે છે, છાતીપર ખાટું થાય છે, મ્હોડામાં

ખાટું પાણી આવે છે અને દારૂ પિનારની ભૂખ ધીમે ધીમે મરી જાય છે. ભેજાં ઉપર પણ દારૂ ઘણી માઠી અસર કરે છે. આળસાઇ, સુસ્તી, નાહિમ્મત અને બેવકુફાઇ એ દારૂબાજની મુખ્ય નિશાનીઓ છે. દારૂ ચાલુ પીધાથી ફેફસાંમાં બરાબર લોહી ફરી વળતું નથી, તેથી ત્યાં લોચો એકઠો થાય છે. આ કારણથી દમ જલદી અને મુશકેલીથી ચાલે છે, સુકી ખાંસી થાય છે અને બીજા ફેફસાંની ભયંકર બીમારીનું હમેશાનું બીજ રોપાય છે. કાળજામાં આ કેફી પદાર્થ જવાથી તેના કામમાં અને બાંધામાં ફેરફાર થાય છે, પિત્ત બરાબર પેદા થતું નથી, અને કાળજું વખતે મ્હોટું અને સખત થાય છે, કોઈ વેળા સંકોચાઇ તલ્લી જેટલું નાહતું થઇ જાય છે, અને તે ઉપરથી એક જાતનું જલંદર પેદા થાય છે. ગુરદાને આ કેફી પીણાથી ઘણી નુકસાની પોંહચે છે.

ઘણો દારૂ પીવાથી મનુષ્ય ગાફેલ બની બકારો કરે છે, તો કોઇ તુફાન કરે છે અને ડોલતો રહી પડી જાય છે. તેને અંગ વસ્ત્રનું ભાન રહેતું નથી, ચેહેરો લાલ થાય છે, આંખો લાલ બને છે, ફીકી પ્રથમ નાહની અને પછી વિસ્તૃત થાય છે, શરીર થંડુ પડે છે અને પરસેવો છુટે છે, નાડીમંદ અને ધીમી ચાલે છે, એ મુજબ ગાફેલ બની સેવટે દરદી કેવળ બેભાન થઇ પડે છે. શ્વાસ ગુંગળાય છે, તેમાંથી દારૂની ગંધ આવે છે. તે પછી ઘણી પેશાબ છુટે છે, અથવા ઉલટી થાય છે અને ૧૦ થી ૨૦ કલાકે શુદ્ધિપર આવે છે અથવા તો વધૂ ઝેર ચઢતાં મરણ નિપજે છે.

દેવાનપણું તથા દારૂજન્ય ભ્રમ દારૂડીયા ઉપર ગાલેબ થાય છે. ભ્રમ શરૂ થતાં ઉંઘ આવતી નથી અને બેચેની વધી સ્વપના આવવા માંડે છે. તે વેહેમી, હિચકારો, બેશ્વિવાસી બને છે. તે પોતાના શરીરને કોઇ ઇજા કરે છે યા અંગ પર કાંઇ વસ્તુ વળગી હોય તેવો ભ્રમ કરે છે. તેનું શરીર ધ્રુજે છે, તેમાં હાથ અને જીભ વિશેશ ધ્રુજે છે એકંદર મનમાં ઘણો ગભરાટ, બિહીક, ભય, વેહમ અને બેભાની હોય છે. શરીરમાંથી પરસેવો ઘણો છુટે છે, નાડી નરમ નાહની અતિ ત્વરિત ચાલે છે. ભુખ લાગતી નથી, નબળાઇ વધી જીભ સુકાતાં આંચકીનો હુમલો થઇ બેશુદ્ધ થઇ મોત નિપજે છે.

દારૂનાં વ્યસનથી ઘણું કરી શરીરમાં અનેક દુઃખ દર્દોનો વાસ થાય છે; જે વિષે વૈદક ગ્રંથોમાં અસરકારક વર્ણન મળે છે.

જે દારૂમાં ઝાઝો આલકોહલ નથી તે પીવા લાયકના દારૂ ગણાય છે. બીર અને તેને મળતા જવનાં દારૂ ઈંગ્રેજી દારૂમાં નબળા છે, તે થકી ઘણા બીરથી જેટલું નુકશાન થાય છે તે કરતાં તેટલો બ્રાંડી અથવા જલ્લદ દારૂથી વધારે થાય છે. બીરમાં દારૂનો અરક શિવાય સાકર, કડવાસ અને બટાશનો ભાગ રહેછે. બીર બાદકસર પીધાથી ભૂખ છુટે છે અને શક્તિ આવી શરીર પુલાવે છે. બીરમાં 'કાકમારી'નાં બીજ અથવા ગંધકનો તેજાબ અથવા મરચાં, મરી વગેરે ભેળે છે, જેથી તે પીવામાં કડક લાગે છે; માથું દુખવેછે અને તબીયત બિગાડે છે, માટે ગદલો અને બાટો ન હોય એવો નિતરો બીર વાપરવો. ઘણો બીર પીવાનો માહવરો રાખવાથી પગનો નબજો, પિત્તવિકાર અને બીજાં દર્દો લાગુ પડે છે. પોરટર, એલ પણ બીર જેવીજ બાશિયત ધરાવે છે.

વાઇનમાં સાકર તથા થોડો વૈષ્ટિક ભાગ તથા થોડો બાર હોય છે; તેનાં અંદરના બારોને લીધે વાઇન લોહીને સાફ કરે છે. કેટલાક વાઇન ઘણા જલ્લદ આવે છે, અને તેમાં સ્પિરિટ મારવામાં આવે છે, તેથી તે પીધા પછી ઘણું નુકશાન થાય છે. પોર્ટવાઇન ઘણી વેળા હજમિયત શક્તિ બિગાડે છે ને પેટ કબજ કરે છે. મદિરા વાઇનમા શેરી જેવાં ગુણ છે. ક્લારેટમાં બટા શનો ભાગ વધારે આવે છે તેથી નબળા કોઠાવાલાને આ વાઇન આપવો નહિ, તેમજ અતિ મીઠો વાઇન પણ નુકસાનકારક છે.

હિંદુસ્તાનમાં પ્રથમ દારૂ અતિ થોડો બપતો હતો. પણ હાલમાં તેનો ફેલાવો ઘણોજ વધી પડયો છે, અને થતો જાય છે. દારૂની બપત અને દુકાનો વધતી જાય છે. હિંદમા વસતા ઉંચી પંકતિના લોકો જેમને આગળ દારૂનો ભારે તિરસ્કાર હતો, તેઓ પણ હવે પીવામાં શામેલ થયા છે. દારૂ પીવાથી થતા નૂકશાન પ્રસિદ્ધ છે. સરકારે એની ઉપર ભારે કર બેસાડયા છતાં તેનો બપ બટકવાને બદલે વધતો ચાલ્યો છે.

* હિંદુસ્તાનની સરકાર પરદેશી દારૂ વેચવાના પરવાનાં પ્રત્યેક દુકાનને માટે દર વર્ષે કેટલીક રકમ લઇને આપે છે. દેશી દારૂ ઉપર કર લેવાના સંબંધમાં માત્ર જૂદા જૂદા પ્રાંતોમાં જૂદો જૂદો વહિવટ ચાલે છે. સાધારણ રીતે એ વહીવટનાં બે વર્ગ પાડી શકાય. ૧—પેહેલા વર્ગની પદ્ધતિમાં વિશેષ એ છે કે એકાદ મધ્ય સ્થળે દારૂ બનાવી તે ત્યાંથી બાહેર વેચવા માટે લઇ જતાં તેપર નિયમ પ્રમાણે દાણુ લેવામાં આવે છે. ૨—બીજા વર્ગની પદ્ધતિમાં તૈબાર કરેલા દારૂપર કર લેવામાં આવતો નથી. પરંતુ મૂળદારૂ બનાવવાનો અને વેચવાનો હક્ક લીલામ કરીને આપવામાં આવે છે. લીલામમાં ઉપજેલી રકમ લીલામ રાખનારો જે દારૂ બનાવે તે દારૂપરનો કર છે. પેહેલા વર્ગની પદ્ધતિને સેન્ટ્રલ ડિસ્ટિલરી સિસ્ટમ (મધ્ય સ્થળે ભઠ્ઠી રાખવાની પધ્ધતિ) કહેછે. બીજા વર્ગની પદ્ધતિને આઉટ-ડીસ્ટિલ (બાહેરની ભઠ્ઠીની) અને બજારની પદ્ધતિ કહે છે. આ પદ્ધતિ પ્રાંતિક સ્થળોનાં પ્રમાણમાં જૂદી જૂદી રીતે અમલમાં આવે છે. પેહેલા વર્ગની પદ્ધતિ હિંદી સરકારને વધારે પસંદ છે, અને ઘણાખરા પ્રાંતોના ભરવસ્તીવાળા અને સાધારણ વસ્તીવાળા ભાગોમાં તે ચાલે છે. ઓછી વસ્તીવાળા, અને મુસાફરીના સંબંધમાં અડચણ ભરેલા અને મધ્ય સ્થળથી દૂર આવેલા ભાગોમાં મધ્યસ્થ ભઠ્ઠીમાંથી દારૂ પૂરો પાડવામાં ઘણો બર્ચ થાય છે, તેથી તેવા ભાગોમાં ઠામ ઠામ દારૂ બનાવી વેચવાના પરવાનાં આપવામાં આવે છે; અર્થાત એવા ભાગોમાં બીજા વર્ગની પદ્ધતિ ચાલે છે.

(૧) સેન્ટ્રલ ડિસ્ટિલરી સિસ્ટમ એવી છે કે મધ્ય સ્થળે દારૂ ગાળવાનું ઠેકાણું સરકાર નક્કી કરે છે અને તે ઠેકાણે સરકારે પસંદ કરેલા આબરૂદાર માણસોને સરકારી અમલદારોની દેખરેખ તળે દારૂ ગાળવાની પરવાનગી આપવામાં આવે છે. અને દારૂ ગાળ્યા પછી ભઠ્ઠીમાંથી જે દારૂ બાહેર વેચવાને લઇ જવામાં આવે તેપર નિયમ પ્રમાણે દસ્તુરી લેવામાં આવે છે. એવી ભઠ્ઠીઓમાં દારૂ ગાળવાના હક્કનો બજારો આપવામાં આવતો નથી. તેમજ સાધારણ રીતે દારૂ ગાળવાનો અને વેચવાનો હક્ક જૂદો જૂદો રાખવામાં આવે છે. આ પ્રકારની પધ્ધતિ નીચલા બંગાલ, વાયવ્ય પ્રાંતો, અયોધ્યા અને પંજાબ પ્રાંતમાં ચાલે છે. બ્રહ્મદેશમાં યુરોપી પદ્ધતિથી જે દારૂ બનાવવામાં આવે છે તેપર આ પદ્ધતિ પ્રમાણે કર લેવામાં આવે છે. મધ્ય પ્રાંતોમાં એજ પદ્ધતિ ચાલે છે, પરંતુ તેમાં થોડો ફેર છે. એ પ્રાંતોમાં તૈબાર થએલા દારૂપર કર ન લેતાં દારૂ ગાળવામાં જે વસ્તુઓનો બપ પડે છે તેઓપર લેવામાં આવે છે.

આ પદ્ધતિ પ્રમાણે બનાવેલો દારૂ વેચવાની ગોઠવણ પણ સરકારે પોતાના હાથમાં રાખી છે. દુકાનો કેટલી અને કયે ઠેકાણે ઉઘાડવી તે જીલ્લાનો અધિકારી ઠરાવે છે અને તે દુકાનોમાં દારૂ વેચવાના પરવાના આપે છે, અને તેઓને માટે ફી લે છે. એ ફી કેટલેક ઠેકાણે મહિનાની અને કેટલેક ઠેકાણે વર્ષની મુદતને માટે ઠરાવવામાં આવે છે. તેની રકમ કેટલેક સ્થળે લીલામ કરીને અને કેટલેક ઠેકાણે ટેન્ડરો (માગણીની અરજીઓ) માગીને નક્કી કરવામાં આવે છે. (૨) મદ્રાસ બલાકામાં દારૂ ગાળ-

* હિંદની રાજ્ય વ્યવસ્થા પૃષ્ટ ૩૩૫ થી.)

વાનો તથા વેચવાનો હક્ક એકજ માણસને ભેગો આપવામાં આવતો નથી. દારૂ વેચવાના સંબંધમાં આ ઇલાકામાં ઉપર જણાવ્યા મુજબજ વહીવટ ચાલે છે. દારૂ ગાળવા માટે આ ઇલાકામાં સરકાર ભઠ્ઠી સ્થાપન કરતી નથી, પણ આબરૂદાર માણસને ફી લેઇને ભઠી કરવાની પરવાનગી આપે છે, અને તે ભઠ્ઠીમાં સરકારી અમલદારોની દેખરેખ નીચે દારૂ ગાળવામાં આવે છે, આ પદ્ધતિ મુંબઇ ઇલાકાનાં ઘણાખરા ભાગમાં ચાલે છે. એને ફ્રી સપ્લાઇ પદ્ધતિ કહે છે. પેહેલાં આ ઇલાકામાં એવો વહીવટ હતો કે દારૂ વેચવાને અમુક ભઠ્ઠીમાંથીજ દારૂ લેવો પડતો હતો, અને હમણા ચાલતી પદ્ધતિ પ્રમાણે ગમે તે ભઠ્ઠીમાંથી લાવી શકાય છે. આ બિના વિશેષ રીતે અનુભવમાં આવે તેટલા માટે એ રીતિને ફ્રી સપ્લાઇ (નિષ્પ્રતિબંધ) કહે છે.

(૩) મુંબઇ ઇલાકાના કેટલાક જીલ્લામાં દારૂ ગાળવાના હક્કનો ઇજારો આપવામાં આવે છે. ઇજારો આપવાની રીત એ છે કે ઇજારદારે દારૂ વેચનારાને તે કિયે દરે આપવો તે ઠરાવે છે, અને તે શરત પાળી સરકારને તે ગાળવાના પરવાનાં બદલ દારૂની કિમતની રકમમાંથી વધારે ભાગ આપવાને જે તૈયાર થાય છે તેને તે હક્ક આપવામાં આવે છે, પછી ઇજારદાર પોતાની ખાનગી ભઠ્ઠીમાં ઉપર જણાવ્યા મુજબ દારૂ ગાળે છે. આ પદ્ધતિને "દારૂ ગાળવાની ઇજારાની પદ્ધતિ (ધી સિસ્ટમ ઑફ મૉનોપોલી સપ્લાઇ) કહે છે.

સેન્ટ્રલ ડિસ્ટિલ પદ્ધતિનો બીજો પ્રકાર મુંબઇ ઇલાકામાં ચાલે છે, તેમાં દારૂ ગાળવાની તથા વેચવાની પરવાનગી એકજ માણસને જીલ્લાની હદમાંજ અથવા કોઇ ઠરાવેલી હદમાંજ આપવામાં આવે છે. સરકારે સ્થાપન કરેલા દારૂના ફડમાં સરકારી અમલદારોની દેખરેખ નીચે ઇજારદારને દારૂ ગાળવો પડે છે, અને તેને તે અમલદારોનો પગાર પણ આપવો પડે છે; ફડમાંથી દારૂ બહાર લઇ જતાં તેપર નિયમ પ્રમાણે કર આપવો પડે છે; દારૂ વેચવાને દુકાનો કેટલી અને કઇ કઇ જગ્યાએ રાખવી, તથા દારૂ વેચવાના દરની કેટલી હદ રાખવી તે સરકાર ઠરાવી આપે છે. દારૂ ગાળવાનો તથા વેચવાનો ઇજારો આપવામાં આવે છે એવું ઉપર જણાવ્યું છે, તેમાં ઇજારો લેવા માટે લોકોની અરજીઓ મંગાવે છે અને તેમાં નિદાન કેટલા ગ્યાલન (ભઠ્ઠીના) દારૂની ફી ભરવાને અરજદાર તૈયાર છે તે તેની કને લખાવી લેછે, અને જે માણસ વધારે ફી આપવાને તૈયાર થાય છે તેને તે ગાળવાની અને વેચવાની પરવાનગી આપવામાં આવે છે. ઓછામાં ઓછો જેટલા ગ્યાલન કબૂલ કર્યા હોય તેટલા ગ્યાલનપર ફી ભરવી પડે છે, અને તે કરતાં વધારે દારૂ બનાવવામાં આવે છે તો નિયમ પ્રમાણે તે પ્રમાણે વધારે ફી આપવી પડે છે. આ પદ્ધતિ મુંબઇ ઇલાકાના ઘણા ખરા ભાગોમાં, અજમેરમાં અને વાયવ્ય પ્રાંતોના થોડાક ભાગમાં ચાલે છે. એને ગારન્ટીડ મિનિયમ સિસ્ટમ કહે છે.

(૫) સેન્ટ્રલ ડિસ્ટિલરી પદ્ધતિનો એક બીજો નમૂનો છે તે એ કે ઉપર ચોથા પ્રકારમાં કહ્યા પ્રમાણે નિદાન અમુક દારૂ પર ફી ભરવાને તૈયાર છે એવું ઠરાવી લેઇ વધારે દારૂપર ફી આપવાને તૈયાર હોય તેને ઇજારો આપતા નથી, પરંતુ દારૂ પર નિયમ પ્રમાણે ફી આપી જે તે ઉપરાંત સર્વેથી વધારે રકમ આપવાને જે તૈયાર હોય તેને દારૂ ગાળવાનો તથા વેચવાનો પરવાનો આપે છે. એને મૉડીફાઇડ ડિસ્ટીલરી સિસ્ટમ કહે છે. આ પદ્ધતિ માત્ર મદ્રાસ ઇલાકામાં ચાલુ છે.

મદ્રાસ અને મુંબઇ ઇલાકામાં તાડનાં અથવા નાળિએરનાં ઝાડના રસમાંથી દારૂ બનાવવામાં આવે છે. જે ઝાડોમાંથી તાડી કાઢવામાં આવે છે તેઓપર કર લેવામાં

આવે છે, અને તે શિવાય તૈયાર કરેલા દારૂ પર પણ કર લેવામાં આવે છે.

મધ્ય પ્રાંતોમાં દારૂ બનાવવાનો હક્ક આપવાની જુદીજ પદ્ધતિ છે. સેન્ટ્રલ ડિસ્ટિલરી પદ્ધતિને તે પદ્ધતિ થોડીક મળતી આવે છે. તે પ્રાંતોમાં સરકાર મધ્ય સ્થળે ફડ બાંધે છે અને તેમાં આબરૂદાર માણસને પોતાની ભઠ્ઠી કરવાની પરવાનગી આપે છે, અને તેમાં સરકારી અમલદારોની સાધારણ દેખરેખ તળે તે દારૂ ગાળે છે. ભઠ્ઠીમાં જેટલો દારૂ ગાળવાની શક્તિ હોય તેના પ્રમાણમાં જેટલા દિવસ તે ભઠ્ઠી ચાલે તેટલા દિવસની ફી લેવામાં આવે છે. એ પ્રાંતોમાં દારૂ વેચવાનો પરવાનો તે ગાળનારને આપતા નથી; તે હક્ક ઉપર કહ્યા પ્રમાણે લીલામથી આપે છે.

દારૂડી—એના નાહના છોડ ઉગે છે. આ વનસ્પતિ હાથ દોઢ હાથ ઉંચી હોય છે. એના પાંદડા નાહના હોય છે. પીળા ધતુરા પ્રમાણે એના દીંટામાંથી પણ દૂધ (રસ) નિકળે છે. એના મૂળોને 'ચોકવ' કહે છે. આ વનસ્પતિ રેચક છે.

દાલ—આ સરોવર કાશમિરમાં ઉત્તર ભાગમાં પર્વતોની તળેટીમાં છે. દાલ સરોવર પાંચ મૈલ લાંબો ને બે મૈલ પોહળો છે. એ માત્ર ઉત્તર તરફજ ખુલ્લો છે, પણ બાકીનાં ભાગમાં ટાપુઓ હોઇ તેની આસપાસ એની નેહેર ફરી વળેલી છે. એનું પાણી જેહેલમમાં મળે છે. આ પાણી જેહેલમને અનેક નાળા દ્વારે દક્ષિણ પૂર્વ તરફથી મળે છે.

દાર્જીંગ કોટ—તિસ્તા નદીના પૂર્વ તરફનો પહાડી પ્રદેશ સિકીમની દક્ષિણે છે. ૧૮૬૪ માં ભૂતાન સાથના વિગ્રહ પછી આ પ્રદેશ બંગાલના દાર્જલીંગ જીલ્લામાં ગણાયો છે. આ પ્રદેશમાં કાલીમપોંગ નામનું મુખ્ય ગામડું સમુદ્ર સપાટીથી ૩૯૧૬ ફીટ ઉપર છે. આ પ્રદેશને હાલમાં ત્રણ મુખ્ય ભાગમાં વેંહેંચી નાખવામાં આવ્યું છે. ૩૦૦૦૦ એકર જમીન ત્યાંના ખેડુતો માટે, ૧૪૦૪૩૩ એકર જંગલખાતા માટે અને ૬૦૦૦ એકર ચાહની ખેતી માટે રોકેલી જમીન છે. ઢોલાવદાર હાર ઉપર ડવાર્સના ચાહેના વેપારીઓ માટે ખાસ આરોગ્ય ભવનો બાંધેલા છે. ૧૮૭૨ માં લોક વસ્તી ૩૫૨૬ ની ને ૧૮૮૧ માં ૧૨૬૮૩ ની વસ્તી હતી. તેમાં ૬૪૭૫ હિંદુ, ૬૧૫ બુદ્ધિસ્ત, ૬ મુસલમાન, ૪૪ ખ્રિસ્તી હતા. એનું ક્ષેત્રફળ ૪૮૬ ચૌરસ મૈલ છે. તેમાં ૩૨ ગામડાં ને ૨૫૬૫ રહેવાના મકાનો છે.

દાવલા મોરસ—આ ભાજીનો રોપો વેંત દોઢ વેંત લાંબો હોઇ જમીન ઉપર પથરાયલો હોય છે, અને એના દીંટાનો રંગ ધોળીની ભાજી જેવો હોઇ પાંદડાં સુમારે દોઢ આંગળ લાંબા હોય છે. આ પાંદડાં બહુ જાડા રહે છે; એની ભાજી સ્વાદિષ્ટ બનાવી શકાય છે. દાવલા મુખ્ય કરી સમુદ્ર કાંઠે ઉગે છે.

દાસ-નામી—શિવને માનનારો એક ટોળો. તેનો મૂળ સ્થાપક શંકરાચાર્ય હતો. તેઓમાં દસ દરજ્જા હોવાથી દાસનામી એ નામ તેઓને મળેલું છે.

દાસ્ય ભક્તમાં નીચલાં કર્મ કરવાનું ફરમાન છે:-ભાગેલાં મંદીરો દરસ્ત કરવાં, દેવતાઓને હાથી, ઘોડા, પાલખી, અલંકાર, ભૂષણો આપવાં, તેમજ દેવતા માટે ભોજનશાળા, ધર્મશાળા બાંધવી, બાગબગીચા બનાવવા.

દાસોબોધ—સમર્થ રામદાસ સ્વામિએ મરાઠી ભાષામાં રચેલો ઓવીબધ્ધ ગ્રંથ. એના દશક ૨૦ છે, અને દરેક દશકમાં દસ દસ સમાસ મળી એકંદર સમાસ ૨૦૦ છે. આ ગ્રંથ શરૂઆતમાં સેહેલ જણાય છે પણ વધુ વાંચતાં ઘણો અઘડો માલમ પડે છે. આ ગ્રંથ રામદાસ સ્વામિએ કલ્યાણ ગોંસાવીને હાથે લખાવ્યો હતો.

દાહિદેશ—એજ નામના ટોળાની વસાહતવાલો દેશ. પ્રાચીન ઇરાની રાજ્ય અમલમાં જાણીતા થએલા પાંચ દેશમાંનો એ એક. દાર્મસ્ટેટે, પ્લીની, હીરોદોતસ અને સ્ત્રેબો દાહિ તરીકે આ દેશને જણાવી ગયા છે. ચીનાઇ

ભૂગોલનવેશ Tahia તાહિઆ જણાવે છે, તે મુજબ જોતાં એ ઓકસસ નદીને દક્ષિણે આવેલો દેશ હોવો જોઇએ. યુસ્તી તથા રૂપીગલ એને કાસ્પિયન સમુદ્રની દક્ષિણ પૂર્વમાં આવેલો સિથીયન ટોળાનો મુલક જણાવે છે. હાર્લે એને કૉકેસસ પાસેનો દેશ ધારે છે. તેમ વેસ્ટ સાઇનીના દેશને સમરકંદનો દેશ ધારે છે, જે આધારે તે સાઇનીની પડોશનો દેશ હશે એમ જણાવે છે; પણ આ અનુમાન એ૦ જી૦ મોટી ખોટું જણાવે છે. અને એજ વિદ્વાન એરવર્દના જણાવવા મુજબ હાલમાં અફગાનોનો 'હાઝારાહ' ટોળામાં દાહિ નામનો એક તાયફો છે, તે એજ દિસે છે. એ તાયફામાંના એક ભાગને 'દાહી મર્દ' ના ખાસ નામથી ઓળખવામાં આવે છે.

દાહોમે—આ પ્રજા પશ્ચિમ આફ્રિકામાં લેગોસ (બ્રિટિશ) અને ટોગોલેંડ (જર્મની) ની વચમાં ૪૦૦૦ મૈલના પ્રદેશમાં વસે છે. આ પ્રજા સિધી જાતની 'યૉ' ટોળાને લગતી છે. તેઓ કદે નાહના પણ અત્યંત ચંચળ હોય છે. તેઓ નાચ કરવાના કામમાં તથા રમ પીવાનાં ભારે શોખીન હોય છે; તેમજ ચોરી લુટફાટમાં પણ એક્કા છે. અત્રેના રાજનો અમલ ૧૮૧૮થી સ્થાપ જણાયો છે. આ પ્રજની લોક વસ્તી ૧૫૦૦૦૦ થી ૯૦૦૦૦૦ની ગણાય છે, પણ તેમાં પેહેલી ગણત્રી ખરી ધારી શકાય છે. દાહોમે પ્રજા ઝાડ, પથ્થર, સાંપ, વગેરેની પૂંજા કરે છે. તેઓના દેશમાં સાંપના ૧૦૦ ઉપર મંદીરો છે. આ પ્રજામાં વર્ષમાં ચોકસ મ્હોત્સ્વને દિવસે સંખ્યાબંધ મનુષ્ય બળી આપવાનો ચાલ છે. ઇ. સ. ૧૮૬૩માં સર રિચર્ડ બર્ટને દાહોમે પ્રજના મુલકમાં મુસાફરી કરતાં ત્યાં કેદ પડયો, ત્યારે તેણે એક એવા મ્હોત્સવ વેળા પરદેશી કેદીઓની કતલ થતી દીઠી હતી. અને આ બળીદાનનો રેવાજ દર ઓકટોંબર માસમાં પડતા તેહેવાર ઉપર અમલમાં મેળતા હતા, કે જે વેળા કોઇ પ્રસંગે ૫૦૦ માનસોને બળી આપવામાં આવતા. પણ આ ક્રૂર રસમને ઇ. સ. ૧૮૭૬ માં બ્રિટીશોએ પોતાની પ્રજા પણ તેમાં ભોગ થઇ પડતી જાણી આ દેશ ઉપર ચઢાઇ કરી બંધ પાડયો હતો. એનું મુખ્ય શેહેર એમઓય ૮ મૈલ ઘેરાવામાં છે અને તેની આસપાસ કોટ તથા ખાઇ હોઇ માહે દાખલ થવાનાં ૬ બારણા છે. આ શેહેરમાં ૩૦૦૦૦ની વસ્તી છે.

દિઓફેન્થસ—ગ્રીક ગણિત શાસ્ત્રીઓમાંનો આ એક જાણીતો શાસ્ત્રી; અલેકઝાન્દ્રીઆ ખાતે ૩જી સદીની આખેરીમાં રહેતો હતો. એ પોતાની ૮૪ વર્ષની વયે મરણ પામ્યો હતો. એના ત્રણ જાણીતાં પુસ્તકોના નામો નીચે મુજબ છે:—Arithmetics, Palygoual Number અને Torisms. એમાંનાં પેહેલા પુસ્તકનાં ૧૩ દફતરો બનાવ્યાં હતાં, તેમાંના માત્ર ૬ હાલમાં બચેલા મળી આવ્યાં છે; બીજા પુસ્તકનો થોડો ભાગ મળ્યો છે, અને ત્રીજું પુસ્તક ગુમ થએલું છે. એના ગણીત શાસ્ત્રના પુસ્તકમાં બીજ ગણિત મુખ્ય છે અને આથી એ બીજ ગણિતનો કર્તા ગણાય છે. બીજા પુસ્તકમાં 'યૂકલીડ' ના ધોરણને મળતા સિદ્ધાંતો આપ્યાં છે. એના ગ્રંથોનો લૅટીન ભાષામાં ૧૫૭૫ માં પ્રથમ તરજુમો કરવામાં આવ્યો હતો.

દિગંબર—અહર્ત અને જૈન એઓમાં જે શ્વેતાંબર અને રકતાંબર એવા બે ભેદ છે, તેમાંના બીજા ભેદનાં લોકો. એમના મતમાં આત્માં મધ્યમ પરિણામનો માને છે, યાને જેમ મનુષ્ય નાહનો મ્હોટો હોય છે, તેમ તેનો આત્મા પણ તેવડાજ કદનો હોવાનું તેઓ માને છે.

દિંડા— આ એક જંગલી ઝાડ બે પ્રકારનાં ઉગે છે. એના જે જે ઝાડની કાઠી ઉંચી નહોતાં જમીન બરાબર હોય છે તેને દિંડી કહે છે, અને જે ઝાડની કાઠી ઉંચી હોય છે તેને દિંડા કહે છે. દિંડાની કાઠી ૧૬ હાથ લંબાઇની હોય છે. આ કાઠીનો રંગ પ્રથમ

લીલો હોય છે, અને કાઠી સુકાયા પછી કાળો થાય છે. આ ઝાડ કાંઇક કારવી જેવું હોય છે. એને મૃગ નક્ષત્રનો વર્સાદ પડયા પછી નવ કૂણુગા ફુટે છે; તે લઇ તેની જુડીઓ બાંધી વેચે છે. એની ભાજી સ્વાદિષ્ટ હોય છે. આ ભાજી પૌષ્ટિક છે.

દિંડી—પિંગળ શાસ્ત્ર મુજબ ૯ ને ૧૦ માત્રાની બે યતિયેનો દિંડી છંદ બને છે. એમાં પાદ બે કે ચાર આવે છે.

દિતિ—વૈવસ્વત ચાલુ મન્વંતરમાંનો બ્રહ્મ માનસ પુત્ર. મરીચિઋષિની વહુ ને કશ્યપ ઋષિની ૧૩ સ્ત્રીઓમાંની બીજી. એને પ્રથમ એક હિરણ્યકશિપુ નામે પુત્ર થયો હતો. હિરણ્યકશિપુ મરણ પામતાં બીજા થએલા પુત્રો દૈત્યો થયા નહિ, પણ પછી વજ્રાંગ નામે દૈત્ય પુત્ર થયો, પણ એને હિરણ્યક્ષ નામે થવા માટેનું વર્ણન ભારતમાં મળતું નથી.

બીજી કથા એવી છે કે જ્યારે સમુદ્ર મથન થયું હતું, ને કૃષ્ણે મોહિની સ્વરૂપ ધારણ કરી દૈત્યોને મારી નાખી દેવતાઓને અમૃત પાયું હતું ત્યારે દિતિએ કશ્યપના ઘણા કાલાવાલા કર્યા ઉપરથી કશ્યપે કહ્યું "તું હજાર વર્ષ સુધી શુદ્ધ રહીને તપશ્ચર્યા કરીશ તો તને એવો પુત્ર થશે કે ઇંદ્રાદિક દેવતાઓને મારીને તારા મરણ પામેલા પુત્રોનું વેર લેશે. તે અવધી આવી રહી હતી એટલામાં ઇંદ્ર ત્યાં ગયો ને એટલી તો એણે દિતિની સેવા કરવા માંડી ને એવી તો સમજાવી કે તે પોતાનું માથું જ્યાં પોતાના પગ હતા ત્યાં નાખીને સુતી, જેથી તે અપવિત્ર થઈ. પછી ઇંદ્રે બલાત્કાર કરી તેને જે ગર્ભ રહ્યો તેના કડકા કરી નાખ્યા; પણ તેણીએ કાલાવાલા કર્યાથી તે ૪૯ કકડાનાં મરૂત કર્યા.

દિદારાણી—આ મહાન પરાક્રમી રાણી ઇ. સ. ૯૮૦ ના સુમારે કાશમિરની ગાદીએ બેઠી. એણે ૨૩ વર્ષ સુધી રાજ્ય અમલ ભોગવ્યો હતો. કાશમિરના ઇતિહાસમાં આ રાણી પોતાની છટેલ ચાલ અને પરાક્રમ માટે ઘણી પ્રસિદ્ધતા પામી ગઈ છે. એના બે પ્રિતમ તુંગ અને ભુય્ય જુય્ય, નામે ભાઇ હતા, પણ તેઓ એની પ્રિતિ હતી ત્યાં સુધી મ્હોટે દરજ્જે ચઢી સેવટે અપકીર્તિથી માર્યા ગયા હતા. આ રાણી કેવી શૂરી હતી તે વિષે એનું વર્ણન ઇસલામી ઇતિહાસ કર્તાઓએ કર્યું છે. એક વેળા રાજપુરીની પ્રજાએ ઉઠાવેલા બંડની સામા થવાને તુંગ ગયો, પણ તે હાર પામતાં આ રાણીએ પોતે જાતે રાજપુરી જઇ ત્યાં લઢાઇ કરી બળવો દાબી દીધો હતો. કહે છે કે એના ક્રૂર કર્મથી ૧૦૦૦૦ માણસો માર્યા ગયા હતા. તેણે ૭ પ્રિતમ, એક પુત્ર, ત્રણ પૌત્ર અને ૧૫૦ ગોત્રનાં મનુષ્યોની હત્યા કરી હતી. આ રાણી વિષેની અનેક રસીક કથાઓ કાશમિરમાં પ્રસિદ્ધ છે. આ રાણી જોકે રંગીલી હતી છતાં રાજ્ય કારોબારમાં બાહોશ અને લઢાઇમાં શુરવીર હતી.

દિનનો પુરીયા—દેશી સંગીત શાસ્ત્રમાં જણાવ્યા મુજબ ભૈરવ રાગના ૮ પુત્રોમાંની આ એક રાગણી. આ રાગણી સંપૂર્ણ છે; એટલે કે એમાં સાતે સ્વરો છે. જેમકે ખરજશુદ્ધ, રિખવ કોમળ, ગંધાર તિવ્ર, મધ્યમ તિવ્ર એને કોઇ કોમળ જણાવે છે, પંચમ શુદ્ધ, ધૈવત ઉતરો, નિખાદ તિવ્ર. એમાં રિખવ વાદી સ્વર, ધૈવત સંવાદી તથા ગંધાર અનુવાદી સ્વર છે. અને ધોલસરી એટલે (ધવન ધન્યાશ્રી) ટંક, મંગલાષ્ટક તથા કાનરાથી મિશ્ર છે. આ રાગને કોઇ ખોડવ પણ લખે છે, તેમાં રિખવ વર્જ્ય ગણ્યો છે, અને કોઇ ઓડવ પણ લખે છે, તેમાં રિખવ, પંચમ બે વર્જ્ય છે. આ રાગણી ગાવાનો સમય સંધ્યા પેહેલાનો ઠેરવેલો છે. દિનની પુરીયાની જાતી ૪ છે. ૧-શુદ્ધ પુરિયા, ૨ ધન્યાશ્રી પુરિયા, ૩ ભિમાસ પુરિયા, ૪ કલ્યાણ પુરિયા અથવા રાતની પુરિયા.

દિનાજપુર—બંગાલ પ્રાંતના જીલ્લો. એની પૂર્વે કરાતય, પશ્ચિમે મહાનંદા નદી છે. ક્ષેત્રફળ ૪૧૧૭ ચૌરસ મૈલ છે. લોક સંખ્યા ૧૫,૫૫,૮૩૫ ની છે. દેશમાં ૭૬૭૫ ગામો છે. ભાષા બંગાલી બોલાય છે.

દેશ ઢોળાવદાર, જમીન સખત; મહાનંદા, નાગર, તંગાન, પૂર્ણભવા, તિરતા, અત્રાઈ, જમુના વગેરે નદીઓ વહે છે. મુખ્ય પાક ચોખા, મકાઈ, બાજરી, કડધાન્ય, તંબાકુ જૂટ, શેરડી, પાન વગેરે પાકે છે. મુખ્ય નિકાશ વેપાર ચોખા, જૂટ, તંબાકુ, ખાંડ, ગુણપાટ અને ચામડાનો છે; અને આયાત વેપાર કાપડ, નીમક, અને વાસણનો ચાલે છે. નીતપૂર, ચંદગંજ, બિરામપૂર, પાતીરામ આ મુખ્ય વેપારી શેહેરો છે.

દિલાવર—અથવા ખુકેફ્રાલા. આ પ્રાચીન ઈતિહાસ પ્રસિદ્ધ શેહેર અગાઉ ખુકેફ્રાલાને નામે જાણીતું હોઈ હાલમાં દિલાવરા તરીકે જાણીતું છે. આ સ્થળ માટે એવું વર્ણન મળે છે કે 'સિકંદર' પોરસ રાજા સાથે લઢયો તે વેળા તે લઢાઇ કયાં થઇ તે માટે મતફેર છે. એલફિન્સટન કહે છે કે ઝેલમ નદી ઉપર જલાલપૂરની સામે બીજે કાંઠે થઇ હતી. ઝેલમ શેહેર પાસે થઇ એમ બર્નસ કહે છે. ઈ. સ. ૧૮૩૬માં જનરલ કોર્ટને આ વિશે અનેક લખાણો કરી ઠેરવ્યું છે કે સિકંદરની છાવણી ઝેલમમાં હતી અને લઢાઇ બીજા કાંઠાપર ઝેલમથી ૮ મૈલ ઉપર પટ્ટી કોટીમાં થઇ અને પોરસનું લશકર બિસામાં હતું. કનિંગહેમને મતે જલાલપૂરમાં સિકંદરની છાવણી હતી એમ જણાય છે. લૉર્ડ હાર્ડીંગ ગવરનર જનરલનું મત પણ એવુંજ છે.

કનિંગહેમ લખે છે કે ઈ. સ. ૧૮૬૩માં મેં પોતે ઝેલમથી જલાલપૂર સુધી નદીનાં બેઉ કાંઠા જોયા હતા. ઝેલમથી જલાલપૂર સુધી નદીનો પ્રવાહ ઇશાન્ય તરફથી નૈઋત્ય તરફ છે. * જલાલપૂરથી ઝેલમ ૩૦ મૈલ ઉપર ઇશાન્યે છે.

ગ્રીક ગ્રંથકારોએ લખેલું લઢાઇનું અને સ્થળનું વર્ણન, અંતર, વગેરે વાતો ઉપરથી કનિંગહેમે લાંબુ વિવેચન કરી એમ ઠેરવ્યું છે કે જલાલપૂરમાં સિકંદરની છાવણી હતી. * * અને પોરસની તેની સામી બાજુ નદી કાંઠે 'નિકોઇ'માં યાને હાલનાં 'માંગ' ગામ પાસે હતી. છાવણીની બાજુથી સુમારે ૧૦ મૈલ જઇ સિકંદર ઝેલમ ઉતર્યો અને પોરસની છાવણીની બાજુએ ચઢી આવી લઢયો હતો.

સિકંદરનો બુકેફ્રાલા નામનો ઘોડો લઢાઇમાં જખમી થઈ મુવો, તેના માનાર્થે તેનાજ નામે આ શેહેર સ્થાપ્યું. તે હાલનું દિલાવરમાં અથવા જલાલપૂરમાં હશે. જલાલપૂરમાં તે હતું એમ કહેવાને વધારે કારણો છે.

દિલીપ—(જુઓ ખટવાંગ.)

દિલ્લી જીલ્લો— પંજાબના લેફ્ટનંટ ગવરનરને તાબેનો જીલ્લો. ક્ષેત્રફળ ૧૨૭૭ ચૌરસ મૈલ છે. ૧૮૬૮ માં અત્રેની વસ્તી ૬૦૮૮૫૦ ની હતી અને તે વસ્તી ૭૭૨ ગામોમાં વસાયલી હતી. ૧૮૮૧ માં વસ્તી ૬૪૩૫૧૫ ની હતી, જે વસ્તી ૭૦૮ ગામોમાં વસાયલી હતી. દર ચૌરસ મૈલે વસ્તીની રાસ ૫૦૪ ની, ગામડાં દર ચૌરસ મૈલે ૧૦૮, ઘેરો દર ચૌરસ મૈલે ૮૫; દરેક ગામડામાં વસ્તીની રાસ ૬૧૮ અને દર ઘેર દીઠ મનુષ્યની રાસ ૮-૭ ની હતી.

* જલાલપુર એ પ્રાચીન ગિર્જક જાણવું. રામાયણમાં ગિરિવ્રજ નામો 'કેકય' દેશની રાજધાની કહેલી છે, (અયોધ્યા 'કાંડ' સર્ગ ૬૮) તે એ હતી એમ કનિંગહેમ કહે છે.

* * આ વિષય માટે કનિંગહેમે ૧૮ પાના જેટલું લંબાણ વર્ણન કરી, છેવટ નક્કી ઠેકાણેપર પોતાનું મત આપ્યું છે.

* આ જીલ્લાની પરપ૬૭૬ એકર જમીન ખેતીવાડી ખાતે રોકાયલી છે. તેમાંની ૯૫૩૪૬ સરકારનાં કારોબાર તળે અને ૮૦૩૭૬ એકર ખાનગી સાહસથી ખેડાયલી છે. ખેડાયા વિનાની જમીનમાં ૧૦૧૫ એકર ઘાસ ચારાથી રોકાયલી છે, ૧૩૩૬૪૨ એકર ખેડી શકાય તેવી વેરાન છે અને ૧૩૫૫૦૦ તદ્દન ખડકાળ ને વેરાન છે. ઉત્તર પશ્ચિમ ભાગમાંજ મનાની નેહેર ફરી વળવાથી તે ભાગ વિશેષ ફળદ્રુપ છે. અત્રે રૂ, શેરડીનો મ્હોટો પાક થાય છે, અને જુવાર તથા બાજરી ધાન્યમાં મુખ્ય પાકે છે. વસંતમાં ઘઉં, બાજરી અને ચણાની ખેતી ચાલે છે. તંબાકુ માટે આ જીલ્લામાં મ્હોટો ભાગ રોકાયલો છે, અને જ્યાં વિશેષ પાણી છે ત્યાં ચોખાની ખેતી ચાલે છે.

આ જીલ્લામાં મે માસમાં સખત ગર્મી ૧૧૬· ડીગ્રી જેટલી પડે છે, અને થંડી ડીસેંબરમાં ૪૬·૪૦ ડીગ્રી પડે છે. વર્ષાદ ૨૫ થી ૩૩ ઇંચ સુધી વર્સે છે.

નિકાશ વેપાર તંબાકુ, ખાંડ, તેલ, જવાહીર, કલાકૂત કામનો ચાલે છે. મુખ્ય શેહેરો દિલ્લી, સોનપત અને ફરીદાબાદ છે. આ જીલ્લામાં જળ માર્ગ ૭૯ મૈલ, પાકી સડક ૧૪૦ મૈલ, કાચ્ચી સડક ૪૫૦ મૈલ, રેલ માર્ગ ૫૯ મૈલ છે.

દિલ્લી શેહેર-તેની વસ્તી, આવક, વેપાર, ઇતિહાસ, પ્રાચીન અર્વાચીન અને જોવા જોગ મથકોનું વર્ણન.—દિલ્લી શેહેર કલકત્તાથી ૯૫૪ મૈલ ઉપર, આગ્રાથી ૧૧૩ અને અલાહબાદથી ૩૯૦ મૈલ ઉપર તથા મુંબઇથી મીડ લેન્ડ રેલ્વે મારફતે ૯૮૨ મૈલનો તફાવત છે. ૧૮૫૩માં આ શેહેરમાં લોક વસ્તી ૧૫૨૪૨૬ની, ૧૮૬૮માં ૧૫૪૪૧૭ની, ૧૮૮૧માં ૧૭૩૩૯૩ની, ૧૮૯૧માં ૧૯૨૫-૭૯ની અને ૧૯૦૧માં ૨૦૮૩૮૫ની હતી; જેમાં ૮૮૦૦૦ મોહમેદન, ૧૧૪૦૦૦ હિંદુ, ૨૦૦૦ ખ્રીસ્તી અને ૪૦૦૦ પરદેશી હતા. અત્રેની મ્યૂનિસીપાલીટીની વાર્ષિક ઉપજ ૪૩૫૦૦૦ ની છે. અત્રેનો આયાત વેપાર ગુલી, કરીયાણા, રૂ, રેસમ, ઉત, ધાન્ય, તેલી બીયાં, ઘી, ધાતૂ, મીઠું, શીંગડા, હાડકાં, અને યૂરોપીયન પરચુટણ સામાનનો છે ને નિકાશ વેપાર પણ ઉપલોજ ચાલુ હોઇ તેમાં વિશેષ તંબાકુ, ખાંડ, તેલ, હીરામાણેક, તથા સુન્નાં ચાંદીની કારીગરીનો મુખ્ય છે. તે શિવાય દિલ્લીના વેપારીઓની મુખ્ય આડતવાલાં શેહેરો ઝીંદ, કાશુલ, અલવાર, બીકાનેર જેપૂર અને દુઆબ છે. એનો દર સાલ રેલ્વે સડક મારફતે આયાત વેપાર ૬,૮૦૦૦૦૦ રૂપીયાનો અને નિકાસ વેપાર ૧,૦૦,૫૧,૦-૦,૦૦૦ રૂપીયાનો સરાસરી ચાલુ છે. આ શેહેરમાં ૩૫૦૦ વિદ્યાર્થીઓ સરકારી શાળામાં ભણે છે. કેળવણી ખાતાઓમાં મુખ્ય સેંટ સ્ટીવન કૉલેજ અને શાળા, હિંદુ કૉલેજ અને મ્યૂનિસીપલ હાઇસ્કુલ છે. હૉસ્પીટલમાં મુખ્ય મ્યૂનિસીપલ ડફરિન હૉસ્પીટલ, જુમા મસજીદની ઉત્તર બાજુએ, ચાંદની ચોકમાં આવેલી સ્ત્રીઓ માટેની સેંટ સ્તિવન હૉસ્પીટલ અને જુમા મસજીદની પાસે એપતિસ્ત ઑસ્પીટલ મુખ્ય છે. દિલ્લી સાથે જૂદી જૂદી પાંચ રેલ્વે સડકો-ઇસ્ત ઇંદીયન, આઉદ એન્ડ રોહિલ ખંડ. રજપુતાણા માલવા અને ગ્વાલ્યે બરોદા, સેન્ટ્રિણ પંજાબ અને નૉર્થ વેસ્ટર્ન રેલ્વે આવેલી છે. આ શેહેરમાં ત્રણ સૂતરની મીલો અને ૧૧ વરાળ યંત્રથી ચાલતાં કારખાનાં છે. દિલ્લી શેહેર સોનેરી અને રૂપેરી કલાકૂતનાં ભરત કામ માટે તથા ઝવેરાતના દાગીનાની બનાવટ માટે અતિ પ્રસિદ્ધતા પામેલું છે. તે શિવાય હાથીદાંતની છબીઓ અને હાથીદાંત ઉપરનું નકસીકામ મુખ્ય છે. બહુ રંગના માટી કામનાં વાસણોના જે ઉદ્યોગ માટે દિલ્લી એક વાર પ્રસિદ્ધ હતું તે ઉદ્યોગ હાલમાં સદનતર પડી ભાગ્યો છે.

*મોંગલ રાજ્ય અમલ વેળા આ પ્રાંતની ખેડાયલી જમીનનો વિસ્તાર ૨૫૦૪૬૮૧૬ વિંઘાનો હતો. તેની આવક ૬૦૧૬૧૫૫૫૫ દામ યાને ૧,૫૦૪૦૩૮૮ રૂપીયાની હતી. આ પ્રાંત તે વેળા ૮ સરકારને અને ૩૨ પ્રગણામાં વહેંચાયલો હતો. તેના રક્ષણ માટે ૩૧૪૯૦ ઘોડેસ્વાર ને ૨૪૨૩૧૦ પાયદળ લશ્કર હતું.

દિલ્લીનો પ્રાચીન અરવાચીન સાલવાર ઇતિહાસ—પ્રાચીન કાળમાં દિલ્લી શેહેર ઇંદ્રપ્રસ્ત તથા હસ્તીનાપૂર એ બે નામે પ્રસિદ્ધતા પામ્યું છે, એમ કેટલાકો જણાવે છે; પણ તેમાં ભૂલ છે. આ બે શેહેરો ઇંદ્રપ્રસ્ત તથા હસ્તિનાપૂર પ્રાચીનકાળમાં બે જૂદા જૂદા શેહેરો હતા, છતાં તેમને એકજ શેહેર તરીકે પણ જણાવવામાં આવે છે. નીચે દર્શાવેલી ઇતિહાસિક માહિતી ઉપરથી તેનું સ્પષ્ટ નિવારણ થશેઃ—

ભારત આદિપર્વ અધ્યાય ૨૦૭ માં જણાવ્યા મુજબ હિંદુસ્તાનની ઉત્તર તરફ (દિલ્લી-નામે) યમુનાને કાંઠે જે પ્રસિદ્ધ શેહેર છે તેજ ઠેકાણે ભારતિય યૂદ્ધમાં પ્રસિદ્ધતા પામેલું* ઇંદ્રપ્રસ્થ નામનું શેહેર હતું. આ શેહેરની આસપાસ 'ખાંડવ પ્રસ્થ' નામનું અરણ્ય હતું. પાંડવો સાથે પોતાનાં પુત્રો લઢે નહિ તે માટે ધૃતરાષ્ટ્રે " આ ઠેકાણે શેહેર વસાવી તમારૂં મુકામ કરો એમ પાંડવોને જણાવ્યાથી તેઓએ અત્રે ઇંદ્રપ્રસ્ત વસાવ્યું. તેની રચના અતિ સુંદર થવાથી તેને 'શક્રપ્રસ્ત' કહેવા લાગ્યા. ભારતમાંની પ્રસિદ્ધ વાતો જે મયાસુર સભા તથા રાજસૂયજ્ઞ એજ ઠેકાણે થયાં હતા. હસ્તિનાપૂર પ્રમાણે ઇંદ્રપ્રસ્ત પણ કુરૂદેશની રાજધાનીનું શેહેર હતું. કેટલાક લોકો દિલ્લીને હસ્તિનાપૂર કહે છે એ ભૂલ ભર્યું છે; કારણકે દિલ્લીને ઠેકાણે ખરૂં પ્રાચીન શેહેર ઇંદ્રપ્રસ્ત ઉર્ફે શક્રપ્રસ્ત હતું. હસ્તિનાપૂર એ સ્વતંત્ર રાજધાનીનું શેહેર હોઇ તે મીરત શેહેરની પૂર્વે હતું. (જુઓ હસ્તિનાપૂર.)

* મહાભારતમાં વર્ણવામાં આવેલું પાંડવો અને કૌરવો વચ્ચેનું યૂદ્ધ શરૂ થયું તે પેહેલાં લઢાઈ નહિ કરતાં સુલ્હે ઉપર આવી જવા માટે વડા પાંડવ યુધીષ્ટીરે વડા કૌરવ પાસે જે પાંચ 'પત' અથવા 'પ્રસ્થ' માંગ્યા હતા તેમાંનું એક ઇંદ્રપ્રસ્થ અથવા ઇંદ્ર પત હતું. આ પાંચે પત હજી પણ હસ્તી ધરાવે છે, અને તેમનાં નામ નીચે મુજબ છેઃ—પાનીપત, સોનપત, ઈંદ્રપત અને બાધપત. એ પાંચમાંનાં છેલ્લા શિવાય બાકીના ચાર જમના નદીના જમણા એટલે પશ્ચિમ કાંઠા પર આવેલાં છે. મુ. સ.

યુધિષ્ટીરથી ૭ પુરૂષો સુધી (સુમારે ૫૦૭ વર્ષ) તેમનાં વંશમાંના રાજાઓએ અત્રે રાજ્ય કર્યા પછી ૭મો રાજા અસીમ કૃષ્ણ રાજાનાં સમયમાં યમુનામાં મ્હોટી રેલ આવવાથી ઇંદ્રપ્રસ્ત તણાઇ જવાથી નીમચક્ર રાજાએ પોતાની ગાદી ત્યાંથી ઉઠાવી કૌશાંબી નગરમાં સ્થાપી. તે વેળા યૂધિષ્ટર શકનું ૫૮૩ મું વર્ષ હતું. આ ગાદી ત્યાં સુમારે ૧૨૭૧ વર્ષ સુધી હતી, અને તેટલા વખતમાં ચિત્રરથ રાજાથી તે ક્ષેમક રાજા (લક્ષ્મીદેવ) સુધી યુધિષ્ટિર વંશિય ૨૨ પુરૂષોએ ત્યાં રાજ્ય કર્યું. તેઓએ ૧૮૫૩ વર્ષ ૪ મહિના ને ૧૨ દિવસ રાજ્ય-અમલ ભોગવ્યો હતોઃ—

રાજ્ય કર્તાના નામ.	વર્ષ.	માહ.	દિવસ.
યુધિષ્ઠિર	૩૬	૦	૦
પરિક્ષિત	૬૦	૧	૦
જનમેજય	૮૪	૬	૦
શનાનીક	૮૦	૫	૧૯
સહસ્ત્રાનીક	૮૮	૨	૮
અશ્વમેધક	૮૧	૧૧	૨૪
અસીમકૃષ્ણ	૭૫	૮	૮
નિમિચક્ર	૭૫	૧૦	૮
ચિત્રરથ	૭૭	૭	૭
કવિરથ	૭૯	૮	૨૯
વૃષ્ટિમાન	૬૧	૦	૨
રૂષેણ	૬૫	૧૦	૧૫
રૂનીથ	૬૪	૭	૨
નૃચક્ષ	૫૫	૯	૨
રૂખીનલ	૬૨	૦	૩
પરિપ્લવ	૬૧	૧૦	૪
રૂનય	૭૨	૧૧	૩
મેધાવી	૫૮	૦	૮
નૃપેજય	૫૦	૮	૨૧
દૂર્વ	૫૨	૪	૪
તિમી	૪૮	૧૦	૨૯
બૃહદ્રથ	૪૭	૮	૧૭
રૂદાસ	૪૭	૧૧	૦
શતાનીક	૪૪	૮	૧૭
સોમક	૫૬	૦	૦
કુર્દમન	૫૪	૧૦	૦
વહિનર	૫૧	૧૧	૮
દંડપાણી	૪૮	૭	૪
નિમી	૫૮	૫	૧૫
ક્ષેમક (લક્ષ્મીદેવ)	૪૯	૦	૨૫

ક્ષેમક અથવા લક્ષ્મીદેવને તેના વિરસેન પ્રધાને મારી કૌશાંબી નગરમાંથી ગાદી ઉઠાવી ફરી ઇંદ્રપ્રસ્થમાં સ્થાપી. વીરસેનથી પૃથ્વીપાળ રાજા સુધી ૧૦ પુરૂષોએ રાજ્ય કર્યું. તેઓએ ૩૪૭ વર્ષ અને ૧૦ મહિના ૨૭ દિવસ અમલ ભોગવ્યો હતો.

નામ.	વ	મા	દિ.	મુખ્ય બનાવ.
વીરસેન	૧૭	૭	૧	ઇંદ્રપ્રસ્થ રાજ્યધાની થયું.
શૂરસેન	૩૮	૮	૧૧	
વીરસા	૩૭	૮	૨૩	
અનંતસ	૩૨	૧૦	૨૩	[૧૯૭૭માં જનમ્યો.
રૂપસા	૩૫	૯	૭	ત્રીજો બુદ્ધ, યૂધીષ્ટીર શક
સુલોચના	૪૩	૧	૧૭	
પર્વત	૪૨	૯	૪	[જનમ્યો.
ગોપાલ	૩૮	૨	૨૫	કુમારીલ ભટ્ટ ૨૧૬૦માં
ધ્રૂવાદ	૩૫	૪	૨૪	
પૃથ્વીપાળ	૩૧	૮	૧૨	કુમારીલ ૨૧૭૩ અને ભગવત પૂજ્યપાદ શ્રી-મ૦ ૨૧૯૦ માં ધર્મ સ્થાપી મરણ પામ્યા.

વીરસેન વંશમાંના છેલ્લા રાજા પૃથ્વીપાળને નરહરીનાથ નામે વજીરે મારી નાખ્યો, અને દિલ્લીમાં પોતે રાજ્ય કરવા લાગ્યો. આ વંશમાં નરહરીનાથ સાથે ૧૬ રાજા થયા. તેઓએ ૪૦૫ વર્ષ ૪ મહિના ને ૧૬ દિવસ રાજ્ય કર્યું.

નામ.	વ.	મા.	દિ.
નરહરિનાથ.	૧૫	૧૦	૮
બિહારીગજર.	૨૭	૭	૧૫
હિમપાળ.	૨૦	૨	૧૩
મહાબળરાજ.	૩૫	૪	૧
અભીરપાળ.	૩૫	૮	૭
જયતપાળ.	૨૮	૧૧	૧૦
મણીકચંદ્ર.	૨૮	૮	૧૦
કામચંદ્ર.	૨૯	૭	૨૧
હરગોણુ.	૩૫	૫	૧૦
નામ જણાયું નથી.	૧૭	૦	૧૧
" "	૨૩	૫	૧૭
રૂચણુપાળ.	૧૩	૭	૨૯
ઉદીતપાળ.	૩૫	૨	૨૦
નરબળ.	૨૩	૧૧	૨૪
ભૂપતિ.	૧૦	૯	૨
વિક્રમ.	૨૩	૯	૧૮

વિક્રમ રાજાને મિત્રપાળ નામે પ્રધાને મારી નાખ્યો અને પોતે રાજ્યરૂઢ થયો. આ રાજા મિત્રપાળ સાથે ૧૬ થયા અને તેઓએ ૩૧૨ વર્ષ, ૩ માસ ને ૧૮ દિવસ રાજ્ય અમલ ભોગવ્યો હતો.

નામ.	વ.	મા.	દિ.
મિત્રપાળ.	૨૪	૨	૦
ચંદ્રપાળ.	૧૬	૯	૨૪
સ્કંદપાળ.	૨૧	૪	૧૮
દેશપાળ.	૧૯	૧૧	૧૧
રશ્મપાળ.	૧૮	૦	૧૨
અનંતપાળ.	૧૮	૦	૧૨
રામપાળ.	૩૭	૧૧	૧૨
ગોવિંદપાળ.	૨૮	૭	૨૭
ભીમપાળ.	૧૬	૧૦	૭
અકૃતપાળ.	૧૬	૭	૧૯
દળપાળ.	૧૨	૫	૨૭
ભૂપાળ.	૧૪	૯	૨૨
હરિપાળ.	૧૩	૮	૧૦
મદનપાળ.	૧૭	૭	૧૯
ભીમપાળ.	૧૫	૨	૨૫
વિક્રમપાળ.	૧૯	૧૧	૧૩

મિત્રપાળ વંશમાંનો છેલ્લો રાજા વિક્રમપાળને આહિર જાતનાં કોઇ પ્રધાને મારી નાખ્યો અને પોતે રાજ્યરૂઢ થયો. આ આહિર રાજા ૮ થયા તેઓએ ૧૨૫ વર્ષ ૧૭ દિવસ રાજ્ય અમલ ભોગવ્યો હતો, જે નિચે દર્શાવ્યા મુજબઃ—

નામ.	વ.	મા.	દિ.
આહિર રાજા.	૨૪	૦	૧૦
વિક્રમ આહિર.	૩૩	૦	૧૨
સુલુખચંદ્ર.	૦	૨	૨
વિક્રમચંદ્ર.	૧૨	૭	૧૯
મૂળચંદ્ર.	૨	૫	૯
રૂપચંદ્ર.	૧૩	૧૧	૭
મલરાણુચંદ્ર.	૧૨	૦	૪
સૂરચંદ્ર.	૨૬	૯	૧૪

સૂરચંદ્ર રાજ્યની કારકીર્દિની આખેરીમાં વિક્રમાદિત્ય રાજાએ પોતાનો સંવત ચાલુ

કર્યો, આથી આ નવો સને ચાલુ થઇ યૂધિષ્ટર શક ભૂસાયો. આ સમયે સૂરચંદ્ર નિપૂત્ર મરણ પામતાં દિલ્લીમાં એક પુરૂષ રાજ્ય કરવા લાગ્યો તેનું નામ ઇતિહાસમાં જડતું નથી. એનાં સુધાં ૮ પુરૂષોએ સુમારે ૧૦૨ વર્ષ, ૭ માસ ને ૧૦ દિવસ રાજ્ય કર્યું હતું.

નામ.	વર્ષ.	માહ.	દિવસ.
નામ નથી જણાયું.	૨૦	૨	૧૭
સૂરચંદ્ર.	૧૪	૯	૧૪
ભીમચંદ્ર.	૧૬	૩	૧
ગોવીંદચંદ્ર.	૨૧	૭	૧૨
ભાવતિગોવિંદ	૧	૦	૦
ત્રિમલભાવતી.	૭	૫	૧૯
પૂર્ણપ્રેમ.	૭	૭	૧૯
રાજા મહાનંદ.	૧૩	૭	૧૮

ઉપલા વંશના છેલ્લા રાજા મહાનંદને બંગાલથી આવેલા કોઇ એક રાજા જયશિંગે હરાવી મારી નાખ્યો, ને પોતે રાજ્યરૂઢ થયો. તે પછી એના સુધાં ૧૨ પુરૂષોએ રાજ્ય કર્યું. તેમાં બે પુરૂષોએ દક્ષિણમાં વિક્રમ સવંત શરૂ થતાં સુધી ૩૨ વર્ષ ૪ માસ ને ૨૦ દિવસ અને બાકીનાં દસે શાલિવાહન શકની શરૂઆંતથી તે ૧૦૨ વર્ષ ૧૦ માસ ને પાંચ દિવસ રાજ્ય અમલ ભોગવ્યો હતો.

નામ.	વર્ષ.	માહ.	દિવસ.
જયસિંગ	૧૮	૪	૧૦
મલ્લુરાજ	૧૪	૦	૧૦
શૂરસેન	૧૫	૭	૧૨
જાધવસેન	૧૧	૫	૩
દેવસેન	૧૦	૧	૫
ભૂસેન	૫	૧૦	૫
કલ્યાણસેન	૪	૮	૨૧
હરિસેન	૧૨	૦	૨૫
ભક્ષસેન	૮	૧૧	૫
નારાયણસેન	૬	૦	૧૮
લક્ષ્મિસેન	૧૬	૭	૧૫
દામોદરસેન	૧૧	૫	૧૬

તે પછી ઉત્તર તરફથી માધવસિંગ આવ્યો અને તેણે જયસિંગ વંશમાંના છેલ્લા રાજા દામોદરસેનને મારી ઇંદ્રપ્રસ્થમાં ૬ પુરૂષો સુધી લાગટ ૮૮ વર્ષ ને ૪ માસ રાજ્ય કર્યું હતું.

નામ.	વર્ષ.	માહ.	દિવસ.
માધવસિંગ	૧૭	૧૦	૬
દિવસિંગ	૧૪	૫	૦
રાજસિંગ	૧૨	૩	૨૪
શેરસિંગ	૧૦	૮	૧૧
હરસિંગ	૨૫	૦	૧૫
નરહરસિંગ	૮	૦	૪

માધવસિંગના વંશના છેલ્લા પુરૂશ રાજા નરહરસિંગને ધીરધર રાજાએ મારી પોતે રાજા થયો. આ ધીરધર સાથે ૯ પુરૂષોએ તે પછી અમલ ભોગવ્યો. જેમનો રાજ્ય અમલ ૨૧૪ વર્ષ, પાંચ માસ ને ૨૯ દિવસનો હતો.

નામ.	વર્ષ.	માહ.	દિવસ.
ધીરધર રાજા	૨૨	૭	૦
રાજા સેન	૨૨	૧૦	૯
રાજા લાલજી	૩૫	૨	૮
રાજા મહાલજી	૨૦	૩	૯
હરિનાથ	૨૮	૫	૨૫
રાજા જીવન	૨૨	૨	૧૫
ઉદાઇસિંગ	૨૭	૪	૨૯
કુલાનંદ	૨૨	૩	૮
રાજા વિક્રમચંદ	૧૩	૨	૬

ધીરધર વંશમાંનો છેલ્લો રાજા વિક્રમચંદને પૂર્વ તરફથી આવેલા પૃથ્વિપાળ રાજાએ મારી નાખી દિલ્લીમાં રાજ્યરૂઢ થયો. અર્વાચિન ઇતિહાસિક કોષમાં જણાવ્યા મુજબ "પૃથ્વિપાળનાં પાંચ પુરૂષો રાજ્યકર્તા થયા" એમ લખેલું છે; અને તેમની રાજ્ય કારકિર્દી સુમારે ૧૦૬ વર્ષની જણાવેલી હોઇ પાંચમો પુરૂષ પૃથુરાજ (પિઠોરા રાજ) વર્ણવેલો છે. અને આ ઉપરથી શાલીવાહનના ૬ ઠા શકના આરંભમાં પૃથુરાજ યવન લોકોને હાથે કેદ થઇ માર્યો ગયો હોય એમ ઠરે છે.

પણ શાલિવાહન શકે ૫૮૫ સુધી હિંદમાં ધર્માભિમાનીથી અથવા રાજ્ય લોભથી મુસલમાનો બીલકુલ જણાયલા નથી, અને બાળશાસ્ત્રી ભાંગેકર કૃત હિંદુસ્તાનના ઇતિહાસમાં જણાવ્યા મુજબ પૃથુરાજ એ ઘોરી વંશના શાહબુદ્દીનને હાથે શકે ૧૧૧૫ માં એટલે બારમી સદીની શરૂઆતમાં માર્યો ગયો. આ બે લેખમાં ૬ (છ) શકનો ફેર હોવાનું જણાય છે. આ છ સદીમાં પૃથ્વીપાળનાં વંશમાં બીજા દશથી બાર પુરૂષો રાજ્ય કરી ગયા હશે, અને છેલ્લો પૃથુરાજ ચહુઆણ થયો હશે, અને તેની રાજ્ય કારકિર્દી શાલીવાહનશકનાં ૭૦૯ વર્ષ, ૩ માસ ને ૨૬ દિવસની હશે. આ ઉપરથી એવું પણ સ્પષ્ટ જણાય છે કે યૂધિષ્ટિરથી પૃથ્વીરાજ સુધી હિંદુ રાજાઓનો અમલ ૪૨૬૪ વર્ષ સુધી એટલે ત્રેંતાલીસસો વર્ષ સુધી ભરતખંડના દિલ્લીમાં વગર હરકતે ચાલુ હતો.

	સને-શકે.
સુલતાન મહમદ	૯૨૩
મહમદ ઘોરી	૧૧૦૮
ગુલામ વંશ	૧૧૨૮
કુતબુદ્દીન	૧૧૨૮
આરામશાહ	૧૧૩૨
અલ્તમસશાહ	૧૧૩૨
ફકરૂદ્દીન	૧૧૫૮
રજીઆબેગમ	૧૧૫૮
મવજુદ્દીન	૧૧૬૧
અલાઉદ્દીન મસાઉ	૧૧૬૩
નાસરૂદ્દીન	૧૧૬૭
ગ્યાસુદ્દીન	૧૧૮૮
કૈકોબાદ	૧૨૦૮
જલાલુદ્દીન	૧૨૧૦
અલાઉદ્દીન	૧૨૧૭
મુબારિક	૧૨૩૯
ખુશરૂ	૧૨૪૩
ગ્યાસુદ્દીન તઘલખ	૧૨૪૩
યુનાખાન	૧૨૪૭
ફીરજીદ્દીન	૧૨૭૩
ગ્યાસુદ્દીન તઘલખ	૧૩૧૦
અબુબક્કર	૧૩૧૧
નાસરૂદ્દીન	૧૩૧૨

	સને-શકે.
હુમાયૂન(માત્ર માસ ૧૧)	૦
મહમદ તઘલખ	૧૩૧૬
દૌલતખાન લોદી	૧૩૩૪
ખીજરખાન	૧૩૩૬
સૈઅદ મુબારિક	૧૩૪૩
સૈઅદ મહમદ	૧૩૫૭
સૈઅદ અલાઉદ્દિન	૧૩૬૬
બહિલોલખાન લોદી	૧૩૭૨
સિકંદરશાહ	૧૪૧૦
ઇબ્રાહિમ	૧૪૩૮
બાબર	૧૪૫૨
શિરશાહ	૧૪૬૪
સલીમશાહ	૧૪૬૬
મહમદશાહ	૧૪૭૫
અકબરશાહ	૧૪૭૮
જહાનગીર	૧૫૨૭
શાહાજહાન	૧૫૫૦
ઔરંગજેબ	૧૫૮૦
બેાઅજીમ	૧૬૩૦
જહાનદાર	૧૬૩૪
ફરૂખશિઅર	૧૬૩૫
મહમદશાહ	૧૬૪૧
અહમદશાહ	૧૬૭૦
આલમગિર	૧૬૭૬
શાહાઆલમ	૧૬૮૧

આ પાદશાહ શકે ૧૭૨૫ માં મરણ પામ્યો હતો. આ બસલામી વંશે જુમલે ૬૧૦ વર્ષ પાદશાહી કરી હતી.

પ્રાચીન દિલ્લી યાને ઇંદ્રપ્રસ્ત જમના નદીના કાંઠા ઉપર એટલે જમણી બાજુએ આવેલું જણાવવામાં આવે છે. અને હાલનો ઇંદ્રપ્રસ્તનો દિલ્લો તે પ્રાચીન શેહેરનો એક ભાગ હોય એમ લાગે છે. ઇંદ્રપ્રસ્ત અને દિલ્લીને પાંચ માઇલને અંતરે આવેલા બે જૂદાં શેહેર માનવામાં આવે છેઃ (જુઓ ઇદ્રપ્રસ્ત). ઇંદ્રિ પ્રસ્થ જમના નદીને કાંઠે હુમાયૂનની કબરની જગાને માથે અને દિલ્લીની દક્ષિણ પશ્ચિમે એક ખડક ઉપર પ્રસિદ્ધ લોઢાના સ્થંભની આસપાસ આવેલું ગણાય છે. મોહમેદનોએ હિંદ જીત્યું તે વેળાએ હિંદુઓનું દિલ્લી શેહેર લાલકોટ

અને રાયપિઠોરનાં બે કિલ્લાઓનું બનેલું હતું, પણ શીરોજશાહ પોતાની રાજ્યધાની શીરોજાબાદ ખાતે પ્રાચીન ઇંદ્રપ્રસ્ત શેહેરની જગા ઉપર, લઈ ગયો ત્યાર પછી દિલ્લી નામ કેટલીક વાર સીરી તથા જેહાનાબાદ મોહમેદન કિલ્લાઓ સુધાનાં આખા જુના શેહેરને આપવામાં આવ્યું હતું; પણ તૈમૂરના સમયનો તવારીખનવેશ સરફુદ્દીન જુના દિલ્લી તરીકે માત્ર લાલકોટ અને રાયપિઠોરના કિલ્લાઓનેજ ઓળખાવી સીરી તથા જેહાનાબાદને બે જૂદાં શેહેર તરીકે લખાવે છે. પ્રસિદ્ધ ઇતિહાસકાર શીરિસ્તા પણ તબકાત વંશના શાહોને લગતા પોતાના વર્ણનમાં એજ ધોરણે લખે છે. પણ હુમાયુને ઇંદ્ર પ્રસ્થને ફરીથી બાંધી તેને **દીનપનાહ** નામ આપ્યું, અને શીરશાહે કિરૂઆબાદ અને ઇંદ્રપ્રસ્તની જગાએ શીરશાહે કિલ્લો બંધાવ્યો, તે પછી સાધારણ લોકો જુનું દિલ્લી એને નવું દિલ્લી એવા નામ વાપરવા લાગ્યા, અને હિંદુ દિલ્લીની આસપાસના શેહેરોનાં ઝુમખાંને જુનું દિલ્લી અને જમના નદી ઉપર જુનાં ઇંદ્રપ્રસ્તની જગાએ આવેલાં શેહેરને નવું દિલ્લી નામ તેઓએ આપ્યું.

રાજા યુધીષ્ટરે ઇંદ્રપ્રસ્થને પોતાની રાજ્યધાની બનાવી તેની તારીખ બસવી સન પૂર્વે પંદરમી સદીના પાછલા અર્ધા ભાગમાં કેટલાક વિદ્વાનો મેળે છે. ત્યારે ઉપર આવેલા સાલ વાર ગણત્રી મુજબ એની પણ ઘણી સદી આગમજ યૂધિષ્ટિરે ઇંદ્રપ્રસ્તને પોતાનુ પાયતખત બનાવ્યુ હતું. આ શેહેર શીરોજશાહના કોટીલ અને હુમાયુની કબર વચેની જગા ઉપર જમના નદીને કાંઠે બાંધવામાં આવ્યુ હતું. આ જગ્યા ઉપર ઇંદ્રપ્રસ્ત નામે એક કિલ્લો હજી આવેલો છે અને તે પુરાણા કિલ્લા અથવા જુના કિલ્લા નામે પણ ઓળખાય છે. હુમાયુને આ જગ્યાને ફરી સમારી તેનુ નામ દીનપનાહ રાખ્યું હતું. આ જગ્યા તેના હાલનાં રૂપમાં તો સર્વે મોહમેદન બાંધકામ ધરાવે છે, અને યૂધિષ્ટિરના અસલ શેહેરનો એક પણ કોતરેલો પથ્થર તેમાં મળતો નથી. જુના ઇંદ્રપ્રસ્તાનનો જે કોઇ પણ ભાગ જળવવા પામ્યો હોય તો જમના નદી પર આવેલું 'નીગહમ ખોડી' ઘાટ નામે જાત્રાનું એક ધામ છે અને તે હાલનાં દિલ્લી અથવા શાહાજહાનાબાદની ઉત્તર તરફની સરહદની બાહેર પણ તેની લગોલગ આવેલું છે. આ જગ્યાને માટે એમ જણાવવામાં આવે છે કે રાજા યુધિષ્ટિરે અશ્વમેધ ક્રિયા કર્યા પછી અહીં તેણે હોમ કર્યો હતો. અત્રે ભરાતી જાત્રા જમના નદીનાં માનમાં ભરાય છે.

દિલ્લી નામની ઉત્પતી માટે એવી એક કથા પ્રસિદ્ધ છે કે પાંડવ ભાઇઓની પાંચમી પેઢીએ થએલા રાજા દિલિપે દિલ્લી શેહેર વસાવ્યું હતુ. બીજી કથા એવી છે કે દીલુ અથવા દિહલુ નામે રાજાએ દિલ્લી શેહેર બાંધ્યું હતું, જે રાજાની તવારીખ ચોકસ મળતી નથી. ફિરિસ્તા મુજબ રાજા દીલુએ ચાર કે ચાલીસ વરસ રાજ્ય કર્યા પછી હુમાઓનના રાજા પુર અથવા પોરસ જે મહાન સિકંદર સાથની લઢાઇના સંબંધમાં મશહુર થયો છે તેણે લઢાઇમાં હરાવી મારી નાખ્યો હતો. રાજાવલી ઉપરથી એમ માનવામાં આવે છે કે હુમાઓનના રાજા પુર અને રાજાપાળ એકજ છે કે જેને વિક્રમે હરાવી મારી નાખ્યો હતો. તે ઉપરથી એમ માનવામાં આવે છે કે રાજા દીલુ ૪૦ સ૦ પૂર્વે ૫૭ અને ૪૦ સ૦ ૭૯ ની વચ્ચે થઇ જવો જોઇએ. આ પાછલી તવારીખને અબુરિહાન પોતાના ઇતિહાસિક ગ્રંથમાં ટેકો આપે છે. વિક્રમનાં વંશજોએ ૭૯૨ વર્ષ ઉજ્જનમાં રાજ્ય કર્યું હતું, અને તેટલો વખત દિલ્લી ઉજડ રહ્યું હતું. એ ૭૯૨ વર્ષ પછી દિલ્લીને તોમર વંશના રાજા અનંગપાલે પાછું વસાવ્યું હતું (જુઓ અનંગપાલ) અને ચોહાન વંશના રાજા વિશલદેવે તે હાથ કર્યું ત્યાં સુધી અનંગપાલના વંશજોએ ત્યાં અમલ ભોગવ્યો હતો.

આ તોમર વંશના રાજા અનંગપાલના વંશનો બીજો અનંગપાલ ગાદીએ આવ્યા પછી તેણે લાલકોટનો કિલ્લો બંધાવ્યો હતો અને ત્યાં 'લાહી કિલાત' અથવા લોખંડનો એક યાદગાર સ્થંભ ઉભો કર્યો હતો. તે સ્થંભ ઉપર અનંગપાલે કોતરાવેલો ત્રણ લીટીનો એક લેખ અગત્યનો છે. તે લેખમાં જણાવે છે કે સંવત દિહલિ ૧૧૦૯ અંગપાલ વહી યાને સંવત ૧૧૦૯ અથવા ઇ. સ. ૧૦૫૨માં અંગ (અનંગ) પાલે દિલ્લી વસાવ્યું.

આ લાહીકિલાત અથવા લોખંડનો સ્થંભ લોખંડના એકજ કકડાનો બનેલો હોઇ તેનો વ્યાસ ૧૬ તસુનો અને લંબાઇ જમીનની ઉપરથી ૨૨ ફીટની છે; પણ જમીનની અંદર તેનો જે ભાગ છે તેને માટે જણાવવામાં આવે છે કે તેની લંબાઇ જમીનની ઉપરના તેના ભાગની લંબાઇ કરતાં પણ વધારે છે. આગળ એક પ્રસંગે એનો છેડો જોવા ૨૬ થી ૩૫ ફીટનું ઉંડુ ખોદકામ કરી જોયા છતાં તેનો પાયો જણાયો નહોતો. આ સ્થંભનું વજન ૧૭ ટનના સુમારે હશે એમ અનુમાન કાઢવામાં આવ્યું છે. કથા મુજબ બીજા અનંગપાળે આ સ્થંભ પોતાની અમલની યાદગારીમાં સર્વકાળ કાયમ રહે તે થકી બ્રાહ્મણે વર્તેલા મુહૂર્ત મુજબ જમીનમાં ઉતારી વાસુકી અથવા શેશ નાગના માથા ઉપર ગોઠવ્યો હતો. અને એવી આગાહી કરી હતી કે જ્યાં સુધી આ અસલ સ્થંભ કાયમ રહેશે ત્યાં સુધી અનંગપાલના વંશનો અમલ કાયમ રહેશે. પણ રાજાને તે સ્થંભ શેશ નાગના માથા ઉપર પોંહચવાની બ્રાહ્મણની વાત સહરાગાત ભરેલી લાગી, અને તેથી તેણે તે પાછો ઉખેડાવી જોયો, ત્યારે તે શેશનાગના માથામાં ભોકાયલો અને તેના લોહીથી ખરડાયલો જણાયો. આથી બ્રાહ્મણની બસારત ઉપર વિશ્વાસ નહિ મેલવા માટે બેદ બતાવી તે સ્થંભ પાછો ઉભો કરવા તેણે હુકમ કર્યો, પણ બ્રાહ્મણના મતનો તેણે કરેલા અનાદરને લીધે તેટલી તજવીજ કર્યા છતાં તે જમીનમાં મજબૂત પાયો લઇ નહિ શકયો. અને તે ઢીલો દેખાવા લાગ્યો. પ્રાચીન દિલ્લીને તે ઉપરથી ઢીલી=ધિલી=દેહેલી=દિલ્હી=દિલ્લી એવું રૂપ થઇ હાલનું નામ ચાલુ પ્રચારમાં આવ્યું.

લાલ કોટનું નામ પેહેલાં મોહમેદન રાજા કુતબુદ્દીન અઇબાકના વખતમાં પણ વપરાતું હતું, અને તેના સંબંધમાં કુતુબુદ્દીને એક હોકમ એવો કાઢયો હતો કે "લાલ કોટ"માં નગારાં વગાડવાં નહિ. એમ માનવામાં આવે છે કે તે પ્રસિદ્ધ કુતુબમિનારની આસપાસનો જુનો ગંજાવર કોટ છે. તે કિલ્લો વિસ્તારમાં સવા બે મૈલ હતો. તે કિલ્લાની અંદર ૨૭ મંદીર આવેલાં હતાં અને તે સઘળાંનો મોહમેદનોએ નાશ કર્યો હતો. કુતુબમિનારની ઉત્તર પશ્ચિમે પા મૈલની તફાવતે અનંગપાલને નામે એક તલાવ આવેલો છે, જે પણ અનંગપાલ બીજાએ બંધાવેલો માનવામાં આવે છે. આ તલાવ ઉપરથી દક્ષિણે ૧૬૯ ફીટ લાંબો અને પૂર્વથી પશ્ચિમે ૧૫૨ ફીટ પોહોળો છે અને તેની ઉંડાઇ ૪૦ ફીટની છે. હાલમાં તે તદન સુકાઇ ગયો છે,પણ એક નોંધ એવી મળે છે કે સુલતાન અલાઉદીન ખીલજીના સમય (૪૦ સ૦ ૧૨૯૬-૧૩૧૬) માં કુતુબમિનારનું કામ આગળ ચલાવવા માટે ચુનો પલાળવાને જોઇતું પાણી આ તળાવમાંથી લાવવામાં આવતું હતું.

ચોહાન વંશના રાજા પૃથ્વીરાયે અનંગ પાળે બંધાવેલા લાલ કોટની ઉત્તરે અને પૂર્વે એક ગંજાવર કિલ્લો બંધાવ્યો હતો, જેનો કેટલોક ભાગ હસ્તી ધરાવે છે, જે 'કિલ્લા પિઠોર' ને નામે ઓળખાય છે. બન્ને કિલ્લાઓનો જુમલે વિસ્તાર ૪ મૈલ, ૩ ફરલાંગ અથવા હાલના શાહાજહાનાબાદનાં (ચાલુ દિલ્લી) અર્ધા ભાગ કરતાં વધારે મ્હોટો છે. દિલ્લી શેહેરે હમણા સુધીમાં ૭ અવતાર બદલ્યા છે, અને જૂદા જૂદા રાજાઓએ તેમની જગા બદલી એક પછી એક ૭

જગાએ દિલ્લી વસાવ્યું હતું. નામિચો તવારિખ નવેશ 'બિશપ હેબર' પોતાનાં પુસ્તકમાં જણાવે છે તે પ્રમાણે કમનસીબે સાતે શેહેરોનાં ખંડીયરો ઘણુજ શોકાતુર બનાવેાની યાદ અને તેમનો ચિતાર આપે છે. આ સાતે શેહેરોનો વિસ્તાર શાહજેહાનાબાદ અથવા હાલની દિલ્લીના દક્ષિણ છેડાથી ૧૦ મૈલના તફાવતે આવેલા રાયપિઠોર અને તઘલખાબાદના વેરાન કિલ્લાઓ સુધીનો છે. તેના ઉત્તર તરફનાં છેડા આગળની પેાહળાઇ શીરોજશાહના કોટીલાની સામેથી આસરે ૩ મૈલની છે; અને દક્ષિણ તરફના છેડા આગળની કુતુબ મિનારથી તઘલખાબાદ સુધીની પેાહળાઇ ૬ મૈલ જેટલી છે. એકંદર વિસ્તાર ૪૫ ચૌરસ મૈલનો છે. કોઇ પણ વખતે આ વિસ્તારનો ત્રીજા કરતાં વધુ ભાગ વાપરવામાં આવ્યો નહિ હોય તે ઘણુંજ સંભવિત છે; કારણ કે જે ખંડીયરો હમણા આ વિસ્તારમાં નજરે પડે છે તે જૂદા જૂદા સાત શેહેરોનાં છે; અને દિલ્લીનાં આગલા સાત રાજાઓએ તે વસાવ્યાં હતા.

'મોહમેદન શેહેનશાહો બલબન, કયકોબાદ અને મુબારકે પણ કિલ્લા અથવા શેહેરો વસાવેલાં કહેવાય છે, પણ તેમના ખંડિયરો કશાં નજરે પડતાં નથી, અને તેમની જગ્યા પણ શક ભરેલી છે. ઇ. સ. ૧૬૧૧ માં પણ તે વિષે કોઇને ખબર હેાય એમ જણાતું નથી, કેમકે તે વર્ષમાં ઇંગ્રેજ વેપારી વિલ્યમ ફિન્ચ દિલ્લી ખાતે આગ્રાને માર્ગે દક્ષિણ તરફથી જેહાંગીરની દરબારમાં આવ્યો, તે વિષેના પોતાના હેવાલમાં તે જણાવે છે કે "મારા ડાબા હાથ ઉપર ૭ કિલ્લા અને બાવન દરવાજાનાં નામથી ઓળખાતા જુનાં દિલ્લી'નાં ખંડિયરો મેં જોયાં હતાં. આ ખંડિયરો હજી પણ એજ નામથી ઓળખાય છે.

જુના દિલ્લીના જે ૭ કિલ્લાનાં ખંડિયરો હજી હસ્તી ધરાવે છે, તેમની ઓળખ નીચે મુજબ આપવામાં આવે છે; (૧) લાલકોટ, રાજા અનંગપાળે ૪૦ સ૦ ૧૦૫૨ માં બાંધ્યેા; (૨) કિલ્લા રાયપિઠોર, રાજા રાયપિઠોરે ૪૦ સ૦ ૧૧૮૦ માં બાંધ્યેા; (૩) સિરી અથવા કિલા-ઇલાહી રાજા અલાઉદીને બાંધ્યેા; (૪) તઘલખાબાદ ૪૦ સ૦ ૧૩૨૧ માં તઘલખ શાહે બંધાવ્યેા; (૫) તઘલખાબાદનો કોટ, એજ વર્ષમાં તઘલખશાહે બંધાવ્યેા; (૬) આદેલાબાદ ઇ. સ. ૧૩૨૫ માં મહમદ તઘલખે બંધાવ્યું અને (૭) જહાન-પનાહ પણ એજ શેહેનશાહે એજ વર્ષમાં બંધાવ્યું.

હાલનું મોગલ દેહેલી જે ધટતી રીતે 'શાહજેહાનાબાદ'ને નામે ઓળખાવું જોઇએ તે ઉપલા બેહોળા વિસ્તારવાલા મેદાન મધે ૪૦ સ૦ ૭૦૦ થી ૧૫૫૦ સુધીમાં ફરાવવામાં આવેલાં જૂદાં જૂદાં પાયતખતો માંનુ સર્વેથી છેલ્લું અને સર્વેથી ઉત્તરે આવેલું છે. એ જુનાં પાયતખોમાંના નીચલાં મુખ્યછે.

(૧) શીરોઝશાહ તઘલખનું શીરોજાબાદ, જે હાલમાં દિલ્લીની પડોસમાં દક્ષિણ બાજુએ આવેલું છે. તેની સ્થાપના ઇ૦ સ૦ ૧૩૬૦ માં કરવામાં આવી હતી.

(૨) હુમાયુન અને શિરશાહનું ઇંદ્રપ્રસ્થ હાલમાં દિલ્લી શેહેરની દક્ષિણે બે મૈલને છેટે ૪૦ સ૦ ૧૫૪૦ માં સ્થાપ્યું.

(૩) સીરી (હાલમાં શાહપુરનાં નામે ઓળખાય છે.) ઇંદ્રપ્રસ્તની દક્ષિણ પશ્ચિમે બે મૈલને છેટે ૪૦ સ૦ ૧૩૦૦ માં સ્થાપ્યું. (૪) જેહાન પનાહ અથવા સિરી અને જુના દિલ્લીની વચમાં આવેલેા ભાગ, જે પાછળથી દેવાલેા ભરી લઇને તેની ઉત્તર તથા દક્ષિણે આવેલાં શેહેરો સાથે જોડી નાખવામાં આવ્યું છે, તે ૧૩૩૦ માં વસાવ્યું હતું.

(૫) પુરાતમ દિલ્લી અથવા રાયપિઠોરનો કિલ્લેા જેમાં કુતુબ મિનાર આવેલેા છે, જે સિરીની દક્ષિણ પૂર્વે ૩ મૈલને છેટે છે, અને જેને પઠાણ રાજાઓએ ૪૦ સ૦ ૧૧૫૦ થી ૧૩૫૦ સુધી પોતાનું પાયતખ્ત કર્યું હતું.

(૬) તઘલખાબાદને મહમદ તઘલખશાહે ૪૦ સ૦ ૧૩૨૦ માં સ્થાપ્યું. તે સિરીની દક્ષિણ પૂર્વે ૪ મૈલ અને જૂના દિલ્લીની પૂર્વે પાંચ મૈલને છેટે છે.

આ ઉપરાંત બે ઓછી અગત્યનાં પાયતખતો પણ તેમની આસપાસ આવેલાં છે. તેઓમાંનું એક 'કિલેાખરી'ને નામે ઓળખાય છે, જે હુમાયુન શાહની કબરની દક્ષિણે ૧ મૈલને છેટે, અને બીજું તેની દક્ષિણે 'મોબારેકબાદ' નામનું છે. પણ એ બન્નેનાં ખંડિયરો કશાં જણાતાં નથી.

હાલનું દિલ્લી અથવા શહાજેહાનાબાદ જમના નદીના જમણા કાંઠા ઉપર વૉલતર બુરજથી વેલેસ્લી બુરજ સુધી દક્ષિણ પૂર્વ તરફના ખુણામાં સવાએ માઇલના વિસ્તાર ઉપર લંબાય છે. વૉલતર બુરજ સાધરણ રીતે 'બદરાઓ બુરજ' ને નામે ઓળખાય છે, અને સત્તાવાર કામકાજમાં મોઘરા બુરજને નામે તે ઓળખાતો હતો. શેહેરના આગલા ભાગનો લગભગ ૩ જો ભાગ મેહેલની નદી તરફની દેવાલનો ભાગ છે. મેહેલની ઉત્તર તરફની દેવાલનાં જે ભાગ ૧૮૫૭ ના બળવા સંબંધમાં પ્રસિદ્ધ થયેા છે તે વૉલતર બુરજથી શાહ અથવા મેારી બુરજ સુધી પોણા મૈલનો વિસ્તાર ધરાવે છે; મેારી બુરજથી અજમેર દરવાજા સુધીની પશ્ચિમ તરફની દેવાલનો વિસ્તાર સવા મૈલનો છે, અને વેલેસ્લી બુરજ સુધીની દક્ષિણ તરફની દેવાલનો વિસ્તાર લગભગ એટલેાજ છે.

ઉત્તર તરફની દેવાલમાં પ્રસિદ્ધ કાશમિર ભાગેાળ અને મેારી અથવા દરેન ભાગેાળ આવેલી છે. છેલ્લી ભાગળ એક મરાઠા સુબાએ બંધાવી હતી, પણ તે કહાડી નાખવામાં આવી છે. પશ્ચિમ તરફની દેવાલમાં કાબુલ, લાહેાર, હરશખાના અને અજમેર દરવાજા તથા દક્ષિણ તરફની દેવાલમાં તુર્કમાન અને દિલ્લી દરવાજા આવેલા છે. પશ્ચિમ તરફની દેવાલમાંની જે ચાર ભાગેાળો આવી છે તેમાંની પેહેલી બે હવે કાઢી નાખવામાં આવી છે. નદી તરફની શેહેરની ભાગેાળો ખયરાતી રાજઘાટ અથવા કલકત્તા અને નિગામબોધ તથા કેલ અને 'બદરાઓ'ને નામે ઓળખાતી હતી. આ ચારમાંની પેહેલી બેને કાહાડી નાખવામાં અને છેલ્લીને બંધ કરવામાં આવી છે.

શેહેરને લગાર આમન સામન બે ભાગમાં વેંહેંચવામાં આવ્યું છે. એક ભાગમાં ચાંદની ચેાક અને લાહેાર બજાર આવેલું છે અને તે શેહેરના લાહેાર દરવાજાથી કિલ્લાનાં લાહેાર દરવાજા સુધી લગભગ એક માઇલને છેટે આવેલેા છે. શેહેરનાં પૂર્વ ભાગમાં કાશમિરથી દિલ્લી દરવાજા સુધી રસ્તેા કાઢવામાં આવ્યેા છે. જુનાં તોપખાના, કિલ્લા અને મેહેલના મુખડા આગળથી તે પસાર થાય છે; તેના જમણા હાથ ઉપર જુમા મસજીદ આવેલી છે. શેહેરની પશ્ચિમ તરફ 'લાલકુવા' અને 'સરકાવાલા' બજાર આગળ એક ધેારી રસ્તેા કાહાડવામાં આવ્યેા છે, અને હેાજ કાઢી આગળ આવ્યા પછી તેના ત્રણ ફાંટા થઇને તે પશ્ચિમે અજમેર દરવાજા, દક્ષિણે તૂર્કમાન દરવાજા અને પૂર્વે ચેારી બજારથી જુમા મસજીદ સુધી જાય છે, અને પશ્ચિમે ઘડિયાળના મિનારા આગલથી શરૂ થતા ઇંગરટન અને બિલીમારાન નામે મોહલાઓ પશ્ચિમ તરફના આ ધેારી રસ્તાને ચાંદની ચેાક સાથે જોડી આપે છે. શેહેરનાં દક્ષિણ પૂર્વ છેડા ઉપર કોટ અને ફેજ બજારની વચ્ચે દરયાગંજની નાહની છાવણી આવેલી છે, જેમાં એક દેશી રીજમિટને રાખવામાં આવી છે. તે ઉપરાંત બાકીનું ગેરીસન લશ્કર કિલ્લામાં રહે છે. લાહેાર દરવાજા અને શેહેરની ઉત્તર તરફનાં કોટની પેલી મેર 'સફરબજાર' આવેલું છે, અને તેની દક્ષિણે કદમ શરિફ તથા ઇદગાહનાં મકાન, કીશનગંજ અને પાહરીપુરનાં મથકો, જમનાની પશ્ચિમ તરફની નેહેર અને અરાવલી પહાડનો દક્ષિણ તરફનો છેડો આવેલેા છે. પહાડના દક્ષિણ

તરફના છેડાની પશ્ચિમ બાજુએ અર્ધા માઇલની છેટે 'સબઝીમંડી' અને રોશનઆરા નામે રમણિય બાગ આવેલો છે. શેહેરના ઉત્તર તરફના કોટની પેલી બાજુએ અને કાશમિર તથા મોરી દરવાજાની પડોસમાં 'સિવીલ સ્તેશન' આવેલું છે; જેની દક્ષિણ બાજુએ ૧૮૫૭ ના બળવા વખતે ગોઠવવામાં આવેલી બેતેરીઓની જગા, કબરસ્તાન અને નિકલસન તથા કુદસિઆ બાગ, પશ્ચિમે અરાવલી પહાડ અને પૂર્વે જમના નદી આવેલાં છે. પહાડની પેલી મેર ૧૮૫૭ માં નાશ કરેલી જુની છાવણી છે; એ છાવણીનો કબજો ઘેરો ઘાલનાર લશકરે તેજ વર્ષના જુનથી સપટેંબર સુધી રાખ્યો હતો. એની પશ્ચિમે નજફગંગ ચઝીલથી પસાર થતા પાણી ઘસડી જતી નેહેર આવેલી છે. નેહેરની પેલીમેર ૧૮૭૭ માં ભરવામાં આવેલી દરબારનું મેદાન છે. ત્યાંથી દોઢ મૈલ પશ્ચિમે શાલેમાર બાગનું ખંડિયર છે. દિલ્લી દરવાજાની પેલી મેર ½ મૈલને છેટે, દરયાગંજ છાવણીના દક્ષિણ પૂર્વ ભાગમાં, શીરોજાબાદના કિલ્લાનું ખંડિયર છે, અને તે કિલ્લાને માથે શીરોઝશાહે ઉભો કરાવેલો બુદ્ધિસ્ત લાત હજી કાયમ છે, અને તેની દક્ષિણે એક માઇલને છેટે પુરાના કિલ્લા અથવા ઇંદ્રપ્રસ્થનું મથક આવેલું છે. તેની દક્ષિણે બે માઈલને છેટે હુમાયુન શાહની કબર, શેખ નીઝામુદીન ઔલયાની દરગાહ અને નવાબ સફરજંગની કબર આવેલી છે.

જુની દિલ્લી 'મેહેરોલીને'ને નામે જણીતી હોઇ તે નવી દિલ્લીથી ૧૨ મૈલ ઉપર છે. ત્યાંજ અર્ધા મૈલ ઉપર 'કુતુબ મિનાર' આવેલો છે. આ મિનારો ૨૪૨ ફીટ ઉંચો હોઈ તેનો તળીયાનો ઘેરાવો ૫૩ ગજનો છે. તેનાં પાંચ દરવાજા છે. સહુથી ઉપરનાં દરવાજા પર વિજળી પડવાથી તેમાં ફાટ પડી હતી, તેથી તેને ઉતારીને ભોંય ઉપર મુકેલો છે. આ મિનારાનાં કુલે પગથીયાં ૩૭૯ છે. એના પેહેલા દરવાજા ઉપરથી હાલની દિલ્લી દેખાય છે. આ મિનારા પાસેજ 'અમીર ખશરૂ' શાએરની કબર છે. આ મિનારાની પાસે 'અલાઉદ્દીનનો દરવાજો છે. તેની ઉપર મ્હોટા હરફે કોરાને શરીફની આયતો લખેલી છે. અંદરની બાજુએ ઇમામ ઝામિનની કબર છે. મિનારો પાદશાહ કુતબુદ્દીન, જે મહમદ ઘોરીનો હિંદ ખાતેનો સરસુબો હતો અને પાછળથી સ્વતંત્ર પાદશાહ બન્યો હતો તેનો બંધાવેલો છે. એની ઉત્તરની બાજુએ પૃથુરાજ ચોહાણનું મંદીર છે. જેનો કેટલોક ભાગ હાલમાં મસજીદ રૂપમાં ફેરવી નાખવામાં આવેલો જણાય છે, અને તેને 'કોવતુલ ઇસલામ' કહે છે. તેની વચમાં ૧૫ ફીટ ઉંચો સ્થંભ છે, જે પૃથુરાજની લાટ અથવા કીલીદ (કુંચી) ને નામે પ્રસિદ્ધ છે. એની પશ્ચિમ દિશાએ થોડા કદમ ચાલતાં શમશુદ્દીન અલ્તમસ તથા રજીઆબેગમની કબરો છે. એની અને પૃથુરાજના કુતુબખાનાની વચમાં 'જોગમાયા'નું મંદીર છે. ત્યાંથી મેહેરોલી બણી જતાં 'જંપીંગ વેલ' અથવા કુદવાની વાવ છે, જેની ઉંડાઇ ૪૦ ફીટની છે. ત્યાંથી થોડે છેટે 'હજરત ખાજે કુતબુદ્દીન બખ્તયાર કાકી'નો મકબરો છે.

હાલની દિલ્લીનું ખરૂં સ્વરૂપ શહાજહાનનાં અમલમાં ફેરવાયાથી તેને શહાજહાનાબાદ પણ કહે છે. અત્રેનો કિલ્લો શહાજહાને પોતાના અમલનાં ૧૨ મે વર્ષે બાંધવા શરૂ કર્યો હતો. આ કિલ્લાનો પાયો નાખવા તથા દેવાલ ચણાવવા તેણે ૫૦,૦૦,૦૦૦ રૂપ્યાનો ગંજાવર ખર્ચ કર્યો.

દિલ્લી શેહેરને આગળ ૧૨ દરવાજા હતા, પણ હાલમાં માત્ર ૧૦ સલામત રહી શકયા છે. એને ફરતો લાલ પથ્થરનો અકબરશાહનો બંધાવેલો કોટ છે. આ કોટ ફોડીને વચ્ચેથી રેલ્વે લાઇન પસાર કરવામાં આવેલી છે.

કિલ્લા માહેલી ઘણીક ઇમારતો બિસમાર હાલતમાં છે, ત્યારે કેટલીક પડી ભાગવાથી

ત્યાં નવા મકાનો બંધાયલાં છે. આ કિલ્લાની લંબાઇ ૩૦૦૦ ફીટની ને પોહળાઇ ૧૬૦૦૦ ફીટની છે. એની ઉચાઇ પૂર્વ શિવાય ત્રણ બાજુએ ૫૦ ફીટની છે; ને પૂર્વ દિશાએ એની ઉંચાઇ ૨૫ ફીટની છે. દરવાજામાંથી પ્રવેશ કરતાં શરૂઆતમાં દિવાનેઆમ આવે છે, તેમાં એક મ્હોટું સંગેમરમરનું તખ્ત છે. એની સામે આગળ વધતા થોડેક અંતરે દિવાને ખાસ છે. આ દિવાનખાનાનું ઉમદા જડાવકામ તથા ઝીણું નક્ષીકામ હેરત કરે તેવું છે. જગ પ્રસિદ્ધ તખ્તે તાઉસ અથવા મયૂરાસન જેની કિંમત તે માંહેલા હીરા, નીલમ અને પાનાં સહિત ૬,૫૦,૦૦૦૦ રૂપીયાની આંકવામાં આવી હતી તેનું આરસ પહાણનું નીચેનું ચોખટું જરભરત જેવું વેરાન હાલતમાં છે, ને તે દીવાનમાં પડેલું છે. આ તખ્ત ઉપરનો ભાગ ઇ. સ. ૧૭૩૯માં જ્યારે ઇરાનના નાદીરશાહે દિલ્લીને લુટયું ત્યારે ત્યાંથી તે ઉપાડી ગયો હતો. આ દીવાને ખાસને બનાવવા પાછળ આગલા વખતની બેહદ સસ્તી મજુરી છતાં ૫૦,૦૦,૦૦૦ રૂપીયાનો ખર્ચ થએલો જણાવવામાં આવે છે. એની જોડમાંજ પાદશાહી હમામ આરસપહાણનાં છે, જેમાં નાહવા માટેના તરેહવાર હોજો બનાવેલાં છે, અને તેની સામે નાહનું સરખું ખુલ્લું મેદાન છે. આ મેદાનમાં એક નાહની અગાસી છે. જેની નીચે ૧૨ સ્થંભ છે, એ છેક છેડે નદી કાંઠે છે. દીવાને ખાસ તથા દીવાને આમની વચ્ચે મ્હોટી મસજીદ છે. તેમાં બાગેલું આરસપહાણનું તખત છે, ને આગળ એક ફુવારો છે. દીવાને ખાસથી થોડેક છેટે સમનબુર્જનો કતલેગદ છે. મ્હોટી મસજીદથી આગળ વધતાં ઉત્તર દિશાએ એક મ્હોટો કુવો છે. જેની આસપાસ લોઢાનાં કટેરા હોઇ બે બાજુએ સીડીઓ છે. કુવા પાસે નાહવા થકી એક જૂદો કુંડ છે. માર્ગના સપાટીની નીચે અને કુવામાં પાણીની સપાટીની ઉપરની બાજુએ આસપાસ બોયરાં જેવાં મકાનો છે.

માર્ગમાં શેહેરથી અઢી મૈલને અંતરે 'માધવગંજ'ના ગામના થડમાં પ્રાચીન વિચીત્ર ઘાટની ઇમારતો છે; તેને લોકો 'જંતર મંતર' કહે છે, અને તે પૃથુરાજ ચોહાણે બંધાવેલું કહેવાય છે. એક તરફ ખગોળવિદ્યાને આધારે સૂર્ય તથા ચંદ્રની ભિન્ન ભિન્ન આકૃતી દરશાવવા પ્રયત્ન કરેલો જણાય છે. બીજા હાથપર બુરજ જેવું ૬૪ પગથીયાંવાલું બુલંદ મકાન છે. આકાશી ગોળાઓનું અવલોકન કરવા માટે આ મકાન બાંધવામાં આવ્યું હોય એવું સંભવિત દિસે છે. કથા એવી છે કે પૃથુરાજની કુંવરી એના ઉપરથી જમના નદીનું દર્શન કરી પછીજ જમતી હતી. કેટલાક એમ કહે છે કે એ રાજા જયસિંહની વેધશાળા હતી (જુઓ જયસિંહ સવાઇ.) આ મકાનની જોડમાં ભાગેલાં મકાનો છે, તે પણ વેધશાળા માટેજ બંધાયલાં હોય એમ જણાય છે. એની નીચે એક ભોયરૂં છે, તે છેક કુતુબમિનારના પાયા આગળ નિકળે છે. આગળ વધતાં લગભગ અર્ધે રસ્તે નવાબ સફદરજંગની કબર આવે છે. એ દરવાજે ને કબર એ બેની વચ્ચે લાંબો હોજ છે. કબર આરસપાહાણના પેહેલા માળ ઉપર છે. અને તેની ઉપર નક્ષી છે, પણ આ કબર ખાલી છે. મોટી તથા પથ્થરની કાચી પણ સાચ્ચી કબર તો નીચે ભોંય ઉપર છે. આ મકબરાના દરવાજાનો સામે પૂર્વ દિશાએ બે મૈલને અંતરે હજરત નિજામુદીન ઔલીયાનો મકબરો છે. આ રોજાને થોડેક અંતરે ચોરસ સ્થંભો છે, અને તેમાં ખાને અઝમની કબર છે. તેમજ બીજી જોવાજોગ કબર શાહજાહાન બાદશાહની દીકરી જહાનઆરા બેગમની છે. આ મકબરાથી ૪૦ વારને છેટે હુમાયુન શાહનો શોભીતો રોજો છે. આ રોજા પાસેજ ખાન ખાનાન, અકબર પાદશાહના વજીરનો રોજો છે. આ જગાને 'બોલખાલા' કહે છે.

દિલ્લી પાસેના ઇસલામબાદ પહાડ ઉપર એક ઉનાં પાણીનો ઝરો ચાલુ વહે છે,

તેને પ્રભાસકુંડ કહે છે, અને તે હિંદુઓનું યાત્રાસ્થાન ગણાય છે. દિલ્લી સ્ટેશન પાસેજ ‘મોર સરાય નામે ૪૦૦૦ મુસાફર સમાઇ શકે એવડી વિશાળ એક સરાઇ છે. તે શિવાય સોદાગર સરાય ને તોપખાનાની સરાય વધારે સારી હાલતમાં છે.

દિલ્લીની ‘જામે મસજીદ’ શહાજહાને બંધાવી હતી. તેને બાંધવા માટે ૨૪ વર્ષની લાંબી મુદત લાગી છે. આ જામે મસજીદનાં સફેદ તથા કાળા આરસે પોતાનો દબદબો બતાવી હેરત કરે છે.

દિવસ—દુનિયાંમાની ઘણીખરી સર્વ પ્રજા ૭ દિવસનું જેમ અઠવાડીયું પાળે છે તેમ તેઓનો અઠવાડીયામાંનો ૧ દિવસ પોતાના ધાર્મિક દિવસ તરીકે મુકરર કરેલોછે, જેમકેઃ—

ગ્રીકોનો—સોમ.
ઈરાનીઓનો—મંગળ.
એસિરીયનોનો—બુધ.
ઈજીપશિયનોનો—બ્રેસપત.
મોહમેદનોનો—શુક્ર.
યાહુદીઓનો—શનિ.
ખ્રિસ્તીઓનો—રવી.

દિવસને જૂદી જૂદી ભાષામાં જૂદાં નામો આપેલાં છે. અરેબિકમાં યૉમ; કેનેરિમાં દિવોસ, ફારસીમાં રોઝ અથવા દિન; ઇટલીમાં Giorno; સ્પેનીશમાં દીયા; તેમિલમાં નાલ; તેલંગુમાં દીનામ; તુર્કમાં ઘાયૂન.

જૂદી જૂદી ભાષામાં દિવસના નામો નીચે મુજબના નામથી જણીતાં છેઃ—

લૅટીનમાં.	હિંદુસ્તાનીમાં.	રજપૂત.	સીયામિસ.	ઇંગલીશ
સોલીસ.	આદિતવાર.	સૂર્યવાર.	વાન એથટ=સૂર્યનો દિ૦	સન્ડે.
લૂના.	પીર.	સોમ યા ઇન્દુવાર.	વાન ચૂ=ચંદ્રનો દિ૦	મન્ડે.
મૅર્ટીસ	મંગળ.	મંગલવાર.	વાન નગાનકુ=મેહેનતનો દિ૦	ટ્યૂસડે.
મરકયૂરી.	ચારસમ્મા.	બુધવાર.	વાન પૉથ=મળવાનો દિ૦	વેડન્સડે.
જોવસ.	જુમેરાત.	બ્રિશપતવાર.	વાન પરાથ=હાથનો દિ૦	થર્સડે.
વેનીરસ.	જુમા.	શુક્રવાર.	વાન સૉક=આશાયસનો દિ૦	ફ્રાયડે.
સેટુર્ની.	અવલહફતા.	શનિશ્ચરવાર.	વાન રયૂન=ખેંચાણનો દિ૦	સેટરડે.

ફારસી.	સેકસન.	ચીનાઈ.	અરબીસ.	જયૂઈશ.	અરેબિક.
યકસમ્બા.	સન્સડે.	લાહેપાએ.	તેનનગાનવે.	યૉમરીશહૉન.	યૉમ=અલઅહદ.
દો સમ્બા.	મુન્સડે.	લાહેપાએ—ઇચટ.	તાનેલા.	યૉમસૅની.	,, અથનીસ.
સેસમ્બા.	ટવિસડે.	,, —દહી.	એનગા.	યૉમસેલીસી.	,, થલાથ.
ચારસમ્બા.	ઉડન્સડે.	,, —શામ.	બૂદદાહુ.	યૉમરૅબીએ.	,, અલઅરબા.
પંજસમ્બા.	થોર્સડે.	,, —શીઇ.	કાયપાદે.	યૉમહેમીસી.	,, અલખામીસ.
જુમા.	ફ્રાયાસડે.	,, —ઉંચ્ચ.	થાઉકય.	યૉમસીસી.	,, અલજુમન.
સમ્બા અથવા હફતા.	સેટર્નસડે.	,, —લોક.	તાસને.	યૉમસાબાથ.	,, અસસાબા.

તામિલ,

નાચારૂ. તિંગાલ. શિવ્હાય. બુધહન. વાયાઝહમ. વેલ્લી. સની.

જરથોસ્તી ૩૦ દિવસનાં નામો.

અદ્વરમજદ.	દએપઆદર.	દએપમેહેર.	ગોવાદ.	મારેસ્પંદ.
બેહમન.	આદર.	મેહેર.	દએપદીન.	અનેરાન.
અરદીબેહેસ્ત.	આવાં.	સરોશ.	દીન.	
શેહેરેવર.	બોરશેદ.	રસ્ને.	અશીશવંધ.	
અસફંતદારમદ.	મોહોર.	ફરરોખ.	આસ્તાદ.	
બોરદાદ.	તીર.	બેહેરામ.	આસ્માન.	
અમરદાદ.	ગોશ.	મીનો રામ.	જમીઆદ.	

પ્રાચીન કાળથી ખાલદીયન, ઇજીપશિયન, આરબ, હિંદુ, ગ્રીક અને ઉતર યૂરોપના દેશોમાં મહિનાને અઠવાડીયામાં વેંહેંચી નાખવાનો રેવાજ ચાલુ છે. સર્વેનું સાતવાડીયું સૂર્ય (રવી) નાં દિવસથી શરૂ થાય છે, અને તે પછી ચંદ્ર, મંગળ, બુધ, બ્રેસપત, શુક્ર અને શની આ ગ્રહોના નામથી ગણત્રીમાં લેવાય છે. પણ પ્રાચીન ઇજીપશિયનો ૭ દિવસને બદલે ૧૦ દિવસનું અઠવાડીયું ગણતા હતા. પ્રાચીન કાળથી આ ગ્રહો ભુગોળ વેત્તાઓએ પોતાનાં શાસ્ત્રમાં દર્શાવેલા છે. પેરોલમિએ ગ્રહોને નીચલે અનુક્રમે ગોઠવ્યાં છે. શની, ગુરૂ, મંગળ, સૂર્ય, શુક્ર, બુધ, ચંદ્ર. અને આ ગ્રહો દિવસ તથા રાતમળી ૨૪ કલાકનાં દર એક પોતપોતાના દિવસ ઉપર મવકલ ધારવામાં આવતા. તેમજ આ દિવસનાં ૨૪ કલાકના દરેક કલાક ઉપર દરેક ગ્રહ પ્રમુખ રહેતો. જેમકે શની પેહેલા દિવસના પેહેલા કલાક ઉપર, ગુરૂ બીજા કલાક ઉપર, મંગળ ત્રીજા કલાક ઉપર, રવી ચોથા કલાક ઉપર, અને એ મુજબ સર્વે રહેતા. એ ધોરણે રવી જેમ ૪ થા કલાક ઉપર તેમ ફરી તેજ દિવસના ૧૧ અને ૧૮ માં કલાક ઉપર પ્રમુખ નેમાતો, અને તેજ બીજા દિવસનાં ફરી પેહેલા કલાક ઉપર વારી મુજબ નેમાતો; અને તે ધોરણે ચંદ્ર ત્રીજા દિવસના પેહેલા કલાક ઉપર નેમાતો, બુધ પાંચમાં દિવસના પેહેલા કલાક ઉપર નેમાતો, ગુરૂ ૬ ઠા દિવસના પેહેલા કલાક ઉપર અને શુક્ર ૭ માં દિવસનાં પેહેલા કલાક ઉપર નેમાતો.

હાલમાં વપરાતા ઇંગ્રેજી વારના નામો માંના ૪ નામો સેક્સન દેવતાનાં નામો ઉપરથી નેમાયલાં છેઃ—ટિવ, ઓડન, થોર અને ફ્રાયા. એ સેકસનોની મૂર્તિનાં નામો છે. થોર તુફાનનો દેવતા અને પ્રાચીન જોવ તથા ફ્રાયા એ દેવી હોઇ તે ઓડનની સ્ત્રી હતી.

જયૂ પ્રજાનાં વારનો દિવસ સાંજના ચોકસ વખતથી શરૂ થઇ બીજા દિવસે તેજ વખતને વખતે પુરો થતો ગણવામાં આવેછે. એ મુજબ સાબાથડે શુક્રવારે ‘બપોર પછી ગણી શનીવારે બપોર પછી પુરો થતો ગણે છે.

યૂરપમાં હાલમાં જે ધોરણે દિવસ ગણવામાં આવે છે તે રાત્રે ૧૨ વાગાથી તે બીજી રાતના બાર વાગા સુધીનો. ખગોળ વેત્તાઓ મધ્ય બપોરથી દિવસની શરૂઆત ગણી બીજે દિવસે મધ્ય બપોરે પુરો થતો ગણે છે. અને આથીજ વહાણોમાં ભર દરિયા વચ્ચે દિશા જોવા માટે ‘ચાર્ટ’ મધ્ય બપોરે ખુલ્લો મેળી કઇ દિશાએ હાલમાં તેઓ છે તે ઝટ તે ઉપરથી શોધી કાઢી શકે છે.

ઇટલી તથા જર્મનીમાં સૂર્ય અસ્ત પામવાથી તે બીજે દિને સૂર્ય અસ્ત પામે ત્યાં સુધીનો દિવસ ગણે છે. ફ્રેન્ચ તથા બીજી કેટલીક પ્રજા દિવસનાં ૧૨ કલાક તથા રાતના ૧૨ કલાકનાં એમ અરધો અરધો દિવસ મળી એક દિવસ ગણે છે. જરથોસ્તીઓ સૂર્યની રોશનીની રેજલ જણાતાં નવો દિવસ શરૂ થએલો ગણી બીજી બામદાદ સુધીનો એક દિવસ ગણે છે.

દિવાદાંડી—પ્રાચીન કાળથી સમુદ્ર યા નદી કાંઠે ખરાબો બતાવવા માટે દિવાદાંડી બાંધવાની ચાલ હતી. એલેકઝાન્દ્રીયામાં ૫૫૦ ફીટ ઉંચી એક ગંજવર દિવાદાંડી હતી, અને તે ૪૨ મૈલની વેગળાઇ ઉપરથી દેખાતી હતી.

ઇંગલાંડના કિનારાની આસપાસ ૪૨ દિવાદાંડી છે. રોશનીનું જોર વધારવા માટે બત્તીઓની આસપાસ કાચ યા ધાતુની ચકચકીત તખતીએ વાળી દિવાદાંડી બાંધવાનો વિચાર નીચે લખેલી રમુજ બીના ઉપરથી સુજ પડયો હતો.

અઢારમી સદીમાં લીવરપૂલ મધે ગણિતશાસ્ત્રીઓની એક સભા મળી હતી. તે વખતે એક સભાસદે એવું જાહેર કર્યું કે “એ પાઇની કિંમતની મીણબત્તીની રોશનીથી ૧૦ વારની વેગળાઇએ વર્તમાન પત્રનો એક ફકરો વાંચી શકું છું. અને જો કોઇ

એ વિશે સરત મારે તો હું કબુલ છું.'' આથી સરત લાગતાં સરત મારનારે લાકડાંની એક રકાબીની અંદરની બાજુએ મોહોરું જોવાની આરસીના કાચના કકડા ચોંટાડી તે રકાબીને મીણબત્તીની આડે રાખી તેનો પ્રકાશ વધાર્યો. આ વેળા તે સભાસદ મોહેલા ગોદીના ઉપરી 'હચિન્સ'નું લક્ષ આ અખતરા ઉપર વધારે લાગું અને તેણે વિદ્વાન દૂરઅંદેશ નજરે તે ઉપર ધ્યાન પોંહચાડી ૧૭૬૩માં લીવરપૂલમાં આ ફીસમની એક દિવાદાંડી પ્રથમ બંધાવી હતી.

દિવાનપણું—અથવા ગાંડાપણું. મનુષ્યપર દિવાનપણાં જૂદી જૂદી રીતે ગાલેબ થાય છે. અમુક લક્ષણ હોય ત્યારે આદમિને દિવાનો માનવો એવો નિયમ બાંધવો મુશકીલ છે. દિવાના તરેહવાર હોય છે. કોઇને ખૂનનો ધખારો, તો કોઇને હવાઇ ખ્યાલોનો વિચાર, કોઇને ખાધરાપણું તો કોઇની મુગું બેસી રહેવાનું, તો કોઇને મારફાડ કરવાનું, એવાં તરેહવાર ફાંટાબાજ દિવાનપણાની અસર હોય છે.

દિવાનપણું ગાલેબ થવા આગમજ પ્રથમ તેનું માથું દુઃખે છે, ફેર આવે છે, સ્વભાવ ચીરડાઉ બને છે, કામ ઉપર ચિત્ત લાગતું નથી, ઉંઘ આવતી નથી, તો કોઇને બેહદ ઉંઘ આવે છે, તેને સ્વપનાઓ બેન્દર કરે છે, યાદદાસ્ત શક્તિ મંદ પડે છે, સગાં સ્નેહિઓ તરફની પ્રિતી નિર્મૂળ થવા માંડે છે, અને મનમાં તરેહવાર તુરંગો ઉઠે છે. દિવાનપણાનાં મુખ્ય ૪ વર્ગ પાડવામાં આવ્યા છે.

૧—મેન્યા—એટલે એક પ્રકારનો સનેપાત. તેમાં મનુષ્ય ચિત્તભ્રમ થઇ જાય છે, તેનું મન ઠેકાણે રહેતું નથી, પણ તુરંગો ઉઠે છે, બકારો અને તુફાન કરે છે. આ સનેપાત એકાએક અથવા ઉપર જણાવેલાં પૂર્વ ચિન્હો દેખાયા પછી થઇ આવે છે. એમાં કોઇ બેહદ ખુશ રહે છે તો કોઇ નાચે છે, યા કોઇ રડે છે, યા દોડે છે ને તુફાન કરે છે. તેની ઉંઘ જતી રહી તે રાત દિવસ તોફાન કરે છે, અને ખાવાપીવાની પણ પરવા કરતો નથી. ઝાડો પેશાબ થતાં તેનું ભાન રહેતું નથી. આ સનેપાતનો હુમલો રહી રહીને થાય છે. એક વેળા ચિત્ત ભ્રમ થયા પછી બેચાર દિવસે મસ્તક ઠેકાણે આવી તે ઉંઘે છે ને પાછો તંદરોસ્ત બને છે, પણ ફરી તેનો હુમલો અચોકસ મુદતે થાય છે. પ્રસૂત થએલી ઓરતપર આવી પ્રકારના સનેપાતનો હુમલો થતાં તે સ્ત્રી ભાનભૂલી બની પોતનાં બાળકનું ખૂન વટીક કરવા ચુકતી નથી.

૨—મોને મેન્યા—આ દિવાનપણામાં મનુષ્યનું ચિત્ત કોઇ ચોકસ બાબત ઉપર ભ્રમિત થાય છે, અને બીજી બાબોતોપર તો પુરતું લક્ષ રહેછે. એવી હાલતમાં મનુષ્ય મનમાં પણ તરેહવાર તુરંગો ઉઠે છે. એમાં નહિ દેખાતા પણ ખ્યાલી ચીજોથી તે ડરે છે ને તેવી ચીજો તરફ અણગમો બતલાવે છે. એમાં કોઇ પોતાનું માથુંજ ખોઈ દીધેલું સમજે છે, કોઇ પોતાને કાચનો બનેલો સમજી તેની જતન કરે છે, કોઈ પોતાને રાજા યા પેગમ્બર સમજી તેવી વર્તણુક ચલાવી સર્વેપર હોકમ કરે છે. કોઇ વ્યસનમાં ડુબે છે તો કોઇ મુગોજ પડી રહે છે. એવી વેળા કોઇ આપઘાત યા ખૂન પણ કરવા ચુકતો નથી.

શારિર અને વૈદક શાસ્ત્રમાં જણાવવા મુજબ પ્રથમ જ્યારે બુદ્ધિમાં થોડો બિગાડો થાય છે ત્યારે આવો કોઇ પ્રકારનો ભ્રમ થયો હોય તેને તે આદમી સમજે છે, અને દબાવી રાખે છે. પણ જેમ જેમ ભ્રમનું જોર વધતું જાય છે એટલે તેને તાબે થવું પડે છે. સનેપાત તથા મોનોમેન્યાવાલો મનુષ્ય લાંબો વખત ભ્રમિત રહે છે, પછી તેમની અક્કલ જડ થઇ જાય છે, અને અંતે 'ડિમેનેંસ્યા' થાય છે.

૩—ડીમેનસ્યા—આ દિવાનપણામાં બુદ્ધિ નબળી થઇ જાય છે, ને તેવા મનુષ્યને બોલવાનું ભાન રહેતું નથી, અને વગર અર્થનું બડબડે

છે. તેને કોઇ પણ લાગણી રહેતી નથી. તેમજ ઝાડો, પેશાબ કરવાની પણ સુદ્ધિ ખોઇ દીએ છે. તેની યાદદાસ્ત શકિત નિર્મૂળ બને છે. આ દર્દ મટવું મુશકેલ છે. એમાં શરીર બેવાતું જઇ મરણ નિપજે છે.

૪—ઇડયસી—જેને જન્મથી ગાંડાપણું લાગુ પડે છે તેના માટે આ શબ્દ છે. આ ઇડયસી જન્મથી હોવાથી તેનો ચેહેરો પણ વાંકોતીકો હોય છે. અને તે ઉપરથી તેની અક્કલનું તોલ કરી શકાય છે. તેની યાદદાસ્ત શકિત હોતી નથી તેમજ તે હેવાન જેવો અક્કલ વગરનો હોય છે.

દિવાનપણું કેટલાકને ઓચીંતું ઉતરે છે તેમજ કેટલીક વેળા માયાને કોઇક પ્રકારની મજા, દારૂ, ભાંગ, અફીણ, તંબાકુ, ગાંજો વગેરે વ્યસન, ઘણો વ્યભિચાર, હરકિયા, કેટલીક જાતનાં તાવ, કોઇ બાબત ઉપર બેહદ મન ચોંટવું ચિત્ત ભ્રમ થવાનો રોગ લાગુ પડે છે. મન ઉપર લાંબો વખત સુધી કોઇ જાતનું દબાણ યા કાળજી રહે યા દુઃખ થયા કરે, કોઇ અચાનક બનાવથી મનને ધક્કો લાગે તો દિવાનપણું લાગુ પડે છે. કોઇ વેળા ઘણો અભ્યાસ, મનન કરવું, ગોખવું તેમજ અતિ હર્ષથી ભેજું ખસી જાય છે.

દિવાનપણામાં થતું ખૂન કાયદામાં સખત શિક્ષાને પાત્ર ગણાતું નથી. તેમજ દિવાનો ગમે તે લખી આપે અથવા કબુલાત આપે તે કાયદામાં રદ્દ છે. તેમાં માત્ર એટલુંજ સાબેત થવું જોઇએ કે તે ગુન્હો અગર લેખ કરતી વખતે તે આદમીનું ચિત્ત ઠેકાણે ન હોતું. કોઇ ગુન્હેગાર ગુન્હો કર્યા પછી પણ દિવાનપણાનાં ઢોંગ કરે છે, પણ તે ઘણોખરોતો તુરત પકડાઇ આવે છે.

ચિત્ત ભ્રમ થતું જણાતાં પ્રથમ તેનો ઇલાજ કરવો. જો ઉંઘ નહિ આવતી હોય ને સ્વપનાં હેરાન કરતા હોય તો ઉંઘ આવવાની દવા આપવી. (અફીણ, ભાંગ, ક્લોરલ, હાઇડ્રેડ, કેનાયન, બ્રોમાઈડ ઑવપોટાસ, ક્લોરોફૉર્મ, ડીજીટેલિસ.) દરદીનું મન સ્થિર અને ખુશી રહે તે માટે તેને સમુદ્રની મુલાકરીએ મોકલવો યા ધંધા રોજગારથી દૂર રાખી શાંત રાખવો. નબળા શરીર વાલાને પુષ્ટીકારક ખોરાક આપવો. તેને રાજી રાખવા માટે દરેક પ્રયત્ન કરવાં. મેન્યામાંથી મનુષ્ય જલદી સારો થઇ શકે છે. મોનોમેન્યામાં સુધરવાની થોડી આશા રહે છે અને નમેનસ્યા તથા ઇડયસીમાંથી આરામ થતો નથી. નાહની ઉમરમાં દિવાનપણાનો હુમલો થતાં તે સારો થાય છે. પણ મ્હોટપણે ૪૦–૫૦ વર્ષ પછી લાગુ પડતાં તે સારો થતો નથી.

દિવીદિવી—એનાં ઝાડ સાધારણ જમીનમાં અત્યંત ઉચ વધે છે. એની શિંગો ચામડાંને રંગ આપવાના કામમાં ઉપયોગી છે. આપણા દેશમાં એના એક સારા ઝાડમાંથી ૬૦ રતલ વજનની શિંગો નિકળે છે. ઇંગલંડમાં ૧ ટન શિંગની કિંમત ૧૫ પૌંડ ઉપજે છે, ને તેને મોકલવાનો ખર્ચ બે પૌંડ બેસે છે.

દિસ્ટીલેશન—યાને અર્ક કાઢવો. બંદ વાસણમાં કોઈ પણ દ્રવની વરાળ બનાવી તે બીજા પાત્રમાં ફરવા દે છે, તેને દિસ્ટીલેશન કહે છે. એનો ઉદ્દેશ એ હોય છે કે જૂદા જૂદા ઉષ્ણમાન ઉપર જે પદાર્થ વરાળ રૂપે ઉડે છે તેને જૂદાં જૂદાં કાઢી શકાય છે. જે પદાર્થ વરાળ રૂપે ઉડવા સમર્થ હોય છે તે પાછળ રહે છે, અને ઉડી જનાર પદાર્થ વરાળ રૂપે ઉપર આવી ફરી પાતળી હાલતમાં ફરે છે. એના જેવીજ એક બીજી ક્રિયા છે તેમાં ઘન પદાર્થ વરાળ રૂપે ઉડી ફરી ઘન સ્થિતિમાં આવે છે. ત્યારે તે ક્રિયાને સબ્લિમેશન (ફુલ કાઢવા) કહે છે. દાખલા તરીકે ગંધકને ગરમી આપી ઉડાવત તે ફરી ફરતા ચૂર્ણ રૂપે ફરે છે, તેને ફ્લોઅર્સ-ઑવ સલ્ફર યાને ગંધકના ફુલ કહે છે. આ અર્ક કાઢવાનાં યંત્રમાં બે વાસણ હોય છે. એક તાપક (બૉઇલર) હોય છે, જેમાં અર્ક કાઢવાનો પદાર્થ નાખી તેની વરાળ બનાવે

છે અને બીજો શિતક (કંડેનસર) જેમાં અર્ક કાઢવાનો પદાર્થ પાતળી હાલતમાં યા ઘન સ્થિતિમાં હરે છે દારૂ વગેરે બનાવવાના મ્હોટાં કારખાનાઓમા મ્હોટા જથ્થામાં અર્ક કાઢવો પડતો હોવાથી તેનો શિતક વળદાર નળીના આકારનો બનાવી તે નળીને પાણીનાં પીપમાં બેસાડેલી હોય છે અને બૉઇલર ત્રાંબાનું બનાવેલુ હોઇ તેની ઉપર ગુંબજ રોકું ઢાંકણું હોઇ તેમાં નળી બેસાડેલી હોય છે, અને જેવી બૉઇલરમાંથી વરાળ ઉપર ચઢે છે કે તે વળદાર નળીમાંથી થઇ આસપાસનાં થંડા પાણીથી અર્ક થંડો થતો હેઠે ઉતરે છે.

પણ જે થોડો અર્ક કાઢવાનો હોય તો 'રિટાર્ટ' અને 'રિસીવર' નામના વાસણો કાચનાં બનાવેલાં હોય છે, અને કેટલીક વેળા ચીનાઇ મટોડીનાં યા ધાતુનાં બનાવેલાં હોય છે. રિટાર્ટની આકૃતિ વાંકી ગરદન વાલા તુમડાં જેવી અને રિસીવરની વેંગણા જેવા આકૃતિ હોય છે, તેના મ્હોડા ઉપર રિટાર્ટમાં દ્રવ નાખી સગડી અથવા બત્તથી તેને આંચ આપે છે, અને તે રિસીવર ઉપર થંડા પાણીમાં બોળેલા કપડાં ઉપરા સાપરી મેળવા પડે છે; આથી પાણીના વરાળથી જે થંડક ઉત્પન્ન થાય છે તે માહેલા અર્ક થનાર વરાળની ગરમી ઓછી કરે છે, આથી તે દ્રવસ્થિતિને પામે છે.

દીગંબર મિત્ર સી૦ એસ૦ આઇ૦—આ મહાન રાજદુવારી ને પ્રજારક્ષી નરનો જન્મ ૧૮૧૭ માં હુગલી પ્રગણામાંના કોનગરમાં થયો હતો. ૧૨ વર્ષની વયે ડેવિડ હેરીની સ્કુલમાં દાખલ થઇ ને પછી 'હિંદુ કૉલેજ'માં દાખલ થઇ ચઢતી કેળવણી સંપાદન કરી ૨૦ વર્ષની ઉમરે મરશિદાબાદની નિઝામ સ્કુલમાં માસ્તર તરીકે નોકરીએ રહી, ત્યાંથી પછી રાજશાહીના કલેકટરની ઑફીસમાં હેડ કલાર્કની નોકરી મેળવી, પણ આ સરકારી નોકરી પાછળથી છોડી ૧૮૩૮માં રાજા કીશનનાથના શિક્ષક તરીકે તેમાંથ પોતાની ચઢતી કળાનો પેહેલો પાયો રચ્યો હતો. રાજા કિશનનાથે એમને રૂ ૧,૦૦,૦૦૦ની બક્ષેસ કરી હતી. પણ રાજા કિશનનાથ જ્યારે ૧૮૪૪માં આપઘાત કરી મરણ પામ્યો ત્યારે દીગંબરમિત્ર ધંધામાં જીપલાવી આગળ વધ્યા. પણ ૧૮૪૯ માં કલકત્તા યૂનીયન બેંક ભાગતાં પોતાની મ્હોટી દોલત ખોયા છતાં વધેલા પચીસ હજાર રૂપીયા વડે મુરશિદાબાદ અને રામખોલમાં રેશમ તથા ચુલીનો વેપાર શરૂ કરી તેમાં મોટી દોલત મેળવી હતી, અને ૧૮૫૭ના બળવા સમયે નોટોના ભાવ બેસી જતાં તે ઓછે ભાવે ખરીદી લઇ સેવટે તેનો ઉંચે ભાવે વેચી મ્હોટું દ્રવ્ય સંપાદન કર્યું હતું. રાજા દીગંબર મિત્રની સરકારે અનેક વેળા જાહેર બાબતોમાં સલ્હા લઇ તે પ્રમાણે વર્તન કર્યું હતું. ૧૮૬૬માં ઓરિસામાં પડેલા ભારે દુકાળની તપાસ માટે નિમેલી કમિટિમાં સરકારે તેને સભાસદ નિમ્યો હતો, તેમાં બહુ અછું કામ બજાવ્યું હતું. રાજા દીગંબર મિત્ર પોતાની બાહોશીથી સરકારને અવારનવાર એક ઉત્તમ સલ્હાકારક થઇ પડતા જોઇ ત્રણ મરતબે બંગાળાની લેજીસલેટિવ કૌન્સિલના સભાસદ તરીકે નેમ્યા હતા. ૧૮૭૬ માં એમને સી. એસ. આઇ; ને ૧૮૭૭માં રાજાનો માનવંતો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો. મરણ ૧૮૭૯માં ૨૦મી એપ્રેલે નિપજ્યું હતું.

દીટ્રોઇટ—આ મુખ્ય વેપારી શેહેર કલિવ્હલેંડની તથા ઓહિઓની ઉત્તર પશ્ચિમ રેલ્વે માર્ગે ૧૭૮ મૈલ ઉપર ને સમુદ્ર માર્ગે ૧૨૫ મૈલ ઉપર તથા ચીકાગોના પૂર્વે ઉત્તર પૂર્વમાં ૨૮૪ મૈલ ઉપર છે. આ શેહેર ઉચા મેદાનમાં બંધાયલું હોઇ તેના રસ્તા પોહળા પણ ઝાડોની ઘટાથી છવાયલા છે. મુખ્ય વેપાર ઉદ્યોગ, લોહું, યંત્રકામ, રેલ્વે ગાડી, આટો, દારૂ, સીગાર, ચામડું, બુટ અને શૂ વગેરેનાં કારખાના છે. આ શેહેરમાંની સરકારી ઇમારતો ઘણુંજ રોનકદારછે. ફ્રેન્ચોના તાબામાં

૧૬૧૦ માં આ શેહેર આયું પણ ૧૭૬૩ માં બ્રિટીશોને ફરી સ્વાધિન કરવામાં આવ્યું હતું, અને ૧૭૬૯માં ફરી યૂનાઇટેડ સ્ટેટને હાથ આપી દેવામાં આવ્યું હતું. લોકવસ્તી ૧૮૭૦ માં ૭૯૫૭૭ ની, ૧૮૮૦ માં ૧૧૬૩૪૦ ની ને હાલમાં ૨૦૫૮૭૬ ની છે.

દીન—જરતોસ્તી એતેકાદ મુજબ ધર્મના ડાહપણ ઉપર આ ઇજદ મવક્કલ છે. એ નારીજાતી ઇજદ છે. તે ધર્મના કાયદારૂપી ઉત્તમ ખોરાક આપનાર, પરોપકારી, અશો અને સહાસિક છે. આ ઇજદ દુખદર્દો દૂર કરે છે. અસલથી ચાલતા આવેલા વેહેમ મુજબ એ દિવસે જન્મેલું બાળક કમતાલે હોઇ જલ્દી મરે. એ દિવસે સારાં કામો આરંભવાં. એ રાત્રે દીઠેલા સ્વપનાનું ફળ ૧૦ દિવસમાં ફળે. એ દિવસે ખોવાયલી વસ્તુ તથા નહાશી ગએલો મનુષ્ય પાછો મળે નહિ. રાત્રે સ્વપનામાં સાંપ જણાય તો મુરાદ બર આવે નહિ. એવો ચાલુ વેહેમ પ્રચારમાં છે.

રાજા સર—દીનકરરાવ—દીવાન— આ જણીતાં રાજકુવારી નરનો જન્મ સિંધ્યાના રાજ્યમાં ૧૮૧૯ માં થયો હતો. એનો પિતા તથા દાદો એ રાજ્યમાં સુબાગિરિનો માનવંત દરજ્જો ભોગવી ગયા હતા. દીનકરરાવે ઉંચી કેળવણી લઇ રાજ્યમાં મ્હોટા ઓધા ભોગવ્યા હતા. ૧૮૫૧ માં મહારાજા જયાજીરાવના વખતમાં દીવાનપદ પર આવ્યા હતા. આ વેળા ગવાલીયરમાં રાજગાદી માટે વાંધો ઉઠતાં દીનકરરાવે ચાંપતા બાહોશીમર્યા ઇલાજોથી સમાધાની પાંથરી ૧૮૫૪ માં જયાજીરાવ ગાદીનશીન થતાં દીનકરરાવને દીવાનપદ ઉપર કાયમ રાખ્યા હતા. ૧૮૫૭ ના બળવા સમયે સિંધ્યાનું લશકર બેદિલ બની બ્રિટીશ સામે થવાની અણીપર હતું, પણ દીનકરરાવની વફાદારી અને કુનેહબળથી તેમને એણે દાબી રાખ્યા હતા; પણ છેલ્લે જ્યારે આ બળવાબોરાનું બળ વધ્યું ત્યારે મહારાજા તથા દીનકરરાવ દિલ્લી તરફ નહાશી ગયા પણ તેટલાં બળવાબોરાનું બળ નરમ પડતાં દીનકરરાવે સીપાહો ઉપર કાબુ મેળવ્યો હતો. તે પછી લૉર્ડ કેનિંગે દીનકરરાવની વફાદારીની કદર બુજી આગ્રામાં ભરાયલી વફાદાર રાજપતિઓ અને સરદારોની દરબારમાં સર દીનકરરાવને કાશીમાં મ્હોટી જાગીર ને સનદ બક્ષી હતી, ૧૮૬૧ માં નામદાર વડી સરકારની પેહેલી ધારાસભામાં એમને બેઠક મળી હતી. તે પછી સર નાઇટનો બેતાબ બખસ્યો હતો; તથા ૧૮૭૭ માં દિલ્લી દરબારમાં 'રાજાનો માનવંતો બેતાબ બખસ્યો હતો. ૧૮૮૪ માં લૉર્ડ ડફરીને આ બેતાબ વંશપરંપરાએ ભોગવવાનો હક્ક બખસ્યો હતો. દીનકરરાવનું મરણ ૨ જી જાનેવારી ૧૮૯૬માં ૭૭ વર્ષની વયે નિપજ્યું હતું.

દીનડીગલ—મધરાસ ઇલાકામાંનુ શેહેર. મદુરાથી રેલ માર્ગે ઉત્તરે ઉત્તર પશ્ચિમમાં ૪૦ મૈલ ઉપર છે. વસ્તી ૧૪૧૮૨ ની છે.

દીનશાહજી એદલજી વાચ્છા—આ જણીતા સ્વદેશ હિતકારીનો જન્મ ઇ. સ. ૧૮૪૪ માં ૨ જી આગસ્ટે મુંબઇમાં થયો હતો. એવણે પ્રથમ કેળવણી એલ્ફીન્સટન ઇન્સ્ટીટ્યુશનમાં દાખલ થઇ લીધી હતી; અને ત્યાંથી ૧૮૫૮ માં એલ્ફીન્સટન કૉલેજમાં દાખલ થઇ પોતાની ચંચળ બુદ્ધિથી સારો અભ્યાસ કર્યો હતો. કૉલેજમાં અભ્યાસ પુરો કરતાં એવણે પ્રથમ વ્યાપારમાં પડી પોતાની કારકીર્દિની શરૂઆત કરી હતી. એઓ મીલના માલેકોની આગેવાની તળે ચાલતી સમાજનાં એક બાહોશ સભાસદ છે. એમને જુવાન વયથીજ વર્તમાનપત્રોમાં જાહેર બાબતો પર લખવાનો શોખ હોવાથી જણીતા વર્તમાન પત્રોમાં એવણ ચાલુ લખાણો કરતા રહ્યા છે. "ઇન્ડીઅન સ્પેકટેટર" પત્રની કારકીર્દિમાં લાંબી મુદત સુધી એવણે ઉપયોગી અને આગેવાન ભાગ લીધો હતો. એવણ દેશ સ્થીતિ કિર્તિ પકરણ વિષયમાં તેમજ

મેહેસુલની બાબતમાં સારી માહિતી ધરાવે છે. એમના બોહોળા જ્ઞાન સંબંધથી અને તેમના પાકટ અનુભવ માટે મી૦ ડીગબીએ અલાહબાદમાં ભરાયલી ૪થી નેશનલ કૉંનગ્રેસમાં ભારે વખાણ કર્યા હતાં. મુંબઇના જાણીતા ક્રયસરે હિંદમાં ઇંગ્રેજી કૉલમો ઉપર પણ એમનોજ કાબુ ચાલુ જોવામા આવે છે. તેમજ એવણે મુંબઇની મ્યુનિસીપાલીટીના એક કમીશનર તરીકે ચાલુ કારકીર્દિમાં મુંબઇની પ્રજાની અપક્ષપાતપણે સેવાઓ એવી તો બજાવી છે કે એમની હમેશાની ચુટણી બીન હરીફાઇએ પ્રજા તરફથી થતી આવી છે. એવણ નેશનલ કૉંનગ્રેસના એક ચુસ્ત હિમાયતી અને તેના ઑ૦ સેક્રેટરી તરીકે ચાલુ કારકીર્દિ ભોગવતા આવ્યા છે. મી૦ વાચ્છાએ સરકારની ખર્ચાળુ રાજનિતિ વિષે તેમજ નીમક અને આબકારી સંબંધી કૉંનગ્રેસની આગળ આપેલાં ભાષણો અભ્યાસ કરવા લાયકના નિવડ્યા હતા. "આપણા ઇલાકાની આબકારી ગોઠવણ" આ વિષયની તેમની નોંધ જે ઇ. સ. ૧૮૮૮માં પ્રગટ થઇ હતી તે ઘણો અગત્યનો લેખ ગણાયો છે. ૧૮૯૪ માં મુંબઇમાં મળેલી "પ્રોવિન્સીઅલ કૉંનફરન્સ" આગળ એવણે આપેલું ભાષણ ઘણું અગત્યનું હતું. તેમજ ૧૮૯૫ માં બેલગામમાં મળેલી કૉંનફરન્સના પ્રેસિડંટ તરીકે એવણે અગત્યનું છટાદાર ઉંડા જ્ઞાનથી ભરપૂર જે ભાષણ કર્યું હતું તે પરથી એમની વિદ્વત્તા વધારે પ્રકાશિત થઇ હતી. ઇ. સ. ૧૯૦૬ માં કલકત્તામાં ભરાયલી નેશનલ કૉંનગ્રેસનું પ્રમુખ પદ એમને મલ્યું હતું. તે વખતે એક પ્રેસિડંટ તરીકે આપેલું છટાદાર ભાષણ ભારે વખણાયું હતું. એવણ મુંબઇની સિટી ઇમપ્રૂવમેંટ ત્રસ્ટનાં પણ એક અગત્યનાં સભાસદ હોઇ ઘણી વેળા પોતાની અપક્ષપાત લડતથી પ્રજા હાજતોને જાહેરમાં મેળે છે.

સર દીનશાહ માણેકજી પીતીત બારોનાઈટ—આ સાહાસિક વેપારી અને હમકોમ તથા સાર્વજનિક સખાવત કરવામાં મશહુર થએલા નરનો જન્મ ઇ. સ. ૧૮૨૩ માં ૩૦મી જુને મુંબઇમાં થયો હતો. બાળ વયમાં પોતાના વખતની રૂઢી મુજબ પ્રથમ ગુજરાતી ભાષાનો અભ્યાસ કરી ૯ વર્ષની ઉમર બાદ ઇંગ્રેજી કેળવણી ખાસ ઇંગ્રેજી શિક્ષકનાં હાથ તળે લીધી હતી. ૧૪ વર્ષની વયે ઇ. સ. ૧૮૩૭ માં ૨૭ મી ફેબ્રુવારીએ એમનાં લગન તે વખતના જાણીતા મી૦ ફરામજી ભીખાજી પાંડેના બેટી બાઇ હમાઇજી સાથે થયાં હતાં. આ બાઇનું સાસરીયામાં નામ સાકરબાઇ રાખવામાં આવ્યું હતું, જેવણ, સર દીનશાહજીને નાઇટનો બેતાબ મલ્યા પછી લેડી સાકરબાઇન નામ પોતાની બોહોળી સખાવત તથા સદગુણોથી જાણીતા થઇ ગયા હતા. (જુઓ લેડી સાકરબાઇ.)

સર દીનશાહજી પ્રથમ મી૦ ડાયર રીચમંડની કુ. માં ૧૮૪૦ માં ૩૧૫ ને પગારે નોકરીએ રહી, રફતે રફતે તેજ પેઢીની નોકરી દરમ્યાન વેપારપર લક્ષ આપવા માંડ્યું હતું; અને ત્યાં પોતાની ચાલાકીથી ૩ ૧૦૦ ને ચઢતે પગારે આગળ જીંદગી શરૂ કરી હતી. આ પેહેડીમાં એમનાં પિતાજી મુખ્ય વહીવટદાર હોવાથી પાછળથી ઉપલી કુંમાં અનેક ફેરફારો થતાં એવણે માણેકજી નશરવાનજીના છોકરાઓની કુંપનીને નામે અનેક પેઢીની દલાલીનું કામ આરંભીયું હતું. ૧૮૫૯ માં ૨૬ મી મેએ એમના પિતાના મૃત્યુ પછી એવણે પોતાના ભાઇ શેઠ નશરવાનજી સાથે વેપાર આગળ વધાર્યો હતો ને ૧૮૬૪ માં બેઉ ભાઇઓએ ૨૪ લાખની પોતાના પિતાની દોલત તથા વેપાર વેહવારી નફ્રો વેંહેંચી લઇ જૂદા પડ્યા હતા. તે પછી વેપાર બોહોળા પ્રમાણમાં વધારી ૧૮૬૫ ના મુંબઇના શેર સટાના ગડબડીયા હિંગામ દરમ્યાન રૂના વેપારમાં દુરઅંદેશીથી પડી સારી દોલત મેળવી હતી.

ઇ. સ. ૧૮૫૫માં પ્રથમ પોતાના પિતાજીની ભેગી મદદથી ઓરીઅંટલ મીલ ચાલુ કરી, ૧૮૬૦ માં માણેકજી પીતીત સ્પીનિંગ

એન્ડ વિવીંગ કુંo મીલ ઉભી કરી, તે પછી બીજે હાઇડ્રોલિક પ્રેસ, બીજે ડાઇંગ વર્ક, તે પછી ૧૮૭૫ માં મજગામ મીલ તથા વિક્ટોરીયા મીલ, તથા દીનશાહ માનેકજી પીટીટ મીલ્સ, તથા ફરામજી પીટીટ મીલ અને ગોરડન મીલ એવી એક પછી એક સૂતર કાપડનાં બોહળા વિસ્તારવાલા ઉદ્યોગનાં કારખાનાઓની એવણે પોતાની માલેકી તળે સ્થાપના કરી, મીલ ઉદ્યોગના રાજાનું પદ પામ્યા હતા.

સર દીનશાહજીએ વેપાર વેહવારમાં જેમ નામના મેળવી હતી, તેમ જાહેર કામોમાં ભાગ લઇ નામદાર સરકાર તરફથી પણ જાહેર માનપાન મેળવવા નશીબવંત નિવડ્યા હતા. એમની જાહેર જીંદગીની શરૂઆત ૧૮૫૪ થી થઇ હતી. તેમાં સરકાર દરબારમાં ચોકસ ઑનરરી ઓહદાના હક્કો ઉપરાંત જૂદા જૂદા જાહેર ખાતાંના ડીરેકટર, પ્રમુખ વગેરેના માનવંતા ઓહદા ભોગવ્યા હતા. મુંબઇ બેંકના એવણ ૧૮૬૮ થી તે છેક ૧૮૭૯ સુધી એક ડીરેકટર હતા. ૧૮૮૬ માં મુંબઇ કારપોરેશનના એક સભાસદ થયા પછી ૧૮૮૬ માં મુંબઇના શેરીફ તરીકે નેમાયા હતા. તે પછી એજ વર્ષમાં ૧૭ મી ફેબ્રુવારીએ મહારાણી વિક્ટોરીયાની જુબેલી ટાંકણે સર નાઇટનો બેતાબ એનાયત કરવામાં અવ્યો હતો. જે પ્રસંગે એમના લગનને પણ ૫૦ વર્ષની મુદત ગુજરેલી હોવાથી તેનો સામટો મોહોત્સવ પાળવામાં આવ્યો હતો. તેમજ એજ સાલમાં નામદાર વડી સરકારની ધારા સભાના એક સભાસદ તરીકેની નેમણુંક કરવામાં આવી હતી. તે પછી ૧૮૯૦ માં એમને બારોનાઇટનો અતિ માનવંતો વંશપરંપરાનો બેતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

સર દીનશાજી પોતાના બુદ્ધિબળ, વેપારી કુનહે, જાહેર જીંદગી માટે જેટલા જાણીતા થઇ ગયા છે, તેથી વધારે પોતાનું નામ પોતાની બોહોળી સાર્વજનિક સખાવતોથી કાયમનું યાદગાર કરી ગયા છે. એમની બાનગી સખાવતો સાથે કુલે સખાવતનો આંકડો ૩૪ થી ૩૫ લાખનો થએલો છે. પણ જાહેર સખાવતનો થએલો આંકડો રૂ. ૨૭,૫૭,૪૩૪ નો નીચલી ટીપ ઉપરથી જણાશે.

૧૦,૫૮૮૧ મુંબઇનાં પારસી પંચાયતમાં પોતાના તથા છોકરાઓને નામે ખાતાં પડાવી જૂદાં જૂદાં ધર્મખાતાંઓમાં આપેલાં.

૨,૬૨૨૯૯ મુંબઇની પારસી પંચાયતના જૂદાં જૂદાં ધર્મખાતાઓમાં સગાં સ્નેહિઓમાં પુન અર્થે આપેલાં.

૯૮૦૭૨ ઇરાન દેશના ગરીબ જરતોસ્તીઓની હાલત સુધારવાનાં તથા મુંબઇના લાચાર ઇરાનીઓનાં ફંડમાં. તથા ઇરાન દેશના અને મુંબઇના ઇરાનીઓના ધર્મખાતાઓનાં ફંડમાં.

૫૨૩૪૭ અગીઆરી, આદરીઆન, આતશબેહેરામ વગેરેનાં ફંડમાં.

૪૫૫૨૫ નસાખાના, સગડી વગેરે બંધાવા પાછલ.

૧૮૬૨૦ દોખમાંઓના ફંડમાં.

૪૨૭૦૫ ઇજશને, જશન, ઘંબાર તથા રૂવાનોને અવલમંજલ પોંહચાડવાના તથા બાહેરગામોની જરતોસ્તી અંજુમનના ફંડોમાં.

૩,૦૦,૦૦૦ વિક્ટોરીયા જુબીલી ટેકનિકલ ઇન્સ્ટીટયૂટ સ્થાપવા માટે મદદ.

૪૮૬૦૦ લેડી શાકરબાઇ દીનશાહ પીટીટ જાનવરોની ઑસ્પીટલ માટે.

૩૧૦૦૦ સર દીનશાહજી પીટીટ નેટિવ બરોકર્સ એક્ષચેંજ હૉલ માટે.

૨૫૦૨૩ કલકત્તા ખાતે જાનવરો માટે એક ઑસ્પીટલ બંધાવવા સારૂ.

૫૩૫૭૧ ગરીબ જરતોસ્તીઓનાં રહેઠાણો બાંધવાના ફંડ હસ્તક ચાલીઓ બાંધવા માટે.

૧,૬૪,૬૫૨ દવાખાના, લેપર હોમ, જાનવરોની ઓસ્પીટલો તથા સુવાવડખાના માટે.

૧,૫૧,૦૭૫ સ્કુલો બાંધવા તથા સ્કુલો, કૉલેજો વગેરે કેળવણીખાતાંનાં નિભાવવાનાં ફંડોમાં.

૮૭૮૧૦ ગરીબ છોકરાઓને કેળવણી આપવા, કૉલેજો અને સ્કુલોમાં શીખતા છોકરાઓને પગાર આપવા, દાકતરપણ તથા હુન્નરો શીખવા, સ્કૉલરશીપો, ઇનામો વગેરે આપવા તથા કેળવણીને લગતાં એવાંજ બીજાં કારણોસર આપેલા.

૮૩,૬૬૫ કુવા, તળાવ, હોજો, વગેરે બાંધવા તથા તે માટેનાં ફંડોમાં.

૧૭૫૨૫ ધર્મશાળા, સેનેટરિયમ વગેરે માટે.

૬,૪૦,૯૩૬ ગરીબોને આસરો આપવા, દવાદારૂની મદદ કરવા, દેવું આપવા, લગ્ન કરવા, સુદરેહ કુરતી પેહેરાવવા, રવાન ખરચ કરવા તથા તેવાંજ બીજા કારણોસર આપેલાં.

૧,૪૪,૯૪૭ દુકાળ, મરકી, આગ, રેલ, હુલ્લડ, લદાઇ વગેરે માટેના ફંડોમાં.

૪૨૩૨૪ પાંજરાપોળ, ગઉરક્ષક મંડળીઓ તથા જાનવરોનું દુઃખ નિવારણ કરવા માટે.

૪૩૫૭૪ પોશાન કરવા, ઑરફનેજ ફંડ, પેનશનફંડ વગેરે માટે.

૬૯૮૬૫ એસોસિએશન, લાઇબ્રેરીઓ તથા સોસાયટીઓ ઉભી કરવા તથા નિભાવવાનાં ફંડોમાં.

૫૧૭૮૯ સંગ્રહસ્થાનો, કસરતશાળા, ઇન્સ્ટીટ્યૂટો, કલબો વગેરેનાં ફંડોમાં.

૩૩૨૭૫ એકઝીબીશન, મ્યુઝીયમ ઉભા કરવા, અરજીઓ કરવા, રસ્તાઓ અને પુલો બાંધવા પાછલ.

૭૩૪૦૩ માનપત્રો આપવા તથા જાણીતા ગ્રહસ્થોની યાદગારી રાખવાનાં ફંડમાં.

૩૮૬૦૧ પરચુટણ.

૨૭૫૭૪૩૪ રૂપીયાની કુલે જાહેર સખાવત કરી હતી.

આ માનવંત નરને ત્યાં ૧૪ પુત્ર પુત્રીઓની વૃદ્ધી થઇ હતી. જેમાં ૬ બેટાઓ અને ૮ બેટીઓ હતી. તેમાં ત્રણ બેટાઓ બચપણમાં મરણ પામ્યાં હતા, પણ બીજા ત્રણ બેટાઓએ એમની સાથે વેપાર વેહવાર અને જાહેર જીંદગીમાં સારૂં માન મેળવ્યું હતું (જુઓ ફરામજી તથા બહમનજી પીટીટ). એમના મોહોરદાર લેડી શાકરબાઇ પીટીટ પણ પોતાની જાહેર તેમજ ખાનગી સખાવતથી નામના મેળવી ૧૮૯૦ માં મરણ પામ્યાં હતાં. સર દીનશાહજી પોતાની બુજોર્ગ વયે બોહોળો કુટુંબ પરિવાર મેળી ઇ. સ. ૧૯૦૧ માં ૫ મી મે એ મરણ પામ્યા હતા.

દીન્સટર—આ રશિયન નદી આસ્ત્રિયન ગેલેશિયામાં કાર્પેથિયન પર્વતમાંથી વહેતી દક્ષિણે દક્ષિણ પૂર્વમાં ૬૫૦ મૈલ વહે છે. આ નદી કાળા સમુદ્રમાં ૧૮ મૈલ લાંબા ને ૫ મૈલ પોહળા સરોવર દ્વારે દાખલ થાય છે.

દીનાજપૂર—રાજશાહી કમ્છ બિહાર જીલ્લામાંનો એક ભાગ. એનું ક્ષેત્રફળ ૪૧૧૮ ચૌરસ મૈલ હોઇ તેમાં વસ્તી ૧૫૧૪૩૪૬ ની છે. આ જીલ્લાને તાબે ૬૯૨૧ ગામ તથા શેહેરો છે. દર ચૌરસ મૈલે વસ્તીનું પ્રમાણ ૨૧૯ નું છે. વસ્તીમાં ૭૧૬૬૩૦ હિંદુ, ૭,૯૫,૮૨૪ મોહમેદન, ૪૫૭ ખ્રિસ્તી અને બાકીના સંતાલ છે. આ જીલ્લો ઇ. સ. ૧૭૬૫ માં બંગાલની બ્રિટીશ સત્તા તળે આવ્યા પછી તુરતજ તાબે થયો હતો.

મુખ્ય પાક મકાઇ, ચણા, તેલી બિયાં, તંબાકુ, જુટ, શેરડી, બાવાના પાન વગેરેનો થાય છે. આ ભાગમાં ઢોરો પુશકળ મળે છે. અત્રે ચોખાનો પાક ઘણો મ્હોટો થાય છે. આ જીલ્લામાં કેલવણીનો બોહોળો પ્રસાર થયો છે. ૧૮૫૬ માં ત્યાં માત્ર ૧૦ શાળાઓ હતી તે વધીને ૧૮૭૦ માં ૨૪૭ ની સંખ્યા ઉપર ગઇ હતી. ૧૮૮૨ માં ૪૮૭ સરકારી શાળાઓ હતી. તેમાં ૧૧૧૮૮ વિદ્યાર્થીઓ ભણતા હતા. આ ઉપરથી દર ૮ ચૌરસ મૈલે ૧ શાળાનું પ્રમાણ આવે છે. દીનાજપુરની મ્હોટી શાળામાં ૧૮૫ વિદ્યાર્થીઓ ભણે છે. અત્રે ૬૦ થી ૭૦ ઇંચ વર્સાદ વર્સે છે.

ગ્રંડી ૬૩ અંશ પડે છે, ને ગર્મી વધતામાં વધતી મે માસમાં ૧૦૪ અંશ પડે છે. આ ભાગમાં તાપ, કોલેરા, અને સહિઅડના દર્દનો ઉપદ્રવ વધારે છે.

ઉપલાનું મુખ્ય શેહેર દીનાજપૂર પૂર્વ ભાગા નદી કાંઠે છે. તેમાં વસ્તી ૧૨૫૬૦ની હોઇ મુખ્ય વસ્તી મોહમેદનોની છે. ગામ ૩૨૦૦ એકર ઉપર છે.

દીનાર—એને લૅટિનમાં દીનારિયસ અને સંસ્કૃતમાં દીનારા કહે છે. રોમન દીનાર ૬૦ ગ્રેનનો ગણાતો હતો. સંસ્કૃત દીનારા '૩૨' રતી અથવા ૬૪ ગ્રેનનો ગણાતો. ઇખ્તબતુતાએ દીનાર નામ સુન્નાના નાણા માટે વાપરેલું છે, પણ ખરૂં જોતાં આ નાણું ચાંદીનું ચલણમાં હતું. કેટલેક ઠેકાણે દીનાર અને દીરહમમાં પણ ફરક હતો. અકબરના અમલમાં ચલણમાં દીનાર સુન્નાનો હોઇ તે ૧ મીસકાલ વજનમાં હતો; એટલે ૧ દીરહમ. ૧ મીસકાલ એટલે ૪ તાસૂજ બરાબર ગણાતો.

રોમમાં ચાલતા દીનાર ચાંદીના બનાવવામાં આવતા હતા. ઇ. સ. પૂર્વે ૧૯૯ માં તેને પ્રથમ ચાલુ કરવામાં આવ્યા હતા. પ્રથમ તેનું વજન ૬૦ ગ્રેનનું ને પાછળથી તેની કિંમત ૫૨૦૫ ગ્રેન ભાર હતી. પ્રબ્ધ સત્તાક રાજ્ય વેળા તેની કિંમત ૮૫ પેન્સની અને તે પછી ૭૫ પેન્સની થઇ હતી.

દીનેન્ટ—એલજીયર્સમાંનું શેહેર. મ્યૂસી અને યૂનખડીના પહાડ વચ્ચેના સાંકડા ભાગમાં સમાયલું છે, નેમૂરની દક્ષિણે ૧૭ મૈલ ઉપર

દીપક.

છે. અત્રે રૂનું કાપડ સૂતર તથા કાગળ, લોહું, આદાની બીસકોટ બનાવવાના કારખાના છે. વસ્તી ૬૭૭૩ ની છે.

દીનેપર—આ જાણીતી નદી ઉત્તર રશિયન પ્રાંત સ્મોનહ્લસ્કનાં વૉલગા અને પશ્ચિમ દ્વીનના પાસેથી નિકળી દક્ષિણે ૧૩૩૦ મૈલ વહેતી માર્ગમાં ક્રીફ, એકાતરીનો ખ્યાલ અને અલેકઝાન્દ્રોવ્સ્ક થઈ કાળા સમુદ્રને મળે છે.

દીપક—હિંદી સંગીત શાસ્ત્રમાં આ રાગનું અતિ રસીલું વર્ણન જાબજા મળે છે; પણ એ રાગ ગાવાની કળા કોઇ જાણતું નથી. માત્ર અકબર બાદશાહના અમલમાં થઈ ગએલા તાનસેન ગવૈયાએજ તે ગાઇ બતાવ્યો હતો, જે પછી તે કદી કોઇએ ગાઇ બતાવ્યો હોય એવું સંગીત તવારીખમાં જણાતું નથી.

આ રાગ મહાદેવના પૂર્વ દીશા તરફના મુખમાંથી અથવા સૂર્યના તેજમાંથી આપોઆપ પ્રગટ થએલો કહેવાય છે. મુસલમાનો એની ઉત્પતિ વિશે એવી કથા દર્શાવે છે કે આ રાગ 'સુલ્તહુકમા' મહાન ગવૈયાના જમાનામાં ઉત્પન્ન થએલો 'મુરતકાર' અથવા 'કકતુમ' નામના પક્ષીની ચાંચના છિદ્રોમાંથી ઉત્પન્ન થયો હતો. આ રાગની તેજી અને તેના સરોદની મન ઉપર અગ્નિ જેવી અસર થતી જોઇ સુલ્તહુકમાએ તેનું નામ દીપક રાખ્યું હતું. આ રાગ કોઈ પણ રાગણીનાં મિશ્રણ વિનાનો તદન શુદ્ધ છે. એની સરગમ નીચે મુજબની છેઃ—

સ ની ધ પ, ની ધ સ ની, રે સ ની ધ સ, ની ગ૨ મ ગ;
રે સ ની સ ર મ, ગ ર ગ સ, પ સ ની સ ની, ર સ ની ધ,
ની ધ પ મ પ, ગ ર સ ર મ, ગ ર ગ ર સ, ગ પ ધ પ મ,
પ ની સ ની ધ ની પ મ ગ ર, સ ર સ ની સ મ ગ ર,
ગ સ ની ધ પ, ની સ પ ની સ ની ધ પ ધ પ, પ મ ગ સ.

આ રાગ સુંદર તેજસ્વિ સ્વરૂપનો હોઇ લાલ વસ્ત્ર પેહેરેલો, મસ્ત હાથીપર સ્વાર હોઇ સ્ત્રી સમુદાયમાં બાલ છુટા મેળી બેઠેલો અને મંજૂર સ્વરથી ગાયન ગાતો દેખાય છે. કોઇક જણાવે છે કે અંધારી ઓરડીમાં ચંદ્રમુખી દાસી કુંવરી સાથે વિલાસમાં પડેલો સુંદર કાંતિમાન દિપક છે.

આ રાગ ગાવાનો વખત ગ્રીષ્મ ઋતુમાં યાને જેષ્ટ તથા આષાઢ માસમાં ભર બપોરે યા સાંજના સમયનો ઠેરવેલો છે. આ રાગ ગાવાથી દીવા પોતાની મેળે પ્રગટ થાય છે, તેમ ગાનારના જીગરમાં બળતરાં ઉઠી સાંભળનારના દિલમાં ઇશ્કનો આતશ ઉત્પન્ન થઇ મસ્ત બનાવે છે. એના ગ્રહ સ્વર ઋરજ અથવા રિષભ છે, અને કેટલાક જણાવે છે કે આ રાગ કેદારને મળતો છે.

આ રાગ ગાવો ઘણોજ મુશકીલ વર્ણવેલો છે. ઘણાક શાસ્ત્રીઓ આ રાગને કેદાર રાગના જેવો હોવો જોઇએ એમ જણાવે છે, પણ એક બંગાલી વિદ્વાન તેને શુદ્ધ સંપૂર્ણ રાગના વર્ગમાં મેળે છે, એટલે એ ૧૨ સૂરનો બનેલો છે.

દીપક રાગ ગવાતો બંધ પડવા વિશેની એક એવી દંતકથા પ્રસિદ્ધ છે કે એક સમે શેહેનશાહ અકબરે દીપક રાગ ગાવાનો હોકમ બધા ગવૈયાઓને આપ્યો; પણ તે કોઇ બરાબર ગાઇ શકયું નહિ. છેલ્લે ઉસ્તાદ તાનસેનને ફરમાસ થઇ. પણ તાનસેને આ રાગ ગાવાથી ગાનારનાં તનબદનની હાની થશે એવું જણાવી ગાવાની ના પાડી. પણ પાદશાહ બજીદ થવાથી નાચારીએ તાનસેને તે રાગ ગાયો. આ રાગ તાનસેને એવી તો ઉત્તમ રીતે ગાયો કે તેનાથી દિવા સળગી તમામ દરબારને મસ્ત અને તુફાની બનાવી; પણ તેના જૂસ્સા અને તાનસૂરથી તાનસેનનો હાલત અગ્નિથી દાઝેલા જીગર જેવી થઇ. તે પોતાની હોશ ગુમાવી બેઠો ને માથાનો ફેરાઉન થયો. પાદશાહે આથી મેઘરાગ અનેકની પાસે ગવાડયો પણ તેના તનબદનની અગન કોઇ બુઝાવી નહિ શકવાથી તે જંગલે જંગલ ભટકવા લાગ્યો. એમ કરતાં કેટલીક મુદત પછી તે 'વડનગર' માં આવી ચઢયો; ત્યાં એક કુવા પાસે બેતાબ થઇ બેઠો. તેટલાં ત્યાં કોઈ બે નાગરકન્યાઓ પાણી ભરવા આવી; તેમની નજર તાનસેનપર પડતાં તે કુશળ સંગીતશાસ્ત્રી સ્ત્રીએ તેની હાલત તરત પારખી બોલી કે "એ કોઇ દીપકનો બળેલો છે." આ તેમના માર્મિક શબ્દો સાંભળતાં તાનસેન તેમની પાસે દોડી જઇ તેણીએ તેની હાલત કેમ જાણી તે પુછયું. તેઓએ તાનસેનની બધી હાલત જાણી લઇ પોતાની સંગીતશાસ્ત્ર વિદ્યાની માહિતી જણાવી તેના તનબદનની અગન સંપૂર્ણ તાનસૂરમાં મેઘ રાગ ગાઇ ઉતારવાનું વચન આપ્યું. એક દિવસે તે બન્ને સ્ત્રીનાં પતી પરદેશ કામે ગયા હશે તે તક હાથ કરી તાનસેનને પોતાને ઘરે તેડી ગયા, અને તેની પાસે વચન લીધું કે આ વાત કદી કોઇને કહેવી નહિ. પછી તેઓએ મેઘ રાગ મધ્ય રાત્રે ગાવાનો શરૂ કર્યો, જેથી આકાશપર ઢગો છવાઇ વર્સાદની છાંટીઓ પડવા માંડી, ને તાનસેનના મનપર એવી તો થંડી અસર થઇ કે તેના તનબદનની અગન તદન નાબુદ થઇ. તે પછી તાનસેન તેમને પગે લાગી અકબરની દરબારે પાછો ગયો. ત્યાં શાહે અત્યંત બજીદ થઇ બધી ખબર તાનસેનથી જાણી, એક વેળા કોઇથી જોખમે તે રાગ પેલી બ્રાહ્મણી સ્ત્રી 'તાના' અને 'નાના' (જે તેમનાં નામ હતાં.) ના મુખથી સાંભળવાની જીજ્ઞાસા બતલાવી. એક વેળા ગુજરાતની સ્વારી દરમ્યાન તેઓ વડનગર જઇ પોંહચ્યા. ત્યાં તાનસેન મારફતે તાના અને નાનાને પોતાના તંબુમાં તેડાવી મેઘ રાગ ગાવાની અરજ કરી. તાના તથા નાનાને પાદશાહે ગાયન ગાવા માટે તેડેલી જાણી, તેમના બેશ કુટુંબી તથા બાવિંદને માઠું લાગું પણ પાદશાહી હોકમ આગળ તેઓ નાચાર થયા; પણ તાના અને નાનાની અવસ્તા તો જૂદીજ થઇ. તેઓએ પાદશાહી ફરમાન મુજબ મેઘરાગ ગાઇ રહેતાંજ પોતાનાં પેટમાં કટારી મારી પ્રાણ મેલ્યા. તાનસેને આ બે કુશળ સંગીતશાસ્ત્રી અબળાને પોતાને લીધે આવી રીતે શરમને લીધે પ્રાણ ખોતાં જોઇ તેણે તે દિવસે કસમ

લીધા કે "હું આજ પછી કદી દીપક રાગ ગાઈશ નહિ, તેમ હવે પછી કોઇ પણ ગવૈયો ગાશે તો તે શ્રાપીત થશે." એવું કહેવાથી તે પછી આ રાગની હસ્તી સદાની નાબુદ થઇ છે.

દીપક રાગનાં આંઠ પુત્રો તથા આંઠ ભાર્યા છે.—દેશી કામોદી, નટ, કેદાર, કાન્હરા કુંતલ, કમલ, કલિંગ, ચંપક, કુસુમ, રામ, લિંહિમ, હિમાલ.

દીપડો—આ હિંસક પ્રાણી હિંદુસ્તાન, લંકા, એશિઆના બીજા ભાગોમાં તથા આફ્રિકામાંના જંગલોમાં વસે છે. એ વાઘના જેવડો પણ મ્હોટો હોય છે. દીપડો ચિત્તા જેવો ચંચળ, લુચ્ચો ને ઝડપી છે. જંગલમાં મળતાં પશુઓનો શેકાર કરી તે પોતાનો નિર્વાહ કરેછે. શેકારીઓની સામે એ બેહદ બળતવારીથી લઢે છે અને તેથી એનો શેકાર ઘણી સાહુચેતીથી કરવો પડે છે. દીપડો ઝાડ ઉપર પણ બિલાડી પ્રમાણે ચઢી શકે છે. એની ચામડી ઉપર રંગીન ટપકાં હોવાથી એ ઝાડનાં પાંદડામાં ભરાઇ રહેવા છતાં તુરત નજરે પડતો નથી. આ પ્રાણીને બચપણથી પાળયો હોય તો તે હળીમળી જાયછે.

દીપદાન—હિંદુ ધર્મ એસ્તેકાદ મુજબ મનુષ્ય મરણ પામતાં ૧૦ મે દિવસે બ્રાહ્મણને આ દાન આપવામાં આવે છે, જેથી યમપુરીમાં પ્રેતને તે ઉપયોગી થઇ પડતું માનવામાં આવે છે. કાર્તિક સ્નાનમાં દીપદાનનું મ્હોટું પુન્ય વર્ણવેલું છે.

દીપમાળા—એના ઝાડ સીધાં ઉગતાં હોઇ તે એક માનસપૂર ઉંચાં વધેછે. એના પાંદડા કાતરાદાર હોય છે, અને હાથના અથવા વેંહેતના અંતરે મૂળ પાસેથી એક ઉપર એક એવા ઝુંડ લાગે છે. તે ઝુંડ બારીક કુસોથી વ્યાપા રહેલા હોય છે. આ ઝુંડ ઉપર બારીક રાતા રંગના પુલો આવે છે. ઝુંડમાં કાળાં બારીક એવાં બી હોય છે. એ સવંત્ર થાય છે.

દીપવતી—અથવા પંચકોશી. ગોવાપુરીમાંના ચુડામણીની અગ્નિ દિશાએ આવેલો ટાપુ. એને પ્રાચીન કાળમાં દીપવતી કહેતા હતા. દીપવતીનું ઉત્તર અક્ષાસ ૧૬ થી પૂર્વ રેખાંશ અજમાસે ૭૫ છે. આ ટાપુ ગોવા શેહેર સામે છે. એમાં ખ્રિસ્તીઓનીજ વસ્તી છે. આ ટાપુનું પ્રાચીન કાળમાં દીપવતી નામ હતું, એમ સહ્યાદ્રિ ખંડ ઉપરથી જણાય છે.

गंगा तु मध्यमे भागे क्षेत्रं दीपवति स्मृतं ।
कोशद्वयं च विस्तीर्णं केवल पुण्यवर्धन ॥

(સહ્યાદ્રીખંડ અ૦ ૮૩.)

દીપવતી શિવાય આ ટાપુને પંચકોશી એવું પણ એક નામ હતું. દીપવતી શબ્દમાંનો દીપ એનો 'દીવા' એવું મરાઠીમાં થએલું રૂપાંતર આ ટાપુનું નામ બદલવા કારણભૂત બની 'યુક્ત' એવા અર્થનો જે પ્રત્યય 'વતી' માહેલો 'વ' એ અક્ષરનો લોપ થતો ગયો; આથી દીપવતી = દીવા + વતી = દીવા + તી એમ રૂપ સિદ્ધ થયું. આ રૂપાંતર અત્રેજ નહિ બોલતાં (તી) આ દંત્યાક્ષરને ઠેકાણે (ડી) મુર્ધાસ્થાનનો વર્ણ આવી 'દીપવતી' ને જગે 'દીવાડી' એમ તે ટાપુને અર્વાચીન નામ પ્રાપ્ત થયું.

સારાંશ દીપ+ આવલી આ સંસ્કૃત શબ્દની ફેરબદલી થઇ (દીવા + આવલી = દીવા + વલી = દીવા + લી = દીવાલી) દીવાલી એ જેમરૂપ મરાઠીમાં સિદ્ધ થએલું છે, તેજ પ્રકાર ઉપલા ટાપુનાં નામ સંબંધી થયો છે. ગોમાંતક પ્રાંતના હાલના નકશામાં આ ટાપુને દીવાડી તરીકે લખેલો છે.

દીરહમ—આ ફારસી ચલણમાં વપરાતું નાણું, ચાંદીનું હોય છે. ૧ દીનાર ડયૂટ અથવા સિકવીન અથવા ૯ શિલીંગ બરાબર હોય છે.

દીલ—* દીલ છાતીમાં ડાબી બાજુ તરફ બેઉ ફેફસાની વચ્ચે મુકાયલું છે. તે ઉપરથી પોહળું ને હેઠળથી સાંકડું કેકના આકાર જેવું▽ છે. તેનો પોહોળો છેડો પીઠમાં આવેલા જમણી તરફના કાંઠાનાં ૩ હાડકામાં છે. તેની ટોચ અથવા તેનો સાંકડો છેડો

* વૈદક જ્ઞાન પૃષ્ટ ૪૬.

પાંચમી અને છઠી ડાબી પાંસળીની કુમળી હાડકીને વચ્ચેની જગ્યામાં છે, અને રથાનથી ૧½ ઈંચ નીચે ધબકે છે. દીલની આગલી બાજુ ગોળ છે, અને તે સીનાના હાડકાં પાછળ છે. દીલ માસના સાકાનું બનેલું છે. તે આસરે પા ઈંચ લાંબુ ઉપલે છેડેથી ૩॥ ઈંચ પોહળું અને ૨॥ ઈંચ જાડું હોય છે.

મરદનું દીલ ૩૦ તોલા ને સ્ત્રીનું ૨૦ તોલા વજનમાં હોય છે. તે માહેથી પોકળ અને તેની અંદરના ખાડાનાં વચમાં એક પરદો આવવાથી તેના બે ભાગ થએલા છે. જે દીલના જમણા તથા ડાભા 'ઓરડા'ને નામે ઓળખાય છે. દરેક ઓરડાનાં બબે વિભાગ થાય છે, જેથી દીલનાં ખાડામાં બરાબર જોઇએ તો ૪ નાહનાં ઓરડા હોય છે. જમણી બાજુનાં ઓરડામાં કાળું લોહી ને ડાબી બાજુનાં ઓરડામાં લાલ લોહી રહે છે. ચારે ઓરડા એક બીજા સાથે સંબંધ રાખે છે, અને તેઓનાં નાકાની વચ્ચે નાહનાં બારણાં જેવાં ઢાંકણા હોય છે; જે ખુલ્લાં હોય છે ત્યારે એક ઓરડામાંથી બીજા ભાગમાં લોહી જવાનો રસ્તો મળે છે. દરેક ઓરડામાં પાંચ તોલા લોહી સમાય છે.

દીલનું કામ લોહીને સઘળી જગ્યા ઉપર પોંહચાડવાનું છે. તેના માસના સાકા તંગ ઢીલા થાય છે, અને તેથી તેના ઓરડા માહેલું લોહી બાહેરની નસોમાં જાય છે. અજમાયશ ઉપરથી એવું સાબેત થએલું છે કે દીલનો ડાબો ઓરડો સંકોચાતી વેળા એટલું જોર રાખે છે કે તેના મ્હોા આગળ ૩ રતલનું વજન હોય તો તે ઉંચકી શકે. દીલ દર મિનિટમાં ૭૨ વખત સંકોચાય છે. દીલની આસપાસ એક મજબૂત જાડો સફેદ પરદો ફરી વળેલો છે, તેને દીલનો "બાહેરનો પરદો" કહે છે. તે એક બંધીયાર કોથળી જેવો છે, અને દીલ સાથે ચોંટી ગએલો નથી, પણ તેનાથી જૂદો રહેલો છે; અને તેમાં પાણી જેવો રસ પેદા થાય છે, જેથી દીલને હાલતી વેળા કસો ઘસક્કો લાગતો નથી. દીલના ઓરડાની અંદર એક નાજુક પરદાનું અસ્તર છે; જેને 'દીલના અંદરનો પરદો' કહેછે.

દીલપસંત—એ એક કોહળાની જાતનો વેલો છે. એનાં ફળો કોહળાં કરતાં નાહનાં હોય છે. એનો રંગ પિળો, નારંગીયો અને લાલ હોય છે. એના બીયાં જુનમાં રોપતાં તેને પાણી ચાલુ સીપવું પડે છે. એના વેલાનો મ્હોટો વિસ્તાર ફેલાય છે. આ ફળની ભાજી સ્વાદિષ્ટ બને છે.

દીલમ—આ આરબોના એક બળવંત ટોળાનું નામ. તેઓ બગદાદ અને યૂફ્રેતિસ નદીના પૂર્વ કાંઠા ઉપરના પ્રાંતમાં ૧૬૬૦ તંબુઓ મારી વસેલા છે; અને બગદાદના પશ્ચિમથી તે છેક ઉત્તરે 'હિત' સુધી વસે છે. એઓ ખેતુતનો, તથા ગંધક, સોપારી અને મીઠાનો વેપાર કરે છે.

દીલાઇલામા—એ લાસાની બાહાર બોધાલાનાં મંદીરમાં બુદ્ધની અવતારી મૂર્તિ છે. પણ આ મૂર્તિઓ તિબેટ તથા મોગોલીયામાં ૪થી ૫ છે, અને જ્યાં જ્યાં આ મૂર્તિઓ છે તે અવતારી બુદ્ધને પૂંજવામાં આવે છે. બોધાલાનું મંદીર ૪ મજલાનું હોઇ તેનો ગુંબજ માહેથી સુન્નાના પત્રાંથી સણગારેલો છે.

દીવ—સંસ્કૃત દ્વીપ ઉપરથી દીવ નામ પડ્યું. એનો તથા દેશભૂમિ ઉપર બોધલા છે તેનો જુમલે વિસ્તાર ૨૫ ચોરસ મૈલનો છે. ટાપુમાં દીવગામ શિવાય બીજાં ૧૨ ગામો છે. ૧૬સવી સનની ૮મી સદીમાં અત્રે ચાવડા રજપુતોનું મથક હતું. તેમને અગીઆરમી કે બારમી સદીમાં વાઘેલાઓએ કાઢયા, ને તેમને તારીખ—૧—સોરઠમાં લખ્યા મુજબ મુસલમાનોએ ઇ. સ. ૧૩૩૦ માં બસેડયા. ગુજરાતના મહમદ બેગડાના વખતમાં દીવ મુસલમાનોને તાબેનું બંદર હતું. સુલતાન બહાદુરશાહે હુમાયુંનથી હાર્યા પછી અત્રે રહી ફીરંગીઓની મદદ માગી હતી. બહાદુરશાહ જો તેમને દીવ સ્વાધીન કરે તો મદદ કરવી એવી શરતથી

ફીરંગીઓએ મદદ આપી હતી. પછી ફીરંગીઓએ દીવનો કબજો કરી ત્યાં કિલ્લેબંદી કરી. જ્યારે સુલતાન બહાદુરશાહે મોગલો પાસથી પોતાનું રાજ્ય પાછું જીતી લીધું ત્યારે તેને આ ફીરંગીઓને દીવ બાબત તકરાર ચાલી. ફીરંગીઓએ સુલતાનને વહાણ ઉપર બોલાવી મારી નાખ્યો, ને ત્યારથી દીવ ફીરંગીઓને તાબે રહ્યું. દીવની વસ્તી ૩૧૭૪ ની, બોધલાની ૩૫૩૮ ની ને આંકાવાડની ૨૬૪૫ ની છે. દીવનો કિલ્લો મજબુત છે. ગામમાં મેહેલ તથા સેંટપૉલનું દેવળ છે. શિવાય કેટલાંક મઠો પણ છે. અત્રેની હવા સુખાકારી ભરી છે. અત્રે ખજૂરી તથા નારીયેળીના વનો છે. મુખ્ય નિકાશ સુકવેલી માછલી, નારીયેળ, કાપડ ને હાથીદાંતના કકડાનો. વસ્તી ફીરંગી, માછી, વાણીયા, ભાટીયા ને પારસીઓની છે. અત્રે ગોવાના ગવરનર જનરલ તરફના અધિકારીની સત્તા ચાલે છે. અત્રે ૧૬૦૧ માં જેસુઇટ કૉલેજ સ્થાપવામાં આવી હતી તે હાલમાં કેથીડ્રલ તરીકે ઉપયોગમાં છે. આગલું સેંટ ફ્રાન્સીસનું મઠ હાલમાં લશ્કરી ઇસ્પીતાલ તરીકે વપરાય છે. દીવની ચઢતીના વખતમાં ત્યાં એક ટંકસાળ બાંધવામાં આવી હતી, પણ હાલમાં ત્યાં નાણા પાડવાનું કામ ચલાવવામાં આવતું નહિ હોવાથી તે તદન પડત હાલતમાં છે.

દીવ્ય—નાટય કળામાં નાયકના દર્શાવેલા ૭ ભેદમાંનો એક ભેદ (જુઓ નાયક.)

દીવાળી—ધનતેરસ અને નર્ક ચતુર્દશી. આ તેહેવારોની શરૂઆત જૂદા જૂદા દેશોમાં જૂદે જૂદે વખતે થાય છે. બંગાળ વગેરે પ્રાંતમાં આશ્વિન વદ ૮મથી કાર્તિક શુદ ૨ સુધી દીવાળીનો તેહેવાર પાળે છે. મહારાષ્ટ્ર દેશમાં આશ્વિન વદ ૧૩ થી કાર્તિક શુદ ૨ સુધી દીવાળી ગણે છે. આ ત્રયોદશીને 'ધનતેરસ' કહે છે. એ દિને ધનની પૂંજ કરે છે. બીજે દિને ચંદ્રોદય સમે મળસકામાં ઉઠી સુગંધી દ્રવ્ય યૂકત તેલ ચોળી સ્નાન કરે છે. સ્નાન કર્યા પછી 'ચીરામત' નામનું ફળ પગવડે છુંદે છે. કેટલાકો સ્નાન સમયે વાજાં વજડાવે છે, તથા ફટાકડા ફોડે છે. દીવાળીના દીવા સળગાવવાનો આરંભ એજ દિવસથી થાય છે, આ દીપોત્સ ત્રણ દિવસ વેર ચાલે છે.

દુઆબ—(અથવા બે નદી વચ્ચેનો પ્રદેશ) વાયવ્ય પ્રાંતમાંનો એક લાંબો દેશ; ગંગા અને જમના નદીની વચમાં છે. આ દુઆબમાં બ્રિટીશ જીલ્લાઓ સહરાનપૂર, મુઝફરનગર, મીરત, બુલંદશિહર, અલીઘર, મૂત્રના થોડા ભાગ, અને ફરખાબાદ, કાનપૂર, ફતેહપૂર, અને અલાહબાદના થોડા ભાગો સમાય છે. આ ભાગ ગંગા, પૂર્વ જમનાની નેહેર અને નીચલી ગંગાના પાણીથી બેહદ ફળદ્રુપ બનેલો છે. આ દુઆબમાં અલાહબાદ, કાનપૂર, મીરત અને અલીઘર એ લશકરી છાવણી તથા વેપારના મુખ્ય મથકો છે. અલાહબાદ પાસે ઇસ્ટ ઈંડીયા રેલ્વે દાખલ થાય છે, અને તે કાનપૂર, ઇટવા અને અલીઘરથી દિલ્લી સુધી જમનાને કાંઠેથી પસાર થાય છે; બીજી શાખા આગરા તરફ આડી વધે છે. તે સિવાય દુઆબમાં અનેક રેલ્વે લાઇનોની શાખાઓ ફરી વળેલી છે. દુઆબવાલા ભાગમાં રેલ્વે તથા નદી મારફતે વેપાર વેહવાર ચાલે છે. દુઆબના ત્રણ મુખ્ય ભાગો કરવામાં આવેલા છે. ૧—અપર દુઆબ—શહરાનપૂરથી અલીઘર; ૨—મધ્ય દુઆબ—મીરતથી બદા અને ઇટવાથી ફરખાબાદ અને ૩—લોઅર દુઆબ કાનપૂરથી અલાહબાદની પાસે બે નદીના સંગમ સુધી.

દુકાળ—અથવા દુષ્ટ કાળ=દુકાળ. પ્રાચીન કાળથી હિંદુસ્તાન દેશમાં દુકાળ પડવાની નોંધો દરેક સદીમાં નોંધાયલી છે. હિંદમાં મુખ્ય કરી દુકાળ પડવાનું કારણ વર્સાદની તંગીનું હમેશા કહેવાય છે. ત્યારે કોઈક સદીમાં સખત ઠાર અને તુફાન તથા લઢાઇના પણ કારણોને લીધે દુકાળ પડવાનું જણાય છે. પણ મુખ્ય દુકાળ પડવાના કારણો બેહદ

વર્સાદ અથવા વર્સાદની અછતનાંજ પુરવાર થએલાં છે.

હિંદુસ્તાન દેશની વસ્તીનો મ્હોટો ભાગ ખેતીવાડી ઉપર નિર્વાહ કરનાર હોવાથી પાણીની તંગી લીધે, અનાજનો પાક નહિ થવાથી અથવા બેહદ વર્સાદ પડતાં લીલો દુકાળ પડવાથી હિંદુસ્તાન દેશ અવારનવાર સંકટમાં આવી પડે છે. ખેતીવાડી ઉપરજ લોકોનો મુખ્ય ભાગ નિર્વાહ કરતો હોવાથી ગરીબોને ખેતીની પેદાશ નહિ મળતાં નાણાની અછત થઇ મોંઘું ધાન્ય ખરીદવાની તેઓમાં શક્તિ રહેતી નથી; અને પરદેશથી અનાજ આવ્યા છતાં ઘણી વેળા પૈસાની તંગીના મુખ્ય સબબે ભૂખમરો વેઠવો પડે છે.

હિંદુસ્તાનમાં જમાના થયા સેંકડો દુકાળો પડ્યા છે; જેની ટુંક નોંધ અત્રે દર્શાવી છે.

ઇ. સ. પૂર્વે ૫૦૩ માં જયચંદના અમલમાં ભારે દુકાળ પડ્યો હતો. તે પછી ઇ. સ. પૂર્વે ૪૪૩ માં કાશમિર, પંજાબ, અયોધ્યા, રાજપુતાના, મારવાડ, ગુજરાત અને ખાનદેશ આ ભાગમાં પડેલા દુકાળની નોંધ મળે છે. કાશમિરમાં આ વર્ષે જવાળામુખી ફાટવાથી દેશને ભારે હાની પોંહચાડી ખેતીવાડીનો ને મનુષ્યોનો ભારે નાશ થયો હતો. એજ સાલમાં પંજાબમાં વર્સાદ વરસ્યો નહિ, ગુજરાતમાંની નદીઓમાં માહ રેલ આવતાં ખેતી નાશ પામી મારવાડ ને રજપૂતાનામાં વર્સાદ વરસ્યો નહિ, ને ખાનદેશમાં ખેતીવાડી આબાદ છતાં લુટાણાથી દેશ પિડાયો હતો.

ઇ. સ. પૂર્વે ૧૦૩ થી ૬૬ સુધી નાં ૩૭ વર્ષમાં 'તુંજીન' રાજાના અમલમાંના એક વર્ષમાં વર્સાદની આખેરીમાં હિમવૃષ્ટી થવાથી ખેતીનો નાશ થઇ દેશમાંની પ્રજા ભારે પિડાઇ. તેમાં એટલા હદ સુધી મનુષ્યો પિડાયા કે માતપિતા અને ભાઇબેહેન કે માતા પુત્ર વચ્ચે પ્રેમ જેવો સંબંધજ નષ્ટ થઇ જઇ સર્વે ભૂખ માટે લુટી યા ખુન કરી એકમેકને ખાવા લાગા હતા. આ વેળા તુંજીન રાજાએ ઉદાર વૃતિથી ધાન્ય ભંડાર પ્રજા સુખ માટે ખુલ્લા મેલ્યા હતા, છતાં દુકાળ ઓછો થયો નહિ. છેલ્લો રાજ્ય ભંડાર ખાલી થતાં ઇશ્વર કૃપાથી આકાશમાંથી પક્ષીઓ મરી પડતાં તે ઉપર પ્રજાએ નિર્વાહ કર્યો ને બીજે વર્ષે વર્સાદ સારો વરસતાં આબાદાની ફેલાઇ હતી.

ઇ૦ સ૦ ૩૩૧ માં એન્ટીઓક તરફ ભારે દુકાળ પડ્યો હતો. તે વેળા એક ખુશલ ઘઉં ૪૦૦ ચાંદીના સિક્કાએ વેચાતું હતું.

ઇ૦ સ૦ ૩૩૬ માં સિરિયામાં મર્કી સાથે દુકાળ પડ્યો હતો.

ઇ૦ સ૦ ૩૮૧ માં થિયોડોશીઅસ ધી ગ્રેટના અમલમાં મરકી ઉપરાંત દુકાળ પડવાથી પ્રજાનો ભારે નાશ થયો હતો.

ઇ૦ સ૦ ૮૫૫માં અવન્તી વર્માના અમલમાં એક નાહનો દુકાળ પડ્યો હતો. પણ તે આગમજની લાંબી સદીઓમાં પડેલા દુકાળોની નોંધ કશી જડતી નથી. લલિતાદિત્યના અમલ પછી બસેં વર્ષના કાળ દરમ્યાન, નેહેરોની મરામત કરવામાં આવી નહિ, અને નદીઓમાં માહા પૂર આવી દેશની ભારે ખરાબી થઇ. તલાવો બિસમાર હાલતમાં આવી, તેમાં પાણી નહિ રહી શકવાથી નવા દુકાળોની શરૂઆત ૮૫૭ માં થએલી જણાય છે. આ વેળા ગર્મીમાં રેલ આવી અનાજનો નાશ થતાં* એક દીનારે એક 'ખારી' † એ ધાન્ય વેચાયું. આ દુકાળથી મનુષ્ય અને પ્રાણીઓની ભારે હાની થતાં રાજાએ માહપદ્મ સરોવરના પાણીને ઉભાતો અટકાવવા તેનું પાણી ખેતીવાડીને પુરૂં પાડવાની યોજના કરી ઉભાતી રેલનો વેગ બીજી તરફ વળાવ્યો હતો. આ વેળા સર્વ હિતકારક બાધકામો 'સૂય્ય' નામે કળાબાજ અંત્યજ જાતના દરબારીએ પોતાની દેખરેખ તળે કર્યા હતા,

* ૧ દીનાર=એ સુનાનાણું. તેનું વજન ૩૨ ગુંજનું હતું.

† ૨ ૩૨ શેરનો=૧ દ્રોણ. ૧૬ દ્રોણની=૧ ખારી(એટલે બંગાલી ૬ મણ; ૩૨ શેરની ૧ ખારી)

વળી તે વખતના મહા પ્રતાપી રાજાએ બાંધકામોનો ખર્ચ પ્રજા ઉપર નહિ નાખતાં પ્રજા આબાદ થઈ.

ઇ૦ સ૦ ૯૧૭ માં પાર્થ નામનો રાજા કાશમિરમાં અમલ કરતો હતો. તેના ગેરવહિવટથી દુકાળ પડ્યો, અને પ્રજા હેરાન થઇ. તેમાં કાનપૂર અને બહાર જુલમથી કાશમિરની હકુમતમાંથી છુટા પડી સ્વતંત્ર થયા. એજ વર્ષમાં તાર્તરી લોકોએ ચઢાઇ કરવાથી પંજાબના લોકો નિર્ધન થયા. આ વેળાના ગેરબંદોબસ્તથી 'સૂય્ય' એ કરેલા બાંધકામ વિતસ્તા નદીની રેલથી ભાગી પડી વસાયલા ગામો તેમાં ધસડાઇ ગયાં. આ વેળા એક ખારી ધાન્ય ૧૦૦૦ દીનારે વેચાયું હતું. તેમજ પ્રજાએ બળવો કરી રાજાને પદભ્રષ્ટ કર્યો હતો.

ઇ. સ. ૯૪૧ માં ઉત્તર હિંદુસ્તાન તથા મારવાડ તથા વાયવ્ય પ્રાંતમાં મ્હોટો દુકાળ પડ્યો. આ દુકાળ લઢાઇને સબબે પડ્યો હતો. ઇ. સ. ૧૦૨૨ માં દિલ્લી આસપાસ, બંગાલ, બહાર, ઓરિસા વગેરે પ્રાંતોમાં મ્હોટો દુકાળ પડ્યો, અને અધુરામાં પુરૂં ગંગા જમનામાં રેલ આવવાથી ભારે ખરાબી થઇ. કેટલેક ઠેકાણે પાણીની તંગીને લીધે મનુષ્યોનાં પ્રાણ ગયા હતા.

ઇ. સ. ૧૦૫૨ થી ૧૦૬૦ સુધીનાં ૭ વર્ષ સુધી ભયંકર દુકાળ ઘોરમાં પડ્યો હતો. આ વેળા જમીન એવી તો સખત બની ગઇ હતી કે તેથી ઘણા પ્રાણીઓ બળી મુવા હતા.

ઇ. સ. ૧૦૬૪થી ૧૦૭૧ સુધીના ૭ વર્ષમાં ઇજીપ્તમાં ભારે દુકાળ પડ્યો હતો. આ દુકાળમાં કુતરા બિલાડા અને સેવટે માનસોએ એકએકને ખાવા માંડ્યા હતા. ઇ. સ. ૧૦૬૯ માં કાશમિર દેશમાંનું વેપારી શેહેર 'ઉદયકિંડી' માહા રેલથી ધસડાઇ જતાં ભારે પ્રાણીઓનો નાશ થયો હતો. તેમાં મરકી અને લુટાણાથી તો પ્રજા તથા રાજ્ય નિર્ધન થયું હતું. આ વેળા ૧ ખારી અનાજ ૫૦૦ મોહરે વેચાયું હતું. તેમજ ૧ મોહરની બે 'પળી' દ્રાક્ષરસ તથા ૬ મોહરે ૧ 'પલ'* ઉત વેચાતું હતું. આ વેળાના રાજા શ્રી હર્ષ પ્રજા ઉપર લક્ષ નહિ આપતાં તેમને લુટવા માંડ્યા તેથી બળવો ઉઠ્યો. તેમાં ઘણા કાશમિરીઓ જીવ બચાવવા નહાશી કાબુલ જઇ ઇસલામી ધર્મમાં દાખલ થયા.

ઇ. સ. ૧૧૯૯ માં ઇજીપ્ત તરફ એક ભયંકર દુકાળ પડ્યો હતો. જેથી આ મ્હોટો દેશ પાયપાલ થયો હતો.

ઇ. સ. ૧૨૦૦ માં ઓરિસા, બંગાલ, બહાર અને આસામ પ્રાંતમાં દુકાળ પડ્યો. તે આગમજની એક સદી દરમ્યાન જાણવાજોગ દુકાળ પડ્યા નહોતા.

રજપૂતાના, મહારાષ્ટ્ર, અને ગુજરાતમાં પડેલા દુકાળનું કારણ વર્સાદની તંગી અને લઢાઇ તથા લુટફાટનું હતું.

ઉપલા દુકાળ પછી ગુજરાતમાં ૩ વર્ષ સુધી ભારે દુકાળ પડ્યો; આ દુકાળ પડવાનું ભવિષ પરમદેવસુરી નામે જૈન પંડિતે વર્તયું હતું. આ વેળા વિસલદેવ રાજા ગુજરાતનો અધિપતિ હતો. પ્રથમ ૧૨૫૭ માં વરસાદ પડ્યો નહિ ને ૧૨૫૮ માં સેહેજ પડ્યો, આથી ધાન્ય નિર્મૂળ થયું. આગલા વર્ષમાં રાજાએ સરકારી કોઠારોમાંથી મુફત અનાજ વેંહેંચી આપ્યું, આથી બીજે વર્ષે અન્ન મળવું મુશકેલ થયું. આથી પરરાજ્યોની મદદ લેવી પડી, તે વેળા ઉજ્જનીના રાજા મદનવર્માએ ૧૮,૦૦,૦૦૦ મણ, સિંધના રાજાએ ૧૨,૦૦,૦૦૦ મણ, દિલ્લીપતિ મોજુદ્દીને ૨૧,૦૦,૦૦૦ મણ અને કંદહારના (રકબીલ) ના ચક્રવર્તી પાદશાહે ૧,૦૦,૦૦૦ મણ ધાન્ય ગુજરાત તરફ રવાના કરી મનુષ્યોનાં પ્રાણનું રક્ષણ કરી ભારે પુન્ય હાંસલ કર્યું હતું. આ વેળા વિસલદેવ દરેક કુલીન કુટુંબને રાત્રે લજ્જા પિંડ નામે દાન આપતો. તેમાં તે ગોળ,

* પલ=૧૦ માસાનો ૧ હર્ષ અને ૪ હર્ષનો ૧ પલ.

અને ઘઉંના આટાના બનાવેલા લાડવામાં મોહોરો ભરી બક્ષીસ કરતો. આ દુકાળ સમયે વિસલદેવ તથા જગડુશાહે ભારે મેહનતે પ્રજાનું રક્ષણ કર્યું હતું.

ઇ. સ. ૧૨૯૧થી ૧૨૯૫ સુધીની મુદતમાં અતિ ભયંકર દુકાળ પડયો, આ દુકાળ પડવાનો સબબ એ હતો કે, પ્રથમ તુફાની પવનથી ખેતીવાડી ને માનસોનો નાશથયો ને પછી વર્સાદ પડી રેલ આવી; અને તેથી લુટફાટ ચાલતાં ભારે ખરાબી થઇ. આ વેળા દિલ્લી પતી જલાલુદ્દીન ખીલજીનો અમલ હતો. જલાલુદ્દીને ઇરાનથી આવેલા સિદ્દી મૌલાના નામે ફકીરનું ખુન કર્યું, તેથી આ કાળ પડયો એવું ઇસલામી તવારીખ નવેશો જણાવે છે.

ઇ. સ. ૧૨૯૯ માં ઇરાનમાં મર્કી અને અનાવર્ષનથી ભારે દુકાળ પડી પ્રાણુહાની થઇ હતી.

ઇ. સ. ૧૨૯૬થી ૧૩૧૭ સુધીની મુદતમાં દિલ્લી આસપાસના દેશમાં મ્હોટો દુકાળ પડયો હતો. આ વેળા અલાઉદ્દીન ખીલજીનો અમલ હતો. આ પ્રસંગે પાદશાહે પ્રજા કલ્યાણુપર અથાગ મેહનતે ધ્યાન રોકયું હતું.

ઇ. સ. ૧૩૩૭માં ચીનમાં મરકી તથા દુકાળથી ભારે ખરાબી થઇ હતી.

ઇ. સ. ૧૩૪૧ માં દિલ્લી પતિ તઘલખ મહમદના અમલમાં રજપુતાના, દિલ્લી, દક્ષિણ મહારાષ્ટ્ર અને માયસોર આ દેશમાં દુકાળ પડયો. બાદશાહે દિલ્લીથી દૌલતાબાદમાં પોતાની ગાદી લઇ જઇ સ્થાપન કરી. ઉપલા દુષ્કાળમાં ફેલાયલી અવ્યવસ્થા અને લઢાઇ લુટફાટ પછી ૧૩૪૪માં વર્ષાદ નહિ વર્ષવાથી ફરી દુકાળ પડયો. આ દુકાળ એવો તો ભયંકર હતો કે ખુદ પાદશાહ મોહમદને પણ બરાબર અન્ન ખાવાનું મળયું નહોતું. પ્રજા મુવેલાં જનવરોનાં ચામડાં ઉકાળી તેનો સેરવો પી નિર્વાહ કરતી.

ઉપલો દુકાળ પડયા પછી તરતજ થોડી મુદતમાં ઇ. સ. ૧૩૫૧ માં ફરી દુકાળનો દેવ હિંદપર ફાવ્યો. આ વેળા ફીરોજુદ્દીન બાદશાહ રાજ્યપદ ઉપર હતો. તેણે નદીનું પાણી નેહેરો બાંધી ખેતીવાડી તરફ વળાવ્યું; ૩૦ મ્હોટા તલાવો બંધાવ્યા. તેમજ યમુનાના ઉગમથી હિસાર સુધી નેહેર બાંધી તેને ગાગરૂ નદી સાથે જોડી નાખી હતી. પંજાબમાં સતલજનો સંયોગ કીધો. આવા બંદોબસ્તથી તે પછી હિંદમાં ઉપરા સાપરી દુકાળો પડયા ન હોતા.

દુર્ગાદેવી નામનો દુકાળ તે પછી હિંદમાં ૧૨ વર્ષ લગીનો પડયો હતો. આ દુકાળ દક્ષિણ મહારાષ્ટ્ર, રાજપુતાના, ગુજરાત, દિલ્લી અને હિંદના ઘણાખરા ભાગેમાં ફેલાયો હતો. આ સમયે કરનાટકમાં કાર્તિરામ રાજા રાજ્ય કરતો હતો તેની કુલદેવીએ 'નરબલી' માંગ્યા છતાં રાજાએ નહિ આપવાથી આ દુકાળ પડયો હતો; એમ તે વેળા માનવામાં આવતું હતું. ગ્રાંડ ડફ જણાવે છે કે આ દુકાળ ૪ વર્ષનો હતો. આ દુકાળથી કર્નાટકમાંના ૮૦ મૈલ અંદરના ગામો તદન ઉજજડ પડયાં હતાં. આ વેળા એક રૂપીયાનું બે રતલ અનાજ મળતું હતું. આ વેળા પડેલા ભયંકર દુકાળ જેવો આગળ કદી ૨૦૦૦ વર્ષમાં પડેલો નહિ હોવાનું તે વેળાના વિદ્વાનો જણાવી ગયા છે. ઇ. સ. ૧૩૯૮ થી ૧૩૯૯ સુધી નાદીરશાહે હિંદમાં લુટફાટ ચલાવવાથી દુકાળનું વધારે જોર વધ્યું હતું.

ઉપલા દુકાળને ૪ વર્ષ વિતા નહિ તેટલાં ફરી ગંગા યમુનાની પાસેના પ્રદેશમાં તથા મારવાડમાં દુકાળ પડયો. પણ આ વેળા ખાનદેશ તથા ગુજરાત તરફ મારવાડી પ્રજા ઉતરી પડતા ત્યાંના સુકાળમાં પોશાઈ હતી. ઇ. સ. ૧૪૬૦ માં માહારાષ્ટ્ર દેશમાં દુકાળ પડતાં તે વખતના જાણીતા દુકાળમાં અમલદાર દામાજી પંતે મંગળ વેઢાના અનાજના કોઠારો પ્રજા માટે ખુલ્લા મેલી મહા પુન્ય હાંસલ કર્યું હતું.

ઇ. સ. ૧૪૭૧માં ઓરિસા તથા આસામ પ્રાંતમાં ભારે દુકાળ પડયો હતો.

ઇ. સ. ૧૪૯૧ માં વર્સાદની અછતથી હિંદના ઘણાખરા ભાગોમાં દુકાળ પડયા.

ઇ.સ. ૧૪૯૧માં આ વેળા પાદશાહે ઉદાર મદદ કર્યા છતાં સુબાઓની બેદરકારીથી પ્રજા હેરાન થઇ હતી.

ઇ. સ. ૧૫૦૦ થી ૧૬૦૦ સુધીમાં હિંદમાં ૬ દુકાળ પડયા હતા. તેમાં ઇ. સ. ૧૫૨૦–૨૧ માં મુંબઇ ઇલાકાનો ઘણોખરો ભાગ અને સિંધ પ્રાંત એમાં પર રાષ્ટ્રોની ચઢાઇથી દુકાળમાં સપડાયા હતા. તેમજ આ વર્ષમાં સોલાપૂર તરફ વર્સાદની અછતથી દુકાળ પડયો વતો.

ઇ૦ સ. ૧૫૨૭ માં સિંધ અને પંજાબ પ્રાંતમાં ભારે દુકાળ પડયો હતો. આ વેળા બિર્જશાહ બેદાદએ સિંધ પર સ્વારી કરી દેશ જીતી લીધો હતો. શત્રુના હાથમાં અનાજ નહિ જઇ પડે તે માટે તે વેળાના રાજા જામિન્દાએ અનાજના કોઠારો બાળી નાખ્યાથી ભારે દુકાળ પડયો હતો.

ઇ. સ. ૧૫૪૦ થી ૧૫૪૩ સુધીમાં સિંધ, પંજાબ, મુંબઇ, મહારાષ્ટ્ર, અને સોલાપૂર તરફ ભારે દુકાળ પડયો હતો. આ વેળા સિંધના બાદશાહ શાહહુસેને પોતાના રાજ્યપર હુમાયુન ચઢાઇ કરનાર છે એમ જાણતાં સિંધુ નદીના પાણીની થનાર ખેતી અટકાવવાથી સિંધમાં ભારે દુકાળ પડયો; તેમાં હુમાયૂનની સ્વારીથી તો ભારે ખરાબી થઇ હતી, તેમજ એ વેળા પંજાબમાં ધાન્યની ઉત્પતિ સારી થતી જાણી, વેપારીઓએ મુંબઇ ઇલાકામાંનુ અનાજ તે તરફ ધસડી લઇ જતાં ભારે દુકાળ પડયો.

ઇ૦ સ૦ ૧૫૫૬—૫૭ માં વાયવ્ય પ્રાંતમાં તથા પંજાબ અને રજપુતાનામાં ભારે દુકાળ પડયો. આ વેળા અકબર પાદશાહનો અમલ હતો. આ દુકાળ એટલો તો ભયંકર હતો કે જો કોઇ થોડા માનસ મળી શબને સ્મશાનમાં લઇ જતા તો તેની ઉપર દુકાળીયાઓ તુટી પડી તે શબને ઉઠાવી જઇ ખાઈ જતા. આથી મરકીનો રોગ ફેલાયો અને ભારે ખરાબી થઇ હતી.

ઇ૦ સ૦ ૧૫૭૯ માં કચ્છ દેશમાં રાયમહાદુર મલજીના અમલમાં દુકાળ પડયો જેમાં તવંગર કુંટુંબો વટીક પાયમાલ થયા હતા. તે વેળાના રાજાએ પોતાની ખાનગી સંપતિનો પણ સંકટ નિવારણ અર્થે ઉપયોગ કર્યાથી ઘણાં પ્રાણોનું રક્ષણ થયું હતું.

ઇ૦ સ૦ ૧૫૮૧ માં ઇરાન તરફ મરકી ફેલાઇ તથા દુકાળ પડવાથી ભારે પ્રાણુ હાની થઇ હતી.

ઇ૦સ૦ ૧૫૯૬માં તમામ એશિઆ ખંડમાં દુકાળ પડયો હતો, પણ આ વેળા દક્ષિણ હિંદુસ્તાનમાં અકબરનું ઉત્તમ રાજ ધોરણ ચાલુ હોવાથી ત્યાંની પ્રજાને આ દુકાળનો ઝાઝો ફટકો લાગો નહોતો. આ દુકાળ પડવા નૈઋત્ય તરફ એક મ્હોટો ધુમકેતૂ ૧૮ દિવસ સુધી દેખાયો હતો. અને પેચુ તરફ ઇ૦ સ૦ ૧૫૯૮ માં દુકાળ પડયો હતો.

ઇ૦ સ૦ ૧૬૦૦ થી ૧૭૦૦ સુધીની એક સદીમાં હિંદુસ્તાનમાં પાંચ દુકાળો પડયા હતા, અને તેથી ૨૨ વર્ષ સુધી તેનું સંકટ પ્રજાએ વેઠયું હતું.

'મિરાતે અહમદી' નામના ઉર્દુ ગ્રંથ ઉપરથી જણાય છે કે ઇ૦ સ૦ ૧૬૨૮—૨૯ માં ગુજરાતમાં પડેલો દુકાળ અતિ ભયંકર હતો. આ દુકાળ વર્ષાદની અછતને લીધે બે વર્ષ સુધી ચાલુ હતો, આ વેળા દિલ્લીપતિ શહાજહાન હોવાથી તેણે પ્રજા રક્ષણના અનેક ઉપાયો યોજ્યા હતા, આ વેળા એવો તો ભૂખમરો શરૂ થયો હતો કે લોકોએ કુતરાં કાપી ખાધાં, માયબાપે બચ્ચાંઓ વેચવા માંડયા, પણ તે ખરીદનાર ઘરાકો નહિ મળવાથી ઘણી હેરાનગતી ભોગવી તેઓ મુવા હતા. ઉંઠ તે વેળા એકેક રૂપીયે વેચાયા હતા. સેવટે મુવેલા જનવરના હાડકાંના લોટની રોટલી પણ ખાવામાં લેવી પડી હતી.

ઉપલા દુકાળ પછી ફરી ગુજરાત અને મહારાષ્ટ્ર તથા કાઠીયાવાડમાં અને કચ્છમાં વર્ષાદની અછતને લીધે દુકાળ પડયો હતો. આ વેળાના ભયંકર દુકાળ પ્રસંગે તો મનુષ્ય મનુષ્યને કાપી ખાતા હતા. અમદાવાદ, સુરત, બરહાનપૂરના સુબાએ શહાજહાનના હોકમથી સરકારી ધાન્યના કોઠારો પ્રજા માટે ખુલ્લા મેળી ધાન્ય વેંહેંચીયું હતું. તેમજ સરકારે ૫૦૦૦૦ રૂપીયા દુકાળ નિવારણ માટે મદદ કરી, સર્વ જમાબંદી માફ કરી હતી. ઇ. સ. ૧૬૪૦ થી ૧૬૫૫ સુધીના ૧૬ વર્ષ દરમ્યાન જૂદા જૂદા દુકાળો પડયા હતા. ગુજરાતમાં આ દુકાળ ૭ વર્ષ સુધા હતો. આ દુકાળ માહારાષ્ટ્ર અને બંગાળમાં પણ ફેલાયો હતો એમ જણાય છે. ઇ. સ. ૧૬૫૦–૫૨માં ગુજરાતમાં ઘણા મનુષ્યો ભૂખમરાથી મરણ પામ્યાં હતાં.

ઇ. સ. ૧૬૬૧ માં મધ્ય પ્રાંત, પંજાબ, બંગાળમાં ભારે દુકાળ પડયો હતો. આ વેળા દિલ્લીપતી ઔરંગજેબ હતો. ઔરંગજેબે આ પ્રસંગે પ્રજા દુઃખ નિવારણ માટે બેહદ મેહેનત કરી પોતાના જર જવેરાત વટીક વેચી નાખ્યાં હતાં, અને તેના પૈસામાંથી પરદેશથી ધાન્ય મંગાવી પ્રજાનુ રક્ષણ કર્યું હતું. આ વેળા તીડનો ઉપદ્રવ ઉપરાંત કમ વરસાદથી ખેતીવાડીનો નાશ થયો હતો. ઈ. સ. ૧૬૮૨–૮૩માં ગુજરાતમાં દુકાળ પડયો હતો, પણ ઔરંગજેબે માહારાષ્ટ્રમાંથી ધાન્ય વેચાંતું લઇ ગુજરાત મોકલાવી પ્રજાનું દુઃખ ટાળ્યું હતું. આ વેળા અમદાવાદના સુબેદાર મહમદ હમીદખાનને એક કાઢેલા સરવસ ઉપર ભૂખમરાથી પીડાતા લોકોએ હુમલો કરવાથી તેમનાં સરદારોને મારી નાખ્યા અનાથોનું સુબાએ રક્ષણ કર્યું હતું.

ઇ. સ. ૧૭૦૩ માં મુંબઇ ઇલાકાના ઘણા ખરા ભાગોમાં દુકાળ પડયો હતો, પણ 'થર અને પારકર'ના પ્રદેશમાં ભારે દુકાળ પડયો હતો.

ઇ. સ. ૧૭૧૮ માં ગુજરાત, માહારાષ્ટ્ર, અને મદ્રાસ આ પ્રાંતમાં દુકાળ પડયો હતો. આ વેળા દિલ્લીપતિ ફરૂખશાહ હતો. તેનો અમલ નબળો હોવાથી રાજ્યમાં ચાલતી અંધાધૂંધીથી આ દુકાળ પડયો હતો. આ વેળા બાજરી રૂપીયાની ૮ શેર વેચાતી હતી. માત પિતાઓએ ભૂખને લીધે બચ્ચાંઓને બબે રૂપીયે વેચ્યાં હતાં. આ વેળા મારવાડમાં દુકાળથી પીડાતા દુકાળીયા ગુજરાતમાં આવતાં ત્યાં દુકાળ પડયો, ને ત્યાંથી દક્ષિણમાં જતાં પણ તેવોજ ત્રાસ ફેલાયો હતો.

ઇ. સ. ૧૭૩૧માં ગુજરાત, કાઠીયાવાડ, મારવાડ અને પંજાબ વગેરે ઠેકાણે દુકાળ પડયો હતો. આ વેળા દિલ્લીપતિનો અમલ નબળો પડતાં ગુજરાતના સુબાઓએ સ્વતંત્રતા મેળવવા કમર કશી તેટલાં મરાઠાઓએ ગુજરાત ઉપર હુમલો કરતાં દુકાળ અને લઢાઇને લીધે ભારે પ્રાણહાની થઇ હતી.

બીજે વર્ષે પણ ગુજરાત તથા મારવાડમાં વરસાદ નહિ પડવાથી ફરી દુકાળ પડયો; અને કેટલેક ઠેકાણે ભારે વર્સાદ પડી માઠા પૂર આવી લીલો દુકાળ પડયો હતો. તેને બીજે વર્ષે વાયવ્ય પ્રાંતમાં તથા ગુજરાત, મદ્રાસ અને રજપુતાનામાં દુકાળનું સંકટ ફેલાયું હતું. આ દુકાળમાં ૧ ગાર્સ (૨૬૦ કાચ્ચા મણ) ધાન્ય ૪૦ પેગોદા (૧૪૦ રૂપીયા) એ વેચાયું હતું.

ઇ. સ. ૧૭૩૭ માં રજપુતાનામાં ફરી દુકાળ પડયો હતો. અને ૧૭૩૯ માં દિલ્લી આસપાસ ગુજરાત, મહારાષ્ટ્ર, મદ્રાસ વગેરે ઠેકાણે દુકાળ પડયો હતો: અને ૧૭૪૧ માં ખાનદેશમાં પીંઢારાઓની લુટફાટ અને ત્રાસથી દુકાળ પડયો હતો.

આ આંઠ વર્ષની મુદત દરમ્યાન બે ભયંકર દુકાળ પડયા હતા. આ વેળા બેહદ વરસાદ અને અંધાધૂંધીભર્યા રાજકારોબારને લીધે ભારે ત્રાસ ફેલાયો હતો. ઇ. સ. ૧૭૪૦ નાં સાલમાં ગુજરાતમાં કોળી તથા ભિલ લોકોએ લુટફાટ કરવા માંડતા ત્યાંના કણબીઓએ એક શેર ધાન્યમાં ૧ મણ રેતી

ભેળી તે વેચવા માડયું હતું. ૧૭૪૬ નાં વર્ષમાં કચ્છ તરફ પડેલા દુકાળ પ્રસંગે લખપતજીએ પ્રજા કલ્યાણ માટે ભારે શ્રમ વેઠયા હતા. આ વેળા તે તરફ એક રૂપીયાની ૩૨ શેર (૪૦ તોલાનો સેર) બાજરી, દર રૂપીયે સવા શેર ઘી અને રૂપીયાનું સવા આંઠ શેર તેલ વેચાતું હતું. ૧૭૪૬–૪૭ માં રેવાકાંઠા તરફના ખેડુતોએ ખેતીવાડીના બળદો મારી ખાઇ તે ઉપર ગુજરાન કર્યું હતું.

ઇ. સ. ૧૭૫૭ થી ૬૦ સુધી સિંધ, ગુજરાત, અને કચ્છ અને હિંદના જૂદા જૂદા ભાગોમાં દુકાળો પડયા હતા. આ વેળા દુકાળ પડવાનું કારણ વરસાદની અછત અને લઢાઇનું હતું.

ઇ. સ. ૧૭૫૯ માં સિંધ પ્રાંતમાં થએલી લઢાઇ પછી ભારે દુકાળ પડયો, અને બીજે જ વર્ષે ગુજરાતમાં મરાઠા તથા મુસલમાનોની લઢાઇને લીધે દુકાળ પડયા હતા.

ઇ. સ. ૧૭૬૧ માં ઉપલા દેશમાં ફરી વરસાદની અછતને લીધે દુકાળ પડયો હતો. આ વેળા અમદાવાદમાં મારવાડીઓ ઉતરી પડવાથી તેઓ અસંખ્ય મુવા હતા. આ વેળા સાબરમતી કાંઠે એક મ્હોટો ખાડો ખોદી તેમાં પ્રેતોને એક ઉપર એક એમ નાખવામાં આવતા હતા. આ દુકાળની અસર ૨૭ વર્ષ વેર રહી હતી અને તેવા દર રૂપીયે કાચ્ચા ૨૦ શેર ધાન્ય મળતું હતું આ વેળા દુકાળીયાઓએ બચ્ચાંને અકેક રૂપીયે વેચ્યાં હતાં

ઇ. સ. ૧૭૬૫ માં મુંબઇ, સિંધ, મારવાડ, કાઠીયાવાડમાં વરસાદની અછત હતી; અને બીજે વર્ષે ફરી કચ્છમાં વરસાદ ઓછો પડતાં ત્યાં દુકાળ ફેલાયો હતો. તેમજ ૧૭૬૮ ને ૬૯ ના વર્ષમાં પણ તેવોજ દુકાળ પડયો હતો.

ઇ. સ. ૧૭૭૦ માં હિંદમાં પડેલો દુકાળ ભારે હતો. તેનો વિસ્તાર બંગાલ, ઓરિસા, આસામ અને વાયવ્ય પ્રાંતમાં ફેલાયો હતો. આ વેળા બંગાલના ફળદ્રુપ ભાગનો ૂ ભાગ વેરાન થયો હતો. તે તરફ જાનેવારીથી મે સુધી સેહેજ વરસાદ પડે છે, તે પડયો નહિ અને તમામ આખા વર્ષની મોસમ પાણીવિનાની જવાથી ભયંકર દુકાળ પડયો હતો. આ વેળા એખલાં પાટણ શેહેરમાં દર રોજ ૫૦ માણુસો ભૂખમરાથી મરણ પામ્યા હતા. મૂરશિદાબાદમાં તો પ્રેતો લઇ જવા માણુસો નહિ મળવાથી ગામ માહે કોલ્હાં, કુત્રાં આખો વખત ફરતા રહી મુવા તથા જીવતા માણુસોપર ઉજાણી કરતા હતા.

બંગાલમાં આ દુકાળમાં ૩૦,૦૦,૦૦૦થી ૧,૦૦,૦૦,૦૦૦ માનસો ભૂખમરાથી પીડાઇ મરણ પામ્યા હતા. આ દુકાળનો વિસ્તાર ૧૩૦,૦૦૦ ચોરસ મૈલનો હતો, અને તેના સકંજામાં ૩૦૦,૦૦,૦૦૦ લોક વસ્તી સપડાઇ હતી. એમાંનો ૂ ભાગ મરણ પામ્યો હતો. મી૦ મીલ જણાવે છે કે આ દુકાળમાં બંગાલની વસ્તીમાં સેંકડે ૬૨ૂ ટકા માનસો મરણ પામ્યા હતા. આ વેળા ભલા ભલા શ્રિમંતોનાં સ્ત્રી બચ્ચાં રસ્તે રસ્તે અન્ન માટે ભટકતાં થયાં હતાં. હુગળી નદીમાં તો જ્યાં ત્યાં પ્રેતો તરતા દેખાતા હતા. એટલુંજ નહિ પણ કોલ્હાં, કુતરાં વસ્તીમાં આવી ઘેરોમાં ઘુસી ઉજાણી કરતા હતા. તેમાં કેટલાકને હડખું લાગતાં તેઓએ જીવતા માનસોનો પણ ઘાણ કાઢયો હતો. આ દુકાળમાં દક્ષિણ બંગાલમાં ૧ રૂપીયાના ૩ શેર ચોખા, ૩૦ શેર બાજરી, ૪૦ શેર ઘઉં, ૪ શેર દાળ, ૨૦ રૂપીયે મણ ઘી વેચાતું હતું.

ઇ. સ. ૧૭૭૩માં મુંબઇ ઇલાકામાં પડેલા ઓછા વર્સાદને લીધે ફરી દુકાળ પડયો હતો. બીજે વર્ષ કચ્છના પણ દુકાળ પડયો હતો. ઇ. સ. ૧૭૮૦ માં મદ્રાસના ધાન્યની અછત હતી, તેટલાં કર્નાટક પ્રાંત હૈદરઅલીએ ૧૭૮૦ માં લુટયો, આથી દુકાળે ભયંકર રૂપ પકડયું. તેજ વર્ષમાં મુંબઇ ઇલાકો તથા મદ્રાસ તરફ પણ દુકાળ પડયે હતો. આ વેળા ૮૦૦૦૦ રૂપીયાનું ફંડ એકઠું કરી

પ્રજા દુઃખ નિવારણ કરવાના ઉપાયો યોજ્યાં હતા. 'મોનીગામુલમી' નામના અન્નગૃહમાં સરકારે ૪૦૦૦ દુકાળીયાઓને રાખી તેમનું રક્ષણ કર્યું હતું, તેમાં ૩૦૦૦૦ રૂપ્યાની મદદ તો બંગાલી પ્રજાએ કરી હતી.

આ વેળા ૧ ગાર્સ માટે ૧૫૦ પેગોદા યાને લગભગ ૧ રૂપીયે ૨૦ શેર (૪૦ તોલાનો શેર) બાજરી વેચાતી હતી. કોલેરા વંશની સિંધ પ્રાંતમાંની રાજ્ય સત્તા આ વેળા નિર્મૂળ થઇ ત્યાં 'તાલપૂર' વંશની રાજ્ય સત્તા સ્થાપન થઈ હતી. આ વેળા (૧૭૮૨ માં) સિંધમાં લઢાઇથી પણ દુકાળ પડ્યો હતો. આ વેળા એક 'કરવાર' અનાજ માટે ૫૦ રૂપાંયા પડતા, 'તાલપૂર' વંશના રાજ્યકર્તાઓ દુકાળ નિવારણ અર્થે કરેલી યોજના એવી હતી કે ૨૦ કરવાર ધાન્ય જે ખેડુત પાસે હોય તેને દેણું માફ કર્યું હતું, અને જેની પાસે ૨૦ કરવારથી અધીક ધાન્ય હોય તેણે દર વીસ કરવારે ૧ કરવાર સરકારને આપવું એવું ઠેરવ્યું હતું, અને સેંકડે પાંચ ટકા કર નાખ્યો હતો, પણ ૧૭૮૨—૮૩ નાં દુકાળથી ગુજરાતમાંના ઘણા ગામડાં પાયમાલ થયાં હતાં.

૪૦ સ૦ ૧૭૮૩ માં મધ્ય પ્રાંત, પંજાબ અને વાયવ્ય પ્રાંતમાં દુકાળ પડ્યો હતો, તે પછી બીજે જ વર્ષે ઉત્તર હિંદુસ્તાન, અયોધ્યા અને મુંબઇમાં પડેલો દુકાળ ૧૭૮૩ સુધી ચાલુ હતો, આ દુકાળ વરસાદની અછત ને તીડના ઉપદ્રવને લીધે પડ્યો હતો. ૧૭૮૫ માં પંજાબમાં દુકાળના સંકટથી ૧૦,૦૦,૦૦૦ માનસો મરણ પામ્યા હતા. આ વેળા પાલનપૂરમાં ભારે ત્રાસ ફેલાયો હતો; કારણ કે કોળી તથા ભિલોએ લુટફાટ ચલાવ્યાથી વધારે ભયંકર દુકાળ પડ્યો હતો, પણ આ વેળા અયોધ્યાપતિ આસિફ ઉદૌલા હોવાથી તેણે દુકાળ નિવારણ માટે ઇમામવાડો અને રૂમાલ દરવાજા નામની બે ઇમારતનાં બાંધ કામો રાત દિવસ શરૂ કરાવી દુકાળીઆં ઓને રોજીએ લગાડી તેમનું રક્ષણ કર્યું હતું.

મદ્રાસ, મુંબઇ, ગુજરાત, મારવાડ, પંજાબ, મહારાષ્ટ્ર, વાયવ્ય પ્રાંત વગેરે ભાગો ૪૦ સ૦ ૧૭૮૭ થી ૯૨ સુધી અવારનવાર દુકાળના ભોગ થઇ પડ્યા હતાં. ૧૭૯૦ થી ૯૨ સુધી મદ્રાસના ઉત્તર ભાગમાં અને ૧૭૯૧ માં વિજગાપટ્ટણમાં એકજ માસમાં ૧૨૦૦ માનસો મરણ પામ્યા હતા. આ વેળા ગંજમની સરકારે ચોખાની કાંજી પાઈ ૩૦૦ અનાથોના પ્રાણનું રક્ષણ કર્યું હતું, આ વેળા પરદેશથી આવતા અનાજ ઉપરજ જકાત માફ કરવામાં આવી હતી, છતાં ભૂખમરો અને દારિદ્રતા ઓછી થઇ નહોતી.

૧૭૯૧ માં કર્નાટકમાં આ દુકાળને 'દોગી બુરા' કહેતા. દોગીબુરા એટલે માનસની ખોપરીનો દુકાળ. આ વેળા સર્વ દેશમાં ભૂખમરો અને મરકીથી અસંખ્ય મનુષ્ય મરણ પામી તેમના હાડકાં શેરીઓમાં જગે જગ પડ્યા હતા. તે વેળા કેટલાક લોકોએ ઝાડના પાંદડા ઉપર નિર્વાહ કર્યો હતો; ને કેટલાકોએ જે મૈસ મલ્યું તે ખાઇ ભૂખ મટાડી કેટલાક ધર્મ અભિમાનીઓએ તો મૈસ નહિ ખાતાં આપઘાતકરી ભૂખમરાથી પોતાનું રક્ષણ કર્યું હતુ.

ઇ. સ. ૧૭૮૭ થી ૧૭૯૬ સુધી હિંદમાં વર્સાદની અછત થવાથી આ ભયંકર દુકાળ પડ્યો હતો. તેમાં વળી પંઢરપૂર, સોલાપૂર, બેલગાંવ વગેરે ઠેકાણે તીડના ઉપદ્રવથી ખેતીવાડી નાશ પામી હતી. ગોકાક તાલુકામાં ભૂખમરાથી ૧૫૦૦૦ માનસો મરણ પામ્યા હતા.

ઇ. સ. ૧૭૯૨-૯૩માં પુના જીલ્લા તરફ દુકાળ પડ્યો હતો. તેમજ કલાદગી જીલ્લામાં ૧૭૯૧ થી ૯૪ સુધી લઢાઇ અને લુટફાટને લીધે દુકાળ પડ્યો હતો. ટીપુ સુલતાન, પેશવા અને ઇંગ્રેજોની લઢાઇ આ વેળા ચાલતી હોવાથી મહારાષ્ટ્ર દેશમાં ભારે દુકાળ પડ્યો હતો.

ઉપલીજ મુદતમાં ગુજરાત, કાઠીયાવાડમાં પણ દુકાળ પડ્યો હતો. આ વેળા ભરૂચમાં એવો તો ભયંકર દુકાળ પડ્યો હતો કે ૪૫ રૂપીયે ૧ કળશી ધાન્ય વેચાતું હતું. વડોદરા અને તેની આસપાસના જીલ્લામાં લુટફાટ ચાલવાથી, ખેડુતોએ પોતાના ઢોરો મારી ખાધાં હતાં, પણ સેવટે ભૂખમરો ન સહન થવાથી પોતાનાં બાળકોને મારી નાખી પોતે પણ મુવા હતા.

૧૭૯૪-૯૬ ની મુદત દરમ્યાન ગુજરાત, મહારાષ્ટ્ર બંગાલ તરફ ભારે દુકાળ પડ્યો હતો. તે પછી ૧૭૯૯થી ૧૮૦૧ સુધી મદ્રાસ તરફ પણ દુકાળ પડ્યો હતો. આ વખતથી બ્રિટીશ સરકારે દુકાળ નિવારણના બાંધકામોની શરૂઆત કરી હતી.

ઓગણસી સદીનાં દુકાળ.

ઇ. સ. ૧૮૦૧ માં મદ્રાસ ઇલાકામાં દુકાળ પડ્યો હતો. આ વેળા સરકારે દુઃખ નિવારણ અર્થે ખાસ યોજનાઓથી પ્રજાનું રક્ષણ કર્યું હતું.

ઇ. સ. ૧૮૦૨ થી ૧૮૦૪ સુધી નિજામના રાજ્યમાં દુકાળ પડ્યો, કચ્છમાં છોડવાનો નાશ તીડોએ કર્યો. અને પાલનપૂર, રેવાકાંઠા, સૂરત, ગુજરાત, હૈદ્રાબાદ, બેલગામ, રતનાગીરીમાં વરસાદ વરસ્યો નહિ. બાનદેશમાં હોળકર અને પિંઢારાઓના ત્રાસથી દુકાળ પડ્યો હતો. તે ઉપરાંત પુના, અહમદનગર, સોલાપૂર અને સાતારા તથા ધારવાર, કોલાબા વગેરે તેમાં સપડાયા હતા.

ઇ. સ ૧૮૦૩ માં મુંબઇ ઇલાકાનો ઘણો ખરો ભાગ, મધ્ય પ્રાંત આ દુકાળના સંકટથી પીડાયું હતું. એનો વિસ્તાર ૨૦૩૪૭ ચોરસ મૈલ કરતાં વધારે અને તેનો ફેલાવો ૩,૫૦,૯૪૦ મૈલ સુધી ફેલાયો હતો. આ વેળા કાણામાં ગોદાવરી કાંઠેના દુકાળીયાં આવતા ત્યાં પણ ત્રાસ ફેલાયો આ વર્ષમાં ઉરન ખાતે એક પાયલી ધાન્ય એક રૂપીયે વેચાયું હતું. કલાદગી જીલ્લામાં વરસાદ સારો છતાં પીંઢારાઓના ત્રાસથી દુકાળ પડ્યો હતો. આ વેળા મહારાષ્ટ્રમાં પીંઢારા અને હોળકર તથા શિંદેના લશકરના જુલમથી દુકાળે એવું તો રૂપ પકડયું કે એક શેર ધાન્ય એક રૂપીયે વેચાતું હતું.

૪૦ સ૦ ૧૮૦૪ માં મહારાષ્ટ્ર, ગુજરાત, રાજપુતાના, મધ્ય હિંદુસ્તાન અને મદ્રાસ તરફ દુકાળ પડ્યો હતો. તંજાવરના કલેકટરે આ પ્રસંગે અનાજ ખરીદી પ્રજાને વેચાતું આપી તેના નફામાંથી અનાથોનું પાલણ કર્યું હતું. કરનાટકમાં એને 'બિયાનમુરા' એટલે અતિ ભયંકર દુકાળ કહેતા હતા. મહારાષ્ટ્રમાં એક રૂપીયાનું ૬ શેર ને શ્રીરંગામાં એક રૂપીયાનું બસેર અનાજ વેચાતું હતું.

૪૦ સ૦ ૧૮૦૫ માં તમામ મદ્રાસ ઇલાકામાં ભયંકર દુકાળ પડ્યો હતો. આગલા વર્ષના દુકાળમાં મદ્રાસની ખેતી નાશ પામી હતી, તેટલાં બીજે વર્ષે વરસાદની અછતથી ભયંકર દુકાળ પડ્યો. આ વેળા મદ્રાસની સરકારે બંગાલમાંથી અનાજ મંગાવ્યું, પણ બોર્ડ ઑવ રેવિન્યૂને તે પસંદ પડયું નહિ. તેણે દુકાળ નિવારણનાં કામો કાઢવા અને પૈસાને રૂપે મજુરી કરાવવાની યોજના અમલમાં મેળી. આ દુકાળ પુના તથા અહમદનગર તરફ સખ્ત હતો, અને તેણે ૧૮૦૭ના અકટોંબર સુધી ખરાબી વર્તાવી હતી.

૪૦ સ૦ ૧૮૦૭ માં પણ આ દેશમાં દુકાળ પડ્યો હતો. સિંધ પ્રાંતમાંના થર અને પારકર વગેરે ભાગમાં વર્સાદની અછતથી પડેલો દુકાળ ૧૮૧૩ સુધી પ્રજાને પજવતો રહ્યો હતો. અને આ લાંબી મુદત સુધી વરસાદની અછત ચાલુ રહી હતી.

૪૦ સ૦ ૧૮૧૧ થી ૧૮૧૩ સુધી જૂદા જૂદા ભાગોમાં દુકાળ પડેલાની નોંધો મળે છે. ૧૮૧૨—૧૩ માં કાઠીયાવાડ બ્રિટીશ સત્તા તળે આવ્યું અને તે વેળા રાજ્ય વ્યવસ્તા બરાબર નહિ હોવાથી દુકાળ પડ્યો હતો.

૪૦ સ૦ ૧૮૧૦ માં તીડોનો એક ગંજાવર જત્થો બંગાલમાં જણાયો; જે હિંદના

દક્ષિણ ભાગમાંથી ઉડતો ૧૫ મહિના પછી મારવાડમાં જણાયો, તેમજ ૧૮૧૧ માં મારવાડમાં વરસાદ પડતાં તીડનું ટોળું પટના, વાયવ્ય પ્રાંત, ગુજરાત અને પછી કાઠીયાવાડમાં દાખલ થયું; અને તે પછી થોડીજ મુદતમાં ભરૂચ તરફ દેખાયો. પણ ૧૮૧૨ ની વર્ષા ઋતુ આગમજ ગુમ થયા. આ તીડના ટોળાએ ખેતીવાડીના પાકનો નાશ કરવાથી ભારે દુકાળ પડયો.

તેમજ ઉપલી મુદતમાંના ૧૮૧૨ માં ગુજરાત પ્રાંતમાં પ્રથમ સારો વરસાદ પડતાં ખેતી શરૂ થઇ પણ પછી બે માસ ક્રોરડા ગયા. આથી સુકાં છોડ ઢોરોને ખવાડયા; તેટલાં ભારે વરસાદ પડવાથી ખેતીનો પુરો નાશ થયો.

ઉપલા દુકાળ પડવા આગમજ એક મણ બાજરી રૂ. ૧–૩ વેચાતી હતી તે રૂ. ૩–૮ મણને ભાવે વેચાવા લાગી, ને ઘઉં દર મણે રૂ. ૧–૪ વેચાતા હતા તે રૂ. ૩–૮ મણને ભાવે વેચાવા લાગ્યા.

ઉપલી મુદતમાં નેપાળ, મુંબઇ, ગુજરાત, વડોદરા, અમદાવાદ, સૂરત, માળવામાં પણ દુકાળ પડયો, જે અતિ ભયંકર હતો.

ઇ. સ. ૧૮૧૨ ના સાલમાં મદ્રાલ ઇલાકામાં દુકાળ પડયો હતો.

ઇ. સ. ૧૮૧૩ માં પીંઢારાઓના ત્રાસ અને રાજકીય અંધાધૂંધીને લીધે સૂરત જીલ્લામાં દુકાળ પડયો હતો. કાઠીયાવાડમાંથી દુકાળીયાંઓ નીકળી કચ્છનાં આબાદ ભાગમાં જતાં માર્ગમાં રણ વચ્ચે ભૂખમરાથી મુવા, ત્યારે કટલાકોએ પોતાના જાત ભાઇઓને કાપી તેમના લોહી માંસ ઉપર નિર્વાહ કર્યો હતો. આ વેળા મુંબઇથી પરદેશ અનાજ ઘસડાઇ જવાથી ભારે દુકાળ પડયો હતો.

૧૮૧૩ માં બંગાલમાં વરસાદની અછત હતી. મદુરામાં ૪૨૦૦૦ માનસોને સરકારે દુકાળ નિવારણના કામ ઉપર રોકયા હતા. વેપારીઓને પરદેશથી વધારે અનાજ લાવવા માટે ઉત્તેજન આપવા થકી રૂ. ૭૦૦૦ ઉત્તેજન અર્થે સરકારે આપ્યા હતા.

ઇ. સ. ૧૮૧૫ માં ઉંદરના ઉપદ્રવથી કાઠીયાવાડમાં ખેતીવાડીનો નાશ થઇ દુકાળ પડયો હતો.

ઇ.સ. ૧૮૧૮–૧૯ માં વાયવ્ય પ્રાંત, રાજપુતાના, ગુજરાત અને મદ્રાસમાંનો કેટલોક ભાગ તથા માહારાષ્ટ્રમાં દુકાળ પડયો હતો. ગુજરાતમાં વરસાદ વધારે પડયો તેથી ખરીપનો, અને કાર્તિક, માર્ગશીર્ષમાં વધુ વર્સાદ પડયાથી રબીનો પાક નાશ પામ્યો હતો. તેમજ ૧૮૧૮ માં આ ભાગ બ્રિટીશનાં તાબામાં આવતાં ત્યાં મરકી ફેલાઇ હતી. પંઢરપૂર, બારશી, તુળજાપૂર વગેરે ઠેકાણે દુકાળ પડયો હતો.

ઉપલા સાલમાં કાનડામાં દુકાળ પડયો હતો. તે ૧૮૨૦ સુધી ચાલુ હતો. તે પ્રસંગે આમલીના પાંદડા ઉકાળી લોકો ખાતા હતા. તેમજ વાયવ્ય પ્રાંતમાં પણ દુકાળ પડયો હતો. આગરામાં ૧ રૂપીયે ૧૭ શેર, અલીગઢમાં ૧ રૂપીયે ૧૯ શેર અને કાશીમાં ૧ રૂપીયે ૨૧ શેર ઘઉં વેચાતા હતા.

ઇ૦ સ૦ ૧૮૧૯ ના સાલમાં અહમદાબાદ તથા સાવંતવાડીમાં બેહદ વરસાદે દુકાળ પાડયો હતો. આજ સાલમાં નાગપૂરમાં પડેલા દુકાળમાં જુવાર પાંચ રૂપીયે ખાંડી ઉપરથી ૩૦ રૂપીયે ખાંડીને ચઢતે ભાવે વેચાઇ હતી.

ઇ૦ સ૦ ૧૮૨૦ માં સિંધ પ્રાંતમાં મહા રેલ આવવાથી ખેતીવાડી નાશ પામી ને દુકાળ પડયો, જેની અસર ૧૮૨૨ સુધી હતી.

આજ સાલમાં કાઠીયાવાડ તથા કચ્છમાં બેહદ વરસાદ પડી ખેતીવાડીનો નાશ થયો. પણ તે પછી રબ્બીનો પાક ખેતરમાં હતો તેટલાં સખત થંડી પડવાથી તેનો નાશ થયો હતો.

ઇ૦ સ૦ ૧૮૨૪—૨૫ ના સાલના ભારે દુકાળનો વિસ્તાર વાયવ્ય પ્રાંત અને મધ્ય પ્રાંત, રાજપુતાના, મારવાડ, ગુજરાત, મહારાષ્ટ, મદ્રાસ વગેરે તરફ ફેલાયો હતો. પવનના તોફાનો અને વરસાદની અછતથી આ દુકાળ પડયો હતો. બીમાથી ગોદાવરી સુધી આ દુકાળ વધારે સખત હતો. આ સાલમાં બ્રિટીશ સરકારે તથા સીંદે સરકારે જમીન ધારો માફ કરી બેહુતોનું તારણ કર્યું હતું. મધરાસમાં આ વેળા લુટફાટ વધવાથી લશ્કરી બંદોબસ્ત કરવો પડયો હતો. ત્યાંના ગવરનર સર થોમસ મનરોએ તે વેલા ઠેઠાવ બાહેર પાડયો હતો કે બંગાલ, મલબાર, અને કાનડામાંથી જેટલો માલ મધરાસમાં લાવવામાં આવશે તેટલા ઉપર ૨૨ ગાર્સ દીઠ ૩૦ ૩૦ નું ઇનામ આપવામાં આવશે; તેમજ મધરાસથી નીમક ૨૪ રૂપીયે ગ્રાસને ભાવે સરકાર વેચાતું આપતી હતી તે ૧૮ રૂપીયે ગ્રાસે વેચવા માંડયું હતું. આટલો બંદોબસ્ત છતાં દુકાળનાં સંકટ નિવારણ થયાં નહિ. આ વેળા એક ગ્રાસ ધાન્યની મદ્રાસમાં ૨૬૦ રૂપીયા કિમત પડતી ને આરકાટમાં ૪૫૦, નેલોરમાં ૩૦૦, દક્ષિણ આરકાટમાં ૩૦૦, કડાપામાં ૩૭૦ રૂપીયા દર ગાર્સનો ભાવ હતો.

ઇ૦ સ૦ ૧૮૨૫ માં વાયવ્ય પ્રાંત, સાગર, નરબદામાં વરસાદની અછત અને મ્હોટા તુફાનોને લીધે દુકાળ પડયો હતો. ઇ૦ સ૦ ૧૮૨૬ માં કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત તરફ ઉંદરના ઉપદ્રવથી ખેતીનો નાશ થઇ દુકાળ પડયો હતો. ૧૮૨૭ માં રાના અને શીરસાના પ્રગણામાં દુકાળ પડયો હતો. ઇ૦ સ૦ ૧૮૨૮ માં મધ્ય હિંદુસ્તાનના કેટલાક ભાગમાં વરસાદ ઓછો પડયો. મહારાષ્ટ, પંજાબ અને ગુજરાત તથા મારવાડનો કોઇક ભાગ દુકાળમાં સપડાયો હતો.

ઇ૦ સ૦ ૧૮૩૦ માં હિંદુસ્તાનમાં સેહેજ દુકાળ પડેલો હોવાથી તેનું વર્ણન જડતું નથી. પણ ૧૮૩૧ માં પુના, મહારાષ્ટની દક્ષિણ તરફ અને મદ્રાસ તરફ દુકાળ પડયો હતો. મી૦ ગારાર્ડના જણાવ્યા મુજબ ૧૮૩૨ માં હિરાતમાં પડેલા દુકાળથી ૨૫૦૦૦ માનસો મરણ પામ્યા હતા.

ઇ૦ સ૦ ૧૮૩૨ માં ઓરિસા પ્રાંત તથા મધ્ય પ્રાંત, મદ્રાસ, ગંતૂર, મચ્છલી પટ્ટણમાં દુકાળનો ભારે ત્રાસ ફેલાયો હતો. આ પ્રસંગે વેલોરમાં એક શેર ધાન્ય એક રૂપીયે વેચાયું હતું. નેલોરમાં સરકારે દરરોજ ૧૦૦૦૦ માનસોનું પોષણ કર્યું હતું, છતાં ઘણાકો ભૂખે મુવા હતા. આ વેળા અનાજનું વાહાણ ભરી લાવનારને ૧૦૦ મણ મીઠું ૧૫ રૂપીએ વેચાતું આપવાનું સરકારે ઠેરવ્યું હતું. આ દુકાળ ગંતુર તરફ ૧૮૩૪ સુધી ચાલુ હતો. માહારાષ્ટમાં આ દુકાળનો વિસ્તાર ૧૫૦ ચૌરસ મૈલ ઉપર ફેલાયો હતો. આજ સાલમાં કૃષ્ણા કાંઠે અને કોલ્હાપૂર તરફ વરસાદની અછતથી પાક ઉતર્યો નહોતો.

ઇ૦ સ૦ ૧૮૩૩ માં વર્હાડમાં મ્હોટો દુકાળ પડયો હતો. તેમાં ભૂખમરાને લીધે લોકોએ પોતાનાં બચ્ચાં વેચી નાખ્યા હતા; માત્ર આ વેળા ભોપાલ તરફ સોંઘાઇ હોવાથી ત્યાં સરકારના આશ્રયથી લોકોએ જઇ રહી પ્રાણનું રક્ષણ કર્યું હતું. આ દુકાળમાં પંઢરપૂરથી હૈદ્રાબાદ સુધીનાં ૩૦૦ ગામો વેરાન થયાં હતા, અક્કલકોટમાં તો ખોરાકી માટે ખુનામર્કી થઇ હતી.

ઇ૦ સ૦ ૧૮૩૪ માં મુંબઇ, કચ્છ અને કાઠીયાવાડ પ્રાંતમાં દુકાળ પડયો હતો, પણ ત્યાંના રાજ્યકર્તાઓના યોગ્ય બંદોબસ્ત ને ઉદાર રાજનીતિથી સંકટ ટળ્યું હતું; પણ ૧૮૩૩ નું ચોમાસું ખરાબ જતાં અયોધ્યા, કાનપૂર, અને બંદાની આસપાસના દેશોમાં ભારે ખરાબી થઈ હતી. માત્ર લખનૌમાં ૬ અઠવાડીયામાં ૫૦૦૦૦ માનસો મરણ પામ્યા હતા, અને ૧૮૩૬ માં મદ્રાસ ઇલાકામાં ગંજમ પ્રાંતમાં દુકાળ પડયો, આથી અગાઉ એક રૂપીયાના ૮૦ શેર ચોખા મળતા હતા તે આ વેળા ૨૦ શેર પણ મળવા મુશકેલ થઈ પડયા હતા.

ઇ૦ સ૦ ૧૮૩૭ માં તાપીમાં રેલ આવ્યાથી સૂરત શેહેરને ભારે નુકસાન પોંહોંચ્યું હતું. આજ સમયે વાયવ્ય પ્રાંતમાં

પણ દુકાળ પડયો હતો. કાનપૂરમાં આથી એક મંડળી સ્થાપન થઇ તેણે દરરોજ ૧૩૦૦૦ માનસોને અન્ન દાન આપતું કર્યું હતું, આ વર્ષમાં આગરાની ભયંકર સ્થિતિ થઈ પડી હતી; ગ્રેતો રસ્તા ઉપર કોહી પડવાથી માર્ગ બંધ થઇ ગામ ઉજડ બન્યું, ને યમુના નદીનું પાણી દુરગંધીથી ખરાબ થઇ મર્કીદાયક બન્યું. આ વેળા આગરાના અમલદારોએ ૬૦૦૦૦ માનસોને કામ ઉપર લગાડી ૪૦૦૦ ને મફત કામ કરાવ્યા વિના ખાવા આપવાની ગોઠવણ કરવામાં આવી હતી. વાયવ્ય પ્રાંતમાં આ દુકાળ એ વર્ષ સુધી ચાલુ હતો, ત્યાં એનો વિસ્તાર ૨૫૦૦ ચૌરસ મૈલનો હતો, અને એજ ભાગમાં ૮૬૦૦૦૦૦ માનસો સપડાઇ ૮૦૦૦૦૦ ભૂખમરાથી મરણ પામ્યા હતા. આ દુકાળનો કુલે વિસ્તાર ૧,૧૩૦૦૦ ચૌરસ મૈલનો હોઇ બ્રિટીશ હદમાં તેનો વિસ્તાર ૫૬૦૦૦ ચૌરસ મૈલ હોઇ તેના સપાટામાં ૨૮૦૦૦૦૦૦ ની લોક સંખ્યા સપડાઇ હતી.

ઇ. સ. ૧૮૩૯ માં ગુજરાત તરફ દુકાળ પડયો હતો, અને તેનું કારણ વરસાદ ઓછો પડવાનું હતું.

ઇ. સ. ૧૮૪૫-૪૭ માં આયરલંડમાં ભારે દુકાળ પડયો હતો. આ દુકાળ પપેટાનો પાક નહિ થવાને લીધે પડયો હતો, અને તે ઉપરાંત ત્યાં પાકતું ધાન્ય પરદેશ ધસડાઇ જવાથી બમણી મોઘવારી થઇ હતી.

ઇ. સ. ૧૮૪૮-૪૯ માં અમદાવાદ તરફ દુકાળ જેવો હિંગામ પડયો હતો.

ઇ. સ. ૧૮૫૩ માં મદ્રાસ તથા સોલ્હાપૂર અને કલાદગીમાં વરસાદ બરાબર નહિ વર્ષવાથી દુકાળ પડયો હતો.

ઇ. સ. ૧૮૫૪-૫૫ માં ગંજમ પ્રાંતમાં તથા મધરાસની ઉત્તર તરફ જે દુકાળ પડયો તે વેળા વધેલા ધાન્યનો ભાવ ૧૬ વર્ષ સુધી લાગટ વધેલોજ રહયો હતો. ઇ. સ. ૧૮૬૦ માં વાયવ્ય પ્રાંત તથા પંજાબમાં જે દુકાળ પડયો તેમાં વાયવ્ય પ્રાંતમાં ૧૮૬૩૯ મૈલ અને પંજાબમાં ૮૭૮૮ મૈલના વિસ્તારમાં ફેલાયો હતો. એમાં ૧,૩૦,૦૦,૦૦૦ માનસો સપડાયા હતા, અને તેમાંથી ભૂખમરાને લીધે ૨૦,૦૦,૦૦૦ તો મરણ પામ્યા હતા.

ઇ. સ. ૧૮૬૧ માં વાયવ્ય પ્રાંતમાં દુકાળથી ૯૯૭૭૭ ઢોરો અને ૨૪૭૦૮ માનસો મરણ પામ્યા હતા.

ઉપલો દુકાળ પાલનપૂરમાં ૧૮૬૧ થી ૧૮૬૫ સુધી ચાલુ હતો. આ વેળા તે તરફ રૂપીયા એકમાં આઠ શેર ધાન્ય મળતું હતું.

ઇ. સ. ૧૮૬૩ માં ગુજરાત, કચ્છ, કાઠીયાવાડ તરફ વરસાદની અછત ને લીધે દુકાળ પડયો હતો. તે પછી ૧૮૬૪-૬૫ માં ગુજરાતમાં દુકાળ પડયો હતો. આ વેળા પાલનપૂરમાં પણ દુકાળ પડયો હતો, ત્યારે ત્યાં એક રૂપીયાનું ૬ શેર ધાન્ય મળતું હતું. તેમજ રેવાકાંઠા, ઓરીસા, બંગાળ, પંજાબમાં પણ દુકાળ પડયો હતો.

ઇ. સ. ૧૮૬૬ માં મદ્રાસ, બંગાલ, બહાર, ઓરિસા તરફ જે દુકાળ પડયો તે પણ બહુ ભયંકર હતો. તે વેળા બહાર પ્રાંતમાં ૨૬૧૯૧ ચૌરસ મૈલ ભાગ તેમાં સપડાઇ તેમાં ૭૭૩૯,૭૧૭ માનસો સપડાયાં હતા, અને તેમાંના ૧૩૫૬૭૬ માણસો ભૂખમરાથી મરણ પામ્યા હતા. ઓરિસામાં તેનો વિસ્તાર ૭૯૪૯ ચૌરસ મૈલ હોઇ તેમાં ૩૦,૧૫,૮૨૬ માનસો સપડાઇ ૧૪૪૬૯ ભૂખમરાથી મરણ પામ્યા હતા. ગંજમ પ્રાંતમાં તેનો વિસ્તાર ૬૪૦૦ ચૌરસ મૈલ હોઇ ૧૧,૦૦,૦૦૦ દુકાળીયા પીડાઇ તેમાંથી ૧૦૮૯૮ ભૂખમરાથી મરણ પામ્યા હતા.

ઈ. સ. ૧૮૬૮માં વાયવ્યપ્રાંત, રાજપુતાના, ગુજરાત, પંજાબ, મધ્યપ્રાંતમાં એનો વિસ્તાર ૩૩૧૬૮૫ ચૌરસ મૈલ હતો, ને તેમાં ૫,૫૬,૯૫,૨૦૦ માનસો સપડાઇ તેમાંથી ૧૩૧૬૨૭૨ માનસો ભૂખમરાથી મરણ પામ્યા હતા.

ઇ. સ. ૧૮૭૦માં ઇરાનમાં ભ્હોટો દુકાળ પડયો હતો. તે તરફ આગળ ૫૫૦ વર્ષમાં

આવો ભયંકર દુકાળ કદી પડયો નહોતો, એવું કહેવાતું હતું.

ઇ. સ. ૧૮૭૩,૭૪માં બંગાલમાં ભારે દુકાળ પડયો હતો. તેજ મુદતમાં વાયવ્યપ્રાંત, ગુજરાત વગેરે ભાગો પણ આ કાળમાં સપડાયા હતા, આ દુકાળ બે વર્ષ સુધી ચાલુ હતો. બંગાલ અને તેની આસપાસના પ્રદેશમાં તેનો વિસ્તાર ૫૦,૦૦૦ ચૌરસ મૈલ હતો, અને તેના સપાટામાં ૨,૫૦,૦૦૦૦૦ માનસો સપડાયાં હતા.

ઇ. સ. ૧૮૭૫-૭૬માં બહાર પ્રાંતમાં મોઘવારીથી દુકાળ પડયો હતો.

ઇ. સ. ૧૮૭૬-૭૮ માં મદ્રાસ તરફ વર્સાદ પડયો નહિ, મુંબઈ ઇલાકામાં ખાનદેશ, નાશીક, અહમદનગર, પુના, સોલાપુર સતારા, કલાદગી, બેલગામ, ધારવાડ, આ જીલ્લાઓમાં દુકાળના દુષ્ટ ચિન્હો ફેલાયા હતા. આ સમયે હૈદ્રાબાદ તથા માયસોરમાં ૮૦,૦૦૦ ચૌરસ મૈલના વિસ્તાર ઉપર દુકાળ ફેલાયો હતો; તેમાં ૧,૮૦,૦૦૦ માનસો ભૂખમરાથી પીડાઇ મરણ પામ્યા હતા; અને મદ્રાસ ઇલાકામાંતો ૯૦૦,૦૦૦ માણસો ભૂખમરાના ભોગ થઇ પડયા હતા. આ ભયંકર દુકાળનો જુમલે વિસ્તાર ૨,૦૫,૬૦૦ મૈલ હોઈ તેમાં ૩૬૪૦૦૦૦૦ માણસો સપડાયાં હતાં. પણ ઇ. સ. ૧૮૭૭-૭૮ ના દુકાળ કમીશનના રિપોર્ટમાં જણાવે છે કે આ ભયંકર દુકાળનો વિસ્તાર ૨,૦૫૬૦૦ ચૌરસ મૈલ હોઇ તેમાં ૩,૬૪,૦૦,૦૦૦ માનસો સપડાયાં હતાં. આ દુકાળમાં સરકારે ૮,૦૦,૦૦૦૦૦ રૂપીયા સંકટ નિવારણ અર્થે ખરચીયાં હતા. આ મ્હોટા દુકાળમાં કાશમિરનો ફળદ્રુપ મુલક વટીક સપડાયો હતો. તેમજ આ સાલમાં ફ્રાંકો જર્મન લઢાઇને લીધે તે તરફ કાશ્મિરી માલનો ઉઠાવ નહિ થવાથી ઉઘોગી વેપારી વર્ગ ભૂખમરામાં સપડાયો હતો.

ઇ. સ. ૧૮૮૦ના સાલમાં વાયવ્ય પ્રાંતમાં સપ્ટેંબર અને ઓકટોબર માસમાં વર્સાદ નહિ વરસવાથી દુકાળ પડયો હતો. તેમજ મહારાષ્ટ્ર, વર્હાડ અને મધ્ય હિંદુસ્તાનમાં પણ આ દુકાળ ફેલાયો હતો.

ઇ. સ. ૧૮૮૪માં પંજાબ અને દિલ્હી આસપાસના ભાગમાં દુકાળ પડયો હતો. તે પછી બીજેજ વર્ષે બંગાલ, બહાર, છોટા નાગપૂર અને મદ્રાસ તરફ દુકાળ પડયો હતો. આ દુકાળમાં બંગાળ ખાતે ભારે ખરાબી થઇ હતી અને ૧૮૮૬-૮૭માં મધ્ય હિંદુસ્તાનમાં મોઘવારી ફેલાઇ હતી, તેથી ગરીબ વર્ગ ભૂખમરાથી પીડાઇ મરણ પામ્યો હતો; છતાં "આ સાલમાં દુકાળ પડયો નહોતો" એવું સરકારી દફ્તરોમાં જણાવ્યું હતું.

ઇ. સ. ૧૮૮૮-૮૯ માં બહાર, દરભંગા, ગંજમ, ઓરિસામાં દુકાળ પડયો, જેથી તેમાં ૮૦૦૦૦૦ માનસો સપડાયા હતા. મધરાસ અને ગંજમમાં આ દુકાળ સમયે ફેલાયલી મરકીમાં ૨૪૪૨૨ માનસો મરણ પામ્યા હતા. ઇ સ. ૧૮૯૦ માં અયોધ્યા, વાયવ્ય પ્રાંત, રાજપુતાના, વગેરે ઠેકાણે આ દુષ્ટકાળ પડયો હતો.

ઇ. સ. ૧૮૯૧-૯૨ માં મદ્રાસ ઇલાકામાં દુકાળ ભયંકરરૂપે પડયો હતો. આ દુકાળનું સંકટ ૨૨૭૦૦ ચૌરસ મૈલ ઉપર ફેલાયું હતું. આ દુકાળમાં સંકટ નિવારણ અર્થે સરકારે ૧૬,૫૦,૦૦૦ રૂપ્યા ખરચ્યા હતા. મુંબઈ ઇલાકાના દક્ષિણ ભાગમાં એનો વિસ્તાર ૬૪૮૪ ચૌરસ મૈલ ફેલાઇ તેમાં ૧૪૬૭૦૦૦ માણસો સપડાયા હતા. બંગાલમાં તેનો વિસ્તાર ૫૭૦૦૦ ચૌરસ મૈલનો હતો અને તેમાં ૩૮૮૦૦૦૦ માનસો સપડાયા હતા.

ઇ. સ. ૧૮૯૫-૯૬ માં વાયવ્ય પ્રાંત, બુંદેલખંડ અને રજપૂતાના તરફ વરસાદની અછતને લીધે દુકાળ પડયો હતો. આ વેળા સરકારે અયન વખતે મદદ નહિ કરવાથી પ્રથમ ઘણા લોકો ભૂખમરાથી મરણ પામ્યા હતા.

ઇ. સ. ૧૮૯૭ માં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રાંત, ખાનદેશ વગેરે દેશોમાં દુકાળ

પડયો હતો. આ દુકાળ ભયંકર રૂપે પંઢરપૂર, અહમદનગર વગેરે જીલ્લા અસપાસ ફેલાયો હતો. ખાનદેશમાં પણ તેનો દેખાવ ભયંકર હતો. આ દુકાળ પાછળ સરકારે આંઠ કરોડ રૂપીયા ખરચ્યા હતા. તેમજ કુવા, તલાવ ખોદવા માટે બે કરોડનો ખર્ચ કર્યો હતો.

ઈ. સ. ૧૮૯૯–૯૦૦ માં તમામ હિંદુસ્તાનમાં વરસાદ વરસ્યો નહિ. સરકારી દફ્તરોમાં જણાવ્યા મુજબ હિંદુસ્તાનમાં વરસાદની કુલે મેહેસુલ જે પોણા ત્રણ કરોડ ઉપજે છે, તેમાંથી એક કરોડ રૂપીયા સંકટ નિવારણ અર્થે ખરચ્યા હતા, તેમજ આ સમયે હિંદમાં વાઇસરાય તરીકે લૉર્ડ કર્જનનો અમલ હોવાથી આ હાકમે જાતી દેખરેખથી આ વેળાના ભયંકર દુકાળ માટેના દુઃખ નિવારણના બાંધકામો ચાલુ કરાવી મ્હોટા ભાગનું રક્ષણ કર્યું હતું. અને તે પાછળ બ્રિટીશ સરકારે રૂ. ૭,૦૦૦૦૦૦ સંકટ નિવારણ અર્થે ખરચ્યા હતા.

દુત્તુગિમુનુ—આ સિંહલદ્વિપનો રાજા દેવાનેપીયતસીનો પૌત્ર હતો, અને એ કાર્તિમા રાજ્ય કરતો હતો. એ બચપણથી શૂરો અને લઢાયક મવાસ ધરાવતો હતો; આથી એનું નામ દુત્તુગિમુનુ (બેહુકમી ગિમુનુ) પડયું હતું. એની ઉદ્ધતાઈને લીધે એને નહાશી જવું પડયું હતું, પણ પિતાના મોત બાદ એણે લશ્કર લઇ 'મહાવેલી ગંગા ઉતરી વિજીતપૂરને ઘેરી જીતી લીધું અને પછી અનુરાધાપૂર ઉપર સ્વારી કરી, ત્યારે ત્યાંના ઇલાલ નામે રાજાએ દિગ્ગજંત નામે સરદાર સાથે એની ઉપર હુમલો કર્યો, તેમાં તામિલ રાજા ઇલાલ માર્યો ગયો. એણે તે પછી સિંહલકુળનું ગએલું સર્વ રાજ્ય એક છત્ર કર્યું. ઇલાલ રાજા બ્રાહ્મણ ધર્મ પાળનાર પણ પરાક્રમી, ધાર્મિક અને સખાવતે બહાદુર હતો. એના ઇનસાફીપણાની હાલમાં પણ વખાણ કરવામાં આવે છે. એણે ૪૦ વર્ષ અમલ ભોગવ્યો હતો, અને ૩૨ કિલ્લા બાંધ્યા હતા. આ ઇલાલ રાજા તરફ દુત્તુગિમુનુ પૂજ્યભાવ ધરાવતો હોવાથી તેની ક્રિયા કર્મ કરાવી સમાધી બંધાવી, અને એવો આ દુકાળ સમયે ખ્રિસ્તી મિશનરીઓએ ભૂખે ટવડતા બાળકોનું રક્ષણ કરી તેમને પોતાના ધર્મમાં દાખલ કરી તેમનું પાલણ કર્યું હતું.

આ દુકાળે વડોદરાના રાજ્યમાં પણ ભારે ત્રાસ વર્તાવ્યો હતો, તે વેળાની ત્યાંની નામદાર ગાયકવાડ સરકારે પોતાની કુલે મેહેસુલ જે પોણા ત્રણ કરોડ ઉપજે છે, તેમાંથી એક કરોડ રૂપીયા સંકટ નિવારણ અર્થે ખરચ્યા હતા, તેમજ આ સમયે હિંદમાં વાઇસરાય તરીકે લૉર્ડ કર્જનનો અમલ હોવાથી આ હાકમે જાતી દેખરેખથી આ વેળાના ભયંકર દુકાળ માટેના દુઃખ નિવારણના બાંધકામો ચાલુ કરાવી મ્હોટા ભાગનું રક્ષણ કર્યું હતું. અને તે પાછળ બ્રિટીશ સરકારે રૂ. ૭,૦૦૦૦૦૦ સંકટ નિવારણ અર્થે ખરચ્યા હતા.

દુત્તુગિમુનુ—આ સિંહલદ્વિપનો રાજા દેવાનેપીયતસીનો પૌત્ર હતો, અને એ કાર્તિમા રાજ્ય કરતો હતો. એ બચપણથી શૂરો અને લઢાયક મવાસ ધરાવતો હતો; આથી એનું નામ દુત્તુગિમુનુ (બેહુકમી ગિમુનુ) પડયું હતું. એની ઉદ્ધતાઈને લીધે એને નહાશી જવું પડયું હતું, પણ પિતાના મોત બાદ એણે લશ્કર લઇ 'મહાવેલી ગંગા ઉતરી વિજીતપૂરને ઘેરી જીતી લીધું અને પછી અનુરાધાપૂર ઉપર સ્વારી કરી, ત્યારે ત્યાંના ઇલાલ નામે રાજાએ દિગ્ગજંત નામે સરદાર સાથે એની ઉપર હુમલો કર્યો, તેમાં તામિલ રાજા ઇલાલ માર્યો ગયો. એણે તે પછી સિંહલકુળનું ગએલું સર્વ રાજ્ય એક છત્ર કર્યું. ઇલાલ રાજા બ્રાહ્મણ ધર્મ પાળનાર પણ પરાક્રમી, ધાર્મિક અને સખાવતે બહાદુર હતો. એના ઇનસાફીપણાની હાલમાં પણ વખાણ કરવામાં આવે છે. એણે ૪૦ વર્ષ અમલ ભોગવ્યો હતો, અને ૩૨ કિલ્લા બાંધ્યા હતા. આ ઇલાલ રાજા તરફ દુત્તુગિમુનુ પૂજ્યભાવ ધરાવતો હોવાથી તેની ક્રિયા કર્મ કરાવી સમાધી બંધાવી, અને એવો

ઠેકાણ કર્યો કે તેની સમાધી પાસેથી કોઇ પણ રાજા પસાર થાય ત્યારે તેણે પગે ચાલીને જવું.

દુત્તુગિમુનુએ રાજ્ય હાથ કર્યા પછી ધર્મદાનના કામો ઉપર લક્ષ આપ્યું. તેણે પ્રથમ અનુરાધાપૂરમાં ઇ. સ. પૂર્વે ૧૩૧ માં પિત્તળનો મેહેલ બંધાવ્યો. આ મેહેલ ૯ મજલાનો હોઇ તેમાં ૧૦૦૦ ઓરડી ભિક્ષુકો માટે અને બીજા અનેક દીવાનખાના હતા. આ મેહેલને ૧૬૦૦ પથ્થરના સ્થંભોથી ટેકાવ્યો હતો. આ દરેક થાંભલો ૧૨ ફીટ ઉંચો હતો. તેની દેવાલમાંના નક્ષિકામમાં હીરા માણેક જડયાં હતા. આ મેહેલની વચમાં એક હાથીદાંતનું સિહાંસન હતું. તેની એક બાજુએ સુવાનો સૂર્ય ને ચાંદીનો ચંદ્ર જડયો હતો. આ મેહેલ ઉપર ત્રાંબાના પતરાં જડેલાં હતાં; પણ તેને ત્યાંના લોકો પિત્તળનો મેહેલજ કહેતા.

ઉપલા મંદીર પછી એણે રનાવેલીનું મંદીર (મહાથુપો) નું બાંધકામ આરંભ્યું. તેટલાં તેનું મરણ નિપજ્યું હતું. એનો પાયો ૧૫૦ ફીટ ઉંડો ને તેની ઉંચાઇ ૨૭૦ ફીટની હતી. આ ઇમારત બાંધવા માટે હજારો 'યાકોસ' (યક્ષ) ને રોક્યા હતા. દુત્તુગિમુનુએ ૯૯ વિહાર બંધાવ્યા હતા. એણે દુકાળ પ્રસંગે પ્રજાને હીરા માણેક વેહેંચી અન્ન ખરીદવાની જોગવાઈ કરી આપી હતી. એનું મરણ ઇ. સ. પૂર્વે ૧૬૧ માં નિપજ્યું હતું. આ વેળા એણે પોતાનું મ્હોડું 'રનાવેલી' તરફ રાખ્યું હતું, આ રાજા સિંહલ રાજાઓમાં ઘણો ધર્મી થઇ ગયો છે.

દુદુરલી—આ વનસ્પતિના વેલા બને છે. એના પાંદડા સેહેજ મ્હોટા હોઇ તે સ્વાદે ગળચટાં હોય છે. એની ઉપર આંકડાના પુલો જેવાં પુલો આવે છે. આ વનસ્પતિ વનઔષધિના વર્ગમાંની છે.

દુધ—આ અતિ પ્રસિદ્ધ પદાર્થ પૃથ્વીના દરેક ભાગમાં જાણીતો તેમજ પ્રીય છે. મનુષ્ય જન્મતાંજ તેને તુરત આ ચીજની ગરજ પડે છે. આ પદાર્થ પ્રાણીજીવન માટે અતિ અગત્યનું છે. આપણે જેટલા પદાર્થો જોઇએ છિયે તેટલા ઘણા ખરા સર્વ અનેક પદાર્થ મળી બનેલાં હોય છે, તે અનેક પદાર્થમાં જૂદા જૂદા ગુણો હોય છે; તે વાત દુધને પણ લાગુ પડે છે. વિદ્વાનોએ સ્થલ માન એક હજાર અંશનુ પકડી દુધ માહેલા પદાર્થમાંનું જે પ્રમાણ સિદ્ધ કરી બતાવ્યું છે તે નીચે મુજબ—

	પાણી	+	ખાંડ	+	માખણ	+	ચીકાસ	+	ખાર	૧૦૦૦ ભાગમાં
સ્ત્રીનું દુધ	૮૮૯	+	૪૪	+	૨૭	+	૩૯	+	૧	૧૦૦૦
ગાયનું દુધ	૮૬૪	+	૩૮	+	૩૬	+	૫૫	+	૭	૧૦૦૦
ગધેડીનું દુધ	૮૯૦	+	૫૦	+	૧૯	+	૩૬	+	૫	૧૦૦૦
બકરીનું દુધ	૮૪૫	+	૩૭	+	૫૭	×	૫૫	+	૬	૧૦૦૦

બાળકને ધાવતું નહિ મળી શકે ત્યારે જનવરનું દુધ પાવામાં આવે છે. બકરી તથા ગધેડીનું દુધ સ્ત્રીના દુધને ઘણે દરજ્જે મળતું આવે છે. તે બચ્ચાંને તાજું દોહીને પાવું, પણ આ દુધ મળવું મુશકેલ પડેછે. ગાયનું દુધ સેહેલાઇથી મળી શકે છે, પણ તે સ્ત્રીના દુધથી વધારે ઘાડું અને ઓછું મીઠું હોય છે. તેને સ્ત્રીના દુધની પદ્ધતિ પર લાવવા સારૂ તેના બે ભાગ દુધમાં એક ભાગ પાણીને સાકર સાથે મેળવવું પડે છે. સ્ત્રીનું દુધ ગાયના દુધને કેટલી હદ સુધી મળતું આવે છે તે નીચલા કોઠા ઉપરથી જણાશે:—

પાણી	૮૮·૫૧ અથવા ૮૯
દહીં અથવા કેજીન...	૩·૯૨ અથવા ૪
માખણ માને ચરબી...	૨·૬૭ અથવા ૨½
ખાંડ	૪·૩૬ અથવા ૪½
નીમક ને રાખ... ...	૦·૧૪ અથવા ½
કુલે	૧૦૦ ૧૦૦

સ્ત્રીના દુધમાં ગાયનાં દુધમાં જે નિમકો છે તેનો ત્રીજો ભાગ તેમાં છે. બકરી, ગાય, અને સ્ત્રીનાં દુધમાં 'કેજીન, ખાંડ અને માખણનો ભાગ જૂદા જૂદા પ્રમાણમાં હોય છે, તે આ નીચલા કોઠા ઉપરથી જણાશે.

દુધ	કેજીન	ખાંડ	માખણ.
બકરીનું દુધ...	૮૦	૪૦	૪૦
ગાયનું દુધ ...	૬૩	૨૩	૪૦
ઓરતનું દુધ...	૩૨	૩૬	૨૯

બીજો કોઠો.

દુધ	૧૦૦૦ ભાગમાં	પાણી.	કેજીન.	આલબ્યૂમીન.	ખાર.	સાકર.	ચર્બી.
સ્ત્રીનું દુધ	,,	૮૭·૪૧	૧·૦૩	૧·૨૬	·૩૧	૬·૨૧	૩·૭૮
ગાયનું દુધ	,,	૮૭·૧૭	૩·૦૨	·૫૩	·૭૧	૪·૮૮	૩·૬૯
બકરીનું દુધ	,,	૮૫·૭૧	૩·૨૦	૧·૦૯	·૭૬	૪·૪૬	૪·૭૮
ઘોડીનું દુધ	,,	૯૯·૬૪	·૬૭	૧·૫૦	·૫૧	૫·૬૭	૧·૨૧
ભેંસનું દુધ	,,	૮૧·૪૧	૫·૮૫	·૨૫	·૮૭	૪·૧૭	૭·૪૭

ઉપલા કોઠાઓ ઉપરથી માલમ પડશે કે બાળકનું પોષણ જેવું તેની માતાના દુધથી થઇ શકે છે, તેવું જ બકરી અથવા ગાયનાં દુધથી થઇ શકતું નથી. કેમકે તેમાં રહેલા મુખ્ય તત્વોના પ્રમાણમાં ઘણો ફેર રહે છે પણ જ્યારે બાળકની માતાને દુધ આવતું જ નથી ત્યારે બકરી અથવા ગાયનું પાવાની જરૂર પડે છે.

સઘળી ઓરતનાં દુધમાં ઉપર લખેલા કેજીન, માખણ, ખાંડ ઇત્યાદી તત્વો સરખા પ્રમાણમાં હોતા નથી. જૂદી જૂદી ઉમર તથા શરીરના બાંધા પ્રમાણે તથા સારી નરસી તંદરસ્તી પ્રમાણમાં હોય છે. ૧૫ થી ૨૦ વર્ષની ઓરતના દુધમાં ૩૦ અથવા ૪૦ વર્ષની ઓરતનાં દુધ કરતાં પેલાં તત્વોનું પ્રમાણ વધારે હોય છે.

આ નીચલા કોઠા ઉપરથી સામળી તથા ગોરી બાવીસ વર્ષની ઓરતના દુધમાંના તત્વનાં પ્રમાણમાં કેટલો તફાવત છે તે સેહેજ સમજમાં આવશે.

તત્વ.	ગોરી.	સામળી.
પાણી	૮૯૨·૦૦	૮૫૩·૩૦
માખણ	૩૫·૫૦	૫૪·૮૦
કેજીન	૧૦·૦૦	૧૬·૨૦
ખાંડ	૫૮·૫૦	૭૧·૨૦
નીમક	૪·૦૦	૪·૫૦
કુલે	૧૦૦૦	૧૦૦૦

જૂદા જૂદા સ્વભાવની ઓરતમાં, ને જ્યારે તેઓ તંદરસ્ત અથવા બેમાર હોય છે ત્યારે તેઓના દુધમાં રહેલાં તત્વોનાં પ્રમાણ જૂદાં જૂદાં હોય છે, તે આ નીચલા કોઠા ઉપરથી જણાશે.

તત્વ.	તંદરસ્તીવાળી.	દર્દ ભરજુવાનીમાં હોય તેવી.	રોગ ઘણા દિવસથી લાગુ પડયો હોય તેવી.
પાણી	૮૮૯·૦૮	૮૮૪·૬૧	૮૮૫·૫૦
કેજીન	૩૬·૨૪	૫૦·૪૦	૩૭·૦૬
ખાંડ	૪૩·૬૪	૩૩·૧૦	૪૩·૩૭
માખણ	૨૬·૬૬	૨૯·૮૬	૩૨·૫૭
નીમક	૧·૩૮	૧·૭૩	૧·૫૦
કુલે	૧૦૦૦	૧૦૦૦	૧૦૦૦

દર્દી માતાએ પોતાના બાળકને દુધ પાવામાં કેટલો જોખમ છે તે ઉપલા કોઠા ઉપરથી જણાશે. દુધનાં તત્વોના પ્રમાણોમાં આજારથી ફેરફાર થાય છે, તેથી તે બાળકને પોષણ કરવાને બદલે નુકસાન કરે છે.

મી૦ એમહેડન લર્ન' એ ગાયના તાજા દુધનું પૃથઃકરણ કરી તેમાં કયાં કયાં દ્રવ્યો કયા કયા પ્રમાણ મુજબ છે તે શોધી કાઢેલું છે, આ દ્રવ્યો અને તેનું પ્રમાણ નીચે આપ્યુ છે.

૧૦૦૦ ભાગ	દુધમાંથી પાણી	૮૭૩·૦૦
,,	,, માખણ	૩૦·૦૦
,,	દહીમાં કેજીન	૪૮·૨૦
,,	દુધમાં સાકર	૪૩·૯૦
,,	,, ચુનાનો ફાસ્ફેટ	૨·૩૧
,,	મેગ્નિશિઅમ ધાતુનો ફાસ્ફેટ	·૪૨
,,	લોઢાનો ફાસ્ફેટ	·૦૭
,,	પોટાશિઅમ ધાતુનો કલોરાઇડ	૧·૪૪
,,	સોડિઅમ ધાતુનો કલોરાઇડ	·૨૪
,,	સોડા ખાર અને કેસીનનું મિશ્રણ	·૪૨
કુલે		૧૦૦૦·૦૦

પ્રથમ નિકળતું દુધ પતળું ને ઓછા કસનું હોય છે, પણ પાછળથી નિકળતું વધારે કસદાર હોય છે, અને રફતે રફતે તે વધુ કસદાર નિકળ્યા કરે છે.

ગોવાળીઆઓના કહેવા મુજબ પ્રાણીઓનાં દુધને જે માનથી કસ વધારે હોય છે તે માનથી તેનું દુધ કાઢવા વધારે જોર લાગે છે. ઘણાકોના અનુભવ મુજબ કુમળું દુધ પાચન જલદી થાય છે, અને તે વધારે કસદાર થતાં પાચન જલ્દી થતું નથી પણ તે વધારે પૌષ્ટીક હોય છે.

ઉત્તમ દુધની પરિક્ષા કરવી હોય તો તે દેખાવમાં ઘણું સફેદ અને અપારદર્શક હોય ચમચીમાં મધુર લાગે છે. જે દુધ ખરાબ હોય તેને ગરમ કર્યા પછી બગડી તેનો ચોથો હિસ્સો પાણી બને છે. દુધ સારી સ્થિતિમાં હોય ત્યારે તે જાડું હોય છે, પણ તેમાં પાણી રેડીયાથીજ તે પાતળું બને છે. ભેંસના દુધ કરતાં ગાયનું દુધ પાતળું હોય છે. બકરીનું દુધ ગાય ભેંસના દુધ કરતાં હલકું હોય છે, અને તેથી તે જલ્દી પચે છે. આજ કારણથી નાહના બાળકોને બકરીનું દુધ પાય છે. ઉત્તમ ખોરાક આપ્યાથી સારૂં પૌષ્ટિક દુધ મળે છે. બકરીઓનાં બાવામાં તહેવાર પાંદડાં આવવાથી તેનું દુધ ઘણું ઉત્તમ નિકળે છે, પણ ઘરમાં બાંધી મેલેલી બકરીને ઝાઝાં પાંદડાં યા ખોરાક મળતો નહિ હોવાથી તેનું દુધ સારૂં હોતું નથી.

ગાયનાં દુધને સેજ સાજ ફેરફાર કરીને સ્ત્રીના દુધ જેવી ખુબીવાલું બનાવી શકાય છે, અને તે બાવતાં બાળકોને માતાનાં દુધની ગેરહાજરીમાં ઘણી સરસ રીતે પાઇ શકે છે. તે ફેરફાર એટલોજ કરવો પડે છે કે ગાયના દુધમાં દર બે ત્રત્યાંશ ભાગ જેટલું પાણી ઉમેરવું, અને દર પાંદડે ½ આંસને હિસાબે ખાંડ ભેળવી. ગાયના દુધમાં ચીકાસ સ્ત્રીનાં દુધ કરતાં વધતો હોય છે, તે પાણીથી બરાબર થઇ રહે છે. અને મીઠાસ ખાંડથી બરાબર થાય છે.

ઘોડીનાં દુધમાં સ્ત્રીના દુધ કરતાં ઓછો ચિકાસ ને વધારે મીઠાસ હોય છે. આથી જો ઘોડી અને ગાયનું દુધ સરખા ભાગમાં મેળવ્યું હોય તો તે લગભગ સ્ત્રીના દુધ જેવુ બને છે.

દુધમાં મલાહી કે માખણવાળા તેલ રૂપી પદાર્થ ઉપરાંત નાઇત્રોજન રૂપી પદાર્થ છે, જેને કેઝીનના નામથી ઓળખવામાં આવે છે. એ બે ઉપરાંત ત્રીજો પદાર્થ સાકર રૂપી છે. જે દુધને ચોકસ વખત સુધી રાખવા પછી 'લેકટિક એસિડ'ના રૂપમાં બદલાઇ જઇ તે ખટાશ પેદા કરે છે એ ખટાશથી દુધમાંનુ 'કેઝીન' બંધાઇ જઇને તેનું દહી બને છે. મલાહી કહાડી લીધેલાં દુધનું દહી

બની શકે છે, તે તેમાં 'ફેંજીન' સલામત રહેલો હોવાથીજ થાય છે, આથી દહી પણ એક પોષણ કારક પદાર્થ કહેવાઇ શકાય.

દુધમાં એ ઉપરાંત ચોથા પદાર્થ તરીકે કેટલીક જાતનાં ક્ષાર હોય છે, જે મુખ્ય કરીને બચ્ચાંઓના હાડકાંનુ પોષણ કરે છે. એ ચાર સીવાય પાંચમો ભાગ પાણીનો છે, જે સેંકડે હેંસી ટકા જેટલો મોટો હોય છે.

દુધની અંદરના આ સઘળા પદાર્થોમાં મલાહી અથવા માખણ રૂપી પદાર્થની બનાવટ કુદરતની મોટી ખુબી દેખાડનારી છે. એ વસ્તુ ખરેખર તો નરૂં તેલ છે, પણ જો તે એમનું એમ રહે તો તે દુધથી છુટું પડીને કેટલીક અગવડ પેદા કરનાર, તેમજ જરપત થવાને પણ તે ભારી થઇ પડત. તેથી કુદરતે એવી કરામત કરી છે કે, ઘણીક બારીક અથવા સૂક્ષ્મીક કોથળીઓ બનાવીને તે દરેકમાં તેલનું સૂક્ષ્મીક ટીપું મેલીને તેને બંધ કરી નાખેલી છે. દુધને જ્યારે કેટલોક વખત ઠરવા દેવામાં આવે છે ત્યારે એ કોથળીઓ ઉપર તરી આવીને એકઠી થાય છે, જેને ઇંગ્રેજીમાં 'ક્રીમ' એટલે મલાહી કહે છે. દુધને ગરમ કરી ઉપર જે મલાહી બંધાય છે તે આ કોથળીઓનાજ પ્રતાપે બને છે. દહિંને વલોવવાથી પણ એજ કોથળીઓ ઉપર તરી આવીને માખણનું રૂપ લે છે. લ્હાં સુધી તેલ કોથળીને વળગેલું રહીને સેવટે જ્યારે માખણને તાવવામાં આવે છે ત્યારે તે ઘીનો આકાર લઇને નરદમ તેલના આકારમાં છુટું પડે છે. આથી ઘી એ કુદરતે દુધમાં મેળેલું એક જાતનું તેલજ છે, જે ખોરાકમાં લીધાથી ગરમી આપી પોષણ કરે છે.

દુધની જુદી જુદી બનાવટો:—

દુધની મલાહી એ એક મુખ્ય પુષ્ટીકારક ખોરાક ગણાય છે. દુધની અંદર ઝીણા ઝીણા ગોળ કણ વિખરાઇને પડેલાં હોય છે, તેમને ભેગાં કરવાથી મલાહી બને છે. ધીમે આંચે ગરમી લગાડવાથી આ સર્વે ચીકાસદાર કણ એકત્ર થઇ મલાહી બને છે. મલાહીના જથ્થા તથા તેની સોજી હાલતનો આધાર દુધની ખાશિયત ઉપર, તેમજ તેને ઉકાળવા આગમજ ઠરવા દેવાના વખત ઉપર, અને તેને દુધ ઉપરથી કહાડી લેવાની રીત ઉપર ઘણો રહે છે. મલાહી દુધ કરતાં વધારે કુવત બક્ષનાર પણ જરપત થવામાં કઠણ છે.

માખણ એ દુધની બીજી બનાવટ છે. જૂદા જૂદા પ્રાણીઓના દુધ પ્રમાણે તેના સ્વાદમાં ફેરફાર રહે છે. બકરી તથા ભેંસના દુધનાં માખણનો સ્વાદ ઘણો તેજ હોય છે. વળી જનવરના ખોરાકને લીધે પણ તેના સ્વાદમાં ફેરફાર થાય છે, અને સ્વાદ પ્રમાણે તેના રંગમાં પણ હેરફેર પડે છે.

માખણને લાંબો વખત જાળવી રાખવા માટે તેમાં નીમક, સુરો ખાર, તથા સાકરને ઘણા નાહના પ્રમાણમાં સાથે ભેળીને બનાવવામાં આવે છે. દર 'રર' રતલ માખણ સાથે ૧૬ ઔંસ નિમક, એક ચમચી સુરોખાર અને એક ચમચી સાકર કરેલી ખાંડ ભેળવી જોઇએ. માખણ લાંબો વખત ટકી રહે એવું બનાવવા માટે તેને ચોકસ રીતે ગરમી લગાડવી પડે છે.

એક લાંબી ટોંકના વાસણમાં માખણને નાખી ૧૪૦ ડીગ્રીથી વધારે ગરમી લાગે નહિ એવી રીતે તેને આતશપર મેળવાથી પાણી ખુલ્લી રીતે સપાટી ઉપર તરી આવતાં તેને કાઢી લેવું. એ પછી માખણને કપડા વડે ગાળી થંડુ પાડવું પડે છે, અને તેને તુરતજ નીમક સાથે ભેળી દાબડામાં બંધ કરવાથી તે માખણ લાંબો વખત જળવાઇ રહે છે. માખણમાં સાધારણ રીતે રતલે ½ થી ૧ ઔંસ જેટલું પાણી રહે છે, પણ હલકી જાતનાં માખણમાં પાણીનો વધારે જથ્થો રહે છે.

છાસ—એ દુધના ચીકાસના તત્વોથી તદન મોકળી હોઇ તેમાંના ખારા તથા ખટાસના તત્વો છાસમાં વધારે રહે છે. બીજા

ખોરાક સાથે ભેળીને છાસ ખાધાથી તે એક ઉપયોગી ખોરાક થઇ પડે છે, કેમકે તેમાં પાચન શકિતને ટેકો આપવાનો ગુણ છે (જુઓ છાસ.)

દુધ દોહવાનો સાંચો—જમાના થયાં ઢોરોનું દુધ હાથ વડેજ દોહવામાં આવે છે, પણ આ સુધરેલા જમાનામાં યંત્ર વડે દુધ દોહવવાની યૂકિત શોધી કાઢવામાં આવી છે. આ નવા યંત્ર વડે એક વેળા અનેક ગાય ભેંસોનું દુધ દોહવી શકાય છે, અને તેમાં ઝાઝાં માનસોની પણ જરૂર હોતી નથી, કારણ કે સર્વ કામ યંત્ર પોતાની મેળે કરે છે.

આ યંત્રમાં એક ગોળ સિલેન્ડર રોકી એક ખાસ કરામત બનાવવામાં આવેલી હોય છે, અને તેમાં 'વાલ્વ' વગેરેથી એવી યૂકિત કરેલી હોય છે કે જનાવરના થાનની બોટણી ઉપર તે બરાબર બેસે છે. તેને એક છેડે લાંબી રબરની નળીઓ જોડેલી હોય છે. ગાયના થાનની સઘળી બોટણીઓ ઉપર એ જાતનું અકેક કેસ લાગુ પાડીને એ નળીઓને દુધ ભરવાનાં ખાસ બનાવટનાં તથા હવા નહિ જાય એવાં એક ઉંડા વાસણમાં દાખલ કરવામાં આવે છે. તેને ઉભી નળી વડે હવા ખેંચી લેનાર 'એર પમ્પ' સાથે સંબંધ રાખેલો હોવાથી, એ 'પમ્પ' ચાલુ કરતાં, પેલા વાસણમાંના હવા ખાલી થવાથી બનેલા 'વેક્યુમનાં' બળે દુધ ગાયનાં થાનુમાંથી બેચાબને (દોહવાબને) પાધરૂં બંધીયાર વાસણમાં ચાલ્યું જાય છે. આ કરામતથી એકી વેળા અનેક જનવરોનું દુધ દોહવાઇ શકાય છે. ગરીબ જનવરોની બાબતમાં આ યૂકિત અતિ સગવડ ભરી અને ઉપયોગી નિવડી છ, અને મસ્તીખોર જનવરોનેબી જપતામા રાખીને આસાનીથી દોહી શકાય છે.

'કનડેન્સડ મિલ્ક' નામનું ટીનનાં ડબ્બામાં આવતું વેલાતી દુધનો બબ દુનિયામાં ઓહોળો થતો જાય છે. 'કનડેન્સડ' એટલે પાણી બાળી જાડું બનાવેલું દુધ. આ દુધ બે રીતે બનાવામાં આવે છે. એક ફકત પાણી બાળીને ચોકસ હદ સુધી ધાડું કરેલું અને બીજું, એ રીતે ધાડું બનાવી તેમાં ખાંડ આમેજ કરેલું. આ કામ માટે ખાસ બનાવટના સાંચાકામો બનાવામાં આવે છે, જે ૫૦૦૦૦ રતલ સુધી 'કનડેન્સ' કરેલું દુધ બનાવી શકે છે. આ ઉપયોગ માટે જે સાંચાકામ અને વાસણોની જરૂર પડે છે તે નીચે મુજબ :—

એક સ્ટીમ એન્જીન, એક સ્ટીમ બૉઇલર, એક દુધ જોખવા માટેનો કાંટો અને વાસણ, ૩૦૦ થી ૪૦૦ ગ્યાલન દુધ રહે એવા બે મોટા 'રિસિવિંગ પૉટ', એક તેવીજ મ્હોટી કરાહ, એક 'હુપ્લેક્ષ વેક્યુમ પમ્પ' અને કેન્ડેન્સડ (એટલે કે જે યંત્રમાથી હવા કાઢી નાખ્યા પછી દુધ સેવટનું કનડેન્સડ કરવા માટે નાખવામાં આવે છે તે.), એ રીતે કનડેન્સડ થએલું દુધ એ યંત્રમાંથી કાઢવા તથા ઠંડુ પાડવા માટેના 'પૉટ', દુધ ભરવાના તિનના ડબ્બા તથા એક પાણીની ટાંકી, આ સર્વે સાંચાકામ અને વાસણો વગેરે એવી રીતે ગોઠવવામાં આવે છે કે એકેક પછીની ક્રિયાઓ સિલસિલા બંધ થતી આવે છે.

દુધની પ્રથમ સ્વચ્છતા અને ચોખાઇ તથા તાજુંપણું તપાસી કાંટા ઉપર જોખીને 'રિસિવિંગ વાટ' યાને મોટા કદના વાસણોમાં રેડવામાં આવે છે, કે જમા થઇને તે નળીઓ વાટે પોતાનો રસ્તો ગરમ કરવાની મોટી કરાહમાં લેછે અને ત્યાંથી તે 'વેક્યૂમપેન' નામની હવા કાઢી લીધેલી બીજી એક કરાહમાં જાય છે.

આ કરાહમાંથી 'પમ્પ'ની મદદથી સઘળી હવા ખેંચી લેવામાં આવે છે, એટલે હવાનાં દબાણથી દુધ પોતાની મેળે તેમાં ચાલ્યું જાય છે, અને ધીમે 'ટેમપરેચરે' ઉકળવા માંડે છે. તે ઉકાળતી વેળા ખાસ સંભાળ લેવામાં આવે છે, કે તેને ૧૬૦ ડીગ્રીથી વધુ તાપ નહિ પોંહચે, કેમકે નહિ તો ઉકળતી

વેળા વરાળ મારફતે ઉડી જતાં પાણી સાથ દુધનો એક ભાગ ઉડી જવાનો સંભવ રહે છે. આ 'વેકયુમપૅન'ની ખુબીજ એ હોય છે કે તેમાં નાખેલી ચીજ ધીમી ધીમી ઉકળે છે. એ રીતે એ કરાહ (પૅન)માં ત્રણ કલાક સુધી દુધને ઉકાળીને તે મધેનું પાણી બાળી નાખવામાં આવે છે. એટલા વખતમાં સેંકડે ૭૫થી ૮૦ ટકા જેટલું પાણી બળીને દુધ ઘટ થાય છે. તે જોઇએ એટલુંજ ઘટ થવા પછી સ્ટીમ તથા 'બુમ્બો' (વેકયૂમ પમ્પ) બંધ પાડવામાં આવે છે, તથા વાલ્વ ઉઘાડીને કરાહમાંનુ દુધ દબાઓમાં કાઢી લેવામાં આવે છે. આ દબાઓમાંથી તેને બીજા મોટા દબાઓમાં ખાલી કરવામાં આવે છે, તથા છેલ્લામાંથી એક નળી વડે બાર બાર ઔંસના નાના દબાઓ વેપાર માટે ભરવામાં આવે છે, તથા તેઓમાં હવા દાખલ થાય તે અગાઉ તુરત ત્યાંને ત્યાં તેમને રેહવા દઇ બંધ કરી લેવામાં આવે છે.

દુધના કટકા સાઇબિરિયામાં એહદ થંડી પડતા હોવાથી ત્યાં સર્વ પ્રવાહી પદાર્થ નક્કર રૂપ પકડે છે ત્યાં થંડીના દિવસમાં દુધ દોહવવા માટે વાસણની ગરજ પડતી નથી. કારણ કે દુધ દોહવતાં દુધ તો ઝીણા પપેટા જેવા ગોળાકૃતિ બની ભોંય ઉપર પડે છે. ત્યાં કેટલાકો તો તેને લાકડીમાં પોઇ તેને મીણબત્તી જેવો આકાર આપે છે. આ લાકડીઓ એટલી મજબૂત હોય છે કે બાળકો દુધની લાકડી વડે અપસમાં લડે છે. પ્રર્કતક્ષ શેહેરમાં તો દુધની સળીઓ બનાવી તેની જુડીઓ બાંધી મેળે છે. આ દુધ થંડીને લીધે મહિનાઓ સુધી બિગડયા વિના રહે છે. આ દુધને તેઓ ગર્ભીની મોસમ સુધી ઘેરમાં ઓળવી રાખે છે ને પછી ગર્મી આપી જોઇતું દુધ યા ઘી મેળવી શકે છે.

દુધની—આ નામની ફલાણીજ વનસ્પતિ છે એવો નિર્ણય થતો નથી, તોય દુધ અથવા દુધ જેવા પદાર્થવાલાં અનેક વનસ્પતિ છે, તેમાંના કર્નાટકમાંના તબીબો જે ચોજે છે તેને લૅટિનમાં Inchnocurpus Frutescens કહે છે. તેનાં મૂળીયાં પરમા તથા આંખના વિકાર જેમાં પડ થાય છે તે રોગ ઉપર અતિ ગુણકારી છે. એનો ચીક ઔષધિ ઉપયોગી ગણાય છે.

દુધપિતી—એક ક્રૂર રેવાજ. કચ્છ, કાઠીઆવાડમાં જાડોજા રજપૂત તથા બીજી જ્યાતોમાં અને ગુજરાતમાં કૈડવા કણબીમાં આ દુધપિતી નામે એક દુષ્ટ રેવાજ લાંબા વખતનો જાએજ હતો. જે કોઇ સ્ત્રી પુત્રી પ્રસવતી તો તે બાળકીને તેઓ તરતજ દુધના ભરેલા વાસણમાં મેળી તેમાં દુબાડી મારતા, જેને દુધપિતી કહેતા. આ ક્રૂર રસમની પેહેલી ખબર મેજર વૉકરને ઓગણીસમી સદીની શરૂઆતમાં ખંડણીનો બંદોબસ્ત કરતાં જાણમાં આવતાં તેણે આ દુષ્ટ ચાલ બંધ કરવાને સ્તુતિપાત્ર પ્રયત્ન કર્યો હતો. તેમજ આ દયાળુ અમલદારે ૧૮૦૭ ના ડીસેંબરમાં મુખ્ય જમીનદારો પાસથી લેખ લખાવી લઇ તે દુષ્ટ રેવાજ બંધ પાડવાની પ્રથમ કોશેસ કરી. તે પછી ઉત્તર ગુજરાતના કૈડવા કણબીઓમાં પણ અમદાવાદના કલેકટર મી૦ ઇ. જી. ફ્રૉસેટે ભાષણો કરી અને મુખીઓને સમજણ આપી આ દુષ્ટ રેવાજ બંધ કરવાની કોશેસ કરી. આ રેવાજ ચાલુ થવાનું કારણ મુખ્ય કરી બાળકીને પરણાવતી વેળા રીતમાં ભારે નાણું આપવું પડવાનું હતું, પણ સરકારી અમલદારોએ સારી સમજાવટથી આ રેવાજ બંધ કરવા લગ્નના ખર્ચા એકદમ કમતી કરવાની યોજના ઘડી, છતાં ૧૮૭૦ સુધી આ રેવાજ ચાલુ હતો. તેટલાં ૧૮૭૦ માં બાળહત્યાનો ખાસ નવો કાયદો સરકારે ઘડયો, જે આ તરફના સર્વ બ્રિટીશ તથા ગાયકવાડી હદમાં લાગુ પાડી, આ રેવાજ બંધ કરાવ્યો હતો, છતાં ૧૮૮૮ સુધી આ કાયદો સખત રીતે અમલમાં મેળવાની કોશેસ કરવી પડી હતી.

દુધી—એને ધોળી દુધી પણ કહે છે. એનો વેલો ઘણો લાંબો પસરે છે. એમાં લાંબી તુંમડી, ચપટી, તંબુરા જેવી ઇત્યાદી અનેક જાતિઓ છે. દુધી પાકીને જૂની થતાં તે ગોળાકૃત બને છે, જેના તંબુરા બનાવે છે. તરવા શિખનારા આ દુધીના તુંમડાં કમરે બાંધી તરવા શીખે છે. દુધીની એક બીજી જાતીને મગીયા દુધી કહે છે. એમાં ધોળા અને રાતી એવી પણ બીજી બે જાતિ છે, તેનું પણ શાક દુધી જેવુંજ થાય છે. દુધીનો હલવો સ્વાદિષ્ટ બને છે.

દુધેલી—એના વેલા લાંબા થવા પેહેલાં તે પ્રથમ હાથ ભર ઉંચા ઝાડનું રૂપ પકડે છે. એના પાંદડા ફિક્કા લીલા રંગના હોઈ નાહના હોય છે. એનો વેલો ભાંજતા તેમાંથી દુધ જેવો પદાર્થ નિકળે છે. એના વેલાનો રંગ કિંચિત લાલાસ ઉદા રંગનો હોય છે. એની પર પ્રુલો આવે છે. તેમજ એની પર શીંગો પણ આવે છે. આ વેલાની યોજના વન ઔષધિમાં કરેલી છે

દુમેલા—અથવા દુર્મિલા છંદ. આ છંદ ૮ સગણનો બને છે. એમાં ૧૨ અક્ષરે યતિ આવે છે.

દુર્ગા—હિંદી સંગીત શાસ્ત્ર મુજબ માલકોશ રાગનાં ૮ પુત્ર વધુમાં દુર્ગા એક તેની ભાર્યા રાગણી છે એ પંચમ, કામોદ, સિંધ, નટ અને વિનોદથી મિશ્ર છે, પણ જાણીતી નથી.

દુર્ગા—ઋ ઋ નામે રાક્ષસનો દુર્ગ નામે એક પુત્ર હતો, તેણે પોતાના તપો બળે ઇંદ્રાદિ દેવતાઓને જીત્યા અને પછી ઝોટલો તો બળવાન થયો કે તે પૃથ્વીપતિ થયો અને બધે અનિતિ ફેલાવી. તેના જુલમ અને અનિતિથી દેવતાઓએ મહાદેવની મદદ માગી. મહાદેવે તેની સાથે લઢવા પોતાની પત્નિ ગૌરીને મોકલી. ગૌરીએ પોતાની સખી મહાકાળીને લશકર આપી લઢવા મોકલી. દુર્ગને આ ખબર પડતાં તેણે મહાકાળીને પકડી લાવવા રાક્ષસ સૈન્ય મોકલ્યું. મહાકાળીને રાક્ષસોએ પકડતાં તેણીએ તેમને ભરમ કર્યા. એ મુજબ અનેક લઢાઇ થઇ, પછી મહાકાળી નહાશી ગૌરી પાસે ગઇ, આથી શિવ પત્નિએ જાતે લઢાઇપર જઇ દુર્ગનો પરાજ્ય કર્યો. ત્યારથી મહાકાળીને પૂજ્ય ગણવામાં આવે છે, ને આ દેવી દુર્ગા કહેવાઇ.

કાશીમાં આ દેવીનું રમણિય મંદીર શેહેર બાહાર છે. મંદીર પાસે એક ગંજાવર તળાવ છે, તેને દુર્ગા કુંડ કહેછે. આ કુંડ ઉપર અસંખ્ય વાંદરાઓ ભમતા ફરેછે. દુર્ગા દેવીના મંદીરમાં દાખલ થવાનો દરવાજો પશ્ચિમ તરફ છે. દરવાજા ઉપર નૌબતખાનું હોઇ સામી બાજુએ એક અઢી ફીટ ઉંચો સ્થંભ છે, દર વર્ષે નવરાત્રમાં અત્રે એક મ્હોટો ઉત્સવ થાય છે, તે વેળા અસંખ્ય પ્રાણીઓને આ અઢી ફીટ ઉંચા સ્થંભ સાથે બાંધી તેમની કતલ કરવામાં આવે છે. જમણી તરફ એક ૧૦ ફીટ ઉંચાઇના પથ્થરના થાંભલા પર વિકાળ સિંહની મૂર્તિ છે, તેમજ મંદીરમાં પ્રવેશ કરતાં બે બાજુએ સિંહની મૂર્તી જણાય છે. સભામંડપ રંગબેરંગી સંગેમરમરનો છે. ગુંબજમાં નેપાળના રાજા તરફથી ભેટ મળેલો મ્હોટો ઘંટ છે. મુર્તીનો દેખાવ ઉગ્ર છે અને તેની પાસે એક ઘંટ છે. આ ઘંટ મિર્જાપૂરના એક યૂરપીયન મેજીસ્ટ્રેટે આગળ ભેટ આપેલો હતો. આ મંદીર રાણી ભવાનીએ બંધાવ્યું હતું.

દુર્ગાવતી—આ શૂરવીર રાણી મહુઆ શેહેરના રાજા ચંદનની બેટી અને ગડમંડળના રાજાની સ્ત્રી હતી. એનો પતિ જુવાનીમાં મરણ પામવાથી બાળ રાજા વીરવલ્લભ તરફથી તે રાજ્ય ચલાવતી હતી, તેટલાં અકબર બાદશાહે અનેક રજપૂત રાજ્યો વશ કરી ૧૫૬૪ માં ગડમંડળ સર કરવા આસફખાનને સરદારી આપી ચઢાઇ કરવા મોકલ્યો. તેની સામે દુર્ગાવતીએ પોતાની સરદારી તળે ૧૫૦૦ હાથી ને ૮૦૦૦ ઘોડેસ્વારનું લશકર લઇ પોતાના કુંવરને પણ સાથે રાખી પોતે હાથી ઉપર બેશી યૂદ્ધમાં ધુમવા માંડયું. દુર્ગાવતીએ આસોફખાનના લશકરને બે

વેળા પેચમાં ઘેરી તેના ૬૦૦ સ્વારોનો ઘાણ કાઢયો. સેવટે મોગલ સેના રણમાંથી નહાસતાં તેમની પાછળ રજપૂત સૈન્ય લાગું, પણ રાત પડવાથી સરદારોએ મુવેલાઓને ઠેકાણે પાડવા તથા આશાયશ લેવાનું ઠેરવ્યાથી આસોદખાંને આ તકનો લાભ લઇ એકાએક રજપૂતોપર હુમલો કર્યો, આ અચાનક હુમલાથી દુર્ગાવતીનું લશકર વિખેરાઇ ગયું, પણ રાણીએ બધાને એકત્ર કરી પહાડની એક સાંકડી તળેટીમાં જઇ ઉભું રાખ્યું. તેમાં એનો કુંવર વીરવલ્લભ જખમી થયો, પણ દુર્ગાવતીએ તો તેની યોગ્ય બરદાસ્ત કરવા હોકમ આપી પોતે લઢાઈમાં ગુંતાઇ. છેલ્લે ૩૦૦ પેદલ લશકર રહ્યું ત્યાં સુધી તે લઢી; તેટલાં એક તીર આવી તેની આંખમાં બોકાયો, જે તેણીએ અસાધારણ સહનશકિતએ ખેંચી કાઢયા છતાં માહે ભાગી ગયો, કે બીજો તીર તરત આવી ગરદનમાં પેઠો, તેપણ કાઢયો; પણ આ વખત પર્યંત વહેલા લોહીથી તે બેભાન થવાની સ્થિતિમાં આવી ત્યારે મહાવતે તેણીને લઇ નહાથી જવાનો કસદ કરવાથી દુર્ગાવતીએ નામોશીમાં બંચી બેહોરમત થવા કરતાં મ્હોત વ્હાલું ગણી માહાવતની કમરેથી ખંજર કાઢી પોતાનો પ્રાણ તજ્યો. આ વેળા તેની પાસે ૬ સરદારો હતા, તેઓએ રાણીની આવી અસાધારણ સહન શકિત જોઇ પોતે પણ શૂરવીરને છાજતી રીતે લઢીને મરણ પામી.

દુર્વાષ્ટમી—આ વ્રત ભાદરવા માસમાં આવે છે. એ સ્ત્રીઓનું વ્રત છે. એમાં દુર્વા પૂંજન કરે છે.

દુરબીન—પ્રાચીન કાળમાં જ્યોતિષ શાસ્ત્રીઓ આકાશનું અવલોકન કયા યંત્ર વડે કરતા હતા તે ચોકસ જણાયું નથી (જુઓ ખગોળ વિદ્યા.) આગળ તારા જોવા માટે જ્યોતિષ શાસ્ત્રીઓ લાકડા અથવા પિત્તળ વગેરે ધાતુનાં યંત્રો બનાવતા.

દુરબીનની શોધ યૂરપમાં ૮સવી સનની ૧૭ મી સદીમાં થઇ હતી, દુર્બિન બનાવવાની કલ્પના અજબ રીતે સુજી હતી. યૂરપ ખંડમાં હૉલંડ દેશ પાસે 'બાલચર્ન' નામે ટાપુ છે, તે ટાપુમાં મિડલબર્ગ નામે એક ગામછે તેમાં 'હાન્સલિ પર્શિન' નામનો એક ચસમા બનાવનાર રહેતો હતો, તે એક દિને પોતાના કામ ઉપર મંડેલો હતો તે વેળા તેની નાહની બેટી પાસે બેસી ચસમા સાથે રમતી હતી. રમતાં રમતાં સેહેજ બે કાચ સાથે પકડી તેણી તેમાંથી સામેનાં દેવળની ટોંચ જોવા લાગી, તો તે તદન પાસે જણાતી હોય તેમ સ્પષ્ટ જણાઇ, આથી તેણીએ પોતાનાં પિતાને એ વિશે જણાવતાં તેણે જે રીતે છોકરીએ કાચ પકડયા હતા તેમ ચોખટામાં દૂર દૂર બેસાડી તેમાંથી જોતાં છેટેની ચીજ પાસે હોય તેવી દેખાઇ. આ ઉપર વિચાર કરતાં તેને જણાયું કે તેમાંનો એક કાચ એક બાજુથી સપાટ અને બીજી બાજુથી ઉંડી છે; અને બીજો કાચ એક બાજુથી સપાટ અને બીજી બાજુથી ઉપસેલો હતો, અને તેમાંથી કિરણ પાર જવાનાં બિંદુનો મેળ એકમેકથી સંબંધ પામતાં આ ચમત્કાર દેખાયો. આ ઉપરથી તેણે વધુ ધ્યાન પોંહચાડી ત્રણ દુરબીન ઇ. સ. ૧૬૦૮ માં બનાવી, અને તે નામના મેળવી.

આજ સુમારમાં ગ્યાલીલિયો નામે જ્યોતિષ શાસ્ત્રી ઇટાલીમાં હતો, તેણે આ દુરબીન વિષે વાત જાણી, આથી તેણે ઘણી મેહેનત પછી ૧૬૦૯ માં બીજી દુર્બિન બનાવી, અને તેની મદદ વડે તેણે આકાશનું અવલોકન કરવા માંડયું. આવી રીતે દુર્બિનની મદદથી આકાશનું અવલોકન કરનાર પહેલો જ્યોતિષ શાસ્ત્રી ગ્યાલિલીયો થયો. તે વખતથી હમણાના જમાના સુધી દુર્બિન બનાવવામાં ભારે સુધારા થયા છે. મ્હોટી શકિત વાલી દુર્બિન વડે અતિ છેટેનાં તારા જણાય છે, અને નાહની દુર્બિન વડે થોડા

છેટેનાં જણાય છે. માત્ર ખુલ્લી આંખે જોતાં ૫૦૦૦થી ૬૦૦૦ તારા જણાય છે, પણ ભારે શકિત વાલી દૂર્બિન વડે ૫,૦૦,૦૦૦૦ તારા જણાય છે.

ખુલ્લી આંખે તદન ઝાંખા દેખાતા તારા અને નહિ દેખાતા તારા દૂર્બિન વડે દેખાવાનું કારણ આંખની રચનાનો વિચાર કરતાં સેહેજમાં જણાઇ આવે છે. અંધારામાંથી ઉજેરડામાં આવતાં આંખમાં અજબ ફેરફાર થાય છે. તે એવો કે, અંધારામાથી આંખની કીકી વિસ્તૃત થાય છે, અને ઉજેરડામાં તે સંકોચાય છે. આંખની કીકી એટલે તે એક છિદ્ર છે, અને આ છિદ્રમાંથી પ્રકાશ માહે દાખલ થાયછે. આંખની કીકી જેટલી મ્હોટી ફેલાય છે, તેટલો વધારે પ્રકાશ આંખમાંથી દાખલ થાય છે. દૂરનાં તારા આપણને જણાતા નથી તેનું કારણ એ છે કે તે તારા જોવા તેમની ઉપરથી આવનાર પ્રકાશ જેટલો દાખલ થવો જોઇએ તેટલો દાખલ કરવા જેટલો ફેલાવો આપણી આંખમાંની કીકીમાં કદીજ હોતો નથી. આથી આ કીકીનાં અંગની ફેલાવો પામવાની શકિત છે તે કરતાં, ઘણી વધારી શકાય છે,—અર્થાત ચાલુ પ્રકાશ આંખમાં દાખલ થાય છે. તે કરતાં આંખમાં દાખલ કરી શકાય—એવી યોજના કરવી જોઇએ, એટલે તે તારા આપણને દેખાશે. આવી યોજના દૂર્બિન વડે કરી શકાય છે. તે કેવી રીતે એ નીચલા દાખલા ઉપરથી જણાશે. જાણે કે વર્સાદ વર્સે છે અને વર્સાદના પાણીથી એક પીપ ભરવું છે, તો જો તે પીપને મેદાનમાં રાખ્યું હોય તો તે કદી પણ પૂર્ણ ભરાશે નહિ, પણ જો તેને છાપરાની તળીએ રાખ્યું હોય તો તે થોડા વખતમાં પાણીની સેરોથી કાંઠા-વેર ભરાઇ જશે. એનું કારણ ખુલ્લું છે કે ઘેરનાં છાપરા ઉપર વર્સાદની સેર અનેક પડતી હોવાથી તે સર્વ પાણી એકત્ર થઇ હેઠે પડે છે, એટલે જો તેની તળીએ પીપ મેલીયું હોય તો તે તૂરત છલાછલ થશે, અને દૂર્બિનનો ઉપયોગ પણ એવોજ કરવામાં આવ્યો છે. દૂર્બિનનાં ઉપલા મુખ ઉપર જે બેઉ તરફથી ઉપસેલી બાજુવાલો કાચ બેસાડેલો હોય છે, તેની ઉપર જેટલો પ્રકાશ પડે છે તે સર્વ એકત્ર થઇ લાંબી નળીને માર્ગે માહે દાખલ થઇ દૂર્બિનની નીચલી બાજુએ બેસાડેલા નાહના કાચદ્વારે જોનારની આંખમાં દાખલ થાય છે. આ પ્રમાણે હમેશ કરતાં વધારે પ્રકાશ દૂર્બિનની મદદ વડે આંખમાં દાખલ કરી શકાવાથી દૂરનું ઝાંખું અથવા નાહનો પદાર્થ જોનારને મ્હોટો અથવા ખુલ્લો જણાય છે. દૂર્બિનનાં ઉપલા મુખ ઉપર બેસાડેલો કાચ હોય, એટલે તેટલી મ્હોટી ફેલાયલી આંખની કીકી સમજવી. મનુષ્યની આંખની કીકી આની અથવા બેઆની જેટલીજ ફેલાઇ શકે છે અને તેથી વધારે તે ફેલાઈ શકતી નથી; પણ તે કીકીને જમવાની થાળી અથવા તે કરતાં પણ મ્હોટી ફેલાવો પામ્યા પ્રમાણે બનાવવાનું સામર્થ્ય દુર્બિનમાં છે.

દૂર્બિનની ઉપરની કાચ જેટલી મ્હોટી હશે તેટલો વધારે પ્રકાશ આંખમાં દાખલ થશે; એ ઉપલા વિવેચન ઉપરથી જણાશે. આ કાચ ½ ઈંચના ઘેરાવાથી તે ૨૦ ઈંચના ઘેરાવા જેવડા મ્હોટા હોય છે.

ઇ. સ. ૧૮૦૨ માં મેદ્રિડ શેહેરની વેધશાળા માટે ૧,૧૦,૦૦ રૂપીયાની કિંમતની એક દુર્બિન લંડનમાં બનાવવામાં આવી હતી, પણ ૧૭૮૯ તથા ૧૭૯૫ માં હર્શલે બનાવેલી દૂરબીન કરતાં આ દૂર્બિન ગંજાવર હતી. તે માહેલા કાંચનો આંસ ૪૮ ઈંચનો હતો. જાડાઇ ૬½ ઇંચની ને તેનું વજન '૨૧૧૮' રતલનું હતું. આ દૂર્બિનમાંથી ૬૪૦૦ ઘણું મ્હોટું જણાતું હતું.

ડનસિંગ ખાતેની દૂર્બિનના ઉપલા મુખનો કાચ ૬ ફીટ ઘેરાવાનો છે. ડૉ૦ હર્શલે બનાવેલા દૂર્બિન વડે અસલ પદાર્થ તેના અસલ

કદ કરતાં ૬૦૦૦ ઘણો મ્હોટો દેખાય છે. આ દૂર્બિનથી શની અને તેના ઉપગ્રહ વગેરે એટલા તો સ્પષ્ટ દેખાય છે કે ખુલ્લી આંખે તેવા સ્પષ્ટ જોવા હોય અને એ ગ્રહ જે દિશામાં છે તે દિશામાં જો જઇ શકાતું હોય તો ૮૦૦૦૦૦૦૦ મૈલ દૂર જવું પડે. અને એટલે છેટે જવાને દર કલાકે ૫૦ મૈલ પ્રમાણે ૧૮૦૦ વર્ષ લાગે.

દુર્યોધન—સોમવંશિય પુરૂકુલોત્પન્ન ધૃતરાષ્ટ્ર રાજાની ગાંધારી સ્ત્રીના ૧૦૦ પુત્રમાંનો વડો. એ દુનિયામાંના ક્ષત્રીઓનો નાશ કરનાર એવા કલી અંશથી જનમ્યો હતો. એના જન્મ કાલે ખરાબ ચિન્હો જણાતાં એનો ત્યાગ કરવા ધૃતરાષ્ટ્રને સુચવવામાં આવ્યા છતાં પુત્ર મોહથી રાજાએ એને લાડમાં ઉછર્યો. એણે દ્રોણાચાર્ય પાસે ધનુર્વિદ્યા શિખી લીધી પણ એ ગદા યૂદ્ધમાં પ્રસિદ્ધ થયો હતો.

એ બચપણથીજ પાંડવોનો દ્વેશ કરવા લાગ્યો. એક સમે તો ભીમસેનને ભોજનમાં ઝેર ખવાડી નદીમાં ડુબાડ્યો, જ્યાં આર્યક નાગની કૃપાથી સજીવન થઇ હજાર નાગોનું બળ પામ્યો હતો. પછી દુર્યોધને સઘળાં પાંડવોને લાક્ષાગૃહમાં બેસાડી બાળવાનો યત્ન કર્યો, પણ તેમાં એનું કશું વળયું નહિ. તે પછી દ્રૌપદીના સ્વયંવરમાં જાહેર પડી અર્જુને દ્રૌપદી મેળવી ત્યારે દુર્યોધને ક્રોધે ભરાઇ પોતાના સૈન્ય બળે ભીમ સાથે યૂદ્ધ કર્યું, પણ એ હારીને હસ્તીનાપૂર આવ્યો. ધૃતરાષ્ટ્ર પાંડવોને ઇંદ્રપ્રસ્થમાં જુદું રાજ કરી આપ્યા પછી થોડી મુદત સુધી કૌરવોએ પોતાનો દ્વેશ બાહેર જણાવ્યો નહિ. દુર્યોધને મોટાઇ બતાવવા પાંડવના રાજસૂયયજ્ઞમાં દ્રવ્ય ભંડારીનું ઉપરીપણું સ્વિકાર્યું હતું. પાંડવોનો સભામંડપ જોતાં પદાર્થ પરિક્ષામાં દુર્યોધને પોતાની મુર્ખાઇ જણાવી હતી, તેથી પાંડવ પક્ષનાઓ તેનું હાસ્ય કરી મેણાં માર્યા હતાં. પાંડવની સમૃદ્ધિ જોઇને અદેખો બની પોતાની નગ-

ળાઇથી લજ્જીત થઇ, પોતાના મામા શકુનિ કર્ણ અને ભાઇ દુશાસનનાં એકત્ર વિચારથી ધૃતરાષ્ટ્રને સમજાવી પાંડવોને એક મ્હોત્સવને બહાને હસ્તિનાપૂર તેડાવ્યા, ને ત્યાં ધર્મ સાથે ધૂત રમતાં કપટ વિદ્યાથી દુર્યોધને પાંડવોનું સર્વસ્વ હરી લીધું. દુર્યોધન અને દ્રૌપદીને સભામાં તેડાવીને પછી પાંડવોને ગુલામણી સ્થિતિ વિષે બોલી તેને પોતાના ખોળામાં બેસવાનું કહ્યું, ને પછી તેનાં વસ્ત્ર કાઢવા દુશાસનને આજ્ઞા આપી, પણ તે વેળા કૃષ્ણે આ અબળાની લાજ રાખી હતી, જેથી દુર્યોધન પ્રજીત થયો હતો.

પાંડવો વનમાં હતા ત્યારે દુર્યોધને એક વેળા દુર્વાસા ઋષિને પાંડવોને શ્રાપ દેવાને મોકલ્યા, પણ ઋષિથી શ્રાપ દેવાયો નહોતો. એક વાર દુર્યોધન પોતાનો વૈભવ દેખાડવાને પાંડવોને આશ્રમે જતો હતો પણ વાટમાં તેને ચિત્રરથ ગંધર્વ સાથે જુદ્ધ થયું હતું, તેમાં દુર્યોધનને બંધીખાને જઇ પડવું પડ્યું; પણ ત્યાંથી અર્જુને તેને છોડ્યો ત્યારે તેણે લજ્જીત થઇ રાજ ત્યાગ કરી તપ કરવા જવાનો નિશ્ચય કર્યો હતો, પણ કર્ણે તેનું સમાધાન કર્યું હતું. હસ્તીનાપૂર પાછા આવતાં માર્ગમાં સર્વેનો મુકામ એક સરોવર આગળ થયો, ત્યાં દુર્યોધન શોકમાં હતો; તેટલાં દૈત્યોએ એક કૃત્યા યોગે તેને પાતાળમાં લઈ જઈ કહ્યું કે અમે ભીષ્મ દ્રોણાદીકના અંગમાં પ્રવેશ કરી પાંડવોનો નાશ કરીશું. પછી દુર્યોધન પાછો મુકામે પોંહચી હસ્તીનાપૂર ગયો.

પાંડવોને જાહેરમાં પકડી ફરી વનવાસે મોકલવાનાં હેતુથી દુર્યોધને જ્યારે વિરાટ રાજાની ગાયો ચોરાવી આણી, ત્યારે કૌરવો અને અર્જુન વચ્ચે યૂદ્ધ થયું, તેમાં અર્જુને કૌરવોને મૂર્ચ્છા પમાડી દુર્યોધનનો મુગટ છેદ્યો હતો, ને તેનાં વસ્ત્ર 'ઉત્તરા' પાસે કઢાવી ઉત્તરાને તેની ઠીંગલી માટે અપાવ્યા હતા. તે પછી મોટું યૂદ્ધ ન કરતાં સામાધાની સાથે પાંડવોને રાજનો અડધો ભાગ આપવા વિષે દુર્યોધનને કૃષ્ણ, નારદ, વિદુર, ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, ગાન્ધારી એઓએ સમજાવ્યા છતાં તેણે ૧૧ અક્ષૌહિણી સૈન્ય સાથે પાંડવો સામે યૂદ્ધ કરવા માટે ગયો. ૧૧ અક્ષૌહિણીમાં નીચે મુજબ સૈન્ય હતું.

૧૦,૦૦૦૦૦	હાથી.
૩૦૦૦૦૦૦	રથી.
૧૦૦૦૦૦૦૦૦૦	વાજી.
૫૦૦૦૦૦૦૦	પેાધ્ધા.
૩૬૦૦૦૦૦૦૦	પદાતી.

૧,૪૫,૪૦,૦૦,૦૦૦ નું કુલે લશ્કર હતું.

જ્યારે યૂદ્ધમાં સર્વે કૌરવો ને બીજા મદદગાર રાજાઓ પડયા, ને છેલ્લે ભીમ ગદા લઇ દુર્યોધન ઉપર દોડ્યો ત્યારે એ એક ડોહમાં ભરાઇ રહ્યો. એ વાત ભીમે જાણી, એટલે પાંડવો અને બીજા સહુ ત્યાં ગયા. ધર્મ રાજાએ કહ્યું કે બાહેર નિકળ. તું જેમ ઇચ્છિશ તેમ યૂદ્ધ કરીશું. પછી દુર્યોધને ભીમ સાથે ગદા જુદ્ધ કર્યું, તેમાં તે કોઇથી હારે નહિ. અંતે ભીમે કૃષ્ણના સંકેતથી તેની ડાબી જાંઘ ઉપર ગદા મારી એટલે તે પડ્યો. દુર્યોધનનું બધું અંગ (જાંઘ શિવાય) ગાંધારીનાં આશિષથી વજ્રનુ થયું હતું, ને ભીમે જ્યારે ગદા યૂદ્ધની રિતિથી ઉલટું વર્તી કમર થકી નીચલા ભાગપર ગદા મારી (એ ભાગ પ્રુલના ચોરણાથી ગાંધારીએ દીઠો નહોતો) ત્યારે દુર્યોધન ઉઠી શકયો નહિ. સહુ ચાલતા થયા ને એ એમજ પડી રહ્યો. તેટલાં કૃપાચાર્ય, કૃતવર્મા ને અશ્વથામા ત્યાં આવતાં અશ્વથામાએ પ્રતિજ્ઞા કરી પાંડવોનો સંહાર કરવા ગયો, ને પાછો આવી દુર્યોધનને કહ્યું કે મેં પાંડવોનું સૈન્ય તથા તેઓના પુત્રોનો સંહાર કર્યો છે, ત્યારે દુર્યોધને પ્રાણ મેલ્યો.

દુર્યોધનને લક્ષ્મણ નામે પુત્ર અને લક્ષ્મણા નામે પુત્રી હતી. તેમાં લક્ષ્મણ અભિમન્યુ સાથે લઢતાં પિતાની હયાતીમાંજ માર્યો ગયો હતો, અને લક્ષ્મણા કૃષ્ણબંધુ શાંબ સાથે પરણી હતી.

દુર્વાસા—સ્વાયંભૂ મનવંતરમાં અત્રિઋષિથી કર્દમ કન્યા અનસૂયાને થએલા ત્રણ પુત્રમાંનો બીજો. એણે કોઈ અપરાધ ઉપરથી ઇંદ્રને શ્રાપ આપ્યો હતો કે "તારી સર્વ સંપતિ સમુદ્રમાં ડુબી જશે," તે મુજબ તે ડુબી હતી. પણ ફરી એનાજ આશિરવાદથી સમુદ્ર મથન કરતાં તેને તે સંપતિ ફરી મળી હતી. આ બનાવ ચાક્ષુસ મનવંતરમાં સ્વર્ગમાં જે મંત્રદ્રુમ નામે ઇંદ્ર હતો તે સંબંધમાંજ થયો હશે; કારણ સમુદ્ર મથનનો બનાવ ચાક્ષુસ મનવંતરમાં થએલો હોઇ એક ઇંદ્રને આપેલો શ્રાપ બીજાને ધ્રજા કરે એ અસંભવિત છે.

દુરાની—આ પ્રજા હિરાતથી ખદહાર સુધીનાં ૪૦૦ મૈલની લંબાઈના પ્રદેશમાં વસે છે. આ પ્રદેશની જુમલે પોહળાઇ ઉત્તર પશ્ચિમમાં ૮૦ મૈલ ને દક્ષિણ પૂર્વમાં લંબાઈ ૧૫૦ મૈલની છે. આગળ તેઓ 'અબદાલી' ના ટોળાને નામે ઓળખાતા હતા. પણ, અહમદશાહના સમયમાં ચુનકાની પીરનાં ચોકસ કારણથી પોતાને 'શાહ દુરે દુરાની' કહેવાડવા લાગ્યા. બીજી કથા મુજબ એ પ્રજા ઘોર પર્વતમાંથી ખોરાસાન તરફ આવી હતી. આ ટોળા ઝારક અને પન્જપા નામે બે શાખામાં વેંહેંચાયલો છે. આ દેશની વસ્તી ૬૦૦૦૦૦ ની છે, તેમાં દુરાનીઓનો લગભગ ½ ભાગ છે. એઓ ખેડુતનો ધંધો કરે છે, અને મુખ્ય કરી તંબુમાં વસે છે.

દુરો—સ્પેનમાં આ ચલણી ચાંદીનું નાણું, ૨૦ રિઆલનો ૧ દુરો. ઈંગલીશ ચલણમાં તેની કિંમત ૩ શિલીંગને ૩ પેન્સ, તથા હિંદી ચલણમાં ૨ રા॥ ની કિંમતનો થવા જાય છે.

દુઃશાસન—ધૃતરાષ્ટ્રનાં ૧૦૦ પુત્રમાંનો બીજો. એ દુર્યોધનના દરેક કામમાં મદદગાર હતો. શકુનીએ કપટ જુગાર રમી પાંડવોની સંપતિ જીતી લીધી ને પછી પાંડવો સાથે દ્રૌપદીને

પણ જીતી, ત્યારે એણે દુર્યોધનનાં હોકમ ઉપરથી દ્રૌપદી એક વસ્ત્રમાં (રજસ્વલા) હોવા છતાં તેના બાલ ખેંચી દરબારમાં આણી, અને તેને નગ્ન કરવા યત્ન કર્યો; પણ કૃષ્ણની અલૌકિક સામર્થ્યથી તે નિષ્ફળ થયો. આથી ભિમે પ્રતિજ્ઞા લીધી કે એનું હું લોહી પીશ. એ જ્યારે કર્ણપર્વમાં ભીમની ગદાથી પડયો ત્યારે ભીમે એને પુછયું હતું કે કાયે હાથે તેં દ્રૌપદીનાં કુચ ગ્રહ્યાં હતાં, ત્યારે એણે પોતાનો ડાબો હાથ બતાવ્યો હતો, આથી તે હાથ ખભાંથી જૂદો પાડી તેનું લોહી પીધું હતું.

દુષ્યંત—સોમવંશિય પુરૂકુલોત્પન્ન રૌદ્રાશ્વ પુત્ર ઋતેયુના કુળમાં જન્મેલા રૈભ્ય રાજાનો પુત્ર. એને ૩ વસુકુલોત્પન્ન મરૂત રાજાએ પોતાનો પુત્ર કરી લઇ રાજ્ય આપ્યું હતું. એની શકુંતલા નામે સ્ત્રી હતી. તેનાથી એને સર્વદમન નામનો પુત્ર થયો હતો. (જુઓ શકુંતલા.)

દેહમોલ્ડ—જર્મનીના ' લિપી' શહેરનું મુખ્ય ગામ, હૉનોવરથી દક્ષિણ પશ્ચિમે ૪૭ મૈલ ઉપર છે. અત્રે જુનો કિલ્લો, રાજ મેહેલ, તેમજ તંબાકુના કારખાનાઓ તથા કાર્ડ બનાવવાનાં પણ અત્રે કારખાના છે. વસ્તી ૬૭૩૫ ની છે.

દેડકો—આ અતિ પ્રસિદ્ધ પ્રાણીની દુનિયામાં એકંદર ૪૪૦ જાત છે. તેઓ પાણી, જમીન તથા ઝાડ ઉપર વસે છે. લાલ દેડકો ઈંગલંડ અને સ્કૉટલંડમાં જણાય છે. લીલો દેડકો દક્ષિણ યૂરપમાં મળી આવે છે, કે જ્યાં તેને ખોરાક તરીકે છુટથી વાપરે છે. ઝાડ ઉપરનો દેડકો ફ્રાન્સ, જર્મની, ઈટલી, અમેરિકા અને એશિઆમાંના ચોકસ ભાગોમાં વસે છે. 'બુલ ફ્રોગ' નામનો દેડકો ઉત્તર અમેરિકા અને આફ્રિકામાં ઉત્પન્ન થાય છે. આ દેડકો ૮ ઇંચ લાંબો અને ૪ ઇંચ પોહળો હોય છે. એની ચામડીનો રંગ ઉપલા ભાગ ઉપરથી શેંતૂર જેવો અને પેટ આગળથી લીલાસ પડતો ઉજળો અને ઉપર પટા પડેલા હોય છે. આ દેડકો પાણીનાં ઝરામાં રહે છે, અને હંસના બચ્ચાંનો ધાણ કાઢી નાખે છે. એનો અવાજ એક ગોધો ઘણે છેટેથી બરાડતો હોય એવો સંભળાય છે, તેથી એનું નામ બુલ ફ્રોગ આપવામાં આવ્યું છે.

દેડકો જ્યારે જન્મે છે ત્યારે પુખ્ત થતાં સુધીમાં તે ૮ સ્થિત્યંતરો પામી પુખ્ત થતાં સુધી પાણીમાંજ રહે છે અને વનસ્પતિ ખાઇ જીવે છે, પણ મ્હોટો થતાં સ્વાસ લેવા પાણીની સપાટી ઉપર આવી જીવજંતુનો ધાણ કાઢે છે.

દેડકાને તરવાની તેમજ કુદવાની જબરી શકિત હોય છે. એના પગોની હીલચાલ માણુસના પગની હીલચાલના જેવીજ છે.

આ પ્રાણી શિયાળાની ઋતુમાં ઉંઘ કાઢે છે, અને શિયાળો બેસતાંજ તે ઉંઘવા પાણીની તળીએ જઇ ભરાય છે. તોડ જાતનો દેડકો પાળી શકાય તેવો હોઇ તે ખાંડ ઘણી હોંસે ખાય છે. એનો પ્રિય ખોરાક મધમાખી તથા ભમરા છે.

આ પ્રાણી પોતાનાં ઈંડાં પાણીમાં મેળે છે. દેડકાની કેટલીક જાતો એવી છે કે તેમના નર દેડકા પોતાના ઈંડાના માળા પોતાની જાંગ આસપાસ લપેટી ઇંડા ફુટવાનો વખત આવે ત્યાં સુધી ગમે ત્યાં જઇ ફરી રહે છે; પછી તે પાણીમાં જતાં ઈંડામાંથી બચ્ચાં બાહેર પડે છે. એક વેટમાં કોઇ કોઇ વેળા તે ૧૨૦૦૦ ઈંડા મેળે છે, જે તદન ઝીણા મણકા જેવાં હોય છે. આ ઈંડા ઉપર કાંઇક વખત પછી ઝીણી ઝીણી કરચળી પડે છે, અને પ્રાણી હીલચાલ કરતું જણાય છે. પછી ઈંડામાંથી લાલ લીસા રંગના પ્રાણી બાહેર પડે છે. તેઓ પાણીમાંના ઘાસનાં મૂળીયાંને વળગી રહેછે, પછી તેમને થોડા વખત પછી ચુંચ અને નાહની નાહની પુછડી ફુટે છે, એટલે તે પાણીમાં ફરવા માંડે છે. આ દેડકાની ત્રીજી અવસ્થા કહેવાય છે. આ અવસ્થામાં તે માછલી જેવો દેખાય છે.

પછી થોડા વખતમાં તેના પાછલા બે પગ ફુટી નિકળે છે, આ તેની ચોથી અવસ્થા. તે પછી તેના આગલા અંગ ઉપર બે અવયવ ફુટે છે, તે જરા બાહેર આવતાં તેનો માછલીનો આકાર નિર્મૂળ બને છે; એ તેમની પાંચમી અવસ્થા. પછી કેટલાક વખત પછી તેની પુછડી અંગમાં જરા જઇ તે નિર્મૂળ બને છે, એ તેમની ૬ ઠી અવસ્થા, થતાં તેનું મ્હોં પોહળું થવા માંડે છે જે તેમની સાતમી અવસ્થા કહેવાય છે, અને છેલ્લું એટલે આઠમું સ્થિત્યંતર ઘણું જાણવાજોગ બને છે. તે એમકે આ વખત સુધી દેડકાને સ્વાસોછ્વાસ કરવા તેની ચુંચ ઘણી ઉપયોગી થઇ પડે છે; પણ હવે તેને પાણી બાહેર રહેવાનું હોવાથી તેના ફેફસાં બાહેરની હવા લેવા લાયકના બનવા માંડે છે; અને તેની ચુંચ નિર્મૂળ બને છે.

દેડકા ઉપર અનેક પ્રયોગ કરી જોવામાં આવ્યા છે. એક પુષ્ટ દેડકો લઇ તેને બાહે હવા મળે તેવી રીતે કાચ પાત્ર તળે ઢાંકવો, એટલે ને તુરત ફુલવા માંડે છે. તેનું કારણ એ છે કે તે બાહેરની હવા પોતાના ફેફસામાં લીયે છે અને તે નિકળી નહિ જાય માટે વચ્ચે વચ્ચે તેને તદન દાબી રાખેછે. મનુષ્યને એમ કરવાનું કારણ હોતું નથી, કારણકે તેને હવા એબ્બી કરી રાખવાની યોજના જોજેલી હોય છે, તેવો સાંચો દેડકામાં ગોઠવાયલો હોતો નથી. મનુષ્યને વધારે કામ કરવા પડતાં, તેને વધુ હવા દમમાં લેવા મોહ બોહલું રાખવું પડે છે, પણ દેડકાને તેથી ઉલટી રીતે વર્તવું પડે છે. તે એમકે તેનું મ્હોં જો થોડો વખત બોહલું રાખ્યું હોય તો તે તરતજ ગુંગળાઇ મરણ પામે છે; પણ દેડકાની ચામડીમાં છિદ્રો હોય છે તેમાંથી તે બાહે હવા સોષિ લીયે છે.

ચામડી:—દેડકાના બદન ઉપરની ચામડી અજબ જેવી છે, તેની રચના એક પ્રકારના 'સ્પંજ' જેવી છે. આ ચામડી તે પ્રાણી પાણીમાં હોય છે ત્યારે એટલું તો પાણી શોષી લીયે છે કે તેનું પોતાનું વજન અસલ કરતાં બમણું વધે છે; તેથી તે જ્યારે પાણીથી ઘણે છેટે હોવા છતાં તે દિવસો સુધી તેનું બદન ભિનું જણાય છે; અને તે પાણી તે ગમે ત્યારે બાહેર નિચવી શકે છે. આ મુજબ ગુસ્સામાં હોય ત્યારે તે ફાદી નાખે છે. આ પ્રાણી વિષારી હોય છે એમ અગાઉ સમજ હતી પણ હાલમાં તે તદન વેહેમ તરીકે પુરવાર થયું છે; અને ચામડીમાંનું પાણી સુકાઇ જાય નહિ તે માટે તે છાંયડામાંજ વસે છે. દેડકાની ચામડી ઘણીજ પતળી હોય છે. તેના પેટ ઉપરની નેસો અને પગ ઉપરની નેસો સૂક્ષમદર્શક યંત્રમાંથી જોતાં તેમાનાં રૂધિરા ભિસરણ તદન સ્પષ્ટ જણાય છે.

દેડકો કરડનાર પ્રાણી નથી, તથાપી તેના મ્હોમાં નાહના નાહના ૮૦ દાંતો હોય છે. તે પોતાનું ખાણું કદી ચાવી ખાતો નથી, પણ ગળે છે.

દેડકાની જીભ લાંબી ને તે નાગણ જેવી ચંચળ હોય છે, તે ઉલટી એટલે મ્હોડાની આગલી બાજુએ ચોંહટેલી અને પાછલી બાજુએ છુટી ફરતી હોય છે. તે તેના મ્હોમાંથી જેવી બાહેર નિકળે છે તેવીજ ખોરાક મળતાં ઝટ માહે દાખલ થાય છે, અને તેનું પેટ ભરાતાં તે પેલી જીભ વિંટાળી મ્હોમાં રાખે છે.

ગ્રીસ, સીસીલી, સારડિનિઆ, ભૂમધ્ય સમુદ્રનો કાંઠો અને નાઇલ નદીને કાંઠે 'પેનતેડ ફ્રોગ' જાતનો દેડકો થાય છે, તેની ચામડીનો રંગ લીલો અથવા શેંતુરનો હોય છે, અને તેની ઉપર શોભાયમાન દાણા હોય છે. આ દેડકો મીઠા તેમજ ખારા પાણીમાં રહે છે, અને જીવજંતુ, કરોળીયા તથા ગોકળ ગાયનો એ ભક્ષ કરે છે. ઝાડ ઉપર ફરનારો દેડકો ઘણું કરી તાડના ઝાડ ઉપર નજરે પડે છે. એના વિશે કહે છે કે એ જે ડાંખળી ઉપર બેસે છે તેવો તે રંગ પકડે છે. આ દેડકો વરસાદની શરૂઆતમાં ઘણો કલો-

બકોર કરે છે, અને વર્સાદનું પેહેલું ઝાપટું પડતાં તે પિળો રંગ પકડે છે, જે ૧૫ દિવસ પછી નિર્મૂળ થાય છે.

દેડકો દર વર્ષે પોતાની ચામડી બદલે છે.

ફ્રાન્સ દેશમાં દેડકા ખાવાનો રેવાજ બધે બધ ચાલુ છે. પણ યૂરપનાં બીજાં રાજ્યો તેમને હસે છે; છતાં યૂનાઇટેડ સ્ટેટમાં એનો ખોરાક હાલમાં વધતો ખવાવા માંડ્યો છે. યૂનાઇટેડ સ્ટેટમાં દેડકા ઉછેરવાના ખાસ ખાતાં સ્થાપન કરવામાં આવ્યાં છે. યૂનાઇટેડ સ્ટેટ્સની સરકાર તરફથી નેમવામાં આવેલું ખોરાકમાં વપરાતી વસ્તુઓની તપાસ કરનારું કમીશન જણાવે છે કે યૂનાઇટેડ સ્ટેટમાં દર વર્ષે આસરે ૨૦,૦૦,૦૦૦, દેડકા પકડવામાં આવે છે, અને તેનાં પાછલા દાંત જેવા પગ ભૂખ મટાડવાના કામમાં લેવામાં આવે છે. દર વર્ષે આ દેડકાઓને ખાવાની પ્રિતી લોકોમાં વધતી જાય છે, અને તેને પકડનારાઓનેજ નહિ, પણ જેઓ મરઘીની માફક દેડકા ઉછેરેછે તેઓને પણ સારી કમાણી થાય છે. ખોરાક કમિશન જણાવે છે કે તેઓએ દેડકા ઉછેરવાના કામ પાછળ ૩,૦૦,૦૦૦ રૂપ્યાની થાપણ રોકી છે, અને દેડકા ખાનારાઓ દર સાલ રૂ. ૪,૫૦,૦૦૦નાં દેડકા ખાય છે.

ઝાડ ઉપર વસતા દેડકા મુખ્ય કરી અમેરિકામાં પુશકળ જણાય છે. એની ૨૦ જાત આસ્ટ્રેલીયામાં અને બે એશિઆમાં જણાઇ છે, પણ યૂરપમાં એની એકજ જાતના દેડકા જણાયલા છે. આ દેડકા પોતાનો રંગ ઘણી ઝડપથી તહેવાર રીતે બદલે છે.

દેડકા ઘણા વર્ષો સુધી હવા પાણી વિના પણ જીવી શકે છે. ઝાડના બકારામાંથી તથા બડકના પોલાણમાંથી લાંબા વખત સુધીનાં દટાયલા દેડકા મળી આવ્યા છે. ૧૭૯૦ માં 'વિન્ડસર' ખાતે જમીનથી ૯ ફીટ હેઠળ દટાયલો એક જીવતો દેડકો મળી આવ્યો હતો. ૧૭૭૯ માં 'કેસલ્ટન' ખાતે એક કિલ્લો બાંધતી વખતે જમીન ખોદતાં અંદરથી ઘણા દેડકા દટાયલા મળી આવ્યા હતા, જે મુએલા જેવા માલમ પડયા હતા; પણ બાહેર ખુલ્લી હવામાં આવતાં તેઓ જીવતા અને તંદરોસ્ત જણાવા લાગ્યા. ૧૭૮૮માં 'બર્લલિંગટન' ખાતે સેમ્યુઅલ લેન નામે ગ્રહસ્થ પોતાનાં ઘર આગળ કુવો ખણાવતો હતો, તે વેળા ૨૫ ફીટ હેઠળથી એક દટાયલો દેડકો મળી આવ્યો હતો, અને તેને ખુલ્લી હવામાં મેળતાં તે ફરી જીવતો થયો હતો. દેડકાનાં દિલમાંથી હૈડું (Heart) કાઢી લીધા છતાં તે કુદકા મારતું જીવી શકે છે.

દેનબધશાયર—ઉત્તર વેલ્સનો તાલુકો. ડી અને કૉનવેની વચ્ચે એનો સમુદ્ર કાંઠો ૮ મૈલ ને લંબાઇ ૪૧ મૈલની હોઇ તેનું જુમલે ક્ષેત્રફળ ૬૦૩ ચૌરસ મૈલ છે. જમીનનો મુખ્ય ભાગ પહાડી ને નાપીક છે. માત્ર કલેવાઇડનો નીચો ભાગ જે ૨૦ મૈલ લાંબો ને ૭ મૈલ પોહળો છે તેટલો ફળદ્રુપ ભાગ ગણાય છે. ઉંચામાં ઉંચા પર્વતની ટોંચ સમુદ્ર સપાટીથી ૨૫૬૩ ફીટ છે. અતરે કોલસો, લોહું, સ્લેટ, ચુનખડી, સીસું અને ત્રાંબાની ખાણો છે. મુખ્ય નદી "ડી, કૉનવે, એલવે, અને કલૉવૅડ" છે. આ દેશનો ૬ઠ્ઠો ભાગ ખેતીવાડી માટે રોકાયલો છે. અત્રે ઇમારતી લાકડાંની મ્હોટી પેદાયશ થાય છે. ૧૮૦૧ માં વસ્તી ૬૦૨૯૯ ની, ૧૮૪૧ માં ૮૮૪૭૮ ની ને ૧૮૯૧ માં ૧,૧૭,૮૭૨ ની હતી. અત્રેથી પાર્લામેંટમાં બે પ્રતિનિધીઓ મોકલવામાં આવે છે.

દેન્યુબ—યૂરપમાં બે બીજી મ્હોટી નદી કહેવાય છે. એની જુમલે લંબાઇ ૧૭૪૦ મૈલની હોઇ એનાં રોહનું ક્ષેત્રફળ લગભગ ૩૧૫૦૦૦ ચૌરસ મૈલ છે. પ્રથમ એ દક્ષિણ પૂર્વમાં વહી પછી ઉત્તર પૂર્વમાં ઉલ્મ સુધી વહે છે (૧૫૧૯ ફીટ ઉપર). ઉલ્મ ઉપર 'ઇલર' પાસે એનો સંગમ થતાં એ ૧૦૦ ટનના વહાણોના જાવઆવ

લાયકની બને છે. રેટસબોન નજદીક બે ઉત્તર તરફ વધી ત્યાંથી દક્ષિણ પૂર્વ વલાણ લીયે છે. ડેન્યૂબમાંથી ૪૦૦ શાખા નદી વહે છે, જેમાં ૧૦૦ શાખા વહાણોનાં જાવ આવ લાયકની છે. ૧૮૪૪ પછી ડેન્યૂબ નદીને રાહીન સાથે 'લુડવીગ'ની નેહેર જોડી નાખવામાં આવે છે.

દેપાલપૂર—દિલ્લીના પઠાણ રાજ્ય અમલ વેળા બે ઉત્તર પંજાબનું મુખ્ય શેહેર હતું. ફિરોજશાહનું બે અતિ માનીતું શેહેર હતું. તેણે શેહેર બાહેર એક મસીદ બંધાવેલી છે, ને સતલજની નેહેર આણી છે. તૈમૂરનાં સમયમાં તે મુલતાનથી નાહનું હતું; અને લાં ૮૪ કિલ્લા, મસીદો, કુવા વગેરે હતા. હાલમાં ઘણાખરા ખંડીયર હાલતમાં છે. જુના ભાગનો ૨½ મૈલ ઘેરાવો છે, પણ આગળ એથી પણ વધુ હતો. રાજા દેવપાળે બેની સ્થાપના કરેલી જણાવવામાં આવે છે. પણ તેનો શક જણાયલો નથી, છતાં તે ઘણો પ્રાચીન હશે એવું અનુમાન છે. ત્યાં જુના સિક્કા જડે છે, આ ઉપરથી તે ઈંડોસિથિયનનાં સમયનું હશે. ટૉલમીએ 'ડેડલ' નામે શેહેર સતલજ નદી ઉપર 'લેાએોલ્કા' અને 'અકબર' એમની દક્ષિણે હતું એમ લખેલું છે, તે બેજ હશે. હાલમાં ત્યાં ૩૪૩૫ ની વસ્તી છે.

દેબાર—મેવાડમાંનો આ અતિ ઉત્તમ કારિગરીથી બાંધેલો સરોવર ઉદેપૂરની દક્ષિણ પૂર્વે ૨૦ મૈલપર છે. અતરે અકબરે ફરીદખાનની સરદારી તળે મોકલેલાં સૈન્યને પ્રતાપસિંહે સખત હાર આપી હતી. ૧૮૬૧ માં દેબાર સરોવર રાજા જેસિંગે બંધાવ્યો હતો. એનું નામ તે તરફ જય સમુદ્ર છે. બે ૮થી ૧૦ મૈલ લાંબો ને ૧ મૈલ પોહળો છે. બે સમુદ્ર સપાટીથી ૯૬૦ ફીટ ઉપર છે.

દેબાલસિંધ—અથવા દેબાલ. મધ્યકાળ વેર સિંધુ ઉપરનું બંદર શેહેર દેબાલ હતું. તેનું સ્થળ હજી મુકરર કહેવાઇ શકાતું નથી. તે વિશે જૂદાં જૂદાં મતો છે, પણ ઇ. સ. ૧૮૦૦ ને સુમારે 'ક્રો' નામે સિંધ પ્રાંતમાં એક રેસિડંટ હતો, તેનું મત છે કે તે કરાંચી અને ઠઠ્ઠાની વચ્ચે ક્યાંય પણ હશે, અને તે ખરૂં છે. 'ધલિયટે' ચાચનામામાંનો ઉતારો લીધો છે, તેમાં લખે છે કે "સરનદિપના વાહાણો આશ્રય માટે દેબાલનાં કિનારા ઉપર આવી ચઢયા ત્યારે તેને 'ટંગામર' લોકોએ લુટયાં હતાં." આ ઉપરથી તે કિનારાપર હશે, અને ટંગામર પ્રજા કરાંચી અને લાર બંદરની વચમાં વસનારી હશે. આ ઉપરથી તે ક્યાંય પણ હશેજ. એટલે 'બધાર' અને 'ધાર' ના દક્ષિણ કિનારા ઉપર હશે એમ સિદ્ધ થાય છે. આ જગ્યા લારીબંદરની ઉત્તરે પાંચ મૈલ અને ભાંજુરની નૈઋત્યે ૧૭ મૈલ ઉપર છે; બે ઉપલી બીના સાથે મળે છે. ઇબ્નબૂતાત ૧૩૩૩ માં લખે છે કે "સિંધુ સમુદ્રને મળે છે ત્યાં, 'લાહારી' શેહેરમાં હું ગયો, ત્યાં તેની પાસેજ એક શેહેરના ખંડિયેરો હતા, ત્યાંના લોકો કહે છે કે ઇશ્વરકોપથી મનુષ્ય તથા પ્રાણીઓ ત્યાં પથ્થર થઇ પડેલાં છે." આ જગા ઉપલી સાથે મળે છે. આ દેશનો હજી સુધી શોધ નહિ થએલો હોવાથી ખંડિયેરો વિશે પણ કશું વર્ણન મળતું નથી. ઇબ્ન બૂતાતે લખેલી વાત અરેબિયન નાઇટસમાંની એક વાત સાથે મળે છે. સિંધના દેશી ઇતિહાસમાં રાજા 'ડિલુ' અને તેનો ભાઇ 'ચોટા' એમની તેવીજ કથાઓ પ્રસિદ્ધ છે. 'ચોટા' બે પોતે મુસલમાન થયો, તેથી તે ધર્તિકંપમાંથી બચ્યો. સિંધમાંના ઘણાક શેહેરો વિષે એવીજ વાતો જણીતી છે. બ્રાહ્મણાબાદ ઈ. સ. ૭૫૭ માં નાશ પામ્યું હતું. ઝોબીદાની વાત બલીફ હારૂન અલરશિદનાં સમયની (ઇ. સ. ૭૮૬–૮૦૯) છે.

'લારી' બંદર પણ હાલમાં રદ પડી પાસેજ 'ધારાજ' બે બંદર છે.

ડૅમપર—બૉઇલર ઉપરનું એક જોડકામ યંત્ર. એ ફલ્યુને છેડે જે દરવાજા મુકેલા હોય છે તેને 'ડૅમપર' કહે છે. ડૅમપર જ્યારે ઉઘાડવામાં આવે છે ત્યારે ફલ્યુમાંથી ધુમાડો ઝડપથી પસાર થઇ જાય છે, અને તેથ બાહેરની હવા બાર્સમાંથી દાખલ થાય છે, અને કોલસો ખુબ જોશથી બળવા માંડે છે. જ્યારે ડૅમપર બંધ કરવામાં આવે છે ત્યારે ધુમાડો બાહેર નિકળી જઇ શકતો નથી, અને તેથી કરીને બાહેરની હવા બૉઇલરમાં દાખલ થઇ શકતી નથી, અને આગ ધીમી પડી જાય છે.

ડૅમ્બિની—પ્રુશિયાનું આ પુરાણું શેહેર સ્ટ્રાલસંડની દક્ષિણે ૨૯ મૈલ ઉપર પીના નદીને કાંઠે છે. વસ્તી ૧૦૫૪૬ ની છે.

ડૅમોતિકા—આ યૂરપીયન તૂર્કસ્થાનનું શેહેર એદ્રિઆનોપલની દક્ષિણે રેલ માર્ગે ૩૧ મૈલ ઉપર છે. લોક વસ્તી ૮૦૦૦ ની છે.

દેરા ઇસમાઇલખાન—પંજાબ ઇલાકામાંનો એક જીલ્લો. એનું ક્ષેત્રફળ ૯૨૯૬ ચૌરસ મૈલ હોઇ, તેમાં વસ્તી ૪૪૧૬૪૯ ની છે. જીલ્લામાં ૭૪૬ ગામડાં છે. દર ચૌરસ મૈલે ૪૭ માનસની વસાહતની રાસ છે, અને વસ્તીમાં ૩૮૫૨૪૪ મોહમેદન તથા ૫૪૪૪૬ હિંદુઓ તથા ૧૬૯૧ શિખ છે. આ જીલ્લાની ૮૦૬૦૧૧ એકર જમીન ખેતીવાડી ખાતે રોકાયલી હોઇ તેમાં ઘઉં, બાજરી, જુવાર, શેરડી, તંબાકુ, બીજાં ધાન્યો, કઠોળ, તેલી બીયાં, કપાસ વગેરેનો મુખ્ય પાક થાય છે. આ જીલ્લામાં થંડી ૭૩ ડીગ્રીથી ૫૧ સુધી અને ગર્મી મે માસમાં ૧૧૪ ડીગ્રી વેર પડે છે; અને વર્સાદ પાંચથી ૮ ઇંચ માત્ર વર્સે છે. આ જીલ્લામાંથી વેહેતી ઇંડીસ નદી ઉપર ઉત્તર તરફની તેકડીપર બે પ્રાચીન કિલ્લા છે, અને તે કાફર કોટ (શાસ્ત્ર નિંદકોનો કિલ્લો) તરીકે ઓળખાય છે. આ કોટ ઉપરથી જણાય છે કે, તે પ્રાંતમાં ગ્રીસોબેકટ્રિઅન સત્તા હતી. તે વખતનો હોવો જોઇએ. હાલનું નામ પડવાનું કારણ એવું જણાવવામાં આવે છે કે ૧૫ મી સદીની આખેરીમાં એક બલુચી સરદાર 'મલીક ઇસરાએ' અત્રે ચઢાઇ કરી સત્તા સ્થાપી, અને તેના બે બેટા ઇસમાઇલખાન તથા ફતેહખાને અત્રે જે શેહેરો વસાવ્યાં તે હજી તેમનાજ નામે જાણીતાં છે; ત્યારથી ૧૮૧૫ સુધી આ જૂદા જૂદા ઇસ્લામી રાજ્યોની સત્તા સ્થાપીત હતી, પણ તે પછી રણજીતસિંગે અત્રે જીત મેળવી ૧૮૩૬ માં નોઆ નેહાલસિંગે ઇંડસ ઉતરી આ બધો જીલ્લો હાથ કરી શીખ સત્તા સ્થાપન કરી, પણ ૧૮૪૭ માં તમામ પંજાબ બ્રિટીશોની સત્તા તળે આવતાં આ જીલ્લો અધ્યાપી પર્યંત બ્રિટીશ સલતનતને તાબેજ રહેલોછે.

દેરાગાઝીખાન—બંગાલમાંના દેરાજટ પ્રાંતમાંનો જીલ્લો. એની ઉત્તરે દેરા ઇસમાઇલખાન, પશ્ચિમે સુલેમાન પર્વતો, દક્ષિણે ઉપલા સિંધની સરહદ, અને પૂર્વે ઇંડસ છે. એ ૧૯૮ મૈલ લાંબો ને ૨૫ મૈલ પોહળો છે; એનું કુલે ક્ષેત્રફળ ૪૫૧૭ ચૌરસ મૈલ છે. ૧૮૫૪ માં અત્રે વસ્તી ૨૩૮૯૬૪ ની, ૧૮૬૮ માં ૩૦૮૮૪૦ ની અને ૧૮૮૧ માં, ૩૬૩૩૪૬ ની હતી. તેમાં ૬૦૩ ગામડાં તથા શેહેરો છે. દર ચૌરસ મૈલે વસ્તી ૮૦ ની, દર ચૌરસ મૈલે ગામડાં ૧૩; અને દર ચૌરસ મૈલે ૧૮ માણસો વસે છે. લોક વસ્તીમાં ૪૬૬૯૭ હિંદુ, ૩,૧૫૨૪૦ મોહમેદન અને ૧૩૨૬ શીખો છે.

આ જીલ્લામાં લોહું, ત્રાંબુ તથા જસતની ખાણો હેવા છતાં તે હજી ખણી કાઢવામાં આવતી નથી, તેમજ કોલસાની પહાડની બાજુમાં અનેક ખાણો મળી આવેલી હોવા છતાં હજી તેમાં બોદકામ ચાલુ કરવામાં આવ્યું નથી. તેમજ અત્રે જમીનમાંનું મીઠું અને સુરોખાર પણ બને છે, તેમજ અત્રેનાં પર્વતમાંથી મળતી 'મુલતાની મીટ્ટી' સાબુ તથા દવા બનાવવામાં વપરાય છે. અત્રે સાજીખાર પણ પુશ્કળ બને છે.

આ જીલ્લાની જમીનનો ૧૦,૮૬,૪૧૩ એકર ભાગ ખેતીવાડી ખાતે રોકાયલો હોઇ તેમાં ઘઉં, ચોખા, જુવાર, બાજરી, કાંગ, મકાઇ, જવ, કઠોળ, મોથ, માટાર, માશ, મુંગ, મસુર તેલી બીયાં વગેરેનો મ્હોટો પાક થાય છે, તેમજ ૩ માટે ૯૯૫૪૫ એકર અને ચુલી માટે ૧૧૬૫૫ એકર જમીન રોકાયલી છે. અત્રે ૮ થી૧૦ ઇંચ વર્સાદ પડે છે.

આ જીલ્લામાં ૪૦ સ૦ ૭૧૨ માં મહમદ કાસીમે આવી પ્રથમ જીત મેળવી ત્યારથી તે ૧૮૨૭ સુધી જૂદા જૂદા મોહમેદન રાજ્ય કર્તાને તાબે રહ્યું હતું, પણ ૧૮૨૮ માં તે શિખ સરકારને હાથ ગયું ને ૧૮૪૮ માં શીખ રાજ્યપર બ્રિટીશ સત્તા સ્થાપીત થઇ ત્યારથી આજ સુધી એ બ્રિટીશ સરકારનેજ તાબે છે.

દેરાગાઝીખાન નામ ઇ૦ સ૦૧૪૭૫ માં ગાઝીખાન નામના રાજ્યકર્તા પરથી તેનું હાલનું નામ ચાલુ પ્રચારમાં આવ્યું.

દેરાગાઝીખાન—ઉપલા જીલ્લાનું મુખ્ય શેહેર. વસ્તી ૨૨૩૦૯ ની છે, તેમાં ૧૦૧૪૦ હિંદુ અને ૧૧૬૮૭ મોહમેદનો તથા ૪૧૩ શીખ છે. આ શેહેરની પૂર્વ હદપર કારતૂરીની નેહેર વહે છે. ૧૮૫૮ માં આ શેહેરને રેલથી બચાવવા માટે મ્હોટા બંધ બાંધી બચાવના બાંધકામો ઉભારેલાં છે. અત્રેનો નિકાશ વેપાર ચુળી, અફીણ, ખજુર, ઘઉં, ઇ, બાજરી, ઘી અને ચામડાનો છે, તથા આયાત વેપાર ખાંડ, કાપુલી ફળો, ઇંગલીશ પરચુરણ સામાન, ધાતુ, મીઠું વગેરેનો છે.

દેરાનાનક—ગુરદાસપૂર જીલ્લામાં બતલા તેહેસીલમાંનું ગામ. વસ્તી ૫૯૫૬ ની હોઇ, તેમાં ૧૫૨૧ હિંદુ, ૨૪૦૯ મોહમેદન, ૨૦૨૬ શિખો વસે છે. એ નદી કાંઠે વસાયલું છે. બાબાનાનક પેહેલો શીખ ગુરૂ આ શેહેર સામેના 'પાખોકે' ગામમાં જન્મી ત્યાંજ મરણ પામ્યો હતો; પણ આ ગામડું રેલમાં વહી જવાથી નદીને બીજે કાંઠે જઇ તેઓએ હાલનુ દેરાનાનક વસાવ્યું હતું. અત્રે બાબાનાનકના માનાર્થે એક સુંદર મંદીર બાંધેલું છે. અત્રે શાલ વણવાનો ઉદ્યોગ સારા પાયા ઉપર ચાલે છે; તેમજ આ ગામમાં ખાંડ તથા રૂનો નિકાશ વેપાર ચાલુ છે.

દેરાદ્યાયા—અરબસ્તાનમાંનું આ શેહેર મક્કાની ઉત્તર પૂર્વે ૪૫૦ મૈલ ઉપર વાહાબીઓનું મુખ્ય શેહેર છે. અત્રે વાહાબીઓની

૬૦૦૦૦ની વસ્તી હતી, પણ ૧૮૧૯માં ઇબ્રાહિમ પાદશાહે તેનો નાશ કર્યો હતો.

દેલ્ફથ—દક્ષિણ હૉલંડનું આ પુરાણું શેહેર રોટર ડૅમની ઉત્તર પશ્ચિમે ૮ મૈલ ઉપર છે. અત્રેનો સુંદર ટૌન હૉલ ૧૬૧૮માં બાંધવામાં આવ્યો હતો, કે જેની બાંધણી અને માહેલો સણગાર જોવાજોગ છે. અત્રે ગલીચા, પીપ, ટોપલી વગેરેનાં કારખાના છે. ૧૮૭૬માં વસ્તી ૨૩૮૦૪ની ને ૧૮૯૨માં ૩૦૩૯૮ની હતી.

દેલ્ફી—આ પુરાણું ગ્રીક શેહેર ફોસીસમાં છે. આગળ આ શેહેર એપોલો દેવતાની દેવવાણી જાણવા માટે જાણીતું હતું.

હાલમાં આ શેહેરની બાજુમાં 'કાસત્રી' નામે ગામ છે.

દેલમન—ઉત્તર ઇરાનનું આ શેહેર તાબ્રિઝની પશ્ચિમે ૭૫ મૈલ ઉપર છે. વસ્તી ૬૦૦૦ની છે.

દેલહૌસી જેમ્સ એન્ડ્રૂ બેરન રામસે. ૧ લો અર્લ.—અને દેલહૌસીનો ૧લો મારકિવસ. જન્મ ૧૮૧૨ માં ૨૨ એપ્રેલે થયો. એણે 'હેરો' ખાતે વિદ્યા અભ્યાસ સંપાદન કર્યો હતો, અને તે પછી વધુ અભ્યાસ ક્રિસ્ચીયન ચર્ચ, ઑકસફર્ડમાં કરી ૧૮૩૮માં એમ. એ. ની પદ્વિ મેળવી. એના બે વડા ભાઈઓનાં મોહોતથી એ ૧૮૩૨ માં લૉર્ડનો ખેતાબ પામ્યો. એ ઇંગલંડના પ્રધાન મંડળમાં દાખલ થઇ ૧૨ જનેવારી ૧૮૪૮ થી ૧૮૫૬ માં ૨૬ મી ફેબ્રુવારી સુધી હિંદુસ્તાનનાં વૉઇસરૉય તરીકેનો મ્હોટો દરજ્જો પામ્યો હતો. હિંદુસ્તાનમાં એણે પોતાની કુશળતા, દમામ અને દોરથી મજબૂત છાપ માર્યો હતો. પણ એની રાજનિતીથી હિંદના રાજા તથા સીપાહો ઘણા બેદિલ થયા હતા. એણે જે રાજા નિપૂત્ર મરણ પામે તેને અત્રેનાં પુરાણા રેવાજ મુજબ દત્તક નહિ લેવા દેતાં તેનું રાજ્ય ખાલસા કરવા માંડ્યાથી મોટો બળવો ઉઠ્યો હતો. પ્રથમ મુલતાનમાં ખુનામર્કિ ચાલી, જેમાં મૂલરાજે મુખ્ય ભાગ લીધો હતો, પણ તેમાં શીખ સિપાહો હારતાં પંજાબને બ્રિટીશ રાજ્ય સાથે જોડી નાખવામાં આવ્યું. ૧૮૫૨ માં બરમા સાથે બ્રિટીશ લશ્કરને લઢાઇમાં ઉતરવું પડ્યું, તેમાં પેગુ હિંદુસ્તાનની સત્તા તળે આવ્યું. એના અમલમાં 'લેજીસ્લેટિવ કૌન્સીલ'નું નવું બંધારણ કાયદાથી

બંધાયું, કેદખાનાની હાલત સુધરી, હિંદુસ્તાનમાં ટપાલખાતાની બોહોળી સગવડ કરવામાં આવી, અને સરખે દરે કાગળ પત્રો બધે પોંહચાડવાની નવી રીત શરૂ થઇ; તેમજ બધે રેલવે લાઇનોનો વધારો કરી ઇલેકટ્રિક ટેલિગ્રાફની શરૂઆત થઇ. આ વેળા ૧૮૫૩ થી ૧૮૫૬ સુધી ૪૦૦૦ મૈલ સુધી ટેલિગ્રાફ લાઈન નખાઇ હતી. એનાજ અમલમાં પંજાબથી દિલ્લી સુધી વેપારની સવળતા માટે મ્હોટા રસ્તા બંધાયા. જંગલખાતાંની માપણી કરાવી. ગંગા નરબદા તથા ઇંડસના જળ માર્ગનો વેપાર વધાર્યો. તેમજ ગંગાની નેહેરનું પ્રથમ બાંધકામ એનાજ અમલમાં શરૂ થયું હતું. લૉર્ડ ડેલહૌસીએ કૉલેજોની સ્થાપના કરાવી, મુખ્ય સિવીલ ઇજીનિયરિંગનો વર્ગ ઉઘાડ્યો, ફૌજદારી તથા દીવાની બંધારણમાં એનાજ અમલમાં મ્હોટો સુધારો વધારો થયો હતો. તેમજ જૂદા જૂદા ઇલાકાના ગવરનરે તથા દરેક પ્રાંતના વડા અમલદારે ગવરનર જનરલ ઉપર વાર્ષિક રિપોર્ટ ઘડી મોકલવાની નવી પદ્ધતિ શરૂ કરી જેથી તમામ દેશના રાજ્યવહિવટ ઉપર પુરતો કાબુ અને નજર રહી. પંજાબમાં લૉર્ડ ડેલહૌસીએ મેળવેલી જીતથી ૧૮૪૯ માં તેને મારકિવસનો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો, અને ૧૮૫૬ માં પોતાને દેશ જતી વેળા ઇસ્ટ ઇંડીયા કુંપનીએ તેને ૫૦૦૦ પૌંડનું વાર્ષિક પેનશન બાંધી આપ્યું. એનું મરણ ૧૮૬૦ માં ૧૯ મી ડીસેંબરે નિપજ્યું હતું.

ડલહૌસી—પંજાબમાં ગોરખપૂર જીલ્લાનાં પહાનકોટ તેહેસીલમાંનુ એક હવા ખાવાનું મથક, લશકરી છાવણીવાલું શેહેર છે. આ પર્વત રાવી નદીનાં પૂર્વ ભાગમાં હિમાલયના હારમાં ત્રણ પર્વતોપર સપાટ ભાગમાં વસાયલું છે. પહનકોટથી ઉત્તર પશ્ચિમે ૫૧ ને ગોરખપૂરથી ૭૪ મૈલ ઉપર છે. સમુદ્ર સપાટીથી ૭૬૮૭ ફીટ ઉપર છે. પૂર્વ તરફનો દીનકુંડ નામે પર્વત ૯૦૦૦ ફીટની ઉચાઇ ઉપર બારે માસ બરફથી છવાયલો રહે છે. અત્રેની ખુબ્રતિ મનોહરતા ઘણીજ મનોહર દિસે છે.

પ્રથમ અત્રે લશકરી છાવણીનું મથક બનાવવા માટે લૉર્ડ નેપિયર મગદલ્લાએ ૧૮૫૧ માં સરકારને ભલામણ કરી. આથી ચંબાના રાજા પાસથી ખિટીશાએ આ પર્વત વેચાતો લઇ ૧૮૫૪ માં ત્યાં પ્રથમ મથક કર્યું. ૧૮૬૦ વેર અત્રે સુધારો અને વ્યવસ્થા કરવામાં આવી ન હોતી. એજ વર્ષમાં ગુરૂદાસપૂર જીલ્લામાં સામેલ કરવામાં આવતાં અત્રે રસ્તાઓ બાંધી ઇમારતો બાંધવાની શરૂઆત કરવામાં આવી. હાલમાં અત્રે કચેરી, તીજોરી માતું, પોલીસ થાણું, પોસ્ટ ઑફીસ, દવાખાનું, દેવળ અને અનેક હૉટેલો છે. અત્રે કેક યૂરોપીયન કંપનીએ બીઅર દારૂની ભઠ્ઠી પણ બાંધી છે, અત્રેની મ્યુનિસિપાલીટીની વાર્ષિક ઉપજ ૮૨૯ પૌંડ ને ખર્ચ ૬૪૨ પૌંડનો છે. સિરાનમાં અત્રે વધારે વસ્તી હોય છે.

ડેલાગોઆબે—આ પોર્તુગીજ સત્તા તળેની બાડી આફ્રિકાના દક્ષિણ કિનારા ઉપર ઇંડીયન ઓશનની એક શાખા ગણાય છે. એ ૨૫ મૈલ પોહળી દક્ષિણ આફ્રિકામાં એક ઉત્તમ બંદર ધરાવે છે. અત્રે અનેક નાહના મ્હોટા ટાપુઓ આવેલા છે, જ્યાંની હવા સારી ગણાતી નથી. ડેલાગોઆબેમાં માપુતા, તમ્બે, ઉમ્બલોસી અને કોતાતી નદી પડે છે. એમાં પેહેલી બે નદી વહાણોને સફર કરવા લાયકની છે. અત્રેથી એક રેલ્વે શાખા (૨૯૩ મૈલની) પ્રિટોરીયા સુધી લંબાવવાની યોજના ૧૮૮૭ માં લંડનમાં ઉભી કરી તેનું કામ શરૂ કરી ૧૮૮૮ માં તેનો મ્હોટો ભાગ ખુલ્લો મેળવ્યો હતો, અને હાલમાં ડેલાગોઆબે સાથે રેલ્વે દ્વારે પણ જાવ આવ થવા યોગ્ય રેલવે માર્ગ ચાલુ થયો છે.

ડેલાદા—કેંડીના 'માલગાવા' ના મંદીરમાં બોહના શબનાં બાકીનાં રહેલા કેટલાક ચિન્હો જોવામાં આવે છે તે ૪૦ સ૦ પૂર્વે ઓરિસાના રાજવંશીઓ તેને પૂજતા હતા, અને તે આગમજ એ જગન્નાથના મ્હોટા મંદીરમાં જાળવી રાખવામાં આવ્યા હતા. સિલોનમાં ૪ થી સદીમાં એ જોવામાં આવ્યા હતા. સિલોનનાં બુદ્ધિસ્તોમાં એવી કથા છે કે જે કોઇ આ ચીજોની પાસબાની કરશે તે ભવિષમાં મ્હોટો શેહેનશાહ થશે. ચીનાઇ મુસાફર 'ફાહેન' જણાવે છે કે ૫ મી સદીમાં 'લંધાકા' માં આ રહેલા અવશેષની પૂજા કરવામાં આવતી હતી. તેણે તે વેળા તેનાં બાલ તથા દાંત દીઠા હતા. આ દાંતમાંનો એક ગીઝની તરફના અફઘાનિસ્તાનના રાજા 'નાકીયા' એ જાળવી રાખ્યો હતો.

(દેવ—જુઓ દેવા)

દેવઉઠી અગિઆરસ—અથવા પ્રબોધિની. ચાતુર્માસમાં દેવતા નિંદ્રાવશ થાય છે તેમને ઉઠાડવાનો દિવસ. કોઈ કા૦ શુ૦ ૧૧ સ અને કોઇ બારસ પકડે છે. વિશેષ કરી વિષ્ણુને ઉઠાડવાનો વિધી છે. તેની પૂંજા કરી ઘંટ નાદ કરી તેને જાગૃત કરતી વેળા આ મંત્ર જપે છે.

હિંદુસ્તાન તરફ એને 'દેવઉઠાવન' કહે છે, અને એકાદશિને ઉત્થાન એકાદશી કહે છે. આ અગિઆરસ સર્વેથી મ્હોટી ગણાતી હોવાથી તે સર્વે કોઇ પાળે છે.

કાર્તિક મહાત્મમાં એના વિષે એવી કથા છે કે, " મત્સ્ય યુગના અંતે 'માયા પુરી' નગરમાં દેવશર્મા નામનો બ્રાહ્મણ રહેતો હતો, તેને ઘડપણમાં ગુણવંતી નામની એક પુત્રી થઇ, જેણીને તેણે પોતાના ચંદ્ર નામના એક શિષ્ય સાથે પરણાવી. સસરા જમાઇ એક દિવસે દર્ભ, બિલપત્ર લેવા અરણ્યમાં ગયા, જ્યાં રાક્ષસે તેમનો વધ કર્યો. તે બનાવ પછી ગુણવંતિએ ભક્તિમાં જીંદગી ગાળવા માંડી અને વ્રત અપવાસ કરવા લાગી. કાર્તિક શુદ્ધ અગિઆરસનો અપવાસ કરી બારસે તેણી ગંગા સ્નાન કરવા ગઇ. સ્નાન કર્યા પછી નદી કિનારે ઉભી હતી તેટલાં વિષ્ણુ વિમાનરૂઢ થઇ ત્યાં આવ્યા અને સતીને વૈકુંઠમાં લઇ ગયા. તે ગુણવંતી કૃષ્ણ અવતારમાં સત્યભામાં અને તેણીનો પિતા સત્રાજીત તથા પતિ ચંદ્ર અક્રૂર બન્યા.

દેવકલ્પ—બ્રહ્મ દેવતાનો ૬ ઠ્ઠો દિવસ અથવા કલ્પ.

દેવકી—દેવક રાજાની કન્યા અને વસુદેવની સ્ત્રી. એને કૃષ્ણ વગેરે સાથે ૮ પુત્રો થયા હતા. (જુઓ કૃષ્ણ.)

દેવગઢ—એનું પ્રાચીન નામ દેવગિરિ. એ એક કિલ્લો છે. આ કિલ્લો અશોકે યુધિષ્ઠીર શકના ૧૭૫૦ મે વર્ષ બાંધ્યો હતો. આ વેળા યુધિષ્ઠીર વંશમાનો નિમિ રાજા કોશાંબિમાં રાજ્ય કરતો હતો. મુસલમાની રાજાઓએ આ શેહેરને દૌલતાબાદ નામ આપ્યું હતું. એનું ઉત્તર અક્ષાંસ સુમારે ૨૦° અને પૂર્વ રેખાંશ ૭૬° છે.

દેવગિરિ—હિંડોલ રાગની આ સ્ત્રી રાગણીની ઉત્પતિ સ્વર્ગમાં દેવતાઓથી થઇ છે. એની જાતી સંપૂર્ણ છે, યાને તેમાં ખરજ શુદ્ધ, રિખવ તિવ્ર, ગંધાર તિવ્ર, મદ્ધમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત તિવ્ર, નિખાદ તિવ્ર છે. એનો ગાવાનો ઠેઠવેલો વખત ૩જા પોહોરનો છે. આ ભાર્યા પૂરખી, સારંગ અને શુદ્ધ રાગથી મિશ્ર છે. ત્યારે કેટલાકો તેને બિલાવલથી મિશ્ર જણાવેછે.

દેવચંદજી—આ ધર્મ પ્રવર્તક જ્ઞાતેકાયસ્ત સંવત ૧૬૩૦ નાં આસો શુદ ૧૪ ને બુધવારે મારવાડ અને સિંધની વચ્ચે, અમરકોટ નામનું ગામ છે ત્યાં જનમ્યો હતો. એના પિતાનું નામ ચતુર્ભોહેતો હતું. એ નાહનપણમાં સિંધી તથા ફારસી શિખ્યો હતો. એનો પિતા રાધાવલ્લભી સંપ્રદાયનો હતો. એ ૧૨ વર્ષનો થયો ત્યારે એના માતપિતાએ એને ભૂજમાં પરણાવ્યો હતો. એ પોતાના બાપની સાથે નિત્ય કથા સાંભળવા જતો, તેથી એની શ્રીમદ ભાગવત ઉપર શ્રદ્ધા બેઠી અને કથા સાંભળવાની હોંહે લાગી, આથી એને બીજો ધંધો સુજ્યો નહિ. તેથી એના બાપે તે કથા કેહેનાર હરદાસજીની પાસે એને કહેવાડ્યું કે, " હવે તમે ગૃહસ્થાશ્રમ લેઈ બેઠા માટે મ્હારી પાસે આવવું કમી કરવું. " એણે વિનંતી કરી કે, "માહારાજ મ્હારે કાંઇ સેવા જોઇએ." તે ઉપરથી હરદાસજીએ બાલકૃષ્ણજીની મૂર્તિ આપી તેની એ નિત્ય સેવા કરતો. કેટલાએક દિવસ પછી એ પોતાનાં માબાપને લેઇને જામનગર જઇ રહ્યો. ત્યાં પણ ૧૪ વર્ષ સુધી એણે વૈષ્ણવ ભાટીયા મહાજનના મંદિરમાં કથા શ્રવણ કરી. પછી એવી વાત જાહેર કરી કે " મને ઠાકોરજી પ્રસન્ન થયા અને સાક્ષાત સ્યામ સુંદરજીએ દર્શન દેઇને મને આજ્ઞા કરી છે કે તમે માહરા ભક્ત છો, માટે અમારા ભગવત ભાવનો સૃષ્ટિમાં પ્રસાર કરો. " એવી વાત ચલાવીને ભાટીયા, લુહાણા, વાણીયા, ક્ષત્રિય, વગેરે લોકોને પોતાના શિષ્ય કરવા લાગ્યો. થોડા વખતમાં ૧,૦૦,૦૦૦ થી વધારે શિષ્ય થયા પછી ત્યાં એણે મ્હોટું મંદીર બાંધ્યું.

એનો એક ઢોંગી ચંચળ શિષ્ય હતો તેનું નામ 'મેહેરાજ' હતું. તેણે પાછળથી પોતાને નામનો સંપ્રદાય ચલાવ્યો, જે મેહેરાજ પંથને નામે પ્રસિદ્ધ છે, એ પંથ નિકળવાથી અને દેવચંદજીના છોકરા પરાક્રમ વગરના નિવડવાથી એમનો રાધાવલ્લભી પંથ

નહિ જેવો થયો છે. દેવચંદજી સંવત ૧૭૧૨ ના ભાદરવા શુદ ૧૪ ને દિને ૭૪ વર્ષની વયે મરણ પામ્યા હતા. એની પાછળ એનો છોકરો બિહારીજી ગાદીએ બેઠો. હાલમાં એની સાતમી પેઢી જામનગરમાં છે. એણે તથા એના વંશજોએ બનાવેલા એના સંપ્રદાયના પ્રસિદ્ધ ગ્રંથ નીચે મુજબ છેઃ— શ્રીમદ ભાગવતના દશ સ્કંધના પાંચમા અધ્યાય ઉપર ટીકા (સંસ્કૃતમાં), વેદ સ્તુતિ ઉપર ટિકા, શ્રીમદ ભાગવતના પેહેલા અને બીજા સ્કંધ ઉપર ટીકા, તારતમ્ય પ્રકાશ એટલે રાધાકૃષ્ણનું વર્ણન અને ભગવદ ગીતા ઉપર ટીકા.

દેવદાર—એના વિશાળ વૃક્ષ હિમાલય પર્વત, બરમા, બંગાલ અને પીનાંગમાં ઉગે છે. આ ઝાડને જોઇએ તેવી જમીન મળી હોય તો તે ઘણું ઉંચું વધે છે. ૩૦ થી ૪૦ વર્ષનું થતાં એનીપર ફળો આવવા માંડે છે. દેવદારનું ઝાડ ૧૦૦ થી ૧૫૦ વર્ષ જીવે છે. જેમ જેમ એનું ઝાડ જુનું થાય છે તેમ તેમ તે મજબૂત થઇ ઉપયોગી બને છે. સાગ કરતાં એનું લાકડું ઘણું હલકું છે. એના લાકડામાંથી તરપેનટાઇન નિકળે છે. દેવદારમાંથી નિકળતાં તેલને 'કિલાન્ક્ષ તેલ' કહે છે, અને તેનો ઉપયોગ જુની ત્વચાના રોગ ઉપર તબીબો કરે છે. ડૉ૦ ગિબ્સ અને જોનસ્ટને એક દર્દીના અંગપર પારો ચુડી નિકળતાં રોજ એનું ૪ માસા તેલ ખાવા આપતાં દરદ દૂર થયું હતું. ભદ્રદારૂ ને દેવદારૂ એ પણ એક જૂદીજ જાત છે.

દેવ દીવાળી—કાર્તિક શુદ ૧૧ ને પ્રબોધની અથવા દેવ દીવાળી કહે છે. પ્રબોધ એટલે જાગવું. એ દિવસે વિષ્ણુ જાગે છે, તેથી તેને પ્રબોધની કહે છે. વિષ્ણુની મુખ્ય તિથી અગિયારસ તથા બારસ ગણાય છે; તે દિવસે દેવાલયોમા રોશની કરવામાં આવે છે તેથી તેને દેવ દીવાળી કહે છે.

ભવિષ્યોતર પુરાણમાં કહ્યું છે કે "આષાઢ શુદ ૧૧ ની રાત્રે પ્રભૂ પોઢે છે. કાર્તિક શુદ ૧૧ ને દિવસે પ્રભુ જાગે છે, અને ભાદરવા શુદ ૧૧ ને સાંજે પડખું ફેરવે છે. આ ઉપરથી ૪ મહિનાથી પોઢેલા પ્રભૂને વીધી પ્રમાણે જગાડવા કહ્યા છે. બ્રાહ્મણ પુરાણમાં કહ્યું છે કે કાર્તિક માસમાં શુદ ૧૧ ને દિવસે શ્રધ્ધા ભક્તિ યુક્ત થઇને પોઢેલા ભગવાનને રાત્રે જગાડવા. તે વખતે નાચ, કિર્તન, ગાયન કરવાં. મૃદંગ, વિણા, નગારાં વગેરે વજાડવાં ને ઋગવેદ, યજુરવેદ, સામવેદના માંગલિક મંત્રો પુરાણનાં વચનો ભણાવવા.

દેવનગરી—હિંદુસ્તાનમાં વપરાતી એક લિપિ. ૭મી સદીમાં આ લિપિ કાશમિરથી તિબેટમાં દાખલ થઇ હતી. આ ભાષા મુખ્ય કરી પ્રાચીન લેખોમાં વપરાયલી છે. આ લિપિનાં ઘણાખરા અક્ષરો હાલની જૂદી જૂદી હિંદુસ્તાનની ભાષામાં ચાલુ છે. આ લિપિમાં મુખ્ય કરી સંસ્કૃત ભાષા લખાતી હતી.

દેવનળ—મરના બેટા જેવા દેવનળનાં બેટા થાય છે. દેવનળનાં પાના વેળુનાં પાંદડાં જેવાં હોય છે. દેવનળની જડાઇ પણ બરૂ જેવડીજ હોયછે. આ દેવનળ પોકળ હોવાથી તેના નળા બનાવે છે. વન ઔષધિમાં દેવનળની યોજના કરેલી છે.

દેવપોઢી એકાદશી—અથવા આષાઢી એકાદશી. આ એકાદશીને દિવસે શ્રી વિષ્ણુનો શયનોત્સવ કરે છે. શ્રી વિષ્ણુની મૂર્તિ સુવાડતાં મંત્રોચ્ચાર કરી તે દિવસે અપવાસ કરી જાગરણ કરે છે. એ ત્રણ દિવસનું વ્રત છે. આજ એકાદશિએ પંઢરપૂરના વિઠોબાની મોટી જાત્રા ભરાય છે. તુકારામ ભકતે સઘળા વ્રત કરતાં આ વ્રતનું માહાત્મ મોટું માન્યું હતું; પણ લિંગાયત ધર્મના જંગમો આ દિવસે ભોજન કરવામાં બાધ જોતા નથી.

દેવપ્રયાગ—ઘરવાલ જીલ્લામાંનુ એક ગામ. આ ગામ અલકનન્દા અને ભાગીરથીના સંગમ ઉપર સમુદ્ર સપાટીથી ૨૨૬૬ ફીટ ઉપર છે. ગામની નીચે સંગમ ઉપર નદીને ગંગા નામ પ્રાપ્ત થાય છે. અત્રેના યાત્રાસ્થળને હિમાચળ પણ કહે છે. અત્રેનું શ્રી રામચંદ્રજીનું ગંજાવર મંદીર દૂરદરમંદીનો નમુનો છે. અત્રે મુખ્ય દક્ષણી હિંદુ બ્રાહ્મણોની વસ્તી છે.

દેવબંદ—શાહારાનપૂરનું આ દક્ષિણ તેહેસીલદારીનું ક્ષેત્રફળ ૩૮૭ ચૌરસ મૈલ છે. આ ભાગ ખેતીવાડીથી રોકાયલો હોઇ તેમાં પૂર્વ જમાનાની નેહેર ફરી વળેલી હોઇ તેનો ૩૦૯ ચૌરસ મૈલ ભાગ ખેતીથી ભરપૂર છે. તેમાં લોક વસ્તી ૧,૮૦,૯૯૧ ની છે. જમીનની ઉપજ ૩૦૧૬૦ પૌંડની અને ગવર્નમેંટ

મેહેસુલ ૩૩૩૪૪ પૌંડની ઉપજે છે. બેહુતો તરફથી બેતીની મેહેસુલ ૩૮૫૨૨ પૌંડની ઉપજે છે.

ઉપલા તેહેસીલનું મુખ્ય ગામ દેવબંદ ૨૪૫ એકર ઉપર વસાયલું છે. તેમાં ૨૨૧૧૬ ની વસ્તી હોઇ, વસ્તીમાં ૯૩૨૫ હિંદુ, ૧૨૪૫૭ મોહમેદન અને ૩૩૨ જૈનો છે. આ શેહેર ૩૦૦૦ વર્ષ ઉપર વસાયલું જણાવવામાં આવે છે. અત્રેથી જ પાંડવો વનવાસ દરમ્યાન આવી મુકામ કર્યો હતો. અત્રેની દેવીના દર્શને ભાવીક હિંદુઓ આવે છે અને દર વર્ષે તેની મ્હોટી જત્રા ભરાય છે.

દેવ બાવળીયો—આ બાવળીના જાતનું વૃક્ષ છે, પણ એ બાવળ જેવડું મ્હોટું થતું નથી, તે છતાં એનીપર બાવળ જેવા કાંટા હોય છે. એના ઉપર પુલો બાવળ જેવાંજ પિળા રંગના આવે છે. આ ઝાડમાંથી લાખ નિકળે છે. હડખાયલા કુત્રાના ઝેર ઉપર દેવબાવળીયાનાં મૂળ અકસીર ગણાય છે.

દેવયાની—એક તારો. ધ્રુવ તારો અને ધ્રુવદર્શક તારાની વચમાંથી એક સીધી લીટી દોરતાં દેવયાની પાસેના મ્હોટા ચાર તારા પાસે પોંહચે છે, અને તેમાંનો પૂર્વે જે તારો છે તે દેવયાનીનાં માથાપર આવે છે, અને બાકીના ત્રણ તારા ઉચ્ચેશ્રવાના માથાપર આવે છે. આ વચલા તારાની આકૃતિ દેવયાનીના કમરબંદ ઉપર છે, અને છેલ્લો ત્રીજો તારો તેનાં પગ ઉપર છે. એની આકૃતિ સ્ત્રીની હોઇ તે કમરવેર નગ્ન છે, અને તેના હાથ પસારેલા છે. આ દેવયાનીને સાંકળથી જકડી પથ્થર સાથે બાંધેલી છે.

દેવલદેવી—કમલા દેવીની પુત્રી. કરણ વાઘેલો હાર પામતાં કમલા અલાઉદીનને હાથ કેદ પડી, ને દેવલદેવી કરણઘેલા સાથે નાહાસી ગઇ, તેવેળા દેવગીરીના રાજા રામદેવે તેની માગણી કર્યા છતાં નહિ પરણાવી; તેટલાં કમલાદેવીએ અલાઉદીનને કહી અલફખાનને સૈન્ય આપી દેવળદેવીને લાવવા મોકલ્યો. ત્યારે કરણઘેલાએ રામદેવ ઉપર દેવળદેવીને મોકલી; પણ માર્ગમાં તે મુસલમાનોને હાથે કેદ પડી યવનોને હાથ ગઇ. તે પછી તેના લગન શાહાજાદા ખીજરખાન સાથે થયાં. જ્યારે અલાઉદ્દીન મરણ પામતાં મલિક કાફુરે ખીજરખાનની આંખો ફોડી તેના કુટુંબની કતલ કરી, તે તેળા દેવળદેવીને પોતાના જનાનામાં મોકલી પોતાની સ્ત્રી બનાવી હતી.

દેવલાલી—નાશિક જીલ્લામાંનું એક બ્રિટિશ છાવણીવાલું હવાસીર મથક. અત્રેની વસ્તી ૩૦૦૦ ને સુમારેની છે. તેમાં દેશમુખ કુટુંબની મુખ્ય વસ્તી છે. આ ગામ નાશિકથી દક્ષિણ પૂર્વે ૪ મૈલ ઉપર છે. ગરમીમાં અત્રે અનાજના વેપારી મુંબઇના વકીલાતો એકત્ર થાય છે. અત્રેની છાવણી દક્ષિણ પશ્ચિમમાં ૩½ મૈલ ઉપર છે. ત્યાંની બરાખમાં ૫૦૦ સીપાહોને રહેવા લાયકની ગોઠવણ છે.

દેવસાવાર્ણિ—ચાલુ શ્વેત વારાહ કલ્પમા હવે પછી થનાર ૧૩મો મનુ. એનું મનવંતર એનાજ નામે ચાલી તે રતધામાને નામે પણ ઓળખાશે. એને ચિત્રસેન, વિચિત્ર વગેરે પુત્ર થશે, અને એના મનવંતરમાં સુકર્મા વગેરે દેવ અને તેમનો સ્વામિ દિવસ્પતિ નામે ઇંદ્ર થશે.

દેવ્હનપોર્ટ—૪૦ સ૦ ૧૮૨૪ આગમજ એને પ્લેમાથ ડૉકને નામે ઓળખતા હતા. પ્લેમાથની પશ્ચિમે ઉત્તર પશ્ચિમમાં બે મૈલ ઉપર છે. આ શેહેર ઉંચા મેદાન ઉપર વસાયલું છે. અત્રે ૧૬૮૯ માં ૩ જા વિલ્યમે પ્રથમ ગોદી બંધાવી; અત્રે પ્રથમ દર્યાઇ દારૂખાનું તથા તોપખાનું સ્થાપન કર્યું હતું. અત્રે વખતના વેહવા સાથે લગભગ ૬ ગોદીની ગોહવણ કરવામાં આવી છે, તેમજ અત્રે એનજીનીયરોંગ કૉલેજ, દરિયાઇ ખલાસીઓની બરાખ, કોઠીઓ, દારૂખાનું બનાવવાનું કારખાનું છે. અત્રે પાયદળ તથા લશકરી લશકરનું મુખ્ય મથક હોઇ લશકરીખાતાનાં વડા અમલદારોનાં મથકો છે. ૧૮૪૧ માં લોક વસ્તી ૩૩૮૨૦ ની ને ૧૮૯૧ માં ૫૪૮૦૩ ની હતી. અત્રેથી પાર્લામેંટમાં બે પ્રતિનિધિઓ મોકલવામાં આવે છે.

દેવ્હનશાયર—આ જાણીતો દેશ દક્ષિણ પશ્ચિમ ઇંગલંડમાં બ્રિસ્ટોલ અને ઇંગલીશ ચેનલ વચ્ચે છે. એની વધતામાં વધતી લંબાઇ ૭૦ મૈલની અને પોહળાઇ ૬૫ મૈલ ની છે. સમુદ્ર કાંઠો ૧૫૦ મૈલ હોઇ જુમલે ક્ષેત્રફળ ૨૫૮૬ ચૌરસ મૈલ છે. જેમાંનો ૬ ભાગ ખેતીવાડી ખાતે રોકાયલો છે. ઉત્તર કિનારો પહાડી હોઇ ત્યાં ૧૦૦૦ ફીટની ઉંચાઇની અનેક તેકડીઓ છે. એનો મુખ્ય

જળમય ભાગ બિડફૅાર્ડમે ૧૮ મૈલ પોહળો હોઇ ૮ મૈલ ઉંડો છે. જેમાં બે નદી આવી મળે છે. અત્રે ત્રાંબુ, સીસું, ટીન, લોહું, મેંગેનીજનો વેપાર બોહળો ચાલે છે. તેમજ બીજી ધાતુઓ પણ મળે છે. તેમજ ચીનાઇ કામ માટે કુંભારકામની મટોડી, ચૉક, ગ્રેનાઇટ, માબલ અને બનીજ ઝરા અનેક છે. દક્ષિણ તરફની આબો હવા મધ્યમ છે. અત્રેનાં ઘણાક મથકો તંદરોસ્તીના બાબમાં વખણાય છે. અત્રે લીંબુ નારંગીના ફળો ઘણા ઉત્તમ પાકે છે. દક્ષિણ તરફનો ભાગ બેહદ ફળદ્રુપ છે. અત્રે ઘાસચારો બિસ્યાર હોવાથી ઢોરો ઉછેરવાનો ખાસ ધંધો ચાલે છે. અત્રે ઢોરોમાં મેંઢા, બકરા, ટટ્ટુ વગેરે સારાં ઉછરે છે. તેમજ માછલી મારવાનો ધંધો સામુદ્ર કાંઠે ચાલુ છે. અત્રે લેસ, હાથમોજાં, કુંભારકામ, રસાયન પદાર્થ, સાબુ, કાગળ, બીર દારૂ તથા બીજી દારૂઓનાં અનેક કારખાના છે. મુખ્ય શેહેર એક્ષટર, પ્લેમૌથ, ડેવ્હનપોર્ટ, ટૉરકયૂવે, ટિવ્હરટન, બ્રેન્ટપેલ, શ્ટોનહૌસ, ટેવીસ્ટોક, ટિગનમૌથ, ટયૂટન, હાર્ટમૌથ અને બ્રિકસહેમ છે. વસ્તી ૧૮૦૧ માં ૩૪૦૩૦૮ ની, ૧૮૪૧ માં ૫૩૨૯૫૯ ની, ૧૮૯૧ માં ૬૩૩૮૪૮ ની હતી.

દેવા— = દેવતા. દેવી = સ્ત્રી દેવતા. આ બોલ સંસકૃત હોઇ દેવ= પ્રકાશ અથવા આકાશ, પવન ઉપરથી બનેલો છે. દેવને મળતો શબ્દ લેટીનમાં 'દયૂસ, ગ્રીક કયૂસ, જ્યૂપિતર દેવસ, હાલની ફારસી ને હિંદીમાં દેવ અને દેવલ એટલે દેવનું મકાન. શિવ પંથીઓ શિવને મહાદેવ યાને મ્હોટો દેવ ને તેની સ્ત્રી પાર્વતીને માહાદેવી કહે છે. દેવના સ્થાનકને દેવ + આલય ઉપરથી દેવાલય કહે છે. દેવા — સન યાને સૈન્યના દેવ. દેવર્ષિ યાને દેવરૂપિ. કૈલાસ, ઇંદ્રપુરી તથા સ્વર્ગમાં દેવતાઓનું મુકામ ગણાય છે. પશ્ચિમ એરિયન પ્રજાએ જ્યારે આર્ય પ્રજાને અરિનવએજેથી પૂર્વ તરફ હાંકી મેળવા તે વેળા આર્યનોનાં જે દેવતા હતા તેમને પ્રાચીન એરિયનોએ ધિક્કારી દેવને બદમસલતનાં પોતાના ગ્રંથોમાં જણાવ્યા છે, કે જે મુજબ હાલના જરતોસ્તીઓનાં ધર્મગ્રંથોમાં દેવને ધિક્કારભર્યો ગણ્યો છે, અને અહેરેમનના શરીકોને દેવ જણાવ્યા છે. આ દેવ શબ્દ તે પછી લેટીન, ગ્રીક, ઇટાલ્યન અને ફ્રેન્ચ ભાષામાં 'ડેવ્હીલ' શબ્દ બની શેહેતાન અર્થે વપરાયો છે.

હિંદુઓમાં ૩ પ્રકારના દેવતાઓ છે. ગ્રામ દેવતા, ઘર દેવતા ને ઇષ્ટ દેવતા. ગ્રામ દેવતામાં મુખ્ય કરી શૂદ્ર દેવતા સમાય છે. (જુઓ શૂદ્ર દેવતા.)

દેવાનાં પ્રિય તિષ્ય—આ સિંહલદ્વિપનો રાજા ઇ. સ. પૂર્વે ૩૦૭ માં થઇ ગયો. એ પેહેલાં વૈદિક ધર્મ પાળતો હતો, પણ બૌદ્ધના ઉપદેશથી બૌદ્ધ ધર્મી થઇ બૌધ ધર્મનો બધે પ્રસાર કર્યો હતો.

દેવી—જગદિશ્વર શક્તિનાં સ્વરૂપો અથવા એમાંનુ એક ઉત્પન કરનારી શક્તિ તે બ્રહ્માણી, સાવિત્રી, પાલણ કરનારી, તે વૈષ્ણવી અને સંહાર કરનારી તે રૂદ્રાણી; અથવા મહાસરસ્વતિ, મહાલક્ષ્મી ને મહાકાળી, આદિમાયા દેવીએ પ્રસંગોપાત ઘણાં રૂપ ધારણ કર્યાં છે; તે સર્વ દેવીયો છે. ૬૪ દેવી જોગણી પણ કહેવાય છે.

દેવોરા—શિરોઇનાં રાજવંશિની એક શાખા. એઓ શિરોય અને આબુનાં અધિપતિ છે. એઓ ચોહાન રજપૂતની એક શાખાના છે, આ દેવોરા શાખાનો મૂળ પુરૂષ આબુમાં વસતો હતો. જ્યાંથી તેના વંશજો અરાવલીથી અજમેર સુધી ફરી વળી તેઓએ નાદોદ, જાહલોર અને જોધપૂર વગેરે ઠેકાણે પોતાની સત્તા સ્થાપી, અને હજી આ શાખાના વંશજો કનોજમાં છે. શિરોઇ, આબુ, અને ચંદ્રાવતના દેવોરા પરમાર ટોળામાં મળી ગયા. રજપૂત કોમમાં રાથોર અને દેવોરા અતિબહાદુર ટોળો ગણાય છે. અચલગઢ એ પણ દેવોરા ઓનું એક બાંધકામ છે.

દેશાકરિ—અથવા દેશકાર, મેઘ રાગની આ ભાર્યા રાગણી ગાવાનો સમય પેહેલી રાતનો, તો કોઇ પાછલી રાતનો જણાવે છે. એની જાતી ઓડવ છે. મધ્યમ અને નિખાદ બે વર્જીત છે, અને ખરજ શૂદ્ધ, રિખવ તિવ્ર, ગંધાર તિવ્ર, પંચમ શૂદ્ધ, ધૈવત તિવ્ર, એ મુજબ પાંચ સ્વર આવે છે. એનાં ગ્રહસ્વર ખરજ ને ન્યાસ સ્વર ગાંધાર છે. આ રાગણી બિભાસને મળતી હોવાથી તેને ચોક્કસ સંભાળથી ગાવી પડેછે, એને કોઇ ઓડવ પણ કહે છે, તેમાં મધ્યમ વર્જ્ય છે, કોઇ સંપૂર્ણ પણ માને છે. તેમાં મધ્યમ અને નિખાદ બન્ને આવે છે.

એણીના પુત્રો ગંધાર ને સોહાન છે. આ શ્યામ સુંદરી મુખપર તલ, બદનમાં મોબર, ગળામાં મોતીની મુકતાફળ માળા, શરીરે ચંદનનો સુવાસ ઝરમર ઝરમર પરસેવો વરસે છે. ને તે પોતાનાં સજ્જન સાથે પ્રેમ કરે છે.

દેશાખ—સંગીત શાસ્ત્ર મુજબ આ રાગણી ગાવાનો સમય દિવસે ૧૦ વાગેનો છે. એની જાતી ખોડવ એટલે ખરજ શૂદ્ધ, ગંધાર તિવ્ર, મધ્યમ કોમળ, પંચમ શૂદ્ધ, ધૈવત તિવ્ર યા નિખાદ તિવ્ર, એ મુજબ ૬ સ્વર એમાં સમાય છે. એમાં ગંધાર કોમળ તથા નિખાદ બે આવે છે. ગ્રહસ્વર ખરજ તથા ગંધાર છે, અને આ રાગણી શંકરાભરણ કાનરા અને મલ્હારથી મિશ્ર છે. આ રાગણીની ૪ જાતિ છે.

૧–દેશાખ, ૨–ગુનસાખ, ૩–લચ્છાસાખ ને ૪ ભંવરસાખ. સંગીત શાસ્ત્રમાં રાગણીની રસિકતા અને ચલણ ઉપરથી તેનું અલંકારિક સ્વરૂપ દર્શાવવામાં આવે છે. એ મુજબ દેશાખ રાગણી બીહામણા સ્વરૂપ વાલી છતાં શોભાયતાં કાળા વસ્ત્રો પેહેરેલી, ગળામાં હીરાજડિત હાર, હાથે તલવાર, વીરરસથી મસ્ત, દેખાવે ઉચ્ચ હોઇ પતિ સાથે પ્રિતીમાં લીન થએલી હોવાથી પતીને પોતા પાસથી પરસ્ત્રી પાસે જવા નહિ દેતી હોય તેવી હઠીલાઇથી ઉભેલી, વાણી મધૂર બોલતી, કામબાણથી પતીને વિંધતી જણાય છે. કેટલાકો એનું સ્વરૂપ મલ્લ જેવું દર્શાવે છે. ને તેનો પોશાખ પુરૂષનો હોઇ બે બાજુ ઉપર ઘૂળ ચોંટેલી ને શરીરે રોમાંચ ઉભા થયાં છે. હાથમાં ખુલ્લી તલવાર, પેહેરવાનો ઝબ્બો ગળા પાસથી ફાટેલો અને પોતાના નાયકને બાથમાં પકડી ઉભેલી ઉગ્ર સ્વરૂપની ચિતારવામાં આવે છે.

દેશી—અથવા દેશ. સંગીત શાસ્ત્ર મુજબ દેવતાઓથી ઉત્પન થએલી આ રાગણી દિપક રાગની ભાર્યા. એ રાગણી ગાવાનો સમય દિવસના બીજા પોહોરનો, જાતી સંપૂર્ણ, યાને ખરજ, પંચમ શૂદ્ધ રિખવ અને નિખાદ તિવ્ર છે, બીજા સ્વરો કોમળ છે. તેમાં કોઇ નીખાદ પણ કોમળ ગણે છે. ગ્રહસ્વર મધ્યમ છે, વાદીસ્વર ખરજ છે, પંચમ સંવાદી સ્વર છે, ગંધાર અનુવાદી છે; કોઇ ઓડવજાતી પણ કહેછે, તેમાં પંચમ વર્જ્યછે.

આ રાગણી દેખાવે અતિ ખુબસુરત, લીલાં વસ્ત્ર પેહેરેલી, રસીક મધૂર સ્વર વાલી, યૌવન મદમાં મસ્ત છે. આ રાગણી પોતાના ઉધમાં પડેલા ધણી પાસે વિણા લઇ પોતાનો પ્યાર સરોદામાં દર્શાવતી ઉભી છે. બીજા વર્ણન મુજબ શરીરનો રંગ શ્વેત, મિશ્ર લાલ છે, વસ્ત્ર લીલાં પેહેરેલાં, હાથમાં પોપટ બેઠેલો હોઇ પોપટની વાતો અર્ધ નિંદ્રાવશ હાલતમાં સાંભળે છે.

દેસ્ટ—આ બેલજીયમનું શેહેર ડેમર નદી ઉપર એન્ટ વર્પની દક્ષિણ પૂર્વે ૩૭ મૈલ ઉપર છે. વસ્તી ૭૫૯૯ ની છે.

દેહગાન—અથવા દેહકાન. આ ટોળાને આર્ય પ્રજાના વંશજ તરીકે ઓળખાવવામાં આવે છે. આગળ તેઓ તમામ અફઘાનિસ્તાનમાં વસતા હતા; પણ હાલમાં કુનારના નીચ પ્રદેશમાં છે. એલફિન્સટન જણાવે છે કે તેઓ હિંદકીથી તદ્દન જૂદા, તેમજ તાજક ને મળતા નથી. એમને અફઘાનો દેહકાન કહે છે. આઇને અકબરી તથા બાબરનાં ગ્રંથમાં જણાવેલી 'લુધામ્યુની' ભાષા તેઓ બોલે છે. આ ભાષા ફારસી અને હાલની સંસ્કૃત તથા પુસ્તુના થોડા ભેળ સાથે બીજી અનેક ભાષાની ભેળથી બનેલી છે, પણ તેમાં મુખ્ય શબ્દોનો ભાગ સંસ્કૃત છે.

દેહેરા—મુખ્ય છાવણીવાલું આ દેહેરાદુન જીલ્લાનું શેહેર વાયવ્ય પ્રાંતમાં આવેલું છે. સમુદ્ર સપાટીથી ૨૩૦૦ ફીટ ઉપર છે. લોક વસ્તી ૧૮૯૫૯ ની છે, તેમાં ૧૩૩૦૭ હિંદુ, ૪૮૦૧ મોહમેદન ને બીજા પરદેશી છે. શેહેરનું ક્ષેત્રફળ ૨૩૧૫ એકર છે. સત્તરમી સદીમાં ગુરૂ રામરાયે આ શેહેર સ્થાપન કર્યું હતું. તેનું શેહેરમાં બંધાવેલું મંદીર ઉત્તમ કારૂરમંદીનો એક નમુનો છે, અત્રે તેહેસીલ, પોલીસ કચેરી, જેલ અને શાળા છે. ઉત્તર બણી યૂરપીયનોની વસ્તી છે, જેમાં તેમની ૬૦૦ ની સંખ્યા વસે છે.

દેહેરાદુન—વાયવ્ય પ્રાંતમાંનો જીલ્લો. એનું ક્ષેત્રફળ ૧૨૯૩ ચોરસ મૈલ છે. એની ઉત્તરે સ્વતંત્ર ગઢવાલ, પશ્ચિમે સરમૂર અને અંબાલા જીલ્લો, દક્ષિણે સહરાનપૂર અને પૂર્વે બ્રિટીશ ગઢવાલ છે. ૧૮૬૫ માં લોક વસ્તી ૧૦૨૮૩૧ ની, ૧૮૭૨ માં ૧૧૬૯૪૫ ની અને ૧૮૮૧ ૧૪૪૦૭૦ ની હતી, આ જીલ્લામાં ૯૦૬ ગામ તથા શેહેર છે. વસ્તીમાં ૧૨૫૨૨૩ હિંદુ અને ૧૬૫૨૭ મોહમેદન તથા ૨૦૨૫

ખ્રિસ્તીઓ છે.

આ જીલ્લાની ૧૦૬ ચૌરસ મૈલ જમીન ખેડાયલી છે, ૩૩ ચૌરસ મૈલ જમીન ખેડવા લાયકની અને ૧૦૨૧ ચૌરસ મૈલ તદન ઓસાડ છે. મુખ્ય પાક બાજરી, ઘઉં, ચોખાનો થાયછે. આ જીલ્લો વેપારનું મુખ્ય મથક છે.

આ જીલ્લાનું વાર્ષિક મેહેસૂલ ૨૮૧૬૨ પૌંડનું ઉપજે છે. જીલ્લામાં ૯ મેજીસ્ટ્રેટ ને દીવાની કચેરી છે. આ દેશમાં ૩૯ સરકારી શાળા છે, તેમાં ૧૨૪૭ વિદ્યાર્થિઓ છે, અત્રે ૫૭ થી ૭૫ ઈંચ વર્સાદ વર્સે છે, ત્યારે ત્યાંના કેટલાક મથકોમાં વધારે વર્સે છે. દેહેરામાં ૯૫ ઈંચ ને ભોગપૂરમાં ૧૨૩ ઈંચ ૧૯ દોકડા ને થંડી ૩૭ અંશથી ગર્મી ૧૦૧ અંશ સુધી પડે છે.

મસાઉરી કે જે સમુદ્ર સપાટીથી ૬૦૦૦ ફીટ ઉપરનું મથક છે ત્યાં થંડી ૨૭ અંશ થી ૮૦ અંશ પડે છે.

દ્વહેલી—(જુઓ દિલ્લી.)

દ્વહોમે—પશ્ચિમ આફ્રિકામાંનુ એક રાજ્ય. સ્લેવ્હ કોસ્ટથી થીયારૂબા સુધી લંબાયલું છે. અત્રેની જમીન ઘણી ફળદ્રુપ છે, અત્રે રૂમાંથી કાપડ બનાવવાના હાથે ચાલતાં કારખાનાઓ છે. આ રાજ્યની તવારીખ ઇ. સ. ૧૮૦૦ પછીનીજ જણાયલી છે. અત્રે 'ગેઝો' એ ૧૮૧૮ થી ૧૮૫૮ વેર રાજ્ય કર્યું હતું. અત્રેની લોક વસ્તી ૨૫૦૦૦૦ થી ૯૦૦૦૦૦ ની ગણાય છે. આ રાજ્યમાં ૧૪૦૦૦ નું લશકર છે. સમુદ્ર કાંઠે વસતી પ્રજા સર્પ પુંજા કરે છે. અત્રેનો રાજા સ્વતંત્ર છે, અત્રે દર અકટોંબરમાં એક બળીદાન આપવાનો તેહેવાર પાળવામાં આવે છે. તે પ્રસંગે કોઇ વેળા ૫૦૦ મનુષ્ય બળી આપે છે. પણ આ રેવાજ ૧૮૭૬ માં બ્રિટીશ સરકારે સખ્ત ઉપાય લઇ બંધ કરાવ્યો હતો. કારણકે અનેક પ્રસંગે ત્યાં બ્રિટીશ રૈયતનો પણ ભોગ આપવામાં આવતો હતો. ૧૮૯૨ માં દ્વહોમીનનાં લશકરને ફ્રેન્ચ કર્નલ ડોડે તદન હરાવી પોતાનું વડપણ સ્થાપન કર્યું હતું. એનું મુખ્ય પાયતખ્ત શેહેર 'અબોમે' છે, જ્યાં ૩૦૦૦૦ ની વસ્તી છે.

દૈત્ય—કશ્યપની દિતિ નામક સ્ત્રીથી ઉત્તપન્ન થએલા પુત્રો. એમાંના ઘણાકને દેવ સાથે નત્ય વેરભાવ હોય છે. તેઓ તપ કરી વર મેળવવામાં અગ્રિ આગ્રહિ ને બળમાં પૂરા, પણ એઓમાં પાપ બુદ્ધિ વિશેષ. કેટલાક દૈત્યો મોટા ભગવત થાને પ્રતાપવંત થયા છે.

દ્વાખમુ—જરતોસ્તીઓમાં મરણ પામેલા મનુષ્યના શબને ઠેકાણે પાડવાનું સ્થળ દ્વાખમાને નામે જાણીતું છે. પ્રાચીન કાળથી જરતોસ્તીઓમાં મરણ પામેલી લાશને જમીનમાં નૂહિ દાટતાં ખોરશેદ નગેરશની કરી તેના માંસનો ભક્ષ પક્ષીઓ પાસે કરાવ્યા બાદ તેમના હાડકાને એક અલાહેદી બંધીયાર ચણી લીધેલી જગામાં સાચવી રાખતા. તેને અસતોદન કહેતા (જુઓ અસતોદન); પણ અસ્તોદન જૂદા જૂદા બાંધવા પડતા હોવાથી યા તે માટે જૂદી જૂદી ગોઠવણ દરેકને કરવી પડતી હોવાથી રફતે રફતે આ રસમ ફેરવાતી છેક સાસાનીયન તખક્કાની શેહેનશાહતના જમાનામાં દ્વાખમાં બાંધવાની રૂઢી ચાલુ થએલી કહેવાય છે. કેમકે દ્વાખમામાં લાશને મેળવાથી તે ત્યાં પક્ષીઓ પાસે ખવાઇ જતાં યા સૂર્યના તાપ થી માંસ ખવાઇ જતાં, રહેલાં હાડકાં તેમાં કરેલી ગોઠવણ મુજબ વચલા કુવામાં પડી તેમાંથી ચાર તરફ કાઢેલી નીખના છેડેનાં ચાર પાતાળ કુવામાં વર્સાદનાં પાણીથી હાડકાં ધોવાઇ જઇ નીખ માહેલા ફીલટરમાંથી પાતાળ કુવા માહેલા ફીલટરમાં સર્વે હાડકાં પાણીની સાથે પચે છે. પણ આ ગટર તથા કુવામાં કોલસા અને રેતીના જાડા થર એવાતો ગોઠવેલા હોય છે કે જમીનમાં પચતું પાણી સ્વચ્છ હાલતમાં ગળાઇને પચે છે.

તેમજ દ્વાખમામાં મેળેલી લાશ ઘણી ઝડપથી, નિર્મૂળ થતી હોવાથી આ રૂઢી આરોગ્યતા જાળવનારી, અસરકારક, સ્વચ્છ અને સસ્તી છે એમ તેની ગોઠવણ ઉપરથી જણાય છે.

ઘણાખરા દ્વાખમા નક્કર કાળા પથ્થરનાં બાંધવામાં આવે છે. તેમાં લાશ મુકવાનું બારણું પૂર્વ દિશાએ રાખેલું હોય છે. માહે દાખલ થતાં ફરતી ગોળ દેવાલની વચમાં ફરતી લાદી જડેલી પગથી હોય છે. તેમાં મોટી લાદીઓપર પુરૂષ, મધ્યમપર (તેથી નીચે) સ્ત્રી અને છેલ્લી લાદીપર બચ્ચાં મેલવામાં આવે છે. વળી ત્યાં પડતી લાસોનાં શરીરમાંથી વહેતા પ્રવાહીને મધ્ય કુવામાં

વહેવા થકી જૂદી જૂદી સાંકડી નીખો કોતરેલી હોય છે.

દ્વાખમામાં લાશને મેળવ્યા પછી એક કલાક દરમિયાન ગીધો માંસ તદન ઉતારી ખાય છે, અને ઉંઘાડા શરીરનું ખોખું તથા હાડકાં જ્યારે વાતાવરણની અસરથી અને સખત તાપથી તદન સુકાઇ જાય છે, ત્યારે તેઓને મધ્ય કુવામાં નાખવામાં આવે છે જ્યાં તેઓનો ભૂકો થઇને ભસમ બને છે. અને આ પછી ગરિબ અને તવંગર સમાનતાની એક સપાટીપર મેલાય છે.

તમામ હિંદુસ્તાનમાં જરતોસ્તીની વસ્તીના પ્રમાણમાં જૂદાં જૂદાં શેહેરોમાં જુમલે ૯૮ દ્વાખમાં છે, તેમાંના અરધા ઉપર દ્વાખમાં ચાલુ વપરાસમાં છે, જ્યારે પુરાણા દ્વાખમા પડત હાલતમાં રહેલાં છે.

* જરથોશતીઓએ બંધાવેલાં દ્વાખમાંઓની ટીપ.

ઠેકાણું.	કોણે બંધાવેલાં.	રોજ, મહા વરસ	ક૦ કે શે૦
મુંબઇનાં.	મોદી હીરજીભાઇ વાછાગાંધી.	૧૯– ૧ ૧૦૩૯	શેનશાહી.
,, ...	માંણેકજી નવરોજી શેઠના	૧૯– ૧ ૧૧૨૫	,,
,, ...	મુંબઇની પારસી પનચાએતે બંધાવેલું ...	૨૬– ૭ ૧૧૪૮	,,
,, ...	મનચેરજી જીવણજી રેડીમની.	૩–૧૨ ૧૧૫૫	,,
	આ દ્વાખમુ પોતાનાંજ ઉપયોગ શારૂ એવાએ બાંધ્યું હતું.)		
,, ...	દાદાભાઇ નોશેરવાંનજી... (પોતાની વાડીમાં)	૧૬– ૮ ૧૧૬૭	કદમી.
	આ દ્વાખમું ફકત દાદીશેઠનાં કુટુંબીઓને માટે છે.)		
,, ...	ફરામજી કાવશજી બનાજી	૫– ૯ ૧૨૦૧	,,
,, ..	કાવશજી એદલજી બીશની	૧૧– ૮ ૧૨૧૩	શેનશાહી.
દ્વશાવરોનાં.			
અંકલેશર ...	નરસંગ ધનપાલ (હાંસોટવાલા.)	.....	,,
અંકલેશર ...	પેશતનજી ખમનજી વાડીઆ...	૧૯– ૬ ૧૧૭૭	,,
અજમેર ...	અનજુમને બંધાવેલું...	૨૬– ૬ ૧૨૫૯	,,
અમરેાડ ...	મોટાભાઇ ભી૦ કંટ્રાકટર ને અનજુમન મલીને	૧– ૭ ૧૨૫૮	,,
અમદનગર...	અમદનગરની અનજુમને બંધાવેલું ..	..... ૧૧૯૬	,,
અમદનગર...	જરથોશતી અનજુમને બંધાવેલું... ..	૧૫– ૪ ૧૨૧૧	,,
અમદાવાદ...	અમદાવાદની અનજુમને બંધાવેલું ...	૨૫– ૮ ૧૨૧૨	,,
અમદાવાદ...	સર જમશેદજી જીજીભાઇ નાઇટ... ...	૨૩– ૮ ૧૨૧૯	,,
અમદાવાદ...	અનજુમને બાંધેલું	૧૮– ૬ ૧૨૩૫	,,
અમરેાલી ...	અનજુમને બાંધેલું	૩૦– ૬ ૧૨૨૭	,,
આલપાઇ...	નવરોજી કાવશજી નાલીએરવાલા	.....	,,
આંકોલા ...	અનજુમને બાંધેલું.	૬– ૬ ૧૨૬૪	,,
ઇગતપુરા ...	અનજુમને બાંધેલું	૧૬– ૯ ૧૨૫૪	,,
ઇંદોર ...	અનજુમને બાંધેલું	૧૫– ૬ ૧૨૬૭	,,
ઉદવારા ...	ઉડવારાની અનજુમને બંધાવેલું	૨૪– ૭ ૧૦૬૬	,,
ઉરન ...	અનજુમને બાંધેલું	૨૩– ૪ ૧૨૭૧	,,
ઉમરા ગાંમ...	જરથોશતી અનજુમને બંધાવેલું	૫– ૭ ૧૨૦૧	,,
એડન ...	અનજુમને બાંધેલું	..... ૧૨૩૫	,,
એડન... ...	મેરવાંનજી સોરાબજી ખરેઘાત	૭– ૭ ૧૨૧૬	,,
એલાવ ...	અનજુમને બાંધેલું	૨૭–૭ ૧૨૬૮	,,
ઔરંગાબાદ	વીકાજી અને પેસનજી મેરજીભાઇ ...	૫– ૪ ૧૨૧૨	,,
કરંજ... ...	દીનબાઇ તે પુંજીઆજી મનાજીની વીધવા...	૨૪– ૩ ૧૧૬૮	,,

ઠેકાણું.	કોણે બંધાવેલાં.	રોજ, મહા વરસ	ક૦ કે શે૦
કરાંચી.....	હોરમજી દાદાભાઇ ઘડીઆલી.	૩૦– ૪ ૧૨૧૭	શેનશાહી.
કરાંચી ...	કરાંચીની અનજુમનને ખરચે	૧૯– ૯ ૧૨૪૪	,,
કલકતા ...	નવરોજજી સોરાબજી ઉમરીગર	૨૭– ૪ ૧૧૯૧	,,
કલીઆંણી ...	નવાજબાઇ તે નશરવાંનજી મોદીની વીધવા...	..... ૧૧૬૦	,,
કલીઆંણી ...	નવરોજી બાલાબાઇ કલીઆંણીવાલા ...	૧૫– ૭ ૧૨૫૫	,,
કુડીઆંણાં ...	અનજુમનને ખરચે.	૬– ૩ ૧૨૬૫	,,
ખંબાત ...	હીરજી આસા...	.....	,,
ખંબાત ...	પેશતનજી ખરશેદજી મોદી...	૨૯– ૧૧૯૫	,,
ખેરગામ ...	બાઇ મોતીબાઇ તે આ બ. જ. મુલાંની વીધવા	૫– ૯ ૧૨૫૧	,,
ગનદેવી ...	જમશેદજી નાનાભાઇ ગજદર–સપલાનાં ...	૧૯– ૭ ૧૧૮૬	,,
ગનદેવી ...	ગંદેવીની અનજુમને બંધાવેલું	૨૦– ૭ ૧૨૩૯	,,
ગનદેવી ...	ગંદેવીની અનજુમને બંધાવેલું	૧૯– ૧ ૧૦૯૪	,,
ગનદેવી ...	અનજુમનનાં ઉધરાણુંથી બાંધેલું... ...	..... ૧૧૫૯	,,
ચીકલી... ...	અનજુમનનાં ઉધરાણુંથી બાંધેલું.... ...	૧૭– ૬ ૧૨૪૨	,,
જાલના. ...	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું... ...	૪– ૮ ૧૨૪૦	,,
તવરી	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું... ...	૨૯– ૭ ૧૨૩૩	,,
તારાપોર ...	દોરાબજી ફરદુનજી લશકરી...	.....	,,
	આ દાખમું ફાટી જવાથી પડત પડીયું છે.		,,
તારાપોર ...	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું... ...	૨૭– ૬ ૧૨૩૫	,,
થાંણા	કાવશજી તથા દોરાબજી રૂશતમજી પટેલ..	..... ૧૧૪૯	,,
થાંણા	રૂશતમજી કાવશજી પટેલ	૧૯– ૭ ૧૨૧૨	,,
દ૦ હેદરાબાદ...	વીકાજી તથા પેશતનજી મેરજીભાઇ. ...	૨૦– ૧ ૧૨૦૯	,,
દમણ	માંણેકબાઇ તે જ૦ બેરામજી લશ્કરીની વી૦	૧૩– ૮ ૧૨૦૦	,,
દવીઅેર. ...	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું... ...	૧૩– ૪ ૧૨૦૮	,,
દીવ.... ...	જંહ ગીરજી નશરવાંનજી વાડીઆજી ...	૧૧– ૬ ૧૨૦૨	,,
દીશા... ...	અનજુમનનું બાંધેલું...	.....	,,
દેવલાલીભુવર...	[નાસક] બેરામજી નાનાભાઇ મીસતરી ...	..... ૧૨૩૯	,,
નવશારી ...	માંણેક ચાંગા આશા...	..... ૯૦૦	,,
નવશારી ...	માંણેકજી નવરોજી શેઠના	૧૧– ૪ ૧૧૧૬	,,
નવશારી ...	હોરમસજી મનચેરજી કેરાંવાલા (ભાભા)...	૪– ૬ ૧૧૯૨	,,
નવશારી ...	નશરવાંનજી રતનજી તાતા	૨૦– ૬ ૧૨૪૭	,,
નારગોર ...	માંણેકજી નવરોજી શેઠના	..... ૧૧૧૫	,,
નારગોર ...	મનચેરજી ખુરશેદજી શેઠના...	..... ૧૧૩૬	,,
નારગોર ...	અનજુમનનાં ઉધરાંણુંથી	૧૪– ૯ ૧૨૫૭	,,
પુણા	સોરાબજી રતનજી પટેલ	૨૯– ૭ ૧૧૯૪	,,
પુણા	પુણાંની અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું...	૩૦– ૭ ૧૨૦૪	,,
પારડી	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું... ...	૨૦– ૯ ૧૨૫૦	,,
બદનેરા ...	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું... ...	૬– ૭ ૧૨૬૨	,,
બાલાપુર ...	વીકાજી તથા પેશતનજી મેરજીભાઇ ...	૨૮– ૭ ૧૨૦૮	,,
બીલીમોરા ...	રૂશતમજી બ૦ બાટલીવાલાનાં ઘણીઆંણી	૬– ૩ ૧૧૭૧	,,
બીલીમોરા ...	અનજુમને બંધાવેલું...	૯– ૭ ૧૨૪૯	,,
ભરૂચ... ...	પેશતનજી ભરૂચવાલા...	..... ૬૭૮	,,
ભરૂચ	અનજુમને બંધાવેલું...	..... ૧૦૨૩	,,
ભરૂચ	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું... ...	૧૯– ૩ ૧૨૦૩	,,
ભુજાવલ ...	અનજુમને બંધાવેલું...	૨૯– ૪ ૧૨૫૮	,,

ઠેકાણું.	કોણે બંધાવેલાં.	રોજ, મહા વરસ	ક૦ કે શે૦
મહુવા	માંણેકજી જીજીના	૭– ૮ ૧૨૦૨	,,
મહુવા	અનજુમને બંધાવેલું...	૧૫– ૪ ૧૨૫૯	,,
મઉ..... ...	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું... ...	૨૧– ૮ ૧૨૦૯	,,
માંડવી	અનજુમનને ખરચે	૪– ૪ ૧૧૯૯	,,
રાજકોટ ...	અનજુમનને ખરચે	૧૨– ૪ ૧૨૭૦	,,
રાદેર	શે. મ. રેડીમની, હી. રેડી૦, રૂ. નાદ., મલીને	૨૨– ૮ ૧૧૫૬	,,
રાંદેર	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું	૨૯– ૬ ૧૨૨૧	,,
લાનોલી... ...	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું... ...	૨૦– ૫ ૧૨૭૨	,,
વરોડરા ...	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું... ...	૭– ૯ ૧૨૧૧	,,
વલશાર ...	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું... ...	૧૭– ૪ ૧૧૪૬	,,
વલશાર ...	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું	૨૯– ૬ ૧૨૧૬	,,
વલશાર ...	વઇઆરવાલાનાં ખાનદાનીઓએ	..... ૧૦૧૨	,,
સુનધડ વ્યારા...	અનજુમને બંધાવેલું...	૧૫– ૫ ૧૨૩૨	,,
સુમારી... ...	રતનજી માંણેકજી એંટી	૧૬– ૨ ૧૧૭૩	,,
સુરત.....	નાનાભાઇ પુંજીઆજી...	..... ૧૦૩૬	શેનશાહી.
સુરત.....	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું. ...	..... ૧૦૫૨	,,
સુરત.....	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું. ...	૧-૩ ૧૧૦૩	,,
સુરત.....	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું. ...	૨૮-૮ ૧૧૪૦	,,
સુરત.....	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું. ...	૮-૩ ૧૧૩૪	,,
સુરત.....	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું. ...	૧-૫ ૧૧૯૬	,,
સુરત શરાહા.	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું. ...	૫-૫ ૧૧૯૭	,,
સુરત માંડવી.	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું. ...	૪-૪ ૧૧૯૯	,,
સુરત–ઉદનામો.	ભગરીઆ મોબેદોને સારૂં અનજુમને બાંધેલું.	૨૬-૬ ૧૨૫૩	,,
સેતારા.....	અનજુમનનાં ઉધરાંણુંથી બાંધેલું. ...	૨૦-૭ ૧૨૧૬	,,
સોલાપુર.....	વીકાજી અને પેશતનજી મેહરજીભાઇ ...	૭-૫ ૧૨૧૨	,,

* ઝોરાસ્ટ્રિઅન કેલેંડર ઉપરથી.

દાજખ—દુનિયામાં હસ્તી ધરાવતા જૂદા જૂદા મુખ્ય ધર્મસાહિત્યમાં દોજખ સંબંધી જાણવાજોગ તેમજ સરખામણી કરવા જોગ વિચારો મળે છે. જૂદા જૂદા ધર્મસાહિત્યમાં દોજખનાં તબક્કાઓ બનાવવામાં આવેલા છે. હિંદુ ધર્મશાસ્ત્રમાં ૨૧ નર્કનું વર્ણન મળે છે, જરથોસ્તી સાહિત્યમાં ત્રણ તબક્કા મુખ્ય છે—તે દુશમત, દુજુખ્ત તથા દુઝવશેત. હિબ્રુઓના પાછલા લખાણોમાં ૭ દોજખનાં ખ્યાલ મળે છે, ત્યારે ખ્રિસ્તી ધર્મ સાહિત્યમાં ચાર છે. ખ્રિસ્તી મત મુજબ દોજખના દરવાજાપર રખેવાળ તરીકે મોત અને પાપ છે. હિંદુઓ મુજબ યમ અને તેના બે કુતરા રખેવાળ છે. અને જરથોસ્તીમાં અંગ્રેમઇન્યૂશને પાપીઓના રખેવાળ તરીકે જણાવ્યો છે. હિંદુ સાહિત્યમાં એકવીસ નરકના તબક્કાનું વર્ણન (ભાગવતમાં) નીચે મુજબ છે.

તામિસ્ત્રી–એમાં ચોરને નાખે છે. અંધતામિસ્ત્ર–વ્યાભિચારને માટે. રૌરવ–પર દ્રવ્ય ઉપર પેટ ભરનારને. મહારૌરવ–નગુણા માટે. કુંભીપાક–નિર્દયો માટે. કાલસૂત્ર–માતપિતાની સેવા નહિ કરનાર માટે. અસિપત્રવન–પાખંડી માટે. સૂકરમુખ–અન્યાયી રાજ પુરૂષ માટે. અંધકૂપ–હિંસક માટે. કૃમિભોજન–કુટુંબને નહિ આપનાર માટે. સંદંશ–ગુરૂનું ધન ચોરનાર માટે. સપ્તમૂર્તિ–પુરૂષ સાથે સંગ કરનાર માટે. વજ્રકંટક–શાલ્મલી–પશુઓની ભોગવનાર માટે. વૈતરણી–ધર્મરીતિ તોડનાર માટે. પૂયોદ–નિર્લજ વેસ્યા સાથે રહેનાર માટે. પ્રાણરોધ–અધર્મિ ગુરૂ માટે. વિશસન–ઢોંગી ધરમ કરનારા માટે. સારમેયાદન–ગામ બાળનાર અને ઝેર આપનાર માટે. અવીચિ–ખોટી સાક્ષી આપનાર માટે. અયઃપન–મધપાન કરનાર માટે. અને લાલભક્ષ એકવીસમું દોજખ કહેવાય છે. કથાકલ્પતરૂમાં ૨૮

દોજખનાં નામો વર્ણન સાથે આપ્યાં છે.

હિંદુઓ દોજખનું સ્થળ દક્ષિણ દિશાએ આવેલું દર્શાવે છે. જરતોસ્તીમત મુજબ ઉત્તર દિશાએ છે. મહાન કવિ મિલ્ટન તેને chaos યાને અંધારાના હેઠાણમાં મુકે છે. તેમાં ચાર નદીઓ જણાવેલી છે અને તેનો આકાર વર્તુળાકાર છે. જરતોસ્તી એતેકાદ મુજબ વીરાફનામામાં આપેલા વર્ણન આધારે જણાય છે કે" ચકાનદાઇતીના પહાડ ઉપર એક બીયાબાનમાં ચીનવતપુલની હેઠાણમાં દોજખ આવેલું છે.

દાદેસ્તાને દિનિના ૨૭ માં બાબમાં દોજખનું વર્ણન ઘણું ભયંકર દર્શાવેલું છે. તે જમીનમાં ઘણું ઉંડુ હુએલું, ત્યાં ઘણુંજ અંધારૂં, ઘણુંજ દુરગંધી ધરાવનાર, અતિ કંગાલ હૈયાતીવાલાઓ તથા દેવદૂજોની ઘણીજ ખરાબ જગા અને ગુફા જેવો છે. ત્યાં કાંઇ થી આરામ, મજાહ કે ખુશહાલી નથી, પણ તેમાં સઘળી ગંધ, કીચલ, દુઃખ, સજા, સંકટ, ખરાબી અને વેદના છે; અને તે એટલા બધા મોટા પ્રમાણમાં હોય છે કે, દુનિયામાં જે ગંધ, કીચલ, દુઃખ અને સંકટ હોય છે તેની સામે તો તેની સરખામણી પણ થઈ શકે નહિ. ત્યાં દેવો રવાનોની કરણી મુજબ તેમની પર જુલમ ગુજરે છે. દોજખમાં ઉપજતી ધાસ્તી કોઈ પણ બીજી ધાસ્તી સાથે સરખામણી નહિ થઇ શકે તેવી ભયંકર છે.

દોજખમાં થતી સજાઓ સઘળા ધર્મ લખનારાઓએ અત્યંત ભયંકર અને વેદના ઉપજાવે તથા કમકમાટ ઉપજાવે એવી જણાવેલી છે. આ સઘળી શિક્ષાઓનું વર્ણન જૂદા જૂદા સાહિત્યમાં મોટે ભાગે મળતું આવે છે. મીલ્ટને જણાવેલી સજાઓ ઘણી કવિતા રૂપી અને થોડી દુઃખદાયક છે. ત્યારે ખ્રિસ્તી ધર્મ સાહિત્યમાં વર્ણવેલી સજા બેહદ ભયંકરછે.

જરથોસ્તી સાહિત્યમાં પાપી રૂઆનને સામે લેવા તેમની " કેરદાર " યાને કરણી કદરૂપી ઔરતના આકારમાં આવી ઉભી રહે છે. તેમ યાહુદીના તાલમદમાં જણાવ્યા મુજબ પાપીના રૂઆન સામે ત્રણ દુઃખી અથવા જખમી ફરેસ્તાઓ આવી ઉભા રહે છે. જરતોસ્તી મત મુજબ તેની કેરદાર પાપીને ઠપકો આપે છે ત્યારે યાહુદીઓના મત મુજબ જખમી ફરેસ્તો ખુબો પાડી વીલાપ કરે છે. જરતોસ્તી મત મુજબ પાપી રૂઆનને એક દેવ દોરડાનો ફાંસો નાખી દોજખ તરફ ઘસડી જાય છે. યાહુદી મત મુજબ પાપી માણસને સાંકળે બાંધી ખેંચી જાય છે, ત્યારે હિંદુ મત મુજબ યમરાજ જાલમાં સીકડી તાણી જાય છે. આ મુજબ અસલી ધર્મોમાં દોજખનાં દેહેશતનાક ખ્યાલ ને વર્ણન એક સરખાં એક મળતાંજ જોવામાં આવેછે.

દોનકવિક્ઝોત—સર્વાંતિસે એક કલ્પિત વાર્તા લખી ૧૬૦૪ માં છપાવી પ્રસિદ્ધ કરી હતી તેનું નામ આ વાર્તાનો મુખ્ય નાયક દોનકવિક્ઝોત છે. સર્વાંતિસના સમયમાં તેના દેશમાં પ્રજાને કલ્પિત વાર્તાઓની ભારે લેહ લાગી હતી. આથી તદ્દેવાર કલ્પિત કથાઓ પ્રસિદ્ધ થઇ હતી તેમાં આ ગ્રંથ મુખ્ય હતો.

દોનકેસ્ટર—યૉર્કશાયરના પશ્ચિમ ભાગમાંનું એક પરૂં. એ ડોન નદી ઉપરનું એક મુખ્ય રેલ્વે જંકશન છે. યૉર્કની દક્ષિણે ૩૩ મૈલ ઉપર ને લંડનની ઉત્તરે ઉત્તર પશ્ચિમમાં ૧૫૬ મૈલ ઉપર છે. આ શેહેર ઘણું રમણિય હોવાથી ત્યાંની જાહેર ઇમારતો જોવા જોગ છે. અત્રેનો 'નોબલ ટાવર' ૧૭૦ ફીટ ઉંચો છે. અત્રે પાણી પુરૂં પાડવાનું બાંધકામ ૧૮૮૦ માં ૧,૮૦,૦૦૦ પૌંડને ખર્ચે બંધાવી ખુલ્લું મેળવ્યું હતું. શેહેરોમાં લોહું, પિત્તળ, લીનન અને ખેતીવાડીનાં ઓજારોનાં કારખાનાં છે. ગ્રેટ નૉર્થન રેલ્વે માટેના એનજીનો તથા ગાડીઓ અત્રેજ બનાવવામાં આવે છે. અત્રેની ખેતીવાડીની પેદાશનો મ્હોટો વેપાર ચાલતો હોઇ ધાન્યની ત્રણ બજારો છે. ૧૮૫૧માં લોક વસ્તી ૧૨૦૪૨ ની, ૧૮૮૧ માં ૨૧૧૩૦ ની ને ૧૮૯૧ માં ૨૫૯૩૩ ની હતી. ઇ૦ સ૦ ૭૫૯ માં આ શેહેર વિજળીથી બળી ગયું હતું અને તે પછી તરતજ ડેનિસોથી ઉજડ બન્યું હતું. ૧૭૦૩ થી આ શેહેર પાસે દર સપટેંબરમાં શરત રમાય છે. જે માટે એ જાણીતું છે.

દોનગોલા ન્યૂ—ન્યૂબિયાનું આ શેહેર નાઇલના ડાબા કાંઠા ઉપર કેરોથી ૭૫૦ મૈલ ઉપર છે. વસ્તી ૧૦૦૦૦ ની છે. માહાદી સાથની લઢાઇ વેળા ૧૮૮૪-૮૫ માં અત્રે બ્રિટીશોએ મથક કર્યું હતું; પણ ૧૮૮૬ ના માર્ચમાં બ્રિટીશ લશ્કરને ત્યાંથી તેડી લેવામાં આવતાં ન્યૂબિયા સાથે આ ગામ માહાદીને હાથ ગયું હતું.

જુનું દોનગોલા નાઇલના ડાબા કાંઠા ઉપર પડત હાલતમાં છે, અને તે નવા દોનગોલાની દક્ષિણે દક્ષિણ પૂર્વમાં ૭૫ મૈલ ઉપર છે. દોનગોલાનાં રાજ્યનું પાયતખત ૧૮૨૦ માં નાબીલુકસે ઉજડ કર્યું હતું.

દોનાફ્રાન્સિસ્કા—આ જર્મન સંસ્થાન સેન્ટ કેથેરિ નામના બ્રેઝિલીયન પ્રાંતમાં છે. સૉન ફ્રાન્સિસ્કા બંદરથી ૧૪ મૈલ ઉપર છે. ક્ષેત્રફળ ૯૭ ચૌરસ મૈલ છે, વસ્તી ૧૮૦૦૦ ની છે. મુખ્ય શેહેર જોનવિલેમાં વસ્તી ૨૦૦૦ ની છે.

દોનેગાલ—અલ્સ્ટરનાં આ બંદર શેહેરની ઉત્તર પશ્ચિમે એટલાંટિક સમુદ્ર ફરી વળેલો છે. એની વધતામાં વધતી લંબાઇ ૮૪ મૈલની ને પોહળાઇ ૪૧ મૈલની છે. જુમલે ક્ષેત્રફળ ૧૮૭૦ ચૌરસ મૈલ છે. એના સમુદ્ર કાંઠેના (૧૬૬ મૈલ લાંબો) ભાગમાં અનેક ટાપુઓ છે. એનો ઘણો ખરો ભાગ પહાડી છે ને તેમાં ૨૪૬૨ થી ૨૦૦૦ ફીટ ઉંચા પર્વતો જ્યાં ત્યાં આવે છે. અત્રે ઉન, સ્ટૉકિન, મસલીન વગેરેનો ઉદ્યોગ બોહળો ચાલે છે. ૧૮૪૧ માં વસ્તી ૨૯૬૪૮ ની ને ૧૮૯૧ માં ૧૮૫૨૧૧ ની હતી. તેમાં ૭૬ ટકા કેથોલિક છે.

દોફીન—આગળ ફ્રાન્સના રાજાના વડા કુંવર ને આ ખેતાબ આપવામાં આવતો હતો. આ ખેતાબ ૪૦ સ૦ ૧૩૪૩ થી શરૂ થએલો જણાય છે. ત્યારે એવો નીયમ ઠેરવવામાં આવ્યો હતો કે રાજાના વડા બેટાને દોફીન ઑવ વિયેનાનો ખેતાબ આપી, પ્રાંતનો સુબો નેમવો. આ ખેતાબ ૧૧ માં લુઇના અમલ સુધી ભારે માનવંતો ગણાતો હતો, પણ તે પછી આ ખેતાબ માત્ર ઑનરરી તરીકે ગણાતો હતો. ૧૮૩૦ માં બળવા પછી આ ખેતાબ સમુળગો બંધ પડ્યો હતો.

દોબર્ન—મેકબીન બર્ગ સ્યુવૅર્નનું આ હમામ બાનાવાલું મથક. અત્રે નાહવા માટેના સ્વચ્છ ઝરાઓ છે. વસ્તી ૩૯૦૫ ની છે.

દોબ્લિન—આ સેકસનીનું શેહેર તિપઝીફથી રેલ માર્ગે દક્ષિણ પૂર્વમાં ૪૦ મૈલ ઉપર છે. વસ્તી ૧૧૯૭૨ ની છે. અત્રે ઉદ્યોગ ફૂલ્નરના અનેક કારખાના છે.

દોબ્સ—ફ્રેન્ચ સરહદ ઉપરનો ભાગ. સ્વિતઝરલેંડ અને અલાસ્કાની પાસે છે. ક્ષેત્રફળ ૨૦૦૦ ચૌરસ મૈલ છે. વસ્તી ૩,૦૩,૦૮૧ ની છે.

દોબ્સુન—નુર—અથવા મીઠાનો સરોવર. મોંગોલીયાની પૂર્વે પોહળાઇમાં આ સરોવર ફરી વળેલો છે. અત્રે પાકતું મીઠું તમામ તારતર અને ચીનની શેહેનશાહતમાં વેચાય છે. આ સરોવર ઘેરાવામાં ૨૦ મૈલ છે, અને ત્યાં મોંગોલ વેપારીઓ વેપાર અર્થે હમેશાં વસે છે.

દોબ્રૂદજા—આ રોમાનિયાનો દક્ષિણ પૂર્વ ભાગ દેન્યૂબ અને કાળા સમુદ્ર વચ્ચે છે. આ ભાગ બર્લિનની કોંગ્રેસે ૧૮૭૮ માં રોમાનિયન સરકારને હાથ આપ્યો હતો. એનો ઉત્તર પૂર્વ ભાગ બિનાસદાર છે. અત્રેની આબો હવા ઝેરી તાપ ઉત્પન્ન કરનારી છે. ક્ષેત્રફળ ૬૧૦૨ ચૌરસ મૈલ છે. વસ્તી ૨,૦૦૦૦૦ ની છે.

દોમેનિકન સ્વતંત્ર—અથવા સેન્ટો હાયતીના પૂર્વ ભાગમાંનું રાજ્ય. ક્ષેત્રફળ ૨૦૫૮૭ ચૌરસ મૈલ છે. ૧૮૮૮ માં વસ્તી ૪૧૭૦૦૦ ની હતી. મુખ્ય પ્રજા સિદ્ધી અથવા મ્યુલેટોજની છે. સર્વે રોમન કેથોલિક ધર્મ પાળે છે. એના દક્ષિણ અને પશ્ચિમ ભાગમાં શેરડીનો ભારે પાક કરવામાં આવે છે. મુખ્ય બેતી તંબાકુ, કાફી અને કોકોની કરે છે. નિકાશ વેપાર મોહગનીનો ચાલે છે. સુન્નું, રૂપું, પારો, લોહું અને કોલસો અત્રે પુશકળ જડે છે. ત્યાં ૭૨ મૈલ રેલ્વે લાઇન નખાયલી છે. ૪ વર્ષ માટે અત્રે પ્રેસિડંટની નેમણુક કરવામાં આવે છે; અને ૨૨ સભાસદો ને કોંગ્રેસની રાજસભા બનાવવામાં આવેલી છે. મુખ્ય પાયતખત શેહેર સાનડોમેનીગો છે.

દોમેનિકા—આ મ્હોટામાં મ્હોટો દક્ષિણ તરફનો બ્રિટીશ ટાપુ, બ્વર્ડ અને લેસર અટિલસનાં જથ્થામાં છે. ક્ષેત્રફળ ૨૯૧ ચૌરસ મૈલ છે. લોક વસ્તી ૧૮૯૧ માં ૨૬૮૪૧ ની છે. મુખ્ય વસ્તી સિદ્ધીઓની છે, અને થોડા કારિબ્સ તથા સફેદ ચામડીવાલા છે. ભાષા ફ્રેન્ચ બોલાય છે. દોમેનિકા અસલના જવાળામુખી ભાગવાલા ભાગમાં હોવાથી ત્યાં ગરમ પાણીના પુશકળ ઝરા વહે છે. ૧૮૮૦ માં અત્રે 'બોયલીયન લેક' માંથી રાખના ગોટેગોટા નિકળ્યા હતા. પર્વત તરફના ભાગમાં થંડી સખત પડે છે, અને

ત્યાં દર માસે સેહેજ વર્સાદ વર્સે છે. સમુદ્ર કાંઠે થોડી ખેતીવાડી કરવામાં આવી છે. મુખ્ય પેદાશ સાકર, કૂટ, કૉફી, કોકો અને ઈમારતી લાકડાંની છે. મુખ્ય વેપાર માછીમારોનો ચાલે છે.

ઇ. સ. ૧૪૯૩ માં ૩ જી નવેંબરે ક્રોલંબસે બીજી સફર વેળા એની શોધ કરી હતી. ૧૬૪૮ માં એકસ-લા-ચેપલનાં કોલકરાર પછી આ ટાપુ વેગળો ગણવામાં આવ્યો પણ ૧૭૫૯ માં બ્રિટીશોએ જીતી લીધો હતો. પણ ૧૭૬૩ માં ફ્રેન્ચોએ હાથ કીધા પછી ફરી ૧૮૦૨-૧૪ માં ફરી બ્રિટીશોએ જીતી લીધો હતો.

દારચેસ્ટર—દોરચેસ્ટર શાયરનું એક મુખ્ય શેહેર, વેમૌથની ઉત્તરે ૮ મૈલ ઉપર અને લંડનની પશ્ચિમે દક્ષિણ પશ્ચિમમાં રેલ માર્ગે ૧૧૦ મૈલ ઉપર છે. ૧૮૬૭ થી અત્રેનો પાર્લામેંટમાં બે પ્રતિનિધી બેસતા હતા, પણ ૧૮૮૫ થી એક પ્રતિનધી મોકલવાનો હક્ક મળ્યોછે. અત્રે ઐલ, બીર દાર, દોર, માખણ વગેરેનો બોહોળો વેપાર ચાલે છે. ૧૮૪૧ માં સોક વસ્તી ૩૨૪૯ ની ને ૧૮૯૧ માં ૭૯૪૬ ની હતી. દોરચેસ્ટર કોટવાલું શેહેર છે, આગલા રોમન રાજ્ય સમયની અનેક નિશાનો અત્રેથી જડે છે. ૧૬૪૫ માં ઑલીવર ક્રૉમવેલે આ શેહેરને પોતાનું મથક બનાવ્યું હતું.

દારાબજી પદમજી—સરદાર—ખાનબહાદુર—આ સાહાસિક વેપારીનો જન્મ પુનામાં ૨૪ મી ડીસેંબર ૧૮૩૬માં થયો હતો. પદમજીનું કુટુંબ લાંબા દાહેકાઓ થયાં પુને વસ્તું આવ્યું છે અને તે દખણનાં માનવંત કુટુંબોમાંનું એક ગણાય છે. દોરાબજીએ પોતાનો ઈંગ્રેજી અભ્યાસ પુના ફૉલેજમાં કર્યો હતો, અને સર એડવીન આરનોલ્ડના એક તેવણ માનીતા શિષ્ય હતા. દોરાબજી બચપણમાં જેવી ખંત અને કાળજીથી કૉલેજમાં જૂદા જૂદા ગ્રંથોનું અધ્યન કરી પોતાના ગુરૂની સુચના મુજબ વર્તિ નામના મેળવી હતી, તેજ ધોરણે પોતાની ઉધરતી જાહેર જીંદગીમાં પણ દરેક જાતનું જ્ઞાન સંપાદન કરી નામના મેળવી હતી. દોરાબજી પદમજી પોતાની જન્મ ભાષા ગુજરાતી ઉપરાંત મરાઠી, ફારસી, ઉર્દુ અને ઈંગ્રેજીમાં ઘણા કુશળ હતા, અને ફ્રેન્ચ ભાષાનું પણ સારૂં જ્ઞાન સંપાદન કર્યું હતું. ભાષા જ્ઞાન ઉપરાંત સાહિત્ય તરફના ઉત્સાહ સાથે એવણ વિદ્યા હુન્નરના પણ ઝાઝા શોખીન હતા. છબી પાડવાનો હુન્નર જ્યારે હિંદમાં હેક બચગીમાં હતો ત્યારે દોરાબજીએ તે બાબતનું બારીક જ્ઞાન મેળવ્યું હતું, અને તેમના વખાણવા લાયક કામને માટે તેમને 'લંડન એમેચ્યૂઅર ફોટોગ્રાફીક કંપની' તરફથી એક ચાંદીનું કપ તથા ચિત્ર સંગ્રતું આલબમ ભેટમાં મલ્યાં હતા. એટલુંજ નહિ પણ આ દેશમાં ભરાયલા હુન્નરમંદ બનાવટોનાં પ્રદક્ષણમાં તેમને બે ચાંદ આપવામાં આવ્યા હતા. પણ નિશાનબાજીની રમતમા દોરાબજીની કુશળતા બેહદ હતી. એવણ પોતાના સમયમાં એક ચુનન્દા હિંદી નિશાનબાજ તરીકે ઓળખાતા હતા, અને ૧૮૭૭માં પોતાની ચાલાકી માટે 'વેસ્ટર્ન ઈન્ડીયા રાઈફલ એસોસિએશન' તરફથી એક સોનાનો ચાંદ મેળવ્યો હતો. આ બાબતનો એવણ એટલો બધો શોખ ધરાવતા હતા કે ૧૮૮૧થી તે મરણ પર્યંત આ એસોસિએશનના સેક્રેટરીનું કામ બજાવી લખાણોથી તે હુન્નરને બનતું ઉત્તેજન આપવાની કોશેસ કર્યા કરી હતી. ૧૮૭૯માં દોરાબજીએ નામદાર ગવરનરનો તથા ૧૮૮૨માં નામદાર વાઇસરાયનો કપ મેળવ્યો હતો. દોરાબજી પદમજીએ એકંદર ૯ કપ અને ૧૨ ચાંદ મેળવ્યા હતા. જેમાંનો એક ઈંગલંડના નેશનલ રાઇફલ એસોસિએશન તરફથી બક્ષવામાં આવ્યો હતો. પોતાની શોધક બુધ્ધિથી એવણે એક નવી જાતનો 'એનિમોમિટર' શોધી કાઢયો હતો.

દોરાબજી પદમજી જૂદા જૂદા હુન્નર ઉધોગમાં પણ ઘણો ખંતીલો ભાગ લેતા હતા. 'રેકન પેપર મીલ' એવણે પ્રથમ ચાલુ કરી તેમજ, એમની સ્થાપેલી બેંક પુનામાં એક પ્રસિધ્ધ ખાતું થઇ પડયું છે. પુના ખાતે એક બરફ બનાવવાનું કારખાતું તથા સુતરની એક મીલ પણ બાંધી હતી. લગભગ ૧૧ વર્ષ સુધી તેવણે પુના મ્યુનિસીપલ કમિશનરનો ઓધ્ધો ભોગવ્યો હતો. પુના મ્યુનિસીપાલીટીના પ્રમુખ તરીકે પણ ઘણા વર્ષોથી ચુંટી કાઢવામાં આવતા હતા, અને સેવટ સુધી એ માન ભોગવ્યું હતું. ૧૮૯૫માં નામદાર ગવરનરની ધારા સભાના એક સભાસદ તરીકે ચુંટી કાઢવામાં આવ્યા હતા. ૧૮૯૪માં

દક્ષિણના પેહેલા વર્ગના સરદારનો તથા ૧૮૯૫ માં ખાનબહાદુરનો એલકાબ આપવામાં આવ્યો હતો. મરણ ઇ. સ. ૧૯૦૨ માં ૧૧મી જુલૈએ નિપજ્યું હતું.

દૉલ—ફ્રેન્ચ ડિપાર્ટમેંટનું આ પુરાતમ શેહેર સેંટ માલોની દક્ષિણ પૂર્વે ૧૦ મૈલ ઉપર છે. અત્રેનું ૧૩મી સદીનું પુરાતમ દેવળ ગ્રેનાઇટનું બાંધેલું છે. વસ્તી ૩૯૦૨ની છે.

દૉલે—જૂનાનાં ફ્રેન્ચ ભાગમાંનું શેહેર. આગળ એ ફ્રેન્ચ ક્રૉમરેનું પાયતખત હતું. દીજોનની દક્ષિણ પૂર્વે ૨૯ મૈલ ઉપર છે. અત્રે ગૉથિક ચર્ચ છે અને એનજીન તથા ખેતીવાડીનાં અથિયારોનાં કારખાનાં છે. વસ્તી ૧૨૫૭૩ની છે.

દાસાદ—બંગાલમાં આ પ્રજા જલ્લાદ અથવા મુરદાં ઉંચકવાનો અથવા શેહેરની રખેવાળી કરવાનો ધંધો કરે છે. બંગાલ, બિહારમાં તેઓ મજુરી કરી પેટ ભરે છે. આ પ્રજા મજબૂત, ઉંચી અને રાઠોડી બાંધાની છે. તેઓ દેવપૂજા કરે છે.

દાસેર શાયર—આ દેશ ઈંગલિશ ચેનલને લગતો, હેમ્પશાયર તથા ડેવનશાયરની વચમાં છે. એની જુમલે લંબાઇ ૫૮ મૈલ ને વધતામાં વધતી પોહળાઇ ૪૦ મૈલની છે. એનું ક્ષેત્રફળ ૬૬૮ ચૌરસ મૈલ છે, અથવા ૬૨૭૨૬૨ એકર છે. એનો ૬ ઠ્ઠો ભાગ ઉજડ, ૩ જો ભાગ ખેતીવાડીથી ભરપૂર ને બાકીના ભાગ ઘાસ ચારાથી ભરપૂર છે. એનો સમુદ્ર કાંઠો ૭૫ મૈલ લાંબો છે. મુખ્ય નદી સ્ટોર ને ફ્રોમી છે. અત્રે માર્બલ અને તહેવાર મોટાડી મળે છે. અત્રેની આબો હવા સમધાત છે. લોક વસ્તી ૧૮૪૧ માં ૧૭૫૦૫૪ ની ને ૧૮૯૧ માં ૧૯૪૫૧૭ ની હતી. ૧૮૫૮ થી અત્રેથી પાર્લામેંટમાં ૪ પ્રતિનિધી મોકલવાનો હક્ક મલ્યો છે.

દૌરિયા—ચીનાઇ સરહદ ઉપર આ પર્વતની હાર દક્ષિણ પૂર્વ સાઇબિરિયામાં વધે છે. આ હાર બયકાલ સરોવરપર અને અરમુન નદી વચ્ચે છે.

દૌલતાબાદ—નિજામ હૈદ્રાબાદમાં આ શેહેર અને કિલ્લો ઔરંગાબાદની ઉત્તર પશ્ચિમે ૧૦ મૈલ ઉપર છે, અને મુંબઇની ઉત્તર પૂર્વે ૧૭૦ મૈલ તથા હૈદ્રાબાદની ઉત્તર પશ્ચિમે ૨૮ મૈલ ઉપર છે. લોક વસ્તી ૧૨૪૩ ની છે.

અત્રેનો કિલ્લો દેવગિરીને નામે પણ પ્રસિધ્ધ છે. આ કિલ્લો જમીનથી ૧૫૦ ફીટ ઉપર ૨½ મૈલ ઘેરાવાવાલો છે. કિલ્લા ઉપર જવા માટે હેઠેથી ઉપર જતાં ત્રણ કિલ્લેબંદી પસાર કરવી પડે છે. ટોંચ ઉપર સપાટ મેદાન હોઇ તેની ઉપર તોપો અને ધજાનો સ્થંભ છે. મિનારા ઉપરથી નીચે સુધીની ચર ૨૧૦ ફીટ ઉંડી છે અને તે ૧૨૯૪ માં મોહમેદન રાજ્યકર્તાઓએ બંધાવી હતી. મિનારાની નજદીક જૈન મંદીરનું ખંડીયર છે; મંદિર પાસે ચેન મહાલનું ખંડીયર છે. જ્યાં સુલતાન અબદુલ હુસેન (ગોલકોંડાનો) તાનશાહ રાજા ઔરંગજેબ તરફથી રાજ્યકીય કેદી મોકલવામાં આવતા તેમને રાખતો હતો. આ કિલ્લો સમુદ્ર સપાટીથી ટોંચ સુધી ૬૦૦ ફીટ ઉંચો છે. આ કિલ્લાની ઘણીખરી ચરો ૩૦ ફીટ પોહળી હોવાથી તે પૂલ મારફતે પસાર કરવી પડે છે.

આ કિલ્લાનો પ્રાચીન ઇતિહાસ ઝાઝો જણાયલો નથી. ૧૨૯૪ માં અલાઉદ્દિન ખીલજી ૮૦૦૦ ના લશકર સાથે અત્રે ચઢી આવ્યો હતો. આ વેળા અલાઉદ્દિને ત્રણ અઠવાડીયામાં અત્રેનાં રાજા રામચંદ્રને શરણે આણી કિલ્લો તાબે કરી તેની સાથે કોલકરાર કર્યા હતા. આ કરારમાં એવી શર્ત હતી કે રાજાએ ૬૦૦ મણ (૮૦ રતલનો) સોનું, ૭ મણ મોતી, બે મણ ઝવેરાત, જેમાં હિરા માણેક, જેસપર નામના પોખરાજ, લીલમ, ૧૦૦ મણ ચાંદી, ૫૦૦૦ તાકા રેશમ અને બીજા કપડાનાં, અને એલીચપૂર તથા આસપાસનો દેશ આપવાનું તેમાં જણાવેલું હતું. પણ ૧૩૦૬ માં રાજાએ બળવો કર્યાથી મલીક કાફૂરે રામચંદ્ર રાજાને કેદ કરી દિલ્લી મોકલ્યો, પણ ત્યાં રાજાએ ફરી તેની સાથે મિત્રાચારી કરી પાછો દેવગીરિ મોકલ્યો. રામચંદ્ર પછી તેનો બેટો શંકર રાજા થતાં તે સામો થયો પણ કાફૂરે દૌલતાબાદ તાબે કરી શંકરને મારી નાખ્યો હતો. તે પછી કાફૂરે મજબૂત લશકર આ કિલ્લામાં રાખ્યું; પણ તેટલાં રામચંદ્ર રાજાના ભાઈ હરખપાલે બળવો કર્યો, તેથી મુબારીકખાન સુલતાને ચઢાઇ કરી હરખપાળને મારી તેનું શબ દેવગીરિનાં

દરવાજા ઉપર ટાંગ્યું. તે પછી ૧૩૨૫ સુધી શાંતતામાં ત્યાં મોહમેદન અમલ ચાલુ રહ્યો. ૧૩૩૮ માં મહમદ તઘલખે દેવગીરિને દૌલતાબાદ નામ આપી દિલ્લીથી રાજ્યગાદી દૌલતાબાદમાં આણી સ્થાપન કરી.(દૌલતાબાદ (દેવગીરીથી) દિલ્લી ૮૦૦ મૈલ દૂર છે.) થોડાં વર્ષ પછી તઘલખનાં હાથથી ગુલબર્ગા અને બીદરના બહામની રાજાઓના હાથમાં દૌલતાબાદ ગયું, જે ૧૫૨૬ વેર હતું. બહામની પછી દૌલતાબાદ અહમદનગરના નિજામ શાહના હાથમાં ગયું ને મોગલ સત્તા તળે રહ્યું. ૧૭૦૭માં ઔરંગજેબના મરણ પછી દખણનું રાજ આસોફ જાહાંને હાથ ગયું ત્યારથી આ શેહેર તથા કિલ્લો નિજામનાં વંશજોનાં હાથમાં છે. હાલમાં માત્ર આ કિલ્લામાં ૧૦૦ પોલીસ સિપાઇઓ રહે છે.

દ્રવિડ—સાતમી સદીમાં આ પ્રાંતનો ઘેરાવો ૧૦૦૦ મૈલનો હતો. તેનું પાયતખત કાંચીપૂર હતું, એ કાંજેવરમનું સંસ્કૃત નામ છે. એ મદ્રાસની નૈઋત્યે પાસે છે. આ રાજ્યની પશ્ચિમે અને પૂર્વ બીજા દેશ કહેલા છે. આ ઉપરથી આ બેઉ સમુદ્ર સુધી પસરેલાં છે. એની ઉત્તર સિમા પશ્ચિમ કિનારા તરફથી 'કડૂર' અને 'ત્રિપાતી' ઉપરથી 'પલિકત' સરોવર સુધી અને દક્ષિણ સિમા કલિકોટથી કાવેરીનાં મુખ સુધી હશે. એટલા પ્રદેશનો ઘેરાવો ૧૦૦૦ મૈલ છે. દ્રવિડ દેશનું નામ ભારતમાં છે. કાંચીનું વર્ણન વરાહમિહીરે કર્યું છે.

દ્રવિડ ભાષાના વર્ગમાં તામિલ, તેલંગી, કાનડી, અને મલ્યાળી એવી દક્ષિણ હિંદુસ્તાનમાં બોલાતી ભાષાઓ, તેમજ ઉત્તર હિંદુસ્તાનમાંની ગોંડ, રાજમહાલ, ઉરાઓનકોલ બાહુઈ, વગેરે લોકોની ભાષાઓ આવે છે. દ્રવિડ ભાષાઓ ઉત્તર હિંદુસ્તાનમાં ચાલે છે; તે ઉપરથી આ ભાષા બોલનારા લોકો મૂળે ત્યાંના હશે; અને આર્ય પ્રજાએ તેમને દક્ષિણમાં હાંકી કાઢયા હશે એમ જણાય છે.

દ્રવિડ ભાષા સિથિઅન વર્ગની છે, એમ રાસ્કે ઇ. સ. ૧૮૨૧માં જણાવ્યું હતું. તેમનાં મૂળાક્ષરો ભિન્ન છે. સંસ્કૃત કરતાં આ ભાષામાં મૂળાક્ષરો ઘણા છે. આ સઘળી ભાષા બોલનારાઓની સંખ્યા હિંદુસ્તાનમાં ૬ થા. ૭ કરોડની છે. હાલમાં અહિં સંસ્કૃત ભાષાની સમકાલીન એવી ૧૨ દ્રવિડ ભાષાઓ છે, તે પૈકી તામિલ, તેલંગી, કાનડી તથા મલ્યાળી ઘણી મહત્વની છે. આ સર્વેમાં તામિલ ભાષા સુધરેલી છે. જુની તામિલ અને નવી તામિલમાં ઘણો ફરક છે. વર્તમાન સમયની ભાષાઓ ૮મી સદીથી ૧૨મી સદી સુધી ચાલુ હતી.

દ્રવિડ ભાષાનાં ઉપર જણાવેલા પેટા ભેદ ઉપરાંત નીચલા ભેદ પણ સમાય છે; તેમનાં નામઃ—તેલુગુ, કાનડી, બદગ, તુલુ, કુડુગુ અથવા કુર્ગ, તોડકોટ, ગૌડ ભાષાનાં પ્રકાર, મહાદેવ, રાજ, મારિઆ, કન્ધ, અથવા કુ, ઉરૌ અથવા ભરવાંડ, રાજમહાલી અથવા માળેર; બીજી પરચુરણ ભાષાઓ—નાયકુડ કોલમી, કેકાડી, યેરકળ અને ઝડબ છે.

દ્રાકમા—યૂરપિયન ગ્રીસમાં વપરાતું ચલણી નાણું. ૧૦૦ લેપતાનો ૧ દ્રાકમાં થાય છે; જેની પાંચ પેન્સ કિંમત થવા જાય છે, ને હિંદી ચલણ રૂપે પાંચ આના થાય છે.

દ્રાક્ષ—એના વેલાનાં મંડપોનાં મંડપો બને છે. હિંદુસ્તાનમાં જે દ્રાક્ષ ઉગેછે તેમાં ૩ જાતી છે. કાળી, સફેદ અને લીલી. આ દેશમાં થતી દ્રાક્ષ લીલી હાલતમાંજ ખપે છે. અરબસ્તાન, ઇરાન અને મસ્કતમાં દ્રાક્ષ અતિ મ્હોટા જથ્થામાં ઉગે છે, આથી ત્યાંથી તેને સુકવી પરદેશ રવાના કરવામાં આવે છે. મનુકા, બીસમીસ એ સુકી દ્રાક્ષનાં નામો છે. યૂરપમાં પોર્તુગલ, ફ્રાન્સ, ઇટલી વગેરે દેશમાં ઉત્તમ દ્રાક્ષ થાય છે. તેમજ અફઘાનિસ્તાની ને ઇરાની પણ જાણીતી છે.

હિંદુસ્તાનમાં ૪૦ થી ૫૦ વર્ષ થયાં યૂરપ માહેલી શ્રેષ્ટ જાતની દ્રાક્ષ ઉગાડવામાં આવે છે. અને તેપર તેવાંજ ઉત્તમ ફળો ઉગે છે. કાશ્મિરમાં તથા પંજાબમાં જૂદી જૂદી ૭-૮ જાતનાં દ્રાક્ષવેલ ફ્રાન્સમાંથી મંગાવી તેની ખેતી કરવામાં આવતાં તે અખતરો ફત્હેમંદ થયો હતો. સિંધ હૈદ્રાબાદમાં 'મી૦ સ્ટ્રાચમે' મ્યૂનિસીપલ બગીચામાં પરદેશી દ્રાક્ષ વેલા ઉગાડી અખતરામાં ફત્હે મેળવી હતી. મહારાષ્ટ્ર દેશમાં ઔરંગાબાદની દ્રાક્ષ ઘણી ઉત્તમ જાતની ગણાય છે. તે કાળી હોઇ પોર્તુગલ દેશમાંની કાળી દ્રાક્ષ જેવી હોય છે. એ ઘણી મોંઘી કિંમતે વેચાય છે. તેમજ અહમદનગર, નાસક, અશિરગઢ વગેરે ઠેકાણે દ્રાક્ષ થાય છે, તેના કરતાં

ઔરંગાબાદી દ્રાક્ષની કિંમત ચાર ઘણી ઉપજે છે.

દ્રાક્ષના વેલા બની તેના માંડવા મ્હોટા વિભાગોમાં પણ શોભાયતાં હોય છે. દ્રાક્ષની અનેક જાતો છે. કેટલીક મીઠી અને મોળી તો કેટલીક તદ્દન ખાટી હોય છે. એની જાત પ્રમાણે તેનો આકાર અને રંગ જૂદા જૂદા હોય છે. કેટલીક ગોળ, કોઇ લંબોચી, કાળી અને કેટલીક જાંબુડીયા સફેદ હોય છે. કેટલીક જાતની દ્રાક્ષો પાકયા પછી લાંબો વખત રહી શકેછે, ત્યારે કેટલીક તરત બિગડે છે.

એની ખેતી માટે ભિનાસદાર હવાવાલી જગ્યા નકામી ગણાય છે, પણ ઉત્તમ બરડ જમીન જોઇએ. જ્યાં સખત તડકો અથવા ભિની હવા હોયછે ત્યાં દ્રાક્ષફળ સારાં થતાં નથી. દ્રાક્ષનાં વેલા ચઢાવવાની અગત હોવાથી આ માંડવો ઉત્તર દક્ષિણ લાંબો બનાવવો. તે સુમારે ૧૦-૧૨ ફીટ પોહળો અને ૮ ફીટ ઉંચો રાખવો. એટલે ગર્મીમાં તેની તળે બેસવા ફરવાની સગવડ મળે છે. આ માંડવાથી ૮ ફીટ અંતરપર વેલા રોપવા અને તે જેમ જેમ મ્હોટા થશે તેમ તેમ ઉપર ચઢતા જશે.

દ્રાક્ષ વેલા માટે ઉત્તમ જાતની બરડ જમીન જોઇએ. જો જમીન ઉંડી હોય ને જ્યાં વેલા રોપવા હોય ત્યાં પાંચ ફીટ ઉંડા ખાડા ખણી તેના તળીયામાં પથ્થરા અથવા ઈંટરડી પુરી ઉપર મટોડી તથા ખાતર ભરવું. તેમાં રોપવા માટે જે રોપા અથવા કલમમાંથી બનાવેલા વેલા હોય તે કાઢી રોપવા. દ્રાક્ષવેલાની ખેતી જુન માસમાં શરૂ કરે છે. આ રોપા અથવા વેલા ઘણાં લાંબા હોય છે. જમીનથી ત્રણ ગાંઠ અથવા આંખ બાકી રાખી ઉપરનો ભાગ છાંટી નાખવો. આ મુજબ નવા રોપેલા વેલાને ૬ દિવસે પાણી સીપવું પડે છે.

આ વેલા રોપ્યાથી સપટેંબરમાં તેને જે ડાંખળી આવે છે તેને છાંટી નાખવી. ફકત વેલાનો મુખ્ય ખુંટો તેપરજ આખો રહે તેટલો રાખવો. પછી બીજે વર્ષે અકટોંબરમાં આ ખુંટા ઉપર ઘણીક ડાંખળીઓ આવે છે. તેમાંની બે જોરદાર કાયમ રાખી બાકીની છાંટી નાખવામાં આવે છે. આ બે ડાંખળીને ઘણાક અંકૂર ફુટે છે, તેમાંના પાસે પાસે ઉગેલી ડાંખળી કાપી ઓછી કરવી. પછી આ વેલાનાં થડ આસપાસ બે ફીટના અંતર ઉપર ચર ખોદવી. અને નવેંબરની આખેરીમાં તે ચરની બાહેરનાં સર્વ મૂળીયાં છાંટી નાખવાં. પછી આ વેલાની આસપાસ બે ફીટના અંતર ઉપર ચર ખોદવી અને નવેંબર માસની આખેરીમાં આ ચરની બાહેરનાં સર્વ મૂળીયાં કાપી નાખી વેલાને ખાતર આપવું. ખાતર નાખ્યા પછી વેલાને ૪ દિવસે ભરપૂર પાણી સીપવું. ફળો આવ્યા પછી દરરોજ ભરપૂર પાણી અને દિવસે છાલતું પ્રવાહી ખાતર આપવું. ફળો પાકપર ચઢતાં પાણી સીપવાનું બંદ કરવું. એ આગલે વર્ષે વર્સાદ પછી આગળ જણાવ્યા મુજબ મૂળીયાં છુટાં કરી ખાતર આપવાનું ફરી શરૂ કરવું. નવા લગાડેલા વેલા ઉપર ૩ વર્ષ સુધી મોહોર અને ફળો આવતા જ્યારે જ્યારે નજરે પડે ત્યારે તેને છાંટી નાખવા. ઉપર જણાવ્યા પ્રમાણે મુખ્ય બે શાખા માહેલી એકની સર્વ ડાંખળીઓ ગર્મીમાં છાંટી નાખવી, અને બીજી જાડી ડાંખળી ઉપરની ઝીણી ડાંખળીઓપર બીજે વર્ષે ફળો આવે તે માટે તેને રહેવા દેવી. તેને ફળો આવતાં તે ડાળી બીજી શાખાની સર્વ ડાંખળી રહેવા દેવી. આ મુજબ વારી વારી એ ફળો આપતી ડાંખળી છાંટવી.

દ્રાક્ષના વેલાનાં લાકડા ઉપર જ્યારે જાડી અને પોકળ છાલ આવેલી જણાય, તે પણ ડાંખળી છાંટવા સાથે ખેંચી કાઢવી, એટલે તેમાં કીડ થઇ વેલાને નુકસાન થતું અટકેછે. દ્રાક્ષ વેલા ઉપર કોઇ કોઇ વખત એક પ્રકારનાં સૂક્ષમ કીડા થાય છે, જેથી વેલાને ભારે નુકસાન પોંહચે છે. આ કીડાને 'મિલડ્યૂ' કહે છે. આ કીડા વેલા ઉપર થતાં વેલાને જમીનથી ૧ ઇંચ રાખી બાકીનો ભાગ છાંટી બાળી નાખવો, અને કાપેલા વેલાનાં થડ ઉપર ઘાસ પાંથરી તેને પણ બાળવું. પછી તેજ થડ આસપાસ ખાડો ખોદી તે ઉપર રોજ પાણી સીપવું. પછી થોડા દિવસમાં નવા વેલા ફુટી કીડા નિર્મૂળ થાય છે. આ વેલાપર ફરી કીડા થતાં તેને ગંધકનો ધૂમાડો આપ્યાથી તેનો નાશ થાય છે. પણ આ ધૂમાડો આપવો અગવડભર્યો છે. માટે દ્રાક્ષનાં કલમ ગંધકના પાણીમાં બોળી રોપ્યાથી તે વેલા ઉપર કદી કીડા થતા નથી.

કાશ્મિર તથા પંજાબમાં દ્રાક્ષની અનેક

જાત ઉગે છે. તેમાં મુખ્યઃ–સફેદ અંગૂર.–એનાં ફળો નાહનાં, ગોળ અને સફેદ હોઇ લીલા રંગના હોય છે. તે રૂચીમાં મીઠાં હોય છે.

સફેદ પોર્તુગીજ અંગુર—એનાં ફળોનો ઝુમખો મ્હોટો હોઇ તે જૂદા જૂદા હોય છે. તેનાં ફળ ઉપર લાંબી અને સખત છાલ આવે છે. તે જરા ખાટી હોય છે. આ દ્રાક્ષ પાક ઉપર ચઢયા પછી ઘણાં દિવસ ટકે છે. એને કાશમિરી દ્રાક્ષ કહે છે.

એદાના અંગૂર—આ દ્રાક્ષ શ્રેષ્ટ જાતીની છે. એનો આકાર કાશમિરી દ્રાક્ષ જેવો હોય છે પણ તેનો રંગ કાળો જાંખુડો હોય છે. આ દ્રાક્ષ ઔરંગાબાદમાં ઉગે છે.

કાળા રંગની દ્રાક્ષને હબશી અંગૂર કહે છે.

દ્રાક્ષમાંથી બે જાતની દારૂ સ્પેન, પ્રૂશિયા, ફ્રાન્સ અને ઇરાન વગેરે થંડા પ્રદેશમાં બનાવવામાં આવે છે. આ વાઇન કેફી હોઇ સેહેજ ઉત્સાહી, લોહીની વૃદ્ધિ કરનાર, શ્રમહર અને તેજી આપનાર છે.

દ્રાક્ષ પિત્તશામક હોઇ રક્ત વૃદ્ધિ કરનારી હોવાથી તેનો અર્ક કોલેરા ઉપર ઘણો ઉપયોગી છે. દ્રાક્ષનાં પાંદડા જનાવરોને ખવાડે છે, અને લાકડાનો કોઇ કાળો રંગ કરે છે.

દ્રાક્ષની યોજના ઔષધિ ઉપચારમાં યોજેલી હોઇ વિષ, ધાતૂક્ષય, તૃષા, મુર્ચ્છારોગ, સન્નિપાત, ક્ષતકાસ, શૂળ, પિત્તજવર અને રક્તપિત્તપર ઘણી અકસીર ગણાય છે. રક્તપિત્ત ઉપર દ્રાક્ષને મધમાં ખવડાવવામાં આવે છે.

દ્રાક્ષ રસ બનાવવા માટે ત્રણ ભાગમાં કામ બજાવવું પડે છે. ૧ ભાગમાં દ્રાક્ષનો રસ કાઢવામાં આવે છે, બીજામાં તે રસનો દારૂ બને છે અને ત્રીજા ભાગમાં તે દારૂ બાટલીમાં ભરવામાં આવે છે. પ્રથમ દ્રાક્ષ ખીલી રહેતાં તેને ચુંટવાનું કામ શરૂ થાય છે. આ દ્રાક્ષ વિણતા વેળા સંભાળ રાખવી પડે છે કે જેમાં કાચી, પુરી ગએલી અથવા કોહેલી દ્રાક્ષ વિણવામાં આવતી નથી. દ્રાક્ષ એકઠી કરતાંજ તેને ગાડામાં ભરી કારખાનામાં મોકલે છે. જ્યાં તરતજ તેને ગાડામાંથી ખાલી કરી લાકડાના ગંજાવર થાલામાં નાખી ખુંદે છે. આ દ્રાક્ષ માનસો પગવડે ખુંદે છે ને રસ કાઢે છે. તે પછી આ રસને ટાંકામાં ભરી મેળવામાં આવે છે, જે પછી તેને એકથી બે વર્ષ વેર હેરફેર કરી જૂદા જૂદા પીપમાં ભરે છે. છેલ્લે તેમાં ઇંડાની સફેદી કે દાળ નાખી ખુબ હલાવવામાં આવે છે, જેથી દારૂ તદન સ્વચ્છ થઇ બાટલીઓમાં ભરવા લાયકનો બને છે.

દ્રુપદ—સોમ વંશીય પુરૂ પ્રુલોતપન્ન અજમીઢ પુત્ર નીત, તેના વંશમાં જન્મેલો જંતુ અથવા પૃષત રાજાનો પુત્ર. એને બલાનીક, શ્રુત, સુરથી, શત્રુંજય એવા ૪ પુત્રો અને શિખંડીની નામે કન્યા હતી. એ અને દ્રોણાચાર્ય અગ્નિ વેશ્ય ગુરૂને ત્યાં સાથે ધનુર્વિધા ભણતા. જૂદા પડયા પછી જ્યારે દ્રોણ દ્રુપદની પાસે ગયો તે વેળા તેને બહુ અપમાન આપ્યું. આથી દ્રોણે હસ્તિનાપૂરમાં પાંડવ કૌરવોને ભણાવ્યા પછી અર્જુન પાસે એને બંધાવી મંગાવ્યો, પણ દ્રુપદે ક્ષમા માંગતાં તેને અડધું રાજ્ય પાછું આપ્યું હતું. દ્રુપદ લજ્જીત થઇ પાછો જતાં માકંદી, છત્રવતિ, કાંપિલ્ય વગેરે ગામો જીતી પોતાનું અર્ધું ખોએલું રાજ્ય પાછું વધાર્યું; અને અહિછત્ર નામે નવું રાજ્યધાની શેહેર વસાવ્યું. પછી એણે વન વન ભટકી દ્રોણાચાર્યને મારે એવો પુત્ર ઉત્પન્ન કરવાની આરજુ રાખી. એક વેળા અરણ્યમાં ફરતાં દ્રુપદ ઋષિ પાસે એકસો વર્ષ નોકરી કરી વર મેળવ્યો. પછી એણે યજ્ઞ કરી અગ્નિ કુંડમાંથી ધૃષ્ટધ્યુમ્ન નામે પુત્ર અને કૃષ્ણા (દ્રૌપદી) નામે કન્યા ઉત્પન્ન કરી. પછી દ્રુપદે દ્રૌપદી માટે સ્વયંવરનો મ્હોત્સવ કર્યો. પછવાડેથી જ્યારે માલમ પડયું કે દ્રૌપદી પાંચ જણની સ્ત્રી થવાની છે, ત્યારે એ બહુ ક્રોધે ભરાયો, પણ કૃષ્ણે તથા વ્યાસે તેનાં મનનું સમાધાન કરવાથી દ્રુપદે દ્રૌપદીને અનુક્રમે પાંચે સાથે પરણાવી. મ્હોટા યૂદ્ધમાં પાંડવ પક્ષમાં દ્રુપદ મહારથી જોધ્ધો હતો, ને દ્રોણના બાણથી પડયો હતો. દ્રુપદને પોતાની સ્ત્રીથી થએલો શિખંડી નામે એક પુત્ર હતો.

દ્રોણ કાગડો—કાગડાની જાતીમાં આ કાગડો સહુથી મ્હોટો ગણાય છે. એ દુનિયાંના ગરમ તેમજ સખત થંડીના દેશોમાં પણ જણાય છે. આ પક્ષી સ્વાતું, ધાડી મિત્રાચારી કરનારૂં છે. (જુઓ કાગડો).

દ્રોણ સાગર—એક પ્રાચીન તલાવ. દિલ્લીની ઇશાન્યે કાશિપૂર નામનું એક જુનું શેહેર છે. તેનું ઉત્તર અક્ષાંસ ૩૦ થી પૂર્વ રેખાંશ

૬૯૦ છે. ચંપાવતી નગરીના રાજા દેવચંદના એક આશ્રિત કાશીનાથે આ શેહેર વસાવ્યું હતું. આ કાશિપૂરની પૂર્વે ૧ મૈલ ઉપર યોજન નામે જુનો કિલ્લો છે. તેની લંબાઇ ૩૦૦૦ ફીટ ને પોહળાઇ ૧૫૦૦ ફીટની છે. આ કિલ્લામાં દ્રોણ સાગર નામે તલાવ છે. તેનો ઘેરાવો ૬૦૦ ચોરસ ફીટનો છે. આ તલાવ તથા કિલ્લો પાંડવોએ પોતાનાં ગુરૂ દ્રોણાચાર્ય માટે બંધાવ્યા હતા, આથી તે તલાવ દ્રોણ સાગરને નામે જણીતું થયું છે.

દ્રોણાચાર્ય—ભારદ્વાજ ઋષિને બૃહસ્પતિનાં અંશથા થએલો પુત્ર. પ્રથમ પિતા પાસે વદ ભણી પછી અગ્નિ વેષ્યને ત્યાં રહી ધનુર્વિધાનો અભ્યાસ કર્યો હતો. એ 'કૃપરા' સાથે પરણવાથી એને અશ્વથામા નામે પુત્ર થયો. દ્રોણ પરશુરામ પાસે અસ્ત્રવિદ્યા ભણ્યો હતો. જ્યારે એ દ્રુપદ પાસે દ્રવ્ય માંગવા ગયો; ત્યારે તેણે એનું અપમાન કરવાથી એ સ્ત્રી પુત્રને લઇ હસ્તિનાપૂર ગયો, ને ત્યાં ભિષ્મ ધૃતરાષ્ટને મળવાનો વિચાર કર્યો. એક દિવસે એ નગર બહાર જ્યાં બાળક પાંડવ કૌરવ દડે રમતા હતા તે દૂર બેસી જોયાં કરે છે તેટલામાં એવું બન્યું કે એક દડો અંધારા કુવામાં પડયો, જે સહુ જોવા ગયા તેટલાં 'ધર્મ'ની વિટી માંહે પડી, આથી તેઓ ધબરાયા. તેમને ધબરાતાં જોઇ દ્રોણે ત્યાં જઇ કહ્યું " હે રાજપુત્રો તે અસાધ્ય વસ્તુ સાધ્ય થાય તેવો ગુરૂ કર્યો નથી, એમ કહી કુવામાં દર્ભ મંત્રીને નાખ્યો, તો તે દડો લઇ ઉપર આવ્યો; ને ધનુષ્ય ચઢાવી બાણ મારૂં તો તે વીંટી લઇ આવ્યું. રાજપુત્રોએ અજબ થઇ દ્રોણને આદરસત્કારથી રાજ મંદીરે તેડાવતાં ભિષ્મે તેને રાજપુત્રોને ભણાવવા રાખ્યો. ત્યાં રાજપુત્રોને ભણાવ્યા પછી અર્જુનને દ્રુપદ સામે લઢવા મોકલી તેને હરાવી કેદ કરી આણ્યો. દ્રુપદે ક્ષમા માંગવાથી તેનું અર્ધું રાજ્ય લઇ તેને છોડી મેલ્યો. આ પછી દ્રોણે અર્જુનને અસ્ત્રશસ્ત્રનો ઉપદેશ કરી યોગ્ય પ્રસંગે વાપરવાનું કહ્યું. એ કૌરવ પક્ષમાં રહેલો હોવાથી એને પાંડવો સામે અનેક પ્રસંગે લઢવું પડયું હતું. ૧૮માં પાંચ દિવસ દ્રોણે સેનાધિપતિ થઇને તરહેવાર ચુતુરાઇથી યૂદ્ધ ચલાવ્યું, તેમાં કૌંચ, ચક્ર, શકટ પદ્મશુચિમુખ, વ્યૂહ રચ્યાં હતાં, જેમાં સર્વ પ્રકારનાં શસ્ત્ર અસ્ત્ર વાપર્યાં હતા.

માત્ર એને અર્જુનના બાણથી કોઇકોઇ વેળા સ્વલ્પ મૂર્છામાં રથધ્વજ ઉપર રોકવું પડતું હતું. જ્યારે પાંચ દિવસે બપોરે પાંડવો દ્રોણના મારથી ઘણાં ધબરાયા ત્યારે કૃષ્ણે ભીમની પાસે કૌરવ સેનામાંનો અશ્વથામા હાથી મરાવ્યો ને અશ્વથામાં પડયો એવી ખુમ પાડતાં એ ધબરાયો. કેમકે અશ્વથામાં ચીરંજીવ છે. ને એ મરે નહિ એમ કહેવાતું હતું. પછી એણે બ્રહ્માસ્ત્ર છોડયું અને ૨૦,૦૦૦ પાંચાલ, ૬૦૦૦ સૂંજયવીર વગેરે માર્યા, તેટલાં ભરદ્વાજાદિક દ્રોણાચાર્યનાં પિતરોએ આવી એને કહ્યું કે તું બ્રાહ્મણ થઇ આ યૂદ્ધમાં ઘણાં ઘોર કર્મ કરે છે તે તને છાજે નહિ. આથી એણે સમાધી ચઢાવતાં પાંડવોનો જય થવો એવા આશિરવાદ આપ્યા, પછી એનું તેજ નિકળી સૂર્યમાં જઇ મળ્યું (આ ચમત્કાર કૃષ્ણ, અર્જુન, ધર્મ, કૃપ અને સૂંજય એમનેજ દેખાયો હતો). તેટલાં ધૃષ્ટ ધૂમ્ને જઇ ખડગથી એનું માથું છેદ્યું.

એ કદે લાંબો, વાંકો ચાલનાર, રંગે શ્યામ ને વૃદ્ધાવસ્થાથી સફેદ બાલ વાળો હતો. મરણ સમયે એની ઉમર ૪૦૦ વર્ષની હતી. મનુસ્મૃતીનાં બેહેલા અધ્યાયનાં ૮૩માં શ્લોકમાં લખેલું છે કે કૃતયૂગમાં મનુષ્ય ૪૦૦, ત્રેતાયૂગમાં ૩૦૦, દ્વાપર યૂગમાં ૨૦૦ અને કલીયૂગમાં ૧૦૦ વર્ષ જીવશે.

દ્રૌણી—દ્રોણ પુત્ર અશ્વથામા. એ હાલમાં ૨૮ મી ચોકડી પુરી થતાં ઓગણત્રીસમી ચોકડીમાં થનાર વ્યાસ.

દ્રૌપદી—દ્રુપદ રાજાની કન્યા, કૃષ્ણાનું બીજું નામ. એને એના પિતાના નામ ઉપરથી પાંચાલી અને યાજ્ઞસેની એવાં પણ નામો છે. એ દ્રુપદ રાજાના યજ્ઞમાં 'શચી' નાં અંશથી અગ્નિમાંથી ઉત્પન્ન થઇ હતી. એની અંગકાંતી ગૌરવર્ણી અને સેહેજ શ્યામતા મિશ્રીત હોવાથી દ્રુપદે એનું નામ કૃષ્ણા રાખ્યું હતું. એ ઉમરે વધતાં એનો સ્વયંવર કર્યો, તેમાં પાડવોએ એને જીતી. સુભદ્રા એ કૃષ્ણની બેહેન હોઇ દ્રૌપદીની સોખ હતી, તોય એને કૃષ્ણ બેહેન કરી

કહેતા હતા. એને યૂધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુલ અને સહદેવ એ પાંચ ભરતારથી પ્રતિ વિંધ્ય, શ્રુતસેન, શ્રુતકિર્તિ, શતાનીક અને શ્રુતવર્મા એવા અનુક્રમે પાંચ પુત્રો થયા હતા. એ પાંચ વિશ્વદેવનાં અંશ હોઇ મહા રથી હતા.

જ્યારે ધર્મ જુગારમાં સર્વસ્વ હારી દ્રૌપદીને પણ હારી બેઠા, ત્યારે દુઃશાસને દ્રૌપદિને દરબારમાં આણી ત્યારે તે બોલી "ધર્મ હાર્યા તેમાં શું? હાલતો હું ભીમસેનની સ્ત્રી છેઉં, માટે નહિ આવું." દુશાસન બળાત્કારે જ્યારે દરબારમાં લઇ ગયો ત્યારે દુર્યોધને એને પોતાના બોળામાં બેસવા કહી, ત્યારે એણે શ્રાપ દીધો કે "તારા બોળામાં ભીમની ગદા પડશે." જ્યારે દુઃશાસને વસ્ત્રો કાઢવા માંડ્યા ત્યારે દ્રૌપદિએ દિનતાથી ભગવાનનું સ્મરણ કરતાં તેણે ગુપ્ત રહી એની લાજ રાખી. જેમ જેમ તે વસ્ત્ર ઉતારતો જાય તેમ નવું વસ્ત્ર પેહેરેલું દેખાતું. એમ ૬૬૬ વસ્ત્રો ઉતાર્યાં પણ દ્રૌપદીને નગ્ન કરી શક્યા નહિ. પાંડવોએ ૧૨ વર્ષ વનવાસ અને ૧ વર્ષ આજ્ઞાતવાસ કર્યો તેમાં દ્રૌપદિ પણ સાથે હતી. એણી વિરાટ રાજાને ઘેરમાં સૈરંધ્રીનામે સુદેષ્ણાની દાસી તરીકે રહી હતી. ત્યાં કીચક એનીપર બદ નજર કરતાં તે ભીમને હાથે માર્યો ગયો હતો.

અશ્વથામાએ યૂધ્ધમાં એનાં પાંચ પુત્રોને નિંદ્રા દરમ્યાન માર્યાથી એણે તેને શ્રાપ આપ્યો હતો.

દ્રૌપદિ નારદના ઇન્સારૂથી દરેક પાંડવ સાથે બબે મહિનાને ૧૨ દિવસ રહેતી હતી.

ધ

ધ—મૂળાક્ષરનો ૩૦ મો અક્ષર.

ધકનો કિલ્લો—આ કિલ્લો કર્જતની પૂર્વે સુમારે પાંચ છ મૈલ ઉપર સૈહ્યાદ્રિની પશ્ચિમે ૨૮૯૮ ફીટ ઉંચાઇના એક પર્વત ઉપર છે. જે ટેકરીના શિખર ઉપર આ કિલ્લો બાંધેલો છે તેની વાયવ્ય તરફનો ઉતરાણ ઉપર કેટલાક કોતરેલા ગુફાઓ છે, પણ ત્યાં જઇ શકાતું નથી. એના વિશે ઇતિહાસિક વર્ણન કશું મળતું નથી.

ધતુરો—એના ઝાડ બે હાથ ઉંચા વધે છે. એની બે જાતિ છે, કાળી અને ધોળી. કાળો ધતુરો ઔષધિ છે. ધતુરાનાં ફુલો સફેદ, પીળા અને બલું રંગના અત્યંત સુંદર હોય છે. ધતુરાનાં બીજ અત્યંત કેફી છે, અને તેને નાહના પ્રમાણમાં ખવાડતાં બેહદ કેફ ચઢાવે છે, તથા મનુષ્યને દેવાનપણા જેવી અસર કરે છે. મિઠાઇમાં અથવા શરબતમાં યા ભાંગમાં ધતુરાનાં બીજ છુંદી ખવાડતાં તેની નિશા બે દિવસ સુધી ઉતરતી નથી. રોહડકમાં એના ફુલને પૂજા પાત્રીમાં વાપરે છે.

ધંધુસર—કાઠીયાવાડમાં જુનાગઢની વાયવ્ય તરફ ૯ મૈલ ઉપરનું ગામ. ધુંધાલીમલ જેણે ધંધુસરનું તલાવ બોદાવ્યું તેના નામ ઉપરથી ગામનું નામ પડ્યું છે. ધંધુસર તળાવની પાળ ઉપર શિવ મંદીર છે. આ દેહેરું પણ ધુંધાલીમલે બંધાવ્યું હતું. વસ્તી ૧૯૩૪ ની છે.

ધંધુસરમાં એક જુના વખતની હાનીવાવ નામે ઓળખાતો કુવો છે. તે વંથળીના રાજાની કુંવરી નામે હાથીએ પોતાના પ્રધાન ગદાધર હસ્તક જુનાગઢના ચુડાસમા રાજ્ય સિંહના પુત્ર મોકલસિંહના રાજ્યમાં બંધાવ્યું (ઇ. સ. ૧૪૪૫માં). વાવના ગોખમાં શેષશાયી ભગવાનની મૂર્તિ છે. ગામના રહેવાશીઓ એ 'હાની' ની મૂર્તિ ગણે છે. જે બાઇડીને પુરતું ધાવણ આવતું ન હોય તેઓ માનતા માની આ મૂર્તિને દુધે નવડાવે છે. ઢેડ લોકો કહે છે કે હાની ઢેડી હતી પણ તેનાં સુકૃત્યને લીધે દેવી મનાઇ. આથી તેઓ આ મૂર્તિને પોતાની ઇષ્ટ દેવતા ગણે છે. વાવનો તોડ નથી. બાવા પિઆરા જેનો મઠ જુનાગઢ પાસે છે તે થોડો વખત ધંધુસરમાં રહ્યા હતા. ત્યાર પછી ધંધુસર ઉજડ પડ્યું. ૫૦૦ થી ૬૦૦ વર્ષ પહેલાં 'મેહરનો ધાડોસા દેવરાણીએ' તેને વસાવ્યું. ઇ. સ. ૧૮૯૧ ના ભારે દુકાળમાં એ પાછું ઉજડ થયું, પણ ૧૮૩૩ માં ફરી વસાવવામાં આવ્યું હતું.

ધધુંકા—અમદાવાદ જીલ્લામાંનો એક તાલુકો. એની ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણે કાઠીયાવાડ અને પૂર્વે બંગાલનો ઉપસાગર છે. એનું ક્ષેત્રફળ ૧૦૯૮ ચૌરસ મૈલ હોઇ તેમાં લોક વસ્તી ૧૨૩૧૦૮ ની છે. તેમાં ૪૦૦૩ પુરષો ને ૫૯૧૦૪ સ્ત્રીઓ છે, વસ્તીમાં ૧૦૩૬૦ હિંદુ ને ૧૨૩૬૨ મોહમેદન છે. મધ્ય ભાગમાં કપાસ, પૂર્વ તરફ ઘઉંનો પાક થાય છે. આ પ્રગણામાં ૮૦૦ કુવા, ૧૮૦ તલાવ ને ૨૨ ઝરા છે. વર્સાદ ૧૬ થી ૨૪ ઇંચિ વર્સે છે.

મુખ્ય શેહેર ધંધુકા અમદાવાદની દક્ષિણ પશ્ચિમે ૧૦ મૈલ ઉપર છે. લોક વસ્તી ૧૦,૦૪૪ ની છે.

ધનગર—અથવા ભરવાડ. આ પ્રજા કેનેરા તરફ પુશકળ વસે છે. તેલંગણમાં એમના ૧૨ ટોળા છે. હિંદના મધ્ય ભાગમાં તેઓ ઉનનું કાપડ વણનાર, બાગબાન અને મજુરીનો ધંધો કરે છે. માગરનાં પહાડી ભાગમાં તથા છોટા નાગપૂરમાં પણ તેઓની વસ્તી છે, તેમાં ઉમરાવતી ૮૦૫૬ વસે છે, દક્ષિણ હિંદુસ્તાનમાં એઓ અનેક પ્રકારનાં ઉદ્યોગમાં કાળ ગુમાવે છે. ઇન્દાપૂર ભિમથરી અને પુરંદરમાં એમની મ્હોટી વસ્તી છે. મહારાજા હોલકર પણ એજ જાતનાં હોઇ તેમનું વંશ મ્હોટી પદ્વિએ પોંહચ્યું છે. અસલ-ધનગર ગોવાળીયાનો, સેગાર ધનગર ગરમ કાપડ વણવાનો તથા તેલંગ ધનગર ખેડુતનો ધંધો કરે છે. દક્ષિણમાં ધનગરો બકરા ચરાવવાનો તથા ઉછેરવાનો ધંધો કરે છે. આ પ્રજા વાઇન ગંગાના ઉત્તર કાંઠા ઉપર પણ વસે છે. ધનગર પ્રજા હિંદુ ધર્મ પાળે છે, પણ તેમનામાં વટીક અનેક જાતીભેદ છે.

ધનજીભાઈ ફરામજી પટેલ—આ જાણીતા નરનો જન્મ મુંબઇમાં ૨૫ મી જુન ૧૮૨૩ માં થયો હતો. પ્રથમ ખાનગી શાળામાં કેળવણી સંપાદન કરી જુવાનીમાં પોતાના પિતાની મેસર્સ ફરિથની કું૰ માં શિખઉ દાખલ જોડાઇ ૧૮૪૫ થી પોતાના કાકા તથા મામા સાથે જોડાઇ મી૰ જેમલ યંગની સાથે લશકરી અમલદારોની મેમી ખાતાંની એજન્સીની એક પેહેઠી કાઢી પણ તેમાંથી ૧૮૪૯ છુટા પડી અનેક વેપારી સાહાસમાં ઝીપલાવી ૧૮૬૩ થી પોતાના ભાઇ સોરાબજી પટેલ સાથે જોડાઇ મેસર્સ ફરામજી એન્ડ સન્સની પેઢી કહાડી હતી. આ પેઢીમાંથી ૧૮૬૫ માં ૮ મી જુને ભાગ છુટો કર્યો હતો. આ વેળા પારસીઓના પેગંબર રપેન્તમાન જરતોસ્તની હસ્તી વિશે કેટલાંક શક ભર્યાં લખાણો થયા હતા, તેની સામે એણે "માથીસ્ટઇટીઓસ" નાં તખલુસ તળે 'ટાઇમ્સ' માં અનેક ચર્ચા પત્રો લખ્યાં હતા, જે ચર્ચા પત્રોનું પાછળથી એક જુદું ચોપાન્યું છપાવી પોતાને ખર્ચે વેંહેચાવ્યું હતું. ૧૮૫૩ માં ઇરાન મધેના "હાજી આબાદ" નામના ગુફાની અંદર સાસાનીયન પાદશાહોનાં વખતની એક પેહેલવી તખતીનો એણે તથા મ૰ દસ્તુર પેશોતનજી સંજાણાએ જૂદા જૂદા તરજુમા કર્યા હતા, જેની તકરાર ઘણી લંબાઇ હતી પણ તેનો કશો ફડચો થયો નહોતો. ૧૮૫૫ માં એવણે ક્રોમોની ઉત્પતિ, પુરવીણુપણું અને તેમની ભાષા નામે બે જાહેર ભાષણો આપ્યાં હતા, તે શિવાય એવણ અનેક મંડળી તથા ખાતાંઓના પ્રમુખ, સભાસદ તથા ડીરેકટર તરીકે નેમાયા હતા. ૧૮૫૭ માં રૉયલ એશિયાટિક સોસાયટી હસ્તક "ઇરાની જબાનોનાં પુરાતમપણા અને તેઓની સત્તા, બાબે બે નિબંધો વાંચ્યા હતા, જેનું એક જૂદું પુસ્તક ૧૮૬૧ માં છપાવી પ્રગટ કર્યું હતું.

ઇ. સ. ૧૮૬૦ માં એવણને નામદાર સરકાર તરફથીસુલ્હેના અમલદાર ને ૧૮૬૫ માં યૂનિવ્હરસિટીના ફેલો તરીકેનું માન નવાજમાં આવ્યું હતું. ૧૮૬૨ થી ૬૫ સુધી એવણે પોતાનું મજગામ ખાતે મુફત કેળવણી આપવાનું ખાતું ચાલુ કર્યું હતું. પણ ૧૮૬૫ માં શેરસટામાં પાયમાલી થયા પછી ૧૮૦૦ થી એકાંત જીંદગી ગુજરવા માંડી હતી. ૧૮૮૪ માં માત્ર એક બે જાહેર ભાષણો આપ્યાં હતા. મરણ ૧૮૯૨ માં ૩ જી આગસ્ટે નિપજ્યું હતું.

ધનતેરસ—આશો વદ તેરસને દિને આ તેહેવાર પડે છે. બે તેરસ હોય તો પેહેલીને દિને ધનતેરસ પડે છે. આ તેરસે યમદિપદાન કરવાનું શાસ્ત્રમાં વર્ણેલું છે. ધનતેરસ વેપારી વર્ગનો મુખ્ય તેહેવાર છે. એ દિવસે ધન તથા ધરેણાને ધોઇ તેનું પૂંજન કરવામાં આવે છે.

ધનવંતરી—પ્રાચીનકાળમાં ભારત વર્ષમાં પ્રસિધ્ધતા પામી ગયલો મહા વિદ્વાન વૈદરાજ એ કાશીના રાજા સુદેવને ત્યાં અવતર્યો હતો. એ સ્વર્ગનો પણ વૈદ કહેવાય છે. એનો શિષ્ય અરક વૈદકીમાં અતિ પ્રવિણ હતો.

ધનરાશિ—આ રાશિચક્રમાંનો નવો નક્ષત્ર છે, એની આકૃતિ અર્ધું મનુષ્ય ને અર્ધો ભાગ

ઘોડા જેવો છે. તેના હાથમાં ધનુષ્ય હોઈ બાણ ચઢાવી તે છોડવાના વિચારમાં છે.

ધનાશ્રી—અથવા ધન્યાશ્રી. સંગીત શાસ્ત્ર મુજબ આ રાગણી શ્રી રાગની સ્ત્રી છે. એની જાતી સંપૂર્ણ યાને એમાં ખરજ શુદ્ધ, રિખવ કોમળ, ગાંધાર કોમળ, મધ્યમ તિવ્ર અને કોમળ છે. પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિખાદ તિવ્ર, કોઇ તિવ્ર અને કોમળ એવુ નિખાદ પણ લેછે. ગ્રહ સ્વર ગાંધાર અને ન્યાસ સ્વર પંચમ છે. આરોહમાં રિખવ અને ધૈવત બાદ છે. આ રાગણી હોરી અને અસાવરી તથા મ્હારવાથી મિશ્ર છે. તેને કોઇ મુલતાની પણ કહે છે, પણ તેમાં ઉતરી મધ્યમ અને ઉતરી નિખાદ આવતા નથી એમ સંગીત કળાધરમાં જણાવ્યું છે.

એનું સ્વરૂપનું વર્ણન સંગીત શાસ્ત્રમાં એવું દર્શાવેલું છે કે તે લાલ વસ્ત્ર પેહેરેલી, એકાંત બાગમાં પતિ વિયોગમાં નિશ્વાસ મેળી રૂદન કરતી, આંસુની નદી વહેતી, પતિના મેલાપની આશાની તગર કરતી બેઠેલી છે. કેટલાક એમ પણ જણાવે છે કે વિયોગમાં વૃધ્ધાવસ્તાએ પુગેલી અફસોસ કરતી બેઠેલી સ્ત્રી છે.

ધનુરવા—(જુઓ આંચકી.)

ધમની—(જુઓ ધોરીનસ)

ધરમપુર—આ દેશી રાજ્યની ઉત્તર પૂર્વ લંબાઇ ૪૦ મૈલ અને પૂર્વ પશ્ચિમ પોહળાઈ ૨૦ મૈલની છે. તેમાં ૧ શેહેર ને ૨૭૨ ગામડાં છે. ક્ષેત્રફળ ૮૯૪ ચૌરસ મૈલ છે. લોક વસ્તી ૧૦૧૨૮૯ ની હતી તેમાં ૧૫૫૪૯ હિંદુ, ૧૭૦૭ મોહમેદન તથા ૮૪૦૩૩ પરજાતીની હતી. દર સાલ વર્સાદ ૭૦ ઇંચને સુમારે વર્સે છે. મુખ્ય શેહેર ધરમપૂરમાં વસ્તી ૫૧૭૬ ની છે. તેમાં ૨૨૭૮ હિંદુ, ૮૪૧ મોહમેદન અને ૩૩ પારસી છે, તથા ૨૦૩૧ પરજાતી છે. તેમાં ત્રણ વર્નાકયુલર સ્કુલ અને એક છોકરીની શાળા છે.

આ સંસ્થાનમાંથી દમણ ગંગા, કોલક, વાંકી, ઔરંગા ને અમ્બિકા વહે છે. મુલક પહાડી હોવાથી ખેતી અનુકુળ નથી, ધરમપૂરના રાજા સૂર્યવંશી સિસોદીયા રજપૂત છે. આસરે ૭૦૦ વર્ષ ઉપર કેટલાએક એ જાતના રજપૂતો કોઇ રામ રાજાની સરદારી તળે ભીલોની પાસેથી મુલક જીતી લઇ અહીં આવી વસ્યા. તેથી ધરમપુર તે રામનગર કહેવાતું. શિવાજી સૂરતપર હુમલો કરવા આવ્યો ત્યારે તેણે રામનગરનો કિલ્લો પોતાના તાબામાં લઇ લીધો ત્યારથી ધરમપૂરના રાજાઓ મરેઠાની હાકમી તળે ગયા. વસાઇના તહનામાની રૂહે એના ઉપરની ખંડનીનો મરેઠાઓનો હક બ્રિટીશ સરકારને મળ્યો.

ધરમપુરી—ધારના રાજાનું એક પ્રગણું. વસ્તી ૧૮૫૭૪ ની છે તેમાં ૧૩૮ ગામડાં છે. વાર્ષિક ઉપજ ૬૮૯૮ પૌંડની છે. ઉપલાનું મુખ્ય શેહેર ધરમપુરી નર્બદાના ઉત્તર કિનારા ઉપર છે. મુસલમાની રાજ્ય અમલ વેળા અત્રે ૧૦,૦૦૦ ની વસ્તી હતી, પણ હાલમાં માત્ર લાં ૫૦૦ ની છે.

ધરમસલા—પંજાબમાંના કાંગ્રા જીલ્લાનું આ મુખ્ય પહાડી મથક. કાંગ્રા શેહેરની ઉત્તર પૂર્વે ૧૬ મૈલ ઉપર છે. આ ગામમાંઅગાઉ ધર્મશાળા બાંધવામાં આવ્યાથી તે એજ નામે પ્રસિધ્ધતા પામ્યું છે. ૧૮૭૫ માં અત્રે કાંગ્રાની મુખ્ય કચેરીનું મથક બનાવતાં વસ્તી વધી હતી, હાલમાં અત્રે યુરોપીયનોનાં ખાનગી મકાનો જ્યાં ત્યાં નજરે પડે છે. અત્રે યુરોપીયન સીપાહોની બે મ્હોટી બરાખો છે. તેમજ અત્રે ૩ બજાર, જાહેર બગીચો, કોર્ટ હૌસ, જેલ, ખજાનો, ઇસ્પીતાલ વગેરે છે. લોક વસ્તી ૫૩૨૨ ની છે, તેમાં ૪૬૩૦ હિંદુ, ૫૯૮ મોહમેદન અને ૫ શિખ છે. છાવણી વાલું મથક સમુદ્ર સપાટીથી ૪૫૦૦ થી ૬૫૦૦ ફીટ ઉપર છે. અત્રે વરસદા ૧૪૮ ઇંચ છે. ઇ. સ. ૧૯૦૫નાં એપ્રિલ માસમાં ધરતીકંપના આંચકાથી આ શેહેરનો મોટો ભાગ નાશ પામી વસ્તીનો મોટો ભાગ માર્યો ગયો હતો.

ધર્મ સાવર્ણી—હવે પછી થનાર ૧૧ મો મનુ. એને મરૂ સાવાર્ણિ પણ કહે છે. એને સત્ય, ધર્મ વગેરે ૧૦ પુત્રો થશે. વિહંગમ, કામગમ, નિર્વાણ રૂચી, આ નામના સ્વર્ગમાં ત્રિવિધા દેવતા થઇ તેમનો સ્વામી વૈધૃતિ નામે ઇંદ્ર થશે, અને વરૂણ વગેરે સપ્તર્ષિ થશે.

ધરો—એક જાતીનું તૃણ. આ ધરોનાં ખેટ હરીયાળી જેવા હોય છે. આ તૃણને લાંબો

વખત પાણી નહિ મલ્યા છતાં તેના મૂળીયાં લીલાંછમ રહી શકે છે. દુકાળ પ્રસંગે એનાં મૂળીયા ખણી કાઢી ઢોરોને ખાવા અપાય છે. ધરો દેવપૂજામાં તેમજ ઔષધ ઉપચારમાં ઘણું ઉપયોગી છે. હેડકી ઉપર ધરોની મૂળનો રસ માસો ૧, મધ તોલો એક એ એકત્ર કરી પાય છે. ઉલટી અટકાવવા ધરોનો રસ કાઢી ચોખાની નીતારેલી કાંજીમાં પાય છે.

ધરોળ—કાઠીયાવાડમાંનુ એક દેશી રાજ્ય. આ રાજ્યને તાબે ૧ શેહેર, ને ૬૪ ગામડાં છે. ક્ષેત્રફળ ૪૦૦ ચૌરસ મૈલ છે. વસ્તી ૨૧૭૭૭ ની છે. એપ્રિલ, મે અને અકટોબરમાં અત્રે સખત તાપ પડે છે. વાર્ષિક ઉપજ ૧૧૭૦૦ પૌંડની ઉપજે છે. રાજ્યમાં ૪ સ્કુલ હોઇ ૨૭૦ વિદ્યાર્થીઓ તેમાં ભણે છે. ગાયકવાડ તથા જુનાગઢને અત્રેનો રાજ્યકર્તા ૧૦૨૩ પૌંડ ને બે શિલીંગ ખંડણી તરીકેના ભરે છે. લશકર ૧૧૮ માનસોનું છે.

ધવલાગરિ—આ હિમાલય પર્વતનું એક શિખર. નેપાલ તરફ છે. અગાઉ આ શિખર સર્વોપરી ગણાતું હતું, પણ તેની ઉંચાઇ માત્ર ૨૬૮૨૬ ફીટની જણાય છે.

ધવલેશ્વર—ગોદાવરી જીલ્લામાં રાજમહેંદ્રી તાલુકામાંનું એક ગામ. તેમાં વસ્તી ૮૦૦૨ ની હોઇ તેમાં ૭૬૦૨ હિંદુ, ૨૬૦ મોહમેદન અને ૧૪૦ ખ્રિસ્તીઓ છે. આ ગામ રાજમહેંદ્રીની દક્ષિણે ૪ મૈલ ઉપર આવેલું છે. અત્રે આગળ યુરોપીયનની સારી વસ્તી હતી. અત્રેની ખાણમાંથી ઇમારત લાયકનાં પથ્થરો પુષ્કળ મળે છે. ૧૫ અને ૧૬ મી સદીમાં રાજમહેંદ્રીના રાજા સિતાપતિ અને ઇલોરના મોહમેદન રાજ્યકર્તા વચ્ચે થએલી લઢાઇ દરમ્યાન આ ગામ વિશેષ જણીતું થયું હતું.

ધાકટ—આ વનઔષધિ છોડ એક હાથ ઉંચા વધે છે. એના પાંદડાં ૧ આંગળ પોહળાં હોઇ ૩ થી ૪ આંગળ લાંબા હોય છે. એનાં ઝાડ દક્ષિણ કોંકણમાં થાય છે. આ ઝાડોમાં એવો ચમત્કાર છે કે એનાં પાંદડાંને ઝાડ ઉપર અર્ધાજ તોડી ફરી વળગાવી દીધા હોય તો તેનો સાંધો તુરત મળી જાય છે. આ ચોંટી જવાનું કારણ એના પાંદડાંમાં ઘણો ચીકાસ હોવાનું છે.

ધાણા—આ કોથમિરના બીયાં પાચક મૂત્રલ અને દાહ શમક છે. એના ગુણ એક સુગંધી તેલમાં રહે છે. ધાંણાનાં પાચક ગુણને લીધે તેને ઇંગ્રેજી ઔષધિમાં પણ ઉપયોગી ગણેલું છે. એનાં ૧૦૦ ભાગ ભૂકીમાં બે ભાગ તેલ રહે છે.

ધાત—(જુઓ વીર્ય.)

ધાતુ-ખનીજ—હાલમાં દુનિયામાં બાવન ધાતુરૂપ તત્વો જણીતાં છે. અને તે કરતાં પણ વધારે તત્વોનો હજી શોધ થવાનો સંભવ છે; તેમાંની કેટલીક ધાતુઓ જવલેજ મળે છે, અને તેમનો ઉપયોગ વેહવારમાં ઝાઝો થતો નથી. બીજી ધાતુઓ પૃથ્વી ઉપર જગેજગ પસરેલી છે અને તે ઘણી મળતી હોવાથી તેનો વ્યવ્હાર, કલાકૌશલ્યા અને ઔષધિમાં ઘણો ઉપયોગ થાય છે. વ્યવ્હાર ઉપયોગી એવી ૨૧ ધાતુઓ છે, તેમાંની ૧૬ ધાતુઓ ધાતુ અવસ્તામાં ઉપયોગી છે, અને બાકીની માત્ર સંયૂકત અવસ્તામાં માત્ર ઉપયોગી છે.

સર્વ ધાતુને ઘનરૂપ સ્થિતિમાં એક પ્રકારની ચમક હોય છે. ધા[illegible] તદન અપારદર્શક હોય છે. ધાતુ ઉષ્ણ[illegible] અને વિજળી વાહક છે. તેમજ ધાતુ[illegible] પૃષ્ટ ભાગનાં પ્રકાશથી પરાવર્તન થઇ શકે છે. ધાતુ સદા ઇલેકટ્રોપોઝેટિવ હોય છે. ધાતુની ચળક અને પારદર્શકતા સર્વેના જોવામાં છે. ધાતુ ઉષ્ણતા વાહક છે.

મુખ્ય કરી પૃથ્વીનાં પેટામાંની ખાણોમાં બીજા પદાર્થો સાથે મિશ્ર હાલતમાં મળે છે. ઍલ્યુમિનમ, કયાસિયમ, મૅગ્નિશિઅમ, લોહું સોડીઅમ અને પોટાશિઅમ આ ધાતુ પૃથ્વીનાં ખડકોમાં ઘણી મળે છે. બાકીની ધાતુ કેટલેક ઠેકાણે માત્ર મળે છે. લોહું, નિકલ વગેરે કેટલીક ધાતુ આકાશમાંથી જે મ્હોટા પથ્થરા પડે છે તેમાં હોય છે. કેટલીક ધાતુ સ્વચ્છ હાલતમાં પણ મળે છે. બિસ્મિથ, ત્રાંબુ, સોનું, લોહું, પારો, પ્લાટિનમ અને રૂપું આ ધાતુઓ શુદ્ધ હાલતમાં મળે છે. આકાશમાંથી પડતા પથ્થરમાંથી લોહું તદન શુદ્ધ હાલતમાં મળે છે. મુખ્ય કરી ઉંચી ધાતુ સ્વચ્છ હાલતમાં મળી શકે છે, કારણ સાધરણ હવામાં તેપર કાટ ચઢતો તથી; પણ તે બીજી ધાતુઓ સાથે મિશ્ર સ્થિતિમાં હોય છે. બાકી ધાતુ ઑકસિજન, ગંધક અને કર્બોરિત સાથે મિશ્ર સ્થિતિમાં મળે છે

એલ્યુમિનિયમ વગેરે ૬ ધાતુ સઘળા ખડકોમાંથી મળે છે, પણ તે તેમાંથી જૂદી કાઢી શકાતી નથી. પણ જે ઠેકાણે આ ધાતુનાં બીજા થોડા પદાર્થોથી સંયૂકત થએલું અને જેમાંથી છુટું પાડી ધાતુ સેહેજ જૂદી પાડી શકાય છે એવાં અંશ મળે છે, તેમાંથી વ્યવ્હારોપયોગ માટે આ ધાતુનું સંશોધન કરે છે. આ વિદ્યાને ધાતુ સંશોધન વિદ્યા કહે છે. ધાતુ કેમ અને કેવી રીતે અને કયા થરમાં મળી આવે છે તે ભૂગર્ભશાસ્ત્રમાં જણાવેલું છે. તે થરમાથી ધાતુ કેવી રીતે કાઢી શકાય છે તેનું વર્ણન જ્યાં જ્યાં જે ધાતુનું સ્વતંત્ર વર્ણન આપ્યું છે ત્યાં તેની સમજણ પણ આ ગ્રંથમાલામાં આપેલી છે.

અશોધિત ધાતુ—જે ધાતુનાં સાદા સયૂંકત પદાર્થ પૃથ્વીપર જણાય છે, અને જેમાંથી વ્યવ્હારમાં ધાતુ વેગળી કાઢવામાં આવે છે તેને અશોધિત ધાતુ (ઓઅર્સ) કહે છે. ધાતુનાં ઑકસાઇડ અને સલ્ફાઇડ એ મુખ્ય અશોધિત ધાતુ છે. 'હેમટાઇટ' આ પથ્થર, લોઢાનો ઑકસાઇડ, સુવર્ણ મુખી એ લોઢાનો સલ્ફાઇડ છે. શિંદુર એ પારાનો સલ્ફાઇડ છે. ગ્યાલેન એ સિસાનું સલ્ફાઇડ છે. સોડિઅમ ધાતુ સૈંધવમાં ક્લોરાઇડ રૂપે જડે છે. આ અને બીજા કેટલાક બીકટ રૂપે મટોડી વગેરે પદાર્થો સાથે ભેળાયલી ધાતુ મળે છે.

ધાતુ સંશોધન—આ પ્રકારનાં ધાતુનાં પથ્થરો જે ખાણમાં જડે છે તે ખાણમાંથી ખણી કાઢે છે, અને તેના કટકા કરી તેનાપર જે મટોડી વગેરે પદાર્થો ચોંટેલા હોય છે તે કાઢી સ્વચ્છ પથ્થર ખાણમાંથી આણે છે. પછી તે પથ્થરને છુંદી તેના ઝીણા કટકા કરી તેને પાણીના પ્રવાહમાં જોશથી ધોય છે; આથી ચ્હોંટેલી મટોડી વગેરે ધોવાઇ જાય છે. આ રીતે શુદ્ધ કરેલી ધાતુનાં કટકામાંથી મુખ્ય કરી ત્રણ રીતે ધાતુ જૂદી પાડે છે.

૧—કેટલીક ધાતુની વરાળ જલ્દી બને છે. આવી ધાતુના પથ્થરાને ગરમ કરી તેને વરાળને એકઠી કરી ઠરવા દઇ જૂદી પાડે છે. એવી ધાતુ જસત, પારો, સોડિઅમ, પોટાશિઅમ, આર્સેનિકમ, મૅગ્નિશિઅમ, અને કયાડમિઅમ એ છે.

૨—ઘણી ધાતુ પારામાં પિગળે છે. પારામાં ધાતુ પિગળતાં તે સંયોગી પદાર્થને 'અમાલગમ' કહે છે. તે અમાલગમ ગરમ કરતાં પારો વરાળ રૂપે ઉડી જઇ બીજી ધાતુ પાછળ રહે છે. આથી ધાતુનાં પથ્થરાને પારામાં નાખે છે. આથી માત્ર ધાતુનાં અંશ પારામાં પિગળે છે, પછી તે અમાલગમને ગરમ કરે છે. આ રીતમાં પારો ઘણો ખપે છે અને તેમાંનો ન્હોટો ભાગ વ્યર્થ જાય છે; આથી આવી રીતે સુના જેવીજ ઉંચી ધાતુને માત્ર વેગળી કાઢે છે.

૩—જે ધાતુ ચોકસ ઉંચા ઉષ્ણમાન ઉપર પિગળે છે, તેને ભઠ્ઠીમાં નાખી ગરમ કરે છે, અને તેની ઉપર બીજા રસાયનિક પદાર્થની ક્રિયા કરી શુદ્ધ ધાતુ પ્રવાહિ સ્થિતિમાં જૂદી પડે છે. આ રીતથી ત્રાંબુ શિસું, ઍંટીમની, ઍલ્યૂમિનમ અને કલ્લઇ આ ધાતુ શુદ્ધ કરે છે. આ રીતમાં પણ બે પ્રકાર છે. એક પ્રકારમાં ચુનો અને કાર્બનનો ઉપયોગ કરે છે. આ પદાર્થ ધાતુથી મિશ્ર રહેતાં ઑકસિજન આદી દ્રવ્યથી સંયોગ પામે છે અને ધાતુ જૂદી પડે છે. બીજા પ્રકારનાં માત્ર ગર્મીથી ધાતુ સાથે મિશ્ર રહેલા દ્રવ્યો કાઢી નાખવામા આવે છે, યા ઉડાડી નાખે છે.

પેહેલી રીતને ઇંગ્રેજીમાં 'સ્મેલ્ટિંગ' કહે છે. જ્યારે ધાતુ ઑકસાઇડ રૂપે મળે છે ત્યારે તેમાંથી ઑકસિજન કાઢી નાખી શુદ્ધ કરે છે. આ રીતનું મૂળ બીજ આ રીતનું છે. ઑકસિજનથી જેને મજબૂત પ્રિતી છે એવા કાર્બન જેવા પદાર્થ સાથે ઑકસાઇડને ગરમ કરે છે. આથી કાર્બનથી ઑકસિજન સંયોગ પામી કાર્બોનિક ઍસિડ અને કાર્બનિક ઑકસાઇડ આ ગ્યાસ નિકળી જાય છે. પછી બીજાં દ્રવ્યો મળેલાં હોયછે તે કાઢી નાખવા ચુનો અને બીજા પદાર્થ ભેળે છે. ચુનાથી તે દ્રવ્ય સંયોગ પામે છે, અને શુદ્ધ ધાતું જૂદી પડે છે. આ માટે ન્હોટી ભઠ્ઠીઓ બનાવે છે અને તે કેટાંક વર્ષો સુધી રાત દિવસ બળીયાજ કરે છે. ચુનો અથવા બીજાં પદાર્થો જે માહે મિશ્ર કરે છે તે, બીજાં દ્રવ્યોને પિગળાવી તેના સામે સંયોગ પામે છે, અને આ સંયોગી પદાર્થ ધાતુ કરતાં હલકા હોવાથી પૃષ્ટ ભાગ ઉપર રહે છે, અને ભારી ધાતુનો રસ તળીયે ઠરે છે. તે રસ મૂસના તળીયામાં રાખેલા બકારા વાટે તેમાંથી બીજા સાંચામાં લેછે અને પપ ભાગ

ઉપરનો પણ થરો બાજુનાં બકારામાંથી કાઢી લીયે છે. સારાંશ આ કૃતિમાં અશોધિત ધાતુ કાર્બન અને ચુનો અથવા તેવા બીજા પદાર્થો ભઠ્ઠીમાં અતિ ગરમ કરી ધાતુ શુદ્ધ કરેછે.

બીજા પ્રકારને ઈંગ્રેજીમાં રોસ્ટીંગ કહેછે, અને આ કૃતિને 'રિવ્હરબેટરી ફર્નેસ' અથવા ગ્લાસ્ટ ફર્નેસ કહે છે. આ ભઠ્ઠીમાં ધાતુ ગર્મીની પાસે નહિ હોવા છતાં તેનીપર ગરમ હવા આવી તેનું સંશોધન કરે છે. આ રીતથી ધાતુનાં સ્લ્ફાઇડમાંથી શુદ્ધ ધાતુ કાઢે છે. આ કૃતિથી નવો પદાર્થ અશોધિત ધાતુમાં મળી જતો નથી.

ધાતુની ચળક, અપારદર્શકતા અને રંગ. ધાતુ ઓપીઆથી ચલક આપે છે, ધાતુને અંગે પ્રકાશનું પરાવર્તન કરવાની શકિત આવે છે, અને તેનેજ ચળકાટ યા ઝમક કહે છે. ઓપેલું સોનું, ચાંદી, કલ્લઇ વગેરે ધાતુ કેવી ચળકે છે એ જાણીતી બીના છે. તેમજ સુવર્ણ મુખી ગ્યાલેનાં (શિસાની અશોધિત ધાતુ) વગેરે કેટલાક ખનિજ પદાર્થમાં આ ઝમક હોય છે. પણ કેટલાકના અતિ પાતળા વરખ બનાવતાં તેમાંથી કાંઇક પ્રકાશનાં કિરણો બાહેર પડે છે. ધાતુનાં પૃષ્ટ ભાગ ઉપરથી પરાવર્તન પામેલાં પ્રકાશનો રંગ જૂદો જૂદો હોય છે. ચાંદીનો સફેદ અથવા ચળકતા લોઢાનો ઝાંખો અથવા શિસું અને જસતનાં જેવો બલુ સફેદ એવો રંગ હોયછે. ત્રાંબાથી પરાવર્તન પામેલો પ્રકાશ લાલ હોય છે. સુનાથી પિળો અને કયાનશિઅમ તથા એરિઅમ આ ધાતુથી ઝાંખો પિળો પ્રકાશ પડે છે. ધાતુની ભૂકી બનાવી તેને રૂપ આપતાં તેને અંગે ઝળકાટ આવે છે, પણ તેને ઘાબી તેને ગોળો કરતાં તેના અંગે તે ગુણ આવે છે. કાચની શોધ આગમજ ધાતુની આરસીઓ વપરાતી હતી. (જુઓ આરસી.)

ધાતુનું સખતપણું, ચોવટાઈ અને બરડપણું—પારા શિવાય સઘળી ધાતુ સાધારણ ઉષ્ણતાથી ઘન બને છે. પારો માત્ર પ્રવાહી ધાતુ છે. હાઇદ્રોજન ગ્યાસને જો પ્રવાહી અથવા ઘન કરી શકાય તો તેને પણ તેનાં રસાયનિક ધર્મ ઉપરથી ધાતુના વર્ગમાં મેલી શકાશે. જૂદી જૂદી ધાતુના સખતપણામાં ઘણો અંતર હોય છે, એટલુંજ નહિ પણ એકજ ધાતુ જૂદી જૂદી અવસ્તામાં વધારે ઓછી હોય છે. પોલાદ એટલું સખત કરી શકાય છે કે તે વડે કાચ ઉપર ચિત્રામણ પાડી શકાય છે, પણ શિસું એટલું તો નરમ હોય છે કે તેની ઉપર નખવડે લિટી દોરી શકાય છે, અને તે વડે કાગળ ઉપર લખી પણ શકાય છે. પોટાસિયમને માખણ પ્રમાણે દાબી વાળી યા પાંથરી શકાય છે. કેટલીક સખત ધાતુ અતિ સ્થિતિ સ્થાપક હોય છે, અને તેની ઉપર ઠોકતાં અવાજ નિકળે છે. પણ કલ્લઇ તથા ત્રાંબુ એની મિશ્ર ધાતુ બનાવે છે તેનો અવાજ ઉત્તમ આવે છે. લોઢાથી કાર્બનનો સંયોગ થઇ જે પોલાદ બને છે તે એટલું તો સ્થિતિ સ્થાપક હોય છે કે તેના સર્વ પ્રકારના યંત્રમાં કમાનો હોય છે. આગલા કોઠામાં મુખ્ય ધાતુ સખતાઇના માનથી ક્રમ વાર લખેલી છે. આ પ્રમાણ મુજબ જોતાં હિરાનું માન ૩,૦૧૦ છે.

નામ.	સખતપણું.
મ્યાંગેનિજ.	૧૪૫૬
કોબાલ્ટ.	૧૪૫૦
નિકેલ.	૧૪૧૦
લોહું.	૧૩૭૫
ત્રાંબુ.	૧૩૬૦
પ્લેડિઅમ.	૧૨૦૭
પ્લાટિનમ.	૧૧૦૭
જસત.	૧૦૭૭
ચાંદી.	૯૯૦
ઇરિડિઅમ.	૯૮૪
સુન્નું.	૯૭૯
એલ્યૂમિનિઅમ.	૮૨૧
કયાડિઅમ.	૭૬૦
મેગ્નિશિઅમ	૬૫૧
શિસું.	૫૭૦
થાલિઅમ.	૫૬૫
કયાલશિઅમ.	૪૦૫
સોડિઅમ.	૪૦૦
પોટાસિઅમ.	૨૩૦

* હાલમાં હાઈદ્રોજન અને ઓક્સિજન વાયુને દ્રવરૂપ અને ઘનરૂપ આપવાની રીત શોધી કાઢવામાં આવી છે. રા૦ રા૦ બાબાજી. પ્રા૦ મોડક.

કેટલીક ધાતુ અત્યંત બરડ હોય છે. એંટિમની, બિસ્મિથ અને આર્સેનિકને સેહેજમાં ખાંડણીમાં છુંદતા તેનો ભૂકો બને છે, પણ લોહું, સુન્નું, ચાંદી, ત્રાંબુ એમનાં વિભાગ કરવા ઘણી મેહેનત પડે છે. કેટલાકનાં બરડપણામાં ઉષ્ણમાનથી ફરક પડે છે. સાધારણ ઉષ્ણતાથી જસત એટલું તો બરડ બને છે કે તેનાં પત્રાને વાળી શકાતું નથી; પણ ૨૧૨·થી ૩૦૨· ફેરન ઉષ્ણમાનથી તેને સેહેજમાં વાળી શકાય છે, અને ૪૧૦· ઉષ્ણમાને એટલું તો બરડ બને છે કે તેની સેહેજમાં ભૂકી બનાવી શકાય છે. જસત અને ત્રાંબુ એમની મિશ્ર ધાતુ પિત્તળ સાધારણ ઉષ્ણમાન ઉપર ઠીક ઘનવર્ધનિય હોય છે, પણ આરક્તોષ્ણમાન ઉપર તદ્દન બરડ બને છે. ધાતુની ચીવટાઇ પણ ભિન્ન ભિન્ન હોય છે. સર્વેમાં થોડું ચિવટ જે શિસું તેને એક કલિપ બાકીનાની ચિવટાઈનું પ્રમાણ નિચે દર્શાવ્યું છે.

શિસું-૧·૦ જસત- ૮·૦ ત્રાંબુ-૧૭·૦
કયાડિઅમ-૧·૨ ચાંદી- ૮·૯ લોહું-૨૬·૦
કલ્લઇ-૧·૩ પ્લાટિનમ-૧૩·૦
સુન્નું-૫·૬ પ્લેડિઅમ-૧૫·૦

ઘનવર્ધનિયતા અને પ્રસરણ શિલતા.—હથોડાથી ઠોકી અથવા 'રોલર'માં દાબી ધાતુનાં અતિ પતળા પતરાં તથા વરખ બનાવી શકાય છે. જૂદી જૂદી ધાતુની ઘનવર્ધનિય શકિત જૂદી જૂદી છે. તેનું ઘનવર્ધનિયત્વ પ્રમાણ આગળ લખેલું છે—

૧-સુન્નું.	૮-કલ્લઇ.
૨-રૂપું.	૯-જસત.
૩-ત્રાંબુ.	૧૦-શિસું.
૪-પ્લાટિનમ.	૧૧-કયાડિઅમ.
૫-પ્લેડિઅમ.	૧૨-નિકલ.
૬-લોહું.	૧૩-કોબાલ્ટ.
૭-ઍલ્યૂમિનિઅમ.	

સુન્ના જેટલી બીજી કોઇપણ ધાતુ ઘનવર્ધનિય નથી. સુન્નાનાં એટલાં તો પતળા વરખ બનાવી શકાય છે કે એક ફીટ સમચોરસ વરખનું વજન ૩ ગ્રેનથી વધારે હોતું નથી, અને વરખની જાડાઇ એક ઇંચની ૨,૮૦,૦૦૦ મે હિસ્સે રહે છે. ચાંદી તથા ત્રાંબાના પણ અતિ પતળા વરખ બનાવી શકાય છે. નિકલ અને કોબાલ્ટ એ સર્વેમાં ઓછાં ઘનવર્ધનિય છે.

પતરાં અને વરખ પ્રમાણેજ ધાતુની અતિ ઝીણી તાર બનાવી શકાય છે. પણ ભિન્ન ધાતુમાં આ ગુણ ભિન્ન રહે છે. તેનું પ્રસરણશિલત્વ અથવા તેનું તંતુ ભવન, યોગ્યતા બતાવવા માટે તેનાં તંતુ ભવનત્વનાં પ્રમાણથી ક્રમવાર તેનો કોડો નીચે દર્શાવ્યો છે:—

૧-સુન્નું.	૯-નિકલ.
૨-રૂપું.	૧૦-ઍલ્યુમિનમ.
૩-પ્લાટિનમ.	૧૧-જસત.
૪-લોહું.	૧૨-કલ્લઇ.
૫-ત્રાંબુ.	૧૩-શિસું.
૬-પ્લેડિઅમ.	૧૪-થાલિઅમ.
૭-કયાડમિઅમ.	૧૫-મેગનિશિઅમ.
૮-કોબાલ્ટ.	૧૬-લિથિઅમ.

ઉપલી ધાતુને ઝીણી બનાવી જંત્રમાંથી તાણે છે એટલે તેની સેહેજમાં ઝીણી તાર બનાવી શકાય છે. આથી તેના આ ધર્મને પ્રસરણ શિલતા કહે છે. સુન્નું અને ચાંદી એ જેટલું ઘનવર્ધનિય છે તેટલુંજ પ્રસરણ શિલ પણ છે. લોહું અને પ્લાટિનમ એ જો કે ઓછું ઘનવર્ધનિય છે તોય તે તંતુ ભવન યોગ્ય છે. પ્લાટિનમ અને લોખંડ આ ધાતુની ઝીણી તારો ચાંદીની સાંકડી નળીમાં બેસાડી જંત્રના છિદ્રમાંથી ખેંચી અને ચાંદીને નાઇત્રિક ઍસિડથી અથવા પારાથી પિગળાવી એટલી તો ઝીણી તાર 'ઉલ્યાસ્ટે'ને બનાવી કે તેની જાડાઇ એક ઇંચના ત્રીસ હજારનાં

$\frac{૧}{(૩૦૦૦૦)}$ અંશ જેટલી હતી.

ધાતુનું વજન અથવા વિશિષ્ટ ગુરૂત્વ—જૂદી જૂદી ધાતુઓનાં વજનમાં પુશકળ અંતર હોય છે. પોટાસિઅમ ધાતુ એટલી તો હલકી છે કે તે પાણી ઉપર તરી શકે છે; પણ પાણીથી હલકું જે નખ્ત તેલ તેમાં તે ડુબેછે, પણ આ તેલમાં સુદ્ધાં લિથિઅમ ધાતુ તરે છે. લોહું પાણીમાં ડુબે છે પણ પારામાં તરે છે. પ્લાટિનમ ધાતુ બધાનાં વધારે ભારે છે. પાણીને એક સ્થાને કલ્પિ નિચલા કોઠામાં ધાતુ તેમનાં વિશિષ્ટ ગુરૂત્વનાં માન મુજબ ક્રમવાર દર્શાવી છે.

ધાતુનાં નામ.	વિ. ગુરૂત્વ.	ધાતુનાં નામ.	વિ. ગુરૂત્વ.	ધાતુનાં નામ.	વિ. ગુરૂત્વ.
પ્લાટિનમ.	૨૧·૫	ત્રાંબુ.	૮·૯૫	બેરિઅમ.	૪·૦૦૦
સુન્નુ.	૧૯·૩૪	નિકલ.	૮·૮૨	ઍલ્યુમિનમ	૨·૬૭
યૂરેનીઅમ.	૧૮·૪	કયાડમિઅમ.	૮·૬૯૪	સ્ટાનશિઅમ	૨·૫૪
ટંગસ્ટન.	૧૭·૬	મ્યાંગેનિજ.	૮·૦૧૩	મેગ્નિશિઅમ	૧·૭૪૩
પારો.	૧૩·૫૬૬	લોહું.	૭·૮૪૪	કયાલશિઅમ.	૧·૫૭૮
પ્લેડિઅમ.	૧૧·૮	કલ્લઇ.	૭·૨૬૨	સોડિઅમ.	૦·૯૭૨
શિસું.	૧૧·૩૬	જસત.	૭·૧૪૬	પોટાશિઅમ.	૦·૮૬૫
ચાંદી.	૧૦·૫૩	ક્રોમિઅમ.	૬·૮૧	લીથિઅમ.	૦·૫૯૩
બિસ્મિથ	૯·૭૯૯	એંટિમની.	૬·૭૧		
કોબાલ્ટ.	૮·૯૫	આર્સેનિકમ.	૫·૯૫૯		

ધાતુનું પિગળવું—ગરમીથી સર્વ ધાતુનો રસ બને છે, અને વધારે ઉષ્ણતાથી તે વાયૂ રૂપે ઉડી જાય છે. પણ કેટલીક ધાતુને વાયૂરૂપ આપવા અત્યંત ગરમી આપવી પડે છે, જે હાલનાં યંત્ર વડે પણ આપી શકાતું નથી. જે ઉષ્ણમાન ઉપર જૂદી જૂદી ધાતુઓ પિગળે છે તે ઉષ્ણમાનમાં પણ ઘણો અંતર છે. ઠરી જવાનાં શૂન્યની નીચેનાં ઉષ્ણમાનમાં પણ પારો પ્રવાહિ રૂપમાં રહી શકે છે, અને ૩૭°·૫ ઉષ્ણમાન ઉપર બંધાઇ જાય છે. પોટાશિઅમ અને સોડિઅમ ધાતુ ૨૧૨° ફેરન ઉષ્ણમાન કરતાં ઓછા ઉષ્ણમાન ઉપર પિગળે છે. કલ્લઇ, બિસ્મિથ, શિસું, જસત વગેરે કેટલીક ધાતુ આરક્તોષ્ણમાનથી પણ ઓછા ઉષ્ણમાન ઉપર પિગળે છે. એંટિમની, કયાલશિઅમ અને ઍલ્યૂમિનીઅમ એમને પિગળવા આરક્તોષ્ણ માનથી વધારે ગરમી જોઇએ. સુન્નું, રૂપું, અને ત્રાંબુ તરત આરક્તોષ્ણમાન ઉપર પિગળે છે. લોહું, નિકલ, અને કોબાલ્ટને શુભ્રોષ્ણમાનની જરૂર છે; પણ પ્લાટિનમ પિગળવા ઑકસિહાઇદ્રોજન બત્તિની સખ્ત ગરમી જોઇએ. નીચલા કોઠામાં ધાતુનાં પિગળવાનાં શૂન્ય આપ્યા છે.

ધાતુનું નામ.	પિગળવાનું શૂન્ય.		ધાતુનું નામ.	પિગળવાનું શૂન્ય.	
પારો	૩૭·૫	ફેરન.	સુન્નું	૨૦૧૬	ફેરન.
પોટેશિઅમ.. ...	૧૪૪·૩	,,	ઓતેલું લોહું ...	૨૭૮૬	,,
સોડિઅમ	૨૦૭·૭	,,			
લિથીઅમ... ...	૩૫૬	,,	કોબાલ્ટ		
કલ્લઇ	૪૪૨	,,	ઘડેલું લોહું ...		ભઠ્ઠીની સખ્ત આંચે.
કયાડમિઅમ. ...	૪૪૨	,,	મ્યાંગેનિજ... ...		
બિસ્મિથી	૫૦૭	,,			
શિસું	૬૧૭	,,	ટંગસ્ટન		
આર્સીનિકમ ...	જણાયું નથી.		ક્રોમિઅમ		રસ થતો નથી, પણ
જસત	૭૭૩	ફેરન.	પલેડિઅમ... ...		માત્ર ચિકાસદાર બનેછે
એંટિમની	૧૧૫૦				
કયાલશિઅમ ...	આરક્તોષ્ણતા કરતાં		પ્લાટિનમ		
ઍલ્યુમિનમ ...	ઉંચ ઉષ્ણતા.		હોંડિઅમ		ઑકસિ હાઇદ્રોજન
ચાંદી.	૧૮૭૩	ફેરન.	ઇરીડિઅમ... ...		બત્તીની ગરમીથી.
ત્રાંબુ	૧૯૯૬		વનેડિઅમ		

કેટલીક ધાતુ પિગળવા પેહેલાં નરમ અને ચિવટ બનેછે. તે સ્થિતિમાં તેને ગમે તેમ વાળી શકાય છે, અને બે કટકાને જોડી હથોડાવતી ઠોકી એક જીવ કરી શકાય છે. લોહું અને પ્લાટિનમના કટકા આરક્તોષ્ણ હોય ત્યારે ઠોકી એકત્ર કરી શકાય છે.

સુમારે આઠ ધાતુ નીચા ઉષ્ણમાન ઉપર વાયુરૂપ ધારણ કરે છે, અને તે તેના સંયુકત પદાર્થથી એકરૂપ વરાળ પકડી કાઢી શકાય છે. તેમનાં નામોઃ–પારો, આર્સેનિકમ, મેંગ્નિશિઅમ, જસત, કયાડમિઅમ, પોટાશિઅમ, સોડિઅમ અને રૂબિડિઅમ.

ધાતુની ગરમી અને વિજળી વાહક-શકિત—સર્વે પદાર્થમાં ધાતુ ઉષ્ણુતા અને વિજળી એની ઉત્તમ વાહક છે. તથાપી જૂદી જૂદી ધાતુની વાહક શકિત ભિન્ન ભિન્ન છે. ધાતુ ઘન અને પ્રવાહિ સ્થિતિમાં 'ગુડ કંડકટર' છે, પણ વાયુરૂપ અવસ્તામાં નથી હોતી. ચાંદી સર્વેમાં વધારે વાહક છે. તેમને એક સ્થાને કલ્પિ બાકીનાની વાહક શકિત હેઠે આપી છે.

ચાંદી—૧૦૦·૦૦
ત્રાંબુ—૯૯·૫૫
સુતું—૭૭·૬૬
ઍલ્યૂમિનિઅમ—૫૬·૦૬
મૅગ્નિશિઅમ—૪૧·૧૭
જસત—૨૯·૦૨
કયાડમિઅમ—૨૩·૭૨
પ્લેડિઅમ—૧૮·૪૪
પ્લાટિનમ—૧૭·૨૨
નિકલ—૧૩·૧૧
કલ્લઇ—૧૨·૩૬
શિસું—૮·૩૨
આર્સેનિકમ—૪·૭૬
ઍંટિમની—૪·૬૨

ગંધ અને રૂચી—ધાતુને સાધરણ રીતે ગંધ હોતી નથી, પણ લોહું તથા ત્રાંબા જેવી કેટલીક ધાતુને ખસારાથી એક પ્રકારનો વાસ આવે છે, અને આર્સેનિકનમાં વાયુને લસણ જેવો દુર્ગંધ આવે છે. ધાતુને શુદ્ધ અવસ્થામાં તદન રૂચી હોતી નથી, પણ ધાતુના કેટલાક સંયૂકત પદાર્થને સેહેજ રૂચી હોય છે.

ધાતુ શરીરમાંની—શરીરમાં ૭ ધાતુ હોયછે.

દુગ્ધ=રસ ધાતુમાંથી મેલ નિકલેછે તે=કફ.
રજ=રકત ,, ,, ,, તે=પિત્ત.
સ્નેહ=માંસ ,, ,, ,,તે=કાનનો મેલ.
સ્વેદ=મેદ ,, ,, ,, તે=પરસેવો.
હાંત=અસ્થિ ,, ,, ,, તે=નખ.
કેશ=મજજા ,, ,, ,, તે=નેત્રમળ.
ઓજ=શુક્ર ,, ,, ,, તે=મૂત્ર.

શરીરમાંની આ સાતે ધાતુઓની નિરંતર ક્રિયા ચાલ્યા કરે છે. જે ખોરાક ખાવાપિવામા આવેછે તેપાચન થવા હોજરી અને આંતરડામાં પરિપકવ થઇ તેમાંથી મળ મૂત્ર જૂદાં પડે છે, અને તેમાંથી સાર રૂપ જે રસ ઉત્પન્ન થાય છે તે રસના સ્થાન રૂધયમાં જઇ રૂધય મોહના મૂળ રસમાં મળે છે, અને ત્યાંથી શરીરમાં પ્રસાર પામી સર્વ ધાતુઓનું પોષણ કરે છે.

રૂધયમાં ગયા પછી આ રસનાં ૩ વિભાગ થાય છે. સ્થૂલ, સૂક્ષમ અને મળ. સ્થૂલ રસ પોતાની જગાએ રહે છે. સૂક્ષમ રસ ધાતુમાં જાય છે અને મળ રસ ધાતુઓનાં મળમાં જઇ મળે છે. શરીરની અંદરના મૂળ રસમાં રહેલ અગ્નિવડે આહારના આ આવેલા રસનું પાચન થાય છે. પચતી વખત તે રસ પાંચ દિવસ અને દોઢ ઘડી સુધી પેહેલા મૂળ રસ ધાતુમાં રહે છે. આહારનો રસ આ પ્રમાણે આટલી મુદત રસ ધાતુમાં રહ્યા પછી તે રકતમાં જાય છે, તે એટલીજ મૂદત રહી માસમાં જાય છે, જ્યાં તે એટલીજ મુદત રહી મેદમાં જાય છે. એમ અનૂક્રમે આહારનો રસ વિર્યમાં જાય છે જ્યાં પોહોચતાં એક માસ લાગે છે.

કેટલાક મનુષ્યને કફ વધારે, કેટલાકને પિત્ત વધારે, કેટલાકનાં કાનમાં મેલ વધારે, કેટલાકને પરસેવો વધારે, કેટલાકને નખ અને નખ રૂવાંટા વધારે, કેટલાકની આંખમાં ચીપડા બહુ અને કેટલાકને પેશાબ વધારે છુટે છે, એ ધાતુનાં માહેલા પાચન ક્રિયાના વધારે ઓછા પ્રમાણ ઉપર તેનું પરિણામ આધાર રાખે છે.

ધાની—આ રાગણી ગાવાનો વખત દિવસનાં ત્રીજા પોહોરનો છે. એની જાતી સંપૂર્ણ છે. આ રાગ પિલુના જેવોજ છે પણ તેમાં ધન્યાશ્રીનો ભાગ થોડો રહે છે.

ધામણ—એના વિશાળ વૃક્ષ ઉગે છે. એના પાંદડા રેશાળ પંજા જેવડા કદે હોય છે. એનું લાકડું ચીકણું અને ઈમારતના કામના ઉપયોગમાં આવે છે. આ ઝાડને વનઔષધિમાં ગોજેલું છે.

ધામતારી—રાયપૂર જીલ્લામાંનુ એક તેહેસીલ. ક્ષેત્રફળ ૨૧૩૨ ચૌરસ મૈલ હોઈ તેમાંનો ૬૯૨ ચૌરસ મૈલ ભાગ ખેડાયલો છે, ૭૧૭ ચૌ. મૈ. ખેડી શકાય તેવો તથા ૭૨૩ ચૌ. મૈ. વેરાન છે. લોકવસ્તી ૨૮૬૬૯૪ ની છે. તેમાં ૧૪૦૮૩૩ પુરૂષો અને ૧૪૫૮૬૧ સ્ત્રીઓ છે. આ તેહેસીલમાં ૮૯૯ ગામડાં તથા શેહેરો છે.

એનું મુખ્ય શેહેર ધામતારી તે તરફ વેપારનું મુખ્ય મથક ગણાય છે. લોકવસ્તી ૬૬૪૭ ની છે; તેમાં ૫૨૦૨ હિંદુ, ૨૯૦ કબીરપંથી, ૩૭૧ મોહમેદન, ૨૬૦ સત્તનામી વસે છે.

ધામપુર—વાયવ્ય પ્રાંતમાંના બિજનોર જીલ્લામાંનું એક તેહેસીલ. એનું ક્ષેત્રફળ ૩૨૩ ચૌરસ મૈલ હોઇ તેમાં ૨૨૩ એકર ભાગ ખેડાયલો છે. લોકવસ્તી ૧૭૦૦૩૯ ની છે. વાર્ષિક મેહેસુલ ૨૬૬૩૦ પૌંડની ઉપજે છે. અત્રે દિવાની ને બે ફોજદારી કચેરીઓ છે.

ઉપલાનું મુખ્ય શેહેર ધામપૂર બિજનોરની પૂર્વે ૨૪ મૈલ ઉપર છે. લોક વસ્તી ૫૭૦૮ ની છે, તેમાં ૩૪૫૭ હિંદુ, ૨૧૨૧ મોહમેદન અને ૧૩૦ જૈન છે. શેહેર ૮૩ એકર જમીન રોકે છે.

ધામાપદમ—બૌદ્ધ ધર્મની અતિ પૂજ્ય ધર્મપોથી. એમાં બૌદ્ધ ધર્મ સંબંધી અનેક ચિત્રો આપેલાં છે.

ધાર—મધ્ય હિંદુસ્તાનમાંનુ એક ભીલ રાજ્ય; એની ઉત્તરે રતલામનું રાજ્ય, પૂર્વે સિંદ્ધયાનું રાજ્ય, દક્ષિણે નર્મદા અને પશ્ચિમે ઝાબુઆનું રાજ્ય છે.

એનું ક્ષેત્રફળ ૧૭૪૦ ચૌરસ મૈલ હોઇ વસ્તી ૧૪૯૨૪૪ ની છે, તેમાં ૧૧૫૦૫૧ હિંદુ, ૧૨૨૬૯ મોહમેદન, ૩૦૮૭ જૈન, ૧૨ પારસી અને ૨૭ ખ્રિસ્તીઓ છે. મુખ્ય વસ્તી, રજપુત, કણબી મરાઠા, ભિલની છે. વાર્ષિક ઉપજ ૭૪૩૧૨ પૌંડની ઉપજે છે. ૧૮૧૯ના કોલકરાર પછી આ દેશ બ્રિટીશ સત્તા તળે આવ્યો છે. આ રાજાને તાબે ૨૭૬ ગોડેસ્વાર, ૮૦૦ પાયદળ, ૨ તોપ અને ૨૧ ગોલંદાજો છે. રાજાને બ્રિટીશ છાવણીમાં ૧૫ તોપનું માન મળે છે.

એનું મુખ્ય શેહેર મહુની પશ્ચિમે ૩૩ મૈલ ઉપર છે. શેહેર ૧½ મૈલ લાંબુ ને ½ મૈલ પોહળું છે. શેહેર આસપાસ મટોડીનો કોટ છે. અત્રેની બે લાલ પથ્થરથી બંધા યલી મસજીદો જોવા જોગ છે. અત્રેનો કિલ્લો જમીનથી ૪૦ ફીટ ઉંચો છે. લોકવસ્તી ૧૫૨૨૪ ની છે.

ધારકોટ—ગંજમ જીલ્લામાં અસ્કાની ઉત્તર પશ્ચિમે ૮ મૈલ ઉપરની જમીનદારી. તેનું ક્ષેત્રફળ ૧૨૫ ચૌ. મૈલ હોઇ તેમાં ૧૮૮ ગામડાં છે. લોક વસ્તી ૩૧૬૯૧ ની છે.

ધારવાર—દક્ષિણ મહારાષ્ટ્રમાંનો એક જીલ્લો. એની ઉત્તરે બેલગામ જીલ્લો અને કલાદગી, પૂર્વે નિજામહૈદ્રાબાદનું રાજ્ય, દક્ષિણે માયસોર નું રાજ્ય, અને પશ્ચિમે ઉત્તર કેનેરા છે. એની લંબાઇ ઉત્તર દક્ષિણુમાં ૧૧૬ ચૌરસ મૈલ ને પોહળાઇ ૭૭ મૈલની છે. ક્ષેત્રફળ ૪૫૩૫ ચૌરસ મૈલ છે.

૧૮૯૨ માં જીલ્લાની વસ્તી ૯૮૬૬૭ ની ને ૧૮૮૧ માં ૮૮૨૯૦૭ ની હતી. યાને દર ચૌરસ મૈલે ૧૯૫ ની વસ્તીની રાંસ હતી. લોક વસ્તીમાં ૧૦૭૬૨૨ હિંદુ, ૨૩૫૬ મુસલમાન, ૨૩૦૦ પરજાતી હતા. આ જીલ્લામાં જુમલે ૧૨૮૫ શેહેર તથા ગામડાં છે.

ધારવાર તરફ રેશમી તથા સૂતરાઉ કાપડનો હાથે વણવાનો ઉદ્યોગ ચાલે છે. નવાલગુંદમાં ગલીચા ઉત્તમ પ્રકારના બને છે. અને ધારવારમાં બંગડી બનાવવાનાં અનેક કારખાનાઓ છે.

આ જીલ્લામાં મુખ્ય પાક ચણા, તેલી બી, રૂ, શેરડી, તંબાકુ, કઠોળ, ઘાસ, ઘઉં, ચોખા, બાજરી, જુવાર વગેરેનો થાય છે. આ જીલ્લામાં વરસાદ ૩૫થી ૩૨ ઈંચ વર્સે છે. ઠંડી ગરમી સાધરણ પડે છે. માર્ચથી મે સુધી ગરમી ૯૩ અંશ પડે છે, અને નવેંબરથી ફેબ્રુઆરી સુધી ૮૪ અંશ ઠંડી પડેછે.

ધારવાર—ઉપલા જીલ્લાનું મુખ્ય શેહેર, ૩ ચૌરસ મૈલ ઉપર વસાયલું છે. લોક વસ્તી ૨૭૧૯૦ની છે. તેમાં ૧૯૭૦૯ હિંદુ, ૬૫૪૫ મોહમેદન, ૨૭૧ જૈન, ૬૧૮ ખ્રિસ્તી, અને ૨૪ પારસીઓ છે. અત્રે એક પુરાણો કિલ્લો છે. ધારવારનો છાવણીવાલો ભાગ કિલ્લાની ઉત્તર પશ્ચિમે બે મૈલ ઉપર છે. અત્રેનો કિલ્લો અનાગુંદીના રાજા રામ રાજાના સમયમાં અત્રેના એક અમલદાર 'ધારવે' ઈ. સ. ૧૪૦૩માં બંધાએ હતો.—૧૫૬૮માં બીજાપૂરના અદિલશાહે અત્રેનો કિલ્લો જીતી લઈ સત્તા સ્થાપી હતી, અને ૧૬૮૫માં અત્રે દિલ્લી પતિની સત્તા સ્થાપન થઇ હતી. તે પછી ૧૭૩૩માં અત્રે મરાઠાની સત્તા ચાલુ થઇ હતી, ૧૭૭૮માં હયદરઅલીએ મરાઠાઓપર ચઢાઇ કરી અત્રેનો કિલ્લો જીતી લીધો હતો, પણ ૧૭૯૧માં બ્રિટીશોએ જીતી લીધો હતો. ૧૮૫૭ થી આ કિલ્લો પડત હાલતમાં છે.

ધારાનગરી—આ શેહેર માળવામાં છે. અત્રે શકે ૯૦૪માં ભોજ રાજા રાજ્ય કરતો હતો. હાલમાં ત્યાં પવાર વંશનો રાજા રાજ્ય કરે છે. આ શેહેર ઉ. અ. સુમારે ૨૩ અને પૂર્વ રેખાંશ ૭૬. ઉપર છે.

ધારાપૂરમ—કોઇંબતૂર જીલ્લાનો એક તાલુકો, તેમાં લોક વસ્તી ૧,૯૫,૨૩૨ ની હોઇ તેમાં ૯૪૮૦૦ પુરૂષો અને ૧૦૦૪૩૨ સ્ત્રીઓ છે. આ તાલુકામાં ૮૨ ગામડાં છે. ક્ષેત્રફળ ૮૩૫ ચૌ. મૈલ છે. મુખ્ય પાક તંબાકુ, તેલીબિયાં, ૨ વગેરેનો થાય છે.

મુખ્ય શેહેર ધારાપૂરમ કોઇમબતૂરની પૂર્વે દક્ષિણ પૂર્વમાં ૨૫૦ મૈલ ઉપર છે. લોક વસ્તી ૭૩૧૦ ની હોઇ તેમાં ૫૫૭૯ હિંદુ, ૧૫૨૫ મોહમેદન અને ૨૦૬ ખ્રિસ્તીઓ છે. આ શેહેર સમુદ્રસપાટીથી ૯૦૯ ફીટની ઉંચાઇ ઉપર છે.

ધાલકિશોર—(જુઓ દ્વારકેશ્વર.)

ધાવડી—એનાં ઝાડ ઉંચા વધે છે. એનાં ફુલ લવંગનાં જેવા અને રાતા રંગના હોય છે. એનાં ફુલોનો ઉપયોગ ઔષધીમાં તથા રંગમાં પુશકળ કરે છે. ધાવડીનાં ઝાડ કોંકણ પ્રાંતમાં પુશકળ ઉગે છે.

ધિરોદાત્ત—નાટયકળામાં નાયકનાં દર્શાવેલા ૪૭ ભેદમાંનો એક ભેદ (જુઓ નાયક.)

ધુજરી—આ દરદ દારૂબાજ ઉપર મુખ્ય કરીં હુમલો કરે છે. આ રોગમાં હાથ પગ ધુજ્યા કરે છે અને દર્દી બીહતો હોય એવો દેખાય છે. દરદી હાથ સાથે ચેડાં કાઢીયા કરે છે. આ રોગમા આજરી કેટલુંક સાંભળી તથા જોઇ શકે છે, તેમજ બદન પસીનાથી તરબોળ થાય છે.

આ રોગનો હુમલો થતાં યાદદાસ્ત કમ થઇ ઉછાળા થયા કરે છે. ચેહરો તથા આંખ લાલ થઇ હાથ પગ ધુજ્યા કરે છે, ને જીભ બાહેર કાઢતાં ધુજે છે, ને નાડ નાહની ઉતાવળી ચાલે છે. તેનાથી દૂર છતાં તેને સામું માણુસ આગળ દેખાયા કરે છે, તેમજ તેની સાથે વાત કરવા ઉલટ બતાવે છે. તેમજ તે બેહદ વેહેમાયલો બને છે, ને લવારો કરયા કરે છે; એ મુજબ હુમલો થતાં બે ત્રણ દિવસથી અઠવાડીયાં વેર બેમાર રહી પાછી લાંબી ઉંઘ કાઢી સારો થાય છે, યાતો એવી હાલતમાં તાણુ થઇ મરણ પામે છે. એનો ઇલાજ તેનાં જૂદા જૂદા ચિન્હો ઉપરથી તબીબો ચોકસ કરી શકે છે.

ધુમાડીયુ—(વધુ માટે જુઓ ચીમની.) ચારો તરફથી બંદ કરેલા ઓરડામાં વચોવચ અગ્નિ સળગાવતાં, ઉપરની હવા ફેલાઈ હલકી બને છે એટલે આસપાસની થંડી હવા તેની નીચે આવી તેને ઉપર હડસેલે છે. દાખલા તરીકે એક પ્યાલું લઈ તેમાં એક બુચ મેલી એક તરફથી તેમાં પાણી રેડતાં જે પ્રમાણે પાણી બુચ તળે દાખલ થઇ બુચને ઉપર હડસેલે છે, તે મુજબ તે થંડી હવા ગરમ હવાને ઉપર હડસેલે છે. જ્યાં સુધી ત્યાં અગ્નિ સળગેલો હોય છે, ત્યાં સુધી ઓરડીમાંની હવામાં આ સંબંધ ચાલુ હોય છે.

બેઉ મ્હોં ખુલ્લાં રાખેલા ધૂમાડીયાની નીચે અગ્નિ સલગાવતાં, ધૂમાડીયાની હવા ગરમ બની હલકી થાય છે, અને બાહેરની થંડીને જાડી હવા ધૂમડીયાના નીચલા ભાગમાંથી દાખલ થઇ ગરમ હલકી હવાને ઉપર ધકેલે છે. આ મુજબ જ્યાં સુધી તે અગ્નિ સલગેલો હોય છે અને ધુમાડીયું તપેલું હોય છે, ત્યાં સુધી હવાનો પ્રવાહ નીચેથી ઉપર એમ ચાલુ નીકળે છે. જેમ જેમ ધુમાડીયું ઉચુ તેમ પવન ઝડપથી નીકળી જાય છે.

ઘરો, ઇસ્પીતાલ વગેરે ઇમારતોમાં હવાનો પ્રવાહ સદા ખુલ્લો વહેતો રાખવા માટે ઈમારતનાં છાપરાપર ચીમની યા ધુમાડીયું રાખે છે. જેમાંથી હવા નિકળી જાય છે.

ધૂળ—આ પદાર્થ સૃષ્ટિમાં સર્વ જગે વ્યાપી રેહેલો છે. ધૂળ એક અતી નાચીજ છતાં તેની જગતમાં કેટલી અવશ્યતા છે, તે શાસ્ત્રીય નજરે જોતાં લક્ષમાં ઉતરી શકેછે. ખરૂં કહીએ તો સૃષ્ટિમાં જે મોહકત્વ અને સૌંદર્ય છે તે આ ધૂળને પ્રતાપેજ ટકી રહેલું છે. જો ધૂળની હસ્તી ન હતે તો જે પૃથ્વી ની પીઠ ઉપર આપણે રહીએ છિયે ત્યાં વસી શકતે નહિ. સૃષ્ટિનાં જે કાર્ય નિર્વાહ ચાલે છે તેમાં ધૂળનાં જૂદા જૂદા પરિણામ કયાં ધડે છે અને તેનાથી મહત્વનાં કયા બનાવ બને છે તેની શોધ આજની વિદ્યાએ કરી છે.

આકાશ અને માહાસાગરના પાણીનો રંગ આસમાની જણાય છે, તે હવા અને પાણીનો થોડો જથ્થો જોતાં તેનો રંગ ફિક્કો હોવાથી તે જણાતો નથી, પણ તેમનો ગંજાવર જથ્થો રહેતાં તે તરત જણાય છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે વાતાવરણમાં અને ક્ષિતીજ પાસેનાં વાદળાંપર ઇંદ્ર ધનુષ્ય માફેલા ૭ રંગ પ્રમાણે ચિત્રવિચિત્ર રંગ દેખાય છે, તે પણ ધૂળનું પરિણામ છે. ૧૮૬૮ માં પ્રોફેસર ટિનડાલે' આ વિષય ઉપર ખાસ પ્રયોગ કરી અભ્યાસ કર્યો હતો.

સૂર્યની રેજલ બકોરાં વાટે ઘેરમાં આવતાં તેના કિરણોમાં જે ઉડતી રજકણ દેખાય છે તે સદા હેડે ઉપર થતી પ્રવાસ કરતી ચાલુ જણાય છે. આ રજ સેંદ્રિય અને નિરંદ્રિય આ બેઉ પદાર્થની હોય છે. કોઇ વેળા તેમાં ખનિજ પદાર્થની પણ રજકણો હોય છે, એમ બર્લિનના પ્રોફેસર 'એહેર્નબર્ગે' શોધી કાઢયું છે. હવામાં જે પૃથ્વિને લગતા પડ હોય છે તેમાં એમની રેલછેલ હોવા છતાં તે ખુલ્લી આંખે દેખાતા નથી; પણ સૂક્ષમદર્શક યંત્ર વડે જોતાં તે તરત જણાય છે. જો આ ધૂળ ઉપરમુજબ હવામાં બધે પસરેલી નહેાતે તો સૂર્યનો પ્રકાશ તેજોમય દેખાવાને બદલે ઝાંખો દેખાતે.

પૃથ્વીના પૃષ્ટ ભાગ પાસેની હવામાં પણ ધૂળની રજે બેહદ હોય છે, પણ તે હવા આસમાની રંગની નથી દેખાતી, તેનું કારણ એ છે કે ભૂપૃષ્ટ પાસેનાં ભાગનાં હવામાં જે ધૂળની રજે હોય છે તે સેહેજ ઘન, સ્થૂલ અને ખરબચડી હોય છે. તેમાંથી બધાજ રંગ પરાવર્તન પામે છે. આથી ચોકસ રંગ ત્યાંની હવામાં જણાતો નથી, પણ જેમ જેમ તે ઉંચે ચઢે છે તેમ તેમ આ રજકણો નિત્તળ અને સૂક્ષમ બનતી જાય છે, કારણ વાતાવરણમાં તે રફતે રફતે ઉપર ઉપર પાતળી થતી વધે છે. આ રજકણો હવામાં ૧ થી ૧૦ મૈલ તો કોઇ તેથી પણ વધારે ઉંચે સુધી પસરેલી હોય છે, આ ઉંચાઇ ઉપરની રજકણોમાંથી આસમાની રંગ અથવા નિલ લોહિત રંગનાં કિરણો પરાવર્તન પામે છે, અને તે રજકણો પૃથ્વીનાં છત્રમાં સર્વત્ર વ્યાપેલી હોવાથી, આપણે જે ખુલ્લું નિર્મળ આકાશ જોઇએ છિયે તે દેખાય છે. પણ પર્વત ઉપરથી જોતાં ઘેરો આસમાની દેખાય છે અને ઉંચે બલુનમાં બેસી જોતાં કાળો આસમાની રંગ જણાય છે, તેનું કારણ ત્યાં ધૂળ ઓછી હોઇ પરાવર્તન પામવાની શકિતની કમતાઈને લીધે છે. ઇટલીમાં આકાશ તરફ જોતાં તે ખુલ્લું આસમાની રંગનું જણાય છે, કારણ એક તરફથી ભૂમધ્ય સમુદ્ર અને બીજી તરફથી આલ્પસ પર્વત હોવાથી બીજા દેશો પ્રમાણે ધૂળનાં ઝાઝાં સાંધનોની કમતાઇને લીધે ત્યાં થોડી રજકણો ફેલાયલી હોયછે, તેમાંથી પરાવર્તન પામનાર આસમાની રંગને ક્ષિણુતા પોંહચતી નથી. ભૂમધ્ય સમુદ્રમાંથી દેખાનાર આકાશ પ્રાંત કરતાં મધ્ય પાસિફીક માહા સાગર ઉપરનો આકાશ ભાગતો તદન આસમાની રંગનો દેખાય છે, કારણ ત્યાં ભૂમિ ભાગ થોડો હોવાથી ત્યાં રજકણો સેહેજ હોય છે. હિંદુસ્તાનમાંના હિમાલયની ખીણોમાં વરસાદ તથા કરાને લીધે હવામાં ધૂળ સેહેજ હોય છે, આથી ત્યાંનું આકાશ અત્યંત આસમાની રંગનું દેખાય છે. મહાબળેશ્વર તરફની કેટલીક ખીણો તરફ જોતાં તે આસમાની રંગની દેખાય છે.

શરદ ઋતુમાં એખાદ સ્વચ્છ દિવસે આકાશ તરફ જોતાં ત્યાંનો રંગ ઘાડો આસમાની જણાય છે. પણ ક્ષિતિજ પાસેનો ગગન ભાગ સેહેજ ચળકતો હોય છે, અને સૂર્ય આસપાસનો ભાગ ઓછો પિળાસપર હોય છે. તેનું કારણ એ છે કે

ક્ષિતિજ તરફ જે જોઇએ છિયે તે વાતાવરણની નીચે ઘણાક જાડાં પડ હોય છે અને તે થરમાં ધૂળની બેહદ રજકણો હોય છે. એઓ શૂન્ય પ્રકાશને પરાવર્તન કરે છે, અને વાતાવરણના છેક ઉંચા ભાગની પેલે પારના આસમાની રંગને તદન ઝાંખો પાડે છે.

સૂર્યની પાસેના ભાગમાં આસમાની પ્રકાશ ઝીણી રજકણોમાંથી પરાવર્તન પામે છે. આથી વાતાવરણના નીચલા થરમાંથી પરાવર્તન પામી આવનાર આસમાંની પ્રકાશપર પિળો અભાસ ચઢે છે. સૂર્યોદય તથા સૂર્યાસ્ત સમયે આ પિળા રંગો વધારે દેખાય છે. કારણ કે જે પ્રકાશ પરાવર્તન પામી આપણી તરફ આવે છે તે હવાનાં જાડા થરમાંથી આવે છે. આ થરમાં બેહદ સ્થલે ધૂળની રજકણો હોય છે. આ બીના બીજી રીતે પણ સમજી શકાય તેવી છે. કારણ સૂર્યોદય યા સૂર્યાસ્ત સમયે આ બે વખતે બીજા વખત કરતા આકાશમાં ઢગો અથવા ધૂમસ નહિ હોય એટલે સૂરજને ખુલ્લી આંખે જોઇ શકાય છે.

મીલોની ચીમનીમાંથી નિકળતા ધૂમાડાનાં ઓથામાંથી સૂર્યને સેહેજમાં જોઇ શકાય છે. તેનું કારણ ધુમાડામાં રહેતી કોલસાની ધૂળનું છે. એટલે સૂર્ય કિરણ જાડા ધુમાડાની રજકણોમાંથી દાખલ થતાં તે જોઇ શકાય છે. પણ સૂર્યોદય અથવા સૂર્યાસ્ત સમયે ક્ષિતિજ પાસે આકાશ ભાગ પિળો જણાય છે. તેનું કારણ એ છે કે સૂર્ય કિરણ હવાનાં ઉચ્ચ સ્થાનનાં વિલક્ષણ જાડા થરમાંથી આવે છે. આ થરમાંની ઝીણી રજકણોમાંથી આસમાની કિરણ પરાવર્તન પામી ઉપારા ઉપર સિધાં નિકળી જાય છે. જગત તરફ આવવા તેને માર્ગ મળતો નથી, માત્ર આસમાની કિરણનાં જે પરીપક્વ કિરણ પિળા રંગના હોય છે તે આપણી તરફ આવી શકે છે. અને એ મુજબ તરેહવાર કિરણો એક પછી એક થરમાંથી પસાર થઇ રંગરૂપે નજરે પડે છે.

ગઇ સદીની આખેરીમાં ક્રાકાટોવા (જુઓ ક્રાકાટોવા)નો જવાલામુખી ફાટતાં તેમાંના જડ પદાર્થ રસરૂપે સમુદ્રમાં મળી જઇ રજ રૂપી ભાગ જે ઉડયો તે કેટલાક મૈલની ઉંચાઇ સુધી સર્વત્ર પસર્યો હતો. વપૂવકટિબંધ ઉપરનાં ઉત્તરાભિમૂખ અને દક્ષિણાભિમૂખ એવા ચાલુ વેહતા જે પવનના પ્રવાહ રહે છે, તે વડે આ ધૂળને અટકાવ થયો. આ વાત પ્રવાહ ઉષ્ણ કટિબંધ પ્રદેશ તરફ પુગે છે, તે ઠેકાણે માત્ર બંધ પ્રદેશ તરફ પુગે છે. તે ઠેકાણે માત્ર ભૂપૃષ્ટ ભાગની ચક્રગતિ ઓછી હોય છે, આથી તે પ્રવાહ પૂર્વ દિશા તરફ વધે છે. આવી રીતે તે ધૂળને ગગનનાં ઉંચા પ્રદેશી માર્ગે પ્રદક્ષિણા કરવી પડે છે. આ ધૂળનો પ્રભાવ પરિણામ જવાલામુખીના ફાટવા પછી થોડા મહિના સુધી દેખાવા માંડી તે ૩ વર્ષ સુધી રંગ બેરંગી દેખાવથી ચાલુ દેખાવ આપતો રહ્યો હતો. એટલે સૂર્યાસ્ત સમયે આ રંગછટા જણાતી હતી. ઘણુ કરી આ ચમત્કારિક દેખાવ સમશિતોષ્ણ કટિબંધ ઉપરનાં પ્રદેશમાં દેખાયો હતો. આ ધૂળ નાબૂદ થવા આગમજ તેણે દુનિયા આસપાસ ૩ વખત પ્રદક્ષિણા કરેલી હોવી જોઇએ.

પ્રચંડ મહાસાગર, સમુદ્ર, સરોવર નદી અને ઝરાનાં પાણીમાં જે રમણીય ઓછા વધતા પ્રમાણમાં આસમાની રંગ દેખાય છે તેનું સ્પષ્ટી કરણ પણ આ ઉપલાજ તત્વથી થાય છે. સ્વચ્છ હવાને પણ જેમ રંગ હોતો નથી તેમ શુદ્ધ પાણીને વટીક રંગ હોતો નથી. સમુદ્ર અને સરોવરનું પાણી ગમે તેવું શુદ્ધ અને નિર્મળ હશે તોય તેમાં 'સેંદ્રિય' અને 'નિરેંદ્રિય' પદાર્થની ઝીણી ધૂળ મળેલી હોય છે. એ વાતાવરણમાંની ધૂળ પ્રમાણેજ આસમાની રંગના કિરણોનુ પેરાવર્તન કરે છે. માહાસાગરમાં જે ધૂળ આવે છે તેની ઉત્પતિ ઘણી રીતે થાય છે. તે એમકે, સમુદ્ર વગેરેનાં પાણીનાં પૃષ્ટ ભાગ ઉપર હજારો સૂક્ષ્મ સેંદ્રિય જંતૂઓનો નાશ થાય છે અને તેમના હાડપિંજર અથવા અવશેષ ધીરે ધીરે તળીએ ડુબે છે. આ મૈલ જમીનથી ૧૫૦ મૈલ ઉપરનાં મહાસાગરમાં નજરે પડતો નથી; તેનું કારણ તે તે પ્રવાહ સાથે ઘસડાતાં તળીએ ઠરતાં ઘણા ખરા પિગળી જાય છે.

સમુદ્રનાં પાણીનો જે આસમાની રંગ દેખાય છે, તેની છટા જૂદે જૂદે ઠેકાણે જૂદી જૂદી હોય છે. ઍટલાંટિક મહાસાગરનાં

ઉત્તર ક્રાંતિવૃત્ત ઉપરના ભાગમાં પાણીનો રંગ શુદ્ધ આસમાની, ઉત્તર તરફનાં સમશિતોષ્ણ કટિબંધમાંના પાણીનો રંગ ઘેરો આસમાની હોય છે. આ ફરકનું કારણ, રંગ ઉત્પન્ન કરનાર ધનપદાર્થનું સ્વરૂપ પ્રમાણ અને તેની વેહેંચણી ઉપર મુખ્ય આધાર રાખે છે. ભૂમધ્ય સમુદ્ર અને સ્વિતઝરલેંડ માંના ઉંડા સરોવરનાં આસમાની પાણીમાં તરેહવાર છટા નજરે પડે છે. તેનું કારણ ત્યાંના પાણીમાં પદાર્થનાં સૂક્ષ્મ રજકણ સઘળે તરતા રહે છે.

ત્યારે સર્વવ્યાપક ધૂળથી અને વિશેષત : વાતાવરણમાં ઘણાક મૈલ ઉંચ એવા પ્રદેશમાં સદા ચાલુ વાસ કરી રહેલી ધૂળથી અસંખ્ય ફાયદા થાય છે. સૃષ્ટિમાં જે અત્યુતમ, રમણિય અને અતિ સુંદર, એવા જે રંગો તેમાંનો એક આસમાની રંગ નજરે પડે છે. પહાડો ઉપરની ખુદ્રતી મનોહરતા નજરને આનંદ પમાડે છે. ધૂળની જો હસ્તી નહોતે તો જગતમાંની સર્વ ખુબસૂરતી નાશ પામી હતે. આકાશ રંગ અને સૂર્યાસ્ત સૌંદર્ય પણ એટલા મહત્વનાં નથી. ધૂળ નહોતે તો આકાશ કૃષ્ણવર્ણ દેખાઇ બપોરે તારા દેખાતે, તેમજ આકાશ તરફથી આપણને પ્રકાશ મળયો નહોતે. કદાચ સખત તેજોમય સૂર્યનો પ્રકાશ મળતે યા તો અંધકાર મળતે. તેમજ જીવકોટી અને મનુષ્ય કાયાની પણ ઘટનાં થઇ હતે. ધૂળ જો ન હતે તો પ્રકાશ પરાવર્તન પામ્યા વિનાનું રહેતાં-ઘરમાં અંધકાર ફેલાતે, પણ તે અડચણ દૂર કરવા ઉત્તર તરફ ખાસ ઉંચી સફેદ દેવાલ બાંધવી પડતે કે, જેથી પ્રકાશ પરાવર્તન પામી ઉજેરડું આપે; પણ આથી બધે પૂરતો પ્રકાશ મળી શકતે નહિ. ધૂળહિન વાતાવરણથી ઠાર અને ગગનમાંથી આવનાર વર્સાદ આ સર્વનો નાશ કરી તેના બદલે સદા સૂર્ય પ્રકાશ રહી જગત ઉજ્જડ મેદાન બની દુનિયાં આજની રમણિય હાલતે પોંહચતે નહિ. એ શિવાય ધૂળનાં અનેક મહત્વ છે. કે જેનું વિદ્વાન શાસ્ત્રીઓએ વિસ્તારીને વર્ણન કર્યું છે. ધૂળનાં મહત્વની પ્રથમ શોધ ફ્રાન્સના 'કુલિઅર' અને 'મૅસ્કાર્ટ' નામે વિદ્વાનોએ કરી, અને તે પછી તેના મહત્વની વધુ શોધ ૧૮૮૦ માં મી० જૉન ઍટકિન્સને કરી જગતમાં ધૂળનું મહત્વ જાહેર કર્યું હતું.

ધૂળ ઘણા લાંબા છેટા સુધી આકાશ માર્ગે મુસાફરી કરી પરદેશમાંની ધૂળમાં મળી જાય છે. આફ્રિકન ધૂળમાં ઘણી વેળા માઇક્રોસ્કોપથી અવલોકન કરી જોતાં જણાયલું છે કે તેમાં દક્ષિણ અમેરિકાની ધૂળનો ભાગ મિશ્ર થએલો છે. આ ધૂળને દક્ષિણ અમેરિકાથી દક્ષિણ પૂર્વ તરફનો તુફાની પવન ઘસડી લઇ જાય છે. તે શિવાય કેપવર્ડસ, માલ્ટા, જીનોવા, લૅમોન્સ અને ટાયરોલની ધૂળમાંથી પરદેશની ધૂળનું મિશ્રણ થએલું જણાયલું છે. ધૂળ ઘણી વેળા અરબસ્તાન તથા આફ્રિકાથી સમુદ્ર માર્ગે તુફાન દ્વારે ઉડતી વધે છે. વર્ષનાં ૪ માસમાં ધૂળનો ગંજાવર જથ્થો આફ્રિકાનાં ઉત્તર પશ્ચિમ કિનારાથી ઉડતો આટલાન્ટિકના ૧૬૦૦૦ માઇલના ઘેરાવા ઉપર ઉડે છે, ને તે કિનારાથી ૩૦૦ થી ૬૦૦ મૈલની મુસાફરી કરે છે. કેટલીક વેળા આફ્રિકાનાં કિનારાથી ૧૦૩૦ મૈલ છેટે પણ ધૂળ ઉડીને પડેલી નોંધાયલી છે. ડાર્વિનનાં જણાવવા મુજબ ઘણી વેળા આફ્રિકાથી ૩૩૦ થી ૩૮૦ મૈલ છેટે કેપવર્ડનાં ટાપુમાં ધૂળ પડેલી જણાય છે, તેમાંથી પથ્થરના એક ઈંચના ૧૦૦૦ માં ભાગના કટકા વટીક મળી આવ્યા હતા.

હિંદુસ્તાનમાં ધૂળનાં તુફાન ઉત્તર દક્ષિણ ભાગમાં પુશકળ થાય છે, મદ્રાસ, નેલોર, અલાહબાદ, સિકંદરાબાદ વગેરે ઠેકાણે આવાં તુફાન અવારનવાર થાય છે. ૧૮૪૬ માં ૧૫ મી માર્ચે નિંગપોથી શેંગહાઇ સુધીનાં ૩૮૦૦ ચૌરસ મૈલના પ્રદેશમાં ધૂળનું ભ્હોટું તુફાન થયું હતું, તેમજ પંજાબ અને ઉત્તર પશ્ચિમ ભાગમાં આવા ધૂળના તુફાન ઘણા સાધારણ છે, તેમજ પંજાબ અને અફઘાનિસ્તાનમાંના બોલનપાસ તરફ પણ અવા તુફાન આવારનવાર થાય છે.

ધૂમકેતુ—'કેતુઓ અંતરિક્ષા જડમાંની એક જાત છે, એ કોઇ કોઇ વેળા આકાશમાં જણાય છે. આ કેતુ સઘળી દિશામાં ફરતા હોવાથી આકાશનાં સર્વ ભાગમાં દેખાય છે. કેતુ દેખાવે ઝાંખા હોઇ નેબ્યૂલાના જેવા પ્રકાશથી પ્રકાશિત હોય છે, ને તેની જે દિશાએ સૂર્ય હોય છે તેથી ઉલટી દિશાએ પુછડી હોય છે. જેમ જેમ કેતુ સૂર્યની નજદીક આવે છે કે તેનો ઝાંખો પ્રકાશ વધારે

ચળકે છે, અને તેની પ્રકાશિત પુછડી લાંબી થતી જાયછે. કેતુ પોતાની કક્ષાના વેગળા ભાગમાં દીઠામાં ન આવે ત્યાં આપણી સૂર્ય માળાની રચનાની પેલીમેર આકાશમાં પોતાને માર્ગે ચાલ્યા જાયછે, ને ઘણાક વર્ષો ગયા પછી તે આકાશી સૂર્ય માળામાં પાછો આવીને અને સૂર્યની આસપાસ કક્ષાના જે ભાગમાં અગાઉ ફરતો રહે છે ત્યાંજ દેખાય છે.

કેતુ જ્યારે આકાશમાં જણાય છે ત્યારે વેહેમી લોકો દુનિયાંપર આફત આવવાની આગાહી સમજે છે. આગલા વિદ્વાનોનું એવું મત હતું કે જો આ કેતુ પૃથ્વી સાથે અથડે તો પૃથ્વીની વર્તુળગતિની દિશા બદલાઇ જઈ તે નવા આંસ ઉપર ફરશે, અને તેથી મોટો જળ પ્રલય થઇ તેમાં દુનિયા ગર્ક જશે.'

'આગલા જમાનામાં કેતુઓને એકત્ર થએલા તારાઓના ઝુમખા ગણવામાં આવતા હતા. તે પછીના જમાનામાં માનવામાં આવતું હતું કે તેઓ પૃથ્વીના વાતાવરણમાં જવાલાવાલી વરાળથી થાય છે, તોપણ કેતુઓ શું છે તે વિશે આગલા થોડાક વિદ્વાનોને થોડુંજ માલમ હતું. તે માહેલા કેટલાક એવું ધારતા હતા કે કેતુઓ એક જાતના ગ્રહ છે, ને જે કક્ષામાં ચંદ્ર છે તે કક્ષાની પેલીમેર તેઓ બરાબર કક્ષામાં ફરે છે. ૧૫૭૭ માં જણાયલા કેતુને જોયાથી જણાયું કે તેને કાંઇ દૈનિક સ્થાન ભેદ નથી, માટે તે ચંદ્ર કરતાં ઘણેજ અંતરે છે. કેપ્લરે પ્રથમ અનુમાન કાઢયું કે તેઓ સિધી લીટીમાં ચાલી જાય છે, તે પછી એમ સમજાવ્યું કે તેમની કક્ષા પરાબોલ અને સૂર્યની તરફ ગોળાંતર છે. આ મતને લીયસ પણ ટેકો આપી ગયો છે, પણ સર આઇઝેક ન્યુટને એવું જણાવ્યું છે કે કેતુઓ ગ્રહની પેઠે સૂર્યની આસપાસ ઘણાજ વિષમ કેંદ્ર લંબ ગોળમાં ફરે છે, તે લંબગોળો સૂર્ય માળાથી અતી અંતરે છે. કેતુ વિષે એક વિદ્વાન વિચાર દોડાવી જણાવે છે કે, તે એક માત્ર મોટું વાદળું પહાડને અથડી જેટલી નજીવી અસર કરે છે તેટલીજ પૃથ્વીને અથડતાં કરી શકશે. તેથી આપણું વાતાવરણને તેનાં વાયુરૂપ પદાર્થનું મિશ્રણ થઇ વાયુ માપક યંત્રમાં પારો ચઢાવી દેશે. પણ જો તેના વાયુરૂપ પદાર્થ ભારી હશે તો પૃથ્વી ઉપર ઉતરી ઉદ્ભિજ તથા પ્રાણી ઉપર સારી યા માઠી અસર કરશે. પૃથ્વી કેતુની પુછડીમાં ઘણીવાર ગએલી હશે, ને નહિ ગઈ હોય એમ જણાવવાને કાંઇ આધાર નથી.

કેતુની પુછડી વિષે જૂદા જૂદા વિદ્વાનોનું મત વેગળું છે. એપીયન કાર્ડન અને ટાઇકોબ્રેનાં મત મુજબ કેતુનો નક્કર ભાગ લેન્સની પેઠે પારદર્શક હશે, માટે તેમાંથી સૂર્યનો પ્રકાશ પાર જાય છે, ને તેથી તેની લાંબી પ્રકાશિત પુછડી થાય છે. કેપલરના મત મુજબ કેતુના વાતાવરણનો જાડો ભાગ સૂર્યના કિરણથી હડસેલાઈ જાય છે, તેથી તે પુછડી થાય છે. ડેકાર્ટ મુજબ પ્રકાશનાં તે નક્કર ભાગમાંથી વક્રીભવન થવાને લીધે પુછડી બને છે. ન્યૂટન મુજબ સૂર્યની ઉષ્ણુતા એ કેતુઓમાં વરાળ થઇ કે તેથી પુછડી બને છે. ડબલિનવાલા ડૉ૦ હેમિલ્ટનના મત મુજબ આ પુછડી ઇલેકટ્રિસિટીનાં કિર્ણો છે. વિદ્વાન બિયોટનો વિચાર ન્યૂટનને મળતો છે, કે સૂર્યની અતિશય ઉષ્ણુતાથી વરાળ થવાને લીધે એ પુછડી થાય છે. આ કેતુઓની પુછડી જૂદા જૂદા પ્રકારની હોય છે. ઘણા પ્રકાશિત કેતુઓની ઘણી ટુંક અને ઝાંખી પુછડી જોવામાં આવી છે, ને ઘણાકોને પુછડી જણાઇજ નથી.

ઇ. સ. ૧૫૮૫ અને ૧૭૬૩ માં જણાયલા કેતુની પુછડી દેખાઇ નહોતી. પણ ૧૬૮૨ માં કાસીનિએ જોએલો કેતુ બૃહસ્પતિના જેવો ગોળ અને પ્રકાશિત હતો. ઇ. સ. ૧૬૮૦ માં મોટો કેતુ પોતાના અર્કસંનિધ પ્રકાશમાં થઈને ગયો, ત્યારે તેની પુછડી ૬૦૦૦૦૦૦૦ મૈલ લાંબી હતી એવું ન્યૂટને જણાવ્યું છે. ૧૭૬૯ માં કેતુની પુછડી ૪૮૦૦૦૦૦૦ મૈલ લાંબી હતી. ૧૮૧૧ માં દેખાયલી મ્હોટા કેતુની પુછડી ૧૦૦૮૦૦૦૦૦ મૈલ લાંબી હતી. પારદર્શક અચ્છાદન ઉપરથી તેનો ગર્ભ પુછડી કરતાં જૂદો પડે છે, એ ગર્ભનો વ્યાસ ૫૪૦૦૦૦૦ મૈલનો હતો.

'જે નાહના કેતુઓ માત્ર દુર્બિનવડે દેખાય છે તે અગણિત છે, અને તેની પુછડીની પણ નિશાની જણાતી નથી. તેઓ ગોળ અથવા કાંઇ એક લંબગોળ વરાળના

દડા જેવા અને મધ્ય બિંદુની તરફ વધારે ઘાડા જણાય છે.

હેવ્રિશ્રીનકૃત ખગોળમાં કેતુઓની તપાસમાં જણાવે છે કે '૨૪ કેતુઓ સૂર્યની અને બુહની કક્ષાની વચમાંથી ગએલો છે, ૩૩ બુહ અને શુક્રની, ૨૧ શુક્ર અને પૃથ્વી ની, ૧૬ પૃથ્વી અને મંગળની, ૩ મંગળ અને સિરિસની, ૧ સિરિસ અને બૃહસ્પતીની કક્ષાની વચમાંથી ગએલા છે. વળી ૩૨ કેતુઓ એપ્રીલથી સપતેંબર મહિના સુધીમાં જોવામાં આવ્યા છે, અને ૬૬ સપતેંબર થી એપ્રેલ મહીના સુધીમાં દેખાય છે. કેતુઓ માહેલા ૫૦ કેતુઓ પશ્ચિમથી તે પૂર્વ તરફ ફરે છે અને બાકીના તેથી ઉલટી દિશાએ ફરે છે. કેતુઓની કક્ષા ગ્રહની પેઠે આકાશનાં એક નેમેત્રા એક ભાગમાંજ નથી રહેતી પણ ક્રાંતિવૃત્ત સાથે હરેક જાતના ખુણા કરે છે.

ઇ. સ. ૧૬૮૦ માં એક ધૂમકેતુ સૂર્યની એટલો પાસે ગયો હતો કે ન્યુટને તેનું અવલોકન કરી એવું જણાવ્યું હતું કે આ ધૂમકેતુને સૂર્ય આસપાસ એક ફેરો ખાવા સુમારે ૮૮૧૪ વર્ષની મુદત લાગશે. એટલે આ પુછડીયો તારો ઇ. સ. ૧૦૪૯૪ માં ફરી મનુષ્યના નજરે પડશે. ઇ. સ. ૧૮૪૪ માં જે ધૂમકેતુ નજરે જણાયો તેને ફરી સૂર્ય પાસે આવતાં ૧૦૦૦૦૦ વર્ષની મુદત જોઇશે. એટલે ઇ. સ ૧૦૧૮૪૪ માં જો મનુષ્યની હસ્તી હશે તો તે દેખાશે.

ધૂલિયા—ખાનદેશ જીલ્લાનું એક પ્રગણુ. ક્ષેત્રફળ ૭૫૯ ચૌરસ મૈલ હોઇ તેમાં ૭૮૧૩૭ ની વસ્તી છે. દર ચૌરસ મૈલે ૧૦૩ ની વસ્તી છે. પ્રગણુંમાં ૧૫૨ ગામડાં છે. એની ઉત્તરે વીરદેલ, પૂર્વે પાચોરા અને અમલનેર, દક્ષિણે નાશિક જીલ્લો અને પશ્ચિમે પીંપળનેર છે. અત્રે ૨૩ થી ૨૫ ઇંચ વર્સાદ વર્સે છે.

મુખ્ય શેહેર ધૂલિયા ચાલીસ ગામની ઉત્તરે ૩૦ મૈલ ઉપર છે. આ શેહેર બે ચૌરસ મૈલ ઘેરાવામાં છે. તેમાં વસ્તી ૧૮૪૪૯ની છે. ગામ જુના અને નવા એવા બે ભાગમાં વેહેચાયલું છે. આ શેહેર ઓગણીસમી સદીમાં તદ્દન ગામડાની હાલતમાં હતું. ૧૮૧૯માં ત્યાંની વસ્તી ૨૫૦૯ની ૧૮૬૩માં ૧૦૦૦૦ની, ૧૮૭૨માં ૧૨૪૮૯ની, ૧૮૮૨માં ૧૮૪૪૯ની હતી.

ધૃતરાષ્ટ્ર—(૧) કશ્યપને મુની નામે સ્ત્રીથી થએલો દેવગંધર્વમાંનો એક. એ આશ્વિન માસમાં સૂર્ય સાથે હોય છે. એક પ્રસંગે એને મરૂત રાજા પાસે દુત તરીકે મોકલ્યો હતો.

(૨) કશ્યપથી કદ્રુને થએલા નાગમાંનો એક. એનાથી એનેક નાગકુળ ઉતપન્ન થયા હતા, જે સર્વે જનમેજયના હોમમાં બળી મુવા હતા.

(૩) સોમવંશિય પુરૂકુલોત્પન્ન અજમીઢ વંશના જન્હુ રાજાના વંશમાંનો શંતનુ પુત્ર. વિચીત્રવિર્ય મરણ પામતાં, સત્યવતીની આજ્ઞાથી કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે તેની વડી સ્ત્રી અંબિકાને પેટે આપેલો પુત્ર.

એ જન્મથી અંધ હોઇ હંસ નામે ગંધર્વના અંશથી જન્મ્યો હતો. એ મ્હોટો થતાં ભિષ્મે સુબલ રાજાની કન્યા ગાંધારી સાથે એના લગન કર્યાં. એનાથી ગાંધારીને કળીનાં અંશથી દુર્યોધન અને પૌલસ્તના અંશથી દુઃશાસન વગેરે ૯૯ પુત્રો થયાં, અને દુઃશલા નામે એક કન્યા સર્વથી છેલ્લે પેદા થઈ હતી.

ધૃતરાષ્ટ્રનાં ૧૦૦ પુત્રોમાં દુર્યોધન, દુઃશાસન, દુઃસહ, દુર્મર્ષણ, વિકર્ણ, ચિત્રસેન, વિવિંશતિ, જય, સત્યવ્રત, પુરૂમિત્ર એ દસ અને દાસી પુત્ર યુયુત્સુ, મળીને ૧૧ મહારથી હતા. તેમાંના દાસી પુત્ર શિવાય ૧૦ મહારથી અને બીજા ૯૦ ભાઇઓને ભારતિય યૂદ્ધમાં ભિમસેને માર્યા હતા. એના પુત્રોમાં વિકર્ણ માત્ર નિતીમાન પુત્ર હતો. ધૃતરાષ્ટ્ર પોતાની કન્યા દુઃશલાને સિંધુ દેશના રાજા વૃદ્ધ ક્ષત્રના જયદ્રથ નામે પુત્ર સાથે પરણાવી હતી. એણે કૌરવોનો પક્ષ તાણી તેમને છગાવી મેળવ્યા હતા, અને લોકોના ભંભેરવાથી પાંડવોને વરણાવતી નગરીમાં લઇ જઇ રાખ્યા હતા. જ્યારે લાક્ષાગૃહની આગમાંથી પાંડવો બચી દ્રૌપદિ જીતી આવ્યા ત્યારે કુટુંબ કલેશ વધતાં ધૃતરાષ્ટ્રે ઇંદ્ર પ્રસ્થમાં પાંડવોને જૂદું રાજ્ય કરવા કહ્યું. મોટા યૂદ્ધ પ્રસંગે દુર્યોધન યૂદ્ધ ન કરે તેને માટે નારદ, વગેરે ઋષિઓએ ધૃતરાષ્ટ્રને ઘણો સમજાવ્યો,

આથી એણે દુર્યોધનને સમજાવ્યો પણ તે સમજ્યો નહિ. જ્યારે દુર્યોધને સર્વેનું અમાન્ય કર્યું ત્યારે કૃષ્ણે ધૃતરાષ્ટ્રને દિવ્ય ચક્ષુ આપ્યાથી તેણે જોયું કે પાંડવો અજીત થવાનાં છે; પણ ધૃતરાષ્ટ્રે પોતાના પુત્રોની હાની આંખે જોવા નમાંગ્યાથી ફરી આંધળો થયો. ધૃતરાષ્ટ્ર પોતાનાં સર્વે પુત્રોને પાંડવોને હાથે માર્યા ગએલા જાણ્યા ત્યારે હૈયાશોક કરી વનવાસે ગાન્ધારી સાથે ગયો, અને ત્યાંજ એઉ જણા વનમાં મરણ પામ્યા. ધૃતરાષ્ટ્રને માત્ર ગાન્ધારી જેવી સ્ત્રી, યુધિષ્ટીર જેવો ભત્રિજો અને વિદુર જેવા ભાઇઓ તેને તેના દુઃખમાં મોટા વિશ્રામ હતા.

ધૃષ્ટદ્યુમ્ન—સોમવંશિય પુરૂકુલોત્પન્ન અજમીઢ વંશિય પાંચાલ રાજા દ્રુપદનો પુત્ર, એનો જન્મ દ્રોણાચાર્યને મારવા માટે અગ્નિમાંથી થયો હતો. એ જન્મથી ક્રોધી હોઇ ધનુર્વીદ્યામાં દ્રોણનો શિષ્ય હતો. કુરક્ષેત્રમાં યૂદ્ધ સમયે એ પાંડવો તરફથી લઢયો હતો. એના અશ્વ તપકિરીયા હતા. દ્રોણાચાર્યે યોગ ધારણ કરતાં તેનું શીર એણે છાટયું, આથી અર્જુન એની ઉપર કોપ્યો, પણ કૃષ્ણે તેનું શાંતવન કર્યું, પછી યૂદ્ધની ૧૮ મી રાત્રે અશ્વથામાએ એને રાત્રે જાગૃત કરી ફાંસો નાખી મારી નાખ્યો હતો. એને ક્ષત્ર ધર્મા, ધૃષ્ટકેતુ અને ક્ષત્રંજય એવા ૩ પુત્રો હોઇ તેઓ લઢાઇમાં એ સમે માર્યા ગયા હતા.

ધોત્રોપિળો—આ વનસ્પતિનાં જંગલી ક્ષુપ કાળી જમીન ઉપર યા લાલ જમીનપર જગેજગ ઉગે છે. અમેરિકા ખંડમાં પણ તે ઘણો જણાયલો છે, અને તેથી એમ અનુમાન કાઢવામાં આવે છે કે કોઇ હિંદના મુસાફરે ત્યાં જઈ અત્રે તેને લાવી રોપ્યા હશે. પણ આ અનુમાન ડૉ૦ પાંડુરંગ મંત્રી ભૂલ ભર્યું જણાવી અનુભવથી સિદ્ધ કરી જણાવે છે કે એનાં પિળા ચીકનો ઉપયોગ આંખના કૃષ્ણ ભાગ ઉપર સફેદ છારી આવે છે (Opacity and Apthous ulceration) તેની ઉપર ચોપડવાથી દરદ દૂર થાય છે. બી માંથી ગરમ પાણીથી કરી એક લાલ પીળું તેલ નિકળે છે તે બીનાં ટર્પેલમાં એક કેરી અર્ક છે. આ તેલની પરિક્ષા ડૉ૦ હેન્સ અને ડૉ૦ ડીમકે કરી હતી, તે બીમું રેચક હોઇ ૧ થી ૨ ડ્રામ (½ તોલો) દુધમાં સાકર નાખી પીધું હોય તો બે થી ત્રણ સ્વચ્છ જોલાબ આવે છે.

ધોરાજી—કાઠીયાવાડમાં ગોંડલ સંસ્થાનનું આ એક આબાદ ગામ જુનાગઢની ઉતરે ૧૪ ને જેતપુરની નૈઋત્યે ૧૨ મૈલ ઉપર છે. ભાદરનો એક ફાંટો નામે સાફરા ધોરાજી તથા તેના પરાની વચ્ચે થઇને વહે છે. આ ગામમાં લોક વસ્તી ૧૬૧૨૧ ની છે. આ ગામ નજદીક ૩ મૈલ ઉપર સૂપેડી પૂલ છે જે મી૦ પીલના નામે ઓળખાય છે. અત્રે એક મુસાફરખાનુ, ધર્મશાળા, પોસ્ટઑફીસ, તારઓફીસ, દવાખાનું, નિશાળ, દરબારી, કચેરીઓ વગેરેનાં મકાનો છે. અત્રેજ ભાવનગર ધોરાજી લાઇનનો છેડો છે. ગોંડલના કુંભોજીએ ૧૮ મી સદીની અધવચમાં જુનાગઢ સંસ્થાન પાસેથી એ મેળવ્યું. અત્રે બોહોળો વેપાર ચાલે છે.

ધોરીનસ—અથવા ધમની. જે નળી વાટે શરીર માહે લોહી ફર્યા કરે છે તેને ધોરીનસ અથવા ધમની કહે છે. ધમનીનું કવચ અથવા પડ ઝીણું ને ૩ અસ્તરનું બનેલું હોય છે એક બાહેરનું પડ તે સફેદ તથા મજબૂત છે અને તેની ઉપર ધમનીની મજબુતાઇનો આધાર છે.

બીજું માહેલું પડ એ લીસું સ્નેષ્માવર્ણું જેવું હોય છે. જેથી લોહી વહેવામાં ઘર્ષણ અથવા અટકાવ થતો નથી. ત્રીજું વચલું પડ તે બે જાતીનાં પદાર્થનું બનેલું છે. માંસના રેષા અને સ્થિતિ સ્થાપક પદાર્થ તેમાં હોય છે. માંસનાં રેષાને લીધે ધમની ને સંકોચાવાની શક્તિ મળે છે, તથા બીજા પદાર્થને લીધે તેને સ્થિતિ સ્થાપક પ્રાપ્ત થાય છે. એમાંથી જ્યારે લોહી વહે છે ત્યારે સમુદ્રનાં મોજા પ્રમાણે તે લોહી હાલે છે; જેથી ધમનીમાંથી ધમ ધમ અવાજ હાથ મેલતાં નિકળતો સંભળાય છે. ધમનિમાં સ્થિતિ સ્થાપકતાનો ગુણ મોટા ઉપયોગનો છે. જ્યનિક સંકોચાય છે ત્યારે તેઓ પોહોળી થઇ રકતને માર્ગ આપે છે. એ સ્થિતિ-સ્થાપક ન હોત તો જ્યારે એટલા જોરથી તેમની અંદર લોહી આવત ત્યારે તેઓ ફુટિયા વિના રહેત નહિ. રકતાશયનું જોર લોહીને ધકેલવામાં વપરાય છે, તેમજ ધમની ઉપર પણ ખરચાય છે. વળી જ્યારે લોહી

આવતું બંધ પડે છે એટલે ધમની પાછી પોતાની આગલી સ્થિતિમાં આવે છે, અને તેથી લોહી ઉપર દબાણ ચાલુ રહે છે, અને એને પાછો વેહવાનો રસ્તો બંધ થાય છે; એટલે ને એક સરખા રેલામાં આગળ વધે છે. જો ધમની સ્થિતિ સ્થાપક ન હોત અને જડ હોત તો રકતના વહેવામાં અંતર પડયા વગર રહેત નહિ. વળી ધમની સ્થિતિ સ્થાપક છે તેથી જેટલું જોર અંતકરણ કરે છે તેટલું સઘળું કામમાં આવે છે.

'દિલના ડાબા ઓરડાની ઉપલી બાજુમાંથી એક મ્હોટી નળી શરૂ થાય છે. જે પેહેલે જરા ઉપર ચઢીને કમાનનાં આકારમાં જમણી તરફથી ડાબી તરફ વાંક લેછે, અને બરસ્તીમાં થઇને પેટના નીચેના ભાગ સુધી હેઠલ ઉતરે છે. એ સર્વેથી મ્હોટી ધોરીનસ મ્હોટા ધોરીનસનાં ઉપલા વાંકવાળા ભાગમાંથી ધમની નિકળે છે, અને તેમાંથી શાખાઓ થઇને એઉ હાથમાં તથા ગરદન માથાનાં દરેક ભાગમાં લાલ લોહી પોંહચે છે. મ્હોટી ધમનીનાં છાતીમાં આવેલા ભાગમાંથી નાહની શાખાઓ છાતી તથા પીઠનાં માસમાં જાય છે. પેટમાં એ મ્હોટી ધમનીમાંથી હોજરી, આતરડાં, કાળજુ, તલ્લી, ગુરદાનાં અને પેટમાંના દરેક ભાગમાં અને અવયવમાં એક એક ધોરીનસ હોય છે. પછી પેટનાં હેઠળનાં ભાગમાં મ્હોટી ધમનીનાં બે ભાગ થાય છે, અને તેમાંનો એક ભાગ દરએક જાંગ અને પગના સઘળા ભાગોમાં લોહી પોંહચાડે છે. એ રીતે ધોરીનસની શાખાઓ તમામ શરીરમાં ફરી વળે છે. તે લોહીને શરીરમાં ફેરવે છે. રકતનાં રેલા એક સરખા અંતર વીના ચલાવે છે. જૂદા જૂદા અવયવોને જોઇએ તે પ્રમાણે રકત વેંહેંચી અપાય છે.

ધમનીની છેલ્લી શાખાઓ એટલીતો નાહની થાય છે કે તે ખુલ્લી આંખે દેખાતી નથી; તે જાળીની માફક શરીરનાં દર એક ભાગમાં પથરાઇ જાય છે, અને તે બાલ કરતાં ઝીણી રહે છે; તેને કેશાધમની કહે છે.

કેશા ધમનીમાં થઇને શરીરનાં સર્વે ભાગમાં લાલ લોહી જાય છે. અને તેમાંથી દરેક ભાગ પોત પોતાને જોઇતી ચીજ ખેંચી લીયે છે. જેમકે માસ લાચા લોહીમાંથી 'ફાઇબ્રિન' કહાડી લે છે, તથા હાડકાં 'ફોસફેટ' અને બીજા ખારો જૂદા દરેક પોતાને પોષણ આપે છે. પણ શરીરનાં દરેક ભાગમાં 'ઑકસિજન' કોલસાનાં તત્વો સાથે મળીને એક જાતની ઝેરી હવા ઉત્પન્ન કરે છે, તથા ગંધક અને ફાસફોરસની સાથે મળીને કેટલાક અવગુણી પદાર્થો ઉત્પન્ન કરે છે. એ સઘળી ખરાબ વસ્તુઓ લોહીમાં મળી જાય છે; તેથી તેનો ચણોઠી જેવો રંગ બદલાઇને કાળો થાય છે. એવું કચરાવાળું લોહી સ્વચ્છ થવા માટે એક જાતની નળીઓમાં થઇને દિલ તરફ વહે છે. એવી નળીઓને 'બલુનસ' કહે છે.

ધોલકા—અમદાવાદ જીલ્લામાંનુ એક પ્રગણું. એની ઉતરે સાનન્દ, પૂર્વે ખેડા જીલ્લો અને ખંભાત, દક્ષિણે ધંધુકા અને પશ્ચિમે કાઠીયાવાડ છે. ક્ષેત્રફળ ૬૬૫ ચૌરસ મૈલ હોઈ તેમાં ૧ શેહેર ને ૧૧૭ ગામડાંછે. લોક વસ્તી ૧૧૧૧૯૨નીછે. વસ્તીમાં ૯૮૦૮૦ હિંદુ, ૧૧૨૮૪ મોહમેદન અને ૧૮૨૮ પરજાતી હતી. આ દેશ દક્ષિણ પશ્ચિમે રણ તરફ ઢોળાવદાર છે; પૂર્વમાં સાબરમતી નદી વેગે જમીન ફળદ્રુપ છે.

મુખ્ય શેહેર ધોળકામાં ૧૭૭૧૬ની વસ્તી છે. આ શેહેરની આસપાસ ૪ મૈલ ઘેરાવા વાલો કોટછે. શેહેર નજદીકથી સાબરમતી નદી વહેછે. ૧૮૭૯ માં અત્રે ગાયકવાડની સત્તા હતી. પણ ૧૮૦૪થી બ્રિટીશ સત્તા સ્થાપન થઈ હતી. ૧૨૯૭માં અલાઉદીન બીલજીએ અનહીલવાડથી વાઘેલાઓને હાંકી મેલ્યા ત્યારે તેમની સાથે અત્રે 'કશાબાતિઓ' આવી વસ્યા હતા. અત્રે સાડી ઉત્તમ પ્રકારની વણાય છે.

ધોલપુર—રજપૂત સંસ્થાનની પૂર્વમાં આવેલો માહારાણાને તાબેનો મુલક. આ રાજ્યનું ક્ષેત્રફળ ૧૨૦૦ ચૌરસ મૈલ છે. એની ઉત્તર પૂર્વ લંબાઈ ૭૨ મૈલ ને પોહોળાઈ ૧૬ મૈલ છે. ૧૮૭૬ માં લોક વસ્તી ૨૨૭૯ ૭૬ ની ને ૧૮૮૧ માં ૨૪૪૬૫૭ ની હતી. રાજ્યમાં ૪ શેહેરો તથા ૫૩૪ ગામડાં છે. વસ્તીમાં ૨૨૯૦૫૦ હિંદુ, ૧૮૦૯૭ મોહમેદન,' ૨૭ ખ્રિસ્તી, ૨૪૮૩ જૈનો છે વાર્ષિક મેહેસુલ (જમીનની) ૭૧૪૦૦ પૌંડની ઉપજેછે ને જુમલે મેહેસુલ ૧૧૦૫૭૯ પૌંડની ઉપજે છે, આ દેશની હવા તંદરોસ્તીને સુખદાયક છે. એપ્રિલથી જુનમાં સખત ગરમી પડે છે ને વર્સાદ ૨૭ થી ૩૦ ઈંચ વર્સે છે.

મુખ્ય શેહેર ધોલપૂર આગ્રાની દક્ષિણે ૩૯ મૈલ ઉપર અને ગવાલીયરની ઉત્તર પશ્ચિમે ૩૭ મૈલ ઊપર છે. લોક વસ્તી ૧૫૮૩૩ની છે, તેમાં ૧૦૫૮૭ હિંદુ, ૫૨૧૫ મોહમેદન છે. ધોલપૂરની દક્ષિણે ૩ મૈલ ઉપર અંબલા નદી વહે છે. રાજઘાટ પાસે એક હોડીનો પુલ છે જે ઊપરથી જુનથી નવેંબર સુધી આવ જાવ કરવી પડે છે. બાકીની મોસમમાં પાણી સુકાતાં નદીમાંથી આવ જાવ ચાલે છે. આગરાથી ગવાલીયરની રેલ્વે લાઈન અત્રેથી પસાર થાય છે. ૧૧ મી સદીની શરૂઆતમાં રાજા ધોલનદેવે આ શહેરની દક્ષિણે એક શેહેર વસાવ્યું હતું. તેપછી ૧૫૨૬ માં બાબરે અત્રે જીત મેળવી હતી. તે પછી હુમાયુને ઉત્તર તરફ શેહેરને વસાવ્યું હતું. અકબરનાં અમલમાં અત્રે કિલ્લો તથા 'સરાઇ' બાંધવામાં આવી હતી. હાલના રાણાના વડવા કીરાતસીંગે અત્રેનાં રાજ્ય મેહેલો બંધાવ્યા હતા. અકટોબરની આખેરીમાં અત્રે જાત્રા ભરાય છે. આ રાજ્યમાં અનેક યાત્રા સ્થળ હોવાથી ત્યાં જૂદી જૂદી જાત્રાઓ ભરાય છે.

ધોલેરા—ધ્રાંગધરાનું આ એક બંદર શેહેર ખંભાતના અખાત ઉપરનું એક કપાસનું મુખ્ય વેપારી મથક ગણાય છે. અત્રેની લોક વસ્તી ૧૦૩૦૧ની છે, તેમાં ૭૨૬૬ હિંદુ, ૧૨૮૯ મોહમેદન અને ૧૭૪૦ જૈન છે. અત્રેના બંદરમાં એક દીવાદાંડી છે. તેમજ શેહેરમાં પોસ્ટ, ટેલિગ્રાફ ઑફીસ અને ૩ સરકારી શાળા છે. અમેરિકાની લઢાઇ વેળા ધોલેરાનો કપાસ (૧૮૬૨-૬૫માં) યૂરપના બજારમાં ઘણી પ્રસિદ્ધતા પામ્યો હતો.

ધોળી—હિંદના પહાડી પ્રદેશમાં એના વૃક્ષ ઉગે છે. એના પાંદડા લીમડાનાં પાંદડાં જેવાં પણ દળદાર હોય છે. એનું લાકડું કઠણ ને મજબૂત હોઇ તેનો રસ સફેદ નિકળે છે. એના લાકડા વિશે એવો વેહેમ છે કે એની લાકડી હાથમાં રાખ્યાથી ભૂતપીશાચ દૂર નહાસે છે તથા સર્પદંશ થતો નથી. એક બીજી જાતી ધોળી વેલને નામે પ્રસિદ્ધ છે. એનું લાકડું પણ હાથીદાંત જેવુંજ મજબૂત હોય છે.

ધોળી કૂળી—એનાં નાહના ઝાડ દોઢ બે હાથ ઉંચા વધે છે. એના રાઇ કરતાં સેહેજ મ્હોટાં બી હોય છે. આ બી ઢોરોને ખાવા આપે છે. એનું ઝાડ સફેદ હોવાથી તેને ધોળી કૂળી કહે છે.

ધોળો ચાંપો—હિંદુસ્તાનમાં એના ઝાડ પુશ્કળ ઉગે છે. એના પાંદડા લંબોચાં હોઇ પુલ્લો ધોળાં હોય છે. એનું વૃક્ષ ઘણુંજ મ્હોટું ઉગે છે. એના ચાપાનો રસ એટલો તો ઉષ્ણ હોય છે કે તેને અંગે ચોપડતાં તેટલો ભાગ ઉપડે છે. એના જુના ઝાડપર કોઇ કદાચ શિંગો આવે છે. આ ઝાડની ગણના વનઔષધિમાં કરેલી છે.

ધોલશ્રી—આ રાગણીનું નામ ધવલ ધન્યાશ્રી છે. આ રાગણી ગાવાનો વખત દિવસના ત્રીજા પોહોરનો છે. જાતિ સંપૂર્ણ એટલે, ષરજ શુદ્ધ, રિષભતિવ્ર, ગંધાર કોમળ, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત તિવ્ર નિખાદ કોમળ; એ મુજબ સાતે સ્વર આવે છે. પંચમ વાદી સ્વર છે.

ધ્રાંગધરા—આ રાજ્યનું ક્ષેત્રફળ ૧૧૪૨ ચૌરસ મૈલ હોઇ તેમાં ૧૨૯ ગામડાં છે. વસ્તી ૯૯૬૮૬૫ની હોઇ તેમાં ૮૮૬૬૫ હિંદુ, ૫૬૮૬ મોહમેદન અને ૫૩૩૫ પરજાતી છે.

મુખ્ય ઉદ્યોગ દૂનર મીઠું, ત્રાંબા તથા પિતળ કામ, કાપડ અને કુંભારકામનો છે. ધ્રાંગધરા શહેરની દક્ષિણ પૂર્વે ધોલેરાનું બંદર શેહેર છે. રાજ્યમાં ૩૧ નિશાળો હોઈ તેમાં ૧૪૦૦ વિદ્યાર્થીઓ ભણે છે. ઇ. સ. ૧૮૦૭થી આ રાજ્ય બ્રિટીશ સંબંધમાં આવ્યું છે.

આ દેશનો મુખ્ય ભાગ સપાટ, ઉમરાલા પાસે નીચા ૫૦૦ ફીટ ઉંચા ડુંગરો છે ખરા, પણ પ્રદેશ ડુંગરા ડુંગરીવાલો કહેવાય છે. જમીનની પડતું બંધારણ રેતી પથ્થરથી તે રાતા ખુલ્લા ભભકાદાર, પિલા અને સફેદ એવા રંગના જૂદા જૂદા ચુણવાળા છે. આ પથ્થરો બાંધકામ માટે પુશ્કળ વપરાય છે. જમીન ઘણે ભાગે કાળી ને રેતાળ, વચમાંની સઘળી જાતની છે. ઝાડ ઘણા થોડા છે. મુખ્ય નદીઓ બામણા ચંદ્રભાગા, બિલગંગા, કુલકા છે. એ સર્વે ઘણી નાહની છે. ખેતરોમાં પિત કરે છે, તે એ નદીઓનાં પાટમાં ઓરીઆ ખોદી તેમાંથી કરે છે. હળવદ ને માનસરમાં સામતસર ને માનસર નામના ધ્રાંગધ્રા શેહેરમાં રણમલસર, સિથામાં અંબાવ ને ચંદ્રાસર તલાવ છે. માલનિઆડ ને કાનત્રોડીમાં પણ સારાં તલાવો છે. ધ્રાંગધરા શેહેરની દક્ષિણમાં એક ગંજવર તલાવ છે.

સંસ્થાનમાં એકંદર ૨૩૧૪ કુવા, ૧૩૩૪ ચુના પથ્થરે બાંધેલા ને ૯૮૦ સાદા છે. રણની પાસેના મુલકમાં ૨૦ ફીટ ખોદતાં પાણી મળે છે. હવા અતિશય થંડી તેમ ગરમ પણ છે. અત્રે જાનેવારીમાં થરમામિટરમાં પારો ૭૩ ને મેમાં ૯૮ અંશ ઉપર રહે છે. અત્રે ૧૫ ઈંચ વર્સાદ પડે છે.

મુખ્ય પાક તુવર, કપાસ, બાજરી, જુવાર, મગ, મઠ, ચણા, તલ, ઘઉં, જવ, કલથી ને થોડો થોડો તંબાકુ તથા શેરડીનો કરવામાં આવે છે.

અત્રેનાં રાજા સાહેબ જુનાગઢના નવાબ તથા બ્રિટીશ સરકારને ૪૪૬૭ પૌંડ ૧૪ શિલીંગ ખંડણી ભરે છે. રાજ્યમાં ૨૧૫૦નું લશકર છે. વાર્ષિક મેહેસુલ ૪૦૦૦૦ પૌંડનું ઉપજે છે.

ધ્રાંગધરાના રાજા સાહેબ ઝાલા રજપૂત છે. એ ઝાલા મકવાણા કુળની એક શાખા છે. આ મકવાણા કુળની ઉત્પતી માર્કંડ ઋષિથી કહેવાય છે, ને તે નગર પારકરની પાસેના થલા મહાલનાં કેરની ગામમાં રાજ્ય કર્તા હતા; ત્યાંથી સિંધના રાજાએ તેમને કાઢયા ને હરપાળની સાથે પારડીમાં આવી વસ્યા, ને ત્યાં રાજ્ય સ્થાપ્યું. અહીંથી ઝાલાઓ અમદાવાદના સુલતાનો સાથે લઢાઇ થયાને લીધે ખશી કુવે જઇ વસ્યા (૧૪૩૦ ના સુમારમાં) અહીંથી પણ તેમને મુસલમાનોએ ખસેડયા ત્યારે તેઓએ હળવદ વસાવી (૧૪૬૮ માં) ત્યાં પોતાની રાજધાની કરી. પછી ઇ. સ. ૧૭૩૦માં ધ્રાંગધરાનો કિલ્લો બંધાવી ત્યાં રાયસિંગજીના વખતમાં રાજધાની ખસેડી. રાજા સાહેબ શ્રી માનસિંગજી ૧૮૬૯માં ગાદીનશીન થયા, તેમના પછી તેમનાં કુંવર અજીતસિંહજી હાલનાં રાજ્યકર્તા છે.

સંસ્થાનમાં પાંચ ફોજદારી કોર્ટો છે. ખુદ ધ્રાંગધરામાં દીવાની કોર્ટ જૂદી છે. ધ્રાંગધરાશેહેરમાં જોવાલાયક જગ્યામાં રાજાસાહેબનો મેહેલ, રાય રણછોડ, કૃષ્ણ, બળરામ, સ્વામિનારાયણ તથા રોકડીઆ હનુમાનનાં મંદિરો છે.

મુખ્ય શેહેર ધ્રાંગધરાનું નામ ડ્રાંગી કે ધ્રાંગી ઉપરથી પડયું હશે. ધ્રાંગધરા એટલે ધ્રાંગીનો ગઢ. પણ કેટલાકો કહેછે કે તે સંસ્કૃત શબ્દ ધ્રાંગ એટલે પથ્થર તથા ધર એટલે ધારણ કરનાર એ મળીને થયું છે. શેહેરની બાંધણી ધ્રાંગધરાનાં ઉત્તમ જાતિના પથ્થરની છે, અને ત્રણ દરવાજા તથા એક બારણું છે. તેમાં લોક વસ્તી ૧૨૩૦૪ની હોઇ તેમાં ૮૯૧૪ હિંદુ, ૧૪૭૩ મોહમેદન, ૧૯૧૩ જૈન અને ૪ ખ્રિસ્તીઓ છે.

ધ્રાફા—હાલાર પ્રાંતનો તાલુકો. કુલજા નદીના ઉત્તર કિનારા ઉપર ગોંડલ તાબાના ભાયાવદરથી તેર મૈલ ને નવાનગર તાબાના જોધપુરથી ૭ મૈલ દૂર છે. તાલુકામાં ૩૬ ગામો છે. તાલુકદાર જાડેજા રજપૂત નવાનગરના રાજકુળના કટાયા કુળના છે. વસ્તી ૨૮૧૧ ની છે.

ધ્રૂવ—સ્વયંભૂમનૂ (૧) એ ઉત્તાનપાદ રાજાની રાણી સુનતીને પેટે અવતર્યો હતો. એનીપર એના પિતાની પ્રિતી નહોવાથી એ અરણ્યમાં તપ કરવા જતાં નારદે તેને ઉપદેશ કરતાં એણે ઇશ્વર ધ્યાનમાં વખત ગાળ્યો, આથી ભગવાન એનીપર પ્રસન્ન થઇ એને ૩૬૦૦૦ વર્ષ સુધી રાજ વૈભવ ભોગવવાનાં આશિરવાદ આપ્યા. ઉત્તાનપાદે તે પછી એને રાજ્ય આપ્યું. એ શિશુમાર પ્રજાપતિની કન્યા ભ્રમી સાથે પરણ્યો જેથી એને કલ્પ અને વત્સર એવા બે પુત્રો થયાં. એનો ભાઇ ઉત્તમ તથા માતા હિમવાન પર્વતનાં યક્ષોને હાથે માર્યા જતાં એણે તેઓ સાથે ઘોર યૂદ્ધ કર્યું. તેમાં ભારે ખરાબી થતાં સ્વયંભૂ મનુએ પ્રગટ થઇ એને પાછો વાળ્યો. ધ્રૂવે હાનરો યત્ન કરી પ્રજાનું ઉત્તમ રીતે પાલન કર્યું. એણે ૩૬૦૦ વર્ષ રાજ્ય કરી વનમાં જઇ તપશ્ચર્યામાં કાળ ગાળ્યો હતો.

ધ્રોળ—આ દેશી રાજ્યની ઉત્તરે તથા પશ્ચિમે નવાનગરનું રાજ્ય, પૂર્વે મોરબી અને વાંકાનેર સંસ્થાનો તથા દક્ષિણે ગોંડલ તથા મોરબી સંસ્થાનો આવેલા છે. આ રાજ્યનું ક્ષેત્રફળ ૪૦૦ચૌરસ મૈલ હોઇ તેમાં ૨૨૦૦૦ની લોક વસ્તી છે. વાર્ષિક પેદાશ ૧૨૫૦૦૦ની છે. દેશ ફળદ્રુપ હોઇ તેમાં ડેમી, આજી ન્યારી, ઢોડી, વાળીઆવાડી, બાવની અને

ઉંડ વગેરે નદીઓ છે. મુખ્ય ખેતી ઘઉં બાજરી, જુવાર, તલ, કપાસ અને શેરડીની થાય છે. ભાષા ગુજરાતી બોલાય છે. મુખ્ય પાયતખત ધ્રોળમાં ઠાકોરના રાજ્ય મેહલો છે. રાજ્યમાં ૨૫ સ્વાર, ૧૦૫ પ્યાદલ અને ૭ તોપો યુધ્ધ સામગ્રી છે.

આ રાજ્યના સ્થાપક જામ રાઓળનાં ભાઇ હરધોજી હતા. ધ્રોળમાં અગાઉ ધમળ ચાવડો નામે રાજા રાજ્ય કરતો હતો, તેની પાસેથી ધ્રોળ હરધોળે જીતી લીધું. અને ૧૪૦ ગામો તાબે કર્યા હતા. પણ દક્ષિણ તથા પશ્ચિમ ભાગમાં પોતાનાં ભાઇ જામ-રાઓળ તથા કુંવર જસોજી સાથે લઢવા જતાં લઢાઇમાં સામી બાજુના પ્રપંચથી ઈ. સ. ૧૫૫૦માં માર્યા ગયા હતા. હરધોળજી પછી કુંવર જસોજી રાજ્યપર આવતાં પિતાના વેરમાં ભાણ જેઠવાને માર્યો (જુઓ જસોજી), તે પછી પોતાના મામા સાથે લઢાઇ થતાં તેમાં માર્યા જતાં કુંવર બામણીઓજી ગાદીએ બેઠા: તેમના પછી હરધોળજી કુંવર ગાદીનશીન થયા, તે પછી કુંવર મોડજી ઠાકોર કહેવાયા, તે પછી કલોજી, સાંગોજી, ભુણોજી, ખેતોજી, કલોજી, વાઘજી, અનુક્રમે રાજા ગાદીનશીન થયા. તેમાં વાઘજીએ ૮૦ વર્ષ રાજ્ય અમલ ભોગવ્યો, જે મુદત દરમ્યાન અનેક લઢાઇ-ઓમાં તેમણે પરાક્રમ બતલાવ્યું હતું. વાઘની પછી જયસિંહ, જુણોજી, નાથોજી, મોડજી, ભુપતસિંહજી, જયસિંહજી, અનુક્રમે ધ્રોળના રાજ્યકર્તા થયા. જેમાં જયસિંહજીના અમલમાં બ્રિટીશ સાથે આ રાજ્ય નજીક સંબંધમાં આવી ઘણા સુધારામાં આગળ વધ્યું. મહારાજા જસોજી ૧૮૮૬માં મરણ પામતાં તેમના પછી મહારાજા હરીસિંહજી ધ્રોળના ઠાકોર નેમાય, જેવણ હાલમાં રાજ્યપદ ભોગવેછે.

પુસ્તક ૬ ઠું સમાપ્ત.

રતનજી ફરામજી શેઠના—કૃત

જ્ઞાન ચક્ર

યાને

ગુજરાતી સાઇકલોપિડીયાની—

અનુક્રમણિકા.

પુસ્તક ૬ ઠું.

કિંમત ૩. ૩—૦—૦

ટ—ઠ—ડ—ઢ—ત—થ—દ અને ધ

જન્મ ચરિત્રો

જૂદી જૂદી કોમોનાં સ્ત્રિ પુરૂષોના જન્મ ચરિત્ર.

ટરનર શેરૉન... ... ૧૩
ટસાંગ ખા૦ ખા૦... ૧૪
ટાયરોલ ટૉમ... ... ૨૦
ટાયરોલ સર હેન્રિ ... ૨૦
ટાલબોટ વિલ્યમ ... ૨૧
ટાલેમી ફીલાડેલ્ફસ... ૨૧
ટાલિરંડ... ... ... ૨૧
ટીપુસુલતાન ૨૩
ટોડરમલ રાજા... ... ૪૫
ડગલાસ સર હાવર્ડ... ૫૯
ડનહેમ સર જૉન ... ૬૧
ડરાઇડન જૉન... ... ૬૭
ડાકોરટા આઇઝેક ... ૬૯
ડાયોજોરસ ૭૦
ડાયના ૭૧
ડાયોડોરસ ૭૧
ડાર્વીન ચાર્લસ ... ૭૧
ડાર્વીન ઇરેસમસ ... ૭૧
ડાર્લિંગટ્રેસ ૭૧
ડિફ્રોડોનિઅલ ... ૭૫
ડિમેટ્રીઅસ ફીલેરીઅસ ૭૬
ડિમોસ્થેનિસ ૭૬
ડીકન ચાર્લસ... ... ૭૬
ડીઝરાઇલ આઇઝેક... ૭૮
ડીમોક્રીટસ ૭૮
ડીમોસ્થેનસ ૭૯
ડીલ માનચેસ્ટર ... ૭૯
ડીસોડોફરનેન્ડો ... ૮૦
હુપલિક્ષ જોસફ ... ૮૨
હુમાસ ડેવીધ્લા. એલેક-
ઝાન્ડર ૮૩
ડેકર થૉમસ... ... ૮૩
ડેકર મેકસીમિલીયન ૮૩
ડુથોમસ ૮૪
ડેલટન જૉન ૮૭
ડેવિડ ૮૮
ડેવિડ ૧ લો ૮૯
ડેવિડ બીજો ૮૯
ડેવ્હિ સર હંફ્રી ... ૮૯
ડેવ્હિસ સર જૉન ... ૯૧
ડોનલ્ડસન જૉન વિલ્યમ ૯૨
ડોસાભાઈ ફ૦ કરાકા... ૯૪
ડ્રાયડન જૉન ૯૫
ડ્રાયડન મિચેલ ... ૯૬
ઢેઢો ૯૬

મહારાજા તખ્તસિંગજી કે. જી. એસ, આઈ. ૧૦૦
તધલખ વંશ... ... ૧૦૩
તક્ષક ૧૨૩
તાટક ૧૨૯
તાતાચાર્યા. ૧૩૬
તાનસેન... ... ... ૧૪૧
તામસમનુ ૧૫૩
તાયતસાંગ ૧૫૫
તારકાસુર ૧૫૫
તારા ૧૬૬
તારાબાઇ ૧૬૭
તારામતી ૧૬૭
તાલેમિસોતર... ... ૧૭૧
તિબેરીયસ ૧૮૨
તિલોત્તમા ૧૮૭
તિસો ૧૮૭
તુંજન ૧૯૭
તુલશીદાસ ૨૦૭
તુર ૨૧૧
તૃણાવર્ત.. ... ... ૨૧૧
તેનાલ રામસિંગ ... ૨૧૨
તેહેમારપ ૨૨૨
તેહેમુરસ ૨૨૨
તૈમુરલંગ ૨૨૭
તોમાઇરસ. ૨૨૯
ત્રયંબકરાજ ૨૩૦
ત્રિવિક્રમાનંદ ૨૩૫
ત્રોજન ૨૩૯
થક્કરી વિલ્યમ ... ૨૩૯
થિઓક્રિટસ... ... ૨૪૪
થિમિસ્ટૉકલિજ ... ૨૪૫
થિમોડોરિક ૨૪૫
થિયોગેસિયસ... ... ૨૪૫
થિયોડોસિયસ ... ૨૪૬
થેમિસ્ટો ક્લિસ ... ૨૪૮
થેલ્સ... ... ... ૨૪૮
થેસિઅસ ૨૪૮
થોમસન જેમ્સ ... ૨૪૮
થ્રેતઓન ૨૪૯
થ્રિતી ૨૫૦
દક્ષીકી ૨૫૦
દંડક ૨૫૧
દંડી કવિ ૨૫૨
દત્તાત્રેય ૨૫૩
દધીચિ ૨૫૫
દમયંતિ ૨૫૭
દયાનંદ સરસ્વતિ ... ૨૫૮
દયારામ ૨૫૮
દલપતરામ ડાહ્યાભાઇ ૨૬૨
દશરથ ૨૬૪
દક્ષ ૨૬૮
દક્ષ ૨૬૮
દક્ષસાવર્ણી ૨૬૯
દહીર ૨૬૯
દાદાભાઈ નવરોજી ... ૨૭૮
દાદુખાન ૨૮૬
દાદોબા પાંડુરંગ તરખડ ૨૮૬
દાનીયલ... ... ... ૨૮૬
દાનીયલ બીજો ... ૨૮૬
દાનીશમંદખાન ... ૨૮૭
દામાજી પંત ૨૮૮
દાયોજીનસ ૨૯૦
દાયોડોરસ ૨૯૦
દારગન વિલ્યમ ... ૨૯૦
દારબલે મેડમ ... ૨૯૩
દારમેસ્ટર જેમ્સ ... ૨૯૪
દારામીર ૨૯૪
દારાશેક ૨૯૪
દારાશાહ રતનજી ચીચગર ૨૯૫
દાઓફ્રેન્થસ ૩૦૪
દિતિ ૩૦૫
દિદ્દારાણી ૩૦૫
દીગંબર મિત્ર... ... ૩૨૨
દીનકરરાવ દીવાન ... ૩૨૩
દીનશાહ વાચ્છા ... ૩૨૩
સર દીનશાહ પીટીટ... ૩૨૪
દુષ્ટુગિમુતુ ૩૪૪
દુર્ગાવતિ ૩૫૧
દુર્યોધન ૩૫૪
દુર્વાસા... ... ... ૩૫૫
દુઃશાસન ૩૫૫
દુષ્યંત... ... ... ૩૫૬
દેલહૌસી ૩૬૧
દેવચંદજી ૩૬૫
દેવલદેવી ૩૬૫
દેવસાર્વિણુ ૩૬૫
દેવાના પ્રિયતિષ્ય ... ૩૬૬
દોરાબજી પદમજી ... ૩૭૪
દ્રુપદ ૩૭૮
દ્રોણાચાર્ય ૩૭૯
દ્રોણી ૩૭૯
દ્રૌપદી ૩૭૯
ધનજીભાઈ, ફ૦ પટેલ. ૩૮૧
ધનવંતરી ૩૮૧
ધર્મસાવર્ણી ૩૮૨
ધૃતરાષ્ટ્ર ૩૯૫
ધૃષ્ટદ્યુમ્ન ૩૯૫
ધ્રુવ ૩૯૯

સર્વ ધર્મ જ્ઞાન વિષયો.

ટીટયાન ૨૨
ડાકિની ૬૯
ડેગોન ૮૩
તઉરૂ ૯૯
તપરથ... ... ... ૧૦૬
તપા ૧૦૬
તાબુત... ... ... ૧૫૨
તાબોધર્મ ૧૭૨
તીબેટીયનધર્મ ૧૮૧
તીર્થંકર ૧૯૬
તીર્થયાત્રા ૧૮૩
તુલશિવિવાહ ૨૦૮

તેશતર ૨૨૧
તોકાલી ૨૨૭
ત્રિકાન્ડધર્મ ૨૩૨
ત્રિમૂર્ત્તી ૨૩૪
ત્રીપુરીપૈર્ણિમા ... ૨૩૬
ત્રેપિસ્ત ૨૩૮
થિઓસોફી ૨૪૪
દઝેન... ... ... ૨૫૦
દઝેપદીન ૨૫૦
દરૂન ૨૬૧
દશહરારૂત ૨૬૬
દીન ૩૨૩
દીપદાન ૩૨૯
દીલાઇલામાં ૩૩૦
દીવાળી ૩૩૧
દુર્વાષ્ટમી ૩૫૨
દેલાદા ૩૬૨
દેવ ૩૬૩
દેવઉઠીઅગીઆરસ ... ૩૬૩
દેવદીવાળી ૩૬૪
દેવપોઢી એકાદશી ... ૩૬૪
દેવાદેવતા ૩૬૬
દેવી ૩૬૬
દૈત્ય ૩૬૮
દોખમુ... ... ... ૩૬૮
દોજખ.... ... ... ૩૭૧
ધનતેરસ ૩૮૧

વિદ્યા તથા શાસ્ત્રો સંબંધી.

(સંગીત, પિંગળ, રસાયન, ગણિત, જ્યોતિષ, નાટયકળા, ખગોળ, વાયુચક્ર શાસ્ત્ર વગેરે.)

ડુંઢાક્ષરીલિપિ ... ૨૫
ટોડી રાગણી... ... ૪૫
ડિમ ૭૫
તંઢા–રાગણી... ... ૯૯
તપસ્ય... ... ... ૧૦૬
તપા ૧૦૬
તાળક... ... ... ૧૨૭
તાન સંગીતશાસ્ત્રમાં... ૧૩૮
તારા ખગોળમાંના ... ૧૬૦
„ ની સંખ્યા ... ૧૬૧
તારાનું અંતર ... ૧૬૧
તારાનું તેજ અને રંગ ૧૬૧
તારાની ગતિ ... ૧૬૩
તારા ખરતા ૧૬૪
તારાસ્થિતીપત્ર ... ૧૬૭
તિલક ૧૮૪
તિલક કામોદ... ... ૧૮૪
તીમિંગીલ ૧૯૩
તુળારાશી ૨૧૧
ત્રિગુઢ... ... ... ૨૩૩
ત્રીવેણી ૨૩૭
ત્રોટક ૨૩૯
દ્વિગુઢ ૨૬૪
દીંડી ૩૦૫
દીનનીપુરીયા રાગ ... ૩૦૫
દીપક ૩૨૭
દીવ્ય ૩૩૧
દુર્ગ ૩૫૧
દેવગિરિ ૩૬૩
દેવયાની તારો... ... ૩૬૫
દેશાકરી ૩૬૬
દેશાખ ૩૬૭
દેશી રાગણી ૩૬૭
ધનરાશિ... ... ... ૩૮૧
ધનાશ્રી ૩૮૧
ધાની ૩૮૮
ધીરોદાત્ત ૩૯૦
ધૂમકેતૂ ૩૯૩
ધોલશ્રી ૩૯૮

વૈદક તથા શારિરિક શાસ્ત્ર.

ટયાનિન ૧૦
ટર્ટારિક ઍસિડ ... ૧૩
ટાંકા ૧૭
ટુંટીઉ ૨૫
ઠાંસો ૫૭
તરસ ૧૧૮
તલ્લી ૧૨૨
ત્વચા ૧૨૩
તાળવું... ... ... ૧૭૪
થાન ૨૪૨
થુંક ૨૪૬
દમ ૨૫૬
દમનાળ ૨૫૬
દરાજ ૨૬૦
દસતાન ૨૬૩
દહાડી ૩૬૯
દાઢી ૨૦૧
દાંત ૨૭૧
દાંત પ્રાણીના... ... ૨૭૫
દિવાનપણુ ૩૨૦
દીલ ૩૨૯
ધનુરવા... ... ... ૩૮૨
ધમની ૩૮૨
ધાબ ૩૮૩
ધાતુ શરીરમાંની ... ૩૮૮
ધુજરી... ... ... ૩૯૦
ધોરીનસ ૩૯૬

યંત્રશાસ્ત્ર તથા ઓળખો અને શોધો.

ટાઇપરાઇટર ૧૫
ટાર્પિડો ૨૦
ટેલિગ્રાફ ૨૯
" નો ઇતિહાસ... ૪૧
" ની શોધ... ... ૪૧
" ની બનાવટ ... ૪૩
ટેલીગ્રાફનો ઉપયોગ... ૩૭
ટેલિફોન ૪૦
" નો ઇતિહાસ ... ૪૧
" ની શોધ ૪૧
" ની બનાવટ. ... ૪૨
ટેલેટોગ્રાફ ૪૩
ડેગ ૮૩
તારપીડોની શોધ ... ૧૫૬
તારપીડોની બનાવટ... ૧૫૭
તારપીડોનો ઉપયોગ ૧૫૯
તારાયંત્ર ૧૬૦
તાળા ચાવીનો હુન્નર ૧૭૪
તોપ ૨૨૭
થરમામિટર... ... ૨૪૧
દૂરબર ૩૬૦
ધુમાડીયું ૩૬૦

બનીજ પદાર્થ અને ધાતુસંબંધી

ટંકણખાર ૧
ઢંગસ્ટન ૬
ટીન ૨૨
ટીલમ્બારટીક ... ...
તાંબુ ૧૪૫
" હિંદમાં ૧૪૫
" નો વેપાર ૧૪૬
તાંબાની બનાવટ ... ૧૪૭
તાંબાના ગુણ... ... ૧૪૯
તાંબાની મિશ્ર ધાતુ... ૧૫૦
થાલિઅમ ૨૪૩
ધાતુ બનીજ... ... ૩૮૩
" અશોધિત... ... ૩૮૪
" સંશોધન... ... ૩૮૫
ધાતુની ચમક ... ૩૮૫
ધાતુનાં રંગ ... ... "
ધાતુનું સખતપણું ... ૮૩૫
ધાતુની ચીવટાઇ ને બરડપણું ૩૮૫
ધાતુની ઘનવર્ધનિયતા ૩૮૬
ધાતુની પ્રસણશિળતા ૩૮૬
ધાતુનું પિગળવું ... ૩૮૭
ધાતુની ગંધ ને રૂચી ૩૮૮

પ્રાણી વર્ણન શાસ્ત્ર.

ટન્ની ૭
ટર્ટલ કાચબો... ... ૧૨
ટર્ન ૧૩
ટર્બોટ ૧૪
ટાપીર ૧૬
ટાર્પિડો... ... ... ૨૦
ટાલેગા... ... ... ૨૧
ટીટમાઉસ ૨૨
ટેન્ચ ૨૮
ટેરાપીન ૨૮
ટેરિડો ૨૯
ટેરિયર ૨૯
ટોકેન ૪૪
ટ્રાઉટ ૪૯
ટ્રોક્સ ૫૨
ડ્યૂગોંગ... ... ... ૬૪
ડાંસ ૭૨
ડીઅર હૌંડ ૭૬
ડીપસાસ ૭૮
ડીમોયસેલ ૭૯
ડુક્કર ૮૦
ડુક્કર દરીયાઇ... ... ૮૧
ડેક ૮૩
ડેનટેક્ષ... ... ... ૮૪
ડૉગફીશ.. ... ... ૯૧
ડૉટેરલ ૯૧
ડૉડૉ ૯૨
ડ્રેગુન ૯૭
તંતૂ ૧૦૫
તમર ૧૧૫
તરકી ૧૧૬
તરસ ૧૧૭
તરોપસ ૧૧૯
તાનસર્પ ૧૩૮
તાન-માછલી ૧૩૮
તીડ ૧૮૮
તીડનો ઇતિહાસ ... ૧૮૯
તીત્તર ૧૯૨
થ્રિપ્સ ૨૫૦
થ્રોનબૅક ૨૫૦
દ્વીપી ૨૬૪
દાયના વાંદરો... ... ૨૮૯
દારટર ૨૯૨
દીપડો ૩૨૯
દેડકો ૩૫૬
દ્વોણ કાગડો ૩૭૮

વેપાર હુન્નર કળા કૌશલ્યા અને બનાવટો.

ટંકણખારનો વેપાર... ૧
ટપાલ ૮
ટરપેનટાઇન ૧૩
ટાઇપ રાઇટર... ... ૧૫
ટાંચણી બનાવવાની કળા ૧૭
ટાર્પિડો ૨૦
ટેલીગ્રાફનો ઇતિહાસ... ૨૯
" હિંદુસ્તાનમાં. ૩૧
" સમુદ્રમાં ... ૩૨

ટેલીગ્રાફનું વર્ણન ... ૩૩
" ના ચિન્હો... ૩૫
" ના યંત્રો ... ૩૭
" તાર વગરનો ૪૦
ટેલીફોન... ... ... ૪૦
ટેલેટોગ્રાફ ૪૩
ડાયને માઇટ ૬૮
ડૉલ ૯૨
તંબાકુ... ... ... ૧૧૩
તાંબાના વાસણ બનાવવાનો ઉદ્યોગ... ... ૧૫૧
તાર પિડોની કળા ... ૧૫૬
તાળાં ચાવીનો હુન્નર ૧૭૪
તહેવાર તેલ બનાવવાની કળા ૨૧૩

ભાષા તથા ગ્રંથો.

ડોમસડે બુક ૯૨
તામિલ ભાષા... ... ૧૫૩
તારીખેહિંદ ૧૬૮
તાલમદ ૧૬૮
તિબેટની બ્રહ્મ ભાષા... ૧૭૯
તુંગસીક ભાષા ... ૧૯૭
તુર્ક ભાષા ૨૦૫
તેલંગુ ૨૨૦
તોડ ૨૨૭
થોમસડે ૨૪૮
દાસો બોધ ૩૦૩
દેવનગરી ૩૬૪
દોનકવિક્ઝોટ ૩૭૨
દ્રવિડ ભાષા ૩૭૬
ધામા પદમ ૩૮૯

રમત ગમત અને વાજીંત્રો સંબંધી.

ટેનીસ ૨૮
ડ્રમ ૬૨
ડમરૂ ૬૪
તબોળા... ... ... ૧૦૪
તલવાર બાજી... ... ૧૨૧
તીરંદાજી ૧૫૩
દામની રમત... ... ૨૮૮

રાહરસમ, તેહેવાર, ઓધા તથા બેતાબો ને કાયદા.

ટયૂટાનિક સરદારો ... ૧૧
ટેમ્પલર... ... ... ૨૮
ટોરિકા ૪૭
ડ્યૂક ૬૪
ડીફેંડર ઑવ ધી ફેથ... ૭૫
તરખાન ૧૧૬
તલાક... ... ... ૧૨૨
તા-રોંગ-ડોંગ... ... ૧૭૪
તીબેટીયન રાહરીતી... ૧૭૯
તીલક-હિંદુઓમાં કપાળે તીલક લગાડવાની તહેવાર રીતોનો ઇતિહાસ. ... ૧૮૪
તુર્કસ્તાનના રાજ્યનો ઇતિહાસ ૨૨૨
તેહવારો તહેવાર ... ૨૨૨
" હિંદુનાં ... ૨૨૩
તેહેવારો ખ્રિસ્તીના ... ૨૨૫
" જરતોસ્તીના... ૨૨૫
તેહેવારો મહોમેદનના ... ૨૨૬
" ચીનાઇ ... ૨૨૬
થીસ્ટલ ઑરડર ઑવ ધી ૨૪૬
દફેદાર ૨૫૬
દસેરા ૨૬૭
દાદખ્વાહ ૨૭૭
દુધપીતી ૩૫૦
દૉરીન ૩૩૭

વિવિધ જ્ઞાન સંગ્રહ.

ટકસાળ ૬
ટપાલની તવારીખ ... ૭
ટયૂટાનિક સરદારો ... ૧૧
ટાંચણી ૧૭
ટેન ૨૭
ટેલ=સિકકો ૨૯
ટેલેન્ટ=,, ... ૪૩
ટોપી ૪૬
ટ્રમ્વે... ... ... ૫૧
ઠાર ૫૭
ડંગરી ૫૯
ડયૂકેટ સિક્કો ૬૪
ડરબી ડે... ... ... ૬૫
ડાયને માઇટ ૬૮
ડીસેંબર ૮૦
ડેક ૮૩
ડૉલ ૯૨
ડૉલર-સિક્કો... ... ૯૩
ડ્રેચમા-સિક્કો... ... ૯૭
તખ્તે તાઉસ... ... ૧૦૧
તપકીર... ... ... ૧૦૫
તંબાકુ... ... ... ૧૦૬
" નો ઇતિહાસ ... ૧૦૬
" નો હિંદમાં પ્રવેશ ૧૦૭
" નો દુનિયામાં ખપ ૧૦૮
" નો હિંદમાં પાક ૧૦૮
તંબાકુની ખેતી ... ૧૦૯
" નું તેલ ૧૧૧
" દવા તરીકે ... ૧૧૧
" સાયનિક ગુણ... ૧૧૨

તંબાકુનો વેપાર ... ૧૧૪
તંબુ ૧૧૪
તાજ ૧૨૭
તાજમેહેલ ૧૨૮
તાપીજ... ... ... ૧૭૧
તીલા ૧૯૭
તેલની બનાવટો ... ૨૧૩
તેલના ઉપયોગ ... ૨૧૪
તેલ કપાસિયાનું ... ૨૧૪
„ અળસીનું ... ૨૧૫
„ ઓડિયાનું... ... ૨૧૬
„ તાડનું... ... ૨૧૬
„ કોકમનું... ... ૨૧૭
„ કોપરાનું ... ૨૧૮
„ સરસીયાનું ... ૨૧૮
„ અંબાડાનું... ... ૨૧૮
„ બીચનું ૨૧૮
„ તલનું ૨૧૮
„ બોંયસિંગનું ... ૨૧૮
„ દરાખનું... ... ૨૧૯
„ કોંડ માછલીનું... ૨૧૯
તેલ બનીજ ૨૧૯
„ સુગંધીની—
જાતો... ... ... ૨૧૯
„ રંગ માટેની
„ બનાવટ ૨૨૦
તોફાલી... ... ... ૨૨૭
તોરમલ્લી પથ્થર ... ૨૨૯
તોલજોખ ૨૨૯
ત્રીસ વર્ષની લડાઇ ... ૨૩૭
ત્રેતાયુગ ૨૩૮
થરમાપિલીની લડાઇ ૨૪૧
થુપારામનું મંદીર ... ૨૪૭
દમડી ૨૫૬
દરીઆયેનૂર ૨૬૧
દવાખાનુ ૨૬૩
દવાપર યૂગ ૨૬૩
દશાંશ અપૂર્ણાંક ... ૨૬૬
દહાડી ૨૬૯
દાક ૨૭૦
દાટવાની રસમ ... ૨૭૦
દાઢી ૨૭૧
દાન ૨૮૬
દાનીયલ... ... ... ૨૮૬
દાણુલમંદીર ૨૮૮
દામ સિક્કો ૨૮૮
દાર—તેની શરીરપર
અસર, ગુણ અને
અવગુણ ૨૯૬
દિલ્લીનો પ્રાચીન અ-
ર્વાચીન ઇતિહાસ ને
વર્ણુન... ... ... ૩૦૭
દિવસ જૂદી જૂદી
પ્રજાના ૩૧૮
દિસ્ટીલેશન ૩૨૧
દીનાર... ... ... ૩૨૭
દીરહમ... ... ... ૩૨૯
દીવાદાંડી ૩૧૭
દુકાળની સંપૂરણ
તવારીખ ... ...
દુધ ... ...
„ માહેલાતત્વો ૩૪૬
„ બનાવટો ... ૩૪૮
દુધ ડોહવવાનો સાંચો ૩૪૯
દુરબીન ૩૫૨
દુરો સિક્કો ૩૫૫
દેવકલ્પ ૩૬૩
દ્રાકમા ૩૭૬
ધૂળ ૩૯૦

ઝાડપાન, વનસ્પતિ, ખેતીવાડી, મૂળીયાં, ફળફુલ, પાન, મેવા, અનાજ અને જડી બુટ્ટી વગેરે સંબંધી.

ટંકારી... ... ... ૬
ટયાનિન ૧૦
ટયાપિઓકા ૧૧
ટરાકસેકમ ૧૪
ટાવેડિઆ ૧૪
ટાંકળો... ... ... ૧૬
ટામેટાં... ... ... ૧૯
ટીંબરૂ ૨૪
ટેટાનિમા ૨૭
ટેકુ ૨૭
ટેફરોશિઆ ૨૮
ટેમ ૨૮
ટેમેરિંડ ૨૮
ટેમેરિસ્ક ૨૮
ડબલથીજ ૬૨
ડમરો ૬૪
ડયૂરંટા... ... ... ૬૫
ડયૂરિઅન ૬૫
ડયૂરિટઆ ૬૫
ડાંગર ૭૦
ડાંબ ૭૦
ડામર ૭૦
ડાયન્યસ ૭૧
ડીકામાલી ૭૪
ડુક્કરકંદ... ... ... ૮૧
ડેયેસિ ૮૬
ડેલફિનિયમ ૮૭
ડેલ્હિઆ ૮૮
ડેન્ડ્રિલપલાંટ ૯૦
ડોળ ૯૫
ડોમિઆ ૯૬
ડ્રેસિના ૯૭
ઢોર આંબો ૯૯
તગર ૧૦૧
તજ ૧૦૪
તંબાકુ ૧૦૬
તમ્બર... ... ... ૧૧૪
તમાલ વૃક્ષ ૧૧૬
તરોટી ૧૧૭
તરબુજ... ... ... ૧૧૭
તલ ૧૧૯
„ હિંદમા પાક ૧૨૦
„ નો વેપાર... ૧૨૦
તાડવૃક્ષ ૧૩૦
„ ના૦ ૮૦૦
ઉપયોગ ૧૩૦
„ તંતૂ ... ૧૩૦
„ ખાવામાં ... ૧૩૧
દારૂમાં ... ૧૩૨
ગોળા ... ૧૩૨
ટેનિ ફળના બીયાં ૧૩૩
તું લાકડું ૧૩૫
„ નો ધર્મમા
ઉપયોગ ૧૩૫
„ તું મૂળ વતન ૧૩૬
„ ના ઔષધી
„ ગુણ ... ૧૩૬
તાલીસપત્ર ૧૬૯
તેપાની ૧૭૭
ફળ... ... ... ૧૯૬
ણ ૧૯૭
તુપકરિયા ૧૯૮
તુપિમોહ ૧૯૮
તુમર ૧૯૮
તુરીયું... ... ... ૨૦૭
તુલશી... ... ... ૨૦૭
તુવર ફળ ૨૧૦
તુવેર ૨૧૦
તેજબળ ૨૧૧
તેટવું ૨૧૧
તેરડો ૨૧૩
તેરી ૨૧૩
તેલીયો પાત્ર ૨૨૧
તોરણ ૨૨૯
ત્રિફળ... ... ... ૨૩૪
થાઇમ... ... ... ૨૪૧
થુરિયો... ... ... ૨૪૭
થોર ૨૪૯
દંતુરા ૨૫૫
દફન ૨૫૬
દવનોશેવતી ૨૬૨
દાડમ ૨૭૦
દાંતી ૨૭૬
દાદમર્દા... ... ... ૨૭૮
દાબ ૨૮૭
દ્રામાર... ... ... ૨૮૯
દારડી... ... ... ૩૦૩
દાવલા મોરસ... ... ૩૦૩
દિંગ ૩૦૪
દિલીપ ૩૦૬
દિવીદિવી... ... ... ૩૨૧
દીપમાળ ૩૨૯
દીલપસંત ૩૩૦
દુદુરલી... ... ... ૩૪૫
દુધની ૩૫૦
દુધી ૩૫૦
દુધેલી ૩૫૦
દેવદાર ૩૬૪
દેવનળ... ... ... ૩૬૪
દેવ બાવળીયો... ... ૩૬૫
દ્રાક્ષ ૩૭૬
ધતુરો ૩૮૦
ધરો ૩૮૨
ધાકટ ૩૮૩
ધાણા ૩૮૩
ધામણ... ... ... ૩૮૩
ધાવડી ૩૯૦
ધોત્રા પિળો ૩૯૬
ધોળી ૩૯૮
ધોળી ફળી ૩૯૮
ધોળો ચાંપો ૩૯૮

જન વર્ણુન.

ટાનારિંગા ૪૬
ટગ ૫૩
ચ ૬૦
બિસીસ ૬૬
મર ૭૦
કુસેસ ૯૬
તાઇ ૧૨૬
તાજક ૧૨૮
તાન ૧૩૮
તામિલ પ્રજા... ... ૧૫૪
તાયર ૧૫૫
તાલી ૧૬૯
તિબેટીયન પ્રજા ... ૧૭૫
તુરકોમાન ૨૦૫
તુરાની પ્રજા... ... ૨૦૬
તુરી ૨૦૭
તુલુ ૨૧૧
તેલંગુ ... ...
થોરી ૨૪૯
દરવીશ... ... ... ૨૬૦
દાઉદ પુત્રા ૨૭૦
દાહ પંથી ૨૮૫
દાનુ ૨૮૭
દાને કયલ ૨૮૭
દાબગર... ... ... ૨૮૮
દાર્દ ૨૯૨
દાસનામી ૩૦૩
દાહોમે... ... ... ૩૦૪
દીગંબર ૩૦૪
દીલમ ૩૩૦
દુરાની... ... ... ૩૫૫
દેહગાન... ... ... ૩૭૬
દોગનાક... ... ...
દોસાદ... ... ... ૩૭૫
દ્રવીડીયન ૩૭૬
ધનગર... ... ... ૩૮૦

ભૂગોળ સર્વ સંગ્રહ.

નદી, નાળાં, સરોવર, તળાવ વગેરે.

ડી... ... ... ૭૬
તાઇગ્રીસ... ... ... ૧૨૬
તાનગાનયાકા... ... ૧૩૯
તાનસા... ... ... ૧૪૦
તાપી ૧૪૫
તિબ્રા... ... ... ૧૭૭
તિસ્તા... ... ... ૧૮૭
તુંગભદ્રા ૧૯૭
થેમ્સ ૨૪૭
દરેજ ૨૬૧
દ્વારકેશ્વર ... ...
દશાર્ણવિદીશા... ... ૨૬૫
દાઇતી ૨૬૯
દામોદર... ... ... ૨૮૯
દારેદેનલ્સ ૨૯૨
દાલસરોવર ૩૦૩
દીન્સટન... ... ... ૩૨૬
દીનેપર ૩૨૭
દેન્યૂબ ૩૫૮
દોબસન... ... ... ૩૭૩
દ્રોણસાગર ૩૭૮

પહાડ, ચુકો, કિલ્લા તથા કુદરતી પેદાયશ.

હુંગર ૮૨
ડેનફોરેસ્ટ ૮૪
ડેવીડફોર્ટ ૮૯
તએર ૯૯
તખ્તે સુલેમાન ... ૧૦૧
તલગઢ... ... ... ૧૨૬
તાથવડગઢ ૧૩૭
તારાગઢ ૧૬૬
થલઘાટ... ... ... ૨૪૧
થાણેશ્વર... ... ... ૨૪૨
દાસાંગ... ... ... ૨૫૬
દમણુલા... ... ... ૨૫૬
દમાવંદ... ... ... ૨૫૭
દ્વૈતવન ૧૬૪
દાતેગઢ ૨૭૭
દેબાર ૩૫૯
દોરીયા... ... ... ૩૭૫
ધકનોકિલ્લો ૩૮૦
ધવલગિરી ૩૮૩

ખંડો, દેશો, ઇલાકા, શેહેરો, રાજ્યો, પ્રાંતો, દ્વિપકલ્પો, મેદાનો, વગેર વિવિધ વિષયો.

ટકના ૬
ટંકારા ૬
ટંકારી... ... ... ૬
ટયૂનટોન ૧૧
" " ૧૧
ટયૂનિસ... ... ... ૧૧
ટયૂમન... ... ... ૧૨
ટયૂરિન... ... ... ૧૨
ટર્ન ૧૩
ટવર ૧૫
ટસકની... ... ... ૧૪
ટાંક ૧૬
ટાકસિલા ૧૬
ટાકી ૧૭
ટાયર ૧૯
ટાયરોન ૧૯
ટાયરોલ... ... ... ૨૦
ટારાગોના ૨૧
ટારિંડા... ... ... ૨૧
ટીગનમૌથ ૨૨
ટીન-ટસીન ૨૨
ટીપરા... ... ... ૨૨
ટીપેરેરી... ... ... ૨૩
ટીબેટ ૨૪
ટીમ્બકટુ ૨૪
ટીમોર... ... ... ૨૪
ટીલબર્ગ... ... ... ૨૪
ટીવોલી ૨૫
ટુબિંગન ૨૫
ટુમકુર... ... ૨૬
ટુર્સ ૨૬
ટુલ ૨૬
ટુલા ૨૬
ટેક્સાસ ૨૬
ટેનચ્યૂ... ... ... ૨૭
ટોંક ૪૪
ટોકિયો... ... ... ૪૪
ટોગોલેંડ ૪૫
ટોનકિન ૪૫
ટોપોકા... ... ... ૪૬
ટોબોલસ્ક ૪૭
ટોમાસ્ક... ... ... ૪૭
ટોરકોનિંગ ૪૭
ટોરેન્ટો... ... ... ૪૭
ટોલ લૉસિ ૪૮
ટોલેડો... ... ... ૪
ટોલેંડો... ... ... ૪
ટોલોન... ... ... ૪
ટ્રાન્સવાલ ૪
ટ્રાન્સવાલ વેનીયા ... ૫

E. 24749

NOT TO BE ISSUED.

SMT. HANSA MEHTA LIBRARY. BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.

NOT TO BE ISSUED

ENTERED

SHML
G24749

NOT TO BE ISSUED.

7 AE
74
.J6-6

G.24749